00044330

Digitized with financial assistance from
Shri Brihad Bhartiya Samaj
on 11 March, 2020

(ખાનગી વાકેફીને સારૂ)

મુંબઇથી યૂરોપ તરફના પ્રવાસની નોંધ પત્રીકા

ઇ યાને

તા૦ ૧૨ મી મેએ થીને તા૦ ૨૨ મી નવેમબર ૧૮૮૧

સુધી યૂરોપનાં જુદાં જુદાં દેશો તરફ

કરેલી મુસાફરીની નોંધ.

રચનાર

ફરામજી દીનશાજી પીટીટ.

44330 a.

મુંબઇ :

આર્યેજી તથા ગુજરાતી જૉઇન્ટ પ્રીંટીંગ પ્રેસ.

સને ૧૮૮૩ ઇસવી.

+433C

દીબાચો.

યુરોપ તરફની મુસાફરીમાં અમે જ્યારે પ્રવાસ કરતા, ત્યારે અમારી સાથના ભાઇ પીરોજશા મેરવાંનજી હજીભાઈ જે કાંઈ જોતા તેની નોંધ પોતાની "ડાયરી" એટલે દરરોજનો અહેવાલ રાખવાની ચોપડીમાં ટપકાવતા હતા. તેની અમે નકલ ઉતરાવીને તે અમારા મુરબ્બી શેઠ દીનશાજી માંણેકજી પીટીટ ઉપર રવાનાં કરતા હતા. તે તેઓ શાહેબ તથા બીજા અમારા દોસ્ત અને સગાંવાહાલાંઓને ઘણી પસંદ પડેથી અમે જ્યારે મુંબઈ પાછા આવ્યા ત્યારે અમારી મુસાફરીની ફકત 'નોંધ' દાખલ છપાવવાની તેઓએ ભલામણ કરી; તેથી આ ચોપડી—આમ વચે વેચવા નહી—પણ અમારા દોસ્ત આશનાવોમાં વહેંચવા સારૂંજ બાહેર પાડીછે. એમાં આપેલી વીગત જેવી કે શોહેરોની વસ્તી, વેપાર, તેમજ કેટલીક ઈમારતોની લંબાઇ પોહોળાઈ વગેરે, બીજી જાણવાજોગ ગાણત્રી ઘણી ખરી અંગ્રેજી "ગાઇડ—બુક" ઉપરથી તથા જુદાં જુદાં શેહેરોમાં ત્યાંને લગતા અમે ભોમીયા રાખ્યા હતા તેમનાથી અથવા જાહેર ઈમારતો માંહેલા રખેવાળો પાસેથી અમે ઊતારી લીધીછે. હુન્નરનાં કારખાનાંઓમાં થતી બનાવટોની અમે જે કાંઈ વીગત આપીછે તે ફકત યાદદાસ્ત પરથીજ લખેલી જાણવી; સબબ, જે વખતે કારખાનાંનાં ઉપરી અથવા ઘણી પોતાના હુન્નરની બનાવટની અમને સમજાણ આપતા, તે વખતે જો કાંઈ લખવા ઉભા રહીયે તો તેઓ ઇયા તો અમને અંદર ઉભા પણ રહેવા દીયે નહી ઇયા પુરતી શમજાણ આપવાની આનાકાંની કરે. માટે કારખાંનામાં ચાલતી બનાવટ જોઈ તે વીશેનો ખુલાસો ત્યાંથી સાંભળી ઉતારાપર આવીને એ વીગતો અમે નોંધીછે તેથી તેમાં કમબેશ ઇયા ભુલ માલમ પડે, તો તે વાંચનારા શાહેબોએ દરગુજર કરવી. છેલ્લાં, અમે ખુલ્લો એકરાર કરીયે છીયે કે મુસાફરીનાં રસીક ચીતાર ચીતરવાની ચતુરાંઈ બતાવવાનાં ડોળથી નહી, પણ અમારા દોસ્ત આશનાવોને યુરોપની મોતેબરીનો કાંઈ ભાસ આવે અને શાહેબે જોરતવાળાને જોવાનો શોખ ઉતપંત થાય, એવા હેતુંથી આ નાનું પુસ્તક રચ્યુછે.

અનુક્રમણિકા.

પૃષ્ઠ.

મુંબઈથી એડન ૧, ૩૫૧
બાબલમાંડબની સામુદ્રધુની તથા પેરીમનો ટાપુ ૩
સુએઝનો અખાત ૪
સુએઝની નહેર તથા સુએઝનું ગામ ૪, ૩૪૮
ભુમધ્ય સમુદ્ર..... ૭, ૩૩૧

ઇટાલી.

બ્રીનડીસી ૭
એલેસેંદ્રીઆનું ગામ ૯
ટયુરીન શેહેર..... ૧૦
લેક કોમો ૧૮૪
મીલાન—
આપેરા હાઉસમાં જોયલો બેલેટ. ૧૮૫
એકઝીબીશન ૧૮૬
ગેલેરીઆ વીકટર ઇમેન્યુએલ... ૧૮૭
કેથીડરલ ૧૮૮
પાદશાહનો મહેલ..... ૧૮૯
ઘાટવાની જગા ૧૮૯
આરકોડેલ સેમપયોને નામનો કીરતી મહરાબ ૧૯૧
સરત તથા બોટાની રંગેટા કરવાની એરીના ૧૯૨
ફુલ ફુલનું પ્રદર્શણ..... ૧૯૨
શેહરનું વર્ણન ૧૯૨
જીનોઆ—
પરવાલાં તથા દાણાંનું કારખાણું. ૧૯૩
ટાઉનહાલ..... ૧૯૩
પીકચર ગેલેરી ૧૯૩
સેંટ એનનઝીએટાનું દેવલ ... ૧૯૪
પલાત્સો ડેલ પાલાવીનસીનીનો મહેલ ૧૯૪
પેલેઝો બાલબીનો મહેલ ૧૯૪
ક્રીસ્ટોફર કોલમબસનું પુતળું... ૧૯૫
સેંટ ભેરાઆ કેરીનીઆનો દેવલ ૧૯૫
ઘાટવાની જગા ૧૯૫
મોહલાઓ તથા શેહરનું વર્ણન. ૧૯૫
યુડીન ગામ ૨૫૭
વેનીસ—
પીઆઝા સેંટ માર્કનો ચોક ... ૨૫૭
સેંટ માર્કનું દેવલ ૨૫૮
અગલનાં ડોજીઝનો મહલ ... ૨૬૦
ગ્રાંડ કેનાલ તથા બીજી નાધળી કેનાલો..... ૨૬૧
એકેડેમીઝ ડેલ આરટની પીકચર ગેલેરી ૨૬૪
એજ ઇમારતમાંનુ સંગ્રહસ્થાન. ૨૬૫
સેંટ લેઝેરીઓનાં ટાપુની આરમીનીઅન મઠ ૨૬૫
લીડો ટાપુ..... ૨૬૫
જાહેર બાગ તથા આરટીઝન વેલ ૨૬૫
સેંટ માકનાં ચોકમાંનો પાદશાહનો મહેલ ૨૬૬
સેંટ ભેરાઆ ગલેરીઓમાંના ડી ફારીનું દેવલ ૨૬૬
વેનીશનું કાચનું બાઝાર્ડક વરક ૨૬૬
એ શેહરનું વર્ણન ૨૬૭
ફ્લોરેન્સ—
કેથીડરલ ૨૬૭
બેટીસ્તીનું દેવલ..... ૨૬૮

	પૃષ્ઠ.
એનનશીએટાનું દેવલ.....	૨૬૯
મેંટ ક્રાસેનું દેવલ	૨૬૯
પાએઝા દેલા શીનોરીઆનો ચોક	૨૭૦
અસલનું પાર્લામેંટ હાઉશ ...	૨૭૦
ગેલેરીઆ ડેલી યુફીઝી.....	૨૭૦
પીટી પીકચર ગેલેરી.....	૨૭૦
પીટી પાલેશ	૨૭૧
પાર્ક	૨૭૨
નેશનલ મ્યુઝીયમ	૨૭૪
ફ્રેશીની પાર્કમાં કોલાપોરનાં મરનાર રાજાનું મોન્યુમેંટ ...	૨૭૫
શેહરનું વર્ણન	૨૭૫
પીઝા—	
કેથીડરલ	૨૭૨
બેપટીસ્ટ્રી	૨૭૩
દાટવાની જગા	૨૭૩
ઝુકી ગયલો મીનારો	૨૭૩
ગામનું વર્ણન	૨૭૪
રોમ—	
ઓબીલીસ્કનો થંભ	૨૭૬
માર્કસ ઓરીલીઅસનો કાલમ...	૨૭૬
ઓબેલીસ્ક ઓફ ધી સન	૨૭૭
પાનથીઅન	૨૭૭
સાંતટા મેરાઆ સોપરા મીનરવાનું દેવલ	૨૭૮
જેઝુઇટસ લોકોનું દેવલ	૨૭૯
ત્રેજનનો કાલમ.....	૨૭૯
સરવીઅસ ટલીઅસની બાંધેલી કીલ્લાનો દીવાલ	૨૮૦
કેસ્ટર અને પોલસકસનો ઓબેલીસ્ક	૨૮૦
પાદશાહ હમબર્ટનો મેહલ	૨૮૦
આલબેનીનો મેહલનો સંગ્રહ...	૨૮૧
ધી ટગએમકુલ આરચ ઓફ સેપ્ટીમસ શીવિરસ	૨૮૨
કેપીટોલની હેઠલનાં દેહડાં તથા ફોરમનાં બંડેર	૨૮૨
બેસીલીકા ઓફ કોનસ્ટેનટાઇનનાં દેહરાંનાં બંડેર	૨૮૩
આરચ ઓફ ટાઇટસ	૨૮૪
કોલોશીઅમ	૨૮૪
મીનરવા તથા માર્સ ઉલટોરનાં આગલા વખતનાં દેહરાં ...	૨૮૬
પીનીશીઅન ટેકડી	૨૮૬
ગેલેરીઆ બોરગીસીની પીકચર ગેલેરી	૨૮૬
મેંટ એનજલોનો પુલ તથા કીલ્લો	૨૮૭
વેટીકનનો મેહલ.....	૨૮૭
વેટીકનનું પુસ્તકખાનું.....	૩૧૨
વેટીકનનું મ્યુઝીયમ ઓફ સકલપચર	૨૮૯
વેટીકનની પીકચર ગેલેરી	૨૯૯
પોપસની સ્ટેટ કેરીએજીસો.....	૩૧૩
મેંટ પીટર્સનું દેવલ.....	૨૯૧
ધી ગ્રાંડ ફાઉંનટન ઓફ બરનીની	૨૯૬
મેંટ મેરાઆ ડેલ કોનસેતસ્યાનું દેવલ	૨૯૬
મેંટ મરાયા ડેલી એનજેલીનું દેવલ	૨૯૭
મેંટ મરાઆ મેજોરીનું દેવલ.	૨૯૮
મેંટ પોલસ ફ્રોરી લી મ્યુરાનું દેવલ	૩૦૧
મેંટ પીટર ઇનચીનકુલીનું દેવલ.	૩૦૨
શકલાં મેંટા ઇથાને પાક સીડી.	૩૦૨
મેંટ ગાએટોની ઇનલેટર એનોનું દેવલ	૩૦૩
દોરીઆ પાંનદાંનના મેહલની પીકચર ગેલેરી	૩૦૪
અસલી રોમનસોનાં મુરડાંની રાખ મુકવાની જગા	૩૦૪
અસલી રોમનસોનાં મુરડાંને જમીનમાં ભોંયરાં કરી દાટવાની જગા	૩૦૪
દોરીઆ કુટંબનો પાર્ક.....	૩૦૫
કેપીટોલનું મ્યુઝીયમ	૩૦૫
પેલેઝા રોશપીલીઓઝીનો સંગ્રહ.	૩૦૭
બારબેરીનાં મેહલની પીકચર ગેલેરી	૩૦૭

	પૃષ્ઠ.
ફાઉનટેના ડી ટ્રેવી.....	૩૦૭
બોરગીસી કુટુંબનો પાર્ક.....	૩૦૮
ઠરમી ઓફ કારાકાલાનાં હમામખાનાનાં ખંડેરો	૩૦૮
પેલેટીન હીલપરનાં અસલી શાહનશાહોનાં મહેલો	૩૦૮
ટાઇટસ શેહેનશાહનું હમામખાનું	૩૧૦
કેપીટોલનાં મહેલની હેઠલની બંદીવાનોને રાખવાની જગા...	૩૧૦
પીનીશીઅન ટેકડીપરથી રોમનો દેખાવ.....	૩૧૧
સેંટ પીટરનાં દેવલમાંની પોપમને લગતી તીજોરીઓ	૩૧૨
મરકસની ઇમારત	૩૧૪
પથરનાં મોઝાઇક કામનું કારખાનું	૩૧૪
રોમ શેહરનું વર્ણન.....	૩૧૪
નેપલ્સ—	
વીઝુવીયસનો બલતો પાહાડ ...	૩૧૫
સેંટ કારનોલી નાટકગ્રહ	૩૨૦
પીકેટોરીઆ સ્કુયેરમાંનું એકવેરીઅમ	૩૨૦
પાદશાહનો મહેલ	૩૨૧
જેઝુનુઆવોનું દેવલ	૩૨૨
કાપેલા ડી શાન શીવેરોનું દેવલ	૩૨૨
નેપચ્યુનનું દેહરૂં	૩૨૩
નેપલ્સનાં રસ્તા	૩૨૩
મ્યુઝીયમ	૩૨૯
બુર્બો વંશનો કાપોડી મોટેનો મહેલ	૩૩૦
કાઝર્ટા પાલેસનો મહેલ.....	૩૨૭
નેપલ્સનું વર્ણન	૩૩૦
પોમ્પીઆઈ—	
શેહરનું વર્ણન	૩૨૪
તેમાં દટાયલી ચીજોનું સંગ્રહસ્થાન	૩૨૫
એના અસલી મહેલાઓ.....	૩૨૫

ઈંગલાંડ.

લંડન—	
ટ્રાફાલગર સ્કુયેર.....	૧૩
લંડનની દુકાનો.....	૧૩
ડરબી રેસ	૧૩
"ધી મોન્યુમેંટ" નામનો મીનારો	૧૫
"ધી ટાવર" ઓફ લંડન.....	૧૬
હોરટીકલચરલ ગારડનસનું કુલોનું એકઝીબીશન.....	૨૦
હાઇડ પાર્ક	૨૧, ૪૫
ધી હોરટીકલચરલ કુંપનીનો નરસરીનો બાગ	૨૧
ક્રીસ્ટલ પાલેસમાંનો કુતરાંઓનો સંગ્રહ	૨૧
ક્રીસ્ટલ પાલેસની ઉતપંતી તથા તેનું વર્ણન ૨૧,	૧૨૩
આલબરટ મેમોરીઅલ.....	૨૩
હેમ્પટન કોર્ટનો મહેલ	૨૪
આલિકઝાંડ્રીઆ પાલેસ..	૨૫
નેશનલ ગેલેરી	૨૬
વેસ્ટ મીનીસ્ટર એબ્બીનું દેવલ.	૨૬
ઇંગલાંડની ટંકશાલ.....	૨૮
સેંટ પાલ કેથીડરલનું દેવલ....	૨૮
બેંક આફ ઇંગલાંડ.....	૩૦
રાયલ એગ્રીકલચરલ હાલનો "હારસ શો".....	૩૨
ઝુઓલોજીકલ ગારડન	૩૩
રાયલ એકવેરીયમ	૩૩
રાયલ એકડમી	૩૩
ગ્રોસવેનસ પોરટ્રેટ ગેલેરી	૩૩
મેદમ તુશાદનું મીણનાં પતળાંઓનું સંગ્રહસ્થાન.....	૩૪
કલીઓપેત્રા નીડલ નામનો સ્થંભ	૩૫
શોશાદટી ઓફ આર્ટસ.....	૩૬
યુનાઇટેડ સરવીસ મ્યુઝીયમ.....	૩૬
સ્લોઈન મ્યુઝીયમ	૩૮
જરયોગાની ચેપારીઓની પેહેડીઓ	૪૧

	પૃષ્ઠ.
સ્મીઠ ફીલ્ડ માર્કેટ.....	૪૨
સાઉથ કેન્સીંગટન મ્યુઝીયમ.....	૪૨
ઍાલબર્ટ હૉલ	૪૩
ઍસ્કોટની સરતો	૪૪
પાર્લામેન્ટ હાઉસનું વર્ણન.....	૯૪
તેમાં આંમની સભા	૪૪
ઉમરાવોની સભા.....	૪૯
બોટાનીકલ ગારડનસ ૪૪,	૫૧
ઉલીચનું દારખાનું	૪૫
રાણી વીકટોરીઆનાં તબેલાઓ.	૪૮
વેસ્ટ મીનીસ્ટર બ્રીડજ.....	૫૧
સાઉથ કેન્સીંગટન મ્યુઝીયમની ખુદરતી તવારીખ વીદ્યા તથા ધાતુશાસ્ત્રની શાખાઓ.....	૫૧
ઇન્ડીયન મ્યુઝીયમ.....	૫૧
ડયુક ઓફ સધરલેનડનો મેહલ.	૫૨
મી૦ હરબર્ટ નામના ગ્રહસ્થનું ઘર.....	૫૨
ફ્રેનસીંગ કલબ	૫૨
ઓરીએનટલ કલબ.....	૫૨
નવું બંધાયલું ગ્રાંડ હૉટલ.....	૫૩
મેનશન હાઉસ	૧૨૪
લંડન ટાઇમસનું છાપાખાનું...	૧૨૫
પેનટીવીલ જેલ	૧૨૫
ઇટન સ્કુલ	૧૨૭
સેટ થામસીસ હાસ્પીટલ	૧૨૯
મીટરોપોલીટન રેલવે	૧૩૦
હાઇડ્રોલીક લીફટસ	૧૩૦
લંડન શેહેરનું વર્ણન	૧૩૧
રીચમંડ ગામ—	
કયુ ગારડન નામનો સરકારી બાગ	૩૬
વીનડસર—	
ત્યાંનો કીલ્લો.....	૧૨૭
પ્રીન્સ આલબર્ટનુ ચેપલ	૧૨૮
તબેલા તથા પાર્ક.....	૧૨૯
માનચેસટર—	
ઍલેકઝાંડ્રા પાર્ક	૫૪
ઍકસચેંજ	૯૫

	પૃષ્ઠ.
ટાઉનહાલ.....	૫૫
પ્રીન્સ આલબર્ટનું પુતળું.....	૫૫
કનસરવેટીવ કલબ	૫૫
ફીલીપની વખણાયલી દુકાન ...	૫૫
ઍસાઇલ્ડ કોર્ટ	૫૬
રેફરંમ લાયબ્રેરી ઍંડ રીડીંગ રૂમ	૫૬
ફ્રાઍર બ્રીગેડ.....	૫૬
કાચ બનાવવાનું કારખાનું ...	૫૬
ડીનટીંગ મથેનું છીટનાં કપડાં છાપવાનું કારખાનું.....	૫૭
લુઇશની વખણાયલી દુકાન ...	૫૯
રબર બનાવવાનું કારખાંનું ...	૫૯
ઍ શેહરનું વર્ણન	૬૧
સાઉથપોરટ	૫૩
ઓલડહામ—	
પ્લેટ બ્રાંધરસનું સાંચા બનાવવાનું કારખાંનું.....	૬૦
બોલ્ટનો બાગ.....	૬૧
બલેકપુલનું ગામ	૬૧
બોલટન—	
હીક હારગ્રોવસની કુંપનીનું એનજીનો બનાવવાનું કારખાંનું.	૬૨
બોલટન સ્ટીલ વર્કશ	૬૩
મી૦ નોલસની નવી ઇન્ડીયા મીલશ.....	૬૩
શેહરનું વર્ણુન	૬૩
બોનેરાગામ	૬૩
ઈંગલીશ સરોવરો	૬૩
વીનડરમીયરનાં સરોવરો	૬૪
કોનીશટનપાસ	૬૪
લીવરપુલ—	
સ્ટેનલી પાર્ક	૧૦૦
શેફટન પાર્ક	૧૦૦
આલશોપશનો મુવીંગ વેકશ વર્કશ.	૧૦૧
રેલનડશનું રાયલ વેકશ વર્કશનું ઍકઝીબીશન.....	૧૦૧

પૃષ્ઠ.

મરસી નદીપરની ગોદીઓ..... ૧૦૧
ન્યુમાર્કેટની હવા ખાવાની જગો. ૧૦૨
સેંટ જ્યારજીઅહાલ, ટાઉનહાલ, સંગ્રહસ્થાન તથા બજાર ... ૧૦૪

ચેરાટર—
ગાંમ ૧૦૩
ત્યાંનો ક્રોનીકલ ટાવર ૧૦૩
ઇટન હાલ ૧૦૩
સેંટ જોન્સનું દેવલ ૧૦૩

શેરાલી—
ડયુક ઑફ રાલેનડનો હેડન હૉલનો મેહલ..... ૧૦૫

ચેત્સવરઠ—
ડયુક ઑફ ડેવનશાયરની જગા. ૧૦૬
ચેત્સવરઠ હૉલ ૧૦૭

ઈયાંમ—
ત્યાંની સીમાંની ખાંણુ..... ૧૦૬

બકસટન—
ગાંમ ૧૦૮
પુલશહોલનો ગોફ્રો ૧૦૮

ટલૉક—
ત્યાંનાં હમામખાંનાં..... ૧૦૯
"કમ્બર લેનડ કેવરન" ના ગોફાઓ ૧૧૦
"પેટરી ફાઇંગ વેલસ" નામના કુવાઓ..... ૧૧૦

શેફીલ્ડ—
એટલાશ સ્ટીલ વરકશ..... ૧૧૨
ઇલેકટરો પલેટ તથા શીલ્વર વેરશ બનાવવાનું કારખાંનું ૧૧૩

પૃષ્ઠ.

જોશફ રાજરશ અને શનશનું કટલરી બનાવવાનું કારખાંનું ૧૧૪
શીપ કાપવાનું કારખાંનું..... ૧૧૫
ગ્રીલ્ડનો વેપાર ૧૧૫

યોર્ક—
ત્યાંનું સંગ્રહસ્થાંન..... ૧૧૧
યોર્ક મીનશ્ટરનું દેવલ ૧૧૧

બરમીંગહામ—
ત્યાંનાં સ્ટેશનનું છાપરૂં ૧૧૫
ઝુમરો તથા બીજો બીલોરી સામન બનાવવાનું કારખાંનું.. ૧૧૫
ટાંચણી બનાવવાનું કારખાંનું.. ૧૧૫
પેપર મેશી વરક..... ૧૧૬
સ્ટીલપેન બનાવવાનું કારખાંનું ૧૧૬
ગીલીટકામ તથા રૂપાંકામ બનાવવાનું કારખાંનું ૧૧૭
બટન બનાવવાનું કારખાંનું... ૧૧૭
નાંધળાં એનજીન બનાવવાનું કારંખાનું..... ૧૧૮
પીતલનું હાડશ ફરનીશીંગ વરકશ ૧૧૯
હારનેશ તથા ટીન બનાવવાનું કારખાનું ૧૧૯
સસતાં ઘડીઆલો ૧૧૯
સ્કુરૂ બનાવવાનું કારખાંનું ... ૧૧૯
ટાઉનહાલ..... ૧૨૦
શેહરનું વર્ણુન તથા વેપાર..... ૧૨૦

બ્રાઈટન—
ત્યાંનો વખણાયલો એકવેરીયમ.. ૧૨૧
ડંકો તથા પેરેડનો રસ્તો..... ૧૨૩
શેહરનું વર્ણુન ૧૨૩

સ્કાટલંડ.

ગલાશગો—
હોલમશની ઉનની મીલ ૬૫
ટેમપલટનશ કારપેટ મીલ ૬૬
સેંટ રોલોકશનું કેમીકલ વરકશ ૬૬
કેડીડરલ ૬૮
નેક્રોપોલીશ ઇયાને ડાટવાની જગા ૬૮
એકઝચેનજ ૬૮
ચામડાંનાં પટા બનાવવાનું કારખાંનું..... ૬૯
ગશ્ટવશ ડોરેની પીકચર ગેલેરી ૬૯
યુનીવરસીટીનો ઇમારત..... ૭૦
વાહણ બાંધવાની ગોદી..... .. ૭૦

	પૃષ્ઠ.
ડયુક ઓફ હેમીલટનનો મેહલ...	૭૦
શીનગરનુ સીવવાનાં સાંચા બનાવવાનું કારખાંનું.....	૭૨
મસલીન વણવાનું કારખાંનું...	૭૨
કાગલ બનાવવાનું કારખાંનું...	૭૨
બીસ્કારકામનું કારખાંનું	૭૩
વેલઝ પોટરી વરક	૭૩
ગલાસગોનું મીકાઇ બનાવવાનું કારખાનું	૭૬
મીનબતી બનાવવાનું કારખાંનું	૭૭
કલાઇડ નદી, પોરટ ગલાસગો, બ્યુટ આએલંડ, લોક ર્ગાઇન, આરદરેશીગગામ, કરીનાન કેનાલ, તથા ઇગ્રડેલની સુલેટની ખાંણો	૭૮
લોક લેામોંડનો સરોવર.....	૭૪
લેક કેટરીનનો સરોવર	૭૪
સટરે ને કલાકારનો સરોવર...	૭૪
લેક વનેકરનો સરોવર.....	૭૫
કેલેનડર ગાંમ.....	૭૫
સ્ટરલીંગ રોહુર	૭૫
તેનો કીલ્લો	૭૫
ફીનગાલસ કેવસ.....	૭૯
આયેાનાના ટાપુઓ.....	૮૦
ઓબનથી ઈનવરનેરા—	
ઓબનગાંમ	૭૮
લોક ભીની	૮૦
લોક લોકી.....	૮૦
લોક ઓઇખ.....	૮૦
લોકનેશ	૮૦
કેલીડોનીઅન કેનાલઝ	૮૦
ફોયરઝના પાણીના ધોધ	૮૧
એનડીકટશ કાલેજ	૮૧
ઈનવરનેરા—	
ત્યાંની દાટવાની જગા.....	૮૨
દેવલ	૮૨
બજાર	૮૨
કીલીક્રેન્કીનેા ઘાટ	૮૨

	પૃષ્ઠ.
ડન્કેલડગાંમ—	
ડયુક ઓફ ઓેાલનો પાર્ક.....	૮૨
હરમીટેજ નામનું નાખલું ઘેર તથા રમબલીંગ બ્રીડજ ...	૮૩
પર્થ રોહુર	
ત્યાંનું રંગવાનું કારખાંનું.....	૮૩
એડીનબરા—	
લાટરી શીશાઇટીનું કુલોનું એકઝીબીશન.....	૮૪
આંધળાઓની આશરાળય.....	૮૪
મેહલાઓ	૮૫
"રોશલીન ચેપલ" નું દેવલ..	૮૫
પેરીશન આઇલ તથા મીણ બનાવવાની જગા	૮૬
પ્રીન્સ આલબરટનું મેાન્યુમેંટ..	૮૭
કીલ્લેા	૮૮
હાઇ સ્ટ્રીટનેા વખણાયલેા મેહલેા	૮૮
જણીતા સુધારક જોન નેાકશનું ઘર.....	૮૮
હેાલીરૂડનેા મેહલ	૮૮
કાલટન હીલ	૮૯
સર વાલટર સ્કાટનું મેાન્યુમેંટ.	૮૯
ડયુક ઓફ વેલીંગટનનું મેાન્યુમેંટ	૮૯
ડયુક ઓફ બકલ્યુનેા ડાલકીઠ પેલેશ તથા બગીચાઓ ...	૮૯
મ્યુઝીયમ ઔફ આરટસ એનડ સાએનસ	૯૦
ચેાપડી તથા ચીત્રેા છાપવાનું કારખાંનું.....	૯૦
રાયલ બલાઇનડએનસ અસાઇલિમ	૯૧
એઠીકશ જાતનું નવાઇ જેવાં માટી બઇયેરનું જોડું	૯૧
ગ્રીનેાક રોહુર—	
ત્યાંની ગેાદી	૯૧

આયર્લન્ડ.

	સફે.
બેલફાસ્ટ—	
નોરધરન સ્પીનીંગ એન્ડ લીનન મેન્યુફેક્ચરીંગ કંપનીનું કારખાનું	૯૨
કાપડની વખારો	૯૨
ફ્રેનસી વરકનું છાપાખાનું	૯૨
કોરૂં કાપડ ધોવાનું કારખાનું	૯૨
ગામનું વર્ણન	૯૩
ડબલીન—	
સેંટ પેટરીક કેથીડરલ	૯૪
ક્રાઇસ્ટ કેથીડરલ	૯૪
બરમીંગહામ ટાવર	૯૪
ડબલીન કેસ્ટલ	૯૪
રાયલ ચેપલ	૯૫
જુનું પાર્લામેન્ટ હાઉસ	૯૫
રાયલ બોટેનીકલ ગારડનસ	૯૫
વીશકી બનાવવાનું કારખાનું	૯૫
ગીનીસ કુંપનીનું પોરટર બનાવવાનું કારખાનું	૯૫
મ્યુઝીયમ	૯૬
ગ્રીન પાર્ક	૯૬
આઇરીશ લાંડ લીંગની સભા તથા તેનો દેખાવ	૯૬

વેલસ.

હોલીહેડ	૯૮
બેનગર	
ટેબ્યુલર હીલ્સ	૯૮
સ્લેટની ખાણો	૯૮
કરનારવન કેહર—	
ત્યાંનો કીલ્લો	૯૯

ફ્રાંસ.

ડોવરની ખાડી	૧૨, ૧૩૨
પારીસ—	
ત્યાંની રાતની રોશની	૧૩૨
હોટલ ડી કાનટીનેન્ટ	૧૩૨
સેંટ મેરી મેગડેલનું દેવલ	૧૩૩
પાલેશ ડ લા કોનકરડનો સ્કુવેર	૧૩૩
શાં ઇલીશીનો રસ્તો	૧૩૪
આરક ડી ટ્રાયમ્ફ	૧૩૪
ટ્રોકાડીરો પેલેશ	૧૩૫
મેગેઝંડ ડુ લવની મોટી દુકાન	૧૩૫
નેપોલ્યન બોનાપાર્ટની ઘોરની જગા	૧૩૫
સેંટ જરમનનું દેવલ	૧૩૬
પેલેશ ડી જસ્ટીસ	૧૩૭
સેંટ શાપેલનું દેવલ	૧૩૭
નોટરડામનો કેથેડરલ	૧૩૮
પારીસની મુડદાં રાખવાની જગા	૧૩૯
સેંટ ઈલુશટાશનું દેવલ	૧૩૯
પારીસની "ફોરટીફીકેશન" ની દીવાલ	૧૩૯
બોઇ ડી બુલોનનો પાર્ક	૧૩૯
સેંટ સુલપીશ તથા સારબાનનાં દેવલો	૧૪૨
પારીસની હેાળનાં કેટેકોમબશ	૧૪૩
પેનથીઅનનું દેવલ	૧૪૩
સેંટ રોકનું દેવલ	૧૪૪
પાલેસ ડી લા ઇનવેલીડો મેહલ તથા તેમાં વીજલીને લગતી બાબદોનું એકઝીબીશન	૧૪૫
મ્યુઝી ડ કલુનીનો મેહલ તથા તેમાંની બલામતો	૧૪૫
સેંટ ડેનીશનો બેઝલ	૧૪૬

	સફે.
કેટલ માર્કેટ તથા સ્લાટર હાઉશ	૧૪૬
પારીઝનાં ગરીબ મજુરોનો પાર્ક	૧૪૭
જુલાઇ માઝનો કોલમ.....	૧૪૭
વેનડોમ કોલમ	૧૪૭
બોટેનીકલ ગારડન	૧૪૮
નવું ઓપેરા હાઉઝ.....	૧૪૯
લુવરનો વખણાયલો મેહલ તથા એકઝીબીશન.....	૧૫૦
આરટીશીઅન વેલ ધ્યાને પાઇપથી કાધેલો કુવો	૧૫૨
નેશનલ ગારડઝનું વાજું.....	૧૫૨
પારીઝને લગતી દાટવાની જગા.	૧૫૨
ગ્રાંડ મેગેઝીનઝ ડ લુવરની દુકાન	૧૬૪
બો માર્ષની દુકાન	૧૬૫
પારીઝ શેહરનું વર્ણુન	૧૬૫
સેંટ કલુ તથા મોત્ર દુટનાં ગાંમડાં	૧૪૦
વરસેલીસ—	
ત્યાંનો વખણાયલો મેહલ.....	૧૪૦
લુક્ષાબુરગ—	
ત્યાંનો મોટો મેહલ.....	૧૪૨
ફોંટેનબ્લો—	
ત્યાંનો મેહલ.....	૧૪૮

બેલજીઅમ.

બરૂસેલસ—	
ટાઉનહાલ	૧૫૩
પીકચર ગેલેરી	૧૫૪
પાર્લામેન્ટ હાઉઝ.....	૧૫૪
વીએતર્સ મ્યુઝે	૧૫૫
સેંટ માઇકલનો કેથેડરલ	૧૫૫
બરૂસેલઝનું લેઝ વરક.....	૧૫૫
પેલેશ ઓફ જઝટીઝ	૧૫૫
બરૂસેલઝના મોહલાઓ.....	૧૫૫
આનટવર્પ	
સેંટ આગસ્ટાધનનું દેવલ.....	૧૫૬
સેંટ એનદરનું દેવલ	૧૫૬
મ્યુઝી પલાનટીન મોરીટઝની પીકચર ગેલેરી	૧૫૬
આનટવર્પનો ટાઉનહાલ	૧૫૭
માઉનટ કેલવેરીનો હુનરથી બનાવેલો ડુંગર.....	૧૫૭
કોનીનકલીક મ્યુઝીયમ	૧૫૮
કેથેડરલ.....	૧૫૯
ઝુઓલોજીકલ ગારડનઝ	૧૫૯
ગોટીઓ	૧૫૯
રસતાઓ	૧૬૦

હાલંડ.

એમસ્ટરડામ—	
ત્યાંનો પાદશાહી મેહલ.....	૧૬૧
રીકશનુ મ્યુઝીયમ	૧૬૨
પાલેશવુર વાલકઝલીજીત	૧૬૨
શેહરનું વર્ણુન	૧૬૨

જરમની.

કોલાંન—	
કેથેડરલ.....	૧૬૬
મ્યુઝીયમ	૧૬૭
સેંટ પીટરઝનું દેવલ	૧૬૭
શેહરનું વર્ણુન	૧૬૮
બરલીન—	
મીણનાં પુતળાંઓનું સંગ્રહસ્થાંન.	૧૬૮
શાહનશાહ વીલ્યમનો મેહલ ...	૧૬૮

	પૃષ્ઠ.
ફ્રેડરીક ધી ગ્રેટનું પુતળું ...	૧૬૯
ઠીયે ગારટનનો પાર્ક.....	૧૬૯
મોન્યુમેંટ ઓફ વીકટરી	૧૭૦
પાર્લામેન્ટ હાઉશ.....	૧૭૦
બરલીન શેહરના મોહલ્લાઓ ...	૧૭૧
ઝુઓલોજીકલ ગારડનસ	૧૭૨
શેહનશાહનો જુનોં મેહલ.....	૧૭૨
રાયલ મ્યુઝીયમ.....	૧૭૩
પીકચર ગેલેરી.....	૧૭૩
હોહેનઝોલ્લેંન મ્યુઝીયમ.....	૧૭૩
બરલીન શેહરનું વર્ણુન	૧૭૩
પોતસદેમના મેહલો	૧૭૦
બોનં ગામ	૧૭૪
રાહીન નદીનો દેખાવ.....	૧૭૪
ફ્રાંનકફોરટ—	
ટાઉનહાલ.....	૧૭૪
સેંટ પોલ્સનું દેવલ.....	૧૭૫
મોહલાઓ	૧૭૫
ઓપેરા હાઉશ	૧૭૫
પ્રદર્શણુ.....	૧૭૬
સ્ત્રાસબુર્ગ—	
મોહલાઓ	૧૭૬
કેથેડરલ તથા તેને લગતું ઘડીઆલ	૧૭૭
સેંટ ટામશનું દેવલ.....	૧૭૮
બૉલ ગામ.....	૧૭૮

સ્વીટઝરલાંન્ડ.

જીનીવા—	
ઘડીઆળો અને આરગીનોની દુકાનો.....	૧૮૦
રોહોન અને આર્વ નદીઓ ...	૧૮૦
રાઠ મ્યુઝે	૧૮૦
શેહરનું વર્ણુન	૧૮૧
લુસર્ન ગામ—	
ત્યાંનો સરોવર	૧૮૨
ફ્લુએલન ગામ.....	૧૮૨
બ્લેનઝોના ગામ.....	૧૮૩
લુગાનો ગામ તથા સરોવર ...	૧૮૩
કીઆસો ગામ	૧૮૪

પોલંડ.

વારશો—	
જનરલ ચાશકાવીશનું પુતળું...	૧૯૯
વીશચ્યુલાનદીપરનો પુલ	૧૯૯
કેથેડરલ ચરચ ઓફ ધી ટ્રીનીટી	૧૯૯
રૂશીઅન ગ્રીક ચરચ	૧૯૯
પીકચર ગેલરી	૧૯૯
યાહુદીઓનો શીનેગોગ.....	૧૯૯
પબ્લીક પાર્ક	૧૯૯
આરકીઓલોજીકલ મ્યુઝીયમ...	૧૯૯
પોલાંડના છેલા પાદશાહનો મેહલ	૧૯૯
સોબીએસ્કી પાદશાહનો મેહલ...	૧૯૯
વારશો શેહરનું વર્ણુન	૧૯૯

રૂશીઆ.

સેંટ પીટર્સબર્ગ—	
જુઓલોજીકલ ગારડન	૨૦૦
પીટર અને પોલનું દેવલ.....	૨૦૦
શેહનશાહને નીહીલીસ્ટોમાંના એકે મારી નાખ્યો તે જગા.....	૨૦૧
મોહલાઓ	૨૦૧
સેંટ આઇશેકશ કેથેડરલ	૨૦૨
કાઝાન કેથેડરલ	૨૦૩
હરમીટેજનો મેહલ તથા તેમાંની પીકચર ગેલરી	૨૦૫

	પૃષ્ઠ.
પીટર ધી ગ્રેટનું ઝુપડું.....	૨૦૮
મ્યુઝીયમ ઓફ ઇમપીરીઅલ કે-	
રીઓજીઝ	૨૦૮
મોટું બજાર	૨૦૯
ચરચ ઓફ એશેમપશન	૨૧૨
પીટર ધી ગ્રેટનું પુતળું.....	૨૧૩
સેંટ આઇશેકશનાં દેવલમાનું	
ગાયન.....	૨૧૩
સેંટ એલેકઝાંન્ડર નેવીશકીની	
મોનેસ્ટરી.....	૨૧૪
ઓરતોની નનરી ધ્યાને જોગણ	
શાળા	૨૧૫
ધોરસ્થાંન.....	૨૧૫
નાવાગેટની ભાગલ	૨૧૬
નીકોલો આશકાઇનું દેવલ.....	૨૧૬
ફાંગ્રેંડનીંગ હાસ્પીટલ	૨૧૬
એલેકઝાંન્ડર પીલર	૨૧૮
નીકોલસનો મીનારો.....	૨૧૮
શેહનશાહબાનું કેથેરાઇનનું મો-	
ન્યુમેંટ.....	૨૧૮
મેમહનું મ્યુઝીયમ	૨૧૯
સેંટ પીટર્સબર્ગનું વર્ણન	૨૧૯
પીટર હોફનું ગાંમડું—	
ત્યાંના સમર પાલેસીમો.....	૨૧૦
મોસકો—	
ક્રેમલીનનું શેહર.....	૨૨૦
કેથીડરલ ઓફ આસેમપશન ...	૨૨૧
માઇકલનો કેથીડરલ.....	૨૨૨
એનનશીએશનનો કેથીડરલ.....	૨૨૩
તેનો વખણાયલો ઘાંટ.....	૨૨૩
ઇસપાસકીનો દરવાજો	૨૨૪
ધસ્પેરોહીલ	૨૨૫
રેસ્ટોરાંટ	૨૨૫
સરકારી તીજોરી.....	૨૨૫
પાદશાહનો મેહલ.....	૨૨૬
કેથીડરલ ઓફ એશીલ	૨૨૭
મોસ્કો શેહરનું વર્ણન	૨૨૭
કીફ ગાંમ	૨૨૮
ઓડેશા શેહર.....	૨૨૮
રૂશીઆનું થોડું કવર્ણન ...	૨૨૯

તરકી.

બોસફરસની બાડી.....	૨૩૦
કોન્સ્ટાન્ટી નોપલ—	
પોકાર મારતા દરવેશોની બંદગી	૨૩૦
કોનસ્ટંટાઇના એલીનાનાં ઓક	
ચરચ	૨૩૨
સરકારી બાગ	૨૩૨
શીરાલીઓને લગતું જુની ચી-	
જોનું સંગ્રહસ્થાંન તથા જુ-	
ના મેહલોની વીગત.....	૨૩૨
સેંટ સોફાયાની મસજીદ	૨૩૩
સુલતાંનોની ધોરો	૨૩૫
તરકીશ બાઠ	૨૩૫
બજારો	૨૩૫
સુલતાંન અબમતની મસજીદ...	૨૩૫
હીપોડ્રોમ નામનો ચોક.....	૨૩૬
જનીસરીજની બરાબમાંની હુ-	
નરશાળા	૨૩૬
સુલતાંન અબદુલ અઝીઝની ધોર	૨૩૭
બલી ગયલો થંભ	૨૩૭
કબુતરોની મસજીદ	૨૩૭
સુલતાંન મહમદનો મીનારો ...	૨૩૭
સુલતાંન સુલેમાનની મસજીદ તથા	
તેની ધોર.....	૨૩૭
બેલર બેનો મેહલ	૨૩૯
પીગનાં ઝીનારા પરની મસજીદ..	૨૩૯
કોન્સ્ટાન્ટીનોપલનું વર્ણન.....	૨૩૯
કોન્સ્ટાન્ટીનોપલથી હુંગેરી—	
વારના	૨૪૧
રટશચક.....	૨૪૧
રમાદા.....	૨૪૧
બુકેરેશટનાં ગામો	૨૪૧
રોમાનીઆનું વર્ણન	૨૪૨

હંગરી.

	સફે.	સફે.
બુડાપેશત	૨૪૨	

આસ્ત્રીઆ.

વીએના—

પેહલા ફ્રાંસીસનું બાવળું.....	૨૪૪	
શેહનશાહના મેહલને લગતી ઘોડાપર બેશવા શીખવાની સ્કુલ	૨૪૪	
દેવલ	૨૪૪	
વોટીવ ચરચ.....	૨૪૪	
શેહનશાહના મેહલનો ચોક તથા તબેલા	૨૪૪	
કુનસ્ટલેર હાઉસ	૨૪૫	
સ્ટુબેનરીંગનાં સંગ્રહસ્થાનો ...	૨૪૫	
પાર્ક.....	૨૪૬	
આપેરા હાઉસ	૨૪૬	
આમબ્રાસ કલેકશન.....	૨૪૬	
વીએનાની પીકચર ગેલેરી.....	૨૪૭	
સેંટ કાર્લાસનું દેવલ	૨૪૭	
કોર્ટ બ્રોફ જસટીસની ઇમારત..	૨૪૭	
લીખ્તન સ્ટીન પીકચર ગેલેરી...	૨૪૮	
કેબીનેટ ઓફ કોઇનસ બ્રેન્ડ એન્ટીકુવીટીસ.....	૨૪૮	
શેહનશાહનાં મેહલનું પુસ્તકખાનું	૨૪૯	
એકેડમી આફ આર્ટસ	૨૪૯	
સેંટ સ્ટીફનનો કેથીડરલ	૨૫૦	
ફ્રેયુકીન્સ ચરચ.....	૨૫૦	
વીએનાની ટરેજરી.....	૨૫૧	
આરસનલમાંનો સંગ્રહ.....	૨૫૪	
ઓરીએનટલ મ્યુઝીયમ તથા એકસચેંજ હાલ	૨૫૫	
વીએના શેહરનું વર્ણન.....	૨૫૬	

સોનબ્રન—

ત્યાંનો પાર્ક તથા જનવરોનો સંગ્રહ.....	૨૪૮	

ઇજીપ્ત.

અલેકઝાંડ્રીઆ—

એ શેહરનું વર્ણન	૩૩૨	
આમદઅલી પાદશાહનો મેહલ..	૩૩૪	
બ્રેક વાટર.....	૩૩૪	
પામપીઝ પીલર	૩૩૫	
માહમુદીઆ કેનાલ	૩૩૫	

કેરો—

જુની ચીજોનું સંગ્રહસ્થાન...	૩૩૬	
સુલતાન હસનની મસજીદ.....	૩૩૭	
પેહલા ઓદીવ મહમદઅલીની મસજીદ	૩૩૭	
મહમદઅલીનો મેહલ	૩૩૮	
શુબ્રાનો રસ્તો.....	૩૩૮	
પબ્લીક ગારડન	૩૩૯	
ઇજીપ્તનાં વખણાયલા પીરેમીડસ.	૩૩૯	
સ્ફીંક્ષ નામનું પુતળું	૩૪૪	
ઓદીવનો મેહલ તથા બાગ.....	૩૪૫	
ઓલ જબલનો મેહલ	૩૪૬	
પબ્લીક લાઇબ્રેરી	૩૪૬	
ઓદીવના તબેલા.....	૩૪૬	
અલહસનની મસજીદ	૩૪૬	
ઓદીવનાં બાંનદાંનને ઘાટવાની જગા	૩૪૭	
ઇજીપ્તનાં ઓદીવો.....	૩૪૭	
કેરો શેહરનું વર્ણન.....	૩૪૮	

મુંબઇથી યૂરોપ તરફના પ્રવાસની નોંધ પત્રીકા.

તા૦ ૧૨ મી મે ૧૮૮૧ ને દીને હમો (ફરામજી દીનશાજી પીટીટ) તથા ભાઇઓ દાદી નસરવાંનજી દાદીશેઠ, પીરોજશાજી મેહરવાનજી જીજીભાઇ, કાવશજી દાદી લીમજી, નવરોજજી નસરવાંનજી વાડીઆ—એટલા જણ પી૦ અને એ૦ કંપનીની સ્ટીમર "શુરત" મધે પાલવા બંદર ઉપરથી માંજનાં પાા કલાકને અમલે ઉપડી ગયા. એ સ્ટીમર જોકે આસરે ૩,૦૦૦) ટનનીછે તોપણ દરીયો થંભ હોવા છતાં ડોલીઆ કરતી હતી, અને જુની હોવાને લીધે એજ કંપનીની બીજી આગબોટો કરતાં ધીમે ચાલતી હતી. એ દીવસથી તે તા૦ ૧૭ મી મે. ૧૮૮૧ સુધીના દીવસો દરીયામાં એડન તરફ જતાં લાગા તેથી તેનું સહજ કે મવીસ્તર પણ કાંઈ લખવાજોગ નથી. રસ્તામાં તાપ ઘણો લાગો હતો એ જાણવાજોગ હતું, અને સખત ગરમીને લીધે રાતનાં કેબીનોમાં સુવાઈ શકાતું ન હતું કેમકે અંગોઅંગ બલતાં ત્રાહે ત્રાહે પોકરાવતા હતા.

તા૦ ૧૮ મી મે ૧૮૮૧—આજ દીને એડનને લગતો જમીનનો છેડો પેહેલ વેહેલો માંજનાં ૬) વાગે દુરથી જોયો અને સાત વાગતે દીવાદાંડી નજરે પડી તોપણ એડન પાહાડની કઢણમાં આવવાને લીધે તે પાહાડ રાતનાં દસ વાગતે વટાવી રહ્યા પછી ત્યાંની દીવા બતીઓ નજરે પડવા લાગી. રાતનાં ૧૧) વાગે એ ગામનાં બારાંમાં લંગર કીધું, અને કીનારેથી બોટો હમોને લેવા આવી તેમાં બેસીને "સ્ટીમર પોઇનિટ" નામનો ડકેકોછે ત્યાં અરધા કલાકમાં કીનારે ઉતરયા હતા. એ વખત રાતનો હોવાથી એડન શેહેર જોવાને બરોબર બનયું નહી. એ ગામનાં જાણીતા વેપારીઓ શેઠ કાવશજી દીનશાહ એડનવાલા તથા મનચેરજી એદલજી કોલાબેવાલા અને બીજા સાહેબો સ્ટીમર ઉપર લેવાને આવ્યા હતા, તેથી મંડલીની રહી ધ્યાનમાં રાખીને કીનારે ઉતરતી વેળા તે સાહેબોનાં મુકામ ઉપર તેઓને વલતી મુલાકાત આપવાની હમોને ફરજ પડી હતી. એ સાહેબો જયાં રેહેછે તે જગા ઉપર ઘણી સારી હવેલીઓ અર્ધચંદ્રાકારમાં (મુંબાઇમાં એલફીનસ્ટન સરકલની બીલડીંગોની માફક) બાંધેલીછે. તેની આગલ ગાડીઘોડા જવાનો રસ્તો અને તે રસ્તાની અડોઅડ દરીયો આવેલોછે ત્યાં ફરવા નીકલયા. તે વખતે બુશનું માંદનું પડનું હોવાથી દેખાવ ઘણો સારો અને રમણીક લાગતો હતો. એતો એડન શેહેરનો વેપારી લત્તોછે; પણ એડનનું ગાંમ હીયાંથી પાંચ મૈલ દુર હોવાને લીધે, તથા આપ્યે વખતે રાતનાં બાર વાગાનો અમલ થઈ જવાથી સ્ટીમર બે વાગે ઉપડશે એવું સાંભલી હમોએ માત્ર એનાં આગળો ભાગ જોઈ બાકીનું બીજું પાછા ફરતી વેળાએ જોઇશું એવી ધારણાએ પડનું મુકી માંડી વાળયું હતું. એડન શેહેરની વસ્તી આપ્યે શાલનાં વસ્તી પત્રક અથવા બાનેશુમારી મુજબ આસરે ૩૦,૦૦૦) માંણસોની કેહેવાએછે. તેમાં આપણાં જરથોસ્તીઓ આસરે ૨૦૦) જન હશે. તેઓનાં વપરાસને માટે એક દરેમેહેર તથા દોખમું ઈ. સ. ૧૮૪૭ માં બંધાયલું છે. એ ગામની હવા જેટલે દરજજે મુંબઇગરાઓ ધારેછે તેટલી ગરમ નથી એવું ત્યાંનાં રેહેવાસીઓ તર-

ફથી હમોએ સાંભળ્યું હતું, હમારો જાતી અનુભવ તો એજછે કે હમો કીનારે ઉતરવા તયારથી તે સ્ટીમર પર પાછા સવાર થયા ત્યાંસુધી આખો વખત લેંહકી ઘણી સારી લાગી હતી. બપોરનાં પણ કોઇ વખતે ઉષ્ણતામાપક યંત્રનો પારો ૯૦) ડીગ્રી ઉપર જતો નથી એવું પણ હમારા સાંભળ્યામાં આવ્યું હતું. એ સબબોને લીધે એડનવાસી ગ્રહસ્થો પોતાના કસબાને તનદરોસ્તીની બાબદમાં પણ ઘણો સારો કેહવાને અચકાતા નથી. એ શેહરનો વેપાર ઘણો ખરો આરબસ્થાંનના માહેલા ભાગોમાંથી દરીયાને રસ્તે બીજે ગામ માલ મતા મોકલ ચાકલ કરવામાં સમાયલોછે. તેમાં મોખાની કાફી તથા ગુંદર (Gum Arabic) નો મોટો ભાગ વિલાયત તરફ જાયછે, ને મુંબઇનાં કારખાનાંઓનું કાપડ તથા સુતરનો બપ પણ હાલ સારો ચાલેછે. એ ગામમાં વરસાદ ઘણો બરો પડતો નથી. ગયાં ત્રણ શાલ થયાં તો વરસાદ મુદલ ટીપું પણ પડયો નથી. પણ હાલ ૧૫) દીવસની આગમજ મેઘરાજાએ ઇંદર દરબારથી દરશન દઇને બે દીવસ મેહર કીધાથી ત્યાંની મોટી મોટી ટાંકીઓ કે જે પાણી જળવી રાખવા સારૂં બાંધેલીછે, અને જે વરસાદની તાંણને લીધે તદન સુકાઈ ગઈ હતી તે હાલ પાંણીથી ભરપુર બનીછે. એ ટાંકીઓ આગલનાં વખતની ઘણી જુની બાંધેલી હશે પણ પાછલથી તેની કોઇએ દરકાર નહીં કીધાથી તેઓ સઘલી ભાગીને રદ થઈ ગયલી તથા ઘણી બરી રેતીથી પુરાઈગયલી હતી. તોપણ એ કસબો અંગ્રેજ સરકારના હસ્તક થયાથી એ બીસ્માર ને હાલહવાલી વાલી સાત ટાંકીઓને સાતથી આઠ લાખ રૂપીઆ બરચીને એ દયાલુ સરકારે નવેસરથી સમારીછે. તેમાંનું પાણી આખાં એડનને એક શાલ સુધી પુરૂં પડી શકેછે. પણ જયારે વરસાદ તદન આવતો નથી (જો વરસાદ ત્રણ ઇંચ પડેતો ઘણો થઈ પડે અને જો ૭ થી ૧૦ ઇંચ એકદમ પડે તો ત્યાંની ઘણી બરી ઇમારતો જે રેતી તથા મેટોડીની બાંધેલીછે તે પડી જઇને ભારે બરાબી નીપજે એમછે) ત્યારે એ ટાંકીઓ પાણી વગર તદન બાલી રહેછે તે વખતે દરીયાનાં પાણીને સંચાથી વરાલ કરીને બીજી યુકતી સહીત મીઠાસદાર બનાવીને તેને વપરાસમાં લેયછે. એ ગાળેલું પાણી કાંઈ પીધામાં બોર તરેહનું કે બરાબ લાગતું નથી. ત્યાંનાં રહેવાસીઓને દરેક ગયાલને બે આના લેખે તે વેચવામાં આવેછે જેથી તે માઠું મોધું પડવાને લીધે ત્યાંનાં ગરીબ રેહેવાસીઓને દરીયાનું બારૂં અગર અને દીલ ચચરાવનારૂં પાણી નાંહવા ધોવામાં લેવાને ફરજ પડેછે. ઉપર જણાવેલી રીતનું સંચાનું પાણી તો તેઓ માત્ર પીધામાં લેછે. અલબતાં ધનયથી માતબર હોતા તવંગર લોકો પોતાનાં કુશાદેહ ગજાંને લીધે નાહવા ધોવામાંબી ઉપયોગ કરેછે. પાણીની એવી તંગીને લીધે એડન શેહેર તદન ઝાડપાન તથા ઘાસ વગર બાલી અને સુકું દેખાયછે. અગરજો એ બંદર ઇંગ્લાંડ, હીંદુસ્તાંન અને ચીન વચ્ચે આવજાવ કરતી આગબોટો તથા મનવારોને લંગર કરવા સારૂં કામે નહીં લગાડને તો એ શેહેરમાં તદન વસતી વટીક રેહવી એને લીધે મુશકેલ પડતે. પણ એ બંદર બોહોલા વેપારનાં રસતામાં આવ્યાથી હાલ ટકી રહ્યું છે અને ત્યાં દરોજ પાંચ સાત આગબોટો તથા વહાણો આવજાવ કરતાં લંગર કરેછે. હીંઆંનાં ઘરોનો દેખાવ બાહેરથી ભપકા ભરેલો લાગેછે. એ સઘળું જયાં સ્ટીમર પોઈન્ટ નામનો દરીયે કીનારે મોહોલ્લોછે ત્યાંછે, અને તેજ જોબને હમો પાછા સ્ટીમર ઉપર ૧૨॥ વાગતે ગયા હતા તથા ૪) કલાકને અમલે લંગર ઉચકયું હતું તેથી આ નોધને થોડા કલાકની નોધ સમજવી.

તા૦ ૧૯ મી મે ૧૮૮૧—આજે બપોરનાં બાર વાગે "રેડ-સી" એટલે રાતા સમુદ્રમાં દાખલ થયા હતા. એ દરીઆમાં જવાના રસ્તાને "બાબલમાંડબની સામુદ્રધુની (Strait of Babelmandeb) કરીને કહેછે. તેની અંદર દાખલ થતાં બંન્ને બાજુઓપર કીનારા ઘણા નજદીક દેખાતા હતા. વળી એ કીનારા કંઈ જમીનના નાહના વીભાગોના નહી પણ મશ મોહટા બે ખંડોના એટલે જમણી બાજુપર એશીઆ અને ડાબી બાજુએ આફ્રીકાના કીનારા હતા, જે જોવાથી જગત કરતાનાં ગજબરકામનો કાંઇક એઆલ આવતોહતો. એ દેખાવો જોઇને હમોને ઘણી ખુશાલી ઉપજી હતી, કારણકે જોવામાં ગોયા દુનીયાંનાં ચાર મોટા ખંડોમાંનાં બે મોટા ખંડો એકજ વખતે નજર આગલ આવીને ઉભા હતા. એ સામુદ્રધુની ૨) મૈલ પોહોલીછે અને તેની વચમાં નાહનો ટાપુ આવેલોછે જેને "પેરીમ" (Perim) કહેછે. એ ટાપુ વીશે એક જાણવાજોગ બીના સાંભલવામાં આવી હતી. તે એમકે આસરે ૩૦) વરસ ઉપર એક ફ્રેંચ મનવારે એડનનાં બારામાં લંગર નાંખ્યું હતું તેનો કમાનડર એડન કીનારાના કમાનડરની મોલાકાતે ગયો. જેથી તે રાતનાં એડનનાં કમાનડરે પેલા મનવારનાં કમાનડરને પોતાને ત્યાં જમવા રાખ્યો. હવે દારૂ પીધા પછી પેલી ફ્રેંચ મનવારનાં કમાનડરને એડનનાં કમાનડરે પૂછ્યું કે તું કયાં હંકારી જનારછે! ત્યારે શરાબની ઝુમમાં પોતાનો ભરમ બોલીને તે બોલ્યો કે લાલ સમુદ્રનાં મુખ આગલ "પેરીમ" ટાપુછે તે બાબલમાંડબની સામુદ્રધુનીનાં વચોવચમાં એવું આવેલુંછે, કે એશીઆ અને આફ્રીકાનાં કોસતાઓ તેથી એક મૈલને અંતરે પડેછે, વાસ્તે જે રાજવાલાના હાથમાં તે હોય તે ઘણી લડાઇની વખતે એ દરીયામાંથી દુશમનનાં કોઇપણ વહાણ મનવારને ત્યાં કણેથી પસાર થતાં તોપનાં મારાથી અટકાવી શકે, એવું જાણીને ફ્રેંચ સરકારે મને ત્યાં પોહચી જઇને ચુપચુપ કબજો કરી દેવા ફરમાંવ્યુંછે. આ ફ્રીફરીફાટ બોપાલું સાંભળીને પેલો એડનવાલો અંગ્રેજ કમાનડર જે ઘણો બાહોશ હતો તેણે વીચાર્યું કે જો એ ટાપુ ફ્રેંચનાં હાથમાં જશે તો કોઈ વેળા ઇંગ્લંડથી લડાઇને વખતે અંગ્રેજ વહાણોને ત્યાંથી જતાં અટકાવી શકશે, તેથી પોતે તરતજ બહાર જઇને એક અંગ્રેજી મનવાર જે બારામાં પડેલી હતી તેને થોડુંક લાહવ લશકર તથા મોલજર સીપાહી લેઇને તરતજ રાતોરાત હંકારી જવાનો, તથા તે ટાપુ ઉપર અંગ્રેજી વાવટો ચઢાવવાનો અને ત્યાં ૪૦) માણસો મુકીને પાછી એડન આવવાનો હુકમ કીધો. તે મુજબ અંગ્રેજી મનવારનાં કપતાંને તાબડતોબ કીધું. હવે બીજે દહાડે જયારે ફ્રેંચ મનવાર તે ટાપુ પોતાને હસ્તક લેવા ગઈ ત્યારે તેને જોયું કે તે ઉપર અંગ્રેજી વાવટો ઉડતો હતો; તેથી અંગ્રેજ લોકોએ તે ટાપુ અગાઉથી લીધેલો હશે, એવું ધારીને તે મનવાર પાછી ફરી, અને તે દીવસથી એ ટાપુ અંગ્રેજ સરકારનાં હાથમાંછે. ત્યાં અંગ્રેજી સોલજરો મજબુત કીલ્લામાં રહેછે. જેથી કીલ્લા બાહેર ત્યાંના દેશીઓની થોડી ઘણી વસ્તી થઇછે. પણ એ ટાપુ એવું તો ઉજડછે કે ત્યાં ઝાડ તો શું પણ એક ઘાસનું તણખું વટીક ઉગેલું જણાતું નથી. ઓરાકી તથા પાણી વગેરે ત્યાંનાં રેહેવાસીઓને એડનથી પુરૂં પાડવામાં આવેછે. એ ટાપુ બરોબર વચોવચમાં આવેલુંછે, તેથી જયારે હમારી સ્ટીમર તેની નજદીકથી પસાર થઇ, ત્યારે બેહુ બાજુએ જમીન ઘણીજ નજદીક આવી ગયલી લાગતી હતી અને ત્યાંના પાહાડોનો દેખાવ ફરતો દરીયાની બંધે બાજુએ આવ્યાથી જાણે સ્ટીમર કોઈ

મોહોટા મરોવરમાં ફરતી હોય એવું જણાયું-મણું દીસતું હતું.

તા૦ ૨૧ મી તથા તા૦ ૨૨ મી મે ૧૮૮૧—એ બે દીવસો હમોએ રાતા સમુદ્રમાં કાહાડેઆ હતા. એ સમુદ્ર મધ્યે પણ બહુજ ગરમી પડેછે એવું હમોએ એડનનો માફક સાંભળ્યું હતું. પણ જેવી ગરમી ધારતા હતા તેવી કાંઈ માલમ પડી નહીં. "થરમોમીટર" એટલે ઉષણતા માપક યંત્રનો પારો ચઢીને જુલમમાં જુલમ ૯૫) ડીગ્રો થયો હતો, પણ સામે ઉત્તર દીશાનો પવન મલવાથી ગરમી ઘણી લાગી હતી નહીં.

તા૦ ૨૩ મી મે ૧૮૮૧—આજે બપોરનાં સુએઝના અખાતમાં પેઠા. કીનારો બંને બાજુએ દેખાવા માંડયો હતો. એક સ્ટીમર કીનારા ઉપર અઢડાયલી તેનો "ભાગાં વાહણનો ભુકો" રસ્તામાં જોવામાં આવ્યો હતો. એ સ્ટીમર કોલસો ભરી જતી હતી અને તેમાંનો કોલસો ત્યાંનાં આરબ રેહેવાસીઓ કાઢીને સુએઝમાં દર ટણે પંદર રૂપીઆ લેખે વેચતા હતા. એ ખાડીમાં બે દીવાદાંડી વારાફરતી જોઇ હતી. જે ઉપર બતી કરવા સારૂં રેહતાં માણુસને દર ત્રણ માંસે સુએઝથી ખોરાકી પોહોંચાડયામાં આવેછે. દાખલા તરીકે જેમ અત્રેની "પરંગઝ લાઇટ હાઉઝ" માટેની મુંબઇથી ખોરાક વારેઘડીએ લાવજાજીવ થાયછે તેમ.

તા૦ ૨૪ મી મે ૧૮૮૧—આજે સવારનાં પાછલી રાતે ૪॥ કલાકે સુએઝ આવી પુગા. નેહરમાં પેસવાની બહાર છુટી છુટી ગોદીઓ મુંબઇની પ્રીનસીઝ ડાકનાં જેવી બાંધેલીછે, તેમાં પી૦ અને ઓ૦ કંપનીનાં ડાકા આગલ સ્ટીમર અડોઅડ જઇને ઉભી. અમે આગરે સવારનાં ૬) વાગે ત્યાં લંગરવાર થયા. હીયાંથી એ જાણીતી નેહેરમાં જવાનો મારગ બરાબર દીસતો હતો. એ નેહેરમાં થોડીએક આગબોટોએ લંગર કીધેલાં દેખાયાં હતાં. તેનાં નાકાં ઉપર એક મોહોટી હવેલી બાંધેલીછે જેમાં એ "કનાલ" (નેહેર)ને લગતી હાશીઝ રાખેલીછે. પુગા પછી તેજ ડકા ઉપર ખડી રહેલી આગગાડી હમોને શીકંદરીયા અથવા એલેકઝાંડ્રીઆ લઈ જવા સારૂં થોડા વખતમાં આવી પુગી હતી. એ આગગાડી ઇજીપ્ત અથવા (મીસર દેશ)ના ખેદીવનીછે. તેનો વડો એજંટ મુંબઇની જી૦ આઇ૦ પી૦ રેલવેનો આગલનો જાણીતો મી૦ લીમેજરર હાલછે. તેણે ઘણી સારી રીતે એ આગગાડી સુધારીછે. હમો આઠ કલાકને અમલે સ્ટીમર છોડીને આગગાડીમાં બેઠા, પણ કમનસીબે સુએઝનાં સ્ટેશન ઉપર એટલો થોડો વખત ગાડી ઉભી રહીકે એ ગામ જોવા જવાને બનયું નહીં, તેથી સ્ટેશન ઉપ રથી તેનો દેખાતો દેખાવ સારી રીતે જોઇને તરતવેલા મનમનાવી લીધું હતું. ગામનો દેખાવ જેમ ભપકાદારછે તેમ કંગાલ પણ લાગેછે. સારી સારી મોટી હવેલીઓ મજેના પોહોળા રસ્તાઓ ઉપર એક હારમાં બાંધેલી હોવાથી તેનો દેખાવ ઘણો સારો દીસેછે. પણ ગરીબોનાં ઘરો તો એવી કંગાલીયતમાં બાંધેલાં છે કે હીંદુસ્તાનમાં ગરીબ પણ એવાં કોઢડાંઓમાં કદાચજ ગોંધાઈ રેહેતો હશે. દીવાલો પથ્થર તથા મેટાડાંની બાંધેલી તેને કલફાત પણ કીધેલી નહીં. છાપરાંને બદલે કામડીઓ છુટી છુટી બાંધીને તે ઉપર ઘાસ નાંખેલું તેથી જાણે કચરાનાં પુશકલ ઢગલાને ઢગલા પડયા હોય તેમ લાગતું હતું. છાપરાં બેકાં બાંધેલાં તેથી વગર છાપરાંનાં ઊંઘાડાં ઘર હોય એમ જણાતાં હતાં. એ ગામનાં લોકો દેખાવે કદાવર તથા ધઊંવરણા રંગનાંછે. સુએઝ તરફની જગા ઘણી ખરી રેતાળ હોવાથી ત્યાં સઘળું વનસ્પતી વગરનું ખાલી સુકમસુકું દેખાયછે. એ ગામ છોડીને આગગાડી આગલ ચાલવા માંડી.

હીયાંથી "ઝાગાઝીગ" કરીને સ્ટેશન હટા મૈલ દુરછે ત્યાંસુધી રસ્તામાં કાંઈ જોવા લાયક જણાતું નથી. ફક્ત રેતીનાં જંગલો આસપાસ નજરે આવતા હતાં અને જેમ દરીયામાં ચારો બાજુપર આસમાન અને પાંણી દેખાયછે તેમ એ જંગલો અને આસમાંન સીવાય બીજું કાંઈ નજરે પડતું હતું નહીં. રસ્તામાં એકકુ મોટું ઝાડ વડીક દેખાતું ન હતું, પણ છુટાં છવાયાં ઘણું ઘણું મૈલને તફાવને કોઈ કોઈ જગો ઉપર નાનાં ગામડાંઓને લગતા ઝાડનાં ઝુમખા નજરે પડતાં હતા. ઝાગાઝીગ સ્ટેશન આગલ જેમ નજદીક આવતા ગયા તેમ દેખાવ આસતે આસતે બદલાવા લાગો, અને ખેતીવાડી તથા લીલોતરી નજરે પડવા લાગી. રસ્તામાં કોઈ જગા ઉપર રેતીનાં જંગલોમાં રેતીનાં નાધળા જેવા ડુંગરો થઇ ગયા હતા. અને પવનનાં જોરથી તે ઢગલાઓ એકગમથી બીસીને બીજી ગમ એકઠા થાયછે તે મુજબ કોઈ કોઈ જગા ઉપર તેમાં થયલું જણાઇને તેમાં મરવસ્વ અરધો અરધ ડટાયલું નજરે પડતું હતું. એકગમતો રેતીથી આગગાડીનો રસ્તો પુરાઈ ગયલો હતો જેથી ત્યાં માણસો કામે લગાડીને રેતી પાતા ઉપરથી બસાડી હતી. એ પ્રમાણે એ રેતી ત્યાંથી ઉડાને એકગમથી બીજીગમ નાહાનાં ડુંગરો બની જાયછે. આગગાડી જેયાં સ્ટેશન ઉપર ઉભી રહેછે ત્યાં ચાહે તથા "રીફ્રેશમેંટ" એટલે નાસ્તો બાવા પીવાની ચીજો મલેછે. તેમાં સૌથી પેહેલું સ્ટેશન "ફેડ" (Faid) કરીનેછે. ત્યાંના રીફ્રેશમેંટ રૂમમાં પરચુટણ ચીજોનો એક નાધળો "શો રૂમ" એટલે અજબ ઘર અથવા તો એક ઓરડો કે જયાં જોવા લાયક ચીજો મુકેલી હોયછે તે બનાવેલાછે. તેમાં હરણ તથા બીજાં જનાવરોનાં જાતજાતનાં શીંગડાંઓ, સોમવાટનાં દાંતો, કરવતી,તથા ચીનાઈ આરશીઓ વગેરે ગોઠવેલું હતું. તેનો દેખાવ લગરીક સારો લાગતો હતો. એ સ્ટેશન છોડીને વલતું સ્ટેશન ઝાગાઝીગનું આવ્યું. ત્યાં રીફ્રેશમેંટ મલેછે. તેનો ભાવ ચાર શીલીંગ એટલે બે રૂપીયાથી કાંઈક વધુલેછે, જે ભાવમાંજ કલારેટ દારૂની પ્રી મમાયલી હોયછે. પણ બીજા બધો જાતનાં દારૂ તથા સોડાવાટરનાં પૈસા જુદા લેયછે. એ સ્ટેશનથી એક રસ્તે મીસરનાં પાયતખ્ત શેહર "કેરો" બાતે અને બીજે રસ્તે સીકંદરીયા શેહર બાતે, બે અડફાતી તીરકશ રેલવે લાઇનોથી આગગાડી જાયછે. એ સ્ટેશન છોડયા પછી બાકીના ૧૨૬ મૈલની જગા ઘણીજ ફળવંત માલમ પડતી હતી. મીસરની જાણીતી "નાઇલ" નદીમાંથી એક મોટી નેહર બાણીને અત્રેથી છેક એલેકઝાંડ્રીયા સુધી લઈ જવામાં આવીછે. તેથી કરીને આસપાસનાં બેતરોને બીજાં નાંધળાં નાળાઓથી પાંણી પોંહોંચવું થાયછે, અને તે મબબે જમીન જાહજી ફળવંત રહેછે જ્યારે રેલ આવેછે ત્યારે તો અલબતાં મધલું પુરણપુર પાંણીથી ભરાઈ જાયછે. એ નેહેરથી પાણી પોંહોંચવા ઉપરાંત તેમાં નાહાની બોટોમાં એક ગામથી બીજે ગામ બાતે માલકે મરસામન લાવલઇજા કરવા સારૂં ઘણું સુખ થયું છે. કારણ કે રસ્તો એવો પાધરો દોર નથી કે ગાડી તથા ગાડાંની સીધી ગદેર અથવા વાટ મલી શકે. ગધેડાં તથા ઊંટો પ્રાણી માત્રમાંથી જઈ શકે એવી નાંધલી આસરે ત્રણ ફીટ પોંહોળી પગથીઓ અથવા સેરડાઓ બનાવેલાછે તે ઉપરથી ઘણું લોકો, ઊંટો, ગધેડાંઓ, તથા સામનથી બાંધેલાં બચરો આવજાવ કરતાં હતાં, અને આખો રસ્તો વસ્તીથો ભરેલો માલમ પડતો હતો. એ મધળો ૧૨૬) મૈલનો રસ્તો જે હમોએ પસાર કીધો તે બધો બેતીવાડીથી ભરેલો નજરે પડતો હતો. જેમ તેની આગલનો રસ્તો રેતીનાં જંગલોથો ઘેરાયલો દીસતો હતો તેમ હવે જયાં નજર કરયે ત્યાં મધળે

ખેતીવાડી તથા ઝાડો તથા નાંધળાં નાંધળાં ગામો નજરે પડતાં હતાં. કોઈ વખતે તો પાંચ છ ગામ કેરાંની લુંગર માફક એકત્ર નજરે પડતાં હતાં. એ સઘળાં ગામોમાં જીનીંગનાં કામને લગતાં એટલેકે રૂને કપાસીયાથી છુટો પાડવાનાં સાંચાનાં કારખાનાંની ચીમનીઓ દેખાતી હતી, અને દરેક ગામડાંમાં એક એક મોહોતી હવેલી કે જે કદી તે ગામોના પટેલોઓની હશે તે, તેમજ મસીદનાં મીનારાઓ દીસતા હતા. જોકે ત્યાંનાં બીજાં ઘરો સુએઝની માફક કંગાલ હાલતમાં બાંધેલાં હતાં તોપણ દુરથી પેલી હવેલીઓ, ચીમની, તથા મીનારાઓથી ગામો બાસ્સાં ખુશ રંગીઆમણાં લાગતાં હતાં. અહીંયાં હીંદુસ્તાન કરતાં એક ઘણોજ સારો સુધારો ખેતીવાડી કરવા સારૂ વરાલથી ચાલતાં દાંતાલાં હલો ઉપયોગમાં લગાડવાથી થયોછે. એવા એવા યાંત્રીક દાંતાલોથી મોટાં મોટાં ખેતરો થોડાક વખતમાં જાણે અબધડીની પીકમચર ઉડી નખાયછે. એ તરફના મોટા ભાગપર એ દાંતાલોથી ખેતીવાડી ચાલતી હતી. આખ્ખે માસમાં અનાજ કપાઈ રહેલો હતો તેથી તે જમીન પાછી ખેડાતી હતી. મોટો ભાગ રૂનાં રોપાથી રોપેલો દીસતો હતો. રસ્તામાં "ડામનહર" (Damanhour) કરીને સ્ટેશન ઉપર કાફી તથા ચાહ મળેછે, જયાં માણસ દીઠ ૧) શીલીંગ લેયછે. એ બધાં સ્ટેશન ઉપરનાં રીફ્રેશમેંટો ફ્રેંચ લોકોએ રાખેલાંછે. સાંજનાં કલાક છને અમલે હમો ઠેઠ અલેકઝાંડ્રીયામાં પુગા હતા. એ શહેરમાં દાખલ થતાં મોટા મોટા નમુનદાર મોહેલો તથા દીલને બેહલાવી રાહત બખ્શનારા બાગો નજરે પડેછે. આગલ વધ્યા કે ગામનાં ઘરો શારી રીતે બાંધેલાં દેખાયછે. પણ આગગાડીમાં હોવાથી તે બરોબર જોવાઈ શકાયું નહીં, તે છતાં જેટલું જોયું તે ઉપરથી કહી શકાયછે કે એ શહેર ઘણું મોટું હશે કાકે તેનો દેખાવ તો બંદર ઉપરથી ઘણોજ ભપકાદાર દીસેછે. એનો દરીયા કીનારો આપણા મુંબઇનાં "બેકબે" જેવો અર્ધ વેતુલી એટલે અરધો ગોલછે. તે કીનારે મોટા મોટા મોહેલો તથા મસીદો અને તે ઉપરાંત પવન ચક્કીઓ ફરતી દેખાવાથી એક જોવા જેવો દેખાવ લાગતો હતો. એ દીને આપણી નામદાર મહારાણી વીકટોરીઆની સાલગરી હોવાથી બારાંમાંનાં વહાણો ઉપર વાવટાનાં તોરણોનાં મણગાર કરેલા હતા. જેને ઇંગ્રેજીમાં "ડ્રેસીંગ" કેહછે. ઘણી આગબોટો તથા વહાણો બારાંમાં હોવાથી બારાંનો દેખાવ પણ ભરાવદાર દમદબાથી રોબ મારતો હતો. હીંયાનો દરીયો જોરાવર હશે તેથી "બ્રેકવાટર" એટલે ઇજનેરોએ જલભંગક યુકતીનો તાજમેલ બાંધેલોછે. તેની અંદરનાં પાંણી ઘણું સ્તંભ હતાં. હમારી આગગાડી છેક બંદર સુધી જઇને ઉભી રાખી હતી અને ત્યાંથી એક નાહાની સ્ટીમટગમાં બેસાડી પી૦ અને ઓ૦ કંપનીની સ્ટીમર "ગોવાળીયર" ઉપર હમને પોંહચાડવામાં આવ્યા હતા. હમારો વીચાર એ શહેર પાછાં ફરતી વખતે જોવાથી અતરે વધુ વીગતો ઉપલક ઉપલક લખવાનું મોકુફ કરયેછે. ચંદરોજમાં તે બરોબર જોઇશું ત્યારે લખીશું. સ્ટીમર "ગોવાળીયર" મહમી સાંજનાં ૭) વાગે (સાંજ લખ્યે છીયે તેનું કારણ એકે સાત વાગતે પણ સુરજ અસ્ત પામ્યો ન હતો) ઉપડી હતી તેમાં "અલેકઝાંડ્રીયા"થી થોડાક નવા ઉતારૂઓને લીધા હતાં, જેઓ ઘણાખરા ફ્રેંચ અને ઈટાલીયનો હતા. આજ દંનથો ગરમી શું તે કાંઈ માલમ પડતી નથી, તથાપી સામી થંડી લાગવા માંડીછે. આ તકે જણાવવું જોઇયે કે "સુએઝ"થી "અલેકઝાંડ્રોયા" સુધીની મીસર દેશનાં રાજા (ઇજીપ્તનાં ખેદીવ)ની જે આગગાડી દોડેછે તે ઘણી સારી રીતે ચલાવીઆમાં આવેછે. તેનાં ઇજનેરો, ગારડો તથા

સ્ટેશન માસ્તરો મધળા ત્યાંનાં ગામડી મુસલમાનોછે જેઓ ઘણું સાલસ તથા નમાંનાછે. દરેક સ્ટેશન ઉપર ગાડી ઉભી રાખતી વખતે મધળા ઉતારૂઓને ત્યાં કેટલો વખત ગાડી થોભશે તે એ અમલદારો કહી જતા હતા તથા ઉપડયા અગાઉ (ઘંટ વગાડયા પછીખી) ઉતારૂઓને તેડી લાવીને ગાડીમાં બેસાડતા અને બારણાં બંધ કરતી વેળા બધાઓ આવી રહ્યા કે નહીં તે પુછીને ખાતરી કીધા પછી ગાડી હંકારવા કેહેતા હતા. એ રેલવે બાબદ હમોએ જે ફરીયાદ સાંભળી હતી તેવી ફરીયાદ કરવા જેવું હાલ કસું દીસતું નથી. "મુએઝ"થી " અલેકઝાંડ્રીયા " સુધીનાં ૨૨૪॥ મૈલ દશ કલાકમાં પસાર કીધા તે મુસાફરીની જડફ કંઈ છેક ઓછીતો નહીજ કેહવાય. કદાચ આગલ એ બાબેની ફરીયાદ હશે, પણ હાલની બરદાસત હીંદુસ્તાનની રેલવેની બરાબર થાયછે એમ ખાતરીથી કેહવાઈ શકાશે.

તા૦ ૨૫–૨૬ મી મે ૧૮૮૧—એ બંને દીવસો "ભૂમધ્ય સમુદ્રના" દરીયામાં ગુજારયા હતા. એ "ભૂમધ્ય સમુદ્ર" ઘણો જોરમા હતો નહીં અને દીવસમાં થંડી સારી પડતી હતી. એ સમુદ્રમાંથી ગ્રીસનો અથવા અસલી કાર્થેજ એોલમાં તથા ફ્રાન્જેલ હમીનોનું ઇલમ સ્થાન નામે યુનાનનો કીનારો દુરથી જણાતો હતો. "કાનેડી"નાં ટાપુઓ પસાર કરતી વખતે દરીયો જોરમાં આવવાનો ધાસ્તી હોવાથી હમારી કેબીનોની બારીઓ સાવચેતી ખાતર આગમજથી બંધ રાખી હતી. પણ ઇશ્વર કરપાથી રત્નાગર સાગર આપો વખત સ્થીર હતો.

પ્રકરણ ૨ જું.

લંડનમાં પોંહોંચવું—લંડન.

તા૦ ૨૭ મી મે ૧૮૮૧.—આજે "એડરીઆટીક" સમુદ્રમાં પેઠા અને "ડોરફ્યુ"નાં ટાપુઓ પસાર કીધા. બપોરનાં બાર વાગે "ઇટલી" દેશનો કીનારો દીસવા લાગો હતો. એ કાંઠા ઉપર વારા ફરતી નહાનાં નહાનાં ગામો દીસતાં હતાં. એ મધલું જોતાં "બ્રીન્ડીસી" (Brindisi) સાંજના કલાક ૬। એ પુગા હતા. બ્રીન્ડીસીમાં પેવસ થતાં સમુદ્ર ઘણો સાંકડો હોયછે પણ અંદર ગયા પછી પાછું મોટું બારૂં મલેછે, જ્યાં સ્ટીમર છેક ડકા આગલ જઇને ઉભી રહેછે. ત્યાંથી આગગાડીનું સ્ટેશન થોડુંક દુર હોવાથી ત્યાં ચાલતું જવા ગમે છે. બ્રીન્ડીસીનું શેહેર પણ એલેકઝાંદ્રીઆના માફક જોઈ શકાયું નહીં, કેમકે આગગાડીમાં તુરતાતુરત નીકલી જવાનો અમને પ્રસંગ પડેલો હતો, પરંતુ ઉપર ટપકે જે જોયું તે ઉપરથી ત્યાંના મોહોલાઓ એક સરખા જણાયા. ઘરો પણ માફકસરનાં છે, તેમાં દરીઆ કીનારા ઉપરનાં રસ્તાનાં ઘરો સારાં દીસે છે. અહીંયાની ગાડીમાં જે ઘોડા જોડવામાં આવેછે તેઓને ધુંધરા બાંધેછે તેથી તેઓ દોડતી વખતે ખણુણુણુ છણુણુણુના ખણુખણોટા કરેછે. બ્રીન્ડીસીની વસ્તી ૧૨,૦૦૦ માણુસોની કહેવાયછે અને એ શેહેર ઇટલીનાં રાજાને સ્વાધીન છે. ઉતારૂઓનાં સામનની તપાસ કુરજવાલા જગાતદાર લોક લેયછે અને તમાકું, દારૂ, અથવા એવી કેફની જેખી

વસ્તુઓ હોયછે તે ઉપર જકાત લે છે. એક નવાઇ જેવો ધારો એ છે કે ઇટલીનાં મુલકમાં બીજે કોઈપણ ગામથી ફુલ યા ફલ આવવા દેતા નથી કારણ કે કદાચને તેનાં બીજથી એ મુલકનાં ફલ, ઝાહાડો તથા દરાખનાં વેલા અથવા ફુલોનાં ઝાડોમાં બીજાં ગામનાં હલકી જાતનાં બીયાં ભેળાયાથી બરાબ થાય. એ મુજબ હમારી સાથે મુંબાઇથી કેરીનાં કેટલાક કંડીયા નવાઈ તરીકે હમે લઇ ગયા હતા અને જે ઘણી તપાસથી જાળવી રાખ્યા હતા, તે વઠીક સ્ટીમર ઉપરથી ઉતારવાં દીધા નહીં, જેથી તે સઘલા આખરે સ્ટીમરનાં કપતાનને આપી દેવા પડયા હતા, કેમકે તેમ જો ન કરતે તો "મેહનત બરબાદ ને ગુનાહ લાજમ" થતે. અહીંયાનાં ગરીબ માણસો મુંબાઇમાં બાહાર ગામનાં વહાણો આવેછે તેનાં ઘુરોપીઅન ખલાસીનાં જેવાં સાદાં કપડાં પેહેરે છે, પણ બીજા ઊંચા વરગના લોકો ગ્રહસ્થની માફક સારાં કપડાં પેહેરે છે. દેખાવમાં ગરીબ લોકો જરાક સાંમલાછે તેમજ વલી ઉલટું તેઓ આંગને બાંધે બાવલની ગાંઠ જેવા મજબુત છે. ઊંચે વરગનાં લોકો મફેત ચામડીનાં તથા આંગે પાતળા દીસે છે. ઘરોની બાંધની ઇંટ ચુનાની કલફાત કીધેલી તથા જાત જાતની ઢબ પ્રમાણે ઉઘાડેલી છે. (South and Upper Italy, Paris, Lyon, and Mediterranean Railway) "દખણ અને ઉપલુ ઇટલી, પેરીસ. લાયન અને ભુમધ્ય રેલવે" નામની કુંપનીની આગગાડીમાં હમો લોકોએ આઠ વાગતે બ્રોન્ડીસી છોડયું. એ આગગાડીની ગાડીઓ સાથે "પુલમેનસઠાર" નામની એક ગાડી ઉતારૂઓને સુવા સારૂં જોડેછે કે જે આગમજથી રોકવી જોઇએ નહીં તો કે તે પાછલથી મલવી મુશકેલ છે. તે ઘણી મજાની છે. અંદર ફાંકડી મખમલની બેઠકો આમણુસામણુ કીધેલી છે અને તેની વચમાં લાંબી બાલી જગા આવ જાવ કરવા સારૂં રાખેલી છે. સુતી વેળા પેલી આમણુ સામણુની બેઠકો જે બેહુ બાજુ ઉપર રહેછે તેને મેરવીને એક કરી નાંખેછે. અને વળી તેને મથાલેથી બીજું બીછાનું ઉતારીને ઉપરથી રાખેછે, જેથી વહાણોની કેબીનોનો માફક તેની એકગમ બે જણાં સેહેલાઇથી સુઈ શકેછે. ગાડીમાં બતી મોટી રાખેલી છે અને બીજી રીતે ગાડીને એવી તો સણગારેલી છે કે જાણે કોઈ સારાં દીવાનખાંનામાં બેઠા હોય તેમ લાગેછે. બીછાંનાને સારૂં ઊંચા ગરમ કપડાંનાં પરદાઓ કીધેલાછે કે જેથી સુનાર ધણીને ગરમી મલવા ઉપરાંત કોઈ પણ શખ્સ બહારથી જોઈ શકે નહીં. એ ગાડીમાં બેસવા સારૂં પી૦ અને ઓ૦ કંપનીવાલા આગમજથી જે મરેસતાનું નુર લેયછે તેમાં બીજા ચાર પાંડ આપવાથી એ પુલમેનની ગાડીની એક બેઠક મલેછે.

તા૦ ૨૮ મી મે ૧૮૮૨.— આજે સવારનાં ૪ વાગેથી ઉજરડું પડતું હતું, અને આગગાડીમાંથી જ્યાં જોયે ત્યાં ખુશનુમાં દેખાવો દીસતા હતા. ડુંગરો તથા જમીનો સઘળી જાત જાતની ખેતીવાડીથી ફુલફલાદી તથા રંગારંગ રંગીન ઘાસોથી કમોડસ ભરાયલી હતી. જાણે મખમીમાં ઉતારેલા ચીત્ર આપણી આગલથી ચાલી જતાં હોય તેમ લાગતું હતું. એ ખેતીવાડી તથા ઘાસ ઉપરાંત તેની ગોઠવણીઓબી રતુની પાત્ર હતી. તેમનો પછવાડે અથવા વચમાં નહાના નહાના ટેકરાઓ અને ડુંગરીઓ દીસતાં હતાં, જે ઉપર પણ જાતજાતની નમુનાદાર ખેતીવાડીનાં રોપાઓ તથા ઘાસો ઉગેલાં જણાંતાં હતાં. છેક પછવાડે "એપીન્નાઇનિ"ના ગંજાવર પર્વતો જેની ટોચ ઉપર હીમાલો બરફ બંધાયલું દીસતું હતું તેનો દેખાવ એટ-

લા તો ગંભીર રીતે માહાભારત લાગતો હતો કે તેની જેટલી તારીફ કર્યે તેટલી થોડી છે. હમોએ હીંદુસ્તાનમાં આગલ મુસાફરી કીધીછે ત્યાં તો શું પણ સીલોનનો ટાપુ જે રાવણની લંકા દાખલ ધણોજ ફલવંત ગણાયછે ત્યાં પણ એવો દેખાવ હમોએ કદી દીઠો નથી, એ ઉત્તમ ખેતીવાડી તથા કેઆરાઓ ઉપરાંત દરેક જગાએ વારા ફરતી નાંધળા નાંધળાં ભીન્ન ભીન્ન કારીગરી લગાવીને બાંધેલાં છુટાં છુટાં ઘરો તથા ગામડાંઓ દર મૈલે મલતાં હતાં. જ્યાંનાં દેવલનાં મીનારા તથા પાહાડો ઉપરનાં ગામડાંઓથી આઓ રસ્તો જાણેકે કોઈ શૂહેરની વચમાંથી પસાર થતા હોયે તેવો લાગતો હતો. ખેતીવાડીનો મોટો ભાગ અનાજ ઉપરાંત દરાખનાં વેલાનો હતો. એ દરાખનાં વેલાવાલાં ખેતરોમાં ખાસાં મોટાં જાહડો, આલીવ અને આરંજનાં એક સરખી હારમાં રોપેલાં અને તેમની વચમાંની જગાએ દરાખના વેલા લટકટા હતા તેથી જાણેકે એક નાંકેથી બીજે નાંકે તોરણો બાંધેલી હોય તેવું લાગતું હતું. એ સબલાંની હેડાણની જમીનમાં અનાંજના રોપા તથા જનાંવરોને ચરવા સારૂં ધાસ રોપેલું હતું. જેમના ઉપર ચઢેલાં કલગીરદાર પુશપોમાં કોઇનો રંગ લાલ તો કોઈ લીલો અને વળી કોઈ પીલો તો કોઈ સફેદ એવી રંગદાર બલીહારીમાં ફુલો બીલેલાં. વળી એ ફુલનાં રોપાઓ એક સરખી ઉંચાઇનાં હોવાથી તથા કેઆરાઓ છુટા છુટા અને જાત જાતના કીધેલા હોવાથી ભાંત ભાંતની તરાંહના ગલીચા બીછાવેલા હોય એવું લાગતું હતું. એવા એવા દેખાવો જોતાં જતાં મૈલોના મૈલ મનની ગમતમાં અને વીચારની રમતમાં પસાર કીધા હતા. એક બાજુ ઉપર, ઉપર મુજબની ખેતીવાડી તથા પહાડો તથા ગાંમોનો દેખાવ અને બીજી બાજુ ઉપર દરીયો કીનારે આવેલો, અને તે દરીયો વળી સ્થિર તલાવ જેવો; તેથી સબલો દેખાવ જોઇને દીલમાં એવું તો સુખચેન ને મધન મધન લાગે કે જાણે એ શૂહેરમાંજ આવીને જાયુક રહીયે અને એવા બાગે બેહેસ્ત જેવા રોશન મારાસ્તાગીવાલા રસ્તાઓ ઉપર ફરીયા કરયે. હમારી ગાડી "એન્કોના" શૂહેર સુધી આવીને સવારનાં આઠ વાગે ઉભી રહી. એ સ્ટેશન ઉપર રીફ્રેશમેંટ મલે છે તે લઇને પાછા નીકળેલા બપોરના સવા બાર વાગે "બોલોના" આવે પુગા હતા. એ જગ્યાએથી પુલમેનસલુકાર ને સાહેબજી સલામ કરીને હમોને ઉતરવું પડયું હતું કારણકે એ ગાડીને એ ગામથી વધારે લાંબે લઇ જવાનો રાબેતો રેલવેવાલાઓનો નથી; પણ ત્યાંથી એજ માફકની સુવાની ગાડી જોડી આપેછે જેને (Man's sleeping Car) મેનશ બસલીપીંગ કાર કહેછે. હયાંથી નીકલેલા એલેસેંડ્રીઆ (Alessandria) ગામનાં સ્ટેશન ઉપર શાંજનાં કલાક ૬॥ એ પુગા જાંહાંથી મેલ ટરેનથી છુટા પડયા હતા કારણકે "આલપસ"નાં પહાડો ઉપરનો એક બુગદો થોડા દીવસ થયાં ધસી પડયો હોવાથી મેલ ટરેનને લાંબે રસ્તે "મારસેલ્સ"(Marseilles)થી લઈ જવાની હતી. એ ટરેનમાં સુવાની ગાડીઓ નહીં મલે એમ હોવાથી અમે ત્યાંની બીજી ગાડીમાં જવાનો વીચાર કીધો, અને સુવાની ગાડી (Man's Sleeping Car) મેલવવા સારૂં "ટયુરીન" (Turin) માં તાર કીધો હતો. હવે બીજી આગ ગાડી રાતે નવ વાગે ઉપડવાની હતી તેથી હમો સ્ટેશન ઉપર રીફ્રેશમેંટ લઇને એલેસેંડ્રીઆનું ગામ જોવા કીજે ફરવા નીકલયા. ત્યાં સારી સારી બાંધણીનાં ઘરો એક હારમાં બાંધેલાં અને તેની વચમાંનો રસ્તો પથરનાં નહાનાં કટકા, ચુનો તથા આસ્ફાલટની મેળવણીનો બાંધેલો હતો. માણસોને તે ઉપર ચાલવાની અ-

ડચણ ન પડે તે સારૂં બેહુ બાજુ ઉપર તથા રસ્તાની અધવચમાં મોટી મોટી બાદીઓ એક સરખી હારમાં લાંબી ને લાંબી જડેલી હતી. એ રસ્તા ઉપર ગાડી દોડવાથી ખુદરતી રીતે અવાજ ઘણો થવો જોઇએ અને થાયછે. બેહુ બાજુનાં ઘરો નીચે હારબંધ જાત જાતનાં માલની દુકાનો તથા રીફ્રેશમેંટ રૂમો તથા કાફી પીવાની જગાઓથી એ રસ્તો ભરાઈ ગયલો હતો. એ વખતે રાત પડી હતી તેથી બતીઓ સળગાવેલી હતી, અને ગામનું સઘળું લોક ત્યાં ફરવા નીકળેલું હતું. તેથી દેખાવ ઘણો અમન ચમનની જહોજલાલીમાં દમામ મારતો ભાગતો હતો. રીફ્રેશમેંટ રૂમોની બાહાર નહાની નહાની ટેબલો લોકો સારૂં ખાવા પીવા તથા બેસવાને માટે મુકેલી હતી, રોશની કીધેલી હતી, વાજાં વાગતાં હતાં, લોકો ખાવા બેઠેલાં હતાં, એ તે રચનાની મુખ્ય બાબતો હતી. ગામમાં ફરવા નીકલતાં એક બાજુ ઉપર ચોકમાં પલટણનું વાજું વાગતું જોવામાં આવ્યું હતું. એ વાજાંનાં હથીયારો તદન પીત્તલ નાં હતાં પણ બરોબર ધાયું સારૂં વજડતાં ન હતાં. બહીંયાં કાચનાં બારણાં બારીવાલી ગાડીઓમાં દુકાન માંડીને જ્યાં લોકોની ભીડ હોયછે ત્યાં જાણે ઘરમાં દુકાન હોય તેવી રીતે બતીઓ સલગાવીને એ ચાલતી દુકાનો જેમનામાં સામન સારી રીતે ગોઠવેલો, તે ઉભી રાખીને લોકોને તરેહવાર જીણશોની વેચવાલ તેમાંથી થતી. એ ગામ ઇટલીને લગતું છે. એની વસ્તી આસરે ૫૮,૦૦૦ માણસોની કહેવાયછે. એ ગામમાં બીજું કાંઈ જોવા લાયક નથી તેથી ગામમાં ફરીને આગગાડીમાં પાછા રાતનાં નવ વાગે અમો નીસરયા અને ટયુરીન (Turin) નાં સ્ટેશન ઉપર રાતનાં ૧૧) વાગે આવી પોંહોચ્યા. જો કે ત્યાંથી આગલ જવાજ શકાય તેમ હતું તોપણ પેલો ભાગેલો "ટનલ" વાટમાં આવવાનો તેથી કરસ્સો હીલ્લો હરકત ન નડે એવો બ્યાસ કરીને રાત રહેવાનો ઠેરાવ કીધો કે દીવસે જઇએ તો આલપસ પર્વત, જેનાં શીખરો આસમાનની બુલંદી સાથ તકર લડતાં કહેવાયછે, તે પણ બરાબર જોતા જઇયે. તેથી અત્રેનાં હોટલ ડી એનગ્લીતેર (Hotel de Angleterre)માં ઉતારો લીધો એ હોટલ ત્યાંનાં બીજાં હોટલો કરતાં મોટું અને મોભાદારેલું ગણાયછે. ટયુરીનનું સ્ટેશન ઘણુંજ પોખાલ તથા બપકાદાર બાંધેલું છે. તેની વચમાં છાપરૂં ગુંબજરોકી ઢપનું આસરે ૮૦ ફુટ ઊંચું છે અને સ્ટેશન ઘણું કુશાદે હોવાથી દેખાવ ઘણોજ જોબદાર લાગેછે. એ સ્ટેશન યુરોપનાં સૌથી મોહોટાં સ્ટેશનોમાનું એક ગણાયછે.

તા૦ ૨૯ મી મે ૧૮૮૧—આજે સવારનાં આગગાડી ઉપડવાને તાકમ હોવાને લીધે ઘોડાની ગાડીમાં બેસીને ટયુરીન શહેર ફરી આવવાની ટક અમે લોકે હાથ કરી. એ શહેર મોહોટું તેમજ બપકાદારછે. જ્યાં જોયે ત્યાં એક સરખા મોહોલા મેલો સુધી લાંબા ને લાંબા લંબાયલાછે, અને તેમાં મોહોટી મોહોટી હવેલીઓ એવીતો રોનકદાર બાંધેલીછે કે તેવી ઈમારતોની થોડી ઘણી નકલની સરોબરી તો મુંબાઈમાં સરકારી ઈમારતો સીવાય કોઈ લોકોની ધણ્યાની મીલકતોથી કદીપણ ન થઈ શકે. મુંબાઈ કરતાં એ શહેરને સો હીસ્સા સરસ ગણે તો ચાલે. ત્યાંનાં ઘરો એવાંતો મોહોટાં કે જાણે એકેક ઘર તે ચોખ્ખો એકેક મોહોલો હોય તેવાં અને ઊંચાઇમાં કોઈ કોઇને છ માલા સુધી હોતા નજરે આવતા હતા. તેમનો બાંધણીઓ વળી ખુબ શોભેતી બનાવવાને કસી કમી રાખી હતી નહીં. એક થોડા વખતની બટારમાં

અલબત્તાં અમોએ એ શહેર બરાબર જોયું નથી તોપણ તેની આ સ્તુતી અમે સહરાવેલી નહી પણ ધટમાનછે. અમે ફરીને ૮) વાગે આગગાડી ઉપર ગયા હતા. હમારો વીચાર પાછાં ફરતી વખતે બે ત્રણ દીવસો રહીને આ નામીચી નગરીનું અવલોકન ઠીક રીતે કરવાનોછે. "ટયુરીન શહેર આગલા વખતમાં "પીડમોન્ટ" (Piedmont)પ્રાંતનું પાયતખ્ત હતું, અને પાછલથી એટલે સને ૧૮૫૯થી તે ૧૮૬૫ સુધી આખા ઇટલી દેશનું પાયતખ્ત ગણાતું હતું. એની હાલની વસ્તી આસરે ૧,૯૫,૦૦૦)ની કહેવાયછે. હમોએ ટયુરીન શહેર સવારનાં ૮) વાગે છોડયું હતું. જેવા સ્ટેશનપરથી બાહાર નીકાલ્યા કે આલ્પસનાં પર્વતો, જાણે કોઈ માહન જોગીઓનું મંડલ ધશવરની ભકતીમાં ચીત ધાલી બેઠા હોય એવા ગંભીર દેખાવા લાગા. તેમને મહાલે બરફ બંધાયલું હતું તેથી જાણે પહાડોને ધણોજ ચુનો ચોપડયો હોય અથવા મથાળાં ઉપર સફેદ ચંદની સરખી ચાદર પાંથરી હોય એમ દીસતું હતું. જરા આગલ વધ્યા કે એ પ્રમાણે ત્રણે બાજુપરથી દેખાવ લાગતો હતો. તેમને પસાર કરવા સારૂ આસરે ૨૮) પાહડી ટનલ બાંધેલીછે. તેમાં કોઈ કોઈ ટનલ મુંબાઈનાં ટનલ કરતાં ધણી મોટી હતી. પણ સૌથી મોહોટી ટનલ મૈાંટ સેનીસ (Mount Cenis)ની છે. એ બુગડો ૮) મૈલ લાંબો છે. તે પસાર કરતાં આગગાડીને અરધો કલાક લાગેા હતેા. એ એકલો ટનલ બાધતાં સુમારે ૧૩) વરસ વીટીયાં હતાં તેમાં ૫) વરસ તો મજુરોનાં હાથ કામથી અને બાકીનાં ૮) વરસ સંચાથી કામ ચલાવ્યું હતું. તેનાં એ કામ ઉપર ત્રણ કરોડ રૂપીઆ ખરચલાગેા હતેા. હમારી આગગાડી ભાગી ગયલા ટનલ સુધી ગઇ કે ત્યાંથી ઉતરીને એકમો વારને આસરે છેટા સુધી ચાલતા જઇને બીજી આગગાડી તઈયાર હતી ત્યાં ગયા, અને ટયુરીનથી તાર કરીઆ મુજબ સુવાની ગાડી આગમજથી તઈયાર આવી પુગી હતી તેમાં બેસીને ચાલ્યા તે "મેન્ડોના"નાં સ્ટેશન આગલ ફ્રેંચ સરકારની આલ્પસ પર્વત પસાર કીધા પછી ની હદ છે, ત્યાં ઉતરીને ફ્રેંચ માંડવીવાલાને ધારા પ્રમાણે અમે અમારો સરવ અસબાબ સરંજામ દેખાડવા માગ્યેા, પણ હમારી સોડે કાંઈ તમાકુ છે કે નહીં તેટલીજ ટુકમાં પરપુછ કરીને અમને તેનો જવાબ હમોએ ના કેહેવાથી સામન જોયા વગર પસાર થવા દીધેા. હયાંથી પાછા નીકળેલા હમો તા૦ ૩૦ મી મે ૧૮૮૧ ને દીને સવારનાં છ વાગે ફ્રાંસ દેશનાં પાયતખ્ત શહેર પારીસમાં પુગા હતા. ઇટલી છોડયા પછે ફ્રેંચની હદમાં પારીસ સુધી જો કે ધણી ખરી ખેતીવાડીની જમીન મલી હતી, તોપણ બાગાયતી દેખાવમાં ઇટલીને પુગી શકે નહીં તેવી હતી. રસ્તામાં નાધળાં નાધળાં ગામો તથા વારા ફરીથી શહેરો મલતાં હતાં. પારીસનાં સ્ટેશન ઉપરથી હમો ઘોડાની ગાડીમાં બેશીને એ શહેરમાંથી પસાર થઇને બીજાં સ્ટેશન નામે "શમે ડી ફર ડીનોર" કરીને છે ત્યાં ગયા અને આગગાડીમાં બેઠા. પારીસ શહેર હમોએ પસાર કરતી વેળા થોડાક નેણના પલકારામાં જોયું તે ઉપરથી તેની વીગત હમો બરાબર લખી શકતા નથી, કારણકે સવારનું પોહોર હતું તેથી સઘળું કામકાજ બંધબસ્ત હોવાથી સુમસામ લાગતું હતું, અને કોઈ મોહોટા રાખશ ઉઘતો કે જુંફતો પડેલો હોય તેવી મનપર અસર થતી હતી. જે મોહોલા હમોએ પસાર કીધા તે ધણાં મોહોટા તથા લાંબા સલંગ હતા. પાછાં ફરતી વેળા એ શહેર બગરીક સારી પેઠે જોવાનો ઈરાદો ધારેલો હોવાથી તેના કથી વીગત હમણાં ન લખ્યતાં એટલેજ

અટકાયેછે. છેલ્લાં સ્ટેશન ઉપરથી ૭)કલાક અને ૪૦) મીનીટે ઉાડેલા કાલે(Calais) નાં બંદરવાલાં શેહેરમાં દોહોડ વાગે પુગા હતા. એ નગર પણ સારૂં છે. હમારી ગાડી છેડ બંદરના ડંકાની આગલ જઈ ઉભી હતી કે જ્યાંથી હમો "ઈંગ્લીશ ચેનલ" (English Channel) જે ખાડીને ઈંગ્રેજો "ચાંદીનો પટો"ખી કેહેછે તે પસાર કરવા સારૂં નાખલી સ્ટીમરમાં બેઠા, અને પોણાં ચાર વાગે "ડોવર" (Dover) કે જે ઈંગ્લાંડની હદમાં છે ત્યાં આવી પુગા. એ ખાડીને વીશે એવું સાંભળ્યું કે તેનો દરીયો હમેશાં ધણો તોફાની રહેછે. પણ આ વખતે જરા થંડો હતો, તોપણ મોજા કુંગર સરખા હોવાથી હમારી નાનકડી આગબોટ એમથી તેમ ડોલા ખાઈ હેરયાં બારયાં કરતી હતી. ડોવરમાં ઉતરયા ત્યારે ત્યાંનાં કોસ્તાનાં ચાકનાં કુંગરો ધોતા ધોતા અને ઉજળા ઉજળા દીસતા હતા. અત્રેથી પાછા આગગાડીમાં બેસી લંડન શેહેરનાં "ચેરીંગ ક્રોસ (Charing Cross Station) સ્ટેશન ઉપર સાંજનાં છ વાગે પુગા અને ત્યાંજ હોટલમાં ઉતારો કીધો. લંડન શેહેરમાં હમો જ્યારે પેઠા ત્યારે આગગાડીમાંથી તેની મોહોટાઈ તરત માલમ પડવા લાગી. જ્યાં નજર કરયે ત્યાં ઘરોની ચીમનીઓનાં જાણે જંગલોના જંગલો દીસતાં હતાં. ઘરો કોઈ નાંધળાં તો કોઈ મોહોટાં છુટા છુટા ધગલાઓમાં બાંધેલાં હતાં. તેમની બાંધણી દેખાવે સારી સોભાયમાન લાગતી હતી. જેમ જેમ સ્ટેશન નજદીક આવતા ગયા તેમ તેમ ત્યાંની અગણીત સંખ્યાબંધ આગગાડીઓની આવ જાવનો થોડોક વીચાર આવતો ગયો હતો. દર પાંચ મીનીટે આણી ગમથી પેલી ગમ ને પેલી ગમથી આણી ગમ ગાડીઓપર ગાડીઓ છુટવા માંડી. વચમાં એક સ્ટેશન ઉપરથી તો એકદમ બેથી ત્રણ ગાડીએ સામટી ઉપડતી તથા આવતી જણાઈ હતી. જેમ એક મોટાં શેહેરમાં ઘોડા ગાડીની આવ જાવ થાયછે તેમ આગગાડીની આવ જાવ હીયાં થતી હતી. અને તેખી કાંઈ ખાલી બોખાં નહીં પણ ઉતારૂઓથી બીચોબીચ ભરેલી આવતી હતી. હોટલમાં બાનું લઈને આસપાસનાં મોહોલાઓમાં રાતનાં ફરવા નીકળ્યા હતા તે વખતે રસ્તામાં ગ્યાશના દીવાઓ ઘણાં મોહોટા મોહોલાઓમાં નજદીક નજદીક બળતા હતા તેથી તથા આસપાસની હારબંધ દુકાનોમાં દીવા કીધેલા તેના ઝગઝગાટથી, તથા પેહેરેલાં હોરેલાં લોકો રસતાની બેહુ બાજુની પગથીઓ ઉપર હારકતાર ચાલતા જતા તેમની બે ધડીની રચનાથી, તેમજ બેશુમાર ગાડી ઘોડાની મોટી આવ જાવથી, જાણે મુંબાઈમાં દીવાળીનાં વખ તમાંની ધામધુમ આપણી આગલ આવીને રજુ થયલી હોય તેવું માલમ પતું હતું. "ગ્રાન્ડ હોટલ" (Grand Hotel) પરથી "વાઈટ હાલ" (White Hall) નો મેહેલ સુધીને "પાલ્યામેંટ હાઉસ" (Parliament House) સુધી હમે ગયા. તેટલાં પાલ્યેમેંટ હાઉસમાં દીવાની રોશની કીધેલી હતી તેથી એ રાજ સમાજની ઈમારતની અંદરખાનાની ભેટ લેવાને મન લલચાયું. એ હાઉસની વીગત હવે પછી બીયાન કરીશું. હમે ગયા તે વખતે પાલ્યામેંટ ભરાવાની હતી તથા પાલ્યામેંટનાં સભાસદોની આવજાવ ચાલુ થઈ હતી. બરીટીશ શેહનશાહતના એ સલાહકારોના પોખાયલાં મગજોવાલા, ગંભીર, મોભા ભરેલા અને કરચવાયલાં કપાલના ચેહરાઓનાં દરશણથી આપણાં મનમાં આપોઆપ એક માહીન પ્રજાનું બુલંદ ચીત્ર ઉકતું હતું. મી૦ ગલાડશટન ૧૧) વાગે આવવાનો હતો તેને જોવા સારૂં હમોને ત્યાંનાં આવતા જતા માણસોએ

બલામણ કીધી, પણ રખડ રખડ કરતાં ઢાકી ગયલા હોવાથી તરત પાછા ફરયા હતા. હમારાં માથાં ઉપર એ વખતે પારસી લોકના પેહરવેશની બાંધેલી કાલી પાગડી પેહેરેલી હતી, તેથી ત્યાંનાં લોકોને જરા નવાઈ જેવું લાગવાથી હમોને ઘણુંજણું જોવા ઉભા રેહેતા હતાં, અને એનો કોઇખી નવાઇની ચીજ ટીકડી પેલાએ લંડનના ગરદીખોર લોકની ટેવજ પડેલીછે. વળી અમે જેણી તરફખી જતા ત્યાં કોનશ-ટેબલો હમોને ધરેાની તથા મોહોલાઓની પીછાન ઘણી નમનતાથી આપતા હતા. અહીંયાંની પોલીશની તકેદારી ઘણી સારી રીતે ચાલેછે. તેનો એક દાખલો જયારે રાતનાં એક ગમથી બીજી ગમ પાર્થામેંટ હાઉસ આગલ મોહોલો પસાર કરતા હતા ત્યારે બે ત્રણ ગાડીઓ આંગ ઉપર આવી લાગી, પણ કોન્શટેબલ કે જે ત્યાં ઉભેલો હતો તેણે "હોઇ" કરીને બોલીને હાથની ધમારત કીધી કે પેલી બે ત્રણ ગાડીઓ જે આંગપાર આવી હતી તેનાં હાંકનારાઓએ તરત ઉભી રાખી હમોને પસાર થવા દીધા હતા. એ પ્રમાણે પોલીશનાં સીપાહીઓનો વાજબી હોકમ ત્યાંનાં લોકો માનેછે. હમો એ રસ્તાપરથી પાછાં ફરતાં "ટ્રાફાલગર સ્કુવેર" (Trafalgar Square) માં ગયા હતા. ત્યાં પણ તે ચોકમા સારી રોશની કીધેલી હતી, અને ઘણાં લોકો આમતેમ ફરતા હતા. ત્યાં વચમાં ઇંગ્લાંડના દરીયા વરધી મર સૈનયાધીપતી "લાર્ડ નેલશન"(Lord Nelson) નાં પુતળાંનો થંભ આવેલો હતો. ફરીને પાછા ૧૧) વાગે હમે હોટલમાં ગયા.

તા૦ ૩૧ મી મે ૧૮૮૧.—આજે સવારનાં અહીંયાંની દરજીઓની તથા એવીજ બીજી પરચુટણ કપડાંની મોહોટી મોહોટી દુકાનોમાં સહવારથી સાંહાંજ સુધી ફરયા હતા, અને રાતનાં "અહલાંમ્રા થીયેટર"માં ગયા હતા. ત્યાં નવો બનાવેલ એક ઓપેરાનો ગાયણી નાટક તથા "બેલેટ ડાન્સ" જોઇ આવ્યા. એ ઑપેરા તથા ડાન્સીંગ અહીંયાં જોકે વચલે વાંધેનું કહેવાયછે. તોપણ એવું "આકટીંગ" હમોએ મુંબાઇમાં કદાચજ જોયું હશે. તેમાં બેલેટનો ડાન્સ જાણે બેહેસ્તનાં પરીયાં નાંચતાં હોય તેવો લાગતો હતો. એ અહલાંમ્રાનો થીયેટર અહીંયાં માફકસર મોટો ગણાયછે. પણ હમોને તો તે ઘણો ભપકાદાર મેહલ સમાનો લાગતો હતો. તથા તેના નાટકનાં પરદાઓ પણ ઘણા જોવા લાયક હતા.

તા૦ ૧ લી જુન ૧૮૮૧.—આજે સવારનાં ૧૧) વાગે અતરેની જાણીતી સરસમાં સરસ ડરબી રેસ નામની સરત જોવા સારૂ ગાડીમાં ગયા હતા. રસ્તામાં ગાડી ઘોડાની ભીડ પુશકલ મલી હતી, અને તેજ માફક રસ્તામાં લોક પગ ઉભું રહીને એક ઘણોજ મોહોટો મેળા હોય તેમ જોતું હતું, અહીંયાં ડરબી રેસ જોવા જવા સારૂ આગગાડીઓ દર પાંચ મીનીટે ઉપડેછે, અને તેમાં મોહોટો ભાગ લોકનો જાયછે. પણ હમોને સરતનાં ઘોડા દોડતાં જોવા ઉપરાંત લોકોની ઠઠ તથા મજા જોવાની હતી તેથી એક મોહોટી ઊંધાડી ચાર ઘોડાનો ગાડી ભાડે અગાઉથી રાખી જે સારૂ ગાડીવાલાને ૩૦) ગીની ભાડું પડયું હતું. એ ગાડી ઉપરથી જોવાને ઘણી તાલમેલ મજાહ પડતી હતી. આખો રસ્તો જે વીશ મૈલ દુર છે ત્યાં એટલે ડેડ ડરબી સુધી ગાડી ઘોડાની ભીડ અમોને મલી હતી. તેમાં ઘણાં ખરાં ઉતરતે વાંધેના રયતી લોક ખુબ નાચતુ કુદતુ અને મોજમાં આવેલાં હતાં. કોઈ ગીતો ગાય, કોઈ વાજીંત્ર વગાડે, ઈ મસ્કેરીઓ કરે, લોકો ઉપર પાણીનાં પચુકરીઓ મારે, ઝોણી નલીમાંથી વતેગું ફુંક

ઉગાડે, હુ-રે-રે-ના પોકારો મારે, જાત જાતનાં મોવાંગો પેહેડે, અને એવાંજ લટપટ પંચી રમુજી ઢીંગાણું મચાવે, જાણેકે છાકટા બનીને ઘેલાં ગાંડાં કાઢે તેમ પણ કોઇ કોઈ કરતું હતું, અને દારૂ પીવાના વકરાની ઉછલ ઉછલનો થાગજ લાગો નહોં. જ્યાં રસ્તામાં ખીર કે બીજા દારૂની દુકાન મલે કે જોઇજ લેવાની ત્યાં ગાડીની કક ઉભેલી, અને દુકાનો લોકોની ભીડથી ઉભરાઇ જતી હતી. ગાડી ઘોડાની દોડાદોડ પણ ઘણી થતી હતી તેથી અકસ્માત પણ ઘણા થતા નજરે પડતા હતા. હમો એ પ્રમાણે જોતા જોતા બે વાગે સુરતના રસ્તાપર પુગા તો ત્યાં લોકોની મોહોટી રાખસી અડંગ કક જોઇને હમો અજાએખીયા દંગ થઈ ગયા. હમારા સાંભળવા મુજબ એ દીવસે દર શાલ ચાર લાખ માણસો એકઠાં થાયછે. હમો જ્યાં નજર કરયે ત્યાં માણસોની ગરદી એટલી તો ખીચોખીચ હતી કે આપણામાં કેહેવત છે તે મુજબ કે એક ટાંચણી નાંખીએ તો તે પણ લોકનાં માથાં ઉપર અધ્ધરની અધ્ધર ઝીલાઈ રહે. રેસ-સ્ટાંડ એટલે શરતનાં થંભા ઉપર લોકો ખીચોખીચ ભરાયલા હતા. તે ઉપરાંત રસ્તા ઉપર તથા ગાડીઓમાં પણ બેસુમાર લોક હતું. જ્યાં ઘોડાઓની હારજીત નક્કી કરવાનો હામલો નામે "વીનીંગ પોસ્ત" હતો તેની સાંમે એક ટેકડી હતી ત્યાં હમારી ઊંચી ગાડીમાં કરારે ઉભા રહીને સઘલો તમાસો ધીરજથી જોઇને તેનું ધટતુ અવલોકન કરવા જેટલો અમને અવકાશ મલયો હતો. એ ટેકડી ઉપર ગાડી લઈ જવાનો હક્ક મેલવવા સારૂં ફ્રાંકની બે ગીનો આપવી પડેછે. ઘોડાની સરતોમાં ઘણુંમાં ઘણું બાર ઘોડા દોડયા હતા. આએ શાલ એક અમેરીકાનો ઘોડો જીયો હતો. સરત દોડતી જોવાનાં કરતાં ત્યાંના લોકોનો કક તથા મજહ વધુ જોવા લાયક હતી. અહીંયાં નાચ કરનારાઓ, ગાયન કરનારાઓ, બાદુગરો, હાથ જોનારા એક જાતનાં રખડતા લોકો જેમને ગીપસી કેહેછે તેઓ, વાંદરાનાં, બીલાડીનાં, ચકલીયાં નાં, તથા એવા એવા બીજા જનાવરોનાં નાચ કરનારાઓ, તથા ફરૂટ વેચનારાઓ ઇત્યાદી વારા ફરીથી આવીને લોકોની ભીડમાં નાચ કરતા કરાવતા, તેમજ માલ વેચતા વેચાવતા હતા. ગાડી ઘોડાવાલા લોકો ટોપલ્યા હાલોમાં (Hampers) ઠુંગાપાણીનો કહલારની ચીજો તથા દારૂ સાથે લાવેલા તે ગાડીઓમાં તથા રસ્તા ઉપર ટેબલ કલાથ પાંકરીને ખાતા તથા ચંપેન અને બીજા દારૂનાં માથાં ધડાધડ ભાંજતાં હતાં. સરત પાંચ વાગતે પુરી થવા બાદ હમો પાછા ઘરે જવા નોકલ્યા તે વખતે કંઈ બેશુમાર ગીરદી મલી હતી. કારણકે હવે બધું લોક એકદમ જવા નોકલ્યું હતું. તેમને સઘલાને રસ્તે ચેરીએ પડતાં કંઈ વખત નીકળી ગયો. હમારી ગાડીને રસ્તાની બાહાર નીકળતાંજ, એક ઘણોજ સરસ હાંકનાર કોચમેનની હાથ ચાલાકી તથા બોલીદારાજીનો સઘલો મદદ સાથ નજદીક એક કલાક નીકળી ગયો હતો. એ વખતે લોકોના ઘોડા મસતી તોફાનો કરવાના સુરમાં આવ્યા હતા તેથી અકસ્માતો ઘણું થયાં હતાં. હમારી નજર આગલ હમાએ ત્રણ ચાર બનાવતો જોયા હતા, તેમાં એક સારાં માણસની ગાડી જેમાં ઓરતો બેઠલી હતી તેનાં ઘોડા ફરી ગયા અને હમારી મોહોટી "બ્રેક" (Brake) ગાડી સાથે અથડયાથી તે બાનુઓવાલી ગાડીનું પૈડું જેમ એક લીંબુની છાલ નીકલી જાય તેમ નીકળી ગયું, અને ગાડી ભાગી ગઈ હતી. એવા અકસ્માતની દાદ ફરીયાદ ત્યાં કોઈ લેતું નથી અને આટલી ખટપટ થવા છતાં પેલી ભાગેલી ગાડીનાં ધણીએ હમારા કોચમેનને એક બોલ પણ કહ્યો નહીં.

બીજો દાખલો એક બાજુ એક ઍામનીબશ જગા નીચાનમાં ગગડી ગઈ તેથી તેની ઉપર બેઠેલાં સઘળાં લોકો ઉપર નીચે આણીમેર પેલીમેર પડી ગયાં, અને તેમાંની એક બીચારી ઓરતને તદન બેભાન હાલતમાં ઊંચકી લઈ જવામાં આવી. એ પ્રમાણે બીજાં ઘણાં અકસ્માતો બન્યા હતા. હમો જ્યારે રસ્તાનાં ગામો ઉપરથી પસાર થતા હતા ત્યારે ત્યાંનુ બધું લોક ગાડી ઘોડા તથા લોકોની આવ જાવની મજાહ જોતું ઉભું હતું. તે એટલું બધું લોક હતું કે એક લેખે તેનો થાગજ લાગે નહીં. તેમાં લંડન શેહેરને લગતા જીલ્લા વીભાગમા પેઠા ત્યારથી તે નજદીક હૉટલમાં પુગા(કે જેમ કરતાં માફકસર દોડતી ગાડીએ લગભગ એક કલાક ઉપર થયો હતો એટલું મોહોટું એ શેહેર છે) ત્યાંસુધી તેમાં પેહેલવેહેલી જગા તો તમાસગીર લોકોની એટલી ભીડથી ભરાઈ ગયલી હતી કે તેનું બ્યાન થઈ શકવું માહાલ છે. એ દીવસે લોકો એકબીજા સાથે વગર પીછાને એટલી બધી છુટ લેતા હતા કે જાણે કેટલાં વરસોની દોસ્તી હોય તેમ મસ્કામો કરતા, હુરરે કરતા, તથા બીજી ઘણી રીતે એકમેક સાથે ગમત કરતા. એ મજાહની વીગત વર્ણવવાનું કામ નાહનું શુહનું નથી. દલગીર છેયે કે હમે ઇચ્છયેછ તેવી રીતે તે બજાવી શકતા નથી. પણ એટલો ઇસારો કરવો જરૂરજોગ ધારેંચ કે જે ધણી લંડન જાય અને એ સરત નહીં જોય તો તે ધણીને બરોબર લંડન જોઈ પાછો ફરેલા તરીકે કદીબી નહીં ગણવો જોઇયે. હમોને હૉટલમાં પાછા ફરતાં રાતનાં સાડા આઠ થયા હતા. આજનો દીવસ વાદલના ઘેરા વગરનો, વરસાદ વગરનો મજાનો ઓલ્લો હતો, અને અંહીયાંનાં રેહેવાસીઓનાં કેહેવા મુજબ ઘણે વરસે ડરબીની સરતને દાહાડે આવો ઓલ્લો દીવસ ખુદરત તરફથી મલ્યો હતો. હમો હાલ લંડન શેહેરમાં છેયે ત્યાં ધણીથંડી પડતી નથી; માફકસરછે, સુરજ દરરોજ પ્રકાશેછે તેથી ઋતુ ધણી સારી કહેવાયછે. સઘળાં હૉટલો ભરાઈ ગયલાંછે. લોકોને સારાં હૉટલમાં ઉતરવાની જગા પણ મલતી નથી. ગયાં અઠવાડીયાંમાં ગ્રાંડ હૉટલમાં જગા ન મલવાથી ૪૦૦) જણાઓને પાછું ફરવું પડયું હતું એટલી ભીડ થયલીછે. હમો સરત જોવા ગયા ત્યારે અતરેનાં થોડાંક શેહરી વીભાગો પસાર કીધા હતા. ત્યાંનાં ઘરોમાં વચલે વાંગેનાં લોક રહેછે. પણ તે ઘરોની બાંધણી તથા તેની આગલનાં નાહાળા બાગો જોઇને હમો અચરત થતા હતા. ત્રણ અથવા ચાર અથવા તેથીબી વધારે ધણીઓ મલીને એક "બ્લોક" ઈમારતી જુથંડો બાંધેછે, અને તેને સારબા ભાગે અંદરથી ઢુટા રાખેછે, તેથી તેઓને બે બાજુની દેવાલનો ખરચ બચેછે. એ ઘરોનો દેખાવ અત્તીધણો સારોછે. મોહલાઓની રોનકમાં જાણવાજોગ એકે એક મોહોલો એકજાતનો તો બીજો મોહોલો બીજીજ જાતની કારીગીરીનો બાંધેલો, એવું સઘળું મજાનું દીસતું હતું. એ એક બાજુનો જીલ્લા વીભાગ પસાર થતાં હમોને એક કલાક ગાડીમાં લાગો હતો.

તા૦ ૨ જી જુન ૧૮૮૨—આજે બપોરના બાર વાગે "ધી મોન્યુમેંટ" નામનો મીનારો શેહેરમાંછે તે જોવા ગયા. એ મીનારો ૨૦૨ ફુટ ઊંચોછે. એને લંડન શેહેરની સને ૧૬૬૬ માં લાગેલી માહ નાશકારક આગ કે જેને લીધે શેહેરનો મોટો ભાગ બલી ભશ્મ થયો હતો, તેની યાદદાસ્ત સારૂ બાંધેલો છે. એ મીનારો સને ૧૬૭૧ માં બાંધવા માંડયો હતો, અને તે ૧૬૭૭ માં છ વરસે પુરો થયો હતો. જે જગા ઉપરથી આગ પેહેલાં શરૂ થઈ ત્યાંથી નીશાન મારીને તેને

યાદદાસ્તની સારૂ બાંધ્યોછે. તેની ઉપર જવા સારૂ ૩૪૫ પગથીઓ છ ઈંચ ઊંચી અને સાડા દશ ઈંચ ઊંડી છે. એનાં મથાળાં ઉપર એક આતશનું આકરગાન્યું મરજ્યુ બનાવીને મુકેલું છે. તે તેની અંદરનાં બલતાં ભભુકાઓની ઊંચાઈ સુધાં ૪૨) ફુટ ઊંચું છે અને તેનાં મથાળાં ઉપર લોખંડનાં કઠેરા ભરી લીધાછે. એની ઉપર તખતી લાટીન ભાષામાં લખીને મારેલી છે. તે ઉપરથી માલમ પડેછે કે તે આગ તા૦ ૪ થી શપટેમબર ૧૬૬૬ને દીને એ મીનારાથી ૨૦૨ ફુટ દુરથી પેહેલી લાગી હતી, કે જેને લીધે એ મીનારો પણ તેટલાજ ફુટ ઊંચો રાખેલો છે, અને ત્રણ દીવસ સુધી લાગતાગ મયાનાસવાલી જહલતી અને જહલાવતી જરી રહી હતી. તેથીને જે ભાગ "સીટી" અથવા શેહેરને નામે જણાયલો હતો તે તો આખો ને આખો સાફ થઈ ગયો હતો. તેમાં ૮૯) દેવલો, ૧૩,૨૦૦) ઘરો, ૪૦૦) મોહોલાઓ અને જે ૨૬) ભાગમાં લંડન તે વખતે વેહેચાયલુ હતું, તેમાંનાં ૧૫) ભાગ તદન બલીને ખાખ રાખ થઈ ગયા અને બીજા ૮) ભાગને રદ કીધા બરાબર જેવા અરધા બાલી નાંખ્યા હતા. એ આગથી આસરે ૩૧) કરોડ રૂપીઆ જેટલી માલ મીલકતની નુકશાની થયલી કેહેવાય છે. એ આગની આગમજનું લંડન ઘણાં આડા અટાલા તથા સેરીયાં જેવા સાંકડા મોહોલાનું બાંધેલું હતું પણ ત્યાર પછી પાર્લામેંટે ધારો પસાર કરી બંધીનો હુકમ કર્યો કે હવે જે ઘરો પાછાં બાંધે તે સાગં અને એક મરખાં બાંધે. તેથીજ લંડન શેહેર આજે ધાયું મરજ થયું છે. એ મીનારો "પ્રીંચ સ્ચીટ હીલ" ની ઉગમણે આવેલોછે. તયાંથી હમો નીકળેલા લંડનનો વખણાયલો કીલ્લો "ધી ટાવર" જોવા ગયા હતા. એ કીલ્લો "પેહેલા વીલ્યમ" જેને ફતેહમંદ વીલ્યમ કરી કેહતા હતા, તેણે ઈંગ્લીશ લોકની મરજમીના તેમના દેશનાં દેશી રાજા હારલ્ડ પાસથી હેસ્ટીંગ્સની લડાઇમાં ધસિરી સન ૧૦૬૬ નાં વરશમાં જીતી, તયારે ત્યાંનાં લોકો તેને ઘણું હેરાન કરવા લાગા, તથા બલવો વારા ફરતી ઉપરાસાપરી કરવા લાગા, તેથી પોતાનાં તથા પોતાની સાથનાં નારમન લોકનો બ્રીફરીફાટે તેવો નોકનો રોફ બેસાડવા તેમજ પોતાના બંચાવ સારૂ એ રાજાએ પ્રથમ બાંધ્યો હતો. તે ટાવર આજે "વ્હાઇટ--ટાવર"ને એલકાબથી ઓળખાયછે. એ રાજાની પછીનાં આવનારાઓએ એ ટ્રાવરને વારાફરતી વધારવા તથા મજબુતી આપતા જવાનું કામ ચાલુજ રાખ્યું. પાછલથી એ ટ્રાવરને રાજદરબારી મોહટાં બંદીખાના તરીકે કામે લગાડતા હતા. હમણું તો તે હથીયારો, આગલનાં વખતનાં બખતરો, લડાઇની તથા બીજી જુની ચીજોનો સંગ્રહ કરવાની જગા દાખલ, તેમજ ઈંગ્લાંડનાં રાજનાં ઝવેરાતખાંનાં દાખલ વપરાયછે. એ ટ્રાવર મધળાઓને જોવા સારૂ દરરોજ ૧૦ થી ૪ વાગા સુધી ખોલો મુકેછે. પણ ઝવેરાતખાંનાં તથા હથીયારના હોલ જોવા સારૂ વેચાતી ટીકીટ લેવી પડેછે. તેની ૧) સીલીંગ આપવી પડેછે. એ ટ્રાવરમાં પેહેલાં પેસતાં "ધો મીડલ ટ્રાવર" આવેછે કે જેને આગલ મારટીન ટ્રાવર કેહતા હતા. તેની પછી "બાઇવર્ડ ટ્રાવર" "ધો વેટરશ ગેટ" એટલે દગલબાજ આમામીઓનો દરવાજો જેને "સેંટ ટોમશ ટ્રાવર" બી કેહેછે તે, "ક્રેડલ ટાવર", એ પ્રમાણે મધલા ટ્રાવર પસાર કરવા પડેછે. "વ્હાઇટ ટ્રાવર" જે સોથી પેહેલો બાંધેલોછે તેની દેવાલની કુશાદગી ૧૧૬ થી ૯૬ ફુટ લાંબી તથા પોહોળી અને ૯૨ ફુટ ઊંચીછે. તેની ઉપર પતરાનું છાપરૂં કરેલું છે. એની બાહારની દેવાળ ૧૫ ફુટ જાડીછે. એ ટ્રાવરમાં સર વોલટર

રાણી નામના પંડીત, ફીલસુફ, કવી, ગરહસ્થ, દરબારી, ગ્રંથકાર એવા વીચીત્ર બત્રીશ લક્ષણુયાને કેદ કર્યા હતા. તેનો ઓરડો ૧૦ થી ૮ ફુટનોછે, અને તે ઓરડામાં પોતાના કેદી એકાંતવાસમાં એણે "દુન્યાંની તવારીખ" લખી હતી. એ ટૉવરમાં હાલ હથીયારખાનું કીધેલું છે, જેમાં અસલી બખ્તરો, હથીયારો તથા બીજી પુરાની ચીજોનો જમાવ ઘણો ઠીક રીતનો સારો કીધોછે. એમાં કેટલાંક બખ્તરો આપણા અંગ્રેજ પાદશાહઓનાં પોતાના અંગત પેહેરેલાં હતાં. તે સઘલાં તેમના રાજ્યકાલના અનુક્રમ પ્રમાણે વખતસરનાં બરાબર ગોઠવેલાં હોવાથી ગોયા ઈંગ્લાંડનો તવારીખ તેમને જોત જોતાં આપણી નજર હજુર પાછી તાજી થતી હતી. એમાં ઘોડસ્વારીનાં પાખરનાં બખ્તરો (Horse Armoury) નો સંગ્રહ ચોથા હેનરી થોને બીજા જેમસ રાજાનાં વખત ઇયાને સને૧૪૨૨થી૧૬૮૫ સુધીનો કીધેલોછે. એ છેલ્લા વખતમાં બંદુક તથા દારૂગોળો વઠીક લડાઇમાં કામે લાગવા માંડવાથી લોખંડનાં બખ્તરો પેહેરવાનું ત્યારથી પોતા મેલે બંધ થયું હતું. આગલ નોર્મનનાં વખતમાં સને ૧૦૬૬ નાં ઇસવી સાલથી ચાંમડાંનાં બખ્તરો માછલીનાં ભીંગડાંનાં આકરનાં પેહેરતા હતા, અથવા ચાંમડાં ઉપર લોખંડની કરીઓ સીવણથી જડી દઇને બખ્તર બનાવતા હતા. પણ ત્યારપછે ત્રીજા હેનરીનાં સને ૧૨૧૬ થી તે ૧૨૭૨ સુધીનાં રાજમાં ક્રુઝેડરો, અથવા જે ખ્રીસ્તી ધર્મ જોધ્ધાઓ ઇસ્લામીઓ સામે જેરૂસલમનાં રણક્ષત્રમાં પોતાનાં ઇસા પેગમબરની પવીત્ર ગણાતી ધોરનો કબજો મેલવવા સારૂં જીવ પર આવીને જાનફેસાંનીની જે લડાઈ કરતા હતા, તે લોકોએ એમણીઆખંડમાથી કદીમાં કદી ભરેલી બનાવેલાં સાંકલીયાલાં બખ્તરો દાખલ કીધાં. તયારપછી આખાં લોખંડનાં બખ્તરો બીજા એડવર્ડનાં વખતથી પેહેરવામાં આવવા લાગાં. એ સઘળાં બખ્તરોના નમુનાં ટૉવરમાં મુકેલાછે. એ ઓરડામાં જરમનીનું એક હાડકાનું જીન મુકેલુંછે, તેની ઉપર કોતરકામ તથા રંગ ઘણો સારો કીધોછે. જુનાં અસલી વખતનાં લડાઇથી ભાગેલા અથવા વખતની લંબાઇથી કાટ ખાઈ જઈ ખરાબ બનીને ભાગી ટુટી પડેલાં હથીયારોનાં છુટા છુટા કાચની ઢાંકણીઓવાલા દબ્બાઓમાં સાચવી રાખીને સંગ્રહ કીધોછે. આઠમા હેનરીનું પેહેરેલું બખ્તર એક ઘોડેસ્વાર પુતળાંને પેહેડાવીને મુકેલુંછે, તે ઉપર જાત જાતની તરાહ પાડેલીછે. એ બખ્તરનું લગોલગ વજન ૯૨) રતલ છે. એ બખ્તરોમાનું એક બખ્તર સાત ફુત ઊંચાં પુતળાંને પેહેડાવીને ઉભું રાખેલુંછે, તે જોઇને જરા અજાયબી લાગેછે કે આવાં જોરાવર અને ઊંચાં માણસો પણ આપણાં બાપદાદાઓનાં સુખવાસી વખતમાં હતાં. એ ઓરડામાં ડયુક આફ વેલીંગટને એ ટૉવરનાં કોન્સ્ટેબલ દાખલ જે પોતાનાં હોદ્દાનો પોશાક પેહેરયો હતો તે એક કાચનાં ઢાંકણવાલા દબ્બામાં મુકેલોછે. આગલ એ ટૉવરમાં જે અમીર ઉમરાવ લારડોને તથા પંકાયલા બીજા ધણીઓને, રાજાને કે પારલામેંટને હુકમે ગરદન મારી જબેહ કીધેલા તેને લગતી કોહાડીઓ તથા ઢીમરાં પણ મુકેલાંછે. એ ઢીમરાં ઉપર તે કોહાડીનાં કરર પ્રાણઘાતક ઘા હજુર જેમનાં તેમ તાજા દીસેછે. "બ્લડી-ટૉવર" એટલે લોહીનો ખુનખાર મનારે। કે જ્યાં ચોથા એડવર્ડનાં બે છોકરાઓને તેઓનો કાકો જે પાછલથી ત્રીજો રીચરડ બન્યો તેણે મારી નાંખ્યા હતા, તે ટૉવરની પડોશમાંજ એક મોહોટા ઓરડામાં બ્રીટીશ સલતનતનાં રાજા રાણીનું રાજય જવાહેરાત મુકેલુંછે કે જે સમય ઉપરથી

તેને હમણાં "જ્યુવેલ ટાવર" કરી કહેછે. એ ટાવરમાં મધ્યે મુકવાનાં બાદશાહી તાજો, ઝવેરાતો, તથા સોનાની પ્લેટો જોઈ હતી. એઓમાં સહુથી મથાળાં ઉપર સરદારીની નીશાન દાખલ આપણી નામદાર મહારાણીનું તાજ છે. એ તાજ એ તાજદાર બાનું કીજે મને ૧૮૩૮માં ખાસ બનાવ્યું હતુ. તેમાં ૨૭૮૩ હીરાઓ નાધલા મોહોટા મળીને છે. તેમાં એક ધાયું મોહોટું માણેક છે, જે આગલી બાજુ પરજ દીપતું જડેલું છે. તે નંગ કેશટાઈલનાં રાજા ડાન પેડરૂએ "બ્લેક પ્રીન્સ" એટલે "કાલા શાહજાદા"નાં નામથી ઓલખાતા ત્રીજા એદવર્ડ રાજાના બાહાદર છોકરાએ તેને કરેલી કીમતી સેવાના બદલામાં ભેટ તરીકે સોગાત દીધું હતું. ઉપરાંત એ તાજમાં એક ઘણો મોહોટો શનીશ્ચર જડેલો હતા. આ તાજની કીમત એક કરોડ સીત્તેર લાખ(૧,૭૦,૦૦,૦૦૦) રૂપીઆ અંકાયછે. શુંટ એદવર્ડસ ક્રાઉન ઉપર હીરા, માણેક, મોતી, પાણાં ઇતિયાદી જડત કામ છે. પ્રીન્સ ઓફ વેલ્સનું ક્રાઉન (તાજ) સાદું સોનાનું બાલેસ કનચનથી બનાવેલું છે. પેહેલા ચારલસનુ રતન જડીત તાજ તેને ગરદન મારવાની અગાઉ બનાવ્યું હતું. ઈમપીરીયલ ઓર્બ નામનો સોનાં તથા ઝવેરાતનો એક સુલતાંની દો તખ્તનશીન થતી વેળા રાજા અથવા રાણીનાં હાથમાં આપેછે. મહારાણીજીનાં મરનાર બાવ ઓલબર્ટ પ્રીન્સ કોન્સરટનું તાજ પણ ઝવેરાતનું છે. એ ઉપરાંત સોનાનાં વાસણો પણ સંખ્યાબંધ અને મોહટાં મોહટાં છે, તેમાં એક મોટું વાઈન દારૂનું વાસણ છે, તેમાંથી ચાર જાતનો વાઈન જુદો જુદો બહાર રેડાય એવી યુકતીવાલી ગોઠવણ કીધીછે. એક સોનાની ગીલીટનો બરઝ છે જે બ્રાઈટ ટાવરનો નાંહનો નકસ કરેલો નમુનો છે. તે નીમકદાનીને ણે તરત વેલા ટેબલ ઉપર કામ આવેછે. એ ઉપરાંત બીજી ઘણી ચીજો છે. ઝવેરાત ત્રીજા હેનરીનાં વખતનાં સને ૧૨૧૬ ૧૨૫૪ સુધી એ ટાવર આફ લંડનમાં મુક્યાં હતાં, પણ પેહેલા ચાર્લસ રાજાને તેની અવીચારી તથા બલવાખોર ચાલને લીધે ગરદન મારયા પછી ક્રોમવેલ નામનાં મહંત રાજ્યાધીકારીએ તે વેચી નાંખ્યા હતાં. અને બીજા ચાર્લસના વખતમા પાછાં અસલનાંજ જેવાં બનાવીને હાલ મુકેલાંછે. એ માહેલાં કેટલાંક ઝવેરાતો બીજા ચાર્લસનાં વખતમાં અને વલી જેમ શકછે તેમ તો તેની પોતાનીજ છુપી ઉશકેરણીથી કરનલ બ્લડ નામના લુચ્ચા પોશાગીર આશીસરે ચોરયાં હતાં. તે પણ પાછલથી પકડાયો હતો. તેને શીક્ષા કરવાને બદલે એ રાજાએ સાંમુ ૫૦૦) પૌંડનું વરસાન તથા રેહેવાનું ઘર આપ્યું હતું. એ ચોરવાનો શક રાજા ઉપર લાવવાનું કારણ એ છે કે એ રાજા ઘણોજ ખરચાલુ હતો અને હમેશાં કરજદાર રેહેતો હતો. તથી નાણાંની ગરજ પડવાથી તે ચોરાવીને વેચી નાખવાનો વીચાર તેણે કદીકને રચ્યો હોય તો તે સંભવીત છે. એ સઘળાં ઝ એકંદર કીમત ૩) કરોડની કેહેવાયછે. એ એ. ડામાં બીજી બાજુ ઉપર ઈંગ્લાંડ દેશનાં મોહોટા એતાબોના ચાનો તથા હારો મુકેલા છે. તેમાં આરડર ઓફ ધી ઠીશટલ, ગારટર, સેંટ માઈકલ, સેંટજયોરજ, અને સ્ટાર ઓફ ઈંડયાનામી જોવામાં જણાયા હતા. હથીઆર રાખવાના ઓરડામાં નવાં અને આજના સુધરેલા જમાનાની દારૂગોલાની લડાઈ લાયકનાં શહસ્ત્રો તથા ઓજારો તરેહ તરેહ રીતે ગોઠવેલા હતાં; તેમાં કોઇનો આકાર કમળફુલ તથા ગોલાબ નાં ફુલ જેવો, કોઇ પાણીનાં મોજા માફક, કોઈ માંપનાં ગુંછરટાનાં આકારનાં, ચક્રી તથા જનારનાં આકારનાં, તથા બીજ

પ્રીન્સ ઓફ વેલ્સનાં લગનનાં કેકના આકારનાં જેવા બનાવેલાં છે. એ હથીઆરોનાં ઓરડાઓને "કુવીન એલીઝાબેથ આરમરી" કરીને નામ આપેલું છે. તેના માથાં ઉપર સેંટ જોનનો ચેપલ (મંદીર) આવેલો છે, જે નોર્મન લોકોની અમલા ઉઠાવાની કારીગરીમાં આજે સઉથી સરસ ગણાયછે. "ધી ઓયર ટાવર" બરૂજમાં ચોથા એદવર્ડનાં ભાઈ "ડયુક આફ કલેરેન્સે" રાજ સામું હુલડ કાઢાથી તેની શીક્ષામાં તેને મોહોતની સજા ફરમાવી હતી, તેને મામસી નામનો વાઈન દારૂ પીવાનો ઘણોજ શોખ હતો તેથી તેની પોતાની આજ્ઞા મુજબ તેને તેજ દારૂનાં પીપમાં દુબાડીને મારી નાંખ્યો હતો. "બુશેમ્પ ટાવર" તવારીખી ઈતીહાસથી ભરેલો જોવા લાયક છે, તે એક નાંધળો ઓરડો છે, તેમાં આગલ ઘણાં મોટા મોટા માણસોને કેદ કરતા હતા. થોમ્સ ડી બુશેમ્પ તે અરલ ઓફ વોરવીકને રીચર્ડ બીજાનાં વખતમાં કેદ કીધો હતો તેથી એનું નામ "બુશેમ્પ ટાવર" કરીને પડયું છે. એમાં જેઓને કેદ કીધા હતા તેઓએ વખત ગુજારવા સારૂં પોતાનાં નામો તથા બીજી વીગતો દેવાલનાં પથરામાં કોતરેલી હજુર જેમની તેમ છે. એ ટાવરમાં જે જે સારાં સારાં માણસોને કેદ કીધા હતા તથા ગરદન મારીને દાતેલા છે તેની થોડીક વીગતો હું આપ્યે છીયે; સર થોમ્સ મુરને ૧૫૩૫ માં, રાણી એન બોલીન નામની આથમા હેનરી રાજાની બીજી રાણીને ૧૫૩૬ માં, થોમ્સ ક્રોમવેલ અરલ આફ એસેકશને ૧૫૪૦માં, કાઉનટેસ ઓફ સાલસબરીને ૧૫૪૧ માં, રાણી કેથેરાઈન હાવરડ નામની આઠમા હેનરી રાજાની પાંચમી રાણીને ૧૫૪૨ માં, લોરડ એડમીરલ સેમોર ઓફ સડલીને ૧૫૪૯ માં, લોરડ સોમરસેટ જેને "ધી પ્રોટિકટર" અથવા રાજય પાસસાનનો ઈલકાબ હતો તેને ૧૫૫૨ માં, અરલ ઓફ વોરવીક અને ડયુક ઓફ નોરથમબરલાન્ડને ૧૫૫૩ માં, લેડી જેન ગ્રે અને તેણીના વર લોરડ ગીલફોરડ દડલીને ૧૫૫૪ માં, અરલ ઓફ એસેકસને ૧૬૦૧ માં, ડયુક ઓફ મોનમાઉઠને ૧૬૮૫ માં, તથા બીજા ઘણાં લોરડોને ટાવર ઉપર ગરદન મારી હતા. તેમજ જોન બેલીઓલ સ્કાટલાંડનાં પાદશાહને ૧૨૯૬ માં, વીલીયમ વોલેશ સ્કાટલાંડનાં "પેટ્રીઅટ" અથવા સ્વદેશાભીમાની લડવઈયાને ૧૩૪૭ માં, ફ્રાન્સનાં પાદશાહ જાનને ૧૩૫૭માં, ડયુક ઓફ ઓરલીયન્સ તે ફ્રાંન્સના પાદશાહ બારમાં લુઈના બાપને ૧૪૧૫ માં, ઈંગ્લાંડનાં રાજા છઠા હેનરીને (એમ ધારવામાં આવેછેકે એને છુપી રીતે હથીયાં મારીનાખ્યો હતો,) તેમજ આરચબીશપ કેરનબોરને ૧૫૩૧ માં, અરલ ઓફ સાઉથેમપટન તે જગતપરસીધ નાટકયુરૂ શેકશપીઅરનાં મુરબ્બીને ૧૫૬૨ માં, સર વોલટર રાલીને ૧૬૧૮ માં, ડયુક ઓફ મારલબરોને ૧૬૮૩ માં, અને એ ઉપરાત બીજા ઘણા ઉમરાવોને અહીંયાં કેદ રાખ્યા હતા. એવી રીતે એ ટાવરનું નામ વખણાયલું છે. રાણી એન બોલીનને જે જગા ઉપર ગરદન મારી હતી ત્યાં એક તખતી મુકીને જણાવેલું છે. એ ઉપરાંત અત્રે અમે બીજું ઘણું એક જોયું છે કે જેની વીગત બખતાં ઘણું લંબાંન થઈ જાય એમછે.

ટાવર જોઇને ઘરે આવ્યા બાદ રાત્રે કોવેન્ટ ગારટન થીયેટરમાં "ત્રેવેટાર" નો ઓપેરા જોવા ગયા હતા. આજે નાટકશાલામાં યુરોપનાં સરવેથી સરસ ગણાતા કેટલાક "એકટરો" એકઠા થઇને એ ઓપેરા કીધો હતો. તેમાં મેડમ પેટી કે જેણીની બરાબર આજે કોઇપણ ગાનાર નથી તેણીએ લ્યોનાડોનો ભાગ બજાવ્યો હતો, મેડમ ત્રેબીલી કરીને પેટીની હરીફણ હાલ નીકલીછે તેણીએ ગીલસી ઓરતનો ભાગ

લીધો હતો. મોંશીઓર લાશાલી નામના ઘણુજ સરસ ગાનારે કાંઉન ડી લીઓનાંનો ભાગ લીધો હતો, અને મેનરીકોનો પાર્ટ 'પેટીના' વર નીંકોલોનીએ કીધો હતો. એટલુંજ કેહેવું બસ છે કે એવું "એકટીંગ" તથા ગાયન આજ સુધી કલકતા અને મુંબાઇમાં જોવામાં આવ્યું નથી અને જોવાશે પણ કવચીતજ.

તા૦ ૩ જુન ૧૮૮૧.—આજે સવારનાં અતરેનાં પ્રખ્યાત બુલની કુંપની નામનાં ઝાહાડ પાન વેચનારાઓને ત્યાં ગયા હતા, અને તેને ત્યાં જાત જાતનાં અને નવી નવી તરેહનાં રોપાઓ—ફુલનાં ઝાહાડનાં તથા રંગીન પાતરાંનાં—ઇત્યાદી જોયાં હતાં. એને તયાં તરીફરનસો વીશ ફુટ ઊંચાં અને જાડાઈમાં એક ફુટ ઉપરનાં હતાં. તેમાનાં એકની કીમત ૮૦) ગીની કેહેતો હતો. આરકાદસનો તો થાગજ નહીં, તેની ઉપર ફુલો એવાં તો રંગ બેરંગી હતાં તથા તરેહ તરેહનાં ખુશબોદાર હતાં કે કાંઈ તારીફ નહીં થઈ શકતી. એ જોઇને બપોરનાં ત્રણ વાગે "હોરટીકલચરલ ગારડનસ"માં ફુલોનું. "એકઝીબીશન" એટલે સંગ્રહસ્થાન હતું તે જોવા ગયા હતા. અહીંયા ફુલોનાં તરણ છોડવાઓ ઘણી તરેહનાં દેખાડવા મુકેલા હતાં, તેમને ઉગારવા તથા ખીલવવા કીજે વપરાયલી કેળવણીની તારીફ બોલવી મુશ્કેલ છે. દાખલા તરીકે ગોલાબનાં ફુલનાં ઝાહાડને એવી કેળવણીથી ઉગારેલું કે જાણે તે સરખે ભાગે કાપીને ઘુટાં ઘુટાં ગોઠવેલાં હોય, તેમ ગોળ ઝાહાડ ઉપર તે ફુલોની તરંહ પાડેલી હતી. એક જાતનાં ફુલોનાં ઝાહાડો તો જાણે તે ફુલનાં પડા રોકા ઢગલા કીધેલા હોય તેવા તડાને તડા ફાંકડા ગોઅલાં જેવા લાગતા હતા. ફુલોનાં જુદા જુદા રંગનાં કુંડાઓ પાસે પાસે ગોઠવ્યાથી દેખાવની સુંદરતાની હદ થઈ હતી. કેકટસના (થુવરની જાતનાં) રોપાઓ પણ ઘણાં જોવા લાયક હતા. એક ઘણી પાસે તેમાંની ૧૫૦ જાતો હતી. તેમાં કોઈ ઉપર તો જાણે મફેદ બાલની રૂપેરી કસબ જેવી લટો ઉગેલી હોય તેવા ઝુમખાઓ વલગેલા હતા. કોઇને ઝીણા કુંડાઓમાં ઉગારેલાં તેની ઉપર વળી ફુલ આવેલાં તેથી તે રમતયાલ રમકડાં જેવાં લાગતાં હતાં. ફરટનો સંગ્રહ પણ ઘણો સારો હતો. તેમાં કાળી દરાખનો એક મોટો ઝુમખો જોવા લાયક હતો. જો કે અહીયાં કેરાં મુંબાઈનો માફક ઉગતાં નથી તોપણ "હોટ હાઉસ" એટલે વરાલ્યાં ઘરોમાં રાખી અકબીર જાતની તરતીબથી ઉગારવામાં આવેછે. તેમાંની કેલાંની એક લુંગર અતી ઘણી મોહોટી હતી. તેજ મુજબ "પાચીઝ," "એપરીકોટસ," "અનીનાશ," સ્ટોબેરી ઇતિયાદી ઘણું સારાં હતાં. એના બાગમાં ઝાડપાનને લગતાં હથીયારો, ધાસ કાપવાના તથા ઘાંખલીઓ કાપવાનાં સંચાઓ, બાગોમાં મુકવાનાં બાજતો, છતરદાર ફુલોનાં ઘરો, ઇતિયાદી ઘણી જાતનાં હતાં. મરઘાં, મસલાં, કુતરાં તથા એવી બીજી જાતનાં પાળવાનાં જનાંવરોનાં પીંજરાં તરેહ તરેહનાં મુકેલાં હતાં. એ હોરટીકલચરલ ગારડનસનો બાગ ઘણો મોહોટો છે, પણ તેમાં કાંઈ ફુલોનાં તથા બીજાં ઝાહાડો ઘણાં જોવા લાયક નથી. પરદેશની વનસ્પતી ઉગાડવા માટેનું એ બગીચાને લગતું કાચનું ઘર ઘણું મોહોટું છે, તે ૧૧૦૦ ફુટ લાંબુ, ૩૦ ફુટ પોહોળું, અને ૬૦ ફુટ ઊંચુ બાંધેલુછે. એ ઘરની આગલી બાજુનો બાહાર રાણી વીકટોરીઆનાં ઘણી પ્રીન્સ આલબર્ટનું પુતળું સને ૧૮૫૧ માં એ એકઝીબીશન એ પાદશાહજાદાએ ખુલ્લું મુકવાની કરેલી કીમાની યાદગારી દાખલ મુકેલું છે. એ કાચનાં ઘરની બાજુઓ ઉપર લાંબી ને લાંબી ગેલરી બાંધી લીં-

વેલી છે અને તેની વચમાં બાગના કી-આરાઓ કીધેલાછે. એ રાયલ હોરટી-કલચરલ સોસાયટી, હુન્નરની રીતે બા-ગોનાં કામને ઘટતું ઉત્તેજન દેવા કીજે મને ૧૮૦૪ માં ઉભી થઈ હતી, અને તેને વાસ્તે એ જગા ઉપરાંત બીજી ૩૩ એકર જમીન ચેસવીક બાતે કયુંની ન-જદીકમાં બીજી રાખેલી છે. જોઇને પાછા ફરતા "હાઇડ પાર્ક"ની વીસ્તીર્ણ વાડીમાંથી પસાર થયા હતા, ત્યાં તે વખતે બોહોટા બોહોટા આબરૂદાર લોકો ફરવા નીકલેલા હતા. જેમ મુંબાઈમાં આપણે સાંજનાં "બેંડ સ્ટાંડ" ઉપર તથા પાલ-વા બંદર ઉપર હવા બાવા જઇએછે તેમ બહીંયાંનાં લોકો એ જગા ઉપર જાયછે, ફરક માત્ર એટલો કે ત્યાં આપણી બાફક ગાડીઓ ઉભી રાખી મુકતા નથી પણ આમને આમતે રસ્તા ઉપર આબો વખત ફેરવતા જઇને તેમાં પોતે ચેનથી ફરીઆ કરેછે. એજ ઠેકાંણે હોતા "રાટન રો"માં લોકો ઘોડા ઉપર સ્વાર થઇ એજ બાફક ફરયા કરેછે. ઇંગ્લાંડની ગંજાવર દોલતવાલી તવંગરી મશહુર છે, તેથી તે જરનાં પ્રમાણમાં એ વખતે ગાડી ઘોડા ઘણી ઊંચી જાતનાં જોવામાં આવેછે. અને જે એ બાબતનો શોખીન હોય તે અત્રે આવી ઉભો રેહેવાથી પોતાને પેટ-પુર મન ગમતા ગાડી ઘોડા જોઇ જોઇને ધરાઈ ભરાઈ શકેછે.

તા૦ ૪ થી જુન ૧૮૮૧—આજે સવારનાં બી હોરટીકલચરલ કુંપનીનો "ન-રસરી"નો બાગ જોવા ગયા હતા, જેમાં સંગ્રહ સારો કીધેલોછે. ત્યાંથી "ક્રીસ્ટલ પાલેસ" અથવા બોલીરી મેહેલમાંનો કુ-તરાંઓનો સંગ્રહ જોવા ગયા. એ જગા ઉપર ઘણી નવીન નવાઈ જાતનાં આસરે ૧,૧૪૭ કુતરાંઓ દેખાડવા મુકેલાં હતાં. અને તેની વરગણીના "કેટલાગ" બના-વેલા હતા. તેમાં કુતરાંઓની જાત તથા કીમતોના આંક માંડેલા હતા. કોઈ કોઇની કીમત એટલી તો મોહટી હતી કે તે નહી માનવા જોગ લાગતી હતી, અને જે ઉપરથી કોઇને તો એમ પણ અનુમાન જયા વીના ન રેહ કે એ કુતરા વેચવાના નહી હશે તેથી એમ કીમત માંડી હશે. પણ જે જનવરો વેચવાનાં નહીં હતાં તેમને વાસ્તે વેચવાનાં નથી એમ સાફ લખેલું હતું. મોટી કીમતમાં રૂપીઆ ૧૦૦૦)થી તે વધતી જતી તે ૧૦૦૦૦) સુધીની સંખ્યા માંડેલી હતી. ત્યાંના રખેવાલને સવાલ કરતાં તેણે ઉત્તર આપ્યો કે કોઈ બાદાના લાલ એવી કીમતબી આપેછે. પણ વલી તે ધણીને એ ફાયદો થાયછે કે એકઝીબીશનમાંથી મલેલાં ઇનામોથી તથા કુતરાંનાં પેદા થયલાં બચ્ચાં જેની કીમત મોટી મલેછે તે વેચ-વાથી તે પોતાનું નાણું પાછું ઉપજાવી શકેછે.

એ પછી ક્રીસ્ટલ પાલેસમાં ફરવા નીકલ્યા. એ ક્રીસ્ટલ પાલેસની ઉતપંતી નીચે મુજબ થઈ હતી. મને ૧૮૫૧ માં જયારે બીલાયતનું મોહોટું એકઝીબીશન ઉઘાડયુ ત્યારે તે બંધ કરતી વેલા તેનો બીલડીંગ સરકારને વેચવા માગી. પણ તે માંગણી કબુલ મંજુર રાખવાને ચોખ્બી ના પાડવામાં આવવાથી તેને ભાંજી નાખતાં અટકાવવા સારૂ અતરેનાં સારાં સારાં મા-ણસોએ એક કંપની ઉભી કરીને તે વેચાતી લીધો, અને તે હાઇડ પાર્કમાં હતી ત્યાંથી ઉબેડી લાવીને હાલની જગા "સીડનહેમ" પર લાવી બાંધીછે. એ હવેલી તદન લોખંડ તથા કાચની બાંધેલીછે. એ બીલડીંગનો અસલ યુકતીનો ફરમો મર જોસફ પેકસ-ટને ઘડયો હતો. એ શખ્સને વીસ હમણે એવું સાંભળયું છે કે તે ધણી ડયુક બોફ દેવોનશાયર કે જે ઉમરાવનો બાગ આખાં ઇંગ્લાંડમાં સૌથી સરસ ગણાયછે તેનો વડો માલી હતો. અને તેણે પોતાના ધણીના બાગમાં ગરમ દેશનાં ઝાડોને ઉગાડવા

સારૂં બાંધેલાં કાચનાં ઘરો વાલું "હોટ હાઉસ" બાંધ્યું હતું તેના પલાંન ઉપરથી એની ધારણા કીધી હતી. ખરેજ તેમ હશે. કારણ ક્રીસ્ટલ પાલેસનો દેખાવ પણ એક ગંજાવર હોટ હાઉસ હોય એમ લાગેછે. સીડનહામ ખાતેની ૩૦૦ એકર જમીન લઇને તે સારૂં ૭૦૦૦ મજુરોને કાંમે લગાડી મેલવેલી મેહનત મશકતથી તે બે વરસે બંધાઇને તૈયાર કરવામાં આવ્યો હતો. જે બાદ તેને તા૦ ૧૦ મી જુન સને ૧૮૫૪ ને દીને આપણી નામદાર મહારાણી તથા તેણીના ખાવંદની સનમુખ ઓલ્લો મુકાએ હતો. એ મેહેલનો લંબાઇમાં ૧૬૦૮ ફુટનો વચલો હાલ અને તેની બે પાંખો જે દરેક ૫૭૪ ફુટછે તે તથા બીજી બીલડીંગ મલીને આખી સલંગ લંબાઈ ૩૪૭૬ ફુટછે, અથવા તો એકડે મીંડે સરેરાસ બોલતાં લગભગ પોણો મૈલ જગ્યાને કાચનાં છાપરાંએ ઢાંકી લીધીછે. જો તેના થામલાને એક હારમાં લાંબાને લાંબા મુકયા હતે તો તે સવા સોલ માઇલ સુધી પોંહચી જતે, એવી પરવારતા ઘણીઓએ ગણત્રી કીધીછે. એમાં સઘલું મલીને લોખંડ કામ ૯૬૪૧ ટણ વજનનું વપરાયલું છે. કાચ જે વપરાયેછે તે ૫૦૦ ટણ તોલમાંછે અને ૨૫) એકર જગા રોકે એટલા કદનાછે. જો એ કાચો પોહોલાઇમાં એક એક પાસે મુકયા હોય તો ૪૮ માઇલ સુધી જાય અને જો લંબાઇમાં મુકે તો ૨૪૨ માઇલ સુધી જાય. એમાં જે બીલા તથા અડગરા "સ્ટાપર્સ" વગેરે કામે લાગેછે તેમનો તોલ ૨૩૫ ટણછે. એની વડી ઇમારતમાં ૧૫,૩૯૧ કયુબીક વાર ઇંટો વપરાયલીછે. એથી માલમ પડશે કે એ કેવી મોટી ગંજાવર બીલડીંગછે. એ મેહેલમાં થંડીના દીવસોપર વરાળની નલીઓ મુકીને તેની હવા મેડીરા ગાંમનાં જેવી માફકસર રાખેછે. એ નલીઓ પોણાં બે માઇલ લાંબીછે અને તે પાટીઓની જમીનની હેઠાંણુમાંથી મુકેલીછે. એ મેહેલ જે હાલ બાંધેલોછે તે અસલનાં એકઝીબીશન બીલડીંગમાં સુધારો કરીને સારો બાંધેલોછે. વલો તે બાંધ્યાની આગમજ દેશેદેશ માણસો મોકલીને ત્યાંની જુની જુની જાણવાજોગ બીલડીંગસો, પુતળાંઓ ઇત્યાદીનાં નકશાઓ તથા પલાનો કરાવી મંગાવ્યા હતાં. તે દરેક ગામના આરકીટેકચર અથવા કારીગીરીવાલાં બાંધકામનો નમુનદાર હુનર બતાવા સારૂં જુદી જુદી દેવાનખાંનાંની જગા કીધેલીછે. તેમાં ઇજીપશીયન કોર્ટ જેમાં મીસર દેશની અસલની ઇમારતો, પુતળાં ઇત્યાદી જેમ ત્યાં હશે તેમજ બાંધેલી તથા મુકેલાંછે તે, તેમજ ગ્રીક કોર્ટ, રોમન કોર્ટ, આલમબરા જે આગલનાં મુર લોકે સ્પેન દેશ જીત્યું હતું તે વખતનો બનાવેલો જણીતો મેહેલ, ઇત્યાદી નમુનાછે. એ પાછલી નકશાત જોવા લાયકછે. તેમાં નકસી તથા મેહેરાબો ઉપર આરબી ભાષાના કોરાનનાં તથા બીજા સબકો અને ધર્મોપદેશક વાક્યો આરબી દસ્કતોથી કોતરીને ગીલીટ ઘણીજ સરસ રીતે કીધેલી હતી. તે એવી રીતે કે જાણે આબાદ તે જગાનો એક હાલ હોય એમ દીસેછે. બીજી દેવાનખાનાંવાલી "કોર્ટો" માં બાઇજનટાઇન (યુનાની), જરમન, તથા ઇંગ્લીશની આગલા વખતની અને ઇટાલીઅન કોર્ટ ઇત્યાદીછે. એ મુજબ જુદી જુદી રીત પ્રમાણે ઓરડા તથા હાલ બાંધેલાછે. પોમપીઆની, થીયેટની તથા બીજી જગાની તસવીરો, માણસો તથા જનવરોનો સંગ્રહ પણ એજ મુજબ સારો કીધોછે. ઉપરાંત ત્યાં જાત જાતના સંગ્રામકામ યંત્રથી ચલાવેછે તથા બીજી જોવા લાયક ચીજો ઘણીછે. પુતળાં તથા પીકચરો પણ જગેજગ દીસેછે. અંદર એક કાચનો મોહોટો કુવારો ગોઠવેલોછે, તે ઘણો જોવા લાયકછે. એનો વચલો હાલ ૩૯૦ ફુટ લાંબો, ૧૨૦ ફુટ પોહોળો, ૧૭૫ ફુટ ઉંચોછે. એ ઇમારતની

બાજુ ઉપર પાણીનાં ફુવારાની ટાંકી સારૂ બે મીનારા બાંધ્યાછે, તે દરેક ૨૮૨ ફીટ ઊંચાછે. એ ઇમારત ઉપર તથા જમીન ખરીદવાના તથા બીજા પરચુરણ ખરચ મલીને ૧૧। કરોડ રૂપયાની થાપણ જુમલે બેઠીછે. એનાં માણસો રાખવાનાં વગેરે ખાતાં પછવાડે દરસાલ ૬,૦૦૦ પૌંડ ખરચ બેસેછે. એમાં જે બે મોહટી આરગીનોછે તેમાં વચલા હાલની આરગીન ઘણી મોહોટીછે. તે ૪,૫૬૮ નલીઓથી ગોઠવાઇ બનેલીછે. અત્રે "હુંડલ આર્ચેસ્ત્રા" નામની સરોદો વગાડવાની જગાછે તેની બેઠકોપર ૪,૦૦૦ તમાસગીરો સમાઇ શકેછે. તેજ મુજબ તેની બાજુ ઉપર એક ઓરડો, જેને ઓ પેરા હાઉસ કહેછે તેમાં પણ ૪,૦૦૦ માણસો ગોઠવાઇ શકેછે. એ ઓરડામાં હમો ગયા ત્યારે સલીવનનો જોડેલો સંગીત નામે "આરેટોરયો" વજાડવાના હતા તે સાંભલવાને બેઠા. હૉલ લોકોથી ભરાઇ ગયો હતો. એટલું લોક શનીવારે ત્યાં જોવા આવેછે. ત્યા આસરે ૧૫૦ માણસો સાથે રાગનો ટેક જીલનારાઓ "કોરસ" મેલવતા હતા. તથા ૫૦ જણાં તે લોકો સાથે વાજીંત્રો વજાડતા હતા. એ ઉપરાંત અહીંયાં ગમતની ચીજો કીધેલીછે. જેમકે જાદુઇબાનાનો ઓરડો, કસરત તથા તાલીમબાજીની જીમનેશીઅમ, કેમેરા ઓબસકયુરા (Camera Obscura)પેનોરામીક વીચુઅ ઇત્યાદી જોવા જવાનાં સાધણો. ક્રીસ્ટલ પાલેસમાં પેહેલાં જતી વખતે ૩ ા। ની ટીકીટ લેવી પડેછે. પણ તેની અંદર બીજી જે ગમતો થાયછે તે જોવા સારૂ જુદું દામ તોલવું પડેછે. એ મેહેલ એક મોટા પલાટફાર્મ ઉપર બાંધેલોછે, તેની આસપાસનાં બાગોનો દેખાવ ઘણો સારો લાગેછે, અને આતશબાજી જોવા સારૂ હજારો લોકોને વાસ્તે તેમાં બુરસીઓ ગોઠવી રાખીછે. હીંયાં ગમતો ઉપરાંત રીફ્રેશમેંટ રૂમો તથા દુકાનો પણ ઘણીછે. તેમાં પરચુરણ સામન ઘણી તરેહનો વેચાતો મલેછે. એનો બાગ ૨૦૦ એકર જમીન રોકેછે; તેમાં ઘણાં ફુવારાછે, તેમાંનાં બે ફુવારાનું પાણી ૨૮૦ ફીટ ઊંચે ઉડેછે, અને જ્યારે એ ઉડેછે ત્યારે ૧,૨૦,૦૦૦ ગ્યાલન પાણી દર મીનીટે તેમાંથી બહી ફીટેછે. આઓ દીવસ તેમાં ફરયા છતાં પણ એ મેહેલની અજાયબીનો અરધો ભાગ બરોબર અમે જોઇ શકયા નથી, તેથી બીચારછે કે બીજી વખતે પાછા ફરીને જોઇશું.

આજે રાતનાં ઇલીઝયમ થીયેટરમાં ઓથેલો અથવા વીનીસ શેહેરના બાહદુર મુરનો નાટક જોવા ગયા હતા જ્યાં ઘણાં સરસ એકટરો પાર્ટ ભજી બતાવતા હતા. તેમાં "બુથ" નામનો એક અમેરીકન અથવા દેશીઓમાં ચાલુ ઢબે બોલાયછે તેમ "મરીકન" જાતનો એકટર જે આજે દુનીઆમાં સૌથી સરસ ગણાયછે તેણે ઓથેલોનો મુખ્ય પાર્ટ, Irving એરવીનગ જે સૌથી સરસ અંગ્રેજ એકટર ગણાયછે તેણે યાગો નામનાં કાવત્રાંબાજ કસરેવજનો, અને એલન ટેરીએ બુબસુરત નાર ડેસડીમોનાનો પાર્ટ કીધો હતો. આકટીંગ એવું તો સરસ હતું કે તેની કાંઇ તારીફ નહીં થાય.

તા૦ ૫ મી જુન ૧૮૮૬—આજે સવારનાં "આલબર્ટ મેમોરીઅલ" જોવા ગયા હતા. એ પુતળું અગાઉ અને ૧૮૫૧ ના વરસમાં સંગ્રહસ્થાન બાંધ્યું હતું તે જગાએ આપણી મહારાણી વીકટોરીઆનાં વરની યાદગારી કાયમ રાખવા સારૂ ૨-પીઆ બાર લાખ ખરચીને બાંધ્યુંછે. એ ખરચની એકંદર રકમમાંનો અરધો ભાગ લોકોમાં ઉઘરાવું ફેરવીને ભગાવ્યું હતું. એક ઘણો મોટો ચોતરો બાંધીને તે ઉપર એક થાંભલો બાંધીને પ્રીનસ આલબર્ટનું પુતળું મુકેલુંછે. એ પ્લેટ

ફ્રોરમ ઉપર દુન્યાનાં જાણીતા હુનરવાલાઓનાં પુતળાંઓ કોતરેલાંછે. તેની દક્ષીણ બાજુએ શાહેરોનાં અને ગાયનકારોનાં, ઉગમણુ બાજુએ પીછીઓથી તસ્વીર એંચનાર ચીતારાઓનાં, ઉત્તર બાજુએ કારીગરોનાં, અને આથમણુ બાજુએ પથરનાં ખાંભ કોત્રી નકશ કાઢનાર સલાટી કોટરનારાઓનાં પુતળાંઓછે. તેમની સાંમટી સંખ્યા ૧૬૯ છે. એનાં ચાર ખુણાંપર ચાર બીજા થંભો ઉપર એતી, હુનર, વેપાર, અને એન્જીનીઅરીંગનાં ઉદ્યોગને લગતાં પુતળાંઓનો જમાવ, બાહોરાં ભારે કદોમાં બનાવીને મુકેલોછે. સૌથી હેકાંણમાં થાંભલાની છેક નીચે ચાર ખુણે એશીઆ, આફ્રીકા, અમેરીકા, અને યુરોપખંડનાં લોકોનાં તથા જનવરોનાં પુતળાંઓ મુકેલાંછે. એ સધળું તદન સફેદ સંગેમરમરનું છે. થાંભલા ઉપર એક બોહોટો ગુંબજ કીધેલોછે જેનું મથાળું છેક તલ્યાંનાં હેકાંણથી તે ટોચનાં ઉંચાણ સુધી સલગો સલગ ૧૭૫ ફીટ ઉંચું છે. તેની અંદર પ્રીનસ આલબર્ટનું પુતળું "ગ્રેન્જ" એટલે કાંસાના જેવી મેલવણીની ધાતુનું તદન ગીલીટ કીધેલું છે. તે ૧૫ ફીટ ઉંચું છે. એ સધળાંનો દેખાવ ઓર તગંહનો હુન્નરમંદી તથા ઉસ્તાદી લાગેછે. એ ગુંબજ ઉપર નીચે મુજબ લેખ કોતરેલાછે.

" Queen Victoria and her people to the memory of Albert, Prince Consort, as a tribute of their gratitude for a life devoted to the public good"

એટલેકે : "બાદશાહી બાવીંદ આલબર્ટ, લોકનાં ભલાંને અરથે ગુજારેલી જીંદગીની યાદગારી કીજેની, નીમકહલાલ નીશાનની યાદદાસ્ત તરીકે, રાંણી વીકટોરીયા અને તેણીની પ્રજાએ અર્પણ કર્યું છે."

બપોરનાંબે વાગે "હેમ્પટન" કોર્ટ "નામનો આપણી નામદાર મહારાંણીનો મહેલ જોવા ગયા હતા. ત્યાં હાલે પેનશન ભોગવતાં જે સારાં સારાં માણુસોએ પોતાનાં ચાલતા વખતમાં પ્રજાલાભનાં કામ કીધેલાં તેઓનાં કુટંબોને માન દાખલ રેહેવાનાં ઓરડાઓ આપેછે. જેમકે :—ઇંગ્રેજ સરકારનો મર લુઇ કેવેનરી નામનો કાબુલનો એલચી માર્યો ગયો તેની માયને, કાબુલના શુરા સીપાહ બરચા તે મધરાજનાં હાલી કમાનડર ઇનચીફ સર ફ્રેડરીક રોબર્ટશનાં કુટંબને તથા બીજાંઓને ત્યાં રાખેલાંછે. એ મહેલ જોવા જવા સારૂં આગગાડીમાં જવું પડેછે. તે અસલમાં રાજા આઠમા હેનરીના ઉપમંત્રી કારડીનલ ઉલઝીએ બાંધી પોતાના રાજાને આપ્યો હતો. તે લાલ ઇંટોથી ચણેલો છે. તેની ચારે બાજુએ ઇમારતો તથા વચમાં ચોકછે. મહેલમાં ઘણાં નાધલા નાધલા ઓરડાઓછે અને બે ત્રણ મોહોટા હાલછે. અસલના જાણીતા ચીતારાઓનાં હાથનાં જથાબંધ છબી ચીત્રો તથા હાથનાં ગુંડેલાં બુકાંદાર અને તરાંહદાર કીનખાબ (Tapestry) નો ઘણો સારો સંગ્રહ કીધેલો ત્યાં માલમ પડેછે. મહેલ મોહોટો છતે તેમાં કાંઇ ઘણી તારીફ લાયક રીતની બાંધણી દીસતી નથી. પરંતુ ઉપલી કીનખાબી બનાવટ ઘણી સરસ જાતની મુકેલીછે. એ તાકાવાર મોહોટાં કપડાં ઉપર હાથનું ભરતકામછે તેની ઉપર આગલની તવારીખ તથા બાઇબલને લગતી બીનાઓનાં ચીતારો ઘણી સરસ રીતે ગુથેલાંછે. જો કે એ ગુંથણીઓને ૩૦૦ વરસો થઇ ગયાં તોપણ હાલ ઘણી સરસ હાલતમાં તે છે. એ મહેલ આઠમાં હેનરીથી તે બીજા જયારજ સુધીનાં પાદશાહો ઓલાદ દર ઓલાદ વાપરતા આવ્યા હતા. તેમાં ત્રીજા વીલીઅમ તથા તેની રાણી તથા બીજા જયારજનાં ઢોલીઆ હજુર ત્યાં મુકેલાછે ; અને તે વખતની ખુરસીઓ, સ્ટાંડા તથા ઝુમરો પણ જેમના

તેમ રાખેલાંછે. તે ઉપરાંત ત્રેફાલગરની લડાઈ વખતે જે મનવાર ઉપર લારડ નેલશન હતો તે વહાણ નામે "વીકટરી" અથવા ફતેહનાં ડોલ પણ મુકેલાછે. એ મેહેલની એક બાજુ ઉપર આજે દુનીઆમાં સૌથી જુનો તથા મોહોટો દરાખનો વેલોછે, જે વેલો સને ૧૭૬૯ નાં સાલમાં રોપેલો કહેવાયછે. તેનું થડ ૩૦ ઇંચ જાડું તથા તેની જાડી ડાંખલીઓ ૧૦૦ ફુટ ઉપર લાંબીછે. સારા વખતમાં તેની ઉપર ૨,૫૦૦ ઝુંમખા દરાખનાં આવેછે ત્યારે તે અકસર જોવા લાયક થઈ પડેછે.

તા૦ ૬ થી જુન ૧૮૮૧—આજે સવારનાં હીવાંથી આગગાડીમાં બેસીને આલેકઝાંડ્રીયા પાલેસ જોવા ગયા હતા. ખ્રીસ્તીઓનો "વ્હીટ મન્ડે" (Whit Monday) નામનો તેહેવાર હોવાથી આજે સઘળી હાટ્રીસો તથા બેંકો બંધ હતી, જેથી પુષ્કળ લોક આગગાડીમાં આવ જા કરતું હતું. અહીંયાના લોકને એવા તેહેવારની રજા વરસમાં ચાર અથવા પાંચ દીવસ મલેછે તેથી એવી તક મલવાથી બધા બનેચ તેમ મોજ કરવા બાહાર ઉતરી પડેછે. તેમાં એલેકઝાંડ્રીયા પાલેસ, ક્રીસ્ટલ પાલેસ, તથા હેમ્પટન કોર્ટમાં ઘણું લોક જાયછે. પેહલી બે જગા ઉપર એક સીલીંગનાં ખરચમાં ઘણી જાતની ગમતો જોવાઈ શકાયછે તેથી તાંહાં ઘણું લોક જાયછે. તેમ એલેકઝાંડ્રીયા પાલેસમાં પણ આજે ઓછું લોક આવ્યું નથી. સ્ટેશન ઉપર એટલી તો ભીડ હતી કે બરાબર ઉભું રેહેવાના સાંસા પડયા હતા.

એલેકઝાંડ્રીયા પાલેસ તરફ જવા રસ્તામાં રેલના સાંધાપર આવેલું એક (Junction Station) હતું, ત્યાં આગગાડી બદલી બીજીમાં બેઠક લીધી હતી. એ જંકશન સ્ટેશન ઉપર આગગાડી આવી તેમાં એટલું તો લોક બોલું તથા ઉભું રેહેલું હતું કે તેથી હમોને ઘણુકોને તેમાં બેસવાને બન્યું ન હતું. વળતી બીજી આગગાડી આવી તેમાં હમો જેમ તેમ કરીને બેઠા અને એલેકઝાંડ્રીયા પાલેસમાંજ સ્ટેશનછે ત્યાં ઉતરી પડયા. તે વખતે ગાડીમાંથી લોક છુટા તે જાણે એક મેલામાં પાંચ દશ હજાર લોક છુટું હોય તે મીસાલે લાગતું હતું. આખો દીવસ એ મેહેલમાં ભીડ હતી. તે એટલી બધી કે ચાલવાને પણ બની શકયું નહીં. એવી અટકલ કરવામાં આવી હતી કે એ દને એકલા એ મેહેલમાં ૪૦ થી ૫૦ હજાર માણસો ભેગું થયું હશે. એ મેહેલ ક્રીસ્ટલ પાલેસની હરીફાઇ કરવા બાંધેલોછે અને તે પેહેલ વેહેલો સને ૧૮૬૨ નાં વરસનાં સંગ્રહસ્થાનનાં મેહેલ ઉપરથી બાંધેલો હતો. પણ તે ઉઘાડયાની પંદરજ દીવસ પછી એટલે તા૦ ૯ મી જુન ૧૮૭૩ ને દને તદન બલી ગયો હતો. તો પણ એને બાંધનાર કંપનીએ પાછી મેહેનત લઇ તે મેહેલ બાંધીને સને ૧૮૭૫ માં પાછો ઉઘાડો મેલ્યો હતો. એનો "હાલ" ક્રીસ્ટલ પાલેસનાં જેવો કાંઈ મોહોટો નથી. "હાલ"નાં દીવાનખાનાનો આસપાસ ઓરડા કરીને એ મેહલ બાંધેલોછે, અને જ્યારે ગમે ત્યારે એક આખો મોહોટો હાલ કરી શકે એવી ગોઠવણ તેમાં રચીછે. એનો વચલો મોટો હાલ ૩૮૬ ફુટ લાંબો અને ૧૮૪ ફુટ પોહોળોછે; જેમાં ૧૨,૦૦૦ માણસની જગા થઈ શકેછે. એ ઓરડામાં એક મોહોટી વાજાંનો પેટી મુકેલીછે જે સર માઇકલ કોસ્ત નામના ઘણા વખણાયલા ગવૈયાની દેખરેખ હેઠલ બનાવી હતી. હાલની અંદર ઇંગ્લાંડનાં પાદશાહોનાં રંગીન પુતળાંઓ છુટે છુટે ઠેકાણે ગોઠવેલાંછે. વચલા ઓરડાની બાજુ ઉપર ૨૬૦ ફુટ લાંબી ચંદન ચોક બાંધેલીછે, તેમાં જાત જાતના માલો વેચવાની ઘણી દુકાનોછે. અહીંયાં એક દુકાન ઉપર બીડી પીવાની ચરૂટની નલીઓ ત્યાંજ મોટાડીમાં-

થી બનાવીને તૈયાર કરીને દેખાડતા હતા, તથા બીજીગમ મીઠાઇની બદામો સંચાથી બનાવી દેખાડતા હતા. એ છેલ્લી દુકાન તરફ બુચાંઓને વારેઘડીએ ભેટ લેવાનું મન થાય ખરૂં. એ જગા ઉપર ક્રીસ્ટલ પાલેસનાં જેવું કાંઈ જોવાનું નથી, પણ પીકચર ગ્યાલરી સારીછે. એની આસપાસના બાગમાં છુટી છુટી જગા ઉપર જુદી જુદી ગમત રમતોનાં ઘરો બાંધેલાંછે; તેમાં દરીયા તથા વહાણનો નમુનો ઘણો સરસ રીતે આબેહુબ બનાવેલોછે. હલકાં લાકડાંનાં વહાણો બનાવીને જમીન ઉપર દરીયાનાં જેવી રંગીન "મોહમ્મદનની" તરાંહ બનાવેલીછે તેમાં એ દરીયા અને વાહણના દેખાવ ઉપરાંત જાપાન દેશનાં ગાંમડાંઓના મેહેલ તથા "સરકસ"ના ઘોડેસવાર તમાશા બધે સરોવર બનાવેલાંછે. અહીયાં ઘોડા, કુતરા, કુલ ઇત્યાદીનાં સંગ્રહસ્થાનો દેખાવો પણ વારા ફરતી ભરેછે. "પાર્ક" અથવા બાગ જે ૪૮૦ એકરનો વીસતાર રોકેછે તેની વચમે એ મેહેલ બાંધેલોછે. જ્યાંથી આસપાસનો દેખાવ ઘણો સારી રીતે જોવામાં આવેછે. ક્રીસ્ટલ પાલેસ કરતાં દેખાવ સારો નજરે પડેછે. એ માણસ સાથનું એક બ્લુન ઉડારીઆમાં આવ્યું તે ઉપરાંત સરકસ, કેબની બગી, શરતો, વાજાંઓ તથા બદુએલો ઇત્યાદી એવા એલો ઘણું જોવાનાં હતાં અને તે બધલું જોવા સારૂં ફકત એક શીલીંગની ટીકીટ લેવી પડતી હતી. પણ જે ધણીઓને આગલની બેઠક ઉપર બેસીને જોવું હોયતો તેવી જગા ઉપર દરેકનું વધતું દામ આપવું પડતું હતું. જેઓ એક શીલીંગ આપતા તેઓને તો પછવાડે બેસીને જોવું પડતું હતું. એટલું સસતું હોવાને લીધે એટલાં બધાં હજારો લોકોને એ સરવે જોવા જવાને બનેછે. એ એલેકઝાંડ્રીયા પાલેસની દેવાલ પથરની સરસ ઢબની બાંધેલીછે; પરંતુ તેનું છાપરૂં તદન કાચનું ક્રીસ્ટલ પાલેસની માફક બાંધેલુંછે.

તા૦ ૭ મી જુન ૧૮૮૧—આજે "નેશનલ ગેલેરી" જોઇ. એ ગ્યાલરી ત્રેફાલગર સ્કુવેરમાં આવેલીછે. તેનો બહારનો દેખાવ તેના મોટા થાંભલાઓને લીધે આપણી મુંબાઇની ટાઉન હાલને કેટલેક દરજ્જે મલતો આવેછે. પણ હીંયાંની બીજી જાણીતી ઇમારતોનાં જેવી એની બાંધણી સોભતી નથી. પણ તેની અંદરનો થોડોક ભાગ ઘણો સરસ જોવા લાયકછે. શીલીંગો તથા બીજી બાજુ ઉપર ગીલીટ કરયા ઉપરાંત જાત જાતની તરાંહ પાડેલીછે. થાંભલા તેમજ આરકાંઓ રંગીન સંગેમરમરનાં પથરાઓનાં બાંધેલાંછે. એ ઇમારત ૪૬૦ ફુટ લંબાઇમાંછે. એમાંની અસલ ઇમારત સને ૧૮૩૨–૩૬માં બંધાઈ હતી. તે ઉપર ૩૫ીઆ ૯,૬૦,૦૦૦) તથા પાછલથી તેની પાંએ જે બીજું બાંધકામ ઉમેરયું તેથી ૩૮૩,૦૦૦) વધુ બેઠા હતા. પેહેલાં એની પીકચર ગેલેરી ઉઘાડી ત્યારે તેમાં સને ૧૮૨૪ માં ફકત ૩૮) પીકચરો હતાં. તેમાં જમાવમાં આજે બીજાં ઉમેરાઇને ૧૦૦૦) પીકચરો ૧૮) ઓરડાઓમાં એકઠાં થયલાંછે. એ પીકચરો વખણાયલા ચીતારાઓનાં હાથનાં પાડેલાંછે. એટલે અચીતજ જોવા લાયકછે. જેવાં કે માઇકલ એનજેલો, વેનડાઇક, રેફૂલ, લેનડેસીઅર, વામબ્રાંટ, હોગારથ, રૂબન ઇત્યાદીનાં હાથનાં પાડેલાં પીછી કામનાં પ્રવીણ પંડીતોના બિજાંમાંથી ઉપજેલી ચીત્રકલાના નાદર નમુના અહીંયાં દરશણ દેછે, અને જોનારાઓથી તેમને રંગનાર હુન્નરબાજ પંડીતોની વાહવાહ કહાવેછે. એ બધું જોઇને "વેસ્ટ મીનીસટર એબ્બી" નું દેવલ જોવા ગયા. એ દેવલ પાર્લામેંટ હાઉસની નજદીકછે. એનો પેહેલો પાયો સને ૬૧૬ માં એંગલો સેકસન રાજા સીબરટે નાખીઓ હતો. પણ ત્યાર પછી

વારા ફરતી દુશ્મનોએ જેમ તે ભાંજી ના ખ્યો તેમ સ્વદેશી ઇંગ્રેજોએ તે પાછો બાંધ્યો. હાલનાં દેવલનો પાયો મેંટ એદવર્ડ ધી કનફેસર નામનો વીલાતનો સાધવો રાજા જે ઇસવી સન ૧૦૪૯ થી ૧૦૬૫ ની કાલમાં થઈ ગયો તેણે નાખેલો કેહેવાયછે. એ રાજાની ઘોર પણ એ દેવલમાં જોવામાં આવેછે. ત્યાર પછી બીજા પાદશાહોની કબરોનો તેમાં ઉમેરો થતો ચાલ્યોછે. ઇંગ્લાંડનાં પાદશાહોને તેમજ એ દેશનાં અતીધણાં વખણાયલાં માણસોને ડાટવાથી તથા તેમની યાદગારીના સ્થંભો ઉભા કરવાથી એદેવલધણું પંકાયલું છે. તેમાં ફરી આવ્યાથી આગલી તવારીખો પાછી યાદ આવેછે. એમાં પાદશાહોની ઘોરોમાં સાતમાં હેનરી રાજા (જેણે પોતાની ઓલાદને વાસ્તે તેમાં ઘણો મરમ એક "ચેપલ" બાંધી તેઓને ડાટવાની જુદી જગા કીધેલીછે.) ની ઘોર ઘણી મરમ્છે. તેની આસપાસનાં ઓરડાઓમાં તેના પછી થયલા રાજા તથા રાંણીઓની ઘોરોછે. તેમાં રાંણી એલીઝાબેઠ તથા સ્કાટલંડની રાંણી મેરી એઓની ઘોરો સારી જોવા લાયકછે. તેઓમાં આસરે ૧૦૦૦) પુતળાંઓ તથા આકારોછે. તેની બેહુ હાર ઉપર બંદગી કરવાની જગાઓ કીધેલીછે, જે " નાઈટ ઓફ ધી ઓરડર ઓફ ધી બાઠ" ના એતાબો ધરાવનારાઓને બેસવા સારૂં છે. એ બેઠકોની પીઠ ઉપર તે લોકોનાં પાહદશાહી દરજ્જાની નીશાનોની આકરતીઓછે, તથા તેનાં મથાળાં ઉપર તે લોકોનાં જુના તથા ફાટી ગયલા વાવટાઓ હજુર ટાંગેલાછે. એ ચેપલની માંબે એદવર્ડ ધી કનફેસરવાલો ચેપલ આવેછે, જે ઉપર ચઢતાં પાંચમાં હેનરીની ઘોરછે. એની પાસે અંદર જતાં દરવાજાનાં મથાળાં ઉપર ઘણે ઉંચે હેનરીએ ફ્રાન્સ દેશ જીત્યું તે વખતે એજીનકોર્ટની લડાઇમાં પોતે વાપરેલું ઘોડાનું છત અને આંગમાં પેહરેલું લોખંડી બખ્તર મુકેલાંછે. એ ઘોર ઉપર એનું પુતળું સુતેલું પાડેલું છે; તેનું દોકું જે અસલ તદન રૂપાંનું બનાવેલું હતું, તે સાતમાં હેનરીનાં વખતમાં ચોરાઈ ગયું હતું, તેથી હાલ તે દોકાં વગરનું છે. એ ઉપરાંત તેમાં એદવર્ડ ધી કનફેસર, ત્રીજો હેનરી, ત્રીજો એદવર્ડ, બીજો રીચર્ડ, એ રાજાઓની તથા બીજી ઘોરોછે. એ સઘળી ઘોરોનાં ઉપર એકક સુવાડેલું પુતળું હોયછે. એજ ઓરડામાં ઇંગ્લાંડના પાદશાહઓનો તખ્તનશીન થવાનો રાજય આસનની મસનદી ખુરશીઓ તથા ત્રીજા વીલ્યમ અને તેની જોડીદાર સુલતાના મેરી, જેઓએ એકી વખતે ભેગાં મલી રાજકારભાર ચલાવ્યો હતો, તે બંને જણ સારૂં નવીજ મોહોટી ખુરસી બે જણાને સાથે બેસાડી તખ્તનશીન કરવા સારૂં બનાવેલી તે મુકેલીછે. એ બંને ખુરસીઓ લાકડાંનીછે. પણ પેહેલેની બેઠકનો હેઠાંણામાં એક પથરો મુકેલોછે જે સ્કાટલાંડમાથી પેહેલો એદવર્ડ સને ૧૨૯૭ માં લાવ્યો હતો. એ પથર એણે જ્યારે એ શહેર તદન તાબે કીધું ત્યારે લાવ્યો હતો. કારણકે અસલ સ્કાટલંડનાં પાદશાહોના પાદશાહી નીશાનો એ પથરથીછે. તેને માટે એવી કેહણી છેકે, સ્કાચ લોકનો "પેટ્રીઆરક" એટલે મોહટા બાવો જેકબ પોતે સુવાના તકીઆ દાબ્બલ વાપરતો હતો. પેહેલા એદવર્ડ પછી જે બધા ઇંગ્લાંડનાં રાજા તથા રાંણીઓ થઈ ગયાં, તે મધે આપણી મમતા ભરેલી રાંણી વીકટોરીયા સહીત, સઘલાંને રાજયપદ સોંપી તખ્તનશીન કરતી વેળા એ ખુરસી ઉપર બેસાડયાં હતાં. એદવર્ડ પેહલાની ઘોર પણ તાંહજછે અને તે ઘોરને થોડુંક ઉપર ઉખેડી હશે તે વખતે એનું મુરદું ઘણી સારી રીતે મુગંધીથી સીંચેલું ઠીક અવસ્થામાં જલવાયલું મલ્યું હતું. તેનાં માથાં ઉપર ટીનનું ગીલીટ કીધેલું તાજ અને હાથમાં

ત્રાંબાનું ગીલીટ કરેલું રાજદંડ આપેલું હતું. એ ઉપરાંત ત્યાં બીજી ઘણી ઘોરો જોવા લાયકછે. તેમાં એક ઘોર કોઈ ગાસકોઈન નાઈટીંગગેલ તથા તેનો બઇરી-નીછે, જે ઘણી જોવા લાયકછે. એ ઘોરની હેઠાણમાં જાણે બારણું ઉઘાડીને બોહોત અરધું બહાર નીકલીને પોતાનો ભાલો નાઈટીંગગેલની બઇરી ઉપર ફેંકેછે. બચાવ કરવા તેનો વર તેણીને પોતાના બોલા ઉપર લઇને હાથ લાંબો કરેછે. એ સઘલો દેખાવ સંગેમરમરનાં પથરનો બનાવેલોછે. એ ઉપરાંત યાદગારીનાં સ્તંભો દેવાળ ઉપર તથા બારકાંબોમાં મુકેલાંછે તેબી સારા જોવા લાયકછે. ઇંગલંડના જે લડવૈયાબ્બો, કવીબ્બો, દેશહીતકારીબ્બો તથા બીજી નવી નવી શોધ કરનારાબ્બો થઇને જગતમાં વીખ્યાતી મેલવી ગયા તેમને લગતી યાદગીરીનાં તે છે. એ વતરોગે ત્યાંની કાચની રંગીન બારીબ્બો પણ ઘણી કીમતી તથા જોવા લાયકછે. એ દેવલની બાખી લંબાઈ ૫૧૩ ફુટ, પોહોળાઈ ૭૫ ફુટ, ઊંચાઈ ૧૦૨ ફુટનોછે; તેના મીનારાબ્બો ૨૨૫ ફુટ ઊંચાછે.

તા૦ ૮ મી જુન ૧૮૮૧—આજે સવારે ઇંગલાંડની ટંકસાળ જોવા ગયા હતા. જોકે એ ટંકસાળ બોહોટીછે પણ આપણા મુંબાઈના જેવાંજ સંચાકામ તથા બનાવત કામ થાયછે તેથી તેની વીગત લખતા નથી. હમો ધારીયે છૈયે કે મુંબાઈનો ટંકસાળથી હરીફાઈમાં એ ટંકસાળની બરોબરી કરી શકાય. હમો ગયા ત્યારે શીલીંગોના સીક્કા પાડતા હતા. એ ટંકસાળમાં અગલી સીકાબ્બોના છાપોનો એક સારો જમાવ કરીલોછે. ત્યાં થઇને સેંટ પાલ કેથેડરલનું નામીચું દેવલ જોવા ગયા. એ દેવલ અગલતો પ્રાચીનકાલનું ઘણું જુનું બાંધેલું છે; પણ તે વારાફરીથી ખરાબ હાલતમાં આવ્યાથી તથા બલી ગયાથી પાછું બંધાવા કરતું હતું. સને ૧૬૬૬ ની બોઠી આગમાં તે તદન બલી જવાથી એમાંનો ઇમારત સને ૧૬૭૫ માં સર ક્રીસ્ટોફર રેનનાં પલાંન પરમાંણે બંધાવા માંડી અને તે સને ૧૭૧૦ માં પુરો થઈ. એ બાંધવા પછવાડે ૭૫) લાખ રૂપીયાનો ખરચ થયો હતો, જેમાંનો બોહોટો ભાગ કોલસા ઉપર કર નાંખીને મેલવેલી આયપતનો હતો. એ દેવલ વેસ્ટ મીનીશટર એબ્બી કરતાં ઘણું બોહોટું છે અને સરસ રીતે બાંધેલું છે. એની લંબાઈ ૬૯૦ ફુટ અને પોહોળાઈ ૧૩૦ ફુટછે. પણ સૌથી સરસ તો એના મીનારાના ગુંબજછે, જે જમીનથી બાસરે ૨૨૫ ફુટ ઊંચોછે. તેને મથાળે દડો તથા ક્રોસ પેગંબરને સુલીએ લટકાબ્યો તેની નીશાણુનો કુરસછે, જેનું મથાળું ૫૨૦ ફુટ ઊચુંછે. એ દેવલને અંદરથી ઘણું સરસ રીતે સણગારીને આરાસ્ત કરેલું છે. મથાળાં ઉપર જતાં પેહેલાં એનો એક ગેલેરી ગુંબજની અંદરથી ફરતી આવેછે તેને વીસપરીંગ ગેલેરી એટલે કાનમાં હલ્લુસે ફુંક મારવાની ગેલરી કહેછે. એ ગેલેરીની બાંધણીની એવી ખુબીછેકે જો એક ગમથી કોઈ ધણીજ બાસતે સાહવે દેવાલની બાજુ તરફ બોહોડું કરીને બોલે તો બીજી ગમ બાપણી સાથે કોઈ બાસ્સી બોહટી બોલીથી વાત કરતું હોય તેમ સમજાયછે. એ ગેલેરીનો ગોલ ચક્રાવો ૧૪૦ વાર જેટલો બોહોટો હોવા છતાં એક નાંકેનું બોલેલું બીજે નાંકે સંભલાયછે, એ બડી બાચ્બાનો વાતછે. એનાં ઘડીયાલનું બાંચાકામ પણ ઉપર જતાં એક બોરડામાંથી દીસેછે. તેની ઉપર ગુંબજમાં એક ઘણો બોહોટો ઘાંટ મુકેલોછે; એ ઘાંટ જયારે રાજા તથા રાંણી બથવા કોઈ ઘણુંજ બોહોટું માણસ મરી જાયછે ત્યારે વગાડેછે. એ ઘડીયાલની ગોળાઈ ૫૭ ફીટછે. તેનો મીનીટનો કાંટો ૯ ફીટ અને ૮ ઇંચ લાંબોછે અને તે એકલો કાકાધીબાલ જેવો તોલમાં ૭૫ રતલછે;

કલાક બતાવવાનો નાહાનો કાંટો પાંચ ફીટ લાંબોછે તથા ૪૪ રતલ તોલમાંછે. તે ઘડીયાલ ઉપરનાં કલાકનાં આંકડો દેખાડનાર દસ્કતો ૨ ફીટ ૨॥ ઇંચ લાંબાછે. એ ઘડીયાલનું લોલક ૧૬ ફીટ લાંબુ અને ૧૦૮ રતલ વજનમાંછે. એનો મોહોટો ઘાંટછે જે ૪૦ ફીટ જમીનથી ઉંચો ટાંગેલોછે તેનો ફરતો ઘેર ૧૦ ફીટ વ્યાસ, ૧૦ ઇંચ જાડાઇ અને ૧૧૪૭૪ રતલ વજનમાંછે. તેનો હથોડી ૧૪૫ રતલ વજનમાંછે. એ હથોડી ઉપરથી ઊંચકાઇને તેની ઉપર ઘડીયાલના કલાક વાગેછે ત્યારે પડેછે. પણ જ્યારે કોઈ મરી જાયછે ત્યારે એ ઘાંટને હેઠાણુથી વચમે લટકતી હથોડીથી વજાડેછે, તે મરલુકની હથોડી ૧૮૦ રતલ વજનમાંછે. ઘડીયાલના ૦॥ તથા ૦॥ કલાકના બીજા બે નાધળા ઘાંટો ઉપર વાગેછે. મીનારાની અધવચમાં એક નાધળો ગેલેરી કીધેલીછે, જ્યાંથી આખા લંડન શેહેરનો દેખાવ ઘણો સરસ લાગેછે. તે એટલી તો ઊંચાઇમાં આવેલીછે કે આસપાસનાં સઘળા મીનારા તથા દેવલો તેની હેઠાણુમાં આવી ગયલા દીસેછે. એ ગેલેરી સુધી ઘણાંખરા જોનારાઓ જાયછે, પણ તેનેથી ઊંચાઇમાં એક દડો આવેલોછે, જે ઉપર જવા સારૂં છેક ભોંયતલીએથી ૬૧૬ સીડીનાં તપા ચહઢવા પડેછે. ત્યાં જવાની ૧॥ શીલીંગ જુદી લેછે અને તાંહાં ઘણુંજ થોડા જણાં જાયછે; કારણ કે ગેલેરી સુધી જતાં લોકોનો દમ ભરાઈ આવેછે. એ દડા ઉપર જવાને સીડી પણ ઘણી કઢંગીછે. હમો છેક ઉપર સુધી ગયા હતા તો ખરા; પણ ત્યાંથી બાહાર નીકલવા સારૂં લાંબા સલીઆ નજદીક નજદીકમાં ગોઠવેલા એટલે હમોથી બહાર જવાઇ શકાયું ન હતું. એ દડો જોકે નીચેથી ઘણોજ નાધળો દીસેછે, તોપી ઉપરથી ઘણો મોહોટોછે. તેની ૬) ફીટ વ્યાસ છે જેમાં ૧૨ માણસ ઉભાં રહી શકેછે. તેનું વજન ૫૬૦૦) રતલછે. તેની ઉપર કરોસછે તે ૧૫ ફીટ ઊંચો અને ૩૩૬૦) રતલ વજનમાંછે. બાહારની ગેલેરી, જેને પથરનો ગેલેરી કહેછે તેની પાસે વચેનાં ઓરડામાં એક નાકું પાડેલુંછે; જેમાથી દેવલની છેક બંદગી કરવાની જગા સુધી જોવાઈ શકાયછે. જેમ જોવાથી હેઠલનાં બાજતો તથા માણસો અતીઘણાં નાહાનાં દીસેછે. એ જોવાનું નાકું જમીનથી ૩૦૦) ફીટ ઊંચાઈમાં આવેલુંછે, એમ તે જગાનો રખેવાળ કેહેતો હતો. દેવલમાં જે આરગીનછે તે ઘણી નવાઈ જેવીછે. એ આરગીન સને ૧૬૯૪ માં બનાવી હતી; પણ ત્યાર પછી એમાં સુધારો કરીને છેક હમણાં તેનાં છુટા છુટા ભાગો જુદા કીધાછે અને તે પ્રમાણે તેનાં ત્રણ ભાગ જુદા કરીને, જે મોટો અવાજ કરવાનો ભાગ (Swell and Choir) ની આરગીન દક્ષીણ તરફ, સોલો (Solo and great) ઉત્તર તરફ, અને પગે દાબવાનો ભાગ (Pedal Organ) આરકાંઓની હેઠાણુમાં, એમ ત્રણ જુદા જુદા ભાગ એક આરગીનમાંથી કરીને દુર દુર મુકેલા છે; તેથી જાણે ત્રણ જુદી આરગીનો હોય એમ લાગેછે. હવે એ આરગીનની ધમણો તદન જુદીજ ઉગમણુ બાજુ ઉપર "ક્રીપ્ટ"ની હેઠે મુકેલીછે, અને એ ધમણો ઘણી મોહોટી હોવાથી તેમને ત્રણ યંત્રથી ચલાવેછે. ત્યાંથી પવન એક જગામાં એકઠો થાયછે કે જેને લગતી હોજ દરેક આરગીનમાં રાખવામાં આવેછે. પણ તે લાવવા સારૂં જસદનો નલીઓ પેલી ધમણવાલી જગા ઉપરથી મુકેલીછે. હવે એ જુદી જુદી વાજાંની પેટીઓ એકજ ઘણી વજાડી શકે તે સારૂં મી૦ વીલીસે એક નવી યુક્તી શોધી કાહાડીછે, અને જો કે એ વાજાંની પેટીઓના ત્રણે ભાગો એક એક કરતાં પચાસ ફીટને સુમારે દુર મુકેલાંછે તોપણ એકજ ઘણી સાવી ઠોકેછે

કે બધીગમથી તે વાગેછે. એ દેવલમાં વેસ્ટ મીનીસ્ટર એબ્બીની માફક ઇંગલીશ પાદશાહોનો ધોરો નથી તોબી બીજા કચ કંઈ વખણાયલા લોકોને અહીંયા દાટેલાછે. તેમાંના મગ્સ નમુનાઓમાં ડયુક ઓફ વેલીંગટન તથા લોર્ડ નેલશનની ધોરોછે. એ ઉપરાંત એ દેવલનાં બાંધનાર સર ક્રીસ્ટોફર રેનને પણ તાંહાં દાટેલાછે, અને વળી બીજાઓનો યાદગારીનાં સ્તંભો પણ ઘણા મુકેલાછે. જેવા કે ડાકટર સેમ્યુઅલ જોનસન તે ઇંગ્રેજી ભાશાની બેકલે હાથે ડીક્ષનેરી બનાવનાર પુરૂ મગજવાલો ટીકાકારી પંડીત, સર ચારલસ નેપીઅર, સર જોન મુર, સર રાલફ એબર ક્રોમ્બી, સર વીલીઅમ જોનસ, સર જોશુઆ રેનલડશ, માકુન્ટ સ્ટુઅરટ એલફીનસ્ટન (મુંબાઇનો આગલો ગવરનર), લોર્ડ કોર્નવાલીસ (હીંદુસ્થાનનો ગવરનર જેનરલ), લોર્ડ કેનીંગ-ઉડ ઇત્યાદીઓનાં સ્તંભો મુકેલાછે. એ દેવલ એટલું મોહોટું છે કે તેમાં દર શાલ ધરમખાતાંની સ્કુલોનાં ફંડને મદદ કરવા માટે એક ગંજાવર મેલો અથવા મેદની ભરેછે. તેમાં બહારનાં લોક જોવા આવેછે તે ઉપરાંત બીજા ૧૦,૦૦૦) છોકરાઓ અંદર બેસી શકેછે.

તા૦ ૯ મી જુન ૧૮૮૧—આજે સવારનાં ઇંગ્લાંડની બેંક જોવા ગયા હતા. એ બેંક સઉથી પેહેલી ઇંગ્લાંડમાં સને ૧૬૯૧ માં મી૦ વીલીઅમ પેતરશન નામના સ્કોચમેને સ્થાપી હતી, અને એને માટે મલવેલી સનદ પ્રમાણે સને ૧૮૩૪ સુધી કોઈ બીજી બેંક લંડનમાં સ્થાપી શકયું ન હતું. એ સ્થાપી ત્યારે તેની થાપણ પૌંડ ૧૨,૦૦,૦૦૦)ની હતી. પણ હમણાં તે વધીને તેથી બાર ઘણી થઈ ગઇછે. તેમાં ૯૦૦) માણસો કામે લાગેછે જેઓનો પગાર વરસ દહાડે પૌંડ ૨,૧૦,૦૦૦ થાયછે. એ બેંક સરકારનું કરજ જે ૭૮,૦૦,૦૦,૦૦૦) ઇકોતેર કરોડ પૌંડછે તેનો વહીવટ ચલાવેછે. તે કડાકુટ કરવાના બદલામાં સરકાર તેમને દરસાલ પૌંડ ૨,૦૦,૦૦૦) બેએ લાખ આપેછે. એનો દરરોજનો વહીવટ પૌંડ ૨૦,૦૦,૦૦૦) વીશ લાખની ઉપરનો કેહેવાયછે. એની ઈમારત જો કે ચાર એકર જમીન રોકેછે તોબી કાંઈ ભપકાદાર બાંધેલી નથી, તથા તેની બાહારની બાજુપર બારીઓ કે એવું કસું હવાની આવજાવનું નાહનું બાંણ પણ રાખેલું નથી. અંદરના ભાગના ચોકોમાંથી ઉજરડું પડેછે. જયાં હમાને જુદાં જુદાં હીસાબ રાખવાનાં ખાતાંઓ, નોટો તપાસવાનાં તથા વટાવવાનાં ખાતાંઓ, તથા તીજોરીનો ઓરડો કે જયાં નજદીક ૫૦) કરોડ રૂપીઆનો અવેજ પરાંતમાં રાખેછે તે દેખાડયું હતું. એ ઓરડાની દેવાલો ઉપર મોટાં બાનાંની કબતો કીધેલીછે, તેની અંદર જુદી જુદી જગા ઉપર નોટો, સુનાં તથા રૂપાંનાં સીક્કાના ઢેલાઓ ઇત્યાદી રાખેલાંછે. એ માંહેનું એક બાંનું ૧૦૦૦) પૌંડની નોટોવાલું દેખાડયું હતું, જેમાં ૧૫) કરોડ રૂપીયાની નોટો મુકેલી હતી. નોટોનાં જે બે બંડલનો ચોરો હમારા હાથમાં જોવાને આપ્યો તેની કીંમત એક કરોડ રૂપીઆની હતી. એ બેંકની સાખાઓ જુદે જુદે ઠેકાંણેછે. તે સાખા ગામની ચલણી નોટો પણ એ બેંક કાહાડેછે. તેનાં બાનાંઓ જુદાં જુદાં રાખેલાંછે. સોનાના સોવરેનની ઢેલીઓ ૨,૦૦૦) પૌંડ સુધીની ભરેછે, તેનાં પાછા ઢગલાઓ એ બાનામાં કરેછે. એ બાનાં કબત રોકાંછે. આસરે ૩૩ ફીટ ઊંચા અને ૨) ફીટ પોહોલાં હશે. એ જોઇને જાંહાં નાણું રોકડું બેંકમાં ભરાયછે તાંહાં ગયા હતા. એ જગા ઉપર એક સંચો મુકેલોછે, જેની ઉપર સોવરેનનો ચોરો મુકેછે, તેમાંથી એક સોવરેન આગલ ચાલીને તોલ ઉપર પડેછે. હવે જો ભારી હોય તો તે કાટો હેઠે ઇતારેછે

કે તેથી તેની હેઠાણમાં એક નાંધલી ચાંપ તેની ઉપર દાડેછે અને જેથી તે જમણી બાજુ ઉપર ખાંચામાં પડીને તાંહાં એકડા થાયછે. જો હલકો હોય તો તે કાંટો ઊંચકાયછે કે પેલી ચાંપ તેને આંચકો મારવાથી તે ડાબી બાજુનાં ખાંચામાં પડેછે. તે સઘળા તાંહાં એકડા થાયછે કે પછી તેને પાસેનાં સં-ચામાં નાંખેછે એટલે ભારી હલકાઓને કાપીને રદ કરેછે અને પછી તેને ટંકસાળમાં ગાલવા સારૂં પાછા મોકલેછે. જે ગીનીઓ વજનમાં ઓછી નીકળેછે તે ભરનારા પાસે તેનો ફેર જેટલો પડેછે તેટલું મજરે લેછે. ટંકસાળમાંથી જે સોવરેન નીકળેછે તેનો વજન હમેશાં ધારા કરતાં ૦।। ગરેન વધારે રાખેછે. તે ચાર પાંચ વરસમાં ઘસાઈને બરોબર થઈ રહેછે. પણ જો વધતાં વરસ બાહાર ચાલે તો તે ઓછો થાયછે. બીજી બેંકવાલાઓ જો તે તપાસીઆ વગર લેછે તો તેનાં ફેરનાં પૈસા બેંક ઓફ ઈંગ્લાંડ જોગ તેઓએ ભરી આપવા પડેછે. વળી સોવરેન તપાસવા સારૂં એક સાચો ધણો સરસ બનાવેલોછે, અને તેનાં જેવો દુનીઆમાં કોઈ પણ નથી એમ ગરજીથી કેહેવાયછે. એ કાંટા ઉપર બે બાજુ જોખ રતલ ૨૦૦) સુધી મુકીને સરખો કરેછે. તેમાંથી ૨૦૦) સોવરેન જે-ટલો તોલ કાહાડી નાંખીને મુકવા પછી પેલા તોલવા આવેલા સોવરેનોને ૨૦૦) ના જથ્થાથી તોલેછે અને તેમાંથી એક આઙશનો ૧૦૦૦) મો ભાગનો ફેર વ-ઠીક એક કાંટો ફરેછે તેની હીલચાલ ઉ-પરથી ઝટ માલમ પડેછે. વખતે ભુલથી એ તોલામાં એનો એક ભાગ બી તોલ વધતો મુકેછ તો કાંટો અટકી જઈને એક ધાંટનો અવાજ કરેછે. તેથી જહત દેતું માલમ પડેછે કે તોલ વધતો મુકેલોછે. એ કાંટામાં દર મીનીટે ૩૩) સોવરેન તોલાઈ શકેછે. એ ઉપરાંત સોનાના લાહા મુકવાનાં ઓરડા જોયા હતા. તે ઓરડા-માં નાંખલી ગાડીઓ ઉપર સોનાનાં લાહા મુકેલા હતા. જે લાહા ઉપર સારા આબરૂ-દાર અને વખણાયલા વેપારીઓનાં મારકાનો છાપો આવેછે, તેને તપાસતા નથી કે સોનું છે કે અંદર બીજી ધાતું ભેલેલીછે દાખલા તરીકે રાહસચાઈલડ, બેરીંગ બ્રધરસ વગેરે. પછી તે લાહાઓમાંથી નાંધલો એક કાહાડીને એ બેંકનો પોતાનો કસોટીદાર આદમી હોયછે તે તેની ઉપર કેટલા તચનું સોનું છે, તેનો તપાસ કરી કીમ્મત આંકી તે લોકોને મજરે આપેછે. એ ઉપરાંત નોટો બનાવવાનું કારખાનું હમોને બતલાવ્યું હતું. એનાં કાગજો બીજે ગામથી તૈયાર થઈને આવેછે, તેનો અંદર તે નોટોની કીમતનાં રૂપીઆનાં આંકડા ખુદ કાગજમાંજ "વાટર માર્ક"થી થઈ આવેછે; જેમ આપણી મુંબાઈની નો-ટોમાં હોયછે તેમ. ત્યારપછી દીવાં પાડેલાં તૈયાર હોયછે તે ઉપરથી સાધારણ રીતે એ કાગલ્યાંઓને સંચાપર દબાવી છાપી ધાલેછે ; તેમાં નંબર તથા નોટવાલા અ-મલદારની સહીનો સંચો બીજા નયારા અને જુદાજ ધણીઓ પાસે કામ કરાવી છપાવેછે. જેટલી નોટો છપાયછે તેટલી એક ઘડીઆલમાં રજીસ્ટર થાયછે. એક દીવસમાં એક સંચો બે હજાર નોટ છા-પેછે. એ મુજબ દરરોજની આસરે ૧૫૦૦૦ નોટો છાપવાની સરાસરી આવેછે. એ નોટો ઉપર સ્ટાંપ મારવાના દર શાલ સ્ટાંપ હાપીશને પૌંડ ૭૦૦૦) નો લાગો ભરેછે. એ જોઈને એ બેંકની આગલી રદ કી-ધેલી નોટોનું ખાતું જોવા ગયા. એમાં એવો ધારોછે કે એક વખત નોટો બાહાર જાઈને પાછી બેંકમાં આવે તો તેનો ઉ-પરની સહી કીધેલી ફાડી નાંખીને રદ ક-રેછે અને તેને બદલે દરરોજ નવી નોટો આપેછે. તેવી રદ કીધેલી નોટો પાંચ વ-રસ સુધી એકઠી કરી રાખેછે અને પછી બાલી નાંખેછે. એમ કરવાનું કારણ એ

કે નોટો લોકોની ચોરાયલી અથવા તો ઓટી બનાવેલી વખતે મલે તો જે ધણીઓનાં નામ ઉપર તે આપેલી તેની વીગત વાર નોંધાયલી હોવાથી તરત માલમ પડી આવે. એવી રીતે નોટથી પુરવારી કરી અપાયછે. એમાંની એક નોટ ૧૧૦) વરસે પાછી આવી હતી તે, તથા એક નોટ રૂપીઆ એક કરોડની કીમતની જે સરકાર સાથે લેહણુદેણુમાં આપ લે કીધેલી તે, તથા બીજી નોટ જે ધણીજ જુની હતી અને જેની કીમતનાં નાણાંની ભરપાઈ છુટે છુટે ભાગે જુદે જુદે વખતે કીધેલી, તે નવાઈ જેવી કાહણીનો નોટો હોવાથી દેખાડી હતી. એ બેંકમાં ઉપર લખ્યા મુજબ એટલી બધી ચોકાસી હોવા છતાં દરશાલ એ બેંકને પોંડ ૪૦,૦૦૦) જેટલી ફારજરીની એટલે ઓટી બનાવેલી નોટોની કીમતની ઓટ ખાતે રકમ ભરવી પડેછે. એ બેંકમાંથી બાહાર નીકલતી વખતે હમો સઘળાઓને એક છાપેલું કાગજ આપ્યું હતું જેમાં એ રદ કીધેલી નોટોની આવ જાવ કેટલીછે તેનાં સરવાયાંનો કાંઇક ખ્યાલ માત્ર માલમ પડશે. પાંચ વરસમાં છ કરોડ ને હેંસી ૮૦) લાખ નોટોનાં કટકાઓ પાછા આવ્યા હતા, જેથી ૧૩૦૦૦) બાકસો ભરાયા હતા. જે બાકસોને બાજુએ હારબંધ મુકે તો સવા બે માઇલ લંબાઇમાં થાય. જો એ નોટોનો ચોરો કરે તો ઉંચાઇમાં પાંચ માઇલ થાય અને જો તેને હારબંધ મુકે તો તેની લંબાઈ ૧૧,૦૦૦) મૈલની થાય, તથા ચોરસાઇમાં ગોઠવે તો હાઇડ પાર્ક વીસતારમાંછે તેથી જરા ઓછી થાય. એ કુલ નોટોની શુલ કીંમત ૨૨) અબજ રૂપીયાની થાયછે, તથા તેમનું સાંમટું વજન ૮૦) ટનનું થાયછે. એ જોઇને પછી એની સાંમેજ દેશાવર બાતાંનું દસ્તાવેજી બજાર જોને "ધી ફારેન સ્ટાક એક્સચેંજ" કેહેછે તે જોવા ગયા હતા. એ ઇમારતને બાહારથી દાખલ થતાં ઘણું મોટા થામલાંછે અને અંદરથી એક મોટો ચોક રાખીને ફરતી ઇમારત બેઠી ૬૦ પની સારી બાંધેલીછે. એ જગા ઉપર બાહાર દેશોની નોટો વેચ લે કરેછે, અને તે સારૂં જે દલાલો હોયછે તે લોકોને દરશાલ પોંડ ૧૦) લખે લાઇસંસ ફી ભરવી પડેછે, તેમજ થોડા ઘણા અનામત રૂપીઆ પણ "ડીપાઝીટ" માં રાખવા પડેછે કે વખતે કોઈ દગો કરે તો તેમાંથી કાપી લે. એવી અનામત ન મુકે તેને અંદર દાખલ થવા દેતા નથી. હાલ એ વહીવટ બાતાંનાં ૯૦૦) મેમબરો કેહેવાયછે.

રાયલ એગરીકલચરલ હાલમાં આજે બપોરનાં ઘોડાઓની ઉછરણી અને કેલવણનો બદનીનો "હારસ શો" જોવા ગયા હતા, જ્યાં ૩૭૯) ઘોડાઓ જોવા સારૂં મુકેલા હતા. એમાં જાત જાતનાં ઘોડા શીકાર સારૂં, ગાડી સારૂં, વાડ કુદનારા, તથા સવારીનાં ઘણું સરસ અને જોવા લાયક હતા. એને દેખાડવા સારૂં એક મોહોટું કાચનાં છાપડાંનું ઘેર બાંધેલું છે, તેની બાજુ ઉપર નાઘળાં છુટાં થાણાંના તબેલાઓછે. એ ઘોડાઓને આજે વડા રાજકુવરની રૂપસુંદરી પ્રીનસેસ ઓફ વેલ્સ જોવા આવી હતી. તેના દેખત એ ઘોડાઓને એક મોહોટાં ચોગાંન ઉપર દોડાવ્યા, ગાડીમાં તથા અસવારીમાં જોડયા, તથા પાણીની બાઇઓ કુદાવવાની કસરતમાં રોકયા હતા. એમાંના ચોકસ ઘોડાઓએ ઇનામો મેળવ્યાં હતાં, જેઓ ઘણું દેખામણુ જાણે રમતાં રમકડાં હોય તેવા લાગતાં, તથા તેઓની ચાલ ઘણી વખાણવા લાયક, અને તેમનો સ્વભાવ તે જાણે નરાધાર નીરમલ નીતરાં નીર જેવો નીરદોશ હતો. એ સરવે બાબતોની રચણા ઘણી સ્તુતી લાયક કીધી હતી. એ દેખાવમાં ગાડી ઘોડાનાં કપાણુનો બીજી રીતનો સરસામાનબી સારી રીતે ગોઠવેલો હતો.

તા૦ ૧૦ મી જુન ૧૮૮૧—આજે બપોરનાં "ઝુલોજીકલ ગારડંસ" જેને લાડમાં "ઝુ" કરીનેબી કેહછે તેમાંનો જનવરી સંગ્રહ જોવા ગયા હતા. હીયાં પશુ પંખેરાં, ચરંદાં, પરંદાં, અને દરંદાં જનવરો જે ચુનંદામાં ચુનંદાં તે લાવીને સારો હાટમાટ બનાવ્યેછે. તેમાં દરીયાઇ સીંહ, સોમવાટ અથવા દરીયાઈ ઘોડા, રાની પાડો, જંગલી દુકરો જેમાં કોઇ કોઇનો રંગ પીલો તથા મોહોડાં અજબ તરેહનાં, ઘણુજ મોહોટા અને જોરાવર આફ્રીકાના લાલ પીલા થઈ જાય એવા મસ્તાન પાડાઓ, હરણો જેમાંનાં કોઈ કોઈ તો ઘોડા કરતાં પણ મોહોટાં, કાલાં પીલાં તથા સફેદ બાલાબીછા તેમાં કોઇને આખાં કદે લંબાઇમાં ભરયાં હોયતો સાત ફીટ થાય તે, સીંહ, વાઘ, ગેંડા, હાથી, ઊંટ એ ત્રણ જાતનાં એક ખુંધનાં—બે ખુંધનાં તથા ડુમકાં કદનાં ઘેટકલાં ઊંઠડાંઓ જેમને બાકટ્રીઅન જાતનાં કેહછે તે, કોહોળાં, વરૂ, સીયાળ, જંગલી બીલાડી બે ત્રણ જાતના ચીત્તા, ઝીરાફ, આરમાદેલો જાતનું જનવર જેનાં દીલપર બાલને બદલે ઘણાં મજબુત ભીંગડાં હોયછે અને કોઈ તેને મારવા જાયછે તો તે ભીંગડાંથી તેનો બચાવ કરેછે તે, કીડી ખાનારાં જનવર જે ઘણાં લાંબાં આવેછે, તથા તેમનું દોકું પણ લાંબું હોયછે કે જેથી તેઓ પોતીકી લાંબી જીભ કીડીનાં દરમા મુકેછે, એટલે કીડીઓ તે ઉપર વલગેછે અને તે મોહોડામાં લઇને ગલી જાયછે તે, ઉડતી બીલેરી, જેને આગલા તથા પાછલા પગની વચમેથી ચામડાંનો પડદો રહેછે, જેથી એક ઝાડપરથી બીજાં ઝાડ ઉપર ઉડતી ઉડતી ઠેકડા દેતીજ કે કુદી શકેછે તે, કાશમીરનાં બકરાંઓ, વાંદરા, સીસોલીયાં, જાત જાતના જંગલી જનાવરો, આસ્ત્રેલીઆનાં કુતરાઓ, ઓપોસમસ, ઑટર્સ, કેંગેરૂ ૭) ફીટ સુધીનાં ઊંચાં, ઉપરાંત બીજી ઘણી જાતનાં જનવરો હતાં. જાત જાતની માછલીઓ પણ હતી. તેમાં કોઇનું પુછડું તથા દોકું એટલું તો પાસે પાસે સાથે ભેલાઈ ગયલું કે માલમ પડે નહી અને બે માછલીઓ તેમનાં વલગણથી જાણે જોડમછીઉ બન્યું હોય એમ લાગે. તરેહ તરેહનાં સાપ ઇત્યાદી પેટે ચાલનાર પ્રાણી પણ બકાત નહીં હતાં. હમોને સઘળું જોતાં વગર થાબવે હલેસ હલેસ કરીને ચાલતાં ચોખ્ખા ચાર કલાક લાગા હતા. એટલી જાતનો જનાંવરોનો સંગ્રહ તાંહાં કીધેલોછે.

આજે રાતનાં "રાયલ એકવેરીયમ" એટલે બાદશાહી જલસ્થાન જોવાને હમારી સ્વારી પધારી હતી. એ જગ્યામાં કાચના ઢાંકણમાં જીવતી માછલી રાખ્યા ઉપરવારી વલી તાલીમ કસરતની તથા બીજાં હસવાનાં નાટકોની ઢોંગી સોંગી રમતો થાયછે. એક છોકરી જે અફાગ તરનારી હતી તેણીએ પણ પોતાનો તરવાનો હુનર બતાવ્યો હતો. કબી પોલકા તથા વૉલઝના ડાન્સો નાચતી પાણીમાં તરતી, કબી હાથ પગ બાંધીને જાણે એક મુડદું હોય તેમ તરતી. બીજા એક અઢંગ તરનાર મરદની સાથે પગમાં પગ ભેરવીને બંન્નોજણ ગોળ ચકરીઓ ખાતાં હતાં. તેમજ માણસ દુબી જાયછે તેને શી રીતે બાહાર કાહાડેછે તે તથા બીજી ઘણીએક ગમતો અચરતીમાં નાખે એવી રીતે તેઓએ કીધી હતી. કસરતની રમત કરનારા છોકરાઓ પણ ઘણા હુંશીઆર હતા, તથા માછલાઓ કોઈ કોઈ ઘણી સારી જોવા લાયક હતી.

તા૦ ૧૧ મી જુન ૧૮૮૧—આજે સવારનાં "રાયલ એકેડમી" ની વીખ્યાત બાદશાહી ચીત્રશાલા તથા તે બાદ બપોરને અમલે "ગ્રોસવેનર્સ ગેારટ્રેટ ગેલરી" ની મુલાકાતે ગયા. ઉસતાદ ચીતારનાઓનાં હાથની તસવીરો એ બન્ને ઠેકણે

જોવા લાયક હતી. તેમાં પેહેલામાં ૧૫૭૧ અને બીજામાં ૩૨૫ ચીત્રો ઉપરાંત પુતળાંઓ ઘણું હતાં. એ પેહેલી એકેડેમી સરકારીછે અને ત્યાં ઘણું સરસ પીકચરોછે ને જો કે પાછલી ગેલેરીમાં કોઈ કોઈ સારી તસવીરોછે, પણ એકેડેમીને પોહોંચે નહીં. એ બેહું જોતાં છેક સાંજ પડી હતી.

રાતનાં સાત વાગે મેડમ તુશાડનું મીણનાં પુતળાંઓનું સંગ્રહસ્થાન જોવા ગયા હતા. એમાં મીણનાં પુતળાં આબેહુબ જાણીતાં માણસોની આકૃતીનાં છેત્રાઈ જાયે તેવાં ખરેખર બનાવીને મુકેલાં હતાં કે જે જોઇને આપણે ઠગાયા વીનાં રહીયે નહીં. એમાં ઈંગ્લાંડનાં સઘળા પાદશાહો તથા રાંણીઓ તથા કાબુલની લડાઇનાં જાણીતા જનરાલો રોબરટસ બરોઝ, ફેર, અંગ્રેજ એલચી લુઈ કેવેનરી, કાબુલી અમીર શેરઅલી, તેનો દીકરો તે પાછલથી પદભ્રષ્ટ અમીર યાકુબખાંન, ભોપાલની રાંણી, વડોદરાનો ગાયકવાડ, નાટક ગુરૂ શેકસપીઅર, કવી બાયરન, કલમકશ દીકનસ, પોપ પાયસ નવમો, તથા હમણાનો તેની પાછલનો હયાત પોપ, વાટરલુનો પરાણ ડયુક ઓફ વેલીંગટન, યુરોપનો રજપુત નેપોલીઅન બોનાપારટ, છેલો ફ્રેંચ બાદશાહ લુઈ નેપોલીઅન, તેની પ્રીયા સદગુણી યુજીનીને પેટનો રાજવંસી છોકરો પરીનસ ઈમપીરીઅલ જે જુલુની લડાઇમાં મારયો ગયો તે મરાતી જતી વખતને ઘોડાપર જેવી ઢપથી બેસવા જતો હતો તેવી ઢપ સુધાં, ઇરીઆનો શેહેનશાહ જે હમણાં નીહીલીસ્ટોનાં કાવત્રાંખાજ દારૂખાનાથી ઉડયો ગયો તેનું મુડદું જેમ મેહલ ખાતે સુવારેલું તેમજ, તેની આગલ તેનો છોકરો તે હાલનો શેહેનશાહ, રાંણીજીનો બીજો પુત્ર ડયુક ઓફ એડીનબરો, તેની બાજરી રૂમ્યાન મુલકની શાહનશાહજાદી તથા બીજાંઓને ઉભા રાખેલાં, એ સઘલાં મીણનાં પુતલાં આબેહુબ કલા કૌશલથી બનાવેલાં હતાં. પાર્લામેંટના સભાસદોનાં તથા અમેરીકાનાં રાજના પ્રમુખો જેઓ પ્રેસીડંટનાં હલકાબથી આશકારછે તેમનાં પણ પુતલાં પાડયાં હતાં. એ બધાંમાં સહુથી સરસ એક ઔરતનું પુતળું સુવાડેલું છે તેછે. તેમાં અંદર કીમખ લગાવી કારીગરીથી સંચાકામ એવું કરયું છે કે જાણે જીવતું માણસ સુધને ઊંઘમાં દમ લેછે તેમ દમ લેતું દીસતું હતું. નજદીક એક સીપાહી ઉભો રાખેલોછે તે એવો તો આબેહુબ છે કે હમારા માંનો એકજણ ઠગાઇને તેની સાથે વાત કરવા ઉભો રહયો. પછી માલમ પડયું કે તે પુતળુંછે. એ પુતળાંઓ એવાં કટોકટની નકલ્યાતથી બનાવેલાંછે કે લોકોની ડાઢી બોડેલી હોયછે તેને જાણે બે ત્રણ દાહડા થતાં વેત ઝીણું ઝીણું નીમાલાના જે ખુપરા ઉગે તે પણ દીસેછે. આપણે અતીધણું નજદીક જવા છતાંપી એ ચીજો મીણની બનાવેલીછે એવું દીસતું નથી. લાગેછે કે જાણે હમણું બોય અબી આપણી સાથે વાત કરશે. કોઈ કોઈ પુતળાંઓને લોકોની બેસવાની બેઠકો ઉપર છુટાં મુકેલાંછે, તેથી જાણે કોઈ જીવતું આદમીજ બેઠેલું હોય તેમ લાગેછે. ડયુક ઓફ વેલીંગટનને જે ચાંનનાં બેતાબો મલ્યા હતા તે એક કાચનાં ઢાંકણમાં બોટા હીરાનાં બનાવીને મુકેલાછે. તેનાં નંબરો ઉપરથી ગણત્રી લઈ શકાયછે કે એ નામદારને ૬૩) બેતાબો તથા ચાનો મલ્યા હતા. એક બાજુ ઉપર જુદા ઔરડાઓ કીધેલાછે જેને ધામની ધુજરીના ઔરડાનું નામ આપેલું છે. હીંયાં ફાસી દેવાનાં લાકડાં, ગરદન મારવાની ફ્રેંચ ઢપનાં છરા ઢોમડાંની સન ૧૭૯૩ માં નીકલેલી ગીલોટીન નામની ધાટકી યુકતીનો માંચરો, ફાંસી ગયલાં માણસો તથા વખણાયલા ચોરો અને ખુનીઓનાં પુતળા રાખેલાંછે. એક ગી-

લાટીન ત્યાં મુકેલીછે તેથી ૨૨,૦૦૦) માણસોને ગરદન મારયા હતા. એ ઉપરાંત દેશ દેશનાં ગુનેહગારોને રીબાવીને શીક્ષા કરેછે તેમને લગતા દેખાવની આરસી-ઓછે. વખણાયલા લોકો જેઓ જંમરા-જાનાં કાલચક્રમાં મરી છુટયાં હોય તેમનાં બાલો, તેઓના પેહેરેલા દગલા તથા બીજાં કપડાં પણ ઘણાં રાખેલાંછે. એ ઉપરાંત જુની ગાડીઓ, હથીયારો ઇત્યાદી એકઠું કરેલું છે. તેની જો વીગત લખીયે તો ઘણું લંબાણ થઈ જાય. પણ એટલું તો લખવું બસુસ ઘટમાનછે કે એ પુતળાં બનાવવામાં ઘણી ઉમદા ભાંતની કારીગરી બતાવેલીછે. તે લોકોનાં પોશાકો (રેશમી તથા કસબી) બરાં હોય એમ દીસતાં, ઓટાં બનાવતી બખેરાતો, બેહકો, પડદાઓ, ઇત્યાદીની ટીપણ ટાપણ ઉપર પણ બચીત ભારે બરચ લાગ્યો હશે. એ સઘલું જોવા લાયકછે. હમો નજદીક બે કલાક ત્યાં ફરયા તોપણ બરાબર બધું જોઈ શકયા નહીં. કારણ કે એ સંગ્રહસ્થાન ઘણું મોટું છે. એ મેડમ તુશાડ સ્વીટઝરલાંડ દેશમાં જ-નમેલી હતી. પણ ફ્રાંન્સમાં પુતળાં બના-વવાનું કામ તે શીખી હતી અને ત્યાર પછી તે સોલમાં લુઈની બેહનને શીખવવા રહી હતી. પાછલથી પોતાનાં હાથે પુતળાં બનાવીને દેશેદેશ તે દેખાડવા લાગી અને છેલ્લે અંતે પોતાની કારીગીરીનું લંડનમાં બેકર સ્ટ્રીટમા સને ૧૮૪૦ માં સંગ્રહ-સ્થાન ઉઘાડીને પાછલથી ઉદ્યોગી ચંચલા સને ૧૮૫૦ માં મરણ પામી હતી. ત્યાર પછી તેણીનાં છોકરાઓ એ સંગ્રહસ્થાન ચલાવેછે અને દરશાલ તેમાં નવો નવો કંઈ નહી ને કંઈપણ ઉમેરો કરતા જાયછે.

તા૦ ૧૨ મી જુન ૧૮૮૧—આજે સવારનાં કલ્યોપેટ્રાઝ નીડલ નામનો સ્થંભ જે છેક બજીપ્તથી અતરે લાવીને મુકેલીછે તે જોવા ગયા હતા. એ થંભ એકજ અખંડ પથરાનો બનાવેલો ૬૮૦ ફીટ ઊંચોછે. લાલ ગ્રેનાઈટ જાતનો એ પડરોછે. તેની ઉપર હાયરોગ્લીફીકના જાનવરી આ-કારના ચુપચુપ્યા છુપા દસકતની કોત્રામણી કરેલીછે. એ થંભ ૮) ફીટ પોહોલાઇમાં તથા ૧૮૦) ટણ વજનમાંછે. તેની બેઠક ૧૮૦ ફીટ ઊંચાઈની બાંધીને તેને ટેમ્સ નદીનાં કીનારા ઉપર એક બાજુથી મુકે-લોછે. એની ઉપરનાં કોતરેલા દસ્કતોનાં અરથ નીચે મુજબછે—

"આએ થંભને શુધ્ધિ બાતે પથરમાં-થી કોતરીઓ હતો. તેને "ઓન" (હેલી-ઓ પોલીશ)માં ફેરો Pharoah તોઠી-મશ તરીજનએ (એ ઘણી ક્રાઇસ્ટની અગાઉ ૧૫૦૦) વરસ ઉપર થઈ ગયો હતો) ઉભો કીધો હતો."

એ રીતે એ પ્રાચીન થંભને હસ્તીમાં આવ્યાને આજે નજદીક એક જમાનો વીટવા આવ્યોછે, એટલે ૩૩૮૦) વરસ થયાંછે. એ થંભ ઘણી મુદ્દી સુધી એલેકઝાંડ્રીયાની રેતીમાં છો પડી રહ્યો હતો. એને ગ્રીક વંશના વખતમાં એ જગ્યા ઉપર કલીયોપેટરા રાંણીએ લાવીને આગસ્ટસ સીઝરનાં આઠમાં વરસમાં યાને આજે ૧૯૦૩) વરસની વાત ઉપર ગોઠવ્યો હતો. પાછલથી સને ૧૮૧૯ માં ઇજીપ્તની લડાઈમાં અંગ્રેજો જીત્યા તેની યાદગારી દાખલ ઇજીપ્તના વાઇસિરાય અથવા સરશુબા મહમદ અલીએ અંગ્રેજી પ્રજાને તે ભેટ સોગાદમાં દીધો હતો. તે મીસર બાતે પડયો પડયો ૧૮૭૯ સુધી રહ્યો. પણ એ વરસમાં એક અંગ્રેજ મી૦ ધરાઝમસ વી-લસને ૧૦,૦૦૦) પૌંડ બરચીને તેને અ-તરે મંગાવી ઉભો કીધોછે. એને લાવવા સારૂં એક લોખંડનું મોટું ભુંગરૂં બ-નાવીને તેમાં તે મુકયો અને લાંબા સા-તકા જેવાં લાકડાંનાં પેઢયાંમાં લટકતો બાંધીને તેને અતરે આણવા કાજે વાહણે ચઢાવ્યો હતો. પણ રસ્તામાં સ્પેન દેશની સરહદમાં આવેલા બીસ્કેના અખાતમાં

મજબૂર તોપાંન લાગાથી તેને છોડી દીધો હતો ; કે જ્યાંજ તેને આજ પર્યંત રામ-ખોલો થઈ સુઈ રેહવાની વકી હતી. પણ પાછલથી મોહટી રંજ અને જેહમત વેઠીને તેને ધસડી આણ્યો હતો. એની સઘલી વ્યવસ્થા તપાસ્વા બાદ એજ જગોની નજદીકમાં વેર્નીંગટન બંદર ઉપરથી નાંધલી સ્ટીમરો ફરેછે તેમાં રીચમંડ કરીને સોલ માઇલ પર ગામછે ત્યાં ગયા હતા. જતાં ૨॥ કલાક લાગા હતા. રસ્તામાં ઘણુ માઇલ સુધી વેપારનાં ડંકાઓ તથા વખારો મલ્યા કીધી હતી. ટેમ્સ નદીનાં ઘણાં પુલોનાં તલીયાં પણ પસાર કીધાં હતાં. એ પુલો બધા એકબીજાથી જુદી તરેહનાં રોનકદાર બાંધેલાછે. આસપાસનો દેખાવ પણ સારો હતો અને કીનારેનાં ઘરો પણ ખુલ્લાં મોટાં હતાં. રીચમંડમાં પુગા તેવાજ સ્ટાર એંડ ગારટર હોટેલ કે જે ત્યાં ઘણું વખણાયલું છે ત્યાં ગયા. રીચમંડનું ગામ બાહાર રસ્તાપરથી સારૂં લાગેછે. ત્યાંની ઈમારતો લંડનનાં શુબરબશાનો બાંધકામને મલતી આવેછે. પણ રસ્તાઓ એ રાજયધામ જેટલા સરસ હાલતમાં નથી. હમો કયુ ગારડન નામનો સરકારી મોટો બાગ જે હયાંથી બે માઇલ જેટલો દુરછે તે જોવા ગયા. એ બાગ ઇંગ્લાંડમાં સૌથી સરસ નામીચોછે અને તે સર જોશફ ડી હુકર નામના મોટા માલીની રખેવાલી તલે રાખેલોછે. એ બાગનો વીસતાર આઠ માઇલનોછે. તેમાં જુદાં જુદાં કાચનાં ઘરો ઝાડો સારૂં જુદી જુદી ડીગ્રીની હવા જેમ માફક આવે તેમ ઉતપંત કરવાની બારી રાખીને બાંધેલાંછે. તેમાં તરેહ તરેહનાં ફુલોનાં ઝાડો તથા ગરમ દેશમાં ઉગનારાં ઝાડોને ઉગાડેલાંછે. એ ઝાડો ઘણી તરેહનાં તથા જોવા લાયકછે. એ ઉપરાંત વનસ્પતીનો સંગ્રહ કરવા સારૂં બે જુદાં જુદાં ઘરો બેથી ત્રણ માલનાં બાંધેલાંછે. ઝાડો મુકવાનાં કાચનાં ઘરો દશછે તેમાં કોઈ કોઈ ઘણું મોટાંછે. એક ઘર જોને "પામ હાઉસ" એટલે ખજુરી, નાળ્યરી, તાર વગેરે છજયાં સાથ ઉગનારાં ઝાડોની ઉગવણ માટેનું ઘર કે-હછે તે ૩૬૨) ફીટ લાંબું, ૧૦૦) ફીટ પોહોલું, અને ૬૬) ફીટ ઊંચુંછે. તેમાં હમેશાં બાફની નલીઓ મુકીને હેસી અંશ શુધી હરમોમીટરનો પારો ચઢે તેટલી ગરમી રાખેછે. એક બીજું કાચનું ઘર બંધાયછે તેની ઉપર ૩૦,૦૦૦) પોંડનો ખરચ થશે. તે ૫૮૨) ફીટ લાંબુ, ૧૩૭) ફીટ પોહોલું, અને ૬૦) ફીટ ઊંચું થશે. એ ઉપરાંત એક મીનારો અથવા "પગોડા" ચીનમાં બંધાયછે તેવો બાંધેલોછે; જોને દશ માલછે. એ ૧૬૫) ફીટ ઊંચોછે, એની ઉપર લોઢો દસ્કતો તથા નામો કોતરી ખરાબ કરેછે તેથી બાસ રજામંદી વના તેમાં જવાની મનાઇછે.

તા૦ ૧૩ મી જુન ૧૮૮૧—આજે સુવારનાં "સોસાયટી ઓફ આરટસ" જોન સ્ટ્રીટમાં જોવા ગયા હતા. એ જગા ઉપર થોડાંક ચીત્રો શીવાય બીજું કાંઈ જોવાનું ન હતું તેથી હમો ત્યાંથી નીકલીને યુનાઇટેડ સરવીસ મ્યુઝીઅમનું સંગ્રહસ્થાન જોવા ગયા હતા. એ જગા ઉપર લડાઇને લગતાં દરયા વરધી તેમજ રણક્ષેત્રના રાજ ધજનાં હથીયારો, પલાનો, ગામેગામનાં બીજાં દેશોનાં લડાઇનાં હથીયારો, બખ્તરો, ઇત્યાદી મુકેલાંછે. તે ઉપરાંત લડાઇઓને લગતી બીજી ચીજો પણ ઘણીછે. તેમાં રાજય પરતીનીધી ક્રોમવેલની તલવાર, લાર્ડ નેલસનની તલવાર, કપતાન કુકનું કરોનોમીટર યાને કાલમાપક યંત્ર, ચીનનો મોટો ધાંટ જે અને ૧૮૪૧ ની લડાઇમાં લાવ્યા હતા, આકમાં હેનરી રાજના વખતમાં લડાઇમાં વહાણો દુબી ગયલાં તે માંહેલી તોપો, સર જોન ફ્રાંકલીન ઉત્તર ધ્રુવ સોધવા ગયો હતો ત્યાં મરી ગયો તેની યાદગીરીની ત્યાંથી મલેલી ચીજો, ટીપુ

સુલતાંનનો પોશાક, બરમાં દેશનાં સફેદ હાથીનો દાંત જે દાંત ઉપર હાથીનાં જીવતાં જીવતમાંજ નકશીકામ તથા પુતળાંઓ કોતરી તેની સુંઢ વીચીત્ર બનાવી હતી, ચીન દેશમાં આગલ મીસીશ નોબલ નામની એક ઓરતને એક નાંધલું પીજરૂં જેમાં માણસ આકું બેસી શકે તેટલી જગાછે તેમાં કેદ કીધી હતી તે, શીદાનની લડાઇમાં કેદી શેનશાહ નેપોલીયન તથા જરમન મુખ્ય મંત્રી પ્રીંન્સ બીસમારક જે ખુરસીપર બેઠા હતા તે નેતરની ભરેલી નાહની ખુરસી, નેપોલીયન બોનાપારટ સેન્ટ હેલીનામાં કેદ હતો ત્યારે જે પેટી પોતે લખવાનાં કારણસર વાપરતો હતો તે તથા વાટરલુની લડાઇમાં એ પેહલવાન જે ઘોડા ઉપર બેઠેલો હતો તે ઘોડાનું હાડ પાંજરૂં, કરીમીઆની લડાઇમાં જે લશકર ગયું હતું તેમાંની એક પલટણ સાથે ગયલો કુતરો જે તે વખતની રૂશીઆ સાથની બધી લડાઇમાં હાજર હતો તે કુતરાનું ચરમાકરતી પંજર, નેપોલીયન બોનાપારટ મોસ્કોથી પાછું હટી પડતાં જે બધો તોપો છોડી દેવી પડી હતી તે તોપોના મોસ્કોમાં કીધેલા મીનારા ઉપરથી નકલયાત ઉતારીને સંગેમરમરનો આઠ માળાવાલો બનાવેલો સ્થંભ, ઉપરાંત બધી જાતની તોપો જે હાલ વપરાસમાં આવેછે તે, તથા તેના નાંધલા નમુના પણ રાખેલાછે. બીજી ઘણી ચીજો લડાઇઓની નીશાનોની પણ જલવી રાખીછે. એક તોપનો ગોળો ઘણોજ મોહોટો હતો તે તદન ગોળ હતો અને તેનો વ્યાસ આસરે ત્રણ ફુટની ઉપરનો હશે. જયારે તેમાં દારૂ ભરેછે ત્યારે તેનું વજન એક ટનનું થાયછે. એક બીજો ગોળો મહ્યાલોછે જે આસરે ચાર ફીટ લાંબો અને પોણો ફુટ વ્યાસમાંછે. તેમાં ૬૦૦) રતલ દારૂ ભરી શકાયછે. એ ઉપરાંત નવી તરાંહની તોપો જેમાં "ગેટલીંગ ગન" કે જે રીવોલવરની માફક ફરેછે, અને જેની અંદર દારૂગોળાની કારતુસો એક પતરાંનાં ઢાંકણમાં ૪૦) નંગ ભરીને તેમાં પછવાડેથી ભરેછે, અને પછી એક ચક્કર ફેરવતાં વેતાં તેઓ ઉપરાં બાપરી જલદી જલદી ચઉદ પલના ટુંક અરસામાં બાહઠ ગોલા ફેંકવા જેટલી જડફ દઇ શકાયછે તે પણ તયાં હતી. બીજી એક નાંધલી તોપ કીધેલીછે તેમાં કોઈ વહાંણ બરાબા ઉપર ચડયું હોય અને તોફાનની વખતે તેમાંથી માણસોને બચાવાનાં હોય, અને વાહણપર દરયાની મસ્તીના ઉછાલાને લીધે જવાઈ શકાય નહીં તો તે તોપમાં કીનારાપરથી એક ખાલી ગોળો ભરીને ફેંકે કે અંદર કપી ઉપર દોરી વીતાલેલી તે વાટમાં છોડતો છોડતો જઇને પેલાં કમનસીબ બારકસપર લાધેછે. એ દોરીથી એક બાજુપરથી બીજી બાજુપર જવાઈ શકાવાથી તે બરાબાપર ચડેલા વહાણનાં માણસોનો બચાવ થાયછે. વળી એક નાંધલું જેવું બોધઉં લોખંડનું કીધેલુંછે. જેનાં મથાળાં ઉપર એક ફાનસ તથા બાકસ રાખેલાછે કે કોઈ વખતે કોઈ વહાણ કે મનવાર ભાગી જાય તો પેલાં બાકસ અંદર જહજમાંનાં સરવે કાગજોમાં મુકીને પેલું ફાનસ સલગાવી બોધઉં દરીયામાં તરતું છોડી દેય તો તે કાગજોમાં કોઈ બીજાને હાથ પોહોતાથી બનચે. એનું નામ "મેસેંજર બોટ" એટલે પેગામચી મછવો કરી બોલાવેલુંછે. એ ઉપરાંત બીજી ઘણી તોપો ત્યાં મુકેલીછે. વળી એ જગાપર લશકરનાં તથા મનવારનાં અમલદારો સારૂં બાશાણો માટે એક દીવાનખાંનું કરયુંછે. જયાં વારા ફરતી લડાઇઓની બાબત ઘણા હુશીયાર અને વખણાયલા અમલદારો ભાષણો કરેછે, અને લોકોને સમજાવવા સારૂ ગામેગામનાં નકશાઓ તથા પલાનો પાડી રજુ રાખેછે, કે જેથી એ શીખવા ઉપરાંત તે દેશ સાથે લડાઇ થાય તો તેનો કીલ્લો તથા બીજી બચાવની

જગા એ પલાનો તથા નકશા ઉપરથી માલમ પડે. વળી લડાઇને વખતે લશકર કેમ રાખવું, કીલાઓ કેમ ઉડારવા તથા દુશમનને હાથ ઉડી જતાં બચાવવા તેના પલાનો તથા નમુના કીધેલાછે. વાટરલુ તથા ત્રેફાલગરની લડાઇનું મેદાન જે લડવાઇઆઓથી હલમલ્યું હતું તેના પણ ઘણા મોટા નમુના આબેહુબ બનાવીને તે લડાઈ શી રીતની યુકતીથી જીત્યા તે દેખાડેલું છે. એ શીવાય એક જણે એક નાધલું વાહણ રમકડાં જેવું બનાવીને તેને પેચથી છુટું પાડવાનો સંચો રચી એક સાંકડી દોકના સીસામાં તે છુટા છુટા કટકાઓની સાંધણા ગોઠવીને પાછું આખું વાહાણ આબેહુબ બનાવી ત્યાં જોવા મુકયું છે. દરયા વરધી લડાઇનાં જાણીતાં બારકસોના લાકડાંના નમુનાઓ તેની પેટાખાનાંની ગોઠવણીની રચાવટ સહીત કંઈ ઘણા ઘણા એ સંગ્રહમાં રાખ્યાછે. યુરોપખંડનાં દેશોનાં લશકરનાં સીપાહીઓનાં પોશાક તથા ઇંગ્લાંડને હસ્તકના બધા દેશોના લશકરી માણસોનાં પોશાક મનુશ કદનાં આખાં પુતળાંઓને પેહેરાવીને ઉભાં રાખેલાછે, તથા અંગ્રેજોએ કીધેલી લડાઇઓમાં જીતી લાવેલા દેશ દેશનાં વાવટાઓ દેવાલ ઉપર ટાંગેલાછે. જંગલી લડાયક લોકોનાં હથીયારો તથા બખ્તરોનો પણ મોટો અને જોવા લાયક સંગ્રહ કીધેલોછે, તથા બીજી લડાઇઓને લગતી ચીજો એટલી તો છે કે જેનું બયાન કરી શકવું મુશકેલછે. એ મ્યુઝીયમ ઘણુંજ જોવા લાયકછે.

એનો ઠીક લાહવો લઇને વલતા બપોરનાં બ્રીતીશ મ્યુજીયમ જોવા ગયા હતા. એ સંગ્રહસ્થાનની ઇમારત અતીઘણી કુશાદગીવાલી મોટીછે. તેની અંદર એક ઘણીજ મોટ્ટી લાઇબરેરી અથવા કીતાબખાનું, જનવરોનાં ચરમાકરતી પંજર સંગ્રહ, પુતળાં, જુના સીક્કાઓ, અગલની ઇમારતોની કારીગરીનાં નમુનાઓ, ઇત્યાદી નો ઘણોજ મોહોટો જમાવ કીધેલોછે. એ સંગ્રહસ્થાનની ઉતપત્તી સર હેનશ સ્લોનથી થઈ હતી. એ ધણીએ પોતાનાં વસીયતનામામાં પોતાનું કીતાબખાંનું તથા બીજો સંગ્રહ જેના ઉપર તેને પચાસ હજર પૌંડની લાગત બેઠી હતી તે ઇંગ્લાંડની સરકાર, જો ૨૦,૦૦૦) પૌંડે વેચાતી લેવતો આપવા લખ્યું હતું. તેથી તે તક હાથમાંથી નહીં જવા દેતાં પાર્લામેંટ એકકામતી એકાજતી વેચાંણ પાકું કરયું, અને સન ૧૭૫૩ નાં શાલમાં એક એલાહદી ઇમારત બાંધી તેમાં એ વસ્તુઓની સાથે ઇંગ્લાંડની રૈયતને અરપણ કરેલી હારલીયન "મનુસ્કીપ્ટસ" નામનાં હાથનાં લખેલાં પુસ્તકો તથા સર જોન કાટનનું કીતાબખાનું ઉમેરીને મુકી હતી. એની અંદર પાછલથી બીજાઓ વસીયત લખી પોતાની ચોપડીઓ વારસામાં આપતા ગયા, અને ત્રીજા જોરજે તેમાં મીસર દેશની પ્રાચીનકાલની જીણસો સને ૧૮૦૧ માં આપી હતી તેથી તે મધલાંના સમાવેશ સારૂં એ ઇમારત વધારવી પડી હતી. પાછલથા ચોથા જયોર્જે સને ૧૮૨૩ માં પોતાના બાપ ત્રીજા જયોર્જનું કીતાબખાનું જેમાં ૮૦,૦૦૦) પુસ્તકો (Volumes) હતાં તે આપ્યું ત્યારે એ અગલ ઇમારત રદ કરી તેની જગે ૧૮૨૩ થી ૧૮૫૨ સુધીમાં એક નવી ઇમારત ઉભાવી તૈયાર કરી હતી જે હાલ હજુર સુધી વપરાયછે. ઘણા લોક એ મ્યુઝીયમ જોવા જાયછે. સને ૧૮૭૭ માં નજદીક ૭) લાખ માણસો જોવા ગયાં હતાં એવી ગણતરી થઇ હતી. હમો પેહેલાં લાઇબ્રેરી જોવા ગયા હતા. અહીંયા બીજા ઘણા લોકો વાંચવા આવવાથી બાહારનાં લોકોને અંદર દાખલ થવા દેતા નથી પણ રજા લેવી પડેછે. હમોએ ત્યાંનાં શેકરેટરી પાસે, બીજા દેશના લોકો છઇયે એવું કહીને, રજા માગવાથી તેણે પોતાનું માણસ હમોને ભોમ્યા તરીકે સાથ

આપ્યું હતું. એ લાઇબ્રેરીનો વાંચવાનો ઓરડો તદ્દન ગોળછે અને તેને માથે ઊંચો ગુંબજ ઘણો રોનકદાર તથા ઉજરડું આપે એવો બાંધેલોછે. એ હૉલની વ્યાસ ૧૪૦) ફીટનીછે. અને તેના કાચનાં છાપરાંના ગુંબજની ઊંચાઈ ૧૦૬) ફીટનીછે. એ વાંચવાનો હૉલ સને ૧૮૫૫–૫૭ માં ૫'૬૨ લાખ રૂપીયા ખરચીને બાંધ્યો હતો. એમાં વીજલીની રોશનીથી લાઇટ કરીને સરાસરી દરરોજ ૬૦૦) વાંચવા આવનારાઓની સગવડ અહીંયાં સાચવવામાં આવેછે. એ લાઇબ્રેરીનાં વડાને અરજી કરવાથી વગર ફી લેવે વાંચનાર સજ્જનોને વાંચવા જવાની છુટ મલેછે. એની બધી બાજુઓપર ચાર માલ જેટલા ઊંચા ઊંચા થર કરીને ચોપડીઓ ગોઠવેલીછે, અને વચમાં હારબંધ ટેબલોપર વાંચનારા બેસેછે. એ ગોળ ઓરડાની ચાર ખુણે બીજા પાછલથી ચાર મોટા ખુણાં રોકા ઓરડા કીધાછે અને વલી તે ચારેની વચમાં મોટી મોટી ચોરસી ગેલેરીઓ કીધેલીછે. એ ચોરસ ગેલેરીની પછવાડે પણ મોટા લાંબા ઓરડાઓ કીધેલાછે, અને તે સઘલામાં ચારથી વધારે મજલા સુધીનાં ચોપડીનાં ઢગલા મુકેલાછે. એ મુજબની ઘણી મોટી અજાયબ લાઇબ્રેરીછે. તેની અંદરની ચોપડીઓના કેટલગના નજદીક ૩,૦૦૦) ઉપર તો વાલમછે. જો કે એ બધી ચોપડીઓની ચોકસ ગણત્રી જાણ્યા મુજબ નથી, તોપણ તેનો રખેવાળ કહેતો હતો કે નજદીક ૩૦)થી૪૦) લાખ ચોપડીઓ તેમાંછે. પરંતુ લાઇબ્રેરીને લગતી ગાઇડ બુકમાં છાપેલી ચોપડીઓનાં તેર લાખ વૉલ્યુમો અને હાથની લખેલી ચોપડીઓનાં પચાસ હજાર વૉલ્યુમો લખેછે. એ છેલામાં ૮,૫૦૦) વૉલ્યુમો ઓરીયંટલ ભાષામાં લખેલીછે. તે ઉપરાંત ૪૫,૦૦૦) ચાર્ટરશ, બાદશાહી તથા નવાબી લેખો અને સનદી ખતપત્રો તથા નજદીક ૭૦૦૦) સીલો અને સીલનાં ઠસ્સાઓ, અને એક સેંકડા નંગથી ઉપર સંખ્યાનાં તો ગ્રીક કોપટીક અને લેઠીન પેપરી(Papyri) નાં લખાણોછે. એ સઘળી ચોપડીઓમાં હમોએ એક ચોપડી જોઈ હતી જે ગુલીવરે લખેલાં બ્રોબ્ડીનામના લઠ રાખશો વાંચતા હશે. તે નજદીક ૬) ફુટ લાંબી ૪) ફુટ પોહોળી અને ત્રણ ઇંચ જાડાઇમાં હતી, અને જાણે કે એક ઓરડાનું બારણું હોય તેમ લાગતી હતી. એક બીજી ચોપડી Bourasse, La Touraine કરીનેછે તેને છાપવા પછવાડે ૬,૦૦૦) પૌંડ ખરચ લાગો હતો એમ કહેછે તે હતી. તેમજ અગલની પેહેલી સને ૧૪૫૫ માં છાપેલી મઝારીન બાઇબલ તથા The Game & Playe of the Chesse નામની સેત્રંજબાજીની પોથી જે ઇંગ્લંડના પેહલા છાપગર કેકસ્ટને સને ૧૪૭૪ માં છાપી હતી, ઇત્યાદી, એવી ઘણી સરસ અને કીમતી ચોપડીઓ એકઠી કીધેલીછે. એ લાઇબ્રેરી જોઈ રહીને અગલનાં વખતનાં કોતરકામ તથા લેખોવાલા ભાગ મહીં હમે પેઠા હતા. તેમાં લીસીઆનાં, ઇન્ડીયાનાં, ઇંગ્લો રોમનનાં, રોમનનાં, ગ્રીસીઓ રોમનનાં, ગ્રીસનાં, એસીરીઆનાં ઇજીપ્શીઅનનાં, ઇત્યાદી જુનાં વખતનાં બાંધકામ અને કોતરકામના રહેલા સહેલા, પડયા ખડયા અને વધ્યા સુધ્યા નમુનાઓ એકઠા કીધેલા હતા. એસીરીઆનાં સંગ્રહમાં પારસી લોકની અગલી ઇરાની પાદશાહીનાં વખતનાં પરસીપોલીસ તથા બીજી જગાઓપરનાં ઘણાંક કોતરકામો લાવીને હીંયાં મુકેલાંછે. તેમાં પેહેલવી અક્ષરોની તથા બીલા રોકા અક્ષરની તખ્તીઓ પણ ઘણી લાવ્યાછે. માણસનાં ડોકાંનાં તથા બીજી જાતનાં બાંધાલા ગોધાઓ જે તે વખતમાં કોતરતા હતા તેનાં મોટાં ગંજાવર પુતળાંઓ પણ ત્યાંથી એમનાં એમ ઉપાડી આણીને અતરે મેલી છાંડયાંછે.

અસલનાં દખ્મમાં જોવાં એક બે ઘરો પણ ત્યાંથી લાવીને મુકેલાંછે જેને એસીરીઅન લોકોની ઘોરો કહેછે. પણ તેનો દેખાવ ઘણો ખરો કેખશરૂ પાદશાહનાં દખ્માનાં ચીતારો આપણે જોઇએચ તેનાં જેવોછે. પથરના પાહાડમાં દીવાલ રોકી સપાટી ઉપર ખેંચેલા નકશનાં કોતરકામ લાંબાને લાંબા ચોટાડેલાંછે. તેમાં અસલી લડાઇઓ તથા બંદીવાનો તથા શેકારની બીગતો કોતરેલીછે. એ સંધા વાણાં નીહાલતાં આપણને અસલી ઇરાનીઓના હુન્નરનાં મોહટપણની પટાપટ તારીફ યાદ આવેછે. હીયાંથી ઉપર જતાં પન્ને જનવરોની સુએલી લાસોને જલવી કરીને મચવેલો સંગ્રહ જોવા ગયા. તેમાં જાત જાતનાં દુન્યાંનાં જાણીતાં જનવરોનો સંગ્રહ સૌથી સરસ જાતનો કીધેલો. નવાઇનાં જનવરોમાં દરીયાઈ ઘોડો, દરીયાઈ શીલનાં જેવું પણ ઘણુંજ મોહોટું અને તેનાં મોહોડાંમાંથી બે મોટા દાંત બાહાર હેઠાણમાં નીકલેલા એવું કોઈ અજબ જનવર, મફેદ કેંગરૂ, મોટા ગોધા જેવાં અલમસ્ત હરણ, ઘણા મોટા ભયાનક ગોધા, જબરદસ્ત ભેંસ પાડા જેવાં "બીશન", સાત ફીટ ઊંચો આફ્રીકા ખંડનો જંગલી વાંદર ગોરીલો જેનામાં એટલું તો જોર હોયચ કે બંદુકની લોખંડની નલી એક સપાટામાં મંદી નાંખેછે, ટીસ્ટની ટલેટીવાલી જમીનમાં ઊંચડા સરખા દેખાવમાં ઉંધરેલાં લાંબા તથા બીજી ઘણી જાતનાં પ્રાંણીઓનાં પંજર તહીંકને વરગણીદારીમાં ગોઠવ્યો હતો. પંખેરાંઓનો સંગ્રહ પણ અતીઘણો મોહોટો હતો. તેમાં સૌથી મોહોટાંમાં મોહોટાં દશ ફીટ ઊંચાં કદનાં શાહમુરગથી તે પતંગીઆના જેટલાં "હેમીંગ બર્ડ" જેને સુનાની આરગીન સમાની દાબરીઓ આવેછે તેનાં મથાળાં ઉપર હોયચ તેવાં તેવાં પક્ષી પરંદાં, જેઓ દેખાવમાં અતીઘણાં સુંદર રંગના તથા કલગીદાર ને ચુરછાદાર તોપ વાલાં અને દડાદાર પુછડીવાલાં એકઠાં કીધેલાં છે. એ સઘલામાં જોવા લાયક હોમા જનવર જેને બેહસ્તનું પંખેરૂં કેહછે તથા "બીઝંટ" નામનો રાંણી મરઘોછે. ચાંમડાંની આકરતીઓનો દરીયાની માછલીઓના પંજર સંગ્રહ જુદા મોટા ઓરડામાં કીધેલો હતો. મગરમછ, સોસવાત, સ્વોર્ડ ફીશ અથવા તરવાર મરછ, શા ફીશ અથવા કરવતીયો મરછ, સન ફીશ અથવા સુર્યાકુરતી મરછ, સી દેવીલ અથવા દરયાઈ દઇતમાં ખપતો લાંબો લટકતો કાંટાદારી મરછ વગેરે વગેરે હતું. બીજી ઘણી નવાઈ જેવી માછલીઓને સુકવીને તથા સ્પીરીટમાં રાખેલીછે. એજ ઓરડાઓમાં પેટે ચાલનારાં પ્રાણીઓમાં મોટા મોટા અજદાહ તથા શેશનાગો, અને ધુંધરયા સરપોને ઇત્યાદી જેહરબાદી વીખ્યાલા કોઈ કોઈ તો નજદીક ૧૧૫ ફીટ પોહોળાઈવાલા સાંપોછે. એક સર્પને તો એક જંગલી ડુકર ભક્ષ કરતો મુકેલોછે. તેને વાસને લખેચ કે એ સાંપ પોતાનું મોહોડું વકાસીને એટલું મોહોટું કરી શકેછે કે એ જંગલી ડુકર ગલવાને કરવું જોએ તે કરતાં ત્રણ ગણું મોહોડું ફેંચરાવીને એક મોટા વાછરડા જેટલું જનવર તે ગળી શકેછે. એ ઉપરાંત સાંપોનાં એમના એમ કાઢેલાં હાડ પંજરનો પણ સંગ્રહ ઘણો સારો હતો. એ બધા જનવરોનો સંગ્રહ જોઇને "એન્ટીકવીટીસ" વાલા પ્રાચીનકાલની નવાઇઓના સંગ્રહના ઓરડાઓ જોયા હતા. હીંયા અસલની બનાવતોની ચીજો ઘણી જોવા લાયકની હતી, અને તે જુદા જુદા ધણીઓએ એકઠી કરીને પાછલથી મ્યુઝીયમને બક્ષીસ કીધેલી હોવાથી તે ધણીઓનાં નામોથી જુદા જુદા જહાઓની પીછાનત કરવાનો નીયમ સાચવેલોછે. જેમકે "મેરીક કલેકશન" માં મીણ કામથી ધાતુપર મઢી તથા ચીતરો પાડેલાં તે એકઠાં કીધેલાં, હેંડરસન કલેકશનમાં દરાન તથા બીજા ગા-

ઓનાં મોટાડી તથા ચીનીકામો એકઠાં કરેલાં, એ પરમાણે જુદા જુદા ધણી-ઓનાં કરેલા સંગ્રહો જુદા દેશોમાં અથવા ઓરડાના ભાગોમાં મુકેલાછે. તેમાં નવાઈ જેવુ એ લાગેછે કે એક ધણીને એકજ જાતનું ભરતું મગાવવાનો શોખ હોવો જોઇયે. કોઈ લેડીએ અસલનાં ઘડી-યાલોજ એકઠાં કરેલાંછે, જેમાં ઘણાં જુના ગજવાંમાં રાખવાનાં વાચ ઘડી-યાલો તો નાનાંમોટાં જોવાં મોહોટાંછે; કોઇએ અસલને વારેનું ખીલોરકામ તો કોઇએ તરેહવાર હથીયારો પોતે જીવતાં જીવત શોખને સારૂ એકઠાં કરેલાં. અ-લબતાં મરતી વખતે તે સઘલાઓએ વસીયત ફરમાવી સંગ્રહસ્થાનને પરજેટ કરેલું અથવા તેમના વારેસોએ આપે-લું કયા સંગ્રહસ્થાને વેચાતું લીધેલું હોવું જોઇએ. એ પ્રમાણે એ સંગ્રહ-સ્થાન ગંજાવર થયુંછે. હજુર પણ દરશ લોકો તેમાં આવી ઉમેરો કરતાંજ જાયછે, તેથી તેને હજી ઘણું મોટું થવાનો ખુ-દરતી સંભવ રેહછે. એ જોઇને પછી ઇ-જીપ્ત તથા બીજાં જુનાં જુનાં દેશોમાંથી જમીનની અંદરથી ઘોરોમાંથી ખણી કા-ઢેલી ચીજોનો સંગ્રહ જોયો હતો. જ્યાં જાત જાતનાં "વાસીસ" એટલે નોકદાર તગંહવાલાં ચીનીકામ જેવાં, તથા તાંબા, રૂપાં અને બીજી ધાતુનાં વાસણો વગેરેનો ઘણો સંગ્રહ કરેલોછે. ગ્રીક તથા રોમનાં હુનરનાં અસલી વાસ ઘણું જોવા લાયકછે, તેમજ ઇજીપ્શીઅન મમીઓના ત્રણ હ-જાર વરસ ઉપર મુરદાંઓનાં પેટ ચીરાઈ ખુશબો ભરાઇને તે વેલાનો આદમ સુર-તના બનેલા નમુના હજુર પણ જોવાને તેવી જલવાયલી હાલતમાં આજુદછે. એમાં કોઈ મમીને કાડાં લપેટેલાં, તો કોઇને મોટાડાનું કવર કરીને આ-એહુમ પુતળું બનાવેલું, તો કોઇને ગી-લીટ યા વરખ ચડાવેલી એવી એવી જાત જાતની મમીઓ તેનાં નામ નીશાન સાથે રાખેલીછે. એ ઉપરાંત બીજું ઘણું હમાએ જોયું હતું જે અતરે લખી શકતા નથી. એ સઘળું એકઠું કરવાને ખરચ પણ બેસુમાર થયો જોઇયે. કારણ કે સઘળું જે છે તે જુનું અને નવાઈ જેવું અને કવચીતજ મલી શકે એવુંછે. એમાં જે જે વેચાતું લીધુંછે તેની કીમતો પણ મોટી આપવી પડીછે, જેમકે પેહલાં લખ્યુંછે તેમ લાઇ-બ્રેરી લીધી તેનાં કેટલાક હજાર પોંડ, સર વીલીઅમ હેમીલટનનો સંગ્રહ લીધો તેનાં ૮,૪૦૦) આઠ હજાર ચારસો પોંડ, ટાઉ-નલીના મારબલનાં સંગ્રહનાં વીસ હજાર પોંડ તથા બીજા ધણીનાં સીકાઓના તથા જુનાં ઝવેરાતનાં ૮,૨૦૦) પોંડ, અરલ ઓફ એલજીને ગ્રીક પારોનના સુણ-ગારનું સીતેર હજાર પોંડને બદલે એક-કું કરેલું જે એ દેશદીતકારી નરે પો-તાની સરકારને તેની બરાબર કીમતે વેચ્યું હતું તેના ૩૫,૦૦૦) પોંડ, મી૦ બ્રોકરેલનાં ફ્રોરેન્ટાઇન મારબલમ બરદવાનાં ૧૯,૦૦૦) પોંડ, મી૦ પેનનાર્ડનાં મારબલનાં તથા ધાતુનાં વાસણો તથા સીકાઓનાં સંગ્રહ-નાં ૬૦,૦૦૦) પોંડ. એ પ્રમાણે જુદા જુદા ધણીઓનાં સંગ્રહો જે તે લોકો આપી નહીં ગયા હતા તે વેચાતાં લેવા સારૂ ઉપર મુજબની કીમતો મોહોટી આપી હતી. સીકાઓનાં સંગ્રહ-નાં પણ લાખો પોંડ આપ્યા હતા. વળી જે લોકો પોતાનું નામ કાયમ રાખવા મદત આપી ગયા તે તો જુદાંજ. તે ઉ-પરથી એ સંગ્રહસ્થાનની શું કીમત થાઈ શકે તે આપણે વીચાર કરી શકતા નથી, અને જો કીમત ગણીયે તો અસલાને લાખો કરોડો રૂપીયા થવા જાય.

તા૦ ૧૪ મી જુન ૧૮૮૨—આજે અતરની જગ્યે શની વેપારીઓની પેહેડીઓ-પર તેઓને મલવા ગયા હતા. અહીંયાં ત્રણ જાણીતી પેહેડીઓછે; તેમાં દાદાભાઈ

નવરોજજીની ફ્રા૦, દાદાભાઈ ડોસાભાઈ કામા અને ભાઇઓ, અને દાદાભાઇની ફ્રા૦ જેઓ આડત્યા દાખલ તેમજ પોતાની ગાંઠનો વેપાર કરેછે તેઓછે. એ ઉપરાંત બીજા થોડાએક જરથોશતીઓ બારીસ્ટર તથા ડાકટર થવા સારૂં પરીક્ષા પસાર કરવા આવેલાછે. તેમજ કેટલાકો મુંબઈ છોડીને બચાં છોકરાં સાથે અથવા એકલા આવી વસેલાછે. બપોરનાં સમીઠ ફ્રીન્ડ માર્કેટ જોવા ગયા હતા. એ બજાર સને ૧૮૬૨—૬૮ માં બંધાયું હતું, અને તે ૬૩૦ ફુટ લાંબું, ૨૪૫ ફુટ પોહોળું, અને ૩૦ ફુટ ઊંચું છે. એનું છાપરૂં કાચ તથા લોખંડનું બનાવી લોખંડનાં થાંભલાઓ ઉપર ઉભું કરેલું છે. એ જગ્યા બે ભાગમાં વેહેચાઇને વચમેથી ગાડી ઘોડાનો રસતો પસાર થાયછે. અહીંયાં ગાયનું તથા બકરાંનું ગોશ દરરોજ વેચાયછે, જેની સરાસરી ૮૦૦) ટણની આવેછે. એવું ત્યાંનાં ચોપડા ઉપરથી માલમ પડેછે. ગોશ આસપાસનાં ગામમાંથી આગગાડીમાં આવેછે, જે ઉંચકી લેવા એક નાધલો માંચો રાખેલોછે. એ માર્કેટ જરાક ઊંચી અને રોનકદારછે પણ આપણી મુંબઈની ક્રફરડ માર્કેટનો બરાબરી તેનાથી થઈ શકે નહીં.

તા૦ ૧૫ મી જુન ૧૮૮૧—આજે સાઉથ કેન્સીંગટન મ્યુઝીયમ જોવા ગયા હતા. એ મ્યુઝીયમ સને ૧૮૫૧ નાં એકઝીબીશનનાં વધારામાંથી સ્થાપયું હતું. અને તેનેથી વીદ્યા અને હુન્નરોનો વધારો કરવાની નેમ રાખી હતી. હાલ તેમાં દરશાલ ઉમેરો કરવામાં, તથા તપાસ રાખવાનો ખરચ કરવાના ત્રણ લાખ પૈાંડ થાયછે. વળી એની એક સાખા બેનડાલ ગ્રીન મ્યુઝીયમ કરીને જુદીછે તેપર દર શાલ ૭ થી ૮ હજાર પૈાંડ ખરચેછે. એમાં તરાંહ તરાંહનાં, દેશ દેશનાં, આગલનાં, અને હાલનાં હુન્નરોનાં નમુના મુકેલાછે તે ઘણાં જોવા લાયકછે. સરવે હકીકત એકેકારે રાખતાં, એમાં થોડુંએક નતાઈ જેવુંછે. તેનો ટીપમાં અકીકનાં પથરોની, એમબરની, હાથીદાંતની, તથા બીજી ઊંચી જાતની કપતો, તરાંહ તરાંહની વીટીઓ, જુનાં કરોસ, જવેરાતની તથા તરાંહ તરાંહ જાતની કીમતી પથરાઓનો બનાવેલી તપખીર સુંઘવાની દાબડીઓ, ચીનનાં મેહુલોનાં હાથીદાંત, મોતી તથા ગીલીટનાં બનાવેલા નમુનાઓ જે ચીનનાં ઈહેનશાહે નેપોલીયન બોનાપારટની બઇરી જોસેફાઇનને સારૂં ભેટ મોકલ્યાં હતાં, અને જે તે વખતે અંગ્રેજ સાથે ફ્રેંચને લડાઈ ચાલતી હતી તેથી અંગ્રેજોએ તે લઈ જતાં વાહાણ કબજ કરી લુટી લીધા હતા તે સરવે હતું. એ ચીની નમુના બાગ સીપનો હતો. ધાતુનાં ગીલીટ કરેલાં તથા મીનાકારી કરેલાં સાહાડોની ઉપરની કુરટનાં ફુલ અને મેવાતો હીરા માણક મોતીનાં બનાવેલાં. મેહલનાં છાપરાં ઉપર મોતીની હાર કટાર જુહલણ્યા જાહલર સમાન સોહાતી જડેલી. મેહુલે હાથીદાંતનાં બનાવેલા. એના બુબસુરત એ નમુનાછે. ચીનનાં તથા જાપાનનાં કોરી કામ તથા લાખ કામનાં વાસણો અતી ઘણી કીમત આપી વેચાતાં લીધેલાં તે પણ ઠીકછે. દાખલા દાખલ એક જાપાનનાં લાકડાંની દાબડી જે મુંબાઇમાં ઘણી ઘણી તો ૫) થી ૧૦) રૂપીયા લગે વેચાય તેનાં બીસ પૈાંડ આપેલાછે. એજ મુજબ એક લોખંડનું બ્લીચર જાનવર બનાવેલુંછે જેનાં પીછાં ઘણાં સારાં પાડેલાંછે તેનાં ૧,૦૦૦) પૈાંડ, એક સાઇડબોરડ લાકડાંની નકશીની બનાવી તેમાં સાગુગાર દાખલ ચીનીકામ જડેલુંછે અને જે સને ૧૮૫૫ નાં પારીસ એકઝીબીશન સારૂં બનાવી હતી તેનાં ૧,૨૦૦) પૈાંડ, એક સ્ટીલ તથા રૂપાંનો બનાવતની ધાલ જેપર મીલટનનો પેરેડાઇઝ લોસ્ટનો બીગતો કોતરેલાછે તેનાં ૨૦૦૦) પૈાંડ આપ્યાછે. એવી એવી કીમતો આપેલીછે. તેમ કેટલી સમજી પણ

બીવેલીછે. અગલનાં ગામેગામનાં બનાવેલાં પુતળાંની કાપીઓમાં રોમના ત્રોજન મીનાગની કાપી તેની સઘળી નકશી સુધાંછે. તે એટલો મોહોટોછે કે હૉલની અંદર ઊંચાઈમાં નહીં રેહેવાથી તેનાં બે ભાગ કરીને જુદા જુદા ઉભા કીધેછે. એ ઉપરાંત બીજી ઘણી નવાઈ જેવી અને જોવા લાયક ચીજોનો સંગ્રહ કીધેલોછે. એને એક નાધલો માળછે, તેને ફરતી ગ્યાલરી કીધેલીછે. એ માળપર જવાનો દાદરછે, તેના કેટલા તથા બેહુ બાજુની દેવાલો સઘળી કોરીકામથી જડત કરી દીધીછે. હૉલના થામલાઓ પણ કોરીકામનાં નકસીનાં બનાવેલાછે. તેથી આખું દીવાનખાનું જાણે કોરીકામનું હોય તેમ લાગેછે. એ હૉલમાં નથી અને નવાઇ જાતની કોરીકામનો સંગ્રહ ઘણો મોટો કીધેલોછે. તેની પાછલીગમનાં ઓરડાઓમાં પીકચર ગેલેરી તથા બ્રેવરાત કામ ગોઠવેલુંછે. એ બ્રેવરાત અતી ઘણી મોહોટી કીમતનું હોય એમ લાગેછે, અને તેમ તે હોય તેમાં કાંઈ નવાઈ નથી. કારણ કે એ સંગ્રહસ્થાને સારૂં હુનરની તથા કારીગીરીની ચીજો લેવા પાછલ તથા તેની તપાસ લેવા પાછલ દરગાલ ત્રણ લાખ પૌંડ ઇયાને નજદીક ૩૬) લાખ રૂપીયા સરકાર ખરચ કરેછે. શરૂઆતમાં સરકારે દશ લાખ પૌંડ આપ્યા તે જુદા. એ ઉપરાંત અતરેનાં મોટા મોટા લોકોએ પોતાની પાસેનું બ્રેવરાત પણ વસીયતનામાંથી આપેલુંછે, અથવા તો ઉછીકાં દાખલ ત્યાં દેખાડવા સારૂં મુકેલુંછે. એ સઘલી બીનાઓ ઉપરથી એ સંગ્રહસ્થાનની શું કીમતછે તે જાણી લેવું હુનરની બનાવતોની ચીજો ઉપરાંત અગલનાં ગ્રીક તથા રોમન ઇત્યાદી દેશોની આશરે ૨૦,૦૦૦) વીસ હજારની ઉપર બનાવતો મુકેલીછે તથા એક સારી જેવી લાયબ્રેરી પણ એમાં રાખેલીછે. જેમાં બેતાલીશ હજાર વૉલમો, પચાસ હજાર "એનગ્રેવીંગસ" અથવા કોતર તખ્તીઓ, અને ચાલીશ હજાર ફોટોગ્રાફસ એકઠા કીધેલાછે. એનાં સંગ્રહને વાસતે કેહેવાયાં છે કે તે દુન્યાનાં મોહટા સંગ્રહોમાં એક કીમતી ગણાયછે.

આજે રાતનાં અતરેનો વખણાયલો ઑલબર્ટ હૉલ જ્યાં હેનડલનો બનાવેલો મેસાયાનો આરેટોરયો ગાવાના હતા તે જોવાને ગયા હતા. એ વખતે ત્યાં નજદીક ૮૦૦) માણસો મરદ તથા ઓરતો મલી કોરસમાં ગાયનનું પદ જીહીલનારાંઓ તરીકે સામેલ થયાં હતાં. તેની સાથે ૧૫૦) જણાંનું ફીડલનું વાજું વાગતું હતું જે ઘણુંજ સરસ લાગતું હતું. એ હૉલ ઘણોજ મોહોટોછે. તેમાં એવી ખુબીછે કે આટલા બધા જણાં એકજ વખતે વાજાંની તથા આરગીનની સાથે ગાયે તોપણ સાદ માફક સર લાગે, અને એકજણ છુટો ગાયે તોપણ એક નાંકેથી બીજે નાંકે સંભળાય એવી કરામતથી તેને રચ્યોછે. રોમની એમફી થીયેટરનાં જેવો બેઠાં રોકો તે બાંધેલોછે. તેમાં ગાયન સાંભળવા સારૂં કીધેલી બેઠકોમાં ૮,૦૦૦) આઠ હજાર ઉપર તમાસગીરો બેસી શકેછે. તે ૨૭૦થી ૨૪૦ ફુટનોછે અને ગોળાઇમાં ૮૧૦) ફુટનોછે, તેમાં તમાસગીરોને બેસવા સારૂં સાત થર ઇયાને મારો ગોળ વચમેથી ઓલા કીધાછે. જેની એકગમથી આપણે જોઇયે છેયે તો બીજી ગમનાં લોકો નાધલાં સંકોચવાયલાં દીસે તેટલું દુર અને ઊંચે બેસી શકાયછે. એ દેવાનખાનું જ્યારે સઘળું ભરેલું હોયછે ત્યારે ઘણું ભપકા ભરેલું લાગેછે. એ હૉલ બાંધવા પછવાડે બે લાખ પૌંડ યાને શુમારે ચોવીશ લાખ રૂપીયા બેઠા હતા. જેમાં રૈયતના પૈસાના પણલીક એક લાખ પૌંડ, પચાશ હજાર પૌંડ સને ૧૮૫૧ નાં સંગ્રહસ્થાનની આસ્પેપતમાંના વધારાનાં, અને ચાલીશ હજાર પૌંડ એની

બેઠકોનાં બાકસોને લગતો હક વેચ્યો તેની ઉપજમાંથી લીધા હતા. એ હૉલ આપણી મહારાંણીના વર પ્રીન્સ ઑલબર્ટની યાદ-ગારી કાયમ રાખવાને સને ૧૮૬૭ થીતે ૧૮૭૧ સુધીમાં બાંધ્યો હતો. તેની અંદર એક ગંજાવર આરગીન મુકેલીછે, જે દુન્યા માંની સૌથી મોહોટાંમાંની એક ગણાયછે. તેમાં આઠ હજાર તો નાભાંને નલીઆછે. તેની ધમણો બાસ્માં બે સ્ટીમ એનજીનથી ચલાવેછે. એનો સાદ એક મોટાં વાજાથી છેક નાધલી આરગીન સુધી ઝીણો નીકળી શકેછે. અને એ આરગીનનો મોટી પાઇપો નજદીક ૨૫) ફીટ ઊંચી અને ૩ થી ૪ ફીટ પેરાવામાં હશે.

તા૦ ૧૬ મી જુન ૧૮૮૧—આજે એસકોટની મરનો જોવા ગયા હતા. તે વીંડસર કેસટલથી ૨૦ મૈલ દુરછે. એ મરનો ડરબીની મરત જેવી ભીડવાલીને ભરાવક તમાશાની થતી નથી. પણ તેને બદલે લંડ-નનાં ગ્રહસ્થ લોકોની મગવડ સારૂં તે બાસ ચાલુ રાખી હોય એમ લાગેછે. ડરબીમાં ઘણીજ થેડી મડમો જોવામાં આવી હતી, પણ તેથી ઉલટું અંહીયાં અ-તરેની ઘણીબ્બરી લેડીઓ આવેછે. તેથી એ ધોડ દોડ મરતને મઝાક મશકરીમાં લેડીઝરેસ કરી પણ કહેછે. અહીંયાં આ-પણી મહારાંણીની ફેમીલી તથા પ્રીન્સેસ ઑફ વેલસ બ્બાદી આવ્યાં હતાં. એ જોઇને હૉટલમાં પાછા ફરતાં રાત પડી ગઈ હતી

તા૦ ૧૭ મી જુન ૧૮૮૧—આજે બપોરનાં બે વાગે પાર્લામેન્ટ હાઉસમાં ગયા હતા જ્યાં આમની સભા ભગયલી હતી. તે જોવા સારૂં આગમજથી રજની પાસ કહડાવેલી હોવાથી ત્યાની સટ્રેનજરસ ગેલેરી એટલે પરદેશીઓ માટે કાઢેલી અગાસી ઉપર હમોને બેહક મલી હતી એ વખતે ડયુરીનમાં ચાલતી ટૅચો સાથની લડાઇની બાબત ઉપર તથા આઇરીશ બાંડ બીજ ઉપર તકરાર થતી હતી. મી૦ ગલાડસ-ટન જે હાલની લીબરલ ટોળીનો વડો અને રાંણીનો વડો પ્રધાન થાયછે તે પોતે પણ હાજર હતો. તેના શીવાય હીંદુસ્થાનનો બાહદર પણ કમનસીબે બાપંગ હીમાયતી મી૦ ફ્રાસેટ જે ઇંગલંડના પોસ્ટ માસ્ટર જનરલનો ઓધ્યો ચલાવેછે તે તથા પ્રધાન મંડલના બીજા જાણીતા ઓધ્યેદારો તથા પાર્લામેન્ટનાં ઘણાંક મેમબરો હાજર હતા. તે લોકોની તકરાર તથા બોલવાની રીત ભાંત ઘણીજ મરસ હતી. એ જોઇને પછી હીંદુસ્થાનના વજીરના ઇન્ડીયા ઓફીસમાં ગયા હતા. એ બીલડીંગ પણ ઘણી મોટ્ટી બેબાલ પોબ્બાલછે. ત્યાં આગલ ઇન્ડીયન મ્યુઝીયમ રાબેલું હતું, પણ હાલ તે સાઉથ-કેન્સીંગ્ટનમાં લઈ ગયાછે તેથી એમાં કાંઈ જોવા લાયક નથી.

તા૦ ૧૮ મી જુન ૧૮૮૧—આજે કામ સારૂં દુકાનો ઉપર ફરવા જવાથી કાંઈ જોવા લાયક જગ્યા ઉપર ગયા હતા નહીં. રાતનાં રાણીનાં થીયેટરમાં ફ્રીસ્ટ-નો ઑપેરા જોવા ગયા હતા. એ થીયેટર હાઉસ મોટું છે. તેમાં લોકોને જોવા સારૂં સાત તબકા કીધેલાછે તથા વચમાં એક ઘાયું મોટું સુંદર ઝુમર ટાંગેલું છે. એ થી-યેટરમાં ઘણાબ્બરાં પાદશાહી ફેમીલીવાલા-ઓ જાયછે તેથી તેઓના મન બાતર હમેશાં ત્યાં બે રીજમીટનાં ગાર્ડસ રાતનાં ઉભા રહેછે. ઑપેરા ઘણો મરસ થયો હતો.

તા૦ ૧૯ મી જુન ૧૮૮૧—આજે આડીતવાર હોવાથી બોટેનીકલ ગારડનમ જવા સારૂં ત્યાંનાં લાગતા વલગતાની રજા મંગાવી હતી તે આવ્યાથી બધને જોવા ગયા હતા. એ બાગમાં ક્રાચનાં ઘરો બાંધેલાછે. તેમાં સૌથી મરસ વીક-ટોરીયા રીજાઇનાં કરીને પાંણીના એક જાતના વેલાની લીલીસ થાયછે તે હતી. તેનાં પાતરાં આસરે ત્રણ ફીટ મોટાં તથા તદન

મોળ થારી જેવાં અને થારીની માફક કોર વલેલાં હતાં. તેની ઉપર ત્યાંના રખેવાલનાં કેહેવા પ્રમાણે એક નાંધલું છોકરૂં બેસાડયું હોય તો તેનો ભાર વગર દુખવે એ પાતરૂં એવું મજબુત અને મોહોટું તે છે. એ જાતનું ઝાડ અમેરીકાની અમેઝોન નદીમાંથી મલેછે. એ ઉપરાંત બીજાં ગામોમાંનાં ફરટનાં ઝાડો પણ ઘણાં એકઠાં કીધેલાંછે.

ત્યાંથી સાંજનાં પાંચ વાગે હાઈડ પાર્કમાં ફરવા ગયા હતા જ્યાં આજે આદીતવાર હોવાથી ગાડી ઘોડાની ભીડ હતી નહીં, પણ પગે ચાલતું લોક ઘણું ફરવા નીકલેલું, તે જાણે કે એક ઘણો મોટો મેલો હોય એ મીસાલે બે ત્રણ મૈલનાં ઘેરાવા સુધી ભીડ હતી. એ પ્રમાણે દર આદીતવારે ત્યાં ભીડ થાયછે.

તા૦ ૨૦ મી જુન ૧૮૮૧—આજે સવારનાં દશ વાગે આગ ગાડીમાં બેસીને ઉલીચનું દારૂખાનું તથા તોપ બનાવાનું કારખાંનું જોવા ગયા હતા. એ જોવા સારૂં આગમજથી રજા કહડાવવી પડેછે, તથા અંગ્રેજી વફાદાર રૈયતનેજ જોવા જવા દેયછે. બીજાં બાહારનાં રાજની રૈયતને ત્યાં જવા દેતા નથી એ તોપખાંનું દુન્યામાંનાં મોટાં તોપખાંનામાંનું એક ગણાયછે. તેનાં કારખાંનાં સારૂં ચકરાવમાં ઘેરેલી જમીન ૩૦૦) એકરછે. એમાંનો ૧૩૦) એકર કારખાંનાની ઈમારતથી રોકાઇછે. હાલ સુલેહ અને સમાધાનીનાં વખતમાં ત્યાં દશ હજાર માણસ કામે લાગેછે. પણ લડાઈનાં વખતમાં પંદર હજાર માણસ કરતાં પણ વધારે કામે લાગેછે. જ્યારે ગરજ હોયછે ત્યારે તો રાતનાં વીજલીનાં દીવાઓ સળગાવીને કામ લેયછે. એવી સઘળી તૈયારીઓ રાખેલીછે. એમાં સામસ એક બાજુથી બીજી બાજુ ઉપર લાવ બહડ્ડી કરવા સારૂં નાંધલી બે ફીટ પોહલાઈનાં માપનો આગગાડીઓ રાખેલીછે, જેને સારૂં ૩૦) એનજીનો કામે લાગેછે. અને તોપખાંનાંના ઘોડાઓ કાંમ કરેછે તે જુદા. હમોને પેહેલાં ટોટી બનાવેછે તે દેખાડવા લઈ ગયા હતા. પતરાંનાં કટકામાંથી જોઇતા કટકા સંચાથી કાપીને બીજા સંચાઓમાં વાળાને તેને બનાવી દેયછે અને સાફ કરેછે. તે પછી સીસાંનો ગોળીઓ બનાવેછે તે જોવા ગયા હતા. તે બનાવવા સારૂં કલાઈ તથા સીસું એ બેહુને સાથે ભેળીને છ હંડરવેટ સીસાંમાં અઢાવણ રતલ કલાઈનાં પરમાણુમાં ભેલસેલ કરીને ભઠ્ઠીમાં ગાલેછે. ત્યાંથી નલાઓમાંથી તવાઇને તે મીશ્ર ધાતુ એક સંચામાં આવેછે, જ્યાં એક હાઇડ્રોલીક પ્રેસછે. જેનાં સીલીન્ડરનાં ભાગમાં તે સીસું એકઠું થાયછે, ત્યારપછી પીશટન સીલીન્ડરમાં જાયછે એટલે શેફટનાં એ લાંબા "શાફટ" જેવાં પીશટનને મલગોસલગ આરપાર એક સુરાખ હોયછે તે બુગખવાલા ભાગમાંથી સીસું લાંબા સલીઆનાં જેવું બાહાર નીકળેછે. તે તાજું તાજું ગરમ હોવાથી તેને એક ચકરી ઉપર વીટાલી દેયછે. તે ચકરીને ત્યારબાદ એક સંચામાં મુકી પેલા સીસાંનાં સલીઆનાં જોઇતા લાંબા કટકા તેમાંથી કાપી કાઢેછે, અને એ પ્રમાણે ગોળીઓ બનાવેછે. એ ગોળીઓ હાથનાં અંગુથા જેવી પણ અણીદાર હોયછે. તેને કારતુસમાં ભરવા સારૂં તૈયાર કરેછે. કારતુસ બનાવવાનો જગ્યા તદન અલાયધી રાખેલીછે, અને ત્યાં જેઓને ખાસ રજા હોયછે તેઓનેજ લઈ જાયછે. કારતુસ સારૂં પીતલનાં લાંબાં પતરાંમાંથી જોઇતા કટકા કરેછે, અને પછી એક સંચામાં તેને લોખંડ ઉપર ગોળ વીટાળીને મુકેછે. જેથી તે ઘ્યાઇને બરોબર ગોળ બનેછે. તેની અંદર બીજું નાંધલું પતરૂં જોરાવર કરવા સારૂં મુકીને તેને એક સંચામાં દાબેછે એટલે બેહુ પતરાં મલી જાયછે. પછી તેને સંચાથી છેદ પાડેછે, અને પાછલથી દારૂ ભરીને

ગોળી ઉપરથી ઓસીને તૈયાર કરેછે. એજ પ્રમાણે બીજી મોટી ગોળાઓ પણ બનાવેછે. તોપોનાં ગોળાઓ, જેમાંનાં કેટલાંક તો યુનાઇટેડ સરવીસ મ્યુઝીયમમાં હમોએ જોયા હતા તેવા ૪ ફુટ મોટાછે, તેઓને લોખંડ તાવીને ઓતી કાહાડેછે. તોપો બનાવવા સારૂં પેહેલાં જાડા લોખંડના સળીઆને (જોઇતી જાડાઇનાં) એક ગોળ સળીઆ ઉપર સંચાથી વીટાળેછે અને તેને ગરમ ગરમ લઈ જઇને એક મોટા હથોડા નીચે મુકેછે, અને તે હથોડાનાં માથી પેલી વીંટને ઠોકી ઠોકીને જમાવી એક કરી નાંખેછે. એ ઇતાનજદા હથોડાને મોટે ફેહેછે કે જો તેને વરાલયંત્રની મદદ વના ખાલી ચલાવેછે તો તેનો એક ફટકો ૧૦૦) ટણનાં વજન જેટલો પડેછે, અને જો રટીમથી ચલાવેછે તો ૪૦૦ થી ૫૦૦) ટણનો એક ફટકો મારેછે. એટલે ગમે એટલું જાડું લોખંડ ગરમ કરીને મુકેલું હોયછે તો તેની ગરદન ભાંજી ચુટકો કરીને તેનો એક જથો કરી મુકેછે. એ પ્રમાણે જો મોહોટી તોપો બનાવવી હોયછે તો લોખંડના જાડા સળીઆ ગરમ કરીને થંડાં લોખંડ ઉપર વીટાળી દઇને પર કરીને ટીપેછે. એટલે જાડું લોખંડ થાયછે. પછી તે તોપનાં આકાર સારૂં તેને કાંતીને બધે સાફ કરેછે. મોટામાં મોટી તોપ ત્યાં ૮૦) ટણની બનાવી હતી. પણ ૧૦૦) ટણની ચાર તોપો વેચાતી લઇને ત્યાં રાખેલીછે. એ તોપો વીશે કહેછે કે ટર્કીનાં બાજી રાજા વીકટર ઇમાન્યુઅલે એવી ચાર તોપો તેનાં બનાવનારને બનાવવા સારૂં હોકમ આપ્યો હતો. બનાવનારને ચાર તોપો બનાવતાં ખરચ પાળવ્યો નહીં તેથી તેણે આઠ તોપો બનાવીને ચાર તોપો ટર્કીનાં રાજાને આપી અને ચાર તોપો અંગ્રેજ સરકારને વેચાતી આપવા માગી. અંગ્રેજ સરકારે ના પાડવાથી બનાવનાર ધણીએ ફ્રેંચમાને વેચવા માંગી જેથી અંગ્રેજ સરકારને વેચાતી લેવાને ફરજ પડી હતી, પણ તેનાં બનાવનારે એવી કબુલાત કીધી હતી કે એ માંહેલી તોપો બીજી હવે પછી તે બનાવશે નહીં. એવો એક તોપ ઉપર ૧૬,૦૦૦) પોલ હજાર પૌંડનો ખરચ થાયછે. એમાંની એક તોપને વારા ફરતી ત્યાં ફોડેછે. તેમાં દારૂ તથા ગોળો ભરવા સારૂંજ એક નાધલો સંચો બનાવેલોછે, તે હમોએ જોયો હતો. એ તોપનો લંબાઇ આસરે ૨૨) ફુટનોછે તથા પોહોળાઇ પણ ઘણી મોહોટીછે. તોપોની ગાડી બનાવવા સારૂં ગારીયાંનું જુદુંજ કારખાંનું છે જયાં સઘળું સાંચાથી કામ થાયછે. તેમાં ગાડીનાં પૈડાં બનાવવાનું કામ ઘણું સારૂં થાયછે. પેહેલાં સંચાથી જોઇતાં લાંકડાં વેહેરીને પછી બીજા સંચામાં મુકેછે. એ સંચાનાં છ ભાગ કાપેલાછે, અને પૈડાંનાં પુઠીયાં પણ છ હોયછે હવે તુમની અંદર આરા બેસાવા સારૂં એ સંચાના છ ભાગો છ બાજુપરથી દાબેછે તેથી કરીને સઘળા આરા ઘણાંજ મજબુત બેસેછે. પછી પુઠીયાં પણ એજ પ્રમાણે દાબીને બેસાડેછે. એને વચમાં તુમની ઉપર તે વખતે લોખંડની મોટી સાકાઓ મુકીને રીવેટ કરી દેયછે. એટલે થોડા વખતમાં પૈડાં તૈયાર થાયછે. તે ઉપર પટા ચઢાવવા સારૂં લોખંડનાં પટા ગરમ આતશ જેવા કરીને પૈડાં ઉપર અલગા મુકી દેયછે. પછી સરઓ સાચવો ફરતો બેસાડતાંજ કે ઝટ પાણી નાંખીને પટાને થંડો કરેછે, એટલે પાકો પૈડાં ઉપર સીકરાઇને મજબુત બેસી જાયછે. પછી તેને છેદ પાડીને રીવેટો ઠોકી દેયછે. એ ઉપરાંત બીજું સંચાકામ ઘણું હતું. તોપો પણ ઘણી જાતની હતી, તેમજ તોપોનાં ગોળાઓ પણ ઘણી જાતનાં હમોને દેખાડયા હતા, કે જેમાંનાં હમોએ યુનાઇટેડ સરવીસ મ્યુઝીયમમા પણ જોયા હતા. એ ગોળાઓ દેખાવમાં નવાઇનાં હતા,

તેમાં એક ગોળાને આસમાંન ઉપર ઉડાર-વાથી તે ઉપર જઇને ફાટેછે તે હતો. ફાટવા બાદ તેમાંથી એક કપડાંની છત્રી જેવું નીકળી આવેછે. હવે એ છત્રીની હેઠાંણ એક વાસણમાં એવી જાતની મેળવણીનો દારૂ મુકેલો હોયછે કે તે તરત સળગી ઉઠીને દશ મીનીટ સુધી અતીશણું ઉજાસથી બપોરીઆની માફક બળેછે, જેથી હવા પાતલી થવાથી પેલી છત્રી ઉડવા કરવા ઉપરાંત જ્યાં દુશમનો હોયછે તે બાજુ ઉપર મથાળાંપર ઉડતી રેહેવાથી ત્યાંની સઘળી હીલચાલ દીસતો માફક રાતનાં દેખાયછે. બીજો એક ગોળો હતો જેમાં એવી જાતની મેળવણી કરેછે કે જ્યાં તે જઇને ફાટેછે ત્યાં ઘણો ધુમાડો થાયછે, અને જેથી માણસો ગુંગલાઈ જાયછે. એ ગોળો દુશમેનની સંકે તોડવાનાં કામમાં આવેછે. કારણ કે માણસો ગુંગલાવાથી લશકર છુટું પડી ત્યાંથી તરત ખસી જાયછે. બીજો એક ગોળોછે, જે અસલના ગરપછાંટની ગરજ હાલ સારેછે. એ ગોળામાં બે ભાગ કરીને તેમાં મોટા લખોટા જેવડી સીસાંની ગોળીઓ ભરેછે જે દુશમનનાં લશકરમાં જઇને ફુટેછે. તેથી તે ગોળીઓ આસપાસ વીખરાઇને માણસોને ફેટાફટ મારેછે ને તેમનાં ચીથરાં રંગેછે. તેજ પ્રમાણેનો બીજો ગોળોછે જે ભરીને મારેછે ત્યારે રસતામાં ફાટીને તેની ગોળીઓ વીખરાઈ જઇને સાંધા આવતાં લશકરને હારબંધ જાણે નીશાંન ટાકી મારેછે. મનવારોને હાલમાં બખ્તરનાં જે લોખંડી પડો કરેછે તેને ફોડવા સારૂં જે મોટી ૮૦) રૂપીયાવાલી તોપો બનાવીછે તેનાં ગોળાનો આગલો ભાગસખ્ત લોખંડનો અણીદાર આસરે ૨) કુટ લાંબો રાખેછે. બાકીનાં પાછલા ૨) કુટનાં ભાગમાં દારૂ ભરેછે. હવે ગોળો જેવો લોખંડની મનવારને લાગો તેવોજ તેનો અરધો ભાગ કાણુ હોવાથી પેસી જાયછે. પણ પાછલનાં અરધા ભાગમાં જે દારૂ રાખેછે તેમાં ફુયઝી નામની દીવાસળી રાખેલી હોયછે તે ગોળાના અથડવાનાં આંચકાથી સલગીને પેલા દારૂને સલગાવાથી ગોળો તરત પડીને બરાડામાર ફાટી જાયછે, અને આસપાસ બરાબી કરેછે. એ ઉપરાંત વાહાણોના ડોલામાં બીજી નુકસાંન કરવા સારૂં બે ગોળાને વચમાંથી જાડી સાંકળે બાંધીને તેને ફોડેછે. કે તેઓ રસતામાં જતાં બેહું બાજુ ઉપર પથરાયછે અને વચમેની સાંકળ પેલા દુશમનોની મનવારનાં ડોલને અથડવાથી તોપનાં ગોલાના જોર ભેર જતા આંચકાના જબરથી પેલા ડોલને ભાંજી તોડી પાડેછે. એવુંજ કામ કરવા કોઈ ગોળાઓની વચમાં સાંકળની જગે જાડો લોખંડનો સલાયો મુકેછે તે પણ એજ પ્રમાણે ડોલે ભાંજી નાખેછે. આગલ રૂશીયાની લડાઈનાં વખતમાં હીંયાં ઘણીજ મોટી "મારટર"ના નામે ઓલખાતી ગરપ છાંટ બનાવી હતી. જેને બનાવતાં એટલો વખત લાગો હતો કે લડાઈ બંધ થયા પછી તે તૈયાર થઈ હતી. એનો ગોળો નજદીક ત્રણ ફીટ વ્યાસમાંછે. તેની તપાસ એક વખત લીધી હતી તયારે તે ગોળો જમીનની અંદર ૨૦) ફીટ પેસી ગયો હતો એટલું તે તોપનું જોર તથા ગોળાનો માર અને ભાર હતો. હાલ એ ગરપછાંટને બદલે "હાઉઈટઝરસ" કરીને મોટાં મોહોડાંની તોપો બનાવીછે, જે ગાડીઓથી કરીને એકગમથી બીજી ગમ લઈ જાયછે. પણ એ ગરપછાંટને તો કીલાઓ ઉપરજ રાખી મુકવામાં આવતી હતી. આગલી સઘળી તોપો સુમારાં દીકાંની હતી. તેનો ગોળો લપસી જવાને લીધે ઘણો દુર જતો હતો નહીં. પણ હમણાંની શોધ માફક નવી તોપોને અંદરથી ઘસિકોરાં માફક વલ દઇને "રાઇફલ" આપેલો હોયછે તેથી તે ગોળાને અંદર ચકરી ધુમરીની ધુંઈ ગઢાવીને સોસવાટા માર બાહાર ફેંકવાથી ઘણો દુર લઈ જાયછે. આગલી તોપોને

આને લીધે રદ કરીને હવેથી તેમને બદલે રાઇફલ્ડ તોપો બનાવેછે, અને જુનાં ગોળાઓને પાછા ગાળીને નવી તોપને બરતા બંધ બેસતા બનાવેછે. હાલમાં તોપની દુમમાં પછવાડેથી દારૂગોલો ભરવાની શોધ થવાથી આગલે મોહડે દારૂ ભરવાનો તો પોને પણ આસતે આસતે રદ કરીને નવી બનાવેછે "બ્રીચ લોડર" એટલે પુઠમોરયા દારૂગોલા સીંચણ ટોપ બનાવેછે. અહીંયાં મનવારોને ઉડાદી દેવાની નાશકારક ટોરપીડોસ પણ બનાવેછે, જે નવી શોધની હોવાથી બીજાઓને દેખાડતા નથી. પણ અસલનાં જુના ટોરપીડોસ મુકેલાંછે તે બતાવેછે, જે ગણીમત સમજયા સીવા છુટકો નથી. એ ટોરપીડોસ નાંધલી ચ રૂીદાર બોટ જેવીછે. તેમાં એક નાધલો સંચો રાખેલોછે. જે સંચાથી એનાં પાછલા ભાગમાં હવા ભરેછે, અને જેનાં જોરથી એનો પછવાડે સ્ટીમરોની માફક રાખેલો મોહેટો સકરૂ ફરતો રહેછે તેથી ટોરપીડો ચાલેછે. એનો આગલો ભાગ સખ્ત સ્ટીલનો બણીદાર કરેલોછે અને વચલા ભાગમાં દારૂ ભરેછે. હવે કોઈ દુશ્મનની મનવારને ઉડાડવો હોય તો એ ટોરપીડોને દરીયામાં મુકેછે. તેને એવી રીતે ગોઠવેલો હોયછે કે જયાં મોકલવા ધારીયો હોય ત્યાંજ જાયછે, અને તે એટલો જોરથી જાઇને મનવારનો હોલ અથડેછે કે તેની સાથે જે વીજલીનો તાર લગાડેલો હોયછે તેથી મોકલનાર ધણીને માલમ પડેછે કે ને દુશ્મનની સ્ટીમરનો હોલ પુગેછે. તેવોજ પેલા ભરેલા દારૂને વીજલીથી સલગાવીને ટોરપીડોને ઉડારેછે. એટલે ટોરપીડો ફાટીને સાંબી મનવારને ઉડારેછે. એક બીજો ટોરપીડો બારાંનાં બંચાવ સારૂં રાખેછે. દરીયામાં મુકીને તેને લાકડાંનાં બોહીયાં સાથે બાંધેછે. તે બોહીયું પાંણીની અંદર ત્રણ ફીટ દુબેલું અને માલમ નહીં પડે એમ બીતરબાને ભરાઈ રહેછે, અને એ પ્રમાણે બારામાં આવવાનાં રસતા ઉપર ટોરપીડો હારબંધ ગોઠવી રાખેછે. જેવુ દુશ્મનનું વહાણ અથવા મનવાર બારામાં આવતાં પેલાં બોહીયાંને અથડેછે કે કીનારે વીજલીનાં તારથી માલમ પડેછે. તેવીજ પેલી ટોરપીડો ત્રણ શેકંડમાં ઉડારવાથી પેલું વાહાણ અથવા મનવારનું ડોબલું અધ્ધરને અધ્ધર ઉડી જાયછે. એ ટોરપીડો પેહેલાંનાં જેવો નથી, પણ એક નાધલાં લોખંડનાં પીપ જરબોછે જેમાં દારૂ તથા ઉડારવાની ચીજો ભરી રાખેછે. તેની સાથે વીજલીનો તાર મુકીને કીનારે એક માણસ લડાઇની વખતે હમેશાં વીજલીનાં સંચા આગલ ચોકીબાનીમાં બરેધાટ બેસી રહેછે. એ નામાંકીત ઉલોગ આરમેનલને લગતી મોટી ગોદીઓછે જે દુર ઉકાણે હોવાથી મજકુર નાધલી આગગાડીઓ સાથે એક "ટગ" જોડીને હમોને સધળી જગા ઉપર ફેરવી લાયા હતાં. લડાઇને વખતે એ ગોદીઓમાંથી વાહાણોમાં લડાઇનો સામન ચઢાવેછ. એ આરમેનલ એટલું મોટું છે કે સધળું જોતાં હમોને ૪॥ કલાક લાગા હતા. તે જોઇને પાછા લંડન આવ્યા હતા.

તા૦ ૨૧ મી જુન ૧૮૮૧—આજે બપોરનાં રાંણીનાં તબેલાઓ જોવા ગયા હતા. જયાં મજેનાં આસરે ૮૦) મોટા નામચીન ચુનંદા ઘોડાઓ રાખેલાછે. તેમાં જયારે એ નામદાર મહારાંણી બાદશાહી દમામોના અવસર—જેવકે તખ્ત ઉપર બેસતી વખતે, તથા પારલામેન્ટ ઉઘાડે ત્યારે નવી વખતે ક્રોમનાં રંગનાં તથા સુધ કાળા ઘોડાઓ વાપરેછે ને જોવા લાયક છ. પેહેલા ઘોડા હેનોવરનો મુલક કે જહીંકનેથી મહારાણીના વડીલો નીપજયા હતા તહીંકનેના ઘોડાની બુનીયાદનાછે. દેખાવે મોટા અને પીલા રંગનાંછે. કાળા ઘોડાઓ તેથી સરસછે. જેમાં તેઓની પુછડી ધણીજ મોટી અને ભરેલીછે. કાલો રંગ શોક અને ગમગી-

નીનો હોવાથી જ્યારે પાદશાહી પોષાક્ત હોય છે ત્યારે તેમને વાપરેછે. મોટે અવસરે જે હારનીસો વાપરેછે તે જોવા ગયા તો એ હારનીસો ઉપર ખુબ પીતળ કાંમ જડીને તે ઉપર મોનાંની ગીલીટ ચઢાવી દીધીછે. તથા ગાંણીનાં કોટ ઓફ આરમ જડેલાંછે. તેથી તેનો ભપકો સારો લાગેછે. તેમાંની જોડ ૧) ની કીમત ૧૦૦૦) પૈંડ ની કહેછે. એવી ચાર જોડી હારનીસ હતાં. બીજાં હારનીસો બાહાર જવાકને આવા પીવા જાય ત્યારે વાપરવાનાં હતાં જે પેહેલાં કરતાં થોડાં પીતળ કાંમનાં હતાં. પણ હમેશનાં વાપરવાનાં હારનીસો ઘણુંજ સાદાં અને સારાં હતાં. ગાડીઓમાં બાદશાહી દમામના સર અવસર સારૂં એક મોટી ગાડીછે જે બીજો જયોર્જ સને ૧૭૬૦ માં તખ્ત ઉપર બેઠો તે વખ્તને બનાવી હતી. એ ઘણીજ ભપકાદાર અને હીંદુસ્થાનમાં રાજાઓને વાસ્તે બનાવેછે તેવી ચલકતા રંગની ને ઘણાં ઘણાં ઘરેણાં ગાંઠાંના દેખાવની ઝાક ઝમાલ હતી. પૈડાં નજદીક ૫) ફીટ વ્યાસનાં છે. ગાડીની સઘલી ઉંચાઇ આસરે ૧૦) ફીટ તથા લંબાઇ ૨૪) ફીટનીછે. પૈડાંને મથાલે વાંકા વાલેલાં શરીરનાં ચાર માણુસો બેસાડેલાંછે અને તેમને મથાલે આગલનો કોચમાકશ તથા પાછલ ઘોડાવાલાઓની બેઠકો કીધેલીછે. ગાડીને બામડાનાં પટા ઉપર લટકતી રાખેલીછે. તેનાં ચારો ખુણાં ઉપર તથા મથાલું જે અણી રોકું ઉંચુંછે તેની ઉપર તાજ બનાવેલાંછે. ગાડીનાં બધા પેનલ ઉપર તે વખ્તનાં કોઇ ઘણાં વખાણાયલા ચીતારાને હાથનાં ઓઇલ પેન્ટીંગનાં ચીતારો ઘણું સરસ પાડેલાંછે, અને બધીગમથી નકશીકામ તથા સોનાની ગીલીટ કીધેલીછે. જોકે એ ગાડી બનાવ્યાને નજદીક ૧૨૦ વરસ થયાંછે, તોપણ તે ઘણી સારી હાલતમાં જાણે નવી બનાવેલી હોય તેમ લાગેછે. એ ગાડી બનાવવા પર પૈંડ ૭૬૬૦) ખરચ બેઠો હતો એમ કહેછે. એ ગાડી જયારે રાણીજી પાર્લામેન્ટમાં જતાં હતાં ત્યારે વાપરતાં હતાં. પણ સને ૧૮૬૧ થી એવણનો વર પ્રીન્સ એલબરટ મરી ગયા પછી એ ગાડીમાં તદન બેસતાં નથી. પણ બીજી થોડા ભપકા વાલી ગાડીમાં બેસેછે: એ મોટી ગાડી ૪) ટણનાં વજનની કહેછે. બીજી નાધલી સ્ટેટ કેરીએજો પેહેલીના જેટલી ઘણી ગીલીટની તથા નકશીની નથી. તોપણ તેનો ભપકો ઘણોછે. એ ગાડીઓનો વજન એક ટણનોછે. પણ હમેશની વાપરવાની ગાડીઓ ઘણી સાદી મુંબાદમાં ભપકાદાર જે લેનડા ગાડીઓ જોઇયેછે તેવીછે. એ ગાડી ઘોડાનાં તબેલા એક મોટા ચોકમાં ચારે બાજુ ઉપર ફરતે ફરે બાંધેલાછે.

આજે સાંજનાં પાંચ વાગે હમો પાર્લામેંટમાં ઉમરાવોની સભા ભરાઈ હતી તે જોવા ગયા હતા, જયાં આસરે ૮૦) ઉમરાવો હાજર હતા. તેમાં વખ્ણાયલા થોડાક જણાં જેવાકે ડયુક ઓફ કેમબ્રીડજ, માકવીશ ઓફ સાલસબરી; લૉર્ડ ચેમસફર્ડ ઇત્યાદીને બોલતાં સાંભલ્યા હતા. એ પાર્લામેંટ હાઉશ હમોએ જોકે બધે ફરીને જોયું નથી, તોપણ જે જોયું તેપરથી કહયેછે કે તે ઘાણું સરસ રીતે બાંધેલું છે. પેહેલાં અંદર જતાં એક મોટો હૉલ આવેછે, તેને વેસ્ટમીનશટર હૉલ કહેછે. તેની લંબાઇ ૨૯૦) ફીટ, પેહોલાઇ ૬૮) ફીટ તથા ઉંચાઇ ૯૨ ફીટનીછે, એ હૉલ ઘણો જુનોછે. નજદીક ૪૦૦) વરસ ની વાત ઉપર વેસ્ટમીનસ્ટર પેલેસનો તે એક ભાગ હતો. એ મહેલમાં પેહેલા વીલ્યમથી બાઠમાં હેનરી સુધી રેહેતા હતા, અને એ હૉલ તવારીખની બાબતમાં ઘણો વખાણાયલોછે. એમાં એડવર્ડ બીજાને તખ્તપરથી ઉઠાડી મુકવાનું ઠેરવ્યું હતું, તથા એજ હૉલને ફરીથી રીપેર કરી બાંધનાર બીજા રીચર્ડને પણ તખ્ત ઉપરથી

ઉઘાડી મુકવાનું ઠરાવ્યું હતું. બધા રાજા ચોથા જ્યૉર્જ સુધીનાને અહીંયાં તખ્ત ઉપર બેસતી વખતનું બાણું થતું હતું, તથા હીયાંજ ત્રીજા એડવર્ડે પોતે કેદ પકડી લાવેલા ફ્રાન્સનાં રાજા જોન તથા સ્કોટલાંડનાં રાજા ડેવીડને બાણું આપ્યાં હતાં. પેહેલા ચાર્લ્સને ગરદન મારવાનો હુકમ હીયાંજ થયો હતો. અને તેને હરાવનાર ક્રોમવેલને અહીંયાજ લૉર્ડ પ્રોટેક્ટર દાખલ રૈયતે કબુલ રાખ્યો હતો, અને બે બનાવની આઠ વરસ પછી ક્રામવેલનું મુરદું જે વેસ્ટમીનશટર બેબીમાં દાટેલું હતું ત્યાંથી કાહાડીને તેનું ડોકું બેજ હૉલના બેક કંગુરા ઉપર દગલબાજ બલવાબોર દાખલ મુકયું હતું, જ્યાં તે ૩૦) વરસ સુધી રહયું હતું. બેમ કેહેછે કે બેટલી મુદત બાદ પવનના જોરથી તે ઉડીને નીચે પડયું હતું, જે ત્યાંનાં ચોકીદારે પાછલથી કોઇ ડાકટર વીલકીનસનને વેચ્યું હતું, જેનાં બાંનદાનનાં બેક શખ્સ પાસ હજુર તે ડોકું રાખેલું છે. બીજા ઘણા વખણાયલા શખ્સો જેવા કે સર ડામશ મોર, લૉર્ડ પ્રોટેક્ટર મોમરસેટ, લૉર્ડ કોબહામ, સ્કાચ સ્વદેશાભીમાની જોહ્ન વીલીયમ વાલેશ, ગાયફ્રોકશ ઇત્યાદીનો ઇનસાફ થઇને મોહોતની શીક્ષા તેબોને હયાંજ થઇ હતી. બે હૉલની આસપાસ કોરેાનાં તથા બીજા બોરડાબ્બો છે. ત્યાંથી બેક મોટી સીડી ચડીને જતાં બેક બીજો હૉલ આવેછે. ત્યાંથી થઇને ત્રીજામાં જવાયછે. બે સઘલા હૉલોમાં વખણાયલા શખ્સોનાં તથા આગલા રાજાબોનાં મોટાં પુતલાંબોછે. બે છેલો હૉલ મુકયા પછી બેક ગોલ હૉલ જેને વચલો હૉલ કરીને કેહેછે તે આવેછે. બે તથા બેની પાસની ગેલેરીબ્બો ઘણી સરસ બને જોવા લાયકછે. ગેલેરીબ્બોમાં દીવાલ ઉપર આગલાં પ્રજાસત્તાક રાજનાં વખતને લગતા ચીતારા પાડેલાછે. વચલા હૉલની દાખી બાજુની ગેલેરી મુકીકે હાઉસ બોફ કોમનસવાલા ભાગમાં જવાયછે, અને જમણી બાજુપરની ગેલેરી મુકી કે હાઉસ બોફ લૉર્ડસનાં ભાગમાં જવાયછે. બે હૉલો ઘણાખરા બેકસરખા મોટાછે. પણ લૉર્ડસોનો બોરડો ઘણો સરસ સણગારેલોછે, જેમાં બે પાર્લામેન્ટનાં આસરે ૪૩૫ લૉર્ડસોને બેસવા માટ લાંબી લાંબી ઊંચી બનાવટનાં ચામડાંની જડીત કોચો તથા વચેવચમાં ટેબલો મુકેલીછે. તેની સામેજ સભાપતી લાર્ડ ચાંનસેલરનું સીંહાસન બેક ચોરસ કોચ ઉપર ગોઠવી બનાવ્યુંછે, તેને "ઉલસાક" કેહછે. બે કોચની બરાબર પાછલ બેક જગા કોટેરા ભરેલી લીધેલીછે, જ્યાં માહારાણીનું તખ્ત મુકેલુંછે. તે ઘણું ખરૂં મુબાઇમાં જે તખ્ત ઉપર રાણીનું પુતલું મુકેલુંછે તેનાં તખ્તને મલતું બાવેછે. બે હૉલની બારીબ્બોમાં ઇંગલાંડનાં બધા રાજા રાણીબ્બોની કાચની સખીબ્બો ચીતારી મુકીછે. મથાળાંપર ગેલેરીછે ત્યાં બાહાર ગામનાં જોનારા આવનારાબ્બો તથા બાણુંબ્બો અને રીપોરટરો બેસેછે. બે પાર્લામેન્ટ હાઉસ ઘણું મોટું છે. બેમાં આઠ બેકર જગા રોકાયલીછે જેમાં ૧૧) મોટી બીલડીંગનાં ભાગો ૧૦૦), દાદરો, અને ૧૧૦૦) બોરડાબ્બોછે. બેને બાંધવા પાછલ તીસ લાખ પૌંડ લાગા હતા. બેનાં ઘડીયાલનો મીનારો ૩૧૮) ફીટ ઊંચો છે અને તે ઘણો નકશીદાર તથા સોનાની ગીલીટ કરીને બાંધેલોછે. અને બેક બીજો મીનારો જેને વચલો મીનારો કહેછે તે ૩૦૦) ફીટ અને ત્રીજો મીનારો જેને વીકટોરીયા ટાવર કહેછે તે ૩૪૦) ફીટ ઊંચોછે, બેનાં ઘડીયાલની તકતી બારછે તે ૨૩) ફીટ બ્યા સનીછે. ઘડીયાલને કુંચી બાપતાં પાંચ કલાક લાગેછે, તેનાં મીનારામાંનો ઘાટ ૧૩) ટનનો ભારીછે. દુન્યામાંનાં મોટા ઘોટામાનો તે બેક ઘાંટ ગણાયછે. જ્યારે તે વાગેછે ત્યારે લંડન શેહેરનાં ઘણાંખરા ભાગોમાં રતુ સારી હોય તો બરાબર સંધે સંભ-

જાયછે. એ મેહેલ નદી કીનારે બાંધેલોછે. તેનો લંબાઈ ૯૪૦) ફીટછે અને તે બાજુ ઉપર ઈંગલાંડનાં મધના બાદશાહોનાં પુતળાં મુકેલાંછે. એ ઈમારત સને ૧૮૪૦ માં અગલી ઈમારત બલી ગયાથી બાંધી હતી.

એ મેહેલ જોઇને પછી એની પાસે ટેમસ નદી ઉપરનો સૌથી સરસ પુલ વેસ્ટ-મીનસ્ટર બ્રીડજ જોવા ગયા હતા. એ પુલ ઘણો ભપકાદાર બાંધેલોછે, અને તે સને ૧૮૫૬ થીને ૧૮૬૨ સુધીમાં બે લાખ પચાસ હજાર પૌંડ ખરચીને બાંધી તૈયાર કીધો હતો. તે ૧૧૬૦) ફીટ લાંબો અને ૮૫) ફીટ પોહોળોછે અને સાત મોટાં આરકાં ઉપર બાંધેલોછે. એ પુલપરથી બેહુ બાજુનો દેખાવ ઘણોજ સરસ દીસેછે. એક બાજુપર પાર્લામેંટ હાઉસ તથા સેંટ ટોમસની ઈસ્પીતાલ, અને બીજી બાજુપર ટેમસ એમબેંકમેન્ટનો નદી કીનાર કે જે ઉપર ઈલેકટ્રીક લાઈટ દીપેછે તેથી, તથા પાર્લામેંટ હાઉસની બાજુપર નજદીક નજદીક ગ્યાસ લાઈટનાં આવેલાં રોશનીદાર ફાનસોથી રાતનાં સુંદર ઘણું રળીઆમણું લાગેછે.

તા૦ ૨૨ મી જુન ૧૮૮૧—આજે રાતનાં રૉયલ ઓટોનીકલ ગારડનમાં "ફૂટી" હતી તે જોવા ગયા હતા. એ જગ્યાની બીગત હમો તા૦ ૧૯ મીએ જઈ આવ્યા તે વખતે લખેલીછે. આજે હીંયા બધા રસતાઓ ઉપર તથા કેઆરાઓમાં લાઈટ કીધેલી હતી. ગ્યાસનાં દબાઓ તોરણ રોકા કરીને મોટા રસતાપર મુકયા હતા અને બીજા કેઆરાઓ પણ તેલની બતીનાં દીવાનાં કીધા હતા. ઝાડપાનનો મેળાવડો સારો હતો પણ તે કાંઈ ઘણો જોવા લાયક ન હતો. હીંયાં રાંણીની છોકરી પ્રીન્સેસ લુઈસા તથા તેનો કાકાની છોકરી પ્રીન્સેસ બેક આવ્યાં હતાં તથા બીજું ઘણું લોક એકઠું થયું હતું.

તા૦ ૨૩ મી જુન ૧૮૮૧—આજે માઉથ કેન્સીંગટન મ્યુઝીયમની ખુદરતી તવારીખ વીદ્યા તથા ધાતુ શાસ્ત્રની સાબ્બાઓ જોવા ગયા હતા. એ મ્યુઝીયમ ક્રોમવેલ રોડ ઉપર આવેલું છે. તે મોહોલો ઘણાં મોટા મોટા મેહેલોનો એક મેલ લાંબો બનેલોછે. ત્યાં ઘણાં સારાં સારાં માણસો રહેછે. એ મ્યુઝીયમની બીલડીંગ ઘણીજ મોહોટી અને નવીજ ઢબની શોભાયમાન બાંધેલીછે. તેમાં અગલનાં વખતનાં અસાધારણ જેવાં હીમ્પાલ જનવરોનાં હાડકાં મુકેલાંછે. હાથીનાં વરગના એક જનવરનો દાંત અતીઘણો મોટો આસરે ૧૧) ફીટ લાંબોછે. બીજા એક હાથીનાં દાંત, ઉપરનાં જડબાંને બદલે, નીચેનાં જડબાંમાં ઉગેલાછે અને તે હેઠી વાંકા વલી ગરદન તરફ ગયલાંછે. એ જનવર જો કે હાથી નથી પણ તેનાંજ જેવું કદાવર અને સુનવાલું હોવું જોઇયે એમ બીદવાનોએ લેખ મારયાથી ત્યાં લખેલું છે. બીજું જનવર આરમીડેલો જાતનું છે, જેનું હાડ બીજાં ગામમાં હોવાથી તેનું "કાસટીંગ" એટલે ઓટેલો નમુનો મુકેલોછે. એ જાતનું જનવર હાલ જે જુઓલોજીકલ ગારડનશમાંછે તેના કરતાં દશ ઘણું મોટું છે. એજ પ્રમાણે બીજાં ઘણાં જનવરો તથા જનવરોનાં હાડકાં તથા તેઓનાં કાસટીંગ મુકેલાંછે. વલી ધાતુ શાસ્ત્રી ખાતાંમાં જમીનની ખાંણ તથા ધાતુઓનાં નમુનાં ઘણી જાતનાં ત્યાં મુકેલાંછે. હીરા તથા બીજા કીમતી પથરાઓ શી રીતે પેદા થાયછે તેના જુદા જુદા નમુનાં ત્યાં રાખેલાછે. જાત જાતનાં પથરોનો એટલો તો મોટો સંગ્રહ કીધુંછે કે તેની તારીફ તથા બીગતો લખી શકતા નથી.

એ જોઇને તેનીજ પાછલ ઈન્ડીયન મ્યુઝીયમ છે તે જોવા ગયા હતા. એ બીલડીંગ પણ ઘણી મોટી અને શોભાયમાનછે. તેમાં હીંદુસ્થાનને લગતી ઘણી બનાવટની તથા અગલનો કોતરકામની ચીજો ગોઠવેલીછે. તેમાં હાથીદાંતના તથા

રૂપાંની ઓધ્યા અંબાડીઓ, સુખપાલ, પાલખીઓ, ખુરસીઓ, જે રાજાઓએ રાંણી સારૂં તથા ઈસ્ટ ઇન્ડીયા કુંપની સરકાર બાહદર સારૂં મોકલેલાં હશે તે અસલની જાણુમો, તેમજ હમણાંની હીરા તથા મોતીની જાણુમો, તલવારની મુઠો, મીઆંનો, ખંજરો, મુંબાઈનાં સીસમી લાકડાંનું કોતરકામ, ગલીચાઓ, જગ્યાનાં ફોટોગ્રાફો તથા બીજું ઘણુંએક નવાઈ દાખલ મુકેલું છે. એ માંહેલું કેટલુંક તો આપણે હીંદુસ્થાનમાં જોયું પણ નહીં હશે. એવો સરસ તથા નવાઈનો સંગ્રહ હતો. અહીંયાં પારસીઓની સખી દાખલ શેઠ બહમનજી તથા અરદેસર હોરમજજી વાડીયાજીની તથા એક પુણાનાં જરથોસ્તીની મખીઓ મુકેલીછે. પારસીઓની બંદરી પાગડી પણ બાંધીને રાખેલીછે, એજ પ્રમાણે હીંદુસ્થાનની બધી ન્યાત જાતના પોશાકો રાખેલાછે.

તા૦ ૨૪ મી જુન ૧૮૮૧—આજે બપોરનાં ડયુક ઓફ સધરલેન્ડનો મેહેલ જોવા ગયા હતા. એ મેહેલ બાહારથી મોટો અને સાદા દેખાવનોછે. પણ તેની અંદરનો ભાગ ઘણોજ ભપકાદાર અને જોવા લાયકછે. તેની દેવાલો, સીડીઓ, થામલાઓ એ સધળું સંગેમરમરનાં રંગીન પથરનુંછે તથા દેવાલપર ઓઇલ પેન્ટીંગનાં ચીતારો ઘણાં સરસ પાડેલાછે. સીલીંગ તથા બીજું બધું લાકડકામ તદન ગીલીટ તથા નકશીકામનું કીધેલુંછે. જુદા જુદા ઓરડાઓમાં જુદા જુદા રંગનું એટલે દરેક ઓરડામાં એકજ અમુક રંગનું ફરનીચર ગીલીટ તથા સાટીનનું બનાવેલું મુકેલું છે. તેની દેવાલોપર ઊંચા ઊંચા ચીતારાઓનાં પીકચરો મુકેલાંછે. પુતળાંઓ પણ ઘણાં સરસછે. નાચવાનો બાલ રૂમ જોવા લાયકછે. તેની સીલીંગપર ઓઇલનાં ચીતારો તથા નકશીકામ પાડેલાંછે. દીવાલો ઉપર પણ મોટી મોટી ઓઇલ પેન્ટીંગો ચીતારેલીછે, તથા બાજુ ઉપર એક ઘણી મોટી આસરે તીશથી ચાલીશ માણુમો એસે એટલી મોટી એક લાલ મખમલની કોચ મુકેલીછે. ઉપર વચમેથી એક નાધેલો ગુંબજ કીધેલોછે. ત્યાં નાચતી વખતે ઇલેકટ્રીક લાઇટ કરેછે. તે ઉપરાંત બાજુપર ઘણાં સરસ ઝુમરો રાખેલાંછે. એવો ભપકાદાર ઓરડો તથા ઘેર કવચીત જોવામાં આવતાં હશે. આખાં લંડનમાં પણ એ મેહેલ સરસ ગણાયેલો કહેછે.

એ જોઇને પછી મી૦ હરબરટ કરીને એક ગ્રહસ્થનું ઘેર જોવા ગયા હતા. એ ઘણીની બાયડી હમારા એક મીત્રની સગી હોવાથી તેની બાએસને અનુસરીને હમો ત્યાં ગયા હતા. એ ઘેર પણ અતી ઘણું સુંદર હતું. તેની દેવાલો, સીડીઓ, થામલાંવો, આખા સંગેમરમરનાં હતા. ત્યાં ઓઇલ પેન્ટીંગ તથા લાઇબ્રેરી જેમાં અસલની ઊંચી હાથની લખેલી ચોપડીઓ હતી તે પણ ઘણી સારીછે. તેનો હૉલ તેમજ બાલ તથા ડાઇનીંગ રૂમો પણ ઘણા સારાછે. એ ઘણી પોતે જાતે ઘણો શોખીલોછે અને એક ખાનગી ગ્રહસ્થ દાખલ એનું ઘેર ઘણુંજ સારૂંછે.

એ જોઇને ફ્રેનસીંગ કલબ, કે જ્યાં સારાં માણુમો જમનેશીઅમની ગોલાંત,કુસતી,દંડ જોહરી મલકમ, ચલીની તથા તરવારની કસરતો શીખવા જાયછે તે જોવા ગયા હતા. હીંયાં કાંઈ ઘાયું જોવા લાયક નથી.

ત્યાંથી ઓરીયંટલ કલબ જોવા ગયા હતા. એ કલબ કાંઈ ઘણી મોટી નથી. પણ ત્યાં હીંદુસ્થાનનાં ગવરનર જેનરલની તથા બીજા જાણીતા માણુમોની મખીઓ રાખવામાં આવેછે, અને તેથી તેનાં નામ પ્રમાણે હીંદુસ્તાનને લગતા લોકો ત્યાં આવ જાવ કરેછે. એ જગ્યાપર આપણું મેહેલા પારસી એરોનેટ સર જમશેદજી જીજીભાઇનું લાઇફ સાઇઝનું ઓઇલ પેન્ટીંગ

મુકેલું છે. એ જોઇને અતરેનું સૌથી મોટું અને નવું બંધાયલું ગ્રાંડ હૉટેલ જોવા ગયા હતા. એ હૉટેલ ૨૦) લાખ રૂપીઆ ખરચીને ઘણું મોટું બાંધેલું છે. તેનાં હેઠલા ભાગનાં દાદરો તથા થામલા સઘળા સુંગેમરમરનાં પથરનાં બાંધેલાછે. તેનાં ડાઇનીંગ (જમવાનાં) હૉલમાં ૨૦૦) માણસો એક વખતે બેસી શકેછે. તેમાં હાલ ૯૦૦) માણસો ઉતરેલાંછે તેથી તદન ભરાઈ ગયલું છે.

તા૦ ૨૫ મી જુન ૧૮૮૧—આજે સવારનાં દશ વાગે સેંટ પાનકરાસ સ્ટેશન પરથી આગગાડીમાં બેસીને મેનચેસ્ટર શેહેરમાં બપોરનાં બેણાં ત્રણ વાગે પુગા હતા. એ ગાડીએ લંડન તથા મેનચેસ્ટરની વચમેનાં ૧૯૦) મૈલ બેણાં પાંચ કલાકમાં પુગ કીધા હતા. નજદીક દર કલાકે ૫૦) મૈલની સરાસરીની મુસાફરી ગાડીએ કીધી હતી. (તેમાં સ્ટેશનોપર ઉભી રહી તે બાદ કરીએ તો) તેમા કોઇ વખતે તો દર મીનીટે એક માઈલ પણ દોડતી હતી. જે વખતે ઝાડો તથા બીજાં સ્ટેશનો આપણી આગલથી જાણે ઉડી જતાં હોય એમ લાગતું હતું. રસ્તામાં ઘણે ઠેકાણે ખેતીવાડી તથા ગામડાંઓ મલ્યાં હતાં. પણ જેમ જેમ મેનચેસ્ટરનો નજદીક આવતા ગયા તેમ તેમ કારખાનાંઓની થોડી ઘણી ચીમનીઓ દીસવા લાગી હતી. મેનચેસ્ટરમાં બેહ્ય કે હજારો ચીમનીઓનાં જંગલો દીસવા લાગ્યાં, અને જ્યાં નજર કરીયે ત્યાં કારખાનાંઓની ઇમારતો ઘરો વચ્ચે ભેળાયલી દીસતી હતી. હમો શેન્ડ્રલ સ્ટેશન પર ઉતરીને મેનચેસ્ટરનાં કુવીનશ હૉટલમાં ગયા હતા. સાંજનાં અતરેની ટ્રામ કારમાં બેસીને મેનચેસ્ટરનાં ગામમાં થોડુંક ફરયા હતા, અને એલેકઝાન્ડ્રા પાર્ક જોઇ આવ્યા હતા. મેનચેસ્ટર શેહેરનાં મોહોલાઓ, જહાં હાટીઓ, વખારો તથા વેપારીઓ હોયછે, તે ઘણાં મોટા અને સરખાછે. હવેલીઓ પણ પાંચથી સાત માળ ઉચીછે. તેમાંની કોઇ કોઇની બાંધણીઓ ઘણી સરસ છે. તે ઇંટો તથા પથરની બાંધેલીછે. બારીઓ લંડનની માફક કાચનીછે, વચમેથી અગાસીઓ જોકાવેલી રાખ્યાથી "ઉંચી મેડી અજબ ઝરૂખા" જેવી એ હવેલીઓ ઘણી સારી લાગેછે. આજે સનીવાર હોવાથી મોહોલાઓની દુકાનો તથા હાટીઓ બંધ હતી તેથી બપોર વેલા સઘલું નવરૂં જેવું લાગ્યું હતું. એલેકઝાન્ડ્રા પાર્ક લંડન ના પારકો જેવો કાંઇ મોટો નથી. પણ ત્યાં ઘાસનાં કેઆરા કરી તેની વચમાં રંગીન ફુલોનો તગંહ પાડેલીછે તેથી ઘણો સોભેછે. તે સીવાય તેમાં બીજું કશું જોવાલાયક હોય એમ હમને ખબર નથી.

તા૦ ૨૬ મી જુન ૧૮૮૧—આજે આતવાર હોવાથી સઘલું બંધ હતું તેથી સાઉથ પોરટ કરી દરીયે કીનારે આજરી માણસોને હવાખાવા સારૂં મેનચેસ્ટરથી૪૦) મૈલ દુર નાહવા, હવા ખાવા વીગરેનું સ્થાન છે ત્યાં જવા સારૂં સવારનાં નવ વાગેનો આગગાડીમાં બેસીને ઉપડયા તે દશ વાગે પોંચયા. રસ્તામાં જેમ્બી ગામો મલે ત્યાં કારખાનાં હતાં. તેમાં બોલટન ગામની એક મીલ ગઇ કાલિજ બલી ગયલી પસાર થતી વેલા દેખવામાં આવી હતી. સાઉથ પોર્ટમાં વીકટોરીયા હૉટલમાં હમો ઉતર્યા હતા. એ ગામ માફકસર મોટું છે. એની વસતી વીસ હજાર માણસોની છે. એ ગામ દરીયે કીનારે હોવાથી એની હવા ઘણી સારી કહેછે. જોકે એ ગામ મેનચેસ્ટરથી ફકત ૪૦) મૈલ દુરછે તોપણ થંડીની મોસમમાં ત્યાં થંડી ઘણી પડતી નથી. અહીંયાનો દરીયે કીનારેનો મોહલો ઘણું સારાં ઘરોથી બાંધેલોછે. દરીયાની અંદર એક મોટો ઢકો આસરે ૧૪૫૦) વાર લાંબો બાંધેલોછે. એ ઢંકો કાંઇ વેપારને સારૂં સામન ઉતારવા બાંધેલો નથી. પણ ત્યાંનાં રેહેનારાં લોકોને સાફ હવા ખાવા, ફરવા

બાંધેલોછે, જે ઉપર જવાની બે પેની આપવી પડેછે. તેની ઉપર દર શાલ ચાર લાખ માણસો આવજાવ કરેછે. એ ડોંકો એક કંપનીએ બાંધેલોછે, તેની થાપણ પચાસ હજાર પોંડનીછે. ડોંકાપરની હવા ઘણીજ સરસ અને માફકસર થંડી લાગતી હતી. એ દરીયે કીનારે ડોંકા ઉપરાંત રસ્તો ૧૧ા મૈલ સુધી લાંબો લોકોને ફરવા સારૂં બાંધેલોછે, જેને "પ્રોમિનેડ" કહેછે. હમો પેહેલાં ફરવા ગયા ત્યારે લોકો દેવલમાં ગયલા હોવાથી તે સઘલું ખાલી દીસતું હતું. પણ પાછા ફરતી વખતે દેવલ ખલાસ થવાથી સઘલું લોક જોકે બપોરનાં બાર વાગા હતા અને તડકું પડતું હતું તોપણ મુંબઇમાં જેમ સાંજનાં પવનચકી સઘલું લોક ફરવા જાયછે તેમ ફરવા નીકળયું હતું. અહીંયાંનાં લોકોનો દેખાવ લંડન કરતાં વધુ ચોખ્ખી હવાના સબબથી ઘણો તંદરોસ્ત લાગતો હતો. બપોરનાં ત્રણ વાગે એક એક ગાડી ભાડે કરીને એ ગામમાં તથા આસપાસ ફરવા નીકળયા. ગામનાં ઘરો ઘણાં નાંધલાંછે. પણ આસપાસનાં રેહેવાનાં છુટા છુટા બંગલાઓ ઘણી રોનકદાર બાંધણીનાં છે. તેઓની આગલ મજાનાં બાગો રાખેલાછે. અહીંયાં ગમતને સારૂં વીનટર ગારડન બાંધેલોછે, જેમાં ઝાડોની ઉગવણી ખીલવણી સારૂં એક મોહોટી "કનઝરવેટરી" કીધીછે. આદીતવાર શીવાયે હયાં રોજ વાજું વાગેછે અને શીયાળાની રૂતુમાં બધું લોક એ બાગમાં થંડીને લીધે ફરહર કરવા જાયછે, એની આસપાસ છુટાં છુટાં નાંધલાં ગામડાંઓછે જેમાંનાં એક બે હમોએ જોયાં હતાં. ત્યાંનાં ગરીબ લોકોનાં ઘરો જોકે નાધલાંછે તોપણ ઘણી સાફ હાલતમાં રાખેલાં હતાં. એક ગમ હમો એક એકુતને ત્યાં ઉતરીઆહતા. તયાં હમોને ગાયનું તાજું કાધેલું દુધ ચાર પેનીની કીમતે નજદીક ત્રણ શેરની ઉપર આપ્યું હતું. એ ધણીનું ઘર નાધલું આસરે ૨૫) ચોરસ ફીટનું છે. પણ તે ઘણું સફાઇ ભરેલું રાખેલું હતું. એક ખુણામાં સગડી તથા લોખંડનાં ચુલાપર કાંઇ રંધાતું હતું. ટેબલ તથા ખુરશી, જે નાહાની કીમતની હલકી હતી તે બાજુપર ગોઠવેલી હતી. ટેબલ ઉપર થોડાંક વાસણ સાફ કરીને મુકેલાં હતાં. એથી સફાઇ આપણાં મુંબઇમાં ગરીબ લોકનાં ઘરમાં જોવામાં આવતી નથી. એ સાઉથ પોરટમાં હમોએ એક નવી ચીજ જોઇ હતી. તે એમ કે બોટ રોકી ચાર પૈડાંની ગાડીઓ કીધેલીછે, અને તેને બોટોની માફક બે ડોલો મુકેલાંછે. તેને પવનનું જોર લઇને બોટની માફક રેતીમાં દોડાવેછે. જેમાં બેસી ફરીને સુખચેનમાં લોકોને હવા ખાવાને બની આવેછે. એ જોઇને રાતનાં પાછા મેનચેસ્ટર આવ્યા હતા.

તા૦ ૨૭ મી જુન ૧૮૮૧—આજે સવારનાં મેનચેસ્ટરનો એકસચેંજ જોવા ગયા હતા. એ ઇમારત સને ૧૮૭૫ માં બંધાઇને તૈયાર થઇ હતી. એનો દેખાવ બાહારથી ઘણો સારોછે. ઉંચા મોટા થામલાઓપર પોરટીકો કરીને તેને બેહુ બાજુએથી મોટી સીડીઓ કીધીછે. અંદરથી ઘણો મોટો એક હૉલછે. જેનાં થામલા તદન ગ્રેનાઇટ પથરનાં કરીને તેનાં પેડેસટલની વચમેથી બરોનઝની નકશી કીધેલી છે. એ હૉલની ઉંચાઇ આસરે ૬૦) ફીટની હશે, અને લંબાઇ ૨૦૦) ફીટ તથા પોહોળાઇ ૭૫) ફીટનીછે. તેની બેહુ બાજુઓપર ચાલોછે જે તેટલીજ લંબાઇનીછે. પણ ઉંચાઇમાં ઘણી થોડીછે. કારણકે તેની ઉપર ત્રણ માલ કીધેલાછે, જે માલપર વચમાં ચાલ કારીને આસપાસ ઓરડાઓની હાર કીધેલીછે. હેહલનાં વચલા હૉલમાં રૂનાં તથા એક બાજુપર એનજીનનાં તથા બીજી બાજુપર વાહણોનાં નુર તથા બીજી પરચુરણ ચીજોનાં દલાલો કામ કરેછે. ડાબા હાથપરની ચાલમાં મોટાં મોટાં ફાનસો

ઠંડા ઉપર મુકેલાંછે. તેની બધી બાજુ ઉપર વેપારની જીણમો તથા નોટોનાં ભાવનાં આવેલા ટેલીગ્રામો મુકેછેકે દલાલોને વાંચવા કામ લાગે. વચલા હૉલમાં એક બાજુપર ઘડીયાલ મુકેલુંછે, અને તેને મલતું થવા બીજી બાજુપર સાંબે એક મોટું કમપાસ પાડેલુંછે, જેનો કાટો મુકીને છાપરાંપરનાં "વેધર કોક" અથવા "ઋતુના મરઘા" સાથે તે મેલવેલાછે કે જેથી પવન કેઇ બાજુ પરેછે તે તેદેખાડી આપે. એ હૉલ ઘણો સારો અને નકશીદાર બાંધેલાછે અને એ આખી ઇમારતપર પાંચ લાખ પૌંડ બેઠા હતા એવું કહેછે.

એ જોઇને પછી અતરેની ટાઉન હૉલ જોવા ગયા હતા. એ ઇમારત પર સાડા સાત લાખ પૌંડ બેઠાછે એમ કહેછે. એ ઇમારત સને ૧૮૭૭માં બંધાઇ તૈયાર થઇ હતી. તે ૩૨૮થી૩૬૦ ફીટ મોહોટીછે અને તેનાં મીનારાઓ ૧૫૫થી૨૮૦ ફીટ ઊંચાછે. એમાં ૨૫૦) ઓરડા, તથા એક મોટા હૉલ ૧૦૦) ફુટ લાંબોછે. ૭૫૦) ફીટ લાંબી ફરતી ચાલેછે એ ઇમારત ઘણી રોનકદાર બાંધેલીછે. તેની દીવાલો તથા શીલીંગોપર નકશી કામ સારૂં કીધેલુંછે. તેનાં થાંભલા ઇંગલાંડ, સ્કોટલાંડ તથા આયરલંડનાં રાખ રંગી તથા લાલ રંગી ગ્રેનાઇટના કીધેલાછે. એના હૉલો તથા ઓરડાઓ પણ મોટા મોટા અને સારા સણગારેલાછે. તેમાં એક હૉલ અતરેનાં મેયરને સારૂંછે જયાં તે બાણું આપેછે. તે ૭૨) ફીટ લાંબો અને ૨૬) ફીટ પોહોળો છે. જેને સારૂં એકજ આખો ગલીચો બાસ બનાવેલોછે. ગલીચાનો વજન ૨) ટણનો કહેછે. ત્યાંની ટેબલો અમેરીકા તથા ઇંગલાંડનાં ઓક લાકડાંના વારાફરીથી કટકાઓ જડીને કીધેલીછે. એનો દાદર ઘણો નકસીદાર થાભલાઓનો બનાવેલોછે. તેની ઉપરની ચાલનાં મથાળાંપર મેનચેસ્ટરનાં જે મેયરો થઇ ગયાછે તેઓનાં નામ તથા જે વરસમાં તેઓ મેયર થયા હતા તેનાં શાલ જુદા જુદા ભાગો કરી કાચમાં હારબંધ રંગીન ચીતારેલાંછે. એ ઇમારત હીંયાંની મ્યુનીસીપાલીટીએ પોતાની આવકમાંથી બાંધીછે, એટલી આવક તેનાં ખરચ કરતાં વધારે થતી હતી. એ ટાઉન હૉલમાં મ્યુનીસીપાલીટીને લગતી બધી હાજીસો ઉપરાંત પબલીકને સારૂં મોટું દીવાનખાનું મીટીંગો ભરવા તથા કોનસર્ટો કરવા રાખેલું છે. છેલા હૉલમાં એક મોટી આરગીનછે જેની ઉપર ૪૦૦૦) પૌંડ ખરચ બેઠોછે. તે ઉપરાંત દીવાલોપર હાલ ઓઇલ પેન્ટીંગનાં ચીતારો પાડેછે તથા સારા વખણાયલા લોકનાં બસ્ટો એટલે અર્ધાંગી પુતલાં મુકેલાંછે.

એ ટાઉન હૉલ જોઇને ટાઉનહૉલનો માંબે આપણો પ્રિન્સ ઓલબરટ મરી ગયો તે વખતે અહીંયાના મેયરનો બધરીએ તેનું એક મોટું પુતલું પોતાના ગીરા ખરચથી "નોબલ"નું બનાંવી ચોકમાં મુકાવેલુંછે તે જોયું હતું. એ પણ ઘણું સારૂં બનાવેલુંછે. એની ઉપર બાર હજાર પૌંડ ખરચ થયોછે.

એ જોઇને પછી કનઝરવેટીવ કલબ જોવા ગયા હતા. એ ઇમારત જોકે સારીછે. તોપણ બીજી ઇમારતો જે હમોએ જોઇછે તેની આગલ કસી બીસાતમાં નથી. હીંયાં કનઝરવેટીવ પાર્ટીવાલાઓ એકઠા થાયછે. તેઓ સારૂં બેસવાના, બીરા પીવાના, તથા બાવાના ઓરડાઓ સારા સણગારેલાંછે. એ શીવાય બીજું કાંઇ જોવા લાયક નથી.

ત્યાંથી નોકળેલા હમો શીલોપની વખણાયલી દુકાન જોવા ગયા હતા. એ દુકાન ચાર માળનીછે અને તે ઘણીજ મોહોટીછે. તેમાં માણસોનાં પેહેરવાસનો સઘળી ચીજો ઘણી જથાબંધ વેચેછે. એ દુકાનમાં માલ પચાસ લાખ રૂપીયાની ઉપરનો રેહેછે, અને રોજ પચાસ હજારથી તે એક લાખ રૂપીયાનો માલ

વેચી જરૂરો કરેછે. વેચવા સારૂં ૭૦૦) માણસો ખપેછે એટલો મોટી એ દુકાનછે.

એ જોઇને એસાઇઝકોરટ એટલે સેશન કોરટ જોવા ગયા હતા. એ કોરટ ઘણી મોટીછે. તેમાં જુદા જુદા ઓરડાઓ ઘણાં મોટાછે. પણ સૌથી મોટો એક હૉલ ૧૦૦) ફીટ લાંબો. ૪૮) ફીટ પોહોળો, અને ૭૫) ફીટ ઊંચોછે. એ ઇમારત એવી તલાવતથી બાંલીછેકે એનાં હૉલમાંથી એનાં બધા ઓરડાઓમાં જવાઇ શકાયછે. એ કોરટમાં ઇનસાફ કરવાનાં ઓરડાઓ ઉપરાંત, જડજોને રેહેવાનાં તથા સુવાનાં ઓરડાઓછે. હીંયાં એવો ધારો છે કે જજજ બીજા આસપાસનાં ગામમાં ફેરી ફરવા જાયછે, અને જયાં કજીયો થયલો હોયછે ત્યાં કને જગાપર જઈ ઇનસાફ કરેછે. કોરટનાં શેશન ભરવાનાં ઓરડામાં બંદીવાનને સારૂં એક નાધણું પીંજરૂં કીધેલુંછે પાસેજ જેલછે ત્યાંનાં બીયરાંમાંથી પાધરો ઉપર લાવીને કેદીને પાંજરાંમાં ખડો કરેછે. અને પાછો તેમજ ઉકાવી જાયછે. જેથી તેને નાહાસી જવાની તક તો સ્વપનાંમાંજ મલે. એ કોરટ બાંધવા પાછલ એક લાખ પૈાંડ ખેા હતા. તે સને ૧૮૬૪ માં બંધાઇને ત્યાર થઈ હતી.

એ કોરટ જોઇને મફત વાંચવા જવાની લાઇબ્રેરી જોવા ગયા હતા. એ ઇમારત અસલ ટાઉન હૉલ દાખલ વપરાતી હતી. પણ શેહરી દીવાનખાના દાખલ તેનો હકરાટ થોડો પડવાથી, તેમજ તે ઘણી નાધલી પડવાથી નવી ટાઉન હૉલ બાંધીને અતરે એ "રેફરંસ લાઇબ્રેરી એંડ રીડીંગ રૂમ" ઉઘાડે લેછે ; જયાં ચોપડીઓનો સાધારણ રીતે ઠીક સંગ્રહ કીધેલોછે અને લોકોને ત્યાં ન્યુઝપેપર અને ચોપડીઓ વાંચવાને મફત મલેછે. એ ઇમારતને બાહારથી મોટા થાંભલા હોવાથી સારી દીસેછે અને અંદરથી પણ રેાણકદાર બાંધેલીછે.

એ જોઇને પછી ફાયર બ્રીગેડ(બુંબાબા-નું) જોવા ગયા હતા, જયાં સ્ટીમ એટલે વરાલથી ચાલનારા બે મોટા તથા બીજાહાથ વતે ચલાવવાના બુંબા રાખેલા હતા, અને ત્યાં એવી તજવીજ કરેલીછે કે જયારેખી આગ લાગે ત્યારે એક મીનીટમાં તે બુંબાઓ તૈયાર કરીને આગવાલી જગ્યાપર લઈ જઈ શકેછે. એ સારૂં મોટા મોટા મોહોલાઓમાં છુટી છુટી હાકોશો છે, જયાં એક માણસ જાયુક રહેછે, જે તારની મારફતે જયાં આગ લાગી હોયછે તે બુંબાવાલાને ચેતાવેછે અને બુંબાઓ જે હમેશાં ચેતવેલા રહેછે તે જગેાપર લઈ જતાં જતાંમાં મલગીને તૈયાર થઈ રહેછે. એ પ્રમાણેનાં તારેા અતરેની મોટી મોટી દુકાનેા (જેમાં અરધા કરેાડ રૂપીયાનેા માલ રહેછે) તે સાથે પણ જોડેલા હોયછે. આગની વખતે દાદરેા મલગી ગયા હેાય તેા બારી વાટે ઉતારવા સારૂં લાંબી સીડીઓને ગાડીઓમાં નાંખીને લઈ જવામાં આવેછે. એ સીડીઓ એવી રીતે બનાવેલી હોયછે કે તે એકમેક સાથે જોડીને અખંડ ઉભી કરી શકાયછે, તેથી તે ઘણે ઊંચે સુધી પુગી શકેછે.

એ જોઇને પછી મી૦ કેરનું કાચ બનાવવાનું કારખાનું જોવાગયા હતા. એ ધ્યાનું જોવા લાયકછે, અને એનેા ઘણી ઘણેા બુજરેાગ અને ભલેાછે જેણે પેાતે હમેાને સઘળું દેખડાવ્યું હતું. પેહેલાં એક જાતની રેતી ફ્રાન્સથી આવેછે જે અતીઘણી ઝીણી અને સફેદ હોયછે. તેને સૂક્ષ્મદર્શકયંત્ર (Microscope) થી જોતાં સાકર જેવા પાસાદાર ઝીણા ચલકતા ગાંગડા દીસેછે. એ તથા બીજી એક જાતની રેતીને પેહેલાં ગરમ પાણીમાં ઉકાલીને સાફ કરેછે, અને પછી તેને કાંઈ મેળવણીમાં મેળીને ભઠ્ઠીમાં નાંખેછે જયાં સઘળું ગલીને ધારૂ પાણી જેવું થાયછે. હવે કાચની કાંઈપણ જણસ બનાવવા સારૂં તે પાંણીમાં એક

સોખંડની પોકલ નલી બેસેછે, જેની ઉપર તે પીધલેલી જીણુસ વલગી આવેછે, તેને પેહેલાં બાહાર કાહાડીને ગોળ ફેરવેછે, પછી તે ઉપર લોખંડનાં ચીમતા જેવાં હથીયાર વતે તેને જોઇતી પોહોળાઈ તથા લંબાઈમાં તાણેછે, અને તે બાદ પેલા નલીમાથી આસતે આસતે માણુસ ફુક મારી ફુલવીને કાચને જેવો જોઇયે તેવો આકાર આપેછે, અને તે આકાર આપતાં જો તે થંડું પડેછે તો પાછું આતશપર ધરીને ગરમ કીધાથી નરમ થાયછે. એ પ્રમાણે ફુકથી ફુલવીને ચીમતા તથા બીજાં જોઇતાં નાંધલાં હથીયારોથી આકાર આપેછે. હમારાં દેખતાં ગ્યાસ લામ્પટનાં દડાઓ, ગલાશો, નાંધલાં બુટો, તથા એક નાધલી સીડી બનાવીને હમોને ભેટ આપી હતી. રંગીન કાચનું ઓજાર બનાવવા સારૂં જુદીજ મેલવણી કરીને તેને પીધલાવેછે. તે મેલવણીમાં એવી ખુબીછે કે તે બાહાર કાહાડયાથી થંડી પડેછે કે જે રંગ અસલ લાલ આતશ જેવો હોયછે તે બદલાઇને બલુ અથવા સફેદ ઘેરો થાયછે. એ પ્રમાણે આકાર બનાવ્યા પછી તેને એક ભઠ્ઠી જેની બાજુપર આતશ સલગાવેલો રાખેછે તેમાં મુકીને ભુંજેછે, અને ત્યાંથી બીજી જગાએ લઈ જઇને જો તે કાચ ઉપર તરાંહ પાડવાની હોયછે તો પાડેછે. એ તરાંહ પાડવા સારૂં ઝીણાં ચકરો જે ઘણાં અણીદાર કીધેલાં હોયછે તે સંચાથી ચલાવેછે. તે ઉપરાંત કાચનું વાસણ એક માણુસ ઘરે છે જેની ઉપર જોઇતી તરાંહ માફક તે માણુસ ફેરવેછે, એટલે કાચ ઘસાઇને તેનાંપર જોઇતો આકાર નીપજેછે. એ તરાંહ પાડવા સારૂં ઘણાં હુશીયાર માણુસો રાખવાં પડેછે, જેઓ જેવી રીતે પેલા કાચનાં વાસણને ચકર પર ધરી ઉપરથી જે રેતી પડતી રેહેછે તેપર ફેરવેછે જેથા જેવી તરાંહ પાડવા માંગે તેવી પડેછ. તરાંહ પાડી રયા પછી તેને એક લાકડાંનાં ચકર ઉપર ધસેછે જેથી કાચ ઉપર રેતીનાં સફેદ ડાધ હોયછે તે સાફ થઇને તે બીલોરી રંગ ધરેછે. એ કાચનાં વાસણો બનાવવાની તથા તરાંહ પાડવાની કાંઇ સંચાની ચુખી નથી પણ માણુસોનાં હાથની ચાલાકીછે, જેઓ એવી રીતે ગલાસને ચકર ઉપર ફેરવ ફેરવ કરેછે કે વગર ભુલ કરયે જોઇતો આકાર પાડી શકેછે. એ કાચની સુધળીજીણુસોને(Cut Glass) કટ ગલાશ કહેછે. એ ઉપરાંત દીબાંઓ બનાવીને તેમાં કાચ બનાવવાની પીધલેલી વસ્તુઓ રેડેછે કે દીબાનાં જેવી તરાંહ પડેછ તેથી તે ઘણી મસ્તી કીમતે વેચાયછે, જેને આપણે દીબાનો કાચ કહીયે છીયે. એ પીધલેલી જીણુસોનો આકાર ભઠ્ઠીમાં સફેદ આતશના જેવો લાગેછે અને તેની અંદર કાચની માફક ઓલો દીસેછે. એમાં એટલી ખુબીછે કે આપણે તે ગરમ હોય તેટલામાં જેટલી લાંબી કરાએ તેટલી થઈ શકેછે, અને તેમાંથી આપણાં બાળથી પણ પતલો ને ઝીણો તાર નીકલી શકેછે, જે હાથમાં માલમથી પડતો નથી. એ જોઇને પછી હમોને ત્યાંનાં(Show Room) શો રૂમમાં લઇ ગયા જ્યાં બધી તરાંહની કાચની બનાવટની ચીજો નમુના દાખલ રાખેલી હતી જે ઘણી જોવા લાયક છે.

તા.૨૮ ૨૮ મી જુન ૧૮૮૧—આજે સવારનાં મેનચેસ્ટરથી ઈ.ડીંગ કરીને આસરે બાર માઇલ દુર ગામડા ત્યાં છીંટના કપડાં છાપવાનું કારખાનું જોવાને આગગાડીમાં બેસી ગયા હતા, જ્યાંનાં એસીસટંટ મેનેજરે હમોને સઘળું ફરીને દેખાડયું હતું. પેહેલાંકોરા કપડાંને ધોઇને તે ઉપરનો સઘળો હાર તથા મેલ કાહાડી નાંખીને સફેદ બનાવેછ. પછી તેને સંચા ઉપરજ સુકવીને એક બીજા સંચામાં લાલ આતશ જેવાં લોખંડ ઉપરથી જડપથી પસાર કરી જાએછે, જેથી તે ઉપરનાં રૂમ બલી જઇને કપડું તદન સફા થાયછે, એ

તૈયાર કીધેલાં કપડાંને રંગ આપવાને નાધલા સંચામાં મુકેછે. એ દરેક સંચાની સાથે એક નાધલું એનજીન રાખેછે તેનું કારણ એ જે કોઇની તરંહ પાડતી વખતે આગતે ચાલ અને કોઇને માટે જડપ ચાલ ચલાવવાને વાસ્તેનાં જુદાં જુદાં સંચાને દરેક એન્જીન ચલાવેછે. એ છાપવાનાં સંચામાં જોઇયે એવો રંગ બનાવીને રાખેછે અને કપડાંને એક ગોળ રોલર ઉપરથી પસાર કરેછે. હવે એ રોલરને એવી તરંહ પાડીને બનાવેછે કે જે ભાગથી તરંહ પાડવાની હોયછે તે ભાગ તદન સફાઇ ભરેલો રહેછે અને બાકીની જગા ખસરાયલી રાખેછે, તે ખસરાયલી જગા પેલો રંગ કે જેમાંથી રોલર પસાર થાયછે તેને લાગવાથી ખરડાયછે, બાકીનાં સફા તરંહનાં ભાગને એક લોખંડની પતીથી રંગ ઉખેડી નાખે એટલે ખસરાયલો ભાગ કપડાં ઉપર બાયનો રંગ આપેછે, અને પેલી તરંહવાલી જગ્યા ખાલી રહેછે તેથી જમીન રંગીન અને તરંહ સફેદ થાયછે. એવી રીતે છીંટનું કપડું સફેદ તરંહ પાડેલું બનેછે. હવે જો કપડાંની ભોંય સફેદ અને તરંહ રંગીન પાડવી હોયછે તો પેલાં સફેદ કપડાંને આખાંપર રંગ નાંખેછે, અને રોલરપર તરંહવાલા ભાગને જરા કોતરી કાઢેછે, અને તેને એક જાતની એશીડમાંથી પસાર કરેછે. એશીડ તરંહવાલા ભાગમાં રહેતી નથી, પણ સફાઈ ભાગ જે ઉપસેલો રહેછે તેને લાગેછે. હવે રોલર જેવું કપડાં ઉપર દબાયછે કે રંગને પેલો એશીડવાલો ભાગ ઊંચકી લીએછે, તેથી તરંહ રંગીન અને ભોંય સફેદ થાયછે. પણ તરંહ રંગીન આપવાની હોયછે અને ભોંય પણ રંગીન રાખવાની હોયછે, તો પેહેલાં ભોંયને જોઇતા રંગથી રંગેછે, અને પછી પેલાં કપડાંને એવા રોલરથી પસાર કરેછે કે જેપર તરંહ ઊંડી કોતરેલી હોય, અને તે રોલર તરંહ માટે જોઇતા રંગનાં વાસણમાંથી પસાર થાયછે ત્યાંથી તરંહવાલા ભાગમાં રંગ ભરાઈ રહેછે, અને બાકીનાં સફા રહેલા ભાગપરથી રંગ પતીથી કાહાડી નાંખેછે તથા જ્યારે તે રોલર કપડાં ઉપર દબાયછે ત્યારે તરંહનો રંગ તે ઉપર લાગવાથી તેની છાપ પડેછે. જો ઘણી જાતનાં રંગની તરંહ હોયછે તો જુદા જુદા રંગને સારૂં જુદા જુદા રોલરોપર તરંહ પાડીને તેને એવી રીતે ગોઠવેછે કે વારા ફરતી પોતાનો રંગ ઉપર મુજબ રોલરો તે કપડાં ઉપર નાંખેછે. એ દરેક રોલરની સાથે રંગનાં વાસણો તેની હુંફાણુમાં રાખેલાં હોયછે તેમાંથી તે રંગ ઊંચકી લેછે, જેમકે એક રોલરની હુંડે લીલો, બીજાંની હુંડે ગુલાબી, ત્રીજાંની હુંડે લાલ, એવા રંગો રહેવાથી તથા રોલરની ઉપર લાલ રંગવાલો ભાગ કોતરેલો હોવાથી તેની હુંડે લાલ રંગ હોયછે તે લેછે. એ મુજબ જોઇતા રંગો રોલરો ઊંચકી લેછે અને કપડા ઉપર દબાયથી જોઇતી તરંહની છીંટ તૈયાર થાયછે. એ પ્રમાણે છીંટનું કપડું તૈયાર થયું કે તેને પેહેલાં સાબુનાં પાણીમાં ધોયછે. જુદા જુદા રંગોને સારૂં જુદી જુદી જાતની બનાવટનો સાબુ વાપરેછે. ત્યાર પછી તેને હાર ભરવાના સંચામાંથી પસાર કરેછે અને છેક છેલ્લાં પાલીસ કરવા ફીનીશીંગ મશીનમાંથી પસાર કરી ત્યાંજ સંચાકામથી ધરી વાલી ગાંસડી બાંધીને મેનચેસ્ટર મોકલી આપેછે. તરંહ પાડવાનાં જે રોલરો હોયછે તે બનાવવાને ઘણી મેહેનત પડેછે. એ રોલરો ત્રાંબાનાં બનાવેલાં મેનચેસ્ટરથી તૈયાર આવેછે, અને તે ઉપર જોઇતી તરંહ એક કારખાનાંમાં પાડેછે. તે સારૂં જુદા જુદા સંચાઓ રાખેલાછે. એ તરંહ પાડવા ઝીણી આણીદાર લોખંડની સલીઓ રાખેલી હોયછે જેને સંચો ચલાવેછે, અને તે તરંહ સારૂં એક ચક્કર કે જેની ઉપર આરગી-

નનાં ગલની માફક ઉભા ડાંટા આવેછે તે પેલી સલીઓને જોઇતી વખતે ઉપર હેઠે ફેરવેછે. હવે પેલી અણી રોલરને લાગેછે કે તે તરત કોતરેછે, અને જ્યાં સફાઈ રાખવી હોયછે ત્યાં તે સલીઓ (પેલા ચકરને તે વખતે ડાંટા નડી હોવાથી) ઊંચકઈ જાયછે અને ચકરનાં ડાંટા હોયછે એટલે સલીઓ દબાયછે અને રોલરને કોતરેછે. પણ ફુલો તથા બીજી આરકતરી તરાંહ પાડવી હોયછે તો તે માટે બીજી જાતના સંચાઓછે. એ સંચામાં પણ અણીવાલી સલીઓ રેહેછે પણ તેને ચલાવવા પેલાં ચકરને બદલે માણસ હાથથી તેવી તરાંહ એક બાજુ ઉપર બીજી સલીઓ હોયછે તેથી પાડેછે. હવે એ સલી માણસ જેમ હીલવેછે તેમ પેલી તરાંહ પાડનારી સલીઓ પણ હીલીને જોઇતી તરાંહ પેલા રોલર ઉપર પાડેછે. એ તરાંહ પાડવા માટે પેહેલાં રોલરને એક જાતનાં રંગનું વારનીશ મારેછે, અને જ્યાં તરાંહ જોઇયેછે ત્યાંજ તે કોતરાવાથી રંગજ કોતરાયછે અને બેરલ ખરાબ થતું નથી. પછી તે બેરલને (Naphtha) નફતેલ કરીને જોરાવર તેલ આવેછે તે ચોપડેછે કે એસીડ પેલાં બેરલ ઉપર અસર કરીને તેને વધતું ઓછું ખાઇ જઈ તરાંહ બીગાડે નહીં કોપ્પની તરાંહ ઘણી ચુંચવાણવાલી હોયછે તો તે રોલર ઉપર તરાંહ કોતરતાં એક મહીનો થાયછે, તેથી તે ઘણું મોંઘું પડેછે, અને અગત્યનો કોપ્પને માટે નવી તરાંહની છોટ બનાવવી હોયછે તો તેનાં જથાબંધ ટાકા બનાવેછે, તોજ બે મોંઘાં રોલરોનો ખરચ પરવડેછે. થોડા ટાકા કીંમતી પરવડતું નથી.

એ જોઇને બપોરનાં હમો પાછા મેનચેસ્ટર આવ્યા હતા, અને અતરેની લુઇશની વખણાયલી દુકાન જોવા ગયા હતા. એ દુકાન ઘણી મોટીછે અને હીંયાં માલ સઘળી જાતનો મલતો મલેછે. એનાં ધણીનાં કેહેવા મુજબ એ દુકાનમાં ૨૦૦૦) માણસો રોજ બપેછે.

તે જોઇને પછી ચારલશ મેકીનટોશનું રબર બનાવવાનું કારખાનું જોવા ગયા હતા. બે કારખાનું મેનચેસ્ટરમાંજછે. ઈન્ડીયા રબર બનાવવા માટે બાઉઠ અમેરીકા તથા આફ્રીકાથી એક જાતનાં ઝાડનો રસ બંધાઇને આવેછે. તે ઝાડને બીલા ભોકી તેમાંથી રસ જેહેરવેછે અને હેઠલ થાલીઓ મુકીને તેમાં ઝીલેછે, તે તરત બંધાઈ જાડો થઈ જાયછે. તેને બ્રહીંયા મોકલેછે. એ રસની ચાકીઓને પેહેલાં સંચામાં દાબેછે, એટલે દબાઇને પતળી છુંછા જેવી લાંબી થાયછે, અને તેજ વખતે તે ધોવાઇને તેમાં ભેલાયલી ધુલ નીકલી જાયછે. હવે બેને ગરમ કરીને બીજા સંચાનાં રોલરોમાં લાંબા કટકાઓને દાબી પતળા ને વધારે પોહોળા તથા લાંબા કરેછે. ત્યાર પછી ત્રીજા સંચામાં તેને બેવડા કરીને દાબી પાછા જાડા કરેછે અને ગરમ કરીને તેનો થરો એક ઈસફુર હેઠળ મુકી ઈસફુરને ડાબેછે તો રસ એકેડો ઝમીને તેની ઇન્ડીયા રબરની ચાકીઓ તથા લાદા (Blocks) થાયછે. બેમાંનાં કોઈ ૧૦ થી ૧૫ ફીટ લાંબા, ૭ ફીટ પોહોળા અને ૧) ફુટ જાડા થાયછે. તે જથાને એક બીજા સંચામાં મુકેછે જે સંચાને ઉપરથી ધાડવાલી પટી હોયછે. તે સંચાથી તે બલોકનાં પાતળાં પડ કાહાડેછે, જે ચાદર જેવાં થઇને નીકલેછે. કોઈ સંચામાં તેનાં જાડા કટકા એક ઇંચ જાડા કાપી તેને બીજા સંચામાં મુકવાથી તેનાં સરખાં આંધલાં પાડીરગ (Rugs) દાખલ બનાવેછે; કોઇનાં રેલવેનાં બફરશ (Buffers) બનાંવેછે. બે પ્રમાણે સઘલું બનાવીને પછી તેને બાફની ભઠ્ઠીમાં મુકેછે, જેથી તે પોચું અને (ઇલાસટીક) સ્થીતી સ્થાપક હમેશાં રહેછે. જો ભઠ્ઠીમાં મુકે નહીં તો ગરમીનાં વખતમાં તે પોચું અને ઠંડીનાં

વખતમાં કાણુ થઈ જાય ત્યારે તે બરાબર કામમાં આવે નહીં. પાણી નહીં જાય તેવા દગલા, પવનનાં ગોદડાં, તથા ટકીયા, એ સઘલું બનાવવા સારૂં જે ઝીણુ ચાદર બનાવેછે તેમાંનું એક ધાણુંજ પતલું પડ લઈને કપડાં ઉપર વડગાવી તેને જરા ગરમ કરેછે કે ત્યાં રબરનું પડ થઈ જાયછે. અને તેને પછી વાલીને નફતેલ (Naphtha) તથા બીજી મેળવણીથી વલગાવી દેછે. એજ રીતે દડાઓ તથા બુટા પાણ બનાવેછે, તે સઘલું જોવા લાયકછે.

તા૦ ૨૯ મી જુન ૧૮૮૧—આજે સવારનાં આગગાડીમાં બેસીને ઓલડહામ (Oldham) કરીને ગામછે ત્યાં પ્લેટ બ્રાધરઝ (Platt Bros.) નું સાંચા બનાવવાનું કારખાંનું જોવા ગયા હતા. એ કારખાંનું ધાણુંજ મોહોટું છે, અને ત્યાં દરરોજ ૮૦૦૦) માણુસો કામે લાગેછે, જ્યાં ક્રેાટન મીલોને લગતાં સાંચાકામ બનાવેછે, જે સારૂં દર ૨૦) મીનીટે ૧૫) હંડરવેટ લોખંડ તાવેછે, અને દર અઠવાડીઆમાં બતરીશ હજાર સ્પીન્ડલો તથા તેને લગતા સંચ ઓ તથા ૬૦) લુમ નવી બનાવેછે, જેમાંનાં દરેક છુટા ભાગ સારૂં છુટા સંચાઓ તથા ફરમાવો (મોલડો) તૈયાર રાખેછે. લોખંડ ખાણુમાંથી નીકલેલુંજ લેછે, અને પછી તેને એક ભઠ્ઠીમાં નાંખીને ગાલી કાહાડેછે, જેમાં બરાબ કચડાવાલું લોખંડ ઉપર તરી આવવાથી તેને કાહાડી નાંખી દેછે તેને રદ કરેછે અને સાફ લોખંડ મોટા મોલડમાં પડેછે જ્યાં તે બંધાઇને લાંબી જાડી પ્લેટ જેવું થાયછે, જેને પાછું ભાંગી નાંખીને બીજી એક ભઠ્ઠીમાં પીધલાવીને આઓ વખત લોખંડનાં મશીનોથી છીલવ્યા કરેછે, અને પછી તેને એક કુંડીમાં કાહાડીને તે લાલ આતશ જેવુ હોય તેવામાં એક મોટી ૧૨) રણની હથોડી ઉઠાવ મુકી તેને ઠોકીને જાડો સલીઓ બનાવી પછું બીજી ભઠ્ઠીમાં લાલ કરી એક ડાબ વાનાં સંચામાં મુકેછે, જ્યાં તેને બે પૈડાંની વચમા ડાબીને લાંબો કરેછે. એ પ્રમાણે તે પૈડાંનાં ચાર પાંચ ભાગ જાડાથી તે ઝીણી શાઇનાં રહેછે તે બધાંમાંથી પસાર કરીને તેને પાતલો તેમજ જોઇતી જાડાઈ તથા પોહોલાઈના કરી સંચાથી કાપીને જોઇતી લંબાઈ રાખેછે. લોખંડનાં મોટ ભાગો સારૂં તાવેલું લોખંડજ લાવીને મોલડો તૈયાર હોયછે તેમાં નાંખીને બનાવેછે. એ સઘળાં ઉપર દરરોજ ૫૦) ટણ કોલસો બળેછ, જે એ લોકોની પોતાની ખાણુ છે ત્યાંથી લાવેછે. લાકડાંઓનાં મોટા બીમો વેચાતા લઇને તેને પોતાની આગની ગાડીઓથી વકસો (Trucks) માં નાંખી લાવીને એક ક્રેનથી (કરીથી) ઉંચકી લેછે, અને ત્યાંજ એક મોટી કરવતી સંચાથી ચલાવી (ચાકડું ૨) ફીટ જાડું હોયછે) તેને બે મીનીટમાં વેહેરીને જુદું કરેછે. પછી બીજી ક્રેનથી ઉંચકી બીજી પાસેજ લાકડાં વેહેરવાનો જગ્યાપર ત્યાં લઈ જાયછે, તે જવા સારૂં એ ઈમારતની દેવાલ જે લાકડાંઓનાજ તે છુટી પાડી નાંખેછે તેથી મોટાં લાકડાંઓ સેહેલાઇથી અંદર લઈ જઇ શકે. એ સંચાકામ બનાવવા ઉપરાંત ઈંટો બનાવવાનું કારખાંનું પણ એ લોકોને લગતું છે જ્યા નજદીકથીજ માટોડી લઇને તેને સંચામાં છુંદી ઘંટા મસળીને પછી તે બીજા સંચામાં પોતાની મેલે સુકાઈ છુટી પડેછે, અને રેતી જેવી ઝીણુ થઈ કે તેને એક જાતનાં રેહેંટનાં જેવા સંચામા ઉંચકી લઈ ઇંટરડી બનાવવાનાં સંચામાં લઈ જાયછે, અને જાડી કાંકરીઓને બીજી ગમ ઉગાડી નાંખેછે. પેલી ઝીણી માટોડી જે જગા ભીનાસવાલી રહેછે તે ઇંટરડીનાં મોલડમાં પડેછે, જ્યાં તે ડબાઇને ઇંટરડી બનેછે, જેને ભઠ્ઠીમાં મુકીને પાંચ દીવસ ભુંજેછે,

એ પ્રમાણે દરોજ ૨૫૦૦૦) પચીસ હજાર ઈટો બનાવેછે. બ્રાલડહામનાં ગામમાં એક લાખ પચાસ હજાર માણુસોની વસતી કહેવાયછે અને ત્યાં રૂનાં કારખાનાંઓ અતીશયગુંછે. આખી લેનકેશાયરમાં એની બરોબર કારખાનાઓ નથી. જયાં નજર કરીએ ત્યાં કારખાનાંઓ દેખેછે, અને આખી વસતી એ કારખાનાંઓ ઉપર ગુજરો કરેછે. આ ગામની ઈમારતો માફક સરનીછે તથા ઘરોની હેઠે હારબંધ દુકાનો બાંધીછે.

ત્યાંથી સાંજનાં પાછા મેનચેસટર આવ્યા, અને બોલ્ટન કરીને એક બાગછે ત્યાં ગયા હતા. એ બાગ બે ભાઈઓએ બનાવેલોછે અને તેમાં જીવતાં જનવરો તથા પક્ષીઓનો સંગ્રહ કીધેલોછે, તે ઉપરાંત લોકોને નાચવાને તથા કોનશરટ સારૂં એક હૉલ બાંધેલોછે. હીંયા રાતનાં આતશબાજી કીધી હતી તે ઘણી જોવા લાયક હતી; તે સારૂં લાકડાંનાં દરીયાની લડાઈનાં બારકસો તથા કીલ્લાઓ તથા પાહાડો આશ્ચર્યરૂપ રંગોને અતીશયગ્રો મોટો એક તકતો પાંણીની વચમે કીધો હતો. ત્યાં જાણે નાવારીનો Navarins ની લડાઈ થતી હોય તેમાં આતશબાજીનો તોપો તથા બંદુકો ફુટતી હતી, અને વાહાણોનાં ડોલા પડી જતાં હતાં, તથા આખાં વાહાણોને સળગાવી મુકતા હતા. કીલા ઉપરનો તોપો છુટી છુટી પડતી હતી; તેનો અંચાવ તરકોનાં લોકો કરતા હતા, અને અંગ્રેજોની મનવાર આસપાસ દોડતી હતી અને તરકોની મનવારોને ઘેરીને તેની ઉપર તોપો Broadside મારતા હતા; તેનો અવાજ ઘણો મોટો તથા ઘણી તોપો ફુટતી હોય એવો માલમ પડતો હતો. એ ઉપરાંત બીજી રીતે પણ આતશબાજી ઘણી સરસ જોવા લાયક હતી.

તા૦ ૩૦ મી જુન ૧૮૮૧—આજે સવારનાં ટ્રેનમાં બેસીને મેનચેસટરથી ૪૫) માઈલ દુર બ્લેક પુલ (Blackpool) કરીને આઈરીશ સી (Irish Sea) ને કીનારે આસરે ૬૦૦૦) છ હજાર માણુસોની વસતીવાલું ગામછે તે જોવા ગયા હતા. એ જગ્યા સારૂ૬ પોરટની માફક હવા ખાવા સારૂંછે, જયાં બે ડંકાઓ હવા ખાવાને બાંધેલાછે અને દરીએ કીનારે ફરવા સારૂં બેથી ત્રણ માઈલ સુધી લાંબો તથા સીધો રસ્તોછે. ત્યાં એક વીન્ટર ગારડન (Winter Garden) કરીને બાગછે જયાં કાચનાં ઘરો બાંધીને ઝાહાડ પાન તથા ફર્નસ ઘણી સારી રાખેલીછે. તે ઉપરાંત ગમત સારૂં જાપાનીશ ટરપનો જાદુનો તથા કસરતનો ખેલ, ગાયનો, વાજાંઓ, સ્કેટીંગ રીન્ક ઇત્યાદી રાખેલુંછે, જે વરસાદનાં તથા શીયાળાનાં દીવસોમાં લોકોને ગરમી તથા છાયડામાં ગમત કરવાને કામે લાગેછે. એમાં દાખલ થવાની ફી માણસ દીઠ છ પેનશ લેછે. જે અંદરની ગમતો જોતાં કુછ બીસાદમાં નથી. એ ઈમારત બાંધવા તથા સણગારવા પછવાડે એક લાખ પૌંડ ખરચ બેઠો હતો. બ્લેકપુલની હવા ઘણી સારી અને થંડીછે. હમોને અરધો દીવસ વરસાદ મલ્યો હતો પણ બપોર પછી ઉગાર મલવાથી સઘળું જોવાને બન્યું હતું. એક બીજીગમ ઝુઓલોજીકલ ગારડન છે, જયાં જીવતાં જનવરો, પંખેરાંઓ, સીલો (મછીઓ) તથા મુવેલાં જનવરોનો પણ સંગ્રહ રાખેલોછે તે જોવા લાયકછે. એ સઘળું જોઈને રાતનાં છ વાગે મેનચેસટર પાછા આવ્યા હતા.

તા૦ ૧ લી જુલાઈ ૧૮૮૧—આજે સવારનાં ૯—૫૦ ની ટ્રેનમાં મેનચેસટર છોડયું હતું. મેનચેસટરની વસતી આસરે પાંચ લાખ માણસની ગણાયછે અને મોહોલાઓમાં લોકોને આવજાવ કરવા સારૂં ટરામ ફરેછે. એ ટરામને ફેરવવા સારૂં

એક મોટી તાલ કરેલીછે. તેનાં ચાર પૈડાંની વચમાં એક મોટું ચકર રાખેલું છે તેપર ઘોડાઓ તે ગાડીને ઉભા રહેલાં પૈડાં સાથેજ ફેરવેછે તથા પૈડાં જેમનાં તેમ રહી ફરયા વગર ગાડી ફરેછે. અહીંયાંની મીલો તથા બીજાં આસપાસનાં ગામોની મીલોનો માલ વેચવા સારૂં મોટી પાંચ છ માલની વખારો બાંધેલીછે, તથા હાદીશો પણ ઘણી મોટીછે. મોહોલાઓ સરખા અને હારબંધ ઘરોનાંછે પણ સઘળું ધુમાડાથી કાલું થઈ ગયલું લાગેછે. મેનચેસટર એનાં કારખાનાંઓ સારૂં ઘણું વખણાયલું છે, અને તેની બરોબરનું કાપડ આજે દુનીઆનું કોઇપણ શેહેર કાહાડતું નથી. એ શેહેર તથા એને લગતા ગામો તીસ માઈલનાં ઘેરાવા સુધીમાંનાં જે લેનકેશાયર પરગણામાં આવેલાંછે તેમાં બધાં મલીને એક હજાર ઉપર કારખાનાંછે, જેમાં ત્રણ લાખ આદમીઓ કામે લાગેછે તથા નેવું હજાર ઘોડાનાં બળનાં એન્જનોથી દશ લાખ લુમશો અને બે કરોડ સ્પીન્ડલો ચાલેછે, જે દરશાલ ૬૮) કરોડ રૂપીયાનો ધયાને દરરોજ ૨૫) લાખનો માલ કાહાડેછે. એ કારખાનાંઓમાં કોઈ કોઇતો એવાં સરસછે કે તેમાં એક રતલ વજનનાં સુતરની ૪૬૦) આંટી (Hanks) અને દરેક આંટી ૮૪૦) વાર લાંબી બનાવેછે, એવું ઝીણું અને સરસ સુતર બનાવી શકેછે. કાપડ બનાવવાની ઝડપ પણ ઘણી તારીફ લાયકછે. છીંટનું કપડું ત્રણથી ચાર રંગનું એક મીનીટમાં ૨૮) વાર ધયાને દર કલાકે એક માઇલ લાંબું બનાવેછે જે બાબે હમોએ Dinting નાં કારખાનાંની બીગતમાં લખેલુંછે, તે ઉપરની તેમાં કેટલી મેહેનતછે તે માલમ પડશે. ત્યાંનાં ધોવાનાં (Bleaching) કારખાનાં જુદાંછે, જેમાં એક કારખાનાંમાંથી કોરૂં કાપડ જો બબેરે મોકલેછે તો તેને ધોઈ સાફ કરી હાર ભરી તથા મોહોરો કરીને બીજે દીનનાં બજારમાં વેચવા મોકલી શકેછે એટલી ઝડપથી કામ થાયછે. કારખાનાંમાંનાં કામ કરનારાં માણસો પણ ઘણાં હુશીયાર રહેછે, અને મુબઈમાં જે બે થી ત્રણ માણસો કામ નહીં કરે તે ત્યાંનું એક માણસ કામ કરેછે. આથી, તેમજ કોલસો પણ ત્યાંજ પાકવાથી ત્યાનાં કારખાનાંવાલાઓ જો કે હીંદુસ્તાનમાંથી રૂ ખરીદેછે, અને ત્યાંથી કાપડ બનાવી મોકલેછે તેનો વહાણનાં નુરનો ખરચ આપવા છતાં પણ હીંદુસ્થાનની બનાવટની બરોબરનાં ભાવે પોતાનો માલ વેચી શકેછે. એ રનાં કારખાનાંઓ ઉપરાંત બીજી ઘણી જાતોનાં હીંયાં કારખાનાંછે.

આજે મેનચેસટરથી સવારનાં સાડા દશની ટરેનમાં બેસીને બોલટન (Bolton) કરીને ગામછે ત્યાં મેશરશ હીક હારગ્રીવશની કુંપનીનું એન્જનો તથા બીજું પરચુરણ મોંચાકામ બનાવવાનું કારખાનું જોવા ગયા હતા. એ કારખાનાંમાં સરકારની બધી નવી મનવારો સારૂં તથા બીજાં મોટાં મોટાં કારખાનાં સારૂં એન્જનો તૈયાર કરેછે, જેમાંનાં બધા ભાગનાં મોંચા બનાવવાનાં જુદા જુદા મોંચાઓ રાખેલાંછે. દરેક ચીજ બનાવવાને દરેક જુદો મોંચો રાખવાથી કામ ઘણું ઉતાવળેથી થાયછે એ સઘલા મોંચાઓએ જગ્યા ઘણી રોકીછે. કોઈ કોઈ મોંચાઓપર તીસથી ચાલીસ ટન લોખંડની શેકટરશ તથા શીલીંડરો વગેરે બનાવેછે. સરકારની એક નવી મનવાર સારૂં એન્જનની ફકત ક્રેનકશાફટ બનાવતા હતા તેની કીમત (ત્રણ સાકટની) આસરે તીસ હજાર રૂપીયાનીછે. તે મોટું એન્જન છ હજાર હોરશ પાવરનું તેઓ બનાવતા હતા. સરકારની ટોરપીડો બોટશ સારૂં એન્જનો બનાવેછે તે કલાકમાં ૨૪) નોટસ જઈ શકે એવું ઝડપ ચાલનું બનાવેછે. એ પ્રમાણે નવી મોટો તથા ગંજાવર એન્જનો

અહીં બનાવેછે. એ જોઇને બોલટન સ્ટીલ વર્કશ (Bolton Steel Works) જોવા ગયા હતા જ્યાં સ્ટીલ બનાવતાં જોવું હતું. લોખંડને પેહેલાં કાહાડીને પછી પાછું તેને ભઠ્ઠીમાં નાંખેછે અને તેમાંથી નાઈટર (Nitre) ગ્યાસ કાહાડી નાંખેછે, એથી લોખંડ જો કે મજબુત થાંયછે, તોપણ કાચની માફક કડક થવાથી ફરી તેને પાછું ભઠ્ઠીમાં તાવીને તેની અંદર જોઇતો ભાગ ઓકસાઈડ ઓફ મેનગેનીશ (Oxide of Manganese) નાંખીને ઉકાલયાથી સ્ટીલ થાયછે. તેને પછી સંચાથી એંચીને ટેસ્ટ કરેછે, અને જો તે ૨૫) ટકા લાબું થઇને પછી તુટેછે તો તે સારૂં કેહેવાયછે અને જો વીસ ટકાની અંદર તુટેછે તો રદ કરવું પડેછે. એ જગ્યાપર લોખંડની મનવારની બાજુ પરની જડી પલેટો બનાવેછે, તે પણ જોઈ હતી. એ સધલું જોઇને ત્યાંની મી૦ નોલશની નવી મીલ, જેને ઈન્ડીયા મીલસ (India Mills) કહેછે તે જોવા ગયા હતા. એ મીલનો બાલડીંગ તદન લોખંડ તથા કાચની બાંધેલીછે. તેને પાંચ માળછે, જેની ભીંય ચુનાનાં આરકાંઓની કાંધી લીછે. એ મીલ આજે સૌથી મરસ ગણાંયછે, ત્યાં ફકત સુતર વણેછે; એનું-એન્જીન રેપ ગીઅરનું છે તથા બાઇલરમાં કોલસો પોતીકી મેળે વખતસર પોહોંચે એવી ગોઠવણ બનાવેલીછે, તેથી માણસનો ખરચ બચેછે. તે ઉપરાંત એન્જીનનું ગરમ પાણી તલાવમાં ગયા અગાઉ એક ઊંચી ટાંકીમાં ભરીને ત્યાંથી ઝરાની માફક પડવાથી પાછું માફકસર થંડું થાયછે, જેથી તેજ પાણી તરત વપરાસમાં લેછે. એ કારખાનાંમાં હાલ છપ્પણ હજાર ૫૬૦૦૦) સ્પીન્ડલો ચાલેછે. એ બોલટન શેહેરની વસતી આસરે એક લાખ માણસની કેહેવાયછે, અને ને તેનાં કારખાનાં સારૂં વખણાયલું છે. અસલ સૌથી પેહેલું કારખાનું ૩ તથા મખમલ તથા મઝલીન વણવાનું આરકરાઈટે સને ૧૭૬૦—૮૦ માં હીંયા ઉભું કીધું હતું. એ ઘણી અસલ હજામનો ધંધો કરતો હતો, પણ સંચાથી ચાલતા લુમસો એણે દાખલ કીધાથી ઈંગ્લંડ દેશને તેમાં વખણાયલું કરવા ઉપરાંત પોતે મોટું નામ મેળવી ગયો હતો એજ શેહેરમાં Mule થી સુતર બનાવવાનું ક્રામ્પટને મોધી કહાડયું હતું. અહીંયા ૬૦) રનાં કારખાનાં હાલ ચાલેછે, અને તેમાં કોઈ કોઈ તો ઘણા મોટાંછે. તે ઉપરાંત બલીચીંગ(ધોવાના),તથા ડાઈ વરકશ (રંગવાના), મઝલીન ઈંટ ડીમેતી ઇત્યાદી એવી ચીજો બનાવવાનાં કારખાંનાં ઘણાંછે, તથા લોખંડનાં કારખાનાંઓમાં ૪૦૦૦) માણસો કામે લાગેછે. હીંયાની ઇમારતો માફકસરનીછે; તેમાં કોઇ કોઇ ઘણી મોહોટી અને કીમતી પણ છે. માર્કેટ હૉલ (Market Hall, પર આઠ લાખ રૂપીયા બેઠા હતા, તથા તેજ મુજબ ટાઉન હૉલ તથા બીજી ઇમારતો જોવા લાયકછે.

તે જોઇને સાંજનાં કલાક ૪॥ વાગે આગગાડીમાં બેસીને વીનડરમીયર નામના સરોવરપર બોનેશ (Bowness) કરીને ગામછે ત્યાં સાંજના કલાક છ વાગે પોહોંચ્યા, અને ઓલડ ઈંગ્લાંડ (Old England) નામનાં હૉટલમાં ઉતારો લીધો હતો. એ બાજુ ઉપર મોટા ઈંગ્લીશ સરોવરો (English Lakes) છે તે જોવા સારૂં રાતનાં હમો બાર્ધને બોટમાં બેસી ફરવા નીકલ્યા હતા, અને જોકે રાત ના નવ વાગા હતા તોપણ ઉજરડું હતું તેથી આસપાસનો દેખાવ ઘણો સારો લાગતો હતો. એ સરોવરની આસપાસ ચડ ઉતરનાં પાહાડો આવેલાછે તથા તેની ઉપર છુટાં છવાયા બાગો તથા ઘરો તથા સરોવરોના વચમાં બેલ આકલ કરીને ઢાપુ આવેલું છે તે, તથા તે ઉપરની લીલો-

તરી તથા ઝાડોથી તેનો દેખાવ ઘણોજ સરસ લાગતો હતો. એક કલાક સુધી એ સરોવરમાં ફરી પાછા એલ્ડ ઇંગ્લાંડ હૉટલમાં આવ્યા હતા.

તા૦ ૨ જી જુલાઈ ૧૮૮૧—આજે સવારનાં આઠ વાગે બોનચર્ચથી સ્ટીમરમાં બેસીને વીનડરમીયરનાં સરોવરનાં ઉત્તરનાં ભાગ તરફ એમબલ શાઈડ સુધી ફરી આવ્યા હતા, જ્યાં આસપાસનો દેખાવ ઘણો સારો હતો. નાધલા ડુંગરો ઉપર ઘાસ સરખું લીલોતરી માફક ઉગેલું ને તેની પાછલ બીજી ચર ઉતર તેકડીઓને મોટા ડુંગરો દુરથી દીશતા હતા, અને બધે ઝાડ પાનથી લીલોતરી ભરેલું લાગતું હતું. એ જોઇને દશ વાગે બોનેશ પાછા આવ્યા, અને ઘોડાની ગાડીમાં બેસીને ત્યાંનાં આસપાસનાં બીજાં સરોવરો જોવા ગયા હતા. એ ગાડીનો રસ્તો લેકની એક બાજુપર આવેલોછે જ્યાંથી સ્ટીમર ફરી બોતમાં ગાડીઘોડા શુધાં બેશીને એ તરની બીજે પાર ઉતરેઆ હતા ત્યાંથી નીકલેલા પોહોલા "એશીથ વેતશ વાટર" કરીને સરોવરજોએ હતો. એ ઘણો નાધલોછે ત્યાંથી "ક્રીનીશટન વાટર" કરીને લેકછે ત્યાં ગયા હતા. એ ક્રીનીશટન વાટર સરોવર આસરે ૮) માઇલ લાંબોછે. એની માંહે એક સ્ટીમર ફરેછે તેમાં બેસીને એ સરોવર તથા આસપાસનો દેખાવ જોવા નીકલ્યા હતા. એ જગ્યાનાં આસપાસનાં પાહાડો જરા મોહોટાછે. તેની ઉપરનાં ઘાસ તથા ઝાડોની લીલોતરી તથા આજુબાજુ છુટાં છવાયાં ઘરોથી દેખાવ ઘણો સારો લાગતો હતો. એમાંનાં કોઈ કોઈ પાહાડોનાં મથાળાંપર પથર હોવાથી ઘાસ ઉગેલું ન હતું તથા નીચલા ભાગ ઉપર સ્કોચ ફરનાં ઝાડો સરોવરની માફક સીધાં ઉગેલાં હતાં, તેથી જાણે લીલો ગલીચો બીછાવેલો હોય એમ ભાગતું હતું. ત્યાંથી "એલટરવોટર"નો નાંધલો સરોવર જોતાં તથા લોગરીકા "ફ્રેલ-ટારન"નો સરોવર જોઇને પછી એમબલશાઇડનાં ગાંમડાંમાં ગયા, જ્યાં એક પાણીનો ધોધ જોયો હતો જે કાંઈ ઘણો જોવા લાયક નથી. એ ધોધ પાલી જગ્યા કોઈ ઘણાએ બે હજાર પૌંડ વેચાતી લીધીછે તેથી તે પુરું કરવા માણસ દીઠ ૩) પેની તેને જોવાની લેછે, અને જ્યારે તેનાં બે હજાર પૌંડ પુરા થશે ત્યારે તે લેડોન મફત જોવા મુકશે એમ ત્યાં નોટીસ મારેલીછે. એ ગામડું આસરે બે હજાર માણસોની વસતીવાલુંછે અને તેમાં નાધળાં નાધળાં ઘરોછે તે કાંઈ જોવા લાયક નથી. તે જોઇને સાંજનાં છ વાગે પાછા બોનેશનાં હૉટલમાં આવ્યા હતા.

તા૦ ૩ જી જુલાઈ ૧૮૮૧—આજે સવારનાં ઘોડાની ગાડીમાં બેસીને બોનશટન પાસ કરીને ઇંગ્લાંડમાં સૌથી મોટા પાસછે ત્યાં જાઇને એમબલશાઇડને રસ્તે પાછા બોનેશ આવ્યા હતા. આજે વરસાદ આખો દીવસ હતો, અને તે પાસ ૧૮૪૧ ફીટ ઉંચો હોવાથી તથા ત્યાં ગયા ત્યારે વરસાદ ઘણો આવવાથી તેમજ વાદળાંથી પાહાડ ઘંકાઈ જવાથી કાંઈપણ દેખાવ નજરે નહીં પડવા ઉપરાંત ગાડીથી દશ ફીટ દુર રસ્તો પણ નહીં દીસે તેમ થવાથી બોનેશ પાછા જતા રહ્યા, વીનડરમીયર સરોવર આ બોનટમોરલાંડ પરગણામાં તો શું પણ આખા ઇંગ્લાંડમાં સૌથી મોહોટો ગણાયછે. તે આસરે ૧૧) મૈલ લાંબો અને ૧) મૈલ પોહોળોછે. તેમાં ઘણાએક નાંધળા ટાપુ બેવાં બેલ આઇલ કરીને સૌથી મોટુંછે જ્યાં તેનાં ધણીનાં હોકમ વગર કોઇને ઉતરવા દેતા નથી. એ ટાપુમાં ઇંગ્લાંડમાં જેટલાં ઝાહાડ જાત જાતનાં ઉગેછે તે સધલી જાતનાં રોપેલાંછે. એ સરોવરની ઉંડાઈ ઘણીમાં ઘણી ૨૪૦) ફીટની છે. તેનાં મથાલાં ઉપર બોનેશનું ગાંમડું આવેલુંછે, જ્યાં હમો ઉતરેલા છઇયે, જેની વસતી આસરે ૧૫૦૦) માણસોની

કેહેછે. ગઈ કાલે હમો ફીનીશટન લેક જોઈ આવ્યા તેની લંબાઈ ૬॥ મૈલનીછે અને પોહોળાઈ ઘણામાં ઘણી એક મૈલનીછે. એ સરોવર ઉપર એક ગ્રહસ્થ પોતાનાં ઈસ્ટેટ ઉપર રેહેછે, તે ઘણો બેઢંગા મીજાજનોછે. તેને વાસ્તે કહેછે કે તે આગગાડીમાં હજુ સુધી બેઠો નથી, અને સ્ટીમથી કાંઈપણ ચીજ ચાલતીને તે ઘણો હીણેછે, અને તેનાં કારણમાં જણાવેછે કે તેથી ગરીબ માણસોની રોજી ઘણી કમ થઈ ગઈછે, વાસ્તે એવી ચીજોને તદન ઉત્તેજન આપવું નહીં; અને તે પ્રમાણે જ્યારે તેને લંડન જવું હોયછે ત્યારે ઘોડાની ગાડીઓનાં તપાવો મુકીને ૧૫) દીવસે ત્યાં જાયછે પણ આગ ગાડીમાં તદન બેસતો નથી !!

તા૦ ૪ થી જુલાઈ ૧૮૮૧—આજે સવારનાં નવ વાગે વીનડરમીયરનાં સ્ટેશન પરથી આગગાડીમાં બેસીને નીકલેલા ગલાસગો કરી સ્કાટલંડ દેશનું વખણાયલું ઈહેરછે ત્યાં સાંજનાં પાચ વાગે પુગા હતા. રસતામાંનો દેખાવ ઘણો સારો હતો, અને કારલાઈલ જ્યાંથી સ્કાટલંડની હદ શરૂ થાયછે તે છોડયા પછી તો દેખાવ ઘણોજ સુંદર લાગતો હતો. હમોએ ઈંગ્લાંડનાં જે ભાગો આજ સુધા જોયા તેમાં સ્કાટલંડની રંગ ભુમીને કોઇ પુગે નહીં. જમીન વારા ફરતી ઉપસેલી અને તેનો વચમાં કોઈ ગમ નાધલી ખીણો તથા દુરથી નાધલા પાહાડો નજરે પડતા હતા, તથા બધી જગા ઉપર ખેતીવાડી તથા જાનવરોને ચરવા સારૂં ધાસનાં ખેતરો દીસતાં હતાં. હમો ગલાસગોમાં જયૉર્જ હૉટલ જે આગલ કુવીનશ હૉટલને નામે ઓલખાતું હતું તેમાં ઉતર્યા છયે. એ હૉટલ જયૉર્જ સ્કુવેરમાં આવેલુંછે, જે સ્કુવેરની આસપાસ સારી હવેલીઓ અને તેની વચમાં થોડાંક પુતળાંઓ મુકેલાંછે, જેમાં આપણી મહારાંણીનું ઘોડા ઉપર બેસાડેલું પુતળું પણછે. ચોકની વચોવચમાં એક સ્તોનઝનો મોટો થાંભલો કરીને તે ઉપર એક પુતળું મુકેલુંછે.

તા૦ ૫ મી જુલાઈ ૧૮૮૧—આજે સવારનાં અતરેનો હોલમશની ઉનની મીલ જોવા ગયા હતા, એમાં ઉન કાંટવાનાં ૧૮૦૦) સ્પીન્ડલો તથા ૯૦૦) લુમો વણવાનાછે. મેંઢાંનું કાપેલું ઉન આસ્ત્રેલીઆ, ઇન્ડીયા, તથા સ્કાટલંડનાં ઉપરનાં ભાગપરથી આવેછે તેને પેહેલાં માણસો જુદાં કરીને જાત જાત છુટી પાડેછે, ત્યાર પછી તેને સંચામાં ગરમ પાંણી સાથે ખીજી મેળવણો નાખીને ધોયછે. એ સંચો લાંબોછે, જેની અંદર મોટા ડાંટા રોકા આડાં હથીયારો રહેછે જે આગલ પાછલ હીલીને ઉનને ધોતાં ધોતાં એક નાકેથી બીજે નાંકાં સુધી લઈ જાયછે અને બીજે નાકે તે સ્ટીમથી સુકાયછે. હવે એ ઉનને ફરી બીજા સંચામાં નાખી એજ મુજબ ધોઇને સુકવેછે. ત્યારપછી એક સંચો કે જેનાં ઝીણાં કાટા હોયછે ત્યાં છુટું પાડેછે અને પછી તેને બરશ મારવા એક બીજા સંચામાં મુકેછે. એ સંચો ઘણો જોવા લાયકછે. ઉનને એક બાજુપરથી નાંખેછે અને ગોળ ચકરીમાં આસતે આસતે ફેરવેછે, અને તે ચકરીમાં બે ત્રણ ગમથી ઝીણાં કાંટાનાં બરશો કીધેલાંછ, તેની અંદરથી તે ઉન છુટું પડીને જતી વખતે ઉપરથી એક બાલનો બરશ તેને જેમ બાલ ઓરતું હોય, તેમ સાફ કરીને સધળો કચડો કાઢીને નાંખેછે. ત્યાર પછી એ ઉનને કારડીંગ, શલબીંગ, રોવીંગ (આપનાં રૂનાં કારખાંનાં માફક)માંથી પસાર કરેછે. તેને પછી કાપડ બનાવવા કોઈમાં રૂ ભેલીને વાપરેછે, અને કોઇમાં બાલેસ ઉન બધું વાપરેછે જેની ૪૫૦) લુમો આજે ચાલતી હતી, અને જેમાં જાત જાતની ફલાનેલો, દગલા, તથા પાટપુતનો કેશમીરો ઇત્યાદી

વણાતું હતું. તેમાં રંગીન કપડું ઘણું હતું. તરંહ પાડવા સારૂ કાગળોમાં તે તરંહની માફક આંધલાં પાડેછે, અને તે કાગળ એક કાંટાવાલાં ચકરપરથી પસાર થાયછે. હવે જે જગ્યા ઉપર આંધલાં નથી ત્યાં પેહેલાં કાંટા ઉચકાયછે તેથી કરીને કાંટલો (Shuttle) ને આંચકો આપવાથી તે દોડેછે, તેજ મુજબ બીજા રંગોનાં પણ કાંટલાનાં કાંટા ઉચકાયાથી તેઓ અંદર દોડી રંગ તથા તરંહ પડેછે.

એ કારખાનું જોઇને "ટેમપલટનશ કારપેટ મીલ" જોવા ગયા હતા. એ ગલીચો બનાવવાનું કારખાનું છે અને ત્યાં તરંહ તરંહના ગલીચા બનાવેછે તે સારૂ ઉન રંગીન વેચાતું લેછે. ગલીચાની તરંહ કાગલો ઉપર ઉતારીને તેને ચોરસ ભાગમાં વેહેંચી નાંખેછે અને તે ઉપર નંબરો પાડેછે. તે મુજબ પેલા વણકરો પેહેલાં દોરી જેવી સલીઓનાં આકારમાં ગલીચાઓની તરંહ જે પ્રમાણે નંબરો હોયછે તે મુજબ રંગો લઇને ગુંથેછે, અને તેને સંચામાં મુકીને તે દોરીઓને કાપી લાવી છુટી કરેછે, અને ત્યારપછી તે દોરીઓથી ખરા ગલીચા લુમ્સ ઉપર ચડાવીને વણેછે. તે દોરીઓ એવી રીતે વણેલી હોયછે કે ગલીચાને જોઇતી તરંહ આબાદ પડેછે. ગલીચા ઘણું પોહોળા હોયછે તો તેની લુમ ઉપર ચારથી પાંચ માણસ એક વખતે કામ કરેછે, અને તેનાં કાટલાં એક તરંહ પડે તેટલાંજ દોડાવેછે અને તે હાથથી કામ ચાલેછે. એ પ્રમાણે ઘણા સારા ગલીચાઓ બનાવીને પછી તેનો ઉપર જે ડુમટાં રહી ગયલાં હોય તેને બનતા આતશ ઉપર ઝડપથી ફેરવીને બાલી કાહાડેછે. ત્યાર પછી તેને એક બીજા સંચામાં મુકીને તેની ઉપરથી સંચાથી એક જાતનો છરી ફેરવી જાયછે, જેથી જ્યાં ખમગયલો ભાગ હોય તે તદન સાફ થઈ જાયછે તથા તેનો રંગ પણ ખીલી નીકલેછે. બીજા ગલીચાઓ ઉપમેલી તરંહનાં પણ બનાવેછે જેને સારૂ પેહેલાં એક ઉનનું પડ કરીને તેની ઉપર બીજું પડ ગુંડીને ઉપસાવેછે. ગલીચાની ઉપર જાત જાતનાં જાનવરો, ઝાહાડો ઇત્યાદીની તરંહ ઘણી સરસ રીતની હમેને ત્યાં બનાવેલી દેખાડી હતી. એની લુમ મોટામાં મોટી ૩૬) ફીટનીછે. તેપર એટલી પોહોળાઇનો ગલીચો વણી શકેછે. ત્યાંથી જેમસ કલારક એંડ સનસનું દોરો બનાવવાનું કારખાનું જોવા ગયા હતા. હીંયાં બીજાં કારખાનાંમાંથી જોઇતાં નંબરનું સુતર વેચાતું લઇને તેનો દોરો બનાવેછે. એનો સંચો ઘણો જોવા લાયકછે એમાં જાણે માણસ પોતાને હાથે કામ કરતું હોય તેમ તે કાટલાંને એક ચીમટો ઊંચકીને પોતાની મેળે તેનાં સલીયામાં મુકેછે, અને તરત પેલો દોરો તે ઉપર વીટળાઈ રહ્યો કે સંચો અટકીને પેલાં કાટલાં જરા બાજુ ઉપર ખીસેછે ત્યારે એક છરી નીકળીને તે દોરાને કાપી નાંખેછે; અને પછી કાટલાંને એક સલીયાથી ધકો મારેછે કે ઉડીને એક બાજુ ઉપર પડીને એકઠાં થાયછે. વળી ખાલી કાટલાં પેલો ચીમટો ઊંચકીને પાછા પેલા સલીયામાં મુકેછે કે દોરો પાછો ભરાઈ તૈયાર થાયછે. માણસને ત્યાં એટલુંજ કામછે કે ખાલી કાટલાંઓ એક જગ્યાપર ચીમટા આગલ લઈ જઇને મુંક, અને કાટલાંપર પેહેલાં દોરાને એક વળ આપે તથા ભરેલાં કાટલાંને એક બાકશમાં મુકેછે તે સીવાય બધું કામ સંચાથી ચાલેછે. કાટલાં પણ ત્યાંજ સાંચાથી બનાવેછે, તે જો માણસ તેનું એક દાહાડાનાં જેટલું કામ હાથથી કરવા બેસે તો એક માસે પણ તૈયાર થાય નહીં.

એ જાઇને પછી અતરેનું વખણાયલું ફ્રુટ રોલોકશનું કેમીકલ વરકશ જોવા ગયા હતા, જ્યાં ગંધકનો તેજાબ, કારબોનેટ ઓફ શોડા, તથા નાઇટરીક શોડા ઇ યાદી બનાવતાં જોયું હતું. ગંધકની એસીડ બનાવવા

સારૂં બે જાતનો ગંધક વાપરેછે. એક તો તૈયાર ગંધક (Sulphur) આવેછે, તથા બીજી એક જાતનો પથર કે જેને ઉકાળીને તેમાંથી ૪૦) ટકા ગંધક નીકલેછે તેખીછે. એ પથરમાંથી તાંબાની ધાતુ ૪) ટકા નીકળેછે, બાકી ઘણો થોડો ભાગ (એક ટણ પથરમાંથી બે શીલીંગ જેટલું) રૂપું તથા થોડું ઘણું સોનું પણ નીકલેછે. આગલ ગંધક કાહાડી લીધા પછી પથરનો ભાગ નાંખી દેતા હતાં, પણ પાછલથી તપાસતાં તેમાંથી ઉપલી ધાતુઓ માલમ પડવાથી તે કાહાડીલેછે,જેથી તે કુંમપનીનાં શેરોનો ભાવ હમણાં વધીને ૪૦) ટકા ઉપર ગયોછે. એ બેહુ જાતની ગંધકને એક વાસણમાં નાંખીને ઉકાળેછે અને તેમાંથી જે વ્યાસ નીકળેછે તેને એક નનલીમાંથી લઇને એક બીજી ટાંકી કે જેમાં બાફ થાએછે ત્યાં પોહોંચાડેછે. અને પછી તેને તે બાફ સાથે મેળવીને ધફ કરેછે, જેને શલફરીક એશીડ કહેછે. હવે જે ગંધકનો ભાગ બાકી રહેછે તેને પાછો ભઠ્ઠીમાં નાંખી તેમાં કારબન તથા બીજી વ્યાસો તથા બનાવટો ભેળીને શલફેટ ઓફ શોડા તથા બીજી કેમીકલ ચીજો બનાવેછે. બાકીનો ૨૬ ભાગ આગલ કારખાનાંવાલાઓ કલાઇડ (Clyde) નદી જે પાસેથી પસાર થાયછે તેમાં તથા ગટરોમાં નાંખી દેતા હતા, જેથી ગંધારો તથા બરાબ હવા મોહોલાઓમાં અને નદીમાં ફેલાયાં ઉપરાંત તેમાં જે શલફરીક એશીડનો ભાગ રહી જતો હતો, તેથી વાહાણુનાં તળીયાંનું ત્રાંબું બ્વાઇ જતું હતું. એ બાબદ ફરીયાદ ઉઠયાથી એક હુશીયાર માણસે તે ઉપર ધ્યાન આપીને તે કચડામાંથી રહેલો ગંધકનો ભાગ પણ કોઇ મેળવણીથી કાહડી લેવાનું સોધી કાહાડયું, જેથી કરીને એ કંપનીને દર અથવાડીએ ૬૦) પોંડની કમાઇ વધીછે, તથા લોકોને આવતો ગંધારો બંધ કરયોછે. એ છેલી ગંધક બંદુકનો દારૂ બનાવવાનાં કામમાં આવેછે. હવે ગંધકનાં તેજાબને પાછો સાફ કરવા સારૂં એક જંતરમાં નાંખેછે. તે જંતર પલેટીનમ કરીને ધાતુનું બનાવેલું છે. એ પલેટીનમ ધાતુ ઘણી મોંઘીછે અને તે ૩૫) થી ૪૦) શીલીંગે આઉંશ પાયાને સોનાની બરબી કીમત લેઇ વેચાયછે, તેથી એશીડ ગાળવા સારૂં જે બે જંતરો લીધેલાંછે તેની કીમત ૩૦૦૦) પોંડ કહેછે. પેહેલાં જે એશીડ બનાવેછે તેની ટાંકીઓ સીસાંની બનાવેલી હોયછે, કારણકે કોઇ બીજી ધાતુ તેથી પીધલી જવા વગર રેહેતી નથી, પણ તે એશીડને પાછી સાફ કરવા પલેટીનમ શીવાય બીજી કોઇ પણ ધાતુ થંખી શકતી નથી. સીસાંની નલીઓ જે વ્યાસ તથા એશીડ લઇ જવાનાં કામમાં વાપરેછે તેનો સાંધો એક બીજી જાતની વ્યાસ મલગાવી તેનેથી તાવીને તેજ ધાતુનો સાંધો કરેછે, પણ જો બીજી એવી નલીઓને કલાઇથી સાંધેછે તેમ કરે તો તે એશીડનાં જોરથી તવાઇ જાએછે. એ ઉપરાંત નાઇટરીક એશીડ તથા બીજી કેમીકલશ બનાવેછે પણ તેની સમજણ હમોને બરોબર પડી નહીં તેથી લખી શકતા નથી. એવી એશીડો બનાવવા ઉપરાંત સાબુ બનાવવામાં ઉપલાં કેમીકલ બાતામાંથી શોડા, ચરબી, રાજમ તથા કોપરાંનું તેલ વાપરેછે અને તેને ટાંકીઓમાં ઉકાળીને પછી મોલડોમાં થંડો પારેછે. એ ટાંકીઓમાં કોઇમાં ૩૦) ટણ સાબુ માએ એવીછે. એવી નવ ટાંકીઓમાં સાબુ બનાવેછે. એ જોઇને એનેથી થોડે દુર સાબુ તથા શોડા ભરવાનાં પીપો સંચાથી બનાવેછે તે જોયું હતું. પીપને વળાં ડોકવા સારૂં એક બીજો સંચોછે જેને તારનું જાડું દોરડું હોયછે તે દોરડાંની વચમાં તૈયાર કાપેલાં લાકડાં મુકેછે, અને પછી સંચાથી તે દોરડું તેને ઘાલેછે કે દોરથા લોખંડ-

ની છર મારીને દારૂ ધીમું કરી નાંખીને પીપ તૈયાર બાહાર કાહાડેછે. કેમીકલ કારખાનાંમાંથી જે હવા (Gas) ખરાબ બાહાર કાહાડી નાંખેછે તેમારૂં સરકારનાં ધારા પ્રમાંણે ઘણી ઊંચી ચીમનીઓ જોઇયે, તે મુજબ એ કારખાનાંની ચીમની ૪૫૦) ફીટ ઊંચી ઇયાને દુન્યામાં સૌથી ઊંચામાં ઊંચી બાંધેલી એ એક ગણાયછે. એ ચીમનીથી એકજ ચીમની ૧૩) ફીટ ઊંચીછે. આજનો દીવસ સવારથી વરસાદ ઘેરાઈ આવ્યાથી તેમજ હવા ઉપરથી જાડી થવાથી અતરેનાં કારખાંનાંનો ધુંમાડો ઉપર નહીં જઈ શકયાને લીધે આખા શેહેરમાં ફેલાઈ ગયો હતો, અને રસ્તા ઉપર તેને લીધે દુરથી ૧૦૦) ફીટને છેટેથી કાંઈ દીસતું ન હતું. વળી તે ઉપરાંત કેમીકલ વરકશની ચીમનીનો ધુંમાડો તે સાથે ભેળાયાથી તેની વ્યાસનો વાસ પણ દમમાં લીધામાં ચહડી આવતો હતો, તેથી ઘણો કંટાળો ઉપજતો હતો. એ ધુંમાડો ઘુમમનાં જેવો લાગતો હતો, તથા ઘેરોમાં પણ તે ફેલાઈ ગયો હતો. આજ રાતરે અતરેનાં હીસાબ પ્રમાંણે વરસાદ ઘણો જોરમાં પડયો હતો.

તા૦ ૬ ઠી જુલાઈ ૧૮૮૧ વાર બુધ—આજે સવારનાં હીંયાંનો કેથીડરલ જોવા ગયા હતા. એનો દેખાવ બાહારથી જો કે કાંઈ ભપકાદાર નથી તોપણ અંદરથી તેની ઘણી ઊંચાઈ તથા મજબુત બાંધણીથી સારો દીસતો હતો. એ દેવળનો કેટલોએક ભાગ સને ૧૧૭૫ નાં શાલમાં બાંધેલો હજુ ઘણી સરસ રીતે જલવાઈ રહેલોછે. તેનાં થાંભલા નજદીક ૧૫) થી ૨૦) નાધલા થાંભલાઓને એકઠાં કરીને એકેકો બાંધેલો છે, તેથી તેની ગોળાંઈ ઘણીજ ગંજાવર લાગેછે. એનાં હૉલની ઊંચાઈ આશરે ૭૦) ફીટનીછે ; દેવળનાં કોએર (Choir) ની હેઠળ ભોંયરૂં ધાયું મોટું છે, જેને ક્રીપ્ટ (Crypt) કહેછે, તે ૫ંદરમી સદીમાં બાંધેલુંછે, અને ત્યાં જુદા જુદા ઓરડાઓ કીધેલાછે જ્યાં આગલ ચેપટર ભરતા હતા. એ ભોંયરામાં શેંટ મંગોનો જાણીતો કુવોછે. એ શેંટ સ્કાટલંડમાં પેહેલું એ દેવળ બાંધ્યું હતું. એ દેવળની લંબાઈ ૩૦૦) ફીટનીછે અને તેનો મીનારો ૨૨૪) ફીટ ઊંચોછે, એના મોટા ૧૫૦) સ્તંભો છે, અને એટલીજ બારીઓ રંગીન કાચની થોડાં વરસ થયાં અતરેનાં મોટા મોટા લોકોએ મુકાવીછે, તેમાં દુનીઆંની શરૂઆતથી તે છેક ક્રાઈસ્ટનાં મરણ સુધીની બીગતો ચીતારેલીછે, જેની ઘણી તારીફ થાયછે.

એ જોઇને એની પાસે અહીંયાનાં લોકોને ડાટવાનો જગ્યા જેને નેક્રોપોલીશ કહેછે તે જોવા ગયા હતા, જ્યાં ઘણી જાત જાતનાં મોન્યુમેન્ટ મુકેલાંછે. તેમાં જોન નોકશ કરીને ધર્મ સુધારક થઈ ગયોછે તેનું એક મોટા થંભની ઉપર વાએજી કરતું પુતળું ઉભું કીધેલું સૌથી સરસછે. એ ઘોરસ્થાનનો દેખાવ દુરથી જાણે એક નાધણું શેહેર હોય તેવો તેનાં મીનારાથી લાગેછે.

એ જોઇને હીંયાંનો એકશચેન્જ જોવા ગયા હતા, જે જો કે મારીછે પણ મેનચેશટરનાં એકશચેન્જ જેવી મોટી નથી. એનો બાહારનો દેખાવ મોટા થાંભલાઓથી સારો લાગેછે. એ એકશચેન્જનો બાહાર ડયુક ઓફ વેલીંગટનનું પુતળું ઘોડા ઉપર બેસાડેલું મુકેલુંછે, અને તેની હેઠળનાં પેડશટલ ઉપર ચારે બાજુ તેની ચાર મોટી લડાઇઓની જીત બ્રોનઝમાં પાડેલીછે જે ઘણી સરસછે. એ જોઇને હીંયાનો પબ્લીક પાર્કમાંનો એક પાર્ક જેને ગ્લાશગો ગ્રીન કરીને કહેછે તે જોવા ગયા. અહીંયાં નેલશનનાં મોન્યુમેન્ટ દાખલ એક થંભ ઉભો કીધોછે અને વચમાં બેંડ સ્ટાંડ રાખેલુંછે, આસપાસ થોડાએક ફુલનાં કેઆરાઓ કી-

ધેલાછે, બાકીનું કાપેલા ઘાસનું મોટું મેદાન રાખેલું છે.

એ જોઇને પછી મેશરસ તુલસ એનડ સનસનું ચામડાંનાં પટા બનાવવાનું કારખાનું જોવા ગયા હતા, જ્યાં બીલો તથા સંચા ચલાવવાનાં ચામડાંનાં પટાઓ બનાવેછે. તે સારૂ હીંયાં નાં તથા હીંદુસ્થાનનાં ઢોરનાં ચામડાં વેચાતાં દરએક રતલની ૩)થી૪) પેની લેખે લેછે. તેની ઉપરનાં બાલ કાહાડવા પેહેલાં તેને ચુનાનાં પાણીમાં એક અઠવાડીયું સુધી રાખી મુકેછે અને પછી તેને બાહાર કાહાડીને લાકડાંની પટીથી બાલ જે કેાહીને અલગા થઈ રહેલા તે ઓખવી કાહાડેછે. એ નાધલા બાલોને બેથી હદી શીલીંગે એક મોટી બાલદી ભરીને વેચેછે, જે બાલો ચુનાનાં પ્લાશટર કામમાં તથા બોઇલરની ફ્લેટો બનાવવાનાં કામમાં વાપરેછે. ત્યાર પછી તે ચામડાંની ઉપર જે ચરબી રહી જાયછે તેને ઓખવી કાહાડેછે. એ ચરબી ઘણી પતળી હોયછે; તેને ચમરપટનાં કાગજો તથા સરશ બનાવવાનાં કામમાં વાપરેછે. એ કાહાડયા પછી ચામડાંને સુકવવા સારૂ એાક જાતનાં ઝાડની છાલનાં પાણીમાં એકથી દોહોડ વરસ સુધી રાખી મુકેછે. સીંગડાંનો પોકળ ભાગ છરી કાંટાનાં હાથા તથા ચમચા બનાવવાનાં કામ સારૂ વેચેછે જેનાં દર ટણે પાંચ પૌંડ ઉપજેછે. ચામડાંને સુકવ્યા પછી તેને એક સંચામાં મુકેછે જ્યાં છરીએ કરી તે ઉપરનો બગડાયલો ભાગ ઓખવી કાહાડી સાફ કરેછે, અને પછી તેને બીજા સંચામાં બે જાડા લોખંડનાં કટકાથી પાલીશ કરી સાફ વાપરવા લાયક કરેછે. ત્યાર પછી તેને લંબાવવા(Stretch) સારૂ એક સંચામાં ખેંચીને રાખી મુકેછે, અને પછી બીજા સંચાથી જોઇતી પોહોળાઈનાં કટકા કરેછે; અને લાંબા પટા કરવા સારૂ તે નાધલી પટીઓનાં છેડાપરથી જાડાઇનો અરધો ભાગ સંચાથી કાપી કાહાડીને બીજાં ચામડાંનાં તેવા ભાગને તેની ઉપર સરશથી વલગાવી દેછે, એટલે અસલ ચામડાંની જાડાઈ બરોબર થઇ રહેછે; એ બાદ તેને સીવી લેછે. જો પટા ઘણાં જાડા જોઇયે તો બે પટાઓને ઉપર મુજબ સાથે સીવી લેછે, અને પછી તેને સંચામાં દાખીને એવા તો કરેછે કે જાણે એકજ જાડું ચામડું હોય તેમ દીસેછે. એ પ્રમાણે લાંબા પટા કીધા પછી તેને એક જોઇતી પોહોળાઈનાં સંચામાં મુકેછે, જ્યાંથી તે પસાર થતી વખતે સંચામાં દબાયાં ઉપરાંત તેની વધારે પોહોળાઈનાં ભાગનાં ઝીણાં છલતાં નીકળી જાયછે. એ છલતાં જેલેટીન (Gelatine) બનાવવાનાં કામમાં લેછે. એ કારખાનાંનાં ઘણીનાં કેહેવા મુજબ ખડીઆની (Calf-foot) જેલી જે ઘણી સસતી વેચાયછે તે બનાવવાના કામમાં એ થોડાં ઘણાં ચામડાંનાં છલતાં પણ લીએછે. વળી એ લાંબાં બાલી ચામડાંનાં પટા બનાવવા ઉપરાંત બીજી નવી જાતનાં પટાઓ બનાવવા સારૂ ઝીણી કાપલીઓ કાપીને લોખંડનાં ઝીણાં પતળા સલીઆમાં તેનાં બેહુ છેડા ઠોકી દેછે. એ મુજબ લાંબો પટો (સાંકળીનાં જેવો) બનાવેછે, અને તે ઘણું મજબુત બનેછે. પટા કાપતી વખતે તેમાંથી ચામડાંનાં ઝીણાં પાતલા કટકાઓ નીકળેછે, તેને વળ દઇને દોરડાં બનાવેછે, અને તે દોરડાં ઘણાં ગજબુત થાએછે. તેવાં દોરડાંથી હેડળથી ચાર માળ સુધી ઉપર જવા આવવાની Hoist એક ટણનાં ભાર સુધાં ઊંચકી લઈ જતાં હમોને દેખાડી હતી. વળી ચામડાંમાંથી ઝીણી ગોળ દોરીઓ પણ બનાવેછે, જે દોરીઓ સીવવાનાં સંચા ચલાવવા સારૂ વાપરેછે.

એ સઘળું જોઇને પછી ગશ્ટેવશ ડોરે (Gustavus Dore) ની પીકચર ગેલેરી જોવા ગયા હતા, જ્યાં તેનાં હાથનાં ચીત્રો ઘણું સરસ રીતનાં પાડેલાં હમોએ જોયાં હતાં. ત્યાંથી નીકલેલા ગ્રેટવેસ્ટ એંડ સ્ટ્રીટમાં ફરવા નીકલ્યા હતા, જ્યાં મોટી મોટી

ચાલીએ ઘણી રોમાંચકદાર બાંધેલી જોઇહતી. તેનાં આપ્યા મોહોલાએ જાણે એકજ મોહોલ હોએ એ પ્રમાણે દીસેછે અને એ ગ્લાશગો શેહેર જે ચડ ઉતર ટેકડી ઉપર બાંધેલું છે તેથી તેનો દેખાવ ઘણો મરસ લાગેછે.

એ જોઇને પછી અતરેની યુનીવરસીટી જોવા ગયા હતા, જે ઘણી ગંજાવર ઇમારતછે અને તેને બાંધવાને પાંચ લાખ પૈાંડ ખરચ લાગેાછે. એને લગતો એક હૉલ મીટીંગો ભરવા સારૂ બંધાએછે, તે ઉપર એક લાખ પૈાંડ ખરચ બેસશે. તેને ફરતી આસપાસ સીડીએા બાંધીછે તે જરા નવાઇજેવીછે. તેમાંની એકજ સીડી પરથી બે જુદી જુદી ગમથી ઉપર જવાઇ શકેછે. તે ગોળ દાદરનાં જેવીછે, અને એક ગમથી સીડી તેની જઇને બીજીગમ ગોલાઇએ તે નીકળે તેની વચમાં આરકતરી બીજીસીડી બીજી ગમથી નીકળીને તેની ઉપરનાં ભાગ પર નીકળેછે. એ પ્રમાણે પેહેલા તપાવાલો એકદમ ત્રીજા તપા ઉપર અને બીજા તપાવાલો ચેાથા તપા ઉપર થઇને ઉપર સુધી છુટા જઇ શકેછે, તોપણ સીડી જાણે એકજ હોય તેમ લાગેછે. એમ કરવાનું કારણ એજે વખતે કેાઇ અડચણને લીધે ઉપરનાં હૉલનાં લોકને નીચે જલદી જવું હોએ તો એ મુજબની ચાર બાણુંની ચાર સીડીએા પરથી બે મીનીટમાં તે હૉલ ખાલી થઇ શકેછે. એ યુનીવરસીટીમાં જુદી જુદી વીદ્યા શીખવવાની જુદી જુદી ઇમારતો આસપાસ ફરતી રાખેલીછે, તથા નવીનવી ચીજોનું સંગ્રહસ્થાનછે તે પણ ઘણું જોવા લાએકછે, જ્યાં માણુસો તથા જનવરોનાં અંદરનાં અવયવ (Anatomy) દેખાડવા સારૂ બીજાનાં નમુનાં રાખેલાછે. તે ઉપરાંત નવાઇ જેવી આકરતીનાં જનવરો જેવાંકે ચાર પગનાં, બે મોહોડાંનાં, બે આંગનાં ઇત્યાદી રાખેલાંછે તે જોવા લાએકછે.

તા૦ ૭ મી જુલાઈ ૧૮૮૧—આજે સવારનાં મેશરશ જોન એલડર એંડ શનણની વાહાણ બાંધવાની મોટી ગોદી જોવા ગયા હતા. એ ગોદીનો ઘણી હાલ મી૦ પીમરશ કરીનેછે. એ જગાપર હમોએ એક ઘણી મોટી સ્ટીમર ગાએન લાઇનની કુાંને વાશ્તે અમેરીકા અને ઇગ્લાંડ વચે દોડવા સારૂં બંધાતાં જોઇ હતી, અને જે ઘણી ખરી તૈયાર થયલી હતી, તથા એક અઠવાડીયામાં ઉતારવાનીછે. તેનું નાંમ એલાશમા કરી આપેલું છે. તે ૫૨૦) ફીટ લાંબી અને તેનું વજન ૬,૫૦૦) ટનછે તથા ૧૨,૫૦૦) ઘોડાનાં બલનીછે. તેનું એનજીન બનાવવા ઉપર ૧,૨૫,૦૦૦) એક લાખ પચીસ હજાર પૈાંડ લાગ્યાછે અને આખી સ્ટીમરનો કીમત ૨,૩૦,૦૦૦) બે લાખ તીસ હજાર પૈાંડની કહેછે. તે તદન લોખંડનો બાંધેલીછે. એનાથી ઉતરતી સ્ટીમર આસ્ટ્રેલીયાની લાઇન સારૂં તથા બીજી બે નાધલી પણ ત્યાં બંધાતી હતી. એ મુજબ એકજ વખતે ૧૪) મોટી સ્ટીમરો એ ગોદીમાં બાંધીશકે એટલી ફરાગાતછે. એ સ્ટીમરો સારૂં એન્જીનો તથા બધું લોખંડ તથા લાકડ કામ અહીંઆજ બનાવેછે. જે મોટે કારખાનું ઘણું મોટું રાખેલું છે.

એ જોઇને પછી હમો ગ્લાશગોથી આશરે ૧૫) મૈલ દુરનું હેમીલટન નામનાં ગામડામા ડયુક ઓફ હેમીલટનનો મોહોલ જોવા ગયા હતા. એવી જગાઓને કનત્રી શીટ (Country Seat) કરીને કહેછે. એ મોહોલને લગતી જગ્યા ઘણી મોટીછે અને તેમાં જંગલો તથા પાર્કસ રાખેલાંછે; જેમાં બાજા પાલેલાં જનવરો ઉપરાંત કેલીડોનીઆ (Caledonia) નાં જંગલી ઢોર ઢાંકરછે. એ મોહોલનો દેખાવ બાહારથી સારોછે, તથા તેની અંદરનો ભાગ ઘણો જોવાલાએકછે. હમોએ લંડનમાં ડયુક ઓફ શધરલેંડનો

જે મહેલ જોયેલો છે તેનાં કરતાં એ મહેલ ઘણો મરસહે. હીંયા તરાંહતરાંહની અગલની નવાઇની ચીજો (Antiquities) નો સંગ્રહ ઘણો સારો કરીવેલોછે. હમણાંના ડયુકનાં બપાવાને એવી ચીજો ખરીદવાને અતી ઘણો શોખ હતો, અને તેને મોહોટી મોહોટી અને કોઇની તો નહીં માનવાજોગ કીમતો આપીને ખરીદેલીછે. તેનાં દાખલા દાખલ ડેડ શી (Dead Sea) માંથી એક જાતનાં પથરનાં બે થાંભલા આસરે ૫) ફીટ બાંબા તથા ૧) ફુટ ગોલાઇમાંછે તે જાણે સફેદ અને કાળો છાંટનો પથર હોય તેવા દીસેછે, તે દરેકનાં ૨૦,૦૦૦) વીશ હજાર પૌંડ કરીને બે પથરનાં આજનાં વટાવ ગણુતાં ૪,૮૦,૦૦૦) ચાર લાખ એંસી હજાર રૂપીઆ આપીઆ હતા! એજ મુજબ ઇજીપ્તમાંથી મમીઝ ની કોફીનનાં કેટલા પથરનાં આવેછે, તેમાંનાં એક કેશની કીમત ઘણી હોવાન લીધે કોઇ લઇશકયું નહીં તે એ ડયુકે વીસ હજાર પૌંડ આપીને ખરીદી હતી. એ કોફીનમાં ઇજીપ્તના ફારાહની એક છોકરી જેણે મોઝીઝ પેગમબરને નદીમાંથી તરતો ઉચકી લઇને પાળેયો હતો, તેની અસલછે એવું કહેછે અને તે આજે ૩૦૦૦) વરસનો ઉપરની જુની કહેવાયછે. એ ઉપરાંત મેરી કુવીન ઓફ સ્કાડલાંડ, નેપોલીયન બોનાપારટ, ઇત્યાદી ની કેપીનેટો તથા ખુરશીઓ તથા બીજી ચીજોનો સંગ્રહ સારો કરીવેલોછે. પ્રીન્સ આફ વેલસ એને ત્યાં પરોણા દાખલ ઉતરેછે, તેને સારૂ તદન જુદાજ ઓરડાઓ સણગારેલાછે, જ્યાં ટેપેસટરી વરક (હાથનું ભરત કામ) ઘણુંજ સરસ દીવાલો ઉપર ટાંગેલુંછે, જે જોકે અને ૧૭૩૫નાં શાલમાં ગુંથેલુંછે. પણ એવી સારી હાલતમાંછે કે આજેજ નવું બનાવ્યું હોય એમ લાગેછે. તે ઉપરાંત તેની દીવાલો રંગીન રેશમી શેટીનનાં કપડાંથી જડી લીધેલીછે, તથા સીલીંગો ઉપર અતી ઘાચું નકશી કામ તથા ગીલીટ કરીવેલુંછે. એનાં બેસવાનાં ઓરડાનું ફરનીચર પણ તદન ગીલોટ કામનું કરીવેલુંછે, તેમાં ચાહે પીવાની ટેબલો પર સોનાનાં નકશીદાર પત્રાંઓ જડી લીધેલાંછે, તથા તેજ પ્રમાણે બીજી ટેબલો તથા કોચો એ સરવે ઉપર ગીલીટનાં પતરાં જડેલાંછે. એ ઘણીને ત્યાં એના વડાઓની મુખીઓની ગેલેરીછે જે ઘણી જોવાલાએકછે અને તે વળી અસલનાં જાણીતા ચીતારાઓને હાથથી પડાવેલીછે. તેમાં એનો પેહેલો ડયુક જે પેહેલા જેમ્સનાં વખતમાં થયો હતો તેની સખી વેનડાઇકનાં હાથની ઘણી સરસ ચીતારેલીછે. એ ઉપરાંત બીજા ઓરડાઓમાં જ્યાં જઇએ ત્યાં ઉંચા તસવીરો તથા પુતળાંઓ ગોઠવેલાંછે. એ મુબલાં ફરનીચરની કીમત આજે કરોડોની ગણાયછે. એનો મોટો દાદર કાળા સંગેમરમરનાં પથરનોછે, તથા ત્યાં સઘળું ફરનીચર પણ કાળા સંગેમરમરનાં પથરનુંછે, તેજ માફક એક ઓરડામાં લાલ શેટીનનું ફરનીચર તથા દીવાલોપર પણ લાલ શેટીન જડેલી તથા ત્રીજા ઓરડામાં જે રંગનું ફરનીચર તેજ રંગની શેટીનની જડેલી દીવાલ એ સઘળું સરસ અને જોવા લાએકછે. એલેકજાંડર કરીને ૧૦) મો ડયુક થઇ ગયોછે, જે સને ૧૮૫૨માં મરણ પામ્યો હતો, તેને પોતા મરૂં તથા પોતીકી ફેમેલી સારૂં એક મોહોટી "માઝોલીયમ" ઘોર બાંધીછે, તે પણ ઘણી જોવાલાએકછે અને તે ઉપર એક લાખ પૌંડ ખરચ બેઠો હતો. તેનાં ગુંબજની ઉંચાઇ ૧૦૦) ફીટ ઉપરનીછે અને તેનું બારણું જો જરા જોરથી બંધ કરેછે તો અંદર જાણે મોટી તોપનાં અવાજો થતો હોય તેમ લાગેછે. તેની અંદરની જમીન જાતજાતનાં સંગેમરમરનાં પથરની કરીવેલીછે અને તે ઉપર ઘણી કીમત લાગીછે. એ માઝોલીયમ બાંધવામા

ચુનો અથવા લાકડું મુદ્દલ વાપર્યું નથી, પણ ઘણાં મોટા મોટા પથરાઓને ક્રાંચર મારી એક એક ઉપર બેસાડીને બાંધેલીછે, અને તેનો પાયો ૪૦) ફીટ ઊંડોછે. એ મોશલમની અંદર બાજુપર એક પલાટ ફ્રોરમ બાંધીને તેની ઉપર આગલ જણાવેલી ઇજીપ્શીઅન મમીની પથરાની પેાર, જે બે લાખ રૂપીયે એજ ડ્યુકે લીધેલો હતી, તેમાં તેને મુકીને શીલ કરી લીધેલી છે. બાકીનાં ત્યાર પછીના ડ્યુક તથા તેની ફેમીલીને અંદર દેડાંણમાં Vault વેાલટ બાંધેલાછે તેમાં મુકેછે. એનાં પાર્કમાં તથા જંગલમાં જે જંગલી ગાય ઢોરો રાખેલાંછે તેને વાસ્તે વાડ ભરી લીધેલીછે પણ હાલ તે માણસોને જોઇને ભડકતાં નથી; કારણ કે રોજ માણસ જોવાથી તે હવે હલી ગયાંછે. હમણાંનો ડ્યુક ઘણેાજ ખરચાલુંછે, તેની આવક જો કે વરસ દહાડે પચાસ લાખ રૂપીયા ઉપરનીછે, તોપી તેને એ ઉપરાંત મોટું કરજ કીધાથી તેનું ઈસ્ટેટ ટરશટીઓને સોંપીને એને કાંઈ લવાજમ આપી બાકીનું એનાં માગનાર લેછે. એને શેકારનો ઘણેા શેાખછે તે સારૂં કુતરાઓ રાખવાનાં મોટાં ઘરો કીધેલાંછે, ત્યાં ઘણાં સારા કુતરાઓ રાખેલાછે, આવો મેહેલ મોટા પોતીકોછે તો પણ ડ્યુક હીંયાં વરસમાં એક મહીનાં ઉપર રેહેતો નથી; પણ પોતાનાં બીજા મેહેલોમાં શેકાર સારૂ આરત કરી ગામછે ત્યાં ઘણેા ખરો રેહેછે, જેને સારૂં કહેછે કે આ મેહેલથી પણ તે વધારે સણગારેલાંછે. એ જોઇને પાછા ગલાસગેા આવ્યા હતા.

તા૦ ૮ મી જુલાઈ ૧૮૮૧—આજે શીનગરશ શુઇંગ મશીન (સીવવાનાં સાંચાં) નું કારખાંનું જોવા ગયા હતા. હીંયાં શીનગરનાં વખણાયલા સીવવાનાં સાંચાઓ બનેછે. એ કારખાંનું ઘણું મોટું છે. તે સાંચા બનાવવામાં જે એક સેા બીજી ચીજો ગોઠવવામાં આવેછે તે દરેક ચીજનાં જુદા જુદા સાંચાછે, તેમાં વળી કેાઈ ભાગપર ત્રણ ચાર સાંચાઓથી વધારે પણ કામે લાગેછે. જેમકે શટલ બનાવવા પેહેલાં લેાખંડનાં સલીયાને તેટલાજ કાપેછે, બીજામાં તેને કેારી કાઢાડેછે, ત્રીજામાં અણી કાઢાડી સાફ કરેછે. એ મુજબ એક ચીજ સારૂં ત્રણ ચાર સાંચાથી કામ લેછે. સોય બનાવવા સારૂં પેહેલાં સાંચાનો એક ભાગ બીણા તારને કાપેછે, અને તેને એક ચીમટો ઊંચકીને બીજા ભાગ ઉપર બેાસેછે, જ્યાં તેનો ગાલો ઘડાયછે, ત્રીજો ભાગ તેને અણી કરેછે અને પાછો તેને એક ચીમટો ઊંચકીને પાસેનાં એક દાબડામાં એકડી કરેછે. એ સઘળું જાણે ત્રણ ચાર માણસ પોતીકા હાથે કરતું હોય એમ લાગેછે. સોયનાં નાંકાં પાડવા સારૂં બીણાં સલીયાનો એક સાંચોછે તેનાથી નાંકાં પડેછે. એ કારખાંનું ઘણું મોટું છે, અને તેમાં દરરોજ ૧૪૦૦) માણસો કામે લાગેછે તથા દર અઠવાડીયે ૫૦૦૦) સીવવાનાં સાંચાઓ તૈયાર થાયછે.

એ જોઇને પછી જોન બ્રાઉન એંડ શનશનું મશલીન વણવાનું કારખાંનું જોવા ગયા હતા. અહીંયાં બારીઓના કરતનશ, (Curtains) કરતીન તથા કોચો ઉપર નાંખવાનાં એનટીમેકસરસ તથા બીણી મલમલીન ઇત્યાદી બનાવેછે, અને તરાંહ સારૂં કાગળો ઉપર આંધળાં પાડી તે મુજબ શટલ દોડવાથી તરાંહ જાત જાતની પણ સફેદ રંગનીજ પડેછે.

તે જોઇને પછી આર સ્ટુઅરડ એંડ સનસનું કાગળ બનાવવાનું કારખાંનું જોવા ગયા હતાં. એ કારખાંનું ઘણું નાધલુંછે, અને તેમાં એકજ સાંચો કામ કરેછે જે રાત તથા દીવસ ચલાવીને રોજનું ૪) ટણ કાગળ બનાવેછે. કાગળ બનાવવા સારૂં પેહેલાં ચીથડાં યા સણ અથવા જુના કાગળો લઇને તેને પાંણીની ટાંકીમાં આઠ દીવસ

સુધી કોહોવાડેછે, અને તેમાં કાંઈ એશીડ નાંખેછે, તેથી તે પોચાં થાયછે. એ ધોવા નાખ્યાની આગમજ મોટાં ચીથડાં ધ્યા ગુણપાટા હોયછે, તેને એક સંચામાં કાપીને ટુકડા કરેછે, અને પછી એક ગોળ મોટું વાસણ જેમાં આંધળાં પાડેલાં તથા અંદર ખીલા રોકા મલીયા હોયછે તેમાં નાંખીને તે ચીથડાંને ખુબ હીલવેછે, તેથી તે છુટાં પડી ઘુલ તથા કચડો હેડળ પડી જાયછે, જે ખાતરનાં કામ સારૂં વેચેછે. એ ચીથડાંને કોહોવાડયા પછી તેને કોશટીક સોડા તથા બીજી મેળવણી કરીને એક મોટાં વાસણમાં સંચાથી ચલાવીને લાકડાંથી ખુબ ઢુંચેછે, અને તેને લાહી જેવાં બનાવેછે, તથા તેને ટાંકીમાં પાણી સાથે ભેળીને એક મોટાં ચાંલણી રોકાં વાસણમાંથી દોડાવેછે, જેમાંથી તેનું પાણી ગળી જઇને થરો એસી જાયછે. તે થરો એક ગરમ સ્ટીમથી ભરેલાં રોલર નીચેથી પસાર થાયછે, તેથી તે સુકાઇને પોચાં કાગળો થવા માંડેછે, તે પાછાં બીજાં રોલરપરથી પસાર થઇ છેલે મજબુત થઇને કાગળો નીકળેછે. તેને એક રોલર ઉપર વીટાળેછે અને પછી તે રોલરને એક બીજા સંચામાં મુકેછે, જયાં તેનાં ત્રણ સરખા લાંબા ભાગ છરીએ થાએછે, અને આગલ આવતી બીજી છરી તેનાં લંબાઇના ત્રણ સરખા ભાગો કરેછે. એ સઘળું ઘણું ઝડપથી તથા કાપેલાં કાગળોનાં ચોરા પણ ઘણા જલદીથી થાયછે, જે પછી ઓરતો તેને હાથે વાલીને બંડલ બાંધેછે. એ કાગળો સઘલાં હલકાં બનતા હતાં, જે પડીકાં અને સામન બાંધવાને કામે લાગે. પણ જો ઊંચાં કાગળ જોઇએતો તદન હેમ્પ અને જુટ થા સાફ કાગળોના મીકશચરોનાં બનાવેછે. એ મીકશચરોમાં રાજમ નાંખેછે જેથી તે કકરાં થઈ ચલકાટ કાહાડેછે, પણ જો રાજમ નહીં નાંખીએ તો પોચાં થઇને બ્લોટીંગ પેપર બનેછે.

એ જોઇને પછી બ્રીલિારકામનું કારખાનું જોવા ગયા હતા જે ઘણું ખરૂં મેનચેસ્ટરમાં જોયું તેનાં જેવુંજછે, તેથી વીગતો લખતા નથી.

ત્યાંથી નીકળીને Vell's Pottery works જોવા ગયા હતા. એ જગ્યા પર કોડી તથા ચીની કામ બનાવેછે, તે સારૂં મોટું પેહેલાં પાણીમાં ખુદીને પછી તેને કુંભારનાં પૈડાં જે સંચાથી ચાલેછે તે ઉપર મુકીને પ્યાલાં, રકેબી, બોલો, ઇત્યાદી બનાવીને ભઠ્ઠીમાં ભુંજેછે. પછી જો તેને રંગીન કરવી હોય તો તે ઉપર ચીતાર છાપ્યાથી અથવા કોપરપ્લેટ ઉપર તેનો આકાર કોતરીને તેમાં રંગ પુરીને કાગળ ઉપર છાપી લઇ પછી તે કાગજ ચીનીકામનાં પ્યાલાં ઇયા રકેબી ઉપર વલગાવી દેછે; અને પછી તે વાસણને ગરમ પાણીવતે ધોવાથી પેલું કાગળ નીકળી જઇને રંગની તરાંહ ઉપર પડી રહેછે. પણ જે હલકું કોરી કામ હોયછે તેને દીબાંથો છાપેછે, અને પછી તેની ઉપર "ગલેજ" કરવા એક જાતનું મીકશચર કરી તેમાં બોળેછે એટલે ગલેજ ઉપરજ ચહડાને સઘળું સફેદ થઇ જાયછે. એ બાદ તે વાસણને ભઠ્ઠીમાં ત્રણ ચાર કલાક સુધી મુકેછે કે પેલો ધંકાઇ ગયલો રંગ ગલેજની બાહાર દીપી નીકળી જાણે રંગની ઉપર ગલેજનું પડ કીધું હોય તેમ થાયછે, તથા રંગ નીકળો શકતો નથી. એ પ્રમાણે ત્યાં ઘણું ઉચું અને હલકું કોડી તથા ચીનીકામ બનાવેછે.

તા૦ ૯ મી જુલાઈ ૧૮૮૧—આજે સવારનાં ગલાસગોથી આગગાડીમાં અગીઆર વાગાને અમલે બોલીંગ જે ગલાસગોથી ૨૫) મૈલ દુર લેક લોમાંડ આગલ સ્ટેશન છે ત્યાં ઉતરયા હતા. ત્યાંથી સ્ટીમર પ્રીન્સ ઓફ વેલશમાં બે-

સીને લૉક લોમોંડ પસાર કીધો હતો. સ્કાટલંડની બોલીમાં સરોવરને લૉક (Loch) કરીને કહેછે. એ સરોવરનો દેખાવ ઘણો સારોછે, અને ઈંગ્લાંડનાં સરોવરો કરતાં એની આસપાસનાં પાહાડો ઘણાં મોટા તથા ઝાહાડ વગરનાંછે, જેથી જેમ ઈંગ્લીશ સરોવરોની માર્બલ શીનરી તેમ સ્કાટલંડનાં સરોવરોની Rugged શીનરી કહેછે. એ સરોવરનું સ્પેચ્ય નામ લૉક લોમોન્ડ (Loch Lomond) છે, જે બીજા સ્કાટલંડનાં સરોવરો કરતાં સૌથી મોહોટો અને મરસ કહેવાયછે. તેની લંબાઈ ૨૩) મૈલનીછે તથા વધતામાં વધતી ઊંડાઈ ૧૦૦) વામ કહેવાયછે, અને ઘણુમાં ઘણી પોહોલાઈ ૫) મૈલનીછે. એ સરોવરમાં ઘણાંક નાંધલાં ટાપુઓ આવેલાંછે, તેમાં ઈંચ મરીન (Inch murrin) કરીને સૌથી મોહોટાંમાં હરણોં શીકાર કરવા સારૂં તે ટાપુનાં ઘણી ડયુક ઓફ મોનટરોઝે રાખેલાંછે. એ સરોવર ઉપર થોડાંએક નાંધલાં ગામોછે, તથા સારા સારા માણુસોએ ઉનાળાનાં વખતમાં રેહેવા સારૂં છુટાં છુટાં મકાનો બાંધેલાંછે. એની એક બાજુ બેન લોમન કરીને મોટો પાહાડ આવેલોછે, જે ઉપરથી સ્કાટલંડની સૌથી મરસ વીયુ (દેણુક) દેખાયછે. એ સરોવર પરથી ૧૧॥ વાગેને ઇનવરસનેડ કરીને જગ્યાછે ત્યાં ઉતરયા હતા. ત્યાંથી ઘોડાની ગાડીમાં બેસીને પાંચ માઈલ દુર બીજો એક સરોવર, જેને લૉક કેટરીન કરીને કહેછે ત્યાં ગયા હતા. અહીંયાંથી ગલાસગો શોહેરને પીવાનું પાણી પુરૂં પાડેછે, જે આશરે ૫૦) મૈલ દુરછે અને એ પાણી આખા ગ્રેટ બ્રીટનમાં મરસ કહેવાયછે. એ સરોવર પર રાખરો સ્ટીમર ઉપર સ્વાર થાઈને નીકલેલો તે (Stronachlachar) સ્ટરોનેકલાકાર કરીને જગ્યાછે ત્યાં પુગો હતો. એ સરોવર પણ મોહોટોછે. એનાં કીનારાપરની એક જગ્યા ઉપર રોબ રોય (Rob Roy) કરીને આગલ એક પીંઢારો થઈ ગયોછે, જેને વાસતે સર વૉલટર સ્કોટે નોવેલ લખીછે અને જેનું ઘર પણ હજુ દીસેછે. એની આસપાસનો દેખાવ ઘણો સારોછે પણ વરસાદ આવવાને લીધે હમો તે જોઈ શકયા નહીં. સ્ટરોનેકલાકાર (Stronachlachar) થી ગાડીમાં પાછા બેસીને બી ટ્રોસેકશ ડીસ્ટીલટમાં લૉક Achray ની ઉપર ટ્રોસેકશ હોટલમાં સાંજનાં ૫) વાગે પુગા હતા. આજે આગ ગાડીમાં બેસીને ગલાસગોથી બોલીંગ ગયા તે રસ્તાપરની શીનરી પણ ઘણી મરસછે. ત્યાં અધવચ્ચ રસ્તે એક જગ્યાપર બેપારનો માલ લાવ લઈ જા કરવાનાં ચાર રસ્તા ચાર જાતનાં આવેલાછે; તેમાં એક કલાઈડ નદીમાંથી, તથા તેનીજ અડોઅડ એક કેનાલથી, તથા તેનીજ પાસે આગગાડીથી, અને વળી તેની પાસે પગ રસ્તેથી, એ મુજબ ચાર રસ્તા એકજ જગાપર એકગમથી પથર ફેંકેતો બીજી ગમ જઈ પુગે એટલી નજદીકમાં આવી ગયલાછે, જે મુજબનાં રસ્તા કેહેછે કે દુનીઆંનાં કોઇપણ દેશમાં આવેલા નથી.

તા૦ ૧૦ મી જુલાઈ ૧૮૮૧—આજે સવારનાં ટ્રોસેકશ હોટલમાંથી નીકળીને આસરે સવા મૈલ દુર લૉક કેટરીનછે ત્યાં ગયા, અને તેપર બોટમાં બેસીને ફરવા નીકળ્યા તે એલન ટાપુ તરફ ગયા હતા; જ્યાં અગલનાં હાઈલેન્ડ લોકો પોતાની ઓરતો તથા બચ્ચાંઓને લડાઇની વખતે બંચાવ સારૂં રાખતા હતા તે, તથા સર વૉલટર સ્કોટે લેડી ઓફ ધી લેકમાં કીંગ જીટજ જેમશ અને રોબરટ બ્રુસની લડાઈ કે જેમાં તે પાદશાહ રોબરટ બ્રુસને મારીને પછી ઉપલા ટાપુમાં ભરાયો હતો તે સઘળું આ સરોવરપર ત્યાંનાં લોકો દેખાડે

છે. એ પછી ધી શીલવર સ્ટ્રેન્ડ કીનારે ઉતરીને ત્યાંથી ચાલતા નીકલેલા તે લૉક કેટરીનમાંથી જે જગાપરથી એક મોટી દોહડ મૈલ લાંબી ટનલ પાહાડમાંથી કોતરીને પાંણી ગલાસગો શેહેરમાં લઈ જાયછે તે જોઇને પાછા હૉટલમાં આવ્યા હતા. સાંજનાં કેલેન્ડર કરીને ગામછે ત્યાંનાં રસ્તા તરફ ગાડીમાં ફરતાં ફરતાં વેનેકર (Venecher) કરી બીજો એક સરોવરછે તે જોયો હતો, જે બાજુપરની શીનરી પણ ઘણી સારીછે. તે જોઇને પાછા હૉટલમાં આવ્યા હતા.

તા૦ ૧૧ મી જુલાઈ ૧૮૮૧—આજે સહવારનાં સાત વાગે ટરોશેકશથી મૈલ કોચમાં નીકલ્યા તે કેલેન્ડર કરી નાંખલું ગાંમડું છે ત્યાં કલાક ૮॥ વાગે પુગા હતા. ટરોશેકશથી થોડેક દુર લૉક વેનેકર પસાર કર્યો હતો. એ સરોવર બીજાં સરોવરો કરતાં નાંખલોછે અને તેની આસપાસની શીનરી પણ સારીછે. એની લંબાઈ ૫) મૈલનોછે. રસ્તામાં આપ્યો વખત વરસાદ હોવાને લીધે એ બાજુની શીનરી જોવાને બરોબર બન્યું ન હતું. કેલેન્ડરથી આગગાડીમાં બેસીને શટરલીંગ (Sterling) શેહેરમાં ઉતરયા તથા ત્યાંનો કાશટલ જોવા ગયા હતા. એ કાશટલ સ્કાટલંડની તવારીખમાં ઘણો વખણાયલોછે, અને હીંયાં ઇંગ્રેજ તથા સ્કોચ વચે ઘણીએક લડાઇઓ થઈ હતી. એમાં આગલ સ્કાટલંડનાં પાદશાહો રેહેતા હતા. એ કીલો ઘણો જુનો કેહેવાયછે ત્યાં હાલ શોલજરોને મેહેલમાં બરાબ્ર કરીને રાખેલાછે. એની દીવાલોપર પુતળાં મુકેલાંછે, તેમાં ત્રીજા જેમશે જે મેહેલ બાંધ્યોછે, તેમાં એક જુણે પોતાનું અને બીજે જુણે રાંણીનું પુતળું મુકેલુંછે, તેની વચમાં બીજાં પુતળાંઓ માદેોલોજીને લગતાં મુકેલાંછે. એ મેહેલનો દેખાવ બાહારથી કાંઈ ઘણો ભપકાદાર નથી, પણ પથરનો ઘણો મજબુત બાંધેલોછે. તે ઉપરાંત ત્યાં બીજા મેહેલો તથા દેવળો, જે હાલ સઘળું શોલજરોનાં વપરાસમાંછે, ફકત એક ઓરડો અલગ રાખેલોછે, જેને ડગલશ રૂમ કરીને કહેછે. એ ઓરડામાં અસલની જોવા લાયક ચીજો રાખેલીછે, તેમાં જોન નોકસ જે પુલપીટ ઉપરથી વાએજ કરતો હતો તે પુલપીટ ભાગેલી હાલતમાં તેમજ બીજા જેમશનાં વખતનો તથા છઠા જેમશની પોતીકી બેસવાની ખુરશીઓ, ભાલા, ઇત્યાદી રાખેલાંછે. એ ઓરડાની પાસે એક બીજો નાંખલો ઓરડો, જેને એકજ બારીછે, અને જ્યાં સને ૧૪૫૨ માં બીજા જેમશે અરલ ડગલશને ખંજર ભોકી તેનું મુડદું એ બારીએથી હેઠે નાંખી દીધું હતું. તે મુડદું પાછલથી સને ૧૭૯૮ માં આસપાસની એક વાડીમાંથી મલ્યું હતું. એ બારીમાં હાલ રંગીન કાચની બારી મુકેલીછે અને તેપર ડગલશનો કોટ ઓફ આરમસ પાડેલોછે. એ કીલાપરથી આસપાસની વીયુ અતી ઘણી સરસ દીસેછે. કીલાની અંદર પેસતાં રોબરટ બરસનું પુતળું મુકેલુંછે, જ્યાંથી એની બાનકબરનની છતેલી લડાઇનું મેદાન દીસેછે. એ ઘણીએ સને ૧૩૧૪માં અંગ્રેજનાં એક લાખ માણસોને પોતાની સાથનાં ચાલીસ હજાર માણસનાં લશકરથી હરાવીને એ સ્ટરલીંગનો કીલો અંગ્રેજનાં હાથમાં દશ વરસ રયા પછી પાછો છીનવી લીધો હતો. એ ગામ હાલ કાંઈ ઘણું મોટું નથી; એની વસતી આસરે ૧૪૦૦૦) માણસોની કેહેવાયછે તથા તેનાં ઘરો પણ ઘણાં જોવા લાયક નથી. એ શેહેરની બાહારથી ફોરથ નદી પસાર થાયછે જે હાઈ લાન્ડ અને લો લાન્ડની હદ કેહેવાયછે. હમો જે સરોવરો જોઈ આવ્યા ત્યાંથી અહીંયાં સુધી હાઈ લાન્ડમા ગણાયછે; પણ સ્ટરલીંગથી પાછા લો લાન્ડમાં આવ્યા હતા.

હાઇલાન્ડની જગા ઘણાખરા મોટા પાહાડોનીછે, જે ઉપર ઘણીજ થોડી ખેતીવાડી થાયછે, અને હીધર કરીને એક જાતના પાલાયી તે પાહાડો અને જમીન ઘણું ખરાં ઘંકાયલાં રહેછે; પણ વળી કોઈ કોઈ જગાપર મોટાં ઝાહાડો તથા થોડી ઘણી ખેતીવાડી થાયછે; બાકીની ઘણી ખરી જગ્યા ઢોર ચરવાનાં ઘાસનાં મેદાનોછે. એ બાજુપરનાં મોટા મોટા પાહાડોથી શીનરી ઘણી બુલંદ લાગેછે, પણ લો લાન્ડ ઉપર નાંધલી નાંધલી ટેકડીઓ તથા ખેતીવાડી તથા ઘાસ અને ઝાહાડોની શીનરી તદન તેથી ઉલટી અને માર્દવ લાગેછે. હમો સ્ટરલીંગનો કીલો જોઇને પાછા આગગાડીમાં બેસીને ગલાસગો ૧૧॥ વાગે પુગા હતા.

બપોરનાં જોન બુકેનનું કનફેકશનરી (મીઠાઇ) બનાવવાનું કારખાનું જોવા ગયા હતા, જ્યાં દરરોજ ૪) ટણ જેલી અને ૦॥ ટણ પેપરમીંટ તથા બીજી ઘણી જાતની ટીકોટા બનાવેછે. હીંયાં એક અઠવાડીઆંમાં ૩૦) થી ૪૦) ટણ સુધી મીઠાઇ બનાવેછે. ટીકોટા બનાવવા માટે ઝીણી સાકરમાં તેને જોઇતી પેપરમીંટ ઇત્યા ગોલાબ ઇત્યાદી નાંખી ઉકાળીને પછી તેને મસલી લાંબા તથા જોઇતી જાડાઇનાં થપેડા કરેછે. તેને એક મંચો કે જેમાં જોઇતાં કદનાં દોબાં કીધેલાં હોયછે તેમાં મુકેછે, જે રોલરથી ફરીને અંદર જઇને પેલાં દોબાંઓથી કપાઇને આખી પેપરમીંટની ઇત્યા બીજી જાતની ટીકોટા બાહાર નીકલેછે. પછી તેને મોટી થાલોમાં મુકીને સ્ટીમથી ગરમ ઓરડામાં ત્રણ ચાર દીવસ સુધી સુકાવા મુકેછે, તેથી કઠણ ટીકોટા થાયછે. જો પોચો ટીકોટા કરવી હોય અથવા તેમાં શરબત ઇત્યા લીકર ભરવાનો હોય તો એક મોલડમાં સ્ટારચ નાંખી તેની અંદર શરબત ઇત્યા લીકર નાંખેછે, અને પછી તેને ઉપરથી પણ સ્ટારચ નાંખી રેહેવા દેછે, જેથી સ્ટારચનું પડ આસપાસ થઇ જાયછે. પછી તેને ઝીણી સાકરનાં રસમાં નાંખીને પાસાદાર બાંડનું પડ આપેછે. જો બદામ, વડીઆલી. ઇત્યા એવી બીજી જાતની ટીકીટ બનાવવી હોયછે તો બદામ ઇત્યા વડીઆલીને એક મોટી કઢાઇમાં સાકરનાં શીરામાં બોળીને તેનું પડ કરીને નાંખેછે અને પછી તે કઢાઇમાં બાફ છોડીને તેને સંચાથી આખો વખત ગોળ ફેરવ્યા કરેછે, અને તેનો ઉપર સાકરનો શીરો કડછી ભરીને નાંખેછે, જે પેલી કઢાઇમાં ગોળ ફરવાથી બંધે અંદર બીખરાઇ જઇને પેલી બદામ ઉપર સરખું જાડું પડ થતું જાયછે. સુકાયલી માલમ પડી કે બીજી કડછો ભરીને શીરો નાંખેછે, તે મુજબ જોઇતી જાડાઇનું પડ થાયછે. જો એવી કોઇ ચીજ ઉપર બરબચડી સપાટી કરવી હોય તો તે કઢાઇ ઉપર એક ઝીણી ગળણી મુકી તેમાંથી આખો વખત શીરો તે મીઠાઇ ઉપર ટીપાવ્યા કરેછે, જેથી બડબચડી સપાટી આવેછે. જો ટીકીટમાં જાતજાતની તરાંહ તથા રંગ પાડવો હોય તો સાકરનાં શીરાને તથા સ્ટારચને બુબ ચાસ પાઇને તેને ગોળ દોરડાં જેવો વણેછે, અને જે જાતની તરાંહ જોઇતી હોય તે મુજબ જાતજાતનાં રંગનાં દોરડાં ગોઠવીને પછી તેને માણસો બુબ હાથે ખેંચેછે, એટલે જેમ તે લાંબું થતું જાયછે તેમ પેલી તરાંહ ઝીણી થતી જાયછે. એ મુજબ એક પછી એક વખત ખેંચ્યા કીધાથી પેલાં દોરડાંને બદલે ઝીણી સળી જેવી તરાંહ પડેછે કે તુરત તેને જોઇતી શાપઝની ટીકીટ જેવાં મોલડમાં મુકીને ચકરથી દાખીને ફેરવેછે, એટલે તરાંહ ઉપસાઇ આવેછે, જેને સુકવ્યા પછી તેનું હેડળનું પડ જે વળગેલું રહેછે તે ભાંગી નાંખેછે, અને પછી તેને ચાંલણીમાં ચાલીને ભાગેલાં પડનો કચડો

કાહાડી નાંખી ટીકીટો છુટી કરેછે. જો જુજેબસ ટીકીટો બનાવવો હોયછેતો ગુંદર (Gum Arabic) ઘણો મોળો લઈને તેને પેહેલાં પાણીમાં નાંખી પીગલાવીને મધળો કચડો કાહાડી નાંખેછે, અને પછી તેને સાકર તથા જોઇતા રંગ સાથે મેળવીને શીરા જેવો કરેછે, તથા ચોરસ મોલડમાં નાંખીને સુકવ્યા પછી તેના જોઇતી શાઇઝનાં કટકા મંચાથી કાપી કાહાડેછે. જો ટીકીટો ઉપર નામ પાડવાં હોયછે તો તેનાં છાપા રાખેછે, જે ઉપરથી તે ટીકીટ બનાવવાનાં સાકરનાં થેપડા ફેરવી જાયછે, અને તેની અંદર જેમ સહીથી છાપ આપેછે તેમ રંગની ગાડી ઉપર પેલો છાપ દબાઇને રંગને ઉચકી લેછે જેથી તેના ઉપર નામ થયા કેહેવતો પડેછે.

એ જોઇને પછી મીણબતી બનાવવાનું મીશીઅરશ રોખીન એનડ હોશપીન નું કારખાંનું જોવા ગયા હતા. મીણબતી બનાવવા સારૂં મધમાખનાં પોળાનાં મીણ ઉપરાંત પેરાફીન(Perafin) કરીને એક જાતનો ચીજ જમીનમાંથી કોલસાનાં જેવી નીકળેછે, તેમાંથી તેનું તેલ કાહાડી તેને ફેરવીને મીણ બનાવેછે. એ મીણને કાંઈ મેળવણી સાથે મેલવીને પછી તેને બે વખત વારા ફરતી પીગળાવી મીણબતી બનાવવાનાં મોલડમાં રેડેછે. એ મોલડમાં મીણબતીની જોઇતી સાઇઝનાં ખાંચા કીધેલાછે, જેમાં પેલું પીગળેલું મીણ રેડેછે, અને તે મોલડની આસપાસ થંડું પાણી બાહારથી રહેવાથી મીણ થંડું પડીને બંધાઇને મીણબતી થાયછે, તેને ચકરથી ફેરવીને તે મીણબતીઓ ઉપર એંચેછે, જેનો સાથે વચમેથી બતી સલગાવાનો દોરો હોયછે, તેમી હેઠળથી એંચાઇને કાટળાંઓપરથી ઉપર આવેછે. હવે પેલી ઉપર એંચેલી મીણબતીઓને તેનાં જેવા લાકડાંનાં મોલડમાં બીજો ૦ા કલાક સુધી રેહેવા દેછે, તેટલાં પેલાં હેઠળનાં મોલડમાં બીજું પીગલાવેલું મીણ નાંખેછે, જે ૦ા કલાકમાં પાછું બંધાઈ રહ્યું કે ઉપલી મીણ બતીમાંનો બાહાર રહેલો દોરો જે નીચેની નવી થતી મીણબતીનાં દોરા સાથે મલેલો રહેછે, તેને કાપી કાહાડી તે ઉપર વાલી મીણબતી જુદી પાડેછે. કોઈ કોઈ મીણબતી એક રતલનાં વજનની લાંબી તથા જાડી બનાવેછે, અને બાકીનાં રતલનાં ૧૮) નંગ થાય એટલી નાહાની પણ બનાવેછે. એ બાંધલી મીણબતી ૧) શીલીંગ અને ૨) પેનીએ રતલ વેચાયછે.

તા૦ ૧૨ મી જુલાઈ ૧૮૮૧—આજે સવારનાં સ્ટીમરમાં બેસીને ગલાસગોથી એબ્બન કરીને દરીઆ કીનારે ગામછે ત્યાં જવા નીકળ્યા. એ સ્ટીમરનું નામ કેલમબીયા કરીનેછે. તેમાં ઘણી સરસ ગોઠવણો કીધેલીછે. તુટક ઉપર બેસવા સારૂં હારબંધ બાજુએ મખમલની ગાદીઓનાં બાજોટા કીધેલાછે, તથા અંદર સલુનમાં પણ બેહેકો ઘણી સારી કીધેલીછે. કલાઇડ નદી ઉપરથી હમો પસાર થયા ત્યારે બેહુ બાજુ ઉપર ગોદીઓમાં માલ ઉતારવા લેવાને માટે વાહાણો તથા સ્ટીમરો ઉભેલી હતી. ત્યાંથી આગલ ચાલ્યા કે ગોદીઓમાં મોટાં મોટાં વાહાણો તથા સ્ટીમરો નવી બંધાતી હતી. ત્યાંથી આસપાસની શીનરી જોતાં જોતાં ડનબારટન કેશટલછે તે બાજુપર આવ્યા. એ કીલો નદીની વચમાં આવેલોછે, તેથી નદીની અંદર જતાં દુશમનનાં વાહાણોને અટકાવાને ઘણો કામનોછે. એ પસાર કીધા પછી પોરટ ગલાસગો કરી જગ્યાછે ત્યાં ઉભા હતા. એ જગ્યા ઉપર અગલ જ્યારે કલાઇડ નદીને ઉંડી નહીં કીધેલી હતી [એ નદી કલાઇડને ૪૦) વરસ થયાં મોટો ખરચ કરીને ૨૬) ફીટ પાંણી રહે તેટલી ઉંડી કીધી હતી. તેની આગમજ તેમાં એટલું

તો થોડું પાંણી હતું કે માણસો એક પારથી બીજે પાર ચાલી જતા હતા] તે વખતે ગલાસગોનો માલ લાવ લઇજા કરવાને અહીંયાં મોટાં વાહાણો ઉભાં રેહેતાં હતાં, તેથી તેનું નામ પોરટગ્લાશગો કરીને આપેલું છે. હીંયા હજુ થોડાંક વાહાણો ઉભાં રહેલાં જોયાં હતાં. તે ઉપરાંત બીજી મોટી સ્ટીમરો તથા રશીઅન સરકારનું વાહાણ પીટર ધી ગ્રેટ જે ઘણું મોટું ટરેટ શીપ (Turet Ship) છે, તે પોતાનું એન્જીન બદલવા હીંયાં આવેલું ઉભેલું હતું. એ પસાર કીધું કે નદી ઘણી પોહોળી થવા માંડેછે, ત્યાંથી નીકળીને બીજા ઉતારઓ બે ત્રણ દરીઆ કીનારેનાં ગામોમાંથી લઇને બ્યુટઆયલેન્ડ જે મારકવીશ ઓફ બ્યુટનું મુખ્ય શેહેરછે તે પર ગયા. એ જગા મોટીછે. ત્યાં ઘણાં એક મોટાં ઘરો દીસતાં હતાં. તે ફરઠ ઓફ કલાઇડ ઉપર અરધા ચાંદનાં આકારમાં બાંધેલું છે, તેથી ઘણું સારૂં દીસેછે. ત્યાંથી આગલ ચાલ્યા કે લોક ફાઇન (Loch Fine) કરીને દરોયાનાં પાણીમાંથી સરોવર થયલોછે, તેમાં પેઠા. હીંયા દરીયાનાં ભાગો જમીનનો અંદરની નીચાણની બીણોમાં જાયછે તેથી મોટો સરોવર હોય તેવા થવાથી તેને પણ લોક કેહેવાને સરોવર કહેછે. એ નજદીક ૨૦) મૈલ લાંબો તથા પોહોળાઇમાં પણ ઘણોછે. ત્યાંથી થઇને (Ardrishag) આરદરેશગ કરીને એ સરોવરને કીનારે ગામછે ત્યાં જઇને સ્ટીમર ઉભી રહી. હીંયાંથી નાધલી કેનાલ બણેલીછે, તેમાં બીજી નાધલી સ્ટીમર રાબેલો તેમાં પેઠા હતા. એ કેનાલ આસરે ૫૦) ફીટ પોહોલી હશે. એ કેનાલને કરીનાંન કેનાલ કરી કહેછે, તથા સ્ટીમરનું નામ લીનેટ કરીને હતું. એ કેનાલ પસાર કીધી કે પાછા સ્ટીમર પરથી ઉતરીને થોડે દુર બીજી એક સ્ટીમર શેવેલીયર કરીને કેલમખીયાનાં જેવીજ હતી તેમાં બેસી લોક ક્રેનીશ (Loch Craignish) પસાર કીધો કે આટલાન્ટીક મહાસાગરનું પાણી એ સરોવરમાં આવેછે તે જગાઉપર જઇ લાગા. એ મહાસાગરનું પાણી રકાબા અને જયુરા કરીને પાહાડોની વચમાં આસરે એક મૈલ પોહોળાઇ જેટલું વહેણ થઇને આવેછે, જ્યાં ખડકો આસરે ૯૦) ફીટ પાણીની સપાટીની નીચેથી આવેલાછે. હવે એ સમુદ્રનું પાણી અંદર જોરથી એકદમ આવેછે તેને પેલો ખડક અટકાવેછે, તેથી ત્યાં ઘણો મોટો વમળ તેમજ મોજા અથડાવાનાં અવાજ ઘણાં દુરથી સંભળાયછે. તે રસ્તે કોઇપણ વાહાણ અંદર આવો શકતું નથી. એટલાન્ટીક સમુદ્રવાલાં પાણીમાં આપણે આવ્યા કે ત્યાં ભરતી જોરથી આવવાથી દરીઆની સપાટીપર ઘણાં ઝીણાં ઝીણાં વમળો આજુબાજુ જ્યાં નજર કરતા ત્યાં દીસતા હતા. એ પ્રમાણે જોતા જોતા ઇશડેલનાં ગામડાં તરફ આવી લાગ્યા. એ જગ્યાપર હમારી સ્ટીમર થોડો વખત ઉભી હતી. હીંયાં શલેટનો બાંણ આવેલીછે. તે બસો વરસની જુની તથા ૩૦૦) ફીટ ઊંડીછે. એમાં એક વખત દરીઓ ઉભરાવાથી પાંણી ભરાઈ ગયાં હતાં, જેને પાછું બુંબાથી કાહાડતાં ત્રણ વરસ લાગાં હતાં.

ત્યાંથી નીકલેલા ઓબન કરી ગામ જે હાઇલેન્ડનો વચોવચમાંછે ત્યાં આવી સ્ટેશન હોટલમાં ઉતરયા હતા. એ ગામ ઘણું નાંધલું આસરે ૨૫૦૦) માણસોની વસતી વાલું એજ નામનાં અખાત ઉપર આવેલું છે, પણ દરીઆ કીનારે આવવાથી ત્યાં લોકો ગરમીનાં દીવસોપર હવા ખાવા ઘણું આવેછે, તથા હાઇલેન્ડની વચમાં આવવાથી તેની મુસાફરી કરવા સારૂં ઘણાં લોકો ત્યા ઉતરેછે.

તા૦ ૧૩ મી જુલાઈ ૧૮૮૧—આજે સવારનાં એક સ્ટીમરમાં બેસીને અતરેનાં વખણાયલાં ફીનગાલશ કેવશ (Fingol's) જોવા ગયા હતા. પેહેલાં ફરથ ઓફ લોરન (Firth of Lorn) પસાર કીધો અને ત્યાંથી અસલનાં નાંધળા નાંધળા ખીસમાર થયલા કીલાઓ જોતા જોતા તથા ઘણાં નાંધળાં ગામડાંઓ આગલ બંદર કરતા કરતા છેક આટલાંન્ટીક મહાસાગરમાં નીકલ્યા. એ વેળા પવન અતીશણો ફુંકતો હતો, તથા તુટક ઉપર ઉભું રેહેવાઈ શકાતું નહીં હતું. એ પ્રમાણે છેક દુરથી સ્ટાફા (Staffa) કરીને ટાપુ, જે ઉપર એ ગોફાછે ત્યાં જઈ લાગયા. અને સ્ટીમરપરથી નાધલી બોટમાં ઉતરીને કીનારે ગયા. ત્યાં ઉતરતી વખતે પાંણીની લીલથી કીનારો ભરેલો હોવાને લીધે ઘણી શકતી પડી હતી; જો તપાસીને પગ નહીં મુકીયે તો પગ સડકી જવા વીનાં રહે નહીં. એ લીલ ઘણાં લાંબાં અને પતળાં પાતરાંનીછે, જેને માણસો આધામાં પણ લેછે, તેનો રંગ આંબાનાં ઝાડને નવાં પાતરાં આવે તેવો લાલ, તથા સવાદ ખારો હોયછે. એ લીલ પસાર કીધી કે પછી તદન સુકા પણ ગોળ અને છુટા છુટા નાધલા મોટા પથરો પરથી ધાસવાલી જગાપર પુગીએ છીયે. ત્યાંથી એક નાંધલી ટેકડી ઉપર થઈને ગુફામાં જવા સારૂં બીજી બાજુપર પાછા હેઠળ ઉતરવું પડેછે. એ જગ્યા ગોળ મોટા પથરો આસરે બે ફીટ ડાયમેટરનાં પણ ઉપરથી ચોરસની બનેલીછે તે ઉપરથી જવું પડેછે, તથા સીડીની માફક ચહડ ઉતર ગોઠવાએલા હોવાથી જાણે કે આખો ડુંગર એવા પથરોનો સીડીનો બનાવેલોજ હોય તેમ તે બાજુ દીસેછે તથા લોકોને ચઢવાને પણ સવલ પડેછે. ત્યાંથી પસાર થઈને પેલા ગોફાઓનાં મોહોડાં આગલ જઈ પુગાયછે ત્યાંનાં દેખાવની શું તારીફ કરીએ? એ ગોફા દરીયાનાં પાણીથી તથા બીજી કુદરતી રીતથી બનેલાછે, તેની બાજુપર મોટા મોટા ત્રણ ખુંણાનાં થાંભલાઓ હોય તે મુજબ ફરતી દીવાલ પાહાડની બનેલીછે, તથા મથાળાંપરની શીલીંગ પણ ગોળ થાંભલાઓ અરધા ભાગી ગયલા હોય તેમ લટકતા પથરોનીછે. તે પાણીની સપાટીથી ૬૦) ફીટથી પણ ઉંચી હશે. એ ગોફામાં આટલાન્ટીક સમુદ્રનાં પાણીનાં મોજા ઘણાં જોરથી આવેછે, અને અંદર આવી જોરથી અથડેછે કે ઘણો મોટો અવાજ થાયછે. લોકોને જોવા સારૂ ઉપરથી એક કટેરો ભરી લીધેલોછે, જે છેક ગોફાની અંદર સુધી જાયછે, જ્યાં ઉભા રહીને તેની વીષ જોખમને આપણે અજાયબ થઇયે છીયે. બધી ગમથી જાણે થાંભલાઓથી બાંધી લીધેલું હોય તેમ લાંબા પણ એકદમ ભાગી ગયલાં હોય તેવા પથરોથી નકશીકામ કુદરતથીજ બનેલું છે. એ ગોફાની લંબાઇ ૨૨૭) ફીટ, પોહોળાઇ ૪૨) ફીટ, તથા ઉંચાઇ ૬૬) ફીટનીછે, તથા ઓટની વખતે તેમાં ૨૫) ફીટ પાણી રહેછે. તેની આથમણ બાજુ ઉપર થાંભલાઓ ૩૬) ફીટ અને ઉગમણ તરફનાં ૧૮) ફીટ ઉંચાછે. બીજા નાધલા ગોફા એજ ટાપુમાં ઘણાછે, અને જાણે આખું ટાપુ એ ગોફાઓનું બનાવેલું હોય તેમ લાગેછે. અહીંયાં કોઇ માણસ રેહેતું નથી, કારણ કે દરીઓ જોરમાં હોયછે ત્યારે તેની અંદર ગોફાઓમાં મોજા અથડાવાથી તોપોનાં જેવાં અવાજો થાયછે, તેથી ઘણું બીહામણું લાગેછે. એક વખતે એક માછીમારને તેનાં કુંટુંબ સુધાં એક રાત રાખ્યો હતો. પણ બીજે દીને તેણે ફરીથી રેહેવા ના પાડી હતી અને હજુ સુધી તે વેરાંન હાલતમાંછે.

એ ગોફાઓ જોઇને પાછા સ્ટીમરમાં બેસીને તેનેથી સાત મૈલ દુર આયોનાનાં (Iona Isles) ટાપુઓછે

ત્યાં ઉતરયા હતા. એ જગ્યા સ્કાટલંડમાં ઘણી પાખ્ય કેહેવાયછે, ત્યાં આસરે ૧૩૦૦) વરસ ઉપર શેંટ કોલંમબ્યા કરીને ક્રીશ્ચીયન ધરમનો શેંટ હશે તેનું રેહેઠાણ હતું, અને તે વખતે અહીંનાં અસલ મુરતીપુંજક લોકોએ તેનાં પંથવાળાઓને દેશનાં બીજા ભાગોમાં ઘણું હેરાન કીધા હતા, ત્યારે અહીંયા તે ક્રીસ્તીઓ સુખથી રહીને પોતાનાં ધરમનો ફેલાવો કરતા હતા. તેથી તે ઘણું પાખ્ય ગણાયછે અને તેને લીધેજ સ્કોટલંડનાં ૪૮), ફ્રાંન્સનો ૧), આયરલંડનાં ૪) તથા નોરવેનાં ૮) પાદશાહો અહીં દટાયલાછે. અસલનું એક ભાગી પડેલું ચેપલછે જેનો પાસે બીજું ૧) દેવળ સને ૧૨૦૦) નાં શાલનું બાંધેલું હાલ પડી ગયલી હાલતમાંછે, અને ત્યાં ઘણીએક જુની પોરો સારાં નકરી કામની પડેલીછે. એ અસલનાં વખતની નોરમન બાંધણીનું કેહેવાયછે. એ ઉપરાંત એક (Nunnery) વેરાગણનું મઠ બીસમાર હાલતમાંછે તે પણ લોકોને દેખાડેછે. તે સઘલું જોઇને પાછા ત્યાંથી સ્ટીમરમાં બેઠેલા સાંજનાં છ વાગે ઓબન ગામમાં આવ્યા હતા.

તા૦ ૧૪ મી જુલાઇ ૧૮૮૧—આજે સવારનાં ૬।। વાગે ગોન્ડોલીયર સ્ટીમરમાં બેસીને ઓબન છોડીને તેમાં લોક ભીની, લોક લોકી, લોક ઓઇબ્ય, લોક નેશ મલીને ચાર સરોવરો પસાર કીધા હતા. એ સરોવરો ઘણાં મોટા અને કોઇતો ૨૩) માઇલ લાંબાછે, તેની ઉપરનો દેખાવ પણ ઘણો સારોછે. સવારથી બપોરનાં એક વાગા સુધી વરસાદ હતો, તેથી તેની રચના બરોબર દીસી નહીં ; પણ ત્યાર પછી સુરજ નીકળવાથી દેખાવ ઘણો સારો દીસતો હતો. એ બધા સરોવરોને નેહેરોથી જોડી નાએલાછે, અને તેથી સ્ટીમરને છેક ઈનવરનેશ (Inverness) સુધી જવાને બની આવેછે. એમને કેલીડોનીઅન કેનાલશ (Caledonian Canals) કહેછે, અને તે સને ૧૮૦૩ થી તે ૧૮૪૭ સુધીમાં બંધાઇ હતી, તથા તેપર સવા કરોડ રૂપીઆ ખરચ થયો હતો. એ નેહેરો સરોવરો સુધાં ૬૦) માઇલ લાંબીછે તેમાં બે ભાગ સરોવરોનો અને એક ભાગ નેહેરોનો બણી કાહાડેલોછે. એમાં બધા મલીને પાંણી બંધ કરવા માટે ૨૮) દરવાજ્છે, જે ૧૮૦) ફીટ લાંબા, ૪૦) ફીટ પોહોળા, અને ૨૦) ફીટ ઊંડાછે. નેહેરો પસાર કરતી વખતે દરવાજા (Locks) બે ડુંગરવાલી જગ્યાપર આવેછે ત્યાંથી સ્ટીમરને પસાર થતાં અતી ઘણો વખત બોભવું પડેછે. એ દરવાજા બાંધવાનું કારણ એમછે કે ઢળાવવાલી જગોએ નેહેર હોય, તો પાંણી બે બાજુ પરથી નીકલી જઇને વચમે ખાલી રહે ; તેથી જ્યાં હેઠાણ આવેલી હોય, ત્યાં બીજી ઊંચાણવાલી જગ્યાથી પાંણી ઊંચું મલેછે, તે પસાર નહીં થાય, તેને લીધે પાંણીને અટકાવી રાખવાને બે બાજુપર દરવાજા મુકેછે ; અને એક નીચાણની બાજુપરનો દરવાજો ખુલ્લો રાખેછે કે જેમાં સ્ટીમર જેટલાં પાંણીમાં તરેછે, તેટલીજ સપાટીનું પાંણી તેમાં રહેછે. હવે એ દરવાજામાં સ્ટીમર જેવી પેઠી કે તે બંધ કરેછે, અને સ્ટીમરની સામે બીજો દરવાજો આવેછે જે બંધ હોવાથી તેની પેલી બાજુ ઉપર પાંણી ઘણું ઊંચું રોકી રાખ્યુંછે તે ઉપર જવા સારૂં તે દરવાજાની હેઠાણથી એક નાંખેલો દરવાજો રહેછે તે ઉઘાડેછે, એટલે ઊંચાણનું પાંણી, નીચાણનું પાંણી કે જેમાં સ્ટીમર ઉભેલી હોયછે તેમાં દોડી આવવાથી પાંણી પોતાનો સપાટી બરોબર થાયછે, જેથી સ્ટીમર ઊંચકાયછે, અને હવે પાંણી બેઉ બાજુપર સરખું હોવાથી સ્ટીમરને જવા સારૂ દરવાજો એકદમ ઉઘાડેછે. એજ મુજબ જો સ્ટીમર ઊંચાણવાલી જગ્યામાં હોયછે તો પાંણીનો દરવાજો

ઊંધાડયાથી પાણી નીચાંણુવાલી જગામાં દોડી જાયછે, અને પેલા સરોવરની અંદરનો પાછલો દરવાજો બંધ રાખવાથી ઉપલા ભાગવાલું પાણી તેમાં ભરાઇને સ્ટીમરને ઊંચાણમાં લાવેછે, તથા જયારે પાણી બરાબર સમાટીમાં આવ્યું કે પછી દરવાજો ઊંધાડી સ્ટીમર આગલ ચાલેછે. એ પ્રમાંણે નેહેરો પસાર કરીને જયાં છેલો દરવાજોછે ત્યાં થોડે એક દુર પાણીના ધોધ જેણે Falls of Foyers કરીને કહેછે તે જોવા ઉતરયા હતા. અહીંયાં ઉતારૂઓને જોવા જવાને બની આવે એટલો વખત સુધી સ્ટીમર થોભેછે. એ ધોધ જરા દુર હોવાથી ત્યાં જવાને ઘોડાની ગાડીઓ ઉભી રહેછે તથા પગે ચાલીને દશ મીનીટમાં જવાય એવો રસ્તો પણ કુંગરપરથા આડેલોછે. હમણાં એ ધોધ થોડા દીવસના વરસાદને લાધે ભરપુર હોવાથી ઘણો જોરમાં પડતો હતો. તેનું પાણી પહેલાં જથાબંધ ૪૦) ફીટની ઊંચાઇથી પડેછે, અને ત્યારપછી તે પડવાથી વીખરાઇને ઘણો પોહોળો થઈ ફરી બીજો ધોધ ૯૦ ફીટની ઊંચાઇથી પડેછે, જેનો દેખાવ ઘણો સારો લાગેછે તથા અવાજ પણ ઘણો મોટો થાયછે. એ Falls of Foyers ખ્રીટીશ ટાપુઓના ધોધોમાં સૌથી સરસ ગણાયછે.

એ જોઇને પાછા સ્ટીમર ઉપર બેસીને ઇનવરનેશ શોહેરમાં રાતનાં સાત વાગે પુગા હતા. રસ્તામાં નેહેરો તથા દરવાજા પસાર કરતી વખતે સ્ટીમરને એક બાજુ ઉપર પોણો કલાક લાગેછે ; કારણકે ત્યાં પાંચ છ દરવાજા હારબંધ આવેછે. એ જગ્યાને "ફ્લાઇટ આગસ્ટસ" તથા નેહેરના દરવાજાવાલી જગ્યાને "નેપચ્યુન સ્ટેર કેશ" કહેછે. ત્યાં ઉતારૂઓને ઉતારેછે કે જેથી તેઓને તેનીજ પાસે એક કાલેજ હમણાં બંધાયલીછે તે જોવા જવાને બનેછે. તે મુજબ હમો પણ તે જોવા ગયા હતા, જયાં શોટ બેનેડીકટનાં પંથનાં સાધુઓ એ કાલેજમાં છોકરાઓને શીખવેછે તેથી તેનું નામ શોટ બેનેડીકટશ કાલેજ આપેલુંછે. એ ઇમારત ઘણી મોટી અને સુખથી રેહેવાય એવી બાંધેલીછે, તેમાં ૪૦) છોકરાઓ હાલ શીખેછે તથા છોકરાઓને સુવા રમવા વગેરે બીજી ઘણી બાબતની જોગવાઈ કરી આપેલીછે. એ ઇમારત ઉપર સીતેર હજાર પોંડનો ખરચ બેહો હતો, અને તનીજ પાસે એક દેવલછે (એ સબધલું રોમન કેથોલીક પંથને લગતુંછે) તે હાલ લાકડાનું કામ ચલાઉ બાંધેલુંછે, પણ તેને મજબુત બાંધવાનુંછે. તે ઉપર બીજા સાઠ હજાર પોંડ ખરચ બેસશે. એ ખરચનો મોટો ભાગ લૉર્ડ લોવેટ અને મારકવીશ ઓફ બ્યુટે આપેલોછે તથા બાકીનો બીજો ભાગ ઉઘરાણાંથી કીધેલોછે. તેને ચાલુ રાખવાનાં ફંડ માટે એક ધણીએ વીસ હજાર પોંડ આપેલાછે, તથા બીજાઓએ પણ તેમાં સારી રકમો ભરીછે. છોકરાઓ પાસથી દર શાલ રેહેવાના, ખાવાપીવાનાં, તથા શીખવાનાં ૭૦) થી ૧૩૦) પોંડ સુધી લેછે. ઇનવરનેશ ગામ જરા મોટુંછે તથા તેમાં ૧૫૦૦૦) પંદર હજાર માણસની વસતી કહેછે, અને સ્કાટલંડ દેશના ઉત્તર બાજુપર "હાઈ લેન્ડશ" માં આવ્યાથી સારી હવા વાલું કહેવાયછે. એ શોહેર ઇનવરનેશશાયર કરી સ્કાટલંડનાં કાઉનટીમાંનાં સૌથી મોટાં કાઉનટીનું મુખ્ય શોહેર ગણાયછે. અહીંયાં થોડા મોહોલ્લાઓ સારાં અને મોટાં ઘરોથી ભરેલા તથા હોટેલો પણ ઘણુંછે. સાંજનાં હમો આસપાસના શોહેરમાં ફરી આવ્યા, જયાં બંગલાઓ ઘણી સારી રેણુકનાં છુટા છુટા બાંધેલા દીસ્યા હતા. અહીંયાંની હવા પણ ઘણી સારી કહેવાયછે.

તા૦ ૧૫ મી જુલાઈ ૧૮૮૧—આજે સવારનાં હીંયાની ડાટવાની જગ્યા જે કુંગર

ઉપર આવેલીછે ત્યાંથી ડનવરનેશ શેહેરની રચના જોવા ગયા હતા. એ જગાપરની આસપાસનો ફરતો દેખાવ ઘણો સારોછે, તથા આખું ડનવરનેશ ગામ અને નદી નેશ પણ ઘણી સારી રીતે દેખી શકાયછે. એ જોઇને ત્યાંનું દેવલ જોવા ગયા. એ દેવલ અહીંયાનાં લોકે અગીઆર વરસ થયાં ઉધરાંણું કરી બે લાખ પૈંડ ખરચીને બાંધ્યું છે. તે ઉપરાંત આરગીન જે એક હજાર પૈંડનોછે તે તથા "બેપટીસમ ફોન્ટ" (ખ્રીસ્તીઓમાં "બાપટીસમ" આપતી વેળાએ વાપરવાનું પાણી ભરી રાખવાની પથરની કુંડી) તથા બીજો સામન જુદા જુદા ધણીઓએ ભેટ આપેલોછે. એ દેવલ માફકસર મોટું અને જોવા લાયકછે. તે પછી બજાર જોવા ગયા જે મોટું નથી પણ માફકસરછે. ત્યાંથી આગગાડીનાં સ્ટેશનપર જઇને મુવારનાં મુવાદશ વાગેનો ગાડીમાં નીકલેલા "પીટલોકરી" કરીને ડયુક ઓફ એડોલની જગાછે ત્યાં કલાક ૧॥ ને અમલે ઉતરીયા હતા, અને ત્યાંની "કીલીક્રેન્કીનો ઘાટ" (Killiecrankie Pass) જોવા ગયા હતા, કે જે બે પાહાડોનો વચમાં આવેલોછે. ત્યાંથી "ગારી" (Garry) નદીનું નાળું પસાર થાયછે તથા આસપાસની રચના પણ ઘણી સારીછે. એ નાળાંની એક બાજુ છેક છેડે પથરની આણી નીકલીછે, તે બધા જોનારાઓને દેખાડેછે કે અહીંયાં આગલ સને ૧૬૮૯ માં લડાઈ થઈ તે વખતે આ પથર ઉપરથી સ્કાટલંડનો એક શોલજર કુદકો મારી નાળાંની બીજી પાર ગયો હતો, જેની પાછલ બીજા કોઇથી જવાઈ શકાયું નહીં, કારણકે એ નાળું ત્યાંથી ૧૭) ફીટ પોહોળું અને તેમાં પાંણી ઘણું ભરેલું રહેછે. એ જોઇને પાછા આગગાડીમાં સાંજનાં ૫) કલાક અને ૧૦) મીનીટે બેઠા, તે ડન્કેલ્ડ (Dunkeld) પોણું છ વાગે જઈ પુગા, અને ત્યાં રોયલ હોટલમાં ઉતારો લીધો હતો. એ ડન્કેલ્ડ આસરે ૮૦૦) માણસની વસતીવાલું સ્કાટલંડનું એક નાધલું ગામડું 'ટે' (Tay) નદીપર આવેલુંછે, અને હાઇલેન્ડમાં જવાના એક ઘાટ દાખલ ગણાયછે. એ જગ્યા પાહાડોની બીંણુમાં આવેલી હોવાથી ઘણી લીલોતરી ભરેલી તથા ફળવંત ગણાયછે; અને કેટલાકો એને ઉત્તર તરફનો બેડ્રુતનો બાગ કરીનેબી બોલાવેછે. એ ગામડું ડયુક ઓફ એડોલના હસતકમાંછે. હમો તરતજ ત્યાંનાં ડયુક ઓફ એડોલનો પાર્ક જોવા ગયા હતા. એ પાર્ક જોવા જવા માટે જો એકજ ધણી હોય તો તેને ૨॥ શીલીંગ તથા ધણાં જણાં હોય તો માણસ દીઠ ૧) શીલીંગ ફી આપવી પડેછે. એ પાર્ક ઘણોજ મોટોછે અને તેની આસપાસની જગા એ ધણીનોછે. આસલ એ મીલકતમાં ઘણાં ઝાડો હતાં નહીં, પણ સીતેર વરસ ઉપર એક ડયુકે તેમાં લાર્ચનાં ઝાડો રોપ્યાથી હમણાં તેની આવક અતી-ઘણી વધી ગયછે. હાલમાં એ ઝાડો વધીને પોણાં ત્રણ કરોડ થયાંછે. આસલ સને ૧૭૩૭ માં બીજ ઝાડ પેહેલાં ઇટલીથી લાવીને રોપ્યા હતાં, જે આસલ પણ હજુ મલાંમતછે અને તે ઘણાં મોટાં થયાંછે; તેની ઊંચાઈ ૯૦) ફીટ તથા જમીનની ઉપર ૩) ફીટ ઊંચાઇથી તેનાં પેંડનો ઘેરાવો ૧૦) ફીટલોંછ. એ ઉપરાંત બીજી ઘણી જાતનાં ઝાડોબી ઉગાડેલાંછે. અહીં એક વખતે આપણી નામદાર મહારાંણી મુલાકાતે ગયાં હતાં, તેણના હાથે એક ફરનું ઝાડ રોપેલું તે બધાંઓને દેખાડેછે. અહીંયાં આસલ એક દેવલ સને ૧૩૧૮ માં બાંધવા માંડેલું તે સને ૧૪૦૦ માં તૈયાર થયું હતું. તેને રીફોરમેશનના વખતમાં (આસરે ૩૦૦ વરસ થયાં) ભાંગી નાંખ્યું હતું, જેનાં બાંધેલાં બંદેર હજુ સુધી સારી હાલતમાં પડેલાંછે, અને તેને બદલે બીજું એક

દેવલ તેનીજ પાસે હમણાં બાંધેલું છે, જેમાં એનાં માલેક ડયુકશ ઓફ એડોલ ને ડાટવાનો Vault છે. એ પ્લેટપર હમણાંનાં ડયુકની મા રહેછે, અને તેણી પોતે જીવશે ત્યાં સુધી એની ઉપજ આશે. ત્યાર પછી એનાં છોકરાને મલશે. એ ડયુકની અહીંયાની જગા નજદીક સીતેર મૈલ ઘેરાવાની તથા ચાર લાખ પૌંડની ઉપજ વાલી કહેછે. ડન્કેલ્ડમાં હૉટલો જે ત્રણછે તે ઘણાં સારાંછે, અને જે મોટા મોહોલો છે તેમાં માફકસરની સારી ઇમારતોછે. એનો પેહેલો દેખાવ મોટું ગામડું હોય તેમ દેખાયછે, પણ તે એકજ મોહોલો પસાર કીધો કે પછી કાંઈ ઇમારતો દીસતી નથી. અતરેથી સ્કાટલંડ મધેનો હાઇલેન્ડની જગ્યા શરૂ થાયછે, તે ઘણી ખરા ડુંગરો તથા પાહાડોનીછે અને તે ઉપર ઘણાં ઝાડ કે ખેતીવાડી થતી નથી; પણ હીધર જાતનો પાલો અતીઘણો થાયછે. એ પાલાનાં મુળીયાંને જમીનમાંથી આસરે છ ચોરસ ઇંચ ઓદી ત્યાંથી કાપીને સુકવી કોલસાને બદલે બાલવાનાં કામમાં લેછે, અને હાઇલેન્ડનાં ઘણાં ખરાં ગરીબ લોકોને એ કારણસર તે ઘણી ઉપયોગી થઈ પડેલોછે. એને 'પીટ' કરી કહેછે.

તા૦ ૧૬ મી જુલાઈ ૧૮૮૧—હમોએ ડન્કેલ્ડ આજે સવારનાં છોડયા આગમજ ત્યાંથી ત્રણ માઇલ દુર "હરમીટેજ" નામનું એક નાધલું એકજ ઓરદાનું ઘેરછે તે જોવા ગયા હતા. એ ઘેરમાં હાલ કાંઈ જોવા લાયક નથી; પણ આગલ તેને અંદરથી બંધે મોહોડું જોવાનો આરશીઓથી મઢી લીધેલો હતો, અને આપણી મહારાણી જ્યારે અને ૧૮૪૨ માં અહીં આવ્યાં ત્યારે ઘણો શણગારેલો હતો. એની એક બાજુ પાણીનો મોટો ધોધ પડેછે તે બાજુપરની બારીને અસલ પડદો કીધેલો હતો, તે કોઈ જોવા જાય તેને ત્યાંનો રખેવાલ તે બારી આગલ લઈ જઈ ને એકાએક પડદો ઉઘાડતો જેથી પેલા ધોધની નજદીક એકદમ આવ્યાથી દર લાગતો હતો. પણ તેનાં ધણી ડયુક ઓફ એડોલે પોતાની જગ્યાપરના પુલારનો ઘેરો વધારવાથી કોઈ હસદઆરે એ ઘેરને દારૂગોળાથી ઉડાડી મુકવું હતું. ત્યારપછી તેને અસલની હાલતમાં પાછું બાંધ્યું નથી. એ જગાએથી પાણીનો ધોધ પડતો દીસેછે તે "બ્રેમાન" નદીનો હોવાથી તેને (Falls of Braan) કરી બોલએછે, જે ઉપરથી નીચે આવતાં વચમાં એક મોટા પથરો આવ્યાથી તે પાણી ત્રણ ભાગમાં વીખરાઇને પડવાથી તેનો અવાજ મોટો થાયછે. ત્યાંથી નીકલેલા "રમબલીંગ બ્રોડજ" કરીનેછે ત્યાં ગયાં હતાં. એ જગ્યાની આસપાસ મોહોટું જંગલ આવેલુંછે, અને તે પુલની હેઠાણમાં સામેની બાજુએથી પાણીનો બીજો મોહોટો ધોધ પડેછે, તેથી તથા આસપાસ બધે લીલોતરી તથા પાહાડો આવ્યાથી તેનો દેખાવ ઘણોજ સુંદર લાગેછે. એ જોયા પછી કલાક દશ અને દશ મીનીટે આગગાડીમાં બેઠા અને "પર્થ" (Perth) શેહેરમાં બપોરનાં પુગા હતા. એ શેહેર આસરે તીસ હજાર માણસોની વસતીવાલું સ્કાટલંડમાં "ટે" (Tay) નદીપર આવેલુંછે, અને અહીંયાં ૩, મજલીન તથા રેસમનાં કપડાં વણવાનાં તથા બીજા કારખાંનાંછે, તેમાંનું એક પુલરનું રંગવાનું કારખાંનું જોવા ગયા, હતા. એ કારખાંનામાં લોકોનાં પેહેરેલાં કપડાંઓ, જેનો રંગ ઉડી ગયો હોય તથા વાપરવામાં ડાઘ પડેલા તથા મેલાં થયાં હોય, તેને રંગથી તથા દવાથી પાછાં ધોઇને નવા જેવાંજ બનાવેછે. એ મુજબ ધોવા સારૂં દુનીઆંનાં ઘણાં દેશાવરોમાંથી લોકોનાં પોશાક, કપડાં, કે ચોના કવરો, ગલીચા, હાથનાં મોજાં અને કપડાંનાં તથા કીડનાં ઝુટા વગેરે મોકલેછે

જેને તેને જોઇતી રસાયન (Chemical) મેળવણીમાં ધોઇને પછી ઇસ્ત્રી કરીને એવાં તો સરસ બનાવેછે કે જાણે તદન નવાજ કપડાં હોય. કાચા રંગની છીટો તથા બીજું કપડું મેલું થયલું હોય તેને વગર રંગ જાવે નવાં જેવું કરી આપેછે, અને જેનો રંગ ઉડી ગયો હોય તેને અસલનાં જેવોજ પાછો કરી આપેછે. જો ઉનનાં કપડાં હોયછે તો તેને ઘણું ગરમ પાણીમાં અને સુતરાઉ હોયછે તો ઠુકાં પાણીમાં, અને રેશમી હોયછે તો થંડાં પાણીમાં તેમાં બીજી દવાઇ નાંખીને ધોયછે. તેમાં જો ઉન અને સુતરનું બનાવેલું કપડું હોયછે તો તેને પેહેલે એક મેળવણીમાં નાખ્યાથી ઉનવાલોજ ભાગ સાફ થાયછે, તથા બીજી મેળવણીમાં નાંખ્યાથી સુતરવાલોજ ભાગ સાફ થાયછે, અને જો કપડાં ઉપર ઘણાં ડાઘ પડેલા હોયછે તો તેને(Spirit of Petroliun)--આપણે અમેરીકાનું ગ્યાસનું તેલ જે બાલીએછે, તેની (Spirit)માં નાંખીને જોઇતી વરાળ આપીને એક બાસણમાં સુંચાથી તેને ખુબ ફેરવી તેનાં ડાઘો કાહાડી નાંખેછે અને પછી ધોયછે. હવે એ કપડાં જે ધોવાથી કરચલી વલી ગયાં હોય, તેને એક સુંચામાં ઐંચીને સરખાં કરવા ઉપરાંત બીજા સુંચામાં તેને બ્રશ મારેછે અને ઇસ્ત્રી કરવા આગમજ માણુસોનાં દીલનાં આકારના પુકનાં તકયા ઓ ઉપર ચહડાવી તેની બધી કરચલી કાહાડી નાંખેછે, અને સ્ટીમ તેની ઉપરથી પસાર કરી છેક છેલે તેને મોહરો કરી સુંચામાં ઝલેહ થવા નાંખેછે. એ કારખાનું ઘણું મોહોટું છે, અને તેમાં દરરોજ ૧૫૦૦ માણુસો કામ કરેછે તથા દર વરસે ૧૨,૦૦૦ બાર હજાર ટનુ કોલસો બપેછે, તથા પોતાનાં સુંચા પોતેજ બનાવવા સારૂં એક જુદું કારખાનુ રાખેલુંછે. તે ઉપરાંત કપડાં હજારો ધણીનાં આવેછે તે દરેકને ઓલખી છુટાં પાડવા સારૂં હીશાબ રાખવાને ૫૦) માણુસો લાગેછે. દેશેદેશ એ ધણીએ પોતાના આડતીઆ રાખેલાછે, તેમાં મોટા દેશમાં તો ૩૦ થી ૫૦ આડતીઆની દુકાનોછે. એ મુજબ બધે પેહોંચાડો રાખી કપડાં મંગાવી અહીંથી સાફ કરી છુટાં પાડી આડતીઆઓ ઉપર પાછાં મોકલાવ્યાથી માલ ધણીઓને ઘેર બેઠા તે મળેછે.

એ જોઇને પાછા આગગાડીમાં બેસીને નીકલેલા "બર્નટ આયલંડ" (Burnt Island) કરીને જગાછે ત્યાં ઉતરીને સ્ટીમરમાં બેઠા અને અરધા કલાકમાં ફર્થ ઓફ ફોર્થ (Firth of Forth) પસાર કરીને ગ્રેન્ટન (Granton)માં ઉતરીઆ હતા. એ જગ્યામાં 'ફોર્થ' નદી (North Sea or German Ocean) નોરથ સી અથવા જરમન માહસાગરમાં પડેછે તે આસરે ૮) માઇલ પોહોળીછે. ગ્રેન્ટનથી પાછા આગગાડીમાં બેસીને ૦ા કલાકમાં એડીન્બરો જે સ્કાટલંડનું મુખ્ય શેહેરછે ત્યાં આસરે સાડા પાચ વાગે પુગા, અને પ્રીન્સ સ્ટ્રીટમાંનાં 'પેલેશ હોટલમાં ઉતારો લીધો હતો. થોડાવારમાં પાછા ફરવા નીકલ્યા તે લીટરેરી શોશાયટીનાં મકાનમાં પુલોનું એકઝીબીશન જોવા ગયા, જ્યાં પુલનો થોડોએક સંગ્રહ કીધેલો હતો. એ જગાપર આંધળાં માણુસોનુ વાજું વાગતું હતું, જેમાં બધા જણાં બેહુ આંખે અપંગ હતા, અને પોતાનાં ધ્યાનમાં રાગ રાખેલા તે ઉપરથી વજાડતા હતા. એડીન્બરોમાં આંધળાઓ સારૂં આશરાલય (Asylum)છે, ત્યાં એ બીચારાઓને ધંધો શીખવવાથી તેઓ પોતાનું ગુજરાંન કરેછે. તે જોઇને પછી એડીન્બરો શેહેર જોવા નીકલ્યા, તે પેહેલાં "આરથરશ શીટ"(Arthur's Seat) નામના ડુંગરપર "કુવીનશ રાઇડ" કરીને ફરવાની જગ્યાપર ગયા હતા,

જ્યાંથી આસપાસનો દેખાવ ઘણો સુંદર લાગેછે. એ રસ્તાનું નાંમ રાણીને ફરવાની જગ્યા આપ્યુંછે, તે ઘણુંજ બરાબરછે. એક ગમ નાંધળી ટેકરીઓ અને તેની વચમાં નજર કરીએ ત્યાંસુધી રોપેલાં ઐતરો તથા બીજાં નાધળાં ગામડાંઓ દીસતાં હતાં. ગામનું લોક આસપાસની ટેકડીઓ ઉપર ચડ ઉતર કરતું તથા કોઈ પાણીનાં તલાવમાં રમકડાંનાં વાહાણો તરાવતાં તથા બીજી ગમતો કરતાં, તેથી દેખાવ મનપસંદ લાગતો હતો. ત્યાંથી નીકળેલા East end તરફ ગયા, જ્યાંનાં ઘરો હારબંધ એક સરખાં અને મોહોટા રસ્તા તથા હવેલીઓથી તે એટલું તો ભપકાબરેલું લાગતું હતું કે લંડનથી ઉતરતું એજ શેહેર હમોએ અત્યારસુધી જોયુંછે, અને બાકીનાં બીજાં શેહેરો જો કે એથી વધારે વસ્તીવાલાંછે તોપણ એની ગોઠવણ તથા હવેલીઓ તથા રસ્તાઓની બરોબરી કરી શકતાં નથી. એ શેહેરને હમણાનાં વખતનું એડેન્સ કરી લોકોએ નામ આપેલુંછે, તેનાં કારણમાં કહેછે કે આગલનાં એડન્સ શેહેરની ઇમારતોને મલતી અતરેની હવેલીઓ બાંધેલીછે. એ શેહેરનાં એક બે મોહોલાઓ, તેમાં મુખ્ય કરીને જ્યાં હમો ઉતરયા હતા તે પ્રીન્સ સ્ટ્રીટ ઘણો સરસ ગણાયછે, અને તેની એક બાજુએ હારબંધ ઇમારતોછે. એ મોહોલો ટેકડીપર આવેલોછે, અને તેની સામેની બાજુએ બીજી ટેકડી આવેલીછે, તેની વચમાંની બીનમાં એક બાગ બનાવેલોછે, તથા ટેકડી ઉપરનાં ઘરો ચડ ઉતર બાંધવાથી તેનો દેખાવ નવાઈ જેવો લાગેછે. એક મોટી ઇમારત જે ગરીબ છોકરાઓને શીખવવા સારૂં કોઈ ગ્રહસ્થે આપેલીછે તે ઘણી સરસ તથા જાણે એક મોહોટા મહેલ હોય તેવી બાંધેલીછે. એ પ્રમાણે બીજી ઘણી હવેલીઓ સારી અને રોનકદાર જોવામાં આવેછે. એડીનબરોની વસતી ૨,૨૮,૦૦૦) બે લાખ અઠાવીશ હજારની કેહેવાયછે. અને એ શેહેર સ્કાટલાંડ દેશનું પાયતખ્ત ગણાયછે તથા બે ભાગમાં વેંહેંચાયલુંછે, જે જુનુ અને નવું શેહેર દાખલ બોલખાયછે. જુનાં શેહેરમાંની અગલની ઘણી ઇમારતો હજુ સલામત અને મોહોલાઓ સાંકડા છે, પણ નવાં શેહેરમાંની ઇમારતો ઘણીજ સરસ અને રસ્તા ઘણા પોહોળાછે. એ બેહુ શેહેરો જે ડુંગરોપર આવેલાંછે, તેની વચમાં પ્રીનસ સ્ટ્રીટનો બાગ બીડમાં બનાવી તેઓને છુટા પાડેલાછે. એ શેહેર ૨) થી ૩॥ માઇલ જગા રોકેછે.

તા૦ ૧૭મી જુલાઈ ૧૮૮૧—આજે સવારનાં એડીનબરોથી આસરે સાત માઇલ દુર "રોશલીન ચેપલ" કરી દેવલછે તે જોવા ગયા હતા. એ દેવલ આસરે ૪૫૦) વરસ થયાં બાંધેલુંછે. તેની અંદર થાંભલા, દીવાલો, તથા સીલીંગ વગેરે પથરની નકશીનાં છે, અને તે નકશીની તારીફ એવીછે કે એક બાજુ ઉપરની નકશી પાછી બીજી બાજુપર કોચી નથી, અને તે સઘલું જો કે આટલાં બધાં વરસ થયાં તોપણ ઘણી સારી રીતે જાલવી રાખેલુંછે, અને એ દેવલ નકશીની બાબદમાં બીજાં બધાં દેવલો કરતાં ઘણું સરસ ગણાયછે. વળી કોઇ તો એટલે સુધી કેહેછેકે આખી દુનીઆમાં એની બરોબરનું દેવલ નકશી કામમાં કોઇ નથી. ઇયા કદાચજ હોય, પણ ખરૂં કારણ એ કે તેનો દેખાવ એ નકશીઓથી કાંઇ તદન જુદી તરાંહનો લાગેછે. એ દેવલ કાંઇ મોટું નથી. એનાં થાંભલાઓ જે દરેક જુદી જુદી નકશીના છે, તેમાંનો એક થાંભલો જે ઘણો નકશીદારછે તે જોનાર ઘણીને એપ્રેન્ટીશ પીલરને નામે બોલખાવેછે. તેની ઉપર જાણે ફુલનો હાર બાંધી લીધેલો હોય

તેવી નકશી પાડેલીછે. એ થાંભલા વીશે કહેછે કે દેવલ બાંધતી વખતે કોઇ ઘણો હુશીઆર કારીગર જે બીજા છોકરાઓને પથરનુ નકશી કામ શીખવતો હતો, અને એ દેવલસારૂં થોડાએક થાંભલા બનાવ્યા પછી પોતે બીજી તરાહ શીખવા સારૂં ઇટલી જે તે કાળમાં આવા હુનરમાં પ્રવીણ ગણાતું ત્યાં ગયો, તેટલાં તેનો એક શાગીરદ જે ઘણોજ ચંચલ હશે તેણે એ થાંભલો પોતે બનાવ્યો, અને જ્યારે પેલો ઉસ્તાદ ઇતલીથી પાછો ફરયો ત્યારે તેને એ થાંભલો પોતાથી કદીબી બની શકે નહીં તેવો સરસ લાગો જેથી તે છોકરાની અદેખાઈ કરી ગુસ્સામાં આવી તેને મારી નાંખ્યો હતો. એ દેવલ હમણાંનાં અરલ ઓફ રોશલીનનાં આગલા વડાવા શર વીલીયમ સેંટ કલેરે બાંધ્યું હતું. એ જોઇને એડીનબરાનાં થોડા ભાગમાં ફરીને વરસાદ ઘણો પડવાથી હમોને પાછા જલદી હોતલમાં આવવું પડયું હતું.

તા૦ ૧૮મી જુલાઈ ૧૮૮૧—આજે સવારનાં બી બશતરેટન ઓઇલ કમપની, (The Straiton Oil Company, Limited Loan head near Edinburgh) નું પેરીફીન ઓઇલ તથા મીણ બનાવવાની જગ્યા જોવા ગયા હતા. અહીંયાં કોલસાની ખાંણ માફક જમીન ઊંડી ખણીને તેની અંદરથી શેલ (Shale) કરીને એક જાતની ધાતુ પથર તથા કોલસાને મલતી કાઢાડેછે. તે ખાંણમાં હમો હોઇસ્ટ લીફટથી અંદર ગયા હતા. તે આસરે ૫૧૬) ફીટ ઊંડીછે. તેમાં અંધારૂં હોવાથી હમારા દરેકનાં હાથમાં બતીઓ આપી હતી, તેથી કરીને એક લાંમખી ગેલેરી, જે આસરે ૮૦૦) ફીટછે તેમાં જઇને પેહેલાં ચુનો બનાવવાની પથરની ખાંણ જોઇ, અને તેનેથી જરા ઉપર એ શેલ (Shale)ની ખાંણ હતી. અહીંયાં તે ઘણી ઊંચી ખણેલી નહીં હોવાથી વાકું વલીને ચાલવું પડયું હતું. એ શેલનાં પથરનું પડ સાત ફીટ ઊંડુંછે, ઉપર હોઇ તથા આજુબાજુ જ્યાં જોઇએ ત્યાં એજ જાતનો પથર દીસતો હતો, તેને ખણીને અંદર ઘોડાની તરામમાં નાંખી જ્યાંથી બાહાર કાહાડવાનો કુવોછે ત્યાં લાવીને લીફટ (Lift)થી બાહાર કાહાડેછે. એ મુજબ દરરોજ ૧૦૦) ટણ એ શેલનો પથર કાહાડેછે, તે ઉપર દર ટણે ૨૭) પેની ખરચ આવેછે. એ પથરને કાહાડયા પછી તેને ભાંજીને નાંધલા કટકા કરી ભઠ્ઠીમાં નાંખેછે, જ્યાં ઓગલીને એની વાસ થાયછે, તેને નલીઓમાંથી સ્ટીમનાં વાસણોમાં લઇ જઇ તેનું પાણી બનાવેછે, પછી તેને સાફ ચોખ્ખી કરવા સારૂં જંતરમાં ગાલેછે. જે અરક પેહેલાં નીકલેછે તેને "નાપથા ઑઇલ" અને પછીનું જે નીકલેછે તેને "લુબ્રીકેટીંગ ઑઇલ" કેહેછે, અને તેની પછીનુ જે નીકલેછે તેને પેહલા દરજ્જાનું લુબ્રીકેટીંગ ઑઇલ અને સૌથી છેલો થરો રહેછે તેને "પેરીફીન ઑઇલ" કહેછે. પેહેલું "નાપઠા" જે નીકલેછે તે રંગમાં ભેલવા તથા ઇંડીયા-રબર બનાવવાનાં તથા બીજી રીતે ટરપેન્ટાઇનનાં તેલની માફક કામ આવેછે. લુબ્રીકેટીંગ ઓઇલ મુંચાઓને સાફ તથા ચાલુ રાખવાનાં કામમાં બીજી વનસ્પતીનાં તેલ સાથે ભેળીને વાપરેછે, અને પેરીફીન ઑઇલને એક ઠીજાવવાનાં (Freezing) મુંચામાં ઘટ કીધાથી તે મીણ જેવી વસતું થાયછે. એ મુંચામાં શીલીનડર (Cylinder) છે તેમાંથી પવન બાલી કરી નાંખેછે, અને તેની અંદર જરા ઇથર નાંખી શીલીનડરને ગોળ ફેરવ્યાથી ઇથર અંદર પંથરાઇ જઇને તેને ઘણુંજ થંડુ કરેછે. હવે શીલીનડર પેલા પેરીફીન ઑઇલનાં વાસણમાં ફરીને

તે તેલને ઊંચકી લેછે કે તરત તેની ઉપર બંધાઇને તેનાં પોપડા થવા માંડેછે, જેને એક છરીથી કાહાડી એાખવી લઇ પાછા શીલીંડરપર ફરીને કાંણુ મીણ બનાવેછે. એ મીણની પેરીફીન કેન્ડલશ (મીણબતી) બનેછે; બાકીનો જે કચરો રહેછે તેનું "એમોનીઆ" બનાવીને બાતર દાખલ ઘણી સારી કીમતે વેચેછે. શેલ (Shale)માંની બ્યાશ જે તેલ થતાં બાકી વધેછે તે બાસને રદ થવા દેતા નથી, પણ બાઇલરમાં પાછી બીજી નલીમાંથી લઇ જઇને બલતણ દાખલ બાલેછે. જો ૩૦૦) ટણ પેલો પથરો કાહાડેછે, તો તેમાંથી ૧૦૦) બ્યાલન એ બધી જાતનું તેલ તથા મીણ નીકલેછે; તેમાંથી નાપ-ઠાનું તેલ દર ટણે પૈાંડ ૨૦) લેએ તથા પેરીફીનનું મીણ તથા પેહેલાં નંબરનું લુબ્રીકેટીંગ ઑઇલ દર ટણે પૈાંડ ૪૦) લેએ તથા બીજા નંબરનું પૈાંડ ૩૦) લેએ વેચેછે. એ પેરીફીનનું મીણ જે ઠીનબ્યાથી બનેછે તે પેહેલાં કાલા રંગનુ થાયછે તેને સાફ કરવા સારૂં બાળેલાં હાડકાંનો કોલસો નાંખીને પાછું કચરીને પાણી જેવું તેલ કાહાડેછે, પછી તેને Mould (મોલડોમાં) નાંખીને લાદીનાં કટકા જેવું સફેદ મીણ બનાવેછે.

એ જોઇને પછી પ્રીન્સ ઑલબર્તનું મોન્યુમેંટ જોવા ગયા હતા. એ શારલટ સ્કુવેરમાં આવેલુંછે, અને તે ઉપર ૧૬૦૦૦) સોળ હજાર પૈાંડ ખરચ બેાડાછે. એના થાંભલાની ચારે બાજુ ઉપર એની જીંદગીને લગતી બીગતો કોતરી કાહાડીછે, તેમાં એનાં લગનની ક્રીયા, એનાં કુટુંબ સાથની સખી, ગ્રેટ એકઝીબીશન ઉઘાડવાની ક્રીયા, તથા જે જે નીશાળોનાં છોકરાંઓને એણે ઇનામો વેહેંચ્યા હશે, તે બીગરે બાબદો કોતરેલીછે, અને તેનાં ચાર ખુણાંઓપર "નોબીલીટી" દાખલ એક ઉમરાવ તથા ઉમરાવજાદી તથા બીજાં ખુણાંપર હુનર અને બીદ્યા, ત્રીજે ખુણે મેહેનત (ખેતીવાડીનાં હથીયારો સાથે માણસો ઉભેલાં), ચોથે ખુણે રાજ ચાકરી (Service) દાખલ શેલરો તથા શેાલજરો પાડેલાછે. એ સઘલાંની ઉપર પ્રીન્સ આલબરટનું પુતળું ઉભુ રાખેલુંછે. તે સઘળું પંચરસ ધાતુ (Bronze Metal)નું બનાવેલુંછે. તે જોઇને Royal Botanical Gardens જોવા ગયા હતા. જ્યાં ઘણાં ઝાડોનો સંગ્રહ કીધેલોછે. તેમાં ઘણી નવાઇનાં ઝાડોમાં ટેલેગ્રાફ પલાંનટ (Telegraph Plant,) તથા (Desmodium Gyrans) કરીને એક નાધણું ઝાડછે, જેનાં જીણાં નવાં પાતરાંઓ પોતાની મેળે ઉપર હેઠે હીબ્યા કરેછે; તથા ફલાઇ ટરેપ (Fly traps) કરીનેછે, જેનાં પાદડાં બે ભાગમાં હોયછે, અને જેવી એક માખી તેની અંદર મીઠાશને લીધે બેઠી કે તરત બંધ થઇને પછી બાસને બાસતે તેને બાજુમાંથી દાખીને મારી નાંખેછે અને તેનો રસ બોરાક દાખલ ચુસેછે. એક માખીને તે બે માસ સુધી અંદર રાખીને રસ ચુસીને પછી તેનો છુંછો બાહાર નાંખી દેછે. એ મુજબની એક માખ હમોએ પકડાયલી જોઇ, જે પાદડાંને ઉંધાડીને જોતાં તેમાં તરતનીજ મરણ પાંમેલી હતી. એ ઉપરાંત (Wax Palm) કે જેનાં પાદડાંને ગરમ પાણીમાં નાખીએ તો તેની ઉપરથી મીણ જેવી વસતુ તરી આવેછે અને તેનું મીણ બનાવેછે, તથા પાણીની અંદર એક જાતનું ઝાડ ઉગેછે, જેનાં પાદડાં જાણે જાલીનાં બનાવેલાં હોય તેમ સુકેલાં પાદડાં વગર બાસનાં આવેછે, તે ઉપરાંત (Cow tree) નામનુ એક ઝાડ હમણાંજ મરી ગયલું હતું, જે અમેરીકામાં ઉગેછે, અને તેમાં જો બીલો ભોંકે તો દુધ નીકળેછે. તે દુધ ગાયનાં દુધનાં જેવો ગુણ

ધરાવેછે. એક બાજુપર ફોશીલ ત્રી (Fossil tree) (ઘણાં વરસ ઉપર ડટાઈ ગયલાં ઝાડો) મુકેલાં હતાં, તેનો દેખાવ જાણે પથર હોય તેવોજ હતો, અને જો તેને આપણને વગર ઓલખાવ્યે જોઇયે તો પથર સમજીને ઠગાયા વગર રહીયે નહીં.

એ સઘળું જોઇને એડીનબરોનો કીલ્લો જોવા ગયા હતા. તે એક ટેકડી ઉપર બાંધેલોછે, અને અગલનાં સ્કાટલાંડનાં પાદશાહોનાં વખતમાં (State prison)પાદશાહી કેદખાના દાખલ કામે આવતો હતો. છેલવેલ્લો તે સને૧૭૯૪માં એ કામમાં આવ્યો હતો ત્યાર પછી હમણાં ત્યાં બરાબો કરીને સીપાહીઓને રાખેલાછે તથા અગલનાં સ્કાટલંડનાં રાજનું ઝવેરાત હજુ ત્યાં મુકેલું દેખાડેછે, તેમાં એક તાજ, હીરા અને મોતી જડેલું તથા રાજ છડીઓ (Mace) એગ તથા (Order of the Gorter) ગારટરના ખીતાબનાં ચાંદ તથા બીજીએક વીટીઓછે. એ કીલામાં એક દેવલછે, તે અહીંયાં સૌથી જુનુંછે, જેને સને ૧૦૯૩ નાં સાલમાં રાણી માગેરેટ બંધાવ્યું હતું. હાંયાં એક મોટી તોપછે, જેને મોનશ મેગ (Mon's Meg) કરીને કહેછે, જે સને ૧૪૭૬ નાં શાલમાં બેલજીયમ દેશનાં મોનશ ગામમાં બનાવી હતી; તેને સને ૧૬૮૨ નાં શાલમાં ફોડતાં ફાટી ગયાથી રદ પડેલી કીલા જોવા જનારાઓને દેખાડેછે. એને લોખંડનાં સલીઆઓના પટાથી જડી લઇને બનાવેલીછે. તે જોઇને અગલનું પાર્લામેંટ હાઉસ જોવા ગયા હતા. એ જગ્યા મોટીછે ને અંદરથી દીવાનખાંનું સારૂં સણગારેલુંછે; તેની શીલીંગ જે લાકડાંની નકશીની બનાવેલીછે તે ઘણી જોવા લાયકછે. હીંયાં હાલમાં દરબાર ભરેછે તથા બે કીતાબખાંનાં રાખેલાંછે. તેમાંની એકમાં બે લાખ એંસી હજાર પુસ્તકો તથા બીજી જે વકીલો સારૂંછે, તેમાં સાઠ હજાર પુસ્તકોછે. એ ઈમારત સને ૧૬૪૦ નાં શાલમાં બાંધી હતી અને તેમાં છેલી પાર્લામેંટ સને ૧૭૦૭ માં બેઠી હતી, જે વખતે ઈંગ્લાંડ સાથે જોડી નાખવાની મરતો ઉપર શહી કરીને એ છેલી પાર્લામેંટ બરખાસ્ત કીધી હતી. એ ઈમારત બાંધતી વખતે ૧૧,૬૦૦) પૌંડ ખરચ લાગેા હતો.

ત્યાંથી નીકલેલા એડીનબરોનાં સૌથી જુનાં શેહેરનો વખણાયલો મોહોલો હાઈ ઇશતરીટ (High Street) જોવા ગયા હતા. એ મોહોલામાં અગલનો સ્વતંત્ર પાદશાહીનાં વખતમાં મોટા મોટા ઉમરાવો રેહેતા હતા તે ઘરો હજુ સલામતછે, અને જો કે હમણાં તે સારી રોનકનાં દીસતાં નથી તોપણ તે વખતે ચારથી પાંચ માળનાં હોવાથી ઘણાં નવાઈનાં લાગતાં હતાં. એ ઘરોનાં બારણાં ઉપર હજુર અગલનાં ઉમરાવોનાં ખાનદાનની નીશાનો (Coat of Arms) પાડેલાછે. એ ઘરોમાં હાલ ઘણાં ગરીબ માણસો રેહેછે. એજ મોહોલામાં અહીંયાંનો વખણાયલો સુધારક જોન નોકશનું એક ઘણુંજ નાંધલું ઘરછે, તે ઉપર લોકોને જોવા સારૂં પાટયું મારેલુંછે. એ મોહોલાને છેડેથી હોલી રૂડ (Holy Rood) નો મહેલ આવેલોછે, તે જોવા ગયા હતા. એ મહેલ અગલનાં પાદશાહો વાપરતા હતા. તે ચોખુણ બાંધેલોછે, તેનાં ડાખી બાજુનાં ઓરડાઓ હજુ લોકોને દેખાડવા સારૂં ખુલા રાખેલાછે. એ ઓરડા અસલ રાણી મેરી (સ્કાટલંડનો છોડા તથા ઈંગ્લાંડનો પેહેલા જેમસની મા) ના તથા જે ઓરડામાં તેણીનો યાર રીજીઓને મારી નાંખ્યો હતો તે તથા તેણીનો પલંગ, બારસી, ખુરસી તથા બીજો સામન હજુ રાખેલોછે. એ મહેલ જોકે ત્રણસો વરસનો જુનોછે, તોપણ ઘણી સારી હમણાંની બાંધણીનાં જેવો બાંધેલોછે ને હજુ પણ જયારે ઈંગ્લાંડનાં પાદશાહો તથા

રાણીઓ એડીનબરો આવેછે, ત્યારે વાપરેછે. આપણા મહારાણી હમણાં વૉલન્ટીઅરોની કવાયદ જોવા આવનારછે તેવાસુને ઉતરવા સારૂં અહીંયા તૈયારી થતી હતી. એ મેહેલને લગતું એક દેવલ સને ૧૧૨૮નાં શાલમાં મારગરેટ રાણીએ બાંધેલું છે, તેનાં વાલ્ટ (Voult)માં સ્કાટલંડનાં સઘળા બાદશાહોને દાટેલાછે તે ઉપરાંત બીજા ઘણા ઉમરાવો ત્યાં દટાયલાછે અને હજુ પણ તેઓની મુકરર જગાઓમાં દટાયછે. એ દેવલમાં સને ૧૬૮૬માં કેથલીક ધરમને લગતી ક્રીયા બાતમાં જેમણે કરવાથી અહીનાં લોક જે પ્રેશબીટેરીઅનછે તેઓએ લુટીને ભાંજી નાંખ્યું હતું તે હજુ તેવીજ હાલતમાં પડેલું છે. એ મેહેલમાં થોડાંએક અસલનાં ચીત્રો જોવા લાએક મુકેલાંછે.

અહીંથી નીકલેલા "કાલટન હીલ" કરીને એક ટેકડીછે ત્યાં ગયા. એ જગ્યા પર વેાટરલુની લડાઇમાં માર્યા ગયલાઓની યાદગારી રાખવા સારૂં નેશનલ મોન્યુમેંટ (કીરતી સ્તંભ) બાંધવાને શરૂ કીધું હતું, જેનો પાયો તથા સ્તંભો ઉભા કરવાપરજ તેર હજાર પાનશો પૌંડની રકમ, જે ફંડથી ભરાઇ હતી, તે બધી ખરચાઇ જવાથી હજુ સુધી જેમનું તેમ પડી રયું છે. એ સ્તંભ એથન્શનાં પારેડનન (Parthenon) નાં જેવા બાંધવાના હતા, પણ ફંડ મલે નહી તેથી અધુરા પડેલાછે, તેથી તેને સ્કોચમેનની ગરીબાઈ અને અંગ્રેજની ગરૂરી (Scotchmrn's Poverty and Englishman's Pride) કરીને નામ આપેલું છે; તેનું કારણ કે સ્કાટલંડના લોકોએ બાંધવાનું માથે લઇને પછી તેનું ફંડ પુરૂ કીધું નહી તેથી તેઓની ગરીબાઇ દીસી આવી, પણ અંગ્રેજોએ પોતાનાં દેશમાં એથી બાબદા માથે લીધી તે પાર પાડી તેથી તેઓ મગરૂર હતા. એ ઉપરાંત એ જગ્યા ઉપર તારા જોવાની વેધશાળા (Observatory) છે, જ્યાં ગ્રીનીચથી તારની મારફતે બપોરનાં કલાક એકનો વખત જણાવાથી બીજલીએ કરીનેજ એડીનબરોનાં કીલાપરની તોપ ફુટેછે. એજ ટેકરીપર લૉર્ડ નેલશન સારૂં એક સ્તંભ (Monument) બાંધેલાછે, જે ઉચો ૧૦૨ ફીટનો મીનારોછે, અને જેનાં મથાળાં ઉપર (Time Ball) મુકેલાછે. એ મીનારાપરથી એડીનબરોની રચના બાગી સરસ દીસેછે.

એ જોઇને આવતી વખતે અતરેનું સૌથી સરસ મોન્યુમેંટ જે સર વૉલટર સ્કોટ સારૂં બાંધેલું છે તે જોયું હતુ. એ બાગું જોવા લાયકછે અને તે બાગું ખરૂં આપણી માહારાણીનું પુતળું મુંબાઇની મેદાનમાં મુકેલું છે તેને મલતુ આવેછે; પણ તે એક બાજુથી ખુલું અને ચારે બાજુ ઉપર થાંભલાઓ તથા નકશીકામથી ઉભું કીધેલું છે, અને તેની બાજુઓની દીવાલોમાં એ બાગુની સબાવતોની બીનાઓનાં પુતળાં બનાવી મુકવાના ગોબલા પાંચ હાલ ભરી રાખેલાછે. તેની ઊંચાઇ ૨૦૦) ફીટનીછે, અને તેમની વચમાં શર વૉલટર સ્કોટનું સંગેમરમરનું પુતળું મુકેલું છે. એ બધાં ઉપર અઢાર હજાર પૌંડ ખરચ લાગેા હતો. તે જોઇને ડયુક ઓફ વેલીંગટનનું બરોનજ ધાતુનું ઘોડાપર બેસાડેલું પુતળું જોયું હતું, જે ઘણી કારીગરીથી બનાવેલું અને જે ઉપર દશ હજાર પૌંડ ખરચ થયે છે. એ ઉપરાંત બીજા ઘણાં સ્તંભો, પુતળાંઓ, ઇત્યાદી લોયાંના મોહોલાઓમાં મુકેલાંછે, જેની બીગતો હમો આપી શકતા નથી.

તા૦ ૧૬ મી જુલાઈ ૧૮૮૧—આજે સવારનાં અંહીથી છ માઇલ દુર "ડાલકીઠ પેલેસ" (Dalkeith Palace) કરીને ડયુક ઓફ બકલ્યુ (Duke of Buccleugh) નો મેહેલ તથા બગીચા જોવા ગયા હતા. એનો પાર્ક ઘણો મોટોછે,

તથા તેમાં ઘણી સારી રીતે ઘાસનાં મેદાનો રાખેલાંછે, પણ તેનાં ફુલનાં ક્યારાઓ તથા તહરાંઓ તેમજ તેની ઉપર આવેલાં ફુલો એ સઘળાંની તો તારીફ નહી થાય એવું સરસછે. એ ઉપરાંત ત્યાંનાં ફલનાં ઝાડો જેવાંકે પીચીશ, એપલશ, (અહીંયાં ૧૧૪ જાતનાં શેફનાં તથા ૧૦૦ જાત ઉપરનાં પેરનાં ઝાડોછે) તે ઉપરાંત હજારો ફરટ લટકતી હતી. એનાં કાચનાં ઘરોમાં દરાખના વેલાઓ ઉપર દરાખના ઝુંમખા લટકતા હતા, તથા ફુલોનાં ઝાડો ઉપર ફુલ પણ અતીઅંત અને ઘણી જાતનાં હતાં. એ બાગની માવજત રાખવા ૪૦) માળીઓ રાખેલાછે, જેઓનો દર માસે ૧૬૦૦) રૂપીઆનો પગાર થાયછે. તે ઉપરાંત ઘાસનાં મેદાનો કાપવા પર એટલાં બીજાં માણસો રાખેલાંછે, તથા કાચનાં ઘરો બાંધવાપર પણ ઘણો ખરચ કીધેછે. એક ગોળ ઘેર તદન નકશીથી ભરેલા પથરાનું બાંધી તેની ઉપર કાચનું છાપરૂં બાંધેલુંછે, જે ઉપર વીસ હજાર પૌંડ ખરચેલાછ. એ જોઇને એનો મેહેલ જોવા ગયા હતા. એ મેહેલ આસરે બસો વરસનો જુનો અને ત્યાં ચીત્રોનો સંગ્રહ ઘણો સરસ કીધેલોછે, જે ઘણાંખરાં જુનાં અને જાણીતા ઉસ્તાદોના હાથનાં પાડેલાછે. બીજો સામણ પણ ઘણો સરસ હતો,લેકીન તે ડ્યુક ઓફ હેમીલટનનાં મેહેલની બરોબર થઇ શકે નહીં.

ત્યાંથી નીકલેલા હુનર અને વીદ્યાનું સંગ્રહસ્થાન (Museum of Arts & Science) જોવા ગયા હતા. એની ઇમારત ઘણી મોટી અને વીદ્યા અને પદાર્થ વીજ્ઞાનને લગતી ચીજોનો ઘણો મોટો સંગ્રહ કીધેલોછે. એમાં સંચા કે ઇનજીનો કેમ ગોઠવેછે તે દેખાડવા માટે સંચાઓ નાંખેલા નમુના દાખલ મુકેલાછે; તથા છરી, કાંટા, સ્ટીલ પેન, અને ટાંચણી કેમ બનાવેછે, તેની બધી વીગત લોખંડના સલીયા બનાવી તે પરથી તૈયાર થાય ત્યાં સુધીનાં નમુના મુકેલાછે, જેથી જોનારને સમજણ પડેછે. હીંયાં એક ટેબલ તદન કોલસાની બનાવેલી એવી તો સાફ તથા ઝળેદાર કીધેલીછે કે જાણે અબનુશનાં લાકડાંની બનાવેલી હોય. એ ઉપરાંત મુવેલાંમાં દવા ભરીને રાખેલાં જનવરોનો પણ સંગ્રહ ઘણો સારો કીધેલોછે.

એ જોઇને નીકલશન એંડ. સનસનું હીંયાં ચોપડો છાપવાનુ કારખાંનું જોવા ગયા હતા. ચોપડીઓ છાપવામાં જે રંગીન ચીત્રો અને રમકડાં આવેછે તે પાડવાનું ધાર્યું જોવા લાયકછે. ચીત્રમાં જેટલા રંગ હોય તેટલા ત્રાંબાના તકતા (Copper Plate) ઉપર તેને છુટા છુટા પાડેછે, અને પછી દરેક કોપર પલેટપરથી જુદા જુદા રંગો છાપી રંગીન ચીત્ર તૈયાર કરેછે. ચોપડીઓ છાપવા સારૂં દીવાં ગોઠવતા નથી, પણ તેને કોપર પલેટપર બનાવેછે, જે બનાવવા સારૂં પેહેલાં તે દીવાંઓ ખોલો પ્રમાણે ગોઠવી તેને મીણ ઉપર દાબી દીવાં ઉઠાડેછે. તે મીણ એક નાંખળાં પતરાં ઉપર ગોઠવી પછી તેને ઘોલ ચહડાવવાનાં વાસણમાં મુકીને તેની ઉપર ત્રાંબાનું પડ વીજલીની મદદ (Galuanic Battery)થી ચહડાવેછે, તે પડથી કરીને પેલાં દીવાંના અક્ષરો ઉઠી આવીને તામ્ર પત્ર ઉપર બની જાયછે. હવે એ પડ ઘણું પાતળું હોવાથી તેને એક મોલડ (Mould) માં મુકી તેનાં પાછલા ભાગમાં કલાઈ રેડી જાડું કરેછે, એટલે પતરૂં તૈયાર થાયછે. તેની ઉપરથી લખ્યો નકલો છાપી શકેછે. એ છાપવાનાં સંચાઓ પણ ઘણી જાતનાંછે, કોઇમાં બેહુ બાજુનાં પડ એકદમ છપાયછે, અને કોઇમાં એક પડ પછી બીજું પડ છપેછે. તે છાપી રહ્યા પછી તેને ઘડી વાલવા સારૂં બીજા સંચામાં મુકવાથી ઘડી તૈયાર થાયછે, પછી તેની (સીવવાનાં

સંચામાં સીવી) ચોપડી તૈયાર કરેછે, અને તેનાં પાનાંની કોરપર લાલ અથવા બીજો રંગ મારેછે અથવા સોનાનાં વરખનાં પડ વલગાવી તેને સોનાનાં રંગનો કોર કરેછે, પછી તેને પુઠાંમાં વલગાવી દેછે. એ પુઠાંઓ ઉપર નામ સંચાથી પાડેછે.

એ જોઇને પછી (Royal Blindmen's Asylum) આંધળાંઓને આસરો આપવાની જગ્યા જોવા ગયા હતા, એનું કામ જાહેર ફંડથી થાયછે. તેમાં ગામનાં આંધળાં માણસો તથા બીજાં જેઓ બરાબર જોઈ શકતાં નથી તેઓને નેતરનું તથા કાથાના રગો (Rugs) બનાવવાનું કામ શીખવેછે; તેટલાં તેઓને મફત ખાંવા પીવાનું તથા રેહેવાનુ આપેછે, પણ તે શીખી રહ્યા પછી તો તેની પાસે કામ કરાવીનેજ પગાર આપેછે. એ આંધળાંઓ પોતાનું કામ ઘણી ઝડપથી કરતા હતા. એવા આંધળાઓને વાજીંત્ર વગાડતાં પણ શીખવેછે. એ ખાતાં માટે સામન લેતાં તથા ઇમારત બાંધતાં હમણાં તેવીસ હજાર પૌંડનું કરજ થયુંછે, પણ તેને એડીનબરોનાં તથા આખા સ્કાટલાંડનાં લોકોએ વારાફરતી નાણાં ભરી ટેકો આપીને આલે ૮૮) વરસ થયાં ચાલુ રાખ્યુંછે, અને તેથી ઘણાં આંધળાંને આસરો મલવા ઉપરાંત તે લોકો પોતાનાં મનમાં મગરૂરી ધરાવેછે કે અમે ભીખનું ખાતાં નથી. એમાં હાલ ૨૫૦ આંધળા મરદ તથા ઓરત કામ કરેછે તથા શીખેછે.

તા૦ ૨૦ મી જુલાઈ ૧૮૮૧—આજે સવારનાં એક નવાઇ જેવાં માટી બઇયેરનું જોડું જોવા ગયા હતા. તે એઝેટીકશ (Azetics)ની જાતનું છે, અને અમેરીકાનાં દેશમાંથી જંગલીઓ પાસથી તેઓને અસલ કોઈ રપેનીઅર્ડ લાવેલો હતો. તેઓનું આંગ માણસો જેવું પણ જરા ઠીંગણું છે, અને માથું તો ઘણુંજ નાધણું છે અને તેની ઉપરનાં બાલ સુયાની માફક તદન ઉભા રહેછે; તેને ગમે તેમ કરેછે તોપણ આપણાં માથાનાં બાલ માફક વળતા નથી. તેઓ જંગલી માણસ માફક કશું બોલતા કે સમજતા નથી પણ એક બે બોલ શીખવેલાછે તે બોલેછે. તે બોલવાનો સાદ તેઓ ગલાંને બદલે છાતીમાંથી કાહાડેછે, અને અંગ્રેજી શબ્દો બોલેછે તે કંઠસ્થ (Guttural) અક્ષરની માફક ગડગડતા બોલોથી બોલેછે, સાફ રીતે બોલી શકતા નથી. તેઓનાં કાંન આંખથી ઉપરની બાજુએછે, આપણી માફક આંખની બરાબરની સપાટીપર નથી.

એ જોઇને આગગાડીમાં બેસીને સવારનાં દશ કલાકને અમલે એડીનબરો છોડયું હતું, અને સવાઅગ્યાર વાગે ગલાસગો આવી પુગા હતા, તથા ગલાસગોથી પાછા રાતનાં સાત વાગે આગગાડીમાં નીકલેલા ગ્રીનોક (Greenock) શેહેરમાં જઈ લગા, અને ત્યાંની વાંહાણોના ગોદીઓ તથા શેહેર જોયાં હતાં. એ જગ્યાનાં ધરો કાંઈ ઘણું જોવા લાયક નથી પણ મોહોલાઓ મોહોટા અને કોઇતો એક મૈલ લાંબાછે. એ શેહેર જે કૂઠે ઓફ કલાઇડને કીનારે આવેલુંછે તેમાં સારો વેપાર ચાલેછે. તથા બીટરૂતમાથી સાકર બનાવવાનાં કારખાનાં ઘણાં હોવાથી એ માલનો નીકાસ મોહોટો થાયછે. સામન ચડ ઉતર કરવા સારૂ વહાણોને ઉભી રેહેવાની તરતી ગોદીઓ ચાર પાંચ બાંધેલીછે, તેમાં ઘણી સ્ટીમરો તથા વાંહાણો ઉભાં રહેલાં હતાં. હાલ એક નવી ગોદી બંધાયછે જેને જેમશ વાટની ગોદી કહેછે, અને તે પછવાડે ૪૦) લાખ રૂપીઆ ખરચ બેસશે એમ ધારેલુંછે. હીંયાંની વસતી વસારે ૬૭,૦૦૦ની છે. અહીંથી હમો રાતનાં દશ વાગે સ્ટીમર ગોરીલામાં બેઠા હતા.

તા૦ ૨૧ મી જુલાઈ ૧૮૮૧—આજે

સવારનાં ૫) વાગે બેલફાસ્ટ નામનું આયરલંડ દેશનું બંદરછે ત્યાં આવી પુગા, અને ત્યાંનાં ઇમપીરીયલ હૉટલમાં ઉતારો લીધો હતો. સવારનાં અતરેની નોરધરન સ્પીનીંગ એંડ વીનન મેન્યુફેકચરીંગ કંપની જોવા ગયા હતા. એ કારખાનામાં સણનાં સાખાઓનું સુતર તથા કાપડ બનાવેછે. સણનું ઝાડ ધાસનાં જેવું પતળું સલીઓનુ થાય છે, તેને સુકવીને પછી તેને પાણીમાં રાખી મુકયાથી તેમાંનો માવો કોહીને નીકળી જઈ અંદરનાં લાંબા શાખા રહી જાયછે, જેને સણ કહેછે. એ સણનો ભાવ ટણ ૧)નો ૪૦ થી ૭૦ પૌંડ સુધીનો કહેછે. તેને પેહેલાં ગરમ પાંણીમાં ધોયછે, પછી સંચામાં સુકીને બ્રશનાં જેવા ડાંટાઓથી છુટા પાડવા બાદ માણસો હાથે કરીને જાત જાત જુદી પાડી રૂની માફક પીંજેછે, તથા તેનું સુતર પણ તેમજ વણીને કાપડ બનાવેછે. એ કાપડમાં ઘણું ખરા ટેબ્લ કલોથ શાટીનની માફક તથા ચાદરો, રૂમાલો, ટુવાલો, ઇત્યાદી બનાવેછે, પણ જે ઘણું ઊંચાં સણના તાકા તથા રૂમાલો આવેછે તે સંચાથી વણતા નથી, પણ ગરીબ માણસો તે હાથની સાલો વતે બનાવેછે, જે મોટે બેલફાસ્ત શેહેર ઘણું વખણાયલુ છે. હમોએ એક રૂમાલ જોયો તેની કીમત ૩૦) શીલીંગ હતી, એટલા મોંઘા પણ બનેછે. ત્યાંથી નીકળેલા જે. એન. રીચરડસનની (J. N. Richardson Sons & Awden Limited, Linen Manufacturers & Bleachers) વખારો જોવા ગયા હતા, જ્યાં બધી જાતનું સણનું ઉપર મુજબ બનાવેલું અને ધોયલુ ઊંચુ તથા હલકું કાપડ જોયું હતુ. કાપડ ધોવાનું એમનુ પોતાનું કારખાંણું છે. તેઓ એક લાખ પચાસ હજાર પૌંડ નો માલ હમેશાં વખારમાં રાખેછે. તે જોઇને મ્યુઝીયમ જોવા ગયા હતા, જે હમોએ બીજાં મ્યુઝીયમ જોયાંછે તેની આગલ કાંઈ બીશાદમાં નથી અને ત્યાં આગલ ન જોયલી નવાઈ જેવી ચીજો કાંઈ હતી નહીં.

ત્યાંથી હમો મારકશ વારદની ફ્રાન્નું ફ્રેનસી વરકનું છાપખાનું જોવા ગયા હતા. એ જગ્યા ઘણી મોટી અને અડીંયાં જાતજાતની વારતાનો તથા બીજી રમકડાંની ચોપડીઓ ઉપરાંત ક્રીસ્તમાશ કાર્ડશ, ચીતારની આલબમો, તથા લખવાનાં ફેનસી કાગલો, પરબીડાં ઇત્યાદી બનાવેછે, જે ધાગુખરૂ આગલ હમોએ એડીનબરોમાં નેલશન એંડ શનશનાં છાપખાનામાં જોયું તેને મલતુ આવેછે. અહીંયાં આગગાડીની ટીકીટો છપવા સારૂ એક જુદો સંચોછે, જેમાં ટીકીટો સારૂ એક બાજુપરથી બાંચામાં કાપેલાં કાગલોનો ચોરો મુકેછે, તેમાંથી એકપછી એકને એક નાબળા સલીયા વતે ધકેલેછે, અને તેમાં દીધાં ગોકેલાં હોવાથી છાપ પડેછે, તથા ચાલુ નંબરો સારૂં અક્ષરોનાં દીધાં એક ઘડીઆલનાં ચક્કરની માફક ફરેછે, તેથી વાગફરતી પોતાની મેળેજ બદલાઇને નંબરો છપાયછે, અને પેલી ટીકીટો પોતાની મેલેજ બીસીને બે ચીપની વચમાં ચોરો નંબર મુજબજ થાયછે. હવે એ નંબરમાં ભુલ નહીં પડી હોય તે તપાસવા બીજો એક નાંબળો સંચોછે, જેમાં પેલી ટીકીટોના ચોગ એક બે પતીઓની વચમાં મુકેછે અને સંચાથી એકપછી એક પેલી ટીકીટો બાહાર આવેછે, તેને જોવા સારૂં એક માણસ બેસી રહેછે, અને તે પછી પાછી બીજી ગમ એકઠી થાયછે.

એ જોઇને નીકળેલા એમારમીઅન પાર્કમાંથી પસાર થાઇને જે. એન. રીચરડસનનું કોરૂં કાપડ ધોવાનુ કારખાનું જોવા ગયા હતા, જ્યાં અતરેનાં બીજા કારખાનાંઓ પાસેથી કોરૂં કપડું લઇને પોતાને તથા ઘણી-

ઓને હીસાબે મણનું કાપડ ધોઇ આપેછે. એ ધાગું ખરૂ હમોએ ડીનટીંગનાં (મેનચેસ્ટરની પાસે) છીંટ બનાવવાનાં કારખાણાંમાં જોયું હતું તેનેજ મલતુંછે, પણ અહીંયાં કપડાંને એક બે મેલવાણીમાં ધોઇને જમીન ઉપર ખુલામાં ઘાસ ઉગેલુ હોયછે ત્યાં સુકવીને પછી પાછી બીજી મેળવણીમાં ધોઇને સાફ કરેછે, તેથી તેને (Grass Bleached) ઘાસ ઉપર ધોયલું કહેછે. એ પ્રમાણે સુકવા મેલવાથી તે કપડું ઊંચકીને ધાગું સુકેદ થાયછે, જે સુકેતાઇમાં લાવવાને ખુબી હવા તેને મદદ કરેછે. એ જોઇને સાંજનાં અતરેનો બોટાનીકલ ગારડન જોવા ગયા હતા, જ્યાં આજે વાજું તથા બીજી ગમતો હતી. એ બાગમાં કાંઈ ધાગું જોવા લાયક નથી. પણ ત્યાં ફુલનાં કીઆરાઓ સારી રીતે ગોઠવેલાછે.

બેલફાસ્ટનું ગામ મોહોટું છે અને તે લેગન(Lagan)નદી ઉપર આવેલું છે. તેની વસતી નજદીક બે લાખ વીસ હજર માણસની કહેછે. અહીંયાંનાં કોઇ કોઇ મોહોટા મોહોલાઓ સારાછે, અને ઇમારતો પણ મોટી બાંધેલીછે, બાકીનાં અંદરનાં મોહોલાઓનાં ઘર કાંઇ જોવાલાયક નથી, પણ એ શેહેરની બાહારની બાજુપર નવી હવેલીઓ બંધાયછે ને એક સરખી રીતની ઇંગ્લાંડ અને સ્કાટલંડ દેશોનાં જેવીજ બાંધેછે. ગેટસ્હીટનમા એવી નવી ચાલી બાંધવાની કંપનીઓ થઇછે, અને તેઓ સારા પલાનની ચેહેલીઓ તથા ઘરો બાંધીને વેચેછે અથવા તો ભાડે આપેછે. એ પ્રમાણે ચેહેલીઓ બાંધવાથી તેની વચમાની દીવાલોનો ખરચ તથા બીજા ઉપરનાં કારભારૂઓનો તથા સામાન વેચાતો લેવાના ખરચમાં બચાવ થવાથી તેઓને બીજા ઘણાઓ જે છુટાં ઘરો બાંધેછે તેનાં કરતાં સસતું પડેછે, અને તેમાંનાં ગાલાઓ છુટા છુટા વેચવાથી અથવા ભાડે આપવાથી ગરીબ માણસોને સવલ પડેછે, તથા એકજ પલાનની બાંધવાથી તે ઘણીજ શોભેછે. અહીંયાં ઘણું કારખાનાં છે, અને વેપાર પણ મોટો હોવાથી નદીઓને ઉંડી ઓદીને ડંકા તથા ગોદીઓ બાંધીછે, જે ઉપર એક કરોડ રૂપીઆથી પણ વધુ ખરચ ચાલીસ વરસમાં થયોછે. હીંયાની ગોદીઓમાં ૪૦૦૦)ટનુનાં બારકસો બંધાયલાંછે. એના વેપાર સારૂ સને ૧૮૭૮માં સોલ લાખ ટનુનાં વાહાણોઓ આવજવ કીધી હતી, અને બારામાં જાયુકનો માલ ભરાનાં વાહાણો ૭૦૦૦૦) સીતેર હજર ટનુનાં રેહેછે; તથા ૪૦) વરસમાં એ શેહેરનો વેપાર અાડ ઘણો વધી ગયોછે, અને હમણાં જે સણનાં કાપડ વણવાનાં કારખાનાંછે તે ઉપર ૩) કરોડ રૂપીઆની થાપણ રોકાયલી તથા તેમાં ૩૫૦૦૦) માણસો કામે લાગેછે. એ શેહેરમાંથી દરશાલ ૨૩) લાખ ગ્યાલન વીશકી દારૂ બાહાર ગામ જાયછે. એવું એ વેપારી શેહેરછે એ ઉપરથી આપણને જે ખયાલ આયરલાંડ દેશની ગરીબાઇનોછે તે ઓટો પડેછે. હીંયાનાં લોકો આઇરીશમેનછે, પણ તેઓ વીગે ખરાબ મત બીજાઓ બાંધેછે તેવું કસું દીસતું નથી. આજે અહીંયાંથી થોડેક દુર ઘોડાની સરત તથા જનવરો વેચવાનો મેલો હતો, જ્યાં ઘણું લોક ગયું હતું, જેઓને સબળા પાકાં ફરતા જોવાને ઘણી ભીડ રસતા ઉપર એકઠી મલી હતી ; પણ તેઓમાં કસી રીતે કજીઓ મારામારી જોવામાં આવતી હતી નહીં, ફકત જેમ લંડનમાં ડરબીની સરત વખત હમવા બોલવાનું તથા એક બીજાઓ સાથે ટોલ મશ્કરી થાયછે તેમ એ લોકો પણ પોતપોતામાં કરતા હતા. હીંયાં ધારયા મોજે હીંદુસ્થાનમાંથી ઘણાંજ થોડા જણ ફરવા આવ્યા હશે ; કારણકે હમો જ્યાંથી જતા ત્યાં હમોને બધું લોક જોવા કરતું હતું,

તથા બીજાંઓને ઘેરમાંથી તેડી લાવીને હમોને દેખાડતા હતા. તેમાં ઓરત લોકને હમારા પોશાકની કાંઈ નવાઈ લાગતી હતી, જેથી કરીને તેઓ હમોને જ્યાંબી મલે ત્યાં પોતપોતામાં મોટે સાદે પેત ધરીને હસતી તથા મરદો પણ તેજ માફક હસતા હતા, જે ઉપરથી માલમ પડેછે કે એ લોકોનો જીવ ઘણો મોજીલોછે.

તા૦ ૨૨ મી જુલાઈ ૧૮૮૧—આજે સાત વાગે આગગાડીમાં બેલફાસ્ટથી બેસીને બપોરનાં ૧૧॥ વાગે ડબ્લીન શેહેરમાં આવી પુગા, અને ત્યાંનાં શેલબરન હોટલમાં ઉતારો લીધો હતો. એ ડબ્લીન શેહેર આયરલાંડ દેશનું પાયતખ્તછે, અને તેની વસતી આસરે હદી લાખની કહેવાયછે. બપોરનાં હીંયાનું શેંટ-પેટરીક-કેથીડરલ જોવા ગયા હતા. એ દેવલ ઘણું જુનું અને બારમી સદીમાં બાંધેલું હતું. પણ પાછલથી બીશમાર હાલતમા આવેથી તેનો જુનો ભાગ રાખીને બાકીનું નવેસરથી સર બેનજામીન લુઇગીનાએ (બીઅર તથા પોરટર બનાવનાર અને હમણાંનાં ગીનીશનાં બાપે) એક લાખ પચાસ હજાર પાંડ બરચીને બાંધ્યું હતું. એ દેવલ હમણાંની સારી બાંધણીનું ઊંચુંછે, તેના (Altar) આલ્ટરીશ મારબલનોછે, તથા બીજા તે બાજુનાં થાંભલા પણ એજ જાતનાં પથરનાં બનાવેલાછે. એ દેવલમાં શેંટ પાટરીકનાં બીતાબવાલા સરદારોને બેસવા સારૂ જાયા રાખેલી અને તેની ઉપર તેઓનાં વાવટા ટાંગેલાછે. એ દેવલમાં સારાં સારાં માણસોની યાદગારીનાં સ્તંભો પણ ઘણા સારા અને જોવા લાએકછે, તેમાં એક સ્તંભ લેડી એલીજાબેથ વાઇકાઉન્ટેશ ડોનીગલ તે નામદાર હેનજીશ શેનટલેજરની બઇરીનો હમોને ત્યાંનાં રખેવાળે બતાવ્યો હતો અને એ બાઇને વાસ્તે કેહેવત રહી ગઇછે કે એજ ઓરત આખી દુનીઆમાં ફ્રીમેશન થઇ હતી. એ જોઇને ક્રાઇસ્ટ કેથીડરલ જોવા ગયા હતા. એ દેવલ પણ સૌથી જુનું અને મોટું કહેવાયછે. તેને પણ થોડુંક ઉપર મી૦ એચ રો નામનાં દારૂગાળનારે એક લાખ પાંડ બરચીને નવેસરથી બાંધ્યુંછે, અને તે ઘણુંજ જોવાલાએકછે. એ દેવલમાં આયરલાંડને પેહેલો જીતનાર સ્ટ્રોંગ બો (Strong Bow) ની ગોર સને ૧૧૭૦નાં શાલનીછે. તથા તે ઉપરાંત બીજી ઘણી જુની ગોરોછે.

ત્યાંથી નીકલેલા ડબ્લીન ટાવર જેને બરમીંગહામ ટાવરને નામે બોલબેછે તે જોવા ગયા હતા. એ જગા પર આગલ રાજદ્રોહ બંધીવાનોને કેદ કરતા હતા, હમણાં તે અંધારી કોટડીઓમાં જુનાં લેખો રાખેલાછે. એમાંની એક કોટડીમાં દેનીયલ ઓ કોનેલને કેદ રાખ્યો હતો. એ કેદખાનું ઘણુંજ સરમ બાંધેલું હોવા છતાં કેહેવાયછે કે એજ ઘણી એકલો એમાંથી નાસી શકયો હતો. એની કોટડી ભાયગે છ ફીટ પોહોળી અને પંદર ફીટ ઊંડી હશે,તથા તેમાં ઉજરડું આવવાને કશી બારી પણ દીસતી નથી. એ જગ્યા પર વચમાં એક કુવા જેવો ચોક રાખેલો અને તેની આસપાસ એક ફરવાની જગા રાખીને કેદીઓની કોટડીઓ બાંધેલીછે. એ ચોકનાં મથાળાં ઉપર એમાંના બંધવાને અંદરજ ફાંસી દઇને પછી હેઠલથી જે નદી વહી જાયછે તેમાં બારો. બાર નાંખી દેતા હતા.

એ જોઇને પછી એનીજ પાસે ડબ્લીન કેસટલમાં અહીંયાનાં લોર્ડ લેફ્ટેનંટને સારૂ હવેલીછે તે જોવા ગયા હતા. એ જગ્યા પર એ ઘણી સરકાર તરફથી બાણું, નાચ અને મુલાકાત આપેછે. અહીનાં શેંટ પાટરીકના હાલમાં આગલનાં લોર્ડ લેફ્ટેનંટસની સબીઓ મુકેલીછે, તથા ઇમારત પણ સારીછે.

એનીજ પાસે ચેપલ રોયલ (Chapel Royal) પાદશાહી દેવલ કરીને બાંધેલું છે, જ્યાં વાઇસરાય બંદગી માટે જાયછે. એ દેવલ બાહારથી પથરનું અને અંદરથી બધી ગમ આઇરીશ બોગ ઓક (Bog Oak) લાકડાંનું નકશીદાર બાંધેલું છે, જ્યાંની ગ્યાલરી ઉપર પેહેલાંથી તે હમણાં સુધીનાં બધા લૉર્ડ લેફ્ટેનંટસનાં નામ તથા કોટ ઓફ આરમશ પાડેલાંછે. એ દેવલ ઘણું જોવા લાએકછે.

ત્યાંથી નીકળીને અહીયાનુ જુનું પાર્લામેંટ હાઉશ જોવા ગયા હતા. એ જગ્યા ઉપર આગલ પાર્લામેન્ટ ભરાતી હતી, અને તે નેવું હજાર પૌંડ ખરચીને બાંધ્યું હતું, પણ ૮૦) વરસ થયાં હીંયાની પાર્લામેંટ બંધ થઇને ગ્રેટ બ્રીટનની પાર્લામેંટ સાથે જોડાઇ ગયાથી એ ઇમારત સરકારે આયરલાડ બેંકને વેચીછે અને તેમાં હાલ એ બેંકની આપીશછે; તોપણ અસલનાં હાઉશ ઓફ લૉર્ડસ (ઉમરાવોની સભાનો) હૉલ જેમનો તેમ તેની ટેબલ તથા ખુરસીઓ સુધાં લોકોને જોવા સારૂં રાખેલાંછે, તેમાં આપણાં બીજા, ત્રીજા તથા ચોથા જયોર્જ તથા ડયુક આફ વેલીંગટન અને લૉર્ડ નેલશનનાં પુતળાં મુકેલાંછે.

એ જોઇને રૉયલ બોટેનીકલ ગારડનશ જોવા ગયા હતા, જ્યાં ઝાડપાનનો સંગ્રહ ઘણો સારો કીધેલોછે, તથા ઝાડપાનને લગતી વીદ્યા શીખવા સારૂં ઝાડોને વર્ગ પ્રમાંણે રોપીને દરેકનાં નાંમ લખેલાંછે. ત્યાંથી નીકળેલા ફ્રોનીકશ પાર્કમાં ગયા. એ પાર્ક ઘણો મોટો સાત મૈલ ઘેરાવાનોછે, તેમાં અહીંયાંનાં લૉર્ડ લેફ્ટેન.ટને રેહેવાનો મેહેલ તથા (ઝુઓલોજીકલ)પ્રાંણી સંગ્રહની ગારડનશ છે. પણ એમાંનાં બધાં જનવરો આગલ ઇગ્લંડમાં જોયાં હતાં. એ પાર્કમાં ડયુક આફ વેલીંગટનની યાદગારી રાખવા સારૂં એક મોટો ૨૦૫) ફીટ ઊંચો સ્તંભ ઉભો કીધેલોછે, તેનો ઉપર વીસ હજાર પૌંડ બેસાછે. તેની સામે લૉર્ડ ગફનું પંચરસ ધાતુનું (Bronze Metal) પુતળું ઘોડા ઉપર બેશાડેલું ઉભુ કીધેલુંછે, એ જોઇને નેલશનનો સ્તંભ જોવા ગયા ; એ સ્તંભ ૧૨૦ ફીટ ઊંચો અને તે ઉપરથી ડબ્લીનની રચનાં ઘણી સરસ દીસેછે. આજે રાતનાં ગેયટી ઠીયેટરમાં ગયા હતા જ્યાં દેખાવણી ઘણી શારી હતી.

તા૦ ૨૩ મી જુલાઇ ૧૮૮૧—આજે સવારનાં વીલીયમ જેમીશનની કંમપનીનું વીશકી (Whisky) બનાવવાનું કારખાનું જોવા ગયા હતા. એ કારખાનું વરસનાં છ માસ થંડીમાજ ચલાવેછે તેથી હમો ગયા તે વખતે ચાલતું હતું નહીં, તોપણ ત્યાંનાં કારભારીએ હમોને બધે ફેરવીને સમજણ પાડી હતી. એ વીશકી જવ તથા બીજા અનાજમાંથી બનાવેછે. પેહેલાં તે અનાજને જમીન ઉપર પાંથરી પાંણી છાંટીયા કરેછે, જેથી બે ચાર દીવશમાં ઉપર પીળા ફુટી નીકળેછે, પણ તે પીળાને પાદડાં નીકળે તે આગમજ બેહુ અનાજને સાથે ભેલીને સુંચાથી ડલેછે. ત્યાંથી એક બીજાં મોટાં વાસણમાં નાંખીને ગરમ પાણીમાં રાત તથા દીસ દોહોવી પછી ઠેરવા દેછે, એટલે પાણી સાથે તેનો મીઠાસવાલો ભાગ તરી આવેછે. એ બાદ પાણી કાહાડી લઇને તેને ખમીર ઉઠવા દેછે, તે પછે જંતરોમાં નાંખીને બાફથી ગાલેછે, અને તેનાં બાફનું પાણી જે ગળેછે તેનો વીશકી દારૂ બનેછે. એ પ્રમાંણે છ મહીનામાં આએ કારખાંનાંમાં વીસ લાખ ગ્યાલન અથવા દશ લાખ ડજન બાટલી વીશકી બનેછે.

એ જોઇને પછી ગીનીસ કંપની (Guiness & Co.)નું પોરટર બનાવવાંનું કારખાનું જોવા ગયા હતા. એ કારખાનું ઘણુંજ મોટુંછે, તેમાં દરરોજ

૨૦૦૦) માણસો કામે લાગેછે, તથા દરરોજ ૨૦૦૦) હોગઝેડ ધ્યાને (એક હોગઝેડનો ૫૬ ગ્યાલન લેખે) એક લાખ બાર હજાર ગ્યાલન પોરટરનો દારૂ બનાવેછે. પોરટર બનાવવા સારૂં માલટ (Malt) કરી ઘઉંના જેવા અનાજ વીશકી બનાવવાની માફકજ પેહેલાં જમીન ઉપર પાંથરી પાણી છાંટી પીળા ઉગાડીને પછી ડલેછે, અને એક મોટાં વાસણમાં ગરમ પાણી વરસાદની માફક ઉપરથી પડતું રાખીને હીલવ્યા કરેછે. એમ કીધા પછી તેને કરવા દેછે, અને તેની ઉપરનું મીઠાસવાલુ પાણી કાહાડી લેઇ તેને ખમીર ઉઠવા દેછે. તે બાદ હોપ (Hop) જાતનાં ઝાહાડોના ફુલો જે અમેરીકા તથા બીજા દેશોમાંથી આવેછે, તેને પણ સુકવીને પાણીમાં ઉકાલીને ઉપલા ખમીર ઉઠેલાં માલટનાં પાણીમાં ભેલેછે,અને પછી તેને ગાલી કાહાડી ખમીર ચઢવા દેછે એ મુજબ થોંડા દીવસ રેહેવા દીધાથી પોરટર બનેછે, અને તેની ઉપર ફીણ ધણું ચહડી આવેછે. એ ખમીર ચઢાવા સારૂં તેમાં હુલું નાખ્યાથી તેને કફ ચઢી ખમીર આવેછે (વીશકી બનાવવામાં પણ તેને ખમીર ચહડાવવા સારૂ ભુસું નાંખેછે.) હવે એ ફીણ ચઢેછે ત્યાંસુધી કાહાડી નાંખીને પેલા તૈયાર થયલા પોરટરને ગાળી કાહાડી મોટાં લાકડાંનાં પીપમાં બે વરસ સુધી એમજ રાખીમુકેછે, ત્યારે તે પીવા લાયક થાયછે. એવાં મોટાં પીપ ૧૫૦) નંગ અત્રે રાખેલાંછે અને તે દરક પીપમાં ૨૦૦૦ હોગઝેડ પોરટર માયછે. તે હીસાબે ત્રણ લાખ હોગઝેડ યાને એક કરોડ અડસઠ લાખ ગ્યાલન અથવા ૮૪ લાખ દજન બાટલી પોરટરનો જથ્થો હીયાં રાખેલોછે. એ કારખાનાનો ધણી સર ગીનીશ મરી જવા પછી તેનાં ત્રણ છોકરાઓને હસ્તક ગયું તેમાંથી બેથી નાધળા છોકરાએ પોતાનાં બીજા બે વડા ભાઇઓને દરેકને એક એક કરોડ રૂપીઆ રોકડા આપી પોતે ત્રણ કરોડ રૂપીઆની કીમતે બંડી લેઈ એકલો ધણી થયોછે. એમાં જે ૨૦૦૦ માણસો દરરોજ કામે લાગેછે તે દરેકને રોજ બે પેંટ પોરટર મફત પીવાને આપેછે, પેલાં ભરી મુકેલાં પીપમાં બે વરસમાં પોરટર તયાર થાયછે કે તેને મોટી નળીઓમાંથી લાવીને પીપોમાં ભરેછે. તે પીપમાં ભરતાં ઉપર જે ફીણ થઇ આવે તેને બીજો પોરટર અંદર રેડીને ઉભાવા દેછે, તથા જમીનમાં ગટરો કરીને પાકું તેને એકઠું કરેછે, અને બુંબાથી કરી પાકું પોરટર બનાવવા સારૂ તેને બીજા પીપોમાં આઇસીંગ ગલાસ (Ising-glass) સાથે ભેળી પીધળાવીને પોરટર બનાવેછે. એ કારખાનું ૧૫૦ એકર જમીન રોકેછે, અને તેનો અંદરનો માલ લાવ લાવજા કરવા સારૂં છ ઇનજીનો કામ કરેછે.

એ જોઇને મ્યુઝીયમ જોવા ગયા હતા. એમા ઘણી તરાંહનાં જનવરો તથા માછલીઓનો સંગ્રહ કીધેલોછે, તેમાં એક નવાઇ જેવું પંખેરૂ જેનાં માથાં ઉપર આસરે ૯) ઇંચ લાંબું સીંગડું ઉગેલું હતું. રાતનાં ગ્રીન પાર્ક જોવા ગયા હતા જ્યાં થોડાક ફીઆરા તથા બે કુંવારા સીવાય બીજી બાકીની જમીનમાં લીલું ઘાસ અને છાયડાનાં ઝાહાડો રોપેલાંછે. એમાં બીજા જનાવરોનો સ્તંભ મુકેલોછે. આગલ એ પાર્ક થોડા ધણીઓજ ફી ભરીને વાપરતા હતા, અને બીજા લોકોને જોવા જવા દેતા હતા, નહીં પણ પેલા ધરમાતુ શખ્સ મી૦ ગીનીએ (પોરટર બનાવનાર) તીસ હજાર પૌંડ ખરચી તેને સણગારીને આમને માટે ખુલ્લો મુકયોછે.

તા૦ ૨૪ મી જુલાઈ ૧૮૮૧—આજે આતરેની લાંડ લીંગ (Irish Land League Meeting) ભરાવાની હતી તે

જોવા ગયા હતા. એ સારૂં અત્રેની કશ-ટમ હાઉશવાલી જગા આગલનાં મોટા ચોકમાં બધાએ એકઠા થવાનો ઠેરાવ કીધો હતો. તે મુજબ જુદા જુદા ધંધા-વાલાએ પોતાનાં વાજાં લઈને ત્યાં એ-કઠા મલ્યા હતા, જેઓની સંખ્યા ઘણી મોટી થાઇ હતી. એ કશટમ હાઉશ નદી-ને કાંઠે આવેલું છે, તેપર આવવા સારૂં તે નદીની બેહુ બાજુઓ ઉપર લોકોનાં ટોળાં વાજાં વગાડતા તથા ઉડતા વાવટા સાથે આવતાં હતાં, જે દેખાવ ઘણો સારો લાગતો હતો. વાવટા ઘણાખરા લીલા રંગના હતા. લોકોએ લીલા રંગની પ્રીત પોતાની છાતી ઉપર તથા લીલા પતા પોતાનાં ટોપા ઉપર તથા ઝાડની લીલી ડાંખલી અને પાંતરાં તોપીમાં પેહેરેલાં હતાં, જે છુટાપણું દેખાડવાની નીશાની દાખલ હતું. એ ઉપરાંત કેટલાક જણ તો અમેરીકા તથા ફ્રાંસનાં રીપબલીક (પ્ર-જાસત્તાક રાજ્ય)ના વાવટા પણ સરઘસમાં સાથે લઈને ચાલતા હતા. કોઈ વાવટા ઉપર (Down with the Land Lords) જમીનદારોનો નાશ થાવો. કોઇ ઉપર (United we stand, Divi-ded we fall,) સંપ ભરયા સામે ટકશું, કુસંપથી આપણે પડશું. કોઇ ઉપર (The Land for the people) જમીન ઉપર આપણી માલેકી હો. કોઇ ઉપર (Par-nell & Liberty) પારનેલ અને છુટા-પણું માટે ઈર્યાદી સરઘસમાના જુદા જુદા ધંધાદારીઓએ પોતાના જુદા વાવટાઓ બનાવી તે પર પોતાના ધંધાની નીશાની પાડેલી હતી, જેમકે ગાડી બનાવના-રાઓ ગાડી, નાલ મારનારાઓ નાલ, એ મુજબ બરાશ બનાવનારા, ખાટ-કી, કોલશાવાલા, તથા બીજા ધંધાવાલા પેહેલાં પોતાનાં વાજાં તથા વાવટા સાથે ચાલ્યા, અને તેઓની પાછલ લેંડ લીંગ-માં ખુલ્લી રીતે સામેલ થયલા લોકો પીલી તથા લીલી પટીની ભેલ નીશાણી પેહેરીને ઘોડા ઉપર તથા ગાડીમાં તથા ચાલતા સરઘસ થઈને નીકલ્યા હતા, પણ એ સરઘસવાલાઓ કરતાં તેમને જોવા આવનાર લોકો અતી ઘણાં હતાં, અને એ મોટા ચોક તથા આસપાસનાં નદી કીનારાનાં બેહુ રસતા જાણે કીડીની માફક બધી બાજુથી ઉભાઇ ગયા હોય તેમ લાગતું હતું. એ પ્રમાણે સરઘસ નીકલીને આસરે બે મૈલ ઉપર ફ્રોનીકશ પાર્કે છે ત્યાં ગયું, પણ જાણે એમની મી-ટીંગની સામે પરવરદેગારનો કોપ હોય તેમ પેહેલાં સુરજ પ્રકાશતો હતો તે તદન ઢં-કાઇ જઇને એક મોટું તોફાન તથા વર-સાદ એકાએક જેવું સરઘસ પાર્કનાં દરવા-જામાં પેસે તેવુંજ થઇ આવ્યું. એવો વ-રસાદ હમોએ મુંબાઇ છોડયા પછી કોઇ પણ જોયો હતો નહીં, તથા પવનનું તો-ફાન ઘણું જોરમાં હોવાથી વરસાદનાં છાંટા જાણે કાંકરા વાગતા હોય તેમ લો-કોનાં દીલ ઉપર પડતા હતા, જેથી સઘળું સરઘસ વીખરાઈ ગયું, વાજાં વાગતાં બંધ થઇ ગયાં, તથા લોકોએ ઝાડોનાં છાંયા તળે જવાની દોડાદોડ કરી મુકી, અને કેટલાકો પાછા પોતાને ઘર જતા રહ્યા. એ મુજબ અરધાથી પોણું કલાક સુધી તોફાન રહ્યા પછી નરમ પડયું અને તેની સાથે પેલા લેંડ-લીંગવાલાઓ પણ થંડા પડી ગયા તથા થોડાએક કલાક કરીને પાછા ઘર ગયા. હમોને પાર્કમાંથી મીટીંગ ભરાય તેની આગમજ વરસાદને લીધે પાછા હોટેલમાં જવાની ફરજપડી હતી. ડબ્લીન શેહેર ઘણું મોટું છે અને મોહો-લાઓ એક સરખા મજેનાં કુશાદે સારી બાંધણીનાં ઘરોનાંછે, તેમાં "સેકવીલ સ્ટ્રીટ" ઘણો સરસછે. એ શેહેરની વચ-મેથી "લીફી" નદી પસાર થાયછે. તેનાં બેહુ કીનારાપર મોટા રસતા કરી બેહુ બાજુ હવેલીઓ બાંધેલી હોવાથી

ઘણો ભપકો લાગેછે. એ શહેર આસરે ૧૧) મૈલ ઘેરાવામાંછે. એનો વેપાર માફકસર મોટો અને દરશાલ ૨૫) લાખ ટણનાં વાહાણો આવજાવ કરેછે, તથા કશટમની જકાત એક કરોડ રૂપીયા ઉપજેછે, (જેનો મોટો ભાગ વીશકી તથા બીજા દારૂથી પેદા થાયછે.)

તા૦ ૨૫ મી જુલાઈ ૧૮૮૧—આજે સવારનાં સાત વાગે ડબ્લીનથી આગગાડીમાં બેશીને બે મૈલ ઉપર કીંગ્સટાઉન કરીને બંદરછે ત્યાં ગયા, જ્યાંથી સ્ટીમર કોનોટમાં બેસીને આયલંડ છોડયું. બપોરનાં બાર વાગે વેલશનાં "હોલીહેડ"નાં બંદરપર ઉતર્યા હતા અને ત્યાંથી પાછા આગગાડીમાં બેસીને "બેનગર" કરીને કરનાવનશાયરનુ ગામડુંછે ત્યાં ગયા. એ ગામડામાં પેસતી વેળા એક નદીનો પુલ ઘણો નવાઈ જેવો હમોએ પસાર કીધો હતો, જેને "સ્ટીનીઆ સ્ટ્રીજ" નામ આપેલુછે, પણ તે "ટેસ્યુલર સ્ટ્રીજ" નાં નામથીપ્રી બોલખાયછે. એ પુલ લોખંડની મોટી ચોરસ નલીઓનો બાંધેલો અને તેને હેઠલથી મોટા પથરનાં થંભ આપીને ઉપર ઉભો કીધોછે, જે નલીઓની અંદરથી આગગાડી પસાર થાયછે. એ પુલ ૧૫૧૩) ફીટ લાંબો ૧૪) ફીટ પોહોળો અને નદીની ભરતીનાં પાણીની સપાટીથી ૧૦૪) ફીટ ઉંચોછે. તેમાંનો સૌથી મોટો નલ ૧૮૮૦) ટણ વજનમાંછે તથા બધા નલોનુ વજન ૧૧૪૦૦) ટણનુ કહેછે. એ નલોને પેહેલાં થંભોની અંદર ખાંચા કરીને પસાર કીધેલાછે, તેમાંનો સૌથી ઉંચો થાંભલાનો મીનારો ૨૩૦) ફીટછે. એ પ્રમાણે બે બાજુપર નલો નાખીને ગાડીઓ આવતી જતી પસાર થાયછે. એ પુલને બાંધતાં ચાર વરસ લાગાં હતાં. એ રીતનાં નલોનાં પુલ બાંધવાથી તે બીજા પુલો કરતાં ઘણો સલાંમત કેહેવાયછે, તથા એવો પુલ હમોએ આજેજ પેહેલવેહેલાં જોયો હતો. એનાં મોહોડાં ઉપર બેહુ બાજુએ ૨૫) ફીટ લાંબા પથરનાં સીંહ બેસાડેલાછે. એજ પુલની થોડેક દુર એક બીજો પુલ એજ "મીનાઈ" નદી પરથી પસાર થવા તદન ઝુલતો સાંકલ ઉપર બાંધેલોછે, તે પણ ઘણો સરસ અને જોવા લાયકછે.

બેનગરમાં હમો ઉતરીને ત્યાંથી આસરે ત્રણ મૈલ દુર સ્લેટનાં પથરની ખાણછે તે જોવા ગયા હતા. એ સ્લેટનાં ત્યાં આખા પાહાડોછે, જેમાના લૉર્ડ પેનરીહીન (Lord Penrhyn) વાલા પાહાડની ખાણ જોવા ગયા હતા. એ સ્લેટ કાહાડવા માટે પેહેલાં એક ઉંડો ૬૦) ફીટનાં કુવા જેવો ખાડો ખણેછે, અને પછી બંદુકનો દારૂ તથા ડીનેમાઈટ અને ગનકાટનથી ઉડાડીને તેમાંથી સ્લેટ બગી લઈ તે બાડાને પોહોળાણુ તથા ચોળાણુમાં મોહોટા કરતા જાયછે. એ મુજબનો મોટો બાડો થયો કે વળી તેની અંદર પાછો હેઠાણુમાંથી બીજી ૬૦) ફીટ ઉંડો ખણીને પાડો તેને બધી બાજુપરથી બણતા બણતા પેલા આગલનાં ખણેલા ભાગથી આસરે ૩૦) ફીટ નાંધળો ચોરસ કરેછે, અને તે મુજબ બીજા બાડાઓ ૬૦) ફીટનાં બગીને પેલા ૬૦) ફીટ ઉંડા થડોનો ચોક એક બીજાની અંદર કરવા જાયછે. એવા છ થડો દરેક ૬૦) ફીટનાં ઉંચાઈનાં હમણાં સુધીમાં ૨૦૦) વરસે થયાંછે, જેનો દેખાવ રોમના એમપ્રી ઠીયેટર (Roman Amphi Theatre)નાં જેવો લાગેછે. હમણાં એ મુજબ એ બાણુ ૩૬૦) ફીટ ઉંડી ગઈછે. એમાંથી દરરોજ આસરે ૨૦૦) ટણ સ્લેટ કાહાડેછે તથા ત્યાં રોજ ૨૩૦૦) માણસ કામે લાગેછે. એ સ્લેટની સાથે બીજો સાધારણ જાતનાં પથરનો પણ થોડો ઘણો ભાગ નીકળેછે, તથા ભાગેલી

૨૬ સ્લેટનાં કટકાઓને એ પાહાડની બાજુ પરની ખીણમાં નાંખી દેછે જે સારૂ એક અછી ગોઠવણ કીધીછે. પાહાડનાં મથાળાં પર પાણીનો એક ધણો મોટો જથો એકઠો કીધેલો એક મોટી ટાંકીની ગાડીમાં ભરેછે, અને તે ગાડીને પાહાડની બાજુપર ઢોળાવ કરી તે ઉપર મુકેલા પાતાપરથી હેઠાંણુમા તેનાં ભારથી જવા દેછે. હવે તેની બીજી બાજુપર હેઠાંણુમાં એક તેનેથી નાધળી ગાડીમા પેલા પથરા તથા ૨૬ સ્લેટ ભરી તેની સાંકળ પેલા પાણીવાલાં ગાડાં સાથે જોડેછે, જે મોટે જુદા લોખંડનાં પાતા નાખેલાછે. એ બાદ પેલી પાણીવાલી ગાડીમાં ધણો પાણીનો જથો હોવાથી તે હેઠે આવતાં પથર તથા સ્લેટનો ગાડીને ઉપર ખેંચેછે, એટલે તે ભરેલું ગાડું ઉપર ધસડાઈ જાયછે, અને ત્યાં બે માણુસો તેને ઉલટાવી નાંખી તેનો અંદરનો ૨૬ માલ ખીણુમાં નાંખી દેછે. પેલી પાણીવાલી ગાડી હેઠે ગઇ કે ત્યાં તેનું પાણી ખાલી કરી નાંખી તેનો ઉપર પથરની ગાડીઓ ભરેછે, અને પેલી ઉપરની પથરવાલી ગાડી ખાલી કરી નો હેઠાણુમાંનો ટાંકીવાલી ગાડીમાં પાણી ભરેછે કે હવે તે ગાડી હેઠે જતી જતી પેલી પથરની ગાડીને ઉપર ખેંચી મોકલેછે, જેથી ધણો બચાવ થાયછે. વળી હેઠે જે પાણી ખાલી કરી નાંખેછે તે ૨૬ જવા દેતા નથી પણ તેને નલીઓમાથી નીચાણનાં ભાગમા કાહાડી નાખી એજ માફક પાછું કામમાં વાપરેછે. સ્લેટનાં જે ધણા મોટા અને જાડા પથરો નીકળેછે તેને માણુસો નાધળા અને પતલા કરેછે, જે કરવાનું એ પથરાવોને છુટાં પડો હોવાથી ધણું મેહેનત પડેછે. એક મોટી લાદીને એક બાજુપરથી તપાસીને લાંબી છીણી અંદર ઠોકવાથી તેનાં પડ છુટાં પડી બે ભાગ સરખા થઈ જાયછે. તે મુજબ જો હજુ પાતલી કરવી હોયતો બીજા બે ભાગ કરીને જોઇતી જાડાઇનાં કરેછે. પેલા બાકીલા ભાગમાંથી કચરો લઈ જવા સારૂ દરેક થડમાંથી ટનલો પાહાડની અંદર કોતરેલીછે, જેમાંથી તરામનો માફક પાતા નાંખીને ગાડીઓમાં તરત પથર તથા સ્લેટો માણુસ ધસડી જઈ પેલે પાર મોટી ગાડીઓમાં ભરેછે, જેને એક એનજીન ધસડી લઈ જઈ દુર નાખી આવેછ; તથા આખી સ્લેટને પણ એજ માફક લઈ જઈ નદીને કીનારે લોર્ડ પેનરીડને ૧૭) લાખ રૂપીઆ ખરચીને વાહાણો આવજાવ કરવા માટે બાર બાંધેલું છે, ત્યાં બોટોમાં ભરી આવેછે, જ્યાંથી તેને બીજે દેશ નદી હોય ત્યાં સુધી સમતામાં લઈ જઇ પછી આગગાડીમાં દેશાવર મોકલેછે. એ બાંણુની આવક પેહેલાં ઘણી સારી થતી હતી, અને એનાં ધણીને દરશાલ તેમાથી બે લાખ પચાસ હજાર પૌંડ મલતા હતા, પણ હમણાં સ્લેટનો બપ બોછા થવાથી અઠવાડીઆનાં ચાર દીવસજ કામ કરેછે. એ જોઇને પછી હમો બેનગર આવીને ગામમાં ફરવા નીકલ્યા હતા. એ બેનગરનુ ગામડું જાણે એકજ મોટો મોહોલો હોય તેવુંછે, અને તેની હમેશની વસતી આસરે દશ હજાર માણુસનો કેહેવાયછે. પણ મોસમમાં બધાં મલી પચાસ હજાર માણુસો અહીંયાં આવજાવ કરેછે.

હીયાંથી આગગાડીમાં સાંજનાં છ વાગે બેસીને કરનારવન (Carnarvan) જે વેલશનું મુખ્યીમ શેહેર ગણાયછે ત્યાં આવીપુગા અને ત્યાંનાં રૉયલ હૉટલમાં ઉતારો લીધો હતો. ત્યાંથી પાછા તરત નીકલીને ત્યાંનો કીલ્લો જોવા ગયા હતા. એ કીલ્લો આસરે ૬૦૦) વરસનો જુનોછે, અને તે ઇગ્લાંડના રાજા પેહેલા એડવર્ડે બાંધ્યો હતો. એ કીલામાં એની રાણી એલીઅનોરે બીજા એડવર્ડનો જન્મ આપ્યો તેથી તેને પ્રીન્સ

ઓફ વેલશનો ખેતાબ આપ્યો હતો, અને ત્યારથી ઇંગ્લાંડનાં પાદશાહનાં વડા છોકરાને એ ખેતાબ અપાતો આવ્યોછે. એ કીલ્લો ઘણો મજબુત બાંધેલો હતો પણ તેની મરામત નહીં કરવાથી હાલ ઘણો બીસમાર હાલતમાં આવી ગયલોછે, જેને પાછો સુધારવા સારૂં તેને જોવાજનારા પાસેથી છ પેની ફી લીધામાં આવેછે. એની દીવાલો નજદીક બાર ફીટની જાડાઇનીછે, અને તેની અંદર નાધળા ઓરડાઓછે, જેમાંનો એક આસરે ૧૨) ફીટ લાંબો અને ૮) ફીટ પોહોલોછે, જેમાં પેહેલા પ્રીન્સ ઓફ વેલશનો જન્મ થયો હતો. જયારે પેહેલા એડવર્ડ વેલશ જીત્યું ત્યારે તેનાં તાબામાં ત્યાંનાં લોકોએ રેહેવા ના પાડયું, અને પોતાનાંજ દેશનાં એક ધણીને પોતાના હાકમ દાખલ માગવા લાગ્યા, જે ઉપરથી એ પાદશાહે તાલ કરીને તે લોકો પાસે એવું કબુલ કરાવ્યુ કે તમારાજ દેશમાં જનમેલા તથા ઇંગ્રેજી બોલનો એક પણ બોલ નહીં જાણનારને તમારો હાકમ બનાવું તે તમો કબુલ કરશો કે નહી, તે તેઓએ હા પાડવાથી પાદશાહે પોતાને ત્યાં જનમેલો દીકરો જે ત્રણ દીવસની ઉમરનો હતો, તેને લાવીને કીલ્લાની એક મોટી બારી પરથી વેલશનાં ઉમરાવોને તથા રૈયતને બતલાવી કહયું કે લેવો તમારા માગવા મુજબ એને તમારો પ્રીન્સ ઠેરવ્યોછે, જે આજેજ કીલ્લાની બર જમીનપર જનમેલોછે, અને ઇંગ્રેજી એક બોલ પણ બોલતો નથી તે ઉપરથી રૈયતે પોતાની કબુલાત પાલવા માટે તેને પોતાના પ્રીન્સ ઓફ વેલશ દાખલ કબુલ કીધો હતો. ઉપલો બારી પણ હજુ બતાવેછે. એ કીલ્લામાં સૌથી ઉંચો મીનારો ૧૨૦) ફીટછે, જેને ઇગલ ટાવર કરી કહે છે. તેની ઉપર અગલનાં રોમન કીલ્લાઓ જે અહીંયાં હતા તેમાં "કરેસ્ટ" દાખલ એક પથરનું મોટું ગરૂડ પક્ષી મુકેલું હતું તે, તથાબીજાં પુતળાંઓ લાવીને આએ ટાવર પર મુક્યાં હતાં, જેથી તેનું નામ ઇગલ ટાવર આપ્યું હતું. એ ગરૂડ પક્ષી તથા રોમન લોકોનાં પુતળાંઓ હજુ ત્યાંછે, પણ તેબી ઘણીજ બીસમાર હાલતમાં આવી ગયલાં અને બરાબર ઓલખાતાં પણ નથી. એ જોઇને પછી કરનારવન ગામમાં ફરી આવ્યા. અહીંયાંની વસતી આસરે ૯૫૦૦) માણસનીછે, અને ઘરો જરા સારી હાલતનાં તથા છુટા છુટા બંગલાઓ ડુંગર ઉપર હમણાં સારી રોનકનાં બાંધેલાછે. એ ગામની સામે દરીયાનો થોડોક ભાગ આવેલો હોવાથી તથા તે જમીનનો વચમાં ત્રણ ગમથી ઘેરાઇ જવાથી સરોવરનાં જેવો લાગયા ઉપરાંત ગામમાંથી તેનો દેખાવ ઘણો સારો દીસેછે. વેલશનાં ગરીબ લોકો ઘણા ખરા અંગ્રેજી બોલી જાણતા નથી, પણ અગલની ગેલીક બોલી બોલેછે. હમો બેનગરની સ્લેટની ખાણ જોવા ગયા હતા ત્યાંનાં કામ કરતા માણસોને સવાલ પુછવાથી તેઓ તે તદન સમજી શકયા નહીં, અને કહ્યું કે હમો એ બોલી જાણતા નથી, પણ નીશાળે માં અંગ્રેજી ભાશા શીખવેછે તેથી કોઇ કોઇ તે બોલી બોલેછે.

તા૦ ૨૬ મી જુલાઈ ૧૮૮૧—આજે સવારનાં દશ વાગે આગગાડીમાં બેસી કરનારવન છોડયું તે બપોરનાં પોણાં ત્રણ વાગે લીવરપુલ પુગા, અને ત્યાંનાં એડલફી હોટલમાં ઉતારો લીધો હતો. સાંજનાં ત્યાંનો જાણીતો સ્ટેન્લી પાર્ક જોવા ગયા હતા. એ પાર્ક પાછલ એક લાખ પચાસ હજાર પૌંડ ખરચ શેહેર સભાએ (Corporation) કીધોછે, જ્યાં ગાડી ઘોડા સારૂં સારા રસતા તથા ઘાસનાં મેદાનો તેમજ ફુંવારા તથા મોટાં ઝાડો રોપેલાછે. તે જોઇને પછી શેફ્ટન પાર્ક કરી બીજો પાર્ક જોવા ગયા હતા, જે ઉપર ત્રણ લાખ પચાસ હજાર પૌંડ બેઠેલા કહેછે.

એ ઘણોજ મોટો તથા ત્યાંના રસ્તાઓ પણ ઘણું મોટા તેમજ હુન્નરથી બનાવેલી નદીઓ અને કુંવારાઓ વાલાછે. એ પાર્કોમાં ઉપર જણાવ્યા જેવી મોટી રકમો ખરચીછે તે હમારા ધાર્વા મુજબ જગા ખરીદવા પાછલ ઘણી લાગી હશે. આ પાકની આસપાસ હમણાં સારી રોનકદાર ઇમારતો બીજા ઘણીઓની બંધાયછે. એ જોઇને બોટાનીકલ ગાર્ડન્સ" (વનસ્પતીનો બગીચો,) જોવા ગયા હતા. ત્યાં ઝાડ પાનનો ઘણો સારો સંગ્રહ કીધેલોછે, પણ કાંઇ નવી જાતનાં ઝાડો હતાં નહીં. ત્યાંનાં ફુલના કેઆરા નવો તરાહનાં તથા જોવા લાએકછે.

રાતનાં લાઇમ ખોટમાં આલ શોપશનો મુવીંગ વેકશ વર્કશ જોવા ગયા હતા, જ્યાં મીણનાં પુતળાનો સંગ્રહ કીધેલોછે, તે કાંઇ જોવા લાયક નથી તથા તે પુતળાંઓ તેના ઘણીઓને મલતાં પણ આવતા નથી. એમાં એક બે છોકરાઓના પુતળાં બનાવીને તેઓની પાસે કોરનેટ તથા બાશુન કરી વાજાંનાં યંત્રના સંચાથી રાગ ઘણાં સરસ વગડાવતા હતા. તે છોકરાઓનાં આંગલા પણ હીલીને ચાંપ દાબી જાણે તેથી વાગતાં હોય તેમ લાગતા હતાં, અને તે યંત્ર વગેરે એવું બતાવવા સારૂ તેની ઉપર ઓચીંતો રૂમાલ નાંખવાથી સાદ ઢંકાઈ ગયો હોય તેમ લાગતું હતું. એ જોઇને તેજ મોહોલામાં જરા દુરથી રેલ્વેશનનો રોયલ-વેકસ-વર્કસ એકઝીબીશન જોવા ગયા હતા. અહીંયાના મીણનાં પુતળાં પેહેલી જગ્યા કરતાં ઘણાં સરસ તથા બરોબર બનાવેલાં અને જોવા લાયકછે. હીંયાં આંબ ચુકવવાનો એક બેલ કરતા હતા, જેમાં એક ટેબલ ઉપર એક ઓરતનું અડધું ધડ હોય તેમ દીસતું અને તે ટેબલ હેઠલથી તદન ખાલી લાગતી, જેથી તે કેમ કીધું હશે તે જરા અજાયબ લાગતું હતું; પણ ત્યાંનાં રખેવાળને બે પેની જુદી આપવાથી હમો પડદાની અંદર ગયા, જ્યાં ચાર પગની ચોરસ ટેબલને તેનાં એક ખુણાની બાજુ પરથી જોનારાંની સામે મુકેછે, અને તે તરફથી દેખાતી બે બાજુપર બે પગની વચે મોહોડું જોવાની આરશીઓ રાખેછ એટલે ટેબલનો હેઠે શું હોયછે તે દેખાતું નથી. તેનાથી દુર બાજુપર બે બીજા પગ છુટાજ એક પડદાની પાછલ મુકેછ, જેનો ઓળો એવી રીતે પેલા ટેબલવાલી આરશી ઉપર પાડેછે કે જાણે બીજા બે પગ તેની અંદર મલી જઇને ચાર પગની ટેબલ દુરથી દેખાયછે. હવે એ ટેબલની ઉપર એક બાચો માણસનું આંગ જાય એટલો રાખીને તેમાં માણસ ઘુંટણ મંડાને બેસેછે; એટલ તેનો ઉપરનો ભાગજ દીસેછે, હેઠલનો ભાગ પેલી આરશીઓથી ઢંકાઈ જાયછ, અને ચારો પગ ટેબલના દીસવાથી જોનારા લોકો તે ટેબલનો હેઠે કાંઈ નથી એમ સમજેછે.

તા૦ ૨૭ મી જુલાઈ ૧૮૮૧—આજે સવારનાં લીવરપુલના મરશી નદીપરની વાહાણો ઉપરથી માલ ચડાવવા તથા ઉતારવાની ગોદીઓ જોવા ગયા હતા. ત્યાં આલબર્ટ તથા પ્રીન્સીસ ડોકની વખારો જોઈ હતી, જ્યાં બધી જાતનો દારૂ તથા તંબાકુ અને બીજો જકાત વાલો માલ ઉતરેછ. હીંયા દશ હજાર દારૂનાં પીપો મોટી મોટી વખારોમા ભરેલાં હતાં, જેને "બ્રોનોડ" કરી કહેછે. તે બધ પડે તેમ માલ ધણીઓ તે ઉપર જકાત ભરીને જાઈ જાયછ. મોટાં મોટાં પીપોમાં તંબાકુ દરેક પીપમાં એક ટણ સુધી ભરાઇને અમેરીકાના વરજીનાઆ વગેરે દેશથી આવેછે. એ તંબાકુની કીમત દર રતલે ૩) થી ૫) પેનીછે, પણ તેની ઉપરની જકાત ૧૮) પેનાં છે. દારૂ ઉપર દર ઇમપીરીઅલ ગ્યાલને ૧૧) શીલીંગ જકાત લેછે. તંબાકુ

ભરવા સારૂં વખારોનાં ૩)થી ૪) માળા કીધેલાછે. એ ગોદીઓ જોઇને વેલીંગટન ગોદી જોવા ગયા હતા જ્યાં બધી જાતનો અનાજ ઉતારેછે. એ અનાજ ડેલાઓમાં ભરાઇને વાહાણોમા આવેછે તેની જાતી પ્રમાણે જુદા જુદા ઢગલા કરેછે, જે માલો ઉપર લઈ જવાસારૂં ઘણીજ સેહેલી તાલ કીધેલીછે. વાહણમાંથી નીકલેલો અનાજ એક રેંટમાં પડેછે, જે રેંટ જેટલા માલ વખારના હોયછે તેટલી ઉંચાઈની હોવાથી તે ચલાવીને જે માળ ઉપર અનાજ લઈ જવાનો હોયછે તે ઉપર લઈ જાયછે. હવે એ રેંટ દરેક માળની બાજુ પર છે તેથી માળપરને માળપર અનાજ લાંબે લઈ જવા માટે રેંટમાંથી ચામડાનાં પટા આસરે ૨૫ ફીટ પોહોળા ચકરો પર દોડેછે તેમા પરેછે, જે પાતા તે અનાજને તોલવાનાં કાંટાઉપર નાખી ત્યાંથી તોલાઇને જે બાજુ ઉપર લઈ જવો હોય ત્યા પાતા પરથીજ લઇ જઇને તેની સામે એક જાતની ગળાણી મુકેલી હોયછે તેમાં ઉછલી પડીને એક બાજુ ઢગલો થતો જાયછે.

એ જોઇને સ્ટીમરમાં બેસીને બધી ગોદીઓની રચના જોતા જોતા આસરે છ માઇલ દુર ન્યુ-બ્રાઇટન જે લીવરપુલનાં દરીયા કીનારે, મરશી નદી દરીયામાં પડેછે તેના મથાળે લીવરપુલની સામેની બાજુનાં કીનારાપર લોકોને હવા ખાવાની જગા આવેલીછે ત્યાં ગયા હતા. એ બધો રસ્તો ગોદીઓથી ભરેલો અને તેમાં વાહાણો તથા સ્ટીમરો ઉભેલી હતી. એ ગોદીઓ ૫)થી ૬) માઇલ લાંબી અને દુનીઆના સૌથી મોટી ગણાયછે. લીવરપુલના આસપાસનાં ગામોમાં અતીઘણું કારખાના હોવાથી એ રસ્તે તેઓ પોતાનો (કારખાનાવાલાઓ) માલ મોકલેછે તથા મંગાવેછે, જેથી એ બંદરનો વેપાર ઘણો મોટોછે અને તે સારૂ ઘી મરશી ડોકચ કંપની કરીને એક કંપનો ઉભી કરી આએ સઘળો ગોદીઓ બાંધેલીછે. હીયાં મોટાં મોટાં વાહકમો આવીને ઉભાં રહી શકે તેવી ગોઠવણો કીધેલીછે. એ ગોદીઓ ઘણી ખરી ૧૮૪૫નાં શાલ પછી બાંધેલીછે. એમાં સૌથી જુની "ડેનીંગ-ડોક"છ જે સને ૧૭૧૭ માં બંધાઈ હતી, પણ તેને પાછલથી સમરાથી તે વખતે તેનું નામ બદલી નાંખ્યુંછે. સઘળો મલીને ૨૫—૨૬ ગોદીઓછે અને તે ગોદીઓ ૨૬૯ એકર પાણીનો તથા ૧૯॥ માઇલ ડંકાની જગા તેમજ બારકનહેડનો બાજુપર બીજા ૧૬૪॥ એકર પાણી તથા ૯॥ માઇલ ડંકાની જગા રોકેછે. બધી મલીને એ "મરશી-ટરશટ" ને હસ્તક ૧૮૫૯ એકર ઇસ્ટેટની જગાછે. એ ગોદીઓમા સને ૧૮૭૭નાં સાલમાં૧૮૨૬૦) વાહાણો તથા સ્ટીમરો સીતેરલાખ ટનનો આવી હતી, અને ગોદીનો જકાત દાખલ તે શાલમાં એક કરોડ રૂપીયા ઉપજયા હતા, તથા ગોદીમાથી ૮૪) કરોડ રૂપીઆનો માલ બાહાર ગયો હતો તેમજ કશટમનો જકાતના ૩) કરોડ રૂપીયા ઉઘરાયા હતા. અહીંયાં દરશાલ અમેરીકાથી આસરે ૩નો ૩૫) લાખ ગાંસડી આવેછે, જે સને ૧૭૮૫ના શાલમાં ફકત એક કોથલી નમુના દાખલ આવી હતી, તે સાથે જોતાં એનો એમો વચ્ચમાં કેટલો વેપાર ખીલ્યોછે, તે માલમ પડશે. ન્યુ-બ્રાઇટનમાં સાઉથ પાર્ટ અને બ્લેકપુલની માફક દરીયામાં ડંકાની માફક હવા ખાવાની તથા ફરવા હરવાની જગાછ. તે ડંકો દરીયાની અદર ૫૬૦) ફીટ લાંબો બાંધેલોછે, અને ત્યાથી નદી અને ગોદીમાંના વાહાણોનો દેખાવ સારો દીસેછે, તથા ત્યા ઘણું રેશટોરાન્ટ(Restaurant) તથા હૂ ટલોછ, તેમજ દરીયા કીનારે જેટલી હવેલીઓછે તે બધાની હેડલ રેશટોરાન્ટ તથા સખી પાડવાની દુકાનો . એ જગા પર લોકોનો મોટી આવજાવછે, અને

માંજનાં મુંબઈમાં જેમ પવનચક્કી લોકો ફરવા જાયછે, તેમ લીવરપુલનું લોક અહીંયાં ફરવા આવવાથી સ્ટીમરો દર ૦ કલાકે આવજાવ કરેછે, અને દરેક સ્ટીમરમાં હમોએ બમોથી ઉપર માણસો જોયાં હતાં. ગ્રાઇટન જઇને આવવાની માણસ દીઠ ૬) પેની લેછે. એ જોઇને હમો પાછા લીવરપુલ આવ્યા. રાતનાં પ્રીન્સીસ થીયેટરમાં "સીલીશાલી"(Shilly Shally) નો નાચ જોવાગયા હતા.

તા૦ ૨૮ મી જુલાઈ ૧૮૮૧—આજે સવારનાં દશ વાગે આગગાડીમાં બેસીને ચેશટર કરી લીવરપુલથી આસરે ૨૫) મૈલ દુર એક અસલનું ઘણું જુનુ ગામ છે ત્યાં ૧૧) વાગે ઉતર્યા હતા. એ ગામની અસલના કોટની દીવાલ ઘણી મોટી આસરે બે મૈલ લાંબી અને ૪) થી ૬) ફીટ પોહોળી શેહેરને ઘેરી લેછે, અને તે એટલી તો જુનીછે કે આજે ૨૦૭૦) વરસપર તે બીસમાર હાલતમાં આવ્યાથી તેને પાછી રાજા આલફ્રેડની છોકરી એડેલરીડા એ સમરાવી હતી. તેની ઉપર છુટા છુટા મીનારાઓ બાંધેલાછે. એમાંનો એક ટાવર જેને ફ્રોનીકશ ટાવર કહેછે ત્યાંથી ઈંગ્લંડના રાજા પેહેલા ચાર્લ્સે સને ૧૬૪૫ માં પોતાનાં લશ્કરને મદ્દ મારગેદીકુક લેગદેલની સરદારી હેઠલ પાર્લામેંટનાં જેનરલ પોપહેમના સરદારીવાળાં લશ્કર સામે લડતાં તથા હારી જતાં જોયું હતું. એ ટાવર હજુર સલામતછે તથા ત્યાં એ બીનાની તખ્તી મારેલીછે. એ કીલ્લાનો દીવાલ ઉપરાંત એ ગામનાં જુનાં પુરાનાં ઘરો ૩૦૦) થી ૪૦૦) વરસ સુધીનાં હજુ મોજુદછે, અને તે પણ જોવા લાયકછે. એ ઘરોને બાહારથી બધી દીવાલપર ચોરસ બાંચાઓ પાડી તે ઉપર નકસીઓ કીધેલીછે; તેમાંનુ એક ઘર જે સૌથી જુનુ અને જેને "ગોડશ પ્રોવીડેનશ હાઉશ"કહેછે તે હમો અંદરથી જોઈ આવ્યા હતા. એ ઘરનો દાદર તથા શોલીમાર અને બીજું એક જુનુ ફરનીચર આપણું અસલી પારસીઓના ઘરો તથા સામનને મલતું આવેછે. એ ગામમાં હમણું ઘણી સારી હવેલીઓ બાંધેલી તથા ત્યાં થોડાં ઘણાં કારખાનાં પણ છે. હીંયાંથી ત્રણ મૈલ દુર ડયુક ઓફ વેસ્ટમીન્સ્ટર જે આખા ઈંગ્લંડમાં સૌથી મોટા પૈસાદાર ગણાયછે, જે ઈટન-હૉલ નામે ઓલખાતો મેહેલ જોવા ગયા હતા. એ જોવા જવા સારૂં માણસ દીઠ શીલીંગ આપવી પડેછે, જેનાં રૂપીયા ચેશટરની હસપીટાલમાં ધરમખાતે વપરાયછે. એ ઘણીની જગા ઘણીજ મોટી એક જણનાં કેહેવા પ્રમાણે ૭) મૈલ લાંબી અને ૭) મૈલ પોહોળીછે, તથા બીજાનાં કેહેવા પ્રમાણે ૮ થી ૧૨ મૈલ૧૭ અને તેની વચમાં એનો મેહેલ આવેલોછે. એ મેહેલ ઘણો મોટો અને જોવા લાયકછે. એ અસલનાં જુના મેહેલની પડોશમાં બંધાયછે, જે ઉપર ૧૧) વરસ થયાં કામ ચાલેછે અને તેનો ઉપર ૧૧) લાખ પૌંડ ખરચાઇ ચુકાછે. ઈંગ્લંડમા સૌથી સરસ અને ભપકાદાર બાંધણીનો મેહેલ એ ગણાયછે, અને તેની દીવાલોપર તથા શીલીંગો ઉપર ચીત્ર કામનાં ઉસ્તાદો ચીતાર પાડેછે, તથા હજુ બરોબર તયાર થતાં એક વરસ બીજું લાગશે એમ કહેછે, અને તે ઉપર સઘળો મલીને દોઢોંડ કરોડ રૂપીયાનો ખરચ થશે. એનો એક હૉલ જે ૪૧ થી ૩૧ ફીટનોછે તેની જમીન રંગીન સંગેમરમરનાં પથરનીછે, તે પથરપરજ ૧૬૦૦) ગીની બેઠીછે, જે ઉપરથી સઘળો કેટલો ખરચ થયો જોઇએ તેની ગણત્રી અટકલી શકાશે. એનાં શણગારમાં જવાના બારણાં મેહોગની લાકડાંનાં છે તે દરેકપર ૧૦૦) ગીની લાગીછે. એનો તખ્તેલો બંધાઇને તૈયાર થયોછે તે ઉપર દશ લાખ રૂપીયાનો ખરચ કીધોછે;

એમાં દરેક ઘોડા સારૂં હાણેા છુટાં છુટાં ઘણું સરસ બાંધેલાંછે, અને તેનાં થાંભલા ઉપરનાં દગાઓ સંગીન જરમન રૂપાનાં કીધેલાંછે. ઘોડાઓને નહવાડવાની, સાફ કરવાની, હારનીમેા મુકવાની, જીનેા મુકવાની, ઝુલેા સુકવવાનો, નાલ મારવાની ઇત્યાદીની જુદી જુદી જગાઓ કીધેલીછે. તેમજ આજારી ઘોડાઓને રાખવાની જગા પણ જુદીછે. ઘોડાવાલા તથા કોચમેનેા સારૂં રેહેવાનું તથા ખાવાની જગા તથા હૉલ પણ બાંધેલાંછે. એ ડયુકને ઘોડાઓનેા ઘણેા શેાખછે, અને એનેા પાસે નજદીક ૪૦૦) ઘોડાછે, તેમાં સરતનાં તથા હનટરસની ખરીડ કરવા એટલે ઘેાડા જણાવવાનું ખાતું પણ પેાતે રાખેલું છે, જયાં ૫૦) ઘોડાનાં બચાંછે તેની કીમત ૪૪૦૦૦) ગીની કેહેવાયછે. તેઓમાનેા એક ઘોડેા જેને "ડોનકેસ્ટર" (Doncaster) કરી કરેછે તે એ ડયુકે ૧૩૦૦૦) ગીની આપીને ખરીદ કીધેા હતેા, અને તેને બ્રીડીંગ (Breading) સારૂ એટલે ઉડવાને રાખેલેાછે, જેનાં દરેક બચાંનેા ૨૦૦૦) ગીનેાની કીમતે માગણી થાયછે. "બેન્ડઓર" કરીને આખા ઇંગ્લંડમાં સૈાથી સરસ સરત જીતનાર ઘેાડેાછે, તે એ ઘેાડાને પેટનેાછે અને બીજાઓની ઘેાડીઓ અહીંયાં ખરીડ કરવા મેાકલાવેછે તે દરેકનો ૧૦૦) ગીની લેછે, એ ઘેાડેા એટલેા વખણાયલેાછે. એ જોઇને પાછા ચેસ્ટર ગામમાં આવીને ફરવા નીકલ્યા. અહીં મેાહેાલ્લાનો હવેલીઓનો હેાલ નાધલી દુકાનેા કરીને તેનીપર ઓટલા બાંધી લીધેલાછે, જે રાહદારીઓને ચાલવા સારૂં રસતા તરીકે ઉધાંડા રાખેલાછે, અને જેથી વરસાદમાં મેાહેાલ્લાનાં એક નાંકાથી બીજા નાકે ભીંગાવા વગર લેાક જઈ શકેછે. અહીંયાંનેા ટાઉનહાલ તથા દેવલેા મેાટાંછે. ચૌટ-જોન્સનું દેવલ સૈાથી જુનું ગણાયછે તે હમેા જોવા ગયા હતા; એનેા અમલનેા જુનેા ભાગ ઘણેા ખરેા પડી ગયેા હતેા પણ ત્યાર પછીનેા ૮૦૦) વરસપર બાંધેલેા ભાગ હજુ થેાડેા ઘણેા સલામતછે. એની અંદરનેા હૉલ ઘણેા મેાટેાછે, તેમાં થાંભલા પણ ઘણા મેાટા અને ગેાળછે, જેમાંનાં એકપર જુના રંગીન ચીતરા ભાંખ્યાં મારી ગયાંછે. એ દેવળ ઘણું મજબુત બાંધેલું હેાવાથી જો તેને સમરાવી બરેાબર રાખેતેા બીજાં ૮૦૦) વરસ સુધી જવાબ આપે એવું મજબુતછે. એ જોઇને રાતનાં સાત વાગે પાછા લીવરપુલ આવ્યા હતા. એ ચેસ્ટર શેહેર "ડી" (Dee) નદી ઉપર આવેલું છે, અને તેની વસ્તી આસરે ૩૮૦૦૦) માણસની કેહેવાયછે અને ચેશાયર પરગણાંનું પાયતખ્તછે.

તા૦ ૨૯ મી જુલાઈ ૧૮૮૧—આજે લીવરપુલનેા વખણાયલેા ચૌટ જયેાર્જશ હૉલ જોવા ગયા હતા. એ હૉલ અહીંયાં સૈાથી સરસ ગણાયછે, અને તેમાં આપણા મુંબઇનાં ટાઉન હાલની માફક જાહેર સભાઓ તથા કોન્શરટેા થાયછે અને તેની આસપાસનાં બીજા ઓરડાઓમાં એશાયઝ કોરટ તથા બીજી કોરટ ભરેછે. હમેા એ જોવા ગયા હતા તે વેળા એશાયઝ કોરટ (જેને આપણે શેશન કહીયેછે) ભરવાની તૈયારી કરતા હતા, અને ન્યાયધીશને લેવા સારૂં ઘણાક સીપાહી તથા બીજા હોદેદારેા ઉભેલા હતા, તથા ન્યાયધીશ આવ્યેા ત્યારે એક સરઘસ કરીને બ્યુગલમાં રાગેા વગાડતા તથા તેનેા જમેા પાછલથી બે જણું ઉચકીને ચાલતા એરડામાં લઈ ગયા હતા, જે ઘણું ભપકાદાર લાગતું હતું. એ હવેલી ૬૦૦ થી ૧૭૦ ફીટનીછે એનેા હૉલ ઘણેા મેાટેા અને જોવા લાએકછે, તે ૧૮૦ ફીટ લાંબેા અને ૮૪ ફીટ ઉંચેાછે. તેની જમીન સંગેમરમરનાં પથરની લાદીઓનીછે, તથા

થાંભલા પણ જાડા પાલીશ કરેલા ગ્રેનાઈટ પથરનાંછે અને એનાં કેાન્સરટ રૂમમાં ૧૪૦૦) માણુસેાની બેસકછે. એનેા ઓટલેા પણ મેાટેા અને તેને ૧૬) મેાટા થાંભલા ૪૦) ફીટ ઊંચા મુકેલાછે, તથા તે પર જવા સારૂં ૨૦૦) ફીટ પેાહેાળી સીડી કીધેલીછે, તેથી તેનેા દેખાવ ઘણેા સરસ લાગેછે. એ ઇમારત ઉપર બે લાખ પૌંડ ખરચ લાગેાછે. એની બાહારથી આપણી માહારાણુી તથા પ્રીન્સ આલબર્ટનાં ઘેાડા ઉપર બેસાડેલાં બે પુતળાં મુકેલાંછે. એ જોઇને પછી ટાકુનહાલ, જ્યા લીવરપુલનેા મેયર પેાતાની હાજીશ રાખેછે, તથા જાહેર ખાણું આપેછે, તે જોવા ગયા હતા. એ જગ્યા પણ ઘણી મેાટી તથા તેની અંદરના બેસકના તથા જમવાના દીવાનખાનાઓ ઘણાં મેાટાં અને સણુગારેલાંછે. એનાં છપડાંપર એક મેાટેા ગુંબજ બાંધેલેા હેાવાથી તે ઘણેા શેાભેછે. એ જોઇને પછી સંગ્રહસ્થાન જોવા ગયા હતા, જ્યાં સઘળી ચીજોનેા સારેા સગ્રહ કીધેલેાછે. એ સંગ્રહસ્થાનને લગતું એક કીતાબખાનું લીવરપુલનાં લેાકેાને મફત વાંચવા સારૂં ઊંઘાડું મેલેલું છે, અને જ્યાં ઘણાં લેાક વાંચવા બેઠા હતા. ત્યાંથી નીકળેલા અતરેનું મેાટું બજાર જોવા ગયા હતા. એ જગા ૫૬૦) ફીટ લાંબી તથા તેનાં પાંચ ભાગેા જુદી જુદી હાર (દુકાનેા) ને સારૂં કીધેલાછે, અને તે બે એકર જમીન રેાકેછ. એ જોયા પછી આગગાડી પર જઇને બપેારનાં કલાક ૧૨-૧૦ મીનીટે લીવરપુલ છેાડયું. લીવરપુલ શેહેર ઘણું મેાટું અને તેની વસતી પાંચ લાખ માણુસની કેહેવાયછે, તથા તે આસરે આઠ ચેારસ મૈલ જગા રેાકેછે. એ શેહેરનાં મેાહેાલાઓમાં ઘણીક મેાટી મેાટી હવેલીઓ બાંધેલીછે. હમેા લીવરપુલનાં ઘણુંક મેાહેાલાઓમાં ફરયા તથા વેપાર બજાર પણ જોયું હતું. એ છેલી ઇમારત ચેારસનાં ત્રણ ભાગની બાંધેલી, અને ચેાથા ભાગપર ટાકુનહાલ આવેલેાછે. મેાહેાલાઓ ઘણાં મેાટા, અને વેપારને લીધે રસતામાં ભીડ પણ ઘણી રહેછે. એનું કશટમ હાકુશ, પેાસ્ટ હાકીશ, શેલરશ-હેામ, વેાકરશ આરટ ગેલેરી તથા કેાલેજીએટ ઇન્સ્ટીટયુશન પણ મેાટી અને બાહારથી ભપકાદાર હવેલીઓછે, પણ હમાને વખત થેાડેા હેાવાથી અંદર જઇને જોઇ શકયા નહીં.

લીવરપુલથી બપેારનાં ૧૨-૧૦ મીનીટે નીકળેલા રેાશલી કરી સ્ટેશનછે ત્યાં બે વાગે પુગા, અને ત્યાંથી આસરે ચાર મૈલ દુર હેડન હૅાલ નામે ડયુક ઓફ રટલેન્ડનેા પડી ભાગેલેા મેહેલછે તે જોવા ગયા હતા. એ મેહેલ ચાંદમી સદીનેા બાંધેલેા હતેા પણ હાલ તે ઘણેા બીસમાર હાલતમાં આવવાથી તેને અસલની નેારમન વખતની ઇમારતના સેાથી સરસ નમુનાં દાખલ ખંદેર રાખી મુકેલેા છે. તેનેા ઘણેાખરેા ભાગ પડાંમતછે, અને અસલનાં દીવાનખાંનાં તથા ઓરડાઓ જેમનાં તેમ રાખેલાછે. જમવાનાં ઓરડામાં ઉભરાઇને આવાની મેાટી ટેબલ જરા ઊંચા પલેટફેારમ ઉપર મુકેલી તથા બેસવા સારૂં બાજેટ કીધેલાછે, તેની બાજુએ નીચાણમાં તેમનાં માણુસેા જમવા બેસતાં હતાં. આગલનાં વખતમા એવેા ધારેા હતેા કે જે માણુસ તે પાસે આવેલેા દારૂ નહીં પીયે તેા એક લાખની બેડી જે ઊંચે ટાંગેલીછે તેમાં તેનેા હાથ બંધ કરી તેની બાહેામાં દારૂ તથા થંડું પાણી રેડી તેને સજા કરતા હતા, જે બેડી બાગણું ઉપર જેમની તેમ હજુ ટાંગેલી હમાએ જોઈ હતી. હૅાલમાં દીવાલનાં મથાળાંપર અસલનાં લેાકનાં કેાટ ઑફ આરમશ તથા બે હૅાલનાં લૉડેઓનાં "કરેશેા" લાકડામાં કેાતરીને ગેાઠવેલા

તથા તેની સગડીપર (Dread God and Honor The King) એટલેજે "ઓદા. થી ડરો અને પાદશાહને માન આપો" એમ કોતરેલું છે. સુવાના ઓરડામાં અસલની જુની હાથની ચુંકેલી ટેપેસટરી જેમાં ઇસપ્રસની વારતાઓમાંની વીગતો ચુંડીને સરસ રીતે ઉતારેલી તે મુકેલી છે. તે ઉપરાંત તેની આસપાસનાં બીજા ઓરડાઓમાં પણ ટેપેસટરીથી દીવાલો તથા બારણાંઓ ભરી લીધેલાં છે. એ ઓરડામાં અસલનો જુનો ઢોલીયો, જે ઉપર રાણી એલીઝાબેઠ સુતી હતી, તે જેમનો તેમ તેનાં રેશમી ગેાદડાં તથા ભરત કામની કુરતીન સુધાં રાખેલો છે; તથા પેહેલા ડયુક ઓફ ગ્રટલેન્ડનું લાકડાનું બનાવેલુ પાળણું ત્યા નવાઇ દાખલ જોવાને રાખેલું છે. અસલ એ મેહેલ તથા તેને લગતી મોટી જગાનો ઘણી મર જયાર્જ વરનન હતો, તેને પેટે બે છોકરીઓજ હતી, તેમાંની એક છોકરી સાથે મર જોન મેનરસ, જે પેહેલા અરલ ઓફ રટલેન્ડનો છોકરો થાય, તે પેલી છોકરીનાં બાપની ખુશી ઉપરાંત એક દીવસે નાચમાંથી તેણીને અટકાવી જઇને છુપી રીતે પરણ્યો હતો. તે છોકરી જે બારણું આગલ તેની રાહ જોતી ઉભી રહી હતી તે બારણું તથા જે રસ્તે છુપી નાસી ગઇ હતી તે રસ્તો હજુ લોકોને દેખાડેછે. એ મેહેલ તે છોકરીનો બાપ મરી ગયા પછી તેના કાલામાં આવ્યાથી તે અરલ ઓફ રટલેન્ડનાં બાનદાંન હસ્તક આવ્યોછે. એ બેહુ કુટુંબનાં કરેલાટો, મોર તથા ભુંડનુ માથું અને બે જુનાં યુચિના ઝાડ (Ewe tree) ઉપલા આકારમાં કાપીને સંભાલથી ઉગાડેલાં એના બાગમાં હજીછે.

તે જોઇને ત્યાંથી છ મૈલ દુર ચેત્સવરઠ ડયુક ઓફ ડેવનશાયરની જગાછે ત્યાનાં ચેત્સવરઠ હોટલમાં ઉતારો લીધો હતો, અને વખત હોવાથી એ ડયુકનાં પાર્કમાં તથા જંગલોમાં એક કલાક સુધી ગાડીમાં ફર્યા હતા, જે ઘણો જોવા લાયકછે. એમાં આસરે ૨,૦૦૦) હરણ, સસલાં, ફેશનટશો, ઇત્યાદી શીકાર કરવા મુકેલાંછે, તેમાં સસાઓનો તો કાંઈ હીસાબ નહીં મલે. એ પાર્ક નાધળા નાધળા ડુંગરોપર આવેલો હોવાથી ત્યાંની બધી આસપાસની જગાની રચના ઘણી સરસ દીસેછે. એ જગા આસરે ૩૦૦) ચોરસ મૈલ સુધી ઉપલાં ડયુક ઓફ ડેવનશાયરનીછે, જે ઘણીની બધી મલી ૪૦) થી ૫૦) લાખ રૂપીયા સુધીની આવક વરસ દહાડે કેહેવાયછે. એ જોઇને એનાં શીકારનાં કુતરાઓનું ઘર (કેનલ) જોવા ગયા હતા, જયાં જાત જાતનાં કુતરા સારૂં જુદા જુદા ઓરડા તથા ચોકેા રાખેલાછે. તે જોઇને ફેશનટશોને બરબાં કાહાડવાની જગા જોવા ગયા હતા. એ ફેશનટશો છુટાં છવાયાં ઇંડાં મુકેછે, તેમાનાં જે હાથમાં આવેછે, તેને એકઠાં કરીને મરઘીઓને તેપર સેવન બેસાડી બચ્યાં કાહાડેછે, અને તેમાંનાં થોડાં બચ્યાં રાખીને બાકીનાં છોડી દેછે, જેમાનાં કેટલાંક હમારા દીઠામાં આવ્યાં હતાં. એ ઉપરાંત જંગલોમાં ફેશનટશો બચ્યાં પોતે કાહાડેછે તે જુદાં, જેઓનો શીકારની રૂતુમાં (આગસ્ટથી ડીસેમબર સુધી) ડયુક તથા તેનાં દોસ્તો શીકાર કરેછે. એ વગેરે હરણ તથા સસાનો પણ શીકાર મોટો કરી તેમાંથી ઘણો ભાગ પોતાનાં ગરીબ ભાડુતોને તથા હસપીટાલમાં એ અમીર મોકલી આપેછે.

તા૦ ૩૦મી જુલાઈ ૧૮૮૧—આજે સવારનાં ચેત્સવરઠથી સાત મૈલ દુર "ઇઆમ" (Eyam) કરી ગામડાંમાં સીમાંની બાંણ જોવા ગયા હતા. તે બાંણ ૮૫૦) ફીટ ઉંડીછે, તથા તેમાંનું પાંણી કાહાડી નાખવા સારૂં તેમાં બે મૈલ

સુધી ટનલ ખણેલીછે, જેમાંથી પાણી નદીમાં જાયછે. એ સીસું સોનાની માફક (Quartz) પથરમાં છુટા છુટા કટકા સાથે મલેછે, તેને ખાણુમાંથી બાહાર કાહાડી એક બાજુથી ચાલતી હથોડી વડે નાધળા કટકા કરીને પછી બે ચકરો વચ્ચે છુંદી ભુકી કરેછે, જે એક જાતની રેંહેટમાં પડેછે. તે રેંહેટની હેડાંણુમાં પાણીની અંદર ચાલણીછે તેમાં એ ભુકો તથા તુકડાને નાખી પાણીમાં જેમ સુપડું હીલવીએ તેમ તેને હીલવ્યા કરેછે, જેથી સીસાંનો ભાગ ભારી હાયછે તે હેઠળ બેસેછે, અને મોટું હલકું હોવાથી તે ચાલણીનાં ઉપલા ભાગમાં તરી આવેછે. પછી તે સીસું કાહાડી લઇને તેને એક બીજાં ચકરમા છુંદીને રેતી જેવું કરેછે, તથા પેલું પાણી ટાંકીમાંથી ગટરોને રસ્તે લઇ જઇ બીજી ગમ ટાંકીઓમાં એકઠું કરીને તેની અંદરની રહી ગયલી રેતી જેવી સીસાંની ભુકીને ડરવા દેછે તથા પાણી ઉપરથી ચાલી જાયછે. તે સઘળી સીસાંની ભુકીને તે જગ્યાથી ચાર મૈલ દુર ભઠ્ઠીછે ત્યાં લાવી તેના લાડા(Pigs lead) બનાવેછે. એ ખણમાં ૩૦) ટણ પથર મધેથી એક ટણ સીસું નીકલેછે, અને તેનો કારભારો કેહેતો હતો કે સીસાંનો ભાવ દર ટણે ૧૬) પૌંડ હતો તે હાલ કમી થઇને ૭) પૌંડ થવાથી ખાણુને ચલાવવામાં ઓટ આવવાને લીધે તેનો થોડો ભાગજ ચલાવેછે, અને તેની આસપાસની જગોપરની ખાણો બીલકુલ બંધ કરીછે, તથા તેમાંથી દરરોજ ૩૦) થી ૪૦) ટણ સુધી પથર કાહાડેછે, જે મધેથી એક ટણ સીસું નીકળેછે. એ જગા ડરબીશાયરમાં આવેલીછે, જ્યાં એક નવાઇ જેવો ધારો હમોએ આજે સાંભળ્યોછે; તે એક એ જગામાં કોઇપણ અંજાણો માણસ સીસાંની ખાણુ શોધી કાહાડે, તો તેનો ધણી તે થાય, અને તે પોતે પેલી જમીનનાં ધણીને એક પઇ પણ આપ્યા વગર ખાણુ ઓદે તથા તેમાથી જેટલું સીસું નીકલે તેમાંનો તેરમો ભાગ એ ડરબીશાયરનો લોર્ડ લેફ્ટેનંટ, જે ત્યાંનાં ચેત્સવર્ઠ ઇસ્ટેટનો ધણી ડયુક ઓફ ડેવનશાયર હમેશ હોયછે, તેને મલેછે. જે ખાણુ હમો જોવા ગયા તે જમીનની માલેક એક ઔરત પણ કામ કરતી હતી. કંપનીએ ખાણુ શોધી કાહાડીને ડયુક ઓફ ડેવનશાયરે એ બાબદસર રાખેલો માણસછે તેને દેખાડી કે તેણે આવીને આસપાસની જગા ભરી લઇને કંપનીને સ્વાધીન કરીધી, અને તે બીચારી ઔરતને એક અરધી પણ દામ દાખલ આપી નથી. હમો ધારીએછે કે અસલ એ બધી જગ્યાઓ ડયુક ઓફ ડેવનશાયરનાં વડાવાઓનો હશે, પણ તે અસલનાં વખતમાં વસેલી જમીન નહીં હોવાથી લોકોને મુફત રેહવાને આપી હશે, અને તે વખતે ખતમાં એવી કબુલાત નાંખી હશે કે તેમાથી જેખી ખાણુ શોધી કાહાડે તેને તે ખાણુ કાહાડવા જેટલી જમીન મફત આપવી, અને તેની ઉપજનો તેરમો ભાગ એ જગ્યાનાં અસલ ધણી ડયુક ઓફ ડેવનશાયરના ખાનદાનનાં વડાને મલે. એ બાબદસર ત્યાંનાં લોકોનાં કેહેવા મુજબ પાર્લામેંટમાં ધારો પસાર કરીધોછે, અને જોકે એ ખાંણુની આસપાસ ડયુક ઓફ ડેવનશાયરની કાંઇપણ જમીન નથી, તોપણ તેમાંથી નીકલતી ખાંણુનો તેરમો ભાગ તેને મલ્યો જાયછે.

એ જોઇને પછી પાછા ચેત્સવર્ઠ આવીને એ ડયુક ઓફ ડેવનશાયરનો ચેત્સવર્ઠ હૅલ જોવા ગયા હતા. એ હૅલ તથા તેને લગતો બાગ આદીતવાર શીવાય દરરોજ બપોરનાં ૧૧) થી તે ૧) વાગા સુધી લોકોને જોવા ખુલ્લો મુકેછે, જે ઘણો સરસ અને જોવા લાયક હોવાથી આસપાસનાં ગામોમાંથી ઘણું લોક જોવા આવેછે. એ મેહેલ શને ૧૭૦૩માં વીસ વર્ષે

બાંધી તૈયાર કીધો હતો. તેની સીલીંગો, દીવાલો ઇત્યાદી જાત જાતનાં ઊંચાં ચીત્રોથી ભરેલી તથા જમીન સંગેમરમરનાં પથરો અને ઘણુંજ પાલીશ કીધેલાં ઊંચાં લાકડાંની બનાવેલીછે. તેનાં થાંભલા ઊંચી જાતનાં સંગેમરમરનાંછે. તથા મુખ્યસામનની તો કાંઇજ તારીફ નહીં થાય તેવું કીમતી અને ઊંચી જાતનું ફરનીચરછે. એની દીવાલોપર રેશમી શાટીન જડેલીછે, તેમજ જાત જાતનાં કીમતી પથરોનાં પુતલાં, ઉસ્તાદ ચીતારાઓને હાથનાં ચીત્રો, નવી નવાઇનાં પથરોનાં થાંભલા, ઝાઝીશો, ઇત્યાદીનો તો કાંઇ કાગજ નહીં. બારણાંઓ આખાં મેહોગેની લાકડાનાં, કોરનીસોને સોનાની ગીલીટો કીધેલી, હૉલમાં ઘણી ઊંચી જાતની ફરેમોમાં મુખ્ય પીકચરો, તથા ગીલીટનું ફરનીચર એ મુખ્યળાંની તારીફ હમો લખી શકતા નથી. એ મેહેલને લગતું એપલ (નાહાનું દેવલ) છે તે વળી ઘણું મુખ્ય સણગારેલું અને તેના આલટર (Altar)ની બાજુઓ સંગેમરમરની તથા થાંભલા પણ સંગેમરમરનાંછે. ત્યાંની દીવાલો તથા શીલીંગો ઉપર બાઇબલમાંની હકીકતને લગતું ઓઇલ પેનટીંગ મારૂં ચીતારેલું છે. એ મેહેલનું કીતાબખાનું પણ મોહે ટું અને તેમાં ૩૦,૦૦૦) ઉપર પુસ્તકોછે. તે ઓરડામાં ઘણી કમતો જમા કરેથીબી સણગાર જેવો લાગેછે. તરકીનાં મુલતાંને મોકલેલી એક બોટ તથા રશીઆના શેહેનશાહે મોકલેલી એક લીલા પથરની ટેબલ તથા લીબ્ર જયોર્જ અને ચોથા વીલીયમની તખ્ત ઉપર બેસાડતી વખતે ક્રોયા કરવાની ખુરશીઓ, આડમાં હેનરીની ભણુવાની તસ્વીર, ફ્રાન્સનાં ચૌદમાં લુઇની કમત, ભરત કામનો ખુરશીઓ—જેનું ભરતકામ કાઉન્ટેશ ઓફ સ્કમબેરીએ સ્કોટલાંડની રાણી મેરીને જ્યારે એ જગ્યાપર કેદ રાખી હતી ને વખતે ભરી મોકલેલું તે ઘણું જુનું અને જોવાલાયકછે. એ મેહેલમાંનાં ઓરડાઓ જો તેનાં બારણાં ખુલાં મુકેતો ૫૦૦) ફીટ લંબ ઇમાં તથા મેહેલની બાહાર ફરવાની અગાસી ૧૨૦૦) ફીટ લાંબીછે. એ જોઇને પછી એનો બાગ જે આખા ગ્રેટ-બ્રીટનમાં વખણાયલોછે તે જોવા ગયા હતા. એ બાગ મારૂં કાચનાં હોટ-હાઉશ ઘણાં મુખ્ય બાંધેલાંછે. તેમાં એક ઘર ઘણું મોટું છે જે બાંધવા પાછલ એકલાખ પૌંડ બેહા હતા, તથા તે મુર જોસફ પેકશટન નામના એના માલીએ મને ૧૮૫૧ નાં એકઝીબીશનની ઇમારતના નકશા મુજબ બાંધેલુંછે. એ જગ્યા ૩૦૦ ફીટ લાંબી અને ૬૦ ફીટ ઉંચીછે અને તેમાં દુનીઆનાં બધા ભાગોમાંથી જાતજાતનાં ઝાહાડો લાવીને ઉગાડેલાંછે. તે ઉપરાંત કીચન ગારડનમાં જાતજાતનાં ફુલોનાં ઝાડો તથા વેળાઓ, અને તેબી કાંઇ થોડા ઉગાડેલા નથી. દરાખનાં વેળાઓપરથી દરાખનાં ઝુંમખા દરશાલ ૩ ટાણ વજનમાં ઉતરેછે, તેજ મુજબ બીજાં ફલો પણ નીકલેછે, જે પોતાનાં ઘરમાં બપવા ઉપરાંત ધસીતાલમાં તથા પોતાનાં ભાડુતોમાં વેહેંચેછે. એનાં બાગનાં કુંવારા ઘણાં જોવાલાયકછે; કુંવરની ઉપર એક મોટો તલાવ બાંધી ત્યાં પાણી એકઠું કરીને એક મોટો ઢળાવ સીડીરોકો હેહલ સુધી લાવેલાછે, જેની ઉપરથી તથા બાજુઓપરથી પાણીનાં કુંવારા ઉડીને એક મોટો ધોધ બનીને હેઠે પડેછે એ હારબંધ કુંવારા ઉપરાંત બાગમાં પણ કુંવારાઓ ઘણાંછે, જેમાં સૌથી મોટામાં પાંણી ૨૬૦)ફીટ ઉંચું ઉડેછે. બાગમાં એક બાજુપર રૉક-વરકસ કરીને બાંચો કીધેલોછે, તેની વચમાં એક પંચરસ ધાતુનું કાચીનું ઝાડ બનાવીને મુકેલુંછે, જેની દરેક ડાંખલીમાંથી પાણી ઉડેછે, અને તેની આસપાસની જમીનનો જગ્યા-

માંથી તેની તરફ બીજા વાંકા ફુંવારા ઉડેછે, જેથી તેનો દેખાવ ઘણો સરસ લાગેછે એ જગ્યાપર જતાં રસ્તાપર એક ઘણો મોટો પથર આસરે ૩૦ટન વજનનો એક ઝીણી ફરતી ટેકણ (Pivot) ઉપર મુકેલોછે, જે ઘણી મોહેલાઇથી એક માણસ ખીસાડી શકેછે, અને ત્યાંથી રસ્તો ખુલો થાયછે.

એ સઘળું જોઇને સાંજનાં પાંચ વાગે પાછા રોઝલીનાં સ્ટેશનપરથી આગગાડીમાં બેસીને છ વાગે "બક્સટન" ગામમાં આવી પુગા, અને ત્યાંનાં જર્યાર્ડ હોટલમા ઉતારો લીધો હતો. એ ગામડાંમાં આસરે ૪૦૦૦) માણસનો વસતીછે, તથા ત્યાં હવા ઘણી સારી હોવાથી તથા ઝરાનાં પાણીથી નજલા અને મુંઝીવા વાલા લોકને નાહાવાથી ફાયદો થવાથી ઉનાળાના દીવસોમાં ઘણું લોક રેહેવાને આવેછે, તે એટલાવેર કે હોટલોમાં જગા પણ મલતી નથી. હમોને પણ બે હોટલમાં જગ્યા નહીં મલવાથી ત્રીજાં હોટલમાં જવું પડયું હતું. અહીંયાનાં ઘરો, પોસ્ટ હાફીશ, હોટલો તથા હસપીતાલો શીવાય બીજાં બધાં ઘણું નાધલાંછે. એ બક્સટન ગામ ડરબીશાયરમાં આવેલુંછે, એમાંનો "ક્રેશન્ટ" કરીને ઘરોનો મોહોલો ઘણો જોવા લાયકછે; તે ડયુક ઓફ ડેવનશાયરે એક લાખ વીસ હજાર પૌંડ ખરચીને સને ૧૭૮૦--૮૪ માં બાંધેલોછે, અને તેમાં હાલ હોટલો કાહાડેલાંછે. અહીં ફરવા લાયક જગ્યાઓમાં ફરીને પછી "પુલથ હોલ" કરીને એક ગુફોછે તે જોવા ગયા હતા, જેની અંદર ગ્યાસ લાઇટ સલગાવીને લોકોને દેખાડેછે, અને તેમાં પથરોનાં જુદા જુદા આકારો પાણીથી ધોવાઇને થયલા ઘણું જોવા લાયકછે, જેનાં જુદાં જુદાં નામો આપેલાંછે. તે ૦૧ મૈલ ઊંડોછે અને અંદરથી સારી ઊંડાઇનો તથા તેનો દેખાવ ગ્યાસ લાઇતનાં તારાઓથી તથા બીજા આકારોથી સારો લાગેછે. એની અંદર હેડાણુમાંથી નદીનું પાણી જાયછે તેમાં શીયાળાની ઋતુમાં વરસાદ તથા બરફનાં પાણીથો તે કોઈ વખતે એટલું તો જોરમાં પડેછે કે ત્યાંનાં રખેવાળનાં કેહેવા મુજબ જાણે વાદળ ગગડતું હોય તેવો અવાજ થાયછે, અને વખતે ઓહોનાં મોહોડાંમાંથી તે પાણી ઉભાઇને બાહાર રસ્તા ઉપર પણ નીકલો આવેછે. એ ઓહો કુંવરનાં હેડલનાં ભાગમાં આવ્યાથી તેમાં જવાને ઘણું સવલ પડેછે. એ જોઇને પછી ત્યાંની દુકાનોમાં ડરબીશાયર સ્પાર તથા મારબલનાં કીમતી પથરાઓની બાંણુ, જે બક્સટનથી બે મૈલ દુરછે, તેની પરચુરણ ચીજો બનાવીને વેચેછે તે જોવા ગયા હતા. એ પથર ઘણો સારો જુદા જુદા રંગનો આરપાર દેખાઈ શકાય એવો હોયછે, અને તે ઘણો કીમતી ગણાયછે તથા દર ટણે ૧૭) પૌંડ લેઈ વેચેછે. જે મારબલ કરતાં ઘણો સારો દેખાવનો અને સરસછે. તેની બનાવતની ચીજો પણ અતી ઘણી મોંઘી વેચાયછે. એ પથરોનાં જુદા જુદા રંગનાં જુદાં જુદાં નામો આપેલાંછે. તેની બનાવતો સાથે કાલા સંગેમરમરના પથરામાં બીજા રંગીન પથરોનાં ચીત્રો પાડીને તેની ચીજો પણ ઘણી સરસ રીતે ગુંડેલાં કામ (Inlaid work) નાં જેવી બનાવેછે તે પણ જોવા લાયકછે.

તા૦ ૩૧મી જુલાઈ ૧૮૮૧—આજે સવારનાં દશ વાગે બક્સટનથી આગગાડીમાં બેસીને "મેટલોક બાઠ" કરીને જગ્યાછે ત્યાં અગીઆર વાગે પોહોતા હતા. એ મેટલોકમાં પાણીનાં ઝરા ઘણું વખણાયલા હોવાથી ત્યાં હમામખાનાં (Baths) બાંધેલાંછે, જેમાં નાવાથી મુંઝીવા, નજલો, પીત્તવીકાર તથા બાઈ વાલા મરજનાં માણસોને ઘણો ફાયદો થાયછે, તેથી એ ગામનું જોકે

ઘણું નાધળું, (આસરે ૧૫૦૦ માણસોની વસતીનું)છે તો પણ લોકનાં આવવાથી ત્યાં મોટાં તથા નાધળાં હોટેલો ઘણાંછે. હમો ત્યાંનાં રોએલ હોટલમાં ઉતરયા હતા. તે હોટલ અસલ એક કંપનીએ તીસ હજાર પૌંડ ખરચીને બાંધ્યું હતું; પણ તેણે દીવાલું કાઢયાથી હમણાંના ધણીઓ આઠ હજાર પૌંડે વેચાતું લઇને ચલાવેછે. એમાં પાણીનાં ઝરા લાવીને નાહાવાનાં તથા તરવાનાં હમામખાનાં બાંધેલાંછે. એ પાંણી છેક પાહાડોની હેઠાણમાંથી ઝરાઓની માફક ધરતી ઉપર આવેછે, અને તે જોકે ધ્રુંધ્રું (આસરે ૬૮ અંશ) હોયછે તોપણ અહીંયાનાં લોકો તેને ગરમ કહેછે; તેમજ વળી બીજો ઝરો આવેછે તેનું પાણી ઘણું થંડું લાગેછે. એ હમામખાનામાં નાહાવાના ધુક્કા તથા ઉડતા ઝરા (Shower) ના પાણીનાં માણસ દીઠ એક શીલીંગ અને ગરમ કીધેલાં પાણીના રા શીલીંગ લેછે. હમો જે હોટલમાં ઉતરયા હતા તેમાં ઘણું સારાં હમામખાનાં મોહોટી ટાંકીઓમાં પાણી પાંચ થી છ ફીટ ઉંડા ભરીને બનાવેલાં, તથા તેમાં જાયુક નવું પાણી ઝરામાંથી પડયા કરેછે, અને એક ગમ મથાળે મુકેલા નલમાંથી પાછું બાહારની ગટરોમાં નીકળી જાયછે. હમો સવારનાં એ ગામડાનો દેખાવ જોવા રસતા પર ફરયા હતા, જે રસતો ડુંગરોનાં મથાળાં સુધી જાયછે, તથા જ્યાંથી આસપાસના નાધળા અને ચડ ઉતરનાં ડુંગરોથી તેમજ ઉપર ઝાડોની લીલોતરી તથા વચમાં ડરવન્ટ નદી પસાર થવાથી દેખાવ ઘણો સારો લાગેછે.

એ જોઇને બપોરનાં અતરેનાં વખણાયલા ગોફાઓમાંનો એક ગોફો "કમ્બરલેન્ડ કેવરન" જોવા ગયા હતા. એ ગોફામાં અંદર અંધારૂં હોવાથી દરેક આદમીને પોતીકા હાથમાં બતી પકડીને ચાલવું પડેછે, તથા અંદરનો રસતો પણ ઘણો નીચો અને સાંકળો હોવાથી ચાલવાની અડચણ ઘણી પડેછે. એ ગોફામાં બે હજાર ફીટ સુધી અંદર જવાઇ શકાયછે. અંદર પથરો ઉપર પાણી પડવાથી તેના ઉપર સફેદ પડ બંધાઇ રોશનીમાં બીલોરના જેવા ચલકાતનો દેખાવ લાગેછે. એમાં કોઇ કોઇ જગાએ એકદમ મોટી જગા આવીને વળી પાછી નાધળી અને સાંકડી ગલીઓ આવેછે. અંદરનાં મોટા ભાગોમાં બપોરીઆ સલગાવાથી તેનો દેખાવ ઘણો સારો લાગો હતો. ત્યાંથા તેનાં મથાળાં પરનાં રોમના તીક રોકથ જોવા ગયા હતા. એ જગાપર અસલ કાંઇ ધરતીકંપના સબબથી પથરો પાહાડોમાથી ખસી જઇને છુટા અને અલગા થઇ ગયાછે, તથા જાણે હમણાં પડી જશે તેવી હાલતમાં રેહેવાથી તે ઘણાં જોવા લાયકછે.

ત્યાંથી થઇને પછી Petrifying wells જોવા ગયા હતા; એનાં પાણીમાં એવી કાંઇ ખુબીછે કે કાંઇ પણ ચીજ એક વરસ સુધી તેમાં રાખી મુકીએતો તે ઉપર પથરનું પડ બંધાઇ જઇને તેને પથર Petrified જેવું બનાવી દેછે. એમ કરવા સારૂં એક જગા ઉપર ચડ ઉતર સીડીઓ કરીને તેની ઉપર ઝરાનું પાણી ફુવારાની માફક ઉડારયા કરેછે, અને તેનો અંદર લોખંડ મુકેલાં જનવરોનાં હાડકાં, પક્ષીઓના માળા, તથા ઇંડાં, ઇત્યાદી, જે કાંઇ મુકો તે પર પાણી પડયાથી પડ બંધાઇ એકથી બે વરસમાં પથર કરી નાંખેછે; પણ એ પાણીમાં જીવતી માછલીઓ એક નાધળો ફુવારો બનાવીને મુકીછે, તેઉપર કશી અસર થતી નથી તથા પાણી પીવામાં પણ સારૂછે; ફકત લાંબો વખત સુધી એકજ જગોપર તેમાં કાંઇબી ચીજ રેહેવાથી તે પાણીમાં ચુનાનો ભાગ હોવાથી તેના પડ બંધાઇ પથર જેવી જાડી અને ભારી થઇ જાયછે.

તા૦ ૧ લી આગસ્ટ ૧૮૮૧—આજે મુવારનાં મુવા નવ વાગે મેટલૉકથી મીડલેન્ડ રેલવેની આગગાડીમાં બેસીને શેફીલ્ડમાં અગીયાર વાગે પુગા હતા. એ કંપનીની ગાડી પેહેલા અને ત્રીજા વરગનીછે, બીજા વરગનો છેજ નહીં; તેમાં ત્રીજા વરગની પેની ૧) દર મૈલે લેછે તથા પેહેલા વરગની ૧॥ પેનો લેછે. એ રેલવે ઘણી જડપથી ચાલેછે, તોપણ લાઇન મુપાત હોવાથી આચકા ઘણાં આવતા નથી. હમો શેફીલડ ગયા પછી માલમ પડયું કે એ દીવમે તેહેવાર હોવાથી દુકાનો તથા કારખાનાં શેફીલડમાં બંધછે, તેથી ત્યાંથી ૪૭) મૈલ દુર યોર્ક શેહેરછે તે જોવાનો વીચાર કરીને પોણા બે વાગે આગની ગાડીમાં પગા લીધા તે ત્રણ વાગે યોર્ક શેહેરમાં પુગા, અને પેહેલાં ત્યાંનું સંગ્રહસ્થાન જોવા ગયા હતા. એ સંગ્રહસ્થાનમાં આપણાં પ્રીન્સ ઓફ વેલ્શને એની હીંદુસ્થાનની મુશાફરી વખતની મલેલી ભેટો જોવાને મુકેલાંછે. ઇંગ્લાંડમાં એવો ધારોછે કે કાંઈ પણ જોવાલાયક ચીજોનાં સંગ્રહને તેનાં મોટાં મોટાં શહેરોમાં સરકારને હીસાબે મોકલી ત્યાંનાં લોકોને જોવા સારૂં છ મહીનાથી વરસ દહાડા સુધી રાખવું, તે મુજબ આએ સંગ્રહ અતરેનાં સંગ્રહસ્થાનમાં મુકેલાછે તથા એની આગમજ તે મેનચેશટરનાં સંગ્રહસ્થાનમાં મુકાયો હતો. એ સંગ્રહ ઘણો કીમતી અને જોવા લાયકછે, એમાં હીંદુસ્થાનનાં બધાં દેશની કારીગરીના નમુના મલેછે ; જાત જાતની તલવારો, મયાનો, ભાળા ઇત્યાદી, હીરા મોતીથી જડેલું, તથા પેહેરવાની જીણુમો દીલી, ટરકીનાપોલી તેમજ બીજાં દેશોનું સોના રૂપાંનું જીણું કોતરકામ, સોના રૂપાનાં કછની બનાવતનાં વામણો, હાથીદાંત તથા અબનુશનાં કોતરકામનાં પોલીયા, પાલખી, ખુરશી, મુંબાર્દનું સુખડ તથા હાથીદાંતનું નકશીકામ, શાલો, કસબી તથા રેશમી કીનખાબો, ગામેગામનાં માનપત્રોનાં તરાંહ તગંહના દાબડાઓ, ઇત્યાદીનો સંગ્રહ ઘણો સારોછે. એ સામનથી આખો હૉલ ભરાઈ જવાથી આસપાસનાં ઓરડામાં પણ બીજો સામન મુકેલોછે. હીયાં ચીત્રોનો સંગ્રહ જરા સારોછે, તથા લોકોએ પોતાની બનાવતનો સામન મુકેલો—તેમાં દુનયામાં સૌથી નાધલું ઇનજીન એક રમકડાં જેવું મુકેલુંછે, તે તથા એક મોટી દુરબીન જોવા લાયકછે. મુવેલાં જનવરોનો સંગ્રહ પણ સારોછે, તેમાં એક મરઘીનું ડોકું જેપર કપાલ આગલથી બે ઇંચ મોટાં બે સીંગડાં ઉગેલાં તે મુકેલુંછે.

એ જોઇને યૉર્ક મીનશટર કરીને વખણાયલો કેડ્રલ (દેવલ) જોવા ગયા હતા; એનો દેખાવ બાહારની નકશીથી તથા ગંજાવર ઇમારતથી ઘણોજ ભપકાદાર લાગેછે, પણ અંદરનો ભપકો તેથી પણ વધારે લાગેછે. એની વચમાં ૪) આરકાઓ ૧૦૦) ફીટ ઊંચાં અને તેની આસપાસની જગા પણ તેજ માફક ગંજાવર ઉંચાઇનીછે, તથા તે ચાર આરકાઓનો ઉપરનો ગુંબજ નીચેથી ૧૬૦) ફીટ સુધી ઉંચાઇનો હોવાથી તેનો દેખાવ ઘણો સરસ લાગેછે. એ દેવલ તેરમી સદીમાં બાંધ્યું ત્યાં સુધીમાં ઇંગ્લાંડનાં જે રાજાઓ થઈ ગયા તેમનાં (વીલીયમ-ધી-કોનકરરથી તે છથા હેનરી સુધીનાં) લાઈફ-સાઇજ ચીલ એક પથરનાં ઇંચ-કારીનપર કોતરેલાંછે તે જોવા લાયકછે. એ ઉપરાંત ત્યાંનાં મોટા થાંભલાઓ તથા આરગીન, કાચની બારીઓ તેમજ બીજી નકશીકામનો બેઠો આગળા વખતનાં હસાબ પ્રમાણે ઘણું સરસ બનાવેલું છે. એ રંગીન કાચની બારીઓમાં સૌથી મોટી એક બારીછે, જે ૭૫ ફીટ ઉંચી અને ૩૨ ફીટ પોહોળીછે, તેનાં જેવી દુનીયામાં મોટી બીજી કોઈ બારી નથી એમ કહેછે. એ બારીઓ ઉપર બાઈબલને

જગતી બીનાઓ માણુસોની બબે ફીટ મોટી તસ્વીર સુધાનાં ઝીણા રંગીન કાચનાં કટકાઓથી પાડેલીછે અને તે છસો વરસની જુનીછે; તોપણ તે ઘણી સરસ રીતની બનાવેલી માલમ પડેછે. એની આરગીન મોટી અને તે ૭૦ ફીટ ઉંચીછે. તેમાં ૫૬) ચાંપા તથા ૪૨૦૦) નલીછે, જેમાની સૌથી મોટી નલી ૩૨) ફીટ ઉંચીછે. હમો ગયા તે વખતે બંદગી કરતા હતા અને આરગીન વાગતી હતી, જેનો સાદ ઘણોજ સરસ કોઅરનાં માણુસો ગાતાં હોય તેવો લાગતો હતો તથા આગલથી બીસવા ગમતું ન હતું. એ દેવલને લગતો ચેપટર હાઉસ ઘણો જોવા લાયકછે; તે ૮) ખુણાનો બનાવેલો, અને તેની દીવાલમાં માણુસો બેસે એટલા છુટા છુટા ખાંચાઓ બનાવેલાછે. રંગીન ગ્રેનાઇતના પાલીશ કરેલાં ખુબસુરત થાભળાનાં મથાળાંપર નાધળા નકશીદાર આરકાંઓ ટેકવાને તેનો ઠેળ એ બેકો પથરનીજ બનાવેલોછે એ ઉપરની છત તથા થાંભલાપર દરેકમાં જુદી જુદી જાતનાં નકશીકામ આદમીનાં મોહોડાં સાથે કોતરેલાં હતાં, તથા જમીન ઉપર જાણે ગલીચા બીછાવ્યો હોય તેમ લાદીઓની તરાહ પાડેલી હતી. પણ સઘલાંમાં સરસ તેની સીલીંગ ગુંબજ રોકીછે, જે આ આરડો ૬૩) ફીટ પોહોળો અને ૬૮) ફીટ ઉંચો તેનાંપર વગર થાંભલે પથરની ફુંચર મારી કરેલીછે, અને તેની નકશીકામ તથા ગીલોટથી તે ઘણી સોભેછે. એ આરડાનાં બાગણાં ઉપર એક તખ્તી મારી નાચે મુજબ સોનેરી દસ્તકમાં લખેલુંછે. Ut rosa phlos phlorum, sic est domus ista domorum જેનો અરથ "જેમ ફુલોમાં ફુલ ગુલાબનુંછે. ઘેરોમાં ઘેર આ એક ઘેરછે." એવો થાયછે. એ દેવલ ૪૮૦) ફીટ લાંબુ અને ૧૧૦) ફીટ પોહોળુંછે. એની આગલ એક અને વચમાં બે મલીને ત્રણ મીનારોછે, જેમાં વચમાંનો મીનારો ૨૧૩) ફીટ, અને આગલના મીનારા જેનો વચમાં મોટી રંગીન કાચની બારીઓ આવેલીછે, તે દરેક ૧૯૬ ફીટ ઉંચોછે. એ દેવલનો ઘાંટ જેને ગ્રેટ ટોમ Great Tom કરી કહેછે તેનું વજન ૧૨) ટણુછે. એ દેવલની અંદર બેસવાનો ભાગ, જે ઘણો સરસ લાકડાંની નકશીનો બનાવેલોછે અને જ્યાં કોઅર ૬૪ ગાનારાઓ બેસેછે, તે સને ૧૮૨૯ નાં શાલના કોઇ માણીન નાંમના બેલા આદમીએ બાલા નાંખ્યો હતો, તેને પાછો નવો આગલની માફકજ બનાવ્યો તેમાં પચાસ હજાર પોંડ બેઠા હતા, ત્યારે આખું દેવલ બાંધવા ઉપર કેટલો ખરચ બેશવો જોઇયે તેનો વીચાર કરવો. હમોએ આજ દીન સુધી જે દેવલો જોયાંછે તેમાંનુ કોઇપણ દેવલ આ દેવલને ભપકામાં પોહોચી શકે નહીં. એ જોઇને પછી એક બે મોહોલ્લામાં ફરીને સાંજનાં ૬-૨૫ મીનીટે આગગાડીમાં બેસી શેફીલ્ડ પાછા રાતનાં આઠ વાગે આવી પુગા હતા. યોર્ક શેહેરની વસતી આસરે પચાસ હજાર માણુસોનીછે, તથા ત્યાંનાં ઘરો અને મોહોલ્લાઓ જે હમોએ જોયા તે ઘણાં સારા અને જોવા લાયકછે. એ ગામમાં કારખાનાં મુદલ નથી. પણ બુટ, કાંસકી અને મીઠાઈ બનાવનારા ઘણાં જણાંછે, તે શીવાય ત્યાંનાં લોક પોતીકી ખેતીવાડી તથા મીલકત ઉપર ગુજરાણ કરેછે.

તા૦ ૨ જી આગસ્ટ ૧૮૮૧—આજે સવારનાં જોન બ્રાંડન અને કુ૦નું એટલાશ સ્ટીલ વરકશ (Atlas Steel Works) જોવા ગયા હતા. જે જગ્યા ઉપર સ્ટીલ, મનવારોની પલેટો તથા બીજું મોટું મોટું કામ થાયછે. સ્ટીલ બનાવવાનો વીગત આગલ આપી ગયાંછે, તેથી અહીંયાં લખતા નથી. એ સ્ટીલનાં મોટા કટકા લાલ ગરમ

કરીને બે મોટાં રોલરોમાંથી ઊંચીને તે કાહાડીને જોઇતું લાંબું તથા પોહોળું કરેછે, પછી તેની જાડી પલેટો કરવા સારૂ દરેક પલેટને લાલ ગરમ કરી એક બીજાં ઉપર પડ ચઢાવી હથોડાથી મારીને એક કરી નાંખેછે. એ મુજબ જાડી પલેટો કરી તેને ચોખ્ખી સરખી ધાર કરવા સારૂ સંચાથી આસને આસતે કાપેછે. જાડામાં જાડી પલેટ ૨) ફીટની બનાવેછે. એ જગ્યાપર આગની ગાડીનું પૈડું કાગજનું ઘણુંજ મજબુત બનાવીને તેની ઉપર બે બાજુથી સ્ટીલનું પટળું પતરૂં જડેલું હમોએ જોયું હતું, જે કોઇનાં કહ્યા વીનાં પીછાંન કરીયે તો એમજ કહીયે કે એતો લોખંડનું છે. કારખાંનું ઘણું મોટું છે, અને તેમાં દરરોજ ચાર હજાર માણસો કામે લાગેછે, તથા રલા એકર જમીન રોકેલીછે.

એ જોઇને પછી મારટીન હોલની ફ્રા૦ નું ઇલેકટરો પલેટ તથા શીલવર વેરશ બનાવવાનું કારખાનું જોવા ગયા હતા, જ્યાં ઘણી મોટી રકમનાં જરમન શીલવરને ગીલીટ ચડાવવાનું તથા રૂપાંકામ બનાવેછે. જરમન શીલવર અહીંયાં બનાવતા નથી પણ વેચાતું તૈયાર લેછે; તેનું બધા રૂપાંનું જે કાંઈ વાસણ બનાવવું હોયછે, ત્યારે તેનો પેહેલાં લાકડાંનો ઘાટ કરી તે ઉપર પતરૂં મુકી સંચાથી ફેરવેછે તે વખતે બીજું માણસ એક હથીયારથી પેલાં પતરાંને દાબેછે, તેથી પતરૂં લાકડાં ઉપર દબાઇને લાકડાંનો ઘાટ લેછે. એ પ્રમાણે ગોળ પોકળ ભાગ કીધા પછી તેની કોરો હાથથી બનાવીને તેને ગ્યાસનાં જોરથી ગરમ કરી એક બીજાં સાથે મેલવી નાંખીને તેજ જાતની ધાતુથી રેવણ દેછે; પછી કાંઈ મેળવણીથી સાફ કરેછે. જો તરાંહ ઉપમેલી જોઇયેછે તો તેને એક લોખંડનો સલીઓ જે એક નાકેથી બીજાની તરફ વાલેલો હોયછે તે ઉપર વાસણ ધરીને ઠોકેછે, જેનાં ધપકારાથી વાસણો ઉપર તરાંહ માણસો હાથે ઉપસાવેછે; અને કોઈ તરાંહ માણસો હાથે કોતરેછે. પછી તેને રેતીથી તથા લાલ પૈડર જેને એ લોકો રૂજ (Rouge) કહેછે, તેનેથી સાફ કરી ઓપીને ચળક આપેછે. રૂપાંનાં વાસણ બનાવવા સારૂં રૂપાંમાં પાંચ ટકા પીત્તળ તેને મજબુત કરવા સારૂ તાવીને ભેળેછે. ધાતુનાં કાંટા, ચમચા, કરએટ-સ્ટેંડનાં મુડા તથા છરીઓનાં હાથા ઇત્યાદી બનાવવા સારૂં તેવાં દીબાંનાં છાપો કરી રાખેછે. પીત્તળની ધાતુનાં પતરાં ગરમ કરીને તે ઉપર દીબાં ઠોકયાથી તેનો આકાર પતરાંઓ ઉપર છપાઈ જાયછે કે તેની આસપાસથી કાપી નાંખી પછી ચમચા બનાવવા હોયછે તો તેને બીજા સંચામાં વાળીને બાંચાવાલો ભાગ બનાવેછે. હાથા બનાવવા એવા બે ભાગને ઉપર મુજબ રેવણ દઇ જોડી નાંખીને પોકળ હાથા બનાવેછે. રૂપાંકામ અહીંયાં બનાવીને મધણું સાફ પણ કરેછે; પણ જરમન શીલવરનો સામન અહીંયા બનાવીને તેને રૂપાંની ગીલીટ કરવા સારૂં બીજાં કારખાનાંઓમાં મોકલેછે. રૂપાનું વાસણ બનાવી રહ્યા કે તેને સરકારી ધારા મુજબ એસે (Assay) કરાવવા લંડન મોકલેછે. (એ શેહેરમા પણ એસે કરાવવાની દુકાનોછે તોપણ લંડનમાં સસતે ભાવે કરવાથી ત્યાં મોકલેછે) તેની ઉપર ચાર છાપ મારેછે, તેમાં પેહેલો મહીનો, તે રૂપું ખરૂંછે કરી જણાવેછે; બીજો ચીત્તાનો, જે લંડન શેહેરમાં આસે કીધુંછે કરી જણાવેછે. દરેક શેહેરનાં કરેશટમાં કોઈ જાતનું જાનવર રાખેછે તે મુજબ લંડન શેહેરનાં કોટ ઓફ આરમશમાં ચીત્તો કરેશટ દાખલ લેછે. ત્રીજો અંગ્રેજી મુળાક્ષરનો એક બોલ મુકેછે, જે રાણીનાં તખ્તપર બેઠાંનું વરસ બતાવેછે, (જેમકે રાણીનાં દથમાં વરસમાં એસે કીધુંછે તો J

મુળાક્ષરનો દશમો ભોલ મુકેછે), અને ચોથો છાપ રાજકરતાની મખીનું ડાકું પાડેછે, જેથી કોણનાં રાજમાં થયું તે બતાવેછે. જરમન શીલવરપર ઇલિકટરો પલેટ કીધેલી જીણસોનો ભાવ રૂપાંની જીણસ કરતાં ત્રીજો હીસ્સો લેછે (જરમન શીલવરની જીણસનો રૂ ૧) તો રૂપાંની જીણસનો રૂ ૩ સુધી લેછે).

એ જોઇને અતરેનું વખણાયલું જોશફ રાજરશ અને શનશનું કટલરી બનાવવાનું કારખાનું જોવા ગયા હતા. એ જાયા ઉપર છરી, કાતર, અસ્તરા, ઇત્યાદી એવી ચીજો બનાવેછે. એનાં એવાં ત્રણ કારખાનાંછે જેમાં દર રોજ ૨૦૦૦) માણસો કામે લાગેછે. છરીનાં પાનાં બનાવવા સારૂં લોખંડની પટી જોઇતી જડાઇની લઇને તેને ગરમ લાલ કરી હથોડીવતે જુદા જુદા આકારની એરણ ઉપર ઠોકીને તેને જોઇતો આકાર આપેછે; તે પછી તેને પાછું ગરમ આતશ જેવું કરી પાણી પાવા સારૂં એકદમ ઠંડા પાણીમાં બોળી દેછે. એમ કીધાથી તે કાચનાં જેવું ભંગુર થાયછે. જેથી તેને પાછું નરમ કરવા સારૂં એક સલીમાને ગરમ કરી તેની ઉપર ફેરવીને પેલું પાણી જોઇએ તેટલું પાછું ઉતારીને નરમ કરેછે. પછી તેને ધાર કાઢાડવા સહરણ ઉપર ચઢાવેછે, તથા ઝળક આપવા સારૂં ઘણી વખત વારા ફરતી જુદી જુદી જાતનાં પથરા, ચામડાં અને સીસાંનાં ચકરા ઉપર સાફ કરી તેને કાંઇ મેળવણીમાં ઘસીને પાલીશ કરેછે. એનાં હાથા બનાવવા સારૂં હાથીદાંત આખા વેચાતા લેછે, જે વરસ દહાડે ૨૬) ટણ ઉપર ખપેછે, અને દર ટણે ૯૦૦) થી ૧૧૦૦) પૌંડ સુધી આપેછે. તે હાથીદાંતને કરવતથી વેહેરી જોઇતા કટકા બનાવેછે; તેજ મુજબ હરણનાં તથા બીજાં જનવરાનાં સીંગડાંનાં પણ હાથાઓ બનાવેછે. અસ્તરાનાં હાથા ઓટા કચકડાં જેવાં બનાવવા સારૂં સીંગડાંને પેહેલાં કાપી જોઇતાં કદનાં કરી તેનાપર રંગનાં છુટાં છુટાં ધાબાં પાડીને એક બરશનાં ચકર ઉપર ઘસવાથી ઝળેહ તરત પાછી નીકળી આવી પેલો કાળો રંગ સીંગડાનાં પોતીકા રંગ શાથે મલી જઇ કચકડાં જેવી તરાહ પડી જાયછે. જો સસતી છરી બનાવવી હોયછે, તો તેનાં પાનાંના જેવાં દીબામાં લોખંડની પટીઓ મુકીને દીબાંથી તે પાડેછે, જે મુજબ એક કલાકમાં ૪) થી ૬) હજાર નંગ તૈયાર થઇ જાયછે; પછી તેને ઉપર લખ્યા મુજબ પાલીશ કરેછે. એવી રીતે છરી બનાવવાનાં કરતાં હાથથી ઘડીને આકાર કરેછે, તેથી સ્ટીલમાં જે કાંઇ આંધળાં હોયછે તે પુરાઇ જઇને મજબુત છરી થાયછે, તેમ તેની ઉપર મેહેનત તથા દામ પણ ઘણું થાયછે. જે લોખંડ ઘડી ઘડી ઠોકાતું નથી, તે છીડ વાળું (Porous) રેહેવાથી મજબુત થતું નથી, તેથી દીબાંથી કાપીને બનાવેલી છરી ચાર પાનાંની ૬) પેન્સ જેટલી સસતી કીમતે પણ પરવરેછે. જો છરી તથા અસ્તરાંને વચમાંથી ખાંચ રાખવી પડેછે તો તેને સીસાંનાં ચકર ઉપર ચહડાવેછે, જે ઘણું કઠણ હોવાથી એવી ખાંચ પડેછે. એ કારખાનાંમા એની બનતી ચીજો દેખાડવા સારૂં તથા વેચવા સારૂં એક "શો રૂમ" કીધેલોછે, જ્યાં ઘણી ઘણી તરાંહની બનાવટની ચીજો મુકેલી હતી; તેમાં એક જબરી મોતી છરીને એક કાચનાં કેશમાં મુકેલીછે, તેની અંદર ૧૮૮૦) પાનાં જાતજાતનાં મુકેલાંછે, તેમાં જેમ અંગ્રેજી વરસ પુરૂં થાયછે તેમ તેમ એકેકું પાનું દર વરસે વધારતાં જાયછે. એ ઉપરાંત કારીગીરી બતાવવા સારૂં ઝીણામાં ઝીણી છરી તથા કાતરો પણ ત્યાં મુકેલીછે, એમાંની બાર કાતરોનું વજન ગ્રાગ્રેન તોલી દેખાડયુ

હતું, તથા તે કાતર તરાજવામાં મુકીજ રાખેછે કે આવતાં જતાં લોકો જોય.

એ જોઇને એનેથી થોડે દુર.....શીપ (Mother of Pearls) કાપીને વેચનારનું કારખાનું જોવા ગયા હતા. અહીંયા કાલુનાં કોટલાં વેચાતાં લેઇને તેને સંચાની કરવતીથી વેહેરેછે, અને જોઇતા કટકા કરી સહરાણ ઉપર ઘસીને ખબરાયલું પડ સાફ કરેછે તથા ચળક પણ તેજ આપેછે. પછી બીજાં કારખાંનાંવાળાઓને તે વેચેછે. તેને ત્યાં દરશાલ ૨૫૦) ટણ શીપનો ખપ થાયછે.

એ સઘલું જોઇને રાતનાં પોણા આઠ વાગેની ટ્રેનમાં બેસીને શેફીલ્ડ છોડયું તે બરમીંગહામનાં સ્ટેશન ઉપર અગીઆર વાગે રાતનાં પુગા અને ત્યાંનાં વીક્ટોરીયા સ્ટેશનનાં હોટલમાં ઉતારો લીધો હતો. શેફીલ્ડ ગામ યોર્કશાયર પરગણામાં શીફ નદી (Sheaf)ને કીનારે આવેલું છે તથા એનો મોટો વેપાર છરી, કાંટા, અસ્તરા, કરવતી, કાતર, છાપવાનાં દીવાં, દુરબીન તથા તેવી જાતનો સામન, બાગને લગતાં હથીયારો, કાનસો, સ્કુરઓ તથા બીજાં લોખંડનાં હથીયારો, ચુલા, એન્જીનો, આગગાડીનો કમાનો તથા બફરો ઇત્યાદી, એવી એવી ચીજોનોછે. જોકે ગામ ઘણું મોટું છે. તોપણ કાંઇ જોવા લાયક નથી. ઘરો સઘળાં નાધળાંછે, તથા કોઈ કોઈ જાહેર ઇમારતો મોટી છતાં કારખાનાં હોવાથી આખા શેહેરમાં ધુમાડો ફેલાઇને સુરજ ઓલ્હો થઇને પણ ઘેરાણ હોય એવું લાગતું હતું. એ શેહેરથી આખી દુનીયામાં(Cutlery ware) જાયછે. તથા અહીંયાનું ઘણુંખરૂં લોક એજ કામપર બધું રોકાયછે. તેમાં એનું સ્ટીલ ઘણું વખણાયછે; એ સ્ટીલને માટે ઘણુંખરૂં સ્વીટઝરલાંડનું ઊંચું લોખંડ વાપરેછે. એ શેહેરનાં રસતાઓ ઘણાં સારાછે, અને ગામની બેઠી ઇમારતોથી તે બીજાઓને ઘણું મોટું લાગેછે. એની વસતી આસરે હદી લાખ માણસની કેહેવાયછે. બરમીંગહામમાં જે સ્ટેશન ઉપર અમો ઉતરયા તેનું છાપરૂં વગર થામલાએ ૧૧૦) ફીટ લાંબુ અને ૧૦૦) ફીટ પોહોળુંછે, તેથી તે ઘણું સરસ અને ગંનજવર લાગેછે. એવું છાપરૂં પેરીશનાં સ્ટેશન શીવાય દુનયાનાં બીજાં કોઇ પણ ભાગમાં નથી એમ કેહેછે. એ છાપરૂં તદન કાચનું છે, તથા ઘણું પોહોળું હોવાથી વખતે ફસકાઈ જાય તેને લીધે તેની એક બાજુપર સામનની વખારો તથા બીજી ગમ એક મોટું હોટલ બાંધીને તેને ટેકો આપેલોછે. એ હોટલ ઇંગ્લાંડમાં પેહેલવેહેલું સ્ટેશનને લગતું બંધાયું હતું. ત્યારપછીનાં ઘણાંખરાં મોટાં સ્ટેશનો હોટલ સાથે બાંધેછે.

તા૦ ૩ જી આગસ્ટ ૧૮૮૧—આજે સવારનાં એફ. એન્ડ સી. ઓસ્ટલરનું ઝુંમરો તથા બીજું પરચુરણ બીલોરી સામન બનાવવાનું કારખાનું જોવા ગયા હતા. જયાં જાત જાતનાં ઝુમરો, મુનો તથા તેને લગતો બીજો સામન તથા પરચુરણ બીલોર કામ બનાવતાં જોયું હતું, જે ઘણુંખરૂં ગ્લાશગો તથા મેનચેશટરનાં કારખાનાંમાં બનાવતાં જોયું તેને મલતાં હોવાથી તેની વીગત અતરે લખતા નથી.

એ જોઇને ડી. એન્ડ એફ. ટેલરનું ટાંચણી બનાવવાનું કારખાનું જોવા ગયા હતા. પેહેલે પીત્તલનાં પતરાંને પાતા જેવો પોહોળાઇમાં કાપી એક સંચામાં મુકેછે, જેનાં બે ચકરો વચે તેનાં સરખા ૧૯) કટકા પોહોળાઇમાં એકજ વખતે કાપી કાહાડેછે, જે કટકાઓને એક બીજા સંચામાં ગોળ આંધળાંમાંથી એંચેછે (તેની આગલ પીતળને શલફરીક એસીડમાં નાંખીને જરા નરમ કરેછે) એટલે તે ગોળ સલી જેવું થઇને બાહાર આવેછે, તેને વળી

ખીજા જુદા જુદા સંચાઓમાં ગોળ નાધળાં આંધરાંમાંથી પસાર કરીને ટાંચણી જેવી પાતલી અને લાંબી સળીઓ કરી રોલર ઉપર વીટાળો તે રોલરને એક સંચા ઉપર લઇ જઇને પેલા તારનો છેડો સંચામાં મુકેછે, જે એંચાઇને ટાંચણી જેટલા કટકા એક બાજુથી કપાતા જાયછે, તેજ વખતે સાંબેથી એક હોડી ઠોકીને એક બાજુ માથું કરેછે, કે તે ટાંચણી નીચે એક હોલમાં ઉભી પડેછે, ત્યારે હોલથી એક ચકરપર તેની અણી ઘસાઇને તઇયાર થાયછે. એ મુજબ એક સંચામાં એક મીનીટમાં ૨૦૦) ટાંચણી બનેછે. એ ટાંચણીઓને પછી એક વાસણમાં નાંખી તેમાં ઉકળતાં પાણી સાથે કાંઇ મેળવણી તથા કલાઇ નાંખીને કલાઇ ચહડાવેછે, અને પછી તેને એક બંધ વાસણમાં ભરી સંચાથી ખુબ ગોળ ફેરવેછે તથા થુલું નાંખી તેને સાફ કરેછે. પછી તેને કાગજમાં ઓસવા સારૂં એક સંચામાં તે ટાંચણીઓ મુકેછે જેમાં કાગજ એક લોખંડની પટીથી ઊંચકાઈ બીજી ગમથી ટાંચણીઓ પોતાની મેળે એક હારમાં થઇ જાયછે, જેને ઉપરથી એક બીજી પટીએ દાબીને ઓસી ધાલેછે. એ મુજબ એક સંચામાં એક દીવસમાં એક ગરોશ કાગજ તેવાં તઇયાર થાયછે, તેને બાકશોમાં ભરવા સારૂં જુદા કાગજનાં પુઠાં આવેછે તેને પણ સંચામાંજ જોઇતી શાઇજનાં કાપીને ઓરતો હાથે વલગાવીને તઇયાર કરેછે.

એ જોઇને પછી મેકેનીકલ એંડ હોડશનને ત્યાં પેપર મશી કામ બનાવેછે તે જોવા ગયા હતા. એ પેપર મશીની ટેબલો, છુરશીઓ ઇત્યાદી જોપાન વરકનાં જેવી ભાંય કરી તેપર સીપથી તરાહ પાડીને બનાવેછે. પેહેલાં કાગજો બે રીતથી તઇયાર કરેછે; એકતો પડ કરી એક બીજા સાથે વળગાવીને જાડાં કરીને તેને દાબેછે એટલે કઠણ લાકડાં જેવું બનેછે તથા તેની કોર આસપાસથી કાપી નાંખીને સરખું કરેછે. એ અસલની રીતછે અને તે બોધું તથા સારૂં કામ કેહેવાયછે; પણ હમણાંની રીત પ્રમાણે રદ કાગજો તથા ચીકડાંને કાગજો બનાવેછે તેમાં કોહોવાડી એક બોલમાં મુકી તેનો રસ પરેશથી દાબી કાહાડેછે, અને જાડાં પુથાં જેવું કાગજ એકદમજ બનાવેછે. એ કાગજને મલતું સ્ટીડનથી એક જાતનું પાતળું લાકડું પણ આવેછે. એ લાકડાં ઇયા કાગજપર પેહેલાં તાર તથા વારનીશનું પડ કરેછે, અને તાજું હોયછે તેટલાં શીપના કટકાઓ વળગાવીને તેપર ગમે તેવી તરાંહ પાડેછે; અને પછી તેની ઉપર પાછું વારનીશ મારીને ઘસેછે, એટલે શીપવાલી તરાંહપરથી તે વારનીશ નીકળી જાઇને બાકીની બાલી જગ્યાપર રહેલું વારનીશ શીપને મલી જાયછે. તે મુજબ બે ત્રણ વાર વારનીશ મારી તેને ઘસેછે, જેથી શીપ અને વારનીશ એક સટ થઇને બરાયલી જગ્યા હાથને લાગતી નથી. તેની ઉપર સોનાનો વરખ પણ જોઇતી જગાપર મારીને તથા હાથથી રંગની તરાંહ પાડીને ઉપર કોપાલ વારનીશ છેલ્લુ મારેછે, અને પછી કાંઈ ભુકી સાથે માણસો તેની ઉપર હાથ ઘસ્યા કીધાથી ચળક આવેછે. તરોઇ તથા એવી બીજી ચીજો બનાવેછે તેની હેઠળનાં ભાગમાં પેલું લાકડું વાપરેછે અને ઉપરની કોરનાં ભાગમાં કાગજ વાપરેછે.

એ જોઇને પછી જીલટ એંડ શનશનું સ્ટીલ પેન બનાવવાનું કારખાનું જોવા ગયા હતા. પહેલાંતો સ્ટીલનાં પતરાંને સંચામાં મુકીને સ્ટીલ પેનનાં આકારનાં કટકાઓ કાપી કાહાડી તેને એક સંચામાં મુકી દાબીને અરધી ગોળ બનાવેછે. બે બાજુપરના કાપ બીજા સંચામાં કપાયછે તથા

વચમાં આંધણું પાડેછે. ત્રીજા સંચામાં તેની ઉપરનો ભાગ ધસેછે, અને ચોથા સંચામાં તેની ટાંચ પાડેછે. એ મુજબ તઈયાર કરેછે; અને તે પોચી ધણી હોવાને લીધે તેને ગરમ કરી તેલમાં બોળેછે કે કઠણ થાયછે; પણ તેને જરાક નરમ કરવા સારૂં થોડુંક પાણી પાછું ઉતારી લેછે. તેને એક ગોળ વાસણમા નાંખીને ગરમ ચુલા ઉપર ખુબ ફેરવીને રંગ બદલાય ત્યાંસુધી ફેરવ્યા કરેછે, અને પછી તેને વારનીશ મારીને તઈયાર કરેછે. સ્ટીલ પેનનાં હેન્ડલો પણ લાકડાંનાં ચોરસ નાચળા કટકાઓ કાપીને તેને એક સંચામાં મુકેછે, જેમાંથી તેનાં સરખા ગોળ કાપાઓ બે બાજુપરથી પાડીને ગોળ લાકડીઓ બનાવેછે, પછી તેને બીજા સંચામાં મુકી ચહડ ઉતરતી જોઇતી જાડાઇ બનાવેછે, તેમાં તેને અણીવાલી કરવી હોયછે તો તે સંચામાં હેઠળથી તે પ્રમાણેનાં આકારની લોખંડની પટીઓ મુકેછે, જે પ્રમાણે પેલી લાકડીને છોલી કાહાડતું હથીયાર ઉપર હેઠે થવાથી તેનાં જેવો આકાર કીકળેછે. ત્યારપછી બીજા સંચામાં મુકેછે જેમાં એક બાજુ ઉપરનાં નાંકાપરથી છોલાઇને પેન બોસવાનાં જેટલો ખાંચો કપાયછે, અને બીજીગમથી સરખું દબાઇને સાફ થાયછે; પછી વળી બીજા સંચામાં દાબીને ઉપરની તરાંહ પાડેછે.

એ જોઇને "એલકાંગટન"નું વખણાયલું ગીલીટકામ તથા રૂપાકામ બનાવવાનું કારખાંનું જોવા ગયા હતા, જ્યાં શેફીલડમાં મારટીન હોલની કુાનાં ગીલીટ કામ કરવાનાં કારખાંનામાં વાસણો બનાવેછે, તેમ અત્રે ધણી સરસ તરાંહ તથા ડીઝાઇનનાં રૂપા તથા ગીલીટ કરવાનાં વાસણો બનાવેછે. ગીલીટ કરવા સારૂં જેમ મુંબાઇમાં ગાલવેનીક બેટરીથી સામન ગીલીટ થાયછે તેમ અહીંયા પણ તે જાડાં પડનો ગીલીટ કરેછે. એક વાસણમાં કાંઇ મેળવણી નાંખીને તેમાં રૂપાંનાં જાડાં પતરાં નાંખેછે અને તેને ગેલવેનીક (વીજલીની) બેટરી સાથે મેલવેછે, તથા તેની અંદર જે સામનનો ઉપર ગીલીટ ચહડાવવી હોયછે તેને મુકેછે કે દવાથી રૂપું પીગલી તેનો ભાગ આસતે આસતે વીજલીનો અસરથી પેલા સામનપર પડ ચહડાવેછે. એ પ્રમાણે કરી રહ્યા પછી તેને ઝીણી રેતીથી સાફ કરીને ઝલેહ આપવા સારૂં ઓપીને તૈયાર કરેછે. જો તે વાસણને અંદરનાં ભાગમા ઇયા બીજી નકશીને સોનાની ગીલીટનો થોડો ભાગ ચહડાવવો હોયછે, તો તેટલો ભાગ ઓલો રાખીને બાકીનાં ભાગ ઉપર વારનીશ મારીને સોનાનાં પતરાંવાલા વાસણમા ગીલીટ ચહડાવવા મુકેછે, જેથી જે ઉપર વારનીશ હોયછે તે ઉપર ગીલીટ ચહડતી નથી પણ ઓલા રાખેલા ભાગ ઉપર તે ગીલીટ ચહડેછે. ત્યાર પછી તે તૈયાર થયું કે તેને સાફ કરી વારનીશ કાહાડી નાંખેછે. આજે રાતનાં પ્રીન્સેસ થીયેટરમાં પ્રીન્સેસ ટરેબી ઝોન્ડનો ઓપેરા બફે જોવા ગયા હતા.

તા૦ ૪ થી આગસ્ટ ૧૮૮૧—આજે સવારનાં હેમનડ ટરનર એંડ શનશ, બટન બનાવનારાઓનું કારખાંનું જોવા ગયા હતા, જ્યાં બબી જાતનાં બટનો બનાવતાં જોયાં હતાં. રીજમીટનાં હાર્શીશરો તથા શેલજરોને માટિનાં બટનોને સારૂં પીતળનાં પતરાંને જોઇતી શાપજનાં કાપી કાહાડેછે. પછી તેને દીબાંથી જે છાપ પાડવો હોયછે તે પાડીને ઉપર હેઠેનાં બે ભાગ, જે છુટા બનાવેછે, તેને જોડી નાંખીને તથા હેઠળના છેડામાં એક પીનનાં બે છેડા બોસીને અંદરથી છેડા વાળો નાંખી તેનાં નાકાં બનાવીતે તૈયાર કરેછે. પછી તેને ધોવા સારૂં કાંઇ કેમીકલમાં બોલી તરત કાહાડીલઇ પાણીમાં ધોઇ નાંખેછે, અને તેને જરા ગરમ કરેછે કે ચલકતા થઇને બાહાર આવેછે. પછી તેની

ઉપર સોનાંનો ઘોળ હલકો ધ્યા સરસ ચહડાવવા સારૂ જીવતા પારાની સાથે સોનું દર ગરેાશ બટને ૦।। થી તે ૬૦) ગ્રેન સુધી કાંઇ ભેળવણીથી ભેળવી નાંખી તે બટનેા ઉપર એક વાસણમાં થેાડેા થેાડેા નાંખીને ખુબ હીલવ્યા કરેછે એટલે પાગને લીધે બટનેાપર ગીલીટ ચહડી જાયછે; અને પારાનાં ભેલને લીધે તે તદન રૂપાં જેવેા લાગેછે. પછી તેને એક જાલીવાલા વાસણમાં મુકીને તે જાલીવાળું વાસણ ભઠ્ઠીમાં રાખી પાંચ મીનીટ સુધી હીલવ્યા કરેછે કે ગરમીથી પારેા ઉડી જઇને સેાનાંની ગીલીટ રહી જાયછે. એ ખરૂં સોનું ચહડાવેલું છે તે ખાતરી કરી આપવા સારૂ એ બટનને નાઇટ્રીક એસીડમાં નાંખેછે; એ એસીડ સેાનાની ધાતુ શીવાય કેાઇપણ ધાતુને ખાઇ જાયછે, જેથી તે બટનની અંદરની બધી ધાતુ જતી રહીને બટનનાં આકારનેા પેાપડેા હમેાને દેખાડયેા હતેા; પણ એ પેાપડા જે બટનેામાં સોનું ઘણું નાંખેલું હેાયછે તેનાજ થાયછે, બાકી ૦।। ગ્રેન સેાનાવાલા બટનેાનાં કાંઈ એમ પેાપડા નીકલે નહીં. કાચનાં બટનેાપર પથરનાં રંગની નકલ કરવા સારૂં કાચની સલીએા જાત જાતનાં રંગની વેચાતી તયાર લેછે; તેમાં કાળા કાચને આતશ જેવેા ગરમ કરી જે રંગ આપવેા હેાયછે તે રંગનેા પેલા બલતા કાચ ઉપર ધરીને બેહુ કાચ ગરમ હેાવાથી તરાંહ પાડેછે; પછી તેને બાહાર કાહાડીને બટનની ડાઇમાં મુકીને ઠેાકાથી કાપી કાહાડેછે કે બટન રંગીન થઇ નીકળેછે. બીજાં હાથીદાંત જેવાં ઝેાટાં બટનેા સારૂં એક જાતની નટશ (Nuts) ફલ આવેછે, જેને Ivory Nuts હાથી દાંતનું ફલ કરીને કહેછે, તે બારેકનાં જેટલી મેાટી આવેછે; તેની અંદર જાણે સુકું કેાપરૂં હેાય તેવું તદન બટ પણ પથર જેવેા કઠણ ગળ નીકળેછે, એ નટને કાપીને તેમાંથી જોઇતી શાપઝનાં બટનેા કાંટી કાહાડેછે, જે જાણે હાથીદાંતનાં હેાય તેવાં સફેદ તથા કઠણ નીકળેછે, અને પછી તેને આંધળાં પાડી તયાર કરેછે. કપડાંનાં બટનેા સારૂં ઝીણું પેાકળ પીત્તળનાં બટનેા દીબાંથી બનાવી તેનેા ઉપર ઝીણી ગેાળ કપડાંની કાપલીઓનું એક પેહેલું પડ મુકીને તે પીત્તળનું બટન રાખી પાછાં બે પડ કપડાંનાં મુકી એક સંચામાં દાંબવાથી આખું કપડાંનાં પડનુ બટન તયાર થાયછે. બાલી પીત્તળનાં બટનેા પેહેલાં લખ્યું છે તેમ તયાર કરીને ઉપર વારનીશ મારીને સુકવેછે, જેથી તેનેા ઝળકાટ પીત્તળનેા રહી જાયછે. એ મુજબ શીપનાં તથા લાકડાંનાં પણ બટનેા કાંટીને બનાવેછે લાકડાંનાં રંગીન બનાવવાં હેાયછે, તેા ત્રણ ચાર રંગનાં લાકડાંની ચીપેાને પેહેલાં વલગાવેછે અને તેને કાંટીને ગેાળ જોઇતી શાપઝનાં કરીને એક છેડેથી કાપતા આવ્યાથી, પેલા બધા રંગ અંદર મલેલા હેાવાથી રંગની જાતનાં લાકડાંનાં બટનેા થાયછે. તેને પછી જોઇતા ઘાટનાં હાથથી કાટેછે અને પાલીશ કરીને વારનીશ મારેછે. પેલાં કાચનાં બનાવેલાં બટનેા પેહેલાં રફ લાગેછે, પણ તેને સુહાગણ ઉપર ઘસીને સાફ કરી પાલીશ કીધાથી તે પણ ઘણાં ચળકતાં તથા શેાભતાં જાણે ટરાનશપેરંટ પથરનાં બનાવેલાં હેાય તેમ દીસેછે.

એ જોઇને બપેારનાં મીસીઅરસ ટેનજાઇ બ્રધરશનું નાધળાં એન્જીન બનાવવાનું કારખાનું જોવા ગયા હતા. હીંયા બધી જાતનાં બે હેારશ પાવરથી તે ૧૦૦) હેારશ પાવરનાં એન્જીનેા બનાવેછે, તથા સ્ટીમથી ચાલતા વાટર પમ્પેા તેમજ બીજો એન્જીનને લગતેા પરચુરણ સામન બનાવેછે, જે આગલ હમેાએ મેાટાં એન્જીન બનાવવાનાં કારખાનાંઓના આપેલા હેવાલને મલતાં આવવાથી વીગત લખતા નથી.

એ જોઇને પછી જેમશ ગારટ-લેન્ડનુ પીત્તળનું હાઉશ ફરનીશીંગ વરકશ જોવા ગયા હતા. એ જગ્યામાં બારણાનાં બીજાંગરાં, પડદાની ચાંપો, બોલતો ઇત્યાદી ઘેરનો સામન બનાવેછે. જે કાંઇ બનાવવું હોય તે દાગીનાંને પેહેલાં ઓાતી કાહાડીને પછી તેને ઘસીને પાલીશ કરેછે તથા તેની ઉપર ઝળેહ આવવા સારૂં સરકો, ગાયનો પીત્તો અને પાણી ભેળાને તેમાં પીત્તળ ઓાળી સ્ટીલનાં હથીયારથો ઘસેછે, તેથી પાલીશ ઘણું થાયછે. પછી તે પાલીશ નીકળી નહીં જાય તે સારૂં સ્પીરીટ વાઇનનો થરો તથા એક જાતની લાલ ભુકી પાણીમાં નાંખી તેનેથી પાછું પીત્તળ કામ ધોવાથી પેલી ઝળેહ નીકળી જતી નથી. હીંયાં બારણાંઓ પોતાનો મેલે બંધ થાય તથા બેહુ બાજુપર ઉઘડી શકે, તેવી ચાંપો નવી રીતની બનાવેલી જોઇ હતી. તેજ મુજબ બારણાંઓનાં હેન્ડલોને સકરથી બંધ કરવાને બદલે ચાંપોથી બંધ કરેછે. પડદાનો કમાનો જેથી વેલાયતમાં લાકડાંનાં પડદા સહડ ઉતર થઇ શકેછે તથા જેટલો ઊંધાડો રાખવા માંગે તેટલોજ રહી શકેછે, તેવી ચાંપોની કમાનો પણ અહીંયાં બનાવેછે. એ શીવાય બીજી ઘણી રીતનું નવાઇનું અહીંયાં જોવામાં આવ્યું હતું.

તા૦ ૫ મી આગસ્ટ ૧૮૮૧—આજે વીલીયમ મીડલમોરનું હારનેશ તથા જીન બનાવવાનું કારખાનું જોવા ગયા હતા. હારનેશ સારૂં ગાયનાં અને જીન સારૂં ડુકરનાં ચામડાં પણ વાપરેછે. એ છેલું ચામડું કુમાસે નરમ તથા તકાઉ પણ ઘણું કહેછે. ચામડાંઓ Tan થઇને તયાર આવેછે. તેને વેચાતાં લેઇ અહીંયાં પાણી તથા ચુનામાં ત્રણ દીવસ રાખી પછી સુકવીને ઓાખવેછે, અને પછી સાફ કરી જોઇતો રંગ આપેછે. (શાઉઠ આફ્રીકાના બોયરસ લોકો સારૂં જીન બનાવતા હતા તેનો રંગ લાલ હતો) એ બાદ તે સંચાથી સીવીને તયાર કરેછે. જેપાન લેધરને વારનીશનાં કાળા રંગનો (જેમાં લેમ્પબ્લેક તેલ અને બીજી વસ્તુઓ ઉમેરીને તયાર કરેછે) એક હાથ મારીયો કે ગરમ તાપવાલી ભઠ્ઠીમાં સુકવેછે; અને બીજે દીને બીજો હાથ મારીને સુકવેછે. એ મુજબ બધા મલીને છ હાથ મારીને તયાર કરેછે. જીન ગાયનાં ચામડાંનાં બનાવેછે, તેને ડુકરનાં ચામડાનાં જેવું દેખાડવા સારૂં એ છેલાં ચામડાંપર ઝીણાં આંધળાંની નકશી રહેછે, તેવી નકશી કોંપરપલેટ ઉપર કોતરીને, તેની ઉપર ગાયનાં ચામડાં સંચાથી દાબેછે કે તેવી તરાહ આબાદ જાણે ડુકરનું ચામડું હોય તેવી ઉડી આવેછે. એ જીનો તથા હારનેસ ઉપરાંત શોલીડ લેધરનાં પોરટમેનટો તથા બીજાં ચામડાંની બનાવતની જીણસો ઘણી જાતની બનાવેછે

એ જોઇને મી૦ એફ. જોબને ત્યાં સસતાં ઘડીયાલો વેચેછે, તે જોવા ગયા હતા. એ ઘણી લોકોનાં જુનાં ઘડીયાલો વેચાતાં લઇને તેની ઉપરનાં સોનાં તથા રૂપાનાં કોટલાં કાહાડી લઇ ગાલી નાંખેછે, અને તેને બદલે પીત્તળનાં કોટલાં બનાવીને પેલાં જુનાં ઘડીયાલોનો માવો તેમાં મુકી ઘણી સસતી કીમતે વેચેછે, અને પોતાનાં નફામાં પેલું સોનું તથા રૂપું કોટલાંમાંથી નીકલતું પોતે રાખેછે. એ ઘડીયાલો ગરાશને હીશાબે વેચાયછે, તેમાં કોઇ કોઇ એવાંતો સરસ અસલનો માવો રેહેવા દીધાથી નીકલેછે કે તેમાંનાં બસો રૂપીયે પણ મલે નહીં.

એ જોઇને લાયોડ બ્રધરશનું સકરૂ બનાવાનું કારખાનું જોવા ગયા હતા. એ જગ્યા ઉપર લોખંડ તથા પીત્તળનાં સકરઓ જાત જાતનાં બનાવેછે. પેહેલાં લોખંડ યા પીતળનાં ગોળ તારને એક સંચામાં ઓસેછે, જે પોતાની

ઍળે રોલરથી અંદર ઍંચાઈ ઍક ગમથી તેને સાંબા ઍક સલીયા હથોડા પ્રમાંણે વાગેછે, તેથી માથું થાયછે અને બીજી ગમથી ઍક છરી તેને જોઇતી લંબાઇનું કાપી નાંખેછે. ઍ બાદ તેને બીજા સંચામાં મુકેછે, જ્યાં કરવતી જેવાં દાંડાંથી તેને માથાંપર ડીશપીશનો ચીરો મુકેછે તથા માથાંની ગોળાઇ બરોબર કરેછે. ઍ સંચામાં માણસ ઍક વાસણમાં સ્કરૂ નાંખેછે, તેમાં પાંચ સલીયાવાલું ચકર આસતે આસતે ફરેછે, જે સલીયા પેલા સ્કરૂવાલા ચકરને ઊંચકીને સ્કરૂ ઉપર ઍંચેછે અને સ્કરૂને ઍક ચીમતો ઊંચકીને બરાબર જગ્યા ઉપર મુકેછે, તથા જેવો કાપ પડી રહયો કે સ્કરૂ પોતાની મેલે હેઠે પડી જાયછે. ઍ પછી ઍને આંટા પાડવા સારૂં બીજા સંચામાં મુકેછે, જેમાં ઍક નાંધળો લોખંડનો ધારવાલો કટકો, જેને બે છેડા ઉપર ધાર રહેછે અને વચમાં ખાંચો રહેછે, તેથી ગોળ ફરીને પેલા આંટા પડેછે તથા ઍક જુદા સંચામાં નાંધણું હથીયાર તેને છેડેથી અણીદાર કરેછે. ઍ સંચો પણ જોવા લાયકછે; ઍક બાજુપરથી ચીમતો પોતાની મેલે સ્કરૂ બનતા કટકાને ઊંચકી લાવી ઍક ખાંચામાં ધરેછે કે તેને બે બાજુપરથી બીજા સંચા પકડી લેછે, તેવુંજ હેઠલનાં છેડાવાળું હથીયાર તેની ઉપર ચાલવા માંડેછે ને અણીદાર કરેછે; તેટલાં પેલો પેહેલો ચીમતો ઊચકાઇને બીસી જાયછે. અણી થઈ રહી કે તે હથીયાર બંધ પડેછે અને આંટા પાડવાનું હથીયાર ગોળાઇમાં ચાલીને તેને આંટા પાડતું ઍક નાંકેથી બીજે નાંકે આવીને વળી પાછું પેહેલેથી શરૂ કરેછે. ઍ મુજબ સાત વખત તે આંટા પડેછે, પણ જો પાંચ આંટામાં સ્કરૂનાં આંટા થઈ રહેછે તો તે સાત વખત બમણું ચાલેછે પણ સ્કરૂને વધતો ઘસતું નથી. આંટા પડી રહ્યા કે તે બીસી જાયછે, તથા ઍક બાજુ ઉપર જ્યાં છેડાને અણી કરેછે તે હથીયાર પણ બીસી જવાથી પેલો તૈયાર થયલો સ્કરૂ અલગો થઇને હેઠે પડેછે કે તરત પેલો ચીમતો બીજો સ્કરૂ લાવીને આગલની માફક અંદર મુકેછે. સ્કરૂ તૈયાર બન્યો કે પછી તેને ગોલ વાસણમાં ભુસાં સાથે નાંખીને ગોલ ફેરવેછે (સંચાથી) કે સાફ ચળકદાર થાયછે.

ઍ જોઇને અતરેનો ટાઉન હાલ જે ન્યુ સ્ટીટમાં માછે તે જોવા ગયા હતા. ઍ જગ્યાપર કોનશરટો તથા મીઠીગિ ભરવા સારૂં ઍક હૅાલ ઘણો મોટો અને અવાજ ફેલાવી નહીં નાંખે તેવી બાંધણીનોછે. ઍને વાસતે કહેછે કે ઍનાં જેવો ગાયણનો અવાજ સાંભલવામાં બીજો કોઇબી હૅાલ આખા યુરોપમાં નથી, અને તેવો બાંધવા સારૂં બીજી ઘણી તજવીજો થઈ પણ તેવો બની શકતો નથી ઍમ કેહેછે. ઍ હૅાલ ૧૪૫) ફીટ લાંબો અને ૬૩) ફીટ પોહોળો અને ૬૩) ફીટ ઊંચોછે. ઍમાંનો આરગીન પણ ઘણી સરસછે, જેમાં ૪૦૦૦) પાઇપો તથા કીર્ઇનાં ૪) થડછે. ઍ આખો ટાઉન હોલ ૧૬૬ થી ૧૦૦ ફીટ મોટો, અને તેનાં બાહારનાં મોટા થામલા ૪૦) ફીટ ઊંચાછે. ઍ જોઇને પછી નવી મ્યુનીશીપાલીટીની બીલડીંગ, જે ઍની સાંમેછે તે જોવા ગયા હતા ઍનો બાહારનો દેખાવ ઘણોજ ભપકાવાલોછે, તે ૧૯૬) ફીટ લાંબોછે અને તેનો મીનારો ૧૬૨) ફીટ ઊંચોછે અને તેમાં ૯૪) ઓરડાછે. ઍ જગ્યા ઉપર મ્યુનીશીપાલીટીની હાપીશો તથા મેયરને બાણું આપવાની જગ્યાછે, જે ઘણી સરસ સણગારેલી. ઍ બાંધવા પર બાર લાખ રૂપીયા લાગાછે. ઍ જોઇને રાતનાં સાત વાગે બરમીંગહામથી આગગાડીમાં બેસીને લંડન શેહેરમાં કલાક સાડા દશ વાગે આવી પુગા હતા. બરમીંગહામ શેહેર ઘણું મોટુછે અને બાહારથી જાણે ઘણું ગંજાવર શેહેર હોય તેમ લાગેછે. તેની વસતી ૩૩ લાખની કહેવાયછે અને હીંયા

એટલી જાતનાં કારખાનાંછે કે તેની ગણતરી થઇ શકે નહીં; અને હમો જેટલામાં ફરયા તે કુલ્ય ગણતરીમાં પણ ગણાય નહીં, એટલી બધી અહીં કળા તથા ઉદ્યોગછે. દરેક મોહોલામાં સ્ટીમથી મંચાઓ ચાલવાના કારખાનાં દીસેછે; તે ઉપરાંત હાથથી બનાવવાનું કામપણ તરેહ તરેહનું છે, જેથી કરી ઇંગ્લાંડનાં બીજાં એવાં કારખાનાંવાલાં શહેરો કરતાં અહીં ગરીબોનાં ઘર પણ ઘણું સારાં અને કુશાદે બાંધેલાંછે; એટલું એ તેનાં હુન્નરથી સુખી થયલુંછે. એ શહેરમાં ઘરમખાતાં પણ બીજાં મોટાં પૈસાદાર શહેરની માફક ધણુંછે, જેવાં કે ગ્રામર સ્કુલ (એનો આવક વરસ દાહાડે જમીનથી પૌંડ ૧૧૦૦૦ નીછે) કોલેજો, હસ્પીટાલો, મુગાં મોહેરાંની આશગળય, તથા આંધળાંને આશરો આપવાનાં ઘરો, સુવાવડખાનાં, મજુરોને માટે ખાતાં, છીનાળાનાં બચ્ચાંને ઉછારવાને ખાતું, બદબખ્ત છોકરાઓને શીખવવા માટે નીશાળો, Reformatory Blue Coat School જેમાં ૨૦૦) છોકરા છોકરીઓને ખાવા પીવા ઉપરાંત શીખવેછે, ઇત્યાદી. એ ઘણું ખરાં ઘરમખાતાં હીંયાનો રૈયત પોતામાં ઉઘરાણું કરી તથા ફંડો સ્થાપીને ચલાવેછે; તથા તે બધાંની ઇમારતો મોહોટી અને ભપકાદાર હોવાથી શેહર ધણું સોભેછે.

તા૦ ૬ થી આગસ્ત ૧૮૮૧—આજે ખાંનગી કામ હતું તેથી હમો કોઇ ગયા નહીં પણ એલેકઝાંન્ડરા હોટલમાંજ રહ્યા હતા.

તા૦ ૭ મી આગસ્ટ ૧૮૮૧—આજે સવારનાં સ્ટીમરમાં બેસીને ટેમશ નદીની ઉતર બાજુ ફરી આયા. પેહેલાં હમો વોટરલું બ્રીડજપરથી બેઠા હતા. નદીની બેહુ બાજુપર મોટી મોટી હવેલીઓ તથા ટેમશ એમબેંકમેન્ટ (એ ટેમશ નદીની એક બાજુ ઉપર મોટો રસતો બાંધી લીધેલો તથા નદી ઉપર ઉતરવાની વારા ફરતી સીડીઓ કરેલો તેમજ પથરની દેવાલ બાંધી લીધોછે તેને ટેમશ એમબેંકમેન્ટ કરી કહેછે) નો રસતો તેનાં ફાનસો તથા પોકોની આવજવથી ઘણો સારો દેખાતો હતો. લંડન બ્રીડજ પસાર કીધા પછી મોટાં વાહાણો તથા સ્ટીમરો બેહુ બાજુપર ઉભેલી તથા ત્યાંનાં ડંકાઓની વખારમાં સામન ખાલો કરતી તેમજ વખારોનો પછવાડે ગોદીઓમાં પણ સ્ટીમર તથા વહાણોનાં ડોલ દીસતાં હતાં. એ ઉપરાંત બે ત્રણ સ્ટીમરો તથા વહાણો અંદર આવતી જતી તથા લોક હમારી માફક સ્ટીમરોમાં ફરવા નીકલેલું એ સઘલું ધાર્યું જોવા લાયક હતું. હમો છેક શ્રીનીચ સુધી ગયા, જ્યાં દરીયાઈ હાશીમરો થવા સારૂં શીખવવાનાં બે વાહણો રાખેલાંછે. એ બેહુને એક નાકેથી બંધ પુલ વેટે જોડી નાંખેલાંછે; જેમાં આપણી માહ રાંણીના પાતવી કુવર પ્રીંન્સ ઓફ વેલશનાં છોકરા તથા બીજા ઘણા મોટાઓનાં છોકરા શીખેલા હતા તે જોતાં જોતાં કીનારે ઉતરયા.

એ પછી પાછા સ્ટીમરમાં બેસી લંડન બ્રીડજનાં સ્ટેશન ઉપર ઉતરયા, અને બપોરનાં ૧—૨૦ મીનીટે આગગાડીમાં બેસીને નીકલેલા બ્રાઇટન કરી લંડન શેહેરને લગતી હવા ખાવાની જગ્યા આગરે ૫૩) મૈલ દુરછે, ત્યાં કલાક ૩—૫ મીનીટે પુગા અને ત્યાંનાં ગ્રાંડ હોટલમાં ઉતારો લીધો હતો. સાંજનાં ત્યાંના દરીયા કીનારાનાં રસતાપર ફરીને તે તરફનો વખણાયલો એકવેરીયમ જોયો. એ એકવેરીયમ આખા ઇંગ્લાંડમાં સૌથી સરસ ગણાયછે, જેમાં જાત જાતની દરીયાઈ તથા નદીની માછલીઓ તથા બીજાંક જંગલી જનવરોનો સંગ્રહ કરેલોછે. માછલીઓ ઘણી નવાઇની જોવા લાયક હતી, તેમાં એક ઇલેકટરીક ઇલ (વીજલીનો લેવતો)

નાંમે ઘણી મોહોટી આસરે ૬) ફીટ લાંબી અને ૬) ઇંચ જાડાઇમાં લેવતાનાં જેવી દેખાવનીછે. એ જયારે પોતાનાં ખોરાક સારૂ માછલીનો શીકાર કરેછે, ત્યારે તેનાં આંગમાં જે કુદરતી વીજલીનો જોર રહેછે, તે પોતાનાં શીકારની નજદીક પાણીમાં ફેંકયાથી તરત બેશુધ થાયછે, એટલે તેને પકડીને ખાઈ જાયછે. એને જે પાણીની ટાંકીમાં રાખેલીછે, તેમાં બીજી કોઇપણ જીવતી માછલી રહી શકતી નથી; તેમજ તેનાં બદનમાં વીજલીનું એટલું જોર રહેછે કે કોઇ માણસ પણ તેને હાથમાં પકડી શકતું નથી. પણ માણસ અકલમંદ હોવાથી તેને કળાથી પકડી શકેછે. પેહેલાંતો એને પાણીમાં લાકડી અથવા બીજી કાંઇ વસ્તુથી છેડેછે કે તે છેડ કરનાર સાધનપર વીજલી ફેંકાતી જાયછે અને જેમ વધતો વખત ફેંકેછે તેમ તેનું જોર નરમ પડતું જાયછે, તેથી જયારે તદન નરમ પડેછે ત્યારે પોતે ચડપ દઇને પકડી શકેછે. બીજી ઓકટોપશ (Octopus) કરીને એક પોચી વગર ભીંગડાંની ગોળ માછલી આવેછે. એને આઠ પગ સુંડની માફક ઘણાં લાંબા રહેછે, અને તેપર ઘણાં નાઘળા માસનાં ગોળ ગાઠા રહેછે. એ પગથી પોતાનાં શીકારને પકડી મોહોડાં આગલ ધરેછે. તે મોહોડું પેટની વચોવચમાં એક ઝીણું આંધણુંછે જેમાં તે ચુસીને સઘળો રસ ખાઈ જાયછે. એનું અંગ તદન પોકળ હોય તેમ પવનથી ઉપસેલું તથા હીલતું લાગેછે. એનાં પગમાં એટલું તો જોરછે કે એથી ઘણી મોટી માછલી (ઇયા કાચબા કે જે એને ખવડાવેછે) એક વખત પકડી કે પછી છોડતી નથી. એનાં પગપર જે માસનાં પોપચા (Pads) જેવા લાગેછે તેથી તે વાતાસુન કરી ઇયાને પવન કાઢાડી નાંખીને કોઇ બીજને ચીવટી પડેછે તે પાછું છોડાવવું મુશકેલ પડેછે. એક પાણીનો મોટો કાચબો ત્યાં હતો, તેનો દેખાવ ઘણો જુદીજ તરાંહનો અને તેનું અંગ કાચબાઓને મલતું પણ મોહોડું પોપટની મોટી ચાંચ હોય, તેવું હોઇને કદરખીહાંમનાં જેવું લાગતું હતું. તેને નાઘળી બોઇ જેટલી માછલી નાંખી તે એક સપાટામાં ગલી ગયો હતો. એ ઉપરાંત બીજી ઘણી જાતની માછલી ત્યાં હતી. શીલશ (Seals) ને સારૂ એક મોટી ટાંકીછે તેમાં રાખેછે; અમે એક શીલને ટાંકીમાંથી બાહાર નીકળી નજદીક ૨૫) ફીટ સુંધી દુર જમીન ઉપર બ્હારનારની પાછળ ધસમડાઇને ચાલતાં જોયું હતું, અને રખેવાળે તેને ધમકાવ્યું કે જાણે સમજી બુજીને પાછું ફરી પાણીમાં જતું રહ્યું. બીજી ગમ એવી બીજી જાતનું શીલ જેને તેનાં મોહોડાનાં દેખાવપરથી સી-લાયન અથવા દરીયાઈ સીંહ કહેછે તે રાખેલાંછે. એ મછીઓ સીંહ જેવાં ગરીબ નથી, તેથી તેની ટાંકીની આસપાસ કેટેરા ભરી લીધેલાછે, અને તેઓ આખો વખત પાણીમાં દોડીને કુસકી માર્યા કરેછે તેથી પાણીમાં જાણે તોફાન થતું હોય તેમ હીલીને પાણીમાથી અવાજ આવ્યા કરેછે. એક પંખેરૂં બગલા જેવું, જેને ડાઇવીંગ બર્ડ (Diving Bird), કહેછે, તેને કાચની ટાંકીમાં ભુડકી મારતું અંદરથી જોયું હતું, તે ઘણું સારૂં લાગતું હતું, કારણ પાણીની અંદર એક તદન સફેદ ગઠેડો દોડતો હોય એમ એ પ્રમાણે દીસતું તથા મોહોડાંમાંથી પાણીનાં પરપોટા ફેંકે તે જાણે જીવતા પારાનાં જેવા લાગતા હતા. એ ઉપરાંત બીજું ઘણું જોવા લાયક હતું. જમીનનાં જનવરોમાં એક સીંહ અને બાલારીંછ હતું; બાકીનું આખું ઘેર કાચની મોટી મોટી પાણીની ટાંકાઓથી ભરેલું હતું, જેમાં બધી જાતની માછલી રાખેલીછે.

રાતનાં હૉટલમાં આઇને ત્યાંના ડંકાપર ફરવા ગયા હતાં. એ ડંકો દરીયાની અંદર ૧૧૫૦) ફીટ લાંબો બાંધેલોછે અને તેને નવો અથવા West Pier કહેછે; તે સને ૧૮૬૬ માં બંધાયલોછે. એનેથી થોડેક દુર એકવેરીયમની સામે જુનો ડંકો ૧૧૩૦) ફીટ લાંબોછે. તેને Old Chain Pier કરી કહેછે, અને તે સને ૧૮૨૩ માં બધાયો હતો. એમાંની પેહેલી જગ્યામાં જાણે મેલો હોય તેમ ત્યાંનું લોક સઘળું ફરવા નીકળેલું, અને તેમની ગમત માટે છેક નાકે ડંકા ઉપર વાજું વાગતું હતું. તે ઉપરાંત દરીયે કીનારેનો રસ્તો, જેને "પેરેડ" કહેછે, ત્યાં પણ અતીશયું લોક સહેલ કરતું હતું, તેથી દેખાવ ઘણો સારો લાગતો હતો. એ મુજબ રાતનાં દશ વાગા સુધી ત્યાં લોક ફરવા કરેછે. એ દરીયે કીનારેની હવા ઘણી સારીછે જેથી આજારી માણસોને પણ બાઠ ચેરશ (Bath Chairs) ઇયાને ગાડીરોકી નાંધળી ખુરશીઓ જેને માણસ પાછલથી ધસડીને ચલાવેછે તેમાં ફેરવવા કાહાડેછે.

તા૦ ૮ મી આગસ્ટ ૧૮૮૧—આજે સવારનાં સકારામાં ઘોડાની ગાડીમાં બેસીને બ્રાઇટન શેહેર ફરી આવ્યા હતા. એ ગામ મોહોટુંછે, અને તેમાં જાથુકની વસતી એક લાખ ઉપરનીછે, પણ ઉનાળાનાં દીવસમાં ત્યાં બાહારથી લોક હવા ખાવા માટે આવવાથી એની દોહડી વસતી થતી હશે. હમણાં એની ફુલ શીઝન હોવાથી લોક ઘણું ઉતરેલું હતું, અને હૉટલોમાં જગ્યા પણ મલતી નહીં હતી. એના દરીઆ કીનારાનો રસ્તો નજદીક પાંચ મૈલ લાંબોછે, જેની બાજુ ઉપર ઘણી સારી રોનકદાર હવેલીઓ તથા અંદરથી પણ તેજ મુજબ રોનકદાર ચેહલીઓ એક સટની ઇમારતોનાં મોહોલા ને મોહોલા જેટલી લાંબી બાંધેલીછે, તથા નાંધળી ટેકડી ઉપર એ ગામનો ભાગ ઘણોખરો આવવાથી તથા તેની ઉપર બાહારથી ગોળ આકારની ચહડ ઉતરઇમારતો હોવાથી ઘણી નવાઇ જેવું લાગેછે.

એ જોઇને દશ વાગેની ટ્રેનમાં બ્રાઇટનથી નીકળેલા ૧૧-૧૦ મીનીટે લંડન પાછા આવી પુગા, અને ચેરીંગ ક્રોશન હૉટલમાં ઉતારો લીધો હતો. હમો છેલા એલેકઝાન્ડરા હૉટલમાં ઉતરયા હતા તે હૉટલ સૌથી પેહેલે વાધેનાઓમાંનું ગણાયછે, જેમાં ઘણાંખરા ઉમરાવ ઉતારો લેછે પણ એ હૉટલ જેઓ લંડનમાં ઘણો લાંબો વખત રેહેવાનાં હોય તેઓનેજ પરવડે; કારણકે સઘળી જોવા જવાની જગ્યાઓ એનેથી ઘણી દુરછે; પણ ચેરીંગ ક્રોશ હૉટલ જે શેહેરની વચમાં આવેલુંછે ત્યાં જોવા જનારાઓને ઉતરવાનુ ઘણું સારૂંછે; એ હૉટલથી પેહેલે વાધેનું ગણાયછે પણ એલેકઝન્ડરા જેટલુ નથી; તોપણ હમોને બધી રીતે ત્યાં સુખ ઘણું મલ્યું હતું, અને તેનાં બંદોબસ્ત વીશે કસું પણ ફરીયાદ જેવું હતું નહીં.

તા૦ ૯ મી આગસ્ટ ૧૮૮૧—આજે સાંજનાં ક્રીશટલ પેલેશ જોવા ગયા હતા. હમો આગલ એ જોઇ આવ્યા હતા ખરા, પણ તે વેલાએ બધા ભાગો બરાબર જોઇ શકયા નહીં, તેથી ફરીને આજે ગયા હતા, હીયાં ઉનને ધોવાનાથી તે વણવા સુધીનાં સંચા ચાલતા જોયા હતા. એ ઉપરાંત રેશમની એક મોટી લુમ પણ હમોએ ચાલતી જોઈ હતી, જેમાં નાંધળા નાંધળા કટકા ઉપર ક્રીશટલ પેલેશનાં ફુલો, સરતો, શીકારો, ઇયાદીની તરાંહ પાડીને વણતાં હતા, જે ઘણું જોવા લાયકછે. એ જોઇને ત્યાંનું એકવેરીયમ જોવા ગયા હતા, જ્યાં બધી જાતની જીવતી માછલીઓનો સંગ્રહ કરેલોછે, અને રાતનાં નવ વાગે આતશબાજી જોઇ હતી. એ આતશબાજી ઘણી જોવા લાયકછે,

તેમાં પાણીની મોટી ટાંકીની આસપાસ રંગીન બપોરીઆ તથા માહે પાણીનાં ફુવારા તથા તે ઉપર બપોરીઆના રંગીન ઉજાસે કરીને બરફનાં પાહાડો થયા હોય તેમ લાગતું હતું. તે ઉપરાંત આતશબાજીનાં ધોધ તથા પાણીનાં ફુવારાઓ ઉડારી તેની અંદર આતશનાં દડા એક ગમથી બીજી ગમ ઉડતા ફરતા તથા પાણીની પાછલ બપોરીઆ સલગીને પાણી રંગબેરંગી દીસતું હતું. આશમાંન ઉપર બાણ ઉડારી તે ફુટીને ત્યાં તરંહ તરંહનાં આકારો થતા હતા, તથા એક ગમ ત્રણ જણીતા ગ્રહસ્થોની મુખી આતશબાજીની બનાવેલો, એ સઘળું ઘણું સરસ અને જોવા લાયક હતું. એ ઉપરાંત હમોએ સાંજનાં પેરીશને ઘેરો નાંખેલો (Siege of Paris) તેનો પેનોરામાં જોયો હતો. તે એક ગોળ બાંધણીનું ઘેરછે, જેમાં કંતાન ઉપર રંગથી એક લડાઈ પાડેલી અને તે કંતાનને જ્યાંથી આપણે ઉભા રહીને જોઇયે, ત્યાંથી ૫૦) ફીટ દુર રાખેલું છે. આપણને અંદર એક અંધારી ગલીમાંથી જવું પડેછે, અને જેવા પુગા કે એ લડાઇનો દેખાવ નજરે પડે તેવો સરસ ચીતરેલો અને ગોઠવેલોછે કે જો આગલથી આપણ ન જાણતા હઇયે કે એ ચીત્રકારીછે તો ખચીત તે ખરેખરી લડાઇ નજરે જોતા હોઇયે તેવુ લાગેછે. એ જગ્યાપર ફરતી દેવાલોછે, તેની બાજુપર ઉપરથી રોશની કનતાનપર પાડેછે, અને કંતાન તેનાં છાપડાં સાથ એવુંતો બરોબર ચોંટાડેલું છે કે ઉપર આશમાન હોય તેમજ દીસેછે. એવો પેનોરામાં આપણાં દીકાંમાં મુંબાઇમાં ઇયા આખા હીંદુસ્થાનમાં આવ્યો નથી. પેરીશનું શેહર દુરથી અને તેથી દુર પાહાડો, નદીઓ, કીલાઓ, ઇત્યાદી બરોબર માલમ પડેછે; એ સઘળું જોવાનું કાંઈ કાચમાંથી નથી, પણ ખાલી આંખવતે-છે, અને તેથી આવો મોટો દેખાવ બરોબર દેખાય તેવો એ ચીતાર સરસછે.

તા૦ ૧૦ મી આગસ્ટ ૧૮૮૧—આજે સવારનાં હીંયાંનું મેનશન હાઉશ જોવા ગયા હતા. એ જગા લૉર્ડ મેયરને લગતીછે, અને ત્યાં તે દરશાલ મોટાં ખાણાં અને નાચ આપેછે. તેની અંદરનો ભાગ સારો સણગારેલોછે; અને ખાવા બેસવાની ટેબલ ઉપર ૩૫૦) માણસો એક વખત બેસી શકેછે, તેનો હૉલ ઘણો મોટોછે, પણ ત્યાં દીસનાં પણ ઉજરડું પડતું નથી તેથી કોઈ વખત દીસનાં કામ હોય તો બતી સલગાવવી પડેછે. પણ એનો વપરાસ રાતનાં ખાણામાંજ થાયછે અને દીસનાં કાંઈ એનો ગરજ પડતી નથી. એ હૉલ ઘણો સારો તથા અંદરથી ગીલીટ કીધેલોછે. એજ મુજબ બેસવાનાં તથા નાચ કરવાનાં હૉલો (જે ઉજરડાંમાંછે) તે પણ સારી રીતના ગીલીટ કીધેલાછે, તથા ફરનીચર પણ સારું અને ઠીકછે. એ મેહેલ સને ૧૭૪૦ માં બંધાયો હતો.

ત્યાંથી નીકળેલા ગીલડ હૉલ જોવા ગયા. એ બીલડીંગ ઘણી મોટીછે, અને તે ચ્યુનીશીપાલ કોરપોરેશનની તથા બીજી મીટીંગો ભરવાને તથા લૉર્ડ મેયર જેને લંડનની રૈયત ચુંટી કાહાડેછે તેની મીટીંગો ભરવાનાં કામમાં વાપરવાં ઉપરાંત લૉર્ડ મેયરનાં મોટાં ખાણાં જેમાં ૧૦૦૦) ઉપર માણસો આવેછે, તે સારૂ પણ વાપરેછે. એનો ખાવાનો મોટો હૉલ ૧૫૩) ફીટ લાંબો તથા ૪૮) ફીટ પોહોળો અને ૫૫) ફીટ ઉંચોછે. તે ઉપર ત્રણ લાખ રૂપીયા બેડાછે. એ ઉપરાંત બીજા મીટીંગો ભરવાનાં તથા પરચુરણ ઓરડા ઘણાંછે. મોટા હૉલમાં સાગ વખાણાયલાં માણસોનાં મોટી શામઝનાં પુતલાં યાદગારી દાખલ મુકેલાંછે, જેવાકે વેલીંગટન, નેશનલ, લૉર્ડ ચેહમ, વીલીયમ પીટ, ઇત્યાદી. એ ઉપરાંત બાણાંમાં બે મોટાં રાક્ષસી કદનાં ગોગ

અને ભોગોગનાં પુતલાં મુકેલાંછે, જેને આગલ લૉર્ડ મેયરનાં મરગસમાં લઇને ચાલતા હતા.

એ જોઇને અતરેની વખાણાયલી ટાઇમસ ન્યુશપેપરની હાપીશ જોવા ગયા હતા. ત્યાં જે ઝડપથી છાપવાનું કામ ચાલેછે તે જોયું હતું. એમાં દીબાં ગોઠવવાનો મંચો ઘણો જોવા લાયકછે. દીબાંનો દરેક બોલ (એ. બી. સી) તથા આંકડા (૧ ૨ ૩) ઇત્યાદી જુદી જુદી નલીઓમાં ભરેછે, અને તે નલીઓને હાર બંધ અક્ષર પ્રમાણે મંચામાં ગોઠવેછે તે એવી રીતે કે તે દરેકનો છેડો તેની હેઠળ આડકતરા ઊંડા કાપા પાડેલા એક તકતા ઉપર રહેછે, જે કાપાને ઉપરથી કાંઇ અટકાવ રાખેલો હોવાથી પેલાં દીબાંનાં અક્ષરો પોતીકી મેલે હેઠે પડતા નથી; પણ અટકાવી રાખેછે. હવે એ તકતો પંખા રોકી બનાવેલોછે, જેનો મોટો ભાગ પેલા દીબાંનાં અક્ષરોની હેઠળ અને સાંકડો ભાગ એક પતલી નલી ઉપર રહેછે. એની હેઠે કાંઈ પીસાનો વજાડવાનાં કીઈ બોરડનાં જેવાં ચાર થડ મુકેલાછે, જેની ઉપર બધા અંગ્રેજી અક્ષરો તથા ફીગરો પાડેલાછે, અને જે બોલ જોઇયે તે બોલની કીઈ ઉપર આંગલું ઠોકયું કે ઉપરથી દીબાંમાંથી તે અક્ષર હેઠલ આવીને હેઠલની નલીમાં ઉતરેછે, અને હારબંધ ગોઠવાઇને નલી પોતાનો મેલે ખસતી જાયછે. એ મુજબ એક નલી ઉપર એક લાઇન આખી તૈયાર થઈ કે બીજી નલી મુકેછે, જેથી દીબાં ગોઠવવાનું કામ ઘણું ઝડપથી ચાલેછે, અને જેને તેવ પડી હોય તે ઘણી જાણે પીસાનો વજાડતો હોય તેમ પેલી જોઇતા અક્ષરોનાં ભાગની કીઇઓ ઉપર આંગલાં ઝડપથી મારેછે. એ મંચાનો આગલ ટેલીફોન પણ મુકેલોછે, જેનો બીજો છેડો પાર્લામેન્ટ હાઉસમાં મુકેલોછે, જયાંથી થતી રાંચો એનો રીપોરટર બોલતો જાયછે કે અહીંયા મંભલાયછે. તે ટુંકામાં લખી લઇને પેલાં દીબાંનાં મંચામાંથી દીબાં તૈયાર કરીને તે નહીં મનાય એટલા વખતમાં છાપી કાહાડેછે. એ ન્યુશપેપરની રોજ ૬૦ થી ૭૦ હજાર નકલો ખપેછે. તેને છાપતાં દીબાં ખરાબ થઈ જાય, તેથી તેની ઉપરથી હમોએ આગલ એડીનબરોનાં બોપડી છાપવાનાં કારખાનાંમાંની વીગતમાં લખેલુંછે, તેમ બધાં દીબા ગોઠવીને છાપ ઊંડો મારીને તેનો ઉપરથી સીસાંનો આખો બોલડ પાડી લેછે, જેપરથી જોઇતી કાપીઓ છાપી રહી રદ કરવા પાછું ભાંજી નાંખી પીધલાવીને કામે લેછે. એ સીસાંનાં બોલડ બનાવવામાં ૭૫) ભાગ સીસું અને ૨૫) ભાગ સુરમો વાપરેછે. છાપવાનાં સચા પણ ઘણા ઝડપથી ચાલેછે; એમાંનો એક મંચો જે વોલટર પ્રેસ (Walter Press) ને નામે ઓળખાયછે તે કલાકની બાર હજાર કાપી છાપી ઘડી વાલીને તૈયાર કરેછે. તે મંચામાં કાગજનાં રોલ છાપવાને મુકેછે, તેને જો બોલે તો પાંચ મૈલ લાંબું કાગજ નીકળેછે, અને તે છપાતું છપાતું કલાકનાં ૯) મૈલને હીસાબે ઝડપથી દોડેછે. એવા ૨૮) થી ૩૦) મોટાં રોલોનાં કાગજો દર રોજ ખપેછે, બયાને એ ન્યુશપેપર રોજનાં એક હારમાં મુકયાં હોય તો ૧૪૦) થી ૧૫૦) મૈલ લાંબા થાય એમ ત્યાંના મેનેજરથી સાંભળ્યું હતું.

એ જોઇને પછી અતરેની પેનટી વીલ જેલ જોવા ગયા હતા. એ જેલ ઘણી મોટી અને પુનાની યેરોડા જેલને મલતી બાંધેલીછે. તેને એક અરધા ગોલ મરકલમાંથી પાંચ ઊંડા વીંગો કરીને પાંચ બીલડીંગો પાંચ માળની બાંધીછે, જેમાં ૧૧૦૦) ઉપર બંધવા હમો ગયા તે વખતે કેદ હતા. લંડનમાં જેબી ગુનેહગારને કાંઇબી શીક્ષા થાયછે તેને પેહેલાં નવ મહીનાં આ જેલમાં મોકલવાનો ધા-

રોજે, અને નવ મહીનાં થવા પછી વધુ ઠીપમાં કેદીઓને બીજી જેલોમાં વેંહેચી નાંખેછે. આખ્યે જેલમાં દરેક કેદીને જુદી જુદી કોઠડીમાં આખો દીવસ બંધ રાખેછે અને તેને સોંપેલું કામ તેની કોઠડીમાંજ કરાવેછે ; પણ સવારનાં દેવલમાં અને સાંજનાં કસરત કરવા સારૂં બધો મલીને આસરે એક કલાક કોઠડીમાંથી બાહાર કાહાડેછે. તથા નહીં શીખેલાને સારૂં એક સ્કુલ કીધીછે ત્યાં શીખવવા પણ લઈ જાયછે. દરેક જણની કોઠડીમાં તેને વાસતે બે બલાંનકેટ, એક તુવાલ, તથા પાંથરવાનો ૨) ધાબળી તથા પાણી પીવાનાં તથા બીજાં વાસણો રાખેછે. તેઓને સારૂં દરોજ રાતનાં નવ વાગા સુધી કોઠડીમાં ચાસ બલેછે તથા વાંચવા સારૂં ચોપડી આપેછે. તેઓને અડવાડીયામાં ચોકશ કામ કરવાનું સોંપી આપેછે ; તે મુજબ જો નહીં કરે અને આલસાઈ કરે તો (કોઠડીઓનો અંદર બંધ રાખ્યાથી તેઓ કામ કરેછે કે નહીં તે કોઈ જોઈ શકતું નથી) તેને શીક્ષા કરેછે. હીંયા મુંબાઈની જેલની માફક કોઈબી કારણસર બંધવાને બાંધો મારતા નથી. તેઓને હાથ લગાડવાનો હોકમ નથી ; પણ જો શીક્ષા કરવી હોયછે તો તેઓને બાધામાં અમથું સુકું પાંઉ અને પીવામાં પાણી અને તે પણ વળી ઘણું થોડું આપેછે, તેથી પોતાની મેલે ટેકાંણે આવી જાયછે. એ ઉપરાંત તેઓનાં સગાં ધધા દોસ્તોને વરસમાં એક બે વખત મલવા દેછે, તેમને પણ શીક્ષા દાખલ મલતાં અટકાવેછે ; તથા દેવલમાં જવા તથા કસરત કરવા સારૂં બાહાર કાહાડતા નથી, તે આવી શીક્ષાથી આપો આપ ઘણો કંટાલી જાયછે. એ લોકો દેવલમાં તથા કસરત કરવા બાહાર નીકલેછે, ત્યારે તેમને એક બીજા સાથે વાત કરવાનો હોકમ નથી, અને કોઈ પણ વાત કરેછે તો ઉપર મુજબની શીક્ષા ફરમાવેછે. એમને બાવાનું પણ સારૂં આપેછે. પેહેલાં આવેલાને થોડું બાવાનું આપેછે પણ જેમ સારી ચાલ ચલાવતો જાયછે તેમ તથા મુદત વધતી જાયછે તેમ તેમનું બાધાનું વધારતા જાયછે. એ બંધવાઓનાં માથાનાં બાલ તથા મુછ દાઢી બોલાવી નાંખી બોડકા કરીને રાખેછે ; પણ શીક્ષાની મુદત પુરી થવાની ત્રણ માસ આગમજથી બાલ કાપતા નથી, જેથી તે બાહાર નીકળેછે ત્યારે બાલ પાછા ઉગેલા હોયછે. તેમને દર ૧૫) દીવસે કપડાં બદલાવેછે, તથા તેટલેજ દીવસે નહવાડેછે. એ લોકો પાસે દોરડાં તથા રગો (Rugs) બનાવવાનું તથા એવું બીજું વણવાનું કામ પણ કરાવેછે. સઘળી જગ્યા અતી ઘણી સાફ રાખેલીછે તથા બધી રીતનું માફકસર સુખ હોવાથી ત્યાંનાં બંધવાને પાછું વારા ફરતી આવવાને પસંદ પડે એમાં કાંઈ નવાઈ જેવું નથી. કેદીની શીક્ષાની મુદત પુરી થાયછે કે દરેકને ત્રણ પૌંડ રોકડા તથા નવાં કપડાં આપીને બાહાર કાહાડેછે, અને જો સારી ચાલનાં માણસો હોયછે તો તેઓને સારૂં એક ધરમબાતાંની મંડલી કાયલીછે તે ઉપર જેલ માસ્ટર ચીઠી આપેછે ; જેઓ તેને કોઈ ચાકરી રખાવી આપેછે, અને જ્યાસુધી તે મલે નહીં ત્યાંસુધી તેની તપાસ રાખેછે, જેથી ગુજરાણ નહીં ચાલે પાછી ચોરી લફંગાઈ કરવાની ફરજ પડે તેનો અટકાવ મંડલીઓથી ઘણો થાયછે. જે બંધવાએ પેહેલીજ ચોરી બ્યા ગુનાહ કીધો હોયછે, તેને જેલમાં નહારા બીજા બંધવાઓ સાથે ભેળાવાની તક આપતા નથી, અને દેવલમાં તથા કસરતપર જતી વખતે તેવાં માણસોને તદન છુટા લઈ જાયછે કે પેલા જુના ચોરોનો બરાબ બાસીયત લે નહીં. એ જોઈને રાતનાં હર-મેજેસ્ટીઝ થીયેટરમાં હારવીશ મીન્સ્ટ્રલસ નાંચ જોઈ આવ્યા હતા.

તા૦ ૧૧ મી આગસ્ટ ૧૮૮૧— આજે સવારનાં કલાક ૧૦—૩૦ મનીટે ટ્રેનમાં પેડીંગટન સ્ટેશનપરથી બેસીને આસરે વીસ મૈલ દુર શલાઉ (Slough) નાં સ્ટેશન ઉપર ઉતરયા અને ત્યાંની ઈટન (Eton)ની વખણાયલી સ્કુલ જોવા ગયા હતા. એને ૧૪૪૦ નાં સાલમાં છઠા હેનરીએ સ્થાપી હતી, જેમાં ઘણું વખણાયલા માણુસો શીખી ગયાછે. એમાં આસરે ૯૦૦) છોકરા શીખેછે, અને તેઓ વચે આસરે તીશથી પાંતરીસ શીક્ષકો પોંહચી આપેલાછે, જેઓનાં ઘરોમાં તેઓ રહેછે. એ સ્કુલમાં એટલા ધણીઓ પોતાનાં છોકરાઓને શીખવવાને ખુશીછે કે તે સારૂં ત્રણ ચાર વરસ અગાઉથી નામો નોધાવી મુકેછે; તો પણ વધતી જગ્યા નહીં હોવાથી અંદર દાખલ કરતા નથી. એ સ્કુલની ઈમારત કાંઈ ધણી જોવા લાયક નથી, તેને બે ચોક કરીને બાંધેલીછે; પણ તેનું દેવલ ધાચું સારૂં સણુગારેલુંછે.

એ જોઈને ઘોડાની ગાડીમાં બેસીને નીકળેલા વીન્ડશર જઈ પુગા હતા. એ છેલું ગામ અને ઈટન જાણેકે એકજ હોય તેમ મલી ગયલાંછે, ભાયગે એક બીજાથી ૨ મૈલ દુર હોય; તથા બીલડીંગો આજે રસ્તે હારબંધ આવેલીછે. વીન્ડશરનો વખણાયલો કીલ્લો જેમાં ઘણાંખરાં આપણાં મહારાણી રહેછે તે જોવા ગયા હતા. એ કીલ્લો આખા યુરોપમાં મોટો અને સરસ ગણાયછે. એનો પેહેલો પાયો "વીલીયમ ધી કોનકરર"નાં વખતમાં નાંખ્યો હતો, અને તે આજે ૮૦૦) વરસની ઉપરનો કેહેછે; તેને પાછલથી બીજા પાદશાહો વધારતા પણ રહયા તથા જુનાને પાછો સુધારતા ગયા હતા; પણ તેમાં ચોથા જયોરજે અંદર ઘણો વધારો કીધો તે છેક આપણી રાણીનાં વખત સુધી ચાલુ રહીને પુરો થયોછે. તે ફેરફાર કરવા પાછલ નવ લાખ પૌંડ ખરચ થયો હતો, અને તેથી કરીને દુનીયામાં એ સૌથી મોટા કીલ્લામાંનો એક મોટો કીલ્લો અને પાદશાહી રેહેઠાણ ગણાયછે. એની ઉપર મોટા મોટા બુરજો બાંધીને કીલ્લાની દેવાલ કરી લીધીછે અને તેની વચમાં એ મેહેલ આવેલોછે. એ મેહેલનાં બે ભાગ કીધેલાછે, તેમાં એક ભાગ ખાસ રાણીનાં પોતીકા વપરાસ સારૂં ખાનગી રાખેલોછે, અને બીજો ભાગ પબ્લીકને જોવા સારૂં રાખેલોછે, જેમાં લોકોને રાણી સાહેબ મલેછે તથા લેવીઓ ભરેછે. ગારટરનાં ઓરડા સારૂં ઓરડો પણ હીંયાંછે. હમો પેહેલાં રાણીનાં ખાનગી હૉલો જોવા ગયા હતા, જે ઘણું સરસ રીતે સણુગારેલા હતા, તથા ત્યાંની કોરીડોરમાંની પીકચર ગેલેરી ઘણી સરસછે. તેમાં રાણીનાં બધાં છોકરાંઓની લગન વખતની સખીઓ, તેમ આગલનાં પાદશાહોની તથા બીજી સખીઓ ઘણી સારી ચીતારેલીછે. એ કોરીડોરની બાહાર એક સંગેમરમરનું પુતળુંછે, તેમાં પ્રીન્સ આલબર્ટ તથા રાણીને ઉભાં રાખેલાંછે, અને પ્રીન્સ આલબર્ટ જાણે હાથ લાંબો કરીને બોલતો હોય તેમ લખેલુંછે કે "હું સારી જગોપર ગયો તમો (એટલે રાણીજી)બી આવો." તે કોરીડોર જોઈને પછી અંદરનાં બેસવાનાં તથા બાવાનાં હૉલો જોવા ગયા, જે ઘણું સરસ રીતે સણુગારેલાછે. પછી ઓડીયનશ ચેમબર, પ્રેઝનશ ચેમબર, અને ગારડ ચેમબર જોઈને થ્રોંટ જ્યોરજીશ હૉલમાં ગયા, જયાં રાણીજીનું તખ્ત મુકેલુંછે. એ તખ્ત અસલ દીલ્હીમાં શેહેનશાહોનું હતું, તે તદન હાથીદાંત તથા સોનાનું બનાવેલુંછે, અને તેની ઉપરની કારીગીરી ઘણી સરસ બનાવેલીછે. એ હૉલ ૨૦૦) ફીટ લાંબો અને ૩૪) ફીટ પોહોળો, તથા તેની શીલીંગ ઉપર નામટ ઓફ ધી ગારટરનાં બીલાબ ધરાવનારા ઉમરાવોની આરબોરીઅલ બેરીંગશ સને ૧૩૫૦ નાં સાલથી

ગોઠવેલા, અને તેની ઉપર નંબર પાડીને હૉલની બારીઓપરનાં વચમેનાં ખાંચાઓમાં તેઓનાં નાંમો લખેલાંછે. છેલો નાઈટ ઓફ ધી ગારટર લૉર્ડ બીકનસફીલ્ડ થયો હતો, તેનો કોટ ઓફ આરમશ સૌથી છેલ્લોછે. ઓડીયનશ ચેમબર તથા બીજા હૉલો; પબલીક તથા પરાઈવેટ, દરેકમાં જુદી જુદી જાત તથા રંગનું કપડું અને ફરનીચર મુકેલુંછે. જેમકે પરાઈવેટ લીલા ડરોઈંગ રૂમમાં દેવાલ ઉપર લીલી શાટીન, કોચો ઉપર લીલી શાટીન, બધું લીલા રંગનું મુકેલુંછે; ક્રીઝન ડરોઈંગ રૂમમાં લાલ રંગનુંછે. એ પ્રમાંણે જુદા જુદા ઓરડા હારબંધ કીધેલાછે, એ સઘળું ગીલીટ કામનું બનાવેલુંછે; બારણાં તથા બારીઓ પણ સોનાની ગીલીટથી સણગારેલાંછે. રાણીનાં બાંનગી મેહેલમાં એક નાધલા ઓરડામાં એની આવાની ટેબલ મુકેલીછે; પણ મોટા જમવાને ઓરડો જે ઘણો સણગારેલોછે, ત્યાં એના "હાઉશહોલડનાં" ગ્રહસ્થો તથા લેડીઓ રોજ જમેછે; પણ લગન તથા એવી બીજી તીરથો પર રાણી ત્યાં જાયછે.

એ જોઇને પછી પ્રીનસ આલબરટનું ચેપલ જોવા ગયા; એ જગ્યા રાણીનો વર ગુજરી ગયો, તેની યાદગારીમાં રાણીએ પોતે અતી ઘણી રકમ ખરચીને તેને અંદરથી સંગેમરમરનાં પથરથી સણગારેલુંછે. તેની અંદર (સંગેમરમરનાં પથરની દેવાલમાં) બાબલને લગતી બીનાંઓ કોતરી તેમાં રંગીન શીમેન્ટ ભરી લઇ તેમાં તરંહ પાડેલીછે, તથા મથાળાં ઉપર રાણીનાં બધાં છોકરાંનાં બશેટા મુકેલાંછે; પ્રીનશ આલબર્ટનું સુવાડેલું પુતળું એક બાજુપર હૉલની વચમાં મુકેલુંછે, જે તદન સફેદ સંગેમરમરનુંછે; તેની આજુ બાજુ ઘેર જેવી જગ્યા પર ફરેસ્તાઓ ભણતા પડેલા, અને એક બાજુ પગની આગલ રાણીને રડતી પાડેલીછે. એ પુતળું એક ઘોરજેવા મોટા પથરપર મુકેલુંછે, અને ઘોરને ઘણોજ સરસ રંગીન સંગેમરમરના ચોતરા ઉપર મુકેલીછે. એ ચેપલની જમીન પણ તદન રંગીન સંગેમરમરની અને દેવાલનો બાજુ ઉપર લીલા સંગેમરમરની એકક બાજટ માફક બાંધેલીછે. એનું છાપરૂં રંગીન વીનીશીઅન ગ્લાશનુંછે, તે પર અતી ઘણો ખરચ થયો જોઇયે; પણ એ બધું બાંધવાને રાણીને કેટલો બધો ખરચ થયોછે તે કોઇને ખબર પડવા દીધી નથી, તોપણ હમારા ધારવા મુજબ ૨૫) લાખ રૂપીયા ઉપર બેશુ હશે એ જગ્યા ત્રીજા જયારજે અસલ જુની ભાગેલી હતી, તે સમારીને ચેપલ કીધો હતો અને તેમાં ત્યારપછીનાં પાદશાહો તે સુધાં દટાયલાછે. પ્રીન્સ આલબરટને હીંયા દટેલો નથી ! ગુ વીન્ડશરનાં પાર્કમાં એક જગા ઉપર મજાહનું માઝોલીયમ કરીને દટેલોછે, જે રાણીની રજા વગર કોઇને દેખાડતા નથી. એ આલબરટ ચેપલ ૬૮) ફીટ લાંબો, ૨૮)ફીટ પોહોળો, અને ૬૦) ફીટ ઊચેછે. એ ચેપલ અસલ સાતમાં હેનરીએ પોતાને દટાવાસારૂં બાંધ્યો હતો, પણ પાછલથી વેસ્ટ મીન્સ્ટર એબીમાં પોતાની જગ્યા કીધી, તેથી તેને રદ કીધી હતી. તેને બીજા જેમશે ચેપલ દાખલ સાગુગારી હતી; પણ પ્રોટેસ્ટંટોએ ભાંજી નાંખી તેથી બીસમાર હાલતમાં પડેલી હતી, તે ત્રીજા જયારજે પાછલથી સમરાવીને પોતાની તથા ફેમીલીની વેાલત દાખલ વાપરવા તૈયાર કીધી હતી. પણ તે સઘળી સાધારણ પથરની બીલડીંગ હતી તેને રાણીએ પોતાનાં વરની યાદગારી રાખવા દાખલ ભપકાદાર બનાવીછે. એ જોઇને એનીજ પાસે શેંટ જર્યારજીશ ચેપલ જોવા ગયા, જે ચેપલ ઘણો સારો જોવાલાયકછે; અને એને નાઇટ ઓફ ધી ઓરડર ઓફ ધી ગારટરનાં ચેપલ દાખલ પણ ગણેછે, જયાં બધા

નાઇટોની જુદી જુદી બેઠકો રાખી તેની ઉપર તેમનાં વાવટા ટાંગી રાખેલાછે. એ ચેપલ ચોથા એડવરડે સને ૧૪૭૪માં બાંધવાનો શરૂ કીધો, તે આઠમાં હેનરીનાં વખતમાં તૈયાર થયો હતો. એ ચેપલમાં રાણીનો બાપ ડયુક ઓફ કેનોટની તથા પ્રોન્સેસ શારલટની ઘોરો જોવા લાયકછે, તથા તે ઉપરાંત ફ્રાન્સનો છેલલો પ્રીન્સ ઇમપીરીયલ જે ઝુલુની લડાઇમાં માર્યો ગયો તેની યાદગારીમાં માન્યુમેંટ એક શોભાયતા પતરાની તકતી સાથે રાણીએ મુકાવેલુંછે. એ ઉપરાંત બીજા થોડાંક સ્થંભો ત્યાંછે. એ ચેપલમાં રાણીનાં ઘણાંખરાં છોકરાંઓનાં લગન તથા "ક્રોશચનીંગ શેરીમની" થઇ હતી. એ ચેપલની વચમાં આઠમા હેનરી તથા તેની રાણી જેન સીમોર અને પેહેલા ચારલશની વોલટછે, અને ઓલટરની હેઠળથી એક ટનલ કરીને આલબરટ ચેપલવાલા પાદશાહોની વોલટમાં જવાનો રસ્તો કીધેલોછે. એ જોઇને ત્યાંના તમેલા જોવા ગયા હતા જે ઘણું સારી રીતે બાંધેલાછે, તથા ત્યાં સઘળી એ બાબદોને લગતી ઇમાતોનો ચેક કીધેલોછે. એ તમેલાઓ બાંધવા પાછલ સીત્તેર હજાર પૌંડ ખરચ લાગેા હતેા. એ જોઇને ત્યાંનો એ મેહેલને લગતો પાર્ક જે ૧૮૦૦) એકરનોછે ત્યાં ફરવા ગયા. એ પાર્કનો રસ્તો કીલ્લાનાં ચોથા જયોર્જ નાં દરવાજા આગલથી સીધો ને સીધો ત્રણ મૈલ લાંબોછે, અને તેને છેડે એક ટેકડીછે, જેને "મનો હીલ" કરીને કહેછે. તે ઉપર ત્રીજા જયોર્જનું પુતળું મુકેલુંછે; એ જગ્યાપરથી વીન્ડશર કેશટલની વીસ ઘણી સરસ દીસેછે. પાર્કની અંદર હજારો હરણનાં ટોળાં જ્યાં નજર કરીયે ત્યાં દીસતાં હતાં. એ પાર્કની બાજુપર બીજો "હોમ પાર્ક" કરીને બાંધળો પાર્કછે, અને તેની બીજી બાજુપર "ફરોગમોર" કરીને રાણીની માય ડચેશ ઓફ કેનટની રેહેવાની જગ્યા હતી, જ્યાં તેણીને દાટેલીછે તથા પ્રીન્સ આલબર્ટને પણ તે પાર્કમાં દાટી તેની ઉપર મોટું મોઝોલીયમ બધાને ઘોર બાંધેલીછે. એ સઘળું જોઇને રાતનાં સાત વાગે પાછા લંડન આવ્યા હતા.

તા૦ ૧૨ મી આગસ્ટ ૧૮૮૧—આજે આખો દહાડો અતીધણો ધુમશ થઇ આવ્યો તે એટલાંવેર કે ૧૦૦) વાર છેટનાં ઘરો પણ દીસતાં ન હતાં. બપોરનાં હીંયાંની સેંટ થોમશીશ હોસ્પીટલ જોવા ગયા હતા. એ ઇમારત છુટા છુટા બ્લોકશમાં બાંધીને તેને એક છેડે લાંબી ચેલીથી જોડી લીધેલીછે, અને તેની બીજી બાજુનાં છેડા ટેમશ નદીને કીનારે આવેલાંછે. એવા બ્લાકશો ચારછે અને તે દરેકને ચાર માળછે; એમાં ૭૫૦) માણસો રહી શકે તેવી ગોઠવણ કીધેલીછે, અને એ ઇમારત સને ૧૮૬૮થી૧૮૭૧ સુધી પાંચ લાખ પૌંડ ખરચીને બાંધી હતી. એને લગતી અસલની જુની જગ્યાઓની હમણાં વરસ દહાડે ૩૯૦૦૦) ઓગણચાલીશ હજાર પૌંડની આવક થાયછે, જેમાંથી તેનો ખરચ ચાલેછે. એ હસ્પીટાલ અસલ હાઇ સ્ટ્રીટ શાકુઇ વરકમાં હતી, તે જગ્યા શાકુઇ હશટર કુા૦ (રેલવે કુા૦)એ બે લાખ છાસું હજાર પૌંડની કીમતે સને ૧૮૬૨ માં વેચાતી લીધાથી આએ નવી ઇમારત બાંધીછે. એમાં આજારી માણસો સારૂં ઘણી સારી ગોઠવણ કીધેલીછે, તથા મોટા મોટા હૉલોમાં છુટા કોચો હારબંધ મુકીને ઘણાં સફાઇદાર બીછાનાંપર આજારી માણસોને સુવાડેલાં હતાં. તેમાં સૌથી સરસ દેખાવ નાંધળા વયનાં છોકરાંઓનાં વારડનો હતો, જ્યાં છોકરાંઓને દાયઓ ઘણી માવજતથી તપાસ કરતી હતી, તથા તેમને રમવાનાં રમકડાં પણ ગમતને સારૂં આપેલાં હતાં. બારીઓ મોટી અને ઓસી હતી તથા અંદર ફુલોનાં કુંડાઓ મુકેલાં હતાં, તેમજ બીજું

ઘણે દરજ્જે મુંબઇની ઇસ્પીતાલ કરતાં સફાઇભરેલું હતું. એ જોઇને ત્યાંનું મ્યુઝીયમ જોઇ આવ્યા, જ્યાં આદમીઓનાં દરદોનાં ખરા તથા મીણની બનાવતનાં નમુનાઓ ઘણાં રાખેલાછે. તે ઉપરાંત નવાઇનાં જનમેલાં બાળકો પણ ત્યાં સ્પીરીટમાં સાચવી રાખેલાંછે, જે ઘણાં જોવા લાયકછે. તેમાં એક બચ્ચાંને બે આંગ અને એક માથું, તેને બેહુ ગમ નાંખ્ય તથા બેહુ ગમ આંખો અને કાનો હતા, જેથી જાણે બંને ગમથી મોહોડાં હોય તેમ લાગતું હતું. એક બચ્ચાંને નાંખનું નસકોરૂ ઉપર અને આંખો હેઠળ હતી; મોહોડું આડાને બદલે ઉભું હોઠવાળું હતું, કોઇની ગરદનજ મલે નહીં, અને કોઇનું કપાળ તથા માથું હોય નહીં, તથા કોઇનું તો આખું ડોકુંજ મલે નહીં, અને તેની જગ્યાપર માસનો નાધળો ટેકરો હતો. કોઇનાં ચાર હાથ અને ચાર પગ, કોઇના બે બદન અને એક માથું, અને કોઇનાં બે માથાં અને એક બદન, અને કોઇ બે છોકરાં સાથે "શાએમીશ" જોડયાની માફક વલગેલાં હતાં. એવા નવાઇનાં જનમોનો ઘણો સંગ્રહછે. માણસનાં દરદમાં એકનાં પગનાં અંગોથાનાં નખ જાણે મેઢાંનાં સીંગડાં હોય તેટલાં મોટાં વલગેલાં હતાં. તે ઉપરાંત બીજાં ઘણાં નવાઇનાં દરદોનો સંગ્રહ હતો.

તા૦ ૧૩ મી થી તે તા૦ ૧૬ મી આગસ્ટ ૧૮૮૧—હમો કાંઇ જોવા લાયક જગ્યા ઉપર ગયા હતા નહીં. હમો જુદી જુદી જગાઓ લંડન શેહેરની જોવા જઇએ છીયે ત્યારે "મીટરોપોલીટન" રેલવેમાં ઘણુંખરૂં જવું પડેછે. એ રેલવેમાં નવાઇ જેવું એ છે કે તે તદન જમીનની અંદર બાંધેલીછે, અને લંડન શેહેરમાં એક નાકેથી બીજે નાકે સુધી ઘરોનાં પાયા તથા રસ્તાઓની હેઠળથી ટનલોમાંથી પસાર થઇને જવાઇ શકાયછે! તેનાં સ્ટેશન ઉપર લાઇટ કરવા સારૂં રસ્તા ઉપર થોડીક જગ્યા લઇને તે ઉપર કાચનાં છાપરાં બાંધેલાંછે, તથા ટનલોમાં ઉજરડું અને હવા સારૂંછુની છુની જગ્યાપ્રકુવા બાંધેલાછે; બાકીની ટનલો તદન અંધારી રહેછે, જેમાંથી પસાર થતાં જરા હવા ખરાબ લાગેછે, અને લાઇટ સારૂં દરેક ગાડીમાં ગ્યાસની બતીઓ સળગાવેછે. એ ગ્યાસને બીજી એક ગાડીમાં ભરી રાખેછે, અને તેમાંથી નલીવેટે સઘળી ગાડીઓનાં ફાણુસોમાં પુગેછે. એ આગગાડીમાં દરશાલ ૫) કરોડ અને ૬૦) લાખ માણુસની આવજાવ થાયછે, અને ફેરીંગટન તથા મોરગેટ સ્ટ્રીટની વચમાં દરરોજ ૫૬૮) ટરેનો દોડેછે, તથા એક સ્ટેશનપરથી બીજે સ્ટેશન ઉપર જવાની ૨) પેની લે છે, તથા લાંબામાં લાંબી મુશાફરીની શીલીંગ ૧) એક ઘણી થાયછે.

Hydraulic Lifts—હમો જે હોટલમાં ઉતરયાછે ત્યાં તથા બીજાં તેવાંજ મોટાં હોટલમાં છ અથવા તેથીબી વધતા માળો હોયછે, તેથી ત્યાં ઉતરનારાઓને ઘડી ઘડી દાદર ઉપર ચહડ ઉતરથી થાકી જવું પડે તેટલા માટે એક સંચો(Hydraulic) હાઇડ્રોલીક (એટલે પાણીથી ચાલતી) નાધલા જેવા ઓરડા માફક કરી તેમાં બેઠકો કાધેલીછે, જેમાં બેસાડી જે માળ ઉપર જવાનું હોય ત્યાં લઇ જાયછે, અને તેજ પ્રમાણે નીચે ઉતારેછે. તે ઓરડાની નીચે એક એક લાંબો ૮૦) ફીટ લોખંડનો થાંભલોછે, જે થાંભલાને પાણીનાં જોરથી ઊંચકેછે (જેમ ગાંસડી દાબવાનો સંચો ઉપર નીચે ઊંચકાયછે તેજ મીસાલે) અને તે તરત જે માળ ઉપર જવું હોય ત્યાં લઇ જાયછે. હમો જે હોટલમાં ઉતરેલાછે તે હોટલનાં પાંચ માળછે અને તેમાં હાલ ૪૦૦)માણુસોએ ઉતારો લીધોછે.

લંડન શેહેરનાં રસ્તા કોઇ ઘણાં મો-

રાછે અને કોઇ સાંકળા પણ છે. એ રસ્તાઓને ઘણીખરી લાદી આસરે ૩-૪ ઇંચ પોહોળી તથા ૧) ફુટ લાંબી જડેલીછે, તેથી ઘોડા ગાડી જાયછે ત્યારે અવાજ ઘણો થાયછે. બાકીનાં થોડા રસ્તાને ચુના કાંકરાની માચન કરી પથરને બદલે મજબુત લાકડાંનાં કટકાઓ જડેલાછે; એ રસ્તા લાકડાંનાં હોવાથી ગાડીનો અવાજ મુદલ આવતો નથી, તથા બીજા થોડા રસ્તા વળી "એશફાલટી"નાં કીધેલાછે. કેટલાક રસ્તા લાંબાને લાંબા હોયછે, તેમાં ઓકશફર્ડ સ્ટ્રીટનો રસ્તો તથા મોહોલો ત્રણથી સાડા ત્રણ મૈલ સુધીનોછે. એ પ્રમાણે બીજા ઘણાં મોહોલાઓ લાંબા સીધાછે. હમો આવતી કાલે લંડન શેહેર છોડવાના છયે, તેથી એ દુનયાંમાં સૌથી મોહોટાં અને વખણાયલાં શેહેરને લગતી થોડીએક બીનાં (Statistics) તેની મોહોટાઇ જણાવા સારૂ બીડેકરની ગાઇડ બુક ઉપરથી ઉતારીએછે. લંડન શેહેર તેનાં પરાં (Suburbs) સુધાં ૧૪) મૈલ લંબાઇમાં અને ૮ મૈલ પોહોઇમાંછે, અને તે બધી મલોને ૧૨૨) ચોરસ મૈલ જગ્યા રોકેછે. એ જગ્યામાં ૭૪૦૦) મોહોલા ૨૬૦૦) મૈલની લંબાઇનાછે; તે રસ્તાપરની લાઇટમાં દરરોજ બે કરોડ હેંસી લાખ કયુબીક ફીટ ગ્યાસ બાલેછે. એ શેહેરમાં બધાં મલીને ૫,૨૮,૭૯૪) ઘરછે, તેમાં ૧૧૦૦) દેવલ જુદા જુદા પંથનાં, ૭૫૦૦) બાવાપીવાનાં પબ્લીક ઘર, ૧૭૦૦) કાફીની દુકાન, તથા ૫૦૦) હૉટલ અને ઉતારાની જગ્યાછે. એ ઘરોની વરસ દાહડે ઉપજ સાહડી તેવીસ કરોડ રૂપીયાની કયા દર ઘેર દીઠ રૂ ૫૫૦) ની ગણાયછે. સને ૧૮૭૧ ની શીરગણત્રી કયાને સેનસસ મુજબ લંડનની વસતી ૩૮,૧૦,૭૪૪) માણસનીછે, જે સને ૧૮૬૧ નાં કરતાં ૪,૪૭,૮૧૫) માણસ વધારેછે; અને એની પોલીશની હદછે ત્યાંસુધીની વસતીની ગણતરી ૪૨,૫૦,૦૦૦) ગણાયછે. લંડન શેહેરમાં એડીનબરો શેહેર જે સ્કોટલાંડ દેશનું પાયતખ્તછે તેનાં થાને વધતા સ્કોચમેનો, ડબ્લીન જે આયરલંડનું પાયતખ્ત શેહેર છે તેનાં થાને વધતા આઇરીશમેનો, પેલેસ્ટાઇન જે યાહુદીઓનું વતું મથકછે તેનાં થાને વધારે યાહુદીઓ, અને રોમ શેહેર જે રોમન કેથોલીકસનું ધરમનું વતું મથકછે તેનાં કરતાં વધારે રોમન કેથોલીકસ રહેછે! આવી મોટી વસતીને ખોરાકી જે પોહોંચતી હશે તેની પકી ગણતરી થઇ શકતી નથી; પણ આસરે ધારવામાં આવેછે કે એ શેહેરમાં વીસ લાખ મણ ઘઉં, ચાર લાખ બેલદ, પંદર લાખ બકરાં, એક લાખ ત્રીસ હજાર વછેડા, હડી લાખ ડુકર, બેસી લાખ મરઘી તથા શિકાર, ચાલીશ કરોડ રતલ માછલી, પચાસ કરોડ નંગ કાલુ, બાર લાખ સાહણની માછલી, અને તીસ લાખ સામન જાતની માછલી ખપેછે. બાટકીઓ અમસ્યું ગોશ વેચેછે તેની કીમત પચાસ કરોડ રૂપીયાની કેહેવાયછે. એ શેહેરનાં લોકો દર શાલ ૧૮) કરોડ કુવારટઝ (Quartz) પેંટ પોરટર તથા બીર, ૮૦) લાખ કુવારટઝ દારૂ (Spirits), અને ૩) કરોડ ૧૦) લાખ કુવારટઝ વાઇન પીયેછે, દરરોજ ૧૫) કરોડ ગ્યાલન પાણી નવ જુદી જુદી કંપનીઓ પુરૂં પાડેછે. દરશાલ ગામનાં બળતણ સારૂ ૧૦૦૦) વાહણ ભરીને ૩૫) લાખ ટણ કોલસો નદીને માર્ગે અને ૩૦) લાખ ટણ બુશકીને માર્ગે રેલવે કંપનીઓ લાવેછે, અને એ મુજબનો બાકી લંડનની રૈયતનો ખરચ દર વરશે એક અબજ રૂપીયાનો થાયછે. એ શેહેરની જગ્યા ઘણી બાંધી વેચાયછે, તે એટલાં સુધો કે એક એકર જમીનનાં નેવું લાખ રૂપીયા લંડન "મેટરોપોલીટન" બોરડે રસ્તા સુધારવા સારૂં આપ્યા હતા. નોરથમ-

બરલાંડ હાઉશ કરી એક મેહેલ ચેરીંગ ક્રાશ આગલ (જ્યાં હમો રહીયેછે તે હૉટલની નજદીકમાં)છે તે રસ્તો સુધારવા સારૂં પચાસ લાખ રૂપીયાની કીમતે વેચાતો લેતો હતો. રસ્તાની હેઠળ મોટી ગટરોછે તે બાંધવાપર સાડા ચાર કરોડ રૂપીયાનો ખરચ બેઠો હતો. જેમ એ શેહેર વસતી અને વીસતારમાં ગંજાવરછે તેમ તેની મુખાવત પણ મોહોલા હાથની છે. એ શેહેરમાં જુદાં જુદાં મલીને ૧૦૩૦) મોહોટાં ધરમખાતાંછે, જેવાંકે દવાખાનાં, ગરીબોને રેહેવાની જગ્યાઓ, કીતાબખાનાં, મા બાપ વગરનાં છોકરાઓને પાલવાની ઇનસ્ટીટયુશનશ ઇત્યાદીછે, તેપર દર શાલ સવા ચાર કરોડ રૂપીયાનો ખરચ થાયછે. એવી ગંજાવર મુખાવત એ શેહેરમાં ચાલુછે, જે આગલ આપણું મુંબઇ શેહેર કે જેને વાસ્તે આપણે ખાલી મગરૂરી ધરાવીયેછે તે કુચ બીશાદમાં નથી.

તા૦ ૧૭મી આગસ્ટ૧૮૮૧—આજે સવારનાં ૭) વાગાને અમલે લંડન શેહેર છોડયું હતું. કલાક ૯-૩૦ મીનીટે ડોવર જઇ પુગા અને ત્યાંથી ૯-૪૫ મીનીટે એક સ્ટીમર, જે "લંડન ડોવર અને કાલે રેલવે કુા૦"નીછે તેમાં બેઠા હતા, તે કલાક ૧૦-૪૫ મીનીટે કાલેના બંદરપર ઉતરયા. એ સ્ટીમરને જોડ સ્ટીમર કહીયે તોબી ચાલે. ઇંગ્લીશ ચેનલમાં ઘણું તોફાની પાંણી રેહેછે તેથી જો સ્ટીમર નાંધળી હોય તો ડોલાં ઘણાં ખાયછે, માટે બે નાંધળી સ્ટીમરોને પલાટ ફોરમથી જોડી લઇને જાણે એકજ સ્ટીમર હોય એમ ચલાવેછે. તે બેહુંનાં એનજીનો વગેરે જુદાંછે તથા ચીમનીઓ પણ બે બાજુએ જુદીછે. એ પ્રમાણે બે સ્ટીમરો એક કરવાથી તેમાં ડોલાં ઘણું થોડા આવેછે. એ સ્ટીમરોની ઉપર પલાટફોરમ કરી તે ઉપર કેબીનોને તુટક જાણે મઘલું એકજ સ્ટીમર હોય તેમ બાંધેલાંછે; ફકત તેનાં આગલા તથા પાછલા બે છુટા છેડાથી સ્ટીમર જુદીછે એમ માલમ પડેછે. હમો કાલેથી કલાક ૧૨—૩૫ મીનીટે આગગાડીમાં બેઠા તે કલાક ૬--૧૫ મીનીટે સાંજનાં પારીશ શેહેરમાં આવી પુગા, અને રાતનાં જમીને શેહેરમાં ફરવા નીકળ્યા હતા. રાતનાં પારીશ શેહેરની લાઇટની જે હમોએ તારીફ સાંભલી હતી, તે મુજબ બધા રસ્તા ગ્લાસની લાઇટ, તેમાં કોઇ કોઈ મોટા રસ્તા પર ત્રણ ત્રણ લાઇટનાં ખુંટા તથા રસ્તાનાં નાંકા પરતો મોટાં બળતાં મળ્યાં હોય તેમ એક ફાનસમાં આઠ દશ લાઇટ ભેળી, તથા વળી ફાનસોનાં ખુંટા બધે ઘણાં નજદીક નજદીક મુકેલા તથા મોહોલામાં ગણતરી વગરનાં રેસ્ટોરંસRestaurants અને કાફીની દુકાનો ઇત્યાદીની લાઇટો તથા મોહોલામાં ઘરોની ચાલોનાં દરેક બારકાંમાં ગ્યાસનાં ફાનસ, અને વળી સૌથી સરસ આવન્યું ડ. લા. ઑપેરા (Avenue de la opera) વાલા મોહોલામાંતો વીજલીની લાઇટ ગ્યાસ લાઇટની માફક નજદીક નજદીક મુકેલી, તેથી જાણે મુંબાઇની દીવાળી અંહી બારોમાસ હોય તેવું લાગતું હતું. પારીશનાં કોઇ કોઇ મોહોલા આસરે ૧૦૦)થી૧૫૦) ફીટ પોહોળા અને કોઈ કોઈ માઇલનાં માઇલ લાંબાછે, અને તેમાંની હવેલી પણ ગંજાવર ઘણા માળોની તથા રોનકદાર બાંધણીની હોવાથી ઘણું શોભામનું દેખાતું હતું. અમે રાા કલાક ફરીને પાછા હૉટલ ડી કોનટીનેનટ કે જ્યાં હમો ઉતરેલા છઇયે ત્યાં આવી પુગા. એ હૉટલ પારીશનાં સરવેથી સરસમાનું એક ગણાયછે, અને એની બરોબરીનાં હીંયા બેજ હૉટલોછે—ગ્રાંડ હૉટલ અને બ્રીસ્ટલ હૉટલ. કોનટીનન્ટલ હૉટલમાં ૭૦૦) ઓરડાછે; તેનો હૉલ ઘણો સરસ

રીતે સણગારેલો, તથા શીલીંગો સઘળી ગીલીટ અને નકશીકામની કીધેલીછે; એનાં ડાઇનીંગ રૂમમાં તથા ચોકમાં ઇલેકટરીક લાઇટ લીધીછે, અને બીજા સુવાનાં ઓરડાઓ પણ ઘણાં સારા કીધાછે. એ હૉટલપર હેંશી લાખ રૂપીઆ ખરચ બેઠોહતો એમ કેહેછે.

તા૦ ૧૮ મી આગસ્ટ ૧૮૮૧—આજે પારીશ શહેરમાંની જુદી જુદી જગ્યા જોવા નીકળ્યા હતા. પેહેલાં Madeleine અથવા શેંટમેરી મેગડેનલનું દેવલ જોવા ગયા. એ દેવલ Place de la Madeleina માં આવેલુંછે, જેને સને ૧૭૬૪ નાં શાલમાં પંદરમા લુઇએ બાંધવા માંડયું હતું તે વારા ફરતી બંધ પડતું, બંધાતું, કરીને છેક ૧૮૪૨ માં પુરૂં થયું, અને તેની ઉપર એક કરોડ તીસ લાખ ફ્રાંક દયાને બાવન લાખ રૂપીયા ખરચ બેઠો હતો. એ ૩૫૪ ફીટ લાંબું, ૧૪૧ ફીટ પોહોળું, અને ૧૦૦) ફીટ ઊંચું છે. તેની આસપાસ ફરતા મોટા જાડા અને ઊંચા થાંભલાછે, તેની બાહારની ઓટલાની દેવાલપર શેન્ટોનાં ૩૪)પુતળાં ગોખલા કરીને મુકેલાંછે. એ દેવલમાં જવા સારૂં દેવલની પોહોળાઇ બરાબરનાં વીસ્તારમાં સીડી ૨૮) ટપ્પાની મુકેલીછે, અને તેનાં દરવાજા તદન બરોનઝ ધાતુનાં ઘણી સરસ નકશીકામનાંછે. તે ૩૪૫ ફીટ ઊંચા અને ૧૬) ફીટ પોહોળા, તથા તેની અંદર બાઇબલનાં ૧૦) કમાનડમેન્ટ કોતરેલાંછે. અંદરથી એ બીલડીંગનો આખો એકજ હૉલ હોય તેમ લાગેછે, અને ફરતી દેવાલ, જે પથરની બાંધેલીછે તેમાં એક પણ બારી કીધી નથી, પણ એ હૉલની શીલીંગ, જે ત્રણ ગુંબજની બનાવેલી તેમાં બાંચા કાહાડેલાછે, તેમાંથી અંદર ઉજરડું પડેછે. એ હૉલને અંદરથી સારી રીતે સણગારેલાછે, તેમાં તેનો આલટર ઘણો સરસ અને જોવા લાયકછે. તે પર મેરી મેગડેલનને બે ફરેસ્તાઓ બેહેસ્તમાં ઉચકી લઇ જતા હોય, તેવું સંગેમરમરનું ઘણું સરસ પુતળું મુકેલુંછે, અને દેવલ પણ અંદરથી તદન સંગેમરમરનો બાંધેલોછે. એ દેવલની બાહાર સને ૧૮૭૧નાં શાલમાં રેવોલ્યુશનની વખતે કમ્યુનીસ્ટો વાડ બાંધીને સરકારી લશકર સાથ લડયા હતા, તે વખતની લાગેલી ગોલી તથા તોપનાં ગોળાથી પડેલા બાડાઓ હજુ દીસેછે.જે વખતે કમ્યુનીસ્ટો હારી ગયા ત્યારે આસરે ૩૦૦) જણાં દેવલમાં ભરાઈ બેઠા હતા, તેઓને બાહાર કાહાડી એજ દેવલની બાજુની "પલીનડ" આગલ ઉભા રાખી બંદુકની ગોળીથી મારી નાખ્યા હતા. તે ગોળીઓથી નીકલેલા પોપડા હજુપર દીસેછે. એ દેવલની સામે ૩૭ રૉયલ (Rue Royale) નો મોહોળોછે, જેમાં ઘણાં ઘરો એ લડાઇની વખતે બાલી નાખ્યાં હતાં, પણ એ દેવલ તદન પથરનું હોવાથી બચી ગયું હતું.

એ જોઇને પલેશ ડ લા કોનકોરડ (Place de la concorde) નો સ્કુવેર ચોકછે તે જોવા ગયાં. એ જગ્યા ઓલીછે અને તેની આસપાસ મોટી હવેલીઓ આવેલીછે; અહીંયા વચોવચમાં લુક્ષાર (Luxor)નું ઓબેલીશક કરી "કલીઓપેટરીઆ નીડલ"નાં જેવો એકજ પથરનો મીનારો ઇજીપ્તથી લાવીને મુકેલોછે. એ જ્યાં મુકેલોછે ત્યાં સને ૧૭૯૩નાં રેવોલ્યુશનની બુનરેજીમાં ગીલોટીન (જે બાંચાવતે ફ્રાંન્સમાં ગુનેહગારોને ગરદન મારતા હતા અને જે ગીલોટીન હમણા લંડનમાં મેડમ ટુસાડનાં સંગ્રહસ્થાનમાંછે)ઉભી કીધી હતી, અને તેમાં ફ્રાન્સનો રાજા લોલમો લુઇ અને તેની રાણી મેરી આન્ટવાનેટને બળવાખોરોએ પેહેલાં ગરદન મારી હતાં, તથા ૧૭૯૩ની જનેવારીથી મેએ ૧૭૯૫ સુધીમાં ૨૦૦૦) જણાંને ગરદન એજ જગ્યાપર મારયાં હતાં. એ ઓબેલીશક ૭૬ ફીટ ઊંચો, અને ૨૪૦) ટણ વજનમાંછે;

તે ઇજીપ્તનાં મહમદઅલી પાશાએ લુઇ ફીલીપને ભેટ આપ્યો હતો. તેને ત્યાંથી લાવીને હીંયા ઉભો કરતાં બધા મલીને છ વરસ લાગાં હતાં; અને તે પર જુમલે વીસ લાખ ફરાંક (આઠ લાખ રૂપીયા) ખરચાયા હતા. એનું પેડેશટલ પણ એનીજ માફક એકજ પથરનું ૧૩ ફીટ ઊંચુ બનાવેલું છે. એ સ્કુવેરનો આજુબાજુ આઠ મોટાં પુતળાં મુકેલાંછે, જે ફ્રાન્સનાં આઠ મોટાં પરગણાં બતાવેછે, તેમાં લીયાંન્સ, મારસાઇયસ, બોરડો, નાન્ટીશ, રૂએ, બ્રેસ્ટ, લીલી અને સ્ટાસબુર્ગ. આ છેલ્લુ પરગણું જરમનોનાં હાથમાં સને ૧૮૭૧ પછી ગયાથી તે પુતળાં પર શોગ દાખલ વાવટા વીટાળી લઇને હજુ સુધી ઢાંકી રાખેલું છે. પરદેશનાં લશકર જેઓ અત્યારસુધીમાં પારીશ શેહેર ત્રણ વખત લઇ શકયાછે તેમણે આ ચોકમાં છાવણી કીધી હતી. સને ૧૮૧૪ માં એલાઇડ આરમીસ, સને ૧૮૧૫માં અંગ્રેજી લશકર, અને સને ૧૮૭૧માં પૃશીઆનુ લશકર એ ત્રણેએ હીંયા છાવણી કીધી હતી.

એ જોઇને પછી એની સાંમેથીજ Champs Clysces (શાં ઇલીશી) નાં રસતા ઉપર ગયા. એ રસતો લોકને ફરવા સારૂં લંડનનાં હાઇડ પાર્કનાં જેવો મોટો કીધેલોછે. તે છેક આરક ડી ટરાએમફ સુધી જાયછે, અને જે આસરે ૧½ મૈલ લાંબોછે. તેની બેહુ બાજુપર ઝાડો રોપેલાં અને બ્યાસનાં ફાનસોની હાર નજદીક નજદીક મુકેલીછે, તથા મોહોટા મેહેલો, બાગો અને રેશ્ટોરેનટસ આવેલાછે. એ છેલામાં રોજ રાતનાં અત્તી ઘણી બત્તીઓ કરી બોલી હવામાં કોનશરટો અને બીજી ગમતો કરેછે, જે જોવાને દરરોજ હજારો માણસો જાયછે. એ બાગો બેહુ બાજુપર જુદા જુદા ધણીઓનાં આવેલાછે, અને તેમાં હજારો હજાર બત્તીઓ ગોઠવેલી હોવાથી ઘણુંજ શોભેછે. એ ઉપરાંત બીજી ગમતની જગ્યાઓ પણ હીંયાં ઘણી આવેલીછે. એ રસતા ઉપર Palais de la E'lysee કરીને હાલનાં રી-પબલીક પ્રેસીડન્ટનો મેહેલ આવેલોછે, તેમાં ફ્રાંન્સનાં નેપોલીયન બોનાપાર્ટ આગલ રેહેતા હતા, અને પાછલથી જરમનોએ એ શેહેર લીધું ત્યારે તેનો શેહેનશાહ પણ એમાં ઉતરયો હતો. એ મેહેલનો દેખાવ બાહારથી સારો ભપકાદાર લાગેછે.

ત્યાંથી નીકળેલા આરક ડી ટરાએમફ (Arc de triumphe de l, Etoile) જોવા ગયા. એ એક મોટું ભાગોળ રોકું આરકું બાંધેલુંછે, અને આજે દુન્યાંનાં સલાંમત આરકાંઓમાં સૌથી સરસ ગણાંયછે. એ આરકું પ્લાસ ડ લેટવાલ (Place de l. Etoile) માં શાં ઇલીશીને મથાળે આવેલુંછે, જે રસતો આએ તથા લેમશ ડી લા કોનકોરડની વચમાં આવી બેહુને જોડી નાંખેછે. એ આરકાંને વચોવચમાં બાંધીને તેની આસપાસથી ૧૨) મોટા રસતા કાહાડેલાછે, જેપર ઘર મોટાં મોટાં બાંધેલાં હોવાથી તેનો દેખાવ ઘણો સરસ અને આરકું તારાનાં જેવું લાગેછે. એ આરક નેપોલીયન બોનાપાર્ટે પોતાની જીત (લડાઇ)ની યાદગારી દાખલ બાંધેલુંછે; પણ તે બધુરૂં મુકી જવાથા તેની પાછલનાં પાદશાહો લુઇ ફીલીપે તે પુરૂં કીધું હતું. એ ૧૬૦) ફીટ ઊંચું, ૧૪૬) ફીટ પોહોળું, અને ૭૨) ફીટ ઊંડુંછે, અને તેપર ૪૦) લાખ રૂપીયા આરચ લાગેા હતો. એની ઉપર નેપોલીયને જીતેલી લડાઇઓ તથા તેના સરદારોનાં નામો કોતરેલાંછે, તથા તેની બાજુપર ઘણાં મોટાં પુતળાં મુકેલાંછે, તે દેવાલમાં જાણે કોતરેલાં હોય તેમ લાગેછે. એ આરકાંપરથી બીયુ ઘણી સારી દીસેછે, અને તે પરથી આખું પારીશ શેહેર જોવાઇ શકાયછે. તે ઉપર જવા સારૂં ૦૧ ફરેંકની ફી દરેક

માણસ દીઠ ત્યાંનાં રખેવાળને આપવી પડેછે.

એ જોઇને પછી ટરોકાડીરો પેલેશ (Trocaders Palace) જોવા ગયા. એ મેહેલ અસલ સને ૧૮૭૮ નાં શાલનાં એકઝીબીશનનો એક ભાગછે; બાકીની એની ઇમારતો, જે કેમપ ડી મારશમાં હતી, તે હમણાં સઘળી ભાંજી નાખી બાલું મેદાન કરેછે. એ બીલડીંગ વચ્ચમેથી અરધા ગોળાકારની કરીને તેની બે બાજુપરની વીંગ તેનાથી ઉલટા અરધા ગોળાકારમાં બાંધીછે. તેમાં હાલ કોનશરટો કરવાનો એક હૉલ રાખેલોછે, જે ઘણોખરો લંડનનાં આલબરટ હૉલને મલતો આવેછે; પણ એની અંદરનો સીણગાર તેથી ઘણો સરસછે, તેમ એ ઇમારત તેનાં જેટલી મોટી નથી. એ હૉલ તદન ગોળ બાંધેલોછે અને તેમાં છ થી સાત હજાર માણસો બેસી શકે એટલી ગોઠવણ કીધેલીછે. એમાં કોનશરટો દીશનાજ થાયછે રાતનાં કદી કરતા નથી, અને ગરમીની વખતે લોક એકદું થવાથી ત્યાં બેકોની હોડે લોખંડની જાલીઓ કરીને તેમાંથી વેનટીલેશન દરેક બેઠકની બાજુપર નીચે રાખેલીછે. એ હૉલનું ડોમ યુરોપમાં ઘણુ મોટું કેહેવાયછે, તે ૧૭૩ ફીટ ઘેરાવામાંછે. એ શેંટપીટર—જે રોમનું મોટું દેવલછે, તેનાં ડોમ કરતાં ૩૫) અને લંડનનાં શેંટ પાલ્સના દેવલનાં ડોમ કરતાં ૬૫) ફીટ ઘેરાવામાં વધારેછે. એનાં મથાળાંપર કીર્તીનું એક પુતળું મુકેલુંછે, તથા તેની બાજુપર બે મીનારા કીધેલાછે. એને લગતો બાગ પણ ઘણો સરસ અને તેમાં ઘણા ફુવારા તથા ઉપલી ઇમારતની વચમેથી એક પાણીનો મોટો ધોધ પડતો કીધેલોછે જેનું પાણી બીજા આઠ ફુંવારાની કુંડીમાં થઇને એક નવમો ફુંવારો જે ૨૦૦) ફીટ ઘેરાવામાંછે તેમાં પડેછે. એ ફુંવારાની બાહાર ચાર મોટા બરોનઝનાં જનવરોનાં પુતળાં દુન્યાનાં ચાર ખંડો બતાવવા સારૂ મુકેલાછે, તેમાં ગોધો યુરોપ સારૂ, હાથી એશીઆનો, ઘોડો અમેરીકાનો, અને ગેંડો આફ્રીકાનો દરશાવેછે. એ પુતળાં ઘણું સરસ અને જોવા લાયકછે. એ ફુંવારો દર આદીતવારે ઉડારેછે.

ત્યાંથી નીકળેલા (Magasin Du Loeuvre) મેગેઝંડ ડુ લવ કરી અતરે ઘણીજ મોટી દુકાનછે, તેને લગતા તબેલા જોવા ગયા હતા. ત્યાં ૨૦) આમનીબસ અને ૫૦) ઘોડા એ દુકાનને લગતાં માણસોને લાવ લઇજાવ કરવા સારૂ રાખેલાંછે, અને વચમે એક ઉંચો મીનારો કરીને તે પર ઇલેકટરીક લાઇટ મુકેલીછે. ત્યાંથી નીકળેલા (Hotel de Invalids) હૉટલ ડ ઇન્વાલીડશ કરી નેપોલીયન બોનાપાર્ટની ઘોરની જગ્યાછે ત્યાં ગયા. એનો બાહારનો દેખાવ એક ગોળ ઇમારત હોય તેવો લાગેછે; અને તેનો ગુંબજ જે ૩૪૦) ફીટ ઉંચોછે તેને ગીલીટ કીધેલો હોવાથી પારીશનાં ઘણાખરા ભાગોપરથી તે દેખાયછે. એ ઇમારત અસલ સને ૧૬૭૦નાં શાલમાં ચઉડમા લુઇએ રદ થયલા લશ્કરી માણસોને સારૂ બાંધી હતી અને તેમાં પાંચ હજાર પેનશનરો રહે, તેટલી જગ્યા હતી; પણ પાછલથી તે બીજાં કારણોમાં વાપરવાથી હાલ બાકી પાંનસો બીછાણાં રહે એટલી જગ્યા એ ઘોરની પાછલથી બરોબર રહેલીછે. નેપોલીયનની ઘોર સારૂ એ જગાને અંદરથી ઘણી સણગારેલી અને ડોમની વચોવચમાં એક કુવા જેવી ઉંડી જગ્યા, આસરે વીસ ફીટ ઉંડી અને ૩૬ ફીટ ઘેરાવાનીછે, તેમાં એક મોટા પલાટફોરમ કરીને તેની ઉપર લાલ પથરની કોફીન કે જેમાં નેપોલીયનને દાટેલોછે, તે મુકેલીછે. એ કોફીનનો પથર ફીનલાન્ડથી રશીઆના શેહેનશાહે મોકળાવ્યો હતો; તે ૧૩)

ફીટ લાંબો, ૬૫ ફીટ પોહોળો, અને ૧૪૫ ફીટ ઊંચાઇમાંછે; તેનું વજન ૬૭) મણછે અને તે લાવવા પાછલ એક લાખ ચાલીસ હજાર ફરાંક ખરચ બેઠો હતો. એ ઘોરની આસપાસ ૧૨ મોટાં સંગેમરમરનાં પુતળાં તેનાં ગોળ કુવાની દીવાલ ઉપર મુકેલાંછે, તે દરેક પાછલ એક લાખ ફરાંક ખરચ લાગેાછે; તથા કુવાનો ગોળ વરેા જે સંગેમરમરનોછે, તે આઠ મોટા કટકાનો બનાવેલોછે. એ ઘોરનો આસપાસ નેપોલીયનનાં જીતેલાં દેશેદેશનાં વાવટા નંગ ૬૦) મુકેલાછે. એ ઘોર મુકીછે તેની હેઠલની જમીન રંગીન સંગેમરમરનો બનાવી તે ઉપર લોરલની તોરણની તરાંહ રંગીન પથરનો કોતરકામમાં ભરીને કીધેલીછે. એ ઘોરની માંમે સંગેમરમરનાં આખા એક પથરનો મોહોટો આલટર (ભણવાની જગ્યા જે ઉપર કરેાશ મુકેછે તેને આલટર કહેછે) મુકેલોછે તે ૭૦ ફીટ ઊંચોછે, અને તેની ઉપર ચાર મોટા કાળા સફેદ ભેલ રંગનાં સંગેમરમરનાં થાંભળા ૨૦) ફીટ ઊંચા એકેકા પથરનાં મુકીને તેનો ઉપર તદન ગીલીટનું છાપરૂં તાજરોકું કીધેલુંછે. એ આલટર ઉપર ચહડવાની સીડીઓ ૧૫) ફીટ પોહોળી સંગેમરમરનાં પથરનો કીધેલીછે, અને સફેદ સંગેમરમરનાં આલટર ઉપર લાઈટ નાખવા સારૂં પીલા કાચની બારી મુકીછે, જેથી તેની ઉપર ઉજાશ પીલા રંગનો પડવાથી તેનું છાપરૂં ધાણું શોભેછે. એ છાપરૂં તદન લોખંડનુંછે, અને તે ઉપર સોનાની ગીલીટ કીધેલીછે. એ આલટરનો દેખાવ દરવાજામાં પેસતાં અત્તોધણો સુંદર તેની લાઇટથી લાગેછે. નેપોલીયનની ઘોરની આસપાસ ચાર ચેપલોનાં ઓરડા કીધેલાછે, જેમાંના બેમાં તેનાં બે ભાઇઓને દાટેલાછે, અને બાકીનાં બીજા બે ઓરડા બાલીછે, જેમાં ત્રીજો નેપોલીયન તથા તેનો છોકરો પ્રીન્સ ઇમપીરીયલ (જે ઝુલુની લડાઇમાં માર્યો ગયો.) ને દાટવાનાં હતા, પણ હમણાં રૈયતનું રાજ હોવાથી બાલી પડેલાંછે. એ ચેપલમાં શેનેટોનાં સંગેમરમરનાં આખાં કદનાં પુતળાં ગોઠવેલાંછે, અને નેપોલીયનનાં ભાઇઓ જોરોમ બોનાપારટ (જેને વેસ્ટફેલીઆ જરમનીનો પાદશાહ) અને જોશફ બોનાપારટ (જેને સ્પેનનો પાદશાહ નેપોલીયને કીધા હતા) તેઓની ઘોરો સારૂં વચમાં મોટી પથરની કોફીન મુકીને દાટેલાછે. એ ઉપરાંત નેપોલોયનની માની તથા જેનરલ ટુરેન (Turenne) તથા બીજાં કેટલાંક જે એ ઘોરની ડીઝાઇન કીધી હતી તેની તથા બીજી પણ ઘોરોછે. એ ઘોરની બધી જગ્યા ઘણીજ સરસ અને જોવા લાયક છે, અને એનાં જેવી ભપકાદાર ઘોર આખા યુરોપમાં કોઇ નથી એમ કહેછે. એ જગ્યાપર નેપોલીયનને દાટવાની ફરજ લુઇ ફીલીપે માથે ઉઠાવી લીધી હતી; કારણકે મરતી વખતે શેંટ હેલીનામાં નાપોલીયન બોલયો હતો કે "ફ્રેન્ચ લોક જેને હું ઘણો ચાહુંછું તેમની વચમાં સેન નદીને કાંઠે મને દાટજો." તેમ એ લુઇ ફીલીપે તેનું મુરડું ત્યાંથી સને ૧૮૪૦માં મંગાવીને હીંયાં ચેપલમાં તેની સીસાંની કોફીન બોલી રાખી મુકી હતી, અને ત્યારપછી એ ઘોર જે વીસ વરસે બંધાઈ રહી ત્યારે સને ૧૮૬૦ માં તેને દાટયો હતો. એ ઘોર પાછલ ૧૨૦૦૦) પોંડનો તથા એનાં આલટર બાંધવાપર બાલીસ હજાર પોંડનો ખરચ બેઠો હતો.

એ જોઇને પછી શેંટ જરમન St. German des Pres કરીને દેવલ છે તે જોવા ગયા. એ દેવલ પારીશમાં સૌથી જુનું કેહેવાયછે, અને તેનો ૧૧) મી સદીમાં બાંધેલો ભાગ હજુ થોડો ઘણો સલામત છે. પાછલથી તેને ફરીથી ૧૫) મી અને ૧૬ મી સદીની વચમાં મ-

રામત કરીને બાંધ્યું હતુ. એ દેવલનાં બાહારનાં બારણાંઓપર અત્તી ઘણાં પુતળાં પાડેલાંછે, અને અંદરથી તેનો આલટર તથા હૉલ જોવા લાયકછે. તેની અંદર કેન્ડલ સ્ટીકો તથા બીજો સામન સુનાં રૂપાંનો બનાવેલોછે. એ દેવલને લગતા મીનાશ ઉપરનો ઘાંટ સેંટ બારોલોમ્યુંની કતલ કરવા સારૂં (લએ પ્રોટેસ્ટંટોને નવમાં ચારલશ તથા તેની મા કેથેરીન ડી મેડીશીના હોકમથી જે રાતનાં મારી નાખ્યા હતા) વખતની નીશાની દાખલ વજાડયો હતો.

તે જોવને Palais de Justice ઇનસાફ કરવાનો મેહુલ જોવા ગયા હતા; એ મેહુલ શેંટ લુઇ કરી અસલ ફરાંસનો પાદશાહ હતો તેને સને ૧૨૪૫-૪૮માં બાંધ્યો હતો, ત્યારપછી તેમાં ફેરફાર ઘણો થયોછે. એ મેહુલમાં નકશીકામ ઘણુંછે, અને તે ઉપર આગલ ગીલીટ ઘણી હતી પણ પ્રજાસ્તાક રાજના હાથમાં આવ્યા પછી તે સઘળી કાહાડી નાંખીછે. સને ૧૮૭૧ નાં બળવામાં એ ઈમારતનો પણ ઘણોખરો ભાગ બલી ગયો હતો, તે તેની અસલ બાંધણી પ્રમાણે પાછો બાંધી ઘણોખરો તૈયાર થવા આવ્યોછે, તેમાં હાલ કોરટો ભરેછે. એ મેહુલમાં આજે દુન્યામાં સૌથી મોટા હૉલોમાંનો એક હૉલછે, જેને Salle des Pas Perdus કરી કહેછે. તે અસલનો જુનો બાંધેલોછે, પણ તેને સને ૧૮૭૮માં પાછો રપેર કીધો હતો. તે ૨૫૫) ફીટ લાંબો અને ૮૭) ફીટ પોહોળોછે. એ મેહુલની પાસે શેંટ શાપેલ (Saint Chapelle) આવેલુંછે. તે દેવલનો બાહારનો દેખાવ ઘણો સારો નથી, પણ અંદરનો દેખાવ ઘણોજ સરસછે. એને એક માળ પણ છે, તથા હેઠાણુનાં ભાગમાં દરબારનાં માણસોને બંદગી કરવાની જગા ગીલીટ તથા નકશીની બનાવેલીછે; પણ ઉપરનો માળ જે પર એ પાદશાહ પોતે બંદગી કરતો હતો તે ઘણો સરસ અને તેને બાજુની દેવાલને બદલે રંગીન આખી બારીઓ નંગ ૧૫), દર ૫૦) ફીટ ઉંચી અને ૧૩) ફીટ પોહોળી મુકેલીછે, તથા તેનો વચમાં ફકત થાંભલા આવેલાછે, જે ઉપર ગીલીટ તથા નકશીકામ ઘણુંજ સરસ છે. બારીઓપર એ લોકને લગતી બાઈબિલોની બીના છુટા છુટા રંગીન કાચની ચીતારેલી છે, જેથી કરી બાહારની લાઇટ જે જુલલા કાચમાંથી આવે અને આંખ અંજાય તે બદલે એાર થંડક પડેછે. એ દરેક બારીમાં ઓલડ ટેસ્ટેમેન્ટમાંનાં જુદા જુદા પેગમબરોના હેવાલનો વીગત કોઇમાં ૨૫) અને કોઇમાં ૧૨૫) ઉપર પાડેલીછે. એવી મોટી અને બે કીમતી એ બારીઓછે. એ ઉપરાંત એ ચેપલમાં શેન્ટોનાં પુતળાં હારબંધ મુકેલાંછે, અને દેવાલપર હેઠાણુમાંથી જે ચીતારો તથા નકશીનાં પુતળાંઓ પાડેલાંછે તેમાં છુટાં છવાયાં અવેરાતનાં નંગો જડેલાંછે. એ અવેરાત તથા એ ચેપલમાં અસલ Relics (એ લોકોનાં શેન્ટો મરી ગયલા તેઓનાં હાડકાંનાં ઝીણા કટકા તથા ક્રાઇસ્ટને જે ક્રાશ ઉપર મારી નાંખ્યો તે ક્રાશના લાકડાંનાં ઝીણાં કટકા ઇત્યાદી એવી બકાત ચીજોને એ લોકે "રેલીકશ" કહેછે) શેંટ લુઈ આગલ જ્યારે કરૂઝેડ પર ગયો ત્યારે (આગલ જેરૂશલમ જેમાં ક્રાઇસ્ટની ઘોરછે તે મુસલમાનને હાથ ગયાથી તે પાછું લેવા આખું યુરોપનું લોક ત્યાં લડાઈ કરવા જતું હતું તેને "કરૂઝેડ" કરી કહેછે) ત્યાંથી જીન ડીબીરીન કરી જેરૂશલમનાં પાદશાહ પાસેથી તીસ લાખ ફરાંકે એ પવીત્ર નીશાનીઓ વેચાતી લઇને એ ચેપલમાં મુકેલી હતી. (તેમાંની રેલીકશો હાલ નોટરડમ કરીને દેવલમાં મુકેલીછે.) એ દેવલનો બધો ભાગ ઘણો જોવા લાયકછે, અને એવી રીતનું દેવલ આખા યુરોપમાં

નથી એમ કહેછે. એ ચેપલ ૧૧૨) ફીટ લાંબો અને ૩૬ ફીટ પોહોળોછે. એની ફકત ગીલીટ ઉપર વીસ લાખ ફરાંક ખરચ્યા હતા, અને તે એટલી સરસછે કે જાણે આજે નવીજ કીધી હોય તેમ દીસેછે. એ મેહેલ તથા ચેપલની બાજુપર બાહાર રસતાપર કોનશીએરઝેરી(Conciergerie) કરી ઈન્સાફનાં મેહેલને લગતું એક બંદીખાનુંછે, જેમાં સોલમાં લુઇ અને તેની બાયડીને ગરદન મારયાં તેની આગમજ કેદ રાખ્યાં હતાં, અને જે ગોળ ટાવર જેવું બાંધેલુંછે, તથા તેની બારીને લોખંડનો ગરાડ જડેલોછે.

તે જોઇને નોટરડામ (Notre Dame) નો કેથેડરલ જોવા ગયા હતા. એ દેવલ પારીશનાં આરચબીશપને લગતું અને પારીશમાં સૌથી મોટું છે. તે સને ૧૧૮૨માં તૈયાર કીધું હતું; અને ત્યાર પછી તેમાં બીજા ભાગો ઉમેરાયા હતા. એ દેવલમાં વીસ હજાર માણસોની જગ્યાછે. એની અંદરનાં મોટા હૉલમાં ઘણાં જાડા થાંભળા મુકેલાછે, તેમાંનાં બે થાંભળાની આસપાસ ૧૨) માણસ લાંબા હાથ કરી ઘેરી લેય એટલા તે ગોળાઇમાંછે. એનાં હૉલની ઊંચાઇ ૧૧૦) ફીટ અને નેવ (Nave)નો લંબાઈ ૫૧૭) ફીટ, તથા પોહોળાઇ ૧૫૬) ફીટછે. તેનો વચમે થાંભળાની બે હાર કીધેલીછે, અને આજુબાજુ ફરતા છુટા છુટા ચેપલશો ઘણી સારી રીતે સણગારેલાછે, તેમાં જુદા જુદા સેનટસોનાં "રેલીકસ" જે સેંટ લુઇ જેરૂશલમથી લાવ્યો હતો તે સોના અને ઝવેરાતનાં બાકશોમાં બાજુપર કાચ જડીને દેખાડતા રાખેલાછે. એ દેવલોમાં તેના ઈન્ટસનાં પુતળાં તથા ચીત્રો કીધેલાંછે, જે ઘણાં સરસ અને જોવા લાયક છે. એ કેથેડરલને લગતા સોનાં રૂપાંનાં વાસણો, આરચબીશપનાં કપડાં, ઇત્યાદીનો, સંગ્રહ બે મોટા ઓરડાની અંદર હારબંધ કબાટોમાં મુકેલોછે, જેમાં બે કીમતી ઝવેરાત જડેલી સોનાની કાથકેટ ઘણી સરસ નકશીદાર તથા આરચબીશપનાં પોશાકો વારાફરતી પાદશાહોથી ભેટ મલેલાંછે, તે જરી તથા રેશમનાં ઘણાં ઊંચી તરાંહનાં ગુંથેલાં અને તેની ઉપર હીરા, મોતી, માણક વગેરે બીજું ઝવેરાત તરાંહોમાં જડેલું છે. સોનાંનાં મોટા કેન્ડલાબરા, આરનશ, કેન્ડલ સ્ટીકશ, ઇત્યાદી નેપોલીયન બોનાપારટે, લુઇ નેપોલીયને તથા ફ્રાંન્સનાં બીજા પાદશાહોએ આપેલાંછે. રેલીકશો મુકેલાં અસલ કાશકેટને પેહેલાં રેવોલ્યુશનમાં કાહાડી નાંખી દીધા હતાં; તોપણ વાસણો હજુ થોડાં ઘણાં રહી ગયલાંછે. એ રેલીકસની સાથે આરચબીશપ ઓફ પારીશને છેલા રેવોલ્યુશનમાં કમ્યુનીશટોએ મારી નાંખ્યો તે વખતનો પેહેરેલો ઝબ્બો લોહીથી ખડાયલો તે પણ ત્યાં રાખેલાંછે. એ દેવલમાં એક બાજુ ચેપલોછે, તેમાં એકમાં કાઉન્ટ "હાર કોરન"નું એક સંગેમરમરનું મોન્યુમેન્ટછે, જેમાં તે ધણીને પોતાના કોફીનમાંથી અરધો બાહાર નાકળી પોતાની બાયડી સાથે વાત કરતો પાડેલોછે. તેને વીશે એમ કહેછે કે આસરે ૧૬૦) વરસની વાત ઉપર એ ધણી ઓસત્રીઆ ગયો હતો, અને તેની બાયડી પારીશમાં હતી તે વખતે સ્વપનો આવ્યો કે તેણીના વરે કોફીનમાંથી અરધો બાહાર નીકળીને તેણીની સાથે વાત કીધી. હવે બીજેજ દીને તેણીને પોતાના ભરથારનાં મરણની ખબર મલા જેથી તે તેનું મોહોડું જોવા ઓસત્રીઆ ગઇ અને ત્યાં પોતાનાં બાવંદની કોફીન (જેને તે વખતે દાટેલો નહીં હતો) ઉઘડાવી મોહોડું જોવા માગ્યુ. હવે એ કાઉન્ટ મરી ગયલો નહીં પણ બેસુધી હાલતમાં આવેલો તેને મરી ગયલો સમજી કોફીનમાં રાખી મુકયો હતો, તે કોફીન ઉઘાડતી વખતે હુશીયારીમાં આવ્યો, અને જેમ

તેની બાયડીએ સ્વપનો જોયો તેમ કોણીનમાંથી અરધો બાહાર નીકળી જરાક વાત કરીને બરેબર મરી ગયો. એ દેવલને બે ૨૨૩) ફીટ ઊંચા મીનારા તથા વચમેથી બીજો એક મીનારોછે, તેમાંનો ઘાંટ દુન્યાંનાં મોટા ઘાંટામાનો એક ગણાયછે, જે ૧૬) ટણ અને તે વજાડવાની હથોડી નજદીક બા ટણ વજનમાંછે.

એ જોઇને અતરેની (Morgue) મુડદાં રાખવાની જગ્યા જોવા ગયા. પારીશમાં જે કોઇ ઘણી આપઘાત કરેછે તેને તથા જેનાં ખુન થાયછે તેને જો ઓલખી શકતા નથી તો એ જગ્યાપર રાખેછે કે તેનાં સગાંવાહાલાં સોધ કરતાં હીંયાં આવી ઓલખી લીએ. એ જગયામાં જુદા જુદા ઓરડાઓ કરીને તેમાં લાંબા સંગેમરમરનાં બાજોટા મુકેલાછે, તેપર મુડદાંઓને રાખેછે, તથા જે ઓલખાતાં નથી તેની સખી પાડી લઇને પછી દાટેછે કે પાછલથીખી તે માલમ પડી આવે. એવી સખીઓની આરશીઓ ત્યાં ઘણી ટાંગેલી હતી.

એ જોઇને પછી શેંટ ઇયુશટાશ (St. Eustache) નું દેવલ જે ૩૩ મોંમારટર (Rue Montmartre) માં આવેલુંછે તે જોવા ગયા. એ દેવલ સને ૧૫૩૨ માં બંધાવા માંડયું તે સને ૧૬૩૭ માં પુરૂં થયું હતુ. તેનાં પોરતાળનાં થાંભળા સને ૧૭૫૨ માં કરવા માંડયા તે સને ૧૮૫૪ માં સો વરસે તૈયાર થયા હતા, એવા સરસ નકશીનાંછે. એ દેવલમાં અતી ઘણાં ચીતારા દેવાલ ઉપર પાડેલા, અને આસપાસનાં ચેપલોમાં જુદા જુદા શેન્ટસનાં રેલીકશ ઘણું સરસ સોનાં તથા ઝવેરાતનાં કાશકેટમાં મુકેલાંછે. એનો અંદરનો ભાગ ૩૪૮) ફીટ લાંબો, ૧૪૪) ફીટ પોહોળો, અને ૧૦૮) ફીટ ઊંચોછે. એ દેવલની આરગીન પારીશ શેહેરમાં સૌથી સરસ ગણાયછે, અને તેનું મ્યુઝીક સાંભળવા લાયક થાયછે. એ જોઇને રાતનાં સરકસ જોવા ગયા હતા. સરકસને સારૂં મુંબાઇની માફક તંબુ નાખતા નથી પણ ઇમારત બાંધેલીછે, જ્યાં ઘણી સરસ કચરતો હમેએ જોઇ હતી.

તા૦ ૧૯મી આગસ્ટ ૧૮૮૧—આજે સવારનાં પારીશથી આસરે દશ મૈલ દુર વારશેલીશ (Versailles) નો વખણાયલો મેહેલ જોવા ગયા હતા. રસતામાં પેહેલાં પારીશની "ફોરટીફીકેશન"ની દેવાલ પસાર કીધી હતી; એ દેવાલ ૪૫) કીલોમીટર ઇવાને આસરે ૨૮ મૈલ ઘેરાવાનીછે, અને તેને મોશીઓર ટીએ એ ૧૮૪૧-૪૩ સુધીમાં પાંચ કરોડ અને સાહઠ લાખ રૂપીયા ખરચીને બંધાવી હતી. તેની દેવાલ ૩૩)ફીટ ઊચી અને ચર ૧૮) ફીટ ઊંડીછે, તથા દુરથી પારીશનાં બંચાવ સારૂં છુટા છુટા સોલ કીલ્લા દુંગર ઉપર બાંધેલાછે. એ કીલ્લાની દેવાલ પસાર કીધી કે બોર્ઈ ડી બુલોંન (Bois de Boulogne) નામનો પાર્ક આવેછે, જેનો વીસ્તાર ૨૨૫૦) એકરછે, અને જેમાં આગલ શીકાર રાખતા હતા, પણ પાછલથી તે સધળાં મારી નાંખીને લોકોને ફરવા સારૂં ત્યાં મોટા મોટા રસતા, કુંવારા, હાથે કીધેલા સરોવરો, રેશટોરાંટસ ઇત્યાદી ત્યાંની મ્યુનીશીપાલીટીએ આઠ લાખ રૂપીયા ખરચીને બનાવ્યાછે. એનાં રસતાઓ આરકટરા ૪) મૈલ લાંબા અને સીધાછે, તથા તેની બેહુ બાજુપર ઝાડોની હાર રોપવાથી તેનો દુરનો દેખાવ ઘણો સરસ લાગેછે. એક બાજુપર નાધળો દુંગર બનાવી તેમાં ઓહો કાંધેલાછે, અને તેનીપર તલાવ કરી તેમાંનું પાણી ધોધની માફક હેઠળ કુવારામાં પડેછે, જ્યાં કુંવારા ઉડારવા મુકેલાછે. એ Grand Cascade ને નામે ઓળખાયછે. એ બનાવતનાં દુંગરો અંદરથી જાણે કુદરતી હોય તેવા આબાદ કીધેલાછે.

એ પ્રમાણે જોતા સેન નદીની પેલે પાર સેંટ ક્લુ (St. Cloud) ગામમાં આવી પુગા, જે એક નાધણું ગામડું આસરે ૫૦૦૦) માણસની વસતીવાળું છે, અને જે છેલા શહેનશાહ નેપોલીયન બોનાપાર્ટનું ઘણું વાહાલું હોવાથી તેણે ઘણો સારો અને મોહોટો મહેલ તેહા બાંધેલો હતો, પણ તે મહેલ તથા ગામ સને ૧૮૭૧ નાં શાલમાં ફ્રાંન્સ અને પ્રશીયાની લડાઇમાં તદન તોપનાં ગોળા અને આગથી નાશ પામ્યું હતું. કહેછે કે આ છેલી લડાઇમાં આ ગામડાં જેવું બીજું કોઇપણ ગામડું નાશ પામ્યું હતું નહીં, પણ હમણાં પાછું તે બંધાઇને નવા જેવું થયું છે. ત્યાંનાં એક સરાફનાં બંગલાપર એક તોપમાંથી ગોળો (Shell) આવીને તેની અગાસીમાં પેઠો, પણ ફાટવા વીનાં પાછો તે આગમાં હેઠે પડયો, જો ફાટતે તો તે બંગલાને ઉદાડી નાખતે. તે બચાવની યાદગારી સારૂં પેલા ગોળા અંદરથી દારૂ કાહાડી નાંખીને જેમ અગાસીનાં મથાળાંપર લાગેા હતેા તેમ તેનાં બાંચામાં બેસાડીને રેહેવા દીધેાછે.

પછી મોંત્રટુટ (Montretout) નું ગામડું પસાર કીધું, જ્યાં ફ્રેંચોએ પારીશપરનો છેલો હલ્લો (Sortee) કીધો હતો, અને તે વખતે ફ્રેન્ચ અને જરમનનાં વીસ હજાર માણુસો મારયાં ગયાં હતાં, જેઓને પાસેનાં જંગલમાં (Forest of Ville d' Array)દાટયા છે. એ ગામડું પસાર કીધા પછી વરસાઇલશમાં પેઠા, અને પેહેલાં પીટીટ-ટરાએનોન (The Petit trianon) નામનો નાધળો મેહેલછે તે જોવા ગયા. એ મેહેલ મેડમ ડુબેરી સારૂં પંદરમાં લુઇએ બાંધ્યો હતો, અને તે ઘણો સારી ગીલીટ તથા પીકચરોથી સણગારેલોછે. એ જોઇને પછી તબેલાઓ જોવા ગયા, જ્યાં સ્ટેટ-કેરીએજો (મોહોટી રાજ રથ) રાખીલીછે જે સઘળી તદન ગીલીટની તથા નકશી અને પેન્ટીંગની બનાવેલીછે, તેમાં એક ગાડી દશમાં ચારલશને વાસ્તે એનાં તખ્તપર બેસવાની ક્રીયાને સારૂં બનાવી હતી, તે સરસ અને ભપકાદારછે, અને એનાં જેવી ગાડી બીજાં કોઇપણ શહેરમાં નથી તથા તેપર ૪૦) લાખ ફ્રાંક બેઠાછે એમ કહેછે. તે તદન લોખંડની બનાવી તે ઉપર સોનાંની ગીલીટ ચડાવેલીછે, તેનાં મથાળાંપર એક મોટું તાજ મુકેલું છે, અને પાછલની ઘોડાવાલાની બેસવાની જગ્યા બે ફરેશતા પર ઉભી રાખેલીછ. તે કોચ-બાકશનો હેમરકલોઠ પણ ઘણો સરસ મખમલ તથા જરી કસબનો બનાવેલોછે, અને તેમાં માણેક, પાનાં, તથા બીજું ઝવેરાત જડી લીધેલું છે. એ ગાડી એટલીતો ભારીછે કે તેને બાર ઘોડા વગર ઘસડી શકાતી નથી. એ ગાડીમાં છેલ્લા વેહેલાં પ્રીન્સ ઇમપીરીઅલને "ક્રીશ્ચનીંગ સેરીમની" વખતે (સને ૧૮૫૭ માં) બેસાડયો હતો, ત્યાર પછી વાપરવામાં આવી નથી. એ ગાડી ઉપરાંત લીજ્ઞ નેપોલીયનની લગનની તથા કોરોનેશનની તથા બીજી ગાડીઓ, સીડનચેરસ સ્લેડજીશો, (બાઇશિપર ચાલવાની ગાડી) ઇત્યાદીનો સંગ્રહ સારો કીધેલોછે. તે જોઇને પછી એવેન્યું વરસાઇલિશ જે ઘણી લાંબીછે (મોટો ૩ મૈલનો રસતો જેની આજપાસ ઝાડો રાખેછે તેવા રસતાને એવેન્યું કહેછે) તે જોઈ હતી.

ત્યાંથી થઇને વરશાઇલિશનાં મેહેલપર ગયા હતા. એ મેહેલનો બાહારથી દેખાવ ઘણો ભપકાદાર અને જાણે લાખ મેહેલને એક કીધો હોય તેમ હારબંધ એક એકની પાસે લગોલગ બાંધેલાછે. એ મેહેલ બાંધવા પુગણીઓ કરીને જગા ઘણી ઊંચી કીધેલી અને લાખ ચાર તબકકા કરીને ત્યાં બાગ તથા નહીં ગણ્ય એટલા ફુંવારા કીધેલાછે. એ તબકકાની પુગણી તથા જમીન અને બાગ કરવા સારૂં પાણી લાવવાની ૩૧) મૈલ લાંબી નેહેર તથા પારીશથી ત્યાંસુધી

રસ્તો બાંધવાપર દરરોજ ૩૬૦૦૦) માણસ તથા ૬૦૦૦) ઘોડા ૪૦) વરસ સુધી કામે લાગ્યા હતા. એટલી મોટી જગ્યા બનાવીછે; અને મહેલ પણ ઘણોજ મોટો બાંધવાથી એ સઘળાંપર ચૌદમાં લુઇએ એક અબજ ફરાંક (૪૦ કરોડ રૂપીયા) રૈયતનાં પૈસામાંથી ખરચ્યા હતા. વળી ત્યાર પછી પંદરમાં તથા શોલમાં લુઇએ પણ મોટી મોટી રકમો તેને સણગારવા પાછલ ખરચવાથી તથા તે જોઈ અમીરોને એવા બીજા મહેલ બાંધવાનો શોખ થવાથી આખી ફ્રેંચ રૈયતને કરજમાં નાખી હતી. અને તેને લીધે કર વધ્યા અને જુલમ થવા માંડયો તથા સરકારે નાણું પેદા કરવાની નેમથી ચલણી સીક્કા હલકા ને ભેલસેલ પાડવાથી સને ૧૭૯૩ માં ફ્રેંચ રૈયતે પેહેલો બલવો કરીને તેનું રાજ લીધું હતું, અને સોલમાં લુઇ તથા તેની રાણીને તેઓની આગલના રાજાઓનાં આવા ખરચને લીધે રાજ ઓયા ઉપરાંત તેમને ગરદન મારયાં હતાં! એ મહેલની અંદરનાં કામની તારીફ અમારાથી થઈજ શકતી નથી. તેની અંદર નકશીકામ, ગીલીટકામ, તથા સૌથી સરસ વખાણવાલા ચીતારાઓનાં ચીત્રો બેસુમાર શીલીંગો પર પડાવેલાં, અને તે પણ કાંઈ નાધળાં જેવાં નહીં, કોઈ કોઈ હોલો લગભે પ્રીટ લાંબા તેપણ એવીજ રીતનાં રંગબેરંગી ચીત્રોથી ભરેલાં, તથા પુતળાં ફરનીચર વગેરે એટલું તો સરસ છે કે હમો ધારીયેછે કે એનાં જેવો મહેલ બીજો યુરોપમાં કેહે હશે નહીં, અને હમોએ ઉપર જણાવેલી કરોડોની રકમો તે ઉપર જયારે ખરચેલી ત્યારે તે મહેલ કેવો હોવો જોઇયે તેનો વીચાર કરી લેવો. તેની અંદરનો ઘણોખરો સામન સને ૧૭૯૩નાં રેવોલ્યુશનમાં બલવાઓરો ચોરી ગયા હતા, તોપણ હાલ થોડો ઘણો રહેલોછે તે ઉપરથી તેનો અસલ સામન કેવો હોવો જોઇયે તેનો વીચાર થઈ શકેછે. ત્યાંનાં વાસણ દરેકની જોડી ૧)ની કીમત એંસી હજાર ફરાંકની કહેછે. એ ઉપરાંત નવાઈનાં ઘડીયાળોનો સંગ્રહ પણ ઘણો સરસ છે; સોલમાં લુઇને ઘડીયાળો ઉખેડીને પાછાં ગોઠવવાનો ઘણો શોખ હતો, તેથી સીતારાની ચાલ સાથનાં તથા બીજી નવાઈનાં ઘડીયાળો ત્યાં રાખેલાંછે. તેમાંનું એક ઘડીયાલ જે તારીખ તથા વારનું છે. તે ઘડીયાળ જે દીને એને મહેલમાંથી પકડી લઈ ગયા ત્યારે ઉખેડીને પાછું ગોઠવતો હતો તે તારીખ અને વાર કુંચી આપ્યા વગર હજુ એમનાં એમ રહી ગયલાછે. મહેલમાં અસલનાં ફ્રાન્સનાં રાજાઓની તસવીરો તથા સંગેમરમરનાં આખાં કદનાં પુતળાંની ગેલેરી કીધેલીછે; પણ ત્યાંની તવારીખ સંબંધી ગેલેરી કે જેમાં ફ્રાન્સની બધી લડાઇઓનાં ચીત્ર વખાણવલા ઉસ્તાદોનો ઓઈલપેન્ટીંગનાં બનાવેલાં ઘણુંજ જોવા લાયકછે; એમાના કોઇ કોઇ પેન્ટીંગસ અતી ઘણું મોટાંછે. એ ગેલેરી ૧૩૨) વાર લાંબીછે; તેમાં એ પીકચરોની હેઠે લડાઇ જીતનારા જેનરલોનાં બાવલાં મુકેલાંછે. એ જગાને (Musie Historique) કરી બોલએછે, અને તે લુઇ ફીલીપે સને ૧૮૩૨ માં ૩ ૬૦) લાખ ખરચી પેહેલાં ઉભી કીધી હતી, જે ખરચનો મોટો ભાગ પોતાની ગાંઠથી આપ્યો હતો, અને ત્યારપછી બીજા પાદશાહો તેમાં ઉમેરતા આવ્યાથી એ સંગ્રહ ઘણોજ સરસ અને મોહોટો થયલોછે. બીજા હોલોમાં જે રંગનું ફરનીચર તેજ રંગની દેવાલપર ઝાઝીન જડેલી તથા મારબલનાં વાસણ, ઘડીયાળો, સંધુ તેજ રંગનું મુકેલું, અને દરેક ઓરડામાં જુદા જુદા રંગનું ફરનીચરછે. એ મહેલની બાહારથી લંબાઇ ત્રણે ઇમારત મલીને ૧ા મૈલછે. એ મહેલને લગતો તેનીજ અંદરનો ચેપલ પણ ઘણો જોવા લાયકછે. એનાં થોડા

ભાગમાં હમણાં સરકારી હાફીસો રાખેલી છે, તથા તેનો બાગ પણ ઘણો સારી રીતે ગોઠવેલો, તેમજ તેની વચમાં મોટા રસતા, બેસુમાર ફુવારા પુતળાં, અને તબક્કા ચહડવાની ૧૦૦) ફીટ ઉપરની પોહોળી સીડીઓથી ધાકુંજ રળીયામણું લાગેછે. "લા નોટર" કરી સને ૧૭૦૦નાં શાલમાં જે સૌથી સરસ લેન્ડસ્કેપ-ગારડનર હતો તેણે આ બાગની યોજના કરી હતી. એ સધળું જોઇને પારીશમાં પાછા આવ્યા હતા.

તા૦ ૨૦મી આગસ્ટ ૧૮૮૧—આજે શેંટ સુલપીશ (St. Sulpice) નું દેવલ જે એજ નામનાં મોહોલામાં આવેલું છે તે જોવા ગયા હતા. એ દેવલ પણ પારીશનાં મોટાં અને કીમતી દેવલોમાનું એક છે, અને તે સને ૧૭૪૯ માં બંધાઇ તયાર થયું હતું. તે અંદરથી ૪૫૨) ફીટ લાંબું, ૧૮૩) ફીટ પોહોળું, અને ૧૦૧) ફીટ ઉંચું છે. તેમાં વરજીન મેરીના ચેપલનો દેખાવ ઘણો સારોછે. એક મોટા ગોળ સંગેમરમરનો દડો આસરે ૫) ફીટ ઘેરાવાનો તેપર તેનું પુતળું ઉભું રાખેલું અને પગ નીચે એક સાપને દાબેલો પાડયોછે, તથા તે દડાની આસપાસ ઉપરથી વાદળાં જેવું કોતરકામ કરી તેની અંદર વરજીન મેરી જાણે આસમાન ઉપર ચહડી જતી હોય તેમ ઉભી કીધેલીછે. એ સધળું એકજ આખા સંગેમરમરનાં પથરનું બનાવી તેને દેવાલની અંદર ઉંડો ગોખલો કરી મુકેલું છે, અને તેની આગલથી દેવાલમાં મોટા રંગીન સંગેમરમરનાં થાંભળા મુકી તેપર આરકું મારી લીધું છે, તથા ઉપરની તેની શીલીંગનાં ભાગ ઉપર આશમાન પાડેલું છે; તેમજ એ થાંભળા અને પુતળાંની વચમાં ઉપર મયાળાં પરથી નીચે પેલાં પુતળાંપર ઉજાસ પડતો કીધોછે, જેથી તેનો દેખાવ અતી ઘણો સરસ લાગેછે. એ ઉપરાંત બીજાં ચેપલો જુદા જુદા શેન્ટોનાં દેવલમાં ફરતાં બાંધેલાછે. હાલની વચમાં જે પુલપીટ (વાએજી કરવાની જગ્યા)છે તેને બે ગમથી બે સીડી કરી તેની વચમાં કી સ્ટોન (Key stone) દાખલ તે પુલપીટ અલગી આરકાંની માફક ટેકેલીછે, જે તદન સંગેમરમરનો બનાવેલી તથા ઘણી તારીફ લાયક રીતે ગોઠવેલીછે. એની આરગેન પારીશમાંનો સૌથી સરસ આરગીનોમાંની એક ગણાયછે, તેમાં કીઇ બારડનાં છ થડ, ૧૧૮) બાંધો, અને ૭૦૦૦) પાઇપોછે. એ દેવલમાં હમો હતા એટલાં ત્રણ જોડાં લગન કરવા સારૂં ત્યાં આસરે અરધા કલાકનાં અરસામાં આવ્યાં હતાં.

એ જોઇને પછી "પારખાન" નું દેવલ એજ નામનાં મોહલામાં જોવા ગયા. એ દેવલ સને ૧૬૩૫ માં બાંધ્યું હતું, પણ બીજાં દેવલોનાં જેવું ભપકાદાર નથી. અહીંયાં તેનો બાંધનાર કારડીનલ રીશલીય (Richellieu) જે આગલ ફ્રાંન્સનો રીજેનટ તથા સ્ટેટશમેન દાખલ વખાણાઇ ગયોછે તેને દાટેલોછે, જેની ઘેાર ઘણી સરસ નકશીદાર બનાવેલી અને તે વખતની કારીગરીનાં નમુના દાખલ હમણાં ગણાયછે.

એ જોઇને લુક્ષાંબુરગ મેહેલ (Palais du Luxembourg)જોવા ગયા હતા. તે સને ૧૬૧૨ નાં શાલમાં ચોયા હેનરીની બીધવા મેરી ડી મેડીસીએ બંધાવ્યો હતો. તે પેહેલાં રેવોલ્યુશન સુધી બાદશાહોનાં રેહેઠાણ દાખલ કામે લાગેા હતો પણ હાલ તેમાં મ્યુઝીયમ દાખલ પુતળાં, પેન્ટીંગશ, તથા બીજો થોડો સામન મુકેલોછે. બાકીનો ઘણોખરો ભાગ સેનેટ હાઉશ (અહીંયાંનાં ઉમરાવોનું દીવાન) દાખલ વાપરેછે. એ મેહેલ ઘણો મોટો અને એક સ્કુવેરનાં ચાર ભાગમાં બાંધેલોછે. સેનેટ હાઉશ દાખલ જે ભાગ વાપરેછે તે ઘણોજ સરસછે; અને તેની અંદરનાં

બધા ભાગો ઉપર ગીલીટકામ તથા નકશી તથા ચીતારો પાડેલાંછે. તેમાં સૌથી સરસ અગલનાં પાદશાહી તખ્તનો ઓરડો હતો તે હજીછે, અને તે એવીતો નકશી, ગીલીટ, અને પીકચરોથી સણગારેલાંછે કે તેવા ઘણાંજ થોડા બીજા હૉલો હશે. તેની શીલીંગ પરનાં તથા બાજુપરનાં પીકચરો ઘણાંજ તારીફ લાયકછે, જયાં તખ્ત મુકવાની જગ્યા હતી ત્યાંથી તે તખ્ત કાહાડી નાંખી એક ચીમનીપીશ ઉભું કીધુછે, જે ઉપર રીપબ્લીક (પ્રજાસ્તક) નાં મોનોગ્રામ તથા મોટા પાડેલાંછે. એ ચીમનીપીશબી ઘણો સરસ અને આસપાસની નકશીઓને બેસતો આવતો બનાવેલોછે. હમણાંનો શેનેટ ભરવાનો ઓરડો અગલ હાઉશ ઑફ લૉર્ડોને કામે લાગતો હતો; એ ઓરડો અરધો ગોળ બાંધેલાછે, અને તેમાં ૩૦૦) શેનેટરસની, તથા સામે એક મોટા આરચની હેઠળ તેઓનાં સરનશીનની બેઠક કરેલીછે. એ ઓરડાની અંદર પણ ઘણી નકશી તથા ગીલીટ કામછે, તથા તેનાં બારણાંનાં કરટનસનાં હેંગીંગસ પણ ઘણાં સરસ અને તારીફ લાયકછે. શેનેટને બેસવાનાં ત્રણ ભાગ કીધેલાછે અને તેમાંનો મધ્ય તથા જમનો ભાગ રીપબ્લીકન મલતા અને દાભા હાથ ઉપર રોયલીશ્ટો બેધીને પાદશાહી ચલાવવાને મતને મલતા બેસેછે. ફ્રાંન્સની રૈયત બધા મલી ૮૫૦) વકીલ રાજ સભા માટે ચુંટી કાહાડેછે, તેમાંથી તેઓ પોતેજ ૩૦૦) જણને ચુંટીને તેમને શેનેટરસ કરેછે. જેઓ અહીંયાં બેસેછે; બાકીનાં ૫૫૦) જણને ચેમબર ઓફ ડેપ્યુટીશ કરીને કહેછે, તેઓ સારૂં જુદી ઇમારતો છે. એ પાછલા લોક જેબી કાંઈ કામકાજ હોય તે પેહેલાં તૈયાર કરી શેનેટરસોપર મોકલેછે, અને તેઓ તે પસાર કરે તો અમલમાં આવેછે. એ મેહેલમાં મેરી ડી. મેડીસીનો સુવાનો ઓરડો હજુ સુધો રેહેવા દીધોછે, તે પણ અત્તી ઘણો સરસ સણગારેલોછે. તેની વચમેનાં ચોરસ થાંભલા તેમજ દેવાલ, શીલીંગ તથા બીજા થાંભલાઓપર નકશીકામ પાડેલુંછે, અને એક બાજુની દેવાલપર તદન મોહોડું જોવાનો આરશીઓ થાંભળા વચે મુકીછે. એ મેહેલને લગતો એક મોટો બાગ પણ ઘણો જોવા લાયકછે, તેમાં મોટા ફુંવારા તથા સંગેમરમરનાં સારાં પુતળાં ગોઠવેલાંછે, જે ઘણાંખરાં વખણાયલી ફ્રેંચ ઓરતોનાંછે.

એ સઘળું જોઇને પારીસ શેહેરની હેઠળ કેટેકોમ્બશ (Catacombs) જોવા ગયા હતા. અગલ તથા હમણાં પારીસ શેહેરની ઇમારતો સારૂં જોઇતો પથર તેની હેઠાણમાં ભોયરાં ખોદીને વાપરવાથી હેઠળથી તે શેહેર પોકળ થઈ ગયું, અને હવેલીઓ બેસી જાય તેવી ધાસતી લાગવાથી સો વરસની વાત ઉપર એની નીચે થાંભળા તથા ટેકા આપી મજબતનાં ભોયરાં કીધાંછે, અને તેમાં પારીસની બધી દાટવાની જગામાંથી હાડકાં ખોદી લાવીને અહીંયાં નાંખ્યાં હતાં; પણ પાછલથી તે સઘળાંને હારબંધ ખાંચાઓમાં પગનાં હાડકાં ગોઠવી તેની વચમાં તરાંહ દાખલ ડોકાંનાં હાડકાં ગોઠવેલાંછે; તથા તેજ મુજબ કરોડો, આલટરો ઇત્યાદી સઘળું માણુસોનાં હાડકાંનુંજ ગોઠવેલુંછે. એ કેટેકોમ્બ ઘણું લાંબુંછે, અને તેને નજદીક અગલનાં પારીશ શેહેરનો ઘણો ખરો ભાગ ઘેરેલોછે. તેમાં હેઠળ જવાના સીતેર જુદા જુદા રસ્તાછે, પણ તેમાં બે મુખ્ય રસ્તા Rue de la Tombe Issoire અને Plain of Montsonris માંથીછે. ભોયરાંમાં બે મૈલ લાંબા રસ્તામાં હાડકાંઓ ગોઠવેલાંછે, જેની આસરે ૭) ફીટ ઊંચી અને ૧૨) ફીટ ઊંડી હારબંધ બે કટાર રચીછે, જે અલબત કરોડો આદમીઓનાં હોવાં જોઇયે.

એ જોઇને પછી પેનથીઅન (Panthean) નું દેવલ જોવા ગયા હતા.

એ દેવલ રોમનાં પેનઠીઅનનાં જેવું બાંધેલું છે; તે એને ૧૭૬૪ માં શેંટ જીનીવીવને સારૂ બાંધ્યું હતું; પણ ૧૭૯૧ નાં બલવામાં તે નામ ફેરવી (બલવાઓરોએ) તેને પેનઠીઅન નામ આપ્યું હતું, ત્યારપછી વળી રાજાનું રાજ થયું ત્યારે પાછું દેવલ બનાવ્યું, અને રૈયતનું રાજ ફરીને થયું ત્યારે ફરી પાનઠીઅન બન્યું; એમ વારાફરતી એનું નામ બદલાતું. ગયું, પણ હમણાં છેલું નામ રહી ગયું છે. એનો બાહારનો દેખાવ ઘણો સારો છે, અને ફરતા બધા થાંભળાઓપર તે ૧૯૨) વાર લાંબુ અને ૯૨) વાર પોહોલું બાંધેલું છે. એનો ગુંબજ ૨૯૨) ફીટ ઉંચો, અને દેવલ પર ચહડવાની ૧૧) મોટી ફરતી સીડી છે. એનાં પોગ્ઠીકોનાં ફરતા ચારો બાજુ પરનાં થાંભળા ૮૨) ફીટ ઉંચા છે; એનાં મથાળાં પરના ગુંબજનો ઘેરાવો ૧૧૭) ફીટ અને અંદરથી તે ૨૩) ફીટ ઉંચાઇમાં છે; તેની ઉપર પીકચરો ઘણું સરસ છે, જેમાંનાં માણસો ૧૬) ફીટ મોટાં પાડેલાં હોવાથીજ નીચેથી બરોબર કદનાં માલમ પડે છે. તેમાં એક પીકચર વચમે અને તેના ચાર ખુંણે ચાર બીજાં પીકચરો ઘણું ઉસ્તાદ ચીતારાઓનાં હાથના ચીતારેલાં છે, તે પર બે લાખ એંસી હજાર ફરાંક ખરચ બેઠો છે, અને એની બધી દેવાલો પર હમણાં બીજાં પીકચરો પાડે છે તે ઉપર તથા નવો આલટર બાંધે છે તે પર બીજા ૩૦) લાખ ફરાક હમણાંની સરકાર ખરચીને તે દેવલને આખા યુરોપમાં સૌથી સરસ કરવા માગે છે. એનાં પાંચ ડોમછે તેમાં વચમાં એક અને આજુબાજુ ચારછે, તે સઘળાં ઉપર ઉંચા ચીત્રો પાડેલાં છે, અને વચમેનાં ડોમને તદન થાંભળાઓથી ઘેરી લીધેલા છે. તે ઉપર જવાની ૩૩૧) સીડીનાં તપ્પા અને તે જગ્યા પર પેહલો વચમેનો ચીતાર ૩૫૨ ચોરસ વાર જગ્યા રોકે એટલો મોટો છે. એની ઉપર બીજા ૯૪) તપ્પા સીડીનાં ચહડયા કે એક મોટું ફાનસ આવે છે, જ્યાંથી શેહેરની વીયુ ઘણી સરસ દીસે છે. એ દેવલની હેઠળની વોલટમાં કીર્તીમાન ફ્રેંચમેન જેવાકે વોલટેર રૂસીઓ તથા જનરલો તથા એડમીરલોને ઓરડાઓમાં અભરાઇઓ કરી તેમાં મુકીને ચીની લીધાછે, અને તેઓની ઘોર તે પર બાંધીછે. એ પેનઠીઅનને બાંધતાં ૪૨) વરસ લાગાં હતાં અને એનો હેઠળની વોલટ એવી રીતે બાંધેલીછે કે તેમાં એક અવાજનો અનેક પડધા થાયછે. હમો બધાઓને એક બાજુપર ઉભા રાખી રએવાલે કહ્યું કે હું નાહાની બંદુક ફોડું છું તેનો પડધા સાંભળો, એમ કહીને તેને એક ખુણામાં જઈ એક અવાજ કરયો તો જાણે તોપો ફોડવાનાં અવાજો આવતા હોય તેમ હમને લાયું, અને હમો એમ સમજયા કે બંદુકનો અવાજ પડધાથી એટલો મોટો થતો હશે; પણ પછી તે ઘણીએ હમોને કહ્યું કે આવો તે બંદુક બતાવ કરી પોતાની જગ્યાપર લઇ ગયો, જ્યાં બંદુકને બદલે એક દેવદારો બાકશ ઉપર ઢોલનો માફક ચામડું મજબુત બાંધી લીધેલું હતું અને તેપર લાકડી ડોકવાથી જાણે તોપો ફુટવાનો અવાજ થતો હોય તેમ લાગું; એવો જોરાવર પડધા ત્યાં થાયછે. એ જોઇને પાછા હોટલમાં આવી હીપોદ્રામ કરી સરકસનું ઘેરછે ત્યાં ગયા હતા. એ જગ્યા અતીઘણી મોટી સરકસને લગતીછે, અને તેમાં ગાડીનાં ઘોડાની સરતો ઉપરાંત ઘોડા તથા માણસોનો નવી નવી જાતની કસરતો કરી બતાવી હતી.

તા૦ ૨૧ મી આગસ્ટ ૧૮૮૧—આજે સવારનાં અતરેનું શેંટ રોક કરો દેવલછે ત્યાંનું ધરમને લગતું વાજીંત્ર જે ઘણું વખણાયલું અને દર આતવારે ગવાયછે તે સાંભળવા ગયા હતા, પણ ત્યાં બંદગી કરવા આવેલા લોકોની ભીંડ ઘણી હોવાથી

દેવલને બરાબર જોઇ શકયા નહીં, અને એ દેવલ અહીંયાનાં બીજાં દેવલો કરતાં ઉતરતું હોવાથી હમોએ તે જોવાનો યત્ન પણ કીધો નહીં. અહીં આરગીન તથા ક્રોરશનું ગાયન ઘણું સરસ ગાતા, તથા ઓપેરામાંનો ધરમને લગતો રાગ ગાતાં સાંભળયો તે અતીશે સરસ હતો.

એ પછી પાલેસ ડી લા ઇનડુસ્ત્રી Palais de l' Industrie કરી મેહેલ જે (Champs Elysee) માં શા ઇલીશી આવેલોછે તેમાં વીજલીને લગતી બાબદોનું એકઝીબીશન જોવા ગયા હતા. એ ઇમારત સને ૧૮૫૫ માં બાંધી તેમાં એક કંમપનીએ પારીશનું મોટું એકઝીબીશન ઉંઘાડયું હતું. અને ત્યારપછી સરકારે તે વેચાતી લઇ એવા પરચુરણ નાધળા સંગ્રહો દેખાડવાનાં કામે લગાડેછે. એ ઇમારત ૨૭૦) વાર લાંબી, ૧૧૮) વાર પોહોળી અને ૧૧૪) ફીટ ઉંચીછે; એનો વચલો મોટો હૉલ જેમાં હમણાં વીજલીને લગતી જાત જાતની ચીજો બતાવા મુકીછે, તે ૨૧૦) વાર લાંબો અને ૫૧) ફીટ ઉંચોછે. હીંયાં વીજલીથી ઘણી નાધળી આગગાડીઓ તથા ટરામવે ચલાવવાની તૈયારી કરી રાખેલીછે, જે હજુ ચલાવતા નથી પણ એક બે અથવાડીયાંમાં ચલાવશે એમ કહેછે; તોપણ એક નાધળી બોટને એક પાણીની મોટી ટાંકીમાં વીજલીથી ચાલતાં હમોએ જોઇ, તથા છાપવાનો એક નવો જેમાં વીજલીથી સાડી એક ગમથી બીજી ગમ પોહોંચાડીને સખી પાડતાં હમોએ જોઇ, જે મોટે એક કોપર પલેટપર પોહોલાં સખી જેમ છાપવા સારૂં પાડેછે તેમ પાડીને પછી તેને સંચામાં મુકેછે, જેનો અંદર સળી પુરેલી હોયછે. હવે સંચાની અંદર એક નાધળી પાન તે કોપર પલેટ પરનો તરાંહપર ફરેછે તે ઉપર વીજલીનો તાર દુર એક ચકરને અસર કરી તેને તરાંહ માફક ફેરવેછે, જે તેની નીચે કાગલ મુકેલુંછે તેપર અસલ આકાર અથવા સખી પાડેછે. એ ઉપરાંત વીજલીથી અક્ષરો લખતાં તથા બીજી ગોઠવણો હમોએ ચાલતી હાલતમાં જોઇ હતી, તેમાં એ ઇમારતની બાહાર ટરામનો મોટી ગાડી આજે વીજલીથી ચલાવવાની તપાસ લેતાં હમોએ જોઇ. વીજલીથી થોડોક તપો તે ગાડી ચાલી પણ કાંઇ હરકત થવાને લીધે થોડોક વાર ચાલીને અટકી પડી હતી. હવે એ વીજલીની ટરામવે એક અઠવાડીયાંમાં ચાલશે એમ કહેછે અને તે સારૂં સધળી તઇયારી થઇ ચુકીછે. એ જોઇને પછી એની સામેથી જરા દુર અતરેનો વખણાયલો પાનોરામાં જોવા ગયા હતા, જયાં લંડનમાં ક્રીશટલ પાલેશનો માફકજ પારીશના ઘેરાનો વીશ જણે આબેહુબ આપણી આગલ આવીને ઉભો હોય તેવો દેખાવ જોયો હતો.

એ જોઇને પછી(Musie de Cluny) મ્યુઝી ડ કલુની જોવા ગયા, જયાં અસલી અલાંમતોનો ઘણો સારો સંગ્રહ કીધેલોછે. એ ઇમારત પણ ઘણી મોટીછે, અને અસલ કલુનીનાં મહંતોએ બાંધી હતી, પણ પાછલથી તેઓએ નહીં વાપરવાથી સરકારને આપી દીધી; અને સને ૧૮૩૩ નાં શાલનાં બલવામાં તે રૈયતની મીલકત થઇ, તથા માંસ્ય કુંશોમર આરડ કરીને અસલનો જુનો ચીજો એકઠી કરનાર શોખીનને હાથ ગઇ, જેણે હીંયાં પોતાનો કીધેલો સંગ્રહ મુકયો હતો. તે પાછલથી સને ૧૮૪૨ માં ફ્રેન્ચ સરકારે વેચાતો લઇ તેમાં વારાફરતી ઉમેરો કરીને હાલ આસરે ૯૦૦૦) અલામતો એકઠી કીધીછે, જે ઘણી જોવા લાયકછે, અને જેમાં સરવથી સરસ અસલ રોમન લોકો હીંયાં રહેલા હશે, તેઓની થોડીએક નીશાનીઓ, સોનાં તથા રૂપાંનાં ઘણાં સરસ નકશીનાં કેરીશો, ટોલીડો શેહેરમાંથી ત્રણસોથી ચારશો વરસનાં જુનાં ગાડીક રાજાઓનાં

૯ તાજ, એક સોનાંનું વાહાણ જે સોલમી સદીમાં બનાવેલું છે, અને જેપર હાલતાં ચાલતાં પુતળાંઓ મીકેનીઝમથી ચાલે છે, અસલની વીટીઓ, કમરનાં સોનાનાં પટા, ઇત્યાદી એવું ઘણું છે, જેની વીગત લખી શકાતી નથી.

એ સઘળું જોઇને શૅંટ ડેનીશનો કૅથેડરલ, જે પારીશથી છ મૈલ દુર એજ નામનાં (St. Denis) આસરે ૩૫૦૦૦) માણસોની વસતીવાલાં નાધળાં ગામમાં બાંધેલાછે તે જોવા ગયા. એ દેવલ સને ૧૧૪૪ નાં શાલમાં છઠા અને સાતમા લુઈનાં વખતમાં બંધાયું હતું, અને જો કે તે સારી બાંધણીનું છે, તોપણ અહીંયાનાં બીજાં દેવલો કરતાં સરસ નથી; પણ ત્યાં ફ્રાનસનાં બધા રાજાઓ દટાયલાછે, તેથી તથા તે લોકોનાં મોટાં અને કીમતી સ્થંભો થી તે ઘણું વખણાયલું છે. એ દેવલ સને ૧૧૪૪ નાં શાલનો પણ આગલ હતું; લેકીન તેને તદન ભાંજી નાંખી ફરી એ શાલમાં બાંધ્યું હતું, તેથી તેની આગમજનાં ફ્રેંચ પાદશાહોબી હીંયાં દટાયલાછે. દેવલની હેઠે "વોલટો"માં લાકડાંનાં બાજોઠ કરો તેપર એ પાદશાહોની કોફીનો અનામત રાખેલીછે, તેમાંનાં છેક તેરમાં લુઈ સુધીનાં અસલનાં પાદશાહો સકુથી હેઠળની વોલટમાંછે તે દેખાડતા નથી; પણ ત્યાર પછીનાં ૧૪-૧૫-૧૬-૧૮ મા લુઈ તથા બીજા બધા રાજા રાંણીઓને એક ઓરડામાં ઉપર મુજબ મુકેલાંછે, અને તેઓનો કોફીનો જુની થઈ ગયલી હજુ તે ઓરડાનો લોબંડની ગરાડની બારોમાંથી બતાવેછે. સને ૧૭૯૧ નાં શાલનાં બલવાની વખતે એ દેવલમાં બલવાખોરોએ આવીને બધા પાદશાહોની કોફીનો વોલટમાંથી કાહાડી પાસે એક બાડો ઓદી ઝનુનમાં તેમાં સઘળાં મુડદાં (ડેગોબરટ સને ૬૩૮ માં મરી ગયો ત્યારથી તે આ શાલ સુધીનાં) નાબ્યાં હતાં, પણ સને ૧૮૧૭ નાં શાલમાં ૧૮) માં લુઇએ તે મુડદાંની પેટીઓ બણાવી કાહાડી પાછી વોલટોમાં મુકાવી, અને તેમાં સોલમાં લુઇ જેને ગરદન મારી મેડીલાઇનનાં દેવલની બોરસ્થાનમાં દટેલો હતો તેને તથા તેની રાણીને તથા બીજાઓને અહીંયાં લાવી મુકયાં હતાં, તથા પાછલથી પોતે પણ અહીંજ દટાયો હતો. એ દેવલમાંહેલાં ચાર મોટાં સંગેમરમરનાં પુતળાં તથા એ પાદશાહોનાં સ્થંભો એ બલવાનાં વખતમાં જુદી જગ્યાપર લઇ જઇને સંતાડયાં હતાં, તેથી તે બચી ગયા; અને પાછલથી પાછા લાવીને જેમ બન્યું તેમ તેઓની અસલ જગ્યાપર પાછાં મુકયાં હતાં. સને ૧૮૭૧ નાં છેલા કમ્યુનીશટ બલવામાં પણ ઉપલાં ચાર પુતળાં હેઠે ભોયરામાં લઇ જઇને રાખ્યાં હતાં કે તે બળવાબોરોનાં હાથથી બચી જાય, અને હજુ તે ત્યાં હેઠળ ભોયરામાંજ રાખેલાંછે. નેપોલીયન બોનાપાર્ટનો પોતાનો તથા કુટુંબનો હીંયાંજ દટાવાનો વીચાર હતો અને તે સારૂં વાલટ પણ તૈયાર કીધી હતી; લેકીન તે શૅંટ હેલીનામાં મરણ પામ્યાથી ત્યાંથી પાછો લાવ્યા ત્યારે લુઇ ફીલીપે તેને જુદી જગામાં દટાબ્યો હતો. ત્રીજા નેપોલીયનનો પણ અહીંજ દટાવાનો વીચાર હતો એમ કહેછે.

એ જોઇને પાછા ફરતી વખતે પારીશનાં કેટલ મારકેટ તથા સ્લોટર હાઉશ જોયાં હતાં. એ જગ્યા ઘણી મોટીછે, અને એમાં રોજ ૨૫૦૦) મોટાં જનવર પારીશનાં બપ સારૂં મારેછે. ગાય, ઢોરોને મુંબાઇની માફક છરીથી કાપીને મારતા નથી; પણ તેઓનાં માથાંપર એક પટાથી મોટો લોબંડનો અણીદાર બીલો બાંધી પછી તેની ઉપર જોરથી એક હોડો મારેછે, કે તે બીલો મગજમાં પેશી જઇ તે જનવર તરતજ મરી જાયછે, અને એ લોકોનાં ધારવા મુજબ તે રીબતું નથી.

એ જોઇને પછી પારીશનાં ગરીબ મજુર માણસો સારૂં ત્રીજા નેપોલીયને પાર્ક બનાવ્યોછે, જેને Parc Buttes des Choumot કરીને કહેછે, ત્યાં ગયા. એ જગ્યા અગાલ વેરાન હતી; પણ તેને સુધારી તેમાં તલાવો, પાહાડો, ગરેટોગ, મોટા રસતા, કુંવારા ઇત્યાદી પંદર લાખ રૂપીયા ખરચીને ઉદ્યોગી માણુસોને ફરવા લાયકનો પાર્ક બનાવ્યો હતો, તેમાંના એક કુંગરને આસપાસથી ખણીને તદન એલાએવો ઉભો રાખ્યોછે, અને તેની સામે બીજા કુંગરનાં ભાગપર જવા સારૂં છેક બેહુને મથાળે પુલ ઘણો ઊંચાણમાં બાંધેલોછે, તથા કુંગરનાં મથાળાંપર નાધણું રસટીક ઘેર બાંધી લીધેલું છે, જ્યાંથી આસપાસની વીયુ ઘણી સારી દીસેછે.

એ જોઇને સને ૧૮૩૦નાં શાલનાં રેવોલ્યુશનની યાદગારી રાખવાનો એક કોલમ, જેને જુલાઇ માસનો કોલમ (Colome de Juillet) કરીને કહેછે તે જોવા ગયા. એ જગ્યાપર અગાલ બાસ્ટીલનું બંદીખાનું હતુ, તે ૧૭૮૯ નાં બલવામાં ભાંજી નાંખ્યું અને તે જગ્યાપર એ પછી વારા ફરતી બળવાખોરો સાથે પાછલનાં બે બળવામાં લડાઇ થઇ હતી, તથા ત્યાં અગાલથીજ નેપોલીયનનો વીચાર કાંઇ યાદગારી રાખવા સારૂં ૭૮) ફીટનો એક ઊંચો હાથી મુકવાનો હતો, તે રહી ગયો; પણ ૧૮૩૦ નાં બળવામાં તે વીચાર પાછો બીજાઓએ ઊંચકી લઇ તે બળવાની યાદગારી દાખલ એ કોલમ બાંધ્યો હતો, અને એ બળવો જુલાઇમાં થવાથી તેનું નાંમ ઉપર મુજબ પાડયું છે. તે ૧૫૪) ફીટ ઊંચો બરોનઝનો બનાવેલો; અને તેને એક સંગેમરમરનાં ગોળ બાંધણીનાં પેડેશટલપર ગોઠવેલો, તથા થંભાપર એ છેલ્લાં રેવોલ્યુશનની વખતનાં મારયા ગયલા ૬૧૫) જણનાં નામ પાડેલાંછે. એ થાંભળો ૧૩) ફીટ જાડોછે, અને તેનાં મથાળાંપર એક ગોળ ફાનસ કરી તે ઉપર સ્વતંત્રાનું પુતળું, હાથમાં એક મસાલ તથા ભાગેલી સાંકળ આપીને ઉભું રાખેલું છે. એનાં મથાળાંપર જવા સારૂં ૨૭૨) ટપ્પાની સીડી કીધેલીછે. છેલા સને ૧૮૭૧ નાં રેવોલ્યુશનની વખતે પણ એ જગ્યાપર ઘણી સખ્ત લડાઇ થવાથી એ કોલમ ગોળીઓથી વીંધાઇ ગયો હતો, પણ હમણું તેને પાછો સુધારેયોછે.

એ જોઇને પછી ધી વેનડોમ કોલમ (The Vendome Colome) જોવા ગયા હતા; એ કોલમ રોમનાં ટરોજન કોલમની નકલછે. અને તે ૩. ડી. લા. પે. કરીને ઓહોલાં આવેલું છે, જ્યાં હમો ઉતરયા છેયે. એ કોલમ ૧૪૨) ફીટ ઊંચો અને ૧૩) ફીટ ઘેરાવામાંછે; એને પેહેલા નેપોલીયને લડાઇઓ જીતી તેની યાદગારી રાખવા સારૂં સને ૧૮૦૬-૧૦ માં બાંધ્યો હતો. સને ૧૮૭૧ માં કમ્યુનીશટોએ તેનેખી ભાંજી નાંખ્યો હતો; પણ તેનાં કટકા પાછા જોડીને સને ૧૮૭૫ માં સરકારે જેવો આગલ હતો તેવો પાછો ઉભો કીધોછે. એ કોલમ ચુનાં ઇંટનો બાંધીને તેની ઉપર ૧૨૦૦) રૂશીઅન તથા આશટરેલીઅનની જીતેલી તોપો ગાલી તેની ધાતુનું ફરતું ૫૬ ૩૦૦) વાર લાંબુ કીધું છે, અને તે ઉપર સને ૧૮૦૫ ની લડાઇઓની વીગતો પાડેલીછે. તેમાનાં આકારો ત્રણ ફુટ જેટલા મોટા, અને તે વખતનાં શોલજરોનો પેહેરવાશ તથા જણીતા સરદારોનાં ઓહોડાં બરાબર પાડેલાંછે. એનાં મથાળાંપર નેપોલીયનનું પુતળું હતું તે પણ પાછું સને ૧૮૭૫ માં તેની જગ્યાપર ગોઠવ્યુંછે. એ કોલમ ઘણી કારીગીરીથી બનાવેલોછે, અને તેને પાડી નહીં નાખવા હોટલ ડી રયુનાં માલેકે કમ્યુનીશટોને સને ૧૮૭૧ માં પાંચ લાખ ફરાંક આપવાને કહયા તોપણ તે નહીં લઇને તોડી પાડયો હતો.

તા૦ ૨૨ મી આગસ્ટ ૧૮૮૧—આજે સવારનાં પારીશથી આસરે ૩૭ મૈલ દુર ફ્રૅંટેનબ્લો(Fountainebleau)નો મહેલ જોવા સારૂં આગગાડીમાં સવારનાં નવ વાગે નીકલેલા કલાક ૧૧)વાગે પુગા હતા. એ મહેલ એજ નામનાં આસરે ૧૨૦૦૦) માણસોનો વસતીવાલાં ગામમાં આવેલોછે, અને તેને પેહેલા ફરાનશીશ સને ૧૫૪૫ માં બાંધ્યો હતો, તેને એવો સણગારેલો હતો કે તે વખતે આખા યુરોપમાં તેનાં જેવો બીજો કોઈ મહેલ ગણાતો હતો નહીં, અને હજુ પણ વરસાઇલિસના મહલ શીવાય બીજા મહેલોથી ઉતરતો ગણાય નહીં. એનો બાહારનો દેખાવ કાંઈ ઘણો ભપકાદાર નથી. તે સ્કુવેરની ત્રણ બાજુનો બાંધલોછે. એ સ્કુવેરમાં પેહેલા નેપોલીયને તા૦ ૨૦ મી એપરેલ ૧૮૧૪ ને દીને તખ્ત છોડી એલબા જવા અગાઉ પોતાનાં જુનાં ગારડસ લશકરની આખેરનો સલામતી, અને વળો પાછો નાહાસી આવ્યો ત્યારે તા૦ ૨૦ મી મારચ ૧૮૧૫ ને દીને એજ જગ્યાપર લશકરની રીવીયુ લીધી હતી. એની અંદરનાં ઓરડા ઘણી સરસ રીતે સણગારેલા, અને તે બધાની શીલીંગો એક બીજાથી જુદી જુદી રીતની બનાવેલી, તથા બધી ગમ ગીલીટ અને નકશીકામ અને ચીત્રથી ભરી લીધેલું છે; તેમાં ટેપેશટરી વરકથી તો આખા ઓરડાની દેવાલો વતીક ભરી નાંખીછે. એ ટેપેશટરી વરકની શું કીમત થવી જોઇયે તે જાણવા સારૂં ૧૫૦૦) ફરાંકે ૧) ચોરસવારને હસાબે ગણી લેવી. એ મહેલમાં અગલથી પાદશાહો ઉનાળાનાં વખતમાં રેહેતા આવેલાછે; તેમાં બીજો નેપોલીયન પણ રહયો હતો ; તેની રાંણી યુજીનીનો સુવાનો ઓરડો હજુ જેમનો તેમ સણગારેલો રાખ્યોછે, તેમાં મેરી આંત્વાનટને લીયાં (Lyons) શેહેરનાં લોકોએ વખણાયલી રેશમની લુમોમાંથી શાટીનપર ભરેલી ફુલ તથા તરાંહની ભરેલી ડરેપરી ભેટ આપી હતી તે આખા ઓરડામાં ટાંગેલીછે, અને તે એટલી સરસ બનાવેલીછે કે હમો તારીફ કરી શકતા નથી. એ મેહેલમાં નવાઇની ચીજોમાં ફરાન્સમાં પેહેલી મોટું જોવાની આરશી મેરી મેડીસીને વેનીશથી ભેટ આવી હતી તે છે; જે આસરે ૨ થી ૧॥ ફીટનીછે. બીજું એક ઝુંમર તદન ક્રીશટલ પથરનું બનાવેલું ઘણુંજ કીમતી ગણાયછે; તેના ફકત હેડળનાં દડાની કીમત ૧૦૦૦૦) ફરાંક કહેછે. એ શીવાય ઘડીયાળો તથા બીજી ઘણી કીમતી ચીજો ત્યાં જોવામાં આવેછે. એનો બાલ રૂમ પણ ઘણો સરસ સણગારેલોછે, અને તેની શીલીંગપર જેવી તરાંહછે તેવીજ તરાંહ પાછી જમીનપર હેડલ પાડેલીછે; એનો મોટો દાદારબી ઘણો જોવાલાએકછે, અને તે પરની પેન્ટીંગસ ત્રણસો વરસની જુનીછે. એક ઓરડો તદન ઊંચી પોરશલેનની રકેબીઓનો બનાવેલોછે, તેપર ફરાન્સની તવારીખની બીનતો ચીતારીછે. એ દરેક પલેટ બનાવવાને ૧૬) પોંડ ખરચ બેઠાછે; અને તે લુઈ શીલીપનાં વખતમાં બનાવ્યું હતું. ડશટેન ગ્લાશનો બારીઓછે તેમાંની ૧) બારી ૧૮ થી ૫ ફીટનોનાં ૧૮૦૦૦) ફરાંક ત્રજા નેપોલીયને કીમત આપી તે ઉપર સાબીઓ પડાવેલીછે. હીંયાં એક નાટક સારૂં જુદો ઓરડો ઠીયેટરની માફક બનાવેલોછે, તેનું ફરનીચર તદન ઊંચી પીલી શેટીનનું છે. એ ઠીયેટર રૂમ ત્રીજા નેપોલીયને સને ૧૮૫૫ માં બંધાવ્યો હતો. એ ઉપરાંત ત્યાં બીજા ઘણાંક ઓરડાઓ જોવાલાયકછે.

એ જોઇને પાછા પારીશ આવ્યા હતા. આજે સાંજનાં ફ્રૅંટેનબ્લથી સકારા પછા આવ્યા પછી અતરેની બોટાનીકલ ગારડન જોવા ગયા, જ્યાં ઘણાં ઝાડો જુદી જુદી જાતનાં ઉગાડી તે પર નામ લખે-

બાંધે, પણ તે કાંઇ નવાઇનાં જોવાલાયક નથી. એજ બાગમાં મ્યુઆલોજીકલ કલેકશન છે, જ્યાં ઘણો સારો સંગ્રહ છુટાં છુટાં અને મોટી જગ્યા રોકનારા બાંધ્યા એ અને ઘર બાંધીને જીવતાં જનવરો રાખેલાંછે; પણ એમાંનાં ઘણાંખરાં સારાં જનવરો સને ૧૮૭૧ નાં શાલમાં પારીશને જરમને ઘેરો નાખ્યો, તે વખતે કાપી બાધાથી હમણાં ઘણાં ઓછાં થઇ ગયલાં કહેછે. એમાં લંડન કરતાં બીજાં કોઇ નવી જાતનાં જનવરો હમારા જોવામાં આવ્યાં ન હતાં.

આજે રાતનાં અતરેનાં વખણાયલાં નવાં ઓપેરા હાઉશમાં Robert le Diable નો ઓપેરા જોવા ગયા હતા. એ ઓપેરા હાઉશની બરાબરી પારીશમાં શું પણ આખા યુરોપમાં કોઇ બીજો થીયેટર હાઉશ નથી. એને બાંધવાનું સને ૧૮૬૪ માં ત્રીજા નેપોલીયને શરૂ કીધું હતું તે સને ૧૮૭૪ માં રીપબલીકે તૈયાર કરીને ઉઘાડયું હતું. એ ૧૩૫૯૬ ચોરસ વાર જમીન રોકેછે, અને તેમાં ૨૧૫૬) માણસો બેશે એટલી જગ્યા છે, અને તેની બાંધણીમાં ગામેગામનાં રંગીન પથરાનાં આખા થાંભળા, આખા સીડીનાં તપાઓ, તથા દેવાલો સઘળું બાંધેલુંછે. તે ઉપર ગીલીટ અને નકશીકામનો તો કાંઇ ઠાગજ નહીં મલે. એ સઘળું જાણે ખરૂં સોનાનું બનાવેલું હોય તેવી સરસ ગીલીટ કીધેલીછે. લોકોને બેસવાને બેઠકોના ૬) થડ ઘણાંજ ભપકાદાર રીતે કીધેલાછે, તેનો ગરાંડ સ્ટેરકેશ તદન સફેદ સંગેમરમરનો અને ઘણોજ સરસ રીતે બાંધેલોછે. પણ એ સઘળામાં ઉત્તમ ત્યાંનો મોટો હૉલછે, જેનાં સરસ સણગાર વીશે કાંઈ તારીફ કરી શકાતી નથી. એ હૉલની બાહાર મોટી અગાસીછે જ્યાં ઇલેકટરીક લાઇટ કીધેલીછે, અને જ્યાંથી ૩ ડી લા ઓપેરાનો મોહોલો સાંભો દીસેછે, જેમાં નજદીક નજદીક ઇલેકટરીક લાઇટનાં ફાનસો મુકેલાં હોવાથી તથા તે મોહોલો મોટી હવેલીઓથી ભરેલો તથા રસતા ઘણું પોહોળા અને ઘરો એક સરખાં હોવાથી દેખાવ ઘણોજ રળીયામનો લાગેછે. એની બધી વીગત લખવાને હમો અશકત છઇયે પણ ગાઇડ બુકમાંથી કાંઈ હેવાલ ઉતારીએછે તે ઉપરથી તે કેહેવો હોવો જોઇયે તેનો વીચાર કરી લેવો. "એ જ્યાં બાંધ્યોછે તે જગ્યા પારીશ શેહેરમાં સૌથી મોંઘી કેહેવાયછે, તે જગ્યાપરનાં ચારસોથી પાંનસો ઘર વેચાતાં લઈ તે ભાંજી નાંખીને એ ઓપેરા બાંધ્યોછે. તેમાં ફકત જગ્યાની ચાર લાખ વીસ હજાર પૌંડ કીમત આપીછે, અને એ ઇમારત બાંધવા તથા સણગાર કરવા પાછલ ચૌદ લાખ વીસ હજાર પૌંડ બેઠા હતા. એનો પાયો નાખવાપર ઘણી મેહેનત પડી હતી; કારણ થોડી જમીન ખોડી કે માહેથી પાણી નીકળી આવવાથી રાત દીવસ સ્ટીમથી ચાલતાં સાત બુમબાઓ પાણી કાહાડવા પાછલ કામે લાગા હતા, અને એ ઓપેરાને મલતાં ઘરો એની આસપાસ બંધાવી મોહોલો સૌથી સરસ કીધો હતો. એનાં થીયેટર રૂમમાં એક ઝુમર ૩૪૦) લાંઘટાનું છે તે ઘણું ગંજાવર લાગેછે. સ્ટેજ ૧૯૬) ફીટ ઉંચો, ૧૭૮) ફીટ પોહોળો, અને ૭૪ ફીટ ઉંડો છે. એ સ્ટેજની પછવાડે બાલ રૂમછે, તેનો એક છેડો એક મોહોટું જોવાની આરસીનો બનાવેલોછે, અને તે આરસીનો કાચ ૨૩) ફીટ પોહોળો અને ૩૩) ફીટ ઉંચોછે, જેને વાસતે કહેછે કે એટલો મોટો આરસીનો કાચ હજુ બીજો બનાવ્યો નથી. લોકોને બેસવાનાં પરાઇવેટ બોકશોનાં ચાર થડ કીધેલાંછે, અને દરેક બોકશની પાછલ એકેકો છુટો ઓરડો આરામ લેવાને કીધે છે, જેથી તથા સ્ટેજ

મણે મોટા હોવાથી તથા બેઠકો છુટી છુટી મગવડથી ગોઠવ્યાથી જો કે એ ઓપેરા હાઉસ દુનયામાં સૌથી મોહોટો ગણાયછે, તોપણ તેમાંની બેઠકો ઇટલીના મીલન શહેરનો લા સ્કાલા La Scala અને નેપલસનો સાન કારલો San Carlo થાને ઓછી છે. એ થીયેટરને મથાળે સીલીંગ પર ત્રાંબાનાં પતરાં જડી ચીતરો પાડેલા છે. એ ઇમારતની મોટાઇ માફક તેમાં ગાનારા તથા નાચનારા પણ ઘણાં મોટા હસ્તાદોછે, અને જો કે એ ઓપેરા હાઉસ હમેશાં લોકોથી ઘણો ખરો ભરેલો રેહેછે; તોપણ તેનાં ખરચનો ધસારો પુરો પાડવાને ફ્રેન્ચ સરકાર દરશાલ ૮) લાખ ફ્રાંક પુરી આપેછે. તેનાં પેહેલા વરગનાં આરટીશ્ટો જેવાકે Good Tenor ના સાદવાલાને એક લાખથી સવા લાખ ફ્રાંક સુધી વરસાણ મલેછે, અને નવા પીસીઝો બનાવનારાઓને પેહેલી ચાલીસ રાત નાચ ચાલેછે તેનાં દર રાતનાં ૫૦૦) અને ત્યારપછીની દર રાતનાં ૨૦૦) ફ્રાંક સુધી મલેછે. એની ટીકીટનો ભાવ વધતાંમાં વધતો ૧૫) ફ્રાંક અને ઓછામાં ઓછો ૭) ફ્રાંક સુધીનોછે; તોપણ ખરચ પુરો પડતો નથી એવા મોટા પગાર સાથના ગાનારાઓ તથા નાચનારાઓ મલીને આસરે ૨૫૦) માણસો રાખેછે, તેમ ત્યાંની રંગભુમીની કસી તારીફ નહીં થાય એટલી સરસ વારા ફરતી મોટા ખરચે બનાવેછે."

તા૦ ૨૩મી આગસ્ટ ૧૮૮૧—આજે સવારનાં લુવ્રનો મેહેલ તથા ત્યાંનું વખણાયલું મ્યુઝીયમ જોવા ગયા હતા. એ મેહેલ તથા તેનીજ પાસે ત્વીલરીનો બલી ગયલો મેહેલ મલીને એક ઘણોજ મોટો એક અંદર થયલોછે. એ મેહેલનો પેહેલો પાયો સને ૧૧૮૧ માં પેહેલા ફરાનશીઝ નાખ્યો હતો, અને સને ૧૫૬૬ સુધી બંધાતો ચાલુજ હતો તેટલામાં એજ વરસે ત્વીલરી મેહેલનો પાયો ક્વેરીન ડી મેડીચીએ નાંખ્યો, અને બેહુ મેહેલો મલીને એક ચોક (ધ્યાને કુવાડરેનગલ) કીધો હતો. ત્યારપછીના પાદશાહોએ તે ઉપર માળો તથા ઇમારતો વધારવા કીધી હતી, તોપણ એક બાજુ ત્વીલરીની વચ્ચેનો એ લુવ્ર મેહેલનો ભાગ બાંધવાનો રહી જવાથી છેલા નેપોલીયને તે ઉપર ૭) કરોડ ૫૦) લાખ ફ્રાંક ખરચીને તે ૧૮૫૭ માં પુરો કીધો હતો. એ મુજબ એ બે મેહેલોને પુગ કરવાપર નજદીક ૩૦૦) વરસ લાગાં હતાં. એ મેહેલની બાહારની બાજુપર ફ્રાંન્સનાં વખણાયલા રાજપ્રકરણી ૮૬) શખશોનાં તથા અલંકારરૂપી ૬૩) પુતળાં મલી ૧૪૯) મોટાં કદનાં પુતળાં મુકીને સણગારેલાછે. એ બે મેહેલ ૪૮) એકર જમીન, તથા નજદીક બેથી ત્રણ કુવાડરેનગ્યુલર કોરટશો (ધ્યાને મોટા ચોકો) રોકેછે, અને તેથી કરી દુનયામાંનાં સરસ મેહેલોમાનો એક ગણાયછે. સને ૧૮૭૧ ની તા૦ ૨૪ મી મેને દીને કમ્યુનીશ્ટોએ ત્વીલરી મેહેલને આગ લગાડી તેની અંદરનો કીમતી સામન તથા ૯૦૦૦૦) વોલ્યુમોની લાઇબ્રેરી સુધાં બાલી નાંખ્યો હતો. તેનાં બે ભાગ પાછા બાંધ્યાછે; પણ એક ભાગ જે ત્વીલરીની વારીની સામનોછે તે હજુ જેમનો તેમ રેહેવા દીધેલોછે. લુવ્રનો મેહેલ આગલનાં પાદશાહો વાપરતા હતા, અને સને ૧૭૯૩ નાં શાલથી તેનાં ઓરડાઓ મ્યુઝીયમ દાખલ વપરાયછે; લુઇ નેપોલીયને તેમાં જે વીંગ નવી વધારી તેમાં ઘણી ચીજો ઉપરાંત પેહેલા નેપોલીયને યુરોપ તથા ઇજીપ્તથી જીતી લાવેલી વખણાયલી ચીજો એ મેહેલમાં એકઠી કરીને વધારો કીધાથી તે એક મોટું મ્યુઝીયમ થયું ગયુંછે. તેમાં વળી ફ્રાંન્સનાં લોકોએ પોતાકી પાસનો એકઠો કીધેલો સામન આપતા આવવાથી હમણાં

એ મ્યુઝીયમ તથા પીકચર ગેલેરી એટલી તો મોટી થઇ ગઇછે, કે તેમાં હમોને અમયું જોઇને ચાલતાં સવારનાં ૧૧)થી તે સાંજનાં ૪) વાગા હતા અને તેથી સઘળું બડપથી ચાલીને જોતાંજ. ત્રીજા નેપોલીયન પછી રીપબ્લીક થઇ તેને લુવ્રનો બીજો ભાગ જે મહેલ દાખલ વાપરતા હતા, તે પણ મ્યુઝીયમ દાખલ વાપરવામાં લીધોછે, અને એ મુજબ મ્યુઝીયમને લગતા હમારા ગાઇડનાં કેહેવા મુજબ ૭૦૦) ઓરડા એ મહેલમાં વપરાયછે. તે ઉપરાંત એક આખી રીંગ પબ્લીક હાલીશ તથા અતરેનો ટાઉન હૉલ (Hotel de Ville) જે સને ૧૮૭૧માં કમયુનીસ્ટોએ બાલી નાખ્યો હતો, તે બીજો હમણાં બંધાયછે તે તૈયાર થાય ત્યાંસુધી ટાઉન હૉલ દાખલ ગણેલોછે; તે ભાગમાં બીજા ૨૦૦) ઓરડા કહેછે, એટલી એ ઇમારત મોટીછે. એ ઉપરાંત તે પર બે માળ કીધેલાછે, તેથી તેમાં ૯૦૦) ઓરડા હોય તેમાં કાંઇ નવાઇ જેવું લાગતું નથી. એનાં મ્યુઝીયમની જુદા જુદા દેશની જુદી જુદી કોરટસ કીધેલીછે, તેમાં ગ્રીક અને ઇજીપશીઅન કોરોનો સંગ્રહ ઘણો મોટોછે. એ છેલી જગ્યામાં અસલનાં ઇજીપ્તનાં નજદીક ૪૮૦૦) વરસનાં બનાવેલાં જુનાં પુતળાં ઘણી સારી કારીગીરીનાં મુકેલાંછે; બાકીની રોમન અને એશીરીઅન કોરોટમાં થોડો થોડો સંગ્રહછે. એ છેલી કોરટમાં ધરાનના અસલ મહેલોને લગતાં પુતળાં તથા બીલારોકી અક્ષરોની તખ્તીઓ ઓરશીદાબાદ તથા નોનીવેહ ઇત્યાદીથી લાવી મુકેલાંછે. લુવ્રનાં બે ભાગછે. નવો અને જુનો, તે બેહુંમાં શીલીંગો તથા દેવાલોપર નકશીકામ, પુતળાં અને ગીલીટ કામ કીધેલુંછે; પણ જુનાં મહેલમાંનું ઘણું સરસછે. નવી બીલડીંગની પીકચર ગેલેરી ઘણી મોટી આસરે ૫૦૦) ફીટ ઉપરની લાંબીછે, તેમાં તથા બીજા બેસુમાર ઓરડાઓમાં વખણાયલા ઉસ્તાદોના હાથનાં ચીત્રો મુકેલાંછે, તે એટલાં બધાં એકઠાં કીધેલાંછે કે લંડન શેહેરની કોઇ પણ જગ્યામાં એટલાં એકઠા કીધેલાં નથી. તેમાં પેહેલો નેપોલીયન, જે મુલકો જીતી લેવા ઉપરાંત તેમાંહેની કીમતી ચીજોને એકઠી કરવાનો ઘણો શોખીન હતો, તેણે યુરોપનાં બધા ભાગોમાંથી દેવાલોમાં જે ઉંચો તસ્વીરો હતી તે લાવીને અહીં એકઠી કીધીછે, અને જોકે એમાંનો મોટો ભાગ જયાંથી લાવ્યો તે રાજવાળાઓને તેની પડતી દશામાં પાછો આપ્યો તોપી એ સંગ્રહ ઘણો મોટો અને બે કીમતી થઇ ગયોછે. એની સખીઓની કીમત તો કોઇ ગણી શકશે નહીં; તેનાં દાખલા દાખલ એક તસ્વીર(The ascension of the Virgin) નાં છેલા એકઝીબીશનની વખતે એક અંગ્રેજે ૨૪૦૦૦) પૌંડ આપવાને કહયા, તોપણ તે વેચો નહીં, એવી ઉંચી તસ્વીરો હીંયા શેંકડો પડીછે. એ લુવ્રની પીકચર ગેલેરી હારબંધ એકમાંથી બીજામાં જવાનાં લાંબા અને લાંબા ઓરડાઓમાં કીધેલીછે કે જે લંબાઇમાં ગણીયે તો અરધા મૈલની ઉપર (૧૦૮૦ વાર) લાંબીછે, તેમાં ૨૦૦૦) ઉપર સખીઓ મોટા દુનામાં વખણાઈ ગયલા ઉસ્તાદ ચીતારાઓનાં હાથની ચીતારેલીછે, એ ઉપરાંત ચીતારો રાખવા બીજા અતી ઘણા ઓરડાઓ કીધેલાછે, જેમાં ૩૫૫૦૦) ઉપર ચીતારો મુકેલાંછે, જે પણ યુરોપનાં વખણાયલા ઉસ્તાદોનાં હાથથીછે. એ તસ્વીરો ઉપરાંત મ્યુઝીયમનાં ઘણાંખરા બધા ભાગોનાં ઓરડામાં શીલીંગ ઉપર ઓઇલ પેન્ટીંગો મોટાં ઉસ્તાદોથી ચેચાવીછે, અને એક એક વીગતનો સખી એક એક આખા ઓરડાનો શીલીંગો ઉપર પાડેલીછે, જે ઉપર પણ અતી ઘણો ખરચ થયો જોઇયે. એક મોટો હૉલ જે અસલ

જુનાં લુવરનો બાલ રૂમ હતો, ત્યાં ગોબલીન (Goblin) ટેપેશટરી વરકની મખીઓ (માણસોની) એવાનો સરસ બનાવેલો મુકીછે કે જોતે હમોને ટેપેશટરી વરક કરી જણાવતે નહીં, તો હમો તેને ઓઇલ પેન્ટીંગ સમજતે. એ ટેપેશટરીની એકેકી આરશીની કીમત પચાસ હજાર ફ્રાંક ઉપરનોછે. એજ હૉલમાં અગલ વખતનાં તાજોના આકારો તથા કીમતી જવેરાતની તપખીરની દાબડીઓ, અલાંમતનાં કાશકેટો, કીમતી પથરનાં વાઝો, ઇત્યાદીનો સંગ્રહ કીધેલોછે; એ બધા ઉપરાંત એક આખી વીંગ પુતળાંઓ સારૂ રાખેલીછે, તેમાં પણ બેસુમાર પુતળાં બરા ઉસ્તાદોને હાથનાં અથવા તેની બીજીજ નકલ કરીને રાખેલાછે. એ આખાં મયુઝીયમની બધી વીગત હમો લખી શકતા નથી; પણ એટલુંજ જણાવવું બસ છે કે આખા યુરોપમાં એ સૌથી મોટું ગણાયછે.

એ જોઇને અતરેનો એક આરટીશીઅન વેલ (ઇયાને પાઇપથી કીધેલો કુવો) જોવા ગયા હતા; એવા ચાર કુવા પારીશ શેહેરનાં ૦ા ભાગને પીવાનું તથા વાપરવાનું પાણી પુરૂં પાડેછે. એ કુવા સારૂ એક જાતનાં સંચાથી જમીનની અંદર એક ઘણો મોટો પોકળ લોખંડનો સલીયો ઓસેછે, અને તેને છેક જમીનની પતાળ સુધી (આસરે ૧૮૦૦ ફીટ) ઉંડો લઇ જાયછે, ત્યારે અંદરથી એકું પાણીનો બરો હાથ લાગેછે, જેમાંથી રાત દીવસ પાણી કુંવારાની માફક નીકળ્યા કરેછે. એવો જે કુવો હમો જોવા ગયા તેને "આરટીશીઅન વેલ ઓફ ધી ગરેનેલ" કરી કહેછે. એનો ઉપર એક મોટો મીનારો બાંધી તેનો વચમાં જ્યાંસુધી નીચેનાં બરાનું પાંણી ઉડેછે, ત્યાં સુધીનો એક નલી રાખીછે, જેમાં પાંણી ઉપર સુધી ચહડીને પાછું બીજીગમથી હેઠે ઉતરી એક ટાંકીમાં એકઠું થાયછે, અને ત્યાંથી બધી નલોમાં શહેરને પાણી પુગેછે. એ કુવો ૧૮૦૦) ફીટ ઉંડો, અને તેની ઉપરનો મીનારો ૧૧૪) ફીટ ઉંચોછે. કોઈ વખતે શીયાળામાં એનું પાણી એ મીનારાનાં મથાલાંપરથી પણ ઉભાઈ જાયછે, એટલું જોરથી પાણી અંદરથી બાહાર ઉડેછે, અને દરરોજ એમાંથી બે લાખ ગ્યાલન પાણી મલેછે.

એ જોઇને અતરેનું વખણાયલું નેશનલ ગારડશનું વાજું ત્વીલરી ગારડનમાં વાગતું હતું તે સાંભળવા ગયા. એ વાજું આખા યુરપમાં ઘણુજ સરસ ગણાયછે, અને લંડન એકઝીબીશનની વેલાએ એ બાબે મરત કરવાથી એ વાજું ઇંગ્લાંડનાં તથા બીજા દેશોનાં વાજાંઓથી સરસ ઉતરેલું હતું. અહીંયાં સારાં માણસોને બેસવા સારૂ બુરશીઓ હારબંધ ઠીયટરની માફક ગોઠવેલીછે. તે દરેક બેઠકનાં ૧૫) થી ૨૦) સેંનટ (આશરે એક આનો) સુધી ફી લેછે, જે પ્રમાણે કીધાથી લોકોને આવવાને સવલ પડેછે; નહી તો કે ત્યાં બાગમાં ગાડીઓને આવવાનો હોકમ નહીં હોવાથી સારાં માણસોને ઘણી મોટી ભીડમાં એ વાજું સાંભળવાને બની શકે નહીં.

તા૦ ૨૪મી આગસ્ટ ૧૮૮૧—આજે સવારનાં પારીશ શેહેરને લગતતી દાટવાની જગ્યા જોવા ગયા હતા, જેને Cemetery of Pere Lachaise કહેછે. એ શીમેટરી અહીંયાં સૌથી મોટીછે, અને ત્યાં મોટાં માણસોને ઘણાંબરાં દાટેલાંછે. બાદશાહી બ્યાનદાંન શીવાય બધા ઉમરાવો તથા કોઈ કોઈ પ્રીન્સો વગીક હીંયાં દાટેલાછે. તેમાંનાં કોઈ કોઈ મોન્યુમેન્ટશોના સ્થંભો ઘણું સારાં અને જોવા લાયકછે. એ દાટવાની જગ્યા લોકોને વેચેછે અને તે ઘણી જેમ માગે તેમ વધતો ઓછો ભાવ બપાયછે, તેમાં ગરીબ માણસો જેઓ વેચાતી લઈ શકતા નથી (અને

તેવો બે તરતીઆંશથ ભાગ શહેરનોછે; તેવાઓને Fosses Communes અથવા મોટા ખાડા બણી તેમાં ૪૦) થી ૫૦) જણાંની કોશીનો સાથે દાટેછે. કેટલાએક જણાં થોડો વખત સુધી જાણે બાડે લેતા હોય તેમ લેછે, તેઓનાં હાડકાં દશ વરસ સુધી રાખીને પછી પેલાં કેટકોમબશમાં એકઠાં કરેછે; તેઓ પાસેથી જગ્યાનાં ૧૫૦) ફ્રાંક લેછે, અને ૫૦૦) ફ્રાંક જાયુકની જગ્યા રાખનારા પાસેથી લેછે, પણ બચાં સારૂં તેથી અરધી કીમત લેછે; અને વળી તે પણ જગ્યા ઘણી નાધલી આસરે ૨૨॥ ફીટ સ્કુવેર જેટલી આપેછે. અને જો વોલટસ બાંધવા મોટી જગ્યા માગેછે તો ધારા પ્રમાણેની મલતી જગ્યા ઉપરાંત દર મીટરે (એક મીટર ૧૧½ સ્કુવેર ફીટ થાયછે) બીજા ૧૦૦૦) ફ્રાંક લેછે. એ સઘળી ઉપજ પારીશની મયુનીસીપાલીટી લેછે. જો સરકાર કોઇની પબ્લીક વોર કરી દટાવેછે તો સરકારને પણ ઉપર મુજબ પૈસા આપીને વેચાતી લેવી પડેછે. અહીંયાં ઘણીખરી પરાઇવેટ વોલટસછે, પણ જગા ઘણી ઓંધી હોવાને લીધે સાંકડી જગ્યા લઇને અંદર ઘણી ઊંડી બણી (કોઇ તો ૫૦ ફીટ ઊંડી) તેમાં અભરાઇઓ બાંધીને પોતાનાં કુટુંબનાં કોશીનો રાખેછે, અને દરેક વોલટનો ઉપર નાધણું ચેપલ બાંધીને તેમાં કરસો તથા શેંટોનાં પુતળાં મુકેછે. માનશીઅર ઠીયે જે હમણાં થોડુંક થયું મરણ પામ્યો તેનો વોલટ મોટીછે, તેમાં લોકોએ અતીઘણાં ફુલનાં હારો તથા મોમેનટોશ ઓટાં ફુલોનાં ગુંઠીને અંદરથી તેનો ચેપલ બધો ભરી નાંખેલોછે. સૌથી મોટી વોર એક કોઇ પ્રીન્સનીછે, તે ઉપર એક લાખ બાર હજાર ફ્રાંક જમીન ખરીદવાનાં તથા ઉપર મોન્યુમેન્ટ બાંધવાપર લાગા હતા. એવી સ્થંભ સાથની ૧૮૦૦૦) વોર હીંયાં કેહુવાયછે, અને સને ૧૮૦૪ માં એ શીમેત્રી બધાડી ત્યારથી તે અત્યાર સુધીમાં એવી વોરોપર બધા મલી આઠ કરોડ રૂપીયા બેડલા બીડકરની ગાઇડ બુકપરથી માલમ પડેછે. પારીશની એવી ૨૨) શીમેત્રીમાં દર વરસે ૪૩૦૦૦) માણસો દટાયછે.

એ જોઇને પાછા હોટલમાં આવી પારીશ શહેર બરાબર જોવા સારૂં ફરીથી આવવાનો વીચાર રાખીને બપોરનાં કલાક ૩-૫૦ મીનીટની ટરેનમાં બેસીને બેલજીઅમ દેશનું પાયતખ્ત શહેર બરૂશેલશ જે પારીશથી ૧૯૪) મૈલ દુરછે ત્યાં રાતનાં કલાક ૧૦-૩૦ મીનીટે આવી પુગા હતા. રસતામાં આઠ વાગે ફ્રેન્ચ અને બેલજીઅમ વચેની સરહદ પસાર કરી હતી. Quevy નામના બેલજીઅમ સરહદનાં સ્ટેશનપર બધા ઉતારૂઓનો સામન કસટમ હાઉસવાલાઓએ જકાત માલ નહીં પસાર કરે તેથી તપાસ્યો હતો. હમોએ બરૂશેલશનું ગરાંડ હોટલ (Grand Hotel de Bruxelles) જે બુલવાડ શેનટરલ (Boulevard Central or Anspach) માં આવેલુંછે ત્યાં ઉતારો લીધો હતો.

તા૦ ૨૫મી આગસ્ટ ૧૮૮૧—આજે સવારનાં અતરેનું ટાઉન હોલ જેને અહીંયાં Hotel de Ville કહેછે તે જોવા ગયા હતા. એ ઇમારતનો બાહારથી ભપકો ઘણો સારોછે, અને તેની વચમાં એક સોભાયતો મીનારો બાંધેલોછે. તે ૩૬૪) ફીટ ઊંચોછે, અને ત્યાંથી આખાં શહેરની વીસુ ઘણી સારી દીસેછે. એ ટાઉન હોલમાં બરૂશેલશમાં જેટલા જણાં લગન કરેછે તે પોતે આવીને નોધાવી જાયછે, નહીં તો કે પાછલથી તે બરાબર લગન થયલાં ગણાંતાં નથી. એનાં ટાઉનશીલ હોલમાં શીલીંગપર ઓઇલ પેન્ટીંગશ ઘણું સારૂં કરેલુંછે, તેમાં એક છોકરૂં બાંધું વળડેછે તે એવી રીતે પાડેલુંછે કે

તમે તેની આસપાસ કોઇપણ બાજુપર ફરો ત્યાં તેનું મોહોડું તમારી સામે અને સામે આવેછે, એવી કાંઇ કળાથી પાડેલું છે. લગનવાલા હૉલમાં નકશીકામ થોડુંક છે તે તથા એકદો બે ઓરડા સારા સણગારેલા શીવાય (જેમાં ટેપેશટરીનું કામ બહુ સરસ કીધેલું છે) બીજું કાંઇ જોવાનું નથી. એ ઇમારત મોટીછે અને બાહારથી તેને નાધળાં નાધળાં આરકાંઓની અગાસીછે, તેમાં હારબંધ ઘણાં આખાં કદનાં પુતળાં ઉભાં રાખેલાંછે.

એ જોઇને અતરેની પીકચર ગેલેરી જોવા ગયા હતા. એ ઇમારત પણ મોટી છે અને જોયા મેલે નવી બંધાઇને તૈયાર થઇછે. એની સીડીઓ ૧૫) ફીટ લાંબા સંગેમરમરનાં પથરનીછે, તથા થાંભળા અને લાદીઓ પણ સંગેમરમરનાંછે. એમાં ચીત્રનો સારો સંગ્રહ વખણાયલા ઉસ્તાદ ચીતારાઓને હાથનો કીધેલોછે, તથા તેમાનાં પીકચરોની કોઇ કોઇની ઘણી મોટી મોટી કીમતો આપીને લીધેલાંછે, તેમાં રૂપીયા એક લાખે એકજ પીકચર The Holy Family નું કોઇ Quinten Massy નું સને ૧૫૦૯ માં પાડેલું તેના આખ્યા હતા. એવાં કીમતી પીકચરોથી ત્યાં રાખેલાંછે. એ પીકચર ગેલેરી અસલ શેહેરનાં લોકોએ ઉભી કીધી હતી; પણ સને ૧૮૪૫ માં તેઓ પાશેથી બેલજીઅમની સરકારે વેચાતી લઇ તેમાં બીજાં પીકચરો ઉમેરવાથી આખા બેલજીઅમ દેશમાં તે સરસ ગેલેરી ગણાયછે.

એ જોઇને Congress House ઇમાને પારલામેન્ટ ભરવાનો મેહેલ (Palais de la Nation) જોવા ગયા; એ જગ્યાની ઇમારત મોટીછે, અને તેમાં House of Representatives આમની સભા અને તેમના Senators એટલે વડીલો પોતાની મીટીંગો ભરેછે. અહીંયાંનાં લોકો ૧૩૨) જણાંને વકીલ દાખલ અને ૬૬) વડીલો તરીકે ચુંટી કાહાડેછે, જેમાં પેહેલાઓ બીલસ તૈયાર કરીને પાછલા બણીઓ આગલ મુકેછે, તેઓ તે પસાર કરેછે. પાદશાહ પારલામેન્ટ ઉઘાડેછે તે વખતે બધા રેપરીજેનટેટીવ હાઉસવાલા દીવાનખાનામાં એકઠા થાયછે, અને ત્યાંજ પાદશાહ પણ પોતે તખ્ત મંગાવી બેસીને પારલામેન્ટ ઉઘાડેછે. હાઉસ ઓફ રેપરીજેનટેટીવવાલા મેમબરોને દર ચાર વરસે અને સેનેટરશોને દર આઠ વરસે ચુંટી કાહાડેછે, પણ તેમનાં સરનસીન અથવા પરેશીડનટોને દરશાલ નવા ચુંટી કાહાડેછે. હાઉસ ઓફ સેનેટમાં જમણી બાજુપર લીબરલસ (Liberals) (જેઓની હમણાં પ્રધાન ટોલી) અને ડાબા હાથપર કનશરવેટીવસ (Conservatives) અને વચમાં પ્રધાનોને બેસવાની જગ્યા છુટી રાખેલીછે. અહીંયાં અસલનાં પાદશાહોનાં તથા પેહેલા પાદશાહ લીઓપોલડ અને હમણાંનો પાદશાહ બીજા લીઓપોલડની આખ્યાં કદની તસવીરો ઉસ્તાદોને હાથની ચીતારેલીછે. સને ૧૮૩૦ નાં શાલમાં અહીંયાંનાં લોકોએ હોલંડનાં તાબામાંથી છુટાપણું મેળવ્યું હતું, તે વખતે એ લડાઇ જીતનારાની મુખી પણ અહીં મુકેલીછે, જેને વાસતે કહેછે કે રૈયતે તેને પાદશાહી આપવા કહી પણ પોતે ના પાડવાથી શાકશોબરગનો પ્રીન્સ લીઓપોલડ (જે આપણાં ઇંગ્લાંડનાં રાજા ચોથા જયોર્જનો જમાઇ થાય) ને પાદશાહ કેડવ્યો હતો. તેની પછી હમણાંનો પાદશાહ જે તેનો છોકરો થાય તેને સને ૧૮૬૬ માં તખ્ત ઉપર બેસાડયો. એ પારલામેન્ટ હાઉસનાં બારણાં તથા બારીઓ સઘળું સ્પેનીશ મેહોગની લાકડાંનું છે, તથા બારીઓપર મોટા કાચો જડી તેપર શેહેરનાં આરમસ પાડેલાંછે. એ ઇમારત સને ૧૭૮૩ માં બંધાઇ હતી.

એ જોઇને પછી વીએર્ત્સ મયુઝે (Musee Wiertz) જોવા ગયા હતા. આમલ કોઇ મી૦ વીએર્ત્સ કરીને એક ચકરમ પણ ચીતાર પાડવામાં હુશીયાર ધણીએ પોતાનાં જેમ ધ્યાનમાં આવ્યું તેમ ચીત્રો પાડયાં હતાં, જેમાં ધણુંખરાં પીકચરો ખુનરેજી તથા લોકોને ગીમાવતાં તથા દોજખનાં અજાબોને લગતાં પાડયાં હતાં. તે માથે કેટલાંક બેહુંધાં નહીં મનાય તેવાં પણ પાડેલાંછે. એ ધણી મને ૧૮૬૫ માં મરતી વખતે આ ઇમારત તથા પીકચરો સરકારને આપી ગયો હતો, અને એ પીકચરો ધણાં સરસ હુન્નરથી પાડેલાં હોવાને લીધે સરકારે એની ઇમારત ફેરફાર કરીને તથા વધારીને લોકોને જોવા સારૂં ખોલી મુકીછે.

એ જોઇને પછી અતરેનો કેથેડરલ જેને Ste Gudule et St. Michel કરીને કહેછે તે જોવા ગયા હતા. એ દેવલ મને ૧૨૭૩ નાં શાલમાં પચાસ વરસે બંધાઇ રહ્યું હતું. એ ૧૧૮) વાર લાંબું અને ૫૫) વાર પોહોળું છે, અને જોકે ધણું મોટું તોપણ કાંઇ ધણું સણગારેલું નથી. એની પુલપીટ (પાદરીને વાએજી કરવાની જગ્યા) ધણુંજ ઊંચા લાકડાંનાં નકશીકામની બનાવેલીછે, એનાં હોલમાં ૧૨) મરેદ પથરનાં મોટાં અને સુંદર પુતળાં મુકેલાંછે.

એ જોઇને પછી અતરેનું વખણાયલું લેસ વરક (Lace work) જે એક જાતનાં ઝીણા દોરાનું વણેલું તથા તરાંહ પાડેલું કપડું આવેછે તે બનાવવાની જગ્યાપર ગયા હતા. બરૂશેલશનું લેસ વરક આખા યુરોપમાં ધણું વખણાયછે, અને તેની સાધારણ કીમત ૧) વાર લાંબુ તથા ૧) ફુટ પોહોળાંની ૧૦) પોંડ બેસેછે. એ બનાવવા સારૂં ૩૦૦) બોરતો કામે લાગેલાછે, જેઓને પેહેલાં કાગજ ઉપર તરાંહ બનને તેમાં ટાંચણીઓથી આંધળાં પાડીને આપેછે તે મુજબ તેઓ ટાંચણીઓ ખોસીને તેની પરથી દોરા વીટાળીલઇ જેમ મુંબાઇમાં કસબીદોરા કસબનું કામ ચુંદેછે, તેમ એક લેશપર ૪૮૦૦) કુકડાંઓથી કામ કરેછે, અને એટલું તો ઝીણું વણેછે કે તેથી આંખને અડચણ પણ થતી હશે. લેશનું કામ બનાવતાં એક બોરતને છ માશ લાગેછે.

એ જોઇને અતરેનો પેલેશ બોફ જસ્ટીસ (Palace of Justice) બનસાફ કરવાનો મેહેલ જોવા ગયા હતા. એ મેહેલ બંધાઇને નજદીક તૈયાર થવા આવ્યોછે; તે ધણોજ મોટો અને તેની ઉભરણી પણ ધણી ઊંચીછે. તે આઠ એકર જમીન રોકેછે અને તેનીપર બાંધવાનો ખરચ પાંચ કરોડ કાંક થશે. એની અંદર એક મોહોટો હોલ અને આઠ કોરેટો ઉપરાંત બીજા ધણાક બોરડા છે; તથા ઉપર જવાની છેક હેઠળથી એકજ આખી સીડી ૧૭૧) તપાની બાંધીછે, અને ઉપરનો મીનારો ૧૦૩) મીટર ઇમાને ૩૩૫) ફીટ ઊંચોછે. એ હોલ ૧૪) વરસ થયાં બંધાયછે અને હજુ બીજાં ચારથી પાંચ વરસ તૈયાર થતાં લાગશે. એનો બાહારનો દેખાવ ઇરાનનાં પરશીપોલીશ મોહેલનાં પરચુટણ ભાગોની તસવીરો જોઇયેછે તેને મલતો આવેછે, અને સઘળું કામ ધણું મોટું અને મજબુત બાંધેલું-છે.

એ જોઇને પછી બરૂશેલશ શેહેરનાં મોટા મોહોલાઓમાં ફરવા હતા. એ શેહેર ધણું મોટું છે અને તેમાં આસરે ચાર લાખ આદમીની વસતીછે; એનાં મોહોલાઓ ધણાં સારા, મોટા અને સફાઇદાર તથા ઘરો પણ ધણાં મોટાં હારબંધ બાંધેલાંછે. એનો એક મોટો રસતો બે મૈલ લાંબોછે, અને તેની હેઠળથી શેન નદી આખા રસતો પસાર કરી એક છેડેથી બીજે છેડે નીકળેછે; તેથી

તેનું નામ બ્રુલવાર ડી શ્રેન કરી આપેલું છે. અહીંયાંનાં ઘરોમાંથી રસ્તાનાં જતાં લોકોને જોવા માટે એક નવાઇ જેવી ગોઠવણ રાખીછે, તે એમ કે ઘરોની બારીની બાહાર મોહોડું જોવાની બેથી ત્રણ આરશીઓ એવી રીતે ગોઠવેલી હોયછે કે તેની અંદર ઓરડામાંથી બેઠાં બેઠાં રસ્તાનાં જતાં આવતાં લોકને પોતે તેને દીસવા વગર જોઇ શકેછે. બીજું એક નવાઇનું એ જોવું કે નાબળાં નાબળાં ગાડાંઓમાં સામન ભરી કુતરાં ઘોડાની માફક જોડીને તેઓ પાસે ધસડાવેછે, તેમાં એક કુતરાંવાલાં ગાડાંમાં આસરે દસ મોટાં દુધનાં વાસણો ભરેલાં હોયછે. કુતરાંને ઘોડા માફક ધણું કરીને આગલ જોડીને ધસડાવેછે પણ વળી કોઇ કોઇ કુતરાંને ગાડાંની હેઠળથી જોડી ગાડાંનાં પાછલા ભાગમાં સાંકળ નાંખી તેમખી ગાડું ધસડાવેછે ; અને માણસ સાથે રહેછે, તે ગાડું (જે બે પૈડાંનું હોયછે) ઉડલાઇ નહીં જાય તે સારૂં પાછલથી તેના બે ડાંડા અમથો ધરીને ચાલ્યા કરેછે. કોઇ ગાડાંમાં બે અને કોઇમાં ત્રણ કુતરા જોડેછે અને તેમાં ત્રણથી ચાર માણસો બેસેછે. દુધવાલાં ગાડાંનુ માણસ જ્યારે દુધ લોકોનાં ઘરમાં આપવા જાયછે, ત્યારે પેલો કુતરો પેલાં ગાડાંની ચોકી કરેછે અને કોઇને હાથ લગાડવા દેતો નથી.

તા૦ ૨૬ મી આગસ્ટ ૧૮૮૧—આજે સવારનાં કલાક ૮-૧૦ મીનીટે આગગાડીમાં બેશીને બ્રસેલ્સથી નીકળેલા નવ વાગે આનટવર્પ (Antwerp) કરી બેલજીઅમનું બીજું વખણાયલું શેહેરછે ત્યાં પુગા, અને ત્યાંનાં હોટલ ડી. લા. યુરોપમાં ઉતરયા હતા. એ શેહેરમાં રૂબન (Ruben) કરીને વખણાયલા ચીતારાનો જનમ થયો હતો, અને તેની યાદગારીમાં એ હોટલની સામેનાં ચોકમાં તેનું બરોનજીનું પુતળું મુકેલું છે. તે જોઇને શેંટ આગસ્ટાઇન (St. Augustine) નું દેવલ જોવા ગયા, જેમાં વાઇનડાઇક, રૂબેન તથા બીજા કીરતીમાન ચીતારાઓને હાથનાં પાડેલાં ઉમદા ચીત્ર મુકેલાંછે. એ દેવલ કાંઈ ઘણું જોવા લાયક નથી ; પણ એનો પુલપીટ લાકડાંની ઉમદા નકશીનો બનાવેલોછે, અને શેંટ આગસ્ટાઇનને એક દુનીઆ રૂપનાં દડાઉપર બેસાડેલોછે, તેથી જાણે દુનયાંમાં બધે એ ફરી આવ્યો હતો એમ બતાવેછે, તે જોવા લાયકછે. હીંયાંથી નીકળેલા શેંટ એનડ્રુ(St. Andrew's Chuch) નું દેવલ જોવા ગયા. એનો આલટર ઘણો સારો અને જોવા લાયકછે.તે આગો સંગેમરમરનો બાંધેલોછે, અને તેની બાજુપરથી સંગેમરમરનાં થાંભળાઓ ગોઠવેલાંછે, તથા મથાળે કરાઇસટની ઘોરનો આકાર પાડેલોછે, અને આશમાંન ઉપર ફરેસ્તાઓ પાડયા હોય તેમ છેક મથાળેથી મોટાં પુતળાં પાડેલાંછે. તે ઉપરાંત આલટરની બાજુપર પણ શેંટોનાં આખાં કદનાં સંગેમરમરનાં પુતળાં ઉભાં રાખેલાંછે. એનો પુલપીટ પણ ઘણો સરસ લાકડાંની નકશીનો બનાવેલોછે; અને તેની હેઠલ શેંટ પીટર એક બોટમાં બેસીને માછલી જલમાં પકડેછે, તથા તેની રૂબરૂ કરાઇસટ સાંબો આવીને ઉભોછે. તે સઘળું આખા કદનું ઘણું સરસ રીતે બનાવ્યુંછે. પુલપીટ ઉપર ચહડવાનો સીડીઓ પરનાં કોટરા ઉપર જાત જાતનાં પંખેરાં બેસાડી ઘણાં સરસ કોતરેલાંછે; એ પુલપીટ ઘણો મોટોછે અને જો કે તે નાબળા નાબળા કટકાઓનો બનાવેલોછે ; તોપણ જાણે કે એકજ બલોકમાંથી બનાવ્યો હોય તેમ લાગેછે. એ દેવલમાં ચાર મોટાં સંગેમરમરનાં જુદા જુદા આલટરસ ગોઠવેલાંછે.

તે જોઇને પછી મ્યુજી પલાનટીન મોરીટશ (Musee Plantin More-

tus) કરીને અતરેનું વખણાયલું પીકચર ગેલરી તથા મ્યુઝીયમછે તે જોવા ગયા. એ સઘળું મ્યુઝીયમ આગલ કોઈ પલાનટીન કરીને હીયાં વખણાયલો છાપાખાંનાંવાલો હતો, તેનાં ઘેરમાં એકઠું કીધેલું છે. તે ઘણી મને ૧૫૭૯માં તેમાં રેહેતો હતો. ત્યારપછી તેના મારીટશ કરી જમાઇના હસ્તકમાં તે ગયું, અને તેણે પલાનટીન મારીટશનું નામ ધારણ કીધું હતું. તેની પછી એ મેલાવડામાં તેનાં વારસો ઉમેરતા આવવાથી પાછલથી તેમાં સંગ્રહ ઘણો સારો થયો હતો. તેમાં તેનાં સંચાઓ તથા દીબાંઓ બનાવેલાં તે તથા છાપેલી જુની ચોપડીઓનો સંગ્રહ રાખ્યોછે; તે ઉપરાંત અસલનાં વખણાયલા ચીતારા રૂબેન, વાનડાઇક ઇત્યાદીનાં હાથનાં બીજાં ઘણાં પીકચરો, જુની જુની ચોપડીઓ, અસલનાં લખતો, ઇત્યાદીનો ઘણો મોટો સંગ્રહ કીધો હતો. તે મને ૧૮૦૦નાં શાલ સુધી એ કુટંબવાળા કરતા રહ્યા. પછી બંધ પાડી તેનાં છોકરાંઓ ગીરદથીને લીધે મને ૧૮૭૫માં તેમાંથી વેચવાને શીરૂ કરતા હતા; પણ આવું મોટું સંગ્રહ પાછું જમાવવું મુશકેલ પડે કરીને મ્યુનીશીપાલીટીએ અમસ્યી નામનો કીમત પચીસ લાખ ફરાંક ઉરવીને તે વેચાતું લીધું, પણ તેની ખરી કીમત તો એથી અતી ઘણી વધતી ગણાયછે. અહીંયાં એક પીઆનો જોઇ તેને બે ગમથી વજાડવાની કોઇ બોરડ કીધેલીછે, તથા દારખનો એક માડવો જોયો, જેનાં વેલાથી એ ધરની એક બાજુ ભરાઈ ગઇછે અને તે પંદરમી સદીનો રોપેલોછે એમ કહેછે.

એ જોઇને પછી અત્રેનો ટાઉન હૉલ (Hotel de Ville) જે ગરાંડ પેલેશ (Grand Place) માં આવેલોછે તે જોવા ગયા. એનો દેખાવ ઘણો ભપકાદાર અને મીનારો સરસ રીતનો બાંધેલોછે, પણ અંદરથી હાલીશોનાં ઓરડા તથા તેમાં એનટવરપ શેહેરને લગતા તવારીખનાં થોડાંએક પેનટીંગશછે: પણ તે કાંઇ ધ્યાનું જોવા લાએક નથી. એનાં આગળા ભાગમાં બે બાજુનાં પડખામાં બે માલ કરી તેનીપર થાંભળા ખડા કરીને છાપરૂં કીધેલું છે; પણ વચમેનાં ભાગપર બીજા ત્રણ માળ ચહડાવી જેમ ઉપર જતું જાયછે તેમ સાંકડું કરતા જઇ છેક જમીનથી ૧૮૦ ફીટ ઊચું બાંધેલું છે, તેથી એનો દેખાવ ઘણો સોભેછે. એ ઇમારતની લંબાઇ આસરે ૨૭૯)ફીટની કહેછે, અને તે મને ૧૫૬૧ થી ૬૫માં બંધાઇ હતી. એ ટાઉન હૉલની પડોસમાં એક મોહોલામાં ૧૩) મી સદીનું એક ઘેર હજુ સલામતછે, તે જોયું હતું. એ ઘેર છેક માંડી હાલતમાં આવી ગયલું છે; પણ તેનો ધણી જે ઘણો પૈસાવાલોછે, તે તેને અસલની બાંધણીનાં નમુનાં દાખલ રાખવા સારૂં ભાંજી નાંખીને પાછું બાંધતો નથી. એ ઘેર જેમ અહીંયાનાં બીજાં ઘેરોછે તેમ ઉપરથી છેક અણીદાર બનાવેલું છે, તે જાણે કે દેવલનો ઘાટ હોય તેમ લાગેછે.

ત્યાંથી નીકલેલા શેંટ પાલશનાં દેવલની પાસે માઉનટ કેવલરી કરીને જગ્યાછે તે જોવા ગયા હતા. હીંયાં હુન્નરથી એક નાધળો ડુંગર બનાવી તેમાં ગ્રોટોશ કીધાછે, અને તેનો અંદર દોજખનો આકાર બનાવી જાણે માણસો આતશમાં બલતાં હોય તેમ લાકડાંનાં કોતરીને મુકેલાંછે. એક બાજુપર કરાઇશટની તેજ માફક ઘોર બનાવી તેની જાલીની બારીઓ કીધીછે; તે બારી આગલ પડદાની પાછલ બાહારથી બે સીપાહીઓ ચોકી કરતા હોય તેમ ઉભા રાખેલાછે, જેઓ જાણે કરાઇશટ અંદર દાટેલોછે, તેને જોયા કરેછે કે રખેને એને કોઈ ઉડાવી લઈ જાય, અને જેમ કરાઇશટની તરફવાલા બોલેછે તેમ તે આશમાન પર નહીં જાય તે સારૂં બારણું ઉપર શીલ

પણ મારેલું છે તે તથા ઘોરની અંદર ક-રાઇશટનાં પુતળાંને મુડદાં દાખલ મુકેલું છે, એ સઘલું લોકોને બતાવી કહેછે કે આ-ટલી જપતી છતાં પણ કરાઇશટ કોઇને જણાવ્યા વગર પાછો જીવતો થઈ આશ-માન ઉપર ગયો હતો. એ ઉપરાંત ત્યાં ઘણાંએક રૂંવાંટાનાં પુતળાં હારબંધ રસ્તાની આસપાસ તથા ધાસ્નાં એતરોમાં ગોઠ-વેલાંછે, જેથી તેનો દેખાવ ઘણો સારો લાગેછે. એ જોઇને પછી એનીજ પાસેનું રૂંવાંટ પાલશનું દેવલ જોવા ગયા હતા. એ દેવલ અંદરથી સારૂં સણગારેલું છે, અને તેનાં દરેક થાંભલા આગલ એકેકું પુ-તલું આખાં કદનું રૂંવાંટાનું ઉભું રાખેલું છે. એ દેવલનું ૧૬૨૧ માં બંધાઈ તૈયાર થયું હતું અને તેમાં થોડાએક સારા પેન-ટીંગસ જોવા લાયકછે.

ત્યાંથી નીકલેલા Antwerpin Konin Klyk Menseum જોવા ગયા, જ્યાં ઘણાં સરસ પીકચરોનો સંગ્રહ કી-ધેલોછે, તેમાં રૂબેન, વાનડાઇક, વાન, હક, અને ડેવીડ તીનીયર તથા એવાજ નામીચા ચીતારા અને બીજાઓની આ-સરે ૬૫૦) તસ્વીરો ચીતારેલી મુકેલીછે, જે ઘણી ખરી એ શેહેરનાં દેવલોમાંથી લાવી અહીંયાં અગલ મોનેશટરી હતી, તે કાઢાડી નાંખી એકઠી કીધીછે. તેમાં રૂબેન જે યુરોપમાં વખણાઇ ગયલોછે તેનાં હાથનાં સૌથી સરસ પીકચરો ઘણાં રાખે-લાંછે, એમાં કરાઇશટને લાકડાંપર ખીલા ઠોકી મારી નાંખ્યો ને તે પરથી હેઠે ઉ-તારયા પછીની સખીઓ ઘણીજ સરસ કેહેવાયછે. એની અંદર કરાઇશટની સાથે, જે બે ચોરોને એમજ કરશીફાઇડ કીધા હતા, તેઓનાં મોહોડાં તેઓને થતી દ-ઝાથી ઘણાંજ કલવાયલાં પાડેલાંછે તથા તેમને શીખાવનાર ઘણી ચુની જેવો પાડેલોછે. કરાઇશટનું મોહોડું જાણે તેને ઓધાની મહેરથી કાંઇપણ દુખ થતું નહીં હોય પણ પોતાનાં નસીબને આધીન થઇ શાંતપણે સહન કરતો પાડેલું છે. તેની હે-ઠળ મેરી મેગેલન કરી એક ઓરત જાણે કરાઇશટને એક ઘણી ભાલી બીકેછે તેને કાલાવાલા કરતી હોય તેમ પાડેલીછે, તથા કરાઇશટની માય મેરી અતીઘણું ગમમાં પાડેલીછે. એ સઘળું જાણે આબેહુબ બ-નતું હોય તેવી તેનાપરથી જોનારને લા-ગણી થાયછે. એવાં ઘણાંજ થોડાં પીક-ચરો આપણાં જોવામાં આવેછે. એક ખુદરતી બાહારનો દેખાવ (લેનડસ્કેપ) કોઈ Hobemer કરીને ચીતારાએ પાડેલો, તેનાં ૪૦૦૦) પોંડ આપીને સરકારે વે-ચાતું લઇ અહીંયાં મુકેલું છે, અને એવા બીજા કીમતી પીકચરોનો સંગ્રહ કીધેલો છે. હીંયાં એક જણ જેને હાથ તદન નથી અને જે વગર હાથનો જનમેલોછે, તે ઘણીને પગે કરીને ઘણી સારી તસવીરો ચીતારતાં હમોએ જોયો હતો. એનું નામ F. Mocus કરીને છે. તે પોતાનાં બે પગ જાણે પોતાનાં બે હાથ હોય તેમ એક પગમાં રંગની રકેબી ધરી બીજા પગનાં અંગુઠામાં પીછી પકડી તસવીર ઘણી મેહેલાદથી પોતાની સામે મુકેલી ઇશલ (Easel) પર ચીતરતો હતો. એ ઘણી હમોને પોતાને ઘેર બીજી તસવીરો પોતે પાડેલી દેખાડવા સારૂં લઇ ગયો હતો; તે વખતે પોતાનાં ગજવામાંથી પગે કરીને કુંચી કાઢાડી પગેજ તે બારણામાં ઓસી બારણું ઉઘ-ડયું, તથા બુરશી ઉપર બેસી પગે કરીને પોતાનાં માથાપરથી તોપી ઉતારી હતી, અને હમોને બીજી પાડેલી તસવીરો પડદા ઉઘાડીને દેખાડી હતી, જે જોઇને હમો અજાયબ થયા કે વગર હાથનાં મા-ણસો પણ આવું કરી શકેછે.

એ જોઇને અત્રેનો વખણાયલો કેથીડરલ (Cathedral of Notre dame) જોવા ગયા હતા. એ દેવલ આખા

નેધરલાંડમાં સૌથી મોટું અને ગોઠીક આરકીટેકચરમાં ઉત્તમ ગણાયછે, તે ૩૦૬૦) સ્કુવેર ફીટ જગ્યા રોકેછે, અને એનેથી મોટાં બીજાં ફકત ત્રણ દેવલો યુરોપમાં કેહેવાયછે, તેમાં એક કોલોનનું ૮૭૦૦૦), બીજું લંડનનું સેંટ પોલનું ૧૦૯૦૦૦), અને ત્રીજું રોમનું સેંટ પીટર ૨૧૨૦૦૦), સ્કુવેર ફીટનાંછે. એ બાંધવાનું સને ૧૩૫૨માં પેહેલાં શરૂ કીધું હતું અને તેમાં વારાફરતી ઉમેરો કરતાં કરતાં છેક સને ૧૬૧૬માં પુરૂં કીધું હતું; તેટલામાટે કાંઇ એ દેવલ વખણાયલું નથી, પણ તેની અંદર રંગેનનાં બે પીકચરો, જે તેનાં માસટરપીશ સૌથી સરસ ગણાયછે તે મુકેલાં હોવાથીછે. એમાં એક Descent from the Cross તથા બીજું Elevation of Christ કરાયશટનુ મુડદુ કરોશપરથી નીચે ઉતારીયું તે તથા પછીથી તે આસમાનપર ચઢીગયો તે બાબદનાંછે; તે નેપોલીયન બોનાપારટે તે શેહેર જીત્યું ત્યારે ફરાન્સ મોકલાવી દીધાં હતાં; પણ જયારે એ હારયો અને પારીશ શેહેર પંચમિલ રાજયોનાં એકઠાં લશકરના હાથ ગયું, ત્યારે એ અને બીજી એવી એવી ચોરી લાવેલી ઉતમ ચીજોને તેમની જગ્યા એ મોકલી આપી હતી. હમે સાંભળ્યુંછે કે તે વખતે અંગ્રેજ સરકારે વેસ્ટમીનશટર એબ્બી સારૂ એમાંનું પેહેલું પીકચર જો આપેતો તેની કીમતમાં એ પીકચર કરતાં પણ એક મીટર ઉંચો (૩૯ ઇંચ) ઢગલો સોનાનાં શોવરેનોનો થાય તેટલા આપવા કહયા છતાં પણ તે પીકચર આપવાને નાં પાડી હતી. એ પીકચરો ઉપરાંત એક બીજાં નાયળાં પીકચરમાં કોઇનું મોહોડું પાડેલુંછે તે ધારું સરસછે અને તેની દાહાડી તથા માથાનાં બાલ બરેબરા હોય તેમ લાગેછે, તે પણ નેપોલીયન ઉચકી ગયો હતો અને તેની ફરેમ જે સોનાંની હતી, તે કાહાડી બધને તેને બદલે પીતળની મુકી હતી; તેપણ પાછું અહીંયા આવેલુંછે. એ પીકચર સંગેમરમરનાં પથરપર કોઇ ઇટાલીઅને પાડેલુંછે; પણ તેને લાવ લઇજાવ કરતાં એક ગમથી ફાટીને પથરને તરડ પડીછે. એ પીકચરોનાં ઓરડામાં વરજીન મેરીનું પુતળુંછે, તેને અત્તીધણી રીતે સણગારેલુંછે અને તેનો પોશાક ઉંચી શાટીન તથા જરીનો કીધેલોછે; પણ એ પોશાક તો સાધારણ રોજનો કેહેવાયછે અને જયારે સરધસમાં બાહાર કાહાડેછે, ત્યારે તેનો પોશાક ઝવેરાતોથી જડી લીધેલો કરેછે. તેની કીમત વીસ લાખ ફ્રાંકની કહેછે. એ દેવલનો કોએરછે, તેપર કરાઇશટની તથા તેની મા મેરીની જીંદગીની વીગતો લાકડાંમાં કોતરેલી કીધીછે; અને જો કે તે બધી આખ્યાં લાકડામાંજ કોતરીછે, તોપણ તે એવી સરસછે કે છેક અંદરથી તેમાં માણસો ઉભાં હોય તેમ દીસેછે, એવાં ૩૬) કોતરકામ હારબંધ મુકેલાં ઘણું જોવા લાયકછે. અહીંયાંનો પુલપીટ પણ ઘણી સારી નકશીનો લાકડાંનો બનાવેલોછે અને તેનાં ચાર થામળા દાખલ એશીઆ, યુરોપ, અમેરીકા, અને આફ્રીકાનાં દેશનાં રેહેવાસીઓનાં પુતળાં ઉભાં કીધાંછે.

એ સઘળું જોઇને પછી ટ્રુએોલોજીકલ ગારડનશ જોવા ગયા હતા; એને વાસતે હમોએ ઘણી ગમથી સાંભળ્યું હતું કે એ જેવો બીજો સંગ્રહ કોઇ નથી; અને જો કે એનો સંગ્રહ ઘણો સરસ છે, તોપણ લંડન શેહેરની એવી ગારડનની બરોબરી કરી શકશે નહીં.

એ જોઇને પછી અતરેની ગોદીઓ જોવા ગયા. એ ગોદીઓ પેહેલા નેપોલીયને બંધાવી હતી, અને તેમાં ૧૦૦૦) વાહાણો રહી શકે એટલી જગ્યા કીધેલીછે, જયાં ઘણાં વાહાણો ઉભેલાં હમોએ જોયાં હતાં. એ ગોદીમાં પાણી દરીઓ જે અહીંથી આસરે ૩૬ મૈલ દુરછે, ત્યાંથી નહેર

ઊઘીને લાવ્યાછે અને તે ઉપર કરોડો રૂપીયા ખરચ બેઠા હતો; પણ અહીંયાં વાહાણોનો આવજાવ મોટો હોવાથી તે ઉપર લેવાતા ખુટાની ઉપજથી પ્રીટી જવાને લીધે થોડાંએક વરસ થયાં ખુટો લેવો કાહાડી નાખ્યોછે. એ દેશ માથે મુંબઇનો વેપાર પણ સારો હોવાથી ત્યાંથી ઘણું વાહાણો દરશાલ હીંયાં આવજાવ કરેછે. એ શેહેરનો વેપાર આગલ સોલમી સદી સુધી ઘણોજ મોટો હતો, અને આખા યુરોપમાં કોઇપણ શેહેર (વેનીશ સુધાં) એની બરોબરી કરી શકતું હતું નહીં, પણ એ શેહેર સ્પાન્યર્દો હસ્તક થાહ નશાહ પાચમા ચારલશનાં વખતમાં ગયું ત્યારે ત્યાં ધરમનાં મતફેરમાં હજારો લોકોને મારી નાંખવામાં આવ્યા, જેથી મોટા ભાગ ઇંગ્લંડ તથા બીજા દેશોમાં નાસી ગયો અને એની વસતી જે ૧૨૫૦૦૦) માણસોની હતી તે એંશસરતી એંશસરતી ૪૦૦૦૦) પર આવી ગઇ, પણ તે નેપોલીયન બોનાપારટનાં હસ્તકમાં આવ્યા પછી તેણે ગોદીઓ બાંધી તથા હાલ્લંડ દેશનાં લોકોએ જે શેલ્ડ (Shelde) નદીનાં મોહોડાંપર કીલ્લા બાંધી અહીંયાં આવતાં વાહાણોને અટકાવતા હતા તે કીલ્લાઓ નેપોલીયને ભાંગી નાંખી પાછો બેહુવાર ખીલવ્યો હતો, તે આસ્તે આસ્તે વધતાં સને ૧૮૪૯ માં જયાં ૧૫૪૪) વાંહાણો ૨૪૨૦૦૦) ટણ વજનનાં બારામાં આવ્યાં હતાં તે સને ૧૮૭૮ માં વધીને ૪૫૧૦) વાહાણો ૨૦૮૩૦૦૦) ટણનાં થયાં હતાં, તથા વસતી પણ વધીને હાલ ૧૭૦૦૦૦)ની ગણાયછે.

એ પછી શેહેરમાં ફરતાં જોયું કે થોડા રસતા જે મોટા અને જયાં મોટી હવેલીઓ બાંધેલીછે તે ઘણું સરસ અને સુફાયદાર રાખેલાછે, પણ બાકીનાં મોહોલ્લાઓ સાંકડા અને કચરાથી ભરેલાછે. લોકો પોતાનાં ઘરમાંથી કચરો કાહાડીને મોહોલ્લાનાં રસતામાં ધગલા નાંખેછે તેથી તથા વરસાદ આવવાથી રસતાઓ ઘણાં ખરાબ થઇ ગયા હતા. હમો યુરોપનાં બીજાં શેહેરોમાં ફરયા છીએ ત્યાં કોઇ પણ એવા નજીસ રસતાઓ દીઠા નથી. અહીંયાંનાં ગરીબ લોકો લાકડાંનાં જોડા પેહેરેછે તથા લોકો મેહેનતુ હોવાથી ફકીરો ઘણાં જુજ દીસેછે. અન્ટવર્પ તથા બરૂસલસ બેલજીઅમ દેશમાં આવેલાંછે. ત્યાં બીજો લીઓપોલડ પાદશાહછે જે સને ૧૮૬૫ માં તેનાં બાપ પેહેલા લીઓપોલડની જગ્યાપર તખતનશીન થયો હતો. બેલજીઅમ દેશ આસરે ૧૧૨૩૫) ચોરસ મેલ વીસતારમાંછે, અને તેની વસતી સને ૧૮૭૮ ની ગણત્રી મુજબ ૫૪,૭૬,૬૬૮) માણસોની કેહેવાયછે, તેમાંનો મોટો ભાગ રોમન કેથોલીક પંથનાછે. પ્રોટેસ્ટનટ આસરે ૧૫૦૦૦) અને યાહુદી ૩૦૦૦) છે. એનું લસ્કર સલાહની વખતે ૪૩૦૦૦) આદમીનું છે પણ લડાઇની વખતે ૧૦૩૦૦૦) સુધી વધી શકેછે. રાજનું મેહેસુલ દરશાલનું સાડા દશ કરોડ રૂપીયા, અને ખરચ પણ નજદીક તેટલોજછે, તથા કરજ નજદીક છ અબજ રૂપીયાનું છે. એ દેશનાં લોકોની ચાલચલણ નીચલી લાઇન જે એક અસલનાં "બોક" (મહાધારી)એ જોડી કાહાડીછે તે પરથી માલમ પડેછે :—

Nobilibus Bruxella Viris, Antwerpia Nummis Gandavum laques,
Formosis Bruga puellis Lovanium Doctis, gaudet Mechlinia stultis.

એનો તરજુમો નીચે મુજબ છે :—

બરૂસલસ અમીરજાદાઓને સારૂં, એન્ટવર્પ પૈસા સારૂં, ગેહેનટ ફાંસીનાં દોરડાં સારૂં, બરૂજીઅ ખુબસુરત છોકરીઓ સારૂં, લુવેન શીખેલા આદમીઓ સારૂં, અને મેલીનસ બેવકુફો સારૂં વખણાયલું છે"

"ગેહેનટને ફાંસીનાં દોરડાં સારૂં વખણાવાનું કારણ એ છે જે એ ગામનાં

સાકો પોતાનાં રાજકરતાનો સાંમે હમેશાં હુલડ કરતા હતા, તેમાં જ્યારે હારી જતા ત્યારે માફ માગવા માટે ગળામાં દોરડાં નાંખી પોતામાંથી બુઢા અને વડાઓને મોકલતા હતા. તેમ મેલીનશ ગામમાં એક વખતે ત્યાંના દેવલનાં મીનારાનો કાચની બારીમાંથી સુંદરમાનો ઉજાસ દીસતો હતો તેને લોકો આગ સમજી તે પર બુંબાથી પાણી નાખવાની તૈયારી કીધી તેથી તેઓને બેવકુફનો ખેતાબ આપ્યોછે.

તા૦ ૨૭મી આગસ્ટ ૧૮૮૧—આજે સવારનાં કલાક ૭-૨૦ મીનીટની ટ્રેનમાં એન્ટવર્પથી નીકળીને હાલંડનાં પાયતખ્ત એમસ્ટરડામ (Amsterdam)માં કલાક ૧૨-૩૦ મીનીટે આવી પુગા, અને ત્યાંનાં બાઇબલ હૉટલમાં ઉતરયા હતા. તે બાદ અતરેના પાદશાહનો મેહેલ જોવા ગયા હતા. એ મેહેલ સને ૧૬૪૮ માં ટાઉન હૉલ દાખલ ૮) લાખ ફ્લોરીન ખરચીને બાંધ્યો હતો. (ફ્લારીનની કીમત નજદીક એક રૂપીયા બરોબર અથવા અંગ્રેજી ૧) શીલીંગ અને ૮) પેન્સનીછે.) ફ્લોરીનને હાલંડમાં ગીલડર કરીને કહેછે. એ મેહેલ એમસ્ટરડામ શેહેરમાં સૌથી સરસ ગણાયછે. એની લંબાઇ ૮૮) વાર, પોહોળાઇ ૬૯) વાર, અને એના મીનારાની ઉંચાઇ ૧૮૭) ફીટછે. એ મેહેલ નેપોલીયન બોનાપારટનો ભાઇ લુઇ નેપોલીયન જે હોલંડનો પાદશાહ થયો હતો તેને રૈયતે સને ૧૮૦૮ નાં શાલમાં રેહેવા સારૂં આપ્યો ત્યારથી પાદશાહી મેહેલ થયો હતો. તે મોહોલામાં આવ્યાથી તેની આસપાસ કાંઇ બાગ નથી, તથા બાહારથી એક સાધારણ ઇમારત હોય તેમ દીસેછે, પણ અંદરથી ઘણો સારો સણગારેલોછે, અને એનો મોટો હૉલ જે તદન સંગેમરમરનાં પથરનોછે તે આખા યુરોપમાં સૌથી મોટાઓમાંનો એક ગણાયછે. તેની ઉંચાઇ ૧૦૦)ફીટ, લંબાઇ ૧૧૭)ફીટ, અને પોહોળાઇ ૫૭) ફીટછે. એની બાજુઓપર દીવાલોમાં નકસીકામ તથા પુતળાં અંદરથીજ સખલાં સંગેમરમરનાં પથરનાં કોતરેલાંછે, તથા તેજ મુજબ આખા મેહેલનાં ઘણાખરા ભાગમાં હેઠળથી નજદીક ૧૨) ફીટની ઉંચાઇ સુધી પણ બધે સંગેમરમર જડી લઇ તે ઉપર ફુલો, માણસો, જનાવરો વગરેની ઘણી સરસ નકસી કીધેલીછે. એ મેહેલનો પાયો ૧૩૬૫૯) થાંભળા જમીનમાં ડાટી તે ઉપર બાંધેલોછે. એમ કરવાનું કારણ એકે એમસ્ટરડામનું આખું શહેર તો શું પણ હાલંડ દેશનાં બીજાં ઘણાંખરાં શેહેર દરીઆની સપાટીથી નીચેછે. (એ મુજબ દુનયામાં બીજે કોઇપણ દરીઆની સપાટીથી હેઠળ શહેર વસાવેલાં નથી) હવે એ દરીયાને અટકાવવા સારૂં જે બાજુપર દરીયો આવ્યોછે ત્યાં મોટા મોટા પુશતા બાંધી લીધાછે અને પાણીને ઉભરા જતાં અટકાવ્યુંછે, પણ જમીન જે પોચી રેતી તથા ચીકણી મતોડીનીછે તેમાં પાયો અમથો રહે નહીં તેથી થાંભળા દાટીને ઘરો બાંધવાની ફરજ પડેછે, તથા દરીઆનું પાણી કાહાડી નાખવા સારૂં શેહેરની વચમાંથી નેહેરો બાંધી લીધીછે જે વાટે વહેવાર પણ સારો ચાલેછે, અને ઘણાંખરા મોહોલાઓ તેની આસપાસ બાંધેલા હોવાથી જાણે એમસ્ટરડામ શેહેર આખું પાણીમાં બાંધેલું હોય તેમ લાગેછે. એ કેનાલોને લીધે એ શેહેરનાં ૯૦) ટાપુઓ બની ગયાંછે, અને તેઓને એકએક સાથે જોડવા સારૂ ૩૦૦) પુલ બાંધ્યાછે. કોઇ કોઇ નહેર તો ૧૪૭) ફીટ પોહોળીછે, અને તેવી ત્રણ મોહોટીમાંથી બીજી નાખળો નહેરો આસપાસ ફુટીછે, જે આસરે ૭૦) હશે, અને તે બધી નો ઘેરાવો ૯) માઇલનોછે જેની આસપાસ બેહુ બાજુપર ઝાડો રોપી રસતા અને ઘર આવેલાં હોવાથી દેખાવ રોણકદાર લાગેછે. પાદશાહી મેહેલ જોઇને પછી

રીક્શ (Rijks)નું મયુઝીયમ જોવા ગયા હતા, જ્યાં વખણાયલા ઉસ્તાદોને હાથનાં પીકચરોનો જમાવ કીધેલોછે, તેમાં રામબ્રાન્ટનાં સૌથી સરસ Night's watch & Syndics કરીને ચીત્રોછે. એ ચીત્રો સને ૧૬૪૨ માં અને ૧૬૬૧ માં એણે પાડયાં હતાં. એ પીકચર ગેલેરો હોલંડ દેશમાં સૌથી સરસ ગણાયછે, અને તેમાં આસરે ૫૫૦) પીકચરો ઘણાખરા સ્વદેશી ઉસ્તાદોને હાથનાં પાડેલાંછે, જેમાં ઉપર જણાવેલો રામબ્રાન્ટ ઉપરાંત વાન્દેર હેલસ્ટ, (Vander Helst) મીરેવેલ્ત (Meerevelt) ઇત્યાદીછે.

એ જોઇને પછી ઇંગ્લંડનાં ક્રીસ્ટલ પેલેશનાં જેવા ઉપયોગમાં આવવા સારૂં Industrial Palace જેને Paleis Voor Volksvlijt કરીને ડચ ભાષામાં કહેછે તે જોવા ગયા હતા. એ લોખંડ તથા કાચનો બાંધેલોછે, તેની લંબાઇ ૧૩૮) વાર, પોહોળાઇ ૮૮) વાર, અને એનો ગુંબજ ૧૮૭) ફીટ ઉંચોછે. એ ગુંબજની હેઠળનાં દીવાનખાનામાં ૮૦૦૦) ગ્યાસની બત્તીઓથી લાઇટ કરેછે, તથા તેમાં ૧૨૦૦૦) માણસો બેસી શકે છે. અહીંયાં કોનશરટ તથા એકઝીબીશન વારા ફરતી ભરેછે. એ મહેલ સને ૧૮૬૪ માં નવ વરસે બંધાઇને તૈયાર થયો હતો, જે પર પંદર લાખ ફ્લોરીન ખરચ બેઠો હતો. એ જોઇને અતરેની ઝુઓલોજીકલ ગારડન જોવા ગયા હતા, જ્યાં જીવતાં જનાવરોનો ઘણો સારો સંગ્રહ કીધેલોછે, અને તે યુરોપમાંનાં સૌથી સરસમાંનુ એક ગણાયછે.

એ જોઇને પછી એમસ્ટરડેમ શેહેરમાં ફરી આવ્યા હતા. અહીંયાંનાં રસ્તાઓ કાંઇ ઘણું મોટા નથી અને ઘેરો સાંકડાં તથા ઘણું ઉંચાછે. ઘરોનાં પાયા પાણીવાલી તથા પોચી જમીનમાં નાંખવાથી ઘણું મોટા ખરચો થાયછે, તેથી જમીન થોડી રોકીને માળો વધતા બાંધેછે. ઘણુંખરાં ઘરોનાં દાદર સાંકડાછે તેથી ઘરોમાં સામન લઇ જઇ નહીં શકયાથી તેવાં ઘરોને છેક મથાળેથી એક નાધળી "કરેન" રાખેછે, જે વડે બારીઓમાંથી મોટા સામન લેછે. ઘરોનાં મથાંળાઓ એન્ટવર્પ અને બરસેલસનાં ઘરોનાં મથાળાં માફક અણીદાર કીધેલાં હોયછે. એ શેહેરનું બારૂં મોટું છે, અને તેનાં ડંકાની બાંધણીથી પાણી શેહેરમાં આવતું અટકાવેછે. તેમાં મોટાં ૧૦૦૦) વાહાણો રહે એટલી જગ્યાછે. એ બારૂં જ્યાં એમશટલ નદી ઝુઇડર ઝી (Zuider Zee) દરીઆમાં પડેછે તે ભાગના દરીયાની બાંધમા બનાવેલું છે. એમસ્ટરડેમ શેહેરની વસતી સને ૧૮૮૦ ની સેનસસ મુજબ ૩૧૭૦૨૧) માણસોની છે, અને તેમાં યાહુદીઓની વસતી પણ સારીછે. હીરા કાપવાની બાબદમાં એ શેહેર જે વખણાયલું છે તે એ યાહુદીઓથીછે. અહીંયાં આપણી રાણી પાસે જે કોહીનુર હીરોછે તે પણ કાપ્યો હતો. આજે સનીવાર હોવાથી યાહુદીઓ કામ કરતા ન હતા તેથી હમોથી હીરા કાપવાનું કારખાનુ જોવાને બન્યું નહીં. એ શેહેરનું નામ એનો પેહેલો વસનાર એમસ્ટલનો કોઇ લૉર્ડ હતો જેને ડામ્સ અથવા પુરણી બાંધીને પાણી અટકાવ્યું તેથી એમસ્ટલ ડેમ નામ પરથી એમસ્ટરડેમ થયુંછે. એમસ્ટરડેમનુ લોક જીનદારૂ પીવાનો ઘણો શોખ રાખેછે, અને તેને લીધે રાતનાં રસ્તાઓપર મોટે મોટે ગીત તથા ઘોંગ કરતા ફરેછે, અને તે મુજબ આજે રાતનાં પણ બે વાગા સુધી રસ્તામાં લોકો ઝુમ બરાડા મારયા કરતા હતા, અને હમારી સાથે હોટલમાં બીજા દેશનાં લોકો જે ઉતરેલા હતા તેઓ પણ એવી ફરીયાદ હમેશાંની કરતા હતા. પાણીની જગ્યામાં શેહેર આ-

વત્તાથી અહીંની જગ્યાની હવા કાંઇ સારી અને તનદરોશત નથી, અને ખુંધ નીકળી આવવાનો મરજ ઘણો સાધારણછે. હમોએ જેટલા ખુંધા મરદ તથા ઔરત આ દેશમાં જોયાં તેટલાં બીજી ગમ કેડે જોયાં નથી. હમો એન્ટવર્પથી હોલંડ દેશમાં આવ્યા ત્યારથી કેડે ખેતીવાડી ઘણી જોઇ નથી, પણ બધે ચારાનું ઘાસ ઉગાડેલું છે. બધી જમીનનો ભાગ ઘણોખરો પાણીને લીધે ખેતીવાડીમાં વપરાઇ શકાતો નથી, પણ તેને સારૂં બધે ગટરો બાંધીને તેમાં તે પાણી વહેછે અને તેની નહેરો બણીને પાછું બાહાર કાહાડી નાંખેછે. એ સારૂં પવનચક્કીઓ ઘણી બાંધેલીછે, જેથી ગમે ત્યારે ખુંબો ચલાવીને નેહેરોમાં પાણી બાહાર કાહાડી નાખી શકેછે. જ્યાં બારૂં પાણી હોયછે ત્યાં કાંઇ થતું નથી, પણ નદીનું પાણી જોખી જમીનની સપાટીથી ઊંચું હોયછે તેથી ભીનાયલી જગ્યાપરથી પાણી કાહાડી નાખીને ખેતીવાડી કરેછે. હમેશાં પાણી ગમે એટલું (વરસાદ નહીં પડે તોપણ) મલવાથી તેથી જગ્યાપર પાક ઘણાં સરસ ઉતરેછે. હોલંડનાં લોકો મોટા વેપારી ગણાયછે અને એ લોકોને આપણે વલંદાને નામે ઓળખ્યે છીયે. હોલંડનાં બધાં ગામોમાં નહેરો બણી એક બીજા સાથે જોડી નાંખ્યાથી વેપાર સારો ચલાવવા ઉપરાંત જમીનમાંથી પાણી ઓછું કરેછે, અને એની પુરણીઓને દર વરસે સમારવી પડેછે તે ઉપર આસરે સાહય લાખ રૂપીયા બરચ થાયછે. એ મુજબ નહીં તપાસ રાખે અને ડેમસ ફાટી જાય તો શહેરો પાણીમાં ડુબીને બરાબી થઇ જાય. એ પુરણી ભાગે તે વખતની ધાસ્તીનો વીચાર કરવો હોય તો એમાંની એકુ મોટી પુરણીની હેઠળ ઉભા રહીને તેની પેલી ગમ દરીબાના મોજા આપણાં માથાંની ઉપર ૧૬) થી ૧૮) ફીટ ઊંચા ઉછાળા મારેછે તે સાંભળવાથી માલમ પડશે. એટલી જમીન અહીંયાં દરીબાની સપાટીથી ૧૬) ફીટની ઉપર નીચીછે, અને તે જોવાથી એ ડચ લોકોની કેહવત છે કે "બાદાએ દરીઓ બનાબ્યો અને હમોએ કીનારો બનાબ્યો" તે બરો કહેછે. એની મોટી નહેરો ૬૦) ફીટ પોહોળી અને ૬) ફીટ ઊંડીછે, અને તેમાંનાં પાણીની સપાટી તો શું પણ કોઇ ગમ નહેરનું તળીયું પણ જમીનથી ઊંચું રહેછે. કેટલીક જગ્યાપર પાણીનાં સરોવર બનેલા હતા, તેની આસપાસ નહેરો બણીને પાણી કાહાડી નાંખી તેની જમીનપન કામમાં લેછે. એ શહેરનો વેપાર ઘણો મોહોટોછે, અને આજેબી યુરોપનાં બીજાં મોહોટાં વેપારી શહેરોનો બરાબરી કરી શકેછે. અંગ્રેજોએ હીંદુસ્થાનમાં પગ પેસારો કીધો તેની આગમજ એ વલંદા લોકો સીવાય યુરોપનાં કોઇબી બીજાં દેશવાલા પુર્વ તરફનો વેપાર કરતો હતો નહીં. ડચ લોકોને ત્યાં આજરી કોઇ હોયછે તો તેનાં ઘેરનાં બારણાપર તેની તબીયત વીશ કાગજ ચોંટાડેછે, જેથી બબર લેવા આવનારાઓને અંદર જવાનું કારણ નહીં હોવાથી ઘરનાં લોકોને તેથી આજરીની માવજત કરવામાં અડચણ પડતી નથી. એ લોકોનું હારલેમ કરી ગામછે ત્યાં છોકરાંનો જનમ થાયછે, તો તે જણાવવા સારૂં કાગજપર લખી તેને લાલ રેશમની ફીટ લટકાવી બારણાં ઉપર ટાંગેછે, તથા દોસ્તોને તે વખત કેક અને બાઇન પાયછે. અહીંયાંનાં દેવલોનાં મીનારાપરનાં ઘડીયાળોનાં ઘાંટ દર બ કલાકે બાગેછે તેમાં ઘુંગરા મુકેલા હોવાથી ઓપેરાનાં તથા બીજા રાગો હમેશ બાગેછે. ડચ લોકો ઘરબાર ઘણું સુઘડ અને સાફ રાખેછે. એ લોકો કમાવાને રોજગારથી હાથ ઉઠાવી લેછે ત્યારે આસપાસનાં દેશમાં મજાના નાધળા બંગલા બાંધી બાગો કરી તેમાં રહેછે, અને તેવા બંગલાઓને

તરાંહ તરાંહનાં નામો આપેછે, જેમકે Lust en Rust, (Pleasure and Reposo) સુખીત આરામ, Wel Twreden, (Well content) સંતોષ, Mijn Genoegen, (My satisfaction) મારી તરફી, Mijn Lust en Leven, (My pleasure & life) "Friendship and Sociability" દોસ્તી ને મીલનસારી, "Joy with Peace" નીરાંતભરી ખુશી, "Large enough," કુશાદેહ "Without care," બેજંજાલી ઇત્યાદી. હોલ્લંડ દેશમાં જ્યાં જ્યાંયે ત્યાં પવન ચક્કીઓ ઘણી દીસેછે, અને તેથી કરીને અનાજ દલવાનું, લાકડાં વેહેરવાનું, તમાકુનાં પાતરાં કાપવાનું, કાગજ બનાવવાનું, ઇત્યાદી કારખાંનાં ચલાવેછે; પણ અગતનું કામ ઉપર જણાવવા મુજબ હેઠાણની જમીનમાંથી પાણી કાહાડી નાખવાનું એનેથી લેછે. કોઈ કોઈ પવન ચક્કીઓ ઘણીજ મોહોટી આસરે ૬૦) ફીટ ઊંચા સડની હોયછે. એમસ્ટરડામ શેહેર હોલંડનું પાયતખ્તછે. હાલનો હોલંડ દેશનો પાદશાહ ત્રીજો વીલીયમ સને ૧૮૪૯ માં તખ્ત ઉપર આવ્યો હતો. એ દેશ ૧૩૦૦૦) ચોરસ મૈલ વીસતારમાંછે, અને એની વસતી ૪૦૩૭૦૦૦) ની કહેછે, જેમાં બે પંચમાઉશ ભાગ રોમન કેથોલીક તથા ૭૦૦૦૦) યાહુદીઓછે. એ દેશના એશીઆમાં સંસ્થાનો મોહોટાંછે, તેમાં જાવા, સુમાત્રા, બોરનીઓ, સીરીબીશ, ઇત્યાદી મુખ્યયછે, અને જેનો વીસતાર ૬૬૦૦૦૦) ચોરસ મૈલનો તથા વસતી હડી કરોડની છે. એનો સરકારી આવક (સંસ્થાનોની નહીં ગણતાં) આસરે સાડા નવ કરોડ રૂપીયાની અને ખરચ તેથી કાંઈક વધારે થાયછે. એનું કરજ સને ૧૮૭૯ માં આસરે ત્રણ કરોડ રૂપીયાનું હતું. એનું લશકર હોલંડમાં ૬૪૦૦૦)નું અને સંસ્થાનોમાં ૩૯૦૦૦) નું મલી ૧૦૩૦૦૦) છે, તથા લડાઈનાં ૧૧૪) બારકશો ૫૦૦) તોપોનાં હમેશાં તૈયાર રાખેછે. અહીંયાનાં ધારાનો વહીવટ રૈયતે ચુંટી કાહાડેલા ૧૧૯) જણાં ચલાવેછે, પણ પાદશાહની પોતાની પ્રીવી કાઉનશીલ સાથે સાત પ્રધાન પોતેજ ચુંટી કાહાડેછે તે તથા સ્ટેટ કાઉનશીલનાં બીજા ૧૪) મલી પાદશાહને મદદ તથા સલાહ આપેછે.

તા૦ ૨૮ મી આગસ્ટ ૧૮૮૧—આજે સવારનાં કલાક ૭-૨૫ ની ટ્રેનમાં એમસ્ટરડેમથી નીકળેલા રાતનાં કલાક ૭-૩૦ પારીશ શેહેરમાં આવી પુગા, અને કોનટીનેન્ટલ હોટલમાંજ પાછો ઉતારો લીધો હતો.

તા૦ ૨૯મી આગસ્ટ ૧૮૮૧—આજે રાતનાં પાલેસ ડી ઇનડશટરીમાં ઇલેકટરીક એકઝીબીશન ઉઘાડેલું છે તે જોવા ગયા હતા. આગલ હમોએ પારીશમાં એવી રીતનું એકઝીબીશન અધુરૂં મુકયું હતું તે આજે બરોબર ફરીને ઇલેકટરીક લાઇટથી જોયું. તેમાં છેક મોટી રોશની (Revolving light) કે જેની સામે ઉઘાડી આંખે આપણે જોઇ નહીં શકીયે તેવી તે છેક ઝીણી બતી (કોપરેલની ટમબલરમાં બાલીએ છીયે તેટલી) સુધીની ત્યાં વીજલીની લાઇટો કીધેલી હતી. વીજલીની બતીથી ત્યાં ઘણાં જણાંઓનાં ફોટોગરાફ પણ પાડતા હતા, અને ઓપેરા હાઉસ જે એ જગ્યાથી ઘણો દુરછે, ત્યાંનુ ગાવાનું ટેલીફોન વાટે એક ઓરડામાં સંભળાવતા હતા. એ ઉપરાંત બીજા સંચાઓ વીજલીનાં જોરથી ચલાવતા હતા.

તા૦ ૩૦મી આગસ્ટ૧૮૮૧—આજે હીંયાંની મોટી દુકાન ગ્રાંડ મેગેઝીનસ ડ. લુવર (Grand Magazins du Louvre) કરીને છે તે જોવા ગયા હતા. એ દુકાન લુવર મેહેલની સામે આવેલીછે, અને તેની ઇમારત આખા મોહોલા જે-

ટલી મોટીછે, તેમાં રોજનાં ૨૫૦૦) માણસો કામે લાગેછે, જેઓને લાવ લઇ જવ કરવા સારૂં ૬૦) ઘોડા તથા ગાડીઓ રાખેલીછે, અને તે ઉપરાંત સામન ઘેરેઘેર ઘરાકોને ત્યાં મોકલાવવાને બીજા પણ ગાડી ઘોડાછે. એ દુકાનમાં ટાંચણીથી તે આખા ઘરનાં ફરનીચર સુધીની ચીજો છે, તથા ઘરાકોને માળા ઉપર લઇ જવા સારૂં હાઇડરોલીક લીફ્ટ રાખેલીછે, તથા તેઓને તરસ લાગે ત્યારે દારૂ તથા સોડાવાટર મફત આપેછે. દરેક બાબદની ચીજોની જગ્યાઓ છુટી છુટી કરીને તે ઉપર ઓરતોને લગતી જીનસોપર ઓરતો અને મરદોને લગતી જીનસોપર મરદોને જાણે જુદી જુદી દુકાનો હોય તેમ રાખેલાંછે જેઓ પોતાને હસ્તકના માલના જવાબદાર રહેછે. માલ વેચે તેની નોંધો તરત કરવા સારૂં મેહતાઓ હારબંધ ટેબલોપર તૈયાર રેહેછે, અને સઘળું જેમ આપણે કહીયે તેમ પાછલથી ઘેર બરોબર પોહોંચતું કરી આપેછે. ઝુરશી તથા કોચોની લાઇનીંગની ફ્રેશન હમણાં ફેરવાઇને માદીન તથા મખમલને બદલે ઇરાંની ગલીચાઓ તે ઉપર જડી લેવામાં આવેછે, અને હમણાં તેનો ખપ ઘણો નીકળયોછે એમ ત્યાં સાંભળયું હતું.

એ જોઇને પછી એનાં જેવીજ બીજી મોટી દુકાન બો માર્ષે(Au Bou Marche) કરીને રૂ ડુ બેગ (Ru du Bag, 135) મોહોલામાંછે તે જોવા ગયા, જયાં ઉપલી દુકાન મુજબ સઘળો સામન વેચાયછે. એમાં ૨૬૦૦) માણસો કામે લાગેછે, અને સામન મોકળવા ૧૫૦) ઘોડા ગાડી રાખેલાછે. વરસ દહાડે એ દુકાનનાં મેનેજરનાં કેહેવા મુજબ ૫૦) કરોડ રૂપીયાનો માલ વેચાયછે, અને એટલો વેચાતો હોય તેમાં કાંઇ નવાઇ નથી; કારણ કે જે ૨૬૦૦) માણસો અહીંયાં કામે લાગેછે તેઓનો અમથો પગાર જો મહીને દહાડે ૩ ૬૦) (જે કાંઇ અહીંયાં ઘણું નથી) લેખે ગણીયે તોપણ વરસ દીને તેમના પગાર દાખલ ૧૮૭૨૦૦) રૂપીયા થાયછે; તે ઉપરાંત તેઓને સારૂં ગાડી ઘોડા તથા બપોરનું મફત ખાવાનું તથા મોટી દુકાનનુ ભાડું, સામનનાં સ્ટોકનું વ્યાજ સૌ ગણતાં હમો ધારીયે છીયે કે ઘણો મોટો ખરચ થતો જોઇયે. તે કાહાડવા તથા નફો કરવા જયારે આટલી મોટી રકમનો માલ વેચાય ત્યારેજ કાંઇ કમાઇ કરાય. એવી મોટી દુકાનો આખા યુરોપમાં ક્યે નથી. હમો ગયા ત્યારે જોકે "પુલ શીઝન" ન હતી અને મોટા લોકો બાહાર નીકળી ગયલા હતા, તોપણ જાણે કે મેળો હોય તેટલી ભીડ એ બેહુ દુકાનોમાં ચાલુ હતી.

તા૦ ૩૧મી આગસ્ટ ૧૮૮૧—આજે સાંજનાં પારીશ છોડી જઇયે છીયે તેથી એ શેહેરને લગતી થોડીએક હકીકત (Statistics) અતરે બાડેકરની ગાઇડ બુક પરથી જાણવાજોગ ઉતારી લીધીછે. પારીશ શેહેર ૩૦॥ મૈલ જગ્યા રોકેછે, અને ૨૧॥ મૈલ ઘેરાવામાંછે. એમાં ૩૦૦૦) મોહોલાઓ ૫૪૦) મૈલ લંબાઇનાછે; શેહેરમાં ૬૫,૦૦૦) ઘરો, ૮૦) સ્કુવેરશ અથવા ચોક, ૨૮) પુલ, ૮૦) દેવલો, અને ૩૫) થી ૪૦) નાટકશાળા તથા ૨,૦૦૦) ઉપરની જાહેર નીશાળોછે. એની વસતી સને ૧૮૭૭ ની ગણત્રી મુજબ ૧૯,૮૮,૮૦૬) માણસનીછે, તેમાં મોટો ભાગ રોમન કેથોલીકનોછે. ૮૭) ટકા લોકો વાંચી લખી શકેછે; વરસ દહાડે શેહેરમાં ૫૫,૦૦૦) જનમ અને ૪૮,૦૦૦) મરણ થાયછે, તથા ૧,૧૬૦૦૦) માણસોને ધરમ ખાતે પાળેછે. ઘેરનાં ચાકરો દાખલ એક લાખ માણસ કામ કરેછે, અને ૪૫૦,૦૦૦)માણસ કારીગરછે, જે દરેકને ૩) થી ૬)ફરાંક અને કોઇ કોઇને ૨૦) ફ્રાંક રોજનાં મલેછે. સને ૧૮૭૮નાં શા-

લમાં એ શહેરની આવક ૨૫,૪૮,૩૭,૧૩૨) ફ્રાંકની થઇ હતી અને ખરચ પણ નજદીક તેટલોજ હતો, તેમા કેલવણી આપવા પાછલ ૧,૦૪,૦૦,૦૦૦) ગરીબોને પાળવાપર ૧,૩૫,૦૦,૦૦૦) જાહેર રસતાઓપર ૧,૫૪,૦૦,૦૦૦), રસતાઓની લાઇટ પાછલ ૭૮,૦૦,૦૦૦) ગટરો પાછલ ૭૫,૦૦,૦૦૦), અને પોલીશ પાછલ ૨,૦૦,૦૦,૦૦૦) ફ્રાંક વરસ દીને બેસેછે. આવકમાં ઓરાકી પરના, વેરાનાં ૧૨,૦૦,૦૦,૦૦૦), જમીન તથા કુતરાંનાં કરનાં ૨,૫૦,૦૦,૦૦૦), મારકીટોનુ ભાડું ૧,૧૩,૦૦,૦૦૦), પાણીનો કુમપનીના ૮૯,૦૦,૦૦૦), અને ગ્યાસ કુંપનીનાં ૮૫,૦૦,૦૦૦) ફ્રાંક ઉપજેછે. વરસ દીને ૪૦,૦૦,૦૦,૦૦૦)નો અનાજ તથા વાઇન દારૂ ખપેછે તેમાં ૯,૬૦,૦૦,૦૦૦) ગ્યાલન સ્પીરીટ, ૩,૦૦,૦૦૦)ટણ પાંઉ,૧,૬૦,૦૦૦) ટણ ગોશ, ૪૦,૦૦૦)ટણ માછલી,૨૦,૦૦૦) ટણ શીકાર તથા મરધાં બટકાં, ૪,૦૦૦) ટણ. માખણ, ૩,૦૦૦) ટણ ઇંડાં, ૪,૦૦૦ ટણ પનીર, ૧૪,૫૦,૦૦,૦૦૦) ફ્રાંકની તરકારી, ૮૭,૦૦,૦૦૦) નો મેવો, ૩,૫૦,૦૦,૦૦૦)ની પેસટરી મીઠાઇ, અને ૩૭,૦૦,૦૦૦) ફ્રાંકનાં કાલુ ખપેછે. પારીશમાં છ અબજ કયુબીક ફીટ વરસ દીને ગ્યાસ ખપેછે, તેમાં એક અબજ અને અગ્યાર કરોડ કયુબીક ફીટ ગ્યાસ ૧૭૭) એનજીનોમાં કોલસાને બદલે વાપરેછે, અને બીજા નવ કરોડ કયુબીક ફીટ ગ્યાસ નાટકશાળાઓમાં બલેછે તેનાં તેઓ સાડા સાત લાખ ફ્રાંકો આપેછે, જે હીસાબે ૮) ફ્રાંકે હજાર કયુબીક ફીટ ગ્યાસના કીમત થાયછે. આરટીઝીયન કુવાછે તે તથા બીજાં વાટર વરકસ દરરોજ નવ કરોડ અને ૫૦) લાખ ગ્યાલન પાણી પુરૂં પાડેછે. હીંયાંની મ્યુનીસીપાલીટીનુ કરજ છે, તેનું વ્યાજ ૧૦,૬૪,૫૦,૬૧૪) ફ્રાંક ભરવું પડેછે. એવું બધુંજ ગંજાવરછે. આજે રાતનાં ૮) વાગે પારીશ શહેર આગગાડીમાં બેસીને છોડયું હતું. એ શહેર હમોને બધુંજ પસંદ પડયું અને જેમ જેમ તેને જોતા ગયા તેમ તે વધતું મરસ લાગતું હતું. હીંયાંનુ લોક જાતે નમનતાભર્યાછે, અને આપણને પોતે વાત કરાવવા આવે તથા જયાં જઇયે ત્યાં બધુંજ બધું નમનતાદથી હમોને પરદેશી જોઇને બતાવતા હતા. પારીશમાં જાણે ધંધો વેપાર હોય નહીં તેમ જયાંજી હમો મોહોલ્લાઓમાં કે બીજે કેઠે જતા ત્યાં બમથું લોક મોજ કરવા ફરતું હોય તેમ લાગતું હતું, અને મોજ મજાહ કરવાનાં મકાનો હામેહામ દીસતાં હતાં. એટલું મોજીલું શહેર બીજું આખા યુરોપમાં નથી એમ કહેછે, અને હમોએ જે જોયું તે પરથી તેમાં કસો શક ઉત્પન થતો નથી.

તા૦ ૧ લી શપટેમબર ૧૮૮૧— આજે બવારનાં ૮) વાગે કોલાંન (Cologne) કરી જરમનીનાં એક શહેરમાં પુગા. એ શહેર પારીશથી ૩૦૨॥ મૈલ દુરછે. ત્યાં ડીશ હોટલ (Hotel Disch) માં ઉતારો લીધો હતો. કોલોનનું કેઠેડરલ જે આખા યુરોપનાં મોટાં દેવલોમાનું એક ગણાયછે તે જોવા ગયા હતા. એ તદન પથરનું બાંધેલું છે. એનો પાયો પેહેલ વેહેલાં સને ૧૨૪૮ માં નાંખ્યો હતો. તે વખતે હમણાંનાં દેવલનો ડીશાઇન કોઇ મી૦ જીગરડે બનાવ્યો હતો. પાયો નાંખ્યા પછી કોયરનો ભાગ તૈયાર થયો; પણ ત્યાંનાં લોકો તથા આર્ચબીશપ વચેની મારામારીને લીધે તે છાપડાં વગર પડી રહયો હતો, તે સને ૧૩૨૨ માં પાછું કામ ચાલ્યું અને છાપરૂં ઉપર ચઢાવ્યું. એ પ્રમાણે મારામારીને લીધે કામ પાછુ અટકતે સને ૧૪૪૭ માં એનો "નેવ" તૈયાર કીધો. ત્યારપછી ઘણાં વરસો સુધી તે પર ધ્યાન આપ્યું નહીં હતું, અને

સને ૧૭૯૬ માં ફ્રેન્ચોએ જ્યારે એ શહેર લીધું ત્યારે એ દેવલને ધાસ ભરવાનો કોઠાર બનાવી દીધો હતો. પછવાડેથી વળી પૃશીયાના પાદશાહે તેનું થોડું થોડું કામ ચલાવે, અટકાવે એમ કરયા કીધું, તે છેક બરોબર કામ સને ૧૮૪૨ નાં શાલથી ચાલું કીધું તે હમણું છે તેમ તૈયાર સને ૧૮૭૬ માં થયું, જે વખતે ધણી ધામધુમથી શહેનશાહે પોતે આવીને એ ઉઘાડયું હતું. એપર છેલા વખતનો ખરચ સાત લાખ પૌંડ લાગો હતો. એ દેવલ ૧૪૮) વાર લાંબુ અને ૬૭) વાર પોહોળું છે. એનાં દીવાનખાનાની દેવાલો ૧૫૦) ફીટ ઉંચી અને છાપડાંની ઉંચાઇ ૨૦૧) ફીટ નીછે. એનો વચલો મીનારો જે તદન લોખંડનોછે, તે ૩૫૭) ફીટ ઉંચોછે અને એનાં બે મોહોડાં આગલના મીનારા દરેક ૫૧૧) ફીટ ઉંચાછે. એ દેવલનો આગલો ભાગ જ્યાંથી મીનારા બે કીધેલાછે, તે ધણોજ નકશીદારછે અને મીનારાપર નાધળા નાધળા હજારો મીનારા કોતરેલાછે, તેથી જાણે નકસીકામનો મીનારો હોય તેવું લાગેછે. એ મીનારાઓની વચમે અંદર દેવલમાં જવાનાં ત્રણ બારણાં કીધેલાંછે, તેનાં આરકાંપર વગર ગણત્રીનાં પુતળાં કોતરેલાંછે. એનો જેવો બાહારથી ભપકોછે તેવો અંદરથી નથી ; પણ સાદું બાંધેલુંછે. એના દીવાનખાનામાં બે હાર થાંભળાઓની કીધેલીછે, તથા અંદરથી એનાં આર્ચબીશપની ઘોરોનાં મોન્યુમેન્ટસ તથા રંગીન કાચની મોટી મોટી બારીઓ તેમની બાઇબલની વીગતો ચીત્રો સાથે મુકેલીછે. તે જોવા લાયકછે. એનો મોટો ઘંટ સને ૧૮૭૪ માં જે ફ્રેન્ચ તોપો જીતી હતી તે ગાલીને બનાવેલોછે તે ૨૫) ટણ વજનમાંછે. એનેથી બીજા બે નાધળા ઘંટ ૧૧) અને ૬) ટણ વજનમાંછે, જે સને ૧૪૪૭ અને ૧૪૪૮ માં બનાવેલાછે.

એ જોઇને . ી અત્રેનું મયુઝીયમ જોવા ગયા હતા. એને Wallraf Richartz Museum કરી કહેછે. એ જગ્યા માફકસર મોટીછે, તથા અહીં ધણો બરો પીકચરોનો સંગ્રહછે, તેમાં કોઇ કોઇ સારા ઉસ્તાદોને હાથનાંછે. એમાં એક પીકચર હમણાંનાં જરમનીના શહેનશાહની માયનું છે, જે ધણું સરસ પાડેલું છે. તે પાડવાને બરલીનનાં એક ચીતારા ગુસ્તાવ રીકટાર (Gustav Richtar)ને ૧૧,૦૦૦) પૌંડ આપ્યા હતા. એ સને ૧૮૭૮ માં પાડયું હતું અને હીંયાં અમયું જોવા મુકેલું છે. એ પીકચરો ઉપરાંત થોડાંએક પુતળાં, કાંઇ પોટરી વરક (માટીકામ), અને આગલા વખતનો મોઝેઇક વરકછે. તે ચોથી સદીના જમાનાનુછે, જેમાં અસલનાં યુનાની ફીલસુફ, ડાયોજીનીસ, સોકરેટીશ, એરીસ્ટોટલ, સીસેરો, પલેટો, કલીયોપ્યુલસ, અને સોફોકલીસની તસવીરો પાડેલીછે. એની બનાવટમા થોડો ભાગ કાચનાં કટકા પણ વાપરેલાછે.

એ જોઇને પછી સેંટ પીટરસનું દેવલ જોવા ગયા હતા. એ દેવલ માફકસરનું છે, અને ધણું જોવા લાયક નથી ; પણ એની અંદર રૂમેન ચીતારાનું (હીંયાંનાં લોકોનાં કેહેવા મુજબ) સર્વોત્તમ પીકચર મુકેલું છે, જેમાં સેંટ પીટરને ખીલા મારેલા પાડેલા અને તેને ઉંધા કીધેલાછે ; તેથી તે પીકચરને જોવા સારૂં સાથે એક ઇસ્ટાંડ મુકેલું છે જેની હેઠાણમાંથી વાંકા વળીને જોવાથી તેના મુખી બરોબર માલમ પડેછે. એ પીકચરને પણ નેપોલીયન પારીશ ઉંચકી લઇ ગયો હતો જે સને ૧૮૧૪ માં પાછું અહીંયાં લાવ્યા હતા. એ પીકચરનાં રૂશીઆનાં શહેનશાહે એક મીલીઅન રૂબલ (દશ લાખ રૂપીયા) આપવા કહયા તોપણ વેચ્યું નહીં એમ કહેછે. એ પીકચરને આલટર પર મુકેલું છે

અને તેને પીવટથી ફેરવી શકેછે. એનાં પાછલા ભાગપર ક્રાઇશટનું પીકચર "ક્રુશીફાઇડ" કોરેલું પાડેલુંછે, તે હમેશાં ઘણુંખરૂં દેખાયતું રાખેછે; પણ સેંટ પીટરનું પીકચર કોઇ જોવા માગેછે તેની પાસેથી દોહડ માર્કની ફી (એક માર્કની કીમત એક શીલીંગછે) લેઇને દેખાડેછે.

એ જોઇને પછી હમો કોલોન શહેરમાં ફરવા હતા; એ શહેર મોટું છે, અને તેની વસતી આસરે ૧,૩૫,૫૦૦) માણુસોનીછે. એની ઇમારતો તથા રસ્તાઓ સારા પણ ઘણાખરા સાંકડાછે. શહેરની વચમાં રાહીન નદી આવેલીછે તેના કીનારે લોકોને ફરવા સારૂં મજાનો રસ્તો બાંધેલોછે. નદીપર એક લોખંડનો મોટો પુલછે, જેનો એક બાજુપરથી આગગાડી અને બીજી બાજુપરથી ગાડી ઘોડા આવજાવ કરેછે. બીજે પાર એક નાધણું ગામ ડેનઝ (Dentz) કરીનેછે, તે આસરે ૧૪,૫૦૦) માણુસોની વસતીવાલું છે. એ પુલ ઉપરાંત એક બીજો મોટોનો પુલ થોડે દુરથી બાંધેલોછે, અને તે પરથી માણસ તથા ગાડી ઘોડા આવજાવ કરેછે. લોખંડવાલા પુલ ઉપર બેહુ છેડે હમણાનાં જરમનીનાં શહેનશાહનાં બે પુતળાં ઘોડાપર બેસાડેલાં પાડેલાંછે. સાંજનાં અતરેની ઝુઓલોજીકલ ગારડન જોવા ગયા હતા, જયા જીવતાં જાનવરોનો સારો સંગ્રહ કોરેલોછે. એનીજ પાસે બોટેનીકલ ગારડન આવેલીછે. તે કાંઇ ઘણી જોવા લાયક નથી. એ કોલોન શહેર હાલ પ્રશીઆના હાથમાંછે, અને રાહીન નદીપરનાં જીલ્લાઓનુ સહુથી મોહોટું શહેર ગણાયછે, તથા વેપારમાં પણ જરમનીનાં બીજાં મોટાં શહેરોની બરાબરી કરેછે. એની વસતીનો ૬ ઠ્ઠો ભાગ કેથોલીકધછે. એ સધળું જોઇને રાતનાં આઠની ટ્રેનમાં બેસીને કોલોન શહેર છોડયું હતું.

તા૦ ૨ જી શપટેમબર ૧૮૮૧— આજે સવારનાં આઠ વાગે બરલીન જે જરમનીનું પાયતખ્ત શહેર કોલોનથી ૩૬૨॥ મૈલ દુરછે ત્યાં આવી પુગા, અને સેનટરલ હોટલ (Central Hotel)માં ઉતારો લીધો હતો. એ હોટલ બરલીનમાં સૌથી મોટું અને સરસ કહેવાયછે, અને તે તા૦ ૫મી શપટેમબર ૧૮૮૦ એ ઉઘડયુ હતું. એમાં ૫૦૦) ઓરડાછે તથા એક ઘણી મોટી કાચની કનશરવેટરી બાંધી તેમાં શીયાળાનાં દીવસોપર કોનસર્ટ કરેછે. એ કનશરવેટરી ૨૫૦)ફીટ લાંબી અને ૭૫)ફીટ પોહોળીછે.

પેનોપટીકમ (Panopticum) કરીને મીણનાં પુતળાંઓનુ સંગ્રહસ્થાનછે તે હમે આજે જોવા ગયા હતા, જયાં પૃશીઆનાં રાજવંશીઓ ઉપરાંત બીજાં ઘણાં જાણીતા શખ્સોનાં મીણનાં મોટાંક પુતળાં એકઠાં કોરેલાંછે. એ જગ્યાપર જીવતાં જોડીયા છોકરાઓ સાથે વળગેલાં હમોએ જોયાં હતાં, જેઓ થાપા આગલથી વલગી ગયલાં હતાં. તેઓની ઉમર આસરે બે થી ત્રણ વરસની હશે અને તેમાંનું એક છોકરૂં ચાલતું હતું, ત્યારે બીજું છોકરૂં જે નબલું હતું તે પાછલથી ઘસડાતું હતું; તોપણ તે દરકાર નહીં કરતું હોય તેમ રમતું અને હસતું ચાલતું હતું.

એ જોઇને પછી "એકવેરીઅમ" જોવા ગયા હતા, જયાં ઘણી જાતની માછલીઓ ઉપરાંત મોટાંક જમીનનાં જાનવરોનો પણ સંગ્રહ કોરેલો હતો.

તે જોઇને પછી શાહનશાહ વીલીયમનો મહેલ જોવા ગયા હતા. એ મહેલ માફકસર મોટોછે અને તેમાંનું ફરનીચર તથા સણગાર પણ સાદોછે. એનું નાચવાનું દીવાંણખાંનું છે ત્યાં અવાજના પડધા ઘણા સરસ થાયછે. જો આપણે એક બોલ બોલીએ છીએ, તો એક નાકેથી બીજા

નાંકાસુધી તેનો પડઘો જાણે દોડતો હોય તેમ લાગેછે. એ ઓરડો ગોળછે અને તે પર ગેલેરી કરેલીછે. હાલનાં શાહનશાહને પરણ્યાને ૨૫) વરસ પુરાં થયાં ત્યારે એ લોકોનાં ધારા મુજબ તેને રૂપેરી લગન (Silver wedding) કહીને ધણી ધામ-ધુમ કરેછે. તે વખતે એને ગામેગામથી ધણીએક ચીજો રૂપાંની બનાવેલી ભેટ મલી હતી તે અહીંયાં મુકેલીછે, તેમાં રોહમચાઇલડે બે હાથીઓ બનાવેલાં આપ્યાછે, તેની કીમત ૮૦,૦૦૦) ટાલર (ત્રણ શીલીંગનો એક ટાલર) કહેછે. એ શીવાય બીજું થોડુંએક જોવા લાયકછે.

ત્યાંથી નીકળેલા એ મેહેલની સામે ફ્રેડરીક ધી ગ્રેટનું ઘોડાપર બેસાડેલું બ્રોનઝનું પુતળું જોવા ગયા. એની બેહક-ની ચારે બાજુપર ચાર મોટા ઘોડાપર બેસાડેલાં પુતળાં પ્રીન્સ હેનરી ઓફ પ્રશીઆ, ડયુક ફરડીનાંન્ડ ઓફ બ્રીન્સીક, અને બે જનરલોનાં મુકેલાંછે, અને તેની વચમાં તે વખતનાં બીજા જાણીતા સેના-પતીઓનાં આદમકદ શામઝનાં પુતળાં મુકે-લાંછે, તથા તેની હેઠળનાં પેડસ્ટલનાં ભાગ પર તે વખતનાં વખણાયલા સોલજરો તથા અમલદારોનાં નામો કોતરેલાંછે. એ મુજબ એ ત્રણ થડનું મોન્યુમેન્ટ બના-વેલુંછે. ફ્રેડરીક ધી ગ્રેટ પાદશાહને પ્રશી-આનાં તખ્ત ઉપર બેઠાંને ૧૦૦) વરસ પુરાં થયાં તે દીને બયાને તા૦ ૩૧ મી મે ૧૮૪૦ ને દીને એનો પાયો નાંખ્યો હતો. એ પુતળું આખા યુરોપમાં સરસ ગણાય એવી મજની કારીગીરીનું બનાવેલું છે. તેને સને ૧૮૫૧ માં બુલું મુકવામાં આવ્યું હતું. એ બધી જગ્યાઓ ઉપર જણાવીછે તે (Linden) નામનાં બતરેના મુકુથી સરસ ૧૯૨) ફીટ પોહોળા મોહોલામાં આવેલીછે. તે મોહોલાને છેડે બ્રેનડનબર્ગનો દરવાજો આવેલોછે, એ ભાગળની માફક બાંધેલોછે અને તેની ઉપર ચાર ઘોડાની ગાડી મુકીછે, જેને એ લોકો કુવાડરીગા ઓફ વીકટોરીઆ (જીતની નીશાન) કરીને કહેછે. એ ભાગળ ઇયા દરવાજો ૨૦૫) ફીટ પોહોળો અને ૮૫) ફીટ ઉંચોછે, અને સને ૧૭૮૯–૯૩ માં બાંધ્યો હતો. એનો ઉપરનું પુતળું ફ્રેન્ચ લોકોએ જયારે બરલીન શેહેર સને ૧૮૦૪ માં જીત્યું ત્યારે ઉંચકી લઈ ગયા હતા; પણ સને ૧૮૧૪ માં તે પાછું આપ્યું હતું. એ ભાગળમાં પાંચ રસતા જુદા જુદા કાઢેલાછે, તેમાં બે રસતા માણસો સારૂં અને બે રસતા ગાડી ઘોડા સારૂં તથા વચમેનો રસતો શેહેનશાહ અને તેની ફે-મીલીને આવજાવ કરવા સારૂં રાખેલોછે. એ વચમેનાં દરવાજામાંથી કોઇને જવાનો હોકમ નથી.

હીંયાંથી નીકળેલા ટીયે ગારટન કરીને ફરવાનો પાર્કછે ત્યાં ગયા હતા. એ જગ્યા ધણી મોટીછે ; અને જેમ લંડનમાં હાઇડ પાર્કછે, તેમ લોકો ગાડી ઘોડામાં હીંયાં ફરવા નીકળેછે. પારકશોમાં મોટાં મોટાં ઝાડો મૈલનાં મૈલ લાંબા રસતાઓની બાજુપર નાંખેલાંછે તેથી તેની લાંબી ઘટા ધણી સારી લાગેછે. એ પાર્ક બે મૈલ લાંબો અને ૦।।। મૈલ પોહોળોછે, અને ૬૦૦) એકર જમીન રોકેછે. એમાં મોટાં પુતળાંઓ છુટાં છુટાં મુકેલાંછે.

તે પછી તેની આગલ એક મોટા બાગમાં હમણાંનાં શેહેનશાહના બાપ તથા મા દટેલાંછે, તેની યાદગારીનું માઝો-લીયમ જોવા ગયા. ઘોરનો દેખાવ બા-હારથી કાંઇ ભપકાદાર નથી; પણ જયાં અંદરથી તે લોકોને દાટી તે ઉપર યાદ-ગારીનાં તેઓનાં સુવાડેલાં પુતળાં મુકેલાં છે તે જગ્યા સંગેમરમરની બાંધેલીછે, અને તેનાં થાંભળા સફેદ તથા કાળા ભેલ રંગના પથરનાં બાંધી ઉપર જાંબુલા રંગની કાચની બારીઓમાંથી ઉજાસ નાંખેલોછે,

તેથી જાણે કાચના ઇયા કોરીનાં બનાવેલાં હોય તેવો દેખાવ આપેછે. એ બંધે જણાંઓનાં પુતળાં ઘણીજ સરસ કારીગીરીનાં બનાવેલાં ઘણું જોવા લાયકછે. ત્યાંથી નીકળીને પાછા ટીયે ગારટનને રસ્તે ફરતા (Das establishment Flora) કરીને એક બાગછે તે જોવા ગયા, જ્યાં કાંઇપણ જોવા લાયક હતું નહીં પણ થોડાંએક ઝાડો તથા ઘાસના ફોઆરા ઉગેલાછે.

ત્યાંથી નીકલેલા મોન્યુમેન્ટ ઓફ વીકટરી (Monument of Victory) જીતનો મીનારો જોવા ગયા હતા. એ મીનારો સને ૧૮૭૩ માં પ્રશીઆની જીતનો યાદગારી સારૂં બાંધેલોછે. તે ૨૮૦) ફીટ ઉંચો તથા આઠ સીડીનો તપો બાંધીને તે પર ગોળ આકારનો ગ્રેનાઇટ પથરનો બાંધેલોછે, અને તેની ઉપર બ્રીતન્નનુ ગીલીટ કીધેલું જીતનું પુતળું મુકેલુછે. એનાં પેડેશટલપર ચારે બાજુએ બરોનઝનાં ડેનમારકની લડાઇ સને ૧૮૬૪ નો, ક્રોનીગગટજની લડાઇ સને ૧૮૬૬ ની, સેડાનનો લડાઇ સને ૧૮૭૦ની, અને ફ્રેન્ચની લડાઇ સને ૧૮૭૧માં જીતીને લશકર પાછું ફરયું તેનાં ચીતારો પાડેલાછે. એ સ્થંભ એ મુજબ ત્રણ મોટી લડાઇઓ છેલી પ્રશીઅનોએ ડેનસ, ઓસ્ટ્રીઅન, અને ફ્રેન્ચોપર જીત્યા તેની યાદગારી સારૂં ઉભો કીધેલોછે. એ ઉપર જવા સારૂં અંદરથી સીડીઓ બાંધી લીધીછે.

અહીંથી નીકળેલા અતરેનુ ઇમપીરીઅલ ડાએટ ઇયાને પાર્લામેન્ટ હાઉશ જેને રાઇશ્સટાગ્સ ગેબાઉડે (Reichstags Gebaude) કરીને કહેછે તે જોવા ગયા. ૧૮૭૧ માં જ્યારે પ્રશીઆના રાજાને શેહેનશાહ કેડ્યો ત્યારે આ મકાન ઘણી ઉતાવળમાં બાંધ્યું અને અહીંયાં ત્યારપછી જરમનીની શેહેનશાહી ડાએટ ઇયાને પારલામેન્ટ ભરેછે, જ્યાં જરમન રાજનાં બીજાં શેહેરોનાં વકીલ Representatives એકઠા મલીને આપણાં પાર્લામેન્ટની માફક ધારા વગેરે પસાર કરેછે. એઓમાંથી ૩૯૫) જણાંને સેનેટ દાખલ ચુંટી કાહાડેછે, તેઓ સઘળા હેકાણાનાં ભાગમાં બેસેછે તથા ગામેગામનાં (મીનીશતરો) કારભારી આવેછે તે એક પલેટફોરમપર બેસેછે, જેઓનો સાથે પ્રશીઆનો મીનીશટર કાઉન્ટ બીશમાર્ક પણ બેશેછે. એ મેહેલ કાંઇ ઘણો ભપકાકાર નથી પણ માફકસરછે.

તા૦ ૩ જી સપટેમબર ૧૮૮૧— આજે સવારનાં બરલીનથી આસરે ૧૬) મૈલ દુર પોત્સદેમ (Potsdam) કરીને આસરે ૪૫,૦૦૦) માણુસોની વસતીવાલું ગામ, જ્યાં હીંયાંનાં બાદશાહોનાં મેહેલો (જેમ પારીશમાં વરસેલસનો ગણાયછે તેમ) આવેલાછે, તે જોવા ગયા હતા. એ જગ્યાપર જવા સારૂં સવારનાં ૮-૪૦ ની ટ્રેનમાં નીકળેલા ૯) વાગે ત્યાં પુગા, અને ત્યાંનો બેબલશબરગનો મેહેલ જે શાહાનશાહી મેહેલ દાખલ ગણાયછે તે જોયો હતો. એ મેહેલ સને ૧૮૩૫ માં બંધાયો હતો પણ કાંઇ ઘણો જોવા લાયક નથી; એમાં થોડાંક પીકચરોનો સંગ્રહ કીધેલોછે. ત્યાંથી નીકળીને "સાં સુસી" મેહેલ જોવા ગયા. એ મેહેલ ફ્રેડરીક ધી ગ્રેટે સને ૧૭૪૫-૪૭ માં બાંધ્યો હતો. એમાં દાખલ થવાનું દીવાનખાનું તથા જમવાનુ દીવાનખાનું એ બંધે સંગેમરમરનાં પથરના બાંધેલાછે. એમાં ફ્રેડરીક ધી ગ્રેટના દોસ્ત ફ્રાંસના વખણાયલા ફીલસુફ વોલટરને સારૂં ઓરડાઓ બનાવેલાછે તેની છત તથા દીવાલપર ફુલ અને જનવર તથા મેવાની બાકડામાં કોતરેલી તોરણ રોકી તગંહ પાડેલીછે તે ઘણી શોભાયમાન દીસેછે. પછી "ધી ન્યુ પેલેશ" કરીને ફ્રેડરીક

હી ગ્રેટ સને ૧૭૬૩ માં બાંધ્યો હતો તે જોયો હતો. તે ૬) વરસે ઘણું મોટા ખરચે બાંધીને તૈયાર કીધો હતો, અને પોત્સદેમ તો શું પણ આખા જરમની દેશમાં તેનો જોડયો નથી. એ મેહેલની દીવાલનો નીચલો ભાગ ઘણોખરો સંગેમરમરનોછે. એ બધામાં ગ્રોટો સલુન (Grotto Saloon) કરીને એક મોટું દીવાનખાનુંછે તે તદન જુદીજ નથી રીતે સણગારેલુંછે; તેની સઘળી ફરતી દીવાલોપર જાત જાતનાં કોડા તથા રંગીન ક્રીસ્ટલના કીમતી પથરોના કટકાથી સણગાર આપેલાછે,જેની મેળવણી એવી સરસ કીધેલીછેકે હમો તેની તારીફ કશી રીતે કરી શકતા નથી. એ મેહેલની ભોંય રંગીન લાકડાંથી જાત જાતની તરંહ પાડીને ઘણી પાલીશ કીધેલીછે. એનાં ૨૦૦) ઓરડાછે. તેમાનાં ઘણાખરા સારા સણગારેલાછે અને કોઇ કોઇ ઓરડાઓની દીવાલ તથા શીલીંગોપર રૂપાનાં ગીલીટનાં પત્રાંની ફુલોની તરંહ પાડેલીછે. ક્રાઉન પ્રીનસ (પાટવીકુવર)નાં વાપરવાનાં ઓરડાઓ ઘણું સરસ સણગારેલાછે. તેની દીવાલોપર ફ્રસની કીનખાબોનાં જોવા તથા રેશમી ઉંચી જાતનાં કપડાં જડેલાંછે; ઝુંમરો કોઇ કોઇ તો ક્રીસ્તલ પથરોનાં ઘણાં કીમતીછે; શીલીંગો તથા દીવાલો તથા બારી બારણાંપર સઘળે નકસી અને ગીલીટ કામ બનાવેલુંછે, તથા પીકચરોનો સારો સંગ્રહ કીધેલોછે. એ મેહેલનો ઠીયેટર રૂમ પણ સારો સણગારેલોછે, તેમાં ૬૦) બેહેઠો તદન મખમલની ગીલીટનાં હાથાઓની કીધેલીછે. એનો મારબલ સલુન ૧૦૦) ફીટ લંબાઇમાંછે. બધી રીતે એ મેહેલ જોવા લાયકછે.

એ જોઇને પછી શાર્લટન હાફનો મેહેલ જોવા ગયા, જે "ઇટાલીઅન વીલા"નાં જેવો સને ૧૮૨૬ નાં શાલમાં બાંધ્યો હતો. એમાં પીટર ધી ગ્રેટ પોતે બનાવેલી રૂપાં તથા સ્ટીલની ચુરશીઓ રાખેલીછે. એ મેહેલને લગતાં રોમન હમામો જોવા ગયા, જે અસલનાં હમામોની બાંધણી પર બાંધેલાંછે અને તેની દીવાલ, સીલીંગ તથા જમીનપર રંગીન પથરની તરંહ પાડેલીછે તથા વચમાં આખા ગ્રેનાઇટનાં પથરનું નાહાવાનું ટબ મુકેલું છે, જેની કીમત ૭૫,૦૦૦) પૌંડની કહેછે.

એ જોઇને સાંજનાં પાછા બરલીન આવ્યા, અને બરલીન શેહેરનાં મોટા મોટા મોહોલાઓ ફરી આવ્યા હતા. અહીંયાંનાં રસતાઓ કોઇ કોઇ ઘણાંજ મોટાછે, તેમાં ઉનટેર ડેન લીનટેર (Unter den Linter) નામનાં મોહોલાનો રસતો ૧૯૨) ફીટ પોહોળોછે. તેમાં ઘરોની બાજુપર પગથીઓ, પછી ગાડી ઘોડાનાં રસતાઓ અને તેની વચમાં પાછો પગ રસતો કરીને પાંચ રસતાનો એક રસતો બનાવી બધા ભાગોપર ઝાડ રોપેલાંછે. એ સીવાય બીજા ઘણાં રસતા કોઇ કોઇ તો ચાર મૈલ લાંબાછે, અને તે પર ઘરો ઘણાંજ મોટાં અને રોણકદાર ડોલનાં બાંધેલાંછે, તથા તે ઉપર નકશી તથા પુતળાંનો થાગજ નથી. ઘણા ખરાં બધાં ઘરોને બાહારથી ઓઇલ પેન્ટીંગનો રંગ મારવાથી જાણે નવાંજ રંગેલાં હોય તેવાં લાગેછે. પારીશ શેહેરનાં બાંધકામ તથા રસતા મોટાછે પણ અહીંયાંની રોણક અને કારીગરીની બરોબરી કરી શકશે નહીં, તેમજ લંડનનાં ઘરોની કારીગીરીને ટકર મારે એવી સરસ અને જોવા લાયકછે. આજે રાત્રે અતરેનાં ઓપેરાહાઉસમાં મીનોં (Minon) નામનો ફ્રેન્ચ નાટક જરમન બોલીમાં કીધો હતો તે જોવા ગયા હતા, જે જોકે હમો સમજ્યા નહીં તોપણ તેનું ઓપેરાનાં જેવું ગાયન ઘણું સરસ રીતે ગાતા તથા બજવી બતાવતા હતા.

તા૦ ૪ થી સપ્ટેમબર ૧૮૮૧— આજે સવારનાં ઝુલોજીકલ ગારડનસ જોવા ગયા હતા, જ્યાં જીવતાં જનવરોનો ઘણો સારો સંગ્રહ કરેલો છે. ત્યાં હાથીઓને રાખવાનું ઘેર હીંદુઓનાં ડેહરાનાં આકારનું અને થાંભળા હાથીઓનાં આકારનાં બનાવેલાછે; તથા બીજાં જનવરોને સારૂં પણ તેઓને રેહેવા લાયક ખડક યા ટેકડી તથા ઝાડો કરીને ઘરો બાંધેલાછે. એ સઘળાંની ગોઠવણી ઘણી પસંદ કરવા લાયકછે.

ત્યાંથી નીકળેલા ઝુનો મેહેલ જોવા ગયા હતા. એ મેહેલમાં શેહેનશાહ પોતે રેહેતો નથી પણ બાહારનાં વખણાયલા લોકો તથા રાજાઓ અહીંયાં આવેછે તેઓની મુલાકાત લેવા તથા મોટાં જાણું અને નાચ આપવા સારૂં વાપરવામાં આવેછે. હમણાંનો શેહેનશાહ પોતાનો મેહેલ જોને "શેહેનશાહ વીલીયમનો મેહેલ" કરી આગલ જણાવ્યોછે, તેમાં રહેછે. એ ઝુનાં મેહેલને રાયલ પાલેશ પણ કહેછે. એ મેહેલ સને ૧૪૫૧ માં એક કીલ્લા દાખલ બીજા ડલેકટર ડ્રેડરીકે બાંધ્યો હતો, પણ પાછલથી તેને બીજા રાજાઓ સુધારતા આવ્યા હતા, અને હમણાં તે એક મોટો ચોખંડ આકારનો મેહેલ થયોછે. તે ૬૫૦) ફીટ લાંબો, ૩૮૦) ફીટ ઊંડો, અને ચાર માળનોછે. તેની ઊંચાઇ ૧૦૦) ફીટની તથા તેની ઉપરનો ગુંબજ ૨૩૦) ફીટ ઊંચોછે. એ મેહેલમાં ૬૦૦) ઓરડાછે, તે બધા કાંઇ બાહારનાં લોકોને દેખાડતા નથી પણ પબ્લીક રીસેપ્શન (દીવાનેઆમ) તથા બાલરૂમ, વગેરે બતાવેછે. એક પેહેલા ઓરડામાં બત્તર મુકેલાંછે, તેને ગારડ રૂમ કહેછે, તથા બીજા ઓરડામાં ફરનીચર અને બીજી કીમતી ચીજોનો સંગ્રહ કરેલોછે, તથા છત ઉપર પેનટીંગસ તથા દીવાલો ઉપર ગીલીટ કામ સારૂંછે. એક ઓરડાને કીંગશ ચેમબર કરીને કહેછે તેમાં પૃથીઆનાં બધા પાદશાહોની મુખીઓ મુકેલીછે. એ બધા ઓરડામાં રીટર શાલ (Ritter Saal) કરીને તખ્તનો ઓરડોછે, જ્યાં શેહેનશાહ પાર્લામેન્ટ બેંધાડેછે, તે સૌથી સરસ સણગારેલોછે. એ ઓરડામાં એક નાધળો ગેલેરી રૂપાંની ગીલીટનાં પતરાંની બનાવેલી ઘણી નકસીદારછે. એ ઉપરાંત એ ઓરડાની આરશીઓ, શીલીંગની કોરનીસ સઘળું રૂપાંની ગીલીટનુ કરેલું છે. તેને વાસતે કહેછે કે એ અસલ સઘળું ખરાં રૂપાંનું બનાવેલું હતું, પણ ફ્રેડરીક ધી ગ્રેટને લડાઇઓમાં ખરચ ઘણો થયાથી તે સઘળું ગાલી કાહાડી તે બદલે ગીલીટનાં પતરાંનુ મુકયું હતું. એ ઓરડાનો છતોપર એવી તો સરસ નકસી કરીછે કે જાણે રેશમી ભરેલું કપડું તેપર ખરેખર જડેલું હોય તેમ દીસેછે. એ મેહેલમાં "વાહીટ શલુન" (White Saloon) કરીને નાચવાનો ઓરડો ઘણો મોટો અને સરસ સણગારેલોછે. તે ૧૦૫) ફીટ લાંબો, ૫૦ ફીટ પોહોળો, અને ૪૦ ફીટ ઊંચોછે, તેમા ઝુંમરોમાં ૮૦૦૦) મીણબતીઓથી લાઇટ કરેછે. તે મીણબતીઓને તાર ઇયા દોરાથી મેલવેલીછે, જેથી જો એક નાંકેથી દોરી સલગાવેછેતો સઘળી મીણબતીઓ એકદમ સલગી ઉઠેછે. આથી વખત ઘણો બચેછે. એ મેહેલમાં જોવાલાયક ચીજોમાં સોનાં તથા રૂપાંની પાદશાહી પલેટ દીવાલોપર ગોઠવીને મુકેલીછે, ને રૂપાંનોજ આઠ ફીટ ઊંચો એક થાંભળો હમણાંનાં શેહેનશાહને તેનાં લશ્કર તરફથી ભેટ મલેલો (સને ૧૮૬૭નાં શાલમાં એને લશ્કરી અંમલદારી ચલાવતાં ૬૦) વરસ પુરાં થયાં ત્યારે ભેટ કીધો હતો) તે તથા બીજી ભેટ દાખલ મલેલી ચીજોછે. એનો એપલ ઘણો સારો બાંધેલાછે. તે ૧૧૩) ફીટ ઊંચાઇ અને ૭૫ ફીટ ઘેરાવામાંછે.

એનો ઓલટર તથા કરોશ પીલા ઇજીપશીઅન મારબલનો ઘણો સરસ બનાવેલોછે, તથા તેની જમીન રંગીન સંગેમરમરનીછે. એ એપલ બાંધવાપર ૧૭) લાખ રૂપીયા ખરચ થયેછે.

એ મેહેલ જોઇને ધી રોયલ મ્યુઝીયમ જે મેહેલની સાંમેછે તે જોવા ગયા હતા. એ મ્યુઝીયમની બાહાર એક ઘણુંજ મોટું એકજ ગ્રેનાઇટનાં પથરનું બનાવેલું વાઝલું મુકેછે, જેનો ઘેરાવો આસરે ૨૧) ફીટ હશે. એને થાંભલાઓ કીધેલાછે, અમારતની અંદર જે થાંભળા તથા સીડીઓછે તે આખા સંગેમરમરનાં પથરનાંછે, અને એમાં ઉસ્તાદ ચીત્રકારોની અસલ તેમ તેની નકલનાં પીકચરો તથા પુતળાંઓ બનાવેલાં મુકેલાંછે.

ત્યાંથી નીકલેલા પીકચર ગેલેરી જોવા ગયા હતા, જે પણ સારી તરાંહની બાંધેલીછે અને જેમાં પીકચરોનો ઘણો સારો મેલાવડો કીધેલોછે. એની શરૂઆત સને ૧૮૨૧માં મી૦ શોલી (Mr. Solly) કરી કોર્ઇ અંગ્રેજનાં એકઠા કીધેલાં પીકચરો ૭,૫૦,૦૦૦) ડાલરે વેચાંતાં લઇને કીધી હતી, અને પછી તેમાં પાદશાહોનાં પોતાનાં તથા બીજા ઘણાઓએ એકઠાં કીધેલાં ચીત્રો આપવાથી સારો જોડો થાયલોછે. એમાં પાછલથી બીજાં પીકચરો વેચાતાં લઇને ઉમેરો કીધામાં આવ્યોછે. તેમાં શુમ્બર મોનડટ કલેકશનનાં ૫૦૦૦૦) પૌંડ આપીને તેમાં ઉમેરયાં હતાં.

એ જોઇને પછી હોહેનઝોલ્લર્ન(Hohenzollern) મ્યુઝીયમ જોવા ગયા હતા. એ મ્યુઝીયમમા હોહેનઝોલ્લર્ન ખાનદાનને (જેનો વડો હાલ જરમનીનો શેહેનશાહછે) લગતી એકઠી કીધેલી ચીજોનો સંગ્રહ કીધેલોછે. તેમાં અસલમાં જયારે એ ખાનદાનનાં ઇલેકટરો કહેવાતા હતા ત્યારથી તે હમણાંનાં શેહેનશાહ સુધીનાને લગતા જુદા જુદા ઓરડા કરી તેમને ભેટ મલેલી ચીજો, પેહેરવાનાં કપડાં, ઢોલીયા, કનાત, ઇત્યાદી તેમજ તેઓની અને તેઓની રાણીઓની તસ્વીરોછે. તેમાં હમણાંના શેહેનશાહાનાં બાપનાં ઓરડામાં નેપોલ્યન બોનાપાર્ટને એનાં વખતમાં હરાવ્યો હતો તેનાં બધા ચાદો ગામેગામનાં મુકેલાછે. હમણાંનાં શેહેનશાવાલા ઓરડામાં એનાં સુનેરી લગન (Golden Wedding) એટલે એનાં લગન થયાને ૫૦) વરસ પુરાં થયાં તેની મુબારકબાદીમાં ગામેગામથી ભેટ આવેલી ચીજો મુકેલીછે. એને શેહેનશાહ કીધો તે વખતે જરમની દેશનાં બીજા રાજવંશીઓએ રૂપાંનો એક ગુંબજ બનાવી તેમાં ભેટ આપનારાઓનાં રૂપાંનાં બસ્ટ આડકાંમાં ગોઠવી તેમનાં કોટ ઓફ આરમ્સ મથાળે પાડીને બનાવેલું આવેલું તે ઘણુંજ સરસ અને જોવા લાયકછે. એની કીમત ૨૫,૦૦૦) રૂપીયા કહેછે.

આજે રાતનાં દશ વાગે આગગાડીમાં બેસીને બરલીન શેહેર છોડયું હતું. બરલીન શેહેરની વસતી આસરે ૧૦૯૦૦૦૦) માણસની કેહેવાયછે. તેને યુરોપનાં સૌથી મોટાં શેહેરોમાં ત્રીજું અને વાએનાંની બરાબર ગણેછે. એ ૨૩) ચોરસ મૈલ જમીન રોકેછે. એ શેહેર જરમનીની વચોવચમાં આવેલું હોવાથા એનો વેપાર ઘણો મોહોટોછે, અને આખા કોનટીનેનટલ યુરોપમાં સૌથી મોટું વેપારી અને મેન્યુફેકચરીંગ શેહેર ગણાયછે. એમાં એન્જીનો બનાવાનું તથા બીરનાં, રંગવાનાં, ઉન તથા રેશમનાં અને બીજા ઘણાં કારખાનાંછે, તથા તે ઉપરાંત અહીંયાંનો મોટો વેપાર ગાય, ઢોર, અનાજ, દારૂ અને ઉનનો કહેવાયછે. એ શેહેરમાં રેલવે ઉગાડવાથી એની વસતી જે સને ૧૮૦૦ માં ૧૭૨૦૦૦) ની હતી તે વધીને સને ૧૮૭૯ માં નજદીક ૧૧) લાખ થવા આવીછે, એટલી જલદી એની વસતી વધી ગઇછે.

તા૦ ૫મી શપ્ટેમબ્ર ૧૮૮૧–આજે સવારનાં આઠ વાગે કોલોન શ્હેરનાં સ્ટેશન પર ગઈ કાલે બરલીનથી નીકલેલા આવી પુગયા, અને ત્યાંથી કલાક ૯—૫ મીનીટે પાછા આગગાડીમાં બેઠા, તે બોન (Bonn) ગામમાં કલાક ૯—૪૦ પુગયા હતા, અને ત્યાંથી રાહીન નદીપર જવાને સ્ટીમરને વખત હોવાથી ગામમાં ફરી આવ્યા. એ ગામ નાધણું આસરે ૨૮૦૦૦) માણસોની વસતી વાલું છે તથા ત્યાંનાં ઘરો માફકસરની સારી બાંધણીનાંછે. હીયાંનાં દેવલની સામે બીડોવન (Beethoven) નું પુતળું ઉભું કીધું છે. નવાં ગાયન ઉપજાવનાર બીડોવન ઉસ્તાદનો જનમ આ શ્હેરમાં થયો હતો, અને એનું પુતળું સને ૧૮૪૫ નાં શાલમાં આપણી મહારાણી વીકટોરીઆ અતરે પધારયાં તેમનો સનમુખ બોલું મુકયામાં આવ્યું હતું. આજે કોઈ સેંટનો દીવસ હતો તેનો તક લઇને રાહીન નદીપરનાં કેટલીક જીલ્લાઓમાનાં લોકોએ પોતાને લગતી બાબદોસર અહીંયાં એક એકઝીબીશન કરયું હતું, જે ઉઘાડવા સારૂં કોલોનનો આર્ચબીશપ આવેલો હતો. તે એક મોટું સરઘસ કરીને તેને ઉઘાડવા જતો હતો, તેથી રસતામાં મોટી ભીડ મલેલી હતી અને બધા મોહોલામાં વાવટાઓથી સણગારો કીધેલા હતા. રાહીન નદી જેની પશ્ચમ બાજુપર એ ગામ આવેલું છે ત્યાં હમો ગયા, અને ત્યાંથી સ્ટીમર વીલીયમ મધે બેસીને રાહીન નદીનો દેખાવ જોતા જોતા કલાક ૧૦-૪૫ નાં નીકળેલા રાતનાં કલાક ૯-૪૦ બીબરીક (Bibrich)નાં કીનારાપર ઉતરયા હતા. એ આખી નદીનો રસતો ઘણોજ સરસ કેહેવાતો હોવાથી હમો આગગાડીમાં જવાને બદલે નદીને રસતે ગયા, અને હમોએ જે તારીફ સાંભળી હતી તે ખરી હતી. એ નદીનો બેહુ બાજુ પરની શીનરીની હમો તારીફ કરી શકતા નથી, મોટીમોટી જગ્યાઓ દરાખોનાં માદવા તથા બીજી જાતના ઝાડોથી ભરપુર અને તેની પાછલ નાધળા નાધળા ડુંગરો જાણે રમકડાં ગોઠવ્યાં હોય તેમ દીસતું, અને નદીને કાંઠે છેટે છેટે નાંધળાં તથા મોટાં ગામો વાગંકરતી મલ્યા કરતાં હતાં. તેઓનાં દેવલોનાં મીનારાઓથી બંને બાજુપર આસમાન ટીગાતું દેખાતું, તથા આગગાડીઓ બંને કાંઠેથી વારાફરતી આવજાવ કરયા કરતી. નદીપર લેકો એક ગામથી બીજે ગામ મોજ કરવા નીકળેલું તેથી ઘણું રળીયામનુ લાગતું હતું. કોબ્લેનટશ (Coblentz) નું ગામ જયાં હાલ જરમનીની શ્હેનશાહબાનું આજની હોવાથી રહેલાછે તે છોડયું કે પછી નાંધળાને બદલે મોટા ડુંગરો,અને તેપર વટોક દરાખનાંમાંદવાઓ તથા તપે તપે ભાગી પડેલા તથા કોઇ કોઇ રૂપેરમાં રાખેલાં આખા અને મજબુત કીલ્લા, રૂપાની બાણો એ બાજુપર બણે છે તેની ચીમની, ધુમાડીથી રંગભુમી બદલાતી હતી, તે જોવા લાયકછે અને હમો નજદીક તેપર જે ૧૧) કલાક ફરયા તેથી જરા પણ કંટાળ્યા હતા નહીં. રાત પડીકે ચાંદનું થોડુંક નીકળ્યું તેથી તથા કીનારાપરનાં શ્હેરોનાં ઘેરોની તથા બીજી છુટી છવાઇ બતીઓથી વળી જુદોજ દેખાવ દીસતો હતો. હમો કીનારે ઉતરયા પછી ત્યાંથી આગગાડીમાં બેસીને ફ્રાંક ફોર્ટ (Frankfort) ગામમાં રાતનાં કલાક ૧૧—૩૦ પુગા હતા.

તા૦ ૬ ઠી શપ્ટેમબ્ર ૧૮૮૧—આજે સવારનાં ધી રોમર (Romer) કરીને અતરેનો જુનો ટાઉન હૉલછે તે જોવા ગયા હતા. એ મકાન સને ૧૪૦૬ નાં શાલમાં બાંધેલું છે, અને તેમાં આગલનાં જરમન શેહનશાહોને ચુંટી કાહાડતા હતા તે સારૂં જરમન ડાએટ મલતી હતી. એ બધા શેહેનશાહ પેહેલો કોનરાડ સને

૯૧૨ થી ૯૧૮માં રાજ કરીગયો ત્યારથી તે છેલ્લો શ્રેહેનશાહ ખીજો ફરાંનઝ સને ૧૭૯૨ થી ૧૮૦૬ સુધીનાંની તસ્વીરો અહીંયા મુકેલીછે. એ મહેલ બંધાયાની આગમજ હીંયા ખીજુ મકાન હતુ તેમાં બી શ્રેહેનશાહોને જરમન ડાએટ મલીને ચુંટી કાહાડતી હતી, અને એ માન ફ્રેંક ફોર્ટ શ્રેહેરનેજ જરમનીમાં હતું. જયારે શ્રેહેનશાહને ચુંટી કાહાડે ત્યારે એ જગ્યાપર બાણું આપતા હતા, તે વેલાએ જરમનીનાં બીજા શાહાજાદાઓ તેની મનીજ કરતા તે વખતની વપરાતી છુરશી તથા ટેબલો પણ હજુ ત્યાં મુકેલીછે. એ મકાન ગોઠીક ઇમારત બંદીપર બાંધેલુંછે, પણ કાંઇ ધણું જોવાલાયક નથી.

ત્યાંથી નીકળેલા શ્રેંટ પોલ્સનું દેવલ જોવા ગયા હતા. એ ઇમારત સને ૧૮૩૩ માં જરમન નેશનલ એસેમબલીની મીટીંગો જરમન રાજબંધનને સુધારવા બાંધી હતી, તેથી તે ગોળાકારમાં બાંધેલીછે, અને તેમાં ઠીયેટરની માફક છુરશીઓ અર્ધ્ય-ગોળાકારમાં ગોઠવેલીછે, પણ પાછલથી સને ૧૮૫૨માં એને ફેરવીને દેવલ બનાવી દીધુંછે; અને જયાં સરનશીનની બેઠક હતી ત્યાં હમણું એલટર મુકેલાંછે. ત્યાંથી નીકલેલા શ્રેંટ બારોલોમીઓનો કેોડરલ જોવા ગયા. એ દેવલ સને ૧૩૧૫નાં શાલનું બાંધેલુંછે, પણ તેનો મીનારો જે સને ૧૫૧૪માં બાંધતાં અધુરો રહયો હતો તે એ દેવલને સને ૧૮૬૭માં આગથી નુકશાણી થઇ તે પછી સુધારતી વખતે અસલનાં નકશા મુજબ બાંધી પુરો કીધો હતો. એ મીનારો ૩૧૨) ફીટ ઉંચો તથા દેવલ માફકસરનું મોટુંછે, પણ કાંઇ ધણું જોવા લાયક નથી. એ દેવલની સામે એક ધણું જુનું ઘરછે તે પ્રોટેસટંટ ધરમ ફેલાવનાર માર્ટીન લુકરનું કહેછે, અને તેની હેઠળ તે ઉભો રહીને એક ચોકછે ત્યાં વાએજી કરતો હતો. તેનો ઇધાણી દાખલ તેનું પુતળું ત્યારની દીવાળપર મુકેલુંછે.

એ જોઇને પછી ફ્રેંકફોર્ટનાં મોહોલાઓ તથા બીજી જગ્યાપર ફરી આવ્યા હતા. એનાં બાહારનાં મોટા રસતાઓ તથા મકાનો સારાછે, પણ અંદરનાં અસલનાં રસતા સાંકડા તથા ઘરો પણ નાધળાંછે. અહીંની જુની ઇમારતોની દીવાલોપર સ્લેટનાં નાધળા કટકાઓ માછલીનાં ભીંગડાંની માફક જડી લીધેલાછે, તેથી નવાઇ જેવો દેખાવ લાગેછે. જયાં યાહુદીઓનો મોહોલોછે ત્યાં અસલનો પેહેલો રોહશચઇલ્ડ રેહેતો હતો. તે ઘેર તથા બીજાં ઘેરો ધણાં ખરાં ઉપરની માફકનાં સ્લેટની દીવાલનાં બનાવેલાંછે. ફ્રેંક ફોર્ટનું શ્રેહેર મોટુંછે, અને તેની હાલની વસતી ૧૮૦૦૦) માણસનીછે, અને અસલ એ શ્રેહેર સ્વરાજકય હતું, પણ સને ૧૮૬૬માં પ્રશીઆ સાથે જોડાઇ ગયુંછે. એ શ્રેહેર ધણું જુનું કહેવાયછે, અને અતરેનાં શરાફો ધણાં વખણાયલાછે. શ્રેહેરમાં ફરીને પાછા આવતી વખતે એક શરાફ બેંકમેનનું બાગ મ્યુઝીયમછે તે જોવા ગયા હતા. અહીંયાં એક વચગાલેનાં હોલમાં થોડાક પુતળાં મુકેલાંછે, તેમાં એરીઆદનને ચીત્તાપર બેસાડેલોછે. તે ધણું સરસ પુતળું કેહેવાયછે; એક ફાંચલ પર તે ફરેછે અને તેની બરોબર અસર ઉત્પન કરવા સારૂં એક પડદો કીધેલોછે જેથી તે ધણું સરસ લાગેછે. એ પુતળું મ્યુઝીયમનાં ધણીએ ૨૦,૦૦૦) ફ્લોરીન (એક ફ્લોરીનની કીમત એક રૂપીયા જેટલીછે) આપી વેચાતું લીધું હતું. એ સીવાય એમાં કાંઇ બીજું જોવા લાયક નથી. એ પુતળાંથી એનુ નામ એરીઆડનોયમ (Ariadneum) પણ કહેછે.

ત્યાંથી નીકળેલા અતરેનુ વખણાયલું ઓપેરા હાઉશ જોવા ગયા

હતા, જે થોડાજ દીવસપર બંધાઇ રહયું હતું. એની બાંધણી ધણીખરી પારીશનાં મોહોટા ઓપેરાની શાળાને મળતી આવેછે. પણ સઘળું નાધળી હદમાંજ રાખેલુંછે. એ બાંધવા પાછલ ૮૦,૦૦,૦૦૦) માર્કસ ઇયાને ૪૦) લાખ રૂપીયા ખરચ બેઠા હતા. એની મોટી સીડી તથા પ્રસાળ સઘળું સંગેમરમરનું બાંધેલુંછે, અને તે બાંધતાં ૭) વરસ લાગાં હતાં. એમાં બે હજાર માણસો બેસે એટલી બેઠકછે, રોજની ઊંચાઇ ૮૭) ફીટછે. એ ઓપેરા મહીયાંની મ્યુનીસીપાલીટીએ બાંધેલાછે, અને તેમાં સારા ગાનારાઓને ૧૦) થી ૪૦) હજાર માર્કસ સુંધી વરસ દાહાડે મલેછે.

મહીંથી ફ્રેંક ફોર્ટનું પ્રદર્શણ ઊંધાડેલું હતું તે જોવા ગયા હતા. એ સારૂં એક મોટી જગ્યા ઘેરીને તેમાં સંગ્રહ સારૂં એક મોટું મકાન કરેલુંછે, જેમાં એક લાંબી ચાલ બાંધી તેને ઉભા આઠ ભાગમાં વેહેચી તેમાં જુદી જુદી ચીજોનો નવી પરચુરણ સોધોની, તથા સાંચાકામ, ફરનીચર, પેહેરવાસ ઇત્યાદીનો સારો જમાવ કરેલોછે. એ ઉપરાંત રેશટોરાંટ (ખાવાપીવાની જગ્યાઓ) છુટા છવાયા મકાનો તરાંહ તરાંહ જાતની ચીનાઇ, હીંદુસ્તાનની તથા બીજા દેશોની ઢબ દેખાડવાને બાંધેલાં હતાં તથા વચલા ભાગમાં ફુવારા કરેલા હતા. એ સઘળું ઘણું જોવા લાયક હતું. એ જોઇને બપોરનાં બે વાગે આગગાડીમાં નીકળેલા સ્ત્રાસબુર્ગ (Strasburg) શેહેરમાં રાતનાં ૧૧-૩૦ મીનીટે આવી પુગા, અને મેઝન રૂજ (Maison Rouge) નામનાં હોટલમાં ઉતારો લીધો હતો.

તા૦ ૭ મી સપટેમબર ૧૮૮૧— આજે સવારનાં મહીંયાનુ કેથેડરલ જોવા સીવાય બીજું કાંઇ જોવા લાયક ન હતું તેથી શેહેરમાં પેહેલાં ફરી આવ્યા. એ શેહેર અગલ જરમનોનાં હાથમાં હતું ને ચૌદમાં લુઇએ સને ૧૬૮૨ માં જીતી લીધું હતું, અને ત્યારથી ફ્રેંચનાં હસ્તકમાં સને ૧૮૭૦ સુંધી રેહેવા પછી પૃશીઆની લડાઇમાં જરમનોએ તે પાછું જીતી લીધું, જ્યારથી તે જરમનોને હસ્તકછે. તેઓએ એ શેહેરને આલસાસ અને લોરેન પરગણાનુ પાયતખ્ત બનાવ્યું છે, અને જો કે તે એ સદી સુંધી ફ્રેંચોનાં હસ્તકમાં હતું તોપણ ત્યાંના લોકોએ પોતાની જરમન ભાષા તથા ચાલચલણ છોડી હતી નહીં. છેલી લડાઇમાં સ્ત્રાસબુર્ગ શેહેરપર જરમનોએ ઘેરો નાંખ્યો હતો અને તે ૧) મહીનો અને ૧૮) દીવસ પછી તાબે થયું, ત્યાંસુધી તે પર ચાલેલા તોપોના મારાને લીધે તેનાં ઘરો ઘણાંખરાં બીસ્માર થઇ ગયાથી હમણાં પાછાં નવાં બાંધવા માંડેલાંછે, અને ઘણાં ખરાં તૈયાર થઇ ચુકાંછે. એ નવાં ઘેરાનાં મોહોલા ઘણાં સરખા કીધેલાછે અને ઘરો પણ સારાંછે. બાકીનાં જુનાં શેહેરનાં રસતા સાંકડા તથા ઘરો નાંધળાંછે. એ શેહેર પરથી ઇલ (Ill) નદી જે રાહીન નદીથી આસરે બે મૈલ દુરછે અને તેની સાથે કેનાલથી જોડેલીછે તે પસાર થાયછે. તે આઠ દીવસપર સ્વીટઝરલાંન્ડમાં ઘણો વરસાદ પડવાથી ઉભાઇ જઇને રેલ આવી હતી, જેનાં પાણી ખેતર તથા બાગોમાં, નદી કાંઠે હજુ ભરેલાં હોવાએ દીઠાં હતાં. એની ઉપર બે પુલોછે, તેમાં એક ગાડી ઘોડાનો અને બીજો આગગાડી માટે લોખંડનોછે. ગાડી ઘોડા જવાનો પુલ બેટોપર બાંધેલોછે, તેની છેક ઊંચાંન સુંધી નદીનુ પાણી જોશથી દોડતું હતું, અને હજી પણ તે ઘણું જોર કરવાથી બેટવાલા પુલનાં થાંભળા ઘણાં હીલતા હતા. એ શેહેર કાંઇ ઘણું મોટું નથી અને એની વસતી આસરે ૧,૦૦,૦૦૦)માણસોની ગણાયછે.

એ શહેરમાં ફરીને ૧૧—૪૫ મીનીટે અહીંયાંનું કેથીડ્રલ જે તેનાં ઘડીયાળને માટે વખણાયલું છે તે જોવા ગયા હતા. એ દેવલ ઘણું મોટું છે. તે ૩૬૩) ફીટ બાંધું, ૧૩૫) ફીટ પોહોળું, અને ૯૯) ફીટ ઊંચું છે, તથા તેની ઉપરનો મીનારો જે ઘણો નકશીદારછે તે ૪૬૮) ફીટ ઊંચેછે, અને વેલાયતમાં એનેથી એકજ દેવલનો મીનારો ઊંચો કેહેવાયછે. એની ફરતી દીવાલપર પગ નકશીકામ કરેલું તથા ઘણાંએક પુતળાં મુકેલાંછે, તેમાં કેટલાંક ઘોડાપર બેસાડેલાં પણ છે. મને ૧૭૯૩ નાં ફ્રેંચ રેવોલ્યુશનમાં એ દેવલમાંનાં સેંકડો ઉપર પુતળાં બલવાખોરોએ ભાંગી નાંખ્યાં હતાં, અને એના ખુબસુરત મીનારાપર પ્રજાસત્તાક નીશાણીવાલી લાલ ટોપી પેહરાવવાથીજ તે બચી ગયો હતો. એનો અંદરનો ભાગ કાંઈ ઘણો જોવા લાયક નથી, પણ તેનાં ઘડીયાળનાં જેવું બીજું ઘડીયાળ દુન્યામાં કેડે નથી એમ કેહેવાયછે. એ ઘડીયાળનાં જાણે ચાર મજલા કરીધા હોય તેમ ગોઠવેલું છે અને તેની ઊંચાઈ આશરે ૩૦) ફીટ ઉપરનો છે. એનાં પેહેલા મજલાપર દુનયા પાડેલીછે, અને સુરજનો આજપાસ જેમ આશમાની દુનયાં ફરેછે તેમ સંચાકામથી અહીં સધલું ચાલેછે. તેની ઉપર કલાક મીનીટ દેખાડવાનું ઘડીયાળછે, તેની ઉપર પાછું દુનયાનાં બીજા ભાગોમાં તેજ વખતે શી કલાક છે તે જણાવાનું મુકેલું છે; હેઠળનાં ભાગપર કરીશચીઅન લોકનાં ફરતાં ફીગર (પર્વો) પણ પોતાની મેલે બદલાઈને દેખાડેછે. તે ઉપરાંત સુરજ અને ચાંદનાં ગ્રહણો તથા આખા આશમાનનાં ગ્રહો દેખાડેછે, તથા જાયુકનું પંચાંગ પણ એમાં ચાલુછે, અને ૯૯૯) વરસો સુધીમાં કયાં ગ્રહણો તથા ફીગરો (પર્વો) આવશે તે તથા બીજી આશમાની બાબદો માલમ થાયછે. એનું સંચાકામ એવી રીતનું મગજછે કે પોતે પોતાની મેલે દરોબસ્ત થાયછે, અને એક મીનીટ પણ ઢોઈ વખતે વધતું દયા ઓછું થંડી ગરમીને લીધે બદલાતું નથી. એ ઘડીયાળની ટોચરી દર ૦।—૦।।—૦।।। કલાકની વાગેછે; તે માટે એક મરસ તાલ કીધીછે. ૦। કલાક વગાડવા માટે એક બચું (પુતળું) ચાલી આવીને જમણું હાથપર એક ઘંટછે તે ઉપર ૦। કલાક વગાડેછે, ૦।। કલાક એજ માફક એક જુવાંન મરદ આવીને વગાડેછે, ૦।।। કલાક એક અધોર માણસ અને આખો કલાક એક બુઢો માણસ આવીને વગાડેછે. તે વખતે એક બીજું પુતળું રેતીનું ઘડીયાળ જે ખાલી થાયછે તે પાછું ફેરવેછે, જેમાંની રેતી બરોબર એક કલાકે પુરી થાયછે. ગેલેરીનાં બુગુંમાં દરરોજ આવાડીયાનાં દીવસ દેખાડવા તે દીવસને લગતાં પુતળાં બદલાઈને ઉભાં રહેછે, જેમકે એપોલો આતવારે, ડાએનાં સોમવારે ઇત્યાદી. એ ઉપરાંત જયારે બપોરનાં બાર વાગેછે ત્યારે ચોથા મજલાપર ક્રાઇસ્ટને ઉભો રાખેલોછે, ત્યાં પાછલથી એનાં બાર એપોસ્તલસ ચાલી આવીને ક્રાઇસ્ટ તરફ મોહોડું કરી તેને નમી સલામ કરીને ચાલયા જાયછે. તે વખતે ક્રાઇસ્ટ પોતાનો જમણો હાથ ઊંચકીને તેઓને આશીર્વાદ દેછે; પણ સૌથી મરસ તો એક મરઘો છેક ઉપલે મથાળે બેસાડેલોછે, તે જયારે બપોરનાં બાર વાગેછે ત્યારે જીવતા મરઘાની માફક પીછ ઉભાં કરી પાંખ ફડફડાવી ડોકું ઊંચું કરી કુકરે કુક! આબાદ જાણે જીવતો મરઘો બોલતો હોય, તેમ પોકાર મારેછે; અને એ મુજબ પેલા એપોસ્તલો ક્રાઇસ્ટનો સામે આવેછે, ત્યારે ત્રણ વખત પાંખ ફડફડાવી ડોકું ઊંચું કરી પોકાર મારેછે. આ ઘડીયાળ નવું મને ૧૮૪૨માં બનાવ્યું હતું; પણ અસલનું ઘડીયાળ જે મને ૧૫૭૨ માં ડાસીપોડાઅસે બનાવ્યું હતું, તેનીજ નકલછે, જેમાં ફકત દુનયાનો

ચાલ તથા આશમાંનનાં ગ્રહો હમણાંની શોધ માફક ફરફાર કરીને નવું મુકેલું છે. અગલનાં ઘડીયાળનો મંચો તથા મરઘો તથા બીજી ડાબેલો સઘળું બીજી બાજુની ઇમારતમાં મુકેલું હજી લોકોને દેખાડેછે. હમો એ ઘડીયાળ બપોરનાં બાર વાગતા બામબા જોવા ગયા હતા અને હમોએ સઘળું જે જોયું તેનો તારીફ કરી શકતા નથી.

એ જોઇને પછી હમો શૅંટ ટામશનું દેવલ જોવા ગયા, જયાં મારશલ કાઉન્ટ ઓફ સાકસની યાદગારીનું મોન્યુમેન્ટ મુકેલું જોયું હતું. એ કાઉન્ટ ઇ. સ. ૧૭૫૦માં ફ્રાંન્સમાં ઘણો વખણાયલો લશકરી સરદાર હતો, અને ઉપલાં મોન્યુમેંટમાં જમ જાણે મુડદાંનો પેટી ઉઘાડી તેમાં કાઉન્ટ જે ઉપર ઉભેલોછે તેને સુવાને કહેતો હોય તેવી નીશાની કરી બતાવેછે તે ઉપરથી કાઉન્ટ સીડીપરથી ઉતરીને માંહે જતો હોય તેમ પાડેલોછે. તેને ફ્રાંન્સની જીનીઅશ અથવા સઘળી જાહોજલાલી, જે એક ખુબસુરત ઓરતનાં આકારમાં પાડેલીછે તે એક હાથે અટકાવેછે, અને બીજે હાથે તે જમને પાછો જવાનો હોકમ કરેછે. કોરીનની બીજી બાજુપર હરકયુલીશ (Hercules) જેને ગ્રીક લોકો કોવતનો દેવતા કહેછે તે મોહત પેલાને બોલાવવું જોઇ પોતે સઘળાં જોરનું દૈવત છતાં રડતો નીચી ડોકીએ ઉભો રહેલોછે. એ મારશલ કાઉન્ટ ઉભોછે તેની હેઠળ ઓસ્ત્રીઆ, હાલ્લંડ અને ઇંગ્લાંડ દેશનાં હેરાલડરીક (Heraldric) જાનવરો તથા ભાગેલા વાવટા ઊંધા નાંખેલાછે, જેથી ત્રણે રાજયોનાં એક મલેલાં લશકરપર કાઉન્ટ આવ સાક્ષનીએ ફ્લાનડર્સની લડાઇમાં જીત મેલવી હતી તે બતાવેછે. એ સઘળું સંગમરમરનાં સફેદ પથરનું બનાવેલું અને ઘણું તારીફ લાયક રીતે કોતરેલું છે. એ પુતળાંને બનાવતાં વીસ વરસ લાગાં, અને સને ૧૭૭૬માં તે તયાર થયાં હતાં. એ દેવલનાં એક ઓરડામાં ડયુક ઓફ નેશો (Duke of Nessau)નું મુડદું એક કાચની પેટીમાં દેખાયતું રાખેલું છે, જે ૨૩૫) વરસનું જુનું અને તેની ઉપર કપડાં પણ હજી અગલનાં પેહેરાવેલાં તેજછે. ફકત હાથનાં મોજાંજ પાછલથી જયારે એને એ દેવલમાંથી બણી કાહાડયો ત્યારે પેહેરાવ્યાં હતાં. એને મમી (Mummy) જેવો બનાવીને ઘોટેલો હોવાથી તે જેવી હાલતમાં મરતી વખતે હતો તેવીજ હાલતમાં હમણાં દીસેછે. તેનું મોહોડું પણ સફેદછે (ઇજીપ્તની મમીશોનુ કાળું રંગેલું હોયછે) પણ તેપર મોહોડાંમાંથી પાણી નીકળવાથી ડાઘ પડી ગયલાછે, બાકી જાણે તરતનો મુવેલો સુવાડેલો હોય તેવો લાગેછે. એજ ઓરડામાં એની છોકરીનું મુરડું પણ મુકેલું છે. તેનું માસ સઘળું બવાઇ ગયલું છે, પણ હાડકાં તથા કપડાં હજુર જેમનાં તેમ છે. તેને હાથે દાણાની પેહોચી તથા આંગળાંએ ઝીણાં હીરાની વીટી હજુર મલાંમતછે.

એ સઘળું જોઇને બપોરનાં ૨-૧૫ મીનીટે સ્ત્રાસબર્ગ છોડયું હતું, ત્યાંથી સ્વીટઝરલાંન્ડનું બાલ (Bale or Basle) કરી ગામછે ત્યાં આગગાડીમાં કલાક ૫—૧૫ મીનીટે સાંજનાં આવી પુગ્યા, અને ધી ટ્રાય રાય (Trois Rois) હોટલમાં ઉતારો લીધો હતો. જમીને શોહેરમાં ફરવા નીકળ્યા હતા. એ શોહેર રાહીન નદીપર આવેલું છે, તે કાંઇ ઘણું મોટું નથી; પણ ફ્રાંન્સ, સ્વીટઝરલાંન્ડ, અને જરમનીની વચમાં આવ્યાથી અહીંયાં તે દેશનાં આવતા જતા લોકોને ઉતારો લેવા સારૂં ઘણું કામ આવેછે. એને લગતી એક જગ્યાછે જયાં એક માણસ પોહોળા પગ કરીને ઉભું રહેછે તો તે એકજ વખતે ત્રણે દેશમાં

ઉમેા હેાય તેમ ગણાયછે. અહીંયાંનાં ઘરેા તથા મેાહેાલાઓ કેાઇ કેાઇ સારાછે. એ ગામ કાંઇ ધાર્યું જોવા લાયક નથી. વસતી આસરે ૪૫,૦૦૦) માણસેાનો કેહેવાયછે, અને રેશમી રીબન બનાવવા સારૂ તે વખણાયલુછે. રાતનાં શેામરકેશીન (Sommercasins) કરીને બાગછે ત્યાં કેાનશર્ટ હતેા તે સાંભલવા ગયા હતા, જ્યાં એક ધાર્યું સારૂં વાજું વાગતું સાંભળ્યું હતું. એ જગ્યાપર ઉનાળાનાં દીવસેાપર ગાયનનાં કેાનશર્ટેા તથા બેાલ આપેછે. ત્યાં રેશ્ટેારાંટ કરીવેલુછે તેમાં બેારાકી તથા દારૂં મલેછે. એ નદીથી બે ભાગમાં વેહેંચાઇ ગયલું છે.

તા૦ ૮ મી શપટેમબર ૧૮૮૧— આજે સવારનાં કલાક ૧૦-૨૦ મીનીટે બાલ શેહેર આગગાડીમાં બેસીને છેાડયું, તે રાતનાં ૯—૩૦ મીનીટે જીનીવા શેહેરમાં પુગ્યા હતા. એ શેહેર એજ નામનાં સુબીજ કેનટન્સ પરગણુઓનું પાયતખ્તછે. આખેા રસતેા બાલથી જીનીવા સુધી ઘણેા રળીયામણેા હતેા અને હવે પાહાડેાનો જગ્યા મલતી જવાથી આગલ જે બેડી જમીન હતી તેથી ઉલટા દેખાવેા દીસતા હતા. જરા દુરથી બેહુ બાજુપર નાંધળા ડુંગરેા અને તેની પાછલ ખીજા ચહડ ઉતર ડુંગરેા મલ્યા હતા. બેાલટનનું જનકશન પસાર કીધા પછી જરા મેાટા ડુંગરેા મલવા લાગ્યા, અને છેક બીએલ (Biel) પુગા તેટલાંતેા ઘણું મેાટા પાહાડેા મલવા લાગ્યા. એ મુજબ ઘણેા ખરેા રસતેા ચહડાણુનેા અને વળી પાછેા થેાડેા ઉતરાણુનેા જીનીવા સુધી મલ્યેા હતેા. એ ચહડાણુના આખા રસતાને લીધે અહીંયાંની (સ્વીટઝરલાંન્ડની) બધી ગાડીઓ જે એનજીનેા સાથે જોડેછે તે દરેકને બ્રેક (Brake) રાખેછે, અને દર બે ત્રણ ગાડીએ એક માણસ બ્રેક દાબવા તથા છેાડવા રાખેછે, તેને આવજાવ કરવા સારૂં બતરેની બધી ગાડીઓની વચમાંથી રસતેા રાખેલેાછે તેથી એક નાંકેથી બીજાં નાકાં સુધી ચાલતી ગાડીએ માણસ બધી ટ્રેનમાં જઇ શકેછે. પેહેલા, બીજા, તથા ત્રીજા કલાશની બેઠક આડી કરીને તેની વચમાં જ આવ રાખેછે તથા વચમાં ઉતારૂઓને સામાન મુકવાની ગાડીબી તેજ માફક સામન વગર બેાલી મેલેછે. તે ઉંધાડી હેાવાથી માણસને ચેાકી કરવા સારૂં રાખેછે. બીએલ આગલ એજ નામનેા એક સરેાવર મલ્યેા હતેા. તે આસરે ૧૦) મૈલ લાંબેા, અને ૨) મૈલ પેહેાળેાછે, તથા ત્યાંથી આગલ ચાલતાં ન્યુશેટલ (Newchatel)નેા સરેાવર એજ નામનાં ગામપર મલ્યેા હતેા. એ સરેાવર મેાટેા, અને વધતામાં વધતેા ૨૪) મૈલ લાંબેા અને ૫) મૈલ પેહેાળેાછે. એ સરેાવર પસાર કરતાં હમારી આગગાડી જે કીનારે ચાલતી હતી તેને દેહેાડ કલાક ઉપર થયેા હતેા. એનેા દેખાવ ઘણેાજ સરસ અને જોવા લાયકછે. એક બાજુપર સરેાવર અને બીજી બાજુપર પાહાડેા તે ઉપર નજદીક આખાં મથાળાં સુધી દરાખના માદવા રેાપેલા હતા. તે બાદ લુશેન (Lusanne)નાં સ્ટેશન પછી જીનીવાનેા સરેાવર મલ્યેા હતેા. તે સેાથી મેાટેા સ્વીઝરલાંન્ડમાં ગણાયછે, તેની લંબાઇ ૫૬) મૈલ, અને પેહેાળાઇ ૯) મૈલનીછે, તથા તેનેા કીનારેા પસાર કરતાં હમારી આગગાડીને બે કલાક ઉપર થયા હતા. હમેાને નજદીક આજે રસતે છેટે છેટે ગામેા મલ્યાં હતાં, અને દરાખનાં માંદવા પણ તેજ મુજબ આજે રસતે છેક બાલથી જીનીવા સુધી હતા. હમેાએ હેાટલ ડી. લા. મેટરેાપેાલ જીનીવા લેકની આથમણુ બાજુપર Jardin du Lac નામના બાગની સામે આવેલુંછે તેમાં ઉતારેા લીધેા હતેા.

તા૦ ૯ મી શપ્ટેમબર ૧૮૮૧— આજે જીનીવા શેહેરમાં બધે ફરી આવ્યા હતા તથા અહીંયાંની વખણાયલી ઘડીયાલો અને આરગીનોનો દુકાનો જોઇ હતી. અહીંયાં ઘણી જાતનાં ઘડીયાલો બનાવેછે જે ઉપર સાત હજાર માણસો દરરોજ કામે લાગેછે. તેઓ દર અઠવાડીયે ૨૦૦૦) ઘડીયાલો તઈયાર કરેછે. એ ઉપરાંત વાંજાંની પેટી બનાવવાને ઘણાંક લોકો કામે લાગેછે. હમોએ આજે એક દુકાનપર એવી પેટીઓ વાગતી સાંભળી હતી. તે ઘણી જાત જાતનો ગોઠવણીની હતી, અને તેમાંનો એક બે એવી તો સરસ વાગતી હતી કે જાણે આરગીન મોહોટી વાગતી હોય તેમ તેમાંથી ઘણો મોઠો અને સરસ રાગ નીકળતો હતો. એ શેહેરની વસતી આસરે ૬૩,૦૦૦) માણસોની કેહેવાયછે, અને સ્વીટઝરલાંન્ડ દેશમાં એ સહુથી મોટું અને વસતીવાલું શેહેરછે. એની વચમાંથી રોહોન નદી જે જીનીવા લેકમાંથી નીકળેછે તે પસાર થાયછે, તેથી એ શેહેરને બે ભાગમાં વેહેંચી નાખેલું છે. સરોવર તથા નદીને કાંઠે ઘર ઘણાં સરસ અને મોટાંછે, તેમજ મોહોલાઓમાં પણ છે. રસતાઓ બાહારનાં સીધાછે. પણ અંદરનાં જોકે મોટા છે તોપણ સીધા નથી. સાંજનાં કુવે દ મોં બલાં (Quai du Mont Blanc) પર ડયુક ઓફ બ્રનઝીક જે અહીંયાં સને ૧૮૭૩ માં મરી ગયો તે વખતે પોતાની મોટી પુંજી એ ગામને આપી ગયોહતો તેની યાદગારીનું મોન્યુમેન્ટ કીધેલું છે તે જોયું હતું. એ ઘણી સરસ કારીગીરીથી બનાવેલું છે; એક પેડેશટલ પર ઘોર બાંધી હોય તેમ કરીને તે ઉપર એક એનું પુતળું લાઇટ શાઇઝનું સંગેમરમરનું બનાવીને સુવાડેલું છે, અને તેની ઉપર એક ચોરસ ગુંબજ કરીને તેનાં ચાર છેડાઓ પર એનાં વડવાઓનાં પુતળાં ઉભાં રાખેલાંછે, અને તેને સૌથી મથાળે એ ડયુકનું ઘોડાપર બેસાડેલું બ્રાંઝનું પુતળું છે. રાતનાં સરકસ જોવા ગયા હતા, જ્યાં કાંઈ ઘણું જોવા લાયક હતું નહીં. આજે રાતનાં ભાઇ નવરોજી વાડીઆ જેવણ હમારી સાથે મુંબઇથી આવેલા હતા, અને ઇંગ્લાંડમાં પોતીકાં કામસર અત્યારસુધી રહી પાછા મુંબઇ જતાં હમોને અહીં મલવા આવ્યા હતા.

તા૦ ૧૦ મી શપ્ટેમબર ૧૮૮૧— આજે સવારનાં નવ વાગે સ્ટીમરમાં બેસીને લેક જીનીવાપર ફરવા નીકળેલા હોનો (Thonon) કરીને જગ્યા અરધી લેકપર છે ત્યાં થઇને બાર વાગે પાછા આવ્યા હતા. એ લેકપરનો દેખાવ ઘણો સરસછે. એની બાજુઓપર નાધળા મોટા પાહાડો તથા ખેતીવાડી તથા ઝાડોની લીલોતરી તથા છુટા છુટા રેહેવાના મોટા બંગલા, તથા ગામડાંઓથી દેખાવ ઘણો સારો લાગતો હતો. એ લેકની વીગત પાછલ લખી ગયાછે તેથી અતરે લખતા નથી. બપોરનાં એ લેકમાંથી નીકળતી નદી રોહોન અને આર્વ (Arve) જે જીનીવાથી ૧૦) મૈલ દુર શેમોની (Chamonny) થી આવેછે અને બંધે થોડે દુરથી મલેછે તે જોવા ગયા હતા. રોહોન નદી જે સરોવરમાંથી નીકળે છે તેનાં પાણી નીતરાં અને સાફછે, પણ આર્વ નદીનાં પાણી પાહાડોમાં થઇને આવવાથી ગદલાં હતાં, તે બે જ્યાં સાથે મલેછે તે એક બીજાં સાથે ભેળાતાં નથી, પણ ત્રણ મૈલ સુધી એ બેનાં પાણી સાથે દોડયા કીધા પછી ત્યાં વલાંણ આવ્યાથી એક બીજા સાથે ભેળાઇ જાયછે. એ દેખાવ ઘણો સારો અને જોવા લાયકછે.

એ જોઇને રાક મ્યુઝે (Musee Rath) જોવા ગયા હતા, જ્યાં થોડાંએક સારાં પીકચરોનો તથા પુતળાઓનો સંગ્રહ કીધેલોછે. ત્યાંથી ટાઉનહોલ(Hotel

de ville) જોવા ગયા. એ મકાન ઘણું જુનું છે અને તેમાં કાંઈપણ જોવા લાયક નથી. માળપર જવા સારૂ સીડીને બદલે ઢળાવ કીધેલ છે જેથી આગલ ત્યાંનાં કાઉનશીલરો ઘોડાપર બેસી પાલખીઓમાં બેઠલાજ માળાપર જઇ શકતા હતા. એ કાંઈ ઘણું નવાઇ જેવું નથી, કારણકે હમાએ જોયેાર શેહેરમાનાં પાદશાહોનાં મેહેલમાં પણ એવીજ રીતે પાંચ માળપર જવાનો રસતો જોયલેાછે. અંગ્રેજ અને એમેરીકન વચે આલાબામાનો વાંધો પડયો તેનાં લવાદો અહીં મલ્યા હતા તેની યાદગારીની તખ્તો એક ઓરડો જ્યાં તે ભરી હશે ત્યાં મારેલીછે. એ ટાઉનહોલમાં અતરેની મયુનીસીપાલીટીને લગતી હાજરીશાછે. ત્યાંથી નીકળીને કેથેડરલ જોવા ગયા હતા. એ દેવલ સને ૧૧૨૪ માં બાંધ્યું હતું, તે ઘણું જોવા લાયક નથી. એની અંદર ડયુક ડી રોહોનની ઘોરછે. એ ડયુક તેરમાં લુઇનાં વખતમાં પ્રોટેશટંટોનો સરદાર હતો, અને તે લોકોની તરફેણમાં લડતાં રીહન ફ્રેલડનમાં સને ૧૬૩૮ માં મારયો ગયો હતો, તેને અહીંયાં દાટેલોછે. તેની ઘોર ઘણી સારીછે.

એ જોઇને પછી સરોવરનાં કીનારાનાં રસતાપર તથા સામી બાજુનાં મોહોલાઓમાં ફરી આવ્યા હતા. કુવે હુ માં બલાંપરની એક બાજુપરથી માઉન્ટ બલાંનો પાહાડ ઘણો સરસ દીસેછે તે હમોએ જોયો હતો. એ પાહાડ અહીંયાંથી ૪૮) મૈલ દુરછે, અને એનો અહીંયાંનાં જેવો દેખાવ બીજા આસપાસનાં ગામોમાંથી પણ દીસતો નથી એમ કહેછે. જીનીવા શેહેરમાં બીજું કાંઇ ઘણું જોવા લાયક નથી, અને તે એક દીવસમાં બધું જોવાઇ શકાય એટલું નાધણુંછે. ફકત એના લેકનાં દેખાવો તથા કારીગીરીના કામો માટે એ શેહેર વખણાએલુંછે. એ શેહેર અસલ પરચુટલ ડયુકસ તથા કાઉનટસને હસ્તક હતું, અને તેનાં લોકો પ્રજાસતાક વીચારના અસલથીજ હોવાથી વારાફરતી તેઓથી છુટા પડવાને બલવો કરયા કરતા હતા. પણ એ શેહેર તથા તેને લગતાં ગામો એટલાં તો નાધળાં હતાં કે (બધું મલીને ૧૫ થી ૧૫ મૈલનાં વીસતારનું કહેછે) તેની કોઇ દરકાર કરતું હતું નહીં, અને જરમનીના શેહેનશાહો જેઓનાં તાબામાં પાછલથી હતું તેઓ બલવા જલદીથી બેસાડી શકતા હતા. એ લોકોના એ બલવાનાં ધીકાર દાખલ વોલટેર કરી ફ્રેન્ચ ફીલસુફ કેહેતો હતો કે "When I shake my wig, I powder the whole republic." એનો તરજુમો એ છે જે "મારી ટોપી પરથી ધુલ છટકાણે તેટલામાંજ આખું રાજય છવાઇ જાએ." અને એજ મુજબ એમપરર પોલ પણ બોલતો હતો કે "It is a tempest in a glass of water" એટલે કે "જેમ ગ્લાશમાં પાણીનુ તોફાન થાયચ તેવું નજીવુંછે." એ શેહેરને ફ્રેન્ચ પ્રજાસતાકે સને ૧૭૯૪ માં જીતી લેઇને પોતાની સાથે જોડી નાખ્યું હતું, પણ સને ૧૮૧૪ માં તે પાછું છુટું થવાથી Swiss Confederation માં જોડાઇ ગયું હતું, અને હાલ તેનુ બાવીશમું પરગણું (Canton) ગણાયછે.

તા૦ ૧૧ મી સપટેમબર ૧૮૮૧— આજે સવારનાં કલાક ૧૧-૪૦ મીનીટે આગગાડીમાં બેસીને જીનીવા છોડયું તે રાતનાં કલાક ૮-૩૦ મીનીટે લુસર્ન (Lucerne) ગામમાં જઇ પુગા અને ત્યાંનાં હોટલ દુ શેન (Hotel du Cygne) માં ઉતારો લીધો હતો. રસતામાંનો દેખાવ ઘણો સરસ અને જોવા લાયક હતો. પાહાડો તથા સરોવરનો દેખાવ હમોએ જે સ્વીટઝરલાન્ડનાં દેશમાં ફરીને જોયો તેનાં જેવો બીજે કોઇ જોયો નથી. લુસર્ન ગામ લુસર્ન લેકનાં કીનારા

પર અરધા ચાંદના આકારમાં બાંધેલુછે. તેનાં હૉટલોનાં ઘરો જે ઘણું મોટાંછે તેથી એ શોભેછે, તે શીવાએ બીજું કશું જોવા લાયક નથી. એની આસપાસ ફરતા ડુંગરો આવ્યાથી દેખાવ ઘણોજ સુંદર લાગેછે, અને ઉનાળાનાં દીવસોમાં લોક ગામે ગામથી આવીને તનદરૂસ્તી મેલવેછે, એવી અહીંની હવા સારીછે. એ ગામ પણ સ્વીટઝરલાંડમાં મોટી વસ્તીવાલું ગણાયછે. તેની વસ્તી ૧૬,૦૦૦) માણસોનીછે.

તા૦ ૧૨ મી સપટેમબર ૧૮૮૧— આજે પાછલી રાતનાં પાંચ વાગે સ્ટીમર સ્વીટઝ ઉપર સવાર થઇને લુસર્ન છોડયું, અને લેક લુસર્ન પરથી પસાર થઇને ફલુએલન કરીને ગામડુંછે ત્યાં કલાક ૭-૨૫ મીનીટે પુગ્યા હતા. એ લેકનો દેખાવ અત્તીઘણો ભપકાદારછે અને તેનાં જેવો બીજો દેખાવ આખા યુરોપમાં ક્યાંએ નથી એમ કહેછે. આસપાસ મોટા મોટા પાહાડો, અને તેની પાછલ બીજા મોટા પાહાડો, અને તેઓનાં મથાળાંપર જાયુકનુ બરફ બંધાઇ રહેલું તે ઉપર તડકું પડવાથી ચળકે તે તથા નીચલા પાહાડોની લીલોતરી અને સરોવરને ઘેરી લીધો હોય તેમ તેની ચારે બાજુપર પાહાડો દીસે અને જાણે આગલ ચાલવાનો રસ્તો નહીં હોય તેમ લાગે પણ આગલ ગયા કે વળી સરોવર મોટો દીસે તથા સુરજ તરતનો ઉગતો હતો તેથી વાદળાંઓનો તથા પાહાડોના દેખાવથી સઘળું અત્તીઘણું રળીયામણું લાગતું હતું. સરોવરનુ પાણીબી ઘણું નીતરૂં બીલોર જેવુંછે, અને એટલું તો સાફછે કે કોઇ કોઇ જગ્યાપર ઉંડાણુમાંથી પાણીમાંની ચીજો તથા માછલીઓ તરતી તથા તળીઆંપરનો પાલો વટીક દીસેછે. એ સરોવર ૨૫) મૈલ લાંબો અને એકથી ચાર મૈલ પોહોળાઇમાંછે. હમો ફલુએલન પુગ્યા પછી આઠ વાગે ઘોડાની ગાડીઓમાં બેસી ત્યાંથી આલપ્સ પર્વતનો સેંટ ગોહાર્ડ પાસ (Alps Mountain's St. Gothard Pass) પસાર કરવા નીકળ્યા. એ ગાડીમાં ૯) થી ૧૦) જણાં બેસી શકેછે, એમાં બરૂમની માફક અંદર બેઠક છે તેમાં ૪) જણાં અને તેની આગલ બીજી અરધી બરૂમની માફક જગ્યામાં ૨) જણાં તથા પાછલથી ઘોડાવાલાની બેસવાની જગ્યાપર પ્રૈટનની માફક બેઠક (ધમણ સુધાંની)માં ૨) જણાં તથા કોચબોકશપર કોચમેન તથા ગાડીને લગતું એક માણસ બેસેછે. એ ગાડીઓને પાંચથી આઠ ઘોડાઓ જોડેછે. પેહેલાં પાહાડોની વચમાંથી થોડુંએક ચાલ્યા પછી ચઢાણ આવવા માંડી હતી, તે એનડરમાટ કરીને ગામડું છે ત્યાંસુધી આસરે ૩,૫૦૦) ફીટ દરીઆનો ઉંચાઇએ ગયા, અને ત્યાંથી રીફ્રેશમેન્ટ લઇને નીકળ્યા તે સેંટ ગોહાર્ડનાં મથાળાંપર ૪) વાગે સાંજનાં જઇ પુગ્યા. હેઠળથી નીકળ્યા ત્યારથી બરફથી ભરેલા પાહાડો દીસતા હતા. પાહાડોની કઢણોપરથી ગાડીઓ ચાલતી હતી, અને તેની નીચાણુમાંથી નદીઓ પસાર થતી, અને પાહાડોપરથી પાણીનાં મોટા ધોધો પડતા તથા બેહુ બાજુ પર ઘણાં ઉંચા પર્વતો દીસતા, તેમાં કોઇ પર નીચાણુમાં ઝાડો અને મથાળાં તદન બાલી તથા કોઇનાં મથાળાંપર બરફ એમ જોતા જોતા છેક મથાળાંપર હોશપીશ (Hospice) કરીને જગ્યાછે, ત્યાં પુગ્યા કે રસ્તાની બેહુ બાજુપર બરફ પડેલો દીસતો હતો, અને તે પાહાડનો ઉપરનાં બીજા પાહાડનાં મથાળાંપર જાણે સાકરનાં ભુકાના પડા બનાવેલા હોય તેમ બરફથી ઢંકાઇ ગયલા હતા. એ બરફ ઘણો પોચોછે અને હાથમાં દાબીને તેનાં દડા બનાવી શકીએછે. એ જગ્યા દરીઆની સપાટીથી આસરે ૭,૦૦૦) ફીટ

અને ફ્લુએલન જ્યાંથી હમો ગાડીમાં બેઠા ત્યાંથી ૫,૬૦૦) ફીટ ઊંચીછે. એનડરમેટની થોડે આગલથી સેંટ ગોહાર્ડની રેલવે બંધાયછે તેની સૌથી મોટી ટનલ ઓદાએછે. એ ટનલ ૯॥ મૈલ લાંબી થશે અને મોનટ સેનીસ ટનલ જે હાલ મોટી ગણાયછે તેનાં કરતાં બે મૈલ ઇયાને દુનયાંમાં સૌથી મોટી ટનલ ગણાશે. તે સને ૧૮૭૨ નાં શાલથી ખણવા માંડીછે અને હવે એક બે વરસમાં તઇયાર થશે. તેને બાંધતાં ૨) થી ૨॥ કરોડ રૂપીયા ખરચ થશે એમ કહેછે. સેંટ ગોહાર્ડનાં પાહાડપર જતાં થંડી હવા સારી લાગતી હતી, અને શીશીનો પારો ૫૫)થી ૬૦) ડીગ્રી તડકાંને લીધે રેહેતો હતો; પણ છેક મથાળાંપર હોશપીશ આગલ પુગા ત્યારે ૪૬) ડીગરી ઓછામાં ઓછો થયો હતો, અને એ ઊંચાંણુ-જગ્યામાં ધુમસ પણ ઘણો હતો તેની અંદરથી થોડો વખત પસાર થતાં થંડી ઘણી માલમ પડી હતી. એ હોશપીશ એક નાધણું ધરછે, અને તેની આસપાસ બીજાં નાધળાં ત્રણ ચર ધરાછે, જેનાં છાપડાંઓપર વટીક બરફ પડેલો હતો. એટલી થંડીમાં લોકો ત્યાં રહેછે. (જો કે શીયાળો હજુર બેઠો નથી તોપણ આટલો બરફ બંધાયલો હતો) હવે અહીંથી બે ઘોડા દરેક ગાડીમાં જોડીને નીચે પાહાડ ની દક્ષીણ બાજુએ ઉતરવા માંડયું હતું, તે આઠ મૈલપર એઇરોલો (Airolo) કરીને ગામડું છે ત્યાંસુધી ઘણી ઉતરાણ મલી હતી. (હીંયાં પેલી ટનલનુ મોહોડું પણ આવેલુછે) ત્યાંથી નીકળેલા થોડી થોડી ઉતરાણ પસાર કરીને બીએશકા (Biasca) કરીને ગામછે ત્યાં રાતનાં ૯॥ વાગે આવી પુગ્યા, અને ત્યાંથી આગગાડીમાં બેસીને નીકળેલા ૧૦-૧૫ મીનીટે બેલીનઝોના (Belenzona) કરી ગામમાં હોટલ ડી વીલીમાં ઉતારો લીધો હતો. એ આખો પાસ પસાર કીધો તેનાં દેખાવની તારીફ કરવાને અશકત છઇયે. એ શુંટ ગોહાર્ડની રેલવે સ્વીટઝરલાંન્ડનાં લોકોએ એક કમપની ઉભી કરીને બાંધીછે, તેથી ઇટલીનીઓનો આ બાજુથી સ્વીટઝરલાંન્ડનો વેપાર ખીલવાની ઘણી આશા રાખેછે, અને જરમનીને એથી પણ ફાયદો થાય તેમ હોવાથી એ ત્રણે સરકારો (સ્વીઝરલાંન્ડ, જરમની, અને ઇટલી)એ કમપનીને મોટી રકમનાંહુંણાંની બક્ષીશો આપીછે. એ કેવું મોટું ગંજાવર કામછે તે આપણે નજરે જોઇયે નહીં ત્યાંસુધી બરાબર જાણીએ નહીં એવુંછે. એ સેંટ ગોહાર્ડનો પાસ (રસતો) આલપાસનો પર્વત પસાર કરવામાં બધાઓ વાપડતા હતા, પણ તે રસતો તટુઓ જાય તેટલો નાધળો હોવાથી એ પવતના બીજા ભાગો જેવા કે સીમ્પ્લોં Simplon, સ્પલુગેન Splugen, St. Bernard સેંટ બરનાર્દ ઇત્યાદીપર રસતા સારા બાંધવાથી તે રસતે લોકોએ જવા માંડયું હતું, પણ સને ૧૮૩૨ માં બાર વરસે એ સેંટ ગોહારડનો હાલનો રસતો ૧૯) ફીટ પોહોળો બાંધવાથી તે પાછો ઘણો વપરાયછે, અને એ સેંટ ગોહાર્ડનાં પાસનાં દેખાવની બરાબરી બીજા પાસનો દેખાવ કરી શકતો નથી એમ કહેછે.

તા૦ ૧૩ મી સપટેમબર ૧૮૮૧— આજે સવારનાં બેલેનઝોનાથી પાછા કોચ ગાડીમાં બેસીને ૮) વાગે નીકળેલા થોડાએક નાધળા પાહાડો પસાર કરીને લુગાનો (Lugano) ગામડામાં ૧૨) વાગે બપોરનાં પુગા હતા. બેલેનઝોના જે ટીસીનો (Ticino)ની બીણુપર આવેલુંછે ત્યાંથી એ બીણુનો દેખાવ ઘણો સરસ દીસેછે, અને ત્યાંથી ગાડીમાં હમો નીકળ્યા તે બે કલાક સુધી એ બીણુ જોતા જોતા ગયા હતા. એ બીણુનો દેખાવ ઘણો સારોછે. તે બે પાહાડોની હારની વચે

આવેલીછે, અને તેમાં ખેતીવાડી સારૂં માહાડોની હદ બાંધી લીધેલીછે, તેથી જાણે એક મોટા બાગના કેઆરા હોય તેવો દેખાવ ઉપરનાં પાહાડપરથી જ્યાંથી હમો પસાર થતા હતા ત્યાંથી લાગતો હતો, તથા તેની વચમાંથી ટીસીનો નદી પસાર થાયછે તે તથા મોટા અને સરખા રસ્તાઓ તથા ખેતીવાડીથી તરાંહ તરાંહનાં રંગીન ફુલો તથા ઝાડોથી દેખાવ ઘણો સુંદર બાગે બેહેસ્ત જેવો લાગતો હતો, જેવો દેખાવ કોઇજ વખતે આપણાં જોવામાં આવેછે. લુગાનો એજ નામનાં સરોવરને કાંઠે આવેલુછે. એની વસતી આસરે ૧,૦૦૦) માણસોનો કેહેવાયછે, અને સ્વીટઝરલાંન્ડનાં કોનફીડરેશીમાં ટીસીનોનું કેનટન સાંમેલછે.

લુગાનો ગામ નાધળુંછે અને એના મોહોલાઓના બે ભાગ સરોવરનાં કીનારાપરછે તેનો એકજ પોહોળો તથા મોહોટા રસ્તા શીવાય બીજા અંદરનાં મોહોલા તથા રસ્તા સાંકડાછે. અહીંયાંનુ લોક ઘણુંખરૂં દેખાવ તથા રીતભાતમાં ઇટાલી અનોને મલતું આવેછે અને બોલી પણ ઇટલી દેશની બોલેછે. ઓરતો ઘણીખરી બુટાને બદલે લાકડાનાં તળીયાં અને ઉપર ચામડાંની પટી મારેલાં ચંપલો પેહેરેછે, તેથી પગમાં પેહેરેલાં મોજાં દીસેછે. એ ગામમાં આવેલો લુગાનો સરોવર સોલ મૈલ લાંબો અને બે મૈલ પોહોળોછે.

તે સઘળું જોઇને હમો લુગાનોથી બે વાગે આગગાડીમાં બેસીને એનો સરોવર જોતા જોતા કીઆસો (Chiasso) કરીને સ્વીટઝ અને ઇટલીઅનોની વચમે સરહદનું ગામછે ત્યાં ૩-૩૦ મીનીટે પુગા હતા, જ્યાં હમારો તથા સઘળા ઉતારૂઓનો સામન ઇટલીઅન કશટમ હાઉસવાળાઓએ તપાસ્યો હતો. કીઆસોથી નોકળેલા કોમો જે ઇટલીનો ઘણો મોટો અને રળીઆમણુ દેખાવનો સરોવર ગણાયછે તે જોતા જોત મીલાન શેહેરમાં છ વાગે પુગા હતા. એ. લેક કોમો ૩૦) મૈલ લાંબો અને ઘણામાં ઘણો પોણા ત્રણ મૈલ પોહોળોછે. તેની આસપાસ મોટા પાહાડો તથા નાધળા નાધળા બંગલાઓ આવેલાછે, તથા તેનાં કીનારાપરની લીલોતરીથી એ ઘણો શોભાયમાન લાગેછે. કીઆસો મુકયું કે સ્વીટઝરલાંન્ડ દેશ છોડયું હતું, અને હવે ઇટલીની હદમાં આવ્યા છઇયે. સ્વીટઝરલાંન્ડ દેશ આજે સૌથી જુની પ્રજાસતાક ગણાયછે. એ ૨૨) કેનટોનમાં બેહેચાઇ ગયુંછે, જેમાના આરનોલડ વુર્સ્ટ અને સ્ટાઉફાચર કેનટોનો સને ૧૩૦૭ નાં શાલમાં આસ્ત્રીઆના તાબામાંથી છુટા પડીને પેહેલાં પ્રજાસતાક તેઓએ સ્થાપી હતી. તેમાં વારાફરતી બીજાં પરગણાં છુટાં થતાં ગયાં તેમ ઉમેરાઇને હાલ ૨૨) કેનટોનસોની કોનફીડરેશી ચાલેછે. એ દેશની વસતી સને ૧૮૭૭ નાં શાલની ગણતરી મુજબ આસરે ૨૮) લાખ માણસોનીછે, અને તેની જમીનનો વીસતાર નજદીક ૧૬૦૦૦) ચોરસ મૈલનો તથા તે ઘણીખરી ડુંગર અને પાહાડવાલી જગ્યાછે. તેમાં ઓછામા ઓછી ૬૭૮) ફીટ લેક મેગીઓર આગલની અને ઊંચામાં ઊંચી ૧૫,૨૨૬) ફીટ મોંન્ટ રોઝા કરીને પર્વતનીછે. એનાં રાજવહીવટ સારૂં વસતીમાંથી દર વીસ હજાર માણસે એક જણને ચુંટી કાહાડેછે. એ મુજબ નેશનલ એશેમબલીનાં ૧૩૫ સભાસદ થાયછે, અને ૨૨) કેનટોનસોને દરેક દીઠ બે જણાં ચુંટી કાહાડવાનો હકછે તે મુજબ ૪૪) જણાં બીજાછે જેને કાંઉનશીલ ઓફ સ્ટેટસ કહેછે. તેઓ ત્રણ વરસ સુધી હોદ્દો ચલાવેછે. એ બધાઓ મલીને પોતાનામાંથી સાત જણાંને ચુંટી કાહાડેછે, જેને ફીડરલ યાને એકઝીકયુટીવ કાઉંનશીલ કહેછે, જે-

એ દેશને લગતો વહીવટ ચલાવેછે, અને પોતાનાંમાંથી એક જણને દરશાલ પ્રમુખ દાખલ ઠરાવેછે. બર્ન શહેરમાં રાજ્યનું પાયતખ્તછે, જ્યાં એશેમબલી રહેછે અને સઘળું કામ ચલાવેછે. દર કેનટોન પોતાની આવક તથા ખરચ જુદો કાહાડેછે, પણ સરકારી બાબદો ઉપલી કાઉંનશીલ ચલાવેછે. સ્વીટઝરલાંન્ડનાં વેપારમાં રેશમ, લેશ, લીનન, અને ઉનાં કાપડ, ભરટનાં કરતનો તથા ઘડીયાળો (વરસ દહાડે આખા સ્વીટઝરલાંન્ડમાં આસરે સોલ લાખ ઘડીયાળો બનેછે) તથા આરગીનો ઇત્યાદીછે. એ દેશનાં લોકોની પોતાની બોલી નથી પણ ફ્રેન્ચ હદપર આવેલાં ગામો (જીનીવા માફક) ફ્રેન્ચ બોલી, જરમન હદપર આવેલાં જેવાકે બાલ, બર્ન, અને લુશર્ન એ જરમન બોલી, અને ઇટલીનાં હદપર આવેલાં જેવાંકે લુગાનો, બેલીનઝોના ઇત્યાદી ઇટલીની બોલી બોલેછે. એ લોકોનું જથુક લસ્કર ૨,૦૦,૦૦૦) માણસોનુંછે, બાકીની રૈયતનાં બધા મરદે વીસથી ચોવીસ વરસની ઉંમર સુધી કવાયદ લેવાને ધારો બાંધેલોછે, તેથી જાણે આખી રૈયત લડાયક હોય તેમ છે. એ દેશનું લોક લડાયકછે, તે સાથે પૈસાની લાલચે બીજાં બાહારનાં દેશોમાં સોલજર દાખલ ચાકરીએ જાયછે. તેઓ ઘણાં નીમકહલાલ ગણાયછે તેના ઘણાં દાખલા યુરોપની તવારીખ પરથી આપણને મલેછે. ફ્રાંન્સ દેશનાં મોટા રેવોલ્યુશનમાં તેનાં પાદશાહની મદદત સાથે બધું લસ્કર ફરી ગયું ત્યારે તેની એ દેશની Swiss Guard વાલી રીજમીટ નીમકહલાલ રહી હતી, જેથી તેમાં ઘણાંખરા બધા માણસ મારયા ગયા હતા. તેજ મુજબ રોમનાં પોપની તરફેણ તેવીજ રીજમીટે કીધી હતી, અને તેઓ નીમકહલાલ પુરવાર થયાથી આજેપણ પોપે પોતાનાં ચોકીમાન દાખલ એ દેશનાં લોકોને રાખેલાછે.

આજે રાતનાં મીલન શહેરનાં ઓપેરા હાઉશમાં સેમીરામીડનો રોસ્તનીનો ઓપેરા જોવા ગયા હતા, જે ઇટલીઅન માશટરોએ ઘણો સરસ રીતે ગાયો હતો. ત્યાંનો બેલેટપણ ઘણોજ સરસ સીનરીનો કીધો હતો. એવો બેલેટ ઇંગ્લાંડ તથા ફ્રાંન્સમાં પણ હમોએ દીઠો નથી. જે બેલેટો યુરોપ ખંડમાં થાયછે, તે મુંબઇમાં કોઇ વખતે ઓપેરા કંપની કરેછે તેવા નજીવા નથી હોતા. અહીંયાં બસો ત્રણસો ઓરતો જાત જાતનાં કીમતી પોશાક પેહરીને આવેછે, અને તે બેલેટ સારૂં જે રંગભુમી બનાવેછે તેની કંઇપણ તારીફ થઇ શકતી નથી. હમોએ જે બેલેટ આજે જોયો તેમાં જાણે એક પરી ઘણી નાખુશ હાલતમાં અંધારી રાતે એક ગામડાંમાં બેઠેલી દેખાયછે, જેનાં ઘરો લાકડાંનાં નાધળા પ્રમાણમાં આબાદ ગામડું હોય તેમ બનાવેલાં દીસેછે. હવે તેને ખુશ મીજાજમાં લાવવા સારૂં તેનો આશક તેણીને જાત જાતની નવાઇની ચીજો બતાવેછે, જેમકે દાખલા દાખલ એક લાકડી હીલવી કે તરત પેલું ગામડું ગેપ થઇ જાયછે, અને ઘરો તુટી પડી નાબુદ થઇ તેની જગ્યાપર એક બેહેસ્તનો બાગ તરત બની જાયછે, જે બાગનાં ફુંવારાઓ, ઝાડો સઘળું કીમતી પથરાનુ ઝળકતું હોયછે, તેમાં પરીઓની મીજલશથી જાણે અરેબીઅન નાઇટસમાં વાતો વાંચ્યેછે તેવો દેખાવ આબાદ નજર આગલ આવી ઉભો રહેછે. તે પરીઓ પછી પોતાની રાણી જે એક જડાવનાં તખ્ત ઉપર બેઠેલી હોયછે તેની સામે બેલેટ (નાચ) જાત જાતની ઢબોનો કરેછે. એ મુજબ બીજા ઘણા દેખાવ એક રાતનાં બદલીને બતાવેછે, જેની તારીફ કરવાને હમો તદન અશકત છઇયે. ઇટલીનાં થીયેટરોમાં બધે

એકજ ભાવ ટીકીટનો જોખી જોવા જાય તેની પાસેથી લેછે. તે ટીકીટથી તેઓને અમથા ઉભા રહીને જોવાનુ મલેછે, પણ જો બેસીને જોવાની બાબેશ થાયછે તો તેવી બેહકોના બીજાં યુરોપનાં ઠીયેટરોની માફક જુદા પૈસા આપવા પડેછે. દરવાજામાં દાખલ થવાની ફી ૩) થી ૫) ફ્રાંક લેછે, અને બેહકોનાં ૫) થી ૧૦) સુધી તેની જગ્યા તથા વર્ગ પ્રમાણે લેછે. જોવા આવનારામાંનો મોટો ભાગ ગરીબ હોવાથી તેઓને ઉભા રહીને જોવાનું સસતું પડેછે તેથી તેનો લાભ તેઓ ઘણો લેછે. હમો મીલાનમાં ગ્રાંડ હૉટલ ડી મીલાંનમા ઉતરયા છયે. એ હૉટલ નવું અને મીલાનમાં સૌથી મોટું કહેવાયછે.

તા૦ ૧૪ મી સપટેમબર ૧૮૮૧— આજનો આખો દીવસ અતરેનું મોટું પ્રદર્શણ (એકઝીબીશન) જોવામાં ગયો હતો. એ પ્રદર્શણ બે માસથી ઉઘાડેલું છે, અને તેમાં ઘણી જાતની નવી નવી ઇટલી દેશને લગતી ચીજોનો મોટો સંગ્રહ કીધેલો છે, અને હમો સવારનાં ૧૦) વાગાથી તે સાંજનાં પાા વાગા સુધી ફરયા તોપણ તેનો પોણો ભાગભી જોઇ શકયા નહીં, એટલું એ મોટું હતું. એમાં જોવા લાયક વેનીશ ગામનું બીલોરકામ, વેનીશીઅન ગલાશનાં ઝુમરો, વાઝ, ઇત્યાદી, જીનોવાનું રૂપાનુ નકશીકામ, તેમા મોટાં પીંજરાંઓ (ચલીયાંનાં), ટાવરો, ઘેરો ઇત્યાદી, એ સઘળું રૂપાંના ફ્રીલીંગરીવક જેને આપણે ફીનનાં જેવુ કહયેછે તેવી જાતનું બનાવેલું હતું. એ ઉપરાત ઝવેરાત કામનાં બાઘણા તરંહ તરહના ઘણી જોવા લાયક હતી બીજી ચીજો જે ઇટલી દેશમાં બનેછ તેનો સંગ્રહ પણ ઘણો સારો ઉપરાંત તેની ગોઠવવાની રીતો પણ ઘણી તારીફ લાયક હતી. મીણબત્તીનાં ઘરો, સાબુનાં કુંવારાઓ, પીરેમીડસ, બાટલીનાં મીનારાઓ, મીઠાઇનાં પુતળાં, રકાબી, બ્યાલાં ઇત્યાદી એવું એવું ઘણું હતું. આગગાડીનાં પેહલા બીજા કલાશની નવી ગોઠવણની ગાડીઓ તથા લડાઇઓમાં જખમી થયલાં માણશો સારૂ આખી ટ્રેનો તેમાં ડાકટર સારૂ કેબીન, દવાખાનું, બબરચીખાનું, તથા જખમી થયલાઓને સુવાના મજાના કોચો, એ સૌ ઘણું જોવા લાયક હતું.

મીલાન શેહેર જે લોમરડીનાં પરગણાંમાં આવેલું છે ત્યાં રેસમનાં કીડાઓ પાલીને રેસમ કાહાડી તેનું કાપડ તરંહ તરંહનુ બનાવેછે તે જીવતા કીડાથી તે કાપડ વણવા સુધીનું અહીં દેખાડેછે. કીડાઓને સેંકડો તુરતનાં પાતરાં નાંખી બેડી ચોરસ ટોપલીઓમાં રાખી મુકેછે, જયાં તેઓ આખો વખત પાતરાં બાયા કરી જયારે વખત આવેછે ત્યારે તે સારૂ ઝાહાડની ડાંખલીઓનાં ઝીણાં ભાડા બાંધી મુકેલા હોયછે તેપર ચહડી ત્યાં પોતાની ઉપર કોકુન બયાને પડ બાંધી લેછે. હવે એમાંથી થોડાએક કોકુનસ એમનાં એમ રેહેવા દેઇ બાકીનાં કોકુનસને પેહેલાં એક જળીની કોકળીમાં ભરી ગરમ પાણીની ટાંકીમાં નાંખેછે. પછી તેને બાહાર કાહાડી નાબળાં ગરમ પાણીનાં વાસણમાં નાંખી તેમાં કોકુનસ હીલવી રેસમનો તાર એંચી કાહાડેછે. પેહલાં જાડો અને બચબચડો તાર નીકળેછ તેટલો ભાગ હાથ વડે છુટો એંચી કાહાડી નાખેછ. પછી જેમ ઝીણો તાર નીકળતો જાયછે તેમ તેને કાચનાં કેસમાં મુકેલા એક રેંહટીયાપર વલગાવી દેછે, તે સંચાએ ચાલતાં તેપર રેસમનો તાર વીટલાતો જાયછ, અને જયાંસુધી પેલા કોકુનનો સબળો રેસમવાલો ભાગ બાલી થાયછે ત્યાંસુધી આખો તાર નીકાળ્યા કરેછે, અને છેલ્લાં અંદર જે ચામડાંનાં પડ જેવો ભાગ રેહેછે તેને પેલા અંદર મરી ગયલા કીડા સુધાં

નાંખી દેછે. રેસમનો તાર નીકળેછે તે કાંઇ એક કોકુનમાંથી છુટો નીકળતો નથી. તે ઘણોજ ઝીણો હોવાથી ઘણાં કે કુનોનાં તારો એકઠા થઇને એક તાર નીકળે છે, તે પેલા રેહેંટીઆ ઉપર વીંટળાયછે, ત્યારપછી હવે પાછી જોઇતી જાડાઇનું રેસમ કરવા ઘણાં તારોને એકઠા કરી બીજા રેંહેંટીયાપર વીંટાળી તેને રંગ આપેછે, અને પછી હમોએ ક્રીશટલ પેલેશની વીગતમાં રેસમી કાપડ બનાવવાની બાબદ લખીછે તેમ મોટી જાતનું તથા પોહોળું કાપડ વણેછે. હવે થોડા કોકુનો જે રાખેછે તેમાંથી પંદર કે વીસ દીવસે પતંગીઆં થઇને નીકળેછે. એ પતંગીઆં સફેદ રંગનાં તથા જરા જાડાં દલનાં હોયછે તેથી તેઓ ઉડી શકતાં નથી. કોકુનમાંથી નીકાલ્યા પછી તેઓમાંની માંદા એક દીવસમાંજ ઇંડાં મુકવાની તૈયારી કરેછે તે માટે તેને એક ગાજનાં ઝીણાં કપડામાં મુકેછે, જ્યાં તે નજદીક એક હજાર સુધી ઇંડાં મુકીને મરી જાયછે. એ ઇંડાંને તેમજ રેહેવા દીધાથી તેમાંથી મહીને દહાડે પાછા ઝીણાં કીડા નીકળેછે જેઓને ટોપલીઓમાં ઘણી તપાસથી શેંહેંતુરનાં પાતરાંપર રાખેછે, અને મોટાં થવા આગમજ જો તપાસ નહીં રાખે તો તેમાનાં ઘણાં મરી જાયછે. એ પ્રમાણેનાં તેનાં બધા દરજ્જાના નમુનાઓ મુકયા હતા. એ ઉપરાંત મરઘીનાં ઇંડાંમાંથી વગર મરઘીએ બચ્યાં કાહાડવાનાં ઘરો પણ ત્યાં દેખાડવા મુકેલાછે. એ ઘરો લાકડાંનાં બનાવી તેની ઉપર કાચ જડી લીધેલાછે, અને તેમાં પેંડાની અંદર ઇંડાં મુકેછે તથા તે બાકશમાં જોઇતી ગરમી જથુક રાખવાથી વખતસર ઇંડાં પોતાની મેલે ફાટીને બચ્યાં નીકળેછે. તેમાંથી તરતનાં નીકળેલાં બચ્યાં હમોએ જોયાં હતાં. પછી તેને માણસો પોતાને હાથે તપાસથી ખવડાવીને મોટાં કરેછે, અને જેમ જુનાં ઇંડાંમાંથી બચ્યાં નીકળતાં જાયછે તેમ દરરોજ તાજા કુમેરતાં રહયાથી દરરોજ બચ્યાં નીકળતા જાયછે.

મીલનમાં આંધળાઓને શીખવવાની મકુલ છે, તેમાંથી થોડીક આંધળી છોકરીઓને અહીંયાં લાવેલા હતા; તેઓ માટે ઉપલેના દીવાનાં કાગજપર અક્ષરો પાડેલા હતા, જેપર આંગલી ફેરવીને ઘણી ઝડપથી જેમ આપણે જોતી આંખે વાંચેછે તેમ વાંચી જતાં હતાં, તથા મોટાં પુલો અને બીજું તેવું પરચુરણ કામ પણ ઘણી સરસ રીતે બનાવતા હતા. એ ઉપરાંત ધાસમાંથી દોરડીઓ વણીને તેનાં મજબુત દોરડાં બનાવવાનું, મીઠાઈ તથા ચોકલેટ બનાવવાનું, (એ છેલ્લાંમાંથી તો હમણાંનાં પાદશાહોનાં અર્ધ પુતલાં તથા બીજી ચીજોનાં આકારો બનાવીને મુકેલાં હતાં) સાંબડાંની પાકીટો, રબરનાં દડા, છાપવાનું, ચીતાર કામ, સોનાં તથા રૂપાંનાં ઘરેણાં, ચસમાંનાં કાચ બનાવવાનું ઇત્યાદી હુન્નરની કારીગીરીઓ હતી. સાંચા કામનો સંગ્રહ ઘણો સારો હતો, અને ઘણાંખરાં ચાલુ કરેલાં હતાં, તે ઉપરાંત સૂંચાથી રૂનું સુતર તથા કાપડ બનાવવાનું પણ દેખાડાવતા હતા. ઘોડાની ગાડીઓ ઘણી જાતની હતી, અને મુસાફરીને માટે જાત જાતની પેટીઓ જેમાંથી કોઇતો બીછાણાં થઇ શકે તેવી, તથા આજારી માણસો માટે ખુરસીઓ, હાથ પગ ભાગે તે બાંધવાનાં હથીયારો ઇત્યાદી જીનસો હતી જેનો વીગત લખી શકતા નથી. એ સંગ્રહસ્થાન મધલી બુદ ઇટલીની બનાવટોનું જ હતું. રાતનાં થીયેટરમાં Il Lombardi નો ઓપેરા Verdi નો બનાવેલો સાંભલવા ગયા, તથા ત્યાં બેલેટ પણ જોયો હતો.

તા૦ ૧૫ મી સપટેમબર ૧૮૮૧— આજે સવારનાં બેલેરીઆ વીકટર ઇમેન્યુઅલ કરીને આરકેડ (Arcade) થાને કાચનાં છાપરાંની મોટી ચાલી બાંધી લી-

ઘેલીછે તે જોવા ગયા હતા. એ એક નાધળા મોહોલા જેટલીછે, તેની બે બાજુપર નકશીનાં મોટાં ઘર, અને તેમની વચમેનાં રસતાનાં મથાળાંપર ગુંબજ રોકું કાચનું છાપરૂં બાંધ્યુંછે. તેની હેઠળ ઘરોમાં હારબંધ દુકાનો, કાવાખાનાં અને રેસ્ટોરાં, કીધેલાંછે, તે સઘલું સરસ અને જોવા લાયકછે. તે અસલ ઇટાલીઅન તથા અંગ્રેજોની એક કંપનીએ બાંધ્યું હતું, પણ તેને દીવાલું કાહાડયાથી શેહેરની મ્યુનીસીપાલીટીએ વેચાતું લીધેલુંછે. એ ગેલેરીઆપર આઠ મીલીઅન ફરાંક (૩૨ લાખ રૂપીયા) ખરચ બેઠા હતો. તે ૩૨૦) વાર લાંબી, ૧૬) વાર પોહોળી, અને ૯૪) ફીટ ઉંચીછે, તથા સને ૧૮૬૫—૬૭ સુધીમાં બાંધી હતી અને તે જેવી આખા યુરોપમાં બીજે ઠેકે નથી. એ ગેલેરીની વચમાં ગોળ ચોક રાખી તેની ચાર બાજુપરથી ઘરો તથા દુકાનોની હાર બાંધી તેપર કાચનું છાપરૂં કીધુંછે, અને વચમેનાં ચોકપરનો ગુંબજ ૧૮૦) ફીટ ઉંચો રાખ્યોછે. રાતનાં એમાં ૨૦૦૦) ગ્યાસની બતીથી લાઇટ કરેછે. એ ગેલેરીમાં ૨૪) ઇટાલીઅન ઉસ્તાદોને હાથનાં પુતળાં મુકેલાંછે.

એ આરકેડથી થોડેક દુર પીયાઝો ડેલ ડુઓમો (Piazzo del Duomo) નામનાં ચોકમાં આવેલું મીલાનનું દેવલ જોવા ગયા હતા. એ દેવલ ઘણું મોટું તદન સફેદ સંગેમરમરનું અતીઘણી કારીગીરીથી બાંધેલુંછે. એનાથી ફકત સેંટ પીટર્સ (રોમનું) અને સેવીલ (સ્પેનમાં) નાં દેવલો મોટાં ગણાયછે. એનું છાપરૂં તદન સફેદ સંગેમરમરનાં મીનારા તથા પુતળાંઓનું હોય તેવું દીસેછે. એનાં બધા મલીને ૧૩૫) મીનારાછે, અને દરેકનાં મથાળાંપર વખણાયલા શખ્સોનાં તથા સેંટસનાં આદમ કદનાં પુતળાં મુકેલાંછે. તે ઉપરાંત તેઓની હેઠલનાં ભાગમાં પણ બાંચાઓ પાડીને પુતળાં મુકેલાંછે. દેવલની બાહારનો બાજુઓમાં ગોખલાઓ તથા શીલીંગો પુતળાંઓથી ભરપુર ભરી નાખ્યીછે. બધાં મલીને ૨૦૦૦) ઉપર મોટાં કદનાં સંગેમરમરનાં પુતળાંછે તેથી તેનો ભપકો ઘણોજ સરસ લાગેછે. એ દેવલનો સૌથી ઉંચો મીનારો ૩૬૦) ફીટ ઉંચોછે, તે ઉપર વરજીન મેરીનું પુતળું સોનાની ગીલીટનું બ્રોનઝ ધાતુનું મુકેલુંછે. એ દેવલનો અંદરનો ભાગ જે એકજ આખું દીવાનખાનું હોય તેમછે તે ૧૫૯) વાર લાંબો, ૬૧) વાર પોહોળો, અને ૧૫૫) ફીટ ઉંચોછે. તેની વચમાં ગુંબજ બાંધેલોછે તે અંદરથી ૨૦૦) ફીટ ઉંચોછે. એ દેવલનો પાયો સને ૧૩૮૬નાં શાલમાં ગીઅન ગાલેઆન્સો વીસકોનટે(Gian Galleanzzo Visconte) નખાવ્યો હતો, અને તેનો ઘણોખરો ભાગ ૧૦૦) વરસે બંધાઇ રહયો હતો. ત્યારપછી થોડુંએક કામ સોલમી સદીમાં ચલાવ્યું હતું, અને બાકીનું નેપોલીઅન બોનાપાર્ટે સને ૧૮૦૫ માં ચલાવીને પુરૂં કીધું. એ ધણીનું પુતળું હાથમાં ભાલો આપીને છાપરાં પરનાં મીનારાઓનાં પુતળાંઓ સાથે ઉભું રાખેલુંછે. એની અંદરનાં દીવાનખાનાંમાં દર ૧૨) ફીટની પરીધમાં ૫૨) થાંભલાઓછે અને તે દરેક થાંભલાની અંદર ગોખલા રાખી આઠ આઠ પુતળાં ગોઠવેલાંછે. એ દેવલ બાંધવાનાં પથર સારૂં એનો પાયો નખાવનારે પોતાની સંગેમરમરનાં પથરની ખાણ આસરે ૧૫૦) મૈલ દુરછે તે આપી દીધી હતી, તેનો કીમત નહી ગણતાં એ દેવલ ઉપર ૨૨) કરોડ રૂપીયા ખરચ બેઠો હતો. એનો પુલપીટ(વાયજ કરવાની જગ્યા) કોયર ગાનારાઓ માટેની જગ્યાની બેહુ બાજુએ થાંભલાઓ પર મુકેલોછે તે તથા તેની બાજુપરનું છતર સઘળું તદન ચાંદીનાં બનાવીને નેપોલીઅન બોનાપાર્ટે મુકાવ્યાં

હતાં. એ દેવલમાં બીયરાંમાં એક નાધળો ૬) ખુણાનો ઓરડો કીધેલોછે, તેમાં શેંટ કારલો બોરોમીઓ (St. Carlo Borromeo) ની પેારછે. એ ધણીએ આગલ એક વખતે મીલાન શેહેરમાં એવી મરકી ચાલી કે મા પણ પોતીકાં છોકરાંઓને મુકીને નાસી જતી હતી, તે વખતે પોતે ચેપથી ડરયા વગર મરવા પડેલાં માણસોમાં જઇને તેઓની માવજત તથા દવા કીધી હતી. એ ધણી કારડીનલનો હોદ્દો ધરાવતો અને ડ્યુકનાં ખાનદાનનો હતો, તથા એની મેહેનતથી ધણાં જણાં બચયાં તથા લોકોનાં કેહેવા અને એતેકાદ મુજબ એનો દુવાથી મરકી આગલ વધતી અટકી હતી, તેનાં મેહેશાંનમાં એને મહીંયાં દાટેલોછે, અને તેનાં ઓરડાનો સીલીંગપર બધું રૂપાંનું પતરું જડેલું તથા રૂપાંનાં પુતળાંઓ મુકેલાંછે. એનું મુરદું મુકવા સારૂં બ્રા ક્રીશટલનાં પથરની પેટી સ્પેનનાં પાદશાહે સોનામાં જડાવીને આપેલીછે, તથા તે ઉપરાંત એની ઉપર છ બ્રા પાનાંનો મોટો ક્રોસ મુકેલોછે, તથા હાથમાં મીટર (એનાં હોદ્દાની લાકડી) તદન જવેરાતનીછે ; એ સઘળું ફ્રાંન્સ આસ્ત્રીયા, તથા ઇટલીનાં પાદશાહોનું આપેલું છે. તથા તેની કીમત ૪) મીલીઅન ફ્રાંક (૧૬ લાખ રૂપીયા)નો કેહેવાયછે. ક્રીશટલનો પેટીમાંથી મુડદાનુ મોહોડું, હાથ, અને પગ જે ખુલ્લા રાખેલાછે તે દીસેછે. તેનું મોહોડું તદન કાળું મારી ગયલું છે અને નાખ સઘળું બ્રવાઈ ગયું છે. એને મરી ગયાને નજદીક ૩૦૦) વરસ થવા આવ્યાંછે. એનો પેટીની ઉપર બીજી કોપ ધાતુનો ગીલાફ કરયોછે જેને કુંચી ફેરવ્યાથી તે જમીનમાં ઉતરી પડેછે, અને પેલી ક્રીશટલની પેટી મુરદાં સુધાં બ્રાલી થાયછે. પછી પાછી કુંચી ફેરવેથી પેલો ગીલાફ પાછો ઉપર આવી તેને ઢાંકી નાંખેછે. એ ઓરડાની ઉપર કુવા માફક બ્રાદીને ત્યાંથી ઉજરડું હેઠે લીધેલું છે; તોપણ અંધારૂં પડવાથી બતી સલગાવીને લોકોને બતાવેછે. એ દેવલનું ભડારયું પણ જોવા લાયકછે, જેમાં બે સેંટસ (St Ambrogis and St Carlo Borromeo)નાં આદમ શાપજનાં કદનાં રૂપાંનાં પુતળાંઓ પણરાખેલાંછે. દેવલનાં મીનારાપરથી આસપાનો દેખાવ ધણોજ સરસ અને ત્યાંથી એ દેવલનાં છાપરાંની બાંધણી તેનાં મોનારા તથા પુતળાંઓ શુધાં ધણી સરસ દીસેછે. મીલન શેહેરનો આખો દેખાવ તથા દુરથી આલપ્સના પર્વતો વટીક એ મીનારાપરથી દીસેછે.

એ જોઇને પછી એની સાંજ પાદશાહનો મેહેલ(Palazzo Reale) જોવા ગયા હતા, જે સને ૧૭૭૨ નાં સાલમાં ધણું બ્રરૂં સફેદ સંગેમરમરનું કામ લઇને બાંધ્યો હતો. તેનાં ઓરડાઓમાંનું ફરનીચર તથા ગીલીટ તથા પેનટીંગસ ધણાં સરસછે, પણ બાલરૂમ અથવા નાચનું દીવાનખાનુ આખું સંગેમરમરનુ તારીફ લાયકછે, તથા તેને ફરતી ગેલેરી તદન સંગેમરમરનાં પથરનાં પુતળાંઓપર બાંધેલી છે. એ દીવાનખાનું ૪૬) વાર લાંબું અને તેમાં બતી કરવા સારૂં મીણબતીઓનાં ઝાલશેડોની તોરણો ગેલેરીપર કીધેલીછે તે ધણીજ સરસ લાગેછે, તથા હોલમાં બીજી લાઇટ કરવાનાં ઝુમરો પણ ધણાંછે. દીવાલોપર બારણાંઓનો આસપાસ સંગેમરમરની કોતરનીનાં કુલો તથા વેલાઓ કીધેલાછે તેથી એ સઘળું ધણુંજ શોભેછે, અને એવાં સરસ દીવાનખાંનાં બીજાં ધણાંજ થોડાં હશે. એમાં નાચનો વેલાએ ૩,૦૦૦) મીણબતીઓ સળગાવેછે તથા બધા મેહેલની જમીન "મોઝેક વર્ક"ના રંગીન પથરની કીધેલીછે.

ત્યાંથી નીકળેલા મોલન શેહેરનાં લોકોને દાટવાની જગ્યા જોવા ગયા હતા. એ દાટવાની જગ્યાની બાંધણી બીજીઓ કરતાં તદન જુદી જાતનીછે ; એક મોટી

ગેલરી અરધા ચાંદ રોકી બાંધેલીછે, તેમાં વચમેનાં ભાગમાં દીવાલ કરી બાકીની આસપાસની ઇમારતનાં હેઠળનાં ભાગમાં દીવાલની અંદર મુડદાંની પેટીઓ રહે તેનાં ખાંચાઓ રાખેલાછે. ત્રણ કોશીનો રહે તેટલી પોહોળાઇનો એક ખાંચો કરીને તેની ઉપર બીજાં ત્રણ થડ તેમજ કરયાં છે, જેથી દરેકમાં ૯) કોશીનો રહે તેટલા ખાંચાઓછે, અને વચમાં જગો રાખી વળી બીજી કોશીનોનાં ખાંચાઓ બાજુઓપર તે મુજબ કીધેલાછે. હવે એક ખાંચો એક ધણી વેચાતો લેછે અને તેમાં પોતાનાં કુટંબનાં માણસો મરણ પામે તેઓને દાટેછે; તેની કોશીનવાલા ખાંચાની બાહાર દીવાલપર તેનાં નામ નીશાનની તકતી મારી તે પર તે મુવેલા ધણીનો ફોટોગરાફ યા કોતરેલું નાધણું બસ્ટ મુકેછે, અને વેચાતી લેતી વખતની બોલી મુજબ ખાંચાને મથાળે બીજી ગેલરી નીચેનાં જેવીજ કીધેલી હોયછે, તેમાં સારી કારીગરીનું એક મોટું બાવળું મુકવું પડેછે. તે માટે જગ્યા વેચાતી લેવાનાં એ શીમેટરી બાંધનાર કુપનીને ૮,૦૦૦) ફ્રાંક આપવા પડેછે. એ મુજબનાં હારબંધ બાવળાં ઉપરની ગેલરીમાં આવ્યાથી તેનો દેખાવ ઘણોજ સારો લાગેછે, અને તેથી આપણે જાણે કે કોઇ મોટા શો રૂમ (પ્રદર્શનવાળા દીવાનખાના)માં ચાલતા હોઇયે તેવું લાગેછે. એ ઉપરનાં બાવળાં કાંઇ જેવાં તેવાં નથી, પણ ઘણી ઉંચી કારીગીરી સાથે માણસપુર જેટલાં બનાવેલાંછે, અને તેમાનાં કોઇ કોઇની કીમત તો ૧,૦૦,૦૦૦) ફ્રાંક ઉપર પણ છે અને હલકામાં હલકું એક હજાર ફ્રાંકની અંદરનુ હશે નહીં. એ શીમેટરી હજી ૧૪) વરસ થયાંજ ઉંઘડીછે તેથી બધી જગ્યા ભરાયલી નથી પણ ઘણી અધુરી છે, તોપણ અહીંયાંનાં પઇસાદાર લોકોએ પોતાનાં કુટંબ સારૂ એ મોહોલ્લાઓ વેચાતા રાખીને તેમાં પોતાનાં આગલનાં મરી ગયલાં બેશીઓને જુની ઘોરસ્થાનમાંથી કાહાડી લાવીને અહીં દફનાવી તેપર બાવળાં કીધાંછે. એ જગ્યા સધળી ઘણુંજ પૈસાદાર ધણીઓને વાસતે છે. એથી ઉતરતા વચલે વાધેનાં લોકો જેઓથી આટલી મોટી રકમો આપાતી નથી તેઓ સારૂં એ ઇમારતની પાસે મોટો ચોક કીધોછે તેમાં એક બાજુપર જગ્યા ઘેરી લીધીછે. તે જગ્યા પણ બાંધી વેચેછે અને તેનો અંદર ડાટવા પછી તેપર પણ મોન્યુમેન્ટસ મુકવાની બોલી હોયછે તે મુજબ નાધલાં કદની ઘોરો બાંધી તેપર આખાં ઇયા અર્ધાં કદનાં બાવલાં મુકેલાંછે તેથી જાણે મોન્યુમેન્ટસની એક દુકાન હોય તેમ તે આખી જગ્યા લાગેછે. અહીંયાં પણ દરેક મુવેલા ધણીનું પુતળું તેની ઘોરપર મુકેલું ઇયા જડી લીધેલું હોયછે તેથી તે કોણ ધણી હતો તે માલમ પડેછે. હવે એ ઉપર લખેલી બે જગ્યામાં દાટેલાઓને જાયુકની જગ્યા વેચાતી મલેલીછે. પણ એથી ગરીબ લોકો જેઓ પુતળાં સાથે ઘોરો કરી શકતા નથી તેઓ સારૂં છેલી જગ્યા પાસે બીજી મોટી જગ્યાછે. તેમાં ૧૦૦) વરસની બોલીએ જગ્યા આપેછે, જયાં સાદી પણ સંગેમરમરની ઘોરો કીધેલીછે. એ સધળી રસતાની બાજુઓપર બાંધેલીછે પણ જે ઘણુંજ ગરીબ અને મુફલિશ હોયછે તેથાનો ઘોર તેની માહેલા ભેતરોમાં ગોકવી તે પર અમથી ખાલી નીશાનો કીધેલીછે. એ છેલી ઘોરનાં મુડદાંઓનાં હાડકાં દર દસ વરસે બાહાર કાહાડી નાખી તેઓને બીજી ગમ મોટા ખાડામાં ડાટી નાખેછે. એ ઉપર લખેલાં મોન્યુમેનટસ ઉપરાંત જેઓ તેથી પણ વધતા પઇસા આપીને પોતાનાં કુટંબ માટે તેહખાના (ફેમીલી વોલટ) જુદાજ કરવા માંગેછે તેઓને જુદી જગ્યાઓ આપેલીછે. તેનો

ઉપર તેઓ મોટા દેવલ રોકા સ્તંભ પીરમીડસ તથા ગ્રીક દેહેરાં તથા એવી એવી જુદી કારીગરીનો બાંધણીનાં બાંધેછે, અને તેની અંદર જમીનમાં ભોયરાં બાંધી તેમાં કોફીન મુકેછે. એક ઓરતનો વર તથા ત્રણ મોટાં છોકરાં (બે છોકરી અને એક છોકરો) અઢાર, વીસ, અને બાવીસ વરસનાં એકજ વરસમાં મરણ પામ્યાં હશે તેઓને એક પેનડીમ્યન રોકું ઘેર બાંધીને હેઠળ ડાટેલાંછે, અને તે ઘેરમાં ત્રણે છોકરાંનાં સંગેમરમરનાં આદમ કદનાં પુતળાં જાણે એક એકને કોટી વલગીને ઉભાં હોય તેમ મુકેલાંછે, અને તેઓનો માંમે બાપનું પુતળું હસ્તે મોહોડે પાડેલું છે. કોઇની ઘોર પર બંધાવનાર ઓરત ઉંધે મશતકે પડીને રડતી હોય, કોઇ ગુંહણ મંડીયે પડીને ભણતી હોય, કોઇ મરતું હોય તે વખતે તેનાં આખા ઘરનાં માણસો મરણનાં બીછાણાનો આસપાસ રડતાં ઉભેલાં, કોઇએ તેનો ગરદન ઉચકેલો, એવી એવી જાત જાતના ચીતારના મોન્યુમેન્ટસ ત્યાં મુકેલાંછે જે સઘળાંની તારીફ હમો કરી શકતા નથી. મીલાનમાં હાલ મુદડાંઓને બાલવાનો પણ ચાલ નીકલીછે, તે માટે એક ધણીએ અહીંયાં જુદી જગ્યા બાંધી આપીછે તેમાં બાલેછે. તે બાલવાનું કાંઇ હીંદુઓનો માફક આતશમાં મુડદું મુકીને નથી; પણ એક મુડદું રહે તેટલી ભઠ્ઠી બાંધી તેની બાજુ આતશ સલગાવવાનો જગ્યા કીધેલીછે, તેમાં આતશની ગયાસ બધી એકઠી કરીને પછી પેલી ભઠ્ઠીમાં તેને છોડેછે. તે આગમજ એક લોખંડની કરકતી કરી તેપર ખીલા ઉભા કીધેલાં હોયછે તે ખીલાની અણીવાલા ભાગપર ચલક આપીને મોટાડીનાં મુદાઓ કરેછે, અને તે મુદાઓની ઉપર મુડદાંને મુકેછે, તેથી તે મુડદું બધી ગમથી બાલું રહેછે, અને તે કરકટીને પેલી ભઠ્ઠીમાં મુકી બાહારથી બાજુ બંધ કરીને પેલી આતશની ગ્યાસનું બારણું જે એ ભઠ્ઠીમાં મુકેલું હોયછે તે ઉપરથી ઉઘાડવાને લીધે ગ્યાસ બધી અંદર ભઠ્ઠીમાં ફેલાઈ જાયછે, અને તે એવી તો ગરમ હોયછે કે પેલાં મુડદાંને પોણાં કલાકમાં ભસમ કરી નાંખેછે. એ મુજબ એક મુરદું જે ૧૫૦) રતલ વજનમાં હોયછે તેની રાખ ત્રણ રતલ ઉતરેછે; તે રાખને એક વાસણમાં ભરીને મુકવા સારૂ એક જુદું જ ઘેર બાંધેલું છે, જેની દીવાલની અંદરના ગોખલાઓમાં રાખ ભરી તેનો બાહાર નાંધલી તકતીઓ મરનારનાં નામની મુકેછે. એ મુજબ દર શાલ ૩૭૨) મુડદાં બાલવાની રાસ આવેછે. હમો આજે ગયા તેની બે દીવસ આગમજ એક ૧૯) વરસની છોકરીને એ મુજબ બાલેલી હતી તેની કરકટી હજુર ત્યાં પડેલી હતી તેની ઉપર નાંખેલાં મોટાડીનાં મુદાં વઠીક પીગલી ગયાં હોય તેટલી ગરમી ગ્યાસની પોહોંચેલી દીસતી, અને મુડદાંનો રાખ તથા ઝીણાં હાડકાંનાં ચાક જેવા થોડાક ભાગો વલગી રહેલા પણ દીસતા હતા, જે ત્યાંનાં રખેવાળે હાથમાં લઇને જેમ મોટાડી ભાંજી નાંખે તેમ બે આંગલાંમાં કચડીને દેખાડયાં હતાં. માણસ દીઠ બાલવાનાં જો તે મીલનમાં મરણ પામ્યો હોયછે તો ૫૦) ફ્રાંક અને બાહાર ગામથી મુડદું બાલવા લાવે તેના ૧૦૦) ફ્રાંક લેછે. એ પ્રમાણેનું ઘોરસ્થાન બાંધેલું હમોએ પેહેલ વેહેલું જ જોયું હતું, અને તેની ગોઠવણી સઘલી પસંદ કરવા લાયકછે.

એ જોઇને પછી આરકો ડેલ સેમપ્યોને (Arco del Sempione) કરી એક કીરતી મહેરાબ (ટ્રાએમફલ આરચ) છે તે જોવા ગયા હતા. એ મહેરાબ નેપોલીઅન બોનાપાર્ટે સંગેમરમરનો આખો બાંધ્યો હતો, પણ અધુરો રેહેવાથી સને ૧૮૩૩ માં ફરાંનસીશ શેહેનશાહે પુરો કરાવ્યો. તેની ઉપર લડાઇ-

ઓની જીતની વીગતો કોતરેલીછે, અને તેને મથાલે પ્રાંજની મોટી ગાડી છ ઘોડા જોડીને ઉભી રાખેલીછે, તથા ચાર ખુણે ચાર બીજા મોટા ઘોડા ઉભા રાખેલાછે. અહીંથી ઘણે દુર એક પાહાડછે ત્યાંથી અહીંયાં સુધી એક મોટો રસતો બાંધી તેને છેડે આ મહેરાબ મુકેલોછે, પણ તે રસતો આશરે છ મૈલ સુધી જઇને પછી નેપોલીઅન હારી ગયાથી ત્યાં અટકી પડયો હતો.

એ જોઇને એરીના (Arena) કરીને સરત રમવાની તથા બોટની રેંગેટા કરવાની જગ્યા પાએલા ડારમી (Piazza D'Armi) વાલાં મેદાનમાં આવેલીછે તે જોવા ગયા હતા. એ એરીના નેપોલીઅન બોનાપાર્ટે બાંધીછે, તેમાં એક નાધેલો જેવો મહેલ કરી તેની ફરતી બાજુ તથા માંમેથી એક મોટી જગ્યા ઘેરી લઇ તેમાં ઉંચી બેઠકો થીયટરનો માફક મોટાડાની બાંધી તે ઉપર ઘાસ ઉગાડેલુંછે. તે જગ્યાનો વચમાં મોટું ખાલી મેદાન રાખેલુંછે, જ્યાં ગાડી તથા ઘોડાની સરતો હજુરખી રમાયછે, તથા બોટની રેંગેટા રમવા માટે ત્યાં નદીનાં પાણીની કેનાલ લાવેલાછે તેમાંથી એક રાત અગાઉ પાણી છોડી મુકેછે કે પેલું મેદાન એક મોટો તલાવ બની જાયછે. તેમાં બોટની સરત રમાયછે તે જોવા આવનારાઓ માટે મોટાડાની જગ્યા બાંધેલીછે. તે ઉપર ૩૦,૦૦૦) તીસ હજાર માણસો બેસી શકે એવડી મોટીછે અને પેલો નાધેલો મહેલ પાદશાહ તથા ઉમરાવોને બેસવા માટે કામ આવેછે. એ જોઇને પછી અતરેનું ફાઇન આરટસ મ્યુઝીયમ (Museo Artistico) ચીત્રકારીક હુનરનુ પ્રદર્શણ જોવા ગયા હતા, જ્યાં અતરેનાં વખણાયલા ઉસ્તાદોનાં હાથનાં મંગેમરમરનાં બનાવેલાં માગાં પુતળાઓ મુકેલાંછે, જે એવાં લાગેછે કે બણે જીવતાં હોય અને હમણાં બોલે તથા ચાલે એમ લાગતાં હતાં. એ પુતળાં ઉપરાંત ઉસ્તાદોને હાથની પાડેલી ઉંચી તસ્વીરોનો પણ સંગ્રહ ઘણો સારો કીધેલોંછે

એ જોઇને ગઇ કાલનું અધુરું રહેલું ઇન્ડશ્ટરીઅલ એકઝીબીશન પાછું જોવા ગયા હતા. ત્યાંથી પાછા ફરતાં ત્યાંજ આજે ફુલ તથા ફલનું પ્રદર્શણ ઉઘાડયુ હતું તે જોવા ગયા, જ્યાં જાત જાતનાં ફુલ તથા મોટા કદનો મેવો તથા તરકારીનો સંગ્રહ ઘણો સારો કીધેલો હતો; તેમાં ધ્યાનું જોવા લાયક ફુલનાં તોરા તથા તેના તદન ફુલની ગુંથણીનાં બનાવેલાં ફલાવર વાઝ હતાં. ઝાડવાલાં કોઇ ફલોને કુંડામાં ઉગાડેલાં હતાં તેમાં શેરડનાં ઝાડને કુંડામાં ઉગાડી તેનાં લાંબા વેલા રોકી ડાંખલીઓ બેહુ બાજુપર લઇ જઇને તોરણનો માફક કરી તેપર ફલો અત્તી ઘણાં ઉગાડેલાં હતા. કોઇ કોઇ તો નાધળાં પપેનાસ જેટલાં મોટાં હતાં અને પેર માલુગાં જેવડાં મોટાં હતાં. એ જોઇને સાંજનાં કલાક ૬॥ ને અમલે મીલાન શેહેર છોડયું, અને ત્યાંથી નીકળેલા રાતનાં કલાક ૧૧–૩૦મીનીટે જીનોઆ શેહેરમાં પુગા હતા. મીલાન ઇટલી દેશનું એક મોટું શેહેરછે અને તેની વસતી બે લાખ માણસનીછે અને જો તેનાં શેહેર બહારનાં જીલ્લા ગણવામાં લઇયે તો ત્રણ લાખ માણસોની વસતી કેહેવાય. એ શેહેરનાં મોહોલાઓ મોહોટા અને સારાછે તથા ઘર વગેરે રોણકદાર બાંધણીનાંછે. મીલાન શેહેર સાત મૈલ ઘેરાવામાંછે, એ લોમબારડી પરગણાની રાજધાણીછે અને અહીંયાં રેશમ તથા ઉનનાં કારખાનાં ઘણાં હોવાથી એ શેહેર ઇટલી દેશનાં પૈસાદાર શેહેરમાંનું એક ગણાયછે. હમો યુરોપનાં જે દેશોમાં ગયા તેમાં આલપ્સનો પર્વત ઓળંગ્યા પછી હમણાં સુધીની જગા જોમ

તેવી તે બીજી આગલા ભાગોમાં ફળવંત જોઇ નથી. એ લોમબારડી પરગણું ઘણું ફળવંત ગણાયછે, અને અહીંથાથી હવે માફકમરની થંડી અને ગરમીવાલી જગ્યા આવવાથી તથા પડોશમાં આલપ્સનાં પર્વતો પરથી બરફ પીગળી તેનાં પાણીનો નદીઓનાં નહેરોએ કરીને એ જગ્યા એટલી તો રસાલ થઇછે કે વરસમાં તેમાંથી અનાજનાં બાર પાક ઉતારી શકેંછે, અને તેથી કરીને એ લોમબારડીની વસતી ઘણી ગીચ બનોછે. એ પરગણું ૯,૦૦૦) ચોરસ મૈલછે. તેની વસતી ૩૭) લાખની બયાને દર મૈલે ૪૦૦) ઉપરની કેહેવાયછે જેવી ગીચ વસતી બીજી કોઇજ ગમ હશે. એનો મોટો વેપાર અનાજ, ઉન, અને રેશમનોછે. એ લોમબારડીનું પરગણું વારાફરતી જરમન શહેનશાહોને હસ્તક થયું હતું. સ્પેન અને પછી આસ્ત્રીઆનાં હાથમાંથી સને ૧૮૫૯માં તે ફ્રેન્ચનાં શેહેનશાહ લુઇ નેપોલીઅન ત્રીજાને હાથ ગયું, જેણે તે શારડીનીઆનાં પાદશાહ વીકટર ઇમેન્યુલને આપી દીધું હતું, અને જે ઘણી પાછલથી આખા ઇટલીનો પાદશાહ થયો હતો. તેનો છોકરો હમબરટ હમણાં ઇટાલીનો પાદશાહ ગણાયછે. મીલાન શેહેર તેનાં કોતરકામનાં હુનર માટે ઘણું વખણાયલું છે, અને તેનાં પુતળાં કોતરનાર કારીગર આખા ઇટલીમાં આજે મશહુર ગણાયછે.

તા૦ ૧૬ મી સપટેમબર ૧૮૮૧— આજે મુવારનાં આતરેનાં (૭નોઆ) મી૦ ફરાનસીસ્કો કોશટા ફેરફેલનું પરવાળાં તથા દાણાં અને બીજી બનાવટનું કારખાનું જોવા ગયા હતા. પરવાળાં જીનોઆથી આશરે ૫૦) મૈલ દુર દરીયામાંથી માછી મારઓ કાહાડી લવેછ, જો ૧૫) જણાં છ માંસ સુધી કાહાડવાની મેહેનત કરેછે તો ત્રણ નાંધળી ટોપલી ભરી પરવાળાં મલેછે. દરીયાનાં બીજાં "કોરલસ" પ્રમાણે તે પહેલાં ઘણું ખડબચડાં તથા ઝાડોની પાતળી ડાંખલી માફક હોયછે. તેનાં જોઇતી કદનાં ટુકડાઓ કરી મશાણપર ઘસી ગોળ બનાવેછે, પછી તેને એક વાસણમાં મુકીને તેમાં ગરમ પાણી નાંખી તે વાસણને ગોલ હીલવેછે, તેથી પાલીશ થાય છે. મોટાં પરવાળાંની દાંડીઓ બનાવેછે જે આશરે બેથી ત્રણ ઇંચ લાંબી અને ૦।। ઇંચ પોહોળાઇમાં હોયછે, તો તેનાં ત્રણથી ચાર હજાર ફ્રાંક કીમત ગણાયછે. પણ એવી મોટી દાંડીઓ મલવી ઘણી મુશ્કેલ પડેછે, બાકીની દાંડીઓમાંથી ઝીણાં તથા મોટા દાણાં બનાવીને દુનયાનાં બધા ભાગોમાં વેચવાને મોકલાવેછે.

એ જોઇ અતરેનો ટાઉનહોલ જેને પલેઝો ડેલ મ્યુનીસીપીઓ (Plazzo del Municipio) કહેછે તે જોવા ગયા હતા. એ ઇમારત મોટીછે અને તેનો દાદર ઘણો ભભકાદાર તથા તેનાં દીવાનખાનાઓમાં પીકચરોનો મેલાવડો થોડો ઘણો સારોછે. એ જગ્યાપર પેગેનીની (Paganini) જે ઘણો વખણાયલો ગાયનકાર થઇ ગયોછે તેની પોતાની વાપરેલી સારંગી દીવાલમાં એક કબતની અંદર મખમલ તથા શાટીન જડીને મુકેલીછે. એ સારંગી એટલી તો વખણાયલી તથા કીમતીછે કે આગલ હમારા વાંચ્યામાં આવ્યા મુજબ એનાં કોઇ અંગ્રેજ લોરડે ૧૨,૦૦૦) પૌંડ આપવા માગ્યા તોપણ તે વેચી નહીં.

એ જોઇ પછી પલેઝો રોસ્સો (Plazzo Rosso) કરીને મેહેલ તથા તેમાંની પીકચર ગેલેરી જોવા ગયા હતા. એ મેહેલનો રંગ બાહારથી લાલ હોવાથી તેને રોસ્સો યાને લાલ કરીને નામ આપેલુંછે. એ મેહેલ તથા તેની અંદરનો કીમતી તસ્વીરો અને બાવળાં ડયુક ઓફ ગેલેરીઆની બાયરી તથા છોકરાએ તેનાં વીલનાં હુકમ મુજબ જીનોઆ શેહેરને આપી

દીધાંછે. એની બાંધણીમાં ઘણેાખરેા મકૂદ તથા રંગીન સંગેમરમરનેા પથર વાપડેલેાછે. તેમાં તેની ફરસબંદી રંગીન પથરેાની ગલીચાની માફક દર ઓરડામાં જુદી જુદી તરાંહની ઘણીજ સરસ રીતની કારીગીરી કરેલીછે તે જોવા લાયકછે, તથા પીકચરેા પણ ઘણાં મેાટા મેાટા ઉસ્તાદનાં હાથનાં પાડેલાંછે તેનેા સંગ્રહ પણ મેાટેા કરેલેાછે. એ ડયુક એાફ ગેલેરીઆ ઘણેા પૈસાદાર માણસ હતેા. તે જીનેાઆ શેહેરમાં ગરીબ માણસેાની પરવરીશ કરવા તથા ઇસ્પીતાલેા બાંધવા તથા એનું બારૂં સુધારવા (એ છેલાં સારૂં વીસ મીલીયન ફ્રાંક ઇયાને હેંસી લાખ રૂપીયા) ઘણી મેાટી કરેાડેા રૂપીયાની રકમેા આપી ગયેા છે. પણ સઘળું એ પેાતે વીલમાં આપી ગયેા હતેા; જીવતેા હતેા ત્યારે કાંઇપણ ધરમ એણે કીધેા હતેા નહીં, અને એની એકજ છેાકરી હાલ હૈયાતછે તેને બાકીની પેાતાની ચારસેા મીલીઅન ફ્રાંક ઇયાને સેાળ કરેાડ રૂપીયાની દેાલત આપી ગયેા છે. એ ઓરત હાલ પારીશમાં રહેછે. તેને એકજ છેાકરેાછે તે પેાતીકી મા સાથે રેહેતેા નથી. પણ છતી મેાટી દેાલત છતાં નાશાળ શીખવવાનેા ધંધેા કરી પેાતાનું ગુજરાણ ચલાવેછે. એ છેાકરેા પ્રજાસત્તાક વીચારનેાછે.

એ મેહેલ જોઇને પછી કેપુશીન લેાકેાનું સેંટ એનનઝીએટા (St. Anunziata) નું દેવલ જોવા ગયા હતા. એ દેવલનેા બાહારથી દેખાવ કંઇ પણ રીતે ભપકાદાર નથી, અને જાણે દીવાલ ભાગી ગઇ હેાય તેમ તે ઉપરની કલકાત નીકળી ગઇછે, પણ અંદર ગયા કે તે ઘણાજ સરસ તદન સંગેમરમરનાં રંગીન પથરેા અને ગીલીટ તથા પેનટીંગેાથી ચીતારેલેાછે. તેનાં જેવું ભપકાદાર દેવલ બીજું હમેાએ કેાઇ જોયું નથી. અંદરથી જાણે તદન સેાનાનેા બાંધી તેની વચમાં નાધળાં પીકચરેા મુકેલા હેાય તેમ લાગેછે, તથા તેનાં સંગેમરમરનાં ગેાલાખી મકૂદ તથા બીજા રંગનાં થાંભળા અને તેની રંગીન દેવાલેા તેને એટલું તેા જેબ આપેછે કે હમેા કેાઇબી રીતે તેની તારીફ કરી શકતા નથી. દીવાલેાપર ગીલીટ ફકત વરબની કારીગરી નથી પણ પાતળાં પતરા ઉપર જુદેા સેાનાનેા ઘેાર ચહડાવીને કારીગરીછે; અને જોતાં કે તે ઘણું જુનું દેવલ છે તેાપણ એ પેહેલ વેહેલી ગીલીટ કરેલી તેજ હજી જાણે એાપેલું નવું સેાનું જડી લીધું હેાય તેવી ઝળકાટ મારેછે, તે પણ વળી પતરાંપર માદીજ ગીલીટનેા હાથ નથી પણ જાત જાતની નકશીકામના પતરાં એવી ગેાઠવણીથી જડેલાંછે કે દીવાલેા અને છતપર પણ જાણે ગીલીટ રેાકી મેાટી આરશીની ફરેમેા હેાય તેમ ગેાઠવી તેમાં ઘણી ઉંચી તસ્વીરેા તથા હુન્નરમંદ લેાકેાને હાથના ચીતારેા જડેલાંછે. એ દેવલ કાંઈ ઘણું મેાટું નથી પણ માફકસર કદનું છે, અને સને ૧૫૮૭નાં સાલમાં બંધાયલું છે. એ જોઇને પ્લાત્સેા ડેલ પાલાવીનસીની (Plazzo Del Pallavincini) કરી મેહેલછે તે જોવા ગયા હતા. એ મેહેલ માકવીશ એાફ દુરાત્સેા (Marquis of Durazzo) નેાછે, અને તેમાંની સીહડી તથા થાંભળા સઘળું સંગેમરમરનું છે, તથા તેમાં પીકચર ગેલેરી ઘણી સરસછે, જેમાં રૂબન, વેનડાઇક, માઇકલ એનજીલેા ઇત્યાદી એવા એવા ઉસ્તાદેાના હાથનાં ચીતારેા ઘણાં એકકાં કરેલાંછે. ત્યાંથી નીકળેલા એજ મેાહેાલામાં (એ મેાહેાલેા Via Nuova કરીછે અને બધેા ઘણેાખરેા મેાટા અને જોવા લાયક મેહેલેાનેા બંધાયલેાછે) પેલેઝેા બાલબી(Palazzo Balbi) કરીને બીજો વખણાયલેા મેહેલછે તે જોવા ગયા હતા. એ મેહેલ પણ ઘણેા જોવા લાયકછે, તથા તેમાં તસ્વીર અને બાવળાં ઉપરાંત

પરચુરણ બીજી ચીજોનો સંગ્રહ સારો કીધેલોછે, તેમાં સૌથી સરસ એક રૂપાંની પેટી બેનવેનીતો સીલીની (Benvento Cellini) કરીને જે આગલ સરસ કોતરકામ તથા હુન્નરની બાબદમાં ઘણો હુશીયાર અને વખણાયલો હતો તેના હાથનીછે. એ જોઇને પછી રેલવેનાં સ્ટેશનની સામે ક્રાસ્તોફર કોલમબસની યાદગારીનુ પુતળું મુકેલુંછે તે જોવા ગયા હતા. એ ધણીએ અમેરીકા ખંડ સોધી કાઢયો હતો અને અહીઆંનાં લોકોનાં કેહેવા મુજબ તેનો જનમ સને ૧૪૫૯માં જીનોઆમાં થયો હતો. એ પુતળું સને ૧૮૬૨માં અહીંયા મુકયું હતું. તે એક મોટા સંગેમરમરનાં પેડેશટલ ઉપર ઉભું રાખેલુંછે, અને હેઠળ ધરમ, ભુગોળ વીદ્યા, જોર, અને અકલનાં ચીતાર પાડેલાંછે. તેની વચમાં કોલમબસની જીંદગીનો હેવાલ કોતરેલોછે. એ જોઇને પછી શેંટ મેરાઆ કેરીનીઆનો (St Maria Cariniano) નું દેવલ જોવા ગયા હતા. એ દેવલ સને ૧૫૫૫ થી બાંધવા માંડયું હતું તે સને ૧૬૦૩માં બંધાઇને તૈયાર થયું, અને એની બાંધણી શેંટ પીટરશ, જે રોમનું મોટું દેવલછે, તેની અસલની ઢપ પ્રમાણેની તથા ઘણી વખણાયલોછે. એ બંધાયા પછી એનાં ફંડમાં વારાફરતી ઉમેરો થતો જાયછે તેથી સેંટસનાં મોટાં કદનાં સંગેમરમરનાં પુતળાંઓ ઉસ્તાદોને હાથનાં બનાવી અંદર ઉમેરયા જાયછે, અને તે સારૂં આગલથી બાંચાં રાખી મુકેલા તેમાં મુકેછે, અને હજીપણ નવાં પુતળાં મુકવાનાં બાંચા થોડા ઘણાં ખાલીછે, તે જેમ ફંડ વધતું જશે તેમ પુરાયાથી એ દેવલ એ બાબદમાં ઘણું સરસ ગણાશે. એની બાંધણી છુટા છુટા ગુંબજોની કીધેલીછે, અને તે ગુંબજોની હેઠળની દેવાલોને ચાર ખુણે પુતળાંઓનાં ગોખલા રાખેલાછે. એ જોઇને પછી અતરેનું વખણાયલું ઘોરસ્થાન જોવાને ગયા હતા. એ ઘણું ખરૂં મીલાનની દાટવાની જગ્યાને મલતું આવેછે, પણ તેનાં કરતાં જુનું હોવાથી તેમાં બાવળાં અત્તો ઘણું વધી ગયલાંછે, અને તે બાવળાં પણ મીલાનનાં કરતા ઘણું મોટાં અને સરસ રીતની બનાવતનાં હોવાથી એનાં જેવું ઘોરસ્થાન આખી દુનયામાં કેંઠે નથી એમ કેહેવાયછે. એનાં બાંધવા પાછલ મ્યુનીશીપાલીટીને (જેની એ જગ્યાછે) થીઅ મીલીઅન ફ્રાંક થયાને એંસી લાખ રૂપીયા ખરચ બેઠોછે; અને એટલા થયા હોય તેમાં કાંઇ નવાઇ જેવું નથી; કારણકે એમાં ઘણોખરો સંગેમરમર વાપરેલોછે તથા મોટાં મોટાં પુતળાંઓ મુકયાં ઉપરાંત એનું (ચેપલ) દેવલ ઘણુંજ સરસ રીતનું કીમતી પથરનું બાંધેલુંછે, જેની પછવાડેજ આઠ લાખ રૂપીયા ખરચ બેઠોછે એમ કહેછે, અને વળી હજારો મયત દાટવાની જગ્યા, તેમાં દરેક સારૂં સંગેમરમરની લાદીઓ તૈયાર કરી મુકેલીછે; તે મુજબ ખરચ કરી રાખવાથી એની ઉપજ ઘણી સારી થાયછે અને હજી ઘણી જગ્યા બાવળાં સારૂં ખાલી રાખીછે, તે જયારે સધળી ભરાશે ત્યારે ઘણીજ સરસ અને જોવા લાયક ઘોરસ્થાન થશે, તેમાં કશો શક નથી. એ બધી ફરીને જોતાં નજદીક હમોને બે કલાક લાગા હતા એટલી મોટીછે. હમોએ જીનોઆમાં હોટલ ડી વીલમાં ઉતારો લીધો હતો. પાછું ફરતી વખતે જીનોઆનાં મોહોલાઓ જે જોવા લાયકછે ત્યાં ફરયા હતા. એ શેહેરનાં એક બે મોહોલાઓ સારાછે, જેમાં ઘણાં મોટા મેહેલો બાંધેલાછે; તે શીવાય બાકીનાં મોહોલાઓ ઘણાં સાંકડાછે, પણ એમાંની ઇમારતો ઘણીખરી સારી બાંધણીનો તથા તેની ગેલરી તથા દરવાજાઓ સધળું સંગેમરમરનું બનાવેલુંછે; અને જોયા મળે

એ પથર અહીંયાં ઘણો સસ્તો મલવો જોઇયે; કારણકે જ્યાં જોઇયે ત્યાં વપરાસમાં એ પથરને લીધેલોછે. જીનોઆ શેહેર એ નામનાં અખાત ઉપર આવેલું છે, અને એનો વેપાર ઘણો મોટો તથા વસતી ગીચ નાધળી જગ્યામાં હોવાથી ત્યાંનાં ચોવાટો (ઇસ્કુવરો) પણ નાધળા રાખેલાછે. એની વસતી શેહેર બારની સાથે ૧,૬૩,૦૦૦) માણસોની, અને વેપાર ૪૨,૦૦,૯૦,૦૦૦) ફ્રાંકનોછે જેમાંનો ત્રીજો હીસ્સો ઇંગ્લાંડ અને બાકીના ફ્રાંન્સ તથા અમેરીકા સાથનો કહેછે. એ જીનોઆ શેહેર તથા તેને લગતાં ગામો અસલ પ્રજાસ્તાક હતાં, અને આસપાસનાં બીજાં પ્રજાસ્તાક રાજ્યો સાથે હમેશાં લડાઇ કરતાં હતાં, તેમાં પીઝા (Pisa) સાથે ઘણી લડાઇઓ થવા પછી આખરે તે દેશને એ લોકો એક દરીયાની મોહોટી લડાઇમાં સને ૧૨૮૪ માં જીત્યા હતા, અને ત્યારથી એ લોકો ઘણું જોરાવર ગણાતા હતા, તથા બીજા ઘણાં દેશો જેવાકે સીસીલ્યા, સાર્ડીનીઆ, ટયુનીસ, મેજોરકા ઇત્યાદી જીતી પોતાને તાબે કીધા હતા. પણ એ લોકોને વેનીસનાં પ્રજાસ્તાક રાજ્ય સાથે પાછલથી લડાઇઓ ચાલી તથા ઉપર લખેલાં ગામો તરફીવાલાઓએ લઇ લીધાથી નબળા પડતા ગયા, અને આખરે સને ૧૩૮૦ માં વેનીસનાં હાથથી દરીયાની લડાઇ હાર્યા પછી તદન ધંકાઇ ગયા હતા. ત્યારપછી પોતપોતામાં બે તડાં થઇને લડાઇ ચાલવાથી તેમાંનાં એક તડાંવાળાએ બીજા દેશની મદદ લીધી, જેથી તે બીજા દેશવાલા તેનાં ધણીઓ થઇ બેઠા હતા. આથી ફ્રેન્ચ તથા નેપલશનાં પાદશાહો તથા મોનફ્રેરટનો કાઉંનટ તથા મીલાનનાં ડયુકોને હસ્તક વારાફરતી તે ગયું, અને વળી કોઇ વેળા છુટાપાડયું મેલ્યું હતું. ફ્રેન્ચ રેવોલ્યુશનની વખતે એ નેપોલીયનને તાબે થયું, અને સને ૧૮૧૪માં સાર્ડીનીઆની પાદશાહાત હેઠલ જવાથી હમણાનાં ઇટલીનાં રાજ સાથે જોડાઈ ગયલું છે. એ શેહેર એની રૂપાંની " ફ્રાલીગ્રી " અથવા મીનાકારીની બનાવટોથી ઘણું વખણાયલું છે, જેનાં ઘણાં તારીફ લાયક નમુના હમોએ મીલાનનાં એકઝીબીશનમાં જોયા હતા.

તા૦ ૧૭ મી સપ્ટેમબર ૧૮૮૧— આજે સવારનાં કલાક ૭॥ વાગે જીનોઆથી આગગાડીમાં બેઠા તે રાતનાં આઠ વાગે વેનીસ પુગા હતા, અને પાછા નવ વાગાની ટ્રેનમાં બેસીને નીકલેલા.

તા૦ ૧૮ મી સપ્ટેમબર ૧૮૮૧— ને દીને પાછલી રાતનાં સાડા ચાર વાગે કોરમોનશ કરી ઉઠલી તથા ઓસ્ત્રીયાની હદ્દે ત્યાં પુગા હતા. પછી તરતજ ઓસ્ત્રીયાને લગતી ગાડીમાં બેઠા તે ઓસ્ત્રીયાનો રાજધાની વીએનામાં રાતનાં ૧૧—૩૦ મીનીટે પોંહોંચીને ત્યાંનાં હોટલ ડી મેત્રોપોલમાં ઉતારો લીધો હતો. કોરમોનશનો હદ છોડયા પછી ઓસ્ત્રીયાની જમીન ઘણીખરી પાહાડી તથા કોઇ કોઇ જગ્યામાં ખીણો મલતી હતી. પાહાડોની જગ્યા તદન પથરની ખાલી હોવાથી તેપર ખેતીવાડી કરી શકતા નથી પણ વળી કોઇ કોઇ પાહાડી જમીન સારી હોયછે તો ત્યાં ખેતીવાડી કીધેલી દીસતી હતી. ઇટલી દેશ જે ધાયું જ ફળવંત અને રળીયામણું છે તે છોડીને એકદમ આવા પાહાડી દેશમાં આવ્યા તેથી સઘળું થોડી ઘણી ખેતીવાડી છતાં જાણે વેગંત હોય તેવું લાગતું હતું; પણ પાહાડો જે ઘણાં મોટા મોટાછે તેનો દેખાવ ઘણો સારો અને સ્વીટઝરલાંન્ડ દેશને મલતો આવેછે.

તા૦ ૧૯ મી સપ્ટેમબર ૧૮૮૧— આજે આખો દીવસ રૂશીઆ જવા આગમજ "પાસપોર્ટ"ની તથા નાણાંની જોગવાઇ કરવામાં તથા ગરમ કપડાં લેવા

દુકાનોપર રોકાયો હતો. સાંજનાં અતરેનાં મોટા રસ્તાઓપર ફરી આવ્યા હતા પણ હમણાં વીગત લખતા નથી; કારણકે હમો પાછા ફરતી વખતે અહીંયાં વધતા દીવસો રહીને એ શહેર બરોબર જોઇશું ત્યારે લખીશું. હમણાં તો રશીયા જવાની આગમજ કામસર એક દીવસ થોભ્યા છઇયે. આજે રાતનાં ૮–૩૦ ની ટ્રેનમા બેસીને નીકલ્યા હતા.

તા૦ ૨૦ મી સપટેમબર ૧૮૮૧— આજે સવારનાં ઓસ્ત્રીયા અને રશીઆની હદપરનાં ગરેનીઝા (Graniza) નામનાં સ્ટેશનપર કલાક ૧૧–૨૫ મીનીટ સવારનાં પુગા હતા, જયાં હમોને બપોરનાં કલાક ૧–૧૫ મીનીટ સુધી થોભવું પડ્યું હતું. હમો જેવા એ જગ્યાપર પુગા તેવાજ એક અમલદારે આવીને હમારી પાસપોર્ટ લઇ લીધી, અને ઉતર્યા પછી હમારો સામન તપાસવા અમથો એક કોઠરો ઉઘડાવી જોઇને પાછો બંધ કરાવ્યો, તથા પાસપોર્ટ પરથી નામો વાંચીને હમો કયાંથી અને શું કારણથર આવ્યા અને કયાં જઇયે છીએ તથા કયા દેશનાં છઇયે,તેની સઘળી પરપુછ કીધી હતી. હમો પાછા ત્યાંથી આગગાડીમાં બેઠા ત્યારે તે પાસપોર્ટો પાછી આપી હતી તે ઉપર તે ગામનો છાપ મારેલો દીસતો હતો. હમારી સાથે બીડેકર તથા બ્રાદશાની ગાઇડ બુકો હતી તેની મુખમુદ્રા (ટાઇટલ પેજ) વાંચીને તેમજ મુંબઇ ગેજેટની સમેરી હતી તેમા તેનું નામ વાંચીને પાછી આપી હતી; અંદરથી કાંઇ ઉઘાડીને જોઇ નહીં. હમોએ આગલ સાંભલયું હતું કે રશીઅન ભુમીમાં કોઇપી નુસપેપર વાંચવા તથા ચોપડી તપાસ્યા વગર અંદર દાખલ થવા દેતા નથી, પણ તેમાંનું કશું દીસ્યું નહીં. અમલદારો સઘળા નમનતાઇથી વાતચીત તથા પરપુછ કરતા હતા.

હમો ગરેનીઝાથી પાછા કલાક ૧—૧૫ મીનીટે નીકળેલા વારશો (Warsaw) કરી રશીઅન પોલંડનું પાયતખ્ત શહેરછે ત્યાં રાતનાં ૧૦—૩૦ મીનીટે આવી પુગા, અને હોટલ ડી યુરોપમા ઉતારો લીધો હતો. હમો હોટલમાં પુગા તેવો તરતજ તેનો ધણી આવીને હમારી પાસપોર્ટો પોતાનાં સવાધીનમાં લીધી હતી. હોટલનાં માલેકો તેઓને ત્યાં જે જે અણજાણયા ધણી ઉતરેછે તેના જવાબદાર થાયછે, તેથી તે પાસપોર્ટ પોતાની પાસે રાખીને પોલીશપર મોકલાવી આપેછે, જયાંથી હમોને જતીવખતે પાછી લાવી આપશે. રશીઅન સરહદ ઉપર હમો પેહા ત્યારે થોડેક દુર સુધી રેતાળ જમીન હમોને મલી હતી, પણ ત્યારપછી ધણી ખરી જગ્યા મજાની કાળી મટોડીની દીસેછે, લેકીન તેનાં ધણાંજ થોડા ભાગમાં ખેતીવાડી થાયછે. બાકીની ધણી મારી મારી જગ્યાઓ વેરાન પડેલીછે. તેમાં પાછો કોઇ કોઇ ભાગ રેતાળ મલેછે. જમીન ધણીખરી સપાટછે પણ દુરથી નાધળી નાધળી ટેકરીઓ દીસેછે. વસતી પણ રસ્તામાં ધણી થોડી અને છુટી છવાઇ દીસતી, અને જયાં હતી ત્યાં નાધળાં ઝુકડાં દીસતાં હતાં. યુરોપનાં બીજા દેશોમાં જેમ થોડે થોડે તપે મજેનાં ગામો દીસતાં હતાં તેવું અહીંયાં દીસતું નથી, પણ જયાં નજર કરીયે ત્યાં થોડાક ટપાઓ શીવાય બધે વેરાન જગ્યા લાગતી હતી.

તા૦ ૨૧ મી સપટેમબર ૧૮૮૧— આજે સવારનાં પેહેલાં જેનરલ ચાશકાવીશ જે ઘણીએ પોલાન્ડનું દેશ રશીઆ તરફથી છતયું હતું તેનું પુતળું જોવા ગયા હતા. તે ઘોડાપર બેસાડેલું બ્રાંઝનું બનાવેલું છે. તે જોઇને વીશરયુલા નદીપરનો પુલ જોવા ગયા, જે ૧,૮૦૦) ફીટ લાંબો અને તદન લોખંડનો ૬) આરકાઓપર બનાવેલોછે. ત્યાંથી નીકળેલા કેંડરલ ચર્ચ ઓફ ધી ટ્રીનીટી જોવા ગયા, જયાં કાંઇ

ઘણું જોવા લાયક નથી. હમો ગયા ત્યારે લોક ભણતા હતા, તેમાં કેટલાકો બેંચપર ઉંધા સુઇને હાથ પગ લાંબા કરીને મુડદું પડેલું હોય તેવી રીતે બંદગી કરતા હતા તથા કેટલાકો નાક ઘસનુ કરી રહયા હતા. ત્યાંથી નીકળેલા રૂશીઅન ગ્રીક ચરચ જોવા ગયા, જે તાબુતના જેવું હોય તેમ પાંચ સોનેરી ગીલીટનાં મીનારાનું બાંધેલું અને અંદરથી ગીલીટ કામ તથા નકશીથી સણગારેલું છે. એમાં બીજાં દેવસ્થાનો માફક ક્રાઇસ્ટ સાથનાં ક્રાસ સામે ભકતી કરતા નથી, પણ એક ઓરશીયા (આલ્ટર) ઉપર બાલી ક્રાસ મુકીને તેની સામે ભણે છે. ભણવામાં આરગીન વાપડતા નથી તથા કોઅરમાં ઓરતોને સામેલ થવા દેતા નથી, પણ એબલા મરદોજ ગાયછે, જેઆરે હમો ગયા ત્યારે હીમ (તેમનાં ધરમનાં ગાથા) ગાતા હતા, તે જાણે બરેબર આરગીન વાગતી હોય તેમ લાગતું હતું. ક્રાઇસ્ટવાલા ઓલટરનો સામે સોનાનો ગીલીટનાં નકશીદાર બારણાંઓ કીધેલાં હતાં તે વારાફરતી બંધ ઉંઘાડ કરયા કરતા હતા. એ જોઇને પીકચર ગેલેરી જોવા ગયા હતા, જયાં સારા ઉસ્તાદોને હાથનાં પીકચરોનો ત્રણ ચાર ઓરડા ભરીને સંગ્રહ કીધેલો હતો. ત્યાંથી નીકળેલા યાહુદી લોકોનો શીનેગોગ (દેવલ) જોવા ગયા હતા. એ દેવલ સારું બાંધણીનું અને તેનાં થાંભળા સંગેમરમરનાંછે, પાદરીની ભણવાની જગ્યા સારી સણગારેલી અને તેનો જમીનનો ગલીચો ઓરતોનાં હાથનાં ભરતકામનો કીધેલોછે. એ લોકોનાં ધરમની પોથી (તાલમંદ) મુકવા સારૂં એમનાં પવીત્ર લેખેનનથી સીદર ઝાડનાં લાકડાં મંગાવીને પાટલો બનાવેલોછે. એ જોઇને અતરેનો પબ્લીક પાર્ક જોવા ગયા હતા, જયાં કાંઇ ઘણું જોવા લાયક નથી અને બાગ સુધળો બરાબ હાલતમાં રાખેલોછે. ત્યાં એક સારો કુંવારોછે. ઠીયેટર હાઉસ તદન લાકડાંનું બાંધેલું તથા એકુ બે રેસ્ટોરાટ કીધેલાંછે. તે જોઇને "આરકીઓલોજીકલ મ્યુઝીયમ" જોવા ગયા જયાં થોડાએક સીક્કા તથા બસલી ચીજો પડેલાંછે, તેમાં પોલાંડનાં આગલા પાદશાહ કમીશન હશે તેનું પેહરવાનું એપ્રન તથા જુવેલ્સ રાખેલાં છે. હમણાં આપ્યા રૂશીઆનાં તાબાનાં દેશોમાં કમીશનરી ચાલવા દેતા નથી કે એ બહાને છુપી રીતે બલવાઓરો પોતાની મંડળી ભરી શાહનશાહને હેરાન કરે. એ જોઇને એક મોન્યુમેન્ટ રૂશીઆની તરફેણ થઇને પાંચ "પોલીશ" સરદારો પોતાનાં દેશની સામે સને ૧૮૩૦ માં લડયા અને તેથી કરી પોલાંડ રૂશીઆને તાબે થયું તેઓની યાદગારીમાં બાંધેલુંછે તે જોવા ગયા હતા. એક બરોનઝનો મોટો થંભ પેડેશટલપર ઉભો કરીને તેઓની તારીફ તથા નામો લખેલાંછે, જે જોઇને અતરેનાં લોકો ઘણો બળાપો કરેછે પણ શું કરે રૂશીઆને તાબે પડેલા તેથી કાંઇ બોલાતું નથી. પછી પોલાંડનાં છેલા પાદશાહ Poniatoosky નો મેહુલ જોવા ગયા હતા, જેને લેઝીએનકી (Lazienki) કરીને કહેછે. એ મેહુલમાં રૂશીઆનો શેહેનશાહ હમણાં જયારે વારસોમાં આવેછે ત્યારે રહેછે. એમાં એનાં બાંધનાર પાદશાહનાં વખતમાં વખણાયલી ખુબસુરત ઓરતો હશે તેઓની મુખીઓ મુકેલાંછે; એ મેહુલ બસલ જેમ હતો તેમજ રાખેલોછે, અને થોડો ઘણો સારો સણગારેલોછે પણ કાંઇ ઘણો જોવા લાયક નથી. એનાં બાગમાં એક નાટકશાળા બાંધીછે, તેમાં નાટક તખ્તો અને તમાશગીરોની બેઠકની જગ્યાની વચમેથી એક પાણીની નહેર કરી લીધીછે તથા નાટક તખ્તો રોમન ઠીયેટરની માફક

ઓલો તથા ખંડેરમાં પડયો હોય તેમ વગર છાપડાંનો ભાગેલા થાંભળાઓનો ખામખા બનાવેલોછે. એ જોઇને પછી ફુલનું પ્રેદર્શણ જોવા ગયા હતા જ્યાં ઘણું ફુલ તથા ફળોનો સારો સંગ્રહ કીધેલો હતો. એ ઉપરાંત ખેતીવાડીને લગતાં હથીયારોનો પણ જથો મુકેલો હતો. એ જોઇને પછી વારસોથી આસરે પાંચ મૈલ દુર વીલેનહોફ (Villanhoff) નામનું ગામડું જ્યાં સોખીએસ્કી કરીને પોલાંડનો આગલો લડાયક પાદશાહ થઈ ગયોછે તેનો મહેલ જે હમણાં એક કાઉનટેસ ઓફ પોટાસ્કીનાં હાથમાંછે તે જોવા ગયા હતા. એ મહેલ ત્રણ ભાગનો બાંધેલોછે, અને તેમાં ઘણો સારો સંગ્રહ અસલી ચીજોનો આસરે ત્રણસો વરસનો તે પાદશાહનાં વખતનો કીધેલોછે, તથા એક માળ તદન ચીનાઇ ફરનીચરનો, અને તેની દીવાલોપર ચીતારો તથા ફાનસો, ફરનીચર સઘળું ચીનાઇછે. તે જોઇને પછી અતરેનું જુનું તથા નવું શેહેર જોવા નીકળ્યા હતા. એ શેહેરનો વસતી ચાર લાખ માણસોની કહેછે, અને તેમાં એક લાખ યાહુદીછે. શેહેરનાં મોહોલાઓ જુનાં ભાગનાં નાધળાછે અને નવા ભાગનાં મોટા તથા ઘરો પણ હવેલી જેવડાં મોટાંછે; પણ રસતાઓ ઘણું ગલીચ અને કીચલથી ભરેલા તથા પથરાઓ આડા અતારા નીકળી આવવાથી ગાડીમાં આંચકા પણ અત્તીસે આવતા હતા. અહીંયાં ભાડે ગાડી ફેરવેછે તે જાણે બરમ અને વાગનેટ ચાર પૈડાની ઉપર તેવી બે ગાડીઓને એકજ કરી સાથે જડી લીધી હોય તેમ તથા તેમાં પેહેલા અને બીજા કલાશનાં પેસેનજરોને બેસાડેછે. એ વારશો શેહેર અસલ પોલાંડ દેશનું પાયતખ્ત હતું. જે દેશને આસ્ત્રીઆ, રૂશીઆ, અને જરમનીએ મલી સો વરસપર તેનાં પાદશાહ પાસેથી ઝુંટી લઇને પોતે વેંહેચી લીધું હતું; ત્યારપછી પોલાંડનાં લોકોએ વારાફરતી છુટાપણું મેલવવા સારૂં ઘણાં હુલડો કીધાં પણ છુટા થઇ શકયા નહીં; તેમાં છેલું હુલડ સને ૧૮૩૦ નાં શાલમાં કીધું, અને નજદીક છુટાપણું મેલ્યું પણ પાછી હાર ખાધાથી રૂશીઆએ વધતી ચાંપતી રાખવાથી નાચાર થઇને તાબે થઇ રહેલાછે. અહીંયાંનું લોક આંગે મજબુત તથા કદાવર લાગેછે, અને ઘણું ખરાં લાંબા જભા પોશાકની ઉપર પેહેરેછે. જમીન સારી ફળવંત અને શેહેરની આસપાસ ખેતીવાડી સારીછે, તેમાં મોટો ભાગ પેટા રોપેલાછે. એ શેહેરમાં બીજું કાંઇ જોવા લાયક નહીં હોવાથી આજે રાતનાં ૧૧–૩૦ મીનીટે આગગાડીમાં બેસીને પોલાંડ છોડયું હતું. રસતામાં થંડી ઘણી બાગતી હતી, અને ગાડીનાં કાચો બંધ ચહડાવેલા તથા બારણાંઓ ડબલ બંધ અને ઓઘવા છતાં થંડી માલમ પડતી હતી.

તા૦ ૨૨ મી સપટેમબર ૧૮૮૧— આજે સવારનાં ઉઠીને જોઇયે શું કે આગગાડીની બારીઓનાં કાચોપર અંદરથી વટીક બરફ બંધાઇ જઇને ઝાંકળ કાચની ઉપર વળગી રહયો હતો, અને બાહાર બેતરોમાનું ઘાસ તથા નાધળાં ઝાહાડો, રેલવેની લાકડાંની શીલીપરો, તથા ઘરોનાં છાપરાં વટીક ઝાકલથી (બરફથી) તદન સફેદ થઇ ગયાં હતાં, અને ગરમી દેખાડનારી શીશી સવારનાં આઠ વાગે ૩૬) ડીગરી સુધી (સુરજનો પ્રકાશ હતો તોપણ) નીચે ગઇ હતી. એટલી બધી થંડી હતી અને રાતને વાસતે બીજા બોલતા હતા કે ૨૦) થી ૨૫)ડીગ્રી પારો નીચે ગયો હતો. જેમ દીવસ વધતો ગયો અને સુરજ ઉપર આવતો ગયો તેમ ગરમી વધીને પછી આજો દીવસ ૫૦) ડીગ્રી સુધી પારો થંભ્યો; પણ ગઇ

કાલની રાતનાં જેવી થંડી આજે રાતનાં માલમ નહીં પડી હતી, ઓછામાં ઓછો રાતનાં બાર વાગે ૩૫) ડીગ્રી સુધી થયો હતો એમ કહેછે. આજનો આખો દીવસ તથા રાત રસ્તામાં ગુજારી હતી. અહીંયાંની આગગાડીની પેહેલા કલાશની ગાડી ઘણી સારી અને કુશાદે હોયછે, અને સ્વીટઝરલાંન્ડની ગાડીઓની માફક આસપાસ બેઠકો કરીને વચમાંથી આવજાવ કરવાની પેશજો રાખેલીછે. બેઠકો આમનસામનનીછે અને તેને ઉંચીને સુવા સારૂ એક પણ થઇ શકેછે. સેકંડ કલાશની ગાડીઓમાં પણ એજ માફકની બેઠકોછે, ફકત ગાડીઓ સાદીછે. એ રશીઆનો મુલક ઘણો થંડીવાલો હોવાથી આગગાડીઓમાં પણ દરેક ગાડીમાં ભઠ્ઠી રાખેછે, જે ઘણીખરી શીયાળાની રૂતુમાં સળગાવેછે. આજે આખો રસ્તો સારી જમીનનો મલ્યો હતો, પણ ખેતીવાડી ઘણી છુટી છવાઇ થતી હતી, અને ગામડાંઓ પણ તેજ માફક છુટે છુટે હતાં, તથા તેમાનાં ઘરો તથા હવેલીઓ વઠીક ઘણીખરી લાકડાંની બાંધેલીછે. જમીન ઘણીખરી સપાટ અને જરા તરા ઉપસેલી માલમ પડતી હતી. એ મુજબ જોતાં જોતાં આખો દીવસ પસાર કીધો. રસ્તામાં સવાર, બપોર, તથા રાતનાં ખાણાં સારૂ સ્ટેશનો ઉપર વખત પણ સારો મલતો હતો, જયાં બાંધાની બધી વાતની સગવડ સારી હતી તથા લોકો સઘળે ઉકાણે નમનતાઇવાલા હતા.

તા૦ ૨૩ મી સપટેમબર ૧૮૮૧— આજે સવારનાં ૧૧) વાગે સેંટ પીટર્સબર્ગ પુગા, અને હૉટલ ડી આંગલીટેર (Hotel de Angleterre)માં ઉતારો લીધો હતો. વખત હાથમાં હોવાથી પેહેલાં ન્યુએલોજકલ ગારડનમાં ફરવાને ગયા, જયાં થોડાંક જનવરોનો સંગ્રહ સારો કીધેલોછે, પણ જગ્યા સફાઇ રાખેલી નથી. એ બાગમાં હમો ફરવા ગયા ત્યારે લશકરી તથા દરીયાઇ વાજાં વારાફરતી વાગતાં હતાં. એ જોઇને પછી અતરેનાં કીલામાં પીટર અને પોલનું દેવલ, જેમાં રૂશીઆનાં બધા શહેનશાહો પીટર ધી ગ્રેટ થી તે છેલા એલેકઝંડર ધી સેકંડ સુધી દટાયલાછે તે જોવા ગયા હતા, એ દેવલ કાંઇ ઘણું ભપકાદાર નથી. તેનો મીનારો જે અણીવાલો (મુંબઇની ગેાદીની સામેનાં દેવલનાં જેવો) છે તે ૩૭૧) ફીટ ઉંચો અને તે ઉપર પતરાં જડી લઇ તેની ઉપર ૨૨) રતલ સોનાંનો ઘોર ચડાવેલોછે, જેથી તે જોકે ૧૦૦) વરસ ઉપરનું જુનું છે, તોપણ જાણે આજે ગીલીટ કીધી હોય તેવી હાલતમાં રહેલોછે.તેની અંદરનાં ભાગમાં હમણાં ગીલીટ તથા પીકચરો પાડવાનું કામ ચાલેછે. બધા શહેનશાહોની ઘોરો ઘણી સાદી એકજ આખા સંગેમરમરની કીધેલીછે. તે ઉપર પતરૂં જડીને તેઓનાં નામ નીશાંન લખેલાંછે. તેમાં પીટર ધી ગ્રેટની ઘોર ઉપર બાજુથી સેંટ પીટરની મુખી મુકેલી છે તે પીટર ધી ગ્રેટનું જનમતી વખતે કદ હતું તેટલી ઇંચાને ૧લા ઇંચ લાંબી અને પા ઇંચ પોહોળી રાખીછે. છેલો શહેનશાહ એલેકઝન્ડર જે હમણાંજ માર્યો ગયોછે તેની ઘોર ઉપર તદન ફુલો ગોઠવેલાંછે, અને વચમાં વરજીન મેરીની મુખી મોતીની ગુંથેલી ફ્રેમમાં મુકેલીછે. એની ઘોર આગલની બારીપર સોનાં તથા રૂપાનાં નકશીદાર હારો અને પાતરાનાં ક્રાઉનો ગામેગામથી આવેલાં મુકેલાંછે, તથા ઘોરની આસપાસ રાત દીવસ બતીઓ બાલેછે, તથા બે શોલજરો ત્યાં ચોકી કરેછે. એ દેવલમાં ક્રાઇસ્ટની તથા બીજા સેંટસની આરશીઓમાં ડોકાં ઓલાં રાખીને બદન ઉપર સોનાં તથા રૂપાનાં પતરાં કપડાં દાખલ જડી લીધાંછે, અને તે ઉપર ઝવેરાત પણ સારૂં મુકેલુંછે. તેમાં એક કોચ ધ-

ણેાજ સરસ લીલા પાનાંનેા કીધેલાછે. દેવલની દીવાલેાપર લડાઇઓની જીતની યાદગારી દાખલ સ્વીડન, ટરકી, પેાલાન્ડ, ઇરાન, તથા ફ્રેન્ચ દેશેાનાં જીતેલા વાવટા ટાલા, કીલાની કુંચીઓ ઇત્યાદી ટાંગેલાંછે.

એ જોઇને કીલા જે નાધળેાછે તથા તેની આસપાસ ફરતી નીવા નદી ફરી વળેલીછે તે જોઇને પછી છેલા શહેનશાહને જ્યાં નીહીલીસ્ટમાંનાં એકે મારી નાખ્યેા હતેા તે જગ્યા જોવા ગયા. એ જગ્યા કેાંરીન કનાલની એક બાજુનાં રસ્તાપર આવેલીછે. ત્યાં હાલ એક નાધળું દેહેરું બાંધી લીધેલું છે અને સેાલજરેાની ચેાકી રાખેલીછે. એ રસ્તા પરથી ગાડી ઘેાડા જવા દેતા નથી, પણ માણુસેા ચાલીને જાયછે અને જ્યારે તે દેવલ આગલ આવેછે ત્યારે તેઓને ટેાપી ઉતારવી પડેછે, તથા ક્રાસનેા સાઇન કરી નમીને તે જગ્યા પરથી ચાલી જાયછે, અને કેટલાક જણાં તેા ત્યાં ગુડણુ મંડીએ પડીને બંદગી પણ કરેછે. એ શાહ પેાતાનાં ઘેાડેસ્વાર પલટણનાં ઘેાડા શીખવવાનેા જગ્યે થઇને પેાતાનાં કાકાની છેાકરીને મલવા ગયેા હતેા ત્યાંથી પાછા ફરતાં એ રસ્તેથી ગાડીમાં જતાં તે વખતે કેાઇ નાહીલીસ્ટે દારૂનેા ભરેલેા ગેાળેા નાંખી એને મારી નાંખ્યેા હતેા.

દેવલ જોઇને પછી સેંટ પીટર્સબર્ગનાં મેાટા મેાહેાલાઓમાં ફરી આવ્યા હતા. અહીંયાંનાં રસ્તા ઘણાં પેાહેાળાછે અને તેની બાજુપરની હવેલીઓ પણ ઘણી સારી અને મેાટીછે, લેકીન ઘણાખરા રસ્તાઓ ગેાતાના પથરેાનાં બાંધેલા હેાવાથી ગાડીઓનેા અવાજ ઘણેા થવા ઉપરાંત અંદર આચકા પણ વધારે આવેછે. કેાઇ કેાઇ રસ્તા લાકડાંનાં કટકાઓથી જડી લીધાછે તે સારાછે, ત્યાં ગાડીનેા અવાજ તદન આવતેા નથી. મેહેલેામાં શહેનશાહનેા વીનટર પેલેસ (Winter Palace) જેમાં શહેનશાહ રહેછે અને તે વખતે ૭,૦૦૦) માણુસેાની હદ જમેલી હેાયછે, તેમજ તેનાં સગાંઓનાં મેહેલેા પણ મેાટા અને સારા છે. એ સઘળા મેહેલેા કેાઇને હમણું જોવા દેતા નથી. નીવા નદીની બેહુ બાજુપર સારી ઇમારતેા તથા રસ્તા કીધેલાછે તેથી તે ભાગ ઘણેા સારેા લાગેછે. એ નદીમાંથી નહેરેા બાંધી તે શહેરનાં ઘણાં ભાગેામાંથી પસાર કીધેલીછે. એ નહેરેામાં જેટલી બેાટેા ફરતી હતી તે સઘળીમાં લાકડાં ભરેલાં હેાવાથી અહીંયાં લાકડાનેા વેપાર મેાટેા હેાય તેવું લાગતું હતું. નદીમાંથી ત્રણ નહેર કીધેલીછે તેઓને મેાઇકા, ફેાનટાકા અને ગ્રેંટ કેાંરાઇન કેનાલ કરીન નામ આપેલાંછે. નીવાશ્કી પ્રેાશપેકટનેા મેાહેાલેા ઘણેા મેાટેાછે. તેમાં દુકાનેા લંડનનાં રીજનટ સ્ટ્રીટનાં જેવી આવેલીછે, બીજા મેાહેાલાઓનાં નામ ગેારેાખેાવાયા ઉલીત્સ Gorokhovaya Ullitsa અને વાસ્નેસેનસ્કી પ્રાસપકટ Vosnesenski Prospect કરીનેછે. એ મેાહેાલાઓ અહીંયા સૌથી સરસ અને મેાટાછે તથા તેમાં મેાટા મેાટા મેહેલેા બાંધેલાછે. અહીંયાની ગાડીઓમાં એક ઘેાડેા જોડેછે, તેને હારનીસને પટા નથી, અને પુલ ઘેાડાને લાગે નહીં તે સારૂં તેની ઉપર આરકાં રેાકું લાકડું કરીને સાથે પુલ બાંધેછે. તે આરકું ઘેાડાની ગરદન ઉપરથી રાખેછે અને પટા હારનીસની બાહારથી કાઢીને પેડાંનાં તુમબની બાહારથી બેાબલા સાથે બાંધેછે, તેથી ઘણું નવાઇ જેવું લાગેછે. ગાડી હાંકનારાઓ જમા જેવા લાંબા કાળા જબા પેહેરેછે, જેનાં બટન જેમ જમાનાં કસેા ડાબી બાજુપર બાંધયેછીએ તેમ રાખેછે, તથા રંગીન કમરબંદ પણ તેપર પેહેરેછે, અને એ પેાશાક (લીવરી)થી તે કેાચમેનછે તેમ બેાલખાયછે. અહીંયાની ગાદીઓ ડ્રાસ્કી જાતની એક ઇયા બે માણુસેા બેસે એવી

નાખળી લગર ધમણુનીછે. આજે રાતનાં Aida કરીને ઇટાલીઅન ઓપેરા સાંભળવા ઓપેરા હાઉસમા ગયા હતા. જે અહીંનાં રેહેવાસીઓને એટલો પસંદ પડયો હતો કે નાટકકારોને દરેક દેખાવની આખરીએ છ સાત વખત પાછા બોલાવીને માન આપતા હતા

તા૦ ૨૪ મી શપટેમબર ૧૮૮૧— આજે સવારનાં શેંટ આઇશેકસ કેથીડરલ (Isa' acoviski Sobor) જોવા ગયા હતા. એ દેવલ હમો ઉતરયાછે તે હોટલની સામે આવેલુંછે. તેની અંદર જાત જાતનાં કીમતી પથરાનું કામછે કે જેવા હમોએ આજ દીન સુધી કોઇ પણ દેવલમાં હજુર જોયા નથી. એ દેવલ ગ્રીક ક્રોસ રોકું ચાર ખુણાંનું બાંધેલુંછે, અને તેનાં બાહારનાં ભાગમાં ફરતા ૧૧૨) થાંભળા આરપા ગ્રેનાઇટનાં ઘણાં સરસ પાલીશ કરેલા ૬૦) ફીટ ઉંચા અને ૭) ફીટ પોલાણમાં બનાવેલાછે. તેનાં મથાળાંપર તથા હેઠળનાં ભાગપર બ્રાનઝનાં પતરાં જડી તે ઉપર સોનાની ગીલીટ કરીછે. એ દેવલનો ગુંબજ પણ એવાજ પથરોનાં ૩૦) થાભળા ઉપર બાંધેલોછે, અને તે ૨૯૬,ફીટ ઉંચો અને ૬૬)ફીટ પરીધમાંછે. તેની ઉપર ત્રબું જડીને સોનાની ઘણી સરસ ગીલીટ કરેલીછે, તેમાં ૧૮૫) રતલ સોનું વપરાયું હતું. એજ મુજબના પણ ઘેરમાં નાખેલા બીજા ચાર ગુંબજો ચારે બાજુપર કરેલાછે તેથી તે ઘણું શોભેછે. એનાં બારણાંઓમાંનાં ૨) બારણાં ઘણાં મોટાંછે, તે તદન બ્રાનઝનાં બનાવેલાંછે. તે ૪૪) ફીટ પોહોળા તથા ૩૦) ફીટ ઉંચાઇમાંછે, અને તે ઉપર અતી ઘણી નકશી તથા પુતળાં પાડેલાંછે; તેમાં ૫૧) આસરીલીવાઇ (ઉપસાવેલાં), ૬૩) પુતળાં કોતરેલાં અને ૮૪) અર્ધ પુતળાં પાડેલાછે. અંદરનાં આલટરની બાહારથી મેલેકાઇટનાં થાંભળાઓની વચમે ગીલીટનો પડદો કીધેલોછે, તે થાંભળા ૩૦) ફીટ ઉંચાછે. એ મેલેકાઇટ પથર સૈબીરીઆમાથી આવેછે, અને તે એટલો તો મોઘોછે કે સાફ કરેલા એક રતલ વજનમાંનાંની કીમત ૫૦)રૂપલ ઇયાને ૬૨।। રૂપીયા કહેછે. એ થાંભળા કાંઇ આખા પથરનાં નથી પણ અંદરથી લોખંડનાં બનાવી તે ઉપર એ પથરાની પોપરીઓ વળગાવી રંગબેરંગીન જડાવ (મોઝાઇક વરક) થી બનાવેલાછે. તે એવા તો સરસ કીધેલાછે કે આપણ એમજ સમજીએ કે તે આખાજ પથરનાં થાંભળાછે. એ ઉપરાંત તે થાંભળાઓની પાસે લેપીઝુલી કરીને તેથી પણ કીમતી રંગબેરંગીન કામનાં પથરનાં ૨) થાંભળા મોઝેકની પતરીનાં પડદાની આસપાપાસ કીધેલાછે. એ દરેક થાંભળો ૬૦૦૦) પૌંડની કીમતનો કહેછે. એ જાતનાં પાલીશ કરેલા પથરની કીમત દર આંકણે ૧૦) શીલીંગની કહેછે. એની વચમેનું પડદાનું બારણું તદન સોનેરી ગીલીટનુંછે. તે ૨૩) ફીટ ઉંચું, ૧૫) ફીટ પોહોલું, અને અતીઘણું નકશીદાર બનાવેલુંછે. એ પડદાની પાછલ એક ઓરડોછે જયાં ઓરતોને જવા દેતા નથી તેમાં એ દેવલનો રૂપાંનો ફરમો બનાવી મુકેલોછે. એ ઓરડાનો ગુંબજ ૮) મોટા મેલેકાઇટનાં પથરનાં થાંભળાઓપર ઉભો કરેલોછે. તે થાંભલા ૮) ફીટ ઉંચા અને ૩૪,૦૦૦) રતલ વજનમાંછે. તેની કીમત ૨૫,૦૦૦) પૌંડની કહેછે. એ ઉપરાંત દેવાલો તથા જમીન ઉપર તરાંહ તરાંહનાં કીમતી સંગેમરમર ૩૦૦) જાતનાં જડેલાછે. એ મેલેકાઇટનો પથર પ્રીન્સ ડેમીડોફે પોતાની સૈબીરીઆની ખાણુમાંથી ખણી કહડાવીને ઇટલીમાંથી સાફ કરાવી મંગાવી શેહેનશાહને ભેટ કરેલો હતો, અને તેની કીમત દશ લાખ રૂપલની કહેછે. એ દેવલની અંદરનાં દીવાલપરની સખીઓ સઘળી પથરના મોઝેક વરકની રશી

આના કારીગીરોની ઘણું સારાં હુનરથી બનાવેલાછે. એ દેવલમાં ૩) કરોડ રૂપીયાની ઉપરનો ખરચ બેઠાછે એમ કહેછે. એ સઘળો ખરચ તો ફકત બાંધવા પાછળ થયેછે પણ એની અંદરનાં એાલટર ઉપર તદન રૂપાંનાં પતરાં જડેલાં તથા કાઇરટ, મેરી અને બીજા સેંટસની આરસીએા ઉપર તેનાં કરડાં દાખલ સોના તથા રૂપાનાં પતરાં જડેલાંછે, અને તે ઉપર વળી અમુલ્ય ઝવેરાત પણ મુકેલું છે તેની કીમત કશી થઇ શકે નહીં; કોઇ હીરા તો બે આની કરતાં મોટાછે, અને તે શીવાય બીજું ઘણું જોવા લાયકછે જેની કાંઇપણ રીતે હમો તારીફ કરવાને શકતીવાન નથી. એ દેવલ દેખાડનાર ભોમીઆનાં કહેવા મુજબ અહીંયાં સૌથી સસતામાં સસતી ચીજમા મુંગેમરમર કામે લાગેલોછે. એ દેવલ સને ૧૮૧૯ માં બાંધવા શરૂ કીધું હતું તે ૧૮૫૯ માં પુરૂ થયું. એનો પાયો પોચી પાણીવાળી જગ્યામાં ૨૧) ફીટ ઊંડો લાકડાંનો થર કરીને બાંધેલોછે, તે ઉપર બે લાખ પૌંડ ખરચ બેઠો હતો, અને પછી પાયો બેસી ગયો, તે વધારે નહીં બેસે તેવી નેમથી બીજા ટેકાઓ નદીની બાજુપરથી આપેલાછે.

એ જોઇને પછી કાઝાન કેથેડ્રલ (Kazanski Sobor)જોવા ગયા, જે અહીંનાં સૌથી સરસ મોહોલા નેવેશકી પરોશપેકટમાં આવેલું છે, અને બાહારની બે બાજુઓ પરથી રોમ શેહેરનું દેવલ સેંટ પીટરને મલતું આવેછે. એનો પાયો સને ૧૮૦૨ માં નાંખ્યો હતો અને તે સને ૧૮૧૧ માં તૈયાર થયું હતું તથા તે ઉપર ૬,૦૦,૦૦૦) પૌંડ બેઠા હતા. એ દેવલ ૨૩૮) ફીટ લાંબું, ૧૮૨) ફીટ પોહોળું અને બીનારો ૨૮૦) ફીટ ઊંચોછે. એનો બાહારનો દેખાવ એની બાજુઓપર વાંકા ઓટલા જેવા સ્થંભો "કોલોનેડસ" બાંધેલાછે તેથી અરધા ચાંદના જેવો લાગેછે. એની અંદરનો ભાગ ૩૫) ફીટ ઊંચા, ફીનલાન્ડ ગ્રેનાઇટનાં ૫૬) થાંભા (આખા પથરનાં)થી બે બાજુથી ભરી નાંખ્યો છે. તેનાં મથાળાં તથા તળીયાંમાં બ્રાંનઝ પર સોનાનો ઘોલ કીધેલાં પતરાં જડેલાંછે. રૂશીઅન બોલીમાં એ આલટરવાલા ઓરડાને ઇકોનોસ્ટોશ (Ikonostos) કરી કહેછે. એાલટર તદન રૂપાનાં પતરાંનો બનાવેલોછે તથા તેની ફરતી રેલીંગનાં કોટેગ પણ રૂપાનાંછે. જયારે નેપોલીયન બોનાપાર્ટે મારકો શેહેર લુટ્યું ત્યારે તે ત્યાંનાં દેવલોમાંથી વગર ગણત્રીનુ ઝવેરાત કાહાડી લઇ ચાલતો થયો; પણ પાછલથી રસતામાં બરફ પડવા થી તેનાં લસ્કર નો ઘણોખરો ભાગ મરી ગયો અને તે વખતે રૂશીઅન લસ્કરે તેમનો ધુંબાલો પકડી જુલ્મ માર્યો ત્યારે એ સઘળું રૂપું રૂશીઅન લસ્કરનાં ડોનેકોસ્કોને પાછું હાથ આવ્યું, અને તેઓએ આએ દેવલમાં પોતાની જીતની ખુશાલીમાં તે આપી દીધું તેથી બે એાલટર તથા તેનાં કોટેરા વટીક રૂપાનાં બનાવેલાછે. એ એાલટરનાં બારણાંપર પાક પરવરદેગારનું નામ તદન ખરા હીરાનું બનાવેલું છે, અને તેનો આસપાસ સોનેરી ગીલીટનાં કીરણો બનાવેલાંછે જેને ક્રીસ્ચીઅન લોકો ગલોરી (Glory) ને નામે ઓલખેછે. એની અંદર વરજીન મેરીની મુખીછે જે કાન્જન ગામથી સને ૧૫૭૧ નાં શાલમાં રૂશીઅનો લાવ્યા હતા, અને તે અહીં સને ૧૮૨૧ માં મુકી હતી, તેથી એ દેવલને એનું નામ આપ્યું છે. એ મુખીપર તદન સોનું મઢી લીધેલું છે અને તેની ઉપરનાં ઝવેરાતની કીમત પૌંડ ૧૫૦૦૦) ની ગણાયછે. એનાં એાલટરનાં પડદા (ગ્રીક મતભેદનાં દેવલોમાં એાલટરની આગલ ઘણાં મોટા ધાતુનાં ગીલીટ કીધેલા નકશીદાર પડદા ભરી મુકેછે અને તેની વચમાં બારણું રાખેછે, તે જયારે પાદરી

ભણવાની ક્રીયા કરેછે ત્યારેજ ઉઘાડેછે) નાં બારણાં આગલ ચાર ધણી મોટી તદન રૂપાની મ્રમેદાનીઓ (કેનડીલાબ્રા) મુકેલીછે. શેહેનશાહની ભણવાની જગાની જમીન રંગીન મ્રંગેમરમરની તથા સીડીનાં ટપા મધલા "જાસ્પર" કરીને ધણો કીમતી પથર આવેછે તેનાં બનાવેલાછે. એ દેવલમાં રૂશીઅનોએ ક્રાંન્સ, તરકી, ઇરાંન તથા બીજા દેશોનાં જીતેલા વાવટા ધણાં ટાંગેલાછે તથા રૂશીઅનોએ જીતેલા કીલાઓ જેવાકે હેમર્ભગ, લીપઝીક, ડ્રેસ્ડન, રીહમ્સ, બરીડા અને ઉટરેચની મોટી મોટી કુંચીઓ થાંભલાઓપર ટાંગેલીછે. એ દેવલ નેપોલીયનને રૂશીઅનો જીત્યા તેની યાદગારીમાં બાંધેલુંછે, અને એની સામેનાં ચોકમાં તે વખતનાં બે જણીતાતથા વખણાયલા શખ્સો કુતુઝેફ માનમલીસક (KutuzofSanslewsk) અને જેનરલ બારકલેડીટોલીનાં પુતળાંઓ મુકેલાંછે. રૂશીઅન લોકોમાં ઓરતો શું પણ મરદો વટીક ધરમપર ધણું આંધળાંપણું માથે ચુસતછે. અહીંયાં રસતે રસતે નાધળાં દેવલો બાંધેલાંછે, અને લોકો રસતે ચાલતા ત્યાં જઇને ક્રાસનો નીશાની કરી પાખ પાણી મુકેલું હોયછે તેમાંથી બે ચાર ગોટ પીયેછે. (બીજા ક્રીશચીઅન લોકો ફકત એ પાણીથી ક્રોસની નીશાની કરેછે) તથા અંદર ભણવા જાયછે તો દરેકજણ એક નાધળી મીણબતી બારણાં આગલથી વેચાતી લેયછે, અને તે અંદર રાખેલા કેનડેલેબ્રામાં બળતી ઓસેછે, તથા પછી ગુહણમંડીએ પડી માથું ભોંય સુધી નીચું કરીને વળી ઉડી ક્રાસનો નીશાન કરતો થોડું આગલ ચાલી વળી તેમ કરતો છેક ભણવાની જગ્યા (Shrine) આગલ જાયછે, અને થોડું ભણીને પાછું પાછલા પગે ચાલતો ચાલતો (કીબલા તરફજ મોહોડું રાખીને) બાહાર નાકળેછે. રૂશીઅનોનાં ધરમને રૂસોગ્રીક ચર્ચ કરી કહેછે. (જો કે એ લોકો પણ ક્રીસ્ચીઅનછે તોપણ જુદોજ પંથછે) એ લોકોમાં બતી બાલવાની ધણી ક્રીયાછે, અને કોઇપણ સાર અવસરને લગતું કામ જેવું કે લગન, બદરાવું, મરણ ઇત્યાદી બતી વગર કરતા નથી. આતશ એ લોકોનાં ધારવા મુજબ પાખ રૂહુ (Holy spirit) નો કીબલોછે, અને તેથી ગ્રીક દેવલોમાં બતી વગર ક્રીયા કરતા નથી, તથા ભણવામાં કાંઇ પણ જાતનું વાજીંત્ર કામમાં લેતા નથી, અને સેંટસ શું પણ ક્રાઇસ્ટનાં અને મેરીનાં પુતળાંઓ પણ મુકતા નથી. ફકત તેઓની મખીઓ મુકેછે. એ ધરમનાં પાદરીઓ બે જાતનાંછે. સફેદ અને કાળા પાદરી, તેમાં સફેદ પરણી શકેછે પણ કાળા જેમાંથીજ બીશપો ચુંટી કહાડેછે તેઓથી પરણાતું નથી. એ લોકો રોમન કાથોલીક ધરમનાં વડા પોપને માનતા નથી, પણ તેઓની ક્રીયા ધણીખરી રોમન કાથોલીકની ક્રીયાને મલતી આવેછે. સફેદ પાદરીઓને પરણવાની ફરજ પાંડેછે અને તે પરણે ત્યાં લગીન તેને ક્રીયા કરવા દેતા નથી; પણ તેની ઓરત મરી ગયા પછી ગમે તો તે પાછો નહીં પરણે તો કાંઇ નહીં. એ લોકો પુતળાં મુકતા નથી તે સારૂં બાઇબલમાં લખેલું બતાવેછે કે "Thou shalt not make unto thyself any graven images" કોઇ પણ કોતરેલી મુરતીને માનવું નહીં, તેથી પુતળાંને બદલે મખીઓ મુકીને તેની સામે ભણેછે. એ લોકોનાં તેહેવારનાં દીવસો એક વરસમાં ૧૦૦) ઉપર આવેછે તેથી છાકટપણું ગરીબ માણસોમાં ઘણું વધી પડેલુંછે અને કામકાજમાં ઘણી અડચણો ભોગવવી પડેછે. એ લોકોનાં દેવલમાં બેસવાને જગ્યા હોતી નથી પણ શેહેનશાહથી અદના સુધી ઉભા રહીને ઇબ્બા ગુહણ મંડીએ ભોયપર પડીને ભણેછે. આતવારનો દીવસ એ લોકો અંગ્રેજોની માફક રોજગાર બંધ રાખીને પાળતા નથી,

પણ દેવલમાં જવાનાં દીવસ દાખલ ગણેછે અને ભણવાના વખત સુધીજ દુકાનો બંધ રાખી આખો દીવસ અઠવાડીયાનાં બીજા દીવસોની માફક ઘોલી રાખેછે. એ લોકોમાં મરણ પામેછે તે મઢળાંને ઘોરસ્થાનમાં ડાટવા આગમજ એક દેવલમાં લાવી એકઠાં કરેછે, અને ત્યાં જેટલાં મુરદાં હોય તેમને સારૂ એકજ બંદગી કરેછે. પછી કોપ્રીન ઉઘાડી તે લોકોનાં સગાંવાહાલાંઓ તેઓને મોહોડાં પર ચુમી લેછે. કોઇ મુરદાં તો ઘણાં દીવસો રાખ્યાથી કાળાં તથા અસ્માની રંગનાં થઇ જવા ઉપરાંત વાસ પણ મારેછે, તોપણ તેને ચુમી લેવાની બરાબ રસમછે.

હમો કેઝાન કેથીડ્રલ જોઇને પછી હરમીટેજ કરીને મ્યુઝીયમ તથા પીકચર ગેલેરી સારૂં એક ઘણો મોટો મહેલ શેહેનશાહનાં "વીનટર પેલેશ"ની પાસે તેનેજ લગતો બાંધેલોછે તે જોવા ગયા હતા. સને ૧૭૬૫ નાં શાલમાં કેથેરાઇન ધી ગ્રેટ કરીને અહીંયાંની શેહેનશાહબાનું હતી તેણી રાજને લગતાં કામકાજથી જરા વીસામો લેવા સારૂં એક નાધણું નંખુ રેાકું ઘેર વીનટર પેલેશમાં બાંધી તેમાં પોતાની એકઠી કરેલી ચીજો મુકીને તે જમ્મા પર હમેશાં જઇને એકાંતવાસો લેતી, તથા ફીલસુફો અને ભણેલા માણસો સાથે તકરારો ચલાવતી હતી તેથી તેનું નામ હરમીટેજ કરીને આપેલુંછે; પણ તે બાંજી નાંખીને ત્યાં ઘણોજ ગંજાવર તથા કીમતી મહેલ બાંધીને તેમાં અતીઘણું નવાઇની તથા કીમતી ચીજોનું મ્યુઝીયમ બનાવ્યુંછે. એ હમણાંનો મહેલ સને ૧૮૪૦–૫૦ સુધીમાં બાંધી તૈયાર કર્યો, તે એટલી તો રેાણકદાર ઢપપર બાંધેલોછે અને તેની બાંધણીમાં એવી તો કીમતી ચીજો લોધીછે કે તેનો બરાબરી આખા યુરોપમાંનો સૈાથી સરસ મહેલખી ભાયગેજ કરી શકશે. તે ૪૧૫) ફીટ લાંબો અને ૩૭૫) ફીટ પોહોળોછે, અને તેના પોરટીકોમાં થાંભળાને બદલે આખા પથરનાં ગંજાવર પુતળાં ૨૨) ફીટ ઉંચા સારી કારીગીરીનાં બનાવીને મુકેલાંછે, તથા એની દીવાલોમાં ગોબ્બલાઓ કરી તેમાં પણ વખણાયલા ચીતારા અને કોતરનારાઓનાં બનાવેલાં પુતળાં મુકેલાંછે. એનાં દીવાનખાનાનું છાપરૂં ૧૬) મોટા આખા પથરનાં ઘણાંજ ઉંચા ફીનલાંન્ડની ગ્રેનાઇટનાં થાંભળાપર મુકેલુંછે, અને તે થાંભળાઓનાં મથાળાં સફેદ કરારા સંગેમરમરનાં બનાવેલાંછે. એનો દાદર ઘણોજ ભભકદાર અને ત્રણ ટપા સુધીનો સીધો અને સીધોજ તદન સંગેમરમરનો બનાવેલોછે. એની બાજુપરની ચુનાની દીવાલ એવી તો સરસ પાલીશ કરીને રંગેલીછે કે તે પણ જાણે સંગેમરમરનીજ બનાવેલી હોય તેવી દીસેછે, તથા આરસીની માફક ચળકેછે અને તે સીડીની ઉપર ૨૦) બીજા પીલા ગ્રેનાઇટનાં આખા પથરનાં થાભળાઓ મુકેલાછે, તથા તેઓની વચમે ૧૬) મોટાં પુતળાં ઉસ્તાદોને હાથનાં બનાવેલાં ગોઠવેલાંછે, તથા તે સીડીની સામેનાં બારણાં આગલ બે ઘણાંજ સરસ વાયોલેટ રંગનાં જાજપરનાં કેનડેલેબ્રા મુકેલાછે તેથી એ બાજુનો દેખાવ ઘણોજ ભપકાભરેલો લાગેછે. એ પ્રકારનાં બારડા (જે મોટાં મોટાં દીવાનખાનાંછે) તેનાં પણ થાંભળાઓ જાત જાતનાં રંગીન ગ્રેનાઇટનાં કીધેલાછે. એમાંની પીકચર ગેલેરીમાનાં પીકચરો ઘણાં સરસ અને વખણાયલા ઉસ્તાદોને હાથનાં બનાવેલાં મોટી મોટી કીમતો આપીને રાખેલાંછે. એમાંનું વાલપેાલ (Walpole) કલેકશન સને ૧૭૭૯ નાં શાલમાં ૩૫,૦૦૦) પૌંડ આપીને ઇંગ્લંડમાંથી ખરીદયું અને ફ્રાંન્સમાંથી Chioseul ગેલેરીનાં ૧૧) પીકચરો ૧,૦૭,૯૦૪)

લીધ્ર આપીને લીધાં હતાં, તથા માલમેશન કલેક્શનનાં (જે શાહનશાહખાનું જોશીફાઇન નેપોલીયનની બાનુએ ઉભું કીધું તેમાંનાં) ૩૮) પીક્ચરો ૯,૪૦,૦૦૦) ફ્રાંકે વેચાતાં લીધાં હતાં; રાફેલનું એક આઠ ઇંચ મોટું પીક્ચર ૧,૩૦,૦૦૦) રૂપલે વેચાતું લીધું હતું, તથા એ મુજબ ઘણાં કલેક્શનો મોટી કીમતો આપી ખરીદી એવાં ૪,૦૦૦) પીક્ચરોમાંથી ૧,૭૪૦) પીક્ચરો ટારવી કરીને અહીંયાં મુકેલાંછે, તેમાં સ્પેનીશ, ફ્લેમીશ, ડચ, જરમન, ફ્રેંચ, ઇટાલીઅન, અંગ્રેજ, રશીઅન, સઘળી જગ્યાના ઉસ્તાદોના ચીતારો જુદા જુદા ઓરડાઓમાં મુકેલાંછે, અને એવાં પીક્ચરોનાં ૩૪) ઉપર ઓરડા ભરેલાછે. એ ઉપરાંત ત્યાંનાં બાવળાં ઉસ્તાદોને હાથનાં બનાવેલાં તથા જાત જાતનાં ઉંચી કીમતોનાં પથરોનાં વાસીઝ પણ ઘણાં જોવા લાયકછે. અહીંયાં જુનાં સીકાઓનો પણ સંગ્રહ ઘણો મોટોછે, જેમાં બે લાખ ઉપર નમુનાછે, અને તેમાં મુસલમાન રાજોનાં, તારતરી તરફના, તથા બીજા સીકાઓનો ઘણો મોટા જોડા, તેમાં કોઇ સીકાઓ કાચનાં (બોખારા શહેરનાં) લેપીસ લેજુલીનાં તથા આપણાં ધરાનનાં અસલી પાદશાહોનાં પણ ઘણાંછે. અસલનાં કેમીઓશ (Cameos) (સીલની માફક બનાવેલાં) જુદી જાતનાં વીસ હજારછે. એક ટેબલ ઇટલીનાં પાદશાહે ભેટ આપેલીછે, તેમાં અતીઘણી જાતનાં રંગીન પથરોની તરાહ ઉપરાંત તેમાં પાણાં તથા માણેકનાં પોતાપો વટીક જડીને ઘણાં મારાં ફુલોની આકરતી કીધેલીછે, અને દુનયામાં એ ટેબલની બરોબર બીજી ગણાતી નથી એમ કહેછે. બીજી એક ટેબલ પથ્થર થઇ ગયલાં (પેટ્રી ફાયડ) લાકડાંની પાલીશ કરીને બનાવેલીછે, અને તેમાં રંગીન પેટ્રીફાઇડ લાકડાંની તરાહ કીધેલીછે તેથી જાણે સંગેમરમરનાં રંગીન પથરની બનાવી હોય તેવી લાગેછે. પીટર ધી ગ્રેટનો ગેલરી જે ખાસ વીનટર પાલેસનાં એક ભાગમાં આવેલી પણ હરમીટેજનો સાથે જોડાયલીછે, તેમાં એ શાહનશાહને હાથની બનાવનો મુકેલીછે, જે બનાવવાનાં એને વાપરેલાં હથીયારો તથા સાંચાકામ, દુરબીન, ગણીતનાં ઓજારો, ચોપડાઓ, ગાડી તથા સ્ટફ કીધેલા ઘોડા ચાલવાની લાકડી (તેમાં એક લોખંડની પરાઇ જેવી લાકડી પણછે) ઇત્યાદી મુકેલુંછે, જે ઉપરથી તે કેવો ચંચલ તથા મોહનતું માણસ હતો તે માલમ પડી આવેછે. એ શહેનશાહ ૬) ફીટ અને ૯) ઇંચ લાંબો હતો, તથા તેને પોતાને હાથે સઘળી ચીજો બનાવવાનો શોખ ઘણો હતો અને જયાંબી જાયે છીયે ત્યાં એનાં હાથની બનાવેલી ચીજો દેખાડેછે. એ કદાવર હતો તેમ જોરાવર પણ હતો; એની લોખંડની લાકડી આપણને ઉંચકવી ભારી પડેછે પણ તે પોતે સેહેલાઇથી ઉંચકી શકતો હતો. એનું પુતળું બનાવીને એની બેરી (જે પાછલથી પોહોલી કેથરાઇનનાં નામથી રાજ ઉપર બેઠી હતી) એ શાટીન ઉપર ભરેલો જભો તેઓનાં તખ્ત ઉપર બેસાડવાની ક્રીયા વખતે ભરયો હતો તે પોહોરાવેલોછે. એ ઓરડાની આગલથી બીજો ઓરડોછે તેમાં જવેરાતની દાબડીઓનો ઘણો મોટો સંગ્રહ કીધેલોછે. એ ઓરડામાં રોમાનાફ (Romanoff) ફેમીલીને (જે ફેમીલીનો વડો હાલનો શહેનશાહછે) લગતી ચીજોનો સંગ્રહ કીધેલોછે. દાબડીઓમાં એક દાબડી ઘણાં મોટા હીરાઓ જડેલી તરકીનાં સુલતાને પોહોલા નીકોલસની બેરુને ભેટ આપેલીછે તેમાં પોતાની મુખી પાડેલીછે. એ દાબડી ૩ થી ૨॥ ઇંચ જેટલી નાધણી છતાં તેમાં આખી શાલ મુકીને આપી હતી. એ શાલ કેવી બારીક વણ-

તની તથા ઊંચી હતી તે વીચારી લેવું. એ ઉપરાંત બીજી કબતોમાં હીરા તથા ઝવેરાતનાં ફુલનાં તોરા, આંખા પાનાનો પોપટ, (૧॥ થી ૧ ઈંચનાં) હીરા જડેલી પેટીઓ, બ્યાલાં, રકાબી, નાધળી ટેબલો, પાગડીપર પેહેડવાનાં બે કીમતી હીરાનાં ગોડ (પ્લુમ્સ) આખા મોતીનાં રાજ હંસ (Swans) ઇત્યાદીનો અતીધણો સંગ્રહ કીધેલોછે, અને એનાં જેવો ઝવેરાતની બાબદમાં બીજે કેઠે સંગ્રહ નથી એમ કહેછે. પોખરાજનો ધણો કીમતી પથર આપણાં લોકો વીટીમાં પેહેડેછે તેનો ૧) ફુટ આખા કડકાનો Vase બનાવેલોછે. કેરબાના એક કટકાનો આસરે ૧॥ ફીટ મોટો અને ૨)ઈંચ જાડો થાંભળોછે. ચુમ થઇ ગયલું આગળા જમાનાનું રાક્ષસી મેમઠ જનવરનાં સલંગ હાડકાંમાંથી એક ઓરતનું પુતળું આરશીની ફ્રેમ સુધાં કોતરી કાહાડેલું હતું તે આસરે ૨) ફીટ ઊંચું, ૧॥॥ ફીટ પોહોળું, અને ૬) ઇંચ ઊંડું હશે. હીરા તથા બીજા ઝવેરાતની વીટીઓ પણ બેસુમાર એક બે કેશોમાં ગોઠવેલી હતી. તેઓમાંનાં કોઇ કોઈ નંગો ધણાં મોટાં અને કીમતી હતાં. એક વીટીમાં સખી પાડીને તેમાં કાચને બદલે પાવલી જેટલો મોટો હીરો જડેલો હતો. તે ઉપરાંત એક કાલા હીરાની વીટી હતી જે કાળો હીરો હમોએ પેહેલ વેહેલો દીઠોછે. એ હીરાની ઝળક સફેદ ઇમા બી જા હીરાનાં જેવી નથી પણ ઝાંખોછે. એક આખા પન્નામાંથી એક નાંધળું વાહણ ૧) ઈંચ જાડું રમકડાં જેવું બનાવેલુછે, તેનું ડોલ પણ આસરે ૩) ઈંચ ઊંચું તેપણ એકજ પન્નાનું હતું. ત્રણ મોટાં મોતીનો એક કુતરો આસરે ૩) ઈંચ મોટો બનાવેલોછે. એવું એવું ધણું બેકીમતી ઝવેરાત તે ઓરડામાં એકઠું કીધેલું છે. એક ઓરડામાં એક મોરનું ઘડીયાળ મુકેલુછે, જે તદન સોનેરી ગીલીટ નો બનાવેલોછે અને જ્યારે કલાક વાગે ત્યારે મોર નાચે તેમ પુછડી ઉભી કરતો હતો, તે સાથે એક મરઘો પાંખ ફફડાવી બુમ પાડતો, તથા ચુવડ ડોળા ફેરવતું, અને એક તીડ ધાસ ખાતું હોય તેમ દીસતું, એવું સંચાકામથી ચાલતું બે ઘડીયાળ હતું, પણ હાલ તે બંધ પડેલુંછે. એ ઉપરાંત જાત જાતનાં Vases કીમતી પથરનાં પણ ધણાં મુકેલાંછે, તેમાંનાં કોઇએકની કીમત ૩૦૦૦૦) રૂપલ ઇમાને ૩ ૩૭૫૦૦) કહેછે. એ મ્યુઝીયમનાં હેઠળનાં ભાગમાં તદન સંગેમરમરનાં ચોરસ તથા ગોળ થાંભલાછે, અને તેની અંદરનાં ઓરડામાં અસલનાં ૨૪૦૦)વરસોપર કાલાસમુદ્ર(Black Sea) નાં કીનારાપર ગ્રીક લોકોએ સંસ્થાન વસાવ્યું હતું તે વખતના કર્ટશ (Kertch) કરીને ગામમાં પાદશાહોની ઘોરો મોટા ડુંગરોનો માફક કરી તેમાં તેઓનો સાથે તેઓનો સઘળો સામન ઝવેરાત તથા ઘોડા સુધાં દાટતા હતા, તે સને ૧૮૩૧માં રશીઅનોએ જીત્યા પછી ઘોરો ઉઘાડી તેમાંનો સઘળો સામન ઉચકી લાવીને અહીંયાં મુકેલોછે, તેથી એક આખું મોટું દીવાનખાનું ભરો નાંખ્યુંછે.તેમાં સોનાનાંતાબ્બો, હારો, પોહોંચીઓ, કપડાપર જડવાનાં ઇમા ટાકવાનાં શોનાનાં નાધળાં રમકડાં ઇત્યાદી ધણી સારી કારીગીરીનાં બનાવેલાં આજની બનાવતોને ટકર મારે તેવાંછે. ત્યારપછી બીજી શોધો સરકારની તરફથી કરતાં સને ૧૮૬૬માં એક ધરમ બોધ આપનારી બાઇડીની ઘોર મલી હતી, તેમાંથી પણ અતી ધણો જવેરાતનો તથા તેનાં કપડાં વટીકનો જથો મલયો હતો, અને રાંધેલી ચીજો તથા ત્રાંબાનાં વાસણો દાતેલાં તે વાસણો તથા તે સાથે સુકો મેવો અકરોટ, બદામ ઇત્યાદી મુકેલું મલ્યું હતું. તે ઉપરાંત કરીમીઆમાંથી પણ એવી એવી જુની જીનસો મલવી તે પણ અહીંયા એ

ઓરડામાં મુકેલીછે. અગલનાં ઇજીપશીઅન, ગ્રીક, રોમન ઇત્યાદીને લગતાં બાંધકામો, પુતલાંઓ, વાઝોમો, ઇત્યાદી લાવી તેનાં જુદા જુદા ઓરડા ભરેલાછે, તથા પોમપીઆઇને લગતો સામનનો પણ ઓરડો જુદોછે. એવી એવી જુદી જુદી ચીજોનો સંગ્રહ એટલો તો મોટો છેકે તેની વીગતો લખી શકતા નથી. એ મ્યુઝીયમ આખા યુરોપમાંનાં સૌથી સરસની બરોબરી કરી શકેછે.

એ જોઇને પછી પીટર ધી ગ્રેટનું ઝુપડું જે સેંટ પીટર્સબર્ગમાં સૌથી પેહેલું બંધાયું હતું તે જોવા ગયા હતા. એ ઝુપડાંની ઉપર એક બીજું મોટું કાચનું ઘેર બાંધી લીધેલું છેકે તેથી તેનો બંચાવ થાય. સેંટ પીટર્સબર્ગનું શેહેર પેહેલ વેહેલું પીટર ધી ગ્રેટે સને ૧૭૦૩ માં આએ ઝુપડું બાંધીને પોતાની સાથે થોડાએક ઉમરાવો લાવીને વસાવ્યું હતું. તેની આગમજ અહીં જલ માર્ગ જેવી પોચી જમીન હતી અને થોડાએક માછી મારઓ રેહેતા હતા. સને ૧૭૧૦ નાં શાલમાં અહીંયાં પેહેલ વેહેલું ઇટનું ઘેર એની સાથવાળા કાઉનટ গોલવોકીને બાંધ્યું હતું, તે શેહેર હવે આસરે પોંણો બસો વરસે યુરપનાં બીજાં મોટાં શેહેરોની બરોબરી કરી શકેછે, અને એનો વસતી દસ લાખ માણસોની કહેછે. એ ઝુપડું તદન લાકડાનાં સાંતાઓનું બાંધેલું છે, અને છાપરાં ઉપરનાં નળીયાંને બદલે નાધળા નાધળા લાકડાંનાં કટકાઓ જડેલાછે. એને હમેશાં રંગ મારીને તેની તપાસ ધણી રાખેછે. એ ઝુપડું ૫૫) ફીટ લાંબું, અને ૨૦) ફીટ પોહોળું છે, અને તેમાં ત્રણ ઓરડાછે, જેમાં એક આરામ કરવાનો અને બીજો જમવાનો ઓરડોછે, અને ત્રીજામાં બબરચીખાંનું હતું. એમાંનો એક ઓરડો જેમાં તે સુતો હતો તેમાં હાલ દેવલ બાંધ્યુંછે, અને તેમાં પીટર ધી ગ્રેટને કાઇસ્ટની એક ચમત્કારી તસ્વીરે પોલટાવાની લડાઇમાં મદદ કરી જીતાવ્યો હતો તેને મુકેલીછે, જેની માનતા અહીંયાંનું લોક ઘણું કરેછે, અને જેમ વાંદરે મોંનટમરીને મુંબાઇનાં કેટલાક લોકો રૂપાનાં બનાવેલા હાથ પગ તથા આંખ ચહડાવેછે, તેમ એ સમજીને અહીંયાનાં લોકો માનતા કરી જે ભાગ દુખતો હોય તે ભાગ સારો થાયછે તો રૂપાંનો બનાવીને ચહડાવેછે. એનાં બેસવાનાં ઓરડામાં એનું ફરનીચર હજુર જેમનું તેમ રેહેવા દીધેલું છે, જે સઘળું સાદુ અને જુની ઢબનું છે. એ પીટર ધી ગ્રેટનાં હાથની બનાવેલી એક બોટ પણ અહીંયાં તપાસીને રાખેલીછે, તથા એ ઘેર ઉપર સોલજરોનો ચોકી રાખેલીછે. એ જોઇને પીટર ધી ગ્રેટની સમરગાર્ડન નામનો બગીચો જોવા ગયા હતા. એ બાગનો દરવાજો અગલ એકહતો. ત્યાંથી સત્તર વરસનો વાત ઉપર છેલો શેહેનશાહ બાગમાંથી બાહાર નીકળતો હતો તે વખતે તેની ઉપર કોઇએ બંદુક ફોડી હતી પણ તે બચી જવાથી તે દરવાજો બંધ કરીને ત્યાં એક નાધલું સંગેમરમરનું દેવલ બાંધી લીધુંછે, અને તેની આસપાસથી બીજા નવા બે દરવાજા મુકેલાછે. એ બાગમાં કશું જોવા લાયક નથી અને અહીંયાંની રસમ પ્રમાણે સઘળું બીસમાર હાલતમાંછે; પણ તેમાં પીટર ધી ગ્રેટનું સમરહાઉસછે તેને સારી બરદાસથી ફરનીચર સુધાં રેહેવા દીધેલુંછે. તે સને ૧૭૧૧ માં પીટર ધી ગ્રેટે પોતાનાં પરાણાંઓને ઉતારો આપવા સારૂં બાંધ્યું હતું, પણ કાંઇ ધણું જોવા લાયક નથી.

એ જોઇને પાદશાહી ગાડીખાંનું જોવા ગયા હતા, જેને મ્યુઝીયમ ઓફ ઇમપીરીઅલ કેરીએજીસ કહેછે, અને તે નામ ધણું બરાબરછે. તેમાં ૫૦) ગાડીઓ ધણીજ સુંદર બનાવેલી મુકેલીછે, અને કોઇ કોઇને તો પેનલો રૂપાનાં પતરાંનાછે.

એક ગાડીનાં અસ્તરનો ફ્રીટોપર હીરા માણેક તથા પન્નાં જડી લીધેલાંછે, અને તે એકજ ગાડીની કીમત દસ લાખ રૂપલનો કહેછે. એટલી મોટી કીમતની ગાડી બીજે કો�ે હમોએ દીઠી નથી. ગાડીઓ પર એ લોકોનો કોટ ઓફ આર્મ્સ ઉપસાવેલાં બરોનજનો કરી તે ઉપર સોનાની ગીલીટ ચઢાવીને તેમાં ઓટા હીરા જડી લીધેલાછે, તથા પેનલો રૂપાનાં હોયછે તેપર નકશી તથા ઘણુંક ઉંચા ચીત્રકામ પાડેલાંછે. છેલા શેહેનશાહના રાજયાભીષક વખતે દશ નવી ગાડીઓ તૈયાર કરાવી હતી તે દરેકપર ૫૦૦૦૦) રૂપલ ખરચ લાગેા હતેા. એ ગાડીઓ નવી બનાવવાનું કારણ એછે જે પાદશાહી ખાનદાન હમણાં ઘણું વધી ગયલું છે, તે સઘળાઓને બેસવાની પાદશાહી તાંકણાઓની વખતે અગવડ પડવાથી બનાવી હતી. એ વાપડવાની ગાડીઓ ઉપરાંત પીટર ધી ગ્રેટની સ્લેડજીસ (બરફપર દોડવાની ગાડી ૧૨) ઘોડા જોડવાની) તથા એક ઘણીજ જુની એ શેહેનશાહની પોતાની હાથની બનાવેલી, જયારે બાહાર દેશ ગયેા હશે ત્યાં વાપડી હતી તે છે. તેની બારીને કાચને બદલે અબરખ (માઇકા) જડેલીછે. એ ગાડીઓને લગતાં હારનાસોનાં મોટા દીવાનખાનાં ભરીને મુકયાંછે, તે ૩૦૦) ઘોડા સારૂંછે, તેમાનાં કોઇ કોઇ હારનીસનો સટ તો ૩૫,૦૦૦) રૂપલની કીમતનાં રૂપાનાં જડાવ માથે તથા ૧,૦૦૦) ઘોડાવાલાઓ સારૂં પોસાક (Livery) ના કબતો ભરી મુકેલીછે. એક ગાડી હમોએ જોઈ તે ચાલેછે ત્યારે અંદર આરગીન વાગેછે, અને કેટલા માઈલ ચાલી તે જણવાનો સંચો હતા ઘડીયાળ પણ મુકેલુંછે. હાલ તે ગાડી ભાંગેલી હાલતમાં પડેલીછે. એ સઘળી ગાડીઓ ઘણી જોવા લાયકછે, અને કાંઈ ઘણી ભભકદાર નથી તોપણ પસંદ પડતી રૂપથી બનાવેલીછે. એ ગાડીનાં તબેલાની પાસે શેહેનશાહનાં ઘોડાઓનાં તબેલા છે; જેમાં ૩૦૦) ઘોડા રાખેછે. ગરમીનાં દીવસોપર તેઓને ગામેગામ લેહેંચી નાખેછે. એ ઘોડાની બાધ ખોરાકનાં ખરચનાં દર શાલ એક લાખ રૂપીયા થાયછે એમ કહેછે.

તા૦ ૨૫ મી સપટેમબર ૧૮૮૧— આજે સવારનાં અત્રેનું મોટું બજાર જોવા ગયા હતા. એ જગ્યાને માર્કેટ નહીં કહીએ તો ચાલે, ઘણીજ કંગાલ હાલતની ઓટલા રોકી બાલી ઈમારત છુટે છુટે કીધેલોછે, તેમાં લોકો ગોશ, તરકારી, મેવા સઘલું વેચેછે; અને ત્યાં કચરો કીચલ તથા પાણીથી એટલી તો નજીસાત ઉપજેછે કે હમો તે જોઇને અજબ થયા હતા કે આવાં મોટાં શેહેર માટે આવી કંગાલ મારકીટછે. અહીંયાં જીવતી માછલીઓ પાણીની મોટી ટાંકીઓમાં રાખેછે, અને તેમાંથી કાહાડીને આપેછે તેથી હમેશાં તાજી મલેછે. એ જગ્યાપર ગરીબ બેગારીઓને સારૂં ખાવાનું પકાવીને તથા વાસી ચીજો વેચતા હતા, તેમાં વાસ મારતું તથા સુકું કાળું મારી ગયલું ગોશ કોણ જાણે કેટલા દીવસનું હશે, અને બાફેલાં ઇડાં તે પણ કાળાં મારી ગયલાં એવો ખરાબ ખોરાક તે બીચારાઓ ખાતા હતા, જેથી માલમ પડેછે કે અહીંયાંનું લોક ઘણું કંગાલ હોવું જોઇયે. એ જોઇને પછી હમોએ ગઈ કાલે જોયલું સેંટ આદસેક્ષનાં દેવલમાં આજે આતવાર હોવાથી ત્યાંની બંદગીનું ગાયન સાંભળવા ગયા હતા, જે બાબે હમોએ ઘણી તારીફ સાભળી હતી અને તેજ મુજબ હમોએ થોડોક વખત સાંભળ્યું હતું; પણ હમો સ્ટીમરપર સ્વાર થઇને પીટરહોફ (Peterhoff) જનાર હોવાથી જલદી નાકલીને નદીપર સ્ટીમર તૈયાર હતી તેમાં કલાક ૧૧–૧૫ મીનીટે બેસીને નીકળેલા પીટરહોફ કલાક ૧૨–૪૫ મીનીટે જઈ પુગા

હતા. નદી ઉપરથી ઇમારતોનો દેખાવ ઘણો સારો લાગેછે, પણ એ દેખાવ થોડેક સુધીજ માલમ પડેછે, નદી મુકીકે ફીનલેન્ડના અખાત (Gulf of Finland) માં પેઠા હતા. એ અખાતની બેહુ બાજુપર દુરથી જમીન આવેલી હોવાથી પાણીની છોલોમાં જોર હતું નહીં, અને તેની ઉંડાઈ પણ ૧૦) ફીટની ઉપર નથી, જેને લીધે મોટાં વાહાણો તથા મનવારો સેંટ પીટર્સબર્ગમાં આવી શકતાં નથી, પણ તે અહીંથી વીસ માઈલ દુર ક્રાન્સ્ટાટ (Cronstadt) ટાપુ આગલ થોભેછે. એ ટાપુ પીટરહોફની સામે થોડે દુરછે ત્યાંથી બરોબર વાહાણો દીસેછે. પીટરહોફ કરીને નાંધણું ગામકુંછે, ત્યાં રૂશીઆનાં પાદશાહનાં ઉનાલામાં રેહેવાનાં સમરપેલેસો આવેલાછે અને હાલનો શેહેનશાહ પણ ત્યાંજ રેહેછે. તે જમીનને રસ્તે સેંટ પીટર્સબર્ગથી આસરે ૨૧) મૈલ દુરછે. હમો પેહેલાં ત્યાંની "ઈમપીરીઅલ ફેબ્રીક" શેહેનશાહ માટેની બનાવતો જોવા ગયા હતા, જ્યાં ફીનલાન્ડથી કીંમતી પથરો લેપીસલાઝુલી, માલાકાઇટ,' ઇત્યાદી લાવીને તેઓને ઘડીને તેમાંથી "વાઝીસ" તથા બીજો સામન શેહેનશાહ સારૂંજ બનાવેછે. એ જગ્યાનો દાદર તદન સફેદ સંગેમરમરનાં પથરનો બાંધેલોછે. પથરો પેહેલાં ફીનલેન્ડથી ભાંજી લાવેછે અને તેને એમનાં એમ જો સાફ કરીને વાઝીસ બનાવેછે તો તેમાં સફેદ તથા આસમાની રંગ ભેળા રંગનો પથર હોવાથી તે કાબરચીતરા રંગનું બનેછે. તેમાં ઘણી મેહેનત નહીં પડવાથી તે સસ્તી કીમતનાં કેહેવાયછે; પણ અણીત પથરમાં આસ્માની પોપડીઓજ હોયછે તે ચીડી કાહાડી તેનાં મોઝેક વરકનાં વાઝીસ બનાવેછે તો તે ઘણાં કીમતી થાયછે. અમથા ખાલી રફ પથરની કીમત રતલ ૧) નાં ૫૦) રૂપલ્લ ઇયા ૩ ૬૨) કેહેછે. પણ તેની પતરી કાહાડીને વાઝીસ બનાવવાનાં કામમાં લેછે, તો પછી દર આંગ્રેશની કીમત ૫) થી ૧૦) શીલીંગ પડેછે એટલો કીમતી પથર તે ગણાયછે. પથરમાંથી અસ્માની રંગનો પથર કાહડવાને તેને વેહેરેછે, અને આસ્માની પોપડીઓને સરાણ ઉપર ઘસીને સફાઇ આપા તે પોપડીઓ લોખંડનાં વાઝીસ ઉપર પેહેલાં ચોંટાડી દેછે, અને પછી તે વાઝને ઘસીને સાફ એવું તો કરેછે કે જાણે એક આખા પથરનું બનાવ્યું હોય તેમ લાગેછે.

તે જોઇને પછી "મારો પોતાનો" કરીને એક નાધળો બંગલોછે તે જોવા ગયા હતા. એ બંગલો મજેની ઢબનાં બાંધેલોછે, અને તેનાં ઓરડા ઘણીજ સરસ રીતનાં સણગારેલાછે. તેમાં અંદર જવાનો દાદર તથા ખડકી પાલીશ કરીલાં લાકડાંનાં સરસ સણગારેલાંછે, અને માળા પરનું પરનીચર તથા દીવાલપરની શાટીન તથા જમીનપર ગલીચા ઓરડે ઓરડામાં જુદા જુદા રંગનાંછે, અને બધે ડ્રેસડન શેહેરનાં કોરી કામનાં ઝુમરો તથા વાઝીસ મુકેલાંછે, જેનાં રંગ પણ તે ઓરડાને મલતા લાવેલાછે, તેથી તે ઘણો શોભેછે. એ બંગલો પીટરહોફમાં સૌથી સારો સણગારેલો કેહેવાયછે.

તે જોઇને પછી પીટરહોફ મેહેલ જોવા ગયા, જે ઘણો મોટો અને સણગારેલો પણ સારોછે, તથા તેનાં ઓરડાઓ જે એકમાથી બીજામાં જવાયછે તે હારબંધ હોવાથી તથા તે દરેકમાં જુદા જુદા રંગનું ફરનીચર હોવાથી એક નાંકેથી બીજે નાંકે સુધી જોતાં ઘણો સરસ દેખાવ લાગેછે. એક ઓરડામાં તદન સરખીઓથીજ દીવાલ ભરી નાંખીછે. તે સરખીઓ મધ્ય એશીઆનાં લોકોનો જુદા જુદા ગામોની (રૂશીઆનાં હસ્તક ૫૦) Provinces છે ત્યાંની) ઓરતોની ૮૬૩) જાતની મુકેલી છે, અને તે દરેકને જુદી જુદી પાડવાનો ઢબ આપેલીછે, તથા અને તે સઘળી કાંગ્રેસ

રોટારી એકલાએ કેરોગઇન બીજીનાં હોકમથી પાડી હતી, પણ તે લોકોનાં મોહોડાં જોવા પ્રમાણે મધ્ય એશીઆનાં રહેવાશીઓને બદલે યુરોપનાં જેવાં માલમ પડેછે; કારણકે મધ્ય એશીઆનાં મંગોલીઅન ડોળીઆંનાં લોકનાં નાંખ ચપટાં તથા આંખો જરા વાંકી ચીનાઓની માફકની આવેછે પણ આએ મુખીઓ તો મજાની ઘટમની ઓરતો યુરોપખંડને મલતી પાડેલીછે. બીજા ઓરડામાં ચીનાઇ ફરનીચરજ મુકેલુંછે તેથી તેનો દીવાલ પર વટીક ચીનાઇ લેકરવેરનાં પદડા જડી લીધેલાછે. ત્રીજો ઓરડો જપાનીઝ ફરનીચરનો તેનાં જેવોજછે. એક ઓરડો ચીનાઇ રંગીન સટનોછે. તેની દીવાલોપર ચીનાઇ રંગીન પીકચરોનાં કાગજો જડી લીધાંછે. તે ઉપરાંત યુરોપીઅન ફરનીચરનાં જુદા જુદા રંગનાં ઘણાં ઓરડાછે. નાચ કરવાનાં દીવાનખાનામાં તદન સફેદ ફરનીચરછે. તેની દીવાલપર સફેદ સાટીન જડી સોનાનાં ગીલીટનાં પતરાંનાં ફુલની તરંહ પાડેલીછે તેથી ઘણો શોભેછે. તેની બુરશી કોચો ઉપર વારનીશ તથા પાલીશ એવી તો સરસછે કે જાણે સફેદ કોરીનું બનાવેલું હોય તેવું લાગેછે. એક ઓરડામાં મોહોડું જોવાનો આરસીઓજ ગીલીટની ફરેમોમાં મુકેલોછે. તેથી તે પણ ઘણો સરસ લાગેછે. એક ઓરડો ચીનાઇ પોર્સલેન કોરી કામનોછે, તેનો આરસી વટીક પોર્સલેન ઉપર ચીતાર પાડેલીછે તથા દીવાલ ઉપર તે જડી લીધેલોછે. ટેબલ કોચ વગેરે સઘળું પોર્સલેન કામછે. એ પ્રમાણે સઘળું ઘાણુંજ સરસ સણગારેલુંછે.

ને જોઇને હરમીટેજ કરીને અખાતનાં કીનારાપર બંગલો બાંધેલોછે તે જોવા ગયા. એ બંગલાનો આસપાસ ચર બણી લઇને ગમે ત્યારે તેમાં પાણી ભરી નાખવાની યુકતી કરીલીછે. એ બંગલો કાંઈ ઘણો જોવા લાયક નથી, પણ તેની અંદર બીજી કેરોઇને એક ટેબલ બાવા સારૂ માળા ઉપર મુકેલીછે તેને એવી તાલ કરીછે કે પોતે તથા દોસ્તો બાવા બેસે તો વગર માણસે બાવાનો રકાબી સઘળું બદલો શકાય, અને પોતે છુપી વાત કરે તે કોઇ સાંભળે નહીં તે સારૂ ટેબલની હેડળનાં ઓરડામાં એક લાકડાંનાં પીજરાં જેવું બનાવી ઉપરની ટેબલપર રકાબીઓ મુકવાનાં બાંચા છુટા રાખી તે સાથે દોરી બાંધેલી હોયછે, તેથી બાવા બેસનાર ધણીને રકાબી બદલવી હોયછે ત્યારે પોતાની આગલનો દોરી બેંચેછે એટલે ટેબલમાંનો બાંચાવાલો ભાગ જે છુટો કરીધેલો હોયછે તે હેડળ રકાબી સુધાં બેંચાઇ જાયછે, અને એક માણસ જે હેડળનાં ઓરડામાં સઘળું તૈયાર રાખીને હાજર રહેછે તે રકાબી બદલી તેમાં બાવાનું મુકીને પાછી મુકી દેછે કે પેલા રકાબીવાલા બાંચાનાં લાકડાંને બીજી બાજુથી એક વજન ટાંગેલો દોરી રાખેછે તે વજન નીચે જવાથી રકાબી ઉપર તેની જગામાં બેંચાઇ જાયછે. એવી મેહેનત પણ સરસ યુકતી કામે લગાડીછે, અને એવી ટેબલ હમોએ પેહેલ વેહેલી જોઇછે.

એ જોઇને પછી મોન પલેશર કરી પીટર ધી ગ્રેટનું એક નાનું ઘર બાંધેલું છે તે જોવા ગયા. એ ઇમારત જુનીછે અને તેમાં થોડાએક પીકચરો જુનાં મુકેલાછે. અહીંયા એમપ્રેસ એલીઝાબેડે પોતાનાં રાંધવાનાં શોખ સારૂ એક મજેનું નાનું બબગચીખાનું બાંધેલું છે, ત્યાં તેણીની બુરશી પણ હજુર રાખેલીછે. એ જગ્યાપરથી પીટર ધી ગ્રેટ પોતાનો મનવારોનો કાફલો ક્રોનસ્ટાડટમાં જોતો હતો એમ કહેછે.

એ જોઇને પછી અહીંયાનાં પારકમાં જુદે જુદે ઠેકાણે ફુવારા તરંહ તરંહના

ગોઠવણીનાં અતી ઘણું કીધેલાછે તે જોવા ગયા હતા. એ જગોએ જ્યાંથી ફરીએ ત્યાં છુટે છુટે એવા ફુવારા મુકેલા હતા. તેમાં સૌથી મસ્ત સામસન ફાઉનટન કરીને મોહેલની સામેછે. એ ફુવારામાં સામસન પોહેલવાનને સીંહને મારતો ઉભો રાખ્યોછે, અને તે સીંહનાં મોહોડામાંથી ૮૦) ફીટ ઉચું પાણી ઉડેછે. એનાથી પાંનસો વાર સુધી લંબાઇમાં બીજા ફુવારા હારબંધ મુકેલાછે, અને તેને છેક નાંકે દરીયો આવેલોછે. બીજી બાજુપર પાણીનાં ધોધા પડતા બનાવ્યાછે તે સારૂં સફેદ સંગેમરમરની ઉંચી ઉંચી સીડીઓ કીધીછે, અને તેની ઉપરથી એક પરથી એક ભેચાણમાંથી સીડીઓપર થઇને પાણી પડેછે. તે સીડીઓના આસપાસ બીજી સીડીઓ કરીને ત્યાં પણ તેમજ પાણી પડતું કીધુંછે. તે સીડીઓની વચમે કીઆરા જેવા ફુવારા કરીને તેમાંથી પાણી એવીતો રીતે ઉડેછે કે જાણે કનીરનાં આરકાંઓ કેઆરા ઉપર મુંબઇમાં લાઇટ કરી મુકીએછે તેવો દેખાવ પાણીથી પડતો દેખાતો હતો. એવા ફુવારા હારબંધ ગણત્રી વગરનાંછે. એક બાજુપર પાર્કમાં એક ફુવારો જાણે પીરેમીડ હોય તેમ પાણી ઉડારતો હતો તે સારૂં પાણીની નલીઓનો ઘણો જથો બતાસાનાં પડા રેકો કીધેલો હતો, જેમાંથી પાણી ઉડે તે આબાદ પાણીનો પડો હોય તેમ લાગેછે. એક ફુવારાને ચકર કરી તેનાં છેડાઓપર કુતરો, બતક અને બીજાં જાનવરો મુકેલાં, તે ફુવારો ઉડે ત્યારે અંદરથી બતક બોલતું હોય અને પછી કુતરો ભોંસતો હોય તેવો અવાજ નીકળેછે. બીજી બાજુએ પાણીના ધોધને સીડીઓ કરી તે ઉપર સોનેરી ધોળનાં પતરાં જડી લીધાંછે, તેથી ચળક ઘણી આપેછે અને તેને ગોલ્ડન કાસકેડ (સોનેરી ધોધ) કહેછે. એક બાજુ તદન થાંભળાઓનું વગર છાપરાંનું ઘેર ઉભું કરી તેની વચમાંથી દર થાંભળે થાંભળે ફુવારા ઉડેછે. એ મુજબ આખા પાર્કમાં જગે જગે તરાંહ તરાંહનાં ફુવારા ઉડતા હમોએ જોયા હતા, અને એ ફુવારા લંડનનાં ક્રીસ્ટલ તથા વરશેલેસનાં ફુવારાઓની બરોબરી કરી શકે એવાછે. એ જોઇને પછી ત્યાં "આરટીફીશીઅલ લેક" (બનાવટનો સરોવર) બનાવી તેમાં બે નાંધળા ટાપુ કીધેલાછે, તે જોયાં હતાં. એ ટાપુ ઉપર જવા સારૂં મજેનાં તરાપા ખુરશીઓની બેઠક સુધાં રાખેલા હતા. તે ઉપર માણસ બેસીને દોરડું ખેંચીને કીનારેથી તે ટાપુનાં ઘેરમાં જઇ શકેછે.

એ જોઇને પછી સાંજનાં કલાક ૪-૧૫ મીનીટે આગગાડીમાં ત્યાંથી બેઠા તે પાછા સેંટ પીટર્સબર્ગ કલાક ૫–૨૫ મીનીટે આવી પુગા હતા. એ આખા રસ્તા ઉપર શેલજરોની છુટી છુટી ચોકી રાખેલો હતી; કારણકે શેહેનશાહ આગગાડીમાં પીટર્સબર્ગ આવજાવ કરેછે તેથી આગગાડીમાં કોઇ તેને હરકત કરવા પામે નહીં. છેલ્લા શેહેનશાહની ગાડીને ઉદાડી મુકવા સારૂં બારૂંકપર કોપરે લાઇનનો હેડ ડીનેમાઇટ ભરીને તે ઉદાડી હતી ત્યારપછી તપાસ કરવા સારૂં શેલજરોનો ચોકી લાઇન આગલ રાખેછે. સેંટ પીટર્સબર્ગમાં આવીને પછી ચરચ ઓફ એશેમપશન જોવા ગયા હતા. એ દેવલ બીજાં દેવલોનાં જેવું ભપકાદાર નથી, પણ ત્યાં છેલી તરકી સાથની લડાઇનાં તથા બીજા દેશોની જીતનાં વાવટા રાખેલાછે, તેમાં અંગ્રેજ સાથનો ૧૮૫૪ ની લડાઇમાં અંગ્રેજની (Tiger) ટાઇગર નામની એક બોટ ઓડીસાને કીનારે તોફાણને લીધે ધસડાઇ આવી તેની ઉપર નો વાવટો રશીઅનોએ લીધેલો મુકેલોછે. એ શીવાય બીજો કોઇપણ વાવટો અત્યારસુધી (અંગ્રેજોનો) એ લોકોને સવા-

ધીન થયો નથી એમ કહેછે. હમો એ દેવલ જોવા ગયા ત્યાં તરકીનું એડરીઆનોપલ શેહેર ફરીઆને શરણ થયું તેની કુંચીઓ ઓરવેલોછે. એ હમો જોતા હતા તેટલામાં ત્યાં સાત છોકરાંઓની ક્રીશ્ચીઅનીંગ સેરીમની થતી હતી તે પણ જોઇ હતી, જેમ આપણામાં સુદરો પેહેરાવેછે તેમ ક્રીશ્ચીઅનોમાં તે ક્રોયા કરી બચાંઓનાં નામ પાડેછે. અહીંયાં તેની ક્રીયા જુદી રીતની થાયછે. છોકરાં સઘળાં વરસ દહાડાથી અંદરની ઉમરનાં હોયછે, અને તેઓનાં મા બાપ તેઓને હારબંધ હાથમાં ધરીને ઉભાં રહેછે, તથા પાદરી પાણીનું વાસણ જેને ફોનટ કહેછે તેની સાંમે ઉભો રહી કંઇવાર ભણેછે, બાદ છોકરાંઓને પાખ તેલની પીછીથી ક્રાસની નીશાની છાતી, ખભાં, તથા માથાં ઉપર કરેછે, અને વળી પાછો ભણેછે, પછી તે છોકરાઓને વારાફરતી લઇ કપડાં તદન કાહાડી નાંખીને તેઓનાં ઓહોડાં ઉપર એક હાથ ધોકો બીજા હાથે ઊંધાં ધરીને પેલાં વાસણમાં ૩) વખત તદન ડુબતાં બુડારેછે, અને કાંઇ બોલો બોલેછે. પછી તેની માએનાં હાથમાં તરત તેને નુંછી નાખવા આપેછે, અને જેમ સુદરો પેહેરાવેછે તેમ એક જભો કાંઇ ભણીને પેહેરાવેછે. તે જભાના ગલાં આગલ ક્રાસ લટકાવેલો રાખેછે. પછી બધાંને એમ કરી રહયો કે તેનાં મા બાપોને એકના હાથમાં છોકરૂં અને બીજાના હાથમાં બે મીણબતી આપીને પાદરીની સાથે પેલાં પાણીનાં વાસણની આસપાસ ત્રણ ફેરા ભણતાં ભણતાં ફીરાવેછે કે ક્રીયા પુરી થાયછે. પછી તેઓનાં નામ પાડેલાંની શરટીફીકેટ તેનાં મા બાપને આપેછે.

એ જોઇને પછી પીટર ધી ગ્રેટનું પુતળું જોવા ગયા. એ પુતળું આઇસેક્ષનાં દેવલની સાંમે નાવા નદીની નજદીકમાં ધણાજ મોટા એકજ પથરનાં બલોકપર ઘોડે સ્વાર મુકેલું છે, તે ઘોડો જાણેકે એક પાહાડને નાંકે આવીને એકદમ અચકાયો હોય તેમ બે પગ ઉપર ઉભો કીધોછે; પણ એ બે પાછલા પગ ઉપર ઉભો રાખવાનો બોજો થંભાવવા સારૂં પાછલા પગો તથા પુછડું તદન બટ ધાતુનું બનાવ્યું છે, અને આગલો ભાગ પોકળ રાખેલોછે, તથા ઘોડાનાં પગ હેઠળ એક સાપ દબાતો હોય તેમ પાડીને તેની સાથે પુછડાંને મેળવી નાંખેલું છે. તે સાંપ પણ તદન બટ ધાતુનો કરીને તેને પેલા પથર ઉપર જડી લીધેલોછે. તે સાંપની પુછડીમાં ફકત ૧૦,૦૦૦) રતલ ધાતુ ભરીછે. પુતળાંનું વજન આસરે ૧૬) ટણનું છે, અને પેલો પથર કે જેની ઉપર તે મુકેલું છે તે ૧,૫૦૦) ટણ વજનમાંછે. તેને અહીંથી ચાર મૈલ દુર લાખતા કરીને ફીનીશ ગામડું છે ત્યાંથી ટ્રામવે બાંધી લોખંડનાં દડાઓ ઉપર ગગડાવતા ગગડાવતા લાવ્યા હતા, અને તે ઉપર ૫૦૦) માણસો તથા ઘણાં ઘોડાઓ ૫) અઠવાડીયાં સુધી રોકાયા હતા. તે લાવ્યા ત્યારે ૪૫) ફીટ લાંબો, ૩૦) ફીટ ઊંચો, અને ૨૫) ફીટ પોહોળો હતો, પણ તેને ઘડતાં બે કટકા થઇ જવાથી હાલ તે ૪૩) ફીટ લાંબો, ૧૪) ફીટ ઊંચો, અને ૨૦ ફીટ પોહોળોછે; તથા તેનો ઉપરનાં પુતળાંની ઊંચાઇ ૧૭ા ફીટ છે. એ પુતળું સને ૧૭૮૨ માં કેડેરાઇન બીજીએ ઉભું કરાવ્યું હતું

એ પછી રાતનાં બાઇને સેંટ આઇસેક્ષનાં દેવલમાં આજે આદીતવાર હોવાથી "હીમસ" ગાતા હતા તે સાંભળવા ગયા. એ દેવલ જોકે ઘણું મોટું છે, તોપણ ત્યાં સ્મેટલું તો લોક ઉભેલું હતું કે હમને ચાલવાને જગ્યા પણ મલી ન હતી; ૭) થી ૮) હજાર માણસો આસરે ત્યાં હતું, અને લોકોનો આવજાવ ચાલુજ હતી તે તો જુદી. ગાવાનું આર

ગીત વગર ગાયછે, તોપણ તે એટલું તો મરસ હતું કે જાણે આરગીનનો સાથેજ ગાતા હોય તેવું લાગતું, તથા લાઇટ કીધાથી સઘળું ધાર્યું શોભાદાયક દેખાતું. ક્રાઇસ્ટની તથા તેની મા મેરીની મૂર્ખીઓછે, તેની આગલ આવી લોકો તેની માંગે કેનડલમ્બામાં મીણબતીઓ સલગાવીને મુકતા, તેમજ બીજા સેંટસની મૂર્ખીઓ ઘણીછે, ત્યાં પણ લોકો તેમજ કરતા હતા; તેમાંની પેહેલી બે મૂર્ખીઓ આગલની બતીઓનો તો કાંઇ થાગજ મલે નહીં. તે જગાક બલો કે આગલ ઉભેવા માણસો તેને કાહાડી લેતા, અને દરેક જણ આવે તે જાણે આપણે આતશબેહેરામ મુબ્બડ લઇ જતા હોઇયે તેમ મીણબતીઓ લઇને આવતો, અને ક્રાઇસ્ટની તથા બીજી મૂર્ખીઓની માંગે ગુણ મંડીએ પડી ક્રાઇસની નીશાની કરી મૂર્ખીનાં હાથ તથા પગ ઉપર ચુમી લેતો હતો.

તા૦ ૨૬ મી સપ્ટેમબર ૧૮૮૧— આજે સવારનાં સેંટ એલેકઝાન્ડર નેવસકીની મોનેસ્ટરી જોવા ગયા હતા. એ મોનેસ્ટરી આખા રૂશીઆમાં વખણાયલીછે, અને એનાં દેવલમાં રૂશીઆનો સૌથી વડો પાદરી રહેછે. એનાથી મોસ્કોવાલો પાદરીજ મહડતોછે તથા બીજા બધા બીશપો ઉતરતાછે. એ મોનેસ્ટરી નેવસકી પ્રાશપેકટના એક નાકે આવેલીછે, અને તે ઘણી મોટી જગ્યા ઘેરેછે. તેમાં દેવલો, બરજ, મથાધારી પાદરીઓને રેહેવાનાં ઘરો, તથા ઘોરસ્થાન સઘળું આવેલુંછે. એ જગ્યાપર પીટર બી ગ્રેટે આગલનાં પાદશાહી મ્હાનદાનનો એક પ્રોન્સ એલેકઝાન્ડર કરી હતો, જેણે એજ જગ્યા ઉપર સને ૧૨૪૧ માં સ્વીડનનાં એક મોટાં લશકરને હરાવી રૂશીઆ તેને તાબે થવું અટકાવ્યું હતું, તેને સેંટ (Saint) બનાવીને તેનું મુરદું જે બીજી ગમ દીધેલું હતું, તે અહીંયાં લાવી તેની યાદગારીમાં એ દેવલ સને ૧૭૧૨ માં બાંધ્યું હતું. તે વખતે તદન લાકડાંનું હતું, પણ પાછલથી બીજા શેહેનશાહો તેમાં સુધારો કરતા ગયા, અને હમણાં તે તદન પથરનું બની ગયુંછે. એમાં દેવલ ઉપરાંત મથાધારીઓને રેહેવાની જગ્યા પણ કીધેછે. દેવલ સને ૧૯૯૦ માં બંધાયું હતું. તે ઘણું મોટુંછે, અને તેમાં મૂંગેમરમરનો પથર ઇટલીથી તથા બીજો કીમતી પથર સૈબીરીઆથી લાવીને બાંધ્યુંછે. એ દેવલ અંદરથી ઘણું મણગારેલુંછે. એનાં આલટરની બાહારનો પડદો તથા તેની આસપાસ સેંટસની મૂર્ખી તથા થાંભળાઓ ઉપર વઠીક રૂપાંની નકશીપર સોનાની ગીલીટ ચહડાવેલાં પતરાં જડી લીધેલાંછે, અને આરશીઓમાં મૂર્ખીઓ પર કીમતી જવેરાત જડેલુંછે. સેંટ એલેકઝાન્ડરની ઘોર તદન રૂપાંની ૩,૨૫૦) રતલ ની બનાવેલીછે. તેની આસપાસ વાવટા તથા બીજો શણગાર રૂપાંનો કરેલોછે. તેમાં મોટાં કદનાં ફરેસતાઓ ભુગડું વજનડતા, તથા એ સેંટની જીંદગીનાં અહેવાલની કેટલીએક વીગતો પાડેલીછે. એમની ઘોર પડાનાં આકારની ૧૫) ફીટ ઉચી બાંધેલીછે. એ સઘળું તદન મંગીન રૂપાનું બનાવેલુંછે, અને હમો હતા ત્યારે આજે કાંઇ એ લોકોનો મોટો દીવસ હોવાથી હજારો જણ આવી ઘોર ઉપર ચુમી લેતું તથા બતીઓ ચહડાવતું હતું. ધારાંત દેશથી સને ૧૮૨૯ માં રૂશીઆનાં એક એલચીને તેહેરાનમાં મારી નાંખ્યો હશે તેનાં બદલામાં દંડ દાખલ ઘણીએક કીમતી ચીજો હીંયાં નજર દાખલ મોકલાવી હતી, તેમાં મોતી તથા બીજું જવેરાત હતું તે સઘળું આએ દેવલમાં આપી દીધેલુંછે. તે ઉપરાંત પાદરીની લાકડીઓ ઉપર જવેરાત જડેલુંછે, અને એક લાકડી (Staff)

તો આખ્યા કેરબાની બનાવેલીછે. અહીંયાં બીજું ઞવેગત એટલું તો છે કે જો તે છુટી છુટી જગ્યાએ હોય તો તેની વખાણ થાય પણ એકઠું હોવાથી કોઇ દરકાર કરતું નથી. એ મોનમટરી અથવા મઠને લગતું એક દેવલછે તે તદન સંગેમરમરનુ બાંધેલું છે. ત્યાં રૂશીઆનાં સહુથી મોટાં બાંનદાનનાં ઉમરાવોની પોલટમ અને તેઓપર યાદગારી દાખલ નાખળા ઓરડાઓ કાળા સંગેમરમરનાં પથરનાં બાંધી લીધેલાછે; તેમાંની એક ઘોર ઉપર હમાએ નાધળા વાસણમાં ચોખા ભરેલા જોયા જેની ખબર કાહાડતાં માલમ પડેછે કે જયારે કોઇ ધણી મરણ પામેછે તેને દાટેછે તે વખતે તેના ઘોર ઉપર ચોખા તથા સુકો મેવો મુકેછે, અને વારાફરતી તેમાં ઉમેરયા કરેછે. હવે એ જગ્યાપર તેનાં સગાંવાહાલાં પાછલથી તેને સેજદો કરવાને આવે તેઓને તેની યાદીમાં એમાંથી ચોખા તથા મેવો ખાવાની ફરજછે, તેથી મેવો પેહેલાં આવનારાઓ ખાઇ જાયછે પણ કાચા ચોખા ખાવા નહીં ગમે તેથી તે એકુ દાણો ખાયછે અને બાકીનાં પડી રહેછે. એ દેવલમાં દાટવાની જગ્યા સારૂં ધણી મોટી કીમત આપવી પડેછે, અને એજ લગતું બાહાર ચોકમાં ઘોરસ્થાનછે ત્યાંથી દાટવા સારૂં મોટી રકમો લેકો આપેછે. અહીંયાં આશરે ૫૦) થી ૬૦) પેરાગવાળા પાદરી રહેછે, અને તેઓમાં ધણાખરા મોટા બાંનદાનનાં અને પૈસાવાળાજ હોયછે, જેઓ પોતાની દોલતનો મોટો ભાગ એ મોનેસટરીને આપેછે, તેથી એ ધણીજ પૈસાવાલી ગણાયછે.

એ જોઇને પછી ગામની જગ દુરથી એક નનરી, જયાં પેરાગ લીધેલી ઓરતોનેજ રાખેછે તે જોવા ગયા હતા. અહીંયાં પણ આજે હજારો લોક ભાણવા આવ્યું હતું તેથી હમોથી તે બરાબર જોવાઇ શકાઇ ન હતી. એનું દેવલ પણ ધણું સારૂં શીણગારેલું છે, અને એની અંદરની બંદગીમાં હમોએ પેહેલવેહેલી ઓરતો (નન્સ)ને ગાતાં જોઇ હતી. એ બાઇડીઓ તદન કાળો પોશાક પેહેરેછે, અને ટોપી લાંબી મોટી મુંબદમાં આરમીનીઆનાં પાદરીઓ પેહેરેછે તે જનતની તદન કાળી પેહેરેછે. એ જોઇને એની પાસેથીજ માસ્કોની ભાગળનો દરવાજોછે તે જોવા ગયા, જે ૧૨) થાંભળાઓપર તદન લોખંડનો બનાવેલોછે (થાંભળા છાપરૂં સુધાં). એ દરવાજો પોલંડની છેલી લડાઇ (સને ૧૮૩૦ નાં બલવાની વખતે) જીત્યા તેની યાદગારીમાં સને ૧૮૩૮ માં બંધાવેલોછે. તે જોઇને તેનેથી થોડે દુર એક મોટું ઘોરસ્થાનછે, તે જોવા ગયા હતા, જયાંનાં મીનારા કાંઇ જોવા લાયક નથી. એને લગતા દેવલમાં હમો ગયા ત્યારે મુડદાં દાટવાનો ક્રીયા થતી હતી. હીંયાનાં ધારા મુજબ બપોરનાં બે વાગા પછી મુડદાં લાવે તે બધાંને એ દેવલમાં એકઠાં કરેછે, અને પછી બીજે દીને સવારનાં ૧૧) વાગે તેઓની ભણવાની ક્રીયા કરેછે તે વખતે હારબંધ તેની પેટીઓ લાકડાનાં પાટલાઓ પર મુકેછે. હમો ગયા ત્યારે ૮) મોટાં માણસો તથા ૬) બચાંઓની કોફીનો (માણસોની વચમાં અને બચાંની છુટી બેહુ બાજુપર) મુકેલી હતી, અને તેઓનાં સગાંવાહાલાંથી આખું દેવલ ભરાઇ ગયું હતું, જેઓમાં ધણાં જણાં છુપાં રડતાં હતાં, તેથી દેખાવ ધણો ગંભીર લાગતો હતો. એ મરણને લગતી બંદગી ધણી લાંબી હોવાથી હમો ત્યાં વધતો વાર ઉભા નહીં, પણ ત્યાંનાં ધારા મુજબ બરોબર બપોરનાં પોણા વાગેને બધી કોફીનોનાં ઢાંકણાં ઉઘાડેછે. અને પછી તેમાંનાં મુરદાંને તેનાં સગાંવાહાલાં સઘળાં ચુમી લેછે, અને જે પછી બધાઓને દાટવાને લઇજાયછે, તથા તેઓને ઘરાં

છુટાં દાટેછે; પણ બંદગી તો બધાં માટે એકજ કરેછે.

એ જોઇને નાવા ગેટ કરીને બીજી ભાગળછે તે જોઇ હતી. એ ભાગળ તદન તાંબાનાં પતરાં જડી લઇને બાંધેલીછે, અને તે ફ્રેંચની લડાઇ સને ૧૮૧૨માં જીત્યા તેની યાદગારી રાખવા સારૂં બાંધેલીછે. તે ઉપર મોટાં કદનાં પહેરેદાર પુતળાં મુકેલાંછે, તથા ભાગળનાં મથાળાં ઉપર જીતની ગાડી છ ઘોડાની એજ ધાતુની બનાવીને મુકેલીછે. એ ભાગળ સને ૧૮૩૪ માં બીજા એલેકઝાન્ડરે બંધાવી હતી. એ જોઇને કેરાઇન હાફ પારકમાંથી પસાર થયા હતા, તે જોકે મોટોછે પણ તેમાં જોવા લાયક કાંઇ નથી. અહીંયાં તા૦ ૧ લી મેને દીને પીટર્શબર્ગનું લોક ધણું ફરવા નીકલેછે, અને પાર્કની જગ્યામાં ટોલાં બાઝી ઉજાણી જેવી મેજબાનીઓ કરેછે. મોટા ઉમરાવો તથા પાદશાહો વટીક તેવા દીવસોપર પોતાની ગાડીમાં ફરી જાયછે એવો રવૈયોછે. એનું કારણ એછેજે વસંત ઋતુ તે દીનથી બેસેછે, તેને જાણે શહેરબાર લેવા જતા હોય તેમ ધારેછે (ઇશ્વીસનોની પેહેલી તારીખ તે યુરોપનાં બીજાં દેશોનો તેરમી તારીખ સમજવી; કારણ એમનાં દીવશોની ગણત્રીમાં એટલો ફરક રહેલોછે.) એજ પારકમાં કેરાઇન હોફનો પેલેશ પણ આવેલોછે તે જોવા ગયા હતા. હીંયા થોડુક ફરનીચર તથા ટેપેસ્ત્રી વર્ક સારો જોવા લાયકછે. એ જોઇને પછી નોકોલો મોશકામનું દેવલ જોવા ગયા હતા, જેમાં નવાઇ જેવું એ છેકે એકજ ઇમારતમાં એકની ઉપર એક એમ બે જુદાં દેવલો બાંધેલાંછે. તેમાં આખા અંદરનાં ભાગની દેવાલોપર સોનાની મોટી મોટી આરશીઓ તદન રૂપાંનાં પતરાંનો વગર ગણત્રીનો જડી લીધેલીછે, અને તે દરેકની આગલ એકેકો રૂપાંનો કેનડલાબ્રા મુકેલોછે. એમાં બે આરશી ફ્રાંસ રોકી પાંચ આરશીનો એક કીધેલી તદન સોનાની બનાવીછે, તથા ક્રાઇસ્ટ અને મેરી. આરશીમાં ઘણી મોટી કીમતનાં હીરા તથા પન્ના તથા માણેક તથા મોતી જડી લીધેલાંછે, તેથી જાણે એ દેવલની દેવાલો તથા થાભલાઓ તદન મોનાં અને જવેરાતનાં હોય તેમ લાગતું હતું.

એ જોઇને પછી અતરેનો વખણાયલી ફાઉંડલીંગ હોસ્પીટલ (Foundling Hospital) જોવા ગયા હતા, જ્યાં ગામનાં લોકો જેઓ પોતાનાં જનમેલાં બચાંઓને પાળી શકતા નથી તેઓની તથા છીનાલવાના બચાંવોનો જાલવણીને વાસ્તેની ગોઠવણ કીધેલીછે, અને તે સારૂં વરસ દાહડે દશ લાખ રૂબલનો ખરચ રાખેલોછે. એ જગ્યામાં હમેશાં ૮૦૦) બચાઓ રાખેછે, અને તેટલીજ જગ્યા હોવાથી બાકીનાં વધેછે તેઓને દર ત્રણ અઠવાડીયે બાહાર ગામડાંઓમાં મોકલી ત્યાંનાં ગરીબ લોકોને ત્યાં પરવરસી કરવા પગાર આપીને રાખેછે. દરરોજનાં એવાં ૨૫) છોકરાં નવાં આવવાની સરેરાસછે; અને હમો ત્યાં હતા તે વખતે બે થાગેલા હતા, તેટલામાં તે દીવસનાં ૧૯) છોકરાં નોધાઈ ચુકેલાં હતાં, અને બે છોકરાઓને લઇને એક ઓરત તરતજ આવી હતી. એવાં છોકરાંઓને હમેશાં બારણું આગલ એક ઓરત ઉભી રહેછે તે લઇને એક નાંધળાં પાળણાંમાં મુકેછે, અને જો તે બચાં લાવનારી કાંઇ નામ નીશાન આપેછે તો તે નોધી લેછે, અને ત્રણ અઠવાડીયાંમાં તે છોકરાંને પાછું માગેછે તો આપેછે. એમ કરવાનું કારણ કે ઓરતો જેઓ નાચાર હાલતમાં હોયછે, તેઓ જનમ આપવાની ઇસ્પીતાલમાં બચાંને જનમ આપેછે તેને ઇસ્પીતાલવાલાઓ પોતાનાં માણસ પાસે જો તે ઓરત ધવડાવી નહીં શકે તો અહીં મોકલી દેછે, અને તેની મા સારી થઇને પાછું માગેછે

તો તેને આપેછે; પણ ત્રણ અઠવાડીયાં પછી તે બચ્ચાંને ગામડાંમાં મોકલી દીધા પછી પાછાં આપતા નથી; તેમ જો કોઈ પોતાનાં બચ્ચાંને જરા મોટાં થયલાં અને નામ પાડેલાં મુકી જાયછે તો તેઓને ત્રણ વરસનાં થાય ત્યાં સુધી પાછાં લઈ જવાનો હકછે, પણ ત્યારપછી પાછાં કોઇને આપતા નથી. હવે બચ્ચાં જેવાં આવ્યાં તેને નોધી કપડાં કાઢાડીને તે લાવનાર માણસને કપડાં પાછાં આપી દેછે, અને પછી બચ્ચાંને એક ઓરડામાં લઈ જઇને નહવાડી સારાં ગરમ કપડાં પેહેડાવેછે, તથા બાહાર બીજી દુધવાલી ઓરતો આવીને દરરોજ ધણી જણીઓ ઉભી રહેછે તેમાંથી એકને ૧૦) રૂપલને પગારે ચાકરી રાખી તેને એક બચું સોંપેછે, પણ જ્યારે બચ્ચાં ધણું હોયછે ત્યારે બે બચ્ચાં એક ધવાડનારીને સોંપેછે. તે બચ્ચાંને ધવાડનારી માળા ઉપર લઈ જાયછે, જ્યાં તેને એક સુવાનો કોચ અને બચ્ચાં સારૂં નાધળું પાળણું આપેછે. એ સારૂં ઓરડા ધણું મોટા અને સાફ રાખેલાછે, જ્યાં હમેશા એક એક ઓરત બબે બચ્ચાંને એકજ વખતે ધવાડતી જોઈ હતી. એ બે બચ્ચાંવાલી ઓરતોને ખોરાક વધતો મલવા ઉપરાંત ખીર રોજ આપેછે કે દુધ વધતું આવે. જો બચ્ચાં અધુરે મહીનાનાં (છ અથવા સાતમાં મહીનાનાં) જનમેલાં હોયછે તો તેનાં પાળણાં તાંબાનાં બનાવીને તેની વચમાં બે પરદા હોયછે તેમાં ગરમ પાણી ભરી રાખેછે, અને અંદરથી ધણું ગરમ કપડાં તથા રૂની ગાદીઓ મુકીને તેમાં બરદાશથી રાખેછે, પણ તેમાંથી સેંકડે પચીસ ટકા જીવેછે, અને બીજાં પુરે મહીનાનાં બચ્ચાંઓમાંથી સેંકડે ૨૫) ટકા મરણ પામેછે. તેઓ સારૂં ડાકટર દરરોજ આવેછે. નવાં આવેલાં છોકરાંને બીજેજ દીને મડીએડ મુકેછે, અને ત્રણ અઠવાડીયાં સુધી એ ઘેરમાં રાખી તેની ધવાડનારી સાથે તેણીનાં ગામડામાં મોકલી દેછે, અને તે ધવાડનારીને આસરે હડી રૂપીયાનો પગાર બચ્ચાંની પરવરસી કરવાને આપેછે. પણ ત્યારપછીની માવજત બરાબર થતી નથી, તેથી તેમાંનાં ૫૦) ટકા બચ્ચાં મરણ પામેછે. એ મુજબ મરતાં મરતાં છેલે ઇસ્પીતાલમાં આવેલાં બચ્ચાંઓમાંનાં ભાયેગે ૨૫) ટકા મોટી ઉમરનાં થાયછે. ગામડાંમાં જેમી બચું આજારી પડેછે તેને પાછું અહીંયાં લાવીને દવા કરી સારૂં થાયછે ત્યારે પાછું મોકલાવી આપેછે. ધવાડનારી ઓરતો ઉપરાંત દર ઓરડે બીજી ચાર પાંચ ઓરતો એજ જગ્યામાં ઉધરેલીઓ રાખેછે, જેઓ ઉપરનું કામ જેમકે નહવડાવવું, રમાડવું, લાવલઇજવું વગેરે કરેછે, અને બધી રીતે બીચારાં નાવારેસ બચ્ચાંઓની પોતાનાં માબાપો નહી કરે તેવી રીતે જતન કરેછે. આવી ઇસ્પીટાલથી કરીને હજારો બચ્ચાંનો બચાવ થવા ઉપરાંત લોકો પોતાની એબ છુપાવવા સારૂં બચ્ચાંઓને મારી નાંખી ગુનાહમાં ભરાંતાં બચેછે. એ બચ્ચાંઓ દર શાલ ૮૦૦૦) ને આસરે હોંયા આવેછે, તેમાં ૬૦) ટકા છોનાળાંનાં કહેછે. તે મોટાં થયછે ત્યારે લખવા વાંચવા શીખવા સારૂં તેમને સરકારી નીશાળોમાં મુકેછે, જ્યાંથી ગુજરાણ જોગો કોઇ હુન્નર શીખવી અઢાર વરસનાં થાયાછે ત્યારે બાહાર જવાદેછે. એ મુજબ એ ઇનશટીટયુશનને હસ્તક આસરે અરધાથી પોણું લાખ બચ્ચાંઓ (મોટાં તથા નાધળાં મલીને) રહેછે. એનો ખરચ પુરો પાડવા સારૂં સરકારે રમવાનાં પાનાં બનાવી મોંઘે ભાવે વેચવાનો ઇજારો એ ખાતાવાલાઓને આપેલોછે, જેઓ શીવાય બીજા કોઇથી પાનાં અહીંયા વેચાય નહીં, અથવા બાહાર ગામથી લવાય નહીં, તેથી તેની આવક ધણી મોટી થાયછે. તે ઉપરાંત સરકાર પોતે પણ સારી મદદ

આપેછે, અને ઘરમાતું લોકો પણ નાણાંની રકમો આપીઆ જાયછે, તેથી બધી રીતે એનું કામ વગર અડચણે ચાલેછે. બચાંઓ મરણ પામેછે તેને એક જુદા ઓરડામાં લઇ જઇ તેનું પેત ચીરી તપાસ કરેછે કે શા કારણથી મરણ પામ્યું છે; પછી તેને સાફ કરીને કપડાં પેહેરાવી નાહાની પેટીમાં સુકી રાખેછે, અને બીજે દીને સવારનાં બધાંઓને દાટવાની જગ્યાએ મોકલાવેછે. હમાએ એવાં છ બચાંઓ મરણ પામેલાં સુકેલાં જોયાં હતાં, જે અધુરે મહીને જનમેલાં ઘણુંજ દુબળાં અને આંખ પણ ઉઘાડી નહીં શકે તેવાં હતાં, તેમાં એકુ બે તો સાડા છ માસનાં છોકરાં છોકરી હતાં, જે સોમાંથી એકુ બે ભાયગે જીવેછે, અને તેવાં જીવેલાં બે બચાંઓ હમોને ત્રણ મહીનાંની ઉંમરનાં (જનમ પછીનાં) બતાવ્યાં હતાં જેઓ સારી તનદરોસ્તીમાં હતાં. એ અધુરે મહીનાનાં જેથી ત્રણ બચાંને એક એક પાળણાંમાં રાખેછે અને તેઓને દરરોજ તોલેછે, જેથી તનદરોસ્તીમાંછે કે નહીં તે માલમ પડેછે અ- તના તપાસ પણ અતી- ઘણી લેછે. સાત મહીનાનાં બચાંઓમાંથી ૭૫) ટકા મરણ પાંમેછે એમ કહેછે. અહીંયાં આસરે ૪૦૦) ધવાડનારીઓને રાખેલીછે. રોગીશટ બચાંઓ આવેછે તેને ધવાડતાં નથી કે રખેને ધવાડનારીને તેનું દરદ ઉડે, પણ ગાયનાં દુધપર જેછે. જનવાની ઇસ્પીતાલ તથા દાયનો ધંધો શીખવવાની સ્કુલ પણ એ ફંડમાંથીજ ચલાવેછે. એની ઇમારત ૨૬,૩૨૫) ચોરસવાર જમીન પર ચાર માળની બાંધેલીછે

એ જોઇને પછી એલેકઝાનડર સ્તંભ જોવા ગયા, જે "વીનટર પેલેસ"ની સામે સને ૧૮૩૨ માં શહેનશાહ પેહેલા એલેકઝાનડરની યાદગારી સારૂં ઉભો કીધો હતો. તે એક આખા ગ્રેનાઇટ પથરનો થાંભળો ૮૪) ફીટ ઉંચો, અને તેની ઉપર એક ફરેસ્તો ૧૪) ફીટ ઉંચો છે, જેનાં હાથમાં ૭) ફીટ લાંબો ક્રાસ ગાપેલોછે. એનો પેડેશટલ પણ એકજ પથરનો ૨૫) ફીટ ઉંચો અને તેટલોજ ચોરસછે, તથા આખા મીનારાની તેનાં મથાળાં સુધીની ઉંચાઇ ૧૫૫) ફીટછે. એનો થંભ જે ૮૪) ફીટ ઉંચોછે તે અસલ ૧૦૨) ફીટ હતો, પણ એની જડાઇ જે ૧૪) ફીટ પેરાવાનીછે તે આટલી ઉંચાઇને બસ નહીં પડે તેથી કાપીને ૮૪) ફીટનો કીધો હતો. એની ઉપરનાં ત્રાંબાનાં પુતળાં તથા તરાંહ કામ તરકીબ તોપો ગાળીને બનાવેલાંછે. એ પથરનાં થાંભળાનું વજન ૪૦૦) ટણ કેહેવાયછે, તે તથા પેડેશટલનો ભાર પીટર્સબર્ગની જમીન જે પાણીવાલીછે તે ખમી નહીં શકે, તેથી તેનો પાયો ૬) મોટા એક ઉપર એક પાયા કરીને કીધેલોછે. એ સ્તંભપર "પેહેલા એલેકઝાન્ડરને રશીઆની ઉપકારની યાદગારીનો" કરીને કોતરેલું છે. આજનાં વખતમાં એવા એકજ પથરનો મોટો મીનારો દુનયામાં એજ ગણાયછે.

એ જોઇને નીકોલસનો મીનારો જોવા ગયા, જે સેંટ આઇઝેકશનાં દેવલની નજદીક આવેલોછે. તે પેહેલા નીકોલાસ શેહેનશાહની યાદગારીમાંછે, અને તેનું પુતળું ત્રાંબાનું ઘોડા ઉપર બેસાડેલું છે. તેનાં પેડશટલ ઉપર ચાર બાજુએ તેની ત્રણ છોકરી તથા બદરીનાં મોહોડાંનાં પુતળાં આદમી કદનાં ધરમ, દયા, તથા એવાં ચીતારો બનાવીને મુકેલાંછે, અને તેઓની વચમાં બાજરીલીફમાં નીકોલસની જાણીતી બીનાઓ કોતરેલીછે. એ જોઇને બીજી કેથેડરાઇન શેહેનશાહબાનુનું મોન્યુમેંટ જોવા ગયા. તે નેવીસથી પ્રાસપેકટવાલા મોહોલામાં મુકેલું છે. એ એક મોટા પથરની લાદી ઉપર ઉભું રાખેલું છે, અને તેને સને ૧૮૭૩ માં બોલું મુકવુ

હતું. તે તદ્દન બ્રાનઝનું બનાવેલું છે તથા તેનાં પેડેસ્ટલપર તેને સલાહ આપનાર નવ જણાંનાં પુતળાં મુકેલાંછે. બધું મલીને એ મીનારો ૪૯) ફીટ ઊંચાઇમાંછે. એ શેહનશાહ બાનુએ રૂશીઆને ઘણું સુધારયું હતું, અને ઘણાં ધરમખાતાંઓ તથા સ્કુલો ઉઘાડી હતી, તેથી તેનું નામ રૂશીઆનો ઘણાં વ્યારથી યાદ કરેછે.

એ જોઇને અતરેનું વખણાયલું મેમઠનું મ્યુઝીયમ જોવા ગયા હતા, જેમાં ઘણી જાત જાતનાં મુવેલાં જનવરોને (સ્ટફ) દવા ભરીને રાખેલાંછે, પણ તેમાં સૌથી સરસ તો મેમઠજ કરી હજારો વરસ ઉપર થઇ ગયલાં હાથીની જાતનાં પણ હમણાં જેની નસલ નથી તે જનવરોનાં હાડકાંઓ સૈબીરીઆથી મલેલાં લાવીને મુકેલાંછે તે ઘણું જોવા લાયકછે. એ જનવરો હમણાંનાં તેઓની જાતનાં જનવરોથી અતીઘણું મોટાં કદનાંછે, અને તેઓ ત્રણ ચાર હજાર વરસોની વાતપરે બરફમાં દટાઇ ગયલાં અને ૧૭૯૯ માં મલ્યાં હતાં. તે વખતે તેઓ જાણે તરતનાં મરણ પામેલાં હોય તેવાં બરફમાં આટલાં વરસ રેહેવાથી નીકળ્યાં હતાં, અને તેઓનાં માસનાં વાસથી વરૂઓ તથા કોલાંઓ આવીને ખાતાં હતાં; તેમાંનું મેમઠ એક માછીમારૂંએ પેહેલ વેહેલું બરફમાંથી થોડુંક બાહાર નીકળેલું જોયું હતું, તેણે ખબર આપવાથી તેઆનાં ગવરનરે તેની આસપાસનું બરફ ભંજાવી નાંખી બાહાર કાહાડી અતરે મોકલાવ્યું હતું. એ જે ગંજાવર જનવર હમણાં મલેલુંછે તેને બીજાં ધ્રુતાં હાડકાંઓ મલેછે, તેની સાથે સરખાવતાં તે હાડકાંવાલા જનવરો આગલ એ બચું લાગેછે, તોપણ તેની આગલ એક મોટા હાથીને ઘાસ ભરીને ઉભો રાખ્યોછે તે તેનો આગલ નાંધળો લાગેછે. એ મેમઠ જે હાથીનેજ મલતો આવેછે તે આસરે ૧૩) ફીટ લંબાઇમાંછે, અને પેલા મોટા હાથી કરતાં ૨) ફીટ ઉંચોછે; તેનાં દાંત જે આગલ નીકળેલાછે તે આસરે ૮૧) ફીટ લાંબાછે, તથા તેની ઉપર થોડુંક ચામડું તથા બાલ વલગી રહેલાછે. બાકીનું જનવરો ચામડું બાળ ગયાં હતાં તેમાનું બચેલું થોડું ચામડું પણ ત્યાં મુકેલુંછે. તે ઘણુંજ જાડુંછે. એ ઉપરાંત ગેંડાનું હાડપંજર પણ મોટાં કદનું ત્યાં મુકેલુંછે. જનવરોના સંગ્રહ ઉપરાંત જાત જાતનાં નવાઇનાં જનમોનાં બાળકોને સીસીઓમાં ભરી રાખેલાંછે, જેમાં બે માથાનાં, ચાર પગનાં, એકની ઉપર એક ગરદન ઉપરથી વળગેલાં તથા એક બચાંને આખે દીલે મોટા બાલ આવેલા, એવાં એવાં નવાઇનાં ઘણાં જોવા લાયક હતાં. અમેરીકાનાં ઇનડીયન્સ, તારતારસ, ટેકીટરકોમાન્સ તથા બીજાં ડોકાંઓ સ્પીરીટમાં રાખેલાંછે, તેમાં એક જાતનાં જંગલી માણુસો બચપણથી પોતાનાં માથાંને બે પાટીયાં બાંધી લાંબાં કરેછે, તેઓનાં ડોકાં પણ ઘણાં જોવા લાયકછે, જે જાણે અણીદાર હોય તેવું ઉપરથી ઉપસાવેલું હોયછે. એ ઉપરાંત જાત જાતનો ધાતુઓનો સંગ્રહ પણ મોટોછે, તેમાં મોટીઓ ક્રીક (તારા બડેછે તેનો) પથર આસરે બે ફીટ સમચોરસ સૈબીરીઆથી મલેલો અહીંયાં મુકેલોછે, જેમાં ઘણોખરો ભાગ લોખંડનો ઉપરાંત ઓલીવાઇન (Olivine) નામની ધાતુ પણ તેમાં ભેલાયલીછે, જે મુજબ એવા બીજા પથરોમાંથી એ ધાતુ મલતી નથી. એ પથર સને ૧૭૪૦ ના શાલમાં મલ્યો હતો.

એ સઘળું જોઇને રાતનાં કલાક ૭-૧૫ મીનીટે આગગાડીમાં બેસીને સેંટ પીટર્સબર્ગ છોડયું હતું. એ પીટર્સબર્ગ શેહેરની વસતી આસરે આઠથી દશ લાખ સુધીની કહેછે. તેનાં રસતા મોટા તથા ઇમારત ઘણી સારીછે તે બાબે આ-

ગલ લખી ચુકા છઇયે. એ શેહેરની અસલ જગ્યા પોચી પાણીવાલી હતી; પણ રશીઆના વખણાયલા શહેનશાહ પીટર ધી ગ્રેટને તે પસંદ પડવાથી તેને વસાવવાની ધારણા કરી અને ૧૭૦૩ માં પોતાનાં બીજાં ગામોમાંથી દર શાલ ચાલીસ હજાર નવાં માણસો બોલાવીને બંધાવ્યું તથા વસાવ્યું હતું, અને તે ઉપર પોતે જાતે તકેદારી રાખતો હતો. એનાં રસતા બનાવવા સારૂં ત્યાં જેખી વાહાણો ધ્યા ગાડાંઓ બીજે ગામથી સામન લઇને આવે તેઓને થોડો ભાગ પથરો લાવવાની ફરજ પાડતા હતા. અહીંયાં રસતામાં બબુતરો ઘણાં મલેછે તે બાબે બબર કાહડતાં માલમ પડયું કે એ પંબેરાંને પાબ ગણેછે તેથી મારતા નથી; પણ મુંબઇનાં વાણીઆબોની માફક તેબોને અનાજ નાંબેછે. એ પાબ્છે તેનું કારણ કે દુનયાં જયારે પાણીમાં ગરક ગઈ, ત્યારે નોહાને બબુતરે જમીન દીસવાની બબર પેહેલી આપી હતી, તથા પવીત્ર આત્મા (હોલી ગોહસ્ત) ને પણ એ પંબેરાંનો આકાર આપેછે તેથીછે. એ બબુતરોનાં રૂપાંનાં આકારો કરીને દેવલોમાં પણ ટાંગેછે અને શેહેરમાં તો નહીં પણ ગામડાંબોમાં જો કોઇ અણજાણ્યો ઘણી બબુતરને મારે ધ્યા હેરાંન કરે તો ત્યાંનાં લોકો ચીડાઇને તેને માર મારેછે. હીંયાં બોટો ભરીને લાકડાં આવેછે તે બોટોને પાછી લઇ જવાનું ઘણું ભારી પડવાથી તેબોને ઘણી હલકી રીતે બનાવેછે, અને હીંયાં લાવીને તેને ભાંજી નાંખી તેનાં લાકડાં જે બીમનાં જેવાં હોયછે તે વેચી નાંબેછે. કોઈ કોઈ તો લાકડાંનાં મોટા ઊંડા ૭) ફીટના તરાપા કરીને લાકડાં તેરવી લાવેછે, અને તે અહીંયાં એમનાંએમ વેચેછે. અહીંયાં કોલસાને બદલે લાકડાંનો બપ ઘણોછે અને તે સસતાં પણ પડેછે, આગગાડીમાં તથા બીજાં એનજીનોમાં પણ લાકડાં બાલેછે. અહીંયાંનુ લોક નમનતાઇવાલું તેમજ કદાવર તથા બુબસુરતછે, અને બધાંબોપર તનદોરસ્તીની બક્ષેસ માલમ પડેછે. એ લોકો પોતાનાં ધરમ ઉપર એટલા ચુસતછે કે દેવલોમાં મોટી મોટી રકમોનું જવેરાત તથા સોના રૂપાંકામ ભેટ આપેછે, જેથી તેમાં નહીં મનાય એટલું સોનુ રૂપું એકઠું થયલું આપણે નજરે જોઇયેછે, અને તેથી કરીને અતરેની સરકારને એ કીમતી ધાતુ નહીં મલવાથી કાગજનો ચલણ ઘણો ચલાવેછે. સોનાં તથા રૂપાંનું નાણું મલતું નથી તેથી જો આપણે રૂપાંનો એક રૂબલ લેવા માગ્યે છીએ તો તેની કાગજની નોટ ૧) અને ૪૦) દોકડા ઉપર આપવા પડેછે, એટલી તાણ રૂપાં તથા સોનાની પડેછે; પણ હમણાં જરા ધરવ આવ્યાથી એ કાગજની નોટોનો ભાવ જે અતીઘણો પડી ગયલો હતો (દર રૂબલની કીમત અસલ ૨) શીલીંગ ૯) પેન્સ હતી તેનો છેક ૨) શીલીંગ થઇ ગયો એટલો વીશ્વાસ ઉઠી ગયો હતો) પણ હમણાં પાછો જરા વધીને હાલ ૧) રૂબલની કીમત ૨૯) પેની ગણાયછે. અહીંયાંનાં બોહોલાબોમાં અસલ બીડી પીતા લોકોને પોલીસ અટકાવતી હતી, પણ હમણાં તે પીવાની છુટ આપીછે, તોબી બોહોટા લોકોનાં બેહેલો આગલ તથા લાકડાનાં પુલો પર હજુરબી પીવાની મનાઇછે.

તા૦ ૨૭ મી સપટેમબર ૧૮૮૧— આજે સવારનાં ૧૧) વાગે ગઇ કાલનાં ૭) વાગે સેંટ પીટર્સબર્ગથી નીકળેલા મારકો શેહેરમાં આવી પુગા, અને હોટલ દુશો (Dusaux) માં ઉતારો લીધો હતો. એ પછી અતરેની વખણાયલી જગ્યા ક્રેમલીન કરી છે તે જોવા ગયા, જે એક મોટા કીલાની અંદર નાધણું જેવું શેહેર વસેલુંછે. એ કીલાની દીવાલ હમણાં આસરે ૭,૨૮૦) ફીટ ઘેરાવામાંછે

અને તેમાં જવાનાં ૫) દરવાજા તથા તેની ઉપર લાંબા પડા રોકા મીનારા કીધેલાછે. એ ક્રેમલીનની બાહાર બીજું નાધણું જેવું ગામ વસેલું છે, તેમાં આગલ ચીનાઓ રેહેતા હતા તેથી તેને ચીનઇ શેહેર કહેછે, પણ હમણું ત્યાં એકુ પણ ચીનો દીસતો નથી. એ ગામમાં જેમ વસતી વધતી ગઇ તેમ તેની દીવાલ આગલ વધારતા ગયાથી હમણું ઘણું મોટું થઇ ગયુંછે; પણ માસ્કો શેહેરની વધતી વસતી એ દીવાલ ભરી લીધેલાં ગામની બાહાર ઘણીછે. એ દીવાલની અંદરનાં ગામમાં ઘણીખરી દુકાનો તથા દેવલો આવેલાંછે, અને તેની અંદર બીજી દીવાલ કીલા રોકી ભરીને તેમાં ક્રેમલીન ઘેરી લીધેલું છે. એ છેલી જગ્યામાં પાદશાહનાં મેહેલો તથા તેને લગતાં ૪) મોટાં દેવલો આવેલાંછે, તથા ઘરખાનું પણ તેમાંજછે. હમો નીકોલેશકી ઇયાને નીકોલાસ ગેટને રસતે અંદર ગયા હતા, જેમાં પેસતાં હારબંધ એક ઘણાં મોટા ચોતરાપર એક નાંકેથી બીજા નાંકા સુધી લડાઇઓમાં રશીઅનોએ જીતેલી તોપો ગોઠવેલીછે. એ તોપો બધી મલીને ૮૭૫) છે, તેમાં ફ્રેન્ચની ૩૬૫) (નેપોલીયન જયારે પાછો હઠયો તે વખતે લીધેલી), આસ્ત્રીયાની ૧૮૯), પરશીઆની ૧૨૩), ઇટલીની ૭૦), નીઆપોલીટનની ૪૦), બેવેરીઆની ૩૪), ડચની ૨૨), મેકસનીની ૧૨), સ્પેનની ૮), પોલંડની ૫), અને બાકીની વેસ્ટફેલીઆ, હેનોવર અને વર્ટેમબર્ગની જીતી લીધેલીછે. એ ઉપરાંત રશીઆમાં બનાવેલી તોપો બીજી ગમ મુકેલીછે, તેમાં એક તોપ ૪૦) ટણ વજનની અને ૧૫૮૬ માં બનાવેલીછે. તેનાં ગોળા ઘણાં મોટા આસરે ત્રણ ફીટ પરીઘના અને ૪,૩૨૦) રતલ વજનમાંછે. એ તોપોની હારમાં ઇરાન તથા તરકીથી ભેટ મલેલી ત્યાંની બનાવેલી થોડીએક તોપો ગોઠવેલીછે, ત્યાંથી તેનીજ પાસે મેહેલવાલા ઘેરાવામાં આવેલાં દેવલોમાંનો કેથીડ્રલ ઓફ આસમપશન જોવા ગયા. એને Uspenski Sobor કરીને હીંયાં બોલએછે. એ દેવલમાં રશીઆનાં બધા શેહેનશાહોને તખ્ત ઉપર બેસાડવાની ક્રીયા થાયછે, તથા એમાં અગલનાં રશીઆનાં વડા પાદરીઓ (Patriarchs) ને દટેલાછે. એ દેવલ ઘણું જુનું, અને વારાફરતી ફેરફાર કરયા છતાં તેની અગલની ઢપ હજીસુધી રહેલીછે. એમાં છેલો ફેરફાર સને ૧૭૩૭ માં કીધો હતો. એની અંદર ફ્રેન્ચ લોકોએ માસ્કો લુલ્યું તેની અગાઉ ઘણું ઝવેરાત તથા સોના કામ હતું, અને હમણું પણ એની ઉપરનાં પાંચ ગુંબજો સોનાનાં પતરાનાં જડી લીધેલાંછે. તોપણ અગાઉને વાસતે કહેછે કે ફ્રેંચ લોકોએ આએ દેવલમાંથી ૫) ટણ રૂપું અને ૫) હંડરવેટ સોનું કાહાડી લાધું હતું. એ દેવલ કાંઈ ઘણું મોટું નથી, પણ તેની અંદરની બધી દેવાલો ઉપર સેંટસ તથા ક્રાઇસ્ટ અને તેની માનાં પીકચરો સોનાં રૂપામાં મઢી લીધેલાં ટાંગેલાંછે, તેમાં વરજીન મેરીનું પીકચર જે ઘણું તલેશમાતી ગણાયછે અને જેને સેંટ લ્યુકે પોતે ચીતારેલું કહેછે, તેની ઉપર ઝવેરાતનો કાંઈ થાગજ નથી. એની ઉપર એક મોટું અને આબદાર પાણું જડેલું છે; જેની કીમત એક લાખ રૂપીયાનીછે. તે શીવાય રૂપીયા ૪॥ લાખનું ઝવેરાત તે ઉપર જડેલું છે. એ મખી મીણની બનાવીને રંગેલીછે. એ ઝવેરાતની મખીઓ ઉપરાંત ત્યાં સેંટસની ઘોરો તદન રૂપાંની બનાવેલીછે. સેંટ પીટરની ઘોર (એ ઘણી રશીઆનો પેહેલો પેટરીઆરક થઇ ગયો હતો) માં તેનું મુડદું બોલું રાખેલું છે, જેના કપાલ ઉપર તદન ઝવેરાતનું પાદરીનું તાજ મુકેલું છે. એક

બીજા સેંટ ફીલીપ કરી મેટ્રાપોલીટન વડો પાદરી થઈ ગયોછે, તેની ઘોર પણ તદન રૂપાંનીછે. એ ધણીને વાસ્તે કહેછે કે સને ૧૫૬૯ નાં શાલમાં જોન ધી ટેરીબલ (John the terrible) કરીને એક ક્રૂર રૂશીઅન પાદશાહ એ દેવલમાં ભણવાને આવ્યો ત્યારે આએ પાદરીએ તેનાં ધાટકોપણું વીશે ટીકા કરીને શીખામણ આપી તેથી તેનાં ખુશામતીઆઓએ તે પાદરીને તખ્તા ઉપરથી હેઠળ ખેંચી કાહાડી તેનાં હોદ્ધાનો પોશાક છીનવી લઈ એક મોનકનો પોશાક પેહેરાવી એ દેવલમાંથી સાવરણીનો માર મારતા ઠીવરની મઠમાં લઈ જઇને તેને ત્યાં મારી નાંખ્યો હતો. એથી કરીને તેને પાછલથી સેંટ બનાવ્યો, અને એની ઉપર પણ ઝવેરાત મઢી લીધેલું છે તથા રૂશીઆનાં શેહેનશાહો વ-ઠીક એનાં ખોળાં કપાળ ઉપર ચુમી લેછે; એટલું માન એને હમણાં મલેછે. એલટરનાં પડદાની પાછલ મૈંટ સેનાઈ (Mount senai) નાં પાહાડનો નમુનો તદન સોનાનો બનાવીને મુકેલોછે (એ પાહાડપરથી જુના કરાર પ્રમાણે યાહુદીઓનો પેગમ્બર મોઝીસને પરવરદેગારે પોતે દસ ફરમાણ આપ્યા હતા) તેમાં ૧૯) રતલ સોનું તથા ૧૯) રતલ રૂપું વાપરેલું છે. એમાં (Host) ને રાખી મુકેછે; બીજાં અગતનાં કાગજો પણ તેમાં રાખી મુકેલાંછે. એની આગલ બાજુપરથી એક સોનાનું ૮) રતલ વજનનું બખ્તર ટાંગેલું છે. એ દેવલમાં પીટર ધી ગ્રેટની માએ એક બાઇબિલ મુકેલીછે, તે ૧૦૦) રતલ વજનમાંછે, અને તેને ઊંચકવા બે માણુસો જોઇયે છે; તેનો ઉપર તદન હીરા તથા પન્નાં જડેલાંછે. એ ઉપરાંત અસલની રેલીક્સ અથવા ધધાણીઓને સોનાનાં તથા ઝવેરાતનાં દાબડામાં રાખેલાંછે. તેમાં ક્રાઇસ્ટને મારી નાખેલાં લાકડાંનાં ક્રાસનાં એક બીજું કટકાપર બીજો ક્રાસ કોધેલોછે તે બધું ઝવેરાતથી મઢી લીધેલું છે. ક્રાઇસ્ટને લાલ જભો મસ્કેરી કરવા પાદશાહી પોશાક દાખલ મારવાનો અગાઉ પેહેરાવ્યો હતો, તેનો થોડો ભાગ (ઇરાંનથી લાવેલા કહેછે) જે બીલા ડોકી એને મારી નાંખ્યો હતો તેમાનો એકને સોનાંનાં કેશમાં લટકતો રાખેલોછે, અને તેને ઘણું માનથી સોનાનાં ચીમટાથી ઊંચકીને હ-મોને બતાવ્યો હતો; પણ એ સધળું નહીં માનવા જોગ લાગેછે. સેંટ આનનો હાથ, સેંટ ગરેગરીનું માથું ઇત્યાદી એવું એવું ઘણું અહીંયાં રાખેલું છે, તે સધળાને ખરૂં માની અહીંયાનાં લોકો તેને અતી ઘણું માન આપેછે.

એ જોઇને એની સામે માઇકલનો કેથીડ્રાલ જેને આરખાનજેલસકી શોબોર (Arkhangelski Sobor) કરીને કહેછે તે જોવા ગયા હતા. એ દેવલ સને ૧૫૦૭ માં બાંધ્યું હતું, અને તેને પણ પાછલથી ફેરફાર કરવા કીધું છે. એમાં પીટર ધી ગ્રેટની આગલનાં બધા રૂશીઅન પાદશાહોને દાટેલાછે. તેમાં ૪૫) શાહાજાદા તથા તેઓનાં કુટુંબના આરકાંછે. દરેક કોફીનની ઉપર ધોર કરીને તે ઉપર તેઓની મખીઓ કોતરેલીછે. એમાં જોન ધી ટેરીબલનો છોકરો, જે તેની પછી ગાદી ઉપર બેઠો હતો, તેને તેનાં મામાએ મારી નાંખી પોતે રાજ લઈ લીધું તેની ધોરછે, જેમાં તેને ખુલો મુકેલોછે. તેનાં બદન ઉપર જરી કપડું ધાંકી લઇને તેનું કપાળ ખોલું રાખેલું છે. એ ધણીને સેંટ બનાવી દીધોછે અને તેનાં કપાળ ઉપર લોકો ચુમી લેછે. જ્યારે નેપોલીયને મારકો લીધું ત્યારે એ દેવલમાં વખાર કીધી હતી, અને ત્યાં લોકો વાઇન પીને છાકટા બનતા હતા, તે વખતે એ મુડદાંને તેની રૂપાંની ધોરમાંથી બાહાર કાહાડીને જમીન ઉપર ખોલું નાખી દીધું હતું, તેને એક પાદરીએ છુપાવી નેપોલીયન પાછો ગયો

ત્યારે પાછી બીજી ઘોર બનાવી તેમાં મુકેલું છે. બીજા પાદશાહોની ઘોરો સાદીછે. એ દેવલમાં આગલ ઘણી રૂપાંની ઘોરો હતી, પણ તે સઘળી નેપોલીયન ઉઘેડી લઇ ગયો હતો. એ દેવલમાં સેંટ માઇકલની મુખી ૮) ફીટનીછે, અને તે ઉપર તદન સોનું મઢી લીધેલું છે, તથા બીજા ઘણાં સેંટસની મોટી મોટી મુખી-ઓ તેમજ આલટરનાં થાંભળાઓ ઉપર પણ રૂપું જડી લીધું છે. એક આરસીમાં જોન ધી બાપ્ટીસ્ટ જેને ક્રાઇસ્ટને બેપ-ટીઝમ આપ્યું હતું તેનું લોહીનું ટીપું એક કાચમાં મુકેલું છે, અને તેની આસપાસ હીરાનો તારો કીધેલોછે. એ દેવલને લગતો ભણવાનો સામન ઘણોા કીમતીછે. માઇ-ટરોપર ઘણાં મોટી શાઇઝનાં જેબદાર પાનાંઓ જડેલાંછે. ગોલ્ડપલનો ચોપડી જુનીછે તેને સોનાનાં કેશમાં મુકીને તેપર જવેરાત જડી લીધાંછે. જોન ધીટેરીબલનો આપેલો એક ક્રાસછે તે ઉપર ઘણાં મોટાં કદનાં મોતી જડેલાંછે, અને તે ઉપરનું પાનું એક ઇંચનો ત્રીજો ભાગ જાડુંછે, એનાં એાલટરનાં પડદા ઉપર સોનું જડી લીધું છે તથા આખા એારડામાં એાઇલપેનટીંગસનો તો કાંઇ થાગજ નથી.

એ જોઇને પછી એનનશીએશનનો કેથીડ્રાલ જોને બલેગોવેશચેનશકી શોબોર (Blagovestchenski Sobor) કરીને કહેછે તે જોવા ગયા હતા. એ દેવલમાં શેહેનશાહનાં બ્યાનદાનના પ્રીન્સોને બેપટીઝમ આપવાની તથા લગનની ક્રીયા થાયછે. એ સને ૧૫૪૭ માં બાંધ્યું હતું. એ દેવ-લની અંદરનાં ભાગની જમીન "જાશપર" તથા "એગટ" કરીને ઘણાં કીમતી પથરો જે ઇરાનનાં શાહે ભેટ મોકલ્યાં હતાં તેની બનાવેલીછે. એનાં એાલટરનાં પડદાની બાહાર એક શેનટની ૧૦ થી ૧૨ ફીટની શખી ઉપર એક વેપારીએ ૬૪૮) રતલ રૂપું જડાવી લીધુંછે. એ દેવલ-માં પણ જુની અલામતો જેવું કે ક્રાઇસ્ટનું લોહીનું ટીપું, ક્રાઇસ્ટને બાંધી મારયો તે લાકડી, એને સરકો પાયો તે નીચવવા વાપરેલાં વાદલાંનો કટકો, અને કાંટાનું તાજ પેહેરાવ્યું હતું તેનો થોડોક ભાગ, એવું એવું ઘણું સોનાં તથા રૂપાં અને જવેરાત વગર ગણતરીની કીમતનામા ધાંકી રાખેલું છે, જે લોકોમાં વહેચાઇ ગયલું હોયતો રશીઆની રૈયતને ઘણું સારૂં થાય, પણ આએ પ્રમાણે બંધ હો-વાથી તથા ગરીબો પોતે એકઠું કરવાને બદલે દેવલોમાં સેંટસની આરશીઓ ઉપર રૂપું ચહડાવેછે તેથી ઘણી નકારી હાલતમાં રહેછે.

હમો એ દેવલ જોઇને ત્યાંનો વખ-ણાયલો ઘાંટ (એને Tsar Kolokol ઇયાને ઘાંટોનો પાદશાહ કહેછે) જે આજે દુન્યામાં સૌથી મોટો ગણાયછે, તે જોવા ગયા હતા. મોસ્કોમાં સૌથી પેહેલો મોટો ઘાંટ સને ૧૫૫૩માં બનાવ્યો હતો, તે ૩૬,૦૦૦) રતલ વજનમાં હતો, પણ તે આગ લા-ગાને લીધે રદ થઇ જવાથી પાછો સને ૧૬૫૪ માં બનાવ્યો તે વખતે ૨,૮૮,૦૦૦) રતલ વજનનો કીધો, પણ ત્યારપછી આ છેલ્લો ઘાંટ જુનો ઘાંટ ભાગી જવાથી સને ૧૭૩૩ માં શેહેનશાહબાનુ એનીએ ફરીથી બનાવ્યો હતો. તે વખતે મોસ્કોની એા-રતોએ પોતાની જણસ વટીક તેની ધાતુ-માં વધારો કરવાને નાંખવાથી બરડ (Brittle) થયો હશે, તેથી કોઇનાં કેહેવા મુજબ એનાં હથોડાનાં જોશથી ઇયા કોઇનાં કેહેવા મુજબ એના ઉપર એક ભારવટીયો પડવાથી તેનો એક કટકો ભાગીને જમી-નમાં દટાઇ જવાથી તે રદ પડયો હતો. એ ઘાંટને લાકડાંનો માંચડો કરી ટાંગેલો હતો, તેમાંથી પડીને સને ૧૭૩૭ માં ભાગી પડયો હતો, ત્યારપછી સને ૧૮૩૬ માં એ ઘાંટને સારૂં એક પ્લેટફોર્મ બાં-ધીને તે ઉપર મુકયો હતો તે હજુ પડે-

લોછે. એ ધાંટનુ વજન ૪,૪૪,૦૦૦) ૨-તલછે,. અને એની ઊંચાઇ એનાં મથાળાં પર એક દડા ઉપર ક્રાસછે ત્યાંસુધી ૨૬૧ ફીટછે, તથા એનો ઘેરાવ નજદીક ૬૮) ફીટછે. એની વધતામાં વધતી જડાઇ ૨) ફીટની અને તેનો ભાગી ગયલો કટકો જે ઉભો કરીને મુકેલોછે તે ૭) ફીટ ઊંચો તથા ૧૧) ટણ વજનમાંછે. ધાંટનો પરીધ મથાળેથી બાહારનો ભાગ ૮૩૩ ફીટ અને અંદરથી ૬૩૩ ફીટછે. એ ધાંટ ઉપર શહેનશાહ એલેકશીશ તથા શહેનશાહબાનુ એનીની મુખીઓ પાડેલી છે, અને તે એટલો મોટો છે કે સામે આપણે ઉભા રહીયે તો બન્નાં જેવડા લાગીએ છીએ. એ જગ્યા પરથી માસ્કો શહેરનો રંગભુમી ઘણી સારી દીસેછે, અને જ્યાંથી નજર કરીએ ત્યાં દેવલોનાં મીનારા નજરે પડેછે, જે ઘણુંખરાં સોનેરી ઘોળનાં પતરાંનાં હોવાથી તે ઉપર સુરજની રજાલે કરીને ઘણુંજ ઝળકાટ ભરેલાં માલમ પડેછે. જેઓપર ગીલીટ નથી કીધેલી તેઓપર લીલો રંગ કીધેલો, અને કોઇ કોઇપર બ્લુ જમીન કરીને તે ઉપર સોનેરી તારાઓ જડી લીધા હોયછે. દેવલોનાં મીનારાઓ મુસલમાનની મસજીદ તથા તાબુતોને મલતાં ઘણાં આવેછે, અને દરેક દેવલની ઉપર વચમે એક અને આસપાસ ચાર ગુંબજો હોયછે. એ સઘળામાં હમણાં એક નવું દેવલ બંધાઇને તયયાર થવા આવ્યુંછે, જે સૌથી સરસ લાગેછે. તે તદન સફેદછે અને તેનાં ગુંબજો પર સોનાનું ઝીણું પતરૂં જડી લીધાથી ઘણું ઝળક મારેછે, અને ગુંબજોની આસપાસ ફરતી રેલીંગ ગોળ જડા કટેરાઓનીછે. તે ઉપર પણ સોનેરી પતરાં હોવાથી દેખાવમાં ઘણી સારી ભભક ઉમેરાયછે. માસ્કોમાં જેટલાં મોટાં અને નાહનાં દેવલોછે તેટલાં બીજાં કોઇ હમોએ જોયાં નથી, અને દરેક મોહોલામાં એવાં ઘણાં હોવાથી તથા લોક ધરમ ઉપર ઘણું ચુસત હોવાથી જ્યાં જોઇયે ત્યાં લોકો ક્રાસની નીશાની કરતા માલમ પડેછે.

એ સઘળું જોઇને હમો ઇસપાસથી ઇયાને પાપમાંથી છોડવનારને (એટલે ક્રાઇસ્તના) દરવાજાને રસ્તે બાહાર ગયા હતા. એ "હોલી" ઇયા પાપ દરવાજાને નામે પણ ઓલખાયછે. એ દરવાજાપર કોઇ સેંટની મુખી મુકેલીછે, અને તે દરવાજામાંથી પસાર થતી વખતે દરેક જણને તોપી ઉતારવાની ફરજ પડેછે. શહેનશાહ પોતે પણ હીંયાંથી પસાર થાયછે ત્યારે તોપી ઉતારેછે. જો કોઇ નહીં ઉતારે તો તેને ૫૦) વખત ભોંય ઉપર નાંગસની કરવાની ફરજ પાડેછે. એ સેંટની મુખીને વાસ્તે કહેછે કે આગલ જ્યારે તારતર લોક તથા બીજાઓ રૂશીઆમાં લડાઇ જીતતા ધસી આવતા હતા ત્યારે સ્મોલેન્સ્ક (Smolensk) કરીને ગામછે, જ્યાં એ મુખી આગલ હતી, ત્યાંસુધીજ લુટફાટ કરી કોઇબી કારણ વગર આગલ વધવાને બદલે પાછા ફરતા હતા. એનાથી રૂશીઆનાં બીજા શહેરોનો બચાવ થતો હતો એવું લોકોએ ધારીને એ શહેર જે રૂશીઆનુ પાયતખ્ત શહેર અગાઉ હતું ત્યાં લાવીને દરવાજા ઉપર મુખી મેલીને એટલું બધું માન આપેછે. એ દરવાજાની માંમે એક ગોળ ચોતરોછે, જ્યાં આગલ ગુનેહગારોને મોહોતની સજા કરતા હતા તે વખતે તેઓ એ મુખીની માંમે પોતાની બંદગી કરતા હતા, તથા પીટર બી ગ્રેટનાં હોકમ મુજબ જેઓ દાહાડી બોરાવતા ન હતા તેઓને આએ દરવાજામાંથી પસાર થાયતો દંડ આપવો પડતો હતો. એ જુનું શહેર જેમાં ક્રેમલીન આવેલું છે ત્યાં શહેરને લગતી ઘણી મોટી બજારછે, જ્યાં ત્રણ હજાર દુકાનો કીધેલીછે, અને ત્યાં બધી જાતનો સામન વેચાયછે. તે જોઇને પછી શહેરમાં ફરવા નીકળ્યા હતા. અહીંયાનાં મોહોલાઓ કુશાદેછે

તથા ઘરો પણ સારાં માફકશરનાં મોટાંછે. તો પણ રસતાઓ ઘણીજ ખરાબ હાલતમાં અને રૂશીઆનાં બીજાં ગામો કરતાં પણ નઠારી હાલતમાં રાખેલાંછે. અહીંયાંની વસતી છ લાખ માણસની કેહેવાયછે, અને ઘરો ઘણાંખરાં બેઠાં હોવાથી જગ્યા ઘણી મોટી રોકેછે. હમો એ જોતા જોતા ઇસપેરો હીલ કરીને ટેકડી થોડેક દુરછે ત્યાં ગયા હતા. એ જગ્યા પરથી મોસ્કો શેહેરનો દેખાવ ઘણો સારો દીસેછે, અને નેપોલીયન બોનાપારટે અહીંયાંથી મોસ્કો શેહેર પેહેલું જોઇ તેનાં મીનારાઓપર સોનું તથા રૂપું ઝળકતું પોતાનાં હીમત છોડેલાં લસ્કરને બતાવી તેમને ઉલત આપી હતી કે એ સઘળું તમારૂંછે. એ જગયાપર જવાનો રસતો ઘણોજ ખરાબછે અને ત્યાં કાંઇ જોવા લાએક નથી. હમારા ધારવા પ્રમાણેનો ક્રેમલીન ઉપરથી મોસ્કો શેહેરનો દેખાવ ઘણો સરસ દીશેછે, પણ હમારો ભોમીઓ હમોને બોહોજ કરીને ત્યાં લઈ ગયો હતો, અને અમથા બે તરણ કલાક ત્યાં જતાં ગુમાવ્યા તેથી એ દીવસે બીજું કાંઇ જોવા પામ્યા નહીં.

સાંજનાં અહીયાનું ચા પીવાનું ઘર વખણાયલુંછે તે જોવા ગયા હતા. એ એક જાતનું મોટું રેશ્ટોરનટછે, અને તેમાંજ ચાકરી કરનાર માણસોનાં તેમાં ઘરો કરેલાછે. તેઓ પોતેજ મલીને તેનો વહીવટ ચલાવેછે, તથા જેથી નવો ચાકરી આવે તેને ઘર લેવાની ફરજ પાડેછે, જેથી તેઓ ઘણું ધ્યાન આપીને કામ કરવાથી લોકોને જવાની ઉલત આપેછે. એના માણસોની લીવરી તદન સફેદ પોશાકની હોવાથી ઘણું સોભેછે. હીંયા એક બે મોટી ૬૦૦) નલીઓની આરગીનોછે, જે લોકોની રમુજ સારૂં વજાડેછે, અને ત્યાં દીવાનખાણાઓમાં લોકો બેસીને ચાહે દારૂ પીયેછે તથા ખાણું ખાયછે. એ ઇમારતમાં મથાળે એક મોટું હોટલ પણ કાઢેલુંછે, અને તેપણ સઘળું ચાકર લોકો પોતેજ ચલાવેછે. એ આગલ કોઇ એક ધણીનું હતું, પણ તે પોતાના ચાકરોને ઓછે ભાવે આપી ગયો હતો તેઓ સસતા દર કરીને એ હાલ ચલાવેછે, અને તેનાં શેરોનું પરીમીઅમ બોલાયછે.

તા૦ ૨૮ મી સપટેમબર ૧૮૮૧— આજે સવારનાં અતરેની તીજોરી જોવા ગયા હતા. એ જગ્યા ક્રેમલીનમાં આવેલીછે અને ત્યાં માશકોનાં આગલા પાદશાહોને લગતી ચીજો જમા કરેલીછે, તેમાં ઝવેરાત સઘળું આવ્યાથી તેને ટ્રેઝરી કરી નામ આપ્યુંછે. રૂશીઆનું દેશ યુરોપ તથા એશીઆની વચમાં આવ્યાથી અહીંયાનાં શેહેનશાહોને એક બીજા સાથે આપ લે ઘણી થતી હતી, તેથી કરીને એશીઆખંડનાં ઇરાન તથા તરકી દેશોથી એ લોકો સારૂં ઘણી નવાઇની કીમતી ચીજો ભેટ આવતી હતી, જેથી એ સંગ્રહસ્થાનમાં ઝવેરાત જે રાખેલુંછે તેની બરોબર યુરોપનાં કોઇ પણ દેશમાં હમારા જોવામાં આવ્યું નથી. શેહેનશાહો નવા થાય તેઓ ઘણું બરા પોતાનાં તાજો પણ નવાં બનાવે તેથી હીયા તાજોનો સંગ્રહ ઘણો સારોછે, અને તેમાં કોઈ કોઇની ઉપર તો બેકીમતી ઝવેરાતો જડેલાંછે. તાજોનાં મથાળાંપર માણેક તથા પન્નાં કોઈ કોઈ તો કબુતર કે મરઘીનાં ઇંડાં જેટલાં મોટાંછે, અને મોતી પણ તેમજ મોટાંછે, પણ એ સઘળાં જે મોટાં કદનાંછે તે બરોબર ઘડેલાં નથી, પણ અસલી ઢબપર વગર ઝળકનાંછે, જો એને ઘસે તો હમારા ધારવા મુજબ ઘણાં સારાં નીકલે. ૧૦) તાજો ઝવેરાતનાં મુકેલાંછે તે ઉપરાંત તખ્તોની બુરશી વીસેકછે. તેમાં પોલાંડ શેહેરનું અસલી તખ્ત, કાન્સટાંટીનોપલથી શોકાયા પેલીઓલોગશનું લાવેલું હાથીદાંતનું તખ્ત, તથા ઇરાનથી આવેલું એક તખ્તછે. એ છેલ્લાં

ઉપર ૮૭૬) હીરા અને ૧૨૨૩) માણક ઉપરાંત ગણતરી વગરનાં મોતી અને પીરોજા જડેલાંછે. અને તે સને ૧૬૬૦ માં આવ્યું હતું. એ તખ્તની પાસે પાદશાહો જે દડો (Orb) ધરેછે તે મુકેલાછે. તે ઉપર પણ ઘણાં હીરા તથા માણક મોતીઓ જડેલાંછે. એ બધાં તાજોમાં સૌથી સરસ પીટર ધી ગ્રેટ પોતાની રાણી કેથેરાઇન (જે પાછલથી શહેનશાહબાનું થઈ હતી તેને) સારૂં બનાવ્યું હતું તે છે; તેમાં ૨૫૩૬) હીરા બીલીઆનનાં જડેલાછે, અને તેને મથાળે મરઘીનાં ઇડાં કરતાં મોટું એક માણક મુકેલું છે, જે પીકીન શહેરથી એલેકશીસ શહેનશાહનો એલચી લાવ્યો હતો એમ કહેછે. એ તાજો તથા તખ્તો ઉપરાંત બીજી ઘણી જાતની ઝવેરાતની જડેલી ચીજો જેવાં કે ઘોડાનાં સાજો, હીરા, માણેક, મોતી જડેલાં તે પણ વળી કીમતી હારનીસો, તેમલ ઉપર નાખવાનાં કટકા તદન મોટી તથા હીરા જડેલાનાં, તરેહ તરેહનાં રૂપાનાં વાસણો જે એક મોટા હૉલ ભરીનેછે, ઇરાનનાં શાહે મોકલેલાં કેરબાનાં વાસણો, તલવારો, ગુરજો, ભાળાઓ સઘળું ઝવેરાતનું ઘણું એકઠું કીધેલું છે અને જાણે મોતી, માણક અને પીરોજાનાં પોતાંઓ તો રખડતાં હોય, તેમ તેની બનાવેલી ચીજોનાં ઢગલાને ઢગલા કેશોમાં તથા ઓલાં મુકેલાંછે. એટલું કીમતી ચીજોનું સંગ્રહસ્થાન હમો નહી ધારતા કે કોઇ પણ હોય, અને હમોને અમથા નજર કરીને ચાલી જતાંજ દોહડ કલાક ઉપર થયો હશે. એ ઉપરાંત અસબાની જાત જાતની બંદુકો તથા બખ્તરો ઇત્યાદીનો સંગ્રહ પણ ઘણો સારોછે. સ્લેડજીસ તથા બીજી ગાડીઓ સાથે મુકીછે; તેમાં એક ઘણી મોટીછે, જેમાં ૪૬) ઘોડા જોડીને રાણી એલીઝાબેથ પીટર્સબર્ગથી માસ્કોમાં તખ્તપર બેસવાની ક્રોયા કરાવવા આવી હતી, તે જાણે એક નાંધળો જેવો ઓરડો હોય તેટલી મોટીછે. ઘાટો જુનાં એકડા કીધેલાછે, તેમાં એક ઘાંટ રૂપાનો ૩૧ા ફીટ ઊંચાઇનોછે.

એ સઘળું જોઇને એની પાસેજ પાદશાહનો મહેલ આવેલોછે તે જોવા ગયા હતા. એ મહેલમાં ત્રણ ભાગ જુનાં અને એક ભાગ નવોછે, જેમાં નવો મહેલ ઘણો જોવા લાયકછે. એ મહેલમાં રૂશીઆનાં મોટા મોટા બેતાબો આપવાને જુદા જુદા ઓરડા કીધેલાછે, અને તેની અંદરનાં ફરનીચરનો રંગ જે બેતાબ આપવાનો હોય તેનો પ્રીતનાં રંગનો કીધેલો; જેમકે બેલેકઝાનડર નેવીશકીનો બેતાબનો ઓરડો લાલ રંગનો, સેંટ એનદ્રવાલો બલુ પોટરશીલકનો, સેંટ કેથેરાઇનનો લાલ અને સફેદ ભેળનો ઇત્યાદી એમ રાખેલાછે. એ દીવાનખાના ઘણાં મોટાંછે, તેમાં એક છેડે શહેનશાહને બેસવાનું તખ્તછે, અને દીવાનખાનાઓમાં બેતાબનાં ચાંદોનાં આકારો પાડેલાછે, તથા ગીલીટકામ થાંભળાઓ સુધાં એટલું તો કીધુંછે કે જાણે સોનાનો ઓરડો હોય એમ લાગેછે. એ ઉપરાંત બીજા શહેનશાહો તથા તેઓનાં પરોણાંઓને વાપરવાનાં ઓરડા પણ ઘણાં સરસ સણગારેલાછે. એક ઓરડામાં ફરનીચર સઘળું રૂપાનું તેમાં આરશીઓ, ખુરશીઓ, ટેબલો સઘળું એજ ધાતુનું બનાવેલું છે. એને રીસેપશન રૂમ કરીને કહેછે. એક ગમ પીકચર ગેલેરીછે, ત્યાં બધા પાદશાહ તથા શહેનશાહોની મુખીઓ મુકેલીછે. એ નવો મહેલ સને ૧૮૩૮—૪૯ સુધીમાં બંધાયો હતો. એનો બાહારનો દેખાવ જુનાં મહેલની આગલ ઘણો સારો લાગેછે. એ મહેલમાંથી જુનાં મહેલમાં જવાયછે તે ઘણો ખરો મહેરાબવાળા ગુંબજરોકા ઓરડાનો બાંધેલોછે, અને તેની બાંધણી પથરની તથા તે ઉપર ઘાલ કીધેલાછે, તેમાં

ધાતુનાં ગીધ પક્ષીઓ નાહાનાં નાહનાં વગર ગણતરીનાં જડી લીધાછે. એમાં આગલ શેહેનશાહોને તખ્ત ઉપર બેસવાની કીયા થયા પછી તરતજ લેવી ભરતા હતા; પણ હમણાં એ દીવસોપર ખાણું થાયછે. એ મહેલમાં સેંટ જયોર્જનેા એતાબ આપવાનેા હૉલ આવેલાછે, તેની દેવાલ ઉપર જે લોકોને એ એતાબ મલ્યેાછે તેઓનાં નામ પથરમાં કેાતરેલાંછે, તથા એ એતાબ બસકરી હેાવાથી આખી રીજમીટ ને પણ એ એતાબ આપેછે; તેવી રીજમીટોનાં નંબર તથા નીશાંનીની વીગત ઉપલાં છુટાં છુટાં ધણીઓનાં નામોની વચમાં મુકેલીછે. એ હૉલ ૨૦૦) ફીટ લાંબેા, ૬૮) ફીટ પેહેાળેા, અને ૫૮) ફીટ ઉંચેાછે. તે સઘળેા નામેાથી ભરાઇ ગયલેાછે. એનાં ફરનીચરનેા રંગ કાળેા અને પીલેાછે. એ હૉલમાં લાઇટ કરેછે ત્યારે ૪,૨૦૦) મીણબતીઓ બળેછે.

એ સઘળું જોઇને પછી કેથીડ્રલ ઓફ બેશીલ જોવા ગયા હતા, જે કુમલીનનાં ગેટની બાહાર આવેલું છે. એ દેવલ બેસીલ કરીને એક ધણી જે ધર્મમાં ધણેાજ જનુની હતેા, અને અગમચેતી તથા ચમતકાર બતાવવાનેા દાવેા કરતેા હતેા તેને સારૂં બાંધેલું છે, અને તેમાં તેને દાટેલેાછે. એ ધણીને વાસતે અહીંયાંનાં પાદરીઓ કહેછે કે ક્રાઇસ્ટને ખાતર તે બેઅકલી બન્યેા હતેા તેથી તેને સેંટ બનાવી મજેનું દેવલ બાંધેલું છે. એ દેવલનાં ૧૧)મીનારાછે, અને દરેક મીનારાની હેાળ એક દરૂંછે, તેથી ૧૧) દેવલેાનું એક દેવલ હેાય તેમ લાગેછે. એ દરેક દેરામાં દરેક સેંટ જેને તે અરપણ કરેલેા હેાય તેની જીંદગીનાં ચીત્રો ઉતારેલાંછે, અને તેને ગુંબજને મથાળે તેની તસ્વીર અંદરથી પાડેલીછે; તેમાં સૌથી મોટેા ગુંબજ વચેાવચમાં વરજીન મરીયેાછે. એ દેવલમાં તે દરૂં વચમાં બાંધીને તેની આસપાસ આડકટરાં દેરાં ફરતાં બાંધેલાંછે. એ દેવલનાં બાંધનારને વાસતે કહેછે કે જોન ધી ટેરીબલ શેહેનશાહે બાંધ્યા પછી તેને તેડીને પુછ્યું કે હું એનાં જેવું બીજું દેવલ બંધાઉં તેા તું બાંધી શકશે? તેને હા કેહેવાથી એ શેહેનશાહે તેની આંખેા કહડાવી નાંખી કે ફરીથી એનાં જેવું દેવલ બીજું કેાઇ બંધાવે નહીં.

એ જોઇને પછી ત્યાંથી તરતજ આગગાડીપર ગયા અને તેમાં બેસીને ૧)વાગે બપેારનાં માસ્કેા શેહેર છેાડયું. માસ્કેા શેહેર અગલ રશીઆ દેશનું પાયતખ્ત હતું, અને સેંટ પીટર્સબર્ગ બંધાયા પછી તેને પાયતખ્ત કીધું છે; તેાપી હીંયાંનાં દેવલેા જે ધણાં જુનાંછે તેને તથા એ જુનાં પાયતખ્ત શેહેરને એટલું માનછે કે રશીઆનાં બધા થતા શેહેનશાહોને હીંયાંજ તખ્તનશીન કરેછે. એ શેહેરની ઇમારતેા ધણી છુટી છુટી બાંધવાથી તે હમણાં ૨૫) મેલ ઘેરાવામાં કેહેવાયછે, તેમાં દેવલેા ૩૪૫) છે, તેનાં રંગીન તથા સેાનેરી ગીલીટના મીનારાઓથી એનેા દેખાવ દુરથી ઘણેા ભપકાભરેલેા લાગેછે. એ શેહેરનેા વેપાર પણ સારેાછે. એમા ૫૫૦) જુદી જુદી જાતનાં નાહાનાં મેાહેાટાં કારખાનાંછે, જેમાં નજદીક ૪૦૦૦૦) માણસેા કામે લાગેછે, અને વરસ દાહડે તેમાં સાત કેાડ રૂપીયાનેા માલ બનેછે. કારખાનામાં રૂ કાંતવા તથા વણવાનાં ૯૩), ઉનનાં કાપડ બનાવવાનાં ૪૩), રૂ તથા ઉન બેલસેલનાં કારખાનાં ૪૬), રંગવાનાં તથા રેશમનાં ૨૯), ઇત્યાદી એવાં એવાછે. એ શેહેરમાં યુરોપનાં બીજાં શેહેરેાની માફક મેાહેાલાઓ સીધા નથી, પણ ધણું આડકટરા તથા વાંકડા હેાવાથી એમાં જયારેખી આગ લાગેછે (અને તે ધણી વખત બનેછે) ત્યારે મેાહેાલાઓનાં મેાહેાલા બલી જાયછે. હમા જે દીને અહીંયાં આવ્યા તે દીવસે રાત-

નાં ક્રેમલીનમાં એક મોહોલામાં આગ લાગવાથી ઘેરાની એક આખી હાર બલી ગઇ હતી. એ બાબદમાં તે અસલથીજ કમનસીબછે, અને સને ૧૫૩૬ માં એક મોટી આગે નજદીક આખું ગામ બાલી નાંખ્યું તથા ૨૦૦૦) માણસો બલી મુવાં હતાં. સને ૧૫૭૨ માં જયારે તારતારી દેશનાં લોકોએ એ ગામ લુટ્યું, ત્યારે પણ ત્યાં આગ લગાડવાથી એક લાખ આદમી બળ્યું, તથા તલવારથી કપાઈ ગયું હતું. સને ૧૬૧૧ માં પોલ્સ લોકોએ એ ગામ લીધું ત્યારે પણ તેને બાળી નાંખ્યું હતું. એ પ્રમાણેની છેક છેલી મોટી આગ નેપોલીયન બોનાપારટે લીધું ત્યારે લગાડી હતી, જેમાં આખું ગામ નજદીક બાળી નાખ્યું હતું, તે વખત પછી હમણાંનું નવું ગામ જેવું અસલ હતું તેવુંજ બાંધ્યુ. એની વસતી હાલ છ લાખ માણસોની કહેછે.

તા૦ ૨૯ મી સપટેમબર ૧૮૮૧— આજનો આખો દીવસ આગગાડીમાં ગયો હતો. સાંજનાં છ વાગેને કીફ (Kief) કરીને ગામછે ત્યાં ગાડી દોહડ કલાક થોભવાથી હમો તે ગામમાં ફરી આવ્યા હતા. એ ગામ ઘણું પુરાનું અને રશીઆમાં ઘણું પવીત્ર ગણાયછે. એ શેહેર રશીઆનાં આગલા પાદશાહોનું મોસકોની પણ અગાઉ પાયતખ્ત હોવાથી તે વખતે ઘણું મોટું ગણાતું હતું; પણ હમણું આગલનાં જેવું મોટું નથી અને તેમાં વારાફરતી આગલાગવાથી અસલી ઇમારતો પણ રહી નથી. એનાં મોહોલાઓ જોકે પોહોળાછે, પણ પાકા બીધેલા નથી. એમાંની ઇમારતો કોઈ કોઈ સારીછે પણ મોટો ભાગ બધા એકાદ માળાનીછે. એનાં રસતા જાણે મરખા બનાવ્યા હોય, તેમ એક મોટા રસતામાંથી હારબંધ બીજા આડા રસતા ફાતેછે, અને તેમાં હારબંધ ઘરોથી સારા લાગેછે. એ શેહેરનો વસતી આસરે એક લાખ માણસનીછે. એ જોઇને પાછા રાતનાં ૭॥ વાગે નીકળ્યા હતા. એ બીજી આગગાડીમાં હમો બેઠા તે જુદી કંપનીની હતી. એના પેહેલા કલાશમાં હારબંધ આડી ખુરશીઓ એક હારમાં ચારને હસાબે ત્રણ હાર (બે બાજુપર અને એક વચમો) બીધેલાછે, તે ખુરસીઓના ગમે ત્યારે કોચખી થાયછે, તે ઉપર મખમલ જડેલીછે અને તકીયો પણ તેને જડેલોછે તેથી સગવડ સારીછે, પણ ઓરતો તથા બીજા લોકો સાથે હોવાથી બીજી સુવાની ગાડીઓની માફક મલાહજો રેહેતો નથી. અહીંયાંની ઓરતો વટીક બીડીઓ પીયેછે. તેઓની તેમજ મરદોની બીડીનો ધુમાડો ગાડીની કાચની બારીઓ બંધ હોવાથી આપણને હેરાન કરેછે.

તા૦ ૩૦ મી સપટેમબર ૧૮૮૧— આજે સવારનાં ૧૨) વાગે ઓડેશા આવી પોહોંચી હોટલ ડી યુરોપમાં ઉતારો લીધો, અને સાંજ સુધીમાં એ શેહેરમાં ફરી આવ્યા હતા. એ શેહેર મોટું અને તેની વસતી આસરે બે લાખ માણસનીછે. એનાં રસતા આખા રશીઅન મુલકમાં મશહુરછે. તે નાધણી લાદીનાં બાંધેલાછે, તેથી બીજાં શેહેરોની માફક ગાડીમાં આંચકા આવતા નથી. એ શેહેર કાળા સમુદ્રને કાંઠે આવેલું હોવાથી એનો વેપાર ઘણો મોટોછે, તેમાં અંગ્રેજો સાથે ઘણો વેપાર હોવાથી અહીંયાં તેઓની વસતી પણ સારીછે. એ બંદર ઉપર દરશાલ ૧૫૦૦) વાહાણોની આવજાવછે, તેમાં પાંચમો ભાગ અંગ્રેજી વહાણોનોછે. વેપારમાં હમારા જોવા પ્રમણે લોખંડ તથા અનાજનો મોટો ભાગછે. અહીંયાંથી ઘણું દરશાલ સારા સતર ક્રોડ રૂપીયાનો બીજા દેશોમાં જાયછે, તથા ઉનનો વેપાર પણ સાડા ત્રણ ક્રોડનોછે. એનાં દરીયે કીનારેનાં તથા ગામનાં અંદરનાં રસતાઓપર બાજુએ ઝાડો રોપેલાંછે, તેથી

ધણું સોંઘું છે. હમો કોનસ્ટાનટીનોપલ જવાનાં છઇયે, તેથી આ ગામમાં રેહેવાની ફરજ પડીછે, કેમકે અહીંથી દોહોડ દીવસે સ્ટીમરમાં જઇ પોહોંચાયછે. હમો આવતી કાલે રૂશીઆનું છેલું ગામ છોડીશું, તેથી થોડીક બાબત રૂશીઆ માટે બચ્યે છીયે. રૂશીઆ વીશે જે હમોએ પેહેલાં સાંભળ્યું હતું કે અહીં ઘણો જુલમછે, તથા બાહારનાં લોકોની પાછલ જાસુસો રાખી તેમને સતાવેછે તેવું કસું જોયું નહીં. અહીંનાં લોકો યુરોપનાં બીજાં દેશોનાં લોકો જેવાં ઘણું સત્કારપુર્વક અને મીલનસારછે. પ્રદેશનાં અબ્બખારો આવવા દેતા નથી એમ કહેછે પણ ટાઇમ્સ તથા બીજાં અંગ્રેજી તથા યુરોપનાં અબ્બખારો હમો જ્યાં ગયા ત્યાં જોયાં હતાં. અહીંયાંનું લોક રાજનીતીથી સુખી માલમ પડેછે, તેઓપર કશી રીતનો જુલમ નથી ; ફકત "નાહીલીશટ" લોકો શેહેનશાહને તથા તેનાં ખાનદાનને છુપી રીતે મારી નાંખેછે, તેમની તપાસ સારૂં વધતી જોશતેજોઈ રાખેછે, તે શીવાય બધી રીતની છુટ યુરોપનાં બીજાં દેશોની બરોબર અહીંછે. રૂશીઆને હસ્તક જમીન (સને ૧૮૭૫ નાં શાલમાં મરેસની ગાઇડ મુજબ)૮૨૮૮૩૦૨) ચોરસ મૈલ તથા તેની વસતી ૮) કરોડ ઉપરનીછે. એનું લસ્કર સમાધાનીની વખતે સાત લાખ અને લડાઇનો વખતે તેર લાખ માણસનું થાયછે. અહીં રૈયતમાંનો દરેક મરદ ૨૦) વરસની ઉંમરનો થાયછે કે ત્રણ વરસ લસ્કરમાં ચાકરી રેહેવું પડેછે, તેથી બધું લોક લડાયક હોય તેવી કેળવણી લેછે. એનાં દરીયાઇ કાફલામાં ૨૯) લોખંડની મનવારો અને ૧૮૨) સ્ટીમરોછે, જેમાં બધી મલી ૧૧૦૨) તોપોછે. એનાં રાજની આવક સને ૧૮૭૫ નો મહેસુલ તારવણી મુજબ ૭૭) ક્રોડ રૂપીયા અને ખરચ ૭૬) ક્રોડ રૂપીયછે, તેમાંથી ૫) ભો ભાગ તેનાં કરજનાં વ્યાજ દાખલ જાયછે. શેહેનશાહના પોતાનાં ખરચનો એક કરોડ રૂપીયા અને દેવલોપર પણ એટલોજ ખરચ રાખેલોછે. ઘઉ તથા બીજો અનાજ, સણ, ચરબી અને બીજી ચીજોનો વેપાર બહોલોછે, તેમાં નીકાસ દર શાલ એક અબજ રૂપીયાનો અને આવકનો વેપાર અરધો અબજ રૂપીયાનોછે. એની જમીનનો જોકે ઘણો બેહોલો વીસ્તારછે પણ તે ઉપર વસતી ઘણીજ થોડીછે. હમો એ દેશમાં ફરયા ત્યાં મોટો ભાગ વેરાન અને વસતી વગરનો પડેલો જોયો. ઓડેસામાં ગાડીમાં ઘોડા જોડેછે, તેમાં એક ઘોડો ધારા પ્રમાણે પુલની અંદર રહેછે પણ બીજા ઘોડાને નાધણું ચોકકું કરીને છુટો જોડેછે, જે પેલા ઘોડાની બાજુપર ચાલેછે. ગાડાંમાં લાકડાં ભર્યા જવાને માટે મુંબઈના માફક એકદમ ભરે કે ગાડું ઉકલાઈ જાય તેમ કરતા નથી; પણ બે પૈડાંની વચમાં એક લાકડું રાખીને તેવાંજ બીજાં બે પૈડાંનું લાકડું પાછલથી મુકેછે, અને જેટલું લાકડું તે ભારું હોયછે તેટલું દુર રાખી તેની સાથે બાંધો ભર્યા તે જાણે લાકડાંની ગાડીને ચાર પૈડાં હોય તેમ કરેછે, તેથી ગાડું ઉકલાઈ જવાની ધાસતી રેહેતી નથી. ઓડેસામાં ગાડાંમાં બલ જોડેછે તે શીવાય યુરોપનાં ઘણાંખરાં બીજાં બધાં શેહેરોમાં ઘોડા જોડેછે. રૂશીઆન લોક કદાવર અને તંદરોસ્ત, તથા યુરોપનાં બીજાં લોક કરતાં જોરાવર લાગેછે. એ દેશમાં રસતાઓ બીજાં દેશોનાં કરતાં ઘણાં પોહોળા રાખેછે, પણ ઓડેસા શીવાય બીજાં બધાં શેહેરોનાં રસતા ખરાબ અને નજીસ હાલતમાં દીસતા હતા.

તા૦ ૧ લી અકટોબર ૧૮૮૧— આજે સવારનાં ૮) વાગે ફ્રેંચ સ્ટીમર "ગેમબેટ્ટા" મીસાઝરી મારેટીમ વાલીમાં બેસીને ઓડેસા છોડયું અને કાળા સમુદ્ર-

માં પેઠા હતા. આખો દીવસ દરીયો મજેનો થંભ હતો.

તા૦ ૨ જી અકટોબર ૧૮૮૧— આજે મવારનાં ૧૨) વાગે બોસફરસની ખાડીમાંથી પસાર થયા. એનાં મુખમાં ઘણાંક વાહણોને સ્ટીમરો પાગર (એક સ્ટીમર બે વાંહાણોને)બાંધીને ત્યાંથી કાળા સમુદ્રમાં મુકવા જતી, તથા વાહણો પણ તરતનાં પસાર થયલાં ઘણાં દીસતાં હતાં. હમો એ મુખ જે ઘણું સાંકડુછે તેમાં પેઠા કે હમારી સ્ટીમર ઉભી રાખીને તેનાં ડાકટરે કીનારે જઇને તરકીના બોધિદારોની ખાતરી કરી આપી કે રોગ કાંઈ નથી, ત્યાર પછી સ્ટીમર હંકારી હતી. મુખમાં બેહુ બાજુપર છુટા છુટા કીલા બાંધિલાછે, અને તે ઉપરની તોપોવતે દુશ-મનોનાં કોઇ પણ વાહણોને કોનશટનટી-નોપલમાં જતાં દયા ત્યાંથી બાહાર નીકળતાં અટકાવાય એવુંછે. એ કીલા મુકયા પછી આસપાસ બેહુ કીનારે ગામની વસતી મલવા લાગી, અને ત્યાંથી તે કીનારે ઉતરયા ત્યાં સુધી એક કલાક લાગેા, તે બધેા ભાગ આસપાસ મોટા મોટા મહેલેા તથા બેરેા તથા તેઓની પાછલ કુંગરેાનાં દેખાવથી એવુંતેા સરસ લાગતું હતું કે તેવી રંગભુમી (રાહીન નદીપરની થોડી ઘણી મલતી આવેછે તે શીવાય) બીજી કોઇ હમોએ દીઠી નથી. એ બોસફરસની ખાડી દોડતા સાંપનાં જેવી વાંકીટીકીછે, અને તેની બે બાજુનાં કીનારાપર જમણ હાથપર (અંદર જતાં) યુરોપખંડ અને ડાવા હાથપર એશીઆખંડ આવેલેાછે. હમો ખાડીને સાપરેાકી કહી તેનું કારણકે એક બાજુપર જમીન પાણીમાં નીકલી આવેલી હોય તેા તેની સામે કીનારાની બાજુપર ખાડીનેા ખાંચેા હોયછે. એ ખાંચા વાલી જગ્યા મુકી કે તેના પાસે બાહાર નીકલેલી જમીન (Promontory)આવેછે, અને તેની સામે ખાચેા પડી ફરી ખાડી હોયછે. એ મુજબ વારાફરતી જમીનનું કોણું અને ખાડી છેક કોનસ્ટાનટીનોપલ પુગ્યે ત્યાંસુધી બેહુ બાજુઓપર મલેછે, અને તેપર ગામડાંઓ આવેલાં હોવાથી ઘણું સરસ લાગેછે.

એ પ્રમાણે જોતા જોતા ગોલ્ડન હાર્ન કરીને કોન્સ્ટાનટીનોપલનું બારૂંછે ત્યાં બે વાગે આવ્યા, જ્યાં હમારી સ્ટીમરે લંગર કીધું. એ શહેર અરધા ચાંદ રોકું બંધાય-લું છે, તેથી દેખાવ ભપકાદાર લાગતેા હતેા. એ બારામાં ઘણાક અંગ્રેજી તથા બીજી તોપીનાં વહાણેા તથા સ્ટીમરેા પડેલી હતી, અને બોટેાની દોડા દોડ હતી, જેમાં તરકીશ મરદેા તથા બોરતેા બેઠેલી એક કીનારેથી બીજે કીનારે જાય, એ સઘળું ઘણું ધામધુમ જેવું અને સારૂં લાગતું હતું. એક ચીજ હમોએ બરાબ જોઇ તે એકે ગામનેા કચરેા બોટામાં ભરીને કી-નારાથી ૨૦૦) વારને છેટે જઇને બારા-માંજ નાંખેછે જેથી અલબતાં પાણી ઘણુંજ બરાબ થવું જોઇયે. હમો કીનારે બોટામાં બેસીને ઉતરયા કે સઘળું ફેરવાઇ ગયું. જે દુરથી ભપકેા લાગતેા હતેા તેને બદલે ઉતરવાની જગ્યા ઘણી કઢંગી અને આસપાસનાં બેરેા ઘણાં નાધળાં તથા બધે કચરેા પડેલેા દીસતેા હતેા. ત્યાં ગાડીઓ તેા આવી શકેજ નહીં તેવું હતું. હમો એક ઘણીજ નાધલી અને ગલીચ ગલી પસાર કરીને બીજા મેાટા રસ્તા ઉપર નીકલ્યા, જ્યાંથી ગાડીમાં બેસીને રોયલ હોટલ જે"પીરા" કરીને યુરોપીયન લોકોનેા વાસેાછે ત્યાં આવેલું છે, તેમાં ઉતારેા લીધેા હતેા. જે રસ્તેા હમોએ પસાર કીધેા તે બોસ્ફેારના રસ્તા કરતાં બરાબ તથા બાડા બબેાચીઆંવાલેા હે-વાથી ગાડીઓમાં આચકાનેા તેા કાંઇ થા-ગજ નહી.

હમો સાંજનાં અતરેનાં પોકાર મારતા દરવેશેા (Howling Dervishes)

બંદગી કરેછે તે જોવા ગયા. તે જગ્યામા જવા સારૂં ગાડીઓ જાય તેવા રસ્તો નહી હોવાથી પગે ચાલીને જવું પડયું હતું. એ રસ્તો ઘણોજ ખરાબ અને પગે ચાલવાની પણ અડચણ પડી હતી; કારણ કે પથરા ઘણાં બાહાર નીકલી આવેલા ઉપરાંત રસ્તાનાં ઢોળાવો ઘણાં મોટા તથા ગલીઓ ઘણીજ સાંકડી હતી, અને રસ્તામાં જયાં ચાલીએ ત્યાં કુતરાં પગે પગ અથડતાં હતાં. હમો એક ગલી જયાં એ દરવેશોની જગ્યાછે ત્યાં ગયા, અને ઘેરની અંદરનો એક ગેલરી ઉપર જઇને જોઇએ છીએ તો ઘણાં જણાં દવાલોને અડીંગીને ઉભેલાછે, અને થોડા જણાં જમીન ઉપર બેસીને ગાયન જેવું બોલેછે, તેમાં સાદ પ્રમાણે પોતાનું આંગ હીલવીને પગ અફાડેછે, અને વારા ફરતી તેઓમાંથી હું! હું! કરીને પોકાર નીકલતો હતો. એ લોકો એક જાતનાં દરવેશોછે, જેઓ આએ માફક ખુમો પાડીને બંદગી કરેછે. એ મુજબ કેટલોએક વાર કીધા પછી બધાઓ ગોળ ફરેછે, અને પાછા પોકારો મારીને ગાયન રોકાં ભણવાને વખત (Time) આપેછે. તેમાં કોઈ કોઇતો ઉસકેરાઈ જાઈ ખુનવા તથા ગુઠણ મંડીયે પડીને કુદતા કુદતા આગલ વધી જાયછે. તેઓને બે માણસો પકડીને થંડા પાડેછે. પછી એક દરવેશ વચમાં આવી ગાયન બરાબર નાંચ્યો હતો; તેની પછી બીજા દરવેશો એક બીજાની બાંધ ઉપર હાથ મુકી આમનસામન બે ભાગ થઈ નાંચતા નાંચતા આવીને એક એક સાથે ઘણાં જોરથી અહડતા હતા, અને કોઈ કોઇને સજડ વાગતું પણ હતું તથા તેઓમાંનાં એકું બે જણ ફીકરૂ ચઢી બેસુધ થઈ ગયા હતા. હું! હું! કરીને જે એ લોકો અવાજ કાહાડેછે તે મુસલમાનનાં ધરમ મુજબ પરવરદેગારનાં ૯૯ નામોછે, તેમાં "હુંઉ" કરીને છલું નામ આવેછે, જેને એ લોકો ઘણું તસેશમાતી ગણીને પોકારેછે. તેથીજ તે લોકોને Howling Dervishes નું નામ યુરોપયનોએ આપેલું છે. એ લોકો બનેછે તેમાં જેમ બીજા મુસલમાનો "લાઇલા-ઇલ-અલ્લા" કરીને બોલેછે તેમ એ દરવેશો બોલતી વખતે પેહેલા ત્રણ બોલોમાંનો પેહેલો બોલ બોલતાં ડોકું આગલ નમાવી બીજે બોલે સીધું ડોકું કરી ત્રીજે બોલે પાછલી તરફ ડોકું નાંખેછે, અને તેજ મુજબ પાછા બાકીનાં ત્રણ બોલો બોલતી વખતે કરેછે. હવે શરૂઆતમાં આસતે આસતે ઉપર મુજબ ડોલ્લા બાયછે, પણ જેમ સુર ચહડેછે તેમ વધત્તા જોશમાં આવી છેક છેલે અત્તીધણાં જોરથી જાણે ધુણતા હોય તેવી હાલતમાં આવી જાયછે. એ પ્રમાણે તેઓની ભકતી ચાલતી હતી, તેટલામાં તેઓનો વડો ગુરૂ જે બુઢ્ઢોછે તે અંદર આવીને એક બાજુપર ઉભો કે તેની આગલ મરદો તથા છોકરાંઓ આવીને ભોંયપર ચતાં પડયા ઉધાં સુવેછે, જેપર ગુરૂ ઉભો રહીને તેઓનાં દીલપર પોતાનો પગ ફેરવેછે, અને તરત પાછો ઉતરી પડીને ઉપર ધુક મારેછે, જેથી કરીને આજારીઓનું દરદ સારૂં થાયછે એમ એ દરવેશનાં પંથનાં લોકો માનેછે. કોઈ કોઇ તો પોતીકાં નાંધળાં એક વરસની અંદરનાં બાળકોને તેમ લાવીને તેમાં સુવાડતાં હતાં, તે ઉપર પણ એ ધરમગુરૂ ઉભો રહેતો એવું ડોળ ધાલેછે; પણ હમારા ધારવા મુજબ જે ઘણીઓ એવાં બાળકોને ધરીને હેઠે સુવાડેછે તેઓ પોતાનાં હાથ ઉપર પેલા ગુરૂનો ભાર ખમેછે; નહી તો આટલાં નાંધળાં બચાંઓ મરી જયા વીનાં રહે નહીં. કેટલાંક મોટાં છોકરાંઓ તો સુવાને ઘણું તોફાન કરતાં હતાં; પણ તેને પકડી ધરીને સુવાડેછે. ઘણાં છોકરાં હોયછે તો તેઓને ગલીચો બીછાવ્યો હોય તેમ હારબંધ સુવાડેછે, અને તેઓનાં દર-

કનાં દીઆપર પગ મુકીને ચાલી જાયછે. જેઓ ઘણુંજ આજરી હોવાને લીધે ત્યાં આવી શકતાં નથી, તેઓનાં પેહેરવાનાં કપડાં લાવી તે ઉપર આશીરવાદ ભણાવી ૪ંક મગાવીને પાછાં લઇ જઇને તેમને પેહોંચાવેછે. એ દરવેશો માટે કહેછે કે આગલ પચીસ વરસની વાત ઉપર તેઓ ત્યાં મુકેલી છરીઓછે તે લઇને નાંચતા હતા, અને વખતે ઝનુનમાં આવીને પોતાકાં પેટમાં ભોકી દેવાથી મરણ પણ નીપજતું હતું, પણ હમણાં સરકાર તેઓને તેમ કરવા દેતી નથી. એવી નવાઈ રીતનું તેઓનું ભણવાનું છે, જે સાંભળવાને બીજા મુલકમાંનો ઘણું આવેછે, જેઓ બેઠા બેઠા પોતે પણ સાથે ધુણેછે.

એ જોઇને પાછા ફરતાં રસ્તામાં કોનસ્ટંટાઈના એલીનાંનો ગ્રીક ચર્ચ જેને એઆરોડોક્ષ કયાને અસલી ચર્ચ કહેછે તે જોવા ગયા હતા. એ દેવલ રૂશીઆનાં દેવલોને મલતું આવેછે, પણ હીંમાં કસી રીતે રૂશીઆનાં દેવલોની માફક રૂપાં કામ તથા ઝવેરાત છે નહીં. એ દેવલમાં બૈરાંઓને સારૂં ઉપરથી જુદી જેલેરી કરેલીછે જેઓ મરદો સાથે ભેળા થઇને ભણતાં નથી. એ દેવલને સારૂં કહેછે કે કોન્સ્ટંટીનોપલમાં આસરે ૧૩) વરસની વાત ઉપર ઘણી મોટી આગ લાગી હતી, તે વખતે આસરે દશ હજાર એ જાતનાં ઘરો બલી ગયાં તથા ચારથી પાંચ હજાર માણુસો તેમાં બલી મુઆં હતાં. તે વખતે એ દેવલ તથા તેની પાસેનાં બીજાં બે ઘેરો શીવાય એ સઘળો આખો મોહોલો બલી ગયો હતો. એ આગ લાકડાંનાં ઘરો અને તે પણ વળી બીચોબીચ હોવાથી, તથા તેમાં વળી દુકાનોમાં પેટરોલીઅમ તેલ વેચવાનું રાખવાથી એટલી તો જલદીથી ફેલાઈ ગઈ કે મોહોલાઓમાંથી કોઇ બાહાર નીકલી નહી શકાયાથી ઘણાં જણાં બલી મુઆં, અને આસરે પાંચ હજાર માણુસ આ દેવલમાં ભરાયાથી તેઓ બચી ગયાં હતાં. એવી મોટી આગ વારા ફરતી ઘણી લાગેછે, અને જ્યાં પણ ફરીએ છીએ ત્યાં બલી ગયલાં ઘેરોની હાર દીસેછે. એ લત્તો આગમાં બલી જવાથી તેમાં જે નવાં ઘેરો બંધાયછે, તે ઘણાં બગં ચુનાં ઇંટ તથા સારી બાંધણીનાંછે, તથા રસતા પણ જગ્યા મુકાવીને પોહોળા કરતા જાયછે, જેથી કરીને જ્યારે તે સઘળો બંધાઇને તૈયાર થશે ત્યારે ઘણો સરસ લાગશે.

એ જોઇને પછી જેમ લંડનમાં હાઇડ પાર્કમાં લોકો ફરવા નીકલેછે તેમ અહીંયાનો પાર્કછે તેમાં ફરવા ગયા, જ્યાં ઘણું લોક પગે ચાલતું હતું. એક બી જણ ગાડીમાં કે ઘોડા ઉપર નજરે પડયો ન હતો. તેની સામે એક સરકારી બાગછે તે જોવા ગયા, જ્યાં થોડાંક ઝાડ શીવાય બીજું જોવા લાયક કાંઇ નથી. ત્યાં એક "કાફે" ઉઘાડેલોછે, જ્યાં લોકો બેસીને હવા ખાતા તથા સહજ મોં સમારવાને આવાનું લેતા હતા. ત્યાંથી નીકળીને હમો જે હોટલમાં ઉતરયા છીએ તેની પાસે એક બાનગી બાગછે ત્યાં ગયા હતા. જ્યાં ફી લઇને જવા દેછે, અને જ્યાં ઉપલો પાર્ક દુર હોવાને લીધે જેથી ફરવાને જવાતું નથી તેઓ ફરેછે તથા વાજું પણ વાગેછે.

તા૦ ૩ જી અકટોબર ૧૮૮૧— આજે શીરાલીઓ Seraglio કરીને અસલનાં પાદશાહોનાં રેહેવાનાં મહેલોવાલી જગ્યા જોવા ગયા હતા. એ મહેલોમાં પંદર સદી સુધી પાદશાહો રેહેતા આવ્યા હતા, પણ સુલતાન મહમદથી એને છોડી દીધો હતો. ત્યારપછી સને ૧૮૬૩માં એ મહેલનો મોટો ભાગ આગમાં બલી ગયોછે; પણ તેને લગતું જુની ચીજોનું સંગ્રહસ્થાન Antiquities Museum રહેલુંછે તે જોવા ગયા. એ જગાપર અસલ

જનસરીઅ કરીને સુલતાનની ખાસ રખેવાલીવાળાં લશકરનાં સીપાહીઓ રહેતા હતા. અહીં અગલનાં પુતળાં ઘણાંખરાં ગ્રીસ અને એશીઆનાં ભાગમાંથી લાવીને મુકેલાંછે, તેમાં બેબીલોનથી લાવેલી ખીજા રોકી હરકોની તથા તમરીરોની તખતીઓ પણ થોડી મુકેલીછે. એ સીરાલીઓનાં મહેલની જગ્યા ત્રણ મૈલ ઘેરવામાંછે, પણ તેમાં હાલ ઘણીજ થોડી ઇમારતો રહેલીછે અને બાકી સઘળું વેરાન પડેલુંછે. એને લગતો મીડલ ગેટ કરીને દરવાજોછે, જે ઉપર આગલ ક્રીશ્ચીઅન લોકોને ગરદન મારીને તેઓનાં ડોકાં મુકતા હતા એમ કહેછે. એ વચલા દરવાજાની બાજુપર એ મહેલોને લગતું બસરચીખાનું આવેલુંછે, જેનાં જુદા જુદા ભાગો કરીને દરેકને મથાળે ગુંબજો ઘુમાશીઆંને બદલે કીધેલાંછે, જેમાં આંધળાં પાડી ઘુમાડો જવાનો રસતો કીધોછે. એ બસરચીખાનાંઓમાં પેહેલું સુલતાનને પોતાને સારૂં, બીજું તેની વડી રાણી સારૂં, ત્રીજું બીજી રાણીઓ સારૂં, ચોથું "કાપુ આગાશી" ધ્યાને દરવાજાનાં રખેવાળ સારૂં, પાચમું પ્રધાનો સારૂં, છઠું સુલતાનનાં પોતાનાં હજુરીઆઓ (Pages) સારૂં, સાતમું જનાનખાનાંનાં સરદારો સારૂં, આઠમું ઓરત ગોલામડી તથા ચાકરડીઓ સારૂં, અને નવમું બીજાઓ જે દરબારમાં આવે તેઓ સારૂં બનાવેલાં હતા. એ બસરચીખાનાંઓમાં અગલ સુલતાનો રેહેતા હતા ત્યારે દરશાલ ૪૦૦૦૦) ગાય તથા બેલનું ગોસ બસપું હતું, અને તે ઉપરાંત દર રોજ ૩૦૦) બકરાં, ૧૦) ગાયનાં વાછડા, ૨૦૦) મરઘી, ૧૦૦) જોડી કબુતર, ૫૦) હંસ ઇત્યાદી બસપું તે જુદું હતું. એટલો મોટા બરચ તરફનાં સુલતાનને ફકત બાધા પાછલ થતો હતો તથા હજુર બી થાયછે. કોન્સ્ટાંટીનોપલ ચાર ભાગમાં વેહેચાયલુંછે. તેમાંનો એક ભાગ જેને ઇસ્ટંબોલ કહેછે ત્યાં એ મહલ આવેલોછે. હમો ઉતરેઆછે તે ભાગને પીરા કરી કહેછે. ત્યાં ઘણાંખરા ગ્રીક ક્રીસ્ચીઅનો રહેછે, તેની સામે દરીયો વટાવીને પુલ ઉપરથી ઇસ્ટંબોલ જવાયછે, તીજા ભાગનું નામ સ્કુતરી (Scutari)જે બોસફરસને પેલે પાર એશીઆખંડમાં આવેલુંછે, અને તેનો ચોથો ભાગ સ્કુતરીને થોડે છેટેથી કાલરીડોનાં કરીને આવેલોછે. હમોએ આજે જે સઘળો જગ્યાઓ જોઇ તે ઇસ્ટંબોલવાલા ભાગમાં આવેલીછે. એ ભાગમાં સઘળો મુસલમાન રહેછે, જેમાં ક્રીસ્ચીઅનોને રેહેવા દેતા નથી.

એ જોઇને પછી અતરેની વખણાયલી સેંટ સોફાયાની મસજીદ જોવા ગયા હતા. જે અત્રે સોથી મોટી ગણાયછે. અગલ એ જગ્યા ગ્રીક એમપાયરની વખતે દેવલ દાખલ વપરાતી હતી, તેને મુસલમાન લોકોએ કોન્સ્ટાંટીનોપલ લીધું ત્યારે મસજીદ બનાવીછે. એ પેહેલવેહેલી સને ૩૨૫) નાં શાલમાં, જે વખતે કોન્સ્ટાંટીનોપલ શેહરનો પાયો શહેનશાહ કોન્સ્ટાંટાઇને નખાવ્યો, તે વખતે એનો પણ પાયો નાંખ્યો હતો; પણ પાછલથી તે બે વખત બલી ગઇ હતી, અને હમણાંની ઇમારત સને ૫૩૮) નાં શાલમાં એમપરર જસ્ટીનીયને બંધાવીને તૈયાર કીધી હતી. એની દેવાલો ઇંટ તથા ચુનાનીછે, પણ તેની ઉપર ઘણી જાતનો રંગીન સંગેમરમર જડી લીધેલોછે. એનાં થાંભળાઓ પણ ઘણી જાતના સંગેમરમર તથા કીમતી પથરાઓનાંછે, તેમાં કીજીઆથી ગોલાખી પટાનો સફેદ મરમર, લેકોનીઆથી લીલો, લીબીઆથી આસમાની, કાળા શેલટીક મારબલમાં સફેદ નશો અને બોશફરસનાં સફેદમાં કાળી નસો, ડેમલી, મોલેશીઆ તથા પરોકોનેશીઆથી બીજા મરમર, ઇજીપ્તથી

તારા રેકો ગ્રાનીટ અને પોરફીરીનાં પથરો એમ જુદે જુદે ઠેકાણેના મંગાવીને વાપરવાથી એ દેવલની તારીફ તે વખતે સઘળે ઠેકાણે થઇ હતી. કેટલાંક જુનાં ગ્રીસનાં દેવલોમાંથી થાંભળા જે ઘણું સરસ હતા, તે લાવીને અહીંયા વાપરેલાછે. એનો ગુંબજ ઘણો મોટો અને તે ૧૦૭) ફીટ પરીધમાં તથા ઉપરથી ૪૬) ફીટ અને જમીનથી ૧૮૦) ફીટ ઊંચાઇમાંછે. તે ચાર આરકાં ૧૦૦) ફીટ પોહોળાં અને ૧૨૦) ફીટ ઊંચાં ઉપર બાંધેલાછે, અને એ આરકાં ૮) મોટા પોરફીરી જાતના કીમતી પથરાનાં થાંભળાઓ ઉપર ઉભાં કીધેલાંછે. એ થાંભળાઓ રૂમનાં સુરજનાં દેહેરાઓમાંથી લાવ્યા હતા એમ કહેછે બીજી બાજુપર બીજા ચાર થાંભળાઓ લીલા ઉભા કરીને ઉપર એારડા લોકોને સારૂં ગેલેરી કીધેલીછે, જે એકુસીઝની ડાએન નાં દેહેરામાંથી લાવેલાછે. એ ઉપરાંત બીજા ૨૪) થાંભળાપર ફરતી ગેલેરી ઉભી કીધીછે. એ ગેલેરી ઘણી મોટી અને પોહોળીછે. એ ઇમારતમાં સઘળા મલીને ૧૦૭) થાંભળા કહેછે તેમાં ઉપરની ગેલેરીમાં ૬૭) આવેલાછે એની અંદરનાં ભાગમાં જાતજાતનાં પથરોનો તથા કાચનો મોઝાઇક વર્ક ધ્યાને રંગબેરંગીન ડોમ ઉપર તથા સીનીંગોપર કીધેલોછે. તેમાં સોનેરી ઘોળનું જે કામ આવેલું છે તે ઘોળ જતો નહી રહે તે સારૂં કાચનાં કટકાઓની વચમાં સોનાનો વરખ મુકીને કાચ મોઝાઇકમાં જડેલોછે, જે રીપેર વગર ઘણો ખરો ખરી પડયોછે, અને જેના ટુકડાઓ અહીંનાં મુસલમાન રખેવાળો જોવા જનારાઓને વેચેછે. એ મસજીદ હમણું ઘણી ખરાબ હાલતમાં રાખેલીછે, અને તેનું ભાગ તુટ ચુના કામથી રીપેર કરવાથી મોઝાઇક વરકમાં ધાબાં પડી જઇને સઘળો તેનો દેખાવ બગાડી નાંખ્યોછે. એનાં ચાર મીનારા મુસલમાન સુલતાનોએ પાછલથી બાંધેલાછે, તેપણ ઘણું સારા અને જોવા આવેછે, અને જો આગલની માફક રીપેરમાં રાખી હતે તો એનાં જેવી બીજી મસજીદ કોઇ હતે નહીં એવું કેહેવાતે. અહીંનાં ક્રીશ્ચીયન લોકો કેવા વેહેમીછે તેનાં દાખલા દાખલ એ દેવલમાં એક થાંભળોછે, જેને બ્રાંનઝ ધાતુનું પતરૂં થોડી ગમથી જડી લીધેલું છે, તેમાં એક આંગલું જાય એટલો ખાંચો પથરમાં પાડેલોછે. તેને વાસતે કહેછે કે મસલ જયારે એ મશજીદને દેવલ દાખલ વાપરતા હતા ત્યારે એમાંથી ખુદરતી પાણી વે. તું હતું જે લઇને કપાલ ઉપર તેની ર તો આજરી માણસો સારાં થતાં હ., પણ મુસલમાનોએ એને મશજીદ બનાવી ત્યારથી તે પાણી સુકાઇ ગયું છે. એક ઓરડો હમણાં બંધ પડી રહેલોછે, જેનું બારણું જોવા મલે ચીણી લાવેલું છે. તેને વાસતે કહેછે કે જયારે મુસલમાનો ક્રીશ્ચટીઓને હેરાન કરીને મારી નાખતા ત્યારે હીંયા હજારો ક્રીશ્ચીયનો ભગાઇ રહયા હતા, જેઓમાંથી એક પરેજગાર શખ્સને બીજાઓ સાથે મારવા આવ્યા, ત્યારે તેને ઓદા પાસે દુવા માંગી બંચાવ કરવા કહયો. તે વખતે એ ઓરડાનું બારણું ઉઘડી ગયું, તેમાં તેને ભગાઇ જવાનો એસારો થયો, અને જેવો અંદર ગયો કે તેનું બારણું બંધ થઇ જઇ તેને બદલે દેવાલ થઈ ગયછે, અને મુસલમાનો એ દેવાલને ભાંજી ને અંદરનાં ઓરડામાં જોવા માગેછે કે શું છે તો ધરતીકંપ થઈ આવેછે અને તેઓનાં હાથ પગને લકવો થાયછે. એવું એવું અહીંયાનાં ક્રીશ્ટીઓ ઘણું માનેછે, જેથી સુધરેલા લોકોને આવા વેહેમી જોઇને આપણને અચરતી ઉપજેછે. અહીંયાં મુસલમાનો ભણવાની જગ્યા આગલ ઘણી મોટી થાંભલા જેવડી મીણબતીઓ વાપરેછે, જે એ લોકનાં રમજાનનાં દીવસોપર ૪૦)દીવસ અને રાત બળતી રહેછે. એ મુજબ મીણબ-

તીઓ મશજીદમાં બળતી આજેહમોએ પેહેલ પેહેલીજ જોઈ હતી. જોયા મેલે એ લોકોએ ખ્રીસ્તીઓને જોઇને એ ચાલ દાખલ કીધી હશે. એ મશજીદમાં મહમદ પેગમબરનો પોતાનો ભણવાનો ગલીચો ટાંગી રાખેલોછે. અસલ એ ઇમારત દેવલ દાખલ બાંધી હતી, તેનો ક્રાસની નીશાનાંઓ ઘણે ઠેકાણેથી ઘસી કાહાડીછે, તોપણ થોડી થોડી જગાએ રહી ગયલીછે, તથા એનાં બાંધનાર શાહનશાહનો મા મેંટ હેલીનાને એક બારણાંને મથાળે દાટેલીછે તેની તકતી ત્યાં હજી રહેલીછે, અને તેની ઉપર તેણીનાં તથા શાહનશાહ કોન્સ્ટનટાઇનનાં નાંદો કોતરેલાછે.

એ જોઇને એની પાસે ગાર પાંચ સુલતાનોની પોરો તેઓનાં કુટંબ સુધાં છુટે છુટે સંગેમરમરની બાંધેલાછે તે જોવા ગયા, તેમાં અંદરથી તેઓને દાટેલાછે ત્યાં એક મોટી એજ પથરની લાદી મુકીને તે ઉપર લાકડાંની પોરો બાંધો લીધીછે, જેની ઉપર રેશમી ઇયા કમખી ભરતનું કપડું તેઓનાં નામ નીશાન ભરતમાં ભરીને ઉપર ઓરવેલું છે, તથા માથાં આ૰ ડાના થાંભળા ઉપર તેઓની પાઘડી ઇયા તાપી ઓરવી રાખેછે, તથા પોરોની આજુબાજુ મોટી ચાર મેદાનીઓમાં મોટી મીણબતીઓ મુકી રાખેછે, જે એઓનાં મરણનાં તથા બીજા તેહેવારો ઉપર સલગાવેછે. દરેક સુલતાનની પોર આગલ કોરાન રાખવા સારૂં એક રૂપાનો બાકશ રાખેછે, અને ભણવા સારૂં મુલાંઓ જાયુક ત્યાં પડી રહેછે. પોરો અંદરથી સાદીછે પણ તેની ઉપરનું બાંધકામ ઘણું ખરૂં તદન સંગેમરમરનું બાંધેલું છે. દરેક સુલતાનની પોરનું પોર જુદુછે તેમાં તેઓનાં બચ્ચાં, ઓરતો, અને ભાઇઓને આજુપાસ દાટેલાછે.

એ જોઇને અતરેનાં વખણાયલા તરકીશ બાઠ (હમામખાનાં) માં ગયા હતા. આજે દેશ જોા કે હમામો માટે વખણાયલું છે તો પણ હમારા ધારવા મુજબ હમોએ લંડન, પેરીસ અને બીજાં મોટાં શેહેરોમાં જોયાં તેના જેવાં એ સરસ અને સગવડવાલાં નથી. ત્યાંથી નીકલેલા હીંયાની વખણાયલી બજાર જોવા ગયા. એ જગ્યા તદન દુકાનોથી ભરાયલીછે, અને મુંબઇનાં કાપડ બજારને મલતી આવેછે. દરેક મોહેલામાં એકજ વણજનું બજારછે જેમકે એક મોહેલો ઝવેરીનો, બીજો કાપડીઓનો, અને ત્રીજો જુટ સપાટોનો, એ પ્રમાણે છુટા છુટા મોહેલાઓ કરી તેનાં રસતા ઉપર ચુનાનાં આરકાં રોકાં છાપગાં કરી લીધેલાંછે. એવી બજારો અહીંયાં ઘણીછે અને ત્યાં લગ્ભગ રૂપીઆનો માલ વેચાયછે, તથા તે લેવા આવનારાઓની મોટી ભીડ હમેશાં રહેછે, જેમાં ઓરતો મુખ્યીઅછે. એ ઓરતો મોહેાડાં ઉપર નામનો પડદો રાખેછે તેઓના આંખ, નાક, તથા મોહેાડું પણ ઘણું ખરૂં ઉઘાડું રહેછે. એ બજારો જોઇને પછી સુલતાન અજમતની મશજીદ જોવા ગયા. એ મશજીદનાં ૬) મીનારાછે, અને હીંયાથી હાજીઓનો કાફલો દર શાલ મકે જાયછે તે આએ મશજીદ આગલ એકઠો થઇને નંકલેછે, જેને સારૂં આખા ગામનાં લોક બંદગી કરીને ગામની બાહાર સુધી મુકવા જાયછે. એ કાફલાની સાથે અહીંયાનો સુલતાન મક્કાની પોર સારૂં ચાદર તથા બીજી ચીજો મોકલાવેછે, અને આગલતો તેઓની સાથે લસ્કર પણ લુતારાઓથી બંચાવવા સારૂં મોકલતો હતો. એ મશજીદમાં કોન્સ્ટોંટી નોપલથી તે છેક મકે જાય ત્યાં સુધીન રસતાનો ફરમો, પાહાડો તથા મક્કાની પોરવાલાં પોર સુધાંનો મુકેલોછે; પણ હમો તે જોવાપરથી ધારીએ છીએ કે તે બરાબર બનાવ્યો હોય એવો લગતો નથી. એમાં હારબંધ એક બાજુપર પાહાડો એક એકથી ચડતા બનાવી ત્યાંથી એક આડાં-

કટરો રસતો કરીને મક્કા આગલ લાવી મુકેલાછે, જ્યાં ઘોરવાલું મકાન તેનાં કદથી ઘણું મોટું બનાવી દીધેલું લાગેછે. એ મશજીદમાં અંદરથી કાંઈ ઘણું જોવા લાયક નથી, ફકત એનાં ગુંબજનાં થાભળાઓનું કદ ઘણું મોટુંછે. તે આસરે ૧૭) ફીટ ડાયમેટર અથવા પરીધમાં હશે.

એ જોઇને હીપોડ્રોમ કરીને એક મોટો ચોકછે તે જોવા ગયા, જેને અહીંયાંનાં લોકો અંત મેદાન કરી કહેછે. એ કોન્સ્ટાંનટીનોપલમાં સૌથી મોટો ચોક ગણાયછે. તેની આસપાસ નાધળાં નાધળાં ઘર આવેલાંછે. એ જગ્યા આગલ ગ્રીક રાજયનાં શેહેનશાહ સીવેરસે બાંધી હતી, અને ત્યાં સુરત તથા બીજી રમતો થતી હતી. તે જોવા સારૂં તેની આસપાસ સંગેમરમરનાં પથરોની બેહેકો કીધેલી હોવાથી તે વખતે ઘણું સોભદાયક લાગતું હતું, પણ પાછલથી બીજાઓ સધળો પથર કાહાડી લઇ જવાથી હમણાં ખાલી મેદાન પડેલુંછે. એમાં આગલ એટલાંતો દેવતાઓનાં પુતળાં મુકેલાં કહેછે કે હમણાં તેટલી વસતી માણુસોની એ ભાગમાં હશે નહીં; પણ તે સધલું જતું રહયુંછે, ત્યાં ફકત ઇજીપ્તથી લાવેલા ૫૦) ફીટ ઊંચાગોળ સ્થંભ, જે ઘણું કરીને કલીયોપાત્રા નીડલ (Cleopatra Needle) ને મલતો આવેછે, પણ તેની ઉપરનું કોતરકામ તેનાં કરતાં સારી રીતે જલવાઇ રહેલુંછે. એ થંભ સને ૩૯૫)નાં શાલમાં ઠીઓડોશીઅસે લાવીને મુકયો હતો. એ ઉપરાંત એક તાંબાનો થાંભળો મુકેલોછે, જેને સાંપનો થંભ કરીને પણ કહેછે. તે ૧૬) ફીટ ઊંચો અને તેની બનાવત જાણે ત્રણ સાંપ એક એક સાથે વીટળાયલા હોય તેવી છે, પણ તે સાંપનાં ડોકાં અસલ મથાળાં પરથી છુટાં રાખીને તે ઉપર એપોલો ઓફ ડેલફાઇ કરીને આગલનાં દેહેરાંમાંથી પ્રીસ્ટેસ (ઓરત ધરમગુરૂ)નું વાસણ કીયાને લગતું મુકવાની જગ્યા કીધેલી હતી, પણ જયારે મુસલમાનોએ એ શેહેર જીતી લીધું, ત્યારે પાદશાહ બીજા મહમદે તે ડોકાં પોતાને હાથે કાપી નાંખ્યાં હતાં. એ થંભને વાસતે હીરાડોટસની તવારીખમાં કહેછે કે અસલનાં ગ્રીક લોકોએ સને ૪૭૯)ની આગમજ જયારે બ્લીટીઇની લડાઇ ઇરાનીઓ પર જીતી પોતાનું છુટાપણું મેળવ્યું, ત્યારે તેની યાદગારીમાં ઇરાનીઓનો બજનો લુટયો તેમાંથી સોનાનું એક મોટું વાસણ બનાવી એ થાંભળો જે ઉપલાં દેહેરાંનાં ઓલટર આગલ હતો તે પર મુકયું હતું.

એ જોઇને પછી જનીસરીસ કરીને આગલનાં સુલતાનોની રીજમીટ હતી તેને લગતી બગીચા જોવા ગયા હતા. અહીંયાં હમણાં હુનર સાલા (School of Industry) કાહાડેલીછે, અને ત્યાં ૩૦૦) છોકરાઓને જાત જાતનો હુનર શીખવેછે. એક ઇમારતનો ભાગ છુટો રાખીને ત્યાં અસલનાં તરકીશ પેહેરવાસોનો સંગ્રહ કીધેલોછે, તે સારૂં લાકડાંનાં ઘણાં બદસુરત પુતળાં બનાવી તે પોશાકો તેઓને પેહેરાવેલાછે, જે ઘણાં નવાઇ જેવાં લાગેછે. જનીસરીસને લગતા પોશાકો તેમાં ઘણાંછે, જેઓની પાધડી અતીઘણી મોહોટી જાણે એક કપડાંનો ગાંસડો માથાં ઉપર મુકેલો હોય તેમ લાગેછે. એ જનીસરીસો એકસો વરસની બાત ઉપર એટલું તો જોર ધરાવતા હતા કે સુલતાનોને તખ્ત ઉપર બેસાડે તથા તખ્ત ઉપરથી ઉતારે, પણ તે સધળાઓને મહમદ સુલતાને વારાફરતી પકડીને ફાંસી દેઇ તે રીજમીટ કાહાડી નાખી હતી.

એ જોઇને હોંયાં અસલ પાણી એકઠું કરવાની મોટી ટાંકીઓ જમીનમાં બાં-

ધેલીછે તે જોવા ગયા હતા. એને અહીંયાંનાં લોકે ખીન બેરદરીક ધયાને એક હજાર અને એક થાંભળા કરીને નામ આપેલું છે. એ ધણુંજ મોટું ટાંકું છે અને તેનું મથાળું થોભાવવા સારૂં તેમાં મોટા મોટા થાંભળા આપેલાછે. એક ટાંકાની હેઠે બીજું અને તેની હેઠળ તરીજું એમ બાંધેલું છે, અને થાંભળાઓ પણ એક એકની ઉપર ત્રણ થડમાં બાંધેલાછે, જે આસરે એક હજાર હોવાથી તેનું નામ ઉપર મુજબ આપેલું છે. હમણાં એ ટાંકું ધણી બીસમાર હાલતમાંછે, અને તેમાં પાણી નહીં રેહેવાથી રેઅમનાં વણકરો ત્યાં પોતાનુ કામ કરેછે. એનો દેખાવ જાણે થાંભળાઓથી એકજ હોય એમ લાગેછે.

એ જોઇને અહીંયાંનો છેલો સુલતાન અબદુલ અઝીઝ જેને તખ્ત ઉપરથી હમણાં રૂશીઆ સાથની છેલી લડાઇ વખતે ઉઠાડી મુકી બંદીખાનામાં મારી નાંખ્યો હતો, તેની ધોર જોવા ગયા હતા. એ ઇમારત એની ધોર વાસતે બાંધેલી નથી પણ એનાં બાપ બીજા મહમદને સારૂં બાંધેલી હતી, તેમાં એને દાટેલાછે. એ શીવાય બીજા સઘળા સુલતાનોની ધોરની ઇમારતો છુટી છુટી બાંધેલીછે. એ ઇમારત તદન સંગેમરમરનીછે, અને સુલતાનની ધોર ઉપર ધણી ઊંચી વણતનું કસબી ભરેલું કપડું મુકેલું છે, અને તે ઉપર એની જીંદગીનો હેવાલ ભરેલાછે. એની આસપાસ ચાર બતીઓ મુકવાની રૂપાંની બનાવેલી મોટી સમેદાની એની મા જે હજુ જીવતીછે તેણે મુકાવેલીછે. એનો બાપ જેને એની પાસેજ દાટેલાછે તેની ધોરની આસપાસ રૂપાંનાં કટેરા ભરી લીધેલાછે, તથા તેની ધોરનાં મથાળાં આગલ તેની પોતાની ધેહેરવાની તોપો તથા તે ઉપર હીરાનો સરપેચ મુકી રાખેલોછે, જે ધણો કીમતીછે. કોરાન વાંચવાની માચી તથા મુકવાની પેટીઓ સઘળું તદન રૂપાંનું બનાવી મુકેલું છે.

એ જોઇને બલી ગયલો થંભ કરી એક મોટો થંભછે તે જોવા ગયા હતા, જે ૧૦૦' ફીટ ઊંચો અને દીવાન ઇ-ઓલી મોહોલામાંછે. એ પથરાનો બનાવેલોછે પણ આ જગ્યાપર ધણી વખતે આગ લાગવાથી તે ફાટી ગયલોછે, તેથી તેને લોખંડનાં મોટા ચાપડા આપી થોભાવેલોછે. એની ઉપર આગલ શહેનશાહ કાન્સ્ટાંટાઇનનું પુતળું મુકેલું હતું એમ કહેછે. એ થાંભળો ધણી કારીગીરીથી બનાવેલો હતો પણ હમણાં ધણોજ બીસમાર હાલતમાં જાણે આજે પડી જાય તેવો થઇ રહેલોછે. એ જોઇને કબુતરોની મશજીદ જોવા ગયા હતા. એ મશજીદ કાંઇ જોવાલાયક નથી, ફકત હજારો કબુતરોને પાલેલાંછે, જે લોકો જોવા જાયછે તથા અનાજ નાંખેછે ત્યારે તે બધાં એકદમ એકઠાં થાયછે. એ જોઇને પછી સુલતાન મહમદનો મીનારો જોવા ગયા હતા. એ મીનારો ધણો ઊંચોછે અને તે ઉપરથી જો શેહેરમાં આગલાગી હોયછે તો નીશાની કરીને આગ બુજાવનારાઓને ચેતવણી આપવા સારૂં બાંધેલોછે. તે ઉપરથી દેખાવ ધણો સરસ દેખાયછે, અને આખું કોન્સ્ટાંટીનોપલ શેહેર તે ઉપરથી જાણે રમકડાં ગોઠવ્યાં હોય તેવું દીસેછે. એ શેહેર ચાર ભાગમાં પાણીથી વેહેચાયલું છે, અને તેઓની વચમાં ગોલ્ડન હાર્ન બારૂં તથા બોસફરસની બાડી અને બાહારથી મારમારાનો દરીયો આવેલો હોવાથી દેખાવ ધણોજ સરસ દેખાયછે. તે ઉપરાંત શેહેરમાં વગર ગણત્રીની મશજીદોનાં મીનારાઓ દેખાવનો બુમસુરતીમાં ઉમેરો કરેછે. એ મીનારાની આસપાસ મોટું મેદાન બોલું રાખેલું છે, અને તેને ફરતી સરકારી ઇમારતો આવેલીછે તેથી

મજેનું લાગેછે. અહીંયાં આજે ઇમપીરીઅલ ગાર્ડસનું વાજું વાગતું હતું, તેઓએ ત્રણ રાગ વજાડયા તેમાં બે અંગ્રેજી અને ત્રીજો સુલતાન અબ્દુલ અજીઝનો માર્ચ કરી સ્વદેસી રાગ વજાડયો હતો. એ દેશી રાગ ઘણો મજેનો અને દીલપસંદ લાગેછે. એ ત્રણે રાગ અરધા કલાકમાં ઉતાવળથી જાણે દોડાદોડ પડી હોય તેમ વજાડીને વાજું પાછું જતું રહયું હતું, અને જતું રહે તેમાં નવાઇ જેવું ખી નહીં, કારણ કે ભાયગે ત્યાં ૫૦) માણસો પણ ઉભાં રહયાં હોય અને ગાડીઓમાં તો હમારી બે ગાડીઓ શીવાય બીજી હતીજ નહીં. ત્યાંથી નીકળેલા સુલતાન સુલેમાનની મસજીદ જોવા ગયા હતા, જે મુસલમાન લોકોની અહીંની મસજીદોમાં સૌથી સરસ ગણાયછે. તે સને ૧૫૧૫ નાં શાલમાં સુલેમાન સુલતાને બંધાવી હતી. એ ૨૨૫ થી ૨૧૫ ફીટની અને ઘણીખરી સેંટ સોફાયાની મસજીદની બાંધણીને મલતી આવેછે. તેમાં જાતજાતનો રંગીન સંગેમરમરનો પથર વાપરેલોછે, તથા તેની અંદર રંગીન કાચની અરબી હરફોથી લખેલી બારીઓ પણ દેવલની માફક મુકેલીછે, જે હમોએ આજેજ મસજીદમાં પેહેલ વેહેલી જોઇ, તથા ત્યાં ઓઝઇક વરક પણ ઘણો વાપરેલોછે. એનો ગુંબજ ૮૬) ફીટ પરીધમાંછે. એ મસજીદ નવી જેવી સારી હાલતમાં રાખેલીછે, અને જોકે સેંટ સોફાયાની બરોબરી કરી શકતી નથી, તોપણ સારી હાલતમાં હોવાને લીધે વધારે ભપકાદાર માલમ પડેછે. અહીંયાં મુલાંઓ ઘણાં રહેછે, જેઓ હમેશાં ઘણાં તોફાની કહેવાયછે, તેથી કાંઇપણ ગડબડ હોયછે તો આએ મસજીદપર લશકરી સીપાઇઓની ચોકી રાખવામાં આવેછે. હમો ગયા ત્યારે પાંચ જુદી જુદી જગાઓપર ઘણાં જણાંઓ બેસીને મુલાં પાસેથી કોરાનનો સમજ શીખતા હતા. તેઓ ગોળ ચકરાવો કરી બેઠેલા, અને તેઓનાં બાસડાં તેઓની સાંમે વચમાં ઢગલા કરીને મુકેલાં હતાં. એ જોઇને એનીજ પાસે એનો બાંધનાર સુલતાન સુલેમાન (The Magnificent) ની ઘોર જોવા ગયા હતા. એ ઘોર ઘણી સારી બાંધેલીછે, અને તેનાં ગુંબજમાં છુટા છુટા ઉપરથી દશ હીરા જડેલાછે, જે નીચેથી ચલકતા દીસેછે, પણ ખરા છે કે ઓટા તે ઓદા જાણે. ઘોરની આસપાસ સીપના કટોરા જડેલાછે તથા દેવાલ ઉપર અંદરથી કોરીનો ઇટો જડેલીછે, જે ઉપર કોરાનનાં અક્ષરો કોતરેલાછે. એ જોઇને પછી એની પાસે તેનો ક્રીસ્ચીયન ઓરતની ઘોરછે તે જોવા ગયા હતા. તેનું નામ રોકશાલન હતું જે હનગરીની રેહેવાસી હતી. તેને વીશે કહેછે કે સુલતાનનાં જુંનથી તેનો છોકરો જયારે અઢાર વરસનો થયો ત્યારે કોઇએ તેને મેણું માર્યું કે તારી મા તો ક્રીસ્ચીયન છે, તેવોજ તેણે જઇને પોતાનો માને પુછયું, અને તેણીએ હા કહું કે ચીડમાં આવી પોતીકી માને ખંજર મારીને મારી નાંખી હતી. એ ખબર સુલતાનને પડવાથી તેણે ચીડમાં આવી પોતાનાં છોકરાનેં મારી નખાવ્યો હતો જેને પણ પોતાની માની ઘોર પાસેજ દાટેલોછે. એ જોઇને પછી શેહેરમાં ફરી આવ્યા હતા. અહીંનાં ખરાબ રસતા વીશે આગલ હમોએ લખ્યુંછે. તે સઘળા કાંઇ ખરાબ નથી પણ કોઇ કોઇ સારા બનાવેલાછે. બોસફરસની બાજુપરનાં ઘેરો ઘણાં સારાં અને મોટાં બાંધેલાંછે, પણ અંદરનાં ભાગનાં ઘેરો ઘણાં ખરાબ અને નાધળાંછે. દરેક ઘેર કે જેમાં મુશલમાનો રહેછે તેની બારીને જાલીઓ ભરી લીધેલીછે, જેમાંથી તેઓની ઓરતો રસતે જતા લોકોને પોતે દીસવા વગર જોઇ શકેછે.

તા૦ ૪ થી અકટોબર ૧૮૮૧— આજે સવારનાં બોસફરસની એશીઆની બાજુપર સ્કુટરીમાં આવેલો સુલતાનનો "બેલર બે" કરીને મહેલછે તે જોવા ગયા હતા. એ મહેલ માફકશરજ ઇટ અને ચુનાનો બાંધેલોછે, પણ તેનાં થાંભળા તથા ડેહેલાંનાં બારણાંઓની બરસાઓ સંગેમરમરનાં પથરનીછે. એની અંદરનો ભાગ સારો સીણગારેલોછે. એનો દાદર લાકડાનાં બાઝઇક વરકનો ઘણો સારોછે, તથા એક બીજી ગમનો દાદર જનાનખાના તરફ આવેલોછે તે ઘણી સારી ઢબમાં બાંધેલોછે. મહેલમાં ફરનીચર ઘણુંજ ઉંચી જાતનું યુરોપીયન રીતનું મુકેલુંછે, અને ઓરડાઓમાં જુદા જુદા રંગનું ફરનીચર તથા પડદા કીધેલાછે. જનાનખાનાંનો ભાગ પણ ઘણો સરસ સણગારેલો, અને ત્યાં ગાદીઓની બેઠક ઘણી ઉંચી સાટીનની કીધેલી, તથા હમામખાનું પણ સઘળું સંગેમરમરનાં પથરનું બાંધેલુંછે. સુલતાનનો સુવાનો ઓરડો તથા તેનો માંએ અને બઇરીઓને સુવાનાં ઓરડા પણ સારાછે. જનાનખાનામાં એક મોટું દીવાનખાંનુછે, તેમાં વચમે એક ફુંવારો બાંધી તેની આસપાસ મજેનો બેઠકો સઘળી સંગેમરમરનાં પથરની બાંધેલીછે, જ્યાં ઓરત લોકો જાણે બાગમાં બેસતાં હોય તેમ ત્યાં ફુલ પાનનાં કુંડાંઓ મુકીને તે ફુવારાની આસપાસ બેસવાનું કીધેલુંછે. એ લોકોનું બીજું દીવાનખાનું મુલાકાત લેવાનું ઘણું સરસ સણગારેલુંછે, અને તેમાં મજો તથા શોભા વસ્તુઓ સઘળું રૂપાકામનું મુકેલુંછે. એ ઉપરાંત બીજું ઘણું એ મહેલમાં જોવા લાયક હતું, અને એ ઉપરથી એ સુલતાનોનાં જનાનખાનામાં કી રીતે ભપકો રહેછે તેનો થોડો ઘણો ભાસ આવેછે. એ મહેલમાં સુલતાન કાંઈ જાયુક રેહેતો નથી, પણ મોજ કરવા ગયા હતા બાવા સારૂં આવેછે, તથા એને લગતાં થોડાંક જીવતાં જનવરોનો સંગ્રહ પણ સારો કીધેલોછે, એમાં બે વાઘ ઘણાંજ જંગલી અને ચીડીયલ હમોએ જોયા હતા. એટલા ચીડીયલ વાઘ હમોએ બીજે કોઇ જોયા નથી. તેઓનું બીજરૂં અતીઘણું મોટું રાખેલુંછે, તેમાં તેઓ છુટથી દોડા આપણાં આંગપર ધસી આવવા જાયછે,તથા જોયા મેલે એને બાવાનું પણ ઘણું આબ્યાથી તેઓ ઘણીજ સરસ હાલતમાં રહેલાછે. ઓશટરીચો (શાહમુરગો) પણ ઘણાં જથાબંધ એક મેદાનમાં રાખેલાંછે. તે જોઇને પાછા કોઇકશ(Caiques) બોટોમાં બેસીને પીશનાં કીનારા ઉપર આવ્યા હતા. એ કીનારાની થોડેક દુરથી એક નાધલી મશજીદ આવેલીછે, જેમાં દર શુકરવારે સુલતાન ઘણી ધામધુમથી ભણવા જાયછે. એનો રેહેવાનો મહેલ એનીજ પાસે આવેલોછે, તેમાંથી હમણાંનો સુલતાન છેક ગાડીમાં બારણાં સુધી આવીને થોડાંક પગલાં લોકોની સાંમે ચાલીને ઉતાવલેથી મશજીદમાં જતો રહેછે. તેને જોવાને અતી ઘણી ભીડ મલેછે, અને સ્વારીમાં રીજમીટ વગેરે બીજી ધામધુમ ઘણી થાયછે. સાથે જનાનાંની ઓરતો પણ ગાડીઓ ભરીને આવેછે. તેઓ મશજીદમાં જતાં નથી પણ સુલતાન મશજીદમાંથી બાહાર પાછો આવે ત્યાંસુધી ગાડીઓમાં બેસી રહેછે. હમોએ બે દીવસમાં જે કોન્સ્ટાંટીનોપલ જોયું તે ઉપરથી બબર કાહાડતાં બીજું કાંઈ જોવાનું બાકી ન હતું, તેથી હમોએ આજે ઓસ્ત્રીયન લોઇડની જે સ્ટીમર જતી હતી તેમાં જવાનો ઉડાવ કરીને બપોરનાં ત્રણ વાગે સ્ટીમર ગેમ બોજમાં સવાર થઈ કોન્સ્ટાંટીનોપલ છોડયું હતું. એ શેહેરની વીગત જેમ આગલ આપીછે તેમ બાહારથી ઘણું ભપકાવાલુંછે, પણ અંદરથી યુરોપનાં બીજાં શહેરો જોયા પછી કાંઇપણ જોવાલાયક માલમ પડતું નથી, અને રસતા એવા તો બરાબ હાલત-

માંછે કે હીંદુસ્તાનનાં રજવાડાઓનાં નાંધળાં ગામમાં પણ તેથી સારા હશે. કચરો તથા કદવનું તો કાંઈ ઠેકાણુંજ નહી મલે; મ્યુનીશીપાલીટી તે શું છે તે અહીંયાનાં લોકો જોયા મેલે સમજતા નથી. અહીંયાં નામને ખાતર આસરે ચાર પાંચ મૈલ લાંબા રસ્તાની રેલવેની ગાડીછે, જે ગેલેતાથી પીરા સુધી આઠો વખત મુંબાઇમાં ટ્રામ દોડેછે તેમ દોડયા કરેછે. એ શીવાય હીંયા બીજી સારી ગોઠવણ કશી નથી. હીંયાથી આસપાસનાં દેશોમાં તો શું પણ એનાં પોતાનાં લગતાં ગામોમાં જવાને વતીક આગગાડી તથા ટ્રામવે નથી. હમો યુરોપ ખંડમાં બધે ફર્યા તેમા એજ દેશમાં આગગાડી જોઇ નથી, અને બધી રીતે જાણે શુધરાઇથી દુર રેહેતું હોય તેવી હાલતમાંછે. કાન્સ્ટાંટીનોપલ ભયંકર આગો લાગવાને સારૂં ધણું વખણાયલુંછે, અને હીંયાની કોઈ કોઈ આગમાં તો ૫૦૦૦૦) ઘરો થોડા કલાકમાં બલી ગયાં હતાં. એનાં મોહોલા સાંકડા તથા ઘરો ઘણુંખરા લાકડાના બાંધેલા હોવાથી આગને ફેલાવો પામતાં વખત લાગતો નથી, અને વળી આગને બુજાવવાની ગોઠવણો કશી પણ રીતે મનમાનતી નથી હોવાથી આવી આગો લાગે તેમાં નવાઇ જેવું દીસતું નથી. આગની વખતે બુંબાખાનાંમાથી નાધળા બાકશો જેવા બુંબા ત્યાનાં રખેવાળો પોતાની બાંધપર ઉચકી લઇ જઇને જેઓનાં ઘરો આગથી જોખમમાં હોય તેઓ પાસેથી પેહેલાં પૈસા લેવા ઉભા રેહેછે, અને જે આપે તેનાં ઘરોપર પાણીનો મારો ચલાવેછે. હમણાં આગોથી મોહોલાઓનાં મોહોલા બલી ભસ્મ થઇ જવાથી તેઓને કુશાદે કરી તેમાંનાં ઘર ઇટ ચુના તથા પથરનાં બાંધેછે, તેથી આગલ ચાલતાં એવી મોટી આગો લાગવાનો અટકાવ થશે. તરકીનું દેશ એના છેલા સુલતાનોની બેદરકારીથી ઘણુંજ ખરાબ હાલતમાં આવ્યુછે, અને છેલી રશીઆ સાથની લડાઇ પછી એની પાસે યુરોપમાં ઘણીજ થોડી જગ્યા બાકી રહેલીછે, અને તે ઉપર એતીવાડી પણ બરોબર કરતા નથી, તેથી અનાજ તથા ગાય ઢોર સઘળું રશીઅન દેશો તરફથી પુરૂં પાડયામાં આવેછે. અહીયાંનાં લોકોનાં કેહેવા મુજબ જો ત્યાંથી આવતો અનાજ બંધ થાય તો દુકાલ પડયા વીના રહે નહીં એવુંછે. છેલી રશીઅન સાથની લડાઈ વખતે પણ મોટી કીમતો આપીને રશીઅનો પાસેથીજ અનાજ છુપો વેચાતો લેતા હતા, એમ હમારા ગાઇડથી સાંભળયુંછે. તરકીને હસ્તકનાં દેશોની વસતી સને ૧૮૭૮ નાં શાલનો (બરલીન ટ્રીટી આગમજ) આસરે સાડા ચાર ક્રોડ આદમીની હતી, તેમાં યુરોપમાં ૮૭) લાખનોછે, અને જમીન નવ લાખ ચોરસ મૈલની કેહેવાતી હતી. હમણાં રોમાનીઆ, બલગેરીઆ અને રશીઆને તથા બીજાં દેશોને તેમાંથી મોટો ભાગ જમીન અપાવી દીધાથી એ રાજ ઘણું નાધણું થઇ ગયુંછે. એનો સુલતાન અબદુલ હેમદ બીનો કરીનેછે, જે પોતાના ભાઇની જગ્યાએ તખ્તનશીન થયલોછે. અહીંયાનાં રેવાજ મુજબ દીકરો બાપની ગાદીએ બેસતો નથી, પણ ભાઈ જે વડો રહયો હોય તે બેસેછે, તેથી આગલા સુલતાનો પોતે તખ્ત ઉપર આવે તેવા પોતીકા છોકરાને ગાદી ઉપર બેસવાનું બને કરીને પોતીકા ભાઇઓ તથા ભત્રીજાઓને મરાવી નાંખતા હતા; પણ હમણાં સો વરસ આસરેથી એ રેવાજ બંધ પડેલોછે, અને ભાઇઓને વગર મારે તખ્ત ઉપર આવવા દેછે: બધા ભાઇઓ આવી રહયા પછી વડા ભાઇનો વડો છોકરો ગાદીએ બેસેછે. એઓનાં કાયદા મુજબ બાનદાનમાં જે ઉમરે વડો મરદ હોય તે તખ્ત ઉપર આવવો જોઇયે.

તરકીનું લશ્કર સલાહની વખતે ૧૬૦૦૦૦) અને લડાઈ વખતે ૬૦૦૦૦૦) માણસનું થાયછે. એની આવક ૧૪) કરોડ અને ખરચ ૧૭) કરોડ તથા કરજ ૨૫ અજબ રૂપીયાનું તેમજ ઈંગ્લાંડ સાથેનો એનો વેપાર ૧૧) કરોડનોછે. કાન્સ્ટાંટી નોપેલની વસતી તેનાં પડાં સુધાં ૧૦) લાખની કેહેવાયછે. હીંયાં દીવસનાં કલાકો ઘડીયાલોમાં માડવાની નવી રીતછે. સુરજ ઉગેછે ત્યારે બાર ઉપર કાટો માંડેછે અને તે પછી આખા દીવસનાં કલાકો ચાલેછે. જો સુરજ પાંચ વાગે ઉગેછે તો આપણાં બાર વાગેછે ત્યારે એ લોકોનાં સાત વાગેછે; હમણાં દીવસ તથા રાત સરખી હોવાથી સુરજ સવારનાં છ વાગે ઉગેછે, તેથી આપણાં બપોરનાં બાર વાગેછે ત્યારે એ લોકોનાં છ વાગેછે, અને જેમ સુરજ વધતો ધયા એોછા દીવસમાં ઉગેછે તેમ ફેરફાર કરયા કરેછે, જેથી અલબતાં બીજાઓને સુરજ કયે વખતે ઉગેછે તે જાણવાને અડચણ પડતી હશે. આજે કાન્સ્ટાંટીનોપલ બપોરનાં ત્રણ વાગે છોડયું, અને આકાને દીવસ સ્ટીમરમાંજ ગુજારયો હતો. રાતનાં કાળો સમુદ્ર ઘણોજ જોરમાં થઈ આવ્યો હતો, અને હમારી સ્ટીમર ઘણી નાધલી તથા જુની હોવાથી ડોલા ખાતી હતી, જેથી ઉતારૂઓનો મોટો ભાગ બીમાર પડયો હતો. એટલો જોરનો દરીયો હમોએ આગલ કોઈ વખતે જોયો ન હતો.

તા૦ ૫ મી અકટોબર ૧૮૮૧— આજે સહવારનાં હમારી સ્ટીમર કલાક ૬ ને ૨૦ મીનીટે વારનાં (Varna) નાં બંદરમાં લાંગરી અને હમો બોટમાં બેસીને કીનારે ઉતરયા હતા. એ વખતે પણ દરીયાનો જોર ઘણો અને બીજા જોરમાં હોવાથી બોટમાં બેસતી વખતે જરાક મુશકેલી નડી હતી, તથા કીનારે ઉતરવાની જગ્યા અતી ઘણી ખરાબ હોવાથી ઘણી મેહેનત પડી હતી. બારાંનો ડંકો નામનો બાંધેલોછે, અને તેની દેવાલ ઉપર ઘણી નાધળી એક લોખંડની આસરે બે ફીટ પોહોળી અને તપાને બદલે જાડા લોખંડનાં સલીયાની નીસરણી જેવી હતી. બીજા ઘણાં જોરમાં હોવાથી તે સીડી ઉપર ઉતરવા સારૂં બોટ જરાક પણ થોભી શકતી હતી નહીં, તેથી ડંકા ઉપર માણસો ઉભાં રહીને હમો લોકનાં બેહુ હાથ પકડીને ખેંચી લેતા હતા. જો તપાસીને સીડી ઉપર પગ નહી મુકેતો હેઠળથી બોટ ખીસી જાય એટલે હેરાનગતી પડે એવું હતું. એ વારના શેહેર બલગેરીઆનાં પ્રીન્સને હસ્તકછે, જે તેને તરકીની છેલી લડાઇમાં મલ્યું હતું. એનું ગામ કાંઈ હમારા જોવામાં આવ્યું નહીં, કારણકે આગગાડી તરત હંકારવાની હતી, અને હમારો સામાન અહીંયાં કુરજવાળાઓએ તપાસ્યો તેથી વખત ઘણો જતો રહયો હતો. હમોએ કોન્સ્ટાંટીનોપલથી વારનાં સુધીની પાંસરી ટીકીટ લીધી હને તો સ્ટીમરવાલાઓ પોતીકી બોટમાં બેસાડીને કીનારે ઉતારતે, તથા સામન પણ આગગાડીમાં તે લોકોજ મોકલાવતે, જે સારૂં આગગાડી કીનારાનાં ઉતાગ સુધી આવીને ઉભી હતી, પણ અહીં જવાનું હમોએ એકાએક ઉભું કીધાથી ટીકીટો સ્ટીમર ઉપરથી લીધી અને તેથી બોટ મેલવવાની તથા કીનારેથી સ્ટેશન જે આસરે એક મૈલ દુરછે ત્યાં સુધી જવાનો હલામન ઘણી પડી હતી. એ રસ્તો ગાડીમાં જવાનો કાન્સ્ટાંટીનોપલનાં રસતા કરતાં પણ અત્તીઘણો ખરાબ હતો. જોકે એ ગામ એક ક્રીશ્ચીઅન પ્રોન્સનાં હાથમાંછે તોપણ આ બંદરની બ્યરાબ હાલત રાખેલીછે.

હમો વારનાથી કલાક ૮—૩૦ મીનીટે આગગાડીમાં બેસીને નીકળેલા રટશચક(Rutschuck)કરીને બલગેરીઆની હદછે ત્યાં સાંજનાં ચાર વાગાને અમલે

પુગા હતા, જ્યાં હમારો સામાન ફરીથી રોમાનીઆની હદવાલાઓએ તપાસ્યો હતો. વારનાથી તે છેક રટશચક સુધીની જગ્યા ઘણીખરી વેરાન પડેલીછે તથા ખેતીવાડી બરાબર ચાલતી નથી. હમો રટશચકમા આગગાડીમાંથી ઉતરીને ત્યાંથી સ્ટીમરમાં બેસીને ડેન્યુબ નદી પસાર કીધી હતી, તે કલાક૪–૩૦ નાં નીકળેલા કલાક ૫) વાગેને સ્માર્દા (Smarda) કરીને રોમાનીઆની સરહદછે ત્યાં પાછા કીનારે ઉતરયા હતા, અને ત્યાંથી કલાક ૬) વાગે આગગાડીમાં પાછા બેસીને બુકેરેશટ (Bucharest) કરીને રોમાનીઆનું પાયતખ્ત શેહેરછે ત્યાં રાતનાં કલાક ૯) વાગે પુગા, અને હૉટલ બ્રાકૂત (Brofft) માં ઉતારો લીધો હતો. આગગાડી હીંયાંથી રાતનાં આગલ વધતી નથી તેથી હમોને અહીંયાં રેહેવાની ફરજ પડી હતી. હમોએ સ્માર્દાથી હીંયાં (બુકેરેશટ) સુધીનો રસતો પસાર કીધો તે સઘળામાં ખેતીવાડી થયલી જણાઇ હતી, તેમાં મકાઇબુટ્ટા અને કોહોડાં ઘણાં હતા તથા લોકો સુખી હોય તેવું દીસતું હતું.

તા૦ ૬ ઠી અકટોબર ૧૮૮૧— આજે સવારનાં આગગાડી કલાક ૮–૨૫ મીનીટે ઉપડવાની હતી તેથી સકારેથી હમો બુકેરેસ્ટનાં શેહેરમાં ફરી આવ્યા હતા. એ શેહેરનાં રસતાઓ યુરોપનાં બીજાં શેહેરોનાં રસતા જેવાછે, અને ઇમારત તથા બોહોલા પણ મોટા અને કુસાદે તથા કોઇ કોઇ ઇમારત મજેની કારીગીરીથી બાંધેલીછે. આજે શેહેરનો પાદશાહ પેહેલો ચાર્લસ શેહેરમાં આવવાનો હતો, તેથી બધે ધામધુમ થઇ રહી હતી, તથા વાવટાનો સણગાર ઇમારતો ઉપર લોકો કરતા હતા. એ શેહેરની વસતી સને ૧૮૭૭ નાં શાલમાં પોણા બે લાખની હતી તે હમણાં વધીને હડી લાખની થઇ છે, અને બધી રીતે એ શેહેર આબાદ દીસેછે. એ દેશનો પ્રીન્સ અસલ તરકીનાં સુલતાનને તાબે હતો, પણ સને ૧૮૬૬ માં તે છુટો થયો અને તેને પ્રીન્સનો ખેતાબ મલ્યો હતો, તથા ત્યારપછી તરકી રશીઆની છેલી લડાઇ પછી ૧૮૮૧ માં પાદશાહનો ખેતાબ ધારણ કીધોછે. રોમાનીઆ દેશ આસ્ત્રીયા, રશીઆ, અને કાળા સમુદ્રની વચમે આવેલુંછે. તે ૪૯,૨૬૦) ચોરસ મૈલ, અને તેની વસતી ૫૩,૭૬,૦૦૦)ની કહેછે. એનું લસ્કર સમાધાનીનાં વખતમાં ૫૦,૦૦૦)નું અને લડાઇનાં વખતમાં ૨,૦૦,૦૦૦) નું કહેછે, તથા દેશની સરકારી ઉપજ વરસ દીને સાડા ચાર ક્રોડ રૂપીયાની તથા કરજ ચોવીસ ક્રોડ રૂપીયાનુંછે. એ દેશમાં ૮૮૦ મૈલની રેલ તથા ૩૨૫૦) મૈલનો ટેલીગરાફ નાંખેલોછે. હમો સવારનાં કલાક ૮-૧૫ મીનીટે બુકેરેસ્ટથી નીકળેલા સાંજનાં છ વાગે ઓરસોવા જે રોમાનીઆ અને આસ્ત્રીઆની સરહદછે તે પસાર કીધું હતું, અને વરશીઓરોવાનાં સ્ટેશન ઉપર ફરીને હમારો સામાન આસ્ત્રીયાના કુરજવાળાઓએ તપાસ્યો હતો તથા પાછા આગગાડીમાં (ત્યાંથી સુવાનો ગાડી મલી હતી) બેસીને રાતનાં કલાક ૭–૩૦ મીનીટે નીકળ્યા તે આખી રાત રસતામાં ગુજારી હતી.

તા૦ ૭ મી અકટોબર ૧૮૮૧— આજે સવારનાં કલાક ૭–૩૦ મીનીટે બુડાપેસ્ટ (Budapest) કરીને હંગરીનું પાયતખ્ત શેહેરછે ત્યાં સ્ટેશનપર ઉતરયા હતા, અને એ શેહેર જેની વખાણ હમોએ સાંભળી હતી તે જોઇને પાછા બપોરની બીજી ટ્રેનમાં જવાનો ઠેરાવ કરી શેહેર જોવા નીકલ્યા હતા. એ શેહેરનાં બોહોલા તથા ઘેરો ઘણાં જોવા લાયકછે. એનાં રસતા પણ મજેની ફરસબંદીનાં કીધેલાછે. ડેન્યુબ નદીથી તે બે ભાગમાં વેહેંચાઇ ગયલુંછે, તેમાં

એકનું નામ બુડા અને બીજાનું નામ પેસ્ટ કરીને (Buda & Pesth)છે, અને તેમાં છેલ્લો જોવા લાયકછે. તેનાં એક બે મોહોલા બે મૈલ સુધી લાંબાછે, અને તેમાં શુગર અટ (Sugar Ut) કરીને મોહોલોછે તે યુરોપનાં મોટાં શેહેરની બરોબરી કરી શકે તેવોછે, તેમાંનાં અસલનાં સઘળાં જુનાં અને નાધળાં ઘેરો તોડી પાડીને નવી મોટી મોટી ગંજાવર ઇમારતો બંધાઇ કેટલીકો તૈયાર થાયછે, અને કેટલીકો બંધાયછે તેની વચમેનો રસતો ૧૫૦) ફીટ પોહોળોછે અને તેમાં પગે ચાલવાની પગડીઓ ચાર, ગાડાં તથા સામસ લઇ જવાનાં રસતા બે, તથા તેઓનો વચમે ગાડી ઘોડાનો મોટો રસતો એક એમ મલીને સાત રસતાનો એક રસતો બનાવેલોછે, જેવા રસતા બરલીન શીવાય બીજે કેઠે હમોએ જોયા નથી. એ મોહોલાની વચમાં બે મોટા "સ્કુવેર" ચોક કાધેલાછે અને તેમાં ચાર બુણે એકજ મતની હવેલીઓ બાંધેલીછે, જેમાનાં એક ચોકમાં તો એ હવેલીઓ ઉપરાંત એઓની આગલ નાધળા બાગ તથા કુંવારા કાધેલાછે, તેથી ઘણોજ સોભેછે. એ છેલ્લો ચોક મુકયા પછી મજાની ઢપનાં બાંધેલા નાધળા બાગ સાથનાં બંગલા આવેછે, એ જગ્યાપર ગરમ પાણીનાં ઝરા લાગેલાછે, તેથી રસતાઓની ગટરમાંથી ધુમાડો નીકળ્યા કરેછે. એ રસતાને છેડે ઝુઆલોજીકલ ગાર્ડન્સ આવેલીછે તે હમો જોવા ગયા હતા, જયાં ઘોડાંક જનવરોનો સંગ્રહ કાધેલાછે. એ જોઇને ડીક ફરેનગટનું બાવળું જોવા ગયા. એ શખ્સ અહીંયાંનો એક મોટા વીદ્વાન થઇ ગયોછે, તે સારૂ એનું પુતળું પેડસ્ટલ ઉપર બાંજાનુ બનાવીને મુકયું છે, અને તે પેડસ્ટલની ચારો બાજુઓપર તેનાં કુટંબનાં મેમબરોનાં પુતળાં મુકેલાંછે, જે ઘણું જોવા લાયકછે. એ પુતળાંની સામે ડેન્યુબ નદીની ઉપર એક પુલ તદન ઝુલતો વગર પાયાનો સાંકળ ઉપર લટકતો બાંધેલોછે, જે ૧૨૨૦) ફીટ લાંબોછે, અને એવા મોટા ઝુલતા પુલો દુનયાંમાં થોડાછે એમ કેહેવાયછે. તે પુલપરથી પસાર થઇને બુડા કરીને બીજો ભાગછે ત્યાં ગયા. એ ભાગમાં નદી કીનારેથી થોડીક ઇમારતો ઘણી સારી અને રસતો માફકસરનોછે. અહીંયાં હંગેરીનાં આગલા બાદશાહનો મેહેલ એક ટેકડી ઉપર બાંધેલોછે, જે ઉપર જવા સારૂ બાગમાં ચઢાવો ઘણી સરસ રીતનાં બાંધેલાછે. એ જગ્યા પર ગરમ પાણીનાં ઝરા ઘણાં હોવાથી ત્યાં એક ઘણો મોટો નાહાવાનો હમામ બાંધેલોછે, જેમાં આસરે એકમો ઓરડાઓમાં મોટી ટાંકીઓ કરી તેમાં ગરમ ઝરાનાં પાણીનાં નલો મુકી લાવેલાછે. એ પાણી ખળખળતું ગરમ પાણી જેવું રહેછે, તેમાં નહાવાથી દીલનો ઘણો રોગ નરમ પડેછે, દરેક જણના નાહાવાના ૫૦) ક્રાજર ધ્યાને અરધો રૂપીયો લેછે. એ જોઇને હમો આગગાડીનાં સ્ટેશનપર પાછા આવ્યા હતા. બુડાપેસ્ટની વસતી આસરે ૨,૮૦,૦૦૦) માણસનીછે, અને એ હંગેરીનું પાયતખ્ત શેહેર ગણાયછે. હંગેરીનુ દેશ જોતાં કે ઘણું વગડ થયાં આસ્ત્રીયાના તાબામાંછે, અને તેઓનો વહીવટ સઘળો આસ્ત્રોઆમાં થતો હતો તેને નામનું ઠુકરાપણું આપીને ૧૮૬૭ માં તેનો બાદશાહ જાણે બીજો હોય તેમ આસ્ત્રોઆનો શેહેનશાહ એ શાહમાં ઘણી ધામધુમથી તખતનશીન એ શેહેરમા થયો હતો. તેનો વહીવટ જુદી કાર્ગનશીલ (ધ્યાને ડાએટથી) ચલાવેછે, અને જરમનીનો શેહેનશાહતમાં જેમ બીજાં પરચુરણ રાજ્યો સામેલછે તેમ આસ્ત્રીઆની શેહેનશાહતમાં એને સામેલ કીધુંછે, અને

ત્યારથી એ શેહેનશાહતનું નામ આસ્ત્રોઆ હનગેરી કરીને આપેલું છે. હમો બુડા પેસ્ટથી બપોરનાં ૨–૧૦ મીનીટે ટ્રેનમાં બેસીને રાતનાં ૭–૩૦ મીનીટે વીએના મધે આવી પુગા, અને ત્યાંનાં હોટલ મેટરોપોલમાં ઉતારો લીધો હતો. આગગાડીમાં જે રસ્તો આજે પસાર કીધો તે સઘળો ફળવંત દીસતો હતો, અને ત્યાં મેવો ઘણો થવો જોઇયે, કારણકે સ્ટેશનો ઉપર નાધળી ટોપલી ભરીને મેવો લોકો ૦૫ રૂપીયે વેચવાને ઘણું ખુશી થતાં હતાં. એટલો બધો સસતો મેવો યુરોપનાં બીજાં ગામોમાં હમોએ કદી જોયો નથી. સેફ, દરાખ, પેર, પ્લમ્સ, એપરીકોટસ એ સઘળું એકજ ભાવે ટોપલીઓ ભરીને એક ફ્રાંકે વેચતા હતા

તા૦ ૮ મી અકટોબર ૧૮૮૧— આજે પેહેલાં Franzens Platz નાં રસ્તામાં પેહેલા ફ્રાંસીસનું બાવળું જોવા ગયા હતા, જે બ્રાંજનું બનાવીને શાહનશાહના મેહેલવાલા ચોકમાં મુકેલું છે, અને તેની આજપાસ ધરમ, સલાહ, ધનસાફ અને હીંમતનાં દર્શણીક (આલેગોરીકલ) પુતળાં ગોઠવેલાંછે. તે ઉપરાંત બુણાંઓ પર હુનર, વેપાર, ખેતીવાડી ઇત્યાદીનાં બીજાં પુતળાં મુકેલાંછે.

તે જોઇને એ મેહેલને લગતી ઘોડાપર બેસવા શીખવાની સ્કુલ જોવા ગયા હતા, જ્યાં શેહેનશાહનાં બેસવાનાં ઘોડાઓને સરસ રીતની કેળવણી આપતાં જોઈ હતી. ત્યાંથી નીકળેલા મેહેલને લગતો દેવલ આગસ્તીનેર કીર્ખે(Augustiner Kirche)કરીને આગસ્તીનેર ગાસ(Augustiner gasse) નામના મોહોલામાં આવેલું છે તે જોવા ગયા હતા. એ દેવલ કાંઈ ઘણું ભપકાદાર નથી, પણ એની અંદરનો એલટર ઘણોજ સારો અને નકશીદાર તથા વગર ગણત્રીનાં પુતળાંઓ તથા બારબંદર જેવા પોચા પથરનો બનાવેલોછે; તે તથા ડચેશ ક્રોસ્ચીઆનાનો યાદગારીનું બાવળું મુકેલુંછે, તે ઘણુંજ સરસ કાનોવા (Canova) કરી વખણાયલા કારીગરનું બનાવેલું છે. હીંયાં સઘળા શેહેનશાહો મરણ પામેછે,તેમનાં દીલ(Heart) કાહાડીને રૂપાનાં વાસણોમાં રાખી મેલી મુડદાં બીજાં દેવલોમાં દાટેછે, અને શેહેનશાહનાં બાનદાનનાં લગન તથા બેપ્ટીસમની ક્રીયા પણ હીંયાંજ થાયછે. શેહેનશાહને મેહેલમાંથી પાધરો અહીંયા આવવાને રસ્તો કીધેલોછે, જે વાટે આવી તે ગેલરી પર બેસેછે

એ જોઇને પછી Scholten Ring માં આવેલું Hieland skerche બનાને વોટીવ ચર્ચ (Votive Church) કરીને દેવલ સને ૧૮૫૩ માં હાલનાં શેહેનશાનું ખુન થતાં બંચી ગયો હતો તેની યાદગારીમાં બાંધેલું છે તે જોવા ગયા હતા. એ દેવલ અંદરથી ઘણુંજ સરસ સણગારેલું છે અને તેની છતપર ચીત્રકામ કીધેલાંછે.તેની ૭૮) રંગીન કાચની બારીઓ જુદા જુદા પૈસાવાલા શખ્સોએ મુકેલીછે, તે ઘણીજ સરસ અને જોવા લાયકછે, જેમાં મુકાવનાર ઘણીની પોતાની અને કોઇમાં કુટંબની સબાઓ પાડેલીછે. શેહેનશાહ તથા તેનાં કુટંબની સબાઓ પણ બારીઓમાં પાડેલીછે. એ દેવલ સને ૧૮૭૯ માં તૈયાર થયલું છે, પણ એની અંદરનાં બાંધકામમાં કાચો પથર વાપરવાથી અત્યારથીજ તેમાં બાંધળાં પડવા માંડેછે, તેથી બીજાં દેવલોનો માફક આ દેવલ ઘણું સુધી ટકે એવું લાગતું નથી.

એ જોઇને પછી શેહેનશાહનાં મેહેલનાં ચોકમાંથી પાછા પસાર થયા હતા (એ મેહેલ શેહેરનો વચમાં આવેલોછે અને તેનાં ચોકમાં થઇને મેહેલનો નીચેથી રસ્તોછે તેમાંથી આજો વખત ગાડી ઘોડા આવ જાવ કરેછે). તે વખતે મેહેલ ઉપરની લશ્કરી ચોકી બદલવાનો વખત થયો હતો,

તે જોવાને ૧૨॥ વાગેને લોકોનો ભીડ ઘણી મલી હતી તે હમો પણ જોવાને ઉભા હતા. દરરોજ ચોકી બદલવા સારૂં એક ટુકડી વાજાં સુધાં આવેછે અને ચોકી કરતી ટુકડી તેની સામે ઉભી રહીને મળેછે, અને તેની પાસે જે વાવટો હોયછે તે નવી આવેલી ટુકડીને આપેછે; તે વખતે પાદશાહની સલામતીનું વાજું વજાડેછે. પછી નવી ટુકડીવાલાઓ મેહેલની અંદર જુની ટુકડીનાં માણસો સાથે પહેડા બદલી કરેછે તે પાછા આવે તેટલાં સુધી પેલું વાજું બે ત્રણ રાગ લોકના શોખને સારૂં વજાડેછે. એ જોઇને શેહેનશાનાં તબેલાઓ જોવા ગયા, જયાં જાતજાતની સ્ટેટ કેરીએજીસ ઘણી સારી પણ સાદી ઢબની રાખેલીછે. હમણાની સ્વારીની ગાડીઓપર ગીલીટ માફકસરનોછે પણ જુની સો વરસની ગાડીઓ યુરોપનાં બીજાં દેશોમાં ગીલીટની જોઇ તેવીછે. એ ગાડી ઉપરાંત શેહેનશાહાનાં બૈયા તેના કબીલાનાં માણસો મરણપાએ તેઓનાં મુડદાં લઈ જવાની ગાડીઓ પણ રાખી મુકેલીછે. સને ૧૮૭૩માં પ્રદર્શન થયું ત્યારે યુરોપનાં ઘણાખરા રાજાઓ અહીંયા આવ્યા હતા, તેઓ દરેક સારૂં નવી ગાડીઓ બનાવી હતી, તથા બીજા પરચુરણ લોકોમાટે પણ નવી. ગાડીઓ બનાવ્યાથી ગાડીઓએ એક મોટો હૉલ ભરી નાખ્યોછે. અહીંયા એક કેશમાં તરકીનાં સુલતાને મોકલેલું જીન તથા તેનાં સઘળાં સીંગાર મુકેલાંછે. તે તદન જવેરાતથી મઢી લીધેલું, અને ઘણું કીમતીછે. એનાં એક ઓરડામાં શેકારે જવાનો સામન ગોઠવેલોછે, તેમાં જાત જાતનો બંદુકો તથા હરણોનાં સીંગડાં તથા શેહેનશાહો અને તેઓની ઓરતો એ મારેલાં હરણોનાં ડોકાં ગોઠવેલાંછે. તેની વચમે હરણનાં ડોકાંનું તથા સીંગડાનું એક ઝુંમર ઘણી સારી રીતથી બનાવીને મુકેલું છે. શેહેનશાહનાં તબેલામાં હાલ ૪૦૦) ઘોડાઓ રહેછે, તે સઘળા મોટી કીમતનાં અને ઘણું જોવા લાયકછે. તખ્ત ઉપર બેસવાની કીયા વખતેના સફેદ અને મોહોતની કીયા વખતેનાં કાળા રંગનાં ઘોડાઓ વાપરવા જુદા રાખેલાછે, જેઓ તેજ વખતે કામે લાગેછે અને બાકીનો વખત બેસીને બાયા કરેછે. પેહેલા ઘોડા સને ૧૮૬૭માં હમણાંનો શેહેનશાહ હનગેરીનો પાદશાહ દાખલ તખ્તનશીન થયો ત્યારે વપરાયા હતા, તે હાલ ઘણાં બુઢા થઈ ગયાછે અને જે મરી જાયછે તેને બદલે બીજા લાવીને રાખેછે. એ તબેલા જાણે મોહોલાનાં મોહોલા ચોખ્ખુટ બાંધેલા હોય તેમ ગણત્રી વગરનાંછે, અને સઘળા ઘણા સફા રાખેછે. એનેજ લગતી સ્વારી કરવાની નીશાળ રાખેલીછે, જેની ઉપર કાચનું કવર કરી લીધેલુંછે, ત્યાં શેહેનશાહ અને તેનાં કુટંબી શીયાળાનાં વખતમાં ઘોડાપર કશરત કરેછે.

એ જોઇને પછી રીંગસ્ત્રાસમાં(Ring-strasse) આવેલું કુન્સ્તલેર હાઉસ (Kunstler haus)નુ સંગ્રહસ્થાન જોવા ગયા હતા. એ જગ્યાપર સુખીઓનો સારો જથો કીધેલોછે, જેમાં કોઈ કોઈ ઘણી કીમતીછે. ત્યાંથી નીકળેલા સ્ટુબેન રીંગ (Stuben Ring) માં આવેલું ઓસ્ત્રીયન સંગ્રહસ્થાન જોવાને ગયા, જ્યાં પણ સુખી તથા પુતળાંઓનો સંગ્રહ સારો કીધેલોછે. તે ઉપરાંત દેશ દેશનાં જાત જાતનાં હુન્નરકામનો પણ જથો ઘણો મુકેલોછે, તેમાં સોનાકામ, રૂપાંનું ફીલીગરી વરક, ચાએનાવેર, મીના કામ, ફરનીચર, હથીયારો, હાથીદાંતનું કામ, બાલોર કામ, જુની અને નવી ઢબનું લાકડાંનુ મોઝેઇક વરક, પડદા, કબાતકામ, ક્રેમીનેટ, એમબર્ની અને જાત જાતનાં ઉંચા પથરોનો ભેળોશેશ બનાવેલી જુની લાકડાની તીજોરી, અસલમાં પથરાનાં વપરાતાં હથીયારો ઇત્યાદી ઇત્યાદી એવી બધી જાતનાં દેશ દેશની

બનાવટનો સંગ્રહ ઘણો સારો કીધેલોછે. એ ઉપરાંત ૧૬૦૦૦) પોઠીઓનું પુસ્તકખાનું, તથા ૧૫૦૦૦) ફોટોગ્રાફ તથા ડાઇંગ મુકેલાંછે, એ સઘળું જોવા લાયકછે પણ તેની વીગતો હમો લખી શકતા નથી. ત્યાંથી નીકલેલા સને ૧૮૭૩ માં અહીં મોટું એકઝીબીશન ઉઘાડ્યું હતું તેની વચમેનાં ભાગની ઇમારત જે Prater નામની જગ્યામાં બાંધેલી હજુ સાબેલીછે તે જોવા ગયા હતા. એ ત્યારપછીનાં એ શેહેરનાં પ્રદર્શનોનાં કામમાં આવેછે. તેમાં વચમાં એક મોટો ગોળ હૉલ બાંધી તેની ચારો બાજુપર છુટા છુટા વધારા(Wings) બાંધ્યાછે. વચમે ગોળ હૉલ ઘણોજ મોટોછે, તેની ૩૨૦) ફીટ પરીધછે, અને તેની ઉપરનાં ગુંબજનું મથાળું ૩૯૦) ફીટ ઊંચુંછે. એની વચમાં એક મોટો ફુવારો કીધેલોછે, જે હમો ગયા તે વખતે ઉડારયો ત્યારે પાણી આસરે ૮૦) ફીટ ઊંચે ઉડ્યું હતું. અને પવન અંદર નહી હોવાને લીધે ઘણું સીધુંજ ઉડ્યું હતુ. હૉલને ફરતી સાડી બાંધીને તે ઉપર ઓટલા (પ્લાટફાર્મ), તથા મથાળે ફરતી ઊંચી ગેલેરી કીધેલીછે. તે ઉપરથી ગુંબજની અંદર છેક મથાળાંની નજદીકમાં પણ ફરતી ગેલેરી કીધેલીછે, જ્યાં જવા સારૂં સાંચા (લીફ્ટસ) રાખેલાછે. એ ઇમારત જ્યારે પુરેપુરી હશે ત્યારે ઘણીજ ભપકાદાર અને મોટી હોવી જોઇએ, જે તેનાં પ્લાન તથા ડીઝાઇનનાં ડાઇંગ ત્યાં રાખેલાંછે તે જોવાથી માલમ પડેછે. એ જોઇને પછી અતરેનાં પાર્કમાં ફરવા ગયા હતા જે યુરોપનાં બીજા દેશોનાં પારકોને મલતો આવેછે ત્યાં થોડાક રેસ્ટોરાંટ કીધેલાંછે, તેમાં એક ઘણુંજ મોટુંછે જ્યાં ૭૦૦૦) માણશો એકી વખતે આવજાવ કરેછે. ત્યાંથી પીપલ્સ પાર્કમાં ગયા. પગે ચાલતાં જતાં લોકોને ફરવા સારૂં એ જગ્યાછે, જેમાં (Restaurauts) રેસ્ટોરાંટનો તો કાંઇ થાગજ નથી ; જાણે એનોજ મોહોલો હોય તેમછે. એ ઉપરાંત જાતજાતની ફરવાની ચકરીઓ, નાચો, આરગીનો ઇત્યાદીનાં પણ ઘરો છુટાં છુટાં બાંધેલાંછે, જેથી લોકોને મોજ કરવાને બની શકેછે. આજે રાતનાં અહીંયાનાં ઇમપીરીઅલ ઓપેરા હાઉશમાં UnBallo in Maschera નો ઓપેરા જોવા ગયા હતા. એ ઓપેરા હાઉશ ઘણું મોટુ, અને તેની અંદર ૩,૦૦૦) માણસ બેસે એટલી જગ્યાછે. તેની અંદરનો તથા બાહારનો ભાગ ઘણો સારો સણગારેલો તથા તેના તખ્તાની રંગભુમી પણ ઘણી સરસ કીધેલીછે. તે બાંધવામાં હમારા ધારવા મુજબ પચીસથી તીસ લાખ રૂપીયા બેઠા હશે ; પણ જોયા મેલે શેહેનશાહને તે પસંદ પડતી નથી તેથી બીજો નવો અને ઘણો સરસ ઓપેરા હાઉશ બાંધેછે, જે હજુ તૈયાર થયો નથી. એ ઉપરાંત પરચુરણ નાટક તથા નાચનાં ઘરો પણ ઘણુંછે, જેમાંની બીજા વર્ગની નાટકશાળા જેવી પણ મુંબઇમાં એકું નથી, અને ત્રીજા વર્ગની શાળાઓ પણ ઘણી સરસછે.

તા૦ ૯ મી અકટોબર ૧૮૮૧— આજે સવારનાં આમબ્રાસ કલેકશન (Ambras Collection) કરીને એક સંગ્રહસ્થાનછે તે જોવા ગયા હતા, જેમાં પરચુરણ ચીજોનો ઘણો સારો જમાવ કીધેલોછે. એનો મેહેરાબ ડયુક ફરડીનાંડ જે સને ૧૬૯૬ માં મરણ પામ્યો તેણે Chateau Ambras કરી ઇનસબરકમાંની નજદીકમાં મેહેલ હતો ત્યાં કીધેલો હતો. તે વીએનામાં સને ૧૮૦૬માં લાવીને મુકેલોછે અને ત્યાર પછી તેમાં વધારો ઘણો કીધોછે. એમાં નવાઇની ચીજોમાં ૭૫ ફીટ ઊંચાં માણસનું લોખંડનું બખ્તર, જે ઉપલા ડયુકનો એક હજુરીઓ (વાલેટ) હતો તેનુંછે. પાદરીઓનાં રેસમી

તથા કસબી ભરતનાં પેહેરવાનાં જભા ઘણાંછે, અને તે ઉપર બેસુમાર સેંત્સની તસવીરો ઘણી સરસ કારીગીરીથી ભરેલી છે, તથા તેમાં બધો ઘણોખરો ભાગ મોતીઓથી ભરાયલોછે. એની કારીગીરી ઘણી જોવા લાયકછે. એ જભા કાંઇ નાધળા નથી પણ અત્તીઘણું મોટા, કબટનો આખો ભાગ ભરાય એવડાછે. એક કબટ ઘણું નાધળાં ૧૦૦૦) આનાંનીછે. એક પોલાદની ખુરસીમાં એવી ગોઠવણ કીધેલીછે કે જે તે ઉપર બેસે તેનાં હાથ તથા પગ એક જાતની ચાંપથી બંધાઇ જાયછે. હાથી દાંતનાં નાધળાં ૧) થી ૧૫ પ્રીટની ઊંચાઇનાં પુતળાં, વાઝોસ ઇત્યાદી પણ કીધેલાંછે, અને તે ઉપર માણસો, જનાવરો, તથા ઝાડની તસવીરો અત્તીઘણી ઝીણી કારીગીરીથી કીધેલીછે. હમણાંનાં શેહેનશાહનાં સીલ્વર વેડીંગ પર વીએનાનાં લોકોએ તેને એક પેટી ભેટ આપીછે જે અબનુસ, હાથીદાંત અને રૂપાંકામની બનાવેલીછે; તે ઉપર સારી કારીગીરીનાં બનાવેલાં રૂપાનાં પુતળાં મુકેલાંછે. હીરાનાં મુદાંની લાકડીઓ, જવેરાતનાં બનાવેલાં નાંધળાં ફુલાવર વાઝ તેમાં હીરા, માણક, પાણાં અને મોતીનાં ફુલો સુધાં, કેરબાનાં વાસણો તથા ક્રાસ, પરવાળાનો સામન, તલવારની આખાં પરવાળાની મુઠ, જવેરાતનાં આલટર, આખાં મોટીનાં એકથી બે ઇંચ મોટા કુતરા, રતનહાસ તથા બીજાં ઘણાં જાનવરો, એક બાવળું વીએનાં બધે હોફ્સ મોન્યુમેનટ કરીનેછે તેની નકલ ઘણી સરસ બનાવીને તે ઉપર ઓટા હીરા તથા પાના જડી ઘણું શોભાયનું કીધુંછે, તથા એક જ્યોતીશીનું ઘડીયાળ (Astronomical Clock) સને ૧૬૬૩ માં બનાવેલું ઇત્યાદી ઘણી ચીજોછે, જેની વીગતો હમો લખી શકતા નથી. વખણાયલા સરદારોનાં જુના લડાઇનાં બખ્તરો પણ ઘણાંછે.

એ જોઇને બી પીકચર ગેલેરી (The Picture Gallery) જોવા ગયા હતા. એ તસ્વીરોથી બેલવેદીઅરનો મેહેલ સને ૧૭૭૭ થી રોકતા આવેલાછે, પણ તેમાં પાછલથી બીજાં નાધળાં સંગ્રહ વેચાતાં લઇને ઉમેરતાં ઉમેરતાં હાલ ૧૫૦૦) ઉપર એકઠાં કીધેલાંછે, અને તેમાં યુરોપનાં ઉસ્તાદ ચીતારાઓને હાથની તસ્વીરો જુદા જુદા ઓરડાઓમાં મુકેલીછે. તેમાં મોટા ભાગ વીનીશીઅન સ્કુલનાં રૂબન અને દુરઅર ચીતારાઓનાં હાથનાંછે, જે બાબે આએ સંગ્રહની બરોબરી દુનયાની બીજી કોઇપણ ગેલેરી કરી શકતી નથી. એ પીકચર ગેલેરી મરાયા થેરીસા (Maria Theresa) કરી શેહેનશાહ બાંનું હતી તેને પોતાનો મેહેલ આપીને પોહોલી ઉભી કીધી હતી. એ મેહેલ ઘણો મોટો અને તેમાં પેસતાં સંગેમરમરનાં પથરનો હોલ બાંધેલાછે, તથા ઉપરનાં ઓરડાઓમાં અસલનો ઘીલ તથા છતોપર ચીત્રકામ હજુ સલામતછે. તેમાં એક ઓરડો સૌથી નાંકેછે તે તદન આખો શુદ્ધ ઘીળનો દેવાલ છત શુધાંનો કીધેલોછે, જેમાં હાલનાં શેહેનશાહને સને ૧૮૭૩ નાં એકઝોબીશન કમીટીવાલાઓએ એક આલબમ ભેટ આપેલી તે મુંકેલીછે, તે જાણે એક મોટી પેટી હોય તેવી આસરે ૪×૨ પ્રીટની હશે, અને ઊંચાઇમાં ૧) પુરછે. તે આલબમમાં એ શેહેનશાહ સને ૧૮૪૮ માં તખ્ત ઉપર આવ્યો ત્યારથી તે સને ૧૮૭૩ સુધી ઓસ્ત્રીયામાં જાણવા લાયક બનાવો બન્યા તથા ઇમારત બંધાઇ તેનાં ફોટોગ્રાફ મુકેલાછે, અને તેને બાહારથી ઘણી સરસ સણગારેલીછે. એ જોઇને પછી સેંટ કાર્લોસનું દેવલ બાહારથી જોયું હતું, જેની બાહર બારણાં આગલ બે મોટા મીનારા સહીત થાંભળા મુકેલાછે, અને તે ઉપર ત્રોજનનાં કોલમ (Trojan Columns) ની માફક અત્તો ઘણી નકશી

કીધેલીછે. એ શીવાય દેવલમાં કાંઈ ધણું જોવા લાયક ન હોવાથી અંદર નહીં ગયા હતા. ત્યાંથી નીકળેલા રીંગસ્ટ્રાસ (Ring-strasse) નાં ભાગનાં પારાદ પ્લાત્ઝ (Parade Platz)માં આવેલી કોર્ટ ઓફ જસ્ટીસની ઇમારત જોવા ગયા હતા. એનો બાહારનો દેખાવ ધણો સરસ અને અંદર પેસતાંજ સીડીપર (જસ્ટીસ) ઇન્સાફનું પુતળું મુકેલું છે તે ધણું ભપકા ભરેલું લાગેછે. એજ જસ્ટીસનાં ગંજાવર પુતળાંને ચાર થાંભળાને મહેરાબ સીડી સાંબે કરીને તેપર મુકેલું છે. એ શીવાય બીજું અહીંયા કાંઇ જોવા લાયક નથી. કોરટોનાં ઓરડા માફકથરનાં તથા સધળા સાદાછે. વચમાં ચોક કરીને તેની આસપાસ ઓરડાઓમાં જવા આવવાને ગેલેરી કીધેલીછે, તેની છત ગુંબજોની અને તે ઉપર ઓયલ પેનટીંગસ કીધેલાંછે. એ ૩૫૪) ફીટ લાંબી અને તેટલીજ પોહોળી હશે.

એ જોઇને પછી લીખ્તનસ્ટીન પીકચર ગેલેરી (Liechtensteen Picture Gallery) જોવા ગયા હતા. એ ગેલેરી અતરેના એક પૈસાવાલા ગ્રહસ્થ પ્રીન્સ લીખ્તનસ્ટીનની પોતાની મીલ્કતછે, અને તેનાં ઉનાળામાં રેહેવાનાં મેહેલની પાસે છુટો વડાવાનો મેહેલછે તેમાં સંગ્રહ કીધેલોછે, જયાં વીસ ઓરડા ભરી ૧૪૦૦) તસ્વીર મોટા ઉસ્તાદોનાં હાથની ધણી કીમતી રાખેલીછે; તેમાં બે તસવીરો કોઈ ઉમરાવ અને ઉમરાજદીનાં વેનડાઇકનાં હાથનાં ચીતારેલીછે, તે દરેકની કીમત એક લાખ રૂપીયા આપીને વેચાતી લીધેલીછે, તથા રામબ્રાંટની પોતાની સાબી પોતે પાડેલીછે તેની તો કીમતજ નહીં થાય એમ કહેછે. એવી એવી ઊંચી અને કીમતી તસવીરો એ પ્રીન્સ અને તેનાં વડાઓ આજે ૧૫૦) વરસો થયાં એકઠી કરતા આવેલાછે, જે સધળી સાબીઓ ધણી જોવા લાયકછે અને આપણા વીએનામાં સૌથી કીમતી ગણાયછે; પણ એ ઇમારતનાં માળપર ઓરડાઓમાં જે તસ્વીરો રાખીછે, ત્યાં બારીઓ અસલી ઢબની નાખળી હોવાથી રોશની બરાબર પડતી નથી તેથી તેઓની ખુબી ધણી જણાતી નથી.

ત્યાંથી નીકળેલા શોહેનબ્રાહનો સમરપલેસ સોનબ્રન(Schonbrunn)કરીને વીએનાથી આસરે ચાર મૈલ દુરછે તેને લગતો પાર્ક તથા જનવરોનો સંગ્રહ જોવા ગયા હતા. એ જગ્યાનો બાગ ધણો સરસ સણગારેલોછે, અને તેનાં રસતાની બાજુઓપર ઝાડ રોપી તેને ઉપરથી કાપી આરકાંઓ બનાવવાથી તે રસતા દુરથી ધણાં સરસ લાગેછે. બાગમાં મોટા ફુવારા પણ સારી ગોઠવણનાં કીધેલાંછે, તથા બાગને છેડે ઓલું થાંભલાપર એક ઘેર બાંધેલું છે, જેને ગ્લોરીએટ (Gloriette) કરીને કહેછે. તે ટેકડીને મથાળે આવેલું છે. તે ઉપરથી વીએનાનો દેખાવ ધણો સરસ દીસેછે. એ બાગને લગતી મીનાજરી (પ્રાણીઓ રાખવાની જગા)ની ગોઠવણ ધણી સરસ દીસેછે. વચમાં એક કુંવારો કરી તેની આસપાસ ચોક રાખીને જનવરોનાં પીજરાંઓ છુટાં છુટાં ચોકો ઘેરી લઇને કીધેલાંછે, તેમાં તરેહ તરેહનાં જનવર રાખેલાંછે. તે ગોઠવણી ધણી સરસ અને જોવા લાયકછે.

તા૦ ૧૦ મી અકટોબર ૧૮૮૧— આજે હમો પેહેલાં કેબીનેટ ઓફ કાઇન્સ એંડ એનટીકવીટીસ(Cabinet of Coins and Antiquities) જોવા ગયા હતા. એ જગ્યાપર ધણી મોટી રકમના જુનાં સીક્કા જમીનમાંથી ખોદી કાહાડેલા, ક્રાઇસ્ટ ની આગમજનાં ધાતુનાં વાસણો, જવેરાત, કેમીઓસ, તથા કીમતી જવેરાતની નવાઈની ચીજો રાખેલીછે; તેમાંનાં સીક્કા કોઈ કોઈ તો ધણાં મોટા કદના તથા ચાંદાછે, તેમાં હાલનાં શોહેનબ્રાહનાં ખાનદાનનાં વડાઓની જીનીઓલોજીકલ ટ્રી (પેહેડીઓનાં નામો

તથા સખીઓ) નું ઝાડ સને ૧૬૭૭ નાં શાલ સુધીનું કીધું છે. કેમીઓસમાં એક મોટું ખલીર (વીટી બનાવેછે તેવા પથરનું એક મોટા વેશ-માં કોતરેલું ૮)ઇંચ પરીઘમાંછે. એવીજ એક બીજી ૯) ઇંચની રકેબીછે, તેમાં પાદશાહોનાં મોહોડાંના કેમીઓસ નંગ ૨૦) કોતરેલાંછે. એ રકેબી ૧૨,૦૦૦) ડુકટ આપીને શાહનશાહ બીજા રોડાલ્ફે વેચાતી લીધી હતી. એક અગેટ જાતનાં પથરનું વાઝ ૨૯) ઇંચ ડાએમેટરનું છે. આલરીક જે ગાથસનો મોટો પાદશાહ થઇ ગયોછે તેનું શીલ આખાં પન્નામાં કોતરેલું છે. એક સોનાનું વાસણ જે દુનયામાં સૌથી મોટું કહેવાયછે તે ૬૧૪) આંગ્રેશ વજનમાંછે. એક સોનાની રકાબીછે તેમાં ૧૨૭) કેમીઓસ કરી તે ઉપર જવેરાત જડી લીધેલું છે. ગોલ્ડન ફ્લીસનાં ખેતાબનો હારછે તેમાં આસ્ત્રીઆનાં પાદશાહોની ૪૯) સખીઓ કેમીઓસમાં કોતરેલી મુકેલીછે, અને તે ઉપર મીનાકામ ઘણું સરસછે. એક લાકેટછે તેમાં ૨) ઇંચ ડાએમેટરનાં આખા પન્નામાં સખી કોતરી આસપાસ કીમતી હીરા જડેલાછે. એ સખી પોપે આગલનાં કોઇ પાદશાહને ભેટ મોકલાવી હતી. એવું એવું ઘણું જોવા લાયકછે.

એ જોઇને શેહેનશાહનાં મહેલનુ પુસ્તકખાનું જોવા ગયા હતા, જેને સારૂં જુદીજ ઇમારત સને ૧૭૨૨ માં બાંધી હતી, અને તેની શેલુન ઘણી સરસ ચીતાર તથા ઘોળની કીધેલીછે. પુસ્તકખાનાંમાં બધાં મલીને દશ લાખ પુસ્તકછે, તેમાં વીસ હજાર ઉપર હાથનો લખેલી જુની ચોપડીઓ, જેમાં ઉગમણુ ભાષાઓની ઘણીછે, અને જે સને ૧૮૫૭ નાં શાલમાં બેરન એંડ હેમર પુર્ગસ્ટાલે (Baron and Hammer Purgstall) એકઠી કીધી હતી. એ ઉપરાંત

૧૨,૦૦૦) પુસ્તક ગાયનનાંછે. સને ૧૫૦૧ નાં શાલની આગમજ છપાયલી ચોપડીઓનાં નંગ ૧૨,૦૦૦) છે, તેમાં એક સામ્સ (ભાગુવાનું ગાવાની) ચોપડી સને ૧૪૫૭ નો, અને સૌથી જુની છપાયલી બાઇબલ સને ૧૪૩૦ નાં શાલનીછે. એ ઉપરાંત છુટાં કાગજો લખેલાંછે, તેમાં લાલ કાગજો ઉપર સોનેરી અને રૂપેરી અક્ષરો છઠી સદીનાંછે. થોડાંએક લખેલાં કાગજોનાં કટકાઓપર જેનીશીસ (બાઇબલનો પેહેલો ભાગ) લખેલાં ચોથી સદીનાં, દવાઇની ચોપડીઓ ચીત્ર સુધાં પાંચમી સદીની, કેટલાંએક સોલમી સદીમાં લખેલાં કાગજો જે ખોલી આંખથી ભાયગે ઉકળી શકાય એટલા ઝીણાં લખેલાંછે, એક કોરાન ગળામાં તાવીજમાં પેહેરાય તેટલી નાધળી સને ૧૫૪૫ નાં શાલની લખેલીછે, એક નકશોછે તે સને ૧૬૦) થી ૧૮૦) નાં શાલનો બનાવેલો રોમન શાહનશાત બતાવવાને રાખેલોછે. તે ઉપરાંત તાડનાં પાતરાં ઉપર લખેલાં તથા બીજા જુનાં અને નવાઇનાં ઘણાં કાગજોછે જેની વીગતો હમો લખી શકતા નથી.

એ જોઇને પછી એકેડેમી ઓફ આર્ટસ (Academy ofArts) જોવા ગયા હતા, જેનો બાહારથી ભપકો ઘણોછે અને હમણાં જે નવી ઇમારતો ઘણી બંધાયછે તે ઢબની એકછે. તેને બાહારથી દીવાલોમાં ગોખલા કરીને માળા ઉપર તથા હેઠે મોટાં કદનાં પુતળાં ગોઠવેલાંછે, તથા દીવાલો ઉપર પુલોની તથા બીજી તરાંહ પાડીને ઉપર ઘોળ કીધાથી દેખાવડું લાગેછે. એ ઇમારતમાં દુનયામાં વખાણાયલાં પુતળાંઓની કાસ્ટીંગ્સ (ઓટકામ) કરીને મુકેલીછે, અને તે ઉપર તેને મથાળે મોટી પીકચર ગેલેરી રાખીછે, જેમાં ઘણાં ઉસ્તાદોનાં હાથની—તેમાં ડચ (વલંદા) સ્કુલની ઘણી જોવા લાયકછે.

એ જોઇને પછી અતરેનો સેંટ સ્તીફનનો કેથીડ્રલ (St. Stephen's Cathedral) જોવા ગયા હતા. એ દેવલ ઘણું જુનુ એને ૧૩૧૦ અને ૧૫૧૦ નાં શાલની વચમાં બંધાઇને તયૈાર થયું હતું, તેમાંનો થોડોક ભાગ એથી પણ ૨૦૦) વરસ આગમજનોછે. એ દેવલ ૩૫૪) ફીટ લાંબુ અને ૮૯) ફીટ ઊંચુંછે. એનો અંદરના થાંભળાઓ પર ૧૦૦) ઉપર મોટાં પુતળાં કોતરેલાં અને છાપરાં ઉપર રંગીન નળીયાં કીધેલાંછે. એનો એલટર ઘણોજ સરસ તદન રૂપાનો બનાવેલોછે, અને તેની ઉપર સેંટ્સ વગેરે બીજાં મોટાં કદનાં પુતળાં મુકેલાંછે, તે પણ એજ ધાતુનાં બનાવેલાંછે. એ એલટરની હેઠલ વોલટ (ભોંયરાં) માં શેહેનશાહી ખાનદાનવાળા મરણ પાંમેછે તેને " એમબામ " કરેછે, તેના આંતરડાં તથા પેટનો મવાદ રૂપાનાં વાસણમાં ભરીને અહીં રાખેછે. અહીં ડયુક રોદાલ્ફ (Duke Radolph) દટાયલોછે તેની પેાર ઘણાં ઊંચાં લાલ મોટા પથરની બનાવેલીછે, અને તે ઉપર બેસુમાર નાધળાં નાધળાં પુતળાં અને તેની જીંદગીની વીગતની તસવીરો કોતરેલીછે,તે ઘણી જોવા લાયકછે. એ પેારનાં પથર ઉપર બે લાખ ફલોરીનનો ખરચ બેઠો હતો એમ કહેછે. એનું મુડદું એ પથરની અંદર પેટી બનાવીને તેમાં રાખેલુંછે. એ દેવલની અંદર ૧૦૦) વરસની આગમજનાં બધા અહીંનાં પાદશાહો દટાયલાછે. એનો બરઝ ૪૩૦) ફીટ ઊંચો અને ઘણો દળદાર તથા નકશીદાર બનાવેલોછે.

એ જોઇને પછી કેપ્યુકીન્સ ચર્ચ (Capuchin's Church) કે જ્યાં અહીંયાનાં શેહેનશાહો તથા તેઓનો કબીલો ૨૦૦) વરસ થયાં દટાયેાછે તે વોલ્ટ જોવા ગયા હતા. એ વોલ્ટમાં જવા સારૂ એક નાહાની ગલીછે, તેમાંથી હેઠળ સીડીઓ પરથી જવાનું કીધેલુંછે. વોલ્ટમાં એ શેહેનશાહી ખાનદાનની કોફીનો છુટી છુટી ઓરડાઓમાં ગોઠવેલીછે, તેમાં એક શેહેનશાહ અને તેની બધરી છોકરાં એક ઓરડામાં, બીજો શેહેનશાહ અને તેની બધરી છોકરાં બીજા ઓરડામાં, એમ દરેક કબીલાની છુટી કોફીનો મુકેલીછે. એ કોફીનો તદન ધાતુનો બનાવેલીછે, અને તેઓની અંદર સીસાં તથા લાકડાંની એકની અંદર એક એમ કોફીનોછે, જે છેલીમાં મુડદાં રાખેછે, અને એક પથરનો ૩) ફંચ ઊંચો ઓટલો (પ્લાટફાર્મ) બાંધોને તે ઉપર રાખી મુકેછે. એ બધી કોફીનો ઉપર તેઓનાં બસ્ટ તથા નામ કોતરેલાંછે, પણ તેમાં સૈાથી સરસ મરાયા ઠેરીસા(Miraa Theresa) અને તેનો વર એ બેહુને એક (સાર્કોફેગસ) કોફીનમાં બે ભાગો ઉપર મુકેલાંછે, તે ઘણી સરસછે, તેનો કોફીનને ચારે ખુણે ચાર રડતી ઓરતોનાં આદમ કદનાં પુતળાં ઘણાંજ સરસ બેસાડેલાંછે, તથા સાર્કોફેગસ ઉપર પણ બત્તી ઘણી નકશી કીધેલીછે, અને તેનાં મથાળાંપર એ બેહું જણાંનાં આદમ કદના બ્રાંનઝનાં પુતળાં સુવાડેલાંછે. એ મુજબ તેઓની કોફીનો વચમાં રાખીને તેઓની આજુપાજ છુટા છુટા ઓટલાપર તેમનાં કુટંબીઓની કોફીનો (ઉપરોને ઉપર મુજબનાં સાર્કોફેગસ) ગોઠવેલાંછે. એ શેહેનશાહજાદીની આગમજ મરણ પામેલા શેહેનશાહી ખાનદાનવાલાઓને એક બાજુપર વચમે ચાલ અને બાજુ બાજુ ગેલેરી કટેરાથી ભરી લઇને તેમાં હારબંધ એક બાજુપર મરદો અને બીજી બાજુપર સાંમેથી ઓરતોની કોફીનો મુકેલીછે, તેમાં એ દેવલ તથા વોલટ બંધાવનાર શાહનશાહ મેહાસાથ સને ૧૬૧૯ માં મરણ પામ્યો તેની કોફીન તદન સાદી તાંબાની બનાવી તેમાં તેને રાખેલોછે. એ શેહેનશાહી ખાનદાનનાં મુડદાં આએ દેવલ

માં, તેઓનાં પેટમાંનો માવો સેંટ સ્ટીફનનાં દેવલમાં, અને તેઓનાં દીલ (Hearts) શહેનશાહનાં મહેલને લગતાં દેવલમાં છુટાં રાખેલાંછે, તેથી બીજાં યુરોપનાં લોકો હમેશે કે જયારે દુનયાનો આખરીને વખતે સઘળાં મુવેલાં સજીવન થશે, ત્યારે એ શહેનશાહી બાનઘંનનાં મુરઘાંનાં ભાગોને શોધી કાહાડવાની ઘણી મહેનત પડશે. એ જોઇને પછી માર્કાર્ટ (Markart) કરીને અતરેનો એક વખણાયલો ચીતારોછે તેની દુકાન તથા ઘેર જોવા ગયા હતા. એ ઘણી જાત જાતનો સામન પોતીકા દીવાનખાનામાં ગોઠવીને તે ઉપરથી સખીઓ પાડેછે, અને જાણે મ્યુઝીયમ ગોઠવ્યું હોય તેમ ત્યાં અસલી તથા હમણાંની બનાવટની ચીજો એકઠી કરીલીછે. તેની પાડેલી સખીઓ હમાએ જોઇ તે ઘણી સરસ હતી.

તા૦ ૧૧ મી અકટોબર ૧૮૮૧— આજે સવારનાં ટરેજરી (Treasury) જોવા ગયા હતા. એ જગ્યા પાદશાહનાં મહેલમાં આવેલી, અને તેમાં તાજને લગતું બધેરાત રાખેલુંછે, જે ઘણું જોવા લાયકછે. હમો પેહેલાં ક્રાઉન જુએલ્સ એટલે પાદશાહી બધેરાતવાલા ઓરડામાં ગયા, જયાં એક કેશમાં ગાદીનશીન થતી વેલાની કીંમતી તલવારો સોનાં તથા હીરા તથા બધેરાતથી જડી મુકેલીછે, જેમાંની એક ઉપર પાવલી જેટલા મોટા આઠ હીરા જડેલાછે. હીરા તથા બધેરાતો જડેલાંનો એ ઓરડામાં એક મોટો કાચનો કેસ વચમાં મુકેલોછે, જેની અંદરનાં બધેરાતનો કીમત તથા તારીફ થઈ નહીં શકે તેવુંછે. એમાં હીરાનાં તાજ, હાર, મોટી, કમરપટો, બ્રેસ્ટપીન ઇત્યાદીનો સટ એક ગમ, તેવાજ બીજા સટ, માણક તથા હીરાનાં પાના તથા હીરાનાં, તદન મોતીનાં, હીરા તથા પોખરાજનાં, ઇત્યાદીક મુકેલા હતા. એમાંનુ એક તાજ શહેનશાહને પેહેરવાનું તે જુની ઢબપર પણ સારી બાંધણીનુંછે, તેમાં બધેરાત સારૂં જડેલુંછે, જેની કીમત સાત લાખ રીક્ષ ડાલર (Rix Dollars) બધાને સાત લાખ રૂપીયાનો ગણાયછે. બીજું તાજ એક શહેનશાહની બાનુને વાસતેછે, તે તદન હીરાનું અને તેમાંનાં બાલીઆનો ઘણાં સરસ અને મોટાંછે. એ તાજ અસલનાં જુનાં તાજને ઉખેડી નાંખીને સને ૧૮૬૭ માં હમણાંની શહેનશાહ બાનુને હનગેરીની રાણી દાખલ કીયા કીધી ત્યારે પેહેરાવ્યું હતું. એમાંનાં કોઇ કોઇ હીરા ઘણાં મોટાં કદનાંછે, અને તેની કીમત ૧૫) લાખ રૂપીયા ઉપરની કેહેવાયછે. ગોલ્દન ફલીસનાં એતાબ સારૂં પેહેરવાના ચાંદમાં એક ઘણો મોટો હીરો ૪૨ રતીનોછે. તે ૨૮,૦૦૦) સોનાનાં લુઇસ (બધાને ૨,૮૦,૦૦૦ રૂપીયા) લેઇ સને ૧૭૬૪ માં ફ્રાંકફોર્ટ આન ધ મેન (Frankfort on the Maine) ગામમાંથી વેચાતો લીધો હતો, તે ઉપરાંત તેથી ઉતરતા બીજા ૮) હીરાછે અને બીજા તેથી ઉતરતા પણ બેઆનો જેટલાં કદને પોહોંચતા ૧૫૦) હીરાછે; જે સઘળાંની કીમત કીધેલી નથી. એજ એતાબ પેહેરવાનો બીજો શીંગારછે તેમાં તદન પાવલી જેટલા હીરાનાં હારની હેઠે બકરૂં લટકાવેલું (સોનાના મીનાપર હીરાનું)છે. એજ એતાબનો ત્રીજો શીંગારછે, તેમાં ૭) મોટા હીરાછે, જેમાંનાં ૨) જરાક પીલાછે, અને જે બધા મલી ૯૯) કેરતનાંછે. એ શીવાય બીજા પાંચ એવા ઓરડાને લગતા ચાંદા, પોખરાજ અને બીજા બધેરાતનાછે, અને એક સરગાંઠ હીરાની હારોનો બનાવેલોછે, જેની વચમાનો હીરો ૨૬) કેરતની ઉપરનોછે. એકટોપી ઉપર હીરાનું બટનછે તે આખો હીરો દુનયામાંનાં સૌથી મોટા હીરા માનો એક ગણાયછે. તે ૧૩૩॥ કેરતનો અને તેનાં મથા-

ળાંપર૯) પેઅલ કાપેલાછે. એ હીરો અગલ ચાર્લસ ધી બોલ્ડ કરી બર્ગંડીનો ડયુક હતો તેનો હતો, જેણે મોરાટની લડાઇમાં સને ૧૪૭૬ માં ખોયો, તે એક ગરીબ એડુતને પાયો, જેણે તે કાચ સમજીને બદોલોમ્યુ મેઅે કરીને બર્ન (Berne) શહેરનાં રહેવાસીને એક રૂપીયાની કીમતને વેચ્યો હતો! ત્યાંથી બે ત્રણ હાથ ફરીને ફ્રાંસીસ સ્ટીફન લોરેનનાં ડયુકનાં હાથમાં આવ્યો, જે આસ્ત્રીઆની શહેનશાહ મરાયા ઠીરીઝા સાથે પરણવાથી આએ રાજના હાથમાં આવેલોછે, અને સને ૧૭૪૫ માં એ ધણીને ફ્રાંકફોર્ટમાં શહેનશાહ બનાવ્યો ત્યારે એનાં તાજમાં એ ગોઠવ્યો હતો. એ હીરાને ધી ફ્લોરેનટાઇન નામે બોલખેછે. એક બલીર અથવા ગીધ (આસ્ત્રીયાની નીશાન બે બોહોડાંનાં બલીરનીછે) બ્રવેગતનુ બનાવેલુંછે, તેનું આખું આંગ એક માણકનુ બનાવેલુછે જે ૪૧૬) કેરત વજનમાં અને કદમાં આસરે હાંસનાં ઇંડાં જેટલુંછે. એની પછવાડેનાં પાસામાં નીચે મુજબ લખેલુંછે "કે પેહેલા ફ્યોપોલડે સને ૧૬૮૭ માં આએ બેકીમતી નંગ તોલમાં ૪૧૬) કેરતનું હનગેરીની હીયુમાની વંશ પાસેથી વેચાતું લીધું હતું અને આએ તીજોરીમાં મુકયુંછે." એ નંગનુ નામ હાઇઆસીંઠ લા બેલા (Hyacinth la Bella) કરીનેછે. હીરાનો એક હારછે ને અત્તીધણો મરમછે, તે મોટા મોટા બેકીમતી હીરાની આસપાસ બીજા "રોઝ ફાસીનનાં" હીરા જડીને ધણો મોટો બનાવેલોછે. તેની સાથ એક જોડ બેરીંગછે તેપણ ધણાં મોટા અરધા રૂપીયાની કદનાં હીરાનાં બનાવેલાંછે. એ બેરીંગ મરાયા ઠેરીઝાએ હીંયાં મુકીને લખેલુંછે કે "એ મારી યાદગારી સારૂં અહીંયાં મુકેલુંછે અને અહીંયાં હમેશાં એને તેમજ ગણુતા રેહેવું" એવીજ રીતનાં માણક તથા હીરાનાં રોઝનાં હારોછે, તેમાંનાં માણકો ધણાંજ મરમ આતશી રંગનાં અને એવાં મોટાંછે કે હમોથી તેની તારીફ કાંઇપણ રીતે થઇ શકતી નથી. એમાંનાં હેડળનાં રોઝોનાં માણકો ૧।। થી ૨) ઇંચ મોટાં છે. એજ મુજબ પાનાં અને હીરાનો મતછે, તેમાંનાં પાંનાં પણ એટલાંજ મોટાં મરમ રંગનાં તથા ઝળકનાંછે. એ ઉપરાંત તેઓની બાંધણી એવી મરમછે કે તેને બેકીમતી કરી નાંખ્યાંછે, અને હીંયાં મુબળા જોવા આવનારાઓનાં મોહોડામાંથી તારીફનાં અવાજો નીકળેછે. એક મોતીની માળાનો મટછે તેમાં બે શેરી એક માળા જેમાં ૬૦) મોતીઓ બાજોટાનાં કદ કરતાં પણ મોટાં, અને તેનેથી ઉતરતી બીજી ધણી હારો મોટાં મોતીઓની કીધેલીછે. એક બ્રેસ્ટપીન પાનાં તથા હીરાનોછે, તેમાંનું પાણું ધાયુંજ મોટું આસરે ૧।। થી ૨) ઇંચનું અત્તી ધણું મરમ રંગનુંછે. એક હીરાનો નેકલેસ કીધેલોછે, તેમાં ત્રણ હારમાં ૧૫૦) મોટાં અને પંદર હારમાં ૭૫૦) નાધળા હીરાની હારો કીધેલીછે, અને તેઓની હેડળ ૮૬) ગોળ ચોકડાં જેવા આકાર લટકાવીને તેઓપર દરેકની હેડળ મોટા હીરાનાં લોલકો લટકાવેલાંછે. એક ઇંડાં જેટલાં પાનાંમાં નાધળું ઘડીયાળ બેસાડેલુંછે, અને તેની ઉપરનું કોટલું પણ ફીક્કાં પાણાનુંજ હોવાને લીધે અંદરથી તેનો કાટો બરાબર દીમેછે. હીરાનાં રોઝના આગ કદનાં ૧૯૨) બટનોછે, તેમાંનાં ૧૦) નાં હીરા ધણાં મોટાછે. એક હેરપીનછે, તેમાં એક હીરો બાકીનાં રોકો ધણો મોટો મુકેલોછે. એક બ્રેસ્ટપીન બ્રવેગતનુંછે, તેમાં બે હીરા મોટા ગોલાબી રંગનાંછે, જે બાહારથી હીરા જેવાજ ઝળકતા પણ તેની અંદર જાણે ગોલાબી રંગ પુર્યો હોય તેવું દીમેછે. એ ઉપરાંત બીજી ધણી જાતનું કીમતી બ્રવેગત એક કેશમાં મુકેલુંછે, જેની કીમત

થઈ શકતી નહીં અને તેની વીગતો જો લખવા બેશીએ તો ઘણું લંબાણુ થઈ જાય. હમાએ ઘણી ગમ ઊંચી જાતનું ઝવેરાત જોયું છે પણ અહીંયાનાં જેવું કીમતી અને સરસ બાંધણીનું કેઃ જોયું નથી, અને અતરે ગમે તેટલું પણ લખ્યે તોપણ વાંચનાર નજરે જોયા વીનાં કદીબી કદર પીછાણી શકશે નહીં. એ ઉપરાંત બીજા છુટા છુટા ઓરડામાં શેહેનશાહી બાનદાનને મલેલી તથા વેચાતી લીધેલી ચીજોનો સંગ્રહ ઘણો સારો કીધેલોછે, તેમાં બરબચડાં, આબ્બા માટીના મરબા, ધીલોડી, ડ્રાગન્સ ઇત્યાદી એકથી બે ઇંચવાળાં ઘણુંછે. સોનાની થાળી જેવી રકેબીઓ, ઝવેરાત જડેલી તથા સારી કારીગીરીની બનાવટની ફલાવર વાઝ, તે ઉપર ઝવેરાતનાં જીણાં નંગોનાં બનાવેલાં જાનવરો, એક સોનાની મોટી રકેબી તે ઉપર માણસોનાં પુતળાં અલગાં હોય તેવાં ૧) કુટ ઊંચાઇનાં બનાવેલાં, સોનાનો મોટો સેન્ટરપીસ અથવા વચગાળો તેમાં કોરી તથા સોનાકામ ભેલ કરીને ઘણું સરસ બનાવેલોછે. આબ્બાં એક ગારનેટ (માણકનાં પોતા જેવો આવેછે) નું કાશી કપ જેટલું મોટું બરણીરોકું વાસણ ૪ થી ૪ ઇંચનુ અને તેનો પરીઘ પણ ૪) ઇંચછે. ઝવેરાતની થાળીઓ, ૨) ફીટ મોટા રોકક્રીસ્ટલનાં પુતળાં તથા પેટીઓ, ઝવેરાતની જડેલી પેટીઓ ઇત્યાદી હતું. એ ઉપરાંત સંગ્રહાકામથી તરંહ તરંહની બનાવટનાં ચાલતાં નવાઈ નવાઇનાં ઘડીયાળો, તેમાં એક ઘડીયાળ ઝવેરાત જડેલું પાંચ તબ્બીનું અને તેની નીચે બાગ કીધેલોછે, જે ચાલેછે ત્યારે બાગમાં જાણે એક માણસ ઘાસ કાપતો હોય તથા બીજાં જાનવરો ચરતાં હોય તેમ લાગેછે. બીજાં ઘડીયાળના નીચે અબનુસની પેટીછે, તેમાં એક ઓરતને ઉભી રાખીછે અને ઘડીયાલ વાગેછે ત્યારે તે નાચ કરેછે. તે સતરમી સદીનું બનાવેલું છે. ત્રીજું ઘડીબાળ રોકક્રીસ્ટલમાં બનાવેલું છે, તેમાં ત્રણ તબ્બો એક બીજાં ઉપર મુકેલીછે, જેમાં કલાક તથા મીનીટ ચાલેછે, અને તેની બાજુઓપર આસમાની ચાલનું ઘડીયાળ ચાંદનો ચાલ તથા તેની આકૃતીઓ દેખાડેછે, તેમજ બીલોરનાં દડા ઉપર બાર રાસીઓ ગણતરી સાથે માંડેલીછે, જેથી આસમાની ચાલ પણ જોઇ શકાયછે. એ ઘડીયાળ ૧૬૩૦ નાં શાલમાં બનાવેલું છે. એ શીવાય બીજાં ઘણાં નવાઇ નવાઇનાં ઘડીયાળો કબાટોમાં મુકેલાંછે. એક બીજા ઓરડામાં શેહેનશાહી તાજ મુકેલું છે, તેપર પાલીશ કીધેલાં પણ વગર કાપેલાં ઝવેરાતનાં મોટાં નંગ જડેલાંછે, તાજ ઉપર ક્રાઇસ્ટનું પુતળું તથા બીજી ધરમની બાબદો કોતરેલીછે, તેની સાથે તાજને લગતો બીજો સબળો સામન પણ એવાંજ ઝવેરાતનોછે. શાર્લમાં જે પેહેલો શાહનશાહ થયો હતો તેની તલવાર પણ હીંયાં મુકેલીછે, જે બગદાદનાં વખણાયલા પાદશાહ હારૂનલ રશીદ ભેટ મોકલી હતી. રાજયભીશક થતી વખતે પેહેરવાનાં જભાપર મોતીઓ બેસુમાર ભરેલાંછે. એ ઉપરાંત ક્રાઇસ્ટને લગતી જુની બંધાણીઓ પણ ઘણી એકઠી કીધેલીછે. તેમાં એનાં ક્રાસનુ નાબણું લાકડું અને તેમાંનો એને મારેલો બીલો, એનો જનમ થયો તે તબેલામાંનાં બાકડાંનાં થાનનો એક કટકો, એને પોતાનાં ચેલાઓ સાથે બેસીને છેલ્લી વેળા બાધેલાં જમણનાં દસતરબ્બાનાનો ટુકડો, તથા પોતાનું એબ્રાણુ કે જેથી તેનાં ચેલાઓનાં પગ બોઇને તે નુંછતો હતો તેનો ટુકડો, તથા બીજા સેંટસની રહી ગયલી ઘણી નીશાનીઓ પણ સોના તથા ઝવેરાતમાં મઢો લીધેલી હીંયાં મુકેલીછે, જે જોઇને ઘણું હસવું તથા અચરતી ઉપજે છે કે આવા સુધરેલા વખતમાં ઓલીયા

જેવી શહેનશાહતનાં લોકો એવું માનેછે કે ફ્રાઇસ્ટ જનમ્યો તે જગ્યાનું લાકડું તથા તેની હારમાળીમાં તે છેલો પોતાનાં ચેલાઓ સાથે ખાવા બેઠો તે દસ્તરખાનું ઇત્યાદી કોણ સાચવવા ગયું હશે કે આજે તે માહેલા ટુકડાઓને માન આપેછે. તે મારયો ગયો ત્યારે દુશમનોનાં હાથમાં હતો, અને ક્રીસ્ચીઅનનીટી તેની પછી ૩૦૦) વરસ સુધી હારમાળીમાં પડી હતી, ત્યારે કોઇ શું જાણતું હશે કે રહેલી જુની નીશાનીઓ પાછલથી કામ લાગશે કે રાખી મેલે, અને હારમાળીમાં તે શી રીતે લોકોના હાથમાં રહે? પણ રોમન કેથોલીકસ આવી બાબદો ઘણી જલદીથી માની લેછે, અને લાખો રૂપીયાની કીમત આપી ખરીદેછે. એ ઓરડામાં પેહેલા નેપોલીયનનાં છોકરાની ઝોળી હજુર રાખેલીછે તે રૂપાનાં ઘોળ તથા શીપની બનાવેલીછે, અને તેનાં છેડાઓ ઉપર રૂપાંનાં ખલીરો કીધેલાંછે, તથા તે ઝોળો બે પુતળાંઓ અકલ અને જોસની ઉપર લટકાવેલીછે. નેપોલીયન બોનાપાર્ટ ઓસ્ત્રીઆનાં શેહેનશાહ બીજા ફ્રાંશીશની છોકરી મેરી લુઇ સાથે પોતાની આગલી બાયડી જોસેફીન સાથે છુટા છેડા કરીને પરણ્યો હતો, તેને પેટનો એક છોકરો હતો તેને કોઇ બીજા નેપોલીયનને નામે ફ્રાંન્સમાં બોલખતા હતા, અને ડયુક ઓફ રીડસ્ટાડતને નામે અહીંયાં રહયો હતો. તે સને ૧૮૪૫ માં મરણ પામ્યો ત્યારે તે અને તેની માને શહેનશાહી બ્યાનદાન દટાયછે ત્યાં કોફીનોમાં રાખેલાંછે. એ શીવાય બીજું હીંયાં ઘણું જોવા લાયકછે.

એ જોઇને પછી અતરેનાં આરસેનલ (તોપખાના)માં લડાઇઓમાં થયલી જીતની યાદગારીઓ તથા હથીયારોનો સંગ્રહછે તે જોવા ગયા હતા. એ આરસેનલ સને ૧૮૪૯–૫૫ સુધીમાં બંધાઇ હતી, અને તેણે ½ મૈલ લાંબી અને ½ મૈલ પોહોળી જગા ઘેરીછે. તે ઇમારત જાણે મોટો કીલો હોય તેવી રીતની માળાની બાંધેલીછે. એમાં પેસતાં દીવાનખાનાનાં દરેક થાંભળાઓની આજપાજ ચારે બાજુ લડાઇમાં વખણાયલા સરદારોનાં આદમ કદનાં સંગેમરમરનાં ચાર ચાર કરી ૫૪) પુતળાં મુકેલાંછે, તેથી તે જાણે પુતળાંઓનુ દીવાનખાનું હોય એમ લાગેછે. એ માંહેથી સાંમેજ મોટી સીડીઓ બાંધેલીછે, જેથી ઉપર જવાયછે અને જ્યાં જાત જાતનાં હથીયારોનો સંગ્રહ ઘણો સારો કીધેલોછે. તેમાં ઓસ્ત્રીયાનાં અસલનાં લડાઇનાં હથીયારો, શેહેનશાહોનાં બખ્તરો, તલવારો, બંદુકો ઇત્યાદી ઘણું રાખેલાંછે, તે ઉપરાંત બીજા વખણાયલા સરદારોનાં બખ્તરો તથા લડાઇની ચીજોનો પરચુરણ સંગ્રહ કીધેલોછે. ઉપર ૩) મોટા દીવાનખાનાં કીધેલાછે તેની દીવાલો તથા છતો તથા ગેલેરીપરની દીવાલનાં મથાળાંપર અસલની જાણીતી ઓસ્ત્રીયાની લડાઇઓનાં ચીતારો ઘણું સરસ મોટા વીસ્તારપર પાડેલાછે, તથા તેમાં ઘોળ ઘણો સરસ ચઢાવેછે, અને વચલા દીવાનખાનામાં હીંયાંના ત્રણ મોટા માર્શલજીને મલેલી ભેટ મુકેલીછે, તેમાં એડમીરલ ટી ગોટાફને ટ્રીએસ્તનાં લોકોએ ભેટ આપેલી પલેટ પર નેપચ્યુનને (દરીયાનો રખેવાળ) વહાણ ઊંચકતો પાડેલોછે; માર્શલ રેડેલસ્કીલોની બાટન (એ માર્શલની નીશાનીની લાકડી હોયછે) સોનાનાં કેશપર મુકેલોછે, તેનાં પેડસ્ટલપર તેનાં હાથ તળેનાં લસ્કરનાં સીપાહીઓની જાત જાતની ટોપીઓ કોતરેલીછે. એ ઉપરાંત હથીયારનાં સંગ્રહમાં એક તલવાર પર બાબાં વરસનું પંચાંગ કોતરેલુંછે. બાબા હાથીદાંતની મીઆંનો, કામઠાં જેને આગલ ચકરથી જોર કરીને તીર ચડાવતા હતા તે, જુની બંદુકો, એક તલવારનો બાબો હાથો એકજ પરવાળાંનો, બંદુક-

નો (Stock) આખા હાથીદાંતનો, હીરાનાં મુઠની બંદુકો, હંગેરીની તલવારો, એ સંબંધી ઘણું જોવા લાયકછે. ઉપરની ગેલેરીપર તરફી પાસથી જીતેલા વાવટાઓ તરાંહ તરાંહનાં એકથી બે પુછડી તેઓ સાથે લટકાવેલી ટાંગેલા હતા, (એ પુછડીઓ જેમ વધતી હોયછે તેમ આગલ તેઓ મોટા હોદ્ધાવાલાઓ કેહેવાતા હતા)ને સાથે માણુશોને ગળે સાંકળો બાંધીને બંદીવાન દાખલ લઇ જતા હતા તે સાંકળો પણ તેઓ સાથે લટકાવેલી હતી, તથા તે લોકોની પાઘડીઓ તથા તીર કામઠાં સઘળું (જેનરલો પકડાયલા હશે તેઓનાં) તેની સાથે ગોઠવેલાં, અને તુરકી સાથનાં ઝડાઓનાં ચીતારો દીવાલોપર પાડેલાછે. એ સંગ્રહસ્થાનનાં હેઠળનાં ભાગમા હાલમાં નવી જાતની વારાતી બંદુકો તથા તોપોનો સંગ્રહ કરેલોછે, તેમાં એક બંદુકમાં ૧૦) ગોળીઓ એકની પછી એક એમ ભરીને એકજ નળીમાંથી તેને દશ વખત ફોડી શકાય તેવી હતી. એ બંદુક રીવોલવરની માફક ગોળ ફરતી નથી, પણ તેની નળી મુકવાની બાકડીમાં એવો બાંધો કરેલો હતો, જેમાં તે બધી ભરાઇ જાય અને સૌથી છેલી મુકેલી કારટરીજ સાથની ગોળી પેહેલાં ફુટીને ચાંપ ઉપર એંચી કે તેના બાલી થયલી તોપી ઉડીને બાહાર પડે, અને બીજી ગોળી તેની જગ્યામાં તે આંચકા શમેત આવીને ઉભી રહેતી હતી. એ મુજબ ૧૦) ગોળીઓ એક પછી એક દરેક સેકંડે ફુટી શકેછે. એક તોપછે તેમાંથી ૪૭) ગોળીઓ એકદમ તેનાં છુટા છેડો કરેલા તેમાંથી ફુટેછે, તથા બીજાપણ છે તેમાં ૮) બારલો ગોળા ફોડવાનાંછે, જે કુંચીથી ફેરવીને એકજ વેળાએ ફોડી શકાયછે. એક તોપનો ગોળોછે તે સાત લોખંડની બે ફીટ લાંબી નલીઓનો બનાવીને તેનાં મુદાંપર આગીરાકું બટ લોખંડ એક ફુટ જાડું કરેલુંછે, કે જે મુદું કોઇપણ ચીજમાં પેવસ થયું કે પેલી નલીઓમાં દારૂ ભરેલો હોવાથી તે ફુટીને તે ચીજને ઉદાડી ઇયા પાયામાલ કરી નાંએછે. એક બંદુક તદન મંડાઇ ગઇછે પણ તેનું લોખંડ તથા લાકડકામછે તે ભાગી ગયું નથી. એવી એવી ચીજો ત્યાં ઘણી જોવા લાયક હતી.

એ જોઇને પછી ઓરીયંટલ મ્યુઝીયમ (Oriental Museum) ઇયાને ઉગમણુની ચીજોનું સંગ્રહસ્થાન જોવા ગયા હતા. એ મ્યુઝીયમ અને તેને લગતો એકસચેંજ હૉલ બાંધવાપર પચાસ લાખ રૂપીયા બેઠાછે; એકસચેજનો હૉલ ઘણો મોટો, અને તેની ઉપર ફરતી ગેલેરી કીધેલીછે, ત્યાંથી હમોએ એ હૉલ જોયો હતો; જ્યાં તે વખતે આસરે બે હજાર માણુસો એકઠાં થયાં હતાં, અને તેઓ એટલો તો ધોંધાટ કરતાં હતાં કે આપણી અલાઇબાગની ન્યાતનો ધોંધાટ તો તેની આગલ કુંચ બીસાતમાં નથી, અને બારણું બંધ કીધા પછીખી હમોએ મ્યુઝીયમમાં ફરતાં જાણે મધમાખો ભમતી હોય તેવો દુરથી ભણભણાત સાંભળ્યો હતો. મ્યુઝીયમમાં હીંદુસ્થાન, ચીન, જાપાન, શાએમ, બજીપ્ત, ઇરાન, તરકી, ઇત્યાદીની બનાવટ તથા વનસ્પતીનો જથો એકઠો કીધેલોછે, અને તે જોવા લાયકછે. એ જોયા પછી સોસાયટી ઓફ આર્ટસ (Austrian Kunstervein) જોવા ગયા હતા જેમાં થોડાએક પીકચરો નાધળા પાંચ ઓરડા ભરીને પડદાવોપર ટાંગેલા હતા, તે ઘણું સારા અને જોવા લાયકછે. એ પીકચર ગેલેરી જોઇને પછી કોઇ જરમન પ્રીન્સ ઓગસટસ ઓફ સેક્ષ કોબર્ગ એંડ ગોઠાનો ચીતારોનો સંગ્રહછે તે જોવા ગયા હતા, જ્યાં પણ ઘણો સારો જથો ઉસ્તાદોને હાથનાં પીકચરોનો કીધેલોછે. ત્યાં એની બારીઓ તદન એકજ આખા કાચની કીધેલી હોવાથી ચીત્રોપર રોશનાઇની અસર

સારી પડેછે. એ જોઇને પછી હૉટલમાં પાછા ફરતી વખતે ગરાબત અને કારનટનર સ્ટ્રાઉસ મોહોલોને છેડે એક ખુણામાં એક નાધળો આસરે ચાર ફીટ ઉંચો ઝાડનાં થડનો કટકો મુકેલોછે તે જોયો હતો, જેમાં ગણતરી વગરનાં ખીલા મારીને તેને તદન ભરી નાંખેલોછે. તેને વીશે કહેછેકે એ ઝાડ ઘણું પાપ કેહેવાતું હતું, અને તેમાં ખીલા મારવાથી તે મારનાર ધણીને ઘણું સારૂં થતું તેથી તેમાં લોકોએ ખીલા એટલા તો મારેલાછે કે નવો એક પણ ખીલો મારવાની જગ્યા બાકી રાખી નથી.

એ જોઇને પછી હૉટલમાં આવી ત્યાંથી આગગાડીનાં સ્ટેશનપર ગયા, અને ત્યાંથી છ વાગેને વીએનાં છોડયું હતું. વીએના શેહેર ઘણું મોટું ભભકદાર છે, અને જ્યાં ફરયે ત્યાં જાણે મેહેલોજ બાંધેલા, અને કોઇ કોઇ રસ્તા સારા અને મોટા બાંધેલા તોપણ મોટો ભાગ એની હવેલીઓ સાથે સરખાવતાં ઘણુંજ સાંકડાછે, જેમાંથી બે ગાડીઓ ભાયગે જ થકે. પણ તેવા રસ્તાનો ઇમારતો જાણે મેહેલજ આપ્યો મોહોલો હોય તેવી મોટી ચારથી પાંચ માળની ઉંચી અને તેવીજ ઉંડાઇનો બાંધેલીછે, તેમાં હાલની ઇમારતો જે પેરડપલાટજમાં બંધાયછે તે તૈયાર થઇ રહેશે ત્યારે તેની તથા રીંગશટરાશના લતાની બરોબરી યુરોપનુ કોઇપણ શેહેર કરી શકશે નહીં, એવું હમો ધારીયે છીયે. એઓમાં મ્યુઝીયમની બે ઇમારતોનો એકજ મોહોલો બંનેને આમનસામન એકજ તરાંહન બાંધીને કીધેલો, અને તે ઘણી સરસ કારીગીરીથી બાંધેલીછે. યુનીવરશીટી, નવી કોર્ટ ઓફ જસ્ટીસ, નવો ઓપેરા હાઉશ, નવી મીલીટરી હાસ્પીટલ ઇત્યાદી હાલ બંધાયછે અને કોઇ બંધાઇને તઇયાર થયલીછે તે સઘળી ઇમારતો ગંજવર અને તરેહે તરેહની કારીગીરીની બાંધેલીછે, જેમાંની કોઇપણ દશ લાખ પંદર લાખ રૂપીયાની અંદર કીમતની હશે નહીં એવી મરસછે. તેઓપર કોતરકામ તથા મોટાં પુતળાં ગોઠવેલાંછે તથા કોઇ કોઇને બાહરથી સોનેરી ઘોળ વટીક કીધેલીછે. રાજમહાનું હાઉશ બંધાયું છે તે ઉપર ઘોળ હાલ થાયછે. એ શેહેરની વસતી એનાં પડા મલીને સવા દશ લાખ માણસની કેહેવાયછે. હીંયાંનું લોક સઘળું તંદરોસ્તીભરેલું, ખુબસુરત, અને સુખી માલમ પડેછે તથા તેઓને સારી છુટથા રાખેલા દીસેછે. પાદશાહનાં મેહેલમાં, ચોકોમાં, બાગોમાં, તથા મ્યુઝીયમ અને બીજી જગ્યાઓપર લોકોને જવાની છુટછે. ત્યાં બીજા દેશોની માફક ફી લેતા નથી, અને હમણાંનાં શેહેનશાહ પેહેલા ફ્રાંસીસ જોસફ (Frances Joseph I)પર રૈયત ઘણી ખુશી દીસેછે. એ શેહેરનાં શેહેનશાહ તે આગલ આપ્યા જરમનીના શેહેનશાહ દાખલ સને ૧૪૯૩ થી ૧૮૦૪ સુધી ઓલખાતા આવેલાછે, પણ પૃશીઆ સાથનો છેલી લડાઇ સને ૧૮૬૬ માં હારયા પછી એ નામ જે અમથું (નેપોલીયનનો પછી) રાખેલું હતું તે કાહાડી નાંખીને એમપરર ઓફ આસ્ત્રીઆ એંડ હનગેરીનું નામ લીધું છે. એ આસ્ત્રીયા હનગેરીની શેહેનશાહને હસ્તક ૨,૫૦,૦૦૦)સ્કુવેર મૈલ જમીન અને ૩,૮૦,૦૦,૦૦૦) માણસની વસતીછે. એને હસ્તકનાં બોસનીઆ અને હરજેગોવીનીઆનાં દેશોનો વીસતાર ૨૪,૩૦૦) સ્કુવેર મૈલ અને વસતી ૧૫) લાખ માણસનીછે. એ શેહેનશાહતની આવક ૬૩।। કરોડ, અને ખરચ ૬૮।। કરોડનો તથા કરજ ૩।। અબજ રૂપીયાનુંછે. મલાહની વખતે લસ્કર પોણું ત્રણ લાખનું અને લડાઇની વખતે દશ લાખનું ઉભું કરી શકેછે. એ દેશમાં પણ બધી રૈયતને લડાઇની કવાયત લેવા-

ની ફરજ પાડેછે. અહીં વેપારમાં સોનાંચાંદી, ત્રાંબુ, સીસું, રૂપું તથા બીજી ધાતુઓ જે એ દેશમાં મળી આવેછે તેનો તથા કોલસો, ચોખા, પોટેટા, બીટરૂટ, વાસન, રેસમ અને ઉનછે, તથા તમાકુ અને મીઠાનો ઇજારો સરકારે પોતે રાખેલોછે. બધો મળીને એનો વેપાર સવા અબજ રૂપીયાનો કહેછે. એનું મોટું બારૂ ટ્રીએસ્ટછે, જેમાં દરશાલ સરાસરી ૧૫૬૫૦) વાહાણો તથા સ્ટીમરોની આવજાવ થાયછે, અને તેનો ટનેજ ૨૫) લાખ ટનની ઉપરનો કહેછે. એ દેશમાં ૧૧,૪૦૦) મૈલ રેલવે અને ૩૦,૨૪૦) મૈલ તાર નાંખેલોછે. વીએનાનું શહેર હમણાંથી પારીશ અને બીજાં મોટાં શહેરોની હરીફાઇ કરી શકે તેવું સરસછે. તેમાં ડેન્યુબ નદીને કોઠેની હવેલીઓ તેનાં રસ્તા સાથે ઘણી સોભેછે, અને તે નદીમાંથી નહેરો શહેરમાં લઇ ગયાછે જેથી માલ લઇ જાવ લાવવાને ઘણું સવલ પડેછે. અહીયાંની બનાવટમાં સોનાં અને ઝવેરાત કામની બનાવત, શીલક, પીઆનો, ફરનીચર, ઓપેરા ગલાશ ઇત્યાદીછે.

તા૦ ૧૨ મી અકટોબર ૧૮૮૧— આજે સવારનાં ૯–૩૦ મીનીટે ઓસ્ત્રીયા અને ઇટલીની સરહદ વચેનું શહેર "નેબરેઝીનાં" પમાર કીધું, અને યુડીન (Udine) કરી ઇટલીનાં ગામમાં હમારી આગગાડી બપોરનાં એક વાગે પુગી હતી, જયાં હમારો સામાન તપાસ્યો, અને ત્યાં આગગાડી પાછી સાંજનાં પાંચ વાગે હંકારવાની હતી તેથી વખત હાથમાં હોવાને લીધે એ ગામમાં ફરી આવ્યા હતા. એ ગામમાં આસરે બાવીસ હજાર માણુસોની વસતીછે, અને તેમાનાં ઘરો નાધળાં પણ ઘણાં સફાઇદાર રાખેલાં તથા રસ્તા પણ ઘણાં સફાઇદારછે. અહીંયાની ઇમારતમાં ટાઉન હૉલ મોટો છે, જે એક મોટા માળનો ઓટલો હોય તેવો લાગેછે, અને તે તદન સંગેમરમરનાં પથરનો બાંધેલોછે. તે શીવાય બીજું કાંઈ જોવા લાયક હતું નહીં તેથી એક કલાકમાં ફરીને પાછા આવ્યા, અને સાંજનાં ૪—૫૬ મીનીટે પાછા આગગાડીમાં નીકલેલા વેનીસ શહેરમાં રાતનાં ૯—૩૦ મીનીટે જઈ પુગા, તથા હૉટલ વીકટોરીયામાં ઉતારો લીધો હતો. એ શહેર પાંણીમાં બાંધેલું હોવાથી હમો સ્ટેશનપરથી બોટો જેને હઇઆં ગોનડોલા (Gondola) કરી કેહેછે તેમાં બેસીને હૉટલમાં ગયા હતા.

તા૦ ૧૩ મી અકટોબર ૧૮૮૧— આજે સવારનાં વેનીસ શહેરનો સૌથી મોટો ચોક પીઆઝા સેંટ માર્ક જોવા ગયા હતા, જેને અહીંયાં "લા પીયાત્સા" (La Piazza) ને નામે બોલખેછે. એ ચોક અહીંયાં ઘણોજ મોટો કેહેવાયછે, કારણ કે વેનીસ શહેર ઘણુંજ નાધળાં નાધળાં ટાપુઓપર આવ્યાથી જગ્યા ઘણી મલતી નથી, અને જે હોયછે તે ઉપર ઘરો બાંધવાથી બાકી જગા ઘણી થોડી રહેછે, તેથી આવા ચોકો ઘણાં નાધળા અને થોડા આખે શહેરમાંછે. એ પીઆત્સ સેંટ માર્ક ની આસપાસ બે બાજુપર એક એકને લગતા પાદશાહનાં મહેલો આવેલાછે, અને ત્રીજા ભાગપર બાનગી ઘણીની હવેલી આવેલીછે. એ સધળી ત્રણો બાજુની મીલકત એક સટ બાંધેલી હોવાથી જાણે એકજ ગંજાવર મહેલ હોય તેમ લાગેછે. એ ત્રણ ભાગની વચમેનાં ભાગમાં અસલ એક દેવલ હતું, પણ તેથી એનો દેખાવ બરાબર સારો ન લાગવાથી નેપોલીયન બોનાપાર્ટે તે ભંજાવી નાંખીને આસપાસનાં મહેલોનાં જેવો મહેલ બંધાવી એક સટ કીધો હતો. એ મહેલોની હેઠળ સધળી જાતનાં ઝવેરાતો, મોજાદક વર્ક, ફીલીગ્રી વર્ક, લાકડાંનું તથા બીજું નકશીકામ ઇત્યાદીની દુકાનો તથા કેફેઓ કીધેલાછે,

જ્યાં રાતનાં દુકાનોની બાહાર, બંધ કરેલા રસ્તાનાં બારકાંઓ ઉપર રોશની થાયછે, તથા બધી દુકાનોમાં પણ રાતનાં ઘરાકી હોવાથી તેની રોશની તથા ચોકમાં મોટા બાર બાર દીવાનાં ઝુંટાઓ ફાનસનાં કરેલાછે તે ઝલગાવેછે, તેથી એ ચોક ઘણો સોભેછે. એમાં અ-હવાડીયામાં ત્રણ વખત વાજું વાગેછે તે વખતે ભીડ ઘણી મોટી થાયછે. એ ઉપર જણાવેલી ત્રણ ઇમારતોની સામે એ ચોક-ની ઇમારતો ફરતી પુરી કરવા સેંટ માર્કનું દેવલ આવેલું છે, તેની બાંધણીની કારી-ગરીથી એ ચોકની ખુબસુરતી ઘણી વધેછે. એ ચોકમાં દેવલની સામે ત્રણ મોટી વા-વટા કાઢી મુકેલીછે, જેપર આગલ વેનોસ જે પ્રજાસત્તાક હતું તેનાં તાબામાંનાં સા-ઇપ્રસ, કેનડીઆ, અને મોરીયાનાં વાવટા ઉડારતા હતા, પણ હમણાં તેપર રવીવાર તથા બીજા તેહેવારો ઉપર ઇટલીનો વાવટો ઉડેછે. પેલી ત્રણ બાજુની હવેલીઓની તથા દેવલની વચમાં બાલી જગ્યા રાખી ત્યાંથી ચોકમાં આવવા જવાનો ઓલો રસ્તો રાખેલોછે. બાકીનો રસ્તો એ દે-વલની સામે આવેલી ઇમારતની હારળથી ભાગળની માફક કરેલોછે.

હમો પેહેલાં એ ચોકમાંનું આવેલું અને ડીંયાનું સૌથી સરસ સેંટ માર્કનું દેવલ જોવા ગયા હતા. એ દેવલમાં વેની-શીઅન લોકોનો સેંટ માર્ક (St. Mark) જે એલેકઝાન્ડ્રીઆમાં દટાયલો હતો તેને ત્યાંથી ૮૨૮નાં શાલમાં અહીંયા દાટીને સને ૯૭૬--૧૦૭૧ સુધીમાં દેવલ બાંધ્યું હતું. એનો બાહારથી દેખાવ પાંચ ગુંબ-જની મસજીદ હોએ તેવો લાગેછે, અને તેનો દેવાલો તથા છતોપર બધે કાચનાં રંગીન મોઝાઇક વર્કમનાં ચીતારો ઘણાં સરસ પાડેલાંછે. એ મોઝાઇક વર્કનો રંગ અસલથીજ રંગીન બનાવેલા કાચનો કી-ધેલો હોવાથી જેવો ને તેવો હજુર સલા-મતછે અને તેની ખુબી હજુ લોકો વખા-ણેછે. એ દેવલની જમીન પણ રંગીન પથ-રોનાં મોઝાઇક વર્કની જનવરોની તસ્વીરો તથા બીજી તરાંહનાં ગલીચાઓ સર્જી બ-નાવેલીછે. એની ઇમારત તદન રંગીન જાત જાતનાં મરમરનીછે, તેથી તેનો બાહારનો દેખાવ હીંદુસ્તાંનમાં આગરા શેહેરમાં બીરબલની અને બીજી બેારો જે રંગીન પથરની બનાવેલીછે તેને મલતી આવેછે, અને હમણાં એને સાફ કરેછે તેથી તેનો સાફ કરેલો ભાગ જાણે હમણાંજ બના-વ્યો હોય તેવો દેખી નકાયોછે. બાકીનો ભાગ ઘણાં વરસનો થવાને લીધે કાળો મારી ગયેછે, તે સઘળો સાફ થઇ રેહેશે ત્યારે એનો ભપકો નવેસરથી નોકલી આવશે. એ દેવલની બાહાર તથા અંદર મલીને જાત જાતનાં રંગીન સંગેમરમરના પથરોનાં ૫૦૦) થાંભળાછે, જેની ઉપરનાં મથાળાં પરની બાંધણી દરેકની જુદી જુદી જાતની ફુલો તથા બીજી તરાંહની કોત-રેલીછે. એ થાંભળાઓમાં વચલા વાટ પર કાળા અને સફેદ મલીને કાબરચીતરા રંગનાં પથરનાં આઠ થાંભળાછે, તેને વાસ્તે કહેછે કે જેરૂશલમનાં વખણા-યલા સુલેમાન પાદશાહનાં બીજી વખતે બાંધેલાં દેવલમાંથી તે લાવેલાછે, તથા અંદર ઓલટર પર બીજા ચાર થાંભળાછે તે એજ ધણીનાં પેહેલાં દેહેરાં (વખણાયલાં King Solomon's Temple) માંથી લાવેલાછે, તેમાં બે પારદર્શક આલાબાસ્ટર નાંછે તે દોરડાંનાં વળનાં જેવા બનાવે-લાછે, તેની પાછલ રોશની ધરેછે ત્યારે તેમાંથી ઉજાસ દીસેછે. દેવલમાં પેસતાં સેંટ માર્કસનાં મુરદાંને ઇજીપ્તથી લાવ્યા તેની બીનતો કાચનાં મોઝાઇક વર્કથી સારી ચીતારેલીછે. તેમાં એકના અંદર તર્કસ એનું મુરદું લાવવા દેતા હતા નહીં તેથી તેને હરસે એક ટોપલામાં મુકયું, અને તેની ઉપર ડુકરનું ગોસ પાંથરીને વાહાણ

ઉપર ચઢાવવા લાવ્યા ત્યારે કીનારાપર તર્કસોએ અટકાવીને પુછયું કે શું છે? (કારણ કે તે મુગ્દું ચોરાઈ ગયું છે એમ તે લોકોને ખબર હતી અને પેહેલે માગ્યું ત્યારે આપવાને ના પાડી તેથી તે કોઈ બઈ નડી જાય કરીને તેની ચોકસી ઘણી રાખી હતી) ત્યારે તે લોકોએ ટોપલીનું ઢાંકણું ઉઘાડીને અંદર પાંડરેલું કુકરનું ગોસ બતાવ્યું, જે આપે મુસલમાનોને ઘણી છીત હોવાથી તેની આગલથી બધા ખસી ગયા હતા. તે પીકચરમાં જરાક ટોપલીનું ઢાંકણુ ઉઘાડેલું છે, અને પેલા મુસલમાનો મોહોડાં ફેરવીને જાણે સુગાતા હોય તેમ નાસતા બતાવ્યું જ સરસ રીતનું મોઆઇક વર્કમમાં પાડેલું છે. તે ઉપરાંત તેને લાવ્યા ત્યારે અહીંયાં મલેલો મેલાવડો તથા તેને દાટવાનો કાયાની પણ તસવીરો બીજાં બારણુંઓ પર પડેલી છે. એ મુજબનો મોઆઇક વર્ક આખા દેવલમાં ૪૫૭૦૦) ચોરસ વારનો કાવેલો છે એમ કહેછે. એ ઉપરાંત ગીલડીંગ, બરોનઝ તથા નકશીકામ રંગીન પથરો પરનું બાંધું છે. એ દેવલનાં મથાળાંપર બરોનઝને ઘોલ ચઢાવેલા ચાર ઘોડા ગોઠવેલા છે જે ઘણું જુનાં અને ઊંચી બનાવટનાં હોવાથી જુદા જુદા ધણીઓનાં હાથમાં થઈને હીંયાં હમણાં રેહેલા છે એ ઘોડા રોમનાં નીરો પાદશાહનાં વખતમાં બનાવેલા ધારી શકાયછે, અને તેને ટ્રાયમફલ આર્ચ એટલે ફતેહના મેહરાબ ઉપર મુકેલા હતા, ત્યાર પછી ટરોજન શેહેનશાહે તે લઈને પોતાનાં ટ્રાયમફલ આર્ચ ઉપર મુકયા ત્યાંથી ગ્રીક શાહનશાતનો શેહેનશાહ કોન્સ્ટનટાઈન તેને કોન્સ્ટનટી નોપલ લઈ ગયો હતો, જ્યાંથી પાછલથી વીનીશીઅન લોકોએ તે શેહેર કૃઝેડનો લડાઇઓમાં સને ૧૨૦૪ માં જીત્યું ત્યારે ત્યાંથી લાવીને અહીંયાં રાખ્યા હતા, અને સને ૧૭૯૭ માં નેપોલીયને વેનીસ જીત્યું ત્યારે તે ફરાંનસ લઈ ગયો, તથા પેરીસનાં ટ્રાયમફલ આર્ચ ઉપર મુકયા હતા, જ્યાંથી આસ્ત્રીયાનાં શેહેનશાહ બીજા ફ્રાંનસીસે સને ૧૮૧૫ માં લાવીને અહીંયાં પાછા મુકયાછે. દેવલનો અંદરનો ભાગ ૮૬ × ૭૦ વારનો, અને માંહે જવાના બારણું ઘણું સરસ નકશીદાર બરોનઝનાં બનાવેલાંછે. એનો અંદર હાઈ ઓલટરની ટેબલછે તે ઉપર સોનાનાં પતરાં પર ઝવેરાત જડીને પડ કાવેલું છે, જે કોન્સ્ટનટીનોપલમાં સને ૧૧૦૫ માં બનાવ્યું હતું. એ ઓલટરનાં થાંભળાઓ સંગેમરમરનાં એક એક પથરાનાં કાવેલાછે, અને તેમાં જુના અને નવા ટેસ્ટેમેનટ બાઇબલનાં કરારની બીગતો કોતરેલીછે. તેની અંદર પુતળાં સરવે બલગાં આસપાસ જગ્યા રાખીને ઝુદાં કોતરેલાંછે. તે ઘણું સરસ કામછે. એક બાજુ એક કારડીનલ બીનોનું બાવળુંછે, તેનું ઓલટર તથા ઘોર સુધાં બધું બ્રાંઝનું નકશીદાર કાવેલું છે, અને એક બીજો ચેપલ એનાં ડાબા હાથપર બાંધેલોછે તેમાં અસલનું બાઇઝનટાઇન મોઆઇક જે જરાક તેજહીનછે તથા વીનીશીઅન મોઆઇક સોળમી સદી પછીનું એ બેહુ બેલમેલ આવેલું છે. એ ચેપલને મેડોના ડી મેશકોલીના કરીને કહેછે. આગલ જેનોવા સાથની એક મોટી લડાઇમાં વેનીસનાં માણુસો એટલાંતો મરી ગયાં હતાં કે મરદોની ઘણી ખુટ પડવાથી અહીંયાંની ઓરતોએ માનતા કીધી કે તેનો પછીથી ઓરતોને પેટે એક વરસ સુધી છોકરાજ આવેતો મેડોનાનો ચેપલ બાંધે, અને તે મુજબ પરવરદેગારનાં હોકમથી જનમોનો મોટો ભાગ તે શાલ છોકરાઓનો થવાથી એ મરદ લોકનું (Masculina) દેવલ બાંધ્યું હતું. તે ઉપર તે વખતનો વેનીશીઅન મોઆઇક કાવેલોછે એમ કહેછે. એ ઉપરાંત બીજો બધો વરક એ દેવલમાં ઘણોજ સરસ અને જોવા લાયક છે.

તે જોઇને પછી અસલની પ્રજાસત્તાકના વડા ડોજીઝ (Doges) નો મહેલ જોવા ગયા હતા, જે એ દેવલની પાસેજછે. એ મહેલ સધળો સંગેમરમરનાં પથરનો બાંધેલોછે, પણ ઘણું વરસોનો જુનો થવાથી કાળો મારી ગયો છે. એનો બાહારથી દેખાવ ઘણું રળીયામણું પથરનો બીધેલોછે. એની ઉપર હમો સુનેરી સીડી (Golden stairs) ને રસતે ગયા હતા. એ સીડીની દીવાલો પર અસલનાં મોટા મોટા ઉમરાવોનાં નામો સોનેરી અક્ષરોમાં લખેલાં હતા તેથી એ નામ આપ્યું છે. એ સીડીઓપર જવાની આગમજ એક બીજી સીડી રસતામાં આવેછે જે ઘણી મોટીછે, તેને ગ્રાંડ સ્ટેર્સ કહેછે. તેનાં મથાળાંપર આગલ ડોજીઝોને તખતનશીન કરતા હતા. તેની પાસે પેહેલી સુનેરી સીડીની બાજુપર બે બાંચા બીધેલાછે જેને સહીનું મોહોડું કહેછે. અહીંયાં આગલ કોઇ ઘણીને કોઇ ગુનેહગાર વીશે છુપી ખબર આપવાનું હોય તો એ મોહોડાંમાં નનામાં કાગજો નાખતા હતા ; જે ઉપરથી તજવીજ કરીને તેને ઘટતી શીક્ષા કરતા હતા; પણ કોઇ વખતે કોઇ બીચારા બેગુનેહગારને એવી નનામી ચીઠીઓથી પકડીને તેમને પીળાને ગુનાહ કબુલાવી મારી નાખતા હતા. એવો દાખલો કોમ્પ કાઉંટ કારમોનીઆલોનો બન્યો હતો, જે બીચારાએ બેગુનાહ હોવા છતાં ફીબાવવાને લીધે ગુનાહ અમથો કબુલ કરયો હતો, અને તેને મારી નાખ્યા પછી માલમ થયું કે તે બેગુનહ હતો. એ મહેલની અંદર ઘણાં ઓરડાછે,તેમાંનાં અસલ કાર્ગિનશીલ ભરવાનાં તથા ઇનસાફ કરવાના ઓરડામાં ઓઇલ પેનટીંગ્સ તથા મુખીઓ દીવાલો ઉપર મુકેલી છે, અને તેનો છતોપર પણ આરસીની ફ્રેમ માફક બનાઓને મલતા બાંચાઓ કરી તેમાં પણ પેન્ટીંગસ ચીતારેલાંછે. એ પેન્ટીંગસમાંનો મોટો ભાગ વેનીસની પ્રજાસત્તાક તવારીખમાં લડાઇઓમાં જીત મલવેલી તે પાડેલીછે, તથા એક મોટું દીવાનખાનું જે આસરે ૧૬૫)ફીટ લાંબુ, ૭૮) ફીટ પોહોળું, અને ૪૭)ફીટ ઊંચુંછે તેમાં એક ચીતાર બેહેસ્તનો પાડેલોછે, તે દીવાનખાનાની પોહોળાઇ જેટલો તથા ઊંચાઇમાં પાંચ ફીટ નાંધળો હશે. એ ઓઇલ પેનટીંગને વીશે કહેછેકે એનાં જેટલું મોટું ઓઇલપેનટીંગ યુરોપમાં કોઇ નથી, અને તેમાં ૮૦૦) જીણુ પરખાય તેવી મુખીઓ તથા ૩૦૦) નહીં પરખાય તેવાં મોહોડાં પાડેલાંછે. એ હોલને Sala del Maggoir Consiglio કરીને કહેછે, અને તેમાં જે અમીરોનાં નામ સોનેરી સીડીપર લખતા હતા તેવો મલતા હતા, જેઓ આસરે ૧૫૦૦) જણાં હતાં. તેઓમાંથી ૩૧૦) જણને ચુંટી કાહાડી તેઓને સેનેટર્સ (Senators) કહેતા હતા, તેઓમાંથી વળી ૧૨૦) જણાને ચુંટી કાહાડેલાને વરકીંગ કાંગ્રેનશીલ, અને તેમાંથી ૪૦) જણાંને કુવારેનટરા (ધ્યાને ૪૦ જણાંની કાંગ્રેનશીલ) કરીને કેહેતા હતા. એ લોકો અપીલ સાંભળતા, અને એમાંથી ૧૦) જણાંની હાઇ કોર્ટ થતી હતી, જેઓમાં ટીકીટ નાખીને ત્રણ કાળા રંગની ટીકીટ જે ઊંચકે તે ત્રણ જણાં આગલ રાજદરબારી બાબતનો ઇનસાફ થતો હતો. જેઓ પોતાનાં મોહે ડાંપર બુરખા પેહેરીને ઇનસાફ કતા, અને તેઓ જે કાંઇ કરવા માગે તે બંદોબાનને કરી શકતા હતા. બુરખા નાખવાનું કારણ એછે જે તેઓનું મોહોડું કોઇ જોય નહીં, અને તેથી માલમ પડે નહીં કે દશ ઘણીઓમાંનાં ત્રણ જણાં તે કયાંછે, જેથી કોઇનુ મોહોડું જોખવા શરમાવું પડે નહીં. એ ટીકીટો નાંખી તે દરેક જણ પોતે ઊંચકી વગર ઊંધાડયે પોતાને ઘેર લઇ જાય છુપી જોઇને એ મહેલમાં છુપે રસ્તે બીજે

દીને ઇનસાફ કરવાને આવતો હતો, તેથી એ દશ જણુંઓમાંથી પણ નહીં જણતું કે તેઓમાનાં કીયો ધણી ઇનસાફ કરવા જનારછે. એ દીવાનની છતપર ત્રણ મોટાં ચીત્રછે, તથા દીવાલની ફરતી બાજુપર તથા પાસેનાં ઓરડાઓનાં મથાળાંપર ૭૬) ચીતાર પ્રજાસત્તાક ડોજીઓનાં (એમનાં પેહેલા ડોજ, એનજીલો, પારટીશીપાશીઓ સને ૮૨૭ નાં શાલથી) પાડેલાંછે, તેમાં એક જણનું પીકચર પાડેલું નથી. એ ડોજ મારીનો ફલીએરોશ જેને ગરદન મારયો હતો તેની ફ્રેમ ખાલી મુકી તેમાં પીકચરને બદલે કાળું કપડું મુકેલું છે, અને તેની ફરેમ ઉપર નીચે મુજબ લખેલું છે કે "આએ જગ્યા મારીનો ફલીએરોશ જેણે ગુનાહો કીધા તેથી ગરદન મારયો હતો તેનો છે" એ ધણીને ડોજ કીધા પછી એક વરસમાં સને ૧૩૫૫ માં જે સીડીયર એને તાજ પેહેરાવ્યું હતું તેજ સીડીપર તેને મથાળે ગરદન મારયો હતો. એ મેહેલમાં અસલ બંદીવાનોને પરેજ રાખતા હતા તેની કોઠડીઓ અંધારાં ભોયરામાં કીધેલીછે, જેમાંની તે એક હજુ જેવીને તેવીજ હાલતમાં રાખેલાછે તે હમોએ જોઇ હતી, જયાં એક મોટો ચોતરો તે બંદીવાનનાં બીછાનાં માટે બાંધી રાખેલોછે. તે ઓરડી આસરે ૧૫) ફીટ લાંબી અને ૧૦) ફીટ પોહોળી હશે. એ મુજબની ધણી કોઠડીઓ ત્યાં કીધેલીછે, અને તેઓમાં જવાને એકજ ગલી, તથા મેહેલની માંમેજ કેદખાનું છે ત્યાં જવાને એક પુલ નહેર ઉપર આવેલોછે, જેને દીવાલથી બંધ કરી લીધેલોછે. એ પુલ ઉપરથી બંદીવાનોને લાવ લશ્કર કરે ત્યારે તે લોકો બાહારનાં ફરતા લોકોને જોઇને પોતે કેદી અને તેઓ છુટા હોવાથી હાય મારતા હતા, તેથી તે પુલનું નામ હાયનો પુલ (Bridge of Sighs) આપેલું છે. એ બંદીવાનોને મોહતની મજા થતી તે માટે ફાંસીનું લાકડું કોઠડીઓ નજદીકછે તોપર ફાંસી દેતા, અને ત્યાંથી એક બાંચો કીધેલોછે તેમાં તેઓનું મુડદું પથર બાંધીને નાંખી દેતા હતા, જેમાંથી તે નહેરમાં એક બોટ તૈયાર રેહેતી તેમાં પડતું, અને તે બોટ દરીયામાં લઇ જઇને તેને નાંખી આવતી હતી. કેટલાકોને ખુરસી ઉપર બેસાડી તેઓની ગરદનમાં દોરડું નાંખી દોરડાંને વળ આપી તેઓને ગુંગળાવીને મારી નાખતા હતા. ગરદન મારે તેનું લોહી જવા માટે ગટર રાખેલીછે તે હજુ જોવીને તેવીજછે.

એ સઘળું જોઇને પછી "ગરાંડ કેનાલ"માં ફરવા નીકળ્યા, અને વેનીસનાં બીજા ભાગોમાં પણ નાધળી કેનાલોમાંથી ફરી આવ્યા હતા. વેનીસ શેહેર ત્રણ મોટા અને ૧૧૪) નાધળા ટાપુનું બનેલું છે, અને તેઓની વચમાં આવજવ કરવા માટે મોટી તથા નાધળી મળીને ૧૫૦) નહેરો આવેલીછે, જેપર ૩૭૮)પુલ બાંધેલાછે. એ બધા ટાપુઓનું એ શેહેર ૯) મૈલ ઘેરાવામાંછે. એનો આસપાંસ ફરતો એડ્રીઆટીક સમુદ્ર આવેલોછે. શેહેરનો અંદર પાણી ધણું જોરમાં આવે નહી તે માટે શેહેરની આસપાસ હુનરથી તથા કુદરતી પુરણીનાં કીનારા કરેલાછે. તેની અંદર પાણી આવવાનાં ચાર રસ્તાછે, જેમાંથી વાહાણો આવજવ કરેછે. તેમાં "લીડો"નાં બારામાંથી નાધળાં વાહાણો આવેછે તેનું ૮) ફીટ પાણી ઉંડું છે, બીજું માલેમાકો બાજુ ૪૫) ફીટ ઉંડું છે, અને બે બીજાં નાળાંછે. એ બંધ કીધેલાં પાણીને "લેયુન" કરીને અહીંયાં કહેછે. તેમાં ભરતી ઓટની માફક પાણી આવેછે. એ લેયુન ૩૮) મૈલ લાંબા અને ૧૦) મૈલ લાંબી કીનારાની પાળની વચમાં આવેલો તથા તેનો વચમાં વેનીસ શેહેરછે. સૈાથી મોટી જ્યુડેકરનો કેનાલ કરીછે; તે આસરે

૫૦૦) વાર પોહોળી અને તેમાં ૨૬) ફીટ ઊંડું પાણીછે. એ જગ્યાપર પાહાર દેશનાં મોટાં વાહાણો તથા સ્ટીમરો આવી લંગર કરેછે. એનો પછીની કેનાલ મોટીછે તેને "ગ્રાંડ કેનાલ" કહેછે. એ કેનાલનો આસપાસ મોટા મહેલો આવેલાછે તેથી એનો ભપકો તેઓની જુદી જુદી બાંધણીની ઢપથી ઘણો સરશ લાગેછે, પણ નાધળી કેનાલો ઘણી સાંકડી અને કોઇ કોઇતો ૧૦) ફીટ જેટલી પોહોળીછે, જેમાંથી બે ગોનડોલામ ભાયગે પસાર થઇ શકે. અહીંયાં નાધળા નાધળા ટાપુઓને લીધે ઘરો પાણીને કીનારે બાંધેલાં તથા તેઓની સીડીઓ છેક પાણીમાં આવેલી હોયછે, જેમાંથી બોટોમાં બેસીને ગાડી ઘોડાનો માફક બધે મોહોલે જવાય છે. ટાપુનાં વચમેનાં ભાગમાં પણ બનાવટની નહેરો કીધેલીછે, પણ ઘેરાનાં મોહોલાઓની વચમા નાધળા રસતા રાખેલાછે. અહીંયાં મોટામાં મોટા રસતો જુનાં વખતનો ૧૬) ફીટ ઉપરનો નથી. હમણાં બે મોહોલાનાં રસતા નવા બાંધ્યા છે તે ૧૮) ફીટનાંછે. તેમાં ગાડી ઘોડા ફરી શકતા નથી, તેથી બોટોમાં ઇયા પગે ચાલીને કામ લેવું પડેછે. એક પણ ગાડી કે ઘોડો આખે શહેરમાં છેજ નહીં. એની આસપાસ બીજાં છુટાં મોટાં ટાપુઓછે તેમાં છુટા છવાયા બે ચાર ઘોડા દીસેછે, જે જોવા અચરતી દાખલ અહીંયાંનાં લોકો છોકરાંઓને લઇ જાયછે. તેજ મુજબ ગાય ઢોર ઘણું રાખતા નથી, અને રાખેછે તેને તબેલામાં બાંધી રાખેછે. જમીન થોડી હોવાને લીધે ખેતીવાડી પણ કરી શકતા નથી, તેથી અહીંયાં દુધ તથા બોરાકી આસપાસનાં દુરનાં ગામોમાંથી આવેછે. તે ઉપરાંત પાણીનાં કુવા પણ નથી, તેથી રોજની આસરે ૬૦) બોટો ભરીને પાણી દુરથી લાવીને ટાંકાઓમાં ભરી રાખેછે, અને તેમાંથી લોકોને બે કલાકની છુટ મલેછે તેટલાં પાણી ભરી લઈ જાયછે. કુતરાંઓ રાખવા સારૂં પણ સરકારને ૪૦) ફ્રાંકનો કર વરસ દીને આપવો પડેછે, તેથી કુતરાંઓ પણ ઘણાં દીસતાં નથી, અને થોડાંકજ કુતરાં શીવાય આખા શહેરનાં રસતાપર બીજું પણ ચોપગું જનવર દીસતું નથી. પંજેરાંમાં બંધી બબુતરો તથા બલીયાં શીવાય બીજાં દીસતાં નથી એવું એ શહેરછે. હીંયાં આસરે સવા લાખ માણુસનો વસતીછે, અને ઘણી સારી આરકીટેકચરની ઢપની બીજી ઇમારતો ગ્રાંડ કેનાલ ઉપર બાંધેલી તથા બાકીની ઘણીખરી નાધળી અને સાંકડીછે. ગ્રાંડ કેનાલનો બેહુ બાજુ ઉપર જરા મોટી મોટી ઇમારતોછે, જે બસલ મોટા ઉમરાવોની હોવાથી તેઓને મહેલોનાં નામ આપેલાંછે, પણ તેમાંનાં ઘણાંને ઘરો કહીયે તો ચાલે. અહીંયાંની બોટોને ગોનડોલાંસ (Gondolas) કહેછે, જે સઘળી કાળી રંગેલી અને તેઓની ઉપરની છત્રી તથા અસ્તર પણ કાળા રંગનુ હોવાથી જાણે શોકમાં હોય તેવું લાગેછે. એ પ્રમાણે કરવાને હોકમ પંદરમી સદીમાં થયો હતો તે હજુ તેમજ રાખેલોછે, અને જો કોઇ પોતાની ગોનડોલા બીજા રંગની બનાવે તો તેને ઘેલો માણસ કહી હસેછે. અહીંયાં હાલ ૪,૦૦૦) ગોનડાલસ, તેમાં અરધો ભાગ ઘેરગતુ અને અરધો ભાગ ભાડુતીછે. એ ઉપરાંત બોટોની આમનીબસ પણ ગરાંડ કેનાલમાં દોડેછે, અને બીજી નાધળી સ્ટીમરો લોકોને છુટા છુટા ટાપુઓપર લાવ લઇજાવ કરેછે. વેનીસ શહેરમાં લોકોનો મોટો ધંધો જોયા મેળે કાચનોછે. કાચનાં દાણાં, બીલોરકામ (કે જેનાં કાચનો બરોબર બીજું કોઇ હજુ કરી શકતું નથી અને તેની ઘણી મોટી કીમત આવેછે) સોનાં તથા રૂપાંનું જીનું નકશીકામ તથા લાકડાંનું કોતરકામ શીવાય બીજું ઘણું એવું હુનરનું કામ કરેછે.

હમો ગ્રાંડ કેનાલમાં પેહેલા ફરવા નીકળ્યા. તે હડી મૈલ લાંબી અને ૩૦૦) ફીટ પોહોળીછે. તેની ઉપરનાં મેહેલોમાં આપણને લુકરેશીઆ બોરજીઆ, ડેશડીમોના, આગ્નેગો ઇત્યાદીનાં મેહેલો ગાઇડ બતાવેછે. તે ઉપરાંત બીજા મેહેલો સારી ઢબનાંછે, જેમાં પેલેશ ડી મુલાનોની બાહારની દીવાલપર કાચનાં મોઝેકનાં પીકચરો સરસ પાડેલાંછે. ડોજ ફોસકારીનું ઘેર છેક નાંકે આવેલુંછે, તે ઘેરમાં એ ધણી એક બારી કે જે કેનાલમાં આવેલીછે તે બોરડામાં મરણ પામ્યો હતો. તે બારી આગલ રાતને દીવસ ફાનસમાં દીવો સરકાર તરફથી બાલીઆમાં આવેછે. એ ધણી જયારે ડોજ હતો ત્યારે એનો છોકરો કોઇ બલવામાં સામેલ થયો હશે, તેને પોતે ઇનસાફ કરીને ગરદન મરાવ્યો હતો, તેથી એને હીંયાનાં લોકો માન ઘણું આપેછે, અને ત્યાં એ મુજબ રાત અને દીવસ દીવો બળતો રાખેછે. એ કેનાલ ઉપર રીઆલટો બ્રીજ કરીને પુલછે, તે ઘણો પોહોળો બાંધીને તેની બેહુ બાજુપર દુકાનો માંડેલીછે, અને વચમે લોકોને જવા સારૂ રસતો ખોલો રાખેલોછે. એવી ૨૪) દુકાનો ૧૨) એક ગમ ને ૧૨) બીજી ગમ મળીનેછે. એ કેનાલપર Freres Rubbi કરીને માણસો સારૂં મોટી આંખો બનાવનારનું કારખાનું જોવા ગયા હતા. એ બનવવા સારૂં સફેદ કાચને પેહેલાં નલોમાંથી ફુંકી ગોળ બનાવેછે, અને પછી તેનો ઉપર લાલ કાચની ઝીણી લીટીઓ પાડી નેમનાં જેવો રંગ આપેછે, તથા કીકી સારૂં કાળો તથા તેની ઉપરનાં ડોલાનાં રંગનો બલુ ધોયા કોલા કાચનો રંગ આપીને પાછું તેની ઉપર પાણી જેવું કાચનું પડ ફેરવેછે. પછી તેને ફુંકીને હથીયારથી આંખનાં જેવું ચપટું કરેછે કે પેલા ડોલાનો રંગ પંથરાઇ જાયછે. પછી તેને ભાંજીને આંખના જેવા આકાર ગરમ કરતો કરતો બનાવેછે. એ ઉપરાંત અહીંયાં અવેરાતનો મોઝાઇક વર્ક પણ બનાવેછે તે જોયો હતો. એ સારૂં એક જાતની મોટાડી જે પાછલથી મુકાયછે, ત્યારે ચીકટ અને મજબુત પથર જેવી થાયછે, તેને પોચી કરીને તેમાં પીકચરો મુજબ જાત જાતનાં રંગો આગલથી તરાંહ પાડીને ગોઠવેછે. તે એવો તો સરસ રીતે કરેછે કે ફુલ પાણ ઇત્યાદી જાણે રંગ્યું હોય તેવું માલમ પડેછે. એ કરવા સારૂં રંગીન પથરનાં જોઇતા કદના કટકા ભાંજી તેને રંગ મુજબ ગોઠવતાં અક્કી ઘણી મેહેનત પડવાથી તે ધણું મોધું થાયછે. અહીંયાં કાચનાં દાણાં પણ ફુંકીને બનાવતાં હમોએ જોયા હતા. એ દાણાં બનાવવા સારૂં કાચને ફુંકીને તેની ઉપર રંગીન કાચો પીધળાવીને જોઇયે તેવો તરાંહ પાડેછે.

એ જોઇને પાછા નાધલી નહેરોમાં ફરતા ફરતા યાહુદીઓની રેહેવાની જગ્યા તરફ જઈ લાગા હતા, જયાં આઠથી નવ માળોનાં ઘેરો જોવાથી તે વીશ બ્બર કાહાડતાં માલમ પડયું કે અસલ ડોજોનાં વખતમાં યાહુદીઓને એક થોડાજ ભાગમાં જયાં હમણાંછે ત્યાંજ રેહેવાનો હોકમ હતો, અને બીજી જગ્યા વેચાતી લેવાને અને બીજે કોઇ રેહેવાને ના ફરમાવ્યું હતું. હવે એક વખતે લડાઈ થઈ ત્યારે ડોજોને નાણાંની ઘણીજ ગરજ પડી ત્યારે યાહુદીઓને તેડાવી તેઓ પાસે વધતા પૈસા માગ્યા, જે તેઓએ આપવાને ના પાડી, પણ જો એ ડોજ તેઓને રેહેવાની જગ્યા આગલ વધારવા દેય તો નાણાં આપવા કેહેવાથી ડોજે હા પાડી, પણ પાછલથી તેઓએ જગ્યા માગી ત્યારે કહયું કે તમોને તમારાં ઘેરોછે તે ઉપરની આસ્માન સુધીની ઊંચી જગ્યા આપીછે, તે તમારે ગમે એટલાં ઊંચાં બાંધો પણ નવો

જગ્યા અપાય નહીં. એમ કહીને ફરી ગયાથી એ લોકોને અગવડ પડે એટલા માળોની ઊંચી ઇમારતો બાંધીછે.

એ જગ્યા પરથી બીજી ઘણીગમ ફરીને "બોટેનીકલ ગારડન" જોવા ગયા, જે અસલ સરકારને હસ્તક હતી પણ હમણાં બાનગી ગ્રહસ્થ પાસેછે, અને ત્યાં કાંઈ જોવા લાયક નથી. એ જગ્યાપર યુપાસ (Upas) કરીને જે ઘણું ઝેહેરી ઝાડ થાયછે તેનો રોપો હમારા જોવામાં આવ્યો હતો. હાલ તે એક નાધણું ઝાડછે, ત્યાં કહેછે કે અસલ મોટું ઝાડ પેરડીનાં જેટલું હતું, તેની હેઠે જો કોઈ સુતું તો તેનું આંગ ઘણું સુજી આવતું અને તે મુજબ થોડાં વરસપર બનેલું હમારી સાથવાલો ભોમીઓ તથા બાગબાને જોયું હતું, અને તે ઘણી પાછલથી મરી ગયો હતો. એમાંથી જો ડાંખળી તોડેછે યા તેમાં ચલી ભોંકેછે તો દુધનાં જેવો ચીક નીકળેછે, તેમાં તેનાં અસલ વતનનાં જંગલી લોકો પોતાનાં તીરનું મુંડું બોલેછે, અને તે તીરથી કોઇને મારેછે તો ઝેર ચહડીને તે તરત મરણ પાંમેછે. તે ઝેર કાહાડવા સારૂ ગોલાબોનેજ બોકલેછે કે જેઓમાંથી ઘણાં જણાં એનું ઝેર અંચીંતુ લાગવાથી મરણ પાંમેછે. એક બીજું ઝાડ Euphorbia Canarienses કરીને યુવરનાં જેવુંછે, તે પણ ઘણું ઝેરી અને તેમાંથી પાંચ ટીપાં જો કોઇના પીધામાં આવે તો મરણ પામેછે.

એ જોઇને પાછા બોટમાં નોકળેલા રૂલવે કુાંનો લેગુનમાંથી પસાર થતો ખોડજ જોવા ગયા હતા. એ પુલ ઘણોજ મોટો અને તેનાં ૨૨૨) આરકાંછે, અને હમારા ભોમીબાના કેહેવા મુજબ તે ૨૫ મૈલ લાંબોછે, પણ હમો તો એકથી સવા મૈલ લાંબો ધારીયેછે. તે જોઇને પાછા હોટલમાં ગયા.

તા૦ ૧૪ મી અકટોબર ૧૮૮૧— આજે સવારનાં પેહેલાં Accademice delle Belle Arte ની પીકચર ગેલેરી જોવા ગયા હતા, જ્યાં ઘણાં ઊંચી જાતનાં ચીતારો ઉસ્તાદોને હાથનાં ચીતારેલાં જોયાં હતાં. એ જગ્યા અસલ એક જોગણુશાળા હતી, પણ તેને નેપોલીયન બોનાપારટે બંધ કરી હતી. તે વખતને વાસતે કહેછેકે નેપોલીયન જ્યારે હીંયાં આવ્યો ત્યારે એ જોગણુશાળા Scuola della Carita ના મહંતોને ઘણાં સુખ અને ચેનથી રહેલા જોયા, અને તેઓ બધા આગે વધી ગયલા હોવાથી તેઓને કહ્યું કે તમો આવા મજબુત છો, તેથી વૈરાગ પાદરીને બદલે શોલજરોને લાયકનાંછો, એમ કહીને પોતાની રીજમીટમાં તેઓને જબરદસતીથી સાંમેલ કીધા, અને ત્યાંથી સરવે ઊંચી કીમતનો સામન ઉઠાવી લઇ ગયો હતો. એ મઠધારી ઇમારત અંદરથી ઘણી સારી તથા તસવીરોથી સણગારેલી, અને છતોપર લાકડાનાં પુતળાં ઘોળ કીધેલાં મજેનાં સટ બેસતાં ગોઠવેલાં તથા ચીત્રકામ પણ ઘણું કીધેલુંછે. જમીન ઉપર ગલીચા રોકુ બોઝદાર વરકછે, અને બધી રીતે મઠાધારીઓ ભપકાદાર રેહેતા હતા તેવું માલમ પડેછે. પેહેલો ઓરડો હમોએ જોયો તેમાં એક ઘણીએ અબનુશ અને બોકશ વુડ (Box wood)નું ફરનીચર ઘણુંજ સરસ કોતરકામનું આપેલું જોયું હતું. તેનાં પુતળાં બનાવી તેની ઉપર કોરીની બરણી મુકેલીછે. તે જોઇને પીકચરોનાં ઓરડાઓમાં વારાફરતી ફરયા જ્યાં ઊંચી જાતનાં પીકચરો જોવામાં આવ્યાં હતાં, તેમાં ઘણાં સરસમાનું પાલમાવીશીઓનું, "કાર્પસ્ટ અને નેબ્બનની બીધવાનું" (Curia da Conegliano નું, "મડોના" અને જોન બેપટીસ્ટ"વાલું, અને "ટીશીબ્બન" કરીને મોટા ચીતારો

થઇ ગયેાછે તેનાં ત્રણ પીકચરેા—એક ૧૪) વરસની ઉંમરનેા હતેા ત્યારે, બીજું ૩૫) વરસનેા હતેા ત્યારે અને ત્રીજું ૯૯) વરસની ઉંમરનેા હતેા ત્યારે, પાડેલાં મુકેલાંછે. તેમાંનું ૩૫) વરસની ઉંમરે એશિપશનવાલું પીકચર આએ આપ્યા સંગ્રહમાં સૈાથી સરસ ગણાયછે, અને તેની કીમત ચાર લાખ રૂપીયાની કહેછે. એવાં એવાં બીજાં ઘણાં પીકચરેા મુકેલાંછે તેની વીગત હમેા લખી શકતા નથી.

એ જોઇને એજ દરબારમાં દરશાલ સંગ્રહસ્થાન ઉઘાડેછે તે જોવા ગયા હતા, જ્યાં અહીંયાંની બનાવટનેા સંગ્રહ ઘણેા સારેા કીધેલેા હતેા. તે જોઇને પછી બેાટમાં બેસીને વેનીસને લગતા બેાટા પણ જગા છેટે છેટે આવેલા ટાપુઓ જોવા ગયા હતા, તેમાં સેંટ જયોરજ મેગેારીનું ટાપુ પસાર કરીને સેંટ લેઝેરીઓ (St. Lazzario) નાં ટાપુમાં આરમીનીઅન લેાકેાની મઠછે તે જોવાને ઉતરયા હતા. એ મઠ કેાઇ આરમીનીઅને આએ ટાપુ વેચાતું લઇને બંધાવી હતી. હાલ તેમાં ૩૦) મહાધારી રહેછે, જેઓ આરમીનીઅાથી છેાકરાઓ આવેછે તેમને બધી રીતનેા હુનર શીખવેછે. હીંયાં છાપવાનું કારખાનું છે તેમાં ૩૩) ભાષામાં બાઇબલનાં ફકરા છાપેછે.

એ જોઇને લીડેા (Lido) નાં ટાપુ ઉપર ગયા હતા, જ્યાં બે ચાર ગાડી ઘેાડા ભાડે ફરવેછે, તેમાં બેસી તે ટાપુ પસાર કરીને તેને બીજે છેડે એડ્રીઆટીકને કીનારે ફરી પાછા આવ્યા હતા. એ ટાપુમાં ખારાં પાણીનાં હમામ ઘણાં બાંધેલાંછે, અને જમીન ફળવંત હેાવાથી તે તરકારીનેા ઘણેા ભાગ વેનીસ શેહેરને પુરેા પાડેછે. તે જોઇને પાછા નીકળેલા જાહેર બાગ (Gardini Publici) નેપેાલીયન બેાનાપાર્ટે વેનીસનાં ગરીબ આદમીઓ સારૂં બનાવ્યેા હતેા તે જોવાને ઉતરયા હતા. એ એક મેાટી પાર્કનાં જેવી વાડીછે, અને ત્યાં સરખા હારબંધ રસ્તાની બાજુઓપર ઝાડ રેાપેલાંછે. તે શીવાય બીજું કશું જોવાનું નથી. એ જગ્યાપર એક કંપની ઉભી થઇને વેનીસ શેહેરને પાણી અહીંથી પુરૂં પાડવા સારૂં (નલનેા કુવેા)Artisan well બાંધેછે તે જોયું હતું. એ આરટીઝન વેલ જમીનની નીચાણમાં એકથી બે ઇયા ત્રણ હજાર ફીટ સુધી ખણીને નલી મુકેછે, જેમાં પતાળનેા ઝરેા લાગેછે તેા એવેા કુવેા જે ભાયગે ત્રણ ફીટ પરીઘમાં હેાયછે તેમાંથી એકથી બે લાખ આદમીઓને પાણી પુરૂં પાડેછે. એ કુવેા ખણવા સારૂં પેહેલાં એક નલ ઉભેા ભોયમાં ખાડેા ખણીને જાય તેટલેા મુકેછે. હવે એ નલીની નીચેનેા અરધેા ભાગ ધાર રેાકેા કરેછે, જે નલ ફરવ્યાથી મેાટાડી અંદરથી ખણાઇને જમીન પેાચી હેાયછે તેા નલ નીચે જાયછે. હવે એ નલની વચમાં એક લેાખંડનેા સળીયેા સ્કુરૂ માફક ફરવીને તેની અંદરની મેાટાડી ઢીલી કરેછે, અને તેમાં પાણી નાખી તેને પેાચી કરી બાલદીએ કરીને બાહાર કાહાડી નાંખેછે. જો અંદર રેતીની જમીન હેાયછે તેા તે નલીની અંદર બીજી બુંબાની નલી મુકીને પાણી છેાડેછે, જેથી રેતી ડેાહેાવાઇને પાણી સાથે મલી જાયછે, અને હેઠળ પાણીવાલેા નલ જરાક ઉંચેા રાખવાથી પાણી રેતી લઇને બાહાર નીકળેછે. એ મુજબ નલની અંદરનું મેાટાડું ઇયા રેતી બાલી કીધી કે નળને સ્કુરની માફક ફરવીને જમીનમાં વધતેા ઉંડેા પેસાડી આગલની માફક મેાટાડું ઇયા રેતી કાહાડેછે. જો પથર નીકળેછે તેા મેાટી પહરાઈ લેાખંડની મુઠીને તેને ઉંચકીને ફેાડેછે, તેથી પથરાનાં ટુકડા થાયછે અને તેને બાલદીથી કાહાડી લેછે. હમણાં એ કુવેા ૪૨૦) ફીટ ઉંડેા ખણેલેાછે, અને નીચેથી બાલ-

દીઓમાં કોરા તથા બીજી ચીજો ઉપર આવેછે, પણ પાણી મલ્યું નથી તેથી ૭૫૦) ફીટ ઊંડો જાશે, અને જો પાણી નહીં મલશે તો કમ્પનાત મુજબ વેનીસની મ્યુનીશીપાલીટી ત્યાર પછીનો ખરચ તે કંપનીને આપશે, અને પાણી મલશે ત્યાં લગણ ઊંડા ખણ્યા જશે એમ કહેછે. એ જોઇને પાછા બોટમાં બેસીને હોટલમાં આવ્યા હતા.

તા૦ ૧૫ મી અકટોબર ૧૮૮૧— આજે સવારનાં સેંટ મારકના ચોકમાં આવેલો પાદશાહનો મહેલ જોવા ગયા હતા. એને પાલાઝો રીઆલે (Palazzo Reale) કરીને કહેછે. એ મહેલ ઘણો મોટોછે, અને સેંટ માર્કસનાં પીઆઝોનાં બે ભાગ રોકેછે, જેમાં આસરે ૯૦૦) ઓરડાછે, તેમાં પાદશાહ પોતે જ્યારે વેનીસ આવેછે ત્યારે જે ઓરડા વાપરેછે તે હમોએ ઘણી સારી રીતનાં સણગારેલા જોયા હતા. દરેક ઓરડામાં જુદા જુદા રંગનું ફરનીચર તથા હેનગીંગશ હતાં, અને વેનીશીઅન કાચની આરશીઓ તથા ઝુમરોથી ધાર્યું સોભતું હતું. તે જોઇને પાલાસ ગરાશી (Palace Grace) જોવા ગયા હતા, જે મહેલ કોઈ મોટા સોદાગરનોછે અને તે પાદશાહનાં મહેલ કરતાં સરસ સણગારેલોછે. તેમાં એનાં બધા ઓરડાઓની છત પર દરેક ઓરડે જુદી જુદી ઢબનો ઘોળ તથા ચીતાર કીધેલા ઘણા જોવા લાયકછે. તેજ મુજબ જમીન પરનું મોઝાઈક વરક પણ ધાર્યું સરસછે.

તે જોઇને સેનટ મેરાઆ ગલોરીઓસા દી ફારી (St. Maria Gloriosa dei Fari) કરી દેવલછે તે જોવા ગયા હતા. એ વેનીશનાં મોટાં દેવલોમાંનું એક ગણાયછે અને તેરમી સદીની અધવચમાં બાંધ્યું હતું. એની અંદરનાં બાવળાં જોવા લાયકછે. તેમાં કેનોવા, જે મોટો શીલ્પશાસ્ત્રી થઈ ગયોછે તેનું દીલ મુકેલું યાદીસ્તંભ, તથા ટીશીઅન કરીને મોટો ચીતારો થઈ ગયોછે તેનો યાદગારીનું બાવળું જોવા લાયકછે. તેઓ પર તેઓનાં હુનરથી બનાવેલાં સૌથી સરસ અર્ધ બાવળાંનાં ચીતરોની નકળ કોતરેલીછે. એક ડોજનું બાવળું છે તે ડોજે આફ્રીકામાં લડાઇઓ જીતી હશે તેથી તેનું મોન્યુમેનટ કાળા પથરનાં મોહોડાનાં તથા સફેદ પથરનાં કપડાનાં બનાવેલાં સીધોઓને ઊંચકતાં પાડેલું છે. એ બાવળાં ઉપરાંત સેંટ જેરોમનું પુતળું એને લગતા દેવલમાં મુકેલું છે. તે ટીશીઅને પેહેલવેહેલો અસલ પ્રમાણે સજીવ પાડવાનો હુનર સોધી કાહાડયો ત્યારે એ પુતળાંનો બનાવનાર એલેકઝાનડર વીટારીઆ (Alexander Vittoria) આગલ પોતે તેનાં નમુનાં દાખલ ઉભો રહીને તેની પાસે આએ પુતળું પેહેલવેહેલું સજીવ મહેરાનું કોતરાવ્યું હતું. એ શોધની આગલ પુતળાં તથા ચીતારો ઘણાં તેજહીન દેખાવનાં માલમ પડેછે, પણ અસલપરથી પાડવા તથા કોતરવા લાગાથી એ કાર્યો ખામીમહીત લાગેછે. એ દેવલમાં હમોએ આગલ ડોજોનાં મહેલની વીગતમાં એક ધણીને બેગુનાહ મારી નાખ્યો હતો તેની બીનાં લખીછે તે ધણીનું મુરદું તે માલમ પડવા પછી પાછું દાટેલું કાહાડીને અહીંયાં તેની કોફીન અલગી દીવાલ આગલ મુકીને તેની યાદગારી બનાવેલીછે. એનું નામ Comte Carnianiola કરીનેછે. એ ઉપરાંત ક્રાઇસ્ટનાં ઓલટરોની નકશીકામ તથા ચીતારોપણ ઘણાં જોવા લાયકછે.

એ જોઇને પછી અતરેનું વખણાયલું કાચનું મોઝાઇક વરક બનાવેછે તે જોવા ગયા હતા. એ મોઝાઈક વરક બનાવવા સારૂ પેહેલાં જાત જાતના રંગના ભાસ પડતા કાચો બનાવીને મુકેછે, અને એવા રંગનાં ભાસની ૮,૦૦૦) જાત એ કારખાનામાં રાખેછે. તેઓમાંથી એક કાગજપર રંગવાનાં કપડાંની માફક ભાગોનાં બાંચા બા-

ડેલા હોયછે તેમાં જોઇતા રંગો તેનાં ચીત્ર મુજબ ગોઠવેછે, તે સારૂં જોઇતા કદના કાચો બરાબર ભાંજવા તથા ઘસવા પડવાથી ઘણી મેહેનત તથા વખત જાયછે. એ મુજબ બે ડોકાં એક પીકચર સારૂં એક માણસ બનાવતું હતું તે હમોએ જોયું, જે નજદીક પુરૂ થવા આવેલું હતું. તે ઉપર તેને ચાર માસ લાગા હતા એમ કહેતો હતો, અને એક ચીતાર આખું તેવું બનાવાપર બાર માણસોને દશ મહીનાં લાગેછે. તસ્વીરનાં જુદા જુદા ભાગો કરીને તેનાં ચીતારાઓ પાસે ચીતાર બાંધ્યા મુધાનાં પરાવેછે, અને તે જુદા જુદા ઘણાઓ કાચોનાં રંગ તથા ભાય મેળવીને ગોઠવેછે. એ મધળું ઉધું ગોઠવેછે અને તૈયાર થઈ રહયું કે તેની ઉપર મોટાડીનું પડ કરીને તેને મજબુત કરી ઉપર પાટીયાંથી અથવા લોખંડનાં પતરાંથી બંધ કરી લેછે, અને પેલું અસલ કાગજ જે નીચે રહેછે તે કાઢાડી નાખેછે કે એ કાચનું મોઝેઇક તૈયાર થાયછે. એ જોઇને પાછા શેહેરમાં મહેરોમાંથી ફરી આવ્યા, અને રાતનાં કલાક ૧૧) વાગે તરેનમાં બેસીને વેનીસ છોડયું. એ વેનીસ શેહેર જે મધળું ટાપુઓનું બનેલું છે તેમાં અસલ ઇટલી દેશનાં લોમબારડી પરગણાનાં લોકોને રોમન્સની લડાઇથી ઘણી હરકત તથા હેરાનગતી થવાથી તે લોકો એ ટાપુઓ પર આવીને વસ્યા હતા, જ્યાં તેઓને દુશમનોથી નીરાંત મલવાથી તથા અસલ જાતે મેહેનતુ હોવાથી વેપાર ધંધો વધારી પોતાનું નવું ગામ પણ સાથે બીજા ટાપુઓ ઉમેરીને વધારતા ગયા હતા, તેમજ દરીયામાં આવેલું હોવાથી દરીયાઇ લડાઇપર ઘણું ધ્યાન આપી મેડીટરેનીઅન તથા એડરીઆટીક સમુદ્રો પર એ લોકોએ મોહોટાઈ ઘણી ભોગવી અને વેપાર પણ ઘણો મોટો વધારી મુકયો હતો. એ લોકો અસલ પોતાનાં ઉમરાવોનાં બાનદાનનાં એકવીસ વરસ ઉપરની ઉમરનાં મરદોની કાઉનશીલ કરીને તેઓ હસતક રાજદરબારી કામ ચલાવતા હતા, જેઓ પોતાનાંમાંથી એક જણને વડા દાખલ ચુંટી કાઢાડી તેને ડોજનો ખેતાબ આપતા હતા. (પેહેલો ડોજ એ લોકોનો સને ૭૧૬ માં હતો એમ ધારેછે) એ મુજબ રૈયતનું રાજ પોત પોતામાં સ્થાપ્યું હતું, જે નજદીક ૧૦૦૦) વરસ ટકીને આખરે ફ્રેંચ રેવોલ્યુશનનાં વખતમાં ફ્રેંચોને હસ્તક ગયું ત્યાર પછી ઓસ્ત્રીયાને હસતક થયું હતું, તે છેક સને ૧૮૬૬ માં આસ્ત્રીયાવાલા પુરૂશીઆનો લડાઇમાં હાર્યા ત્યારથી ઇટલીની સરકારને હસતક પડેલું છે, અને હમણાં પણ દરીયાને મથાળે આવવાથી એ શેહેર મોટા વેપાર ચલાવેછે. હમણાં એ ઇટલીનાં વેનીશીઆ(Venitia) પરગણાનું મુખ્ય શેહેર ગણાયછે.

તા૦ ૧૬ મી અકટોબર ૧૮૮૧— હમો ગઈ કાલે રાતનાં ૧૧) વાગેનાં વેનીશથી નીકલેલા ફ્લોરેન્સ શેહેરમાં આજે સવારનાં ૭ વાગે આવી પુગા, અને હોટલ ડી લા યુરોપમાં ઉતારો લીધો હતો. હમો સવારનાં પેહેલાં અતરેનો કેથીડ્રલ જોવા ગયા. એને અહીંયાં La Cattedrale di St. Maria del Fiore કરીને કહેછે. એ દેવલ સને ૧૨૯૪ થીતે ૧૪૭૪ સુધી વારા ફરતી બંધાઇને તૈયાર થયું હતું. એનો બાહારનો દેખાવ રંગીન સંગેમરમરનાં પથરનો ઘણો સારો લાગેછે, તથા એનો મીનારો પણ સંગેમરમરના પથરનો નાજુક થાંભલાનાં આરકાંઓનોછે તે પણ ઘણો સોભેછે, અને અંદરનો ભાગ રંગીન કાચની બારીઓને લીધે પેહેલાં અંધારો હોય તેવો લાગેછે અને કાંઈ બરાબર દીસતું નથી; પણ નજર ઠરયા પછી તેના ગુંબજ ઉપરનાં ચીતારો ભાંખાં દીસેછે. એ ગુંબજ ૩૫૨ ફીટ ઊંચો અને

એની પોહોળાઈની બરોબરી બીજો કોઈ પણ દેવલનો ગુંબજ કરી શકતો નથી એમ કહેછે. એ ચીતાર જોવા સારૂ ઉપર જવાની ઘણીજ સરસ સીડીઓ તદન પથરની બાંધેલી, અને ગુંબજની આસપાસ ફરતી ગેલેરી કીધેલીછે તે ઉપરથી તેપર પાડેલા બેહેસ્ત તથા દોજખનાં ચીતારો ઘણાં સરસ, અને ગેલેરી ઉપરથી નીચે અંદર દેવલમાં જોવાયેછે તો દેવલનો દેખાવ પણ ઘણોજ સરસ લાગેછે. હમો ગયા ત્યારે ભણવાનું ચાલતું હતું તેથી લોકોની આવજાવ જાણે રમકડાં ચાલતાં હોય તેવી લાગતી હતી. એ દેવલમાં રંગીન કાચની બારીઓ। ઉપરાંત કાચનો મોઝાઇક વરક દેવાલ ઉપર ઘણોજ સરસ કીધેલોછે, અને અંધારામાં તે એવો તો સરસ ચળકેછે કે જાણે તે પણ કાચની રંગીન બારી હોય. જો હમોને હમારા ભોમીઓ એમ નહીં કહે કે દેવાલ ઉપર કાચનો મોઝાઇક વરક કીધેલોછે તો હમો એમજ સમજતે કે કાચની રંગીન બારીઓછે. હમો આગલ ચાલીને ફરીયા જરાક ઉજાસ વધ્યા પછી તે જોયું ત્યારે હમોને માલમ પડયું કે તે દેવાલ ઉપર મોઝાઇક વરકછે. એ દેવલ ૧૮૫૫૧૧૪ વર મોટુંછે. એની અંદર એક પુતળું માઇકલ એનજલોએ પોતાનો ઘોર સારૂ બનાવ્યું હતું, જે બનાવતાં તે મરણ પામ્યો હતો. તે વખતે એને પોતાનું છેલ્લુ કામ આએ કેહીડલને બેટ આપવાથી તે હીંયાં ઓલટરની પછવાડે મુકેલુંછે, તે ઘણું જોવા લાયકછે. એનીજ પાસે બેટીસટરો (Batistero) કરી દેવલછે, જે તદન રંગીન જતજતનાં સંગેમરમરનાં પથરનું બનાવેલું, અને તેની અંદરનો સઘળો ભાગ કાચનાં મોઝાઇક પીકચરોથી ભરી નાંખેલોછે, તે જાણે સઘળું રંગીન કાચનાં ઘણાંની દીવાલ તથા છત હોય તેવું એ મોઝાઇક વરકથી લાગેછે; પણ સૈથી સરસ તો એનાં ત્રણ દરવાજા જે બ્રાંઝનાં બનાવેલાછે, અને તે ઉપર નકશી તથા કોતરકામ, આખ્યાં અલગાં માણસો, તથા જનવરોનાં એવાં તો સરસ બનાવેલાંછે કે કાંઇ તારીફ નહીં થઇ શકે. એમાનું એક બારણું માઇકલ એંજલોએ જોયું ત્યારે તેની તારીફમાં બોલ્યો હતો કે એ બારણું બેપટીસ્તોને નહીં પણ બેહેસ્તનાં દરવાજાને લાયકનું છે. એ કામ લોરેનઝો ગીબરટી (Lorenzo Ghiberti) નામનો ઉસ્તાદનો ચીતાર હતો, અને તેમાં ક્રીસ્તીઅન બાઇબલને લગતા ૧૦) બનાવો કોતરેલાછે. એનો અંદરનો ભાગ (એ ગોળાકારમાં તેમાં) બબે થાંભલાઓ વચે ગોબલાં। કમાનો બનાવેલાંછે. એવેલો ઓલટર તદન સંગીન રૂપાનો બનાવેલો, અને તેનાં કામ મુધાં ૪૬૬) રતલ વજનમાં કહેછે. એ ઓલટર સેંટ જોનનાં દીવસોપર બાહાર કાહાડીને મુકેછે, અને બાકીનાં દીવસો ઉંચા કરી રાખેછે.

એ જોવાને પછી મેડીસી (Medici) કરીને હીંયાં આગલ મોટી કેમીલી થઇ ગઇછે તે લોકોનું દેહરૂં જોવા ગયા હતા. એ મેડીસીનો વંશ જેઓ હીંયાનાં આગલા થાનડા કસ હતા, તેઓને દાટવા સારૂ એ દેહરૂં તથા તેની હોરે બોયરા બાંધેલાંછે. બાહારથી એનો દેખાવ સારો છે, અને અંદર જતાં પેહેલાં મોટ રોકા મેહેરબાનનાં છાપરાંનાં ઓરડાઓમાં તેઓને દાટી ઉપર સાદી મરમરની લાદીઓ મુકેલાછે; પણ તેમાં થઇને ઉપર ગયા કે એક આઠ ખુણાંનો ઘણો મોટો ઓરડો આવેછે તેની અંદરનાં ભાગકાનો તારીફ હું કરી શકતા નથી. તે તદન જાત જાતનાં ઘણાં સંગેમરમરનાં પથરોનો બાંધેલાંછે, અને તેમાં જાતજાતની તરાંહો પાડેલાંછે. છતપર ઉંચા ઉંચા ચીતારો બાઇબલને લગતા ઉસ્તાદોને હાથનાં પાડેલાંછે, તથા

દીવાલોની બાજુઓપર સારકોફેગસ (ધોરો) હોય તેવી ૬) મોટી ગંજાવર યાદગારી એ મોટા ડયુકસોની મુકેલીછે. અને તે ઉપર ઘણાંજ કીમતી પથરો, પથર થઇ ગયલા શીડર ઓફ લીબેનઅનનાં, લાકડાં તથા ઝવેરાતો જડેલાંછે. તેની ઉપર બે ગમ બે પુતળાં ડયુકસનાંછે તેઓનાં માથાં ઉપરનાં તાજમાં પાણું, માણુક, હીરા, તથા ટ્યુનીચર બીજાદી જડેલું છે, તથા બારણું આગલ ઉંચી જાતનો ફ્લોરેનટાઇન ટેપેસ્ત્રી વરક ટાંગેલાછે. એ એપલ સને ૧૬૦૪માં ગ્રાંડ ડયુક ફરડીનાનદ પેહેલાએ બંધાવ્યો હતો, અને તેપર પાછલથી બીજા ગ્રાંડ ડયુકસ બરચ કરતા આવ્યાથી તે ઉપર મળીને ૮૮) લાખ રૂપીયા બરચ બેઠાછે, એવું ગાઇડ બુક ઉપરથી માલમ પડેછે. કે ની અંદરનાં સણગારમાં સીગાહમા, કાલચીરોના, રોકફીશટલ, લેપીસલેજુલી, માલાકાઇટ, પારફરી તથા એવા એવા બીજા ઉંચા ઉંચા પથરો કામે લગાડેલાંછે. એનીજ પાસે એ લોકોમાંનાં બે ચાર જણાંને સારકોફેગસમાં દાટેલાછે. તેથી જુદાજ ઢંગમાં જેહાકેનોવા તથા માઇકલ એનજીલો અને એવા ઉસ્તાદોને હાથનાં કોતરેલાં પુતળાંઓ સવાર, સાંજ, દીવસ, અને રાતનાં દર્શકરૂપે કીધેલાં મુકયાંછે.

એ જોઇને એનનશીએટા (Anunziata)નું દેવલ જોવા ગયા હતા, જે સને ૧૨૫૦)નાં શાલમાં રંગીન સંગેમરમરનાં પથરોનું બાંધ્યુંછે. તેની અંદર દીવાલો ઉપર રંગીન પથરની ફ્રેમો કરીને તેમાં સેંટસની તસ્વીરો ગોઠવેલીછે, અને તે ફ્રેમ ફરેસતાઓ ઉંચકતા હોય તેમ તેવોના પુતળાં કોતરેલાંછે. એમાં વરજીન મેરીનુ ચેપલ બધા દેહરૂં કરતાં બાજુ ઉપર બાંધેલુંછે, અને તેની ઉપર રંગીન સંગેમરમરનું છતર પણ સારી કારીગીરીનું બનાવેલુંછે. એની અંદર રૂપાનાં ઘણાં મોટાં ફાનસો તથા સુમેદાનીઓ બળતી હતી, અને વચમે એક મોટું સોનાનું ફાનસ અતરેની મ્યુથીશીયાલીટીએ સને ૧૮૪૪ માં કોલેરા અહીંયાં ફેલાયો હશે તે બંધ થયો તેથી ચહડાવેલું છે. એ દેવલની છત જાણે સોનાની બનાવી હોય તેવો ઘાળ કરેલોછે, અને તે ઉપર નકશીકામ પણ ઘણું કીધેલું તથા તે નકશીકામની અંદર ચીતાર કરેલાંછે. એની વચમાં મોટા ડોમની હેઠળ કોગેર (ગીત ગાવાની જગ્યા) બાંધેલીછે, તેમાં હુમો ગયા ત્યારે આગગીનની સાથે આજે આતવાર હોવાથી કોઅર તથા ઓરગનનું મિનડ સુધાં ઘણીજ સરસ રીતનુ ગાતા હતા.

એ જોઇને સેંટ ક્રામે (St. Croce) નું દેવલ જોવા ગયા હતા. એ દેવલની માહે જતાં મરમરની સફેદ મોટી લાદીઓ વચમાં, અને તેને ફરતી રંગીન પથરની કોરનો લીલા તથા લાલ રંગની ફરસબંદી કીધેલીછે. એનો બાહારનો ભાગ બંધાતો અધુરો રેહેવાથી પોપ નવમાં પાયસે સને ૧૮૫૭ માં તે બાંધ્યો અને પોતે તેનાં પાયાનો કીયા કીધી હતી. એ દેવલ ૧૬૩ થી ૧૪ વારનુછે, અને તેની ઉંચાઇ ૬૫) ફીટછે. એમાં ઇટલીનાં જાણીતા અને વખણાયલા મખ્સોને દાટેલાછે, તેથી "એને "પાનઠીઅન ઓફ મોડરન ઇટલી" કરીને કહેછે. તેમાં માઇકલ એનજલો જે શીલપશાસ્ત્રો અને ચીતારા દાખલ ધરેા વખણાઇ ગયલોછે તેને દાટેલોછે તેનું બાવળું ઘણું સરસછે, જેમાં કરતાં ચીતાર, કોતરકામ અને બાંધકામનાં પુતળાંઓ બનાવી એનો હુનર બતાવ્યોછે. એની સાથે ડાન્ટે (Dante) કરીને વખણાયલો કવી જેણે બેહેસ્ત તથા દોજખની બાબદો ઘણી સરસ લખેલીછે તેનું બાવળું મુકેલુંછે. તેનાં પુતળાંની

આસપાસ એહેમત (Gloria) અને શાહેરીનાં પુતળાં મુકેલાંછે. એક બાવળું ગવરનમેનટનો પરાધવિટ સેક્રેટરી હશે તેનું છે, અને તેને કોટીન ઉપર સુવાડેલો પાડેલોછે, જેમાં કામ બણુંજ સરસ લીધેલું છે. તેની ટાપેસ્ત્રી તથા લેસવરક સંગેમરમરનો કોતરેલો જાણે ભરેભરો હોય તેવો લાગેછે. એનડ્રીઆ કોરશીનાં કરીને કોઈ શખ્સે ઇટલીને વાસ્તે બણું ફાયદા ભરેલું કામ કીધું હશે, તેનાં મોન્યુમેનટમાં તેનાં બસ્ટની એક બાજુપર ઇટલી દેશ (જેને એક ઓરતનો આકાર માથાં ઉપર કીલ્લો આપીને પાડેલોછે) નું પુતળું તવારીખનાં પુતળાં પાસે તેની મુખી લખાવેછે, જે તવારીખ લખતું માલમ પડેછે. એ શીવાય બીજાં ઘણાં બાવળાં તથા ચીતારો જોવા લાયકછે.

એ જોઇને પાએઝા દેલા શીનોરીઆ Piazza della signoria કરીને એક મોટા ચોકછે ત્યાં ગયા હતા. એ જગ્યા પર અસલ મેડીસીનાં વખતમાં કાઢલીક ધરમની બાબે થનારને જીવતા બાલી નાખતા હતા, તેમાં એક મોટા પાદરીને પણ બાલ્યો હતો, જે જગ્યા પર બીજાઓ તેને લીધે જઇને તેને નામની બંદગી કરતા હતા, તે અટકાવવા ત્યાં હાલ કુંવારો બાંધેલોછે. એ ચોકનાં જમણાં હાથપર લોજીઆ ડેલ લેનશી (Loggia del Lanzi) કરીને એક મોટા ઓલો ચોરસ ઓટલો બાંધેલોછે. એવા ઓલા હોલા ફલોરેન્સમાં મોટા મેહેલોની બાહાર તે મેહેલોના ધણીઓને હવા બાવા તથા લોકોને મુલાકાત આપવા બાંધતા હતા. એમાં બારકાંઓની વચમાં તથા દેવાલની બાજુપર થોડાંક પુતળાંઓ હાલ મુકેલાંછે. તે જોઇને તેની સામે પેલેઝો વેકીઓ (Palazzo Vecchio) કરીને અસલની રીપબ્લીકનું પારલામેનટ હાઉશ હતું તે જોવા ગયા હતા. એ જગ્યામાં હાલ ટાઉનહાલ કીધેલોછે. જે સને ૧૨૯૮ નાં શાલમાં બાંધ્યો હતો. એનો એક મોટો હોલછે તેમાં છત પર મેડીસી વંશની તવારીખનાં પીકચરો, તથા દેવાલોપર એ લોકોની લડાઈનાં ચીતારો પાડેલા, તથા થોડાંક સારાં પુતળાંઓ કોતરેલાં ત્યાં મુકેલાંછે.

તે જોઇને પછી ગેલેરીઆ ડેલી બુફીઝી (Galleria Degli Uffizi) જોવા ગયા હતા. એ બમારત બણીજ મોટી અને આમન સામન મલીને જાણે આબો મોહોલો હોય તેવીછે, તથા તે મેહુનો વચમાં જોડી નાખવાને છેડેથી આડકટરી ગેલરી કીધેલીછે. તેની હેડલ મોટા આબા ફરતા ઓટલોછે, તેનાં બારકાંઓનાં દર ત્રીજે થાંભળે બાહારથી વગમાં આદમ કદનાં સંગેમરમરનાં પુતળાં ગોઠવેલાંછે. પીકચર ગેલરી જોવા જવા માટે (૧૨૬) સીડીઓ ચઢવી પડેછે. માળ ઉપર એક લાંબી ને લાંબી ચાલ ત્રણેક ભાગ ઉપર ફરતી કરીને તેમાંથી બારબંધ વગર ગણતરીનાં ઓરડાઓ કીધેલાછે, તે બધા ઓરડામાં તથા ગેલેરી પર ઉસ્તાદ ચીતારાને હાથનાં પીકચરો મુકેલાંછે, અને તે એટલાં તો સરસછે કે દુનીયામાં એની બરોબરી કોઇજ ગેલેરી કરી શકે. એનો મોટા ભાગ મેડીસી વંશવાલાઓએ અને પાછલથી લોરેનની વંશે કીધો હતો. ગેલેરીમાં બંધે ફરતી મથાળાંપર એ જગ્યાપર દુનીયાનાં જે વખણાયલા સખશો તથા ઉમરાવો આવી ગયા હશે તેઓનો ૫૨૪) તસવીરો પડાવીને ટાંગેલીછે. દરેક ઓરડાનાં નામ આપેલાંછે, તે બધામાં તસવીર અને બાવળાં જોવા લાયકછે, પણ ટરીબ્યુન કરીને ઓરડોછે તેમાં બધાં કરતાં સૌથી સરસ ચીજો એકઠાં કીધેલાંછે. તે પીકચરો તથા તેમાંનાં બાવળાં (Venus of Medici) નો કાંઇ તારીફ હમો કરી શકતા નથી. એ ઓરડામાં જેટલો સરસ સંગ્રહછે તેની

બરોબરી યુરોપની કોઇબી બીજી ગેલરીનો એટલો ઓરડો કરી શકે નહીં એમ કહેવાયછે. તેમાંનાં સૌથી સરસ પીકચર તથા પુતળાંઓ આએ ટરીબ્યુનવાલા ઓરડામા રાખેલાછે જ્યાં આપ્રો વખત લોકોનો ભીડ તે જોવા મારૂં રેહેછે. રેફલ, રૂબન, ટીશીઅન, ગીડોરેની, પોલવીરોની, વેનડાઇક ઇત્યાદી જાણીતા અને વખણાયલા ચીતારાઓનાં ઉત્કૃષ્ટ કામો હીંયાં ગોકવેલાંછે. પુતળાંઓમાં વીનસ (Venus)નું પુતળું સરશછે. એ તથા એની બરોબરનાં બીજા બે વીનસ આખી દુન્યામાં વખણાયલાછે. એ ઓરડામાં બીજાઇક વરકની ટેબલો પણ ઘણી જોવા લાયકછે. તેપર જાણે ફોટેલી મ્યુઝીક બુક તથા મારંગી તથા બેપ મુકેલો હોય તેવો બીજાઇક વરક કીવેલોછે. એવી એકકી ટેબલની કીમત ૪૦,૦૦૦) ડુકેટની કહેછે. ગેલેરીપર વખણાયલું મેડોનાનું પીકચર મુકેલું છે. એની જોડી વીએનાં અને લુવર (પેરીશ) માંછે. એ સઘળું જોઇને પછી પીટી ગેલેરી (Pitti Gallery) જોવા ગયા હતા. એ ગેલેરી પીટી પેલેસમાં આવેલીછે, અને એમાનાં પીકચરો ઉપર જણાવેલી યુફીઝી ગેલેરીમાં સૌથી સરસ ટ્રીબ્યુન કરીને ઓરડોછે તેનાંજ જરી રાખ્યાં હોય તેમછે. એમાં આસરે ૫૦૦) પીકચરો સઘળાં મોટા ઉસ્તાદોને હાથનાં પાડેલાંછે, અને ઇટલી દેશ જે પીકચરોમાં વખણાયલુંછે તેમાં કોઇબી પીકચર ગેલેરી એની બરોબરી પીકચરવાલું હશે નહીં. એ પીકચરો ઉપરાંત બેાડાંક વાઝોસ તથા બાવળાં, કેબીનેટસ, આલાબાસ્ટરનાં થાંભળાઓ તથા છતોપરનાં પેનટીંગસ પણ ઘણાં જોવા લાયકછે.

એ જોઇને પછી એનીજ પાસે પીટી પેલેશ (Palazzo Pitti) જે હાલ પાદશાહનો મેહેલ ગણાયછે તે જોવા ગયા હતા. એ મેહેલ ઘણાં મોટા મોટા પથરનો જાણે એક કીલો હોય તેવો બાંધેલોછે. એ પીટી કુટંબ અસલ મેડીસીની કુટંબીઓના હરીફો હતા, અને એ કુટંબ ફલોરેન્સમાં ઘણું મોટું અને માનવાલું ગણાતું હતું, તથા આ મેહેલ એક લુકા પીટી (Luca Pitti) એ મેડીસી બાનદાનનાં પીઅર (Piero de Medici)ની સાથે તેનાં મેહેલની હરીફાઇ કરવા સારૂં તેનેથી સરસ બાંધવાનો વીચાર કરીને બાંધ્યો હતો. તે સને ૧૪૪૦ માં બાંધવાને શરૂ કીધો હતો. પાછલથી અતરેનો ડયુક કોસ્મો પેહેલો એના બાનદાનની એક છોકરી સાથે પરણવાથી તેનાં હાથમાં આવ્યો, ત્યારથી એ શેહેરનાં રાજકર્ત્તાનાં મેહેલ દાખલ વપરાતો આવ્યોછે. એ મેહેલ બધો મલીને ૨૨૦) વાર લાંબો અને ૧૨૧) ફીટ ઉંચો, તથા એક ટેકડી ઉપર મોટો ચોક કરીને બાંધેલોછે. એ પીટીની ગેલેરો એનાં પેહેલા માળ ઉપર આવેલીછે. મેહેલમાં ફરનીચર, બાવલાં, તથા પીકચરો ઘણું જોવા લાયક છે, તેમાં અસલી પીટી ફેમીલીને લગતી કેબીનેટસ ઘણી સારીછે. ઝુંમરો લાકડાંનાં ગીલીટ કરીને (બ્રોનઝને બદલે) ટાંગેલાંછે. એક ઓરડામાં આરસીની ફ્રેમો રૂપાંની બીણી નકશીની તથા કોતરકામની (Filigree work)બનાવેલીછે. દીવાલપર ઉંચી ભરતકામની માટીન જડેલીછે. હમણાં જે ઓરડો ઇટલીની રાણી વાપરવામાં લેછે તે ઓરડામાં એક નાબળી મેહોગેનીની ગોળ ટેબલ મુકેલીછે, તેની બંદર એવી તાજ કીવેલીછે કે જો તેનો એક પાયો ધરીને બહાર બેંચે તો તે પાયા સાથે બુરશી અંદરથી નીકલેછે, અને પેલી ટેબલ પોતાની મેળે બે બાજુપર ઉઘડી જઇને તેમાંથી એક ૧૩ ઉભું થઇને લખવાની ટેબલ નાબળાં બાંણાં સાથે તૈયાર થઇ જાયછે, અને પેલી બુરસી પાછી

અંદર ધકેલી કે ચાર પઇયાની ગેાળ ટેબલ થઇ જાયછે. રાણીની મા હીંયાં આવેછે તેને સારૂં જુદા ઓરડાઓ રાએલાછે, તેમાં તેનાં સુવાનાં ઓરડામાંનેા ઘાળીયેા ઘણેા જોવા લાયકછે. તેની ચાર બાજુપર ચાર નાધળાં ગીલીટનાં પુતળાં કીધેલાંછે. એ ઘાળીયેા પેાપ હીંયાં આવ્યેા હશે તેને સારૂં પેહેલાં બનાવ્યેા હતેા એમ કહેછે. એ મેહેલ જોઇને એની પાછલ બાગછે જેને બાબેાલી ગારડન (Baboli Garden) કરીને કહેછે તે જોવા ગયા હતા. એમાં એક ગ્રાટેા (Grotto) ઘણેા સરસ બનાવેલેાછે, તેમાં ઓરડાની અંદર ઓરડાનાં ત્રણ થડ કીધેલાંછે, અને જાણે કુદરતી બનેલેા હેાય તેવેા બનાવેલેા તથા માંહે ઘણાં પુતળાં તથા ફુંવારા કીધેલાછે. બાગમાં એ શીવાય બીજું કાંઇ જોવા લાયક નથી ; ફકત ટેકડીપર હેાવાથી તેનાં ટેરેસીસ ઘણાં સરસ ગેાઠવેલાંછે.

એ જોઇને ધી કાઝાઇને (Caseine) ઇયાને ફલેારેન્સ શેહેરનેા પાર્ક જ્યાં લેાકેા સાંજનાં ફરવા જાયછે ત્યાં ગયા હતા. એ પાર્ક બે મૈલ લાંબેા અને તેમાં ઘણાં સરસ રસતા તથા તેની આસપાસ ઝાડેા રેાપેલાંછે, તેથી તેની ઘટા ઘણી સરસ દેખાયછે. અહીંયાં સાંજનાં એક અમેરીકન નામે લીવીંગસ્ટન (Livingston) જે આસરે ૨૫) વરસ થયાં અહીં આવીને રહેલેાછે તે પેાતાની ગાડીમાં ૨૦) ઘેાડા બબેની દસ હાર જોડીને પેાતે હાંકી, આવ્યેા હતેા. એની સાથે હમેાને મેલાપ થવાથી તેને હમેાને બતાવવા સારૂં પાછેા ગાડીમાં બેસી હમેાને ૨૦) ઘેાડાની ગાડી કેાઇપણ ઘેાડાવાલાની મદદ વગર હાંકી અને બાગનાં કેઆરાની આસપાસ સારી વલાંણ લઈ બતાવ્યેા હતેા. એ ઘેાડાઓની વીસ લગાંમ હાથમાં પકડીને હાંકવું તથા સધળા ઘેાડાઓને સાચવવા એ કાંઇ સેહેલ કામ નથી. એનાં કેહેવા મુજબ સૌથી આગલનાં ઘેાડા ગરીબ હેાવા જોઇયે તેા હંકાઇ શકાયછે, નહીં તેા મુશકેલી પડેછે. એ હાંકતેા હતેા ત્યારે વલાંણ લેવા સારૂં પેાકાર મારતેા તે મુજબ આગલનાં ઘેાડાઓ બરેાબર વલાંણ લેતા, અને તેની પાછલ બીજા ઘેાડા ચાલતા હતા. એ હાંકનાર ધણી પેાતાની કમરે પેટેા બાંધી તેને ગાડી સાથે જોડી લેછે, નહીં તેા કે તેને પડી જવાની ધાસ્તી રહેછે. બધી લગામેાનાં છેડાઓ જે હાથમાં ધરેછે તે જુદા જુદા રંગની રાએછે, તેથી તે કયા ઘેાડાની લગામછે તે માલમ પડી આવેછે. એનેા દેખાવ જ્યારે ઘેાડા ચાલતા હતા, ત્યારે ઘણેા સારેા અને નવાઇ જેવેા લાગતેા હતેા. એ મુજબ ચેાવીસ ઘેાડા સુધી એ ધણી કેાઇ કેાઇ વખતે જોડેછે એમ પેાતે કેહેતેા હતેા. એ જોઇને પાર્કમાં ફરી પાછા હેાટલમાં આવ્યા હતા.

તા૦ ૧૭ મી અકટેાબર ૧૮૮૧— આજે સવારનાં કલાક ૬–૪૫ મીનીટે આગગાડીમાં બેસીને નીકળેલા કલાક ૯) વાગે પીઝા (Pisa) કરીને ફલેારેન્સથી ૫૦) મૈલ દુર ગામછે ત્યાં ગયા, અને ત્યાંનેા કેથીડ્રલ પેહેલાં જોવા ગયા. એ દેવલ સને ૧૦૬૩ માં બંધાયું હતું. તે ૩૧૨×૧૦૫ ફીટ મેાટું, અને તદન સંગેમરમરનાં કાળા તથા સફેદ પથરનું બાંધેલું છે. એની અંદરનાં હેાલમાં ગેલેરી કીધેલાછે, અને તે ૬૦) ગ્રેનીટનાં અને ૧૪) મારબલનાં થાંભા ઉપર ઉભી કીધેલી તથા એની છત (સીલીંગ) ઘણી સરસ ગીલીટની, અને એલટરની પાછલ ક્રાઇસ્ટની સખી કાચનાં ઝાઝાકમાં ગંજાવર કદની પાડેલીછે. એની અંદર સાક્રામેંટનેા ચેપલછે તે તદન રૂપાંનેા અને તે ઉપર ૨,૬૦,૦૦૦) ફ્રાંક નેા ખરચ બેાલ્યાછે એમ કહેછે. દેવલમાં દીવાલ તથા ગુંબજ ઉપર અંદરથી

ચીત્રો સારાં કીધેલાંછે. એની અંદર એક ફાનસ લોખંડનું લટકતું ટાંગેલુંછે, જેને વાસ્તે કહેછે કે ગેલીલીઓને એ ફાનસને એક વખત હીલતું જોઇને ઘડીયાલનાં લોલક (Pendulum) ની ચાલ શોધી કાહાડવાનું સુઝ પડયું હતું. તે ફાનસનું નામ ગેલીલીઓનું ફાનસ કરીને આપેલુંછે, અને તે હજુ ત્યાંજ ટાંગી રાખેલુંછે. એ દેવલનો બાહારનો આગલો ભાગ થાંભળાઓનાં માળા કરીને કીધોલોછે. તેવા ચાર માળની ગેલેરી એકની ઉપર ચહડ ઉતર કીધાથી તે ઘણોજ સોભેછે, અને તેમાં રંગીન પથર લાધેલો હોવાથી જોખ ઘણી આપેછે.

એ જોઇને એની સાંમે બેપટીસ્ત્રી (Baptistry) જોવા ગયા હતા, જેમાં બેપટીઝમ આપવાની ક્રીયા થાયછે. તે ગોળ બાંધેલું, તથા તેમાં સઘળા સંગેમરમરનાં અને રંગીન પથરા વાપરેલાછે. તેની અંદર ૧૨)થાંભળા અરધા ગોળ કરી તેની ઉપર ગુંબજ બાંધેલોછે. ત્યાંનો પુલપીટ ઘણો નકશીદાર અને જોવા લાયકછે. તે નવ બાધળા થાંભળાઓ જુદા જુદા દેશમાંથી રંગીન પથરનાં લાવી તે ઉપર બાંધેલાછે, અને તેની ઉપર ઘણુંજ તારીફ લાયક ડાકાં કોતરેલાંછે. બેપટીઝમ આપવાનો ફોનટ (પાણી રાખવાનું વાસણ) પણ ઘણો સારો અને રંગીન પથરનો બનાવેલોછે. એ બેપટીશટરીમાં અવાજનો પડઘો ઘણોજ સરસ થાયછે, જો બે સાદ એક ઉંચો તથા એક નીચા સુરમાં કાહાડેછે તો તે ઘણો વખત સુધી લંબાઈ પાછલથી મલી જઇને જાણે ઘણાં જણા. ઓ (કોમ્પેર) સાથે ગાતા હોય તેમ થઇ ને ધીમે ધીમે ગેપ થાયછે. એવો પડઘો હમોએ આગલ આગ્રા શેહેરનાં તાજમેહેલમાં સાંભળ્યો હતો. એ દેવલ સને ૧૧૫૩ માં બાંધવાને શરૂ કીધું, પણ વચમાં કાંઇ કામ અટકવાથી છેક સને ૧૨૭૮ માં તૈયાર થયું હતું. તે ૧૦૦) ફીટ ઘેરાવામાં અને તેનો ગુંબજ ૧૯૦) ફીટ ઉંચોછે.

એ જોઇને પછી એની પાસે Campo santo (દાટવાની જગ્યા) જોવા ગયા હતા. એ જગ્યાપર જયારે જેરૂસલમ ક્રીસ્ચીઅનોનાં હાથમાંથી ગયું ત્યારે આર્ચબીશપ ઉબાલડોએ ત્યાંનાં માઉનટ કેવલરી પરથી ૫૩) વાહાણ ભરીને મોટું લાવીને પાથરાવ્યું હતું (જે પાખ મોટાડીમાં દટાવાનું કેડોલીક લોકો ઘણુંજ સવાબ સમજેછે), અને તેની આસપાસ મોટાં આરકાંનાં ઓટલા બાંધીને બાહારની બાજુથી દીવાલ ભરી લીધી હતી, જે સને ૧૨૮૩ માં તૈયાર થઇ હતી. એ જગ્યા ૫૧૪) ફીટ લાંબી, ૧૭૧) ફીટ પોહોળી, અને ૪૮) ફીટ ઉંચી, તથા તેનાં ૬૨) આરકાંછે. એ ઓટલા ઉપર થોડાંક બાવળાં ઘોર દાખલ કીધેલાંછે, બાકીનાં જમીનમાં દટાએલાછે. તેઓની ઘોરની લાદીઓથી જમીન સંગેમરમરની થઇ ગઇછે. ઓટલાની વચમાં પેલી પાખ મોટાડી નાંખેલીછે જે ઉપર ઘાસ ઉગેલું હતું. હમણાં ઘણી બીસમાર હાલતમાં હોય તેમ દીવાલપરનાં ચીતારો બરાબ થઇ ગયાછે.

એ જોઇને પછી કેડીડ્રલની સાંમે પીઝાનો વખણાયલો ઝુલી ગયલો મીનારો (Pisa's Leaning tower) જોવા ગયા હતા. એનું નામ અસલ કામ્પાનીલે (Campanile) અથવા ઘડીયાળનો મીનારો કરીને હતું, પણ એ એક બાજુપર કાંઇ કારણથી લચી ગયોછે, તેથી તેને હાલ લીનીંગ ટાવરને નામે ઓલખેછે. એ મીનારો સને ૧૩૫૦ માં બંધાઇ તૈયાર થયો હતો, અને તે આઠ ટપા ઇયાને માળનો બાંધેલોછે, જે સઘળા માળ ઉપર બાહારથી અરધા થાંભળા કીધેલાછે, અને તેની બાહાર ગેલેરી કરીને આખા થાં-

ભળા બધા ફરતા કીધેલાછે, તેથી જાણે યાંભળાઓનોજ મીનારો હોય તેવો લાગેછે. એ જોયા મેળે પાયો બેસવાથી ૧૩) ફીટ ઓલંબામાંથી વાંકો વલેલોછે, અને જાણે હમણાં પડી જાય તેવો દીસેછે, તો જો કે ૫૦૦) વરસ ઉપર થયાં લગેલી હાલતમાં તે એવોને એવોછે. એ ટાવરપર જવાને ૨૯૪) સીડીનાં ટપા ચહડવા પડેછે, અને તેનાં મથાળાં પરથી દેખાવ ઘણો સારો લાગેછે. એ મથાળાં પર ૭) ઘાંટ આરકાંઓની વચમાં ટાંગેલાછે, તેમાં સૌથી મોટો ૬) ટણ વજનમાંછે, અને તેને જે બાજુપર ટાવર લચી ગયોછે તેની સામેની બાજુપર ટાંગેલોછે.

એ જોઇને શેહેરનાં મોહોલામાં ફરતા ફરતા પાછા સ્ટેશન ઉપર આવ્યા હતા. એ પીઝા શેહેર નાધણું ૫૦,૦૦૦) માણસની વસતીવાલુંછે, જો કે એ એટલું નાધણું શેહેરછે તોપણ આગલ જયારે એ પ્રજાસત્તાક (ઇટલીના બીજા શેહેરોની માફક) હતું ત્યારે એ મેડીટરેનીઅન દરીયાનો ઘણોખરો વેપાર ચલાવતું હતું, અને તેમાંનાં સારડીનીઆનાં ટાપુનાં ધણી વટીક થયા હતા, પણ પાછલથી એનું જોર આસપાસનાં બીજા રાજયો સાથની લડાઇમાં ઓછું થતું ગયું, અને સારડીનીઆનું ટાપુ પોપે એરેગોનનાં રાજાને આપી દીધું તથા છેલે સને ૧૪૦૬ માં ફલોરેન્સ શેહેરવાલાને એ ગામ વેચાતું આપ્યું હતું જેઓનાં હાથમાં તે છેલે સુધી રહીને આખરે વીકટર ઇમેન્યુએલ જે સારડીનીઆનો રાજા હતો તેને તાબે થયુંછે. જે ઉપરથી દુન્યાની ચહડતી પડતીનો એક દાખલો આપણને મલેછે કે અગલ સારડીનીઆનું ટાપુ એ શેહેરનાં હસતકમાં હતું, તેજ ટાપુનાં રાજાને તાબે એ હાલ થયલુંછે. એ શેહેરની અંદરથી આરનો નદી પસાર થઈ જાયછે. તેનાં કીનારાપરની ઇમારતો સારી બાંધેલીછે તેમજ મોહોલાઓ માફકસરનાં મોટા અને પેરા પણ માફકસરનાં બીજા ઇટલીનાં શેહેરો જેવાંછે, અને એમાં ઉપર લખેલી ત્રણ ચાર ચીજો જે Piazza del Duomo કરીને ચોકમાં આવેલીછે તે શીવાય બીજું કસું જોવા લાયક નથી.

એ પછી હમો આગગાડીમાં બપોરનાં કલાક ૧૧॥ વાગે નીકલેલા પાછા ફલોરેન્સ શેહેરમાં બે વાગે આવી પુગા, અને નેશનલ મ્યુઝીયમ (Museo Nazionale) જોવા ગયા હતા. એ મ્યુઝીયમની ઇમારત અગલ Palazzo del Podesta કરીને મેહેલ ગણાતો હશે તેને સને ૧૮૬૫ માં ફેરફાર કરીને આએ નેશનલ મ્યુઝીયમનાં કામમાં લીધેલાછે. એમાં હાલ પરચુરણ ચીજો તથા પીકચરો અને બાવળાંનું એક નાધણું મ્યુઝીયમ કીધેલું છે. હેઠળનાં ભાગમાં બખતરો તથા અગલનાં હથીયારો મુકેલાંછે, તેમાં એક તોપ ઘણી મોટી અને તેનો પાછલનો ભાગ એક માણસનાં ડોકાંનાં આકાર જેવોછે, તથા તેની ઉપર મેડીસી વંશનો કોટ ઓફ આર્મ કોતરેલોછે. એનો ચોક મોટોછે. તેની ઉપર ઘણી જાત જાતનાં કોટ ઓફ આમસની તકતીઓ મારેલીછે, તે સારૂ પુછતાં હમારા ભોમીઆથી સાંભળયું કે આગલ એ મેહેલમાં ધરમ તથા સરકારી બાબતની તપાસ Inquisition નામની કોર્ટથી ભરતા હતા, અને તે વખતે ઘણાં જણાંઓને એ ચોકમાં ગરદન મારયા હતા, તેમાંનાં જે મોટા ખાનદાનવાલા તથા હોદ્દાવાલા હતા તેઓનાં કોટ આફ આર્મસ એ જગ્યા ઉપર મુકયા હતા. એ લોકોને ગરદન મારવાની નીસાણી આપવા સારૂ માળ ઉપર એક ગેલેરીછે ત્યાં ત્રણ ઘાંટ હજુર મુકેલાછે. તે વારા ફરતી એકેક વજડતા અને છેલો ત્રીજો ઘાંટ વાગે કે પેલા બંદીવાનનું ડોકું ઉદાડી નાખતા

હતા, જેનું લોહી જવા સારૂં ગટરો આઠ સમથી બાંધીને વચમાં મોટી ગટરમાં ઉતારેલીછે. એ મુજબ ઘણું જણાંને એક દીવસમાં ગરદન મારતા. જેઓને ચોકના જુદા જુદા ભાગોપર શીક્ષા એકજ વખતે કરતા હતા. તે ઉપરાંત કેટલાકો જેઓ કેથોલીક ધરમ છોડીને પ્રોટેસ્ટંટ થતા હતા તેઓને એજ ચોકમાં જીવતા બાલી નાખતા, તથા વળી કેટલાકોને તો બીજા માળપરથી છેક ભોંયની અંદર સુધી ઊંડો કુવો ખણી રાખેલો તેમાં ઉતારતા. જેમાં તેઓ ભુખથી રીબી રીબીને મરણ પામતા હતા. એવી ખરાબ એ ઈનકવીઝીશન કોર્ટ હતી કે જેનાં નામથી લોકો ધ્રુજતાં, અને પાદરીઓ તથા મોટા ઉમરાવોને કોઇ સાથે દુશમની હોય તો તેને ઓટો પકડાવી મંગાવી રીબાવીને ગુનાહ કબુલ કરાવી મારી નાખતા હતા. ઉપરનાં માળ ઉપર જાત જાતનાં હાથીદાંત, કોરી, કેસો, બીલોર ઇત્યાદીની ઘણી ઉંચી બનાવટનો સંગ્રહ કરેલોછે, તે ઉપરાંત પુતળાં, (તેમાં Geo. Bologna નું મરકબુરીનું ઘણું સરસછે) ઉંચી જાતની ટેપેસ્ત્રીઓ તથા પીકચરો સૌ ઘણું જોવા લાયકછે. આગલ ઇટલીમાં એક જાતની મરકીનો રોગ થયો હતો તે વખતે એટલું તો માણસ મરી ગયું હતું કે તેઓનાં મુડદાં રસ્તે રસ્તે પડી રહેતાં તે વખતનાં દેખાવનાં પુતળાંઓ બનાવીને મુકેલાંછે, જ્યાં રસ્તામાં મુડદાં કાળા સહીનાં રંગનાં થઇને પડેલાં, અને તેઓનાં આતરડાં સૌ પેટ ફાટીને બાહાર નીકળી પડેલાંછે, તથા તેઓને કુતરાં તથા કોલાં ખાયછે જેઓ પણ કેટલાંકો ત્યાં મુવેલાં પડેલાંછે. એ સઘળું ઘણું કમકમાતભરેલું આબેહુબ બનાવીને ત્યાં મુકેલું છે.

તે જોઇને કેશીનીપારક (જેમાં ગઇ કાલે ફરી આવ્યા હતા)ની બાહારથી હીંદુસ્થાન દેશનો કોલાપોરનો રાજો જે ઇંગ્લાંડથી ફરતી વખતે આએ શેહેરમાં તા૦ ૩૦ મી નવેમબર ૧૮૭૦ ને દીને મરણ પામ્યો તેને એ જગ્યાપર નદીને કીનારે બાળ્યો હતો તે ઉપર તેનો યાદગારી માટે બાંધકામ કરેલું છે તે જોવા ગયા હતા. એ મોન્યુમેનટ એક ઉંચા પલેટફોરમ ઉપર ઉંધાડું થાંભળાંનું છતર કરીનેતેમાં એ રાજાનુ મરમરનું પુતળું રંગીન મુકેલું છે. એનાં પેડસ્ટલની બે બાજુપર મરાઠી બોલીમાં, ત્રીજીપર અંગ્રેજી અને ચોથી બાજુપર ઇટાલીઅન બોલીમાં એનાં નામ નીશાણની તક્તાઓ મારેલીછે. પેડશટલ તથા થાંભળાઓ ઉપર પણ નકરીકામ સારૂં કરેલું છે અને તેની આસપાસ કેટરા ભરી લીધેલાછે.

એ જોઇને ફલોરેન્સ શેહેરમાં ફરીને રાતનાં ૯–૪૫ ની ટ્રેનમાં બેસી રોમ જવાને એ શેહેર છોડયું હતું. એ શેહેર ઘણું મોટું અને એની વસતી પડાં સુધાં આસરે ૧,૬૯,૦૦૦) માણસની છે. અસલ એ ડચી ઓફ ટસકનીનું મુખ્ય પાયતક્ત શેહેર હતું, અને એનો કોતરકામ તથા તસવીરોનો હુનર ઘણોજ વખણાયલો હતો. એ હુનર તથા ઇટલીની હાલની બોલી અને સાહીત્ય સઘળું અહીંયાંથી પેહેલું ઇટલીમાં દાખલ થયું હતું. એનો બરોબરનાં બાધળાં શેહેરોમાં કેટલાં પુતળાં તથા પીકચરો ઉસ્તાદોનાં હાથનાં એકકાં કરેલાં નથી, અને એ શેહેર એટલું તો સઘળી બાબતોમાં આગલ વખણાયલું હતું કે એને શેહેરોનો તુરો (Flower of the cities) કરીને કહેતા હતા. સને ૧૮૬૫ થી ૧૮૭૦ સુધી એ શેહેરને ઇટલીની રાજધાની બનાવી, પણ રોમ શેહેર જ્યારે વીકટર ઇમેન્યુલે લીધું ત્યારે તેને ૧૮૭૦ માં પાયતક્ત

કરવાથી ફ્લોરેન્સ જે પાછું દીપી નીકલ્યું હતું તે નરમ પડી ગયું છે, તોપણ ત્યાનાં હુનરની બનાવટોથી હજુર પંકાયલું છે. એનાં ઘેરેા તથા મોહોલાઓ માફકસરનાં ઇટલીનાં બીજાં શેહેરોને મલતાં આવે છે, અને નદી કીનારેની ઇમારતો ઘણી સરસ તથા જોવા લાયક છે. અહીંયાં પણ નદી ઉપર એક પુલ છે તે ઉપર નાધળી દુકાનો અને કોઇપર બે બેઠા માળો બાંધેલા છે. એ દુકાનોમાં ઝવેરીઓ પોતાનો સામન વેચે છે. એ શીવાય બીજા થોડાએક પુલો છે પણ તે કાંઇ ઘણું વખાણવા લાયકનાં નથી. એ ફ્લોરેન્સ શેહેરની રઇયેતે પોતપોતામાં અસલ મારામારી ચલાવ્યા પછી મેડીસી વંશવાળાઓ તેનાં ધણી થઇ બેઠા, અને તેઓ ગ્રાંડ ડયુકસને નામે ઓલખાતા હતા. તેઓને વારાફરતી રઇયત જે છુટાપાછું મેળવવાને ધણી ખંતી હતી તેઓ ઉદાડી મુકતા પણ તે બ્યાંનદાનવાલા પાછેા કબજો લેતા હતા. એ મુજબ થયા પછી એ શેહેરનાં એક ડયુકની છોકરી ઓસ્ત્રીઆનાં એક શેહેનશાહ સાથે પરણવાથી તે શેહેનશાહતનાં વંશવાલાઓ રાજ ચલાવતા હતા. પાછલથી વળી તે પ્રજાસત્તાક થયું, જેને ફ્રાંન્સનાં રેવોલ્યુશનની વખતે ફ્રેંચોએ છતી લઇ પાછું ઓસ્ત્રીઆવાલાને હસ્તક કીધું (સને ૧૮૧૪ માં), અને તે સને ૧૮૬૦ માં પાછેા બલવેા કરી છુટા પડીને ઇટલીનું રાજ જે સ્થાપન થયું તેમાં જોડાઇ ગયું હતું, અને વીકટર ઇમેન્યુએલને પોતાનો રાજા કબુલ કીધેા હતેા.

તા૦ ૧૮ મી અકટોબર ૧૮૮૧— હમેા ગઇ કાલે રાતના ૯–૪૫ ની ટ્રેનમાં બેસીને ફ્લોરેન્સથી નીકલ્યા તે આજે સવારનાં ૫–૩૦ મીનીટે ઇટલીનાં વખણાયલા પાયતખ્ત શેહેર રોમ (Rome) માં આવી પુગા, અને હોટલ ડી અમેરીકમાં (Hotel de Amerque) ઉતારેા લીધેા હતેા. સવારનાં પેહેલાં Piazza del popolo નાં સકુવેરમાં એક ઓબેલીસક (પથરનેા થંભ) જોયેા હતેા. તે ઇજીપ્તથી ઇશવી સન ૫૦) વરસની અગાઉ ઓગસટસ શેહેનશાહ લાવ્યેા હતેા, અને તેની અસલી જગ્યા એકશીસશનાં સરકસમાં હતી ત્યાંથી લાવીને હીંયાં પોપ શીકશટશ પાંચમાંએ સને ૧૫૮૯ માં મુકયેા હતેા. એ ઓબેલીસક ૧૨૦) ફીટ ઉંચેા, અને તેપર લંડનની કલીઓપેટ્રાસ નીડલની માફક હાએરોગલીફીક અક્ષરેા કોતરેલા છે. એને વાસતે કહેછે કે તે આજે ૩૪૦૦) વરસની જુની છે, તોપણ સારી હાલતમાં જલવાઇ રહેલું લાગે છે.

એ જોઇને Porta del Popolo ની ભાગળપર થઇને માર્કસ ઓરીલીઅસનેા કોલમ જોવા ગયા હતા. એને એનેાટોનાઇન કોલમ કરીને કહેછે. એ કોલમ તદન સંગેમરમનેાછે અને તેની ઉપર મારકોમાનીઓ ઉપરની લડાઇની વીગતો છેક તળાયેથી તે મથાળાં સુધી ગોળની ગોળ કોતરેલી છે. એ ૨૮) માબલનાં મોટા પથરેાનેા બનાવેલેા, અને ૧૨૫) ફીટ ઉંચેાછે. તેની અંદર ૧૯૦) ટપ્પા સીડીનાં કીધેલા છે તેમાથી ઉપર જવાય શકેછે. એની ઉપર અસલ માર્કસ ઓરીલીઅસ જે ઉપલી લડાઇ જીત્યેા હતેા તેનું પુતળું હતું, પણ સને ૬૬૩)નાં શાલમાં બીજો કોનસ્ટન્સ જ્યારે રોમમાં આવ્યેા ત્યારે શેહેરમાંથી બધી ગમથી બ્રાંઝ ધાતુ કાઢાડી લઇ ગયેા તે વખતે એ પુતળું પણ ઉંચકી લઇ ગયેા હતેા. તેથી હાલ તેની ઉપર ૧૫૮૯ માં પોપ શીકશટસ પાંચમાએ આસપાસની જગ્યા જે ખરાબ થઇ ગઇ હતી તે તથા નજદીકનાં નાહનાં ઘરેા ભંજાડી નાંખી સાફ કરીને એ ઉપર સેંટ

પીતરનું પુતળું મુકાવ્યું તે હાલ સુધી સલામતછે. એ પુતળું ૧૪) ફીટ ઊંચાઈમાંછે.

એ જોઇને પછી કામપસ મારશીઅશ (Campus Martius) માં સુરજની ડાએલ દાખલ કામે લગાડવાનો ત્રીજો એક ઓબેલીસ્કછે, તે જોવા ગયા હતા. એ પણ હેલીઓપોલીસથી ઓગસ્ટસ લાવ્યો હતો, અને પાછલથી ઘણી ખીસમાર હાલતમાં પડેલો હતો. તેને સને ૧૭૯૨ નાં શાલમાં પોપ પાએસ છઠાએ પાછો સમરાવીને ઉભો કીધો હતો. એને ઓબેલીશક ઓફ ધી સન (સુરજનો થાંભળો) કરી કહેછે. એવા એવા બધા મલીને નવ ઓબેલાસ્કો રોમનાં નવ મોટા ચોકોમાં મુકેલાછે. તે ઉપરાંત બે મોટા કોલમોછે.

ઉપલો કોલમ જોઇને તેની સામે અતરેનું વખણાયલું પાનઠીઅન(Pantheon) જોવા ગયા હતા. એ ઇમારત એક જાતનું ગોળ દેવલ, અને તેની આગતરમાં મોટા મોટા લાંબા થાંભળાઓનો લાંબો ઓટલો બાંધેલોછે. એ ઇમારત ઘણીજ જુનો આસરે ૧૯૦૦) વરસની, અને તેને માર્કસ એગ્રોપાએ ઇ૦ સ૦ ૨૭) વરસની આગમજ બંધાવી હતી, તથા તેને અસલનાં રોમન લોકો મુરતી પુજક હતા તે વખતે જુપીટર અને બીજા બોદાઓનાં દેહેડાં દાખલ અર્પણ કીધું હતું. એને સઘળો થ્રાંજ ધાતુથી ઢાંકી દીધું હતું અને બાહારનાં ઓટલાઓ ઉપર દેવતાઓનાં પુતળાં મુકેલાં હતાં. અંદરથી દરવાજાનો સામે જુપીટરનું પુતળું હતું, અને તેની આજપાસ દીવાલોમાં ગોબલાઓ કરીને ફરતા બીજડીંગની દીવાલોમાં મર્સ, વીનસ, રોમયુલશ, (કે જેણે રોમ શેહેર વસાવ્યું તેથી દેવતા બનાવ્યો હતો) જુનો, (રોમનો રખેવાળ) પાલાસ, અને જુલીઅસ સીઝર (જે ઘણી લડાઇઓ જીતયો હતો) નાં પુતળાં મુકેલાં હતાં, અને ત્યારપછી ઘણાં વરસો સુધી એ કામમાં વપરાયું હતું. તે વખતે વારા ફરતી આગોમાં ઘાયું નુકશાન એને પુગ્યું હતું, પણ પાછું તેની મુરતીપુજક શેહેનશાહો મરામત કરતા આવ્યા હતા, અને સને ૩૯૯ માં હોનોરીઅસનાં કાહાડેલા ધારાનાં હોકમ મુજબ સઘળાં દેહેડાં બંધ કીધાં તેમાં એ પણ બંધ થયું હતું. તે છેક સને ૬૦૮)નાં શાલમાં ચોથા પોપ બોનીફેસે શેહેનશાહ ફોકાસ(Phocas)જેને રોમને મુરત્તો પુંજકોના હાથમાંથી છોડ્યું હતું તેની રજા લઇને એને ક્રીસ્ચીઅનોનાં દેવલ દાખલ "કોનશીક્રેટ" કીધું હતું. તે વખતે એની અંદરનાં પુતળાંઓ કાહાડી નાખ્યા શીવાય સઘળું અસલનો માફકજ રેહેવા દીધું હતુ, તે સને ૬૪૫ નાં શાલમાં શેહેનશાહ બીજા કોનસ્ટનેશ કોનસ્ટાંટીનોપલથી આવીને રોમને લુટ્યું ત્યારે બીજી બધે ગમથી થ્રાંજની ધાતુ ઊંચકી લઇ ગયો તે સાથે એમાંથી જે ધાતુ હતી તેકાહાડી લઇ ગયો હતો, ત્યારથી તે સને ૧૪૨૫ સુધી એનું ગુંબજ વગર કવરે પડી રહયું હતું, તે પાંચમાં નીકોલશ કરીને પોપે તેનીપર સીસાંનું કવર કીધું, અને એનો અંદરનાં ભાગનાં થાંભળાઓપર તથા બીજી ગમ જે થ્રાંજ બાકી રહેલું હતું તે પોપ આઠમાં અરબેને કાહાડી લઇને સેંટ પીટર્સનાં દેવલમાં ઘોર ઉપર છતરછે તેનાં થાંભળા બનાવવાનાં કામમા લીધું હતું. એની અંદર જે સંગેમરમરનાં કીમતી પથરો સઘળે દીવાલો તથા બીજી ગમ વાપરેલા હતા તે સને ૧૭૪૭ માં પોપ બેનેડીકટ ચૌદમાએ કાહાડી લઇને તેને બદલે પલાસ્ટરનું ઇમીટેશન (નકલ) તેનાં જેવા રંગનું બનાવ્યું હતું, જે હમણાં જોવામા આવેછે. તે ઉપરથી આગલ એ ઇમારત કેવી સરસ બાંધેલી તથા સણગારેલી હોવી જોઇયે તે આપણને માલમ પડેછે.

એનો પોરટીકો (આગલા ભાગનો ઓટલો) ૧૧૦)ફીટ લાંબો અને ૪૪)ફીટ પોહોલોછે. તે ૧૬) મોટા થાંભળાઓ ૪૭) ફીટ ઊંચા અને ૫) ફીટ ડાએમેટરનાં પર બાંધેલોછે. એનું બારણું ૩૨ થી ૨૦ ફીટનું અને અંદરની ફરસબંધી સઘળી રંગીન મારબલની કીધેલીછે. એનો અંદરનો ભાગ ૧૪૩) ફીટ પરીધમાં અને દેવાલ લેતાં ૧૯૦)ફીટનો થાયછે, તથા ઊંચાઇમાં ઉપરનો ગુંબજ જે વચમાંથી ઓલોછે ત્યાં સુધી ૧૫૭ા ફીટનોછે. ઉપરનો ઊંધાડો ભાગ તે ૨૮) ફીટ પરીધમાંછે. એ ભાગ ઓલો રાખવાનું કારણ એજે અસલ એની હેઠળ આલટર હતો તે ઉપર જનવરોનો ભોગ આતશ ઉપર આપતા તેનો ધુંમાડો નીકલી જવાને કામ લાગે. એમાંથી વરસાદનું પાણી અંદર પડેછે તેની સીડીઓની હેઠલથી ફરતી ગટરો કીધેલીછે. એ દેવલમાં કાંઈ ઘણો આરટનો વરક બનાવીને મુકેલો જોવામાં આવતો નથી. દેવલમાં રાફેલ (Raphael) જે સૌથી સરસ ચીતારો થઈ ગયોછે તેને તથા ઇટલીનો છેલા પાદશાહ વીકટર ઇમેન્યુઅલને દાટેલાછે. પેહેલાને દાટેલોછે તેની ઘોરપર તેનું પોતાનુંજ બનાવેલું મેડોનાનું પુતળું સને ૧૫૨૦ નાં શાલમાં એનાં કીધેલાં વીલનાં હોકમ મુજબ મુકેલુંછે. એનું મુરદું અહીં દાટેલું નથી એવી પાછલથી તકરાર ઉઠવાથી સને ૧૮૩૩ માં એની ઘોર ઊંધાડી હતી, તેમાંથી એનું મુરદું ઘણી સારી હાલતમાં મલી આવ્યું હતું. તે પાછું ત્યાંજ દાટેલુંછે. એ ચીતારાની બરોબરી હજુર કોઈ કરી શકયું નથી, અને તેને તે વખતનાં પાદશાહો તથા પોપ એટલું તો માન આપતા હતા કે જયારે તે મરવા પડયો ત્યારે પોપે તેની પાસે જઇને તેનાં હાથને પોતે ચુમી લીધો હતી (જે મુજબ પોપ કોઈ પાદશાહને પણ કરતો નથી). એ બાબનું પીકચર હમોએ કોઈ પીચકર ગેલેરીમાં જોયું હતું પણ કયાં હતું તે યાદ નથી. એનું એક પીકચર જે એનું ઉતકરસ્ટ કામ કેહેવાયછે તે પોપનાં પોતીકાં મેહેલમાંછે. તેને વાસતે કહેછે કે અંગ્રેજ સરકારે સને ૧૮૩૫ માં બે ક્રોડ રૂપીયા આપવા કહયા તોપણ તે વેચવું નહીં, અને કહયું કે બીજો રેફલ શોધી આપો તો આપીએ, ત્યારે વળતી જણાવ્યું કે જો બીજો રેફલ મલી શકતો હતે તો આટલી બધી કીમત શું કામ આપતે? એ બાબદ હમોએ માંભળેલી લખીછે પણ ખરી ઓટી વાત ઓદા જાણે. એનાં પીકચરોની બરોબરી આગલ કે હમણાં કોઈ કરી શકતું નથી એ વાત ખરીછે.

એ જોઇને પછી Santa Maria Sopra Minerva નામનું દેવલ જોવા ગયા હતા. એનું નામ અસલ એ જગા પર મીનરવાનું દેહેરું હતું તે ઉપરથી આપેલુંછે. એ દેવલ અસલ ડોમીનીકન મઠ ધારીઓને લાગતું હતું, પણ હાલ તેમાંથી તે લોકોને કાહાડી મુકયાછે. એની અંદરની દેવાલ સઘળું જાત જાતનાં રંગીન સંગેમરમરનાં પથરોથી જડી લીધેલુંછે, અને તેનાં સણગારપર થોડું ક થયું ૨૩૦૦૦) પૌંડ ખરચ કીધા હતા. એમાં ૫) પોપને દાટેલાછે. તેનાં અને બીજી ફેમીલીઓને લગતાં ચેપલશો ઘણાં જોવા લાયક સણગારેલાછે. એમાનાં સેંટ્સનાં પીકચરો પણ તારીફ લાયક ઉસ્તાદોને હાથનાં પાડેલાં, તથા યાદગારીનાં પુતળાંઓ પણ ઘણાં સરસછે. એમાં ક્રાઇસ્ટનું એક મારબલનું મોટું પુતળું ઘાયું સરસ બનાવીને મુકેલુંછે, જેનાં પગપર ભાંબાનાં પતરાને ગીલીટ કીધેલું જડી લીધેલુંછે; કારણકે તે ઉપર હજારો જણ ચુમી લેછે તેથી ઘસાઇ નહીં જાય, તોપણ એ પતરું ચુમીઓથી ઘસાઇને પાલીશ થઇ ગયુંછે. એ સીવાય બીજા ઘણાં પુતળાં હીંયાં જોવા લાયકછે.

એ જોઇને પછી જેજુ (The Gesu) કરીને જેજુઇત્સ લોકોનું દેવલછે તે જોવા ગયા હતા. એ દેવલ જેટલી શાઇઝનાં કોઇપણ રોમનાં દેવલોમાં શંગાર, ભપકો અને કીમતી પથરા જડેલા નથી. એનો બાહારનો દેખાવ સાદોછે, પણ અંદર જોવા ગયા તેવા હમો એ દેવલમાં જે અતીશ જાતનાં રંગીન પથરોથી દીવાળો અને જમીન મઢી લીધેલી જોઇને ખુશી થઇ ગયા હતા. દીવાલોપર જાણે રંગ કીધો હોય તેમ જાત જાતનાં મોટા કદનાં પથરો જડી લીધેલાછે, અને જમીન ઉપર ફુલો તથા વેલાની તરાંહનો મોઝ-ઇક વરક કીધેલોછે. થાંભળા સધળા કીમતી પથરોનાં અને બારીઓની બારસાકને બદલે નાધળાં છોકરાંનાં પુતળાં કીધેલાં, તથા શીલીંગપર પેન-ટીંગ્સ તથા ગીલીટકામ પણ સારૂં કીધેલુંછે. એ સધળું સણગાર કામ અતરેનો એક તમાકુનો વેપારી (કે જેને પોપનાં વખ-તમાં એનો ગુત્તો લીધો હતો, અને તે એખ્લોજ રોમ શેહેરમાં તમાકુની શી-ગારો તથા ચીરૂટો બનાવીને વેચતો હતો, જેથી તેણે અત્તીધણી દોલત એકઠી કીધા સાથે ધણો ધરમ કીધોછે, તથા પોપે તેને પ્રીન્સનો ઇતાબ આપ્યોછે) જે પ્રીન્સ ટોરલોનીઆને નામે ઓલખાયછે તેણે આસરે વીસ વરસની વાત ઉપર દશ મીલીઅન ફ્રાંક ઇયાને ૪૦) લાખ રૂપીયા ખરચીને કીધું હતું, અને તે સારૂ ગ્રીસ, ઇટલી તથા ઇજી-પ્તથી પથરો મગાવ્યા હતા. એ દેવલમાં સૌથી સરસ જોવા લાયક એ જેજુઇત્સ-નો ઓરડર ઉભો કરનાર સેંટ ઇગને-શીઅશ લોયોલા (St. Ignatius Lo-yola) ને દાટેલોછે તેનો ચેપલછે. તેનાં થાંભળા બ્રાંઝનાં બનાવી તેનીપર લેપીઝ-લેઝોલી જડેલોછે, તથા એનાં મથાંણાંપર એક મુરપ કોતરેલોછે. તેની વચમાં દુ-ન્યા બતાવવા સારૂં આસરે સાડા ચાર ફીટ ડાએમેટરનો એક લેપીશલેઝોલી પ-થરનો ગોળોછે, તેનો કીમત ત્રણ મીલી-અન ફ્રાંક ઇયાને બાર લાખ રૂપીયાની કહેવાયછે. એવો મોટો આખો લેપીસલે-ઝોલીનો પથર હમોએ કોઇ દીઠો હતો નહીં. એ ચેપલમાં લાકડાંપર ચીતારેલી એક તસવીર એ સેંટ લોયોલાનોછે. તેને નીચે ઉતારેછે કે તેની પાછલ એક ઘણાજ ભ-પકાદાર ગોખલામાં એજ સેંટનું નવ ફીટ ઉંચું તદન રૂપાનું બનાવેલું, અને તેપર ઝવેરાત જડેલા પોશાકનું પુતળું મુકેલું તથા તેનાં પગ આગલ બાજુ-પરથી બે ફરેસતાનાં હાથમાં તકતીઓ આપેલીછે. એ પુતળું વજનમાં ૭૫૦) રતલ કહેવાયછે. એ ફરેસતાઓ જે પા-ડેલાછે તેમાં એક જણ બુતપરશતીપર ફતેહ પામતો અને બીજો ધરમને દેખાડતો બનાવેલોછે.

એ દેવલ જોઇને પછી અતરેનો કોલમ ઓફ ત્રોઝન (Column of Tro-jan) જોવા ગયા હતા. એ કોલમ ત્રણ સંગેમરમરનાં મજબુદ પથરનો બનાવેલોછે. તેનો શાફટ ૮૭) ફીટ ઉંચો અને તેનાં પેડશટલ તથા ઉપરનાં પુતળાં સુધાં તેની ઉંચાઇ ૧૪૭) ફીટછે, તથા ડાએમેટર હે-ઠળથી ૧૧) ફીટનો અને ઉપરથી ૧૦) ફીટનોછે. એ કોલમની આસપાસ ગોળ ફરતો ત્રણ ફીટ પોહોળો અને ૬૬૦) ફીટ લાંબો પટો તદન કોતરકામ તથા માણ-સોનાં નકશીનાં પુતળાં હેઠળથી ઉપર સુધી બનાવેલો જાયછે, અને તેમાં શહેનશાહ ટરોજનની ડેશીઅન્સ સાથની લડાઇની વીગતો કોતરેલીછે. તેમાં જનવરો તથા લડાઇને લગતા સંચા ઉપરાંત ૨૫૦૦) માણસોનાં બબે ફીટ મોટાં પુતળાં નીચે-થી ઉપર જતાં કોતરેલાંછે. એ કોલ-મનો હેઠળ ટરોજનને દાટેલોછે, અને મથાળાં ઉપર એનું પુતળું હતું તે કાહાડી

નાંખીને હાલ સેંટ પીટરનું પુતળું મુકેલું છે. એની અંદરથી ૧૮૪) સીડીનાં ટપ્પાઓ ચઢીને ઉપર જવાયછે. એ કોલમ જમીનમાં દાટાઇ ગયો તેને જમીનમાંથી ખણી કાઢાડયો હતો, એટલી જમીન અગલ કરતાં વધતી ઊંચી એ બાજુપર થયલીછે. એ કોલમ ઉપને ૯૬) નાં શાલમાં બાંધ્યો હતો. એજ કોલમનો પાસે Forum of Trojan હતું તેનાં ખંડેરમાં હજુર થોડાક પડી ભાગેલા થાંભળાઓ ઉભેલાછે, જે બેસીલીકા ઉલપીઆ (Basillica Ulpia) ને નામે ઓલખાયછે. એ જગ્યા પાછલથી આશરે ૭૦) વરસપર ખણી ત્યારે જમીનમાં દટાઇ ગયલી મલી હતી, તે અગલ પાંચ હૉલની બાંધેલી હતી; પણ હમણાં પડી ગયલીછે. તેનો વચલો હૉલ ૮૧) ફીટનો અને આખી ઇમારત ૧૮૩) ફીટ પોહોળાઇમાં હોય તેવી દીસેછે. એનો ફરસ રંગીન કીમતી મારબલનો હતો પણ હાલ તે સઘળું કાંઇ મલે નહીં. ત્યાં ફકત ગ્રાનીટનાં ભાગેલા થાંભળાઓનાં કોલમો પડેલાછે.

એ જોઇને પછી રસતામાં સરવીઅસ ટલીઅસ (Servius Tullius) ની કાઇસ્ટની ઉપને ૫૫૦) વરસ અગાઉ બાંધેલી કીલાની દીવાલનો થોડોક ભાગ હજુર સલામતછે તે જોઇ હતી. એને હમણાં તપાસીને રાખેલીછે અને તેની આસપાસ બાગ કીધેલોછે. એ દીવાલપરથી આગલનું રોમ શોહેર કેટલું નાનું હતું તે માલમ પડી આવેછે. હાલ તેની બાહાર બીજી ઘણી ઇમારતો બંધાઇછે. તેની સામે નીરો શોહેનશાહનો ટાવર આવેલોછે, જે પરથી એ કૂર શોહેનશાહે રોમને આગ લગાડી પોતે કુલનું તાજ પોહેડીને શીસોરી વજાડી (તેના ધારવા મુજબ) મજાહ જોઇ હતી. એ શોહેનશાહે ટરોય (Troy) કરીને જરૂશલમ આગલ શોહેરછે, તેમાં દુશમનોએ આગ લગાડી તે બાબેની કાંઇ વીગતો વાંચી હશે, તેથી પોતે વીચાર કીધો કે આવા વખતે લોકોમાં શી રીતે ધમરાટ થતો હશે, તેથી તે જોવા પોતે પોતાનાં માણુસોને હોકમ કરીને શોહેરનાં દરવાજા બંધ કરાવીને આગ લગડાવી હતી, અને પોતે તેની મજાહ જોવા એ ટાવર ઉપર બેઠો તથા લોકોની આગમાંથી બંચવાની તથા સામન બંચાવાની દોડાદોડ તથા ગભરાટ જોઇને પોતે ખુશી થતો સીસોડી વજાડતો હતો. એ પ્રમાણે ઘણો વાર સુધી શોહેર બલ્યા પછી માણુસોને હોકમ આપીને આગ વધતી અટકાવી હતી. પાછલથી એણે તે બલેલી જગાપર સરખા મોહોલાઓ બંધાવી શોહેર પાછું મજાનું વસાવ્યું હતું. એ ટાવરનો હજુર થોડોક ભાગ સલામતછે અને દુરં બધેથી તે દીસે એટલો ઊંચોછે.

એ જોઇને એક ઓબેલીસક જોયો હતો, જેને કેસ્ટર અને પોલકસને નામે ઓલખેછે. એ આસરે ૩૦૦૦)વરસનો જુનો કહેવાયછે, અને એઇન્સમાં સૌથી પેહેલા કારીગર Phidiac અને Praxiteles નાં બનાંવેલા કહેછે. તેની ઉપર નકશીનાં ઘોડા તથા માણુસો બ્રાંજનાં બનાવેલાંછે.

એ જોઇને પછી મહીયાંનાં હાલના પાદશાહ પેહેલા હમબર્ટનો મેહેલ જોવા ગયા હતા. એને (Palazzo Regio) પેલેઝો રીજીઓ કરીને કહેછે. એ મેહેલ ઉને ૧૫૭૪ માં બંધાયો હતો અને તે પોપના હુનાળામાં રેહેવાનાંમેહેલ દાખલ વપરાતો હતો, પણ ૧૮૭૦ માં રોમ શોહેર વીકટર ઇમેન્યુલે લીધું અને તેને ઇટલીનું પાયતખ્ત બનાવ્યું, ત્યારે એ મેહેલ પોતે લઇ લીધો હતો, અને તેમાં હાલ ઇટલીનાં પાદશાહો હુનાળામાં રહેછે. એની અંદરનું સઘળું ફરનીચર પોપ ઉપર મોકલાવી દઇને પોતે સઘળું નવું પોતાનાં મેહેલમાંથી લાવીને ગોઠવ્યું

છે. પોપને ત્યારપછી વેટીકનનો મહેલ આપેલોછે, બાકીનું સઘળું ગવરમેનટે લઇ મુકયું છે. એ મહેલમાં ફરનીચર તેની ગોઠવણી સાથે ઘણું જોવા લાયકછે. તેમ-એક ઓરડામાં તદન ટેપેસ્ત્રી કામ મુકેલું ઘણું સરસછે. એનો ચેપલ સઘળો સંગેમરમરનો બાંધેલોછે. ત્યાં પોપને સારૂં સાત સીડીની બેઠક કીધેલી હજુર એમને એમ સલામતછે. એનો તખ્તનો ઓરડો ઘણો ભપકાદાર, અને તેમાં મોટી ચીનાઇ બરણીઓ મુકેલીછે, તથા તે ઉપર કેનડલબ્રા કીધેલાછે. ડાઇનીંગ રૂમ તેનાં બારણાં સુધાં સઘળો ગીલીટ તથા મોહોડાં જોવાની આરસીઓનો બનાવેલોછે, અને તેની વચમાં રીલીફ સારૂં સોનાની ગીલીટની ફ્રેમો કીધેલીછે તથા કાચની ફ્રેમમાં ટેપેસ્ત્રો જડેલીછે, તેથી ઘણોજ સોભેછે. રાણીનાં ઓરડાઓ પણ ઘણું સરસ સણગારેલાછે. તેમાં એક આરસીમાં ૧૭) હાથીદાંતની ઓઇલપેં-ટીંગસ એનાં ખાનદાનનાં વડાઓની મુકેલીછે તે ઘણીજ સરસછે. એનાં ઓર-ડામાં લડાઇની સખીઓ મુકેલીછે, તેમાં ગોઇટાની ઓસ્ત્રીઆ સાથની લડાઇમાં પાદશાહ વીકટર ઇમેન્યુઅલને જખમી થયલો ઘોડાઉપર બેસાડેલો પાડેલોછે. તે પોતાનાં રૂમાલથી પોતાનાં પગનાં જ-ખમમાંથી લોહી જતું અટકાવેછે, અને ડાકટરો તેની દવાઇ તૈયાર કરેછે તેટલાં થંડે પેટે પોતાનાં જેનરલો સાથે લડાઇની બાબદ વાત કરતો પાડેલોછે, તે ઘણું સરસ અને જોવા લાયકછે. એનાં કોરી રૂમમાં ડોનકુવીકશોટની તવારીખથી ભરીને ટેપેસ્ત્રી વરક મુકેલીછે તે પણ જોવા લાયકછે, અને ઘણી આબેહુબ આપણે એની ચોપડીમાં જેમ સાનકો પાંનસાને તથા એમેડ પેહેલવાનને જોઇ-એછે તેમ પાડેલાછે. એક ઓરડો વીકટર ઇમેન્યુલ મરણ પાંમ્યો તે વખતે તથા દરશાલ તેની વરસીને દીને ગામેગામનાં લોકો તથા ઉમરાવોએ શોગીત તાજો મોકલ્યાં તે એકઠાં કરવાનો કીધેલોછે, જેથી તે ઓરડો કબતોથી ભરાઇ ગયોછે અને એટલાં બધાં રૂપાં તથા સોનાં કામ-નાં જાત જાતનાં હુનરોનાં બનાવેલાં તાજો ત્યાં મુકેલાંછે. તેમાં એકશીકોથી ત-દન સોનાનું તાજ આવેલુંછે જેની કી-મત બે લાખ ફ્રાંકની કહેછે. તે ઉપરાંત રોમ શહેરનાં લોકોએ પણ સોનાનું તાજ આપેલુંછે. માર્સેલીશથી ઇટાલીઅન લો-કોએ મોકલેલું રૂપાંનું તાજ ઘણું મોટાં કદનુંછે, તેજ પ્રમાણે જીનોવાથી રીલી-ગરી વરકનો રૂપાંનો, વેનીશથી ઊંચા કાચનો, મીલાનથી સખીઓનો ઇત્યાદી એવાં વગર ગણતરીનાં જુદાં જુદાં શે-હેરોનાં લોકોએ પોતાના વખણાયલા હુ-નરથી બનાવીને મોકલાવેલાં મુકેલાંછે અને હજુ પણ દરશાલ મોકલાવતા જાયછે, તેથી આગલ ચાલતાં વધી જવા જોઇયે. એ સઘળાંની કારીગરી ઘણી વખાણવા લા-યકછે. તે જોઇને એક કોલમ જેને ઇમે-કયુલેટ કન્સેપશન (Immaculate Con-ception)નો કોલમ કહેછે તે જોયો હતો. એ કોલમપર ક્રાઇસ્ટની મા મેરીનું પુ-તળું મુકેલુંછે. સને ૧૮૫૪ માં છેલા પોપ પાયસ નવમાંએ મેરીને પોતાની મિલે હમેલ રહયા કે નહીં તે વીશે તકરાર ચા-લી રહી હતી તેનો ફડચો કારડીનલ્સ (મોટા પાદરીઓ) સાથે મલીને કીધો કે તેણીને માણસને પેટનાં નહીં પણ ઓદાનાં રૂહુથી મહીના રહયા હતા, જે કોલીક ધરમનાં સર્વસ લોકોએ કબુલ કીધું હતું તેની યાદગારીમાં બાંધેલોછે.

એ જોઇને Palazzo Albani (આલબેનીનો મેહેલ) નો સંગ્રહ જોવા ગયા હતા. એ મેહેલ આલબેની બાંન-દાનનો હતો, જેનો ઘણી પોપ થયો. અને પાછલથી એમાં ઘણો વધારો કીધો હતો,

પણ આશરે ૨૬) વરસ થયાં તેનાં બાંનઘાનનાં એક જણનાં હાથમાં આવ્યો, અને તેણે પેલા તમાકુનાં વેપારી કે જેણે જેરુસલિમનાં દેવલ ઉપર મોટી રકમ ખરચેલી હમોએ આગલ લખીછે તે પ્રીન્સ એલેકઝાનડર ટોરલોનીઆને એનો બધો સંગ્રહ સુધાં વીસ મીલીઅન ફ્રાંક દયાને ૮૦) લાખ રૂપીયે વેચ્યો હતો, અને હાલ એ છેલા ધણીનાં હાથમાંછે. એ સંગ્રહસ્થાનને લગતી ધણી મોટી જગ્યા તથા બાગછે, જેમાં જગોએ જગો ફુવારા ઉડતા કીધાછે અને ટપે ટપે પુતળાં મુકેલાંછે. મેહેલ પણ ધણો સરસ બાંધેલો અને તેમાં મોટો ભાગ રંગીન સંગેમરમરનાં પથરનો લીધેલોછે. ઓટલાપર હારબંધ તથા બંગલામાં સધળે ઠેકાણે ઉમતાદ કોતરનારાઓને હાથનાં સંગેમરમરનાં બનાવેલાં પુતળાં મુકેલાંછે, તેમાંનો મોટો ભાગ એમપરર હેડરીઅનનાં વીલામાંથી તથા રોમમાં બીજી જગ્યામાંથી આણી કાઢેલામાંથી મલેલાછે. એ સંગ્રહમાંથી સૌથી સરસ ૨૯૪) મુરતીઓ નેપોલીઅન બોનાપાર્ટ હીંયાંથી લેઈગયો હતો, જે પાછલથી સને ૧૮૧૫ માં એ લોકોની સલાહની બોલી મુજબ આપી હતી. તે પાછાં લાવવાનો ખરચ ધણો પડવાથી ત્યાંજ વેચી નાંખી હતી, પણ તેમાંથી સૌથી સરસ પુતળું એક જે એનટોનીઅસ ઓફ ધ વીલા આલબેની (Antonius of the Villa Albani) ને નામે હાલ વખણાયલુંછે તે પાછું લાવીને હીંયાં મુકયું હતું. તે બાબીજ તારીફ લાયકની બનાવતનું જાણે હમણાં વાત કરે તેવું કીધેલુંછે. એ સંગ્રહમાં અસલનાં બુતપરસ્તી લોકોની સુડદાં બાલ્યા પછીની રાખ વાસણમાં મુકીને ઘોરમાં મુકતા હતા તેનાં રા રકોકેગસો પણ મુકેલાંછે, જે ઉપરનું નકશીકામ ધારુંજ વખાણવા લાયકછે. તે ઉપરાંત એવાં બીજાં જુનાં આરકીટેકચરની બનાવટનો સંગ્રહ ધણો સારો કીધેલોછે, અને તેની કીમત આટલી મોટી આપી હોય તેમાં કશી નવાઈ લાગતી નથી; કારણ કે એવાં જુનાં વરકશો એકઠાં કરવાનું કાંઈ સેહેલું કામ નથી, અને જયારે તે દરેકનો મોટી કીમત આપવી પડેછે ત્યારે આટલાં બધાં એકદમ એકઠાં કીધેલાં મલ્યાં તેની કીમત મોહોડે માંગી એ તમાકુવાલા જેવો નવો પૈસાવાલો નામ મેળવવા સારૂં આપે તેમાં કસું નવાઈ જેવું લાગતું નથી.

એ જોઈને પછી ધો ટરાયમફલ આરચ ઓફ સેપ્ટીમસ શીવરસ (Arch of Septimus Severus) જોવા ગયા હતા. એ આરચ સને ૨૦૪ નાં શાલમાં સેપ્ટીમસ શીવરસની લડાઈઓ જીતેલી તેની યાદગારીમાં બાંધ્યું હતું. એની ઉપર ચાર થાંભળાઓ દીવાલમાં અરધા કીધેલાછે, અને ઉપલા ધણીએ પારડીઅનસ, એરેબીઅન, અને એડીઆબેનીઅન લોકો ઉપર મેળવેલી ફતેહ બાસરીલીફમાં કોતરેલીછે. એ આરકું અસલની જમીન ઉપરછે. તે જમીન હમણાંની જમીનથી ૨૦) ફીટ નીચીછે એટલું એ પુરાઇ ગયું હતું.

એ જોઈને પંગા હમણાં જયાં કેપીટોલ એક ટેકડી ઉપર છે તેનીજ હેઠળ અસલનાં દેહેડાં તથા ફોરમનાં ખંડેર જોવા ગયા હતા. એનો વીસ્તાર ધણોછે, અને હીંયાં આગલ રૈયતની મીટીંગો ભરતા હતા. એ ફોરમમાં હાલ ટેમપલ ઓફ કોનકોરડ કે જે ઇ. સ. ૩૮૬ વરસ આગમજ આમ અને ઉમરાવો લોકોની દોસ્તી થઇ તેની યાદગારીમાં બંધાવ્યું હતું, અને જેમાં શીશરોએ ઇ. સ. ૬૩ વરસ આગમજ સેનેટને બોલાવી કેટેલાઇનની સાંબે એનું વખણાયલું ભાશણ કીધું હતું તે સધળું ભાંગેલી ટેકડી જેવી હાલતમાં હાલ પડેલુંછે. તેની પાછ-

લ ત્રણ મોટા થાંભળા ભાંગેલી હાલતમાં ઉભેલાછે, તે આગલ વેસ્પીશીઅનનું ટેમપલ (Temple of Vespasian) દાખલ ઓલખાતું હતું, અને જે ટાઇટસ શેહેનશાહે પોતાનાં બાપ વેશપીશીઅનને દેવતા દાખલ અર્પણ કરયું હતું. તેની આગલ સનીસરનું દેહેરું કે જેમાં આગલ ઝવેરાતની તીજોરી રાખતા હતા અને જે સને ૪૯૭ ક્રાઇસ્ટની આગમજ બંધાયું હતું તેની ભાંગેલી દીવાલો દીસે છે. એની સાંએ રસતાની એક બીજી બાજુપર એક ઊંડી બણી કાહાડેલી જગ્યાછે, જેમાં બંડેરની વચમાં એક કોલમછે જેને કોલમ ઓફ ફ્રોકાસ (Column of Phocas) કરીને કહેછે. તે એ નામનાં શેહેનશાહે મુરતીપુજક લોકનાં હાથમાંથી રોમને છોડવીને પોપસને સ્વાધીન કીધું તેનો યાદગારીમાં બાંધિલુંછે, અને સને ૬૦૭ નાં શાલમાં મોટા પાદરી શમારેગડશ (Exarch Smaragdus) તે બંધાવ્યો હતો. એની આસપાસની જગ્યા ઇ. સ. ૮૧૬ માં બનાવી હતી, પણ ત્યારપછી ૧૮૭૦ સુધી તે પાછી પરત નાંખી અને પાછલથી વીકટર ઇમેન્યુલે રોમ લીધું ત્યારે પાછું બણવાનું શરૂ કીધું, તથા એનો ઘણો મોટો ભાગ મટોડાંથી ભરાઇ ગયલો સાફ કીધો, અને તેમાંથી અસલની જુની બે હજાર વરસની ઉપરનો ઇમારતોનાં પાયા તથા ભાંગેલા થાંભળાઓ શોધી કાહાડયા હતા, જે હજુ દેખાડવા સારૂં એમનાં એમ રાખેલાછે. તેમાં જુલીઅશ શીઝરે બાંધિલું Basilica of Julia નું દેહેરું જેનાં થાંભળા નાંધળા ભાંગેલી હાલતમાં ઘણી મોટી જગ્યા રોકેછે, અને કેટલાક નવા આગલનાં જેવા બનાવી મુકેલાછે કે તે દેહેરાંની જગ્યા માલમ પડે. એમાંથી એક પવીત્ર રસતો હતો તેપર થઇને (જેને Via Sacra કહેછે) સાંએનાં દેહેરામાં જવાતું હતું તે રસતો ભાગો તુટો તેનાં સંગેમરમરની અસલી મોટી લાદીઓનાં ટુકડા માંયે માલમ પડેછે. એ બેસીલીકાની પાસે કાસ્ટર અને પોલાકશનાં દેહેરાંનાં અસલ ત્રણ થાંભળા હજુ ઉભેલાછે. તે દેહેરું ઇ. સ. ૪૮૪ વરસ અગાઉ બંધાયું હતું. એ શીવાય બીજી ઘણી જુની ઇમારતો તથા દેહેરાંઓનાં બંડેર ફોરમમાં જોયાં હતાં. એની અંદર દુરથી અસલ એક દેહેરું એનોટોનાઇનસ અને તેની બયરી ફોરટીનાનું હતું, જે સને ૧૩૮ નાં શાલમાં એ બે જણાંને દેવતા બનાવી તેની ભકતી કરવા બાંધિલું હતું. તેનો મોટો ભાગ સલામત રેહેવાયો હાલ તેની અંદર એક દેવલ બાંધિલુંછે, જેને St. Lorezzo in Mirander નું નામ આપેલુંછે. એની અને કેસ્ટર અને પોલકશનાં દેહેરાંની વચમાં રોમનો વખણાયલો શહેનશાહ જુલીયશ શીઝરને જયાં મુકેલો બાલ્યો હતો, ત્યાં તેની ભકતી કરવા દેહેરું બાંધિલું હતું, અને તેમાં એ શેહેનશાહની ઓગસ્ટસ શેહેનશાહનાં હોકમથી દેવતા દાખલ મુરતી બનાવી તેની ભકતી કરતા હતા.

એ જોઇને પછી બી બેસીલીકા ઓફ કોનસ્ટેનટાઇન કરીને સૌથી છેલું મુરતીપુજકોનું દેહેરું ભાંગેલી હાલતમાંછે તે જોયું હતું. એ દેહેરું મેકસેનશીયસ (Maxentius) કરીને છેલો પેગન શેહેનશાહ હતો તેને બંધાવ્યું હતું. તેનાં ત્રણ મોટાં ગંજાવર આરકાં હજુ સલામતછે, અને તેનો પાયો પણ હજુ સલામત હોવાથી તે ૩૨૦ થી ૨૩૫) ફીટનું હતું તે તથા આરકાંની ગોળાઇ વચમાથી ૮૦) ફીટનાછે તે જણાઇ આવેછે. એનાં નેવ, છાપરૂં ૮) ઘણું મોટા ગ્રાનીટનાં થાંભળાના ઉપર હતું તે થાંભળાઓમાંનો એક સને ૧૬૧૩ નાં સાલ સુધી સલામત ઉભેલો હતો, તે પોપ પાલ પાંચમાએ

૧૦૯૯૬) સ્કુટડી ઇયાને ૨૨૦૦૦) રૂપીયા ખરચીને ત્યાંથી ઉઠાવી લઇ જઇ સાન્ટા મેરાઆ મેજોરીનાં દેવલની સામે ઉભો કરીને તે ઉપર વરજીન મેરી અને તેનાં બચાં ક્રાઇસ્ટનું પુતળું ઉભું કીધું હતું તે હાલ દીસેછે.

એ જોઇને ધી આરચ ઓફ ટાઇટસ કે જેણે એની જુડીઆની જીતેલી લડાઇ ની યાદગારીમાં સને ૮૧ માં બંધાવ્યો હતો તે જોયો હતો. એ સંગેમરમરનાં પથરનો ભાગળ રોકો બાંધેલો, અને તેની ઉપર એ લડાઇની બીનાંઓ ઘણી સરસ રીતે કોતરેલીછે. એ લડાઇ જેરૂસલમમાં થઇ ત્યાંથી એ ઘણી ત્યાંનાં મોલોમનનાં દેહેરાંમાંથી સમેદાણી તથા ૩૦,૦૦૦) યાહુદી બંધવા લાવ્યો હતો તેની વીગત પણ આરકાની અંદરની બાજુપર ટરાયમફલ અંનત્રી સાથે પાડેલાં દીસેછે. એ બંધવાઓ પાસે એ આરચથી થોડેક દુર કોલોશીઅમની ઇમારત હાલ બીસમાર પડેલીછે તે બંધાવી હતી એમ કહેછે.

આ આરચ જોઇને પછી હમોએ ઉપર લખેલું અને દુન્યામાં વખણાયલું કોલોશીઅમ (Collosseum) જોવા ગયા હતા. એને અમલ(Amphitheatarum Flavium) કરીને કેહેતા હતા, અને એ ઠીયેટર દુન્યામાં સૌથી મોટો અને હજુ પણ એની બરોબરનો કોઇ બંધાયો નથી. એનો દેખાવ પણ ઘણો સરસ હતો. એ સને ૮૦ નાં શાલમાં (ઇયાને ૧૮૦૦ વરસ ઉપર) શેહેનશાહ ટાઇટસે તૈયાર કરાવ્યો હતો, અને જયારે તે ઉઘાડયો ત્યારે તેમાં ૧૦૦) દીવસો સુધી લાગત ગલેડીએટરશો(આપણા ગાયકવાડનાં કુસ્તી લડનારા મલ લોકોનાં જેવા)ની લડાઈ તથા માણસો અને જનવરો તથા જનવરોની પોત પોતામાં લડાઈ કરાવી હતી, જેમાં ૯,૦૦૦) જનવરો માર્યાં ગયાં હતાં. એ જનવરો સબબાં ઘણું અરબ જંગલી સીંહ, વાઘ, ગેાધા અને એવાં એવાં લાવતા હતા તથા તેઓ સાથે માણસોને લડાવતા અને તે જોવા સારૂ એ ઠીયેટરમાં ૮૭૦૦૦) માણસો બેસે એટલી જગ્યા કીધેલી હતી. એ બાંધવા પાછલ જેરૂસલમથી આસરે ૩૦,૦૦૦)બંધવા લાવી તેઓને કામે લગાડયા હતા. એનો કારીગર કોઇ ગોડેનશીઅશ કરીને હતો, જે ઘણી પાછલથી પેગન ધરમમાંથી વતલીને કરીસ્ચીઅન થયો તેથી બીજા કરીસ્ચીઅનોની સાથે એજ ઠીયેટરમાં જનવરો સાથે લડવા મુકયાથી તેમાં માર્યો ગયો હતો. એ જનવરો સાથે લડાઇમાંથી લાવેલા બંધવાઓને અંદર લડવા મુકતા, અને કોઇ વખતે તે બધાઓ મારયા ગયાથી પછી જો વખતસર બીજા મલે નહીં તો હીંયાનાં તે વખતનાં મોટા મોટા લોકો પોતાનાં ગુલામોને એ જગ્યામાં મુકતા, અને તેઓને જનવરો મારી નાખે ઇયા ફાડી ખાય તે ખુશીથી જોતા હતા. એ ઉપરાંત કરીસ્ચીઅન લોકોનો પણ એ જગ્યા પર જનવરોને ભોગ આપતા હતા. એ લડનારાઓને ફકત એક મોટી છરી ઇયા ખંજર આપીને વગર કપડે લંગોટ ભર સીહ, વાઘ તથા ગેાધાઓ ભુખે મારીને ઘણાંજ જોશમાં લાવેલાઓની સામે એક ઘણેાજ મોટા ચોક જેને એરીનાં કહેછે તેમાં લડવાને મુકતા હતા. જો તેમાંથી તે બંચે તો તેને છુટાપણું મલતું, પણ તેઓનો મોટા ભાગ મારયો જતો હતો. એ કોલોશીઅમને ઘણાં મોટા મોટા પથરોને અમલ લોખંડનાં આપરાઓ મારીને બાંધેલો હતો (જે લોખંડ પાછલથી કાઢાડી લેવાથી દેવાલોમાં પથરની અંદર બંધે બાંચા હજુ દીસેછે) અને તેની અંદરનાં ભાગમાં ધંટાનું કામ ઘણું મજબુત લીધેલું હતું. એનો બાહારથી ઘેરાવો ૧૭૨૮) ફીટ ઇયાને ૬ માઇલનો અને લંબાઇમાં ઘેરાવો (કા-

રણકે બેદાં રોકો બાંધેલોછે) ૬૧૫) ફીટનો તથા પોહોળાઇમાં ૫૧૦) ફીટનોછે. એનો વચમેનો એરીના (જનવરો સાથે લડવાનો ચોક) ૨૭૯ થી ૧૭૪ ફીટનો અને તેની ઊંચાઇ ૧૫૬) ફીટનીછે. એને ચારમાળ કીધેલા હતા જેનો થોડોક ભાગ એક બાજુથી હજુ સલામતછે. તેમાં પેહેલો માળ આરકાંનો કીધેલો હતો અને તેની ઉપરનાં માળો ખાલી દીવાલ અને શીલીંગને થાંભળાપર અટકાવેલીનાં કીધેલા હતા. એ બધાંની પાછલ દેવાલ આગલ લખીછે તેમ મોટા પથરાની કરતી કીધેલી અને તેની વચમાં બારીઓ રાખેલી હતી, પણ અંદરનો ભાગ ઓલો ગમત જોવા સારૂં રાખેલો હતો. એ સઘળી ગમ બીજા તથા ત્રીજા માળ સુંધી આરકાંઓમાં પુતળાં ગોઠવેલાં હતાં. એમાં જવા સારૂં ચાર મોટા એનટ્રંસો હતાં, અને બાકીનાં બધી ગમ કરતાં આરકાંઓમાથી લોકોને આવવા જવાનો જગ્યા હતી. એનાં ચાર માળ હતા તેમાં પેહેલા માળપર શેહેનશાહ, માજીસ્ત્રેટો અને વેસ્ટલ વરજીન્સ (તે વખતે પણ જોગણીઓ માફક ઓરતો આતશપર ભાગ સારૂં તપાસવા કુમારી રેહેતી હતી તેઓને વેસ્ટલ વરજીન્સ કેહેતા હતા). બીજા મજલાપર ચોવીસ થડ બેઠકોનાં હતાં તે પર ઉમરાવો જેઓ સેનેટર હોય તેઓને બેસવાની જગ્યા હતી. ત્રીજા માળાપર ૧૬) થડ બેઠકો હતી તેપર ઘોડેસ્વારનાં રેનકનાં લોકોને બેસવાની હતી, અને ચોથો ભાગ જે સૌથી મોટો હતો તેમાં ૨૫) થડ બેઠકોનાં હતાં (જેમાં સૌથી ઉપલા થડની બેઠકો નંગ ૧૬ લાકડાંની હતી) તે ગામનાં હલકાં માણસો તથા ગોલામોને સારૂં હતી. એ મુજબ ત્રણ માળ ઉપર ૬૫) થડની બેઠકો એકની ઉપર એક કીધેલી હતી, અને તેમાં જયારે ૮૭,૦૦૦) માણસો બેસતા હશે ત્યારે તેનો વીચાર કરી લેવો કે કેવો ભપકો લાગતો હશે. એ સઘળાઓને અંદર આવજાવ કરવા સારૂં બાહારથી ૮૦) ઓલાં આરમાં રાખેલાં હતાં, (પેહાં ૪ મોટાં એનટરનસ ઉપરાંત) અને તેમાંથી દર ચાર આરકાંઓમાંથી ચાર માળ ઉપર જવાનું હતું અને તેનાં નંબરો કોતરેલાં હજુ જે સલામત આરકાંઓછે તે પરથી દીસેછે, એથી કરીને આટલું બધું લોક દશ મીનીટમાં ગમત પુરી થવા પછી ખાલી થઇ જતું હતું એવી સરસ ગોઠવણીનું તે બાંધેલું હતું. એ થીયેટરનાં એરીનાની આસપાસ મોટાં પીજરાં રોકા ઓરડાઓ કીધેલાછે, જેમાં જંગલી જનવરોને રાખતા હતા કે તેમાંથીજ પાંધરા એરીનામાં લડવા સારૂં લઇ આવે. સને ૪૦૫ નાં શાલમાં હોનોરીઅશ શેહેનશાહે માણસો (Gladiators) ની લડાઇઓ ક્રીસ્ચીઅન લોકોને સોંપે નહીં કરીને બંધ કરાવી પણ જનવરોની લડાઇ ચાલુ રાખી હતી. મીડલ એજીસ Middle Ages માં થીયેટરને કીલા દાખલ વાપરવા માંડયો હતો, પણ ૧૩૨૨ માં પાછો તે ગોધાઓની લડાઇ સારૂં રોમન શેનેટે ઉંધાડયો હતો, અને ત્યારપછી એ બીસ્માર થવા માંડયો. સને ૧૩૪૯ માં એક મોટો ધરતીકંપ થયો ત્યારે ધારવામાં આવેછે કે એની દીવાલ ફાટી હતી, અને ત્યારપછી એની અંદરનાં પથરો તથા ઇંટો લોકો કાહાડીને તેમાંથી ઘણાંએક મેહેલ વીગેરે બીજાં બાંધકામો બંધાયાં હતાં, તેમાં વીનીશીઅન, કેનશેલીરા, ફારનીશી અને બારબેરેનીનાં મેહેલો જે અહીંયાં સૌથી મોટા કહેવાયછે તે, તથા નદી કીનારા પરનાં બારાં ઉપરાંત વગર ગણતરીનાં નાંધળા ધરો બાંધવાનાં કામમાં એનો કાટ કાહાડી લાવીને વાપરવામાં લીધો હતો. તેમાંથી સંગેમરમરનાં પથરો પોપોએ પોતે કાહાડી મંગાવી દેવલો તથા બીજી જ-

ગ્યામાં વાપરવા હતા. એ મુજબ સને ૧૭૪૦ સુધી ચાલ્યા પછી પોપ એની ડીકટ ચૌદમાએ એની વધતી ખરાબી થતી અટકાવી હતી, અને જે ક્રીશ્ચીઅનો એમાં મારયા ગયા તેઓનાં રહને અરપણ કીધી હતી, તથા દીવાલો પડી જતી હતી તેને ટેકા આપ્યા હતા, તેથી હમણાં થોડો ઘણો ભાગ જે બચેલોછે તે આએ પોપની મુખીથીછે. ત્યારપછીનાં બીજા પોપશો એને બધી ગમથી ટેકા આપતા આવ્યાથી હવે બાકીનો ભાગ પડી જાય તેની ધાસ્તી નથી. એણે જે કીલા દાખલ વાપરવામાં આવ્યો હતો તે કીલાનાં ભાગો એરીઆનામાં હજુ સલામતછે અને જે ઘણાં વરસોનો પુરાણ ગયલો હમણાં ખણી કાહાડયોછે. એ એરીનાં હાલની રોમની જમીનની સપાટીથી ૨૦) ફીટ નીચીછે એટલું પુરાણ ગયું હતું. એની જમીનનો થોડોક ભાગ ઓલો થયલોછે પણ હજુ બીજું ઓદવાનું કામ ચાલેછે, જેથી તે થોડા વખતમાં પાછો બધો ઓલો થશે. એ ઇમારત જે સલામતછે તેટલોજ ભાગ જોઇને હમો દંગ થઇ ગયા હતા એવી ગંજાવર રીતની બાંધેલીછે. એની અંદર પોપશોએ ચેપલશો બંધાવ્યાં હતાં તે હમણાંનાં ઇટલીનાં છેલ્લા પાદશાહે સને ૧૮૭૪ માં કાહાડી નંખાવ્યાં હતાં

એ જોઇને પાછા ફરતી વખતે મીનરવાનું આગલા વખતનું દેહેરૂં (Temple of Minerva) જોયું હતું. તેના આગલા ભાગમાં મજની નકશીનાં પુતળાંઓ બનાવેલાં સલામતછે, પણ તેનો મોટો ભાગ જમીનમાં દટાઇ ગયલોછે. એ જોઇને માર્શ ઉલ્ટોર (Mars Ultor) નું દેહેરૂં જોયું, જેનાં થોડા ભાગનાં થાંભળાઓ આસરે ૫૦) ફીટ ઓનીટનાં હજુ ખંડેર હાલતમાં પડેલા દીસેછે તેથી તે ધાર્યું મોટું દેહેરૂં હોવું જોઇયે એવું ધારવામાં આવેછે. એ દેહેરૂં ઓગસટસ શીઝરે ક્રાઇસ્ટની બે વરસ આગમજ ઇયાને ૧૮૮૩ વરસ ઉપર જુલીઅસ શીઝરનું ખુન થયું તેની યાદગારીમાં બંધાવ્યું હતું.

એ જોઇને પછી અતરેનાં લોકોને ફરવા જવાનો બાગ પીનશીઅન ટેકડી ઉપર છે ત્યાં ગયા હતા. એ ટેકડીપર મજેનાં ચહડ ઉતરનાં રસતાઓ કરીને તે પર ઠપે ઠપે પુતળાં ગોઠવેલાં, તથા તેનાં મથાળાંપર મોટો એક બાગ ઘણો સરસ બનાવેલોછે, જયાં એક મોટો ટેરેશ ટેકડીને છેડે બાંધીને સાંજનાં રીજમીટનું વાજું વાગેછે ત્યાંસુધી ગાડી ઘોડા ઉપર જઇ શકેછે. એ ટેકડીની ટેરેસપરથી રોમ શેહેરનો દેખાવ ઘણો સરસ દીસેછે. તેમાં એનીજ હેઠળ Piazza del popolo કરીને ચોક આવેલોછે, તેમાંનાં કુંવારા તથા ઓબેલીશકથી તે ઘણો શોભેછે. એ ટેકડીનાં બાગમાં એક છેડેથી એક ઘડીયાળ મુકેલું છે, જેની એવી ગોઠવણ કીધેલીછે કે તેનાં પેનડયુલમની ઉપર બે બાજુપર પાણીની ઝીણી નલીઓ મુકેલીછે, જેમાંથી વારાફરતી પાણી નીકળે અને બંધ થાયછે, તેમ તે પેનડયુલમપર બેહુ બાજુથી એક પછી એક પડેછે, જેથી તે ઘડીયાળ પોતાની મેલે કુંચી આપ્યા વગર રાત દીવસ ચાલ્યા કરેછે, તથા પાણી એવી રીતની ગોઠવણીથી પડેછે કે વખત બરોબર ચાલેછે તેથી બીજું વધતું બી ઘડીયાળ ચાલતું નથી. એવી રીતનું પાણીથી ચાલતું ઘડીયાળ હમોએ પેહેલું જોયું હતું.

તા૦ ૧૯ મી અકટોબર ૧૮૮૧— આજે પેહેલાં ગેલેરીઆ બોરગીશી (Galleria Borghese) કરીને બોરગીશી કુટંબની પીકચર ગેલેરીછે તે જોવા ગયા હતા. એ કુટંબ આગલા ઘણું મોટું થઇ ગયું છે, અને હમણાં પાયમાલી આવરૂવાનું ગણાયછે. એની પીકચર ગેલેરી પોતાનાં

મહેલમાંજ કીધેલીછે. એ મહેલ એ ખાનદાનવાળા કારડીનલ ડેજીએ સને ૧૫૬૦ માં બાંધવાને શરૂ કીધો હતો તે એજ ફ્રેમીલીમાંનો પોપ પોલ પાંચમાંએ પુરો કરાવ્યો હતો. એ મહેલ ઘણો મોટો અને પથરનો બાંધેલોછે. તેનાં એનટરનશની સામે મહેલની વચમાં મોટો ચોક રાખેલોછે. એની પીકચર ગેલેરી ઘણી સારી અને જોવા લાયક અને રોમ શહેરમાં તે વેટીકનનીજ ગેલેરીથી ઉતરતી ગણાયછે. એમાં અમલનાંથી તે છેક હમણાંનાં ઉસ્તાદોને હાથનાં પીકચરો ચીતારેલાં મુકેલાં ઘણાં જોવા લાયકછે, પણ તેની વીગત હમો આપી શકતા નથી.

એ જોઇને વેટીકનના મહેલપર જતાં સેંટ એનજલોનો પુલ પસાર કીધો હતો. એ પુલ મજનો બાંધેલો ઉપરાંત પુલ ઉપરનાં થાંભળાઓપર સારાં પુતળાં ગોઠવેલાંછે, તેથી ઘણો સોભેછે. એ પુલ શહેનશાહ હેડરીઅને પોતાનો ઘોર ટાઇબર નદી જે રોમમાંથી પસાર થાયછે તેને પેલે પાર બાંધી હતી તે સારૂં ઇ.સ. ૧૩૬ માં બાંધ્યો હતો. એની સામેથી એક ટેકડીપર સેંટ એનજેલોનો કીલો (Castle of St. Angelo) આવેલોછે, જે હજુ સારી હાલતમાં રાખેલોછે. એ કીલો પણ ઉપલાજ શેહેનશાહનો બંધાવેલોછે, પણ તે કાંઇ કીલા દાખલ વાપરવા સારૂં નહીં પણ પોતાની પાછલનાં શેહેનશાહોંની ઘોર દાખલ બંધાવ્યો હતો. એની અંદરનાં ભાગમાં તે વખતે સઘળો સંગેમરમર જડી લીધેલો તથા એનાં મથાળાંપર પુતળાં ગોઠવેલાં અને એનાં ટાવર ઉપર એ શેહેનશાહનું ગંજાવર પુતળું મુકેલું હતું, (જેનું ડોકું વેટીકનનાં મ્યુઝીયમમાં રાખેલુંછે) પણ હમણાં તેવું કાંઇ નથી. સંગેમરમરનાં પથરો વટીક કાહાડી લઇ ગયાછે અને હાલ તેમાં શોલજરો રહેછે.

એ જોતા જોતા હમો દુન્યાનો વખણાયલો સૌથી મોટો મહેલ ધી વેટીકન (Palazzo Vaticano) કે જેમાં હાલ પોપ રહેછે અને તેની તે મીલકત ગણાયછે તેની અંદરની શકલપચર મ્યુઝીયમ (Sculpture Museum) જોવા ગયા. એ મહેલ સેંટ પીટર્સનાં દેવલની દાખી બાજુપરથી આવેલોછે, અને દેખાવે ઘણો ગંજાવર તથા બાહારથી સાદો માલમ પડેછે, અને તેનું એનટ્રન્સ સેંટ પીટરનાં ચોકમાં થઇને તેની પાછલથી જવાનું છે. એ અમલ પોપોને રહેવાનું સાધારણ રીતનું ઘર હતું, પણ પાછલથી તેમાં ઘણાં પોપશ્રો વધારો કરતા આવ્યાથી દુન્યામાં સૌથી મોટો ગંજાવર મહેલ કેહેવાયછે. એમાં આગલ પોપસો આવજાવ કરતા કરતા હતા, અને તે વખતે લેટીરન કરીને મહેલ તે નામનાં દેવલ આગલ હતો ત્યાં રહેતા હતા; પણ સને ૧૩૭૮ માં હીંયાં પેહેલી કોનકલેવ (ધ્યાને કારડીનલશ્રોની મીટીંગ) ભરી હતી, અને ત્યારથી ત્યાં પોપ્સ રહેતા આવ્યાછે. એમાં હાલ ૨૦) ચોક (ધ્યાને જુદા જુદા ભાગો સાથે મેળવી નાખેલા) અને ૧૧,૦૦૦) ઓરડાઓમાં હોલો, ચેપલો, સેલુનો અને વાપરવાનાં ઓરડાછે, જેમાંનાં મોટા ભાગમાં નવાઇનાં સંગ્રહ તથા શો રૂમ્સ (Show Rooms) છે. ઇટલીનાં રાજા વીકટર ઇમેન્યુલે જ્યારે રોમ સને ૧૮૭૦ માં લીધું ત્યારે પોપને હસ્તકની (તેની આગલ પોપ અહીયાંનાં રાજા ગણાતા હતા) સઘળી ઇમારતો લઇ મુકી હતી, અને ફકત એ વેટીકનનો તથા લેટીરનનો (એઓનો અમલનો રેહેવાનો) મહેલ અને એક કાસ્ટલ ગોનડોલ ફ્રાંમાંનો વીલા કરીને તેઓનાં હાથમાં બાકી રાખ્યાંછે, તેથી પોપ પાયસ નવમો જે તે વખતે હતો તે અને તેની પછીનાં હમણાંનાં પોપ લીઓ તેરમો બાહાર નો-

કળતા નથી, અને કહેછે કે હમોને તો કેદ કીધા હોય તે બરોબરછે, જેથી ઘણી કીયા જે એ લોકો આગલ કરતા હતા તે ત્યારનો (ઇયાને ૧૧ વરસ થયાં) બંધ થઇ ગઇછે; અને તેઓ સેંટ પીટર્શનાં દેવલમાં વટીક જતા નથી પણ પોતાનાં વેટીકન મહેલમાં (કે જેને એ લોકો હમણાં બંદીખાનું કહેછે.) ચેપલોછે ત્યાંજ ભગતી કરી લોકોની મુલાકાત કરેછે. એ મહેલમાં હમો સેંટ પીટર્સનો જમણી બાજુપરનાં રસતાપરથી ગયા હતા, જ્યાં એનટ્રન્સમાં એક મોટા ઢળ ડુંગરીપર બાંધી લીધોછે, જે પરથી મહેલમાં પેઠા હતા. ત્યાં એ પોપનાં વખણાયલા સ્વીસગારડની ચોકી બેઠેલી હતી. એ ચોકીબાંન સ્વીતઝલંડનાં માણસોછે, અને તેઓનો પોશાક માઇકલ એનજેલોએ જે ડીશાઇન કીધો હતો તેજ રાખેલોછે, જેથી તે વખતનાં (૩૦૦ વરસની ઉપર) હીસાબ પ્રમાણે ચળકતો, કાળા, પીલા, અને લાલ પટાપટાનો બનાવેલો ઘણો રમુજી લાગેછે. એ સ્વીટઝ લોકોજો કે પૈસાને ખાતર બીજા ગામોમાં સોલજરો થાયછે તોપણ ઘણાં વીસ્વાસુ અને હમેશાં ગમે તે હોય તોપણ પોતાનાં ધણી ઉપર જીવ કાહાડી આપનારાછે, તેથી જે રાજાને પોતાકી રૈયત ઉપર ભરોસો નહીં રહેતો હોય, તે એ લોકોને પોતાનાં બોડીગાર્ડસો બનાવીને રેહેવાનાં મકાનોની તથા પોતાની ચોકી કરવા સારૂં રાખેછે. એ મુજબ ફ્રેંચ રેવોલ્યુશનની વખતે લુઇ સોલમા પાસે પણ એજ દેશનાં ગાર્ડસો હતા, જેઓએ પોતાનો જીવ એ પાદશાહનો ઉપર તેને પકડવા આવેલા લોકોને આપયો હતો; અને જો કે તેની આખી રૈયત તેની સાથે થઇ હતી, તોપણ તેઓ નોમકહલાલ રહયા હતા. તેમ વીકટર ઇમેન્યુલે જ્યારે રોમ લીધું ત્યારે પણ એ લોકો પોપની તરફથી થોડુંક લડયા, અને પોપે લડાઇ બંધ કરવા કહયાથીજ પાછા હટયા હતા. વેટીકન મહેલનું એનત્રન્સ શાંકડું છે અને તેમાં ઘણી ઉંચી સીડીઓ ઉપર થઇને ઉપર જવાયછે, તેથી ભપકાવાલું લાગેછે. તે સીડીઓ સંગેમરમરની અને ગ્રાનીટનાં મોટા થાંભળાઓની વચમાં બાંધેલી હોવાથી ઘણી સોભેછે. ઉપર ચહડતાં પેહેલો સીકસ્ટાઇન ચેપલ (Sixtine Chapel) આવેછે તે જોયો, જે સીકસ્ટશ ચોથાએ સને ૧૪૭૧—૮૪ સુધીમાં બાંધ્યો હતો. એમાં પોપ ગુડફ્રાઇ ડે વાલા તેહવારોપર મીશરેરી, બુધ, ભરેસપત અને સુકરવારે ગવાડેછે તેથી એ ઘણો વખણાયલોછે. એની અંદર ચેપલ ઘણો સારોછે પણ દીવાલો તથા છતો ઉપરનાં ચીતારો જે માઇકલ એનજેલોને હાથના છે તે ઘણું વખાણવા લાયકછે. એ ચીતારાને સાત વરસ એ ઉપર લાગાં અને ૧૫૪૧ માં તે તૈયાર કીધાં હતાં, તેમાં ઓલટરની ઉપર ક્રાઇસ્ટને પાડેલોછે, જે ખરાબ માણસોને પોતાથી દુર કરેછે, તેઓ તેની નીચે દોજખમાં જાયછે તથા સારાં માણસો તેની સાથે બેહેસ્તમાં રહેછે, તેમાં એનાં વખણાયલા સેંટસ જે હથીયારોથી તેઓને આએ દુન્યાંમાં રીબાવીને મારી નાંખ્યા હતા તેની સાથે પાડેલાંછે. સેંટ કેડેરાઇન (ઓરત હતી) તેને એક ચકર ઉપર હાડકાં ભાંજીને મારી હતી, તેથી ચકર તેણીનાં હાથમાં આપયુંછે, સેંટ બારેડોલોમીઓની જીવતાં જીવત ચામડી કાહાડીને મારી નાંખ્યો હતો, તેથી તેનો ચામડી કાહાડેલી તેનાં હાથમાંછે. ઇત્યાદી. પણ સૌથી સરસ તો એ ચીતારાનાં એ ચેપલનાં ચીતારને કોધએ વગોવ્યો હશે, તેથી તેનું પીકચર દોજખમાં પાડી તેને ગધેરાનાં કાન પાડેલાછે. એ પેનટીંગસો દીવાલ ઉપર પાડેલાં

છે તે ચેપલમાંનો બધી તથા ધુંવાડાથી કાળાં અને ઝાંખાં થઇ ગયાંછે, તોપણ ઘણી સારી હાલતમાં રહેલાંછે.

હમો ત્યાંથી નીકળીને વેટીકનનું મ્યુઝીયમ ઓફ સ્કલપચર (ઇયાને પુતળાંનાં કોતરકામનું મ્યુઝીયમ) જોવા ગયા હતા. એ મોટું મ્યુઝીયમ અગલનાં હુનરનું પોપ કલેમેન્ટ ચૌદમાએ સને ૧૭૬૯–૭૫ સુધીમાં સ્થાપ્યું હતું, અને તેમાં હાલ બધાં મલીને આસરે ૬૦૦૦) નંગો એકઠાં કીધેલાંછે, એટલું મોટું કોતરકામનું મ્યુઝીયમ બીજે કોઇ નથી. એનાં દરવાજના ઓટલામાં બે મોટા લાલ પોરફીરીનાં પથરના સારકોફેગસછે, જે શેહેનશાહ કોનસ્ટંટાઇનની મા સેંટ હેલીના તથા તેની દીકરીની પોરપરથી આગલ કાહાડીને લેટીરનનાં મેહેલમાં રાખેલાં હતા, તેમાંથી લાવીને હીંયાં મુકેલાંછે. એ સારકોફેગસો સને ૧૧૫૦–૫૪ નાં શાલમાં એનાશટેશીઅશ કરીને ઉસ્તાદ હતો તેનાં હાથનાં કોતરેલાંછે તેમાં સેંટ હેલીનાની પોરપર નકશીનું કામ પોડા તથા માણુસોનું એવું સરસ કોતરેલુંછે કે આજનાં કોતરકામને ટકર મારેછે, અને એવો સરસ શારકોફેગશ હમોએ બીજે કોઇ જોયો નથી. તે એક પથરનો ૮) ફીટ લાંબો, ૫) ફીટ પોહોળો, અને ૬) ફીટ ઉંચોછે. એ સારકોફેગસોની વચમાં જમીનપર ભોંયરું કરક ઘણો સરસ કુલોનો બનાવીને મુકેલોછે, અને એવા બીજા ઓરડાઓમાં ઘણુંછે, જેને વાસતે કહેછે કે હેદરીઅન એમપરરનાં વીલાની જમીનમાંથી કાહાડી લાવીને હીયા તેજ માફક ગોઠવેલાછે. એ ભોંયરું કારીગીરી ૧૫૦૦) વરસનો જુનીછે. એ ચાલમાંથી ધી રોટુંનડા(The Rotunda) કરીને ગોળ ઓરડોછે તેમાં જવાયછે, જેમાં વચમે એક ઘણો મોટો હમામ પોર્ફરી પથરનો ૪૪॥ ફીટ ઘેરાવાનો શેહેનશાહ ટરાજોનનાં હમામમાંથી સને ૧૫૫૦ માં બણી કાહાડયો હતો તે મુકેલોછે. એમાં બીજાં મોટાં મોટાં પુતળાંઓછે તેમાં એક પુતળું હરકયુલીસનું ગીલીટ કીધેલુંછે, જે છેલા પોપે તેને શોધી કાહાડનાર પાસેથી એક લાખ રૂપીયે વેચાતું લઇને અહીયાં મુકેલુંછે. એ પુતળું જમીનની ૨૦) ફીટ અંદર દટાયલું સને ૧૮૬૪ માં પાયું હતું. તે ઉપરાત બીજાં ૧૦) ફીટની ઉંચાઇનાં પુતળાંઓ ઘણી સરસ કારીગરીનાં મુકેલાંછે. ત્રીજા ઓરડાને હૉલ ઓફ મ્યુઝીસ (Hall of the Muses) કરીને કહેછે, જેમાં નવ મ્યુઝીસોનાં પુતળાં ટીવોલીથી જમીનમાં બણતા મલ્યાં હતાં તે મુકેલાછે. એઓનાં નામો ધી મ્યુઝીસ ઓફ ટરેજેડી, કોંમીક, એશટરોનોમી, હીસટરી, મેમરી, લાઇરીક, એપીક, શોનગશ, અને મ્યુઝીકનાં કહેછે. તે સઘળાં એકથી એક સરસ હુનરનાં બનાવેલાંછે. તેનો પછીનાં હૉલને જનવરોનો હૉલ (Hall of Animals) કહેછે, જેમાં સઘળી જાતનાં જનવરોનાં પુતળાં તરેહ તરેહનો ગોઠવણીનાં મુકેલાંછે. એમાં એક આરસીમાં એક સીંહ એક ગોધાને મારેછે તેની ઘણી સરસ પેનટીંગ મોઝાઇક વરકમાં ચીતારેલીછે. એમાંથી ધી ગેલરી (The Gallery) કરીને ઓરડોછે ત્યાં અગલનાં મુરતીપુજકો મુડદાંને બાલી તેની રાખ વાસણોમાં મુકતા હતા જેને સીનીરેરી (Cinerary) કરી કહેછે તેમાંનું એક ઓરીયંટલ આલેબાશટરનું ઘણી સરસ બનાવટનું તથા મોટાં કદનું મુકેલુંછે, જેમાં જરમેનીકસ શહેનશાહની છોકરી લીવીલાની રાખ હતી એમ ધારેછે. તેની પાસે કાલા શેહેનશાહનાં હમામખાનામાંથી લાવેલો આલાબાશટરનો એકજ પથરનો ૧૦) ફીટ ઘેરાવાનો હમામ મુકેલોછે. એજ ઓરડામાં એગ્રીપાઇનીનું પુતળું

ઘણીજ સરસ બનાવતનું, અને તેનું કપરાનું ઓઢણ આબેહુબ જાણે પેહેરેલું હોય તેમ દીસેછે, જે આખે વેટીકનનાં સંગ્રહમાં સૌથી સરસમાંનું એક ગણાયછે. એ એક ઓરતનું પુતળું છે, અને ભુતકથા પ્રમાણે એને એના આશક ઠીશીઉસ નાકશોશનાં ટાપુપર પડતી મુકીને ચાલી ગયો હતો, તે વખતે નાશીપાએશ થઈને તે ભોંયપર પડી પડી ઊંઘી ગઇછે, પણ જાણે ચેનથી સુતી નહીં હોય તેવી રીતે એમાં દેખાડેલીછે, અને આંગ વાંકુંતીકું અને મોહોડાંપર વીચાર હોય તેવો દેખાવ ઘણો સરસ કીધેલોછે. (હમો એ બાબેની વીગતો લખીને બરાબર સમજાવી શકતા નથી પણ આપણે નજરે જોઇયે છીયે ત્યારેજ તેનો ખુબી માલમ પડેછે.) એની પાસેનો ઓરડો ધી ફર્સટ કેબીનેટ (The First Cabinet) કરી બોલખાયછે, તેમાં લેઓકુન અને તેનાં છોકરાઓને મોનેરવા દેવીનાં હોકમથી બે સાપો વીટળાઇને ચુરી નાંખેછે તે બનાવેલાછે, જેમાં એ લોકો જાણે ખરેખરા કચડાતા હોય તેમ તેઓનાં હાથપગ એંચાઇ જાયછે અને મોહોડાં જાણે હેબકથી ફીકાં મારી ગયાં હોય તેવાં લાગેછે. એની પાસે ધી સેકંડ કેબીનેટ (The Second Cabinet) વાલા ઓરડામાં સૌથી સરસ એપોલો બેલવેડીઅર (Apollo Belveder) નું પુતળું છે, જે એટલું તો વખણાયલું છે કે એ પુતળાંની કોઇ બીજું પુતળું હરીફાઇ ધરાવતું નથી, તથા વેટીકનનાં જેવાં સંગ્રહમાં પણ એ સૌથી સરસછે એમ કેહેવાયછે, અને આગલનાં સ્કલપચરનો સરસમાં સરસ દાખલા દાખલ હમણાં એ ગણાયછે. એ પુતળું નીરો શેહેનશાહનો મહેલ હતો તેની જમીનમાંથી દટાયલું ૧૫) મી સદીમાં પાયું હતું. તે જીવતું માણસ ઉભું હોય તેવું બનાવેલું અને આપણી સાથે જાણે હમણાં વાત કરે તેવું લાગેછે. એની પાસે ધી થર્ડ કેબીનેટ (The Third Cabinet) વાલા ઓરડામાં કેનોવા કરીને છેલો વખણાએલો ઇટલીનો સ્કલપટર થઇ ગયેછે તેનાં હાથનાં ત્રણ પુતળાંઓ મુકેલાંછે. જેમાં પરસ્યુરસ (Perseus) પોતાનાં હાથમાં ગોરગોન (Gorgon) નું ડોકું લઇને ઉભોછે, અને તેનો આસપાસ બીજાં બે પુતળાં હાથ મુકીથી લડાઈ કરનારાં (Boxers) હાથની મુઠી વાલીને લડતા તેમનાં ડંડ (Muscles) તથા પગનાં ટોટાં લડતી વખતે જેમ તણાયછે તેવાં બોલેહુબ પાડેલાં છે. એ પુતળાંઓ જોકે ઘણાં સરસછે, તોપણ એ ઓરડામાં એથી સરસ અજલ હતાં તે નેપોલીયન બોનાપાર્ટ જીંચકી ગયો હતો તેની બદલીમાં મુકેલાંછે તેથી તેનું નામ Consoler ધ્યાને મનમારીને સમજવાનો દીલાસો દેનાર કરીને પાડેલું છે. એની પાસનો ઓરડો ધી ફોર્થ કેબીનેટ (The Fourth Cabinet) કરીને છે. તેમાં સૌથી સરસ ધી મરકયુરી ઓફ ધી બેલવેડીઅર (The Mercury of the Belvedere) કરીને પુતળું છે જેની એવું સરસ બનાવેલું છે કે ઉપર જણાવેલા એપોલો બેલવેડીઅર (Apollo Belvedere)નાં પુતળાંની બરોબરી કરી શકેછે. એ પુતળું સને ૧૫૩૪ નાં શાલમાં એક દેવલ આગલની જમીનમાંથી પાયું હતું. એ પ્રમાણે ઘણાં બીજાં વખણાયલાં પુતળાંઓ હીંયાં જુદા જુદા ઓરડામાં મુકેલાંછે જેઓનો તારીફ લખ્યે તો ઘણું લંબાણ થઇ જાય પણ એટલું જ જણાવવું બસછે કે એ પુતળાંની ખુબી વાંચ્યા કરતાં નજરે જોયાથી માલમ પડેછે. એમાંથી હલકાંમાંનાં હલકાં પુતળાં જો મુંબઇમાં આવેતો તેની બરોબરી મુંબઇનાં કોમપણ પુતળાં કરી શકશે નહીં. એ પતળાંઓ જે એકઠાં કીધાંછે તે બધા-

ની કીમત જો ગણેતો કરોડો રૂપીયાની થઇ જાય, પણ તે કાંઇ કીમત આપીને વેચાતાં લીધેલાં નથી, લેકીન રોમ શહેરમાં જેખી બનેલાં હુન્નરકામ મલે તે સરકારી મીલકત ગણાયાથી, તેમજ પોપ અહીંનાં રાજા હોવાથી આવો મોટો સંગ્રહ ઘણું વરસો સુધી કરતા આવ્યાથી તે આજે આટલો વખણાયછે. બીજા બાનગી ગ્રહસ્થો જેઓ કરોડપતીછે તેઓને ત્યાંના હુન્નરકામનાં સંગ્રહ ઘણાખરા પઇસા આપીને વેચાતા લીધેલા હોવાથી આવો મોટો સંગ્રહ કરવાને અશકત હતા, પણ પોપ ધર્મગુરૂ હોવાથી તે જે માંગે તે કેથોલીક રઇયેત ખુશીથી આપે તેઓ પાસે આવો મોટો સંગ્રહ આટલા થોડા વખતમાં થયો તેની નવાઇ લાગતી નથી. એવા થોડાજ ઓરડાઓ લોકોને જોવા સારૂં ઓલા રાખેલાછે, પણ બીજા ઘણું ઓરડાઓ એવા હુન્નર કામથી ભરેલાછે તે લોકોને દેખાડતા નથી, અને તે સારૂં પોપની ઇયા તેનાં સેક્રેટરીની રજા લેવી પડેછે. બંધ ઓરડાઓમાં હમાએ બાહારથી તેનાં બારણાં કે જે લોખંડનો નકશીનાંછે તેમાંથી તેની ગેલેરીઓ જોઇ જેમાં પણ એવી એવી કારીગરી તથા દીવાલોપર તાંગેલા નકશાથી ઓરડાઓ ભરેલા દીસતા હતા. એ શીવાય એક આખી ગેલેરી ભરીને અસલનાં મુરતીપુજક તથા ક્રીશ્ચીઅનનાં ઘોરસ્થાનમાંથી લાવેલી તખ્તીઓ દીવાલોપર જડીછે, જે ૧૬,૦૦૦)ને આસરે એકઠી કરેલીછે. એક હૉલછે તેમાં બધી ટેપેસ્ત્રી કામ રફાયલ ચીતારાનાં પીકચરો ઉપરથી બનાવેલીછે. એ બાજુ નાચેનાં માળપર ઇજીપ્શીઅન મ્યુઝીયમછે તે પણ જોયું હતું, જયાં ઇજીપ્તથી લાવેલી મમીઝ તથા સારકોફેગઝ અને ઘોરોમાંથી મલેલી ચીજોનો સારો સંગ્રહ કરેલોછે, પણ તે ઇગ્લાંડનાં તથા બીજા યુરોપનાં મોટાં મયુઝીયમોને એ બાબે પુગી શકે નહીં.

એ સઘળું જોઇને એનીજ પાસે સેંટ પીટર્સનુ દુન્યામાં વખણાયલું દેવલ જોવા ગયા હતા. એ દેવલ આખા યુરોપમાં સૌથી મોટું કહેવાયછે. એનાં એનત્રન્સની સામે એક ઘણો મોટો ચોક ઘેરી લીધોછે જેની બાજુએ દેવલને અડતા અરધા ગોળ આકારમાં બેહુ બાજુપરથી ઓટલાઓ ઓલા થાંભળાઓ (Collonades) નાં બાંધેલાછે, તથા તેની વચમેનાં ચોકમાં ફુંવારા કીધેલાછે તેથી તે ઘણો ભપકાદાર અને સોભઇતો લાગેછે. એ કોલોનેડની જગ્યા ૭૯૪ થી ૭૫૪ ફીટનીછે, અને તેનો વચમાં જે મેદાનછે તે ૯૧૩ થી ૭૫૪ ફીટ તથા અને તેની બાંમેનો બાલ્લો ચોક ૨૬૬ થી ૨૨૫ ફીટનોછે. તે જો બાથે લઇયે તો ઘણો મોટો ચોક થાયછે. એ કોલોનેડ ચાર થાંભળાની હારનો બાંધેલોછે. એને સને ૧૬૫૫-૬૭ સુધીમાં પોપ એલેકઝાનડર સાતમાંએ બંધાવ્યો હતો. તેની પોહોળાઇ ૫૨) ફીટની અને એકેકા કોલોનેડમાં ૧૪૨) થાંભળા કીધેલાછે. તેઓ દરેક ૪૨।। ફીટ ઉંચા અને કોલોનેડની બંધી ઉંચાઇ પણા ફીટનીછે તથા તેનો ઉપર મોટાં ૧૦)ફીટના કદનાં ૨૩૬) પુતળાં મેંત્સ તથા પાદરીઓનાં મુકેલાંછે. એ કોલોનેડમો ડાખી બાજુથી સેંટ પીટર્સનાં દેવલ સાથે અને જમણી બાજુથી એ દેવલ ઉપરાંત વેટીકનનાં મેહેલ સાથે મોટી ગેલેરીથી જોડાયલોછે, જે દરેક ૨૩૮ ફીટ લાંબી અને ૧૭।। ફીટ પોહોળીછે. દેવલનાં આગલા ભાગ (Facade) પર ચહડતાં મોટી સીડી આવેછે તેઓના છેડાપર સેંટપોલ અને સેંટ પીટરનાં ગંજાવર પુતળાં મુકેલાંછે. એ સેંટ પીટરનાં દેવલની જગ્યા પર આગલ સેંટ પીટર કરીને ક્રાઇસ્ટની પછી તેનો બલીફ્રો હતો તેને ક્રાઇસ્ટની બાકુજ શેહેનશાહ નીરોનાં હોકમથી ક્રાસપર બીલા થોકીને પણ ઉંધો

કરીને મારી નાંખ્યો હતો તેની યાદગારી-માં એ દેવલ બાંધેલું છે. એ સેંટ પીટરનાં હસ્તકમાં ક્રાઇસ્ટે બેહેસ્તની કુંચી આપી હતી તેથી તેની પછીનાં ખલીફા જે પોપ કહેવાયછે તેઓ તેની વતી આખે દુન્યા-નાં લોકોને બેહેસ્તમાં જવાની છુટી આપેછે, તેથી એને માન ઘણું મલેછે અને એ લોકોનો કરેશટ પણ કુંચીનો છે. એ દેવલ અસલ ઘણું નાધણું સેંટ પીટરને જ્યાં દાટેલો હતો તે જગ્યાપર સને ૧૦૬ નાં શાલમાં સેંટ એનેકલી-શીઅસ કરીને રોમનો પાંચમો બીશપ થઇ ગયોછે તેને બંધાવ્યું હતું. તે સને ૩૨૪ નાં શાલમાં પોપ શીલવેસ્ટરે શેહેન-શાહ કોનશ્ટેનટાઇનને સમજાવ્યાથી તેને બેશીલીકા (ઇયાને મોટું દેવલ) બંધાવી આપયો હતો. એ શેહેનશાહ રોમનાં શે-હેનશાહોમાંથી પેહેલો ક્રીશ્ચીઅન થયો હતો. ત્યારપછી એ દેવલ ૧૫) મી સદી-માં પડી જાય તેવું થવાથી નવેસરથી બાં-ધવા સારૂં એનાં ડીઝાઇન કીધા, અને તેનું કામ એક કારીગર ચલાવે અને તે મરી જાય ત્યારે બીજો તેની જગ્યાપર આવે તે પોતાને મન ગમતી ડીઝાઇન લે તેમ ફેરફાર ઘણાં વરસો સુધી થયો, તથા કોઇ કોઇ વખતે પોપ મરણ પામવાથી અટકતું ચાલે. એ મુજબ પોપ પોલ ત્રીજા-એ સને ૧૫૩૪–૫૦ માં પાછું કામ ચાલુ કરાવ્યું, અને માઇકલ એનજીલો કરીને દુન્યામાં સ્કલંપટર, પેનટર તથા આરકી-ટેકટ દાખલ વખણાઇ ગયોછે તેને તેની ૭૨) વરસની ઉંમરે તેડાવીને એ કામ સોંપ્યું, જેણે એનો ડીઝાઇન ફેરફાર કરીને નવો પલાન પંદર દીવસમાં તયાર કરી આપયો, અને એની દેખરેખ હેઠળ કામ ચાલ્યું તે છેક એ ૯૦) વરસની ઉંમરે મરણ પામ્યો ત્યાં સુધીમાં ગુંબજ તયાર થવા આવ્યો હતો. એ ગુંબજનો ડીઝાઇન તેને એવો કીધો હતો કે કોઇ ગુંબજ તેની મોટાઇ બરોબરી કરી શકે નહીં. એનાં મરણ પછી બીજા ઇજને-રોને કામ સોંપયું જેઓને પૈસા ખુટી પડવાથી કામ આમતે આમતે ચલાવવાની ફરજ પડી હતી, પણ પોપ પાંચમો સી-કશટશ જ્યારે સને ૧૫૮૫ માં તખ્ત ઉ-પર આવ્યો ત્યારે એનું કામ પાછું ધ-મધીકાર ચલાવવા માંડયું, અને દરશાલ ૧,૦૦,૦૦૦) સોનાનાં ક્રાઉંન એને સારૂં ખરચનાં જુદા કરતો ગયો, તથા ૬૦૦) માણુસો એની ઉપર રાત દીવસ કામે લ-ગાડીને ૨૨) માસમાં એ દેવલ પુરૂં કરયું; પણ ગુંબજપર જે ફાનસછે તે તથા ગું-બજની બાહારનો ભાગ અને અંદરનાં ભાગમાં બીજાઇક કામ તથા તે પરનો દડો અને ક્રાસ પાછલથી સને ૧૫૯૩ માં તયાર થયાં હતાં. એ ગુંબજમાં ૩૦,૦૦૦) રતલ તો ફકત લોખંડ વાપરવામાં આવે-લું છે. એના આગલા ભાગ પછી કોલો-નેડ્રસ ઇત્યાદી બનાવવાનું કામ ચાલું રહેતાં તે છેક સને ૧૭૮૪ માં તયાર થયો હતો. એ મુજબ ગણતાં એ દેવલ-નો પાયો સને ૧૪૫૦ માં નખાયો ત્યાર-થી તે એ દેવલ ઇજાયું ત્યાંસુધી (સને ૧૬૨૬ માં) એ બાંધવાપર ૧૭૬) વરસ લાગાં હતાં, અને તેટલા વખતમાં ૨૮) પોપસ રાજ કરી ગયા, તથા ૧૫) ઇજનેરો તે બાંધતાં એક પછી એક મરણ પામયા હતા અને કોલોનેડ્રસ સુ-ધી તયાર થતાં બધાં મલીને પેહેલેથી છેલે સુધી ૩૩૪) વરસ લાગ્યાં! એની ઉપર ખરચ શું થયો હશે તે કોઇ કહી શકતું નથી, પણ એક આરકીટેકટ કારલો ફોનટેનાએ સતરમી સદીમાં એ બંધાઇને ઇજાયું ત્યારે ગણતી કીધી હતી. તે મુજબ તે વરસ ઇયાને ૧૬૨૬ સુધીમાં એ દેવલ ઉપર દશ કરોડ રૂપીયા (૪,૬૮,૦૦,૪૯૮ રોમન ઇશકુડી) થયો જોઇયે એમ ધારતો હતો, પણ ત્યારપછી બીજો કેટલો થયો હશે

તેની ગણત્રી કોઇએ કીધી નથી. એની મરામત પાછલ હાલ દરશાલ રૂપીયા ૬૩,૦૦૦ ખરચવા પડેછે એટલું મોટું એ છે. એનો આગલો ભાગ ૩૭૨)ફીટ પોહોળો અને ૧૫૪ ફીટ ઊંચોછે. એનાં ૮) મોટા થાંભળાછે દરેક ૯૩) ફીટ ઊંચા અને ૯)ફીટ પરીધમાંછે. એનાં (ઓતલા) Facade નાં મથાળાં પર ૧૯) ફીટ ઊંચાં ૧૩) પુતળાંછે, તેઓમાં ક્રાઇસ્ટ અને તેનાં ૧૨) ચેલા પાડેલાછે. એની બાજુપર બીજા આરકટરા ઓટલા જેવું કીધેલું છે, જેનાં છેડાઓપર બે મોટાં ગંજાવર પુતળાં શહેનશાહ કોનસ્ટેનટાઇન અને શારલિમેનનાં ઘોડા પર મુકેલાંછે. તેઓની વચમેની એ ફ્રેમેદ સુધાં ગણતાં એ દેવલની પોહોળાઇ ૪૬૬) ફીટનીછે, અને માંહેનો વીસ્તાર અંદરનાં બારણાંથી તે છેક પાછલનાં ભાગ સુધી ૬૧૯) ફીટ લાંબો અને ૪૪૯) ફીટ પોહોળાઇમાંછે. એ ભાગ જાણે એક મોટું દીવાનખાનું હોય તેમ લાગેછે તથા તેની ઊંચાઇ ૧૫૩) ફીટછે. એનાં ગુંબજની ઊંચાઇ ક્રાસ સુધાંની ૪૩૦) ફીટ અને ગુંબજની માહેલી પરીધ ૧૪૧।। ફીટનીછે. એ દેવલમાં અંદર તથા બાહાર મલીને ૭૫૬) થાંભળા (કોલોનેડ સુધા)છે, તેમાં અંદરનાં ભાગમાં ૨૪૫) આવેલાછે, જેનો મોટો ભાગ અસલનાં રોમ શહેરનાં ઇમારતોમાનો લાવેલોછે. સને ૧૮૨૮ માં બધા મલીને ૩૮૯) પુતળાં એમાં હતાં, જેમાં ૪૦) ધાતુનાં, ૯૬) સંગેમરમરનાં તથા બીજા બાકીનાં ત્રાવરટાઇન અને સ્ટકો વરકનાં હતાં. ત્યારપછી બીજાં ૬) ગંજાવર પુતળા મરમરનાં વધ્યાછે, એમાં ૪૬) ઓલટરછે અને ૧૨૧) દીવાનાં ફાનમોછે, જેમાનો મોટો ભાગ જાયુક સલગાવેલો રહેછે. એમાં સઘળા મલીને ૧૩૨) પોપ દટાયલાછે. એ માંહે જવાનાં પાંચ મોટા બ્રાંઝનાં બારણાંછે તેમાંનું એક ચીની લીધેલું છે અને તે ઉપર ક્રાસ મુકેલોછે. એને પવીત્ર બારણું (Porta Santa) કહેછે, જે દર ૨૫) વરસે જુબીલીનો મોટો તેહેવાર કરેછે, ત્યારેજ ઉઘાડેછે, જ્યારે પોપ પોતાને હાથે પેહેલાં રૂપાંની હથોડી તે ચીની લીધેલાં ક્રાસ પર મારેછે. એથી છેલી જુબીલી સને ૧૮૨૫ માં થઇ હતી. ત્યારપછી સને ૧૮૫૦ માં એ ઉઘાડવાનો વખત આવ્યો પણ તે વખતે પોપ રોમમાંથી નાસી ગયલો હતો. તેથી તહેવાર કીધો નહતો. ત્યારપછી ૧૮૭૫ માં તે દીવસ પાછો આવ્યો ત્યારે પોપનાં હાથમાંથી રોમનું રાજ જતું રહેલું હતું તેથી તે વેટીકનનાં મેહેલમાં બંદોબાનછે કરીને પડી રહયો, અને બાહાર નહીં નીકળ્યો તેથી ઉઘાડયું ન હતું, અને હજુ પણ તેમજ બંધ પડેલુંછે. એ બારણું જુબીલીમાં ઉઘાડેછે ત્યારે બીજાં બારણાં બંધ કરેછે અને એમાંથીજ લોકો તેટલા દીવસો આવજાવ કરેછે. બારણાંમાંથી અંદર પેહા કે અંદરનો ભાગ આપણે જોઇને ખુશી થઇ જઇએ છીયે, જ્યાં નજર કરયે ત્યાં ઊંચી જાતનાં કીમતી પથરોનું તથા ઝીણું મોઝાઇક કામો નજરે પડેછે. એનો દેખાવ જો કે ઘણો ગંજાવર લાગેછે ; તોપણ એની પોહોળાઇ તથા ઊંચાઇ તેવીજ ગંજાવર હોવાથી તે જેટલો મોટો લાગવો જોઇયે તેટલો દીસતો નથી. પેહેલાં એનત્રન્સની બાજુપર પાક્ષ પાણી રાખવાનાં વાસણો બચાંઓનાં પુતળાં બનાવીને તેઓનાં હાથમાં આપેલાંછે, જે દુરથી જોઇયેછે તો નાધળાં લાગેછે ; પણ નજદીક ગયા કે ઘણાં મોટા વીસ્તારનાં માલમ પડેછે. એક છેડે બારણાં આગલ હમેને ઉભા રાખીને હમારા મોમાંઆએ અંદરનો ભાગ જોવાને કહયો પણ તે ઘણો પ્રમાણમાં બાંધેલો હોવાથી જેટલો મોટો દીસવો જોઇયે તેટલો લાગતો નથી. એ દેવલ યુરોપનાં મોટાં વખણાયલાં દેવલો કરતાં

નીચે મુજબ માપ છે, જે એની ફરસપર જેટલો તે દેવલનો વીસ્તારછે તેટલી ભરી ને ત્યાં એકેકો તારો પાડી ત્યાં તેનાં નામ તથા કેટલું નાપણુંછે તે કોતરેલું છે. સેંટ પીટર ૬૧૯) ફીટ, લંડનનું સેંટ પોલ ૫૧૬।।। ફીટ, ફ્લોરેન્સનું કેથીડ્રલ ૪૯૫) ફીટ, મીલનનુ કેથીડ્રલ ૪૪૮), સેંટ પેટરોનીઆ કરીને બોલોનામાંછે તે ૪૪૦), સેંટ પોલ નામનું રોમમાં બીજું કેથીડ્રલછે તે ૪૨૩), અને કોનસ્ટેનટીનોપલમાં સેંટ સોફાયા, (જે અસલ દેવલ હતું પણ હાલ મસજીદ કીધીછે) તે ૩૬૪ ફીટ લંબાઇમાંછે. આગલ ચાલતાં હમોને થાંભળાઓપર, દીવાલોપર, તથા ગોખલાઓમાં પુતળાંઓ દીસતાં હતાં, તથા દીવાલ અને જમીન સઘળું સંગેમરમરનાં રંગીન પથરોનું સાફ ઘસેલું હતું. આગલ ચાલતાં જમણાં હાથપર એ દેવલનાં સેંટ પીટરનું વખણાયલું બ્રાંઝ ધાતુનું પુતળું મુકેલું છે, જેનો એક પગ જરા બાહારથી રાખેલોછે, જેનાપર પુજનારાઓએ ચુમી એટલી તો લીધેલીછે કે પગનાં આંગલાંઓનાં બાંચા સઘળા ઘસાઇ જઇને સાફ થઇ ગયાછે, અને વળી બીજો પગ જે જરા અંદરથીછે, તેને ચુમી જે ઊંચા કદનાં માણસો હોય તેનેથીજ લેવાય તે પગ પણ થોડો ઘણો ઘસાઇ ગયોછે; કાંઇ અબજો ચુમીઓ વરસોનાં વરસ થયાં એ પુતળાંપર લેવાતી આવેછે! એનાં મથાળાંપર દીવાલમાં બહીંયાંનો છેલો પોપ નવમા પાયસની સાખી ઘણી સરસ મોઝાઇકમાં બનાવેલીછે. એને એટલું માન બીજા પોપો કરતાં વધતું આપવાનું કારણકે જેટલા પોપ,સેંટ પીટર સુધાં થઇ ગયાછે તે સઘળા કરતાં એણે વધતાં વરસ રાજ કીધું હતું. પાદરીઓની સઘળી પદવીઓ મેળવી રહીને છેલ્લાં કારડીનલ થાયછે તે કારડીનલમાં જે ઘણોજ પઢેલો હોયછે તેને "પોપ"નો જગોપર ચુંટી કાહાડેછે, તેથી પોપ જાનેજ ઘણું બુધા હોયછે અને ઘણું વરસ એ હોદ્દો ભોગવી શકતા નથી. એ પુતળું છોડીને એ દેવલનાં ગુંબજનાં હેઠળનાં ભાગપર આવ્યે છીયે, તે ગુંબજ દેખાયતો ૪૩૩) ફીટ ઊંચો અને તે પર સઘળો મોઝાઇક કામથી સજીઓ ઘણી સરસ ચીતારેલીછે. ગુંબજની હેઠળની દીવાલપર ચારે બાજુ ચાર મોઝાઇકનાં મેડાલીઅનો એ ધરમનાં ઇવેનજેલીસ્ટો (ક્રાઇસ્ટનાં ચેલા) માથ્યુ માર્ક, લ્યુક, અને જોનનાં ૨૮) ફીટની ઊંચાઇમાં બનાવેલાંછે. એની હેઠળ મોટો ઓલટર આવેલોછે, તેનાં છતરનાં થાંભળા પાન્થ્યનમાંથી પોપ આઠમા અરબેને તેનાં પોરટીકોમાંનું બ્રાંનજ ધાતુ ઝારી લાવીને બનાવ્યા હતા. તે ગોળ વળનાં બનાવેલાંછે અને એકેકો થાંભળો ૬૫।। ફીટ ઊંચો તથા મોટી જાદાઇનોછે. તેમાં ૧,૧૬,૩૯૨) રતલ ધાતુ વપરાઇ હતી, અને તેપર ફકત ઘોળ ચઢાવવા પાછલ ૮૫,૦૦૦) રૂપીયા બેઠા હતા. એ હાઇ ઓલટરની માંબે રંગીન સંગેમરમરનાં કટેરા ભરી લઇને તેની હેઠળ ૧૦) ફીટ સુધી ઉતરવાની સીડી એવાજ પથરોની કીધીછે, અને તે પરથી થઇને તે ઓલટર નીચે જયાં સેંટ પીટરનાં મુડદાંનો થોડોક ભાગ દાટેલોછે ત્યાં જવાયછે. એ ઘેરી લીધેલો ભાગ એવો તો સરસ અને રંગીન તથા કીમતી સંગેમરમર અને બીજા એવા પથરોનો બનાવેલોછે કે હમો તેની તારીફ કરી શકતા નથી. એ સીડીઓની વચમાં અને પેલી ઘેરની માંબે પોપ છઠા પાયસનું મોટું સંગેમરમરનાં સફેદ પથરનું પુતળું ગુંઢણુમંડીએ બંદગી કરતો હોય તેમ મુકેલુંછે. જયાં સેંટ પીટરનાં મુડદાંનો ભાગ દાટેલોછે તેની ઉપર ક્રાસ પાડેલોછે, અને તેની ઉપર સોનાની પેટી બનાવી મુકીછે, તેમાં ક્રાઇસ્ટને મારયો તે

ક્રાસનું લાકડું મુકેલું છે, તથા એ કુવા રોકી જગ્યા જેને ધી કોનફેશનલ ઓફ સેંટ પીટર કરી કહેછે તેની આસપાસ સોનેરી ઘોળનાં ૯૯) ફાનસો આખી રાત તથા દીવસ બળ્યા કરેછે. એ હાઇ ઓલટરની પાછલ બીજું દીવાનખાનું આવેછે તેમાં સેંજનાં ૧૬) ફીટ મોટાં પુતળાં ગોખલાઓમાં ૧૧) ફીટ ઉંચાં પેડેસ્ટલોપર નંગ ૪) મુકેલાંછે. એ દીવાનખાનું મુકયા પછી બીજો ઓલટર આવેછે. (પેહેલો ઓલટર જે હમાએ આગલ લખ્યોછે ત્યાં પોપ પોતેજ ભણેછે બીજો કોઇ ભણી શકતો નથી તેથી તેને પોપનો ઓલટર પણ કહેછે.) એ જગ્યાને ટરીબ્યુન (Tribune) કરી કહેછે. ત્યાં સેંટ પીટરની ખુરશી (એ ખુરશી જેમ એક રાજો કલાણાં રાજનાં તખ્ત ઉપર બેઠો તેમ પોપને સેંટ પીટરની ખુરસી ઉપર બેઠા કરી કહેછે) મુકેલીછે, જેને ચાર ૧૭॥ ફીટ મોટાં પુતળાંઓએ ઉંચકી રાખેલીછે, જે પુતળાં દેવલોનાં મુખ્યાઓ સેંટ ઓગસ્ટીન, એમબ્રોઝ, ક્રોસોસ્ટમ અને એનેડેશીઅશનાંછે. એની ઉપર જાણે આસમાન બનાવ્યું હોય તેમ બ્રાંઝને રંગીને ગંજવર કદનું સઘળું ગોઠવેલું, અને તેમાંથી સુરજનાં કીરણો પડતાં હોય તેવું કોતરેલું છે. એ કીરણોના રઝાલ હવેલાઓનાં ભારવટીયા જેવી મોટીછે, અને તેને માથે કાચની બારીમાં એક કબુતર (જેને એ લોકો હોલીગોસ્ટ યાને પાક રૂહ કહેછે) પાડેલું છે. એ કોતરકામને ક્રોશચીઅનો ધી ગ્લોરી (The Glory)ને નામે ઓલખેછે, અને તે સઘળું બ્રાંઝપર સોનાનો ઘોળ કરીને બનાવેલું છે. તેમાં ૨,૧૯,૧૬૧) રતલ ધાતુ ખપીછે, અને બરનીની (Bernini) નામનાં મોટા ઉસ્તાદે બનાવ્યું હતું. એ ટરીબ્યુન વાલા ભાગની દીવાલમાં તથા બીજી બધી ગમ ફરતી દીવાલોમાં મોટા ગોખલા કરીને હીંયાંનાં દટાયલા કેટલાક પોપોનાં ગંજવર કીરતીસ્તંભ મુકેલાંછે, જેઓ ઘણી કારીગીરીનાં અને દરેકની કીમત લખોની થઇછે. એ ઉપરાંત દેવાલોપર અસલ ઉસ્તાદોનાં હાથનાં ગંજવર કદનાં એ લોકોનાં ધરમને લગતાં ઓઇલપેનટીંગસ હતાં તેની કોપી મોઝાઇક વરકશમાં કરાવીને તે તસવીરો કાહાડીને તેની જગ્યાપર મુકેલાંછે તે ઘણું જોવા લાયકનાંછે, અને તે દરેકપર લાખ લાખ ફ્રાંક બેઠા હશે. એ મોઝાઇક કારીગરી પોપ પોતાનાં કારખાનાં રાખીને બનાવેછે, અને તેમાં ૩૦,૦૦૦)જાતનાં જુદાં જુદાં "સેડસ" તથા રંગોનાં પથરો વાપરેછે. પોપસનાં કીરતી સ્તંભોમાં સાતમાં એલેકઝનડરનું સૌથી સરસછે. તેમાં એને મથાળે આદમ કદનું પુતળું બનાવી બેસાડેલીછે, અને તેની આસપાસ સચાઇ, આશા, એકીન અને ધરમ (Truth, Hope, Faith & Charity) નાં પુતળાં કોધેલાંછે. તેઓનાં ઓળાપર કપડું ધાંકેલું હોય તેવો પડદો લાલ પથરનો કરી તેની હેઠળ જમનું પુતળું ભરાયલું પાડેલું છે, જે પેલો પડદો ઉંચકી પોતાનો હાથ બાહાર કાહાડીને તેમાં રેતીનું ઘડીયાળ ખાલી થયલું પેલા પોપનાં પુતળાંને બતાવીને જાણે જણાવેછે કે હવે તમારો વખત પુરો થયોછે. એ સઘળું ઘણી સરસ કારીગીરીનું બનાવેલું છે, અને તેની કીમત બેથી ત્રણ લાખ રૂપીયા ઉપરની હશે એમ કહેછે. એ કીરતી આકૃતીઓ પોપસ પોતાને ખરચે મુકાવેછે. એ પ્રમાણે જોતા દેવલની ડાબી બાજુપર ગયા ત્યાં એક બાજુ બારણાને મથાળે એક મોટી મયતપેટી જેવો ચીતાર પાડી તેપર કરોશ ચીતારેલોછે. એ જગ્યાની દીવાલમાં બાંધો કોધેલોછે તેમાં જે પોપ મરેછે તેનું મુડદું પેહેલાં મુકી રાખેછે, અને જયારે તેની પછીનો પોપ મરેછે ત્યારે પહેલાનું મુડદું કાહાડીને તેને દાટેછે, અને પછી મરણ પામેલા

પોપને તેની પેઠી સુધાં હીંયાં મુકી રાખેછે. એ પ્રમાણે એ જગ્યા હમેશાં એક પોપનાં મુડદાયા ભરેલી રહેછે. હમણાં છેલો પોપ મરી ગયો ત્યારે તેનું મુરદું હીંયાં મુકયું હતું; પણ તેને પોતાની મરજી એવી જણાવી હતી કે મને ઘટે તેથી એનું મુરદું હમણાં થોડુંક થયુંજ ત્યાંથી કાહાડીને ઘાટયું છે, અને એ જગ્યા પેહેલ વેહેલી ખાલી પડીછે. જયારે હમણાંનો પોપ તેરમો લીઓ મરશે ત્યારે તેનું મુડદું તેમાં રાખી મુકશે. એ દેવલમાં બીજાં બાન્યુમેનત્સ (પ્રેરતી આકૃતી) છે, તેમાં આપણું ઈંગ્લાંડ દેશનાં પદભ્રષ્ટ રાજા બીજો જેમ્સ તથા તેનો છોકરો તથા છોકરાનો છોકરો જેઓ પ્રેટિનડરસ (Pretenders) ને નામે ઓલખાતા હતા તેઓને ત્યાં ઘાટી તેમના બનાવેલાંછે, તથા બીજા જેમસની રાંણીને દીવાલનો અંદર એક ગોખલામાં સારકોફેગસ બનાવી તેમાં મુકેલીછે (ઓરત લોકોને એ દેવલમાં ઘાટવાનો હુકમ નથી તેથી તેને દીવાલમાં ઘાટેલીછે). એ પદભ્રષ્ટ રાજા જેમસે વેલાયતમાં કેથોલીક ધરમ પાછો સજીવન કરવા માડયો, એટલે તેને રૈયતે ગાદીપરથી ઉઠાડી મુકી ત્રીજા વીલીયમને રાજ આપયું હતું તેથી પોપે તેનાં મુડદાંને આટલું માન આપવા ઉપરાંત તેની બૈરીને પણ અહીંયાં ઘાટવા દીધીછે. એ ઓરત ઉપરાંત સ્વીડન શેહેરનો રાંણી અને ક્રાંઉનટેશ મેટીલડા કરીને બીજી બે ઓરતોને અહીંયાં એજ મુજબ દીવાલોમાં પેટીઓ સાથે ઘટેલાંછે. એ છેલી ઓરતોએ પોતાની મોટી પુંજી પોપસને ધરમખાતે આપી દેવાથી તેઓનાં મુડદાંઓને પણ હીંયા ઘાટી માન આપ્યું હતું.

એ જોઇને પછી ધી પાઝેઝા નાવોના (The Piazza Navona) માં આવેલો એક ઘણોજ સરસ ફુંવારો જે અહીંયાં ધી ગ્રાંડ ફાઉનટન ઓફ બરનીની (The Grand fountain of Bernini) નામે ઓલખાયછે તે જોયો હતો. એ સને ૧૬૪૪—૪૫ સુંમીમાં પોપ દસમાં ઇનોસંટ વાસતે તે વખતનાં વખણાયલા આરકીટેકટ બરનીની (Bernini) એ બાંધ્યો હતો. એ ૭૩) ફીટ પોલાણમાંછે અને તેની વચમાં રોક વરક (ખડક ઉગાડેલા) ઘણોજ સરસ જાણે કુદરતી હોય તેવોજ કીધેલોછે, અને તેની ચાર બાજુ ચાર ગંજાવર પુતળાં દુન્યાની તે વખતની વખણાયલી નદીઓ ડેન્યુબ, ગેનજીશ, નાઇલ, અને રાએઓ ડે લા પલાટા યુરોપ, એશીઆ, આફ્રીકા, અને અમેરીકા ખંડોમાં આવેલી દર્શાવીછે; તથા પેલા રોક વરક જે ગોફાનાં આકારનોછે તેમાંથી સીંહ જનવર ડોકું બાહાર કાહાડીને પાણી પીતો ઉભો કીધોછે. એ ફુંવારાનાં મથાળાંપર એક ઓબેલીશક અશલ રોમ્યુલનાં સર્કસમાં હતો તે લાવી ઉભો કીધેલોછે. એ ફુંવારો ઉપલી ગોઠવણીથી ઘણોજ સરસ લાગેછે. પેલાં ચાર પુતળાંનાં પગની હેઠળથી ચાર બાજુએ પાણી જાયછે.

તા૦ ૨૦ મી અકટોબર ૧૮૮૧—આજે સવારનાં કેપુસીન મનકશોને લગતુ સેંટ મેરાઆ ડેલા કોનસેત્સ્યોને (Saint Maria della Concezione) નું દેવલ જોવા ગયા હતા. એ દેવલ સને ૧૬૨૪માં બાંધ્યું હતું જે બીજાં દેવલો સાથે સરખાવતાં ઘણું સાદું છે, પણ એમાં દશ ચેપલોછે તેમાં તસ્વીરો ઘણી સારીછે. તેઓમાં ઘણાં સરસમાં ગાઇડોરેનીનું રેશમી કપડાંપર પાડેલું ફરેસ્કો માઇકલ સેતાનને દાબી રાખેછે તે, તથા જીરારડી રેનોડીનું પાડેલું ક્રાઇસ્ટને કાંટાનું તાજ પેહેરાવેછે તે છે. એ જોઇને એ દેવલની હેઠળ એને લગતા કેપુસીન મોનકસોની વોલટ છે તે જોવા ગયા હતા. એ જગ્યાપર છુટા છુટા ઓરડાઓમાં એ મોનકસો મરણ પામેલાનો પેહેલાં જેરૂશલમથી

બાંધેલી મોટાડીમાં દટિછે, અને પાંચ વરસ પછી તેનાં હાડકાં કાઢાડીને દીવાલપર અભરાઇ કીધેલીછે ત્યાં પેરીશનાં કેટેકોમ્બની માફક ગોઠવેછે. તેમાં પગનાં મોટાં હાડકાં તથા ડોકાને ગોઠવીને ક્રાસ કીધાછે, પણ ઝીણાં નાધળાં હાડકાંઓની ઘણી ઘણી જાતની આકરતી છત, દીવાલ, થાંભળા ઇત્યાદી સધળી જગ્યાપર મરસ કારીગીરીની ગોઠવણીથી કીધેલીછે, તથા જેનાં હાડકાં આખાં વગર છુટેલાં નીકલે તેને મંકસનો પોશાક પેહરાવીને ગોખલામાં સુવાડેલાંછે. હાલ દશ બાર વરશ થયાં દેવલોમાં દાટવાનું બંધ કીધાથી એમાં હવે નવા મંકસ દટાતા નથી.

એ જોઇને પછી સેંટ મરાયા ડેલી એનજેલી (St. Maria Deyli Angeli) નું દેવલ જોવા ગયા હતા. એ કારથુઝીશીએન મંકસને લગતું દેવલ હતું. એ દેવલ સારી રીતે શીંગારેલુંછે. તેની જમીન રંગીન પથરોનો મોટી તરાંહની તથા એમાં સારી બનાવતનાં પુતળાં મુકેલાંછે. તેમાં એ કારથુઝીએન મંકસનો ટોલો સ્થાપનાર સેંટ બ્રુનો (St. Bruno) નું ઘણું મોટુંછે. એ દેવલનાં અંદરનાં ભાગમાં Transept (જ્યાં ઓલટર મુકેછે તે જગ્યા) છે તે ૩૦૦) ફીટ લાંબી, ૮૭) ફીટ પોહોળી, અને ૯૦) ફીટ ઊંચીછે. તે ૪૦) ફીટનાં ઊંચા ૧૬) થાંભા ઉપર બાંધેલીછે. તેમાંનાં ૮) થાંભળા અસલનાં વખતનાં ઓરીયંટલ ગ્રાનીટનાંછે, પણ સૌથી મરસ તો સેંટ પીટરનાં દેવલમાં અસલ જે ઓઇલપેનટીંગ્સ હતાં તે કાહાડીને તેને બદલે તેની નકલ મોઝાઇક કામમાં કરી તે અસલ હઇમાં લાવી મુકેલાછે તે જોવા લાયકછે. તેમાં વળી નવાઈ જેવું એછે જે પેલાં ઓઇલપેનટીંગ્સ સાથે સેંટ પીટર્સનાં દેવલમાં દીવાલ પર "ફ્રેસ્કોઝ"ના ચીતારો હતા તે પણ તેની પાછલથી ત્રણ ફીટ દીવાલ ખણી લાવીને હીંયાં ગોઠવ્યાંછે. જેમાંનું એકને જાવતાં ત્રણ ટુકડા થઇ જવાથી તેને વલગાવીને મુકયું; પણ બીજું તેની પછી પાંચ ફીટ ઊંડી દીવાલ ખણીને લાવ્યા તે આખું આવ્યું હતું. એ છેલાં પર કાહાડીને લાવવાને તથા પાછો બેસાડવાનો ખરચ ફકત ૭૫,૦૦૦) ફ્રાંક થયો હતો. એ ઉપરાંત એક બીજું પીકચર સ્લેટપર પાડેલું અહીંયાં લાવવા માટે ઉખેડતાંજ ભાગી ગયું હતું તેને સમારીને પાછું મુકયુંછે; તેથી તેનાં જેવું બીજું એક પીકચર સ્લેટપર પાડેલું જે ઘણુંજ મરસ કેહેવાયછે તે ઉખેડવા દીધું નહીં અને સેંટ પીટર્સનાંજ દેવલમાં રેહેવા દીધુંછે. (તે એકજ ઓઇલપેનટીંગ શીવાય સેંટ પીટરનાં દેવલમાં બીજું કશું ઓઇલ પેનટીંગ નથી પણ બધી ગમ મોઝાઇક વરકનાં પીકચરો તથા તરાંહ પાડેલીછે. તે ઉપરથી સેંટ પીટરમાં જેટલો મોઝાઇક વરકછે તેટલો બીજે કેઇ આખા યુરોપમાં નથી.) એ સેંટ એનજેલોનાં દેવલનો એલટરછે તેની જમીન ઘણાં ઊંચા ઇજીપશીએન મરમરની, તથા એલટર પુઢ કેલીફ્રારનીઆનાં આલેબાસ્ટરનો બનાવેલોછે. એનાં ત્રાંનસેપ્ટમાં અહીંયાંનાં કેાઇ મહંતે મુરજનાં છાયડાથી ચાલનારાં ઘડીયાલ(સનડાએલ)બનાવીઆંછે. જે માટે દીવાલમાં છેક મથાળેથી એક ઝીણું છેદ કીધુંછે, જેમાંથી મુરજનાં કીરણ બરોબર બપોરનાં બાર વાગતે એક લાંબી લીટી જમીન ઉપર દોરેલીછે તે પર પડેછે. એ પ્રમાણે છેક ઉપરનો બાજુપરથી કીરણ પડતાં પડતાં છ મહીનામાં છેક નીચે લીટીની હેડ સુધી જાયછે અને પછી પાછાં ઉપર ચહડતાં આવેછે અને છ મહીને મથાળાંપર તે કીરણનો ગોળાકાર પડેછે. તે ઉપરાંત જ્યોતીષશાસ્ત્રમાં એ "મંક" (મહંત) ઘણો હુશીયાર હોવાથી જમીન ઉપર બધે એને લગતાં ગોળાકારો ગણતરીઓનાં પાડેલાંછે તે ઉપરથી આસમાનની ચાલની ગણતરી માલમ પડેછે.

એ જોઇને પછી સેંટ મરાયા મેજોરી (Saint Maria Maggoire)નું દેવલ જોવા ગયા હતા. એ દેવલ અતરેનાં પાંચ મોટાં દેવલો જેને બાસીલીકા (Basilica) કરી કહેછે તેમાંનું એકછે, અને ઘણું મોટું બાંધેલુંછે, તથા આખા રોમમાં શું પણ આખી દુન્યાનાં ક્રીસ્ચીઅન દેવલોમાં જુનું કહેવાયછે. એમાં પણ સેંટ પીટરનાં દેવલની માફક જુખીલીનું બારણું બંધ કરી રાખેલુંછે. એ દેવલ બંધાવા વીશે કહેછે કે વરજીન મેરીએ પોપ લાઇબીરીઅસ અને જોહાનીસ કરીને એક ઉમરાવનાં સ્વપનામાં આવીને કહયું કે આવતી કાલે સવારનાં જે જગ્યાપર બરફ પડેલો જોવો ત્યાં મારે નામનું દેવલ બાંધજો, તે પરથી એ દેવલ સને ૩૫૨–૬૬ સુધીનાં શાલમાં બંધાયું હતું. એ દેવલમાં ત્યારપછી ઘણી વખત ફેરફાર થયેાછે, પણ "નેવ" અને થાંભળાઓ હજુ તે અસલ દેવલનાંજ મરમરનાં તથા તે વખતનું મોજાઇક કામ પણ થોડું ઘણું સલામતછે. એ દેવલ બધું તદન રંગીન સંગેમરમરનાં પથરનું સણગારેલુંછે, તથા એને એક ટેકડી ઉપર બાંધવાથી ઘણી સીડીઓ ચહડીને ઉપર જવાયછે. એ ૨૭૩) ફીટ લાંબો અને ૧૭) ફીટ અંદરથી પોહોળોછે. એનાં ૪૨) મોટા થાંભળાઓછે, જેમાં ૩૯) મરમરનાં છે. એનાં હાઇ ઓલટરની હેઠળ સેંટ મેથ્યુને દાટેલોછે. તેની સામે "કનફેશનલ" સેંટ પીટર્સનાં જેવો રંગીન મરમરનાં ઊંચા પાતી પથરનો જેમાં જાસ્પરનાં પથરનાં નાંખળા કટેરા તથા પોરપોરા, લેપીસલેજુલી, એમેડીશટ, એગેટ, આમંડ સ્ટોન, (એમાં બદામનાં જેવી તરાંહ આવેછે) ગીલીટ સ્ટોન, શીડ સ્ટોન, લીલા, પીલા, કાળો, મકેદ ઇ યાદી જાતનાં મારબલોનો બનાવેલો અને ઘણો જોવા લાયકછે. એ દેવલમાં ફરતાં ચપલોછે તેમાં પોપ નવમા પાયસ (જે છેલો પોપ હતો) નાં કુટંબીઓનું ચપલછે. અહીંયા એવો રેવાજછે કે મોટા ખાનદાનનાં લોકો આગલ ઘણાં દેવલો પોતાનાં કુટુંબો માટે જુદાં બાંધતા હતા, તે અટકાવવા સારૂ એવાં મોટાં દેવલોમાં તેઓને એકેકો ચપલ જગો વેચાતી લઇને બાંધવાનું ઠરાવ્યું હતું, તેથી દેવલોનાં ચપલો જે મંડપની બાજુપર બાંધેલાં હોયછે તે જુદાં જુદાં ખાનદાનનાં બાંધેલાછે, અને તેમાં તેઓ દટાયછે તથા તેની અંદરનું ભણતર સરવે તેઓનાં ખરચે ચાલુ રહેછે. એ પોપ નવમા પાયસનું ચપલ અતીઘણું સણગારેલું અને તેની દીવાલો કીમતી પથરોથી જડી લીધીછે, પણ એ જગ્યે પોપ દટાયો નથી. જયારે વીકટર ઇમેન્યુએલે રોમ લીધું ત્યારે હોકમ કીધો કે પાદશાહી ખાનદાન તથા પોપ શીવાય બીજું કોઈ પણ દેવલમાં દટાય નહીં તેથી એ પોપ કે જેની ખુશી પેહેલાં અહીંયા દટાવાની હતી તેણે મરતી વખતે પોતાને એ દેવલમાં દાટવાને ના કહયું, અને બોલ્યો કે જયાં મારી રૈયત દટાય ત્યાંજ હું દટાઉ કરીને ગામની બહાર ધોરસ્થાનછે ત્યાં દટાયલોછે. એનાં ચપલની સામે પોપ પાંચમાં સીકસ્ટનું ચપલછે ત્યાં તેને દાટેલોછે. એ પોપને વાસતે અતરે કેહેવતછે કે એણે પાંચ ચપલો, પાંચ મોહોલા, અને પાંચ ઓબેલીસ્કો બાંધ્યાં તથા પાંચ શાહજાદાઓને ગરદન મારયા હતા. એ પોપ પેહેલાં જતે ભરવાડ હતો પણ ઘણો ચંચલ હોવાથી પોતે પાદરીનો ધંધો બહુ વધતો વધતો કારડીનલનાં ઓધ્ધાપર આવ્યો હતો. તે વખતે એ પોતાની પવીત્રાઇ અને અપવાસથી એટલોતો નબલો થઇ ગયો હતો કે તેનું બદન વાંકુ વલી ગયું હતું. એ પ્રમાણે ઘણાં વરસો સુધી રહયો હતો, પણ જયારે એની આગલનો પોપ મરી ગયો ત્યારે તેને ઘણો પાખ અને બુધ્ધો માણસ જાણી

બધા કારડીનલ્સ મલીને પોપ કીધો. ને ધારા પરમાણે સેંટ પીટરની કુંચી તેની આગલ ગાદીપર મુકીને લાવ્યા કે હવે પોપ દાખલ તેનો રખેવાળ એ થયો. તે વખતે બીજા કારડીનલ્સ શું જોયછે કે તેવણ જે ઘરડા અને વાંકા વલી ગયા હતા તે ટટારબંગ સીધા થાઇને પેલી કુંચી હાથમાં લેઇને ઉભા થયા! જેનું કારણ કારડીનલ્સે પુછવાથી તે બોલ્યો કે આટલાં વરસ થયાં હું વાંકો વલીને સેંટ પીટરની કુંચી સોધતો હતો તે હવે મને પાઇછે તેથી તેને શોધવા સારૂં હવે વાંકું વળી રેહેવાની કાંઇ જરૂર નથી. એ પરમાણે આટલાં વરસોથી વાંકોને વાંકો ચાલ્યા કીધો તે પરથી એ કેવા ઠરાવનો માણસ હોવો જોઇયે તે વીચાર કરવો. એ પોપ થવા પછી એણે ઘણાં સારાં કામો કીધાં હતાં, અને રોમની બાહાર રેહનારા લુતારા (Brigands) જેઓથી રોમ આવતાં જતાં લોકોને હેરાણ થતી ઘણી પોહોંચતી હતી તેઓની છુપી જગ્યા પોતે ધાસ વેચનારના લેબાસમાં ફરીને શોધી કહાડી પોતાનું લસ્કર ત્યાં મોકલી તેઓને તારાજ કીધા હતા. તે શીવાય એણે રોમને સારૂં બીજાં ઘણાં સારાં કામો કીધાં હતાં. ઉપર લખેલા પાંચ પ્રોન્સો જેઓ રૈયત ઉપર ઘણો જુલમ ગુજારતા હતા, અને ધારાની દરકાર નહી કરતા હતા તથા જેઓનાં બ્યાનદાનથી પોપ વટીક બીહીતા આવ્યા હતા, તેઓને પેહેલાં ચેતવણી આપ્યાં ઉપરાંત પણ તેઓએ દરકાર નહીકરતાં તોફાન કરયાં કીધાં, અને ઘણાં માણસોનો જીવ વટીક ગયો ત્યારે એણે હીમતથી તેઓને પકડાવી મંગાવી ધનસાફ કરાવી ગરદન મરાવ્યા હતા, જેથી તે બ્યાંનદાનનાં કારડીનલ્સ હતા તેઓએ એને હરશીથી તોરામાં જેર સુંધાડી મારી નાખ્યો હતો. એનું ચેપલછે તેનાં ડોમ ઉપર હજારો મોહોડાંની તસવીરો ચીતારેછે, અને બીજી બધી રીતે ઘણો સરસ સણગારેલોછે, તથા પેલા ચોરોને તારાજ કીધા તેઓનાં ડોકાં એનાં જેનરલો લાવ્યા હતા તેનાં બોલ-લપેનટીંગનાં ચીતાર દીવાલ ઉપર કીધેલાછે. એ પ્રમાણે એ દેવલમાં છ પોપ દટાયલાછે, તેઓનાં મોન્યુમેનટ્સ (કીરતી આકૃતી) ઘણાં જોવા લાયકછે. દેવલની છત ઘણીજ સરસ રીતની ધોળ ચઢાવેલી જે સ્પેનનાં પાદશાહ પાંચમા ફીલીપે અમેરીકામાં કેલીફોરનીઆથી પેહેલું સોનું સત્તરમી સદીમાં આણ્યું હતું તે પોપને આપયું તેની કીધેલીછે, અને હજુ તે ઘણી સારી હાલતમાં જાણે નવી કીધી હોય તેવી દીસેછે. એ કીમતી ભેટ સારૂં એ પાદશાહનું મોટું પુતળું બ્રાંજનુ એ દેવલમાં મુકેલુંછે. એ દેવલ એકુવીલાઇનની ટેકડી ઉપર બાંધેલુંછે.

તે જોઇને પછી વેટીકન મેહેલની પીકચર ગેલેરી જોવા ગયા હતા. એ પીકચર ગેલેરીમાં સેંટ પીટર્સનાં દેવલપર જતાં જમણું હાથપરનાં કોલોનેડ પરથી જવાયછે. તે ઉપર જવા સારૂં ઘણી સીડીઓ ચહડવી પડેછે. તે સીડીઓ તથા આસપાસનાં થાંભળાઓ સધળું સંગેમરમરનાં પથરનું હોવાથી ઘણું શોભેછે. એ પીકચર ગેલેરી સને ૧૮૧૫ માં પોપ સાતમા પાયસે ફ્રેંચનો શેહેનશાહ નેપોલીયન જે રોમનાં દેવલોમાંથી ઉંચી તસવીરો ઉઠાવી લઇ ગયો હતો તે પાછી મલી તેને રાખવા સારૂં બનાવી હતી, અને ત્યારપછી તેમાં ઘણો વધારો કીધો હતો, તથા એ હમણાં બોરગીજી કુટંબની પીકચર ગેલેરીછે તેથીજ ઉતરતી ગણાયછે, પણ વખણાયલા ઉસ્તાદોને હાથનાં ચીતારોમાં તથા કીમતની બાબતમાં સધળાંથી સરસછે. પેહેલાં હાલનાં જમાનાનાં કારીગરોનાં હાથનાં પીકચરોનો ઓરડો આવેછે, જેમાં મધરાજ શેહેરમાં સેંટ ટામસ લોકને ક્રીસ્ચીઅનીટીમાં વટલાવવા સારૂં ગયો

હતો તેને ત્યાંનાં એક દેશી રાજાએ મારી નાંખ્યો તેની સખી ઘણી સરસ ઉતારેલી છે, જેમાં બ્રાહ્મણો તથા રાજાનાં ચોબદારો ઇત્યાદી હીંદુસ્તાનની પાદશાહી દરબારોને મલતું બરોબર ઉતારેલું છે. જોયા મલે એનો પાડનાર હીંદુસ્તાનમાં ઘણાં વરસ હોવો જોઇયે. સેંટ ટામસને રાજાની સામે ઉભો રાખેલોછે, જે રાજાને એક બ્રાહ્મણ હાથની ઇસારતથી હોકમ કરેછે કે તે સેંટને મારેછે, તથા તેની આગલ બીજા બે હીંદુસ્તાની વતળી ગયા હશે તેમનાં હાથ બાંધીને ગુંહણ મંડીયે રાખેલાછે. એક ઓરડાને ધો હૉલ ઓફ કનસેપશન (The Hall of Conception) કરીને કહેછે. તેમાં બધાં પીકચરો દીવાલોપર નવમાં પાયસ કરી છેલા પોપે વરજીન મેરીને આદાએનાં પેટનાં મહીના રહયા હતા અને માણસનાં નહીં એમ સને ૧૮૫૪ માં નકી કીધું તેની યાદગારીમાં બનાવેલોછે. તેપર કારડીનલોના મીલાવડા તથા તેનો ઢંઢેરો ઇત્યાદીની સખીઓ ચીતારેલીછે. એક ઓરડાને "ધશટેનઝી ઓફ રેફેલ" કરી કહેછે, તેમાં રાફાયલનાં હાથનાં પાડેલાં પીકચરો તથા દીવાલોપરની તસવીરોછે. તેમાં એક પીકચર ફ્રીલસુફ્રેનું કહેવાયછે, જેમાં દુન્યાંમાં બધા વખણાયલા અસલી ફ્રીલસુફ્રો પાડેલાછે, તેમાં આપણાં જરથોસ્ત પેગમબરનેખી હાથમાં આશમાની ગોળો આપી ને ઉભા રાખેલાછે, અને તેને વાસતે પુછતાં તેવણ ઘણાં મોટા જયોતીષશાસ્ત્ર જાણનારા (Astrologer) દાખલ ત્યાં ઓલખાયછે. એક હૉલનું નામ Loggio of Raphael કરીનેછે, તેમાં એ ઉસ્તાદનાં ચેલાઓનાં હાથની એની ડોરેલી કારીગરી પરથી પાડેલાં પીકચરો મુકેલાછે. બીજો હૉલ કોનસ્ટેનટાઇન કરીનેછે, તેમાં એ શહેનશાહની તવારીખને લગતાં ચીત્રોછે. એ હૉલની પાસે એક મોટી ગેલેરીછે તેનું બારણું બંધ હતું, પણ લોબંડની ગરાડામાંથી હમો તે જોઈ શકયા હતા, તેમાં પોપને મલવા આવનારાઓનો મેલાપ ઓરડો કીધેલોછે, જયાં હારબંધ બુરશીઓ મુકીછે, અને લાલ પડદો એક નાંકે કીધોછે તેમાંથી પોપ આવી તેઓને આશીરવાદ દેઇ મુલાકાત લેછે, જે વખત મધળાઓને ગુંહણ મંડીયે પડવું પડેછે પછી તે ગમે તો પોપને માનતો હોય કયા નહીં. એ ગેલેરીની દીવાલો તથા છત વટીક ચીતારી નાખેલીછે અને જરા પણ જગ્યા બાકી રાખી નથી. એ મુજબ જોતાં જોતાં રાફાએલનાં ચીત્રવાળા ઓરડામાં ગયા, જયાં એ ધણીનાં બનાવેલાં સૌથી સરસ ચીત્રો મુકેલાંછે. હમોએ આગલ કહેલુંછે કે રાફાયલનાં એક ચીત્ર માટે બે કરોડ રૂપીયા અંગ્રેજ સરકારે આપવા કહયા હતા, તે "ટરાનશફીગયુરેશન ઓફ ક્રાઇસ્ટ" (Transfiguration of Christ) વાલુ પણ હીંયાં મુકેલુંછે, જેની તારીફ લખવાની હમો કશી જરૂર જોતા નથી. એ એનું છેલું ચીત્ર હતું અને તે બનાવતા બનાવતાં મરી ગયો હતો. એ ચીત્રમાં તસ્વીરો પાડેલીછે તેમાં એની રાખેલી ઓરત ફ્રોરનીરીનાંની સખી પણ ચીતારેલીછે. રાફાયલ પોતે પરણેલો નહીં હતો, પણ આએ ઓરત ઉપર તેનું અત્તીધણું હેત હતું, તેથી જેખી સખી તે ધણી સરસ ચીતારતો તેમાં તેણીનું મોહોડું પાડતો હતો. એ વખણાયલા પીકચરની માંએ ડોમીનીસીનો (Dominicino) નું ચીતારેલું સેંટ જેરોમને મરતી વખતે કમ્યુનીઅન આપયું તેનું પાડેલુંછે. તે પણ ઘણું સરસ પાડેલું હોવાથી તેને આવા ઉસ્તાદનાં પીકચરની બરોબરીનું ગણી તેની માંએ માન દાખલ મુકેલુંછે. એ સેંટ જેરોમ જંગલમા એકલો રહીને બંદગી કરયા કરતો હતો તથા-

ત્યાંજ કાંઇ વનસ્પતી ખાઇને જીવવાથી ઘણોજ લેવાઇ ગયો હતો, તે મરણ કાંઠે આવ્યો ત્યારે બીજાઓ તેની આગલ મરતી વખતની છેલી ક્રીયા (Last Communion) કરવા આવ્યા જેમાં એક પાદરી હાથમાં એક નાંધળી આટાની બનાવેલી ટાંટણી (Holy Wafer) ખવાડવા જાયછે, તેટલામાં તે મોહોડું આકરીને જીવ પરવરદેગારને સોંપેછે, અને તેનું પડતું દીલ બીજાઓ ઊંચકી રાખેછે તે વખતે એની આંખ મોતની વખતે જેમ ઝાંખી પાણી જેવી તથા મોહોડું ફીકું તથા અંગ ઢીલું પડી ગયલું, ચીતરેલું છે. એ શીવાય બીજા ઓરડાઓમાં ઘણાં પીકચરો જોવા લાયક ઉસ્તાદો જેવાકે માઇકલ એનજેલો, કારવેજીઓ, બેનીવેજીઓ, ગાઇડોરેની, પીરૂજીનો ઇત્યાદી ઇટાલીઅન ઉસ્તાદોને હાથનાં ચીતારેલાંછે, જેની વીગતો લખવાને હમો તદન અશકત છઇયે.

એ જોઇને પછી અતરેનાં મોટાં દેવલો (Basilica) માનું એક મોટું દેવલ (St. Paols Fuori le Mura) કરીને છે તે જોવા ગયા હતા. એ દેવલ સને ૩૮૮ નાં શાલમાં પેહેલું બંધાયું હતું, પણ વાગઇરતી આગમાં ખરાબ થઇ જવાથી તેને ફરીથી ફેરફાર કરીને છેક છેલું ૧૮૫૪ માં તૈયાર કરી ઉંઘાડવાની ક્રીયા છેલા પોપ નવમાં પાવસે કીધી હતી. તેને અત્તીધણી સરસ રીતે સણગારેલું છે. એની અંદરના ભાગમાં જાત જાતનો તદન સંગેમરમર વાપરેલોછે અને મંડપ ૧૩૦) વાર લાંબુ અને ૬૫) વાર પોહોલું મોટા થાંભળાઓપર ઉભુ કીધેલું છે, તેથી એની બાંધણી તદન જુદી જાતની તથા ઘણી ભભકદાર લાગેછે. એ મંદપની આસપાસ ફરતી ચાલ રાખેલીછે તથા તે બધાંનાં મથાળાંપર અતરેનાં થઇ ગયલા સુધળા પોપોની (૨૬૧ પોપો) પાંચ ફીટ મોટી તસવીર સેંટ પીટરથી તે હમણાનો પોપ તેરમો લીઓ સુધાની પાડેલીછે. એનાં ૮૦) થાંભળાછે, અને તે ગંજાવર કદના આખા ગ્રાનીટનાં બનાવેલાછે. એનાં ઓલટરનાં ૪) થાંભળા ૩૦) ફીટ ઉંચા એક એક આલબાસ્ટરનાં આખા પથરનાં તથા ઓલટર માલેકાઇટ પથરની પોપરીઓનો બનાવેલો, તેમજ દેવલનાં મંદપની લાદીઓ સંગેમરમરનાં પથરને આંરણી જેવા સાફ કરીને જડેલીછે, જેથી બારીઓ તથા થાંભળાઓનો ઓળો પણ પડેછે, તેથી તથા તેની આસપાસનાં થાંભળાઓ તથા તેની ઉપરની કોરમાં પોપની મુખીઓ તથા ઘોળની છત સૌ આપણે એક બાજુપર ઉભા રહીને જોઇયે તો ઘણોજ ભભકદાર રોણક આપેછે. એવો સરસ મંડપ કોઇજ વખત આપણાં દીઠામાં આવેછે. એ મંડપની બાજુપર ફરતી ચાલછે તેને મથાળે વીસ બારીઓમાં એપોસ્ટલસ તથા પેગમબરોની તસવીરો રંગીન કાચની મોટી બનાવીને મુકેલીછે. ઓલટર એ મંડપને નાંકે આવેલોછે. તેની સામે બીજાં મોટાં દેવલોની માફક "કોનફેશનલ" આવેલોછે તેમાં ઓલટરની હેઠળ સેંટ પોલને દાટેલોછે. એ કોનફેશનલ પણ બીજાઓની માફક કીમતી રંગીન પથરાઓનો બનાવેલોછે. ઓલટરની પછવાડે બીજો મોટો આરકટરો મંડપછે, ત્યાં પોપને સારૂં બુરશી રોકું વખત બનાવીને ગોઠવેલું છે, જ્યાં તે આ દેવલમાં વરસમાં બે ત્રણ વખત ક્રીયા કરવાને આવેછે ત્યારે બેસેછે. એ તખ્તનાં મથાળાંપર તેરમી સદીનો વખતનો એ દેવલનો થોડોક ભાગ આગમાંથી બચેલો હજુ સલામતછે. તે ઉપરનું મોઝઇક કામ ઘણું સરસછે. એ જગ્યાપર દીવાલમાં છ મોટી તખ્તીઓ જેઓએ આએ દેવલ પાછું બાંધવા સારૂં નાણાંનો મોટી રકમો આપીહતી તેઓનાં નામો

કોતરીને મુકેલીછે. એ ઉધરાંણું તથા પોપોના ખરચથી આએ દેવલ આઠ ક્રોડ રૂપીયા ખરચાઇને તૈયાર થયું હતું એમ કહેછે, અને હજુ એનો આગલો ભાગ (Facade) તૈયાર થયો નથી. તે સારૂં છેલ્લો પોપ પોતાનાં વસ્યતમાં ૨૦) લાખ ક્રાંક યાને ૮) લાખ રૂપીયા જુદા કાઢાડી ગયોછે તે હમણાંની સરકારે પોતાને હસ્તક લઇને બાંધેછે, જે તદન સંગેમરમરનાં મોટા પથરો તથા થાંભળાઓનો બંધાયછે, તથા દરેક થાંભળાનાં મથાળાંપર નકશીની અંદર માણસોનાં ડોકાં કોતરેલાં દીસેછે. એ ફાસેડ (મુખડા) પર આખું ભોંયક કામ કરવાનાછે, જેનો થોડો વચમેનો ભાગ તૈયાર થયલો હમોએ જોયો તે ઘણો સરસ દીસેછે; તેમાં ક્રાઇસ્ટ સેંટ પીટર અને પોલને વચગાં બેસાડેલાછે અને તેની બાજુપર જરૂસલમ તથા બેડલીહમનાં શેહેરો ચીતારેલાંછે. એ મુખડાની સામે એક મોટો ચોક ઊંચી દીવાલોથી ભરી લેછે, તેમાં સંગેમરમરનાં થાંભળાની વચમાં ગોખલા કરીને તેમાં સેંટસનાં પુતળાં મુકવાનાંછે જેથી એ દેવલ ઘણુંજ ભપકાદાર થશે, અને મોહોટાઇમાં નહીં પણ ખુબસુરતીમાં સેંટ પીટરનાં દેવલની બરોબરી કરી શકશે. એનાં બંધાવનાર બે પોપ, તેમાં સોલમાં ગ્રેગરીનું પુતળું હાલ તૈયારછે, તથા નવમાં પાયસનું બનાવેછે, ને બેહુ ગંજાવર પુતળાં એ દેવલની અંદર મુકવાનાછે. એ દેવલને લગતો કલોઇસ્ટર (Cloister) જે એક ફરતા ચોકની માફક બાંધો લીધેલોછે તેનાં થાંભળા આશરે ૪) ફીટનાં મોટા જાત જાતનાં બનાવેલાછે. એમાંનો મોટા ભાગ ભાગી ગયલો હોવાથી તેને બદલે નવા અમસ્થા સાદા બનાવીને મુકયાથી તેનો દેખાવ ઘણો બગાડી નાએલોછે, તથા તે જગાની ઉપર જુની ઘેરો પરનાં કોતરકામનાં પથરા એકઠા કરેલાછે.

તા૦ ૨૧ મી અકટોબર ૧૮૮૧— આજે સહવારનાં સેંટ પીટર ઇન વીનકુલી (St Pietro in Vinculi) કરીને જે શીલીકા ચર્ચછે તે જોવા ગયા હતા. એ દેવલમાં સેંટ પીટર કેદ હતો ત્યારે બાંધેલી શાંકળ વેલનટીનીઅન શેહેનશાહની ઓરત યુડોકશીઆએ મુકેલીછે તેથી તેનું નામ સેંટ પીટર (In Vinculi) સાંકલમાં (પડેલો) કરી આપેલું છે. એ દેવલ કાંઈ ધણું જોવા લાયક નથી, પણ એની અંદર માઇકલ એનજેલોએ મુસા પેગમબરનું પુતળું બનાવી મુકેલુંછે તે ઘણું સરસ અને જોવા લાયકછે. તેનાં હાથોની નસો તથા આંગનાં ડંડ સ્નાયુઓ જેમ જીવતાં માણસોની ચામડીમાંથી દીસે તેવી રીતે કોતરેલાંછે. એ અસલ બીજા જુલીઅસ પોપનાં મોન્યુમેનટ પર મુકવા સારૂં બનાવ્યું હતું, અને તેની સાથે બીજાં ૩૦) પુતળાંઓ એ કીરતી આકાર સંપૂર્ણ કરવા બનાંવાનો હતો; તેટલામાં વખત ફરી જવાથી એ અધૂરૂં મુકયું હતું. તેની સાથનાં એક બે પુતળાં હાલ પેરીશનાં લુવરનાં મહેલમાં મુકેલાંછે. એ પુતળું માઇકલ એનજેલોની વખણાયલી કારીગીરી ગણાયછે.

એ જોઇને પછી શકાલા સેંટા (Scala Santa) કહેવાને પાક સીડી કરીને છે તે જોવા ગયા હતા. એ સીડી ૨૮) સંગેમરમરનાં ટપ્પાની એક ઊંચા બાંધેલા દેવલમાં મુકેલીછે, જેને વાસ્તે કહેછે કે અસલ તે જેરૂસલમમાં પાઇલેટનાં ઘેરમાં હતી અને તેપરથી ક્રાઇસ્ટ ચહડી ગયો હતો. તેને ત્યાંથી રોમમાં કોનસ્ટેનટાઇનની માય સેંટ હેલીના લાવી હતી. એની ઉપર હીંયાનાં કેટોલીક લોકો ગુડંણુ મંડીયે પડીનેજ ચહડેછે. પોપ વડીક એ પ્રમાણે તે ઉપર ચહડેછે અને દર સીડીએ બંદગી ભણેછે. એ સીડી ઘણાં જણાં ચહડેછે તેથી ઘસી જવા આવ્યાથી તેની ઉપર

બાકડાંનું કવર કરીને તેની કોરા ફક્ત દેખાડતી રાખીછે. જ્યારે હમો ગયા ત્યારે પણ થોડાક જણાં ગુડણુ મંડીયે પડીને ચહડતા હતા, અને એક સીડીનાં ટપા ઉપર થોભી કાંઇ બંદગી બોલીને બીજા ટપા પર જતા હતા. જેઓને એ પ્રમાણે ઉપર નહી ચહડવું હોય તેઓ સારૂં તેની આસપાસ દેવાલ ભરીને બીજી સીડીઓ બેહુ ગમ બાંધેલીછે તે રસતે મધળાઓ પાછા ઉતરેછે. ઉપર એક નાધણું જેવું ચેપલ બાંધેલુંછે, જેમાં પોપ શીવાય બીજા કોઇથી જવાતું નથી પણ તેની બારીઓ ગરારની બોલી હોવાથી અંદરનો ભાગ જોઇ શકાયછે. એ જગ્યાને Sanctum Sanctorum બોલે પાકની પાક જગ્યા કરીને કહેછે. ત્યાં એક સાદો ઓલટર તથા પોપને બંદગી કરવા સારૂં ગાદી મુકેલીછે તે શીવાય બીજું કશું જોવા લાયક નથી. પોપ શીવાય બીજાઓ આવે તેઓ સારૂં તેની બાહાર બીજો ઓલટર કીધેલોછે ત્યાં તેઓ ભણેછે. એ દેવલ અસલમાં પોપનાં "લેટરન" મહેલને લગતું હતું, અને તે મહેલનો એટલોજ ભાગ હાલ સલામતછે. તે સને ૧૨૩૮ માં પોપ ત્રીજા નીકલસ સારૂં કોસ્મોસ બાંનદાનનાં કોઇ નખીરાએ બંધાવી આપ્યો હતો.

એ જોઇને એનીજ પાસે "સેંટ ગાએતોની બન લેટરએનો" કરીને દેવલછે તે જોવા ગયા હતા. એ દેવલ ઘણું જુનું બંધાયલુંછે, પણ ધરતીકંપથી અને જુનું થવાથી વારા ફરતી પડી જવાને લીધે મરામત કરયાકરી હતી તથા નવેસરથી પણ બંધાવ્યું હતું. તે સને ૧૩૬૦ માં આગમાં ફરીથી બલી જવાથી પોપોએ તે પાકું બંધાવ્યું, જે હાલ સલામતછે. એનો બાહારનો ઓટલો ૧૭૪) ફીટ લાંબો અને ૩૩) ફીટ ઊંડોછે, તથા અંદરનો નેવનો ભાગ ૪૨૬) ફીટ લાંબો અને તેની અંદર બે ગમથી બાર મોટા થાંભળા ઉભા રાખેલાછે. એ થાંભળાઓની વચમાં ગોખલા રાખીને બાર એપોશલસનાં પુતળાં ૧૨) ફીટ મોટાં મુકેલાંછે, જે બારેમાસની કરીને મોટા ઉસતાદને હાથનાં બનાવેલાંછે. એ ગોખલાઓની આસપાસ બબે થાંભળા કરી તેમાં કાળા સંગેમરમરનાં પેડેશટલો ગોખલામાં મુકીને તેપર પુતળાં ઉભાં રાખી મથાળે બાહારથી છતર કીધુંછે, તથા જમીન રંગીન મોઝેકવરકની કીધાથી એ દીવાનખાંનું ઘણું સોભેછે. એની છત પણ ઘણી સરસ બનાવેલીછે. એનાં ઓલટરની હેઠળ કોનફેશનલછે તે બીજાં મોટાં દેવલોની માફક કીમતી પથરોનો બનાવેલો, અને ત્યાં પોપ પાંચમા મારટીનનું બરોનઝનું પુતળું મુકેલું તથા એ ઓલટરની હેઠલ સેંટ પીટર તથા પોલનાં ડોકાં તેમની બકાત બોધાણી દાબલ મુકેલાંછે. એ ઓલટરની સામે પોપ શીવાય બીજા કોઇથી Mass ભણાતો નથી. ઓલટરના પાછલા ભાગ (Tribune) ને હજી સમારેછે તેથી તેને ઢાંકીને તેને બદલે કનતાન પર રંગ કરી પાછલ દેવાલ હોય તેમ બનાવેલુંછે. એની આસપાસનાં ચેપલોછે, તેમાં પેલો પૈસાદાર તમાકુવાલો પ્રીન્સ ટોરલોનીઆએ પોતાનાં બાંનદાન સારૂં રાખેલો એક ઘણોજ સરસ રીતે કીમતી પથરોથી દીવાલ તથા જમીન સુધાં સણગારેલોછે. બીજો ચેપલ કોરશીની (Corsini) ફેમીલીનોછે જેનાં બાંનદાન માંહેથી પોપ બારમો કલેમેનટ થયો હતો. તે લોકોએ ચેપલ પોતાનાં બાંનદાનમાં એક મોટો બીશપ સેંટ એનડ્રુ કરી થઇ ગયો હશે તેને અર્પણ કાધેલુંછે. એમાં એ બારમાં કલેમેનટને દાટેલોછે. તેનું મોન્યુમેનટ ઘણું સરસછે અને તેની આસપાસ મીતહારપણું, દાહપણુ, ઇનસાફ અને જોર(Temperance, Prudence Justice and Strength) નાં પુતળાં ઉપરાંત બીજાં થોડાંએક મોન્યુ

મનટશો મુકેલાંછે. એની દીવાલ તથા જમીન સઘળું રંગીન કીમતી પથરનું બનાવેલું તથા એની હેઠળ એક ભોંયરૂં કીધેલું છે તેમાં એ ખાનદાનનાં ઘણાં જણાંને દાટેલાછે. પેલા સેંટ એનડ્રને દાટેલાછે તેની ઉપર એક ઓલટર કરી તે ઉપર ક્રાઇસ્ટ અને તેની માનું પુતળું ઘણીજ સરસ બનાવતનું મુકેલું છે, જયાં અંધારૂં હોવાથી તેની ઉપર લાઇટ બળતી રાખવાથી અને તે સફેદ કરારા મારબલનું બનાવેલું હોવાથી તેની અસર અત્તીઘણી સરસ લાગેછે. એ ચેપલની ઉપરનો ડોમછે તે ઉપર ફુલોની તરાંહ બધી ગીલીટની કીધેલીછે.

એ સઘળું જોઇને પછી ડોરીઆ (Doria) ખાનદાનની મેહેલની પીકચર ગેલેરી જોવા ગયા હતા. એ મેહેલ બીજા મેહેલોનાં જેવો મોટો અને પથરોનો બાંધેલોછે. તેની વચમાં એક ચોક રાખેલોછે અને ઉપર જવા સારૂં મારબલની સીડીઓછે, ત્યાંથી પીકચર ગેલેરીમાં જવાયછે, જયાં ઘણી ઉંચી જાતનાં ચીત્રો તથા પુતળાં ઉસ્તાદોને હાથનાં બનાવેલાં તથા જુની સારકોફેગસ ઘણું નકશીનાં તથા પુતળાંનાં કોતરકામનો બનાવતોનાં એકઠાં કીધેલાંછે. ચોકને મથાળે ફરતી ગેલેરીપર પણ એવાં પુતળાં તથા જુના વાઝીસ ઇત્યાદી મુકેલાંછે જે ઘણું વખાણવા લાયકછે, પણ હમો વીગતો લખી શકતા નથી. ત્યાં હમોએ પેહેલવેહેલી રેશમી તથા કસબમાં ભરેલી ટેપેસ્ત્રો વરક જોઇ હતી જે ઘણી જુની હોવાથી કસબનાં દોરા અલગા થવા છતાં હજુ ઘણી સારી રીતે તેની બનાવત દેખાડેછે.

એ જોઇને અસલનાં રોમનસ જેઓ મુરતીપુજક હતા તેઓ પોતાનાં મુડદાં બાલી તેની રાખને વાસણમાં ભરીને જમીનમાં મુકતા હતા તે જોવા ગયા હતા. એ જગ્યાઓને એ રાખ મુકવાનાં ગોખલાઓને લીધે Columbaria ઇયાને કબુતરનું ઘેર કરીને નામથી ઓલખેછે. એ રાખ મુકવા સારૂં જમીનની અંદર ઓરડા મોટા બાંધી લઇને તેમાં કબુતરનાં ઘેરનાં બાંચા માફક બુલ્લા ગોખલા રાખેછે. એવા ૨૨૫) ગોખલા એક ઓરડામાં હમોએ ગણ્યા હતા જે હારબંધ એકેકની ઉપર નવ થડ સુધી કીધેલાંછે. એ ગોખલાઓમાં બે બાંચા કરી તેમાં કુંડાંનાં જેવાં મોટાડીનાં વાસણો જડી લીધેલાંછે, તેમાં એકમાં ઓરતોની અને બીજામાં મરદોની રાખ નાખતા હતા. એ દરેક ગોખલો એક કુટંબનોછે અને જયારે તે કુંડાંઓ રાખથી ભરાઇ જતાં ત્યારે તે ઉપર મોટાડીનાં ઢાંકણાં મુકી તે ગોખલાને સંગેમરમરની લાદીઓથી ચીણી લેતા, અને કુટંબનાં નામની તખ્તી દરેક ગોખલાને માથે મુકતા હતા. એ બધા ગોખલાઓનો મોટો ભાગ ઉઘાડોછે અને હાલ બાલી વાસણો શીવાય કાંઇ નથી. કોઇ કોઇમાં હાડકાં સાથની રાખ હજુ બે હજાર વરસ થયાં તોપણ દીસેછે. કોઇ એકજ ગોખલા બંધ કીધેલા દીસેછે.

એ જોઇને પછી આગલનાં ક્રીસ્ચીઅન લોકોને મુરતીપુજક શેહેનશાહોનાં વખતમાં જમીનમાં ભોંયરાં (Catacombs) કરીને દાટતા હતા તે જોવા ગયા હતા. એ વખતે મુરતીપુજક લોકોનો એવો હુકમ હતો કે મુડદાં બાલવાં પણ દાટવાં નહીં, પણ ક્રીસ્ચીઅનોને એવો વેહેમછે કે દુન્યાની આખેરીએ બધાં મુવેલાં જીવતાં કરીને ધોરમાંથી ક્રાઇસ્ટ તેઓને ઉઠાડશે, એટલે એઓ Resurrection કહેછે તે થશે, તેથી જો તેઓનાં મુડદાં બાલી નાંખે તો હાડકાં રહેશે નહીં, અને છેલે દીવસે પાછા સજીવન થઈ શકે નહીં તેથી દાટવાનું પસંદ ઘણું કરતા હતા, માટે છુપી રીતે એ પ્રમાણે

બાંધણીઓ રાખી તેમાં દાટતા હતા. પણ પાછલથી મુરતીપુંજક રાજાઓએ તેમને છુટ આપવાથી તેઓ તેમાંજ દાટતા આવતા હતા, અને એમાં તે વખતે ઘણું ક્રીસ્ચીઅનો જેઓએ પોતાનાં ધરમ સારૂં જાન ખોયા હતા તેઓને દાટયા હતા; જેઓમાંથી પાછલથી સારા વખણાયલા સેંટ અને મારટરસનાં મુડદાંનાં હાડકાંઓ કાઢાડીને તે ઉપર તેમનાં નામનાં દેવલો બંધાવ્યાં હતાં, અને કેટલાએક ખુતારાઓ એમાંથી બીજા ભલતા ઘણીઓ કે જેઓએ વખતે ઘણું ગુનાહ આએ દુન્યામાં કીધા હશે તેઓનાં મુડદાંનાં હાડકાંઓ સેંટસના હાડકાં એ "કેટેકોમ્બ" માંથી લાવ્યા કરીને મોટી કીમતે યુરોપનાં બીજા ભાગોમાં વેચતા હતા. એમાંથી પાછલથી સઘળાં હાડકાંઓ કાઢાડાવીને પાનડીઅન વર્ચમાં સને ૬૦૯ માં પોપ બોયા બોનીફેસે દટાવ્યાં હતાં, અને તે જગ્યાને એ લોકોનાં દેવલ દાખલ અર્પણ કીધું હતું. એ ઘણીએ ૨૮) ગાડી ભરીને એ લોકોનાં હાડકાંઓ લાવી ઓલટરની હેઠળ દટાવ્યાં હતાં. બીજાં હાડકાં ઘોરસ્થાનમાં દટાયેલાંછે. એ કેટેકોમબસ માટે જમીનની અંદર ગેલેરીઓ ખણીને તેની આસપાસની દીવાલમાં ચાર પાંચ થડની અભરાઇ કરતા હતાં તેમાં મુડદાં મુકીને બાહારથી ચીની લેઇ તે ઉપર જાત જાતનાં નકશીનાં તથા નામોનાં પથરા નીશાન દાખલ મુકતા હતા, જેમાંનો મોટો ભાગ હમણાં કાહાડી લઇ જઇને મ્યુઝાયમો મધે ભરી નાંખેલાંછે. હમણાં તો ખાલી મોટાડાંની અભરાઇઓ જોવામાં આવેછે, અને કોઇ કોઇ ગમ જયાં ચેપલો બાંધેલાં હશે ત્યાં ઉડી ગયલા ફ્રેસ્કો ચીત્રો તથા છુટાં છવાયાં પથરનાં કોતરેલાં માણસોનાં ડોકાં વગેરે પરચુરણ બાજુપર યાદદાસત દાખલ જોવા મુકેલાંછે.

એ જોઇને પછી અતરેનો વખણાયલો ડોરીઆ કુટંબનો પારક એટલે મહેલગાહમાં ફરવા ગયા હતા. એવાં મોટાં બાંનદાનનાં લોકો પોતાનાં પારકો જે મેલોનાં મેલ મોહોટાં રાખેછે તે અથવાડીઆનાં ચોકશ દીવસ પર ખુલાં મુકેછે. એ પારક પણ મેલ ઘેરાવામાં અને રોમ શહેરની દીવાલની બાહાર આવેલોછે. તેમાં તલાવો કુંવારા તથા છુટાં છુટાં રૂપનશોમાંથી મળેલાં પુતળાંઓ ગોઠવેલાંછે, તથા ટેકડીપર આવવાથી ત્યાંથી દેખાવ ઘણો સરસ દીસેછે. એ ડોરીઆ કેમીલી આજે રોમમાં સૌથી પેહેલી કેમીલી ગણાયછે.

તા૦ ૨૨ મી અકટોબર ૧૮૮૧— આજે અતરેનું કેપીટોલનું મ્યુઝીયમ જોવા ગયા હતા. એ મ્યુઝીયમ રોમની તવારીખમાં વખણાયલાં કેપીટોલ (Capitol) માં આવેલું છે. હમણાં જે ઇમારતછે તે તદન નવીછે. ફકત એની પાછલનો થોડો ભાગ અસલવાલો રહેલોછે. એ કેપીટોઇન નામની ટેકડીપર આવેલોછે તેથી ઉપર જવા સારૂં ગાડીનાં રસતા ઉપરાંત મોટી લાંબી સીડીઓ કીધેલીછે. એ કેપીટોલ અસલ ઘણો મોટો ભાગ જમીન રોકતો હતો, અને એની સામેનાં ચોક (Area Capitolina)માં અસલની મોટી રીપબલીકની મીટીંગો ભરાતી તેમજ અહીંયાં ઘણી વખતે પોત પોતાની લડાઇઓ અતરેનાં દેશીઓ વચે થતી હતી. પણ હમણાં તે અસલ ઇમારતોનો ભાગ કાંઇ ઘણો દીસતો નથી અને તેને બદલે નવાં બાંધકામ કરેલાંછે જેમાં મ્યુનીશીપાલ હાજીરો તથા થોડાક ભાગમાં મ્યુઝીઅમ રાખેલું છે. એનાં એનટરનશમાં સામે એક મોટો પુતળાંનો કુંવારો મુકેલોછે, જે પુતળું જમીનમાંથી મલ્યું હતું અને તે નદીના દેવતા દાખલ આગલ ગણાતુ હતું. એ પછી મ્યુઝીયમવાલા ઓરડામાં જવાયછે, જયાં જોકે ઘણો મોટો વેટીકન જેટલો

સંગ્રહ નથી તોપણ ઘણી તારીફ લાયક બનાવતનાં અસલી જમીનમાંથી ખણેલાં વરકનો મેળવેલો સંગ્રહ સારો કીધોછે. તેમાં ઘાયું જોવાલાયકમાં મારસનું પુતળું (એનો પોશાક ઘણો મરસછે. તે ઉપર કુલોની તરાંહ સઘળું મરસ કોતરેલું છે), તેમજ હરકયુલીશ તથા ઘણાં મોહોડાંનો સાંપછે. એ પુતળાંનો પગ પેહેલાં એને ખાણી કાહાડયો ત્યારે સાથે મલ્યો હતો નહી તેથી બીજો નવો બનાવીને મુકયો, પણ ત્યારપછી ઘણે વરસે તે પગ પણ મલ્યો, જે તેની પાસે છુટો મુકેલોછે. એ ઉપરથી આગલની કારીગરી હમણાંની કારીગરી કરતાં કેટલી ચહડીછે તે માલમ પડેછે. નવા પગને જુના પગ સાથ મરખાવતાં તે જાણે બેડોલ હોય તેમ દીસેછે, અને વગર વીચારે જાણે પગ મુકી દીધો તેમ લાગેછે, તથા જુનો પગ પ્રમાણમાં અને પુતળાંને મલતો આવેછે. ધારવા મેલે એ પગોને મુકાબલો કરવા સારૂં જુનો પગ તે પુતળાંનો પાસે છુટો મુકેલોછે. એક મારકોકૂરાગ આગલનાં શેહેનશાહા એલેકઝાંનડર શીવિરસનો ધારવામાં આવેછે. તે ઘણોજ મરસ, અને તેની ઉપરનાં કોતરકામમાં ૨૯) પુતળાં અલગાં High Relief ના બનાવેલાંછે. તે ઉપરાંત બીજાં જનવરો તથા માણસોનાં ડોકાંછે. તે જુદાં. એક મલનું પુતળુંછે જેમાં તેને પોતે પોતાનાં હાથે પોતાની છાતીમાં ખંજર ભોકી દીધેલું તે જખમમાંથી લોહી વેહેછે, અને પોતે પોતાની ઢાલ ઉપર બેસી ગયોછે, જેની બનાવત આ સંગ્રહમાં ઘણી મરસ ગણાયછે. એક પુતળું અસલનાં દેહેરાંઓમાં (Oracle) જવાબ આપતું પુતળાંનું મુકેલુંછે. તેનું મોહોડું થોડું ઉઘાડું રાખેલુંછે. એની પાછલ તેનાં રખેવાળ બ્રાહમણો ભરાઈ રેહેતા હતા, અને પુંજરાઓ આવીને પુતળાંને કાંઇ પોતાનાં કામસર સવાલ પુછતા હતા કે આએ કામ થશે કે નહીં? તેનો જવાબ પેલો છુપો બ્રાહમણ પાછલથી તેનાં મોહોડાં આગલ પોતાનું મોહોડું કરી બોલતો તેથી સવાલ પુછનારો દેવતાજ બોલ્યા કરીને સમજતા હતા. એ જવાબ આપવા સારૂં બ્રાહમણ ઘણું હુશીયાર હતા અને એવી તાલથી જવાબ દેતા કે તેનાં અરથ જેમ ગમે તેમ થઈ શકે, તેથી જો તે વખતે કામ ઉલટું થાય તો તે ફેરવી નાખી શકાતાં હતો. એક પુતળું એક બુઢી ઓરતનું ઘાયું મરસ જણે ડાકણ હોય તેવું બનાવેલુંછે. એ પુતળું અસલ કોઇ મોટું માણસ મરણ પામે તે વખતે રડનારી તથા કુટનારી ઓરતોને ભાડે બોલાવતા હતા, જેઓ રડીને પોતાનાં આસું એક નાધળી સીસી જે એ ઓરતનાં હાથમાં આપેલીછે તેમાં ભરતા હતા, અને જેટલાં વધતાં આંસું હોય તેટલો વધતો દામ તેઓને મલતો હતો, અને તે સીસીઓ (આંસુંથી ભરેલી) તે મરનારની ઘોરમાં મુકતા હતા. એ પ્રમાણે બીજાં ઘણાં રમણય પુતળાંઓ અસલની રીતભાત જણાવતાં બાણી કાહાડેલાં અહીં મુકેલાંછે તેની વીગતો લખી શકતા નથી. એ બધા સંગ્રહમાં સૌથી મરસ વીનશનું પુતળું જે કેપીટોલાઇન વીનશને નામે દુન્યામાં મહશુર થયલું અને ઘણી મરસ બનાવતનું કીધેલું છે, (એ વીનશની જોડી એક ફ્લોરેન્સમાં મેડીચીવીનસને નામે તથા બીજી પેરીસમાં માએલો વીનસને નામે વખાણાયલીછે.) જે ઓરડામાં તેને મુકીછે તેને એ પુતળાંનું નામ આપેલુંછે. અસલનો જુનો ભોજકક વરક એક આરશીમાં મુકેલોછે, જેમાં પાણીનાં વાસણ ઉપર કબુતરને બેસાડેલું ઘાયું મરસ પાડેલું છે એમાં કહેછેકે એક ચોરસ ૬ ઇંચ જગ્યામાં ૧૬૪) કટકા રંગોનાં પથરનાં ગોઠવી એ ભોજકક કામ એટલું બારીક બનાવેલુંછે. અસલનાં રોમન્સ પાટીયાંપર મીણનું થડ કરી તેપર કઠણ લાકડાંનો

અણીવાળી કલમથી લખતા હતા તે કલમો જમીનમાંથી મળેલી એક બાકસમાં મુકેલીછે. લખેલું પાછું કાઢાડી નાંખવા એજ કલમનો બીજો છેડો ગોળ કીધેલોછે જેથી તે બીણ ઉપર ઘસવાથી અક્ષરો નોકળી જતા હતા. લખવાનો આ કળા જ્યારે કાગજ અને શહી ન હતી ત્યારે કરતાં હતા.

એ જોઇને પછી પેલેઝા રોશપીલીઓઝી (Palazza Rospigliosi) નું સંગ્રહ જોવા ગયા હતા. એ મેડેલમાં ત્રણજ ઓરડામાં ચીત્ર મુકેલાંછે. તેમા સરસ વચલા ઓરડાનો છતપર ગાઇડો રેની ઉસ્તાદના હાથનાં ચીતારો પાડેલાંછે. તે શીવાય એના દીવાનખાનામાં બીજું કાંઇ જોવા લાયક નથી. બીજા ઓરડામાં ડોમીનીકીનોનું Fall of Man (આદમે તેની બૈરી ઇવનાં સમજાવ્યાથી જે ફલ તોડવા પરવરદેગારે ના પાડેલી તે તોડયું તેથી તેને બેહુસ્તમાંથી ફરેસ્તાઓએ હાંકી મલ્યો એટલે આપણી દુન્યામાં વસ્તી થઇ હતી) જોવા લાયકછે. એમાં આદમને જાણે ફરેસ્તાઓ આવીને ધમકાવેછે કે શું કામ તેં આએ ફલ તોડયું, ત્યારે આદમ પોતાની ઇવ સામે ઉભેલીછે તેને બતાવેછે કે આને લીધે હું ફસ્યો, ત્યારે તે ઓરત પોતાનો સામે એક સાંપ (સેતાને સાપના આકારમાં આવીને તેણીને એ ફલ ચાખવાની ઉલત આપી હતી) બતાવેછે. એ સઘળું જાણે ધમગઇને બતાવતા હોય તેવી ઢબનું પાડેલુંછે. એ શીવાય બીજા ઓરડામાં બેાડાંક સારા ઉસ્તાદોનાં હાથનાં પાડેલાં પીકચરોછે.

તે જોઇને ગેલેરીઆ બારબેરીની (બારબેરીનાં મેહુલની પીકચર ગેલેરી) જોવા ગયા હતા. એ ગેલેરીનું નામ નાસીપાસી ગેલેરી (Gallery of Disappointment)કરી લોકોએ આપેલુંછે. તેનુ કારણ એ કે એનાં સંગ્રહમાં રેફેલનું બનાવેલું પોતાની રાએલી ઓરત Fornarina નું ચીત્ર જે ધાર્યું સરસ ગણાતું હતું તે છે, પણ તે પછવાડેથી ખરાબ થવાથી તેને કોઇ અણુભવ કારીગર પાસે દરસત કરાવ્યાથી તેની અસર બીગડી ગઇછે, તેથી લોકો જે રેફેલની કારીગીરી જોવા જાયછે તેઓ નાસીપાસ થાયછે માટે ઉપલું નાંમ આપ્યુંછે. એ સંગ્રહ પણ સારો અને જોવા લાયકછે, જેમાં ઉપલું ચીત્ર તથા ગીડોરેનીએ એક ઓરતને ગરદન મારવા આગમજ તે બંદીખાનામાં બેઠેલી હશે તેનું ચીત્ર લીધેલું મુકેલુંછે તે ઘણું સરસ ગણાયછે. તે ઓરત આસરે ૧૭) વરસનીછે અને તે ઘણું ઊંડા વીચારમાં બેઠા તરફ મોહોડું કરી બંદગી કરતી હોય તેમ પાડેલીછે.

એ જોઇને પછી અતરેનાં મોટા ફુવારામાંનો સૌથી મોટો ફુવારો જોને ફાઉંનટેના ડી ટરેવી (Fountaina di Trevi) કરી કહેછે તે જોવા ગયા હતા. એ ફુવારો Palazza Poli કરીને મેહુલછે ત્યાં એક બાજુપરથી બાંધેલોછે, અને તેપર નેપચ્યુન (દરીયાનો દેવતા) વચમાં બેસાડી તેની આસપાસ તનદરોસતી તથા ફળદ્રપતાનાં પુતળાંઓ (Health and Fertility) મુકેલાંછે. એ ફુવારો અતરે પાણીનાં ઘણાંએક ગંડાળાંમાનુ એક જે ૧૪) મૈલ દુર વેરથી બાંધીને લાવેલાછે તેનું મોહોડું કીધેલુંછે, અને તેમાંથી દરરોજ એક ક્રોડ ને ત્રીસ લાખ કયુબીક ફીટ પાણી ફુવારામાં પડી તેમાંથી પાછા નલો મુકીને ગામનાં ઘરોને પુરૂ પાડેછે. એ ફુવારો સને ૧૪૫૩ માં બંધાયો હતો. એ મુજબની ૧૯) ગંડાળામા પાણી દુરથી લાવેલા હતા, જેમાનાં હાલ ૯) વપરાયછે, પણ તે એટલું તો પાણી પુરૂં પાડેછ કે તેટલું પાણી બીજા શેહેરોમાં મલતું નહીં હશે, અને જ્યાં જોઇયેછ ત્યાં મોટા ફુવારા રાત દીવસ ઉડતા રહેછે જેનું પાણી

૨૬ કરી ટાઇબર નદીમાં કાહાડી નાંખેછે. એટલી છુટ પાણીની અહીંયાંછે તથા પાણી મજાનું પીવા લાયક આવેછે.

એ જોઇને પછી અતરેની વખણાયલી બોરગીસી કુટંબની સેહેલગાહ જોવા ગયા હતા. એ સેહેલગાહ ગઇ કાલે હમો ડોરીઆ કુટંબવાલી જોઇ આવ્યા તેનાં જેવીછે, અને અહીંયાં અઠવાડીયામાં ત્રણ વખત તે ખુલ્લો મેલવામાં આવેછે તથા ત્યાં ઘણું લોક ઘોડાગાડીમાં ફરવા આવેછે. એ જગ્યામાં ગાડીઓ જોને અહીંયાંનાં લોકો બીગાસ કરીને કહેછે તેની સરતો રમવાનો મોટો ચોકછે, જેની આસપાસ મજાહની બેઠકો કરી લીધેલી તથા જુનાં બાંધકામ દેખાડવા જુની ઇમારતોનાં થાંભળા જાણે બંડેર પડયાંજ હોય તેમ છુટા છુટા ગોઠવેલાછે. તે ઉપરાંત કુવારા તલાવો વગેરે બીજી સેહેલગાહોની માફક જોવામાં આવેછે. એ જોઇને પાછા પીનશીઅન હીલપર આજે ફરવા ગયા હતા જ્યાં રેજીમેનટનું વાજું વાગતું સાંભળ્યું હતું.

તા૦ ૨૩ મી અકટોબર ૧૮૮૧— આજે બી ઠરમી આફ કારાકાલા (Thermae of Carracalla) કરીને અસલ કારાકાલા શેહેનશાહનું બાંધેલું હમામખાનું અને હાલ જે બંડેર પડયુંછે તે જોવા ગયા હતા. એ હમામખાનું ગંજાવર હતું, અને સને ૨૧૨ માં કારાકાલાએ બંધાવ્યું હતું. તેમાં એકી વખતે ૧,૬૦૦) જણાં નાહી શકે તેટલી જગ્યા હતી, એ મકાન ૭૨૦ થી ૩૭૨ ફીટ હતું, અને એનો આસપાસ બીજી જગ્યા ઘેરી લઇને ઘોડાની સરતો તથા બીજી ગમતો કરવતા તે સુધાં ૧૦૮૦ થી ૧૦૮૦ ફીટની જગ્યાને રોકતી હતી. એનો હાલની દેખાવ જો કે મોટો ભાગ પડી ગયેછે તોબી ઘણો ગંજાવર લાગેછે. તેની દીવાલો નજદીક ૨૦) ફીટ જાડી અને કોઇ ગમ ૧૦૦) થી ૧૨૫) ફીટ ઊંચી ઉભેલીછે. તેમાં છુટા છુટા ઓરડાઓ કરી તેઓની વચમાં મોટા નાહવાનાં તલાવો કીધેલાછે. જમીનપર આગલ ઓઅરક કામ કીધેલું હતું તેનો થોડોક ભાગ સલામતછે. તેપરથી તે વખતે એ કેટલો સોભઇતો બાંધેલો હશે તે માલમ પડી આવેછે. એને વાસતે કહેછે કે એમાં પુતળાં તથા દીવાલોપર રંગીન મીતારો તથા સંગેમરમરનું કામ અંદરથી લીધેલું તેથી ઘણોજ ભપકાદાર હતો. એમાં બણ્યાંથી ઘણું ઊંચા હુનરની બનાવતનાં પુતળાં તથા થાંભળાનાં મથાળાં સંગેમરમરનાં મલ્યાં હતાં. એ હમામને સારૂં ૧૬) મૈલ દુરથી પાણી જળ નળો બાંધીને લાવેલા હતા, તથા ગરમ પાણી સારૂં દીવાલોની વચમાં ચોરસ મોટાડીનાં નલો કીધેલા હતા જેમાંથી બધે ઓરડાની આસપાસ ગરમ પાણી ફરી વલવાથી ગરમ નાહવાણ કરવાને બનતું હતુ. પેલું પાણી ૧૬) મૈલ દુરથી થંડી નાહવાણ (બધાને મોટા તલાવમાં) એક ગમથી ઘણું બાંચાઓ કીધેલાછે ત્યાંથી અંદર આણીને બીજી ગમનાં બાંચાઓમાંથી પાછું બરાબ પાણી ઉપરથી નીકળીને ટાઇબર નદીમાં જાય તેથી પાણી હમેશાં ગમે તેટલાં માણસો અંદર નાહે તોપણ સાફને સાફ રેહેતું હતું

એ જોઇને પછી બી પેલેટીન હીલપર અસલનાં શેહેનશાહો (સીઝર્સ) નાં મેહેલો જોવા ગયા હતા. એ ટેકડીપર પેહેલવેહેલું રોમયુલશે રોમ શેહેર વસાવ્યું હતું. ત્યારપછી શેહેર જેમ વધતું ગયું તેમ જુની દીવાલો ભાંજતા ગયા અને નવી વધારતા ગયા હતા. રોમયુલસની બાંધેલી દીવાલનો ઘણોજ થોડો ભાગ અહીંયાં દેખાડવામાં આવેછે. એ ટેકડી ઉપર ઓગસ્ટસ શેહેનશાહનો જનમ થયો હતો, અને તેને પોતાનું રેહેણ એ જગ્યાપર જ્યાં આ-

ગલ શેહેનશાહો રેહેતા હતા ત્યાં કીધું હતું. નીરો શેહેનશાહે પોતાનો મેહેલ એટલો તો મોટો બાંધ્યો હતો કે તેની બરોબરી હજુ કોઇ કરી શકયું નથી, તોપણ તેનો પછીનો શેહેનશાહ વેશપેસીઅન અહીંયાં આવીને રહયો હતો તેને વલી મેહેલ વધારયો, એ પ્રમાણે શેહેનશાહો વારાફરતી વધારતા આવ્યાથી એ મેહેલ હાલ ઘણો મોટો ખંડેર દીસેછે. જમવાનો દીવાનખાનાનો જે ભાગ સલામતછે તેમાં જમીનપર મજેહનું મોઝઇક કામ તથા દીવાલપર મેવાથી ભરેલી વાઝીસ ચીતારેલી દીસેછે. એ લોકોનાં જમવાના દીવાનખાનાની પાછલ એક બીજો નાધળો ઓરડોછે જેને Vomitoris ધ્યાને વમન (વોમીટ) કરવાનો ઓરડો કહેછે. અસલ એવો ધારો હશે કે (ધ્યા તો તેઓ બાધરા હોય) શેહેનશાહ પોતે બાધને બીજાઓનેબી એટલું તો ખવાડતો પીવાડતો કે ગળાં સુધી ભરાયકે ઓરડામાં શેહેનશાહ જઇને ઉલટી કરી આવે, અને વળી પાછો બેસીને જમતો હતો તે માટે એ ઓરડો પછવાડે તૈયાર રાખેલો હતો. એમ હમારા ગાઇડ હમોને સમજાવ્યું હતું. એ જગ્યાપર રોમ્યુલસની આગલબી (ઇ૦ સ૦ ૧૨૦૦ વરસ આગમજ) ઇમારતો હતી જે રોમ્યુલશે પોતા માટે જમીન ખણતાં તેને મલી હતી, તે ઇમારતોનો થોડો ભાગ મોટા મોટા પથરોના હજુ સલામતછે. એને વાસ્તે કહેછે કે કીંગ ધ્વિનડોરોશે બંધાવી હતી. શેહેનશાહ ટાઇબીરીઅસે પોતાની મા લીવીઆ માટે પોતાનાં મેહેલની હેઠળ ઓરડા બંધાવ્યા હતા. તેમાં હજુ ફરેશકોનાં ચીત્રો સહી ગયલાંછે, તથા દીવાલપરનો લાલ રંગ જેવોને તેવો ૧૮૦૦) વરસ જુનો થવા છતાં દીસેછે. શેહેનશાહ કાલીગ્યુલાએ જે મેહેલ બાંધ્યો હતો ત્યાંથી કેપીટોલ ચુથી જવાનો એક ટેકડીપરથી બીજી ટેકડી સુધી પુલ બંધાવતો હતો તેનો થોડોક ભાગ હજુ સલામત દીસેછે, અને આજનાં સરસ પુલોની બરોબરી કરી શકે તેવી રીતનો બાંધેલોછે. એ મેહેલોની બાજુપર નીચાણમાં જગ્યાછે ત્યાં અસલ સરકસ મેકસીમશ કરીને ઘોડ કરવાની જગ્યા હતી, જે જગ્યા અસલનાં બાદશાહોએ બનાવી હતી તેને પાછલથી શેહેનશાહોએ વધારી હતી. તેની બેકો મોટાડીની હતી તેપર પથરો જડી તેને ઘણી શીંગારી હતી. બ્લીનીનાં વખતમાં એ જગ્યામાં ૨,૬૦,૦૦૦) માણસો બેસતાં હતાં, પણ પાછલથી વધારયા કીધાથી તેમાં ૩,૮૪,૦૦૦) માંણશો બેસી શકે એટલી જગ્યા રોકો હતી. એની દીવાલ ૫૦) ફીટ ઉંચી હતી અને ગોળ બેકો હમનાનાં સરકસોનાં તંબુઓમાં બાંધેછે તેમ કીધેલી હતી. એ જગ્યામાં સેબાઇન લોકો જે રોમની પાસે એક ડુંગરછે ત્યાંનાં રેહેવાસીઓ હતા તેઓને સરત જોવાને બોલાવ્યા, અને અહીં ટેકડીપર રોમનો રેહેતા હતા તેઓ પાસે ઓરતો ઘણી નહીં હોવાથી તે જોવા આવનારા સેબાઇન લોકોનો ઓરતોને પાછી જવા દીધી નહીં અને મરદોને હાંકી કાહાડયા, જે બાબે ઘણી લડાઇઓ એક બીજા સાથે થઇ તેમાં સેબાઇન્સ હારયા હતા; પણ પાછલથી આસપાસનાં લોકોની મદદ લેઇને પોતાનું વેર લેવાને આવ્યા ત્યારે રોમન્સ ધભરાયા તેથી જે ઓરતોને જુલમથી રાખી હતી તેઓને પેટે છોકરાંઓ થયલાં તે છોકરાંઓને તેઓની માંએ શીખવીને મોકલ્યાં કે પેહેલાં હમો તમારાં બાનદાનનો ઓરતોને પેટનાં છોકરાંઓને મારી પછી હમારા બાવાઓને મારો તેથી નગ્મ પડયા હતા અને દોસતી કરીને આગલી વાત ભુલી ગયા હતા. એ બનાવને The Rape of the Sabines કરી તવારીખમાં લખી જણાવેછે. શીઅ-

રસનાં મહેલવાલી જગ્યા તેનાં હાલના ધણીઓ પાસેથી લેઇને ત્રીજા નેપોલીયને ખણી તેમાંથી જે કાંઇ પુતળાં નીકળે તે લેવા સારૂં હડી લાખ ફ્રાંક (દયાને એક લાખ રૂપીયા) આપયા હતા, અને ખણવાથી તેમાંથી ઘણાં પુતળાં તે લેઇ ગયા હતા. ત્યારપછી સને ૧૮૭૦ માં ઇટલીનું એક રાજ્ય થયું ત્યારે તેની સરકારે એ ધણી પાસેથી એ જગ્યા ૬,૫૦,૦૦૦) ફ્રાંકે વેચાતી લઇને તેમાં નવેશરથી ખણવાનું કામ ચલાવ્યું હતું તેથી હમણાં એનો મોટો ભાગ ખુલ્લો જે આગલ દટાઇ ગયો હતો તે થયેાછે.

એ જોઇને પછી ધી ઇરમી ઓફ ટાઇટસ (The Thermae of Titus) કરીને ટાઇટસ શેહેનશાહનું હમામખાનું હતું તે જોવા ગયા હતા. એ હમામ અગલ નીરો શેહેનશાહનો સોનેરી મહેલ કરી વખણાયલા મહેલને પુરી નાંખી તે પર બાંધેલો હતો, પણ તે તદન નાબુદ થઇ ગયેાછે, અને સને ૧૮૧૩ માં એ જગ્યા ખણી ત્યારે તેની હુકળથી નીરો શેહેનશાહવાલો પેલા ગંજાવર મહેલનાં ખંડેર મલ્યાં હતાં. એ જગ્યા ઘણીજ મોટીછે અને તે જુદા જુદા ઘણીઓનાં હાથમાં ગઇછે; જેપર ખેતીવાડી થાયછે પણ થોડો ભાગ ખણ્યો તેટલાં ખંડેર હમણાં સાફ કીધેલાછે જે જોતાંખી આપણે તેની મોહોટાઇ જોઇને અજાયબ થઇયે છીયે. હાલી કાહાડેલા ભાગમાં ફકત ૬૦) ઓરડાછે. એનાં મહેલને ફરતા ઓટલા જેવું હતું તેનાં થાંભળા ૨,૦૦૦) કેહેવાયછે, અને એ મહેલ અગલ ત્રણ ટેકડી ઉપર બાંધેલો હતો. એને પેહેલવેહેલો મોળમી સદીમાં ખણ્યો હતો તે વખતે એની અંદર ચીતરો સધળું સારી હાલતમાં નીકળવાથી એ જુનાં ચીતરોની નકલ ઉસ્તાદો જેવાકે રેફેલ અને ગાયવોની ડીઉડી અને બીજાવોએ તેવા નહીં હોવાથી કીધી હતી (પોમપીઆઇ તે વખતે ખણી નહીં કાહાડેલું હતું). એ મહેલની ઉપર ટાઇટશનાં હમામનો થોડો ભાગ સલામતછે. તેની દીવાલો એવી તો મરમ ઇંટ તથા ચુનાની બાંધેલીછે કે તેનો જાણે કે એક કાંકરોખી ખડેલો નહીં હોય તેમ દીસેછે. કેટલીએક જગ્યાપર વોલકેનીક પથરો જેને ટુફો (Tufo) કરી કહેછે તેનાં ચોરસ કટકાઓની ઇંટની માફક દીવાલો બાંધેલીછે. એ પથર જુની અતરેની ઇમારતોમાં ઘણો મલેછે, અને તેને ટાઇટસ શેહેનશાહે પેહેલવેહેલો બાંધ કામમાં વાપરયો હતો. એ હમામ બાંધવા સારૂં તેનો નીચેનો મહેલ તદન પુરી નાંખ્યો હતો. તે પુરણી દેખાડવા સારૂં કેટલોક ભાગ એમનોએમ રેહેવા દીધેલો છે. ખણી કાહાડેલા ભાગમા મોટા ઓરડાઓ તથા ચાકરોને તેમાં જવા સારૂં તેનાં મથાળાંપરની ચાલો રોસ્તી આવવા સારૂં ઉપરથી ખાંચા રાખીને બાંધેલી હજુ ઘણી સારી હાલતમાંછે, પણ તેની ઉપર ટાઇટસનાં હમામની જગ્યા હોવાથી તે બાંચાઓ પુરાઇ ગયાથી હમણાં તે વાટ અંધારી લાગેછે. એ વાટમાંથી ૬૦) ઓરડામાં જવાઇ શકાતું હતું, જેઓ એકજ હારમાં બાંધેલા હતા, ત્યારે તેની પાછલનાં બીજા ભાગોમાં કેટલા ઓરડા હોવા જોઇયે તેનો વીચાર કરવો. એ નીરોએ જે મહેલ બાંધ્યો હતો તેની હુકળ મીસેનાઝનું ઘર આગલ હતું, તેથી એ પ્રમાણે એકની ઉપર એક એમ ત્રણ ઘેરો બંધાયલાં હતાં. ઉપલી વાટમાં ફ્રેસ્કો ચીતારેછે તેને વાગ્મને કહેછે કે અગલ આરબ લોકોને અહીંયા બંદીવાન લાવ્યા હતા તેઓ પાસે તે ચીતરો કરાવ્યાં હતાં, જેનો થોડોક ભાગ હજુ દીસેછે જે ઉપર આરકાંનાં કુવો પાડેલાંછે.

એ જોઇને પછી ધી કેપીટોલ (The Capitol) નાં મહેલની હુકળ કુંગરનો

અંદર અસલ બંદીવાનોને રાખતા હતા તે જગા જોવા ગયા હતા. એ જગા હાલ ક્રીસ્ચીઅનોનાં સેંત્સ પીટર અને પોલનાં બંદીખાનાં દાખલ ઓલખાયછે. એમાં જવા સારૂ ઘણી સીડીઓ ઉતરવી પડેછે તથા તે જગ્યા અંધારી હોવાથી સાથે બતી લઈ જવી પડેછે. અસલ એ સીડીઓ નહીં હતી પણ તે બંદીખાનાંની કોટડીઓ માંથે એક ચોરસ ખાંચો હતો, તેમાંથી એ બંદીવાનોને હેઠળ ઉતારતા હતા. તે ખાંચાઓ હજુ મજામતછે. પેહેલાં ભોયરાં હેઠળ વળી બીજું ભોયરૂંછે જેમાં પણ જવા સારૂં ઉપર મુજબ ખાંચો હતો, ફકત એક બાજુપર લોખંડનું બારણું હમેશાં બંધ રાખતા હતા, જે રસ્તે ભુખમારાથી જેઓ એ ભોંયરાંમાં મરી જતા હતા તેઓનાં મુડદાં બાહાર કાહાડી નાખતા હતા. એ ઓરડા ૧૯ થી ૧૦ ફીટ અને ૬૫ ફીટ ઊંચાઇમાંછે, અને તે અત્તીઅણું અંધારામાંછે, તેમાં સૌથી હેઠળનો ઓરડો તો ઘણોજ ખરાબછે, જેમાં અંધારૂં તો રહયું પણ હવાખી ઘણીજ શેહેજ આવતી હશે. એ છેલી કોટડીમાં ઉપલા સેંત્સને બંધ કીધા હતા ત્યાં હાલ દેહેરૂં બાંધેલું છે. એ બંનેને એક ખુંટા સાથે સાંકળથી બાંધી રાખતા હતા તે ખુંટો પણ હમણાં સુધી સલામતછે, તથા એ કોટડીમાં એક નાધળો ઝરો પાણીનોછે તેનો આસપાસ જરા કોર બંધું બાંધીને ટાંકી બનાવીછે, જેને વાસ્તે કહેછેકે જયારે ઉપલા સેંત્સ બંદીવાન હતા ત્યારે પોતાના દારોગાઓને તેઓએ વટલાવ્યા હતા (એ વખતનો શેહેનશાહ નીરો તથા તેની રયયતનો મોટો ભાગ મુરતી પુજતા હતા) તે વખતે બપટીસમ આપવા સારૂં પાણી કુદરતથી પોતાની મલે એ ઝરો નીકળી આવ્યાથી મલ્યું હતું, તે બાબેજની તસવીર ચીતારી ઉપલા ઓલટરપર મુકેલીછે. પાછલથી એમાં નાં સેંટ પીટરને ઊંધો ટાંગી ક્રાસપર બીજા મારીને તથા સેંટ પાલને ગરદન મરાવી નીરો શહેનશાહે મરાવી નાખ્યા હતા.

એ જોઇને પછી બોરગીજી સહેલગાહમાં ફરવા ગયા, જ્યાં આજે આદીતવાર હોવાથી ઘણું લોક ગાડી ઘોડે ફરવા આવ્યું હતું. ત્યાંથી નીકળીને પીનશીઅન હીલની ટેકડીપર ગયા હતા જ્યાં આદીતવાર હોવા છતાં વાજું વાગતું હતું. એ જગાપરથી રોમનો દેખાવ ઘણો સરસ દીસેછે, તથા રોમ શેહેર જે સાત ટેકડીપર બાંધેલું છે તેનાં છુટા છુટા ભાગો હમારા ગાઇડે બતાવ્યા હતા. એ સાત ટેકડીનાં નામો નીચે મુજબછે—સૌથી પેહેલી જેપર રોમયુલસે પેહેલું રોમ શેહેર વસાવ્યું હતું તેનું નામ પેલેતાઇન (Palatine) જ્યાં શીઝરસનાં બાદશાહોનાં મેહેલોછે. બીજી આવનટાઇન (Aventine) જે સેંટ પોલનાં દેવલપર જતાં રસ્તામાં આવેછે અને જે પર ઓરફનેજ બાંધેલું છે. ત્રીજી વીમીનલ (Viminal) જે ઉપર રેલવે સ્ટેશનછે. ચોથી વાટીકન (Vatican) જેપર સેંટ પીટરનું દેવલ તથા પોપોનો મેહેલ આવેલોછે. પાંચમી કુવીરીનલ (Quirinal) જેપર હમણાંનાં બાદશાહોનાં મેહેલછે. છઠી કીલીઅન (Caelian) જેપર સેંટ જોન ધી લેટરનનું દેવલ આવેલું છે. અને સાતમી એશકુવીલાઇન (Esquiline) જેપર સાન્ટા મેરીઆ મેજોરીનું દેવલ આવેલુંછે. એ પ્રમાણે સાત ટેકડીઓ રોમ શેહેરમાં આવેલીછે. હમોએ તેની ઉપર આવેલી ઇમારતોનાં નામો લખ્યાંછે તેથી એમ નહીં સમજવું કે તેટલીજ ઇમારતો તેપર આવેલીછે પણ બીજી ઘણી આવેલીછે. ફકત હમોને ધ્યાનમાં બરોબર લેવા તે પરની હમોએ જોયલીઓનાં નામો યાદ રાખવા ઇધાણી દાખલ લખ્યાંછે.

તા૦ ૨૪ મી અકટોબર ૧૮૮૧— આજે સવારનાં સેંટ પીટરનાં દેવલમાં અતરેનાં પોપસને લગતી ટીજોરી જોવા ગયા હતા, જ્યાં એ દેવલને તથા પોપસને લગતું ઝવેરાત તથા પોશાક રાખેછે. એ ટીજોરી એક મોટા આતશથી ન બળે હેવો (fireproof) ઓરડો બાંધીને તેમાં કબતો હારબંધ કીધીછે, જે શેકીશટીવાલા ભાગમાં આવેલીછે. એ તીજોરીમાં પોપને પેહેરવાનાં તાજ (Tiara) નો નમુનો મુકેલોછે જેપર મોટાં નંગનાં ઘણું હીરા માણક મોતીઓ જડેલાંછે. અસલ તાજ તો પોપની પોતાની તીજોરીમાંછે જેની કીમત ૫૦) લાખ ફ્રાંક ઇયાને ૨૦)લાખ રૂપીયાની કેહેવાયછે. એની પાસે એવાં બે તાજોછે તેમાં એક અસલી રીતનાં વગર કાપેલાં નંગોનું તથા બીજું જેની નકલ હમાએ જોઇ તે હમણાંની રીતનું ચલકતાં તથા કાપેલાં ઝવેરાતનુંછે. એ નકલી તાજ જ્યારે સેંટ પીટરસનો મરવાનો દીવસ આવેછે ત્યારે એનું બરોનઝનું પુતળું જે દેવલમાંછે તથા જેનો પગ તેનાં પુંજનારાઓની ચુમીઓથી ઘસાઇ ગયોછે તેને પેહેરાવેછે, તથા તેજ પુતળાંને ઉંચા કસબી પોશાક તથા ઝવેરાતનાં ફ્રાસ પેહેરાવેછે, અને એની કુંચી (Key of St. Peter) પણ તે પુતળામાં કોતરેલી કુંચીઓમાં ઓળવેછે. એ કુંચીપર ઝવેરાત જડેલું છે. એ મુજબ એ કાળા રંગનાં બ્રાંનઝનાં પુતળાંને તે દીવસે આવા ભપકાથી સણગારેછે તે કેવો સોભતો હશે તે વીચારી લેવું. એ ઉપરાંત પોપનાં પોતાના માથાંપર માશ (Mass) ભણતી વખતે પેહેરવાની ટોપી (Mitre) પર પણ બેઆંની જેટલા કદનાં ખરાં હીરા માનક તથા પાંનાઓ જડેલાંછે, અને એવી ટોપીઓ ઘણીછે જે જુદી જુદી વખતે કીયામાં બદલેછે. એનાં તે વખતનાં પેહેરવાનાં ઝભા પણ ઘણી ઉંચી કીસમનાં રેસમી તથા કસબી ભરત કામનાં સેંજની સબીઓ સાથનાં જોવા લાયકછે, તેમાં છેલા પોપના ઝભા ઉપર એટલું તો જાડું કસબ કામ લીધુંછે કે તે ૯) રતલ વજનમાં થાયછે. એ ઉપરાંત "માસ" પઢવાની રૂપાની ટેબલ તથા સોનાનાં કપ ઉપરાંત બીજાં ઘણું સોનાનાં વાસણો કબત ભરીને મુકેલાંછે. તે સાથે મોટાં કદનાં હીરા તથા ઝવેરાત જડેલાં ફ્રાસ સેંટ પીટરનાં પુતળાં સારૂં બરોબ્ય ક્રીસ્ટલનો ફ્રાસ જે પોપ પોતાની સ્વારીને વખતે હાથમાં લેઇને ઘુરણી ઉપર બેસેછે તે ઇત્યાદી ઘણું જોવા લાયકછે.

એ જોઇને વેટીકનનાં મેહેલનું પુસ્તકખાનુ જોવા ગયા હતા. યુરોપનાં બીજાં પુસ્તકખાનાં જેવું આ મોટું નથી તોપણ એમાં જુની તથા વખણાયલી ચોપડીઓનો સંગ્રહ ઘણો સારોછે, જે બધી મલીને આસરે એક લાખ વોલમો છે, તેમાં હાથની લખેલી ચોપડીઓ આસરે ૨૪,૦૦૦) છે, જેમાં ૧૭,૪૦૦) લેટીન, ૩,૪૫૦) ગ્રીક, અને ૨,૦૦૦) ઉગમણુ તરફની બોલીઓમાંછે. એ પુસ્તકશાળા સારૂં શીકાગોમનું સંગ્રહછે તેની સામે એક વીંગ ૧,૨૦૦) ફીટ લાંબી બાંધી તેમાં હારબંધ કબટો ગોઠવી ચોપડીઓ રાખેલીછે. પેહેલો ઓરડો તદન રંગીન સંગેમરમરનાં પથરનો શીણગારેલોછે, પણ ત્યારપછીનાં એક પછી એક ઓરડામાં દીવાલોપર એ લાઇબરેરી સ્થાપનાર તથા તેને વધારનારા પોપસના બેહેવાલોનાં ચીતરો કીધેલા તથા છતપર ફુલોની તથા બીજી એવી તરાંહો પાડેલીછે. અરધો ભાગ ગેલેરીનો પસાર કરતાં ડાબા હાથપર એક મોટું દીવાનખાનું આવેછે, જેને કાંગનશીલ રૂમ કહેછે ત્યાં કારડીનલો સાથે પોપસને કાંઇ મોટાં કામો સારૂં મસળત કરવી હોયછે ત્યારે મીજલસ ભરેછે, જે

આગેની તસવીરો તે ઓરડાની દીવાલોપર ચીતારેલીછે. એ ઓરડામાં પોપસને મલેલી થોડીક ભેટો મુકેલીછે, તેમાં ૧૨) બ્રોનઝનાં પુતળાંપર મોટો પથર મુકીને બનાવેલી ટેબલ, ડરેશડન, સેવાગ્મે તથા આગ્મેનાના મોટાં કીમતી વાઝીસ, ત્રીજા નેપોલીયનનાં છોકરાને જે ફ્રાનટમાં બેપટીસમ આપયું હતું તે વાસણ, એવું ઘણું મુકેલું છે. એ દીવાનખાનું મુકયા પછી પાછા ગેલેરીને રસતે આગલ વધતાં અસલના વખતની ચીજોનો ઓરડો આવેછે, તેમાં ફ્રીસ્ચીઅન લોકોની અસલની તથા મુરતીપુજારાઓની ઘોરમાંથી મલેલી ચીજોનો સંગ્રહ કીધેલોછે. એમાં કાચનાં વાસણો ઘણાં વરસો સુધી જમીનમાં રેહેવાથી રંગ બદલાઇને તેમાં વરસાદની કમાણ જેવો રંગ માલમ પડેછે. તે ઉપરાંત પુતળાં, ફાનસો, બાટલીઓ, ઇત્યાદી ઘણું એકઠું કેશોમાં કીધેલું છે. તેની પછીનાં ઓરડાઓમાંથી જુની ચીજોનો સંગ્રહ ઉપરાંત છેલા પોપને ફ્રાંન્સની ઓરતોએ એક ચોપડી મુકવાનું સ્ટાંડ તથા ભણવાની ખુરશી મોકલેલીછે, તેપર હાથીદાંતનાં નાહનાં નાહનાં પુતળાં જોવા લાયક ઘણું જડેલાંછે. સૌથી છેલા ઓરડામાં એજ પોપની વીનીશીઅન કાચમાં બનાવેલી મખી દીવાલમાં મુકેલીછે તે ઘણીજ સરસછે, અને ઓરડામાં બીજી બારીઓ બંધ કરેછે ત્યારે તે કાચમાંથી લાઇટની અસર એ મખીપર સારી પડેછે. એ ઓરડામા પોપને ભેટ મલેલી ચીજો એકઠી કીધેલીછે, જેમાં મોટો ભાગ ચોપડીઓ તથા આલબમોનોછે. સાગ્મેમનાં રાજાએ એને સોનાનું પાનદાન તેનાં સઘળા સામન સાથે ભેટ કીધેલું છે તે ઉપર તેનો ફોટોગ્રાફ નામ સાથે મુકેલોછે. [સ્પેનનાં ૨૨) ગામમાંથી એ પોપને એક પર્સ (કોથલી) ડાલરોની ભેટ મલી હતી તેઓનાં નાંમા તથા ભરેલા પઇસાની રકમો એક આરસીમાં ફ્રેમ કરીને ટાંગેલીછે. એ ઉપરાંત બીજા ઓરડાઓમાં જુની ચોપડીઓ કાચનાં કેશોમાં ઊંધાડીને મુકીછે, તેમાં વરજીલનો કવીતાની ચોપડીઓ પાંચમી સદીમાં તેનાં હાથની લખેલી, ડાન્ટેની બહેસ્ત અને દોઝખપરની કવીતા, બોકાસીઓનાં હાથની કોપી કીધેલી, વેનીશનાં ડોજીસની તવારીખ તે વખતનાં બનાવોનાં ચીતાર ઘણુંજ સરસ શાથની, તથા બાઇબલો, પેપેરસપરનાં લખતો ઇત્યાદી હજારો વરસનાં જુનાં મુકેલાંછે. એ ઉપરાંત અસલનો ધમારતોપરનાં સરસ ફરેસ્કો ચીત્રો તેનો દીવાલનાં ચોસલાં સાથે ખણી લાવી ફ્રેમોમાં મુકેલાંછે. અસલની પોપસની ગંજાવર વીટીઓ કેટેકોમબશમાંથી મલેલી, બારમી સદીનાં લાકડાંપરનાં પેનટીંગશો, કેટેકોમબશમાંથી મલેલા રંગીન મારબલોની એક તથા શીઝરસનાં મેહેલમાંથી મલેલા રંગીન પથરોની એવી બે ટેબલો ઘણીજ સરસ બનાવી મુકીછે, તથા બીજી ઘણી ચીજો જોવા લાયક હતી જેની વીગતો હમો લખી શકતા નથી.

એ જોઇને પછી વાટીકનનાં મેહેલમાં પોપસનો સ્ટેટ કેરીઅેજીશ જોવા ગયા હતા. એ ઉપર લખેલી લાઇબરેરીનાં હેઠળનાં ભાગમાં એનાં તબેલાઓછે તેમાં છુટા ભાગ કરીને મુકીછે, જે બધી મલીને ત્રણ ગાડીઓછે, તેમાં મોટાં તાકણાંઓપર વાપરવાની ઘણી ભપકાદારછે, તેની અંદરની બેઠકમાં એક બાજુપર વચમા મખમલની ખુરશી કીધેલીછે, જેપર પોપ એકલો બેસેછે અને તેની સામેનો બેઠક ઉપર બે કારડીનલો બેસેછે. એ ગાડી જરા ઊંચી હોવાથી તેમાં ચઢવા ઉતરવાની સીડી અંદરથીજ વાલવાની છ ટપાની ઘણી સરસ બનાવેલીછે. ગાડી બધી લાલ રંગની કરી તેપર ઘણી ગીલીટ કીધેલી

તથા પેનલોપર પુતળાં અને મથાળાંપર સોનેરી ગીલોટનાં ફુલો ગોઠવેલાંછે. એ ગાડી વરસમાં ચાર વખતજ છ ઘોડા જોડીને વાપરેછે. બીજી ગાડી બીજા તેહેવારોપર વાપરવાની તેથી ઉતરતી ગીલોટ તથા ભપકાની, અને ત્રીજી ગાડી હમેશાં વાપરવાની બે ઘોડાની પણ લાલ અને તેપર ઘણોજ થોડો ઘોળછે. પેહેલી ગાડી જે બધામાં સરસછે તેની કીમત ૧,૫૦,૦૦૦) ફ્રાંક થયાને રૂપીયા ૬૦,૦૦૦) ની કહેછે.

એ જોઇને અતરેનાં મોથી મોટા સરકસની ઈમારત જોવા ગયા હતા. એમાં સરકસની વખતે ૭૫૦૦) માણુસો બેસેછે, અને સરકસ નહીં હોય ત્યારે થીયેટર થાયછે તે વખતે નવો સ્ટેજ ઉભો કરેછે. એનું નાંમ Umberto Primo Circus કરીને છે. તે અસલ ઓગસ્ટસ શહેનશાહનો ઘોર હતી તેપર બાંધેલોછે, અને અંદરથી ઘણો ગંજાવર લાગેછે. એની બાંધણી ગોળ અને વચમાં કાચનું છાપરૂં કરેલુંછે.

એ જોઇને પછી અતરે વખણાયલાં પથરનાં મોઝાઇક કામનું કારખાનું (ફેકટરી) જોવા ગયા હતા, જ્યાં ઘણું બીજું કામ આરશીઓ તથા ટેબલોમાં જુનાં રોમની ઇમારતોનો તસવીરો પાડતાં હમોએ જોઇ હતી, અને જે તયાર થાયછે ત્યારે જાણે ઓઇલ પેનટીંગનો હોય તેવી લાગેછે. એવી એક નાહાની આરસી બનાવતાં એક માણુસને એક વરસ લાગેછે. એવી ત્રણ ફીટના આરસીનાં ૧૬,૦૦૦) ફ્રાંક કીમત માગતો હતો એટલું કામ એ મોધું બનેછે. એની બનાવત જેમ કાચનું મોઝાઇક કામ વેનીશમાં બનાવતા હતા તેમ રંગો પથરનાં જેવા કાંચ મેળવણીથી મજબુત બનાવી તેનાં જોઇતી કદનાં ટુકડા કરી તે વાપરેછે. એવા ૨૮,૦૦૦) રંગનાં જુદા જુદા "શેડશો" એ કારખાનાંમાં વપરાયછે. એવું તેનાં ધણીથી સાંભળ્યું હતું.

હમોએ રોમ શહેરમાં જે જોવા લાયક હતું તે સઘળું જોઈ રેહેવાથી આજે સાંજનાં પાંચ વા। આગગાડીમાં નીકળેલા રાતનાં કલાક બાર વાગેને નેપલસ પુગ્યા હતા. રોમ શહેર ઘણું મોટું અને અસલથી દુન્યામાં વખણાયલુંછે. અસલ એ શહેરને હસતક તે વખતના જાણતી દુન્યાનો મોટો ભાગ હતો, અને તે વખતે એની વસતી ૧૫)લાખ આદમી સાથી વધી ગઇ હતી. એ શહેરમાં તે વખતે ૪૨૩) બે હોલા, ૧૯૯૦) મોહોલો અને ૪૬,૬૦૨) રેહેવાનાં ઘેરો હતાં. તે ઉપરાંત ગમત માટે ૧૨) ઠરમી (ઇયાને ગંજાવર હમામખાનાં)૮૫૬) માફક શરનાં હમામખાનાંછે।, ૧,૩૫૨) કુવારા, ૪૨૩) દેહેરાં, ૩૬) કીરતી મોરાખ (ટગયમફુલ આરચીસ) અને ૧૦) બાશીલીકા (ઇયાને મોટાં દેવલો) હતાં. પણ પાછલથી કોનસ્ટેનટાઇન શહેનશાહે રોમથી પોતાનું પાયતખ્ત કાહાડીને કોનસ્ટંટીનોપલમાં લઇ ગયો ત્યારથી એ શહેરની પડતી હાલત આવી હતી, તોપણ એ છેલા શહેનશાહે ત્યાં ક્રીશ્ચીઅન ધરમ પાળવાની છુટ આપવાથી એ ધરમનાં ગુરૂઓ (પોપસ) નો કાબુ વધતો ગયો, અને તેઓને બીજા રાજાઓથી વારાફરતી શહેરોની ભેટો મલવાથી એક રીતે રાજાઓ પોતે બની રાજ ચલાવતા હતા. તેઓનાં વખતમાં એ શહેરને વારાફરતી વેનડલ્સ, ગોઢ્ઢ, સારાસેન્સ તથા બીજાઓએ લુટ્યું હતું. ત્યાર પછી પોતપોતામાંજ મોટા બાનદાનવાળાઓમાં લડાઇઓ ચાલી તેથી પોપ પાચમાં કલેમેનટે પોતાનુ તખ્ત ત્યાંથી કાહાડીને સને ૧૩૦૯ માં આવીનોન (Avignon) માં લઇ ગયો. તે વખતે એ શહેર એટલું તો પડતી હાલતમાં આવી ગયું હતું કે તેમાં ૨૦,૦૦૦) માણુસોની વસતી ભાયગે રહી હોય. એવું એક વખતનાં એ દુનયાની શહેનશાહત ભોગવતાં શહે-

ની હાલત થઇ ગઇ હતી, પણ પોપ દશમો ગ્રેગરી પાછો સને ૧૩૭૭ માં ત્યાં આવ્યા પછી એની હાલત સુધરતી ગઇ હતી, અને પોપસની તીજોરીમાં બધા દુન્યાનાં ભાગોમાંથી નાણું આવવાને લીધે પાછું તેને તેઓ સુધારતા ગયા હતા. તેમાં પાંચમાં સેક્ષટસનાં વખતમાં હમણાંનું રોમ શહેર ઘણું સુંદરયું હતું. સને ૧૭૯૮ ના ફ્રેંચ રેવોલ્યુશનની વખતે રઇયતનું રાજ થયું હતું, અને સને ૧૮૦૯--૧૪ સુધી ફ્રેન્ચ સરકારને હસ્તક રહયું હતું. સને ૧૮૪૯ માં પાછું રીપબ્લીક થવાથી ફ્રેન્ચ સરકારે તેને જીતીને પોપ નવમા પાયસને સ્વાધીન કીધું હતું, અને ત્યાં ફ્રેન્ચનું ૧૫,૦૦૦) માણસનું લશકર જાયુક રેહેતું હતું. તે ફ્રેન્ચ અને પરશીઆની લડાઇના વખતે સને ૧૮૭૦ માં બોલાવી લીધાથી ઇટલી દેશનાં રાજાનાં લશકરે સ્વાધીન લઇને ઇટલીનો રાજધાનીમાં સામેલ કીધું ત્યારથી તે હમણાં સુધી એ શહેર પાછું ઇટલી દેશનું પાયતખ્ત ગણાયછે. એની વસતી આસરે ત્રણ લાખ માણસની કેહેવાયછે. અહીંયાંની ઇમારતો માફકશરનીછે. તેમાં અમલનાં મોટા ઉમરાવી ખાનદાનનાં મેહેલો ઘણાં મોટા અને મજબુત બાંધેલા તથા તેઓને ત્યાં ચીતરોનો સંગ્રહ જગે જગે કીધેલોછે. રસતાઓ થોડા ઘણાં સાંકડા અને બીજા માફકસર પોહોલાછે. વાઆ નેશનલ (Via National) કરીને રસતોછે ત્યાંની હવેલીઓ સારી અને યુરોપનાં બીજાં દેશોને મલતી આવેછે. કોર્સો (Corso) કરીને એક મોહોલો આસરે બે મેલ લાંબોછે. તે અહીંયાંનો મુખ્ય મોહોલો ગણાયછે. યાંની જગા ઘણી મોંઘી કીમતે વેચાયછે. તે તથા બીજા એવા બે ચાર મોહોલા સીવાય બાકીના જુના ભાગની ઇમારતો કોક કોકતો બહુ કંગાલ હાલતમાં દીસેછે. અહીંયાં જોવામાં અમલના વખતનાં ખંડેર જગે જગે રાખેલાંછે, તે જોવા સારૂ હજારો લોકો યુરોપનાં બીજા ભાગોમાંથી આવેછે. એ સીવાય જગોએ જગોએ મોટા કુંવારા તથા ચોક તથા પુતળાં અને ઓબેલીસ્કોથી શહેર ઘણું શોભાયમાન બનાવેલું છે.

તા૦ ૨૫ મી ઓકટોબર ૧૮૮૧— હમો ગઇ કાલે રાતનાં બાર વાગે આગલ લખ્યુંછે તેમ નેપલ્સ શહેરમાં આવી પુગા, અને અતરેનાં દરીયે કીનારાપરનાં આવેલાં હોટલ ડી મેટરોપોલમાં ઉતારો લીધો હતો. આજે સવારનાં દીવસ જરા ખુલો માલમ પડવાથી (બે દીવસ સુધી રોમ તથા નેપલ્સમાં લાગત વરસાદ પડયો હતો) હમો પેહેલી તકે અતરેનો વખણાયલો બલતો પાહાડ વીઝુવીયસ (Visuvius) જોવાનો ઠરાવ કરીને હોટલમાંથી ઘોડાનો ગાડીમાં બેસીને સવારનાં ૧૦ ને ૨૦ મીનીટે નીકળયા હતા. એ પાહાડ નેપલ્સની સાંમેછે અને ત્યાંથી બરોબર દીસેછે; એની પાસેજ બીજો પાહાડછે તેને માઉનટ સોમા (Mount Somma) કરીને કહેછે. એ વીઝુવીયસનો પાહાડ નેપલ્સથી આસરે ૧૧) મેલ દુરછે, અને આબો રસતો છેક પાહાડની નજદીક સુધીની હેડાગુ તુલીક વસતી તથા ઘેરો જાણે એકજ શહેર હોય તેમ નેપલ્સથી મલેછે. નેપલ્સનો પાસે હારબંધ બીજાં ત્રણ ગામો આવેલાંછે તેથી તે સઘળાં વધતાં વધતાં મલીને હમણાં એક થઈ ગયાંછે. પાહાડની હેડાણુમાં આવ્યા કે એ પાહાડ ફાટીને તેમાંથી નીકલેલો રસ જેને "લાવા" કહેછે તેનાં રેલા જે એ રસતાની બાજુપર્યા સને ૧૮૪૦ માં પાહાડ ફાટયો ત્યારે ગયો હશે તેનાં કુંગરો થયલા મલ્યા હતા. એનો દેખાવ જાણે સુકા કોચડનાં ધગલા હોય તેમ પણ કાળા રંગનો લાગેછે, અને જ્યારે રસ નીકલતો બંધ થાયછે ત્યારે તે વેહેતો બંધ થઈ

જઈને ખંધાઈ જાયછે, તેથી તે ઉપર કકડા ચઢતા હશે તે સુધાં ખંધાઈ જવા થી તેનાં જાત જાતનાં આકારો બની રહયા હતા. ત્યાંથી ઉપર જવાનો ચઢણ મલી હતી, અને વારા ફરતી પેહેલાં એક બાજુપર અને પછી બેઉ બાજુપર એ લાવાનાં ડુંગરો મલ્યા હતા, તથા પછી તો સઘળી જગાએથીજ બનેલી અને તેમાંથીજ રસ્તો પણ પસાર કીધો હતો. એ લાવાનો પથર ઘણોજ હલકો તથા મજબુત અને રસ્તા બનાવવાનાં કામસર નેપલ્સ તથા બીજા શેહેરોમાં આવેછે. એ પ્રમાણે જોતા જોતા ઉપર ઘણા ચહડયા ત્યારે એ પાહાડમાંનાં બલતાંમાંથી નીકલેલી રાખનાં ડુંગરો લાવાની ઉપર બની ગયલા દીસવા લાગ્યા. એ રાખના ઢગલાનાં ૨૦૦) ફીટ સુધીનાં પડ લાવાની ઉપર બંધાઈ જાયછે એટલી રાખ પાછલથી ઉડેછે. પાહાડને અરધે રસ્તે એક ઇમારત આવે છે ત્યાં એ પાહાડ ફાટવાની તૈયારી કરેછે તે બાબે તપાસ રાખવા સારૂ તથા તે ફાટવા પછી વીગતો નોધવા સારૂ ચોકીનું ઘર બાંધેલું છે. એમાં એક જાતનું હથીયાર રાખેલું છે જેને સીસમોગ્રાફ Sismograph કરીને કહેછે, જે ઠરમોમીટરની માફક એનાં ધરતીકંપની વીગતો નોધેછે. તેની થોડેક દુરથી સોલજરોની ચોકી રાખેલીછે. જયારે પાહાડ ફાટવાની તૈયારી થાયછે તેનો બે ત્રણ કલાક આગમજથી પેલી શીશીમાં માલમ પડેછે, ત્યારે નેપલ્સમાં તે બાબે તાર મુકી આસપાસનાં રેહેનારાઓને ચેતવણી આપેછે. જેઓને ગમેછે તો ઘેરબાર ખાલી કરી જાયછે અને ગમે તો નસીબપર આધાર રાખીને પડી રહેછે. એ પ્રમાણે પડી રહેનારાઓમાંનાં ઘણાંજણાંઓ કોઈ વખતે એ પાહાડ ફાટવાથી તેનાં નીકળતા રસની નદીમાં મરણ પામેછે. પાહાડની ઉપર જવા સારૂં છેક બાજુપર ઉપરથી એક ટરામવે બાંધેલીછે, અને ત્યાં રીફ્રેશમેન્ટ રૂમ બાંધેલોછે જ્યાં હમો બપોરનાં બે વાગતે પુગ્યા હતા, તેટલાં વરસાદ ઘેરાઈ આવેલો હોવાથી તેનાં છાંટા પડવા લાગ્યા, અને સઘળું ધુમસથી ઘેરાઈ રહેલું હતું તેથી હમોએ ધારયું કે ઉપર જતાં હેરાનગી ભોગવવી પડશે, પણ રીફ્રેશમેન્ટ લઈ રહયા તેટલાં તો વરસાદ નરમ પડયો હતો. ડુંગરનાં મથાળાંપર ધુમસ એટલો હતો કે એની માંહેથી નીકળતો ધુંમાડો વટીક પણ દીસતો ન હતો. હવે એ જગ્યાપરથી એ ટરામવે બાંધેલીછે, જેનાં પાટા છેક મથાળાં સુધી લઈ ગયાછે તે એટલાતો ઉભા મુકેલાછે કે તે પરથી તારનાં દોરડાંએ ગાડી એચ્યા વગર ગાડી કદીપણ ઉપર જઈ શકે નહીં. એટલો ઉભો રસ્તો હમોએ કોઇ દીને દીઠો નથી. તેવાંપર એક રેલ નાંખી તેપર ચાર બાજોટની બેઠકવાળી ગાડી દોડાવેછે. પાહાડની હેઠળ એક એનજીન ચાલુ કરેછે, અને તેથી પેલાં તારનાં દોરડાં કે જેની સાથે ગાડી બાંધેલી હોયછે તેથી ગાડી તે ઉપર ખેંચી જાયછે તેજ વખત બીજી રેલપરથી બીજી ગાડી નીચે ઉતરેછે. વખતે દોરડું તુટી જાય તો ઘણી મજબુત "બ્રેક" ગાડીને જોડેલીછે તેથી તે રેલને પકડી ગાડીને હોઠ પડી જતાં અટકાવેછે. બે ગાડીનાં પઇડાં બીજી ગાડીઓની માફક ઉભાં નહીં પણ આડાં અને રેલ ઉપર દોડતાં કીધાંછે. તેવાં ચાર (બે એકેકી બાજુપર) તેમજ બે મોટાં પઇડાં રેલ ઉપર દોડેછે. એ પ્રમાણે છ પઇડાં ગાડીની ત્રણે બાજુ ફરતાં આવ્યાથી તેઓ બધાની બ્રેક જો નાએતો ગાડી પાટાઓને વળગી રહેછે, નહીં તો કે જો દોરડું તુટું તો ગાડી તથા તેમાંનાં માણસોને બચવાની આશા કદી રેહેતી નથી. એટલા મોટા ઢોળાવપર બે ટ્રામની રેલ નાંખીછે. એ રેલની "સ્લીપર" જમીનથી આસરે એક ફુટ ઉંચી રાખેલી અને

રેલ પણ આસરે ચાર ઇંચ પોહોળીછે તેથી તેની બાજુપરથી પણ પેલાં વાંકાં પથડાં દોડી શકેછે. એ ટ્રામવે આસરે ૯૮૫) વાર જમીન ઉપર ચાલેછે, અને એટલો કટકો તેને ઉપર ચહડતાં દશ મીનીટ થાયછે. તેટલાંની ટીકીટનાં પૈસા ૨૦) ફ્રાંક ઇયાને ૮) રૂપીયા આપવા પડેછે. એ કમપની સાથ સરકારને વીસ વરસની બોલીછે અને પાહાડ ફાટવાથી જો એને નુકશાન પહોંચે તો બીજી લાઇન બાંધવાની દર વખતનો કબુલાતછે. એ ટ્રામ કંમપનીવાલાઓને જોયા મેલે ઘણો નફો થતો હશે; કારણકે મોહસમપર અહીંયાં ઘણું લોક જોવાને આવેછે અને કોઇ મહીનામાં તો પાંચ હજાર ઉપર માણસ જઇ આવેછે. હમો ગાડીમાં બેસીને દશ મીનીટમાં ઉપર જઇ પુગયા હતા, અને ઉતરયા ત્યારે બોદાનાં હોકમથી સુરજ નીકળ્યો અને આસપાસ પેહેલાં જે કાંઇ દીસતું ન હતું તે સઘળું ખુલું થવા માંડયું, તેથી હમે ખુશી થતા ઉપર જવાની તૈયારી કીધી. હવે હમોને પાહાડ પરનો ઇંમાડો દીસવા લાગ્યો તે જાણે મોટાં વાદળાં ઉડતાં હોય તેવો જાડો નીકળતો હતો. અહીંયી ઉપર જવાને ઘણું બીકટ પડશે એવું બોમીઓએ કેહેવાથી હમે તો ખુરશીઓમાં બેસીને માણસો પાસે ઊંચકાવી જવાની તૈયારી કીધી, પણ ભાગજોગે ત્યાં એકજ ખુરશી મલી તેથી તેમાં એક જણ અને બાકીનાં ત્રણ જણોને બે માણસો દરેકને બાંધબોડી કરીને ઉપર ઊંચકી લઇ ગયા. રસતો બોડો ભાગ સારો મલ્યો પણ જેમ મથાળાંની નજદીકમાં એનાં ક્રેટર (જે જગ્યા ફાટી તેમાં મોટા બાડો પડેછે અને તેમાંથી બળતાં તથા ઇંવાડો ઉપરાંત જયારે ફાટેછે ત્યારે લાવાની નદીઓ વેહેછે તેને Crater ક્રેટર કરી કેહેછે) આગલ આવતા ગયા કે જમીન બરાબ મલવા લાગી, અને જ્યાં નજર કરયે ત્યાં ગંધકનાં ભરેલા પથરાઓ માલમ પડતા ગયા, અને તેની ફાટોમાંથી બધેથી ઇંમાડો નીકળતો હતો. હમોને જુનાં ક્રેટર પર લઇ જઇને હમારા ઊંચકનારાઓએ ઉપલા ઇંમાડામાં ઉતારયા તે વખતે ઇંમાડો અત્તીઘણો હમારી આસપાસ ફરી વલ્યો હતો, અને પાંચ ફીટ દુરની ચીજ પણ કાંઇ દીસવા ન લાગી. ઇંમાડો સઘળો ગંધકનો હતો તેથી નાકે પાટા બાંધવા પડયા હતા અને પેહેલાં જરા દમ લેવાને પણ અડચણ પડી હતી. હવે હમોને જ્યાં ઉતારયા ત્યાં સને ૧૮૭૦ માં પાહાડ ફાટયો હશે તે વખતની ક્રેટર જુની હતી. હમણાં સઘળી પોતાની મેલે તે પુરાઇ ગયલીછે. એ પાહાડની એવી ખુબીછે કે ફાટેછે ત્યારે તેમાંથી પથરા તથા મેટોડીની નદી થઇને સઘળું બાહાર નીકળી પડવાથી પાહાડ નીચેથી પોકળ થઇ અંદર બેસી જઇને ઘણાં ગંજાવર બાદાઓ ૦ા થી ૦ા મૈલ ઘેરાવાના પડી જાયછે, જેને ક્રેટર કરી કેહેછે. હવે પાહાડ બલતો નરમ પડેછે કે કુદરતથી જે પાછો અંદર ઉંડો બાદો પડી ગયલો હોયછે તે પોતાની મેલે હેઠળથી બીજી જમીન નીકલી આવ્યાથી પુરાતો આવેછે. તે ઘણે વરસે પાછો પુરાઇને પાહાડનાં મથાળાંની બરોબર તેની જમીન થઇ જાયછે, ત્યાં હમોને જુનાં જવાળા બાંચરનાં મથાળાંપર લાવીને માણસોએ ઉતારયા હતા, જ્યાં હમોએ લબ્બા મુજબ બધે ગંધકથી ભરેલા છુટા છુટા પથરોની જમીન બનો ગઇ હતી અને આસપાસથી ઇંમાડામાં ઘેરાઇ ગયા હતા. હવે અહીંયાં હમારી પાસે દરેક જણ દીઠ ૨૫) ફ્રાંક નવી બોતરનાં મથાળાંપર જે આસરે ૧૦૦) વાર દુર હશે તે ઉપર લઇ જવાનાં ઉચકનારાઓએ ઠાગો કરી માંગવાની હા લઇ બેઠા, અને હમો

એક ગમ ધુંમાડામાં ગુંગળાયલા અને બીજી ગમ તે લોકો બાલી તકરાર અને પોત પોતામાં મોટે મોટે બોલવા લાગા. હમોને પાછું હટવાની ઇચ્છા આગલ વધ્યે તો ૨૫) ફરાંક દરેક જણને આપવાની ફરજ પડી, તોપણ આટલા નજદીક આવેલા તેથી પાછું ફરવાને ગમ્યું નહીં, અને આગલ વધ્યા તે રસ્તો અતીશ ખરાબ હતો. રાખની અંદર પગ દુખી જતા હતા અને માણસો હમોને બાંધગોરી કરીને લઇ ગયા તેઓનાં પગ ફસડાઇ જતા હતા. એ પ્રમાણેની મેહનત લેતાં છેક તે નવો ક્રેટર (જે સને ૧૮૭૯ માં છેલો ફાટયો હતો) નાં મથાળાંપર જઇ પુગ્યા હતા, જ્યાં સાંમે અત્તી ઘણો એક મોટો તથા ઊંડો ખાદો દીસતો હતો, તેમાંથી ધુંમાડો વાંદળાઓની માફક ઘણોજ જાડો નીકળતો હતો, અને અંદર ખાડામાં મોટાં બલતાં હતાં, જેનો અવાજ મોજાઓનો માફક થતો, પણ ધુંમાડો એટલો જાડો હતો કે એકુ બે બલતાંનાં ઝમકાટ શીવાય બીજું વધારે જોઇ શકાય ન હતા. એ તેનાં મોડાંવાલી જગ્યા જ્યાં હમો ઉભા હતા (પવન હમારી પીઠ પરનો રાએલો હતો તેથી ધુંમાડો હવે કંટાળો આપતો નહી હતો) તેની ઉપર હાથ ધરીયેતો ગરમ લાગતી હતી અને બધી ગમ ફરતી ગંધકનાં પથરોથી જમીન ભરાઇ ગઇ હતી. થોડો વખત એ જોઇને પછી પાછા ચાલતાં બે માણસો હમાને આજુ બાજુથી ટેકો આપતા હતા, અને પગ પાછા સુકાયલી રાખનાં કટકામાં બેસી જતા હતા અને ઢલાવ પણ અતીમે હતો તેથી જો ટેકો હમોને માણસોનો નહીં હોયતો ખચીત પડી જવાયીના રહેતે નહીં. એ પ્રમાણે ૧૦૦) વાર પાછા પસાર કીધા કે પેલા જુનાં ક્રેટરપર આવ્યા કે જમીન કઠણ પણ ઢુટા ઢુટા કટકાઓની મલી હતી, જેમાંથી ધુંમાડો નીકળતો હતો તેથી તથા ધુમસ અતી ઘણો પાછો થવાથી હમોને દુરનું કાંઇ પણ દીસતું નહતું. એ મુજબ પાછા ટ્રામવેપર આવીને હેઠળ પાછા રેસ્ટોરાંની જગાએ પુગ્યા જ્યાથી સાંજનાં ૪—૨૦ મીનીટનાં નીકળેલા નેપલ્સમાં કલાક ૬—૩૦ મીનીટે આવી પહોચ્યા. એ વીસુવીયસ પાહાડ ખુલ્લા મેદાનમાંથી એકલો નીકળી આવેલોછે, અને તેની ઊંચાઇ વારા ૪૨તી ફાટેછે ત્યારે ઘટેછે અને બંધ હોયછે ત્યારે વધેછે. સને ૧૮૪૫માં એ ફાટયો હતો ત્યારે તે ૩૯૦૦) ફુટ ઊંચો હતો, જે ૧૮૬૮ માં વધીને ૪૨૫૫) ફીટ થયો અને સને ૧૮૭૨નાં ફાટવામાં પાછો ઓસરી ગયો હતો ; પણ ત્યારપછી પાછો વધવા માંડેલોછે. એનો ઉત્તર ઉગમણુ તરફનો ભાગ જુદો ઉપરથી નોક નીકળી આવ્યો હોય તેમ લાગેછે. તેને માઉંટ શોમા કરી કહેછે, અને એની તથા વીશુવીયસની વચમે મોટી બીજુ આવેલીછે. એ ફાટેછે ત્યારે એમાં ત્રણ ક્રેટર (ઇયાને મોટા ખાડાઓ) પડેછે, પણ બંધ થયા પછી પુરાઇને વચમેનો એકું મોટો ખાડો રહી જાયછે. એ પાહાડ પેહેલાં મજાહનો ફળવંત હતો, પણ તેનું મથાળું રાખ તથા બળેલા કાંકરાનું હતું. એ પેહેલ વેહેલો સને ૬૩ નાં શાલમાં શેહેનશાહ નીરોનાં વખતમાં ફાટયો હતો, તે વખતે એની હેઠળ આવેલાં પોમપીઆઇ અને હરકયુલેનીયમનાં શેહેરોની ખરાબી કીધી હતી. ત્યારપછી ૬૪ નાં શાલમાં નેપલ્સની ખરાબી કીધી હતી પણ ૭૯ નાં શાલમાં તા૦ ૨૪ મી આગસ્ટે ફાટયો તે ઘણોજ જોરાવર હતો. તે વખતે પોમપીઆઇ, હરકયુલેનીયમ, સ્ટેબી ઇયાને બીજાં ઘણાંએક ગામો તથા ગામડાંને તારાજ કરી તેની રાખમાં ગરક કરી નાંખ્યાં હતાં. તે વખતે પ્લીની કરી મોટો વખણાયેલો નેચરલીશ્ત (Naturalist) ત્યાં ગુંગળાઇને મરણ

પામયો હતો. તેનાં ભત્રીજાએ તેણીઠશપર એ વખતના લખેલા કાગળપરથી એની વીગતો માલમ પડેછે. તે કહેછે કે "દીવસની રાત થઇ ગઇછે, ધરતીકંપનાં આચકાઓ ખુબ આવેછે, દરીયો ઘણોજ ઉછાળો મારેછે, માથાંપર ધુંમાડાનાં મોટાં વાદળાં થઇ ગયાંછે, અને તેમાથી વીજલી પડેછે તથા આતસ અને રાખનાં વરસાદો વરસેછે. લાવાની નદીઓ ચાલેછે અને સઘળાં જગા દુન્યાની આખેરી આવેલી સમજેછે."એવી રીતનો ધબરાતતાલો દેખાવ તે વખતે થયો હતો. ત્યારપછી નાધળાં મોટાં "ઇરપશનો" એટલે પાહાડનું ફાટવું ઘણી વખત થયા કીધું હતું. પોહેલાં બસેંસો ઇયા સો વરસે એક વખત ફાટતો હતો, પણ પાછલથી એ કમ વધવા માંડી હતી. ૧૫૦૦) નાં શાલ સુધીમાં નવ "ઇરપશન" નોધાયલાંછે, અને ત્યારપછી અત્યારસુધીમાં ૫૦) બીજાં થયાં હતાં. કોઇ વખતે સદી સુધી ફાટયા વગર રહેછે. ૧૫૩૮ થી ૧૬૩૧ સુધી તદન ઇરપશન થયું હતું નહીં. તેટલા વખતમાં એ પાહાડપર મોટાં જંગલો તથા ઝાડી ઉગી નીકળી હતી, જેમાં ગાય ઢોર ચરતાં હતાં, અને સને ૧૬૩૧ માં પાછું મોટું ઇરપશન થયું હતું તે વખતની વીગતો હમણાં સુધી રહીછે, તે પરથી માલમ પડેછે કે "રાખ અને ધુંમાડાનાં વાદળાં પડા રોકા થઇ આશમાનપર દીસતાં હતાં, અને નેપલ્સમાં અંધારૂં થયું હતું, તથા તે છેક ટરેનટમ શોહેર સુધી પોંચ્યું હતું. મોટા મોટા પથરાઓ ૧૫) મૈલ દુર ઉડયા હતા તેમાંનો એક પચીસ ટન વજનનો શોમા નામનાં ગામમાં પડેલો હતો. જમીન ધરતીકંપથી ધ્રુજતી હતી, અને એનાં મોહોડાંમાંથી લાવા એટલે પીધલેલા પ્રવાહીનાં ૭) રેલા નીકળતા હતા. તેમાં પાંચ ગામડાં દટાઇ ગયાં હતાં, અને ૩,૦૦૦) માણસો મરણ પામયાં હતાં." સને ૧૭૩૭-૬૦-૬૭ માં પણ ઘણું જોરથી પથરા ઉડયા હતા, જેમાનાં કોઇ તો નેપલ્સ સુધી આવતા હતા, અને તે બળતા હોવાથી લોકોમાં ધબરાટ થઇ ગયો હતો, તથા એનાં લાવાનાં રેલા દરીયા સુધી જઇને તેમાં પડયા હતા, તેથી તેનાં પાણી મૈલ સુધીનાં ગરમ કરી નાંખ્યાં અને ૪૦૦) માણસો માર્યા ગયાં હતાં. સને ૧૮૫૮ નાં ઇરપશનમાં એ પાહાડ ૧૬૫) ફીટ જેવો થઇ ગયો હતો. છેલ્લો મોટો ઇરપશન સને ૧૮૭૨ માં થયો તે વખતે એમાંથી લાવા નદી માફક નીકળ્યા હતા. તેમાં એક તો ૧૦૦૦) વાર પોહોળો અને ૨૦) ફીટ ઉંડો રેલો દોડતો હતો, જેથી બે ચાર ગામડાં પાયમાલ થઇ ગયાં હતાં અને તે વખતે તેને જોવા આવેલા લોકોમાંથી ૨૦) જણાં નાસી શકયા નહીં તેથી એ ઝરામાં મરી ગયા હતા. એ લાવા (ગલેલો પ્રવાહ) લોખંડનાં રસનાં જેવો હોયછે, જે આવડો મોટો ઝરો બાલ આતસ જેવો કેવો લાગો હશે તે વીચાર કરવો. હમારો ભોમીઓ જે તે વખતે નેપલ્સમાં હતો તેનાં કેહેવા મુજબ જંગલનાં ઝાહાડો તેની ગરમીથી ફાટીને જેમ માણસો ચીચારી મારે તેવા તેમાંથી અવાજો નીકળતા હતા અને જરાકમાં ભસમ થઇ ગયાં હતાં. એ આતસના ગરમી ૨૦૦૦) ડીગરી સુધીની કહેછે. ઉપર લખેલા ૧૦૦૦) વાર પોહોળો અને ૨૦) ફીટ ઉંડો ઝરો ત્રણ મૈલ બાર કલાકે દોડયો હતો, અને તે વખતે ક્રેટરમાંથી પથરાઓ ૪૦૦૦) ફીટ ઉંચે ઉડતા હતા, તથા રાખથી સઘળું આસમાન ઘેરાઇ ગયું હતું, અને તેનાં ૮૦૦૦) ફીટ સુધી ઉંચાં વાદળાં જતાં હતાં, જે ૧૪૦) મૈલ સુધી દુર કોશેનજાનાં ગામ સુધી પુગ્યાં અને જ્યાં રાખનો વરસાદ વરસ્યો હતો. એ વખતના નીકળેલા લાવાએ બે ચોરસ મઇલની જગા રોકી

હતી અને ૧૩) ફીટ સરાસરી ઊંડો હતો. છેલ્લો ઇરપશન સને ૧૮૭૯ની આખેરીમાં થયો હતો. જે ક્રેટર હમોએ આજે જોયો તે નવા ક્રેટરને નામે ઓલખાયછે. સને ૧૮૭૨ નાં શાલમાં ઇરપશનનાં પેહેલાં રેલાની શરૂઆત હમોએ ઉપર ચહડતાં જોઈ હતી તે જાણે ડુંગર બનેલો હોય એટલો મોટો હતો, અને બધી રીતે તેનો દેખાવ માહભારત લાગેછે.

તા૦ ૨૬ મી અકટોબર ૧૮૮૧— આજે પેહેલાં સેંટ કારલોની નાટકગ્રહ જોવા ગયા હતા. એ નાટકગ્રહ આખાં ઇટલીનાં મોટામાંનું એક ગણાયછે. એ પેહેલાં સને ૧૭૩૭ માં બાંધ્યું હતું, પણ પાછલથી બલી જવાથી સને ૧૮૧૬ માં તેજ ઢબમાં તૈયાર કરયું. તેમાં ૪૦૦૦) માંણુસો બેસી શકે એટલી જગાછે. અંદર અંધારૂં હોવાથી હમો બરાબર જોઈ શકયા ન હતા. હાલ મોસમની તૈયારીઓ થાયછે તેથી સઘળું વીખરાઈ ગયલી હાલતમાં પડેલું હતું.

એ જોઇને પછી વીકટોરીયા સકુવેરમાં એકવેરીઅમ આવેલુંછે તે જોવા ગયા હતા. એ જગામાં જોકે ઘણી જાતની માછલીઓ બીજાં મોટાં એકવેરીઅમોનાં જેટલી નથી, તોપણ એમાં નવાઇની માછલીઓનાં સંગ્રહને બીજું કોઇપણ એકવેરીઅમ પુગી શકે નહીં. એ પેહેલું કોઈ જરમન ડાકટર ડોહરન (Dr. Dohrn) કરીનેછે તેને પોતે મેડીટરેનીઅન દરીયાની માછલીની શોધ કરવા સને ૧૮૭૨–૭૪ માં સ્થાપ્યું હતું, અને પેહેલાં પોતે તે મેળવવાનો ખરચનો મોટો ભાગ ગાંઠથી આપતો હતો, તથા તેને જરમનીની સરકાર થોડી ઘણી મદદ કરતી હતી, અને ઇંગ્લંડની નેચરલીસ્ટ સોસાએટીએ ૧૦૦૦) પૌંડ બક્ષીસ દાખલ આપ્યા હતા. પાછલથી એને બીજાં ગામોની મદદ મલવા લાગી અને હમણાં એની આવક વરસ દીને ૩૧૫,૦૦૦) નીછે, જેમાંથી એક નાધળી સ્ટીમર તથા ઘણી બોટો, જનવરની વીદ્યા ના સાત ઉસ્તાદો અને વીસ મદદગાર એણે રાખ્યાછે, જેથી તે પોતાની શોધ ઘણી વધારી શકયોછે અને તેમાંથી યુરોપનાં બધાં દેશોમાં નમુના મોકલાવેછે. હમોએ બધો સંગ્રહ જોયો તે સઘળો જોવા લાયક માછલીઓનો હતો, તેમાં ઘણી સરસમાં રંગીન તારાનાં જેવા માછલીઓ (Star Fishes) ડાંખલીઓપર જાણે ઝીણાં વેલા ઉગ્યા હોય તેવી માછલીઓ, ઉડતાં પંખેરાંનાં જેવી, ઝાહાડો ઉગ્યાં હોય અને તેનાં મોહોડાં જાણે ઘાસ હોય તેવી, તેને છેડે ત્યારે તે બંધ કરી નાંખે તો જાણે સુકી ડાંખલીઓ પડી હોય તેવી લાગે, પરવાળાં બાંધતાં જનવરો, કોરલશ બાંધતી માછલીઓ, અને બીજી વીજલીનો જટકો મારતીછે, છેલ્લાંમાં એક માછલી બાહાર ન હતી કુંડીમાં મુકેલીછે જેને આપણું હાથમાં લેવા દેછે પણ તે જેવી હાથમાં લીધી કે વીજલીની પેઠીનો તાર હાથમાં ધરયેછે ને જટકો આવેછે તેવો આબાદ આપણને લાગેછે. એ માછલી ભુમધ્ય સમુદ્રમાં ઘણી મલેછે, અને અહીંયાં રાખેલી માછલીનો લોકો ઘડી ઘડી હાથમાં લીધાથી બે ત્રણ દીવસે મરી જાયછે, ત્યારે નવી હમેશાં લાવીને મુકેછે. એનો આકાર બેડી માન માછલી મુંબઇમાં આવેછે તેને મલતો આવેછે. વળી હમે ઉડતી માછલી જોઇ જે દરીયામાંથી હવામાં ઘણો વખત ઉડેછે. એને બે મોટી પાંખો સામડાની તથા ભીંગડાંની બાજુ ઉપર હોયછે, તથા તે મોટી બોઇ માછલીને મલતી આવેછે. આઠ પગની માછલી (Octopods), સહી જેવી વસતુ કાહાડનારી માછલી (Cuttle fish), એ માછલીને જો આપણે છેડયેછે તો દોડતી દોડતી પોતાનાં આંગમાંથી કાંઇ કાળી સહી જેવી જાડી વસતુ કાહાડેછે, તે એ-

ટલી બધી નીકળેછે કે તેની આસપાસ જાણે કાળાં વાદળાં થઇ ગયાં હોય તેમ પાણી ગદલું થઇ જાય તેમાં તે છુપાઇ જાયછે. એવી ખુબી પરવરદેગારે તેને આપીછે. તેનું કારણ છે જે એની પાછલ બીજી મોટી માછલી ખાવા દોડેછે ત્યારે એ વસ્તુ એની ઉપર ફેંકેછે, જેથી તેની આંખમાં આગ બલવા ઉપરાંત પાણી એ કટલ ફીશનાં રંગની માફક કાળું થઇ જવાથી તેનો દુશ્મન તેને જોઇ શકતો નથી, તેટલાં એને નાસી જવાની તક મલેછે. હમોએ બે વખત એ માછલી જે રેતીમાં ભરાઇ બેસેછે તેને છેડાવી હતી, અને બંધે વખત કાળી શહી જેવી વસ્તુ કાઢાડી તેમાં ભરાઇ જઇને નજર આગલથી તરતજ ગેપ થઇ ગઇ હતી. બીજી માછલી હમેશાં રેતીમાંજ ભરાઇ રહેછે. તેઓને રેતીમાંથી લાકડીએ બાહાર કાઢાડી કે તરતજ પોતાની (ફીનશ) પાંખથી રેતી પાછી ખસાડી તેમાં આસ્તે આસ્તે દુબી જઇને સંતાતી હતી. પેરેશાઇટ ફ્લેક્સ એક જાતનાં કાચબા થાયછે તેઓ હમેશાં કોરાઓમાં રહેતી માછલીઓ પર જીવેછે. તેઓનાં કોરામાં પોતાનું આંગ ઓસીને તેને વલગી રહેછે અને જ્યાં સુધી તે જાનવરનો રસ બધો ચુસી લેય નહી ત્યાં સુધી તેને છોડતા નથી. એ દેખાવ જાણે અરધા કોરા અને અરધા કાચબા હોય તેવા લાગેછે. એવી નવાઇની માછલીઓ ઉપરાંત જાત જાતનાં રંગની લાલ, લીલી, કાળી, તથા પીલી રંગની ભેલસેલ પટીઓની તથા છુટા છુટા રંગોની માછલીઓ પણ ઘણી જોવા લાયકની એકઠી કીધેલીછે. એવું સરસ નવાનની માછલીઓનું એક વેરીયસ હમાએ કેઠે જોયું હતું નહી.

એ જોઇને અતરેનો પાદશાહનો મહેલ Palazzo Real જોવા ગયા હતા. એ મહેલ સને ૧૬૦૦માં બાંધ્યો હતો, પણ પાછલથી આગમાં બલી જવાને લીધે સને ૧૮૪૧માં પાછો બાંધ્યો હતો. એ ઘણો મોટોછે અને એનો આગલો ભાગ ૫૫૫) ફીટ લાંબો તથા પોહોલાઇમાં પણ ઘણો અને તે પર બે માળ કીધેલાછે. એનો. મુખ્ય દાદર ઘણો સરસ અને જોવા લાયકછે. તે તદન સંગેમરમરનો બાંધેલો અને તેની બાજુપર દીવાલમાં એજ પથરનાં પુતળાં કોતરી મુકેલાંછે. મહેલની અંદર જવા સારૂં ત્રણ ભાગળનાં જોવા દરવાજા મહેલની હેઠળથી પસાર કરવા પડેછે અને તેટલાજ ચોકો પણ ઘુટા રાખેલાછે. દરીયાની બાજુપરથી મોટી એક મહેલની લંબાઇ જેટલી અગાશી ખુલ્લી રાખેલીછે જ્યાં ઝાડપાન સારાં ઉગાડેલાંછે, તથા જમીન બધી સફેદ સંગેમરમરની કીધેલીછે. ત્યાંથી નેપલ્સ શહેરનો દેખાવ ઘણો સારો દીસેછે. એનાં ઓરડા તથા દીવાનખાનાં યુરોપનાં બીજા પાદશાહી મહેલોનાં જેવા દરેક ઓરડામાં એકજ રંગનાં ફરનીચરથી શીણગારેલાછે. તેમાં તખતવાલો ઓરડો તદન લાલ શાટીન તથા ગીલીટનાં ઢોળનાં ફરનીચરનોછે. ખાવાનો હૉલ મોટો અને મોહોડું જોવાની આરશીથી શીણગારેલોછે. ખાસ ઓરડાઓમાં એક સીપની બનાવેલી ઘણી સરસ ટીપોય (Teapoy) જોઇ હતી. છતોપર બધે ઉસ્તાદોનાં હાથનાં ઓઇલપેનટીંગો પાડેલાછે. એ મહેલને લગતો નાટકગ્રહછે તેની રંગભુમી ઘણી સારીછે. એનું ચેપલ પણ ઘણું સરસ શણગારેલું છે; તેમાં તેનો ઓલટર ઘણાં કીમતી પથરોથી જડી લીધેલો તથા તેની ઉપરનો કારીગીરી સોનાનું નાધણું દેવલ હોય તેવા નમુનાની કીધેલીછે. એનાં બારણાં પણ કીમતી પથરોનાં મોઝાઇક કામનાંછે. ગુંબજની છતમાં અતીસે મોઝાઇક કામની સખીઓછે, તથા જમીન પણ રંગીન પથરોની બનાવેલીછે. મહેલમાં ચોકોને ફરતી ગેલેરી સંગેમરમરની લાદી-

ઓ જડીને કીધેલીછે જેમાંથી સઘળા ઓરડાઓમાં જવાય શકાયછે.

એ જોઇને પછી જેઝુનુઆવો(Church of Gesu Nuovo) નું દેવલ જોવા ગયા હતા. એ દેવલ અસલ જેઝુઇત્સનું બાંધેલું અને અંદરથી ઘણુંજ રંગીન મરમરથી સણગારેલુંછે. તે મને ૧૮૫૪ માં બંધાયું હતું, અને તે ઉપર દોઢ ક્રોડ રૂપીયાનો ખરચ બેઠો હતો એમ ત્યાંનાં રહેવાળ પાદરીથી સાંભળયું હતું. એની છતપર બધે પેનટીંગશો તથા ગીલીટ કીધેછે. એનો એલટર ઘણો સરસ છે. તેપર બ્રાંઝનાં મોટાં પુતળાં તથા બાજુપર ત્રણ ફીટ કદનાં બસ્ટ ગોઠવેલાંછે. દીવાલપર મરમરનાં મોઝાઇક વરકથી ફુલોનો તથા બીજી તરાંહો ઘણી મોટી પાડેલીછે. એલટરની પાછલ સેંટ પીટર અને પોલના ૮) ફીટના કદવાલાં સફેદ મારબલનાં પુતળાં મુકેલાંછે, અને તે ઉપરાંત બીજાં છુટાં છુટાં આદમ કદનાં બાવલાં ઘણાં રાખેલાંછે. એક બીજો એલટર જેપાનીશ માર્ટીરોનાં પેપલમાંછે. એ જેઝુઇત્સ દુન્યામાં આગલ બધી જગાપર જયાં કોઇ યુરોપીયન ગયો નહીં હોય ત્યાં જતા, અને લોકોને વટળાવતા હતા. તે મુજબ જેપાન દેશમાં જઇને તે લોકોને વટળાવ્યા હતા, પાછલથી ત્યાંનાં એક શોગુનશાહે હોકમ કાહાડી બધા વટળેલાને પાછું પોતાનાં ધરમમાં આવવા કહયું, પણ એ પાદરીઓનાં શીખવ્યાથી તેઓએ તેમ નહીં કીધાથી શોગુનશાહે બધા ક્રીશ્ચીઅન ધરમવાળાઓને મારી નાંખવાનો હોકમ કીધાથી ૨૦૦) જેઝુઇત્સ તથા તે ઉપરાંત ઘણાંએક જેપાનીઓને પણ મરાવી નાંખ્યા હતા. જેઝુઇત્સનાં હાડકાં પાછલથી જેપાન સાથે વેપારવાર ઓલ્યા પછી રોમનાં એક પોપે મંગાવી લીધાં હતાં,જેમાંનાં ૭૦) જણને એ પેપલમાં દરેકનું બાવળું બનાવીને તેઓનાં હાડકાં (પછી તો બીજાંનાં પણ હોય તે કોણ જાણે) કાચનાં કેશોમાં મુકીને તે ઉપર મુકયાં હતાં. તે બાવળાં લાયકનાં ગોખલાઓ દીવાલની અંદર આલટરની બે બાજુમાં કીધેલાછે તેથી જાણે દીવાલ પુતળાંઓનીજ બનાવી હોય તેવી લાગેછે.

એ દેવલ જોઇને પછી કાપેલા ડી શાન શીવેરા (Cappella di San Severo) કરી. એક પ્રીન્સ સાન શીવેરાના કુટંબનું ખાનગી પેપલ (નાંધણું દેવલ) છે તે જોવા ગયા હતા. એ જગા એ કુટંબીઓને દાટવા સારૂં સને ૧૫૬૦ માં બંધાઇ હતી. તેનો અંદરનો ભાગ રંગીન મારબલનો અને તેમાં અનેક પુતળાં જાણે દુકાન માંડી હોય તેમ મુકેલાંછે. તેમાં કોઇ કોઇ પુતળાં ઘણી સરસ કારીગરીથી બનાવેલાંછે, જેમાનાં એકમાં સુવેલા ક્રાઇસ્ટને ચાદર ઓઢાડી સુવાડેલાછે તે ચાદર (સઘળું સંગેમરમરનું) જાણે માણસપર ખરેખર નાંખી હોય તેવી રીતની બનાવી તેની અંદરથી ક્રાઇસ્ટનું મોહોડું દીસેછે. બીજું પુતળું નમ્રતા (Modesty)છે, તેમાં એક ઓરતને મોહોડાંપર બુરખો નાંખીને ઉભી રાખીછે, તે બુરખો જાણે ઝીણાં કપડાંનો હોય તેમ તેમાંથી તે ઓરતનું મોહોડું તથા અંગપરનાં કપડાંની ઢેફળનાં બદનનાં ભાગો પણ દીસેછે. એક પુતળું શાન શીવેરાનાં બાનદાનનાં એક ધણીનુંછે તે જાણે કે જમની જલમાં પકડાયો હોય તેમ પાડેલોછે. તે સઘળું એકજ પથરમાંથી કોતરેલુંછે, તેમાં જાલ તેનાં બદન ઉપર કોતરીછે તે જાણે છુટી હોય તેમ દીસેછે. તે ઉપરાંત બીજાં ઘણાં દર્શનાર્થક પુતળાં જેવાંકે બાલેમાઇ (Sincerity)માં માણસે પોતાનાં દીકરાને મોતો બતાવેછે. બળ (Force)માં માણસે સીંહને જોર કરીને બાંધેલોછે. બ્રુટા (Abundance) માં માણસનાં હાથમાં મેવો તથા અનાજનું

વામાનુ (Cornucopia) આપેલું છે. જ-સ્ટાફ (Justice)નાં હાથમાં તોલનો કાંટો. પ્યાર (Love) માં ઔરતનાં હાથમાં દીલ આપેલું છે. એ ખાનદાનનો નખારો હાલ પેરીસમાં રહેછે, અને તેને ત્યાં પોતા સારૂં જગ્યા બનાવી તેમાં અ-હીંયાંથી પોતાનાં વડાઓનાં મુડદાં કા-હાડી લઇ જઇને દટાવ્યાંછે, પણ ખાલી ઘોરા અહીંની અસલની જગાપર રાખે-લીછે, અને એ ખાનદાનનું કોઇ મરી જાયછે તેને પેરીસમાં દાટેછે ત્યારે અ-મસથી તેની યાદગારીની ઘોર અહીંયાં કરેછે.

એ જોઇને પછી અતરેનું કેડીડ્રલ જોવા ગયા હતા. એ દેવલ અસલ નેપ-ચ્યુન (દરયાનો દેવ)નું દેહેરૂં હતું. તે સને ૧૨૭૨ માં બાંધ્યું અને સને ૧૩૧૪ માં તૈયાર થયું હતું. ત્યારપછી તેમાં વારાફરતી ઘણો ફેરફાર થતો આ-વ્યો હતો. એનું વચલું દીવાનખાનું અંદરથી સંગેમરમરનું કીધેલું છે, તથા ગોખલાઓ કરીને બાજુનાં દીવાનખાના-માં મોટાં પુતળાં મુકેલાં તથા વચમેનાં દીવાનખાનામાં થાંભળાઓપર અર્ધ બા-વળાં કીધેલાંછે. એનો ઓલટર જે સેંટ જેન્યુવેરીઓને અરપણ કીધેલો તે ઘણો સારોછે. તેની આસપાસ ૧૦) ફીટ ઊંચા પોરી-ફરીનાં એકજ પથરની બનાવેલી બે કાન્ડેલા-બ્રાસ મુકેલાંછે. એ સેંટ સારૂં જુદોજ ચેપલ કીધેલોછે જે સને ૧૫૨૭ ની મરકીની વખતે માનતા કીધી હતી તેથી બાંધ્યો હતો, અને ૨૯) વરસે ૨૨,૫૦,૦૦૦) રૂપીયા ખરચીને તયાર કીધો હતો. એ ચેપલનો અંદરનો ભાગ ઢોળ ચઢાવેલો તથા સંગેમ-રમરનો બનાવેલોછે, અને તેમાં ૮) ઓલ-ટરો, ૪૨) રંગીન પથરનાં થાંભળા અને બ્રાંઝના સરસ બારણું ઉપરાંત ઉપર લાંબા લાંબા ઓઇલપેનટીંગસ કીધેલાંછે, અને એની હેઠળ ભોંયરૂં બનાવીને તેમાં એ સેંટનાં હાડકાં દાટી તેપર ઓલટર કીધે-લોછે. એ ભોંયરૂં એક મોટાં ચોરસ દી-વાનખાનાં જેવુંછે, તે તદન સફેદ સંગે-મરમરનું બાંધી તે ઉપર ઘણીક નકશી કોતરેલીછે. તેની છત વટીક એ પથરની નકસીની તરાંહ સાથનો બનાવેલીછે. એક કબતમાં એ સેંટનું રૂપાંનુ સોનાની ઢોળ ચહડાવેલું અર્ધ બાવળું રૂપાંનાં પેડસ્ટલ પર મુકેલું છે. તે ઉપરાંત એ દેવલમાં બી-જા ૪૫) સેન્ટસનાં એજ ધાતુનાં અર્ધ બાવળાંછે.

એ જોઇને પછી વખત હોવાથી નેપલ્સ શેહેરમાં ફરી આવ્યા હતા. એ શે-હેરના રસ્તા તથા મોહોલાઓ વીશે અ-મને લોકે કહયું હતું કે ઘણાંજ ખરાબ અને નજીસછે, પણ જોઇને અમે અજબ થાઇયેછે કે તેવું કાંઇ દીસતું નથી, (અ-લબતે ઘણાં નાંધળા મોહોલાઓમાં વખ-તે તેવું કાંઇ હોય) પણ હમે જે ઘણાંક રસતાઓપર ફરયા તે ઘણાં સરસ મોટી લાદીઓથી ફરસ કીધેલા અને સફાઇદાર છે. વળી સાંભળયું હતું કે કચરાનાં ઢગ-ળા રસતામાં કરેછે પણ તેવું કાંઇ જોયું નહીં, ફકત ઘેરમાંનો કચરો બાહાર બા-જુપર ઢગલા કરીને મુકેલો સરકારી મા-ણસોને ઊંચકી જતાં અમે જોયા હતા. આજે બે ત્રણ દીવસ થયા વરસાદ આ-વ્યા કરેછે પણ લાદીઓનાં રસતા હોવા-થી કીચલ મુલ્લ થતો નથી. હમણાં નવા રસતાઓ ઇરીયે કીનારે બંધાયલાછે તથા હજુ બંધાયછે તે કોઇબી મોટા યુરોપનાં શેહેરને ટકર મારે તેવાછે, તથા તે ઉપરથી નેપલ્સ શેહેરની તથા દરીયાની રંગભુમી એટલી સરસ દીસેછે કે જાણે આપણને ત્યાંથી બીસવા ગમતું નથી. એ શેહેર ભુમધ્ય સમુદ્રના એક બાંચા ઇયાને Bay ઉપર આવેલું છે, અને જમીન અ-રધા ચાંદનાં આકારની આવ્યાથી તેમાં દેખાતા વીસ્તાર કરતાં ઘણાં ઘર માણસનાં

માઇલ સુધી આવેલાં, તથા તેઓની પાછલ નાધળાં ફળવંત કુંગરો તથા એક ગમથી બલતો વીસુવીયસ પાહાડ તથા મોટા ખેતરો આવેલાંછે. તે ઘણુંજ સરસ દેખાવનું લાગેછે, અને અંગ્રેજો એટલોતો પસંદ કરેછે કે તેઓમાં કેહેવત રહી યઈછે કે See Naples and die એટલે કે નેપલ્સ જોઇને પછી મરજો, એનો કુંગર ઉપર આવેલો રસતો Corso Victor Emanuallo પણ ઘણો સરસછે; ત્યાંથી દેખાવ નીચેનાં દરીયા કીનારેનાં રસતા કરતાં ઘણો સરસછે. નેપલ્સનાં ઘેરો મજાનાં મોટાં કદનાં બાંધેલાં અને તેમાં મોટા ભાગની દરેક બારીની બાહાર નાધળી અગાશીઓ કાધેલીછે, તે ઘણી શોભાવા ઉપરાંત તેમાં રેહેનારાઓને તે ઉપરથી મોહોલાનો દેખાવ ઘણી સરસ રીતે જોવાને બની આવેછે. એક મોટી અડચણ ગહીંયાં રસતાઓપર છુટક વેચનારાઓને દુકાન માંડવા દેછે તેથી છે, અને તેમાં તેઓ જે ખાવાની ચીજો વેચેછે તેનો કચરો આસપાસ ઘણો પડી રહેછે. નાધળા રસતાપર ગાડીઓનાં કારખાનાં હોયછે ત્યાં તે લોકો રસતામાં આતસ સલગાવી તેપર પઇડાંનો વાતો ચડાવેછે. એવી એવી છુટથી જરાક કઢંગું લાગેછે, તથા એક મોહોલામાં ચામડાં તેન (Tan) કરવાનાં કારખાનાં હોવાથી તેમાંથી ઘણોજ ખરાબ વાસ આસપાસ ફેલાયછે. જો અતરેની સરકાર આવા બીગાડ બંધ કરાવે તો નેપલ્સ વીશે કોઇને પણ ફરીયાદ કરવાનું બને નહીં. હમારૂં હોટેલ દરીયા કીનારે આવેલુંછે ત્યાંથી શેહેરનો દેખાવ ઘણો સરસ દીસેછે.

તા૦ ૨૭ મી અકટોબર ૧૮૮૧— આજે સવારનાં દશ વાગેને હમે હોટલમાંથી પોમ્પીઆઇ (Pompei) જવા સારૂં નીકજ્યા અને ઘોડાની ગાડીમાં કલાક ૧૨–૩૫ મીનીટે પુગ્યા હતા. એના રસતાનો મોટો ભાગ અમે ગઇ પરમદીને જે વાટે માઉન્ટ વીઝુવીયસ જોવા ગયા હતા તેથીજ પોમ્પીઆઇ સુધી ગાડી જઇ શકેછે. પોમ્પીઆઈ અસલ ૩૦,૦૦૦) માણુસોની વસતીવાળું શેહેર હતું, અને માઉન્ટ વીઝુવીયસનાં ફાટવાથી તેની રાખ તથા પમીસસ્ટોન કરીને હલકા બલી ગયલા પથરોથી ડટાઇ ગયું હતું. માઉન્ટ વીઝુવીયસ ઘણી સદી સુધી ફાટયા વગર રેહેવા પછી ઇ. સ. ૬૩ નાં શાલમાં પેહેલવેહેલો ફાટયો હતો. તે વખતે ધરતીકંપથી પોમ્પીઆઇ શેહેર ઘણું તારાજ થયું હતું, પણ પાછું નવેસરથી તેનાં રસતાઓ સરખા કરીને તેનાં રેહેવાસીઓએ બાંધવા માંડયું તે છેક સને ૭૯ નાં શાલમાં બાંધીને તયાર થવા આવ્યું, તેવામાં તા૦ ૨૪ મી આગસ્ટે વીઝુવીયસ પાછો ઘણો જોરમાં ફાટયાથી એ શેહેર ગરક થઇ ગયું હતું. પેહેલાં તો રાખ ઊડતી આવીને એ શેહેરમાં ત્રણ ફીટ સુધી ઉડી પડી, જે વખતે લોકોને નાસી જવાની તક મલી હતી, પણ તેમાંનાં ઘણાં લોકો પાછાં પોતાનો સામન કાહાડી લેઇ જવાને આવ્યાં અને કેટલાંકોને નાસવાની સુઝ નહીં પડવાથી અને રાખની પાછળ ગરમ આતશનાં પથરો તથા પમીસસ્ટોનનો વરસાદ વરસવાથી ૭) થી ૮) ફીટ સુધીનાં ઢગળા ભરાઇને ગામ પુરાઇ ગયું હતું. આ વખતે આસરે ૨,૦૦૦) માણુસો ગુંગલાઇને મરી ગયાં, જેના મુડદાં શેહેર પાછું બાંણી કાહાડતાં હાથ લાગેથી એક મ્યુઝીયમ કરીને રાખેલાછે, તે જાણે તાન થઇને હાથ પગ તથા બદન એંચાઇ ગયાં હોય તેમ માલમ પડેછે. હમણાં એ શેહેર ૨૦) ફીટ અંદર દટાયલુંછે, પણ તેનો મોટો ભાગ પાછલથી પુરાયલો લાગેછે. એક બીજું ગામકું એનો પાસેજ એનાં બચેલા રેહેવાસીઓએ વ-

ગાજ્યું તેને એનું નામ આપ્યું હતું. પહેલાં આવત પછી તેજ વખતે લોકોએ પોતાના બચી ગયલા સામન સારૂ એને ખણેલું માલમ પડેછે જે વખતે ઘણો ભાગ સામન કાહાડી શકયા હતા, અને બાકી કાંઇ નહીં રહયાથી પડતર નાખ્યું હતું. ત્યારપછી એની ઇમારતોમાંથી સંગેમરમર અને કીમતી પથરા કાહાડી લેવાને લોકોએ વારાફરતી લુટયું હતું, અને તેથી ખુટયા એટલે પછી કોઇએ દરકાર લીધી નહીં અને ૧,૫૦૦) વરસ સુધી લોકોની જાણ વગર પડી રહયું. દસમી સદીમાં પોમપીઆઇનું નામ વઠીક કોઇ જાણતું ન હતું એટલું તેને વીસારી મુકયું હતું. સને ૧૭૪૮ માં એક એકુતને જમીનમાંથી થોડાંક વાસણો તથા પુતળાં મલવાથી તે વખતનાં નેપલ્સનાં પાદશાહ ત્રીજા ચાર્લ્સને તે ખબર પડી, જેથી તેણે ત્યાં ખોદવાનું કામ પેહેલેવેહેલું શરૂ કીધું હતું, અને પોમપીઆઇ શેહેર ૧૭૦૦) વરસ ડટાયા પછી પાછું બોલું થવા માંડયું. ત્યારપછી બુર્બો ખાનદાનની પાદશાહી તળે બોદી કાહાડવાનું કામ બેદરકારીથી ચાલવાથી ઘણી ખણી કાહાડેલી ઇમારતોને પાછા ટેકા નહીં આપવાથી પડી જતી હતી, પણ મુરાની નાયબ હાકમી થતાં પાછું તપાસથી કામ ચાલ્યું અને પડી જાય તેવી ઇમારતોને ઇંટ ચુનાનો પાછો ટેકો આપીને ટેકવી રાખવાથી હમણાં એ બધી અંદરથી નીકળેલી ઇમારતો જાણે ભાગી ગયલું શેહેર ગરક થયા વગર પડેલું હોય તેવું દીસેછે. સને ૧૮૬૦ માં નેપલ્સ વીકટર ઇમેન્યુએલનાં હાથમાં આવ્યું ત્યારથી એ કામ ઘણું સારી રીતે ચાલેછે, અને એમાંથી નીકળતી ચીજોનું મોટું સંગ્રહસ્થાન કીધેલું છે. એ કામપર હાલ ૮૦) થી ૧૦૦) માણસો રોજનાં કામે લાગેછે, અને હજુ બાકી રહેલ ભાગ ડટાયલોછે તે ખણી કાહાડતાં બીજાં ૭૦) વરસ લાગશે, અને તેપર પાંચ મીલીઅન ફ્રાંક (બધાને બીસ લાખ રૂપીયા) ખરચ બેસશે. તે જોવા જનારાઓ પાસથી જે બે ફ્રાંક ફી લેછે, તેથી વરસ દીને તીસથી ચાલીસ હજાર ફ્રાંક જમા થાયછે. હમો ત્યાં પુગ્યા અને ડાએમીડ રેસ્ટોરાંમાંથી તરત રીફ્રેશમેનટ લઇને જોવા નીકળયા હતા. પેહેલાં એ રેસ્ટોરાંમાં થઇનેજ(Via Marina)બીયા મરીના કરીને મોહોલો હમોએ પસાર કીધો. એ મોહોલાની આસપાસ બધી દુકાનોછે, જેની દીવાલો સલામત હતી બાકીનાં છાપરાં તથા લાકડકામ સઘળું તારાજ થઇ ગયુંછે. એ જગ્યામાં પોમપીઆઇમાંથી ખણી કાહાડતાં મલેલી ચીજોનો નાનો જેવો સંગ્રહ કીધોછે. એમાં કાચનાં કેસોમાં માણસનાં આઠ તથા કુતરાનું એક મલી નવ મુડદાંછે, અને જાણે પથરાનું થડ બંધાઇ ગયું હોય તેમ તેની ઉપર રાખ બંધાઇ ગઇછે તેથી કોઇનાં મોહોડાના આકાર દીસેછે અને કોઇનો દીસતો નથી. એક બે મુડદાં તો સાથે વળગી ગયલાંછે. કોઇનાં હાથ પગ બેંચાઇ ગયલા, કોઇ બંધે મસ્તકે મોહોડાં ઉપર હાથ ધાંકીને પડેલું, એવી હાલતમાં મરણ પામેલાં દીસતાં હતાં. તેમાં કુતરાનું બદન ઘણુંજ વલખાઇ ગયલું દીસેછે. એ ઉપરાંત કબતોમાં વાઝીસ, બ્રાંઝના વાસણોમા મલી ગયલા ખોરાક જેવું કે પાંઉ, દાંડાં, બદામ વગેરે, માણસોની બોપરીઓ, પાણીનાં વાસણો વગરે ખણી કાહાડેલાં ગએલાંછે.

તે જોઇને પોમપીઆઇના મોહોલાઓમાં ફરવા નીકળયા હતા. જે મોહોલાઓ ખણ્યાછે તેનાં અસલનાંજ નામો આપવાની વેતરણ કરીછે, અને ગલીઓને નાકે તેનાં પાટીયાં મારેલાં તથા ઘેરોની ઉપર નંબરો પણ પાડેલાંછે, તેમજ જાણીતા ઘરોનાં નામ તથા તે-

મના ધંધા લખેલાંછે. સૌથી મોટા મોહોલાઓ ભાયગે ૨૦) ફીટથી પોહોળા હોય અને બાકીનાં બીજાં નાધળાં તો ૧૦) ફીટની પણ અંદર હશે. દરેક મોહોલાની બાજુઓપર પગથીયાં બેહુ બાજુ પર રાખેલાંછે. મોહોલાઓની વચમાં રસતાઓપર મોટા મોટા વગર ઘડેલા પથરાઓ જડી લીધેલાછે, તથા ગલીઓને નાંકે રસતામાં વચમે મોટા બે ફીટ ઊંચાંઇનાં પથરા ગોઠવેલાછે, જે ધારયા મેલે વરસાદમાં મોહોલાની એક બાજુથી બીજી બાજુપર ચાલી જવા રાખેલા હશે; પણ એ પથરોને લીધે એક ઘોડાની ગાડી કદી ત્યાં ચાલી શકી ન હશે, પણ બે ઘોડા કયા બીજાં જનવરોની ગાડીનો આવ જાવ સારી હોવી જોઇયે કારણકે રસતામાં બધે ગધેરા પડાંથી પડી ગયલી દીસેછે. હમો પેહેલાં સ્ટ્રીટ ડેલા આબુન્દાંત્સા (Str. della Abundanza) માંથી ફરવા નીકળેલા બીજા પરચુરણ મોહોલાઓ તથા તેમાંનો જોવા લાયક ઇમારતો જોતા સ્ટ્રીટ ડેલા ફોરચ્યુના (Str. della Fortuna) ને રસતે પાછા ઉપલા મોહોલામાં આવીને બાહાર નીકળયા હતા. એ બે મોહોલા જાણે મુખ્ય રસતા હોય તેમ દીસેછે, જેમાંથી બીજા આડકટરા રસતાઓ નોકળેલાછે. તે બધા ઘણું ખરા સીધા અને બંને બાજુપર ઘેરો સરખાં દીસેછે. કોઇ કોઇ ઇમારતો જેવી કે એકઝચેંજ, કોર્ટ, દેહેરાં, હમામ તથા પઇસાદાર લોકોનાં બાનગી મોહેલો ઘણું મોટાં દીસેછે. તે ઉપરાંત બે ત્રણ નાટકશાળા ફોરમ તથા એવી ગમતની ઇમારતો હમણાંની બાંધેલી દીસેછે. એ સઘળી ઇમારતોમા કોઇનાં છાપડાં દીસતાં નથી, પણ જેની ઉપર ચુનાનાં ઢાબાં આકારનાં છાપડાં કોઇ કોઇ તેની ઉપર ૨૦) ફીટનું જાડું થડ થવા છતાં હજુ સલામત રેહેલાંછે. મોહોલાઓમાં રસતાની બાજુપર ટપે ટપે પાણીની ટાંકીઓ તથા કુંવારા કીધેલા દીસેછે, જેમાં પાણી પડવાને સારૂ માણુસોનાં મોહોડાંના આકારો કીધેલાંછે. ઘરોની અંદર અસલનાં દીવાલોપર પડાવેલાં ચીત્રો હજુ કોઇ કોઇ જગે દીસેછે, તથા કેટે પુતળાં મુકેલાં પણ રાખેલાછે. મોટાં ઘરોની અંદર બધે ચોક રાખી તેમાં પાણીનાં કુંવારા લીધેલાછે. પોતાનો ધંધો દેખાડવા સારૂ દુકાનવાલાઓએ પોતે જે ચીજો વેચતા હોય તે ચીજનો નમુનો દીવાલોપર પડાવેલો કોઇ કોઇ કોકાંણે દીસેછે. ભડીયારાની દુકાનમાં તેની ભડી તથા ડલવાની ધંટી, દારૂવેચનારની દુકાનપર નાધળો પ્લેટફોરમ કરીને તેમાં દારૂ રાખવા બરણીઓ મુકેલી, માંસુ બનાવનારનાં ઘરમાં માંસુ ઉકાળવાની કહડાઇ ચુલાપર મુકેલી, એવું એવું સઘળું જેમનું તેમ રહી ગયલું હજુ દીસેછે. એક ઘરમાં બબરચીખાનામાં રાંધતાં રાંધતાં એક ઓરત મરી ગઇ હશે તેનું મુડદું અરધું બાલું કરીને દેખાડતું રેહેવા દીધેલુંછે કે કેવી હાલતમાં મુડદાં મલેછે તે માલમ પડે. મોટી ઇમારતો બાબી કાહાડીછે તેમાં Bascilica કરીને એક ૨૨૦ થી ૮૨ ફીટનીછે, જેનાં ઇંટનાં બાંધેલા ૨૮) થાંભળાઓનાં થોડા ભાગો રહી ગયાછે. એ જગ્યા કોર્ટે દાખલ આગલ વપરાતી હતી, તેનાં બેજીસ્ટ્રેટને બેસવા સારૂ ઊંચી બેઠક બનાવેલીછે, તથા હેઠળ ભોંયરાંછે જેમાં બંદીવાનોને રાખતા હશે એમ ધારેછે. જોયા મેલે એ ઇમારત જયારે ગરક ગઇ ત્યારે બંધાતી ઇયા સમરાતી હશે, કારણકે અધુરૂં કામ કાધું હોય તેવી હાલતમાં મલીછે. બીજી મોટી ઇમારત વીનસનું દેહેરૂંછે. એ એક ઊંચો પલાટફોરમ કરીને તેપર બાંધેલું અને તે ૬૫ થી ૩૯ ફીટનુંછે, તથા તે ઉપર ચહડવાને ૧૩) સીડીછે. એની બાંજીનાં ઘેરી લીધેલા ચોકમાં પીડેસ્ટલો તથા ઓલટરો-

નો ઉપર વીનસ તથા મરસ બનાવટનાં બીજાં પુતળાં મુકેલાં હતાં, જે ઊંચકી લઇ ગયાછે. એનાં બાજરાપર પોરટીકો ૪૮) થાંભળાઓપર બાંધેલોછે. બીજી ઇમારત ફ્રારમનીછે જે બધી મલીને ૪૧૫ થી ૧૦૭ ફીટની જગ્યા રોકેછે, જેમાં જુપીટર (ભરસપતી) નું દેહેરું પણ આવેલુંછે. એ જગ્યાઓમાંથી છ ઓહોલા નીકળેછે. એકશચેંજની ઇમારતબી ઘણી મોટીછે અને ત્યાં હમણાં એ જગ્યાઓમાંથી મલેલાં પુતળાં તથા વાસણો એકઠાં કરેછે. એક મોટા ડીયેટર ત્રીકોણ આકારનો ફ્રારમની નજદીકમાંછે જે હમણાંનાં ડીયેટરનાં જેવો ત્રણ બાજુ ગોળ અને એક બાજુ નાટક તમ્મા સારૂં ચોરસ બાંધેલોછે. તેમાં જોવા આવનારાઓ સારૂં મોટાડીનાં ટેકડા કરી તેપર સંગેમરમરની કરી લીધેલી બેઠકોછે. એમાં ૫,૦૦૦) માણસો બેશી શકે તથા બેઠકો એવીછે કે હુકે બેસનારને ઉપરનાં બેસનારનાં પગો લાગે નહીં. એનાં મથાલાંપરથી પોમ્પીઆઇનો દેખાવ ઘણો સરસ દીસેછે. જયાં નજર કરીયે ત્યાં આસપાસ તારાજ થયલાં ઘરો દીસેછે. એ શહેર જોવા મેલે ટેકડી ઉપર આવેલુંછે, અને એની આસપાસની જગ્યા બેડી લાગેછે તથા જે ભાગ બોદાઇ રહયો નથી તે જાણે ઊંચી સપાટ જમીન હોય તેમ દીસેછે, તથા તે પર બેદીવાડી ચાલેછે. એક ભાગપર બણવાનું કામ ચાલતું હતું તે હમોએ જોયુ હતું. એ બણવાની મેહેનત ઘણી પડતી નથી; કારણ કે પુરાઇ ગયલો જમીનનો ભાગ છુટા કાંકરા તથા રાખ અને પમીમસ્ટોનનો નીકલેછે, જે પાવડાથીજ બોદી કઢાડી એક આગગાડી ત્યાં ગબીછે તેમાં ભરી લઇ જાયછે. બણતી વખતે ઘણું સંભાળીને બણેછે. દીવાલ માલમ પડી કે તેની આસપાસથી બણેછે, અને દીવાલને અલવત્ત આવવા દેતા નથી, તથા પડી જાય તેવી હોયછે તો તેને ચુના ઇંટનાં કામથી ટેકવી રાખેછે. એ મુજબ બધે બણવાથી અસલનું શહેર પાછું જેવી હાલતમાં ડટાઇ ગયું હતું તેવું નીકળેછે. કોઇ કોઇ ઘેરો તથા હમામખાનામાં સીસાંના નળ તેની કુચી સુધાં દીસેછે, જે આબાદ હમણાંના નળને મલતો આવેછે. જમીન બણેછે તેમાંથી સફેદ પમીમસ્ટોન તથા કાળા લાવાનાં હલકા પથરો તથા બંધાઇ ગયલી રાખનાં ચોસલાં નીકળેછે. દીવાલો ઘણીખરી લાલ તથા પીલા ઘેરા રંગની રંગેલી દીસેછે. એ પ્રમાણે જાણે હમણાંજ એ શહેર પડયું મુકીને લોકો નાસી ગયા હોય તેમ લાગેછે, જોકે એને દટાઇ ગયાંને ૧૮૦૦) વરસ થઇ ગયાંછે. એ સઘળું જોઇને પાછા ત્યાંથી કલાક ૩—૩૦ મીનીટનાં નીકલેલા કલાક ૫—૩૦ મીનીટે નેપલ્સમાં આવી પુગ્યા, અને રાતનાં નાટકશાળામાં બેલ તથા બેલેટ નાચ હતો તે જોઇ આવ્યા હતા.

તા૦ ૨૮ મી અકટોબર ૧૮૮૧— આજે સવારનાં ઘોડાની ગાડીમાં બેસીને અતરેથી ૧૬)મેલ દુર આંહીનો વખણાયલો કાઝર્ટા પાલેસ (Caserta Palace) જોવા સારૂ કલાક ૮—૪૫ મીનીટે ઘોડાની ગાડીમાં નીકલેલા ત્યાં કલાક ૧૧—૩૦ મીનીટે જઇ પુગ્યા હતા. શહેર મુકયા પછી આજે રસ્તે ઘણી સરસ તરકારીનાં બેતરો અને તેમાં મોટાં ઝાડો રોપી તે પર દરાખનાં માદવા ચઢાવેલા હતા, એથી જાણે એ બેતરો "પાર્કસ" હોય તેવાં દીસતાં હતાં. એ મેહેલ કાઝર્ટા કરીને આસરે ૧૯૦૦૦) માણસોની વસતીવાલા પરામાં આવેલોછે, અને જેમ પેરીસમાં વર્સાયલેશ તેમ નેપલ્સમાં કાઝર્ટા ગણાયછે. એ મેહેલ ઘણોજ મોટોછે, તે ૮૩૦) ફીટ લાંબો અને પોહોળાઇમાં પણ ઘણો મોટો તથા તેનાં ત્રણ માળ સુધાં ૧૩૪) ફીટ ઊંચોછે. એમાં ૧૦૮૮) ઓરડા તથા વચમાં

ચાર મોટા ચોકો રાખેલાછે. મહેલમાં જવા સારૂં એનીજ હેઠળ મોટો કોલોનેડ આઠ ત્રીકોણ થાંભળાઓનો કીધેલોછે, જ્યાંથી માળપર જવાની ઘણીજ મોટી સીડી તદન સફેદ સંગેમરમરનાં પથરની બાંધેલીછે. એ સીડી પેહેલાં એક અને પછી બે ભાગમાં આસપાસ વેહેંચાઇ જાયછે. બે બાજુપરની ૧૫) અને વચમાની ૨૦) ફીટ પોહોળીછે. તેની આસપાસની તથા મથાળાંપરની દીવાલ રંગીન સંગેમરમરનીછે, તેથી ઘણીજ ભપકાદાર લાગેછે. એની ઉપરની ચાલ હેઠળનાં કોલોનેડનાં જેવીછે જે સંગેમરમરનાં મોટા ત્રણ ખુણાં વાળા આઠ થામળાઓની કરી તેની આસપાસ ફરતી ચાલ રાખેલીછે, જેમાંથી બધા આસપાસનાં ઓરડા તથા દીવાનખાનામાં જવાયછે. દીવાનખાનાં કાંઇ ઘણું શીણુગારેલા નથી તથા ફરનીચર પણ માફકસરનુંછે. દીવાલોપર સારા ચીતારાઓની મોટી ઓઇલપેનટીંગસ મુકેલીછે તથા છુટાં છવાયાં મોટાં નાંધળાં પુતળાંઓ ઓરડાઓમાં દીસેછે. એલેકઝાનડર ફારનીશનું પુતળું ઘણું સરસછે. તેને ઉભો રાખીને તેની પાછલ ફરેસતાને ઉભો રાખેલો તથા એક પુતળું તેની આગલ સુવાડેલું તથા એક બેસાડેલું છે. એ સઘળું આદમ કદનું અને તે એકજ પથરમાંથી કોતરેલું છે. કેટલાએક ઓરડાની જમીનપર રંગીન સંગેમરમર જેવા પથરની તરાંહ તથા કેટલીક જમીન પાટીયાંની ઉપર ઓઇલપેનટીંગની તરાંહ ગલીચા રોકી પાડેલીછે, જે ઘણી સડકણી લાગેછે. પોશાક પેહેરવાનાં ઓરડામાં ટોઇલેટ ટેબલ એક કરારા સંગેમરમરનો કીધેલીછે, જે નવ નાંધળા થાંભળાઓપર ઉભી રાખેલીછે, અને તે પરની આરસી તથા બધો ટોઇલેટને લગતો સામન કરારા મારબલનો કીધેલોછે. એક ગોળ ટેબલ પેટરીફાઇડ(પથર થઇ ગયલા)લાકડાંની એકજ કટકાનીછે, તખ્તવાલો ઓરડો ઘણોજ મોટો અને ત્યાંનું સઘળું ફરનીચર લાલ મખમલનુંછે. મહેલને લગતો એક નાટકગ્રહ રાખેલોછે, જે મજાનો શીણુગારેલોછે. તેનાં થાંભળા નેપલ્સથી દશ મૈલ દુર સીરાપીસનું દેહેરૂં હતું ત્યાંથી લાવેલાછે, તે આખા એકેકા પથરનાં બનાવેલાછે અને તેવા બાર નંગછે. એ મહેલનો ચેપલ તદન રંગીન સંગેમરમરના પથરનો શીણુગારેલો અને ઘણો જોવા લાયકછે. એ મહેલમાં બધા મલીને ૨૬) મોટા દરવાજા તથા ૩૬) માળ ઉપર જવાની સીડીછે. એ મહેલ સને ૧૭૫૨ માં અહીંનાં બુર્બો વંશના રાજાઓએ બંધાવ્યો હતો અને ઘણો જોવા લાયકછે, પણ એના બાગ તેથી ઘણોજ સરસછે. મહેલથી એક માઇલ દુર એક ટેકડી આવેલીછે ત્યાંસુધી સીધાને સીધો એક બાગ બનાવેલોછે, અને તેમાં વચમે ૧૦૦) થી ૧૫૦) વારનાં લાંબા લાંબા કુંવારા કીધેલાછે, જેનાં તદન જુદાજ તપા કરીને તેઓને નાંકે ઉંચાણ જગાપર પુતળાં તથા પાણીનાં ધોધ પડતા, અને તેઓની વચમાં વળી પાછી બાગની રોપેલી જમીન ૧૦૦) થી ૧૫૦) વાર રાખેલીછે. એ પ્રમાણે ત્રણ તપા ચહડયા પછી એક ઘણો મોટો કુંવારો અથવા તલાવ આવેછે જેમાં બે નાંધળા ટાપુઓ બનાવી એક ઉપર ઓરતોનાં નવ પુતળાં સંગેમરમરનાં કોઇ બેસેલાં કોઇ પાણીમાં ઉભેલાં એવી રીતે ગોઠવેલાંછે, તથા બીજા ટાપુમાં હરણનાં ડોકાંનું એક માણસ બનાવી તેનો આસપાસ શીકારી ૧૦) કુતરાં ઉભાં રાખેલાંછે, તથા એ તલાવને મથાળે પેલો ડુંગર આવેલોછે, જેનાં મથાળાંથી હેઠાણ સુધી સીડી જેવડા લાંબા તપા કરી તે પરથી પાણીનાં ધોધા દોડી આવી એ તલાવમાં પડેછે, તેથી દેખાવ ઘણો સરસ લાગેછે. એ કુંવારા તથા કેસ્કારાઓની

આજુબાજુ મોટાં ઝાહાડોને સરખાં કાપી જાણે લીલોતરીની દીવાલો ભરી લીધીછે, તથા તેની પાછલ ઘણો મોટો પારક ઘેરી લેછ તેમાં જાતજાતનાં મોટાં ઝાડો રોપેલાંછે જે સઘળો ગોઠવણી ઘણી મન પસંદ અને જોવા લાયકછે.

એ જોઇને પાછા બે વાગે ત્યાંજ પાર્કમાં "પીકનીક" કરીને નીકળેલા નેપલ્સમાં પાંચ વાગે આવી પુગ્યા અને બજાર તથા થોડીક દુકાનોમાં ફરયા હતા. રાતનાં બાઇને અગાશી ઉપર ઉભેલા હતા ત્યાંથી માઉંટ વીઝુવીયસનાં બલતાં દુરથી હમોને દીસ્યાં હતાં, જે એકદમ મોટાં થઇને પાછાં ઝાંખાં થઇ જતાં હતાં, અને જાણે દીવાદાંડીની રોસ્ની દીસે અને બેપ થઇ જાય તેમ લાગતું હતું, જે દેખાવ ઘણોજ ભભકદાર લાગતો હતો.

તા૦ ૨૯ મી અકટોબર ૧૮૮૧— આજે સવારનાં અતરેનું મ્યુઝીયમ (Musee Nazionale) જોવા ગયા હતા. એ ઇમારત ઘણી મોટીછે, અને સને ૧૫૮૬ માં ઘોડેસ્વારની બરાબ્ય દાબ્યલ બાંધી હતી. ત્યારપછી ૧૬૧૫ માં એમાં યુનીવરસીટી કીચી હતી, તે ત્યાંથી બીજી જગાપર લઇ જઇને અહીંયાં પેહેલાં મ્યુઝીયમ સને ૧૭૯૦ માં ઉભું કીધું હતું, અને તેમાં પછી બીજાં ઇટલીનાં ગામોમાંથી સંગ્રહ લાવીને ઉમેરયા ગયા હતા. પોમપીબાઇ, હરકયુલેન્યમ, ઇસ્ટાબી અને કયુમી કરીને ગરક ગયલાં ગામોમાંથી મલતી ચીજો એમાં ઉમેરવાથી એ મ્યુઝીયમ યુરોપનાં બીજાં મોટાં મ્યુઝીયમોનો બરોબરી કરી શકેછે. તેમાં જુનાં કાળની ચીજો (Antiquities) માં એની બરોબરી કોઇ કરી શકતું નથી. એમાં મોટો ભાગ બણી કાહાડેલાં પુતળાં, ફ્રેસ્કોઝ, પેનટીંગસ તથા બ્રાંઝ તથા બીજી ધાતુનાં વાસણો વગેરે એબજલપેનટીંગસ પણ સાગ ઉસતાદોને હાથનાં એકકાં કીધેલાંછે. બણી કાહાડેલાં પુતળાંમોમાં બ્રાંઝ ધાતુનો ઘોડો તથા ઘોડાપર બેસાડેલું નીરો શહેનશાહનું બ્રાંઝનું પુતળું, કાળા પથરનાં મોહોડાં તથા રંગીન પથરનાં પોશાક સાથે બુલાંબોનાં પુતલાં, ગંજાવર કદના મરમરનાં બથોટા તથા પુતળાં, ડેનશીંગ ફ્લોરમાંથી મલેલા ઓગ્રેક વર્કની જમીનપરની તરાંહો જેવીને તેવીજ રીતે લાવીને અહીંયાં ગોઠવેલીછે. બણી કાહાડેલા દીવાલોનાં મોટા ભાગ તેની ઉપરનાં ફ્રેસ્કો પેનટીંગશો સાથનાં ફરેમોમાં મુકેલાં, સંગેમરમરનાં પુતળાં દીવાલોમાં ઉભાં કીધેલાં, બાગમાંનાં મોટાં વાઝીઝ ઉપરાંત અનાજ, પાંઉ, ગોઝ, બકરોટ, સુકો મેવો, ઇંડાં, રાંધવાનાં વાસણો તેમાં રંધાતું ગોઝ સુધાં, વાઇનની બાટલીબો તેમાં બંધાઇ ગયલા વાઇન સુધાં, તેલની બાટલીબો, દોરડાં, ઘાસની ગુંડેલી સપાતનાં ટલીયાં, બતક્ઝ, માણુસોનાં મુડદાં બાલી તેની રાબેલી રાબ, ડાબોમીડાનાં ઘેરમાંથી મલેલાં માણુસોનાં હાડકાં, (એને વાસતે કહેછે કે જયારે વીઝુવીયસ ફાટયો અને તેની રાબથી પોમપીબાઈ શેહેર ડટાવા માંડયું ત્યારે બાસરે ૩૦ જણાં એ ધણીનાં ઘેરનાં ભોયરામાં બાસરો લીધો હશે, જેબોથી બાછલથી બાહાર નીકળાયું નહીં તેથી ત્યાંજ ગુંગલાઇને મરી ગયા હતા, તથા એ ઘેરનાં બાગનાં દરવાજા આગલથી ધારવામેલે એ ઘેરનો ધણી તથા તેનો સાથનો ગુલામ જેનાં હાથમાં નાણાંનો કોઠળી હતી તેમનાં મુડદાં મળ્યાં હતા) હાથનાં લબેલાં કાગજો તદન ફાટી ગયલાંને વળગાવી મુકેલાંછે. પેટીબો, ઘોળીયા, સ્ટાંડો બામડાની ગાદીબો સુધાં, સોનાં તથા રૂપાનાં વાસણો, નામ નીશાણ કોતરેલી પથરની પીટીબો, બેરીંગો, હાથની સાંપ રોકી પોંહોંચીબો, કનદોરા જેવાં ઘરેણાં, ફુલનાં સોનાનાં હારો, પથરનાં તથા કોરાનાં કેમીબોઝ, ચુલાંબો, ટેબલો, લોબંડની તીજોરીબો, માણુસોનાં

પગમાં નાખવાનાં ઓડાં, તોલવાનાં કાંટા, વગાડવાની વાંસળી (Flutes) વગેરે બીજાં ઓજાર, પથરની કોરીનોમાં બચાંનાં હાડકાં ઇત્યાદી ઘણી ચીજો એ ગરક ગયલા પોમપીઆઈ તથા બીજાં શેહરોમાંથી લાવીને અહીયાં મુકેલીછે. એ ઉપરાંત સીક્કાઓનો સંગ્રહ પણ પાંચ ઓરડાઓમાં ઘણોજછે જેની સંખ્યા આસરે એક લાખની ઉપર કહેછે. પીક્ચરોનો પણ ઘણો મોટો સંગ્રહ કીધેલોછે તથા ગ્રીસનાં અસલી વાસણો તથા પુતળાં તથા રોમન્સનાં હમામ, થાંભળા, પુતળાંઓ ઇત્યાદી એવી ચીજોનો બેહદ મોટો સંગ્રહ કીધેલો ઘણો જોવા લાયકછે.

એ જોઇને પછી બુર્બો વંશનો બાંધેલો મેહેલ કાપોડીમોંટે (Palazzo di Capodimonte) જે એક ટેકડી ઉપર આવેલોછે તે જોવા ગયા હતા. એ મેહેલ પેહેલો સને ૧૭૩૮ માં ત્રીજા ચાર્લ્સે બંધાવ્યો હતો અને તેમાં પાછલથી બીજા રાજાઓ વધારતા ગયા હતા તે છેક સને ૧૮૩૯ મુધીમાં તૈયાર થયો હતો. એ મેહેલ ઘણોજ મોટોછે અને તેમાં એક જાતનું નાધણું જેવું મયુઝીયમ કીધેલુંછે. તેમા ફુટા ફુટા ઓરડાઓમાં થોડાંક પીક્ચર તથા પુતળાં ગોઠવેલાંછે, અને એક મોટાં દીવાનખાનાંમાં બખ્તરો તથા લડાઇનાં હથીયારોનો સંગ્રહ સારો કીધેલો તથા ઓરડાઓ માફકસર સાગુગા રેલાછે. તેમાં બોલરૂમ ઘણો સરસછે. એક ઓરડો જેને કોરીડામનો ઓરડો કરી નામ આપેલુંછે તે મેહેલમાં સૌથી જોવા લાયકછે. તેની દીવાલ તથા છત બંને પોર્સલેન (કોરીકામ) નાં પુતળાંઓ તથા ફુલોના વેલા અને જાનવરો ઇત્યાદીથી મઢી લીધીછે, તેમાં આસરે ૧૦૦૦૦) ફુટ્યાં નંગ રૂપરૂથી જડી લીધેલાંછે એવું ત્યાંનાં રખેવાળથી હમે સાંભળ્યું હતું. ત્યાંનાં જુમરો તથા આરશીઓ (મોહોડાં જોવાની)નો ફરેમો વટીક કોરીની બનાવેલી છે. એ સઘળું કામ એજ કાપોડીમોંટનાં પોરસલેન વરકસમાં બનાવ્યાં હતાં. એ મેહેલનો બાગ ઘણો મોટો અને સારી ગોઠવણીનોછે. તેમાં મોટા રસતાઓની આસપાસ ઝાડો રોપી તેઓને ઉપરથી મળવી લઇને "એવીનીઉઝ" કીધેલીછે તેથી ઘણો શોભેછે. એ બાગમાં બેસુમાર ફ્રેસ્કટો તથા બીજાં જાનવરો શીકાર સારૂં રાખેલાંછે તથા થોડાંક પીજરાંઓમાં એવી જાતનાં પંખેગાં એકઠાં કીધેલાંછે.

એ સઘળું જોઇને પાછા હોટલમાં આવ્યા હતા. આજે ઘણે દીવસે પેહેલવેહેલોજ માઉંટ વીસુવીયસને તદન ઓલો જોયો હતો; કેમકે તેનું શીખર હમેશ વાદળાંથી ઢંકાઇ રહેલું હતું, પણ આજે આસમાન ઊઘડી ગયાથી એમાંથી મોટાં વાદળાંઓની માફક નીકળતો ધુંમાડો તથા બપોરનાં અને રાતનાં એમાંથી મોટાં બલતાં નીકળતાં હમે જોયાં. એ નેપલ્સ શેહેર આખા ઇટલી દેશમાં સૌથી મોટી વસતીવાલું ગણાયછે. એની વસતી સને ૧૮૭૬ ની ગણત્રી મુજબ ૪,૫૦,૮૦૦) માણસોની કહેવાયછે. નેપલ્સ ઇટલીનાં બીજાં શેહેરોની માફક પ્રજાસત્તાક કોઇ દીને થયું હતું નહીં, તે અસલ રોમન શેહેનશાહોને હસ્તક હતું, અને ત્યારાછી ઉગમાણુ તરફની એ શેહેનશાહતને હસ્તકથી નોરમન્સનાં પેહેલા ડીકુક રાજરે જીતી લીધું હતું. તે તેઓને હસ્તક બે સદી રેહેવા પછી સ્પેનનાં રાજ હેઠળ ગયું, જેનાં બુર્બો વંશનો પાદશાહ ચોથા ફીલીપનો છોકરો ડોનકારલોશ સને ૧૭૩૪ માં એનો પાદશાહ થયો હતો. તે ફ્રેન્ચ રીપબલીકની વખતે ૧૭૯૯ માં બોનાપાર્ટવાલાઓને હસ્તક ગયું અને તેમા પછી પાછા અસલી બુર્બોને હસ્તક થયું, જેને રૂપતે ગુલડ કરી ગેરીબાલડીની મદદથી તખત પરથી કઢાડી મુકી શારડીનીઆનાં રાજા

વીકટર ઇમાન્યુઅલને સોંપી દીધું જે આ-
સ્તે આસ્તે બીજાં શેહેરો તાબે કરીને
આખાં ઇટલીનો રાજા થયો હતો, અને
નેપલ્સમાં પોતાની ગાદી સ્થાપી. પણ પા-
છલથી ૧૮૭૦ માં રોમ શેહેર પોપસો
પાસથી લઇ મુકયા પછી તેણે રોમને પા-
યતખ્ત શેહેર કીધું છે. તોપણ નેપલ્સનું
બંદર દુન્યાનાં સૌથી મોટામાનું એક
ગણાયછે. ત્યાં મોટો વેપાર ચાલવાથી
એની વસતી રાજનો ગાદી ઉઠી ગયા પછી
કાંઇ ઓછી થઇ નથી.

તા૦ ૩૦ મી અકટોબર ૧૮૮૧— આજે સવારનાં પોહોરમાં કલાક પાંચ વાગે નેપલ્સ શેહેર છોડયું તે સાંજનાં કલાક ૬–૩૦ મોનાંટિ સ્ટ્રીનડીસી પુગા હતા. સાં-જનાં ચાર વાગે વાદળ અત્તોધાયું ઘેરાઈ આવ્યું અને જાણે રાત પડી હોય તેવું અંધારૂં થઇ ગયું હતું અને વીજ-લી તથા ગગડાટ સાથે વરસાદ જોરમાં છેક રાતનાં આઠ વાગા સુધી આવ્યો હતો. હમો સ્ટ્રીનડીસી પુગા તેવા હોટલ ડી ઇ-નડીશ ઓરીયંટાલીશમાં ડીનર લઇને તે-ની સામે ઉભેલી પી. અને ઓ. નો સ્ટી-મર માલવા (Malwa) જે પાછલી રા-તનાં એલેકઝાંડ્રીઆ હંકારવાની હતી તે ઉપર જઇને રાતનાં સુતા, અને આજ દીને યુરોપખંડને છેલી સલામ કીધી હતી.

તા૦ ૩૧ મી અકટોબર ૧૮૮૧— આજે સવારનાં લંડનથી મેલનાં પેહોન-જરો પાંચ વાગે આવ્યા પછી હમારી સ્ટીમર માલવાએ કલાક છ વાગેને લંગર ઊંચકયું હતું. બારાંની બાહાર નીકળ્યા કે પવન ઘણો જોરમાં ફુંકતો માલમ પડયો અને નવ વાગામાં તો સ્ટીમર મોટી હોવા છતાં ડોલાં ખાવા લાગી હતી. આખો દીવસ તે મુજબ ચાલ્યા કીધા પછી સાંજનાં કલાક છ વાગે પવન અત્તો ઘણો જોશમાં ફુંકવા માંડયો, અને દરી-યાનાં મોજા સ્ટીમરનાં તુટકની ઉપર થઇ ને કોઇ કોઇ વખતે પસાર થતા હતા. આખી રાત એ મુજબ ચાલીઆ કીધું હતું.

તા૦ ૧ લી નવેમબર ૧૮૮૧— આજે પણ આખો દીવસ પવનનું તોફાન ચાલુજ હતું, જેથી હમો તદન કેબીનમાં-થી બાહાર નીકળી શકયા હતા નહીં, અને ત્યાંથી સ્ટીમર ઘણું ડોળાં ખાવાથી તે ઉપરના સામનની ભાગ તુટનાં અવાજો વારા ફરતી સાંભળતા હતા તથા જેમ વ-ખત જતો ગયો તેમ દરીયાનું જોર ઘ-ણુંજ વધવા લાગ્યું અને બધા "પોર્ટ હોલ્સ" બંધ કરવા પડયા હતા. સ્ટીમર પરથી હવે તો મોજા ઘણાંજ પસાર થતા હતા, અને તે એટલી તો ડોલાં ખાતી હતી કે કોઈથી પણ પકડયા વગર ઉભું રેહેવાઇ શકાતું ન હતું, અને સ્ટીમર ભા-યગે કલાકનાં ૪) નોટશ (Knots) ચાલી શકી હોય તથા ખાવા બેસવાની ટેબલોપર લાકડાંની પટીઓ ઓસીને રકેબીઓ મા-ડતા હતા, અને તે ઉપર પાણીનજરોમાં-થી ભાગ્યે અરધો ભાગ બેસી શકતા હતા. બાકીનો મોટો ભાગ બીમાર પડવાથી કે-બીનોમાં પડી રહયો હતો. આજે પાછલી રાતનાં તોફાન એટલું તો વધ્યું કે સ્ટી-મરની હમારી કેબીનવાલી બારીઓ સ્ટી-મર ડોલાં ખાવાથી પાણીની અંદર ગરક જતી, અને કોઇ કોઇ વખત તો તુ-ટકપરનો ટાંગેલી લાઇફ બોટો વટીક પા-ણીમાં જતી હતી, જેથી સ્ટીમર હમણું ઊંધીવલી જશે એવી રીતની હમને ધાસતી લાગ્યા કીધી, અને આખો દીવસ જરાક સેરવો સીવાય બીજું કસું ખાવાનું ચાલ્યું ન હતું, અને આખો વખત બીછાણામાં પડયા પડયા કેબીનની સાઇડને પકડી રેહેવું પડયું હતું, નહીં તો કે ઉપરથી ઉકળાઇ જતા હતા. આખરે કપડાને રસતો બદલવાને

ડાવ કરીને આડકટરો રસ્તો લીધો કે જેથી સામા મલતા મોજાનું જોર ઓછું થાય.

તા૦ ૨ જી નવેમબર ૧૮૮૧— આજનો આખો દીવસ પણ ગયા બે દીવસનાં જેવોજ તોફાની ગયો અને રાતના સ્ટીમર અતીસે ડોલાં ખાતી હતી, જેથી હમે કેબીનમાંજ કેદ પડી રહયા.

તા૦ ૩ જી નવેમબર ૧૮૮૧— આજે સવાર પછી દરીયો જરાક નરમ પડતો ગયો તેથી રસ્તાથી આડકટરા નીકળી ગયલા પાછા સીધા રસ્તા ઉપર સ્ટીમર ચલાવી હતી. એ હમારી સ્ટીમર ગઇ કાલે રાતનાં એલેકઝાનડરીઆ પુગવાની વકી હતી તે ચકર પડયાથી તથા કલાકનાં ૪) નોટ ચાલવાથી ત્યાં આજે પણ પુગી શકયા નહીં હતા. જો કે તોફાન નરમ પડયા પછી કલાકનાં ૧૩) નોટને હીસાબે સ્ટીમર સર ચહડાવીને તથા સ્ટીમ પાવર વધારીને ફાસ્ટ ચાલતી હતી, અને દરીયો જો કે ઘણોજ નરમ ખીજા દીવશો કરતાં લાગતો હતો તોપણ સ્ટીમર ઘણું ડોલાં ખાતી હતી અને દરીયાનાં મોજાઓ નાધળા ડુંગરોનો માફક ઉછળતા હતા. આજે હમો પેહેલવેહેલા સ્ટીમરનાં તુતક ઉપર બપોરનાં બાહાર નીકળ્યા હતા. બ્યપર કાહાડતાં માલમ પડેછે કે એ મહીનામાં એ ભુમધ્ય સમુદ્ર કોઇ કોઇ વખતે જોશમાં આવેછે પણ આવો લાગત ત્રણ ચાર દીવસો સુધી તોફાની રેહેતો નથી. રાત પડતાં દરીયો ઘણો નરમ પડવા માંડયો અને આજે ચેનમાં ઉંઘ આવી હતી.

તા૦ ૪ થી નવેમબર ૧૮૮૧— આજે દરીયો ઘણોજ થંડો અને દીવસ ઘણોજ મજેનો ગુજરયો હતો. છેક સાંજનાં કલાક ૩—૩૦ મીનીટે એલેકઝાનડરીઆ શેહેરનો કીનારો દીસવા લાગ્યો અને કલાક ૪—૧૦ મીનીટે સ્ટીમરે લંગર કીધું, તથા હમો કલાક ૫—૩૦ એ કીનારાપર ઉતરીને હોટલ ડી યુરોપમાં ઉતારો લીધો. વખત હોવાથી શેહેરમાં ફરી આવ્યા હતા. આજે મુસલમાન લોકોની બકરી ઇદ હોવાથી અહીંનાં બારાંનાં વાહાણો ઉપર વાવટાઓનો શીણગાર કીધેલો હતો તથા હમો ઉતરયા તે વખતે એ ઇંડની ખુશાલીની તોપોનાં અવાજો આવતા હતા. એ મુજબ આજે ત્રણ દીવસ થયા ધામધુમ ચાલેછે અને નીમાજ કરવાનાં પાંચો વખતપર ૨૪) તોપોની સલામતી ફુટેછે. આજે ચતુરદશ હોવાથી ચાદરણું ઘણું સરસ પડતું હતું તેથી હમો શેહેરમાં રાતનાં આઠ વાગ્યા સુધી ફરયા હતા. એ શેહેર જો કે તરકી સરકારને તાબે હીંયાંનાં એડીવની હાકમી હેઠળછે, તોપણ કાન્સ્ટાનટીનોપલ કરતાં અહીં ઘણું સરસ યુરોપીયન ઢબમાં દીસેછે. એનાં કોઇ કોઇ મોહોલાઓ તો ઘણાં સરસ અને તેની ઇમારતો વખાણવા લાયકછે. તેમાં શેરીફ પાશાનો મોહોલો તથા બીજા નવા મોહોલાઓ ઘણું જોવા તથા ફરવા લાયકનાં તથા રસ્તાઓ મોટી ચોરસ લાદીઓથી ફરસ કીધેલાછે. એનાં બારાંપરનો દેખાવ પણ ઘણો સરસછે, અને જોયા મેલે અહીંયાંનો વેપાર ઘણો મોટા ચાલતો હશે, કારણકે બારામાં વાહાણો તથા સ્ટીમરો બેસુમાર ઉભેલાં હતાં. હમો ઉતરયાછે તે હોટલ ગ્રાંડ સ્કુવેર (Grand Square) માં આવેલુ છે, તે સ્કુવેર અહીં સૌથી મોટો ગણાયછે, જ્યાં ઘણી મોટી અને સારી યુરોપીયન દુકાનો તથા કાફેઝ આવેલાંછે. એ શેહેર હાલ આગલનાં જેવી જાહોજલાલી ભોગવતું નથી, તોપણ એની વસતી સને ૧૮૭૭ નો ગણત્રી મુજબ ૧,૬૫,૭૫૫) માણસની કેહેવાયછે, અને આખા ઇજીપ્ત દેશનો વેપાર એ શેહેરને રસ્તે થાયછે, તેમાં રૂનો પાક વધા-

રવાથી હમણું એ જાણુમોનો મોટો વેપાર ઇંગ્લંડ સાથે ચાલેછે. દરીયામાં મોટી દીવાદો બાંધીને એનું બારૂં ધેરી લીધેલું છે તેથી વાહારૂ તથા સ્ટીમરો વગર નુકશાણીએ ત્યાં ઉભી રહી શકેછે. એ શેહેર પેહેલવેહેલું. એલેકઝાંડર ધી ગ્રેટે (શીકંદર રૂમી પાદશાહે) ક્રાઇસ્ટની ૩૩૩) વરસ આગમજ વસાવી તેને પોતાનું નામ આપ્યું હતું. યુરોપ, એશીઆ અને આફ્રીકાનો વચમાં એ બારૂં આવ્યાથી એ ત્રણુડે ખંડો સાથે મોટો વેપાર ચલાવતું હતું, અને તે વખતે એની બરોબરનું શેહેર બીજું કોઇપણ ગણાતું ન હતું. એનો ઘેરાવો તે વખતે નવ મૈલનો હતો અને તેમાં આઠ મોટા રસતા બાંધી તેમાંથી બીજા સરખા રસતા કાહાડેલા હતા. તેમાંની વચેવચમાંનો એક રસતો ૨,૦૦૦) ફીટ પોહોળો હતો, અને તેની આડકટરો બીજો તેટલોજ રસતો પસાર થતો હતો અને તે મૈલો સુધી લાંબો જતો હતો. એ મોહોલા સંગેમરમરની મોટી હવેલીઓ તથા કીમતી જાણુમો વેચવાની દુકાનોથી ભરેલા હતા, તથા તેની વચમાં મોભાઇના ઓબેલીસ્કો તથા એવી બીજી ચીજો મુકેલી હતી. એ મોહોલા આટલા પોહોળા હોવાથી ત્યાંથી એક નાકેથી બીજાં નાકાં સુધીની સઘળી ચીજો દેખાતી હતી, અને દરીઆનો બેહુ તરફથી આવતાં વાહાણો પણ એ મોહોલાઓમાંથી જોઇ શકાતાં હતાં. એ વાહાણો સારૂં દીવાદાંડી બંધાવી હતી, જે એટલી તો વખણાતી હતી કે દુન્યાની નવાઇઓમાંની તે એક (one of the wonders of the world) ગણાતી હતી. એ દીવાદાંડી (Watch Tower) એલેકઝાંડર ધી ગ્રેટની પછીનાં એનાં જનરલોમાંનો એક જણ રાજા થઇ બેઠો તેણે બંધાવી હતી, અને તેને પોતે બંધાવીને મકરીઓનાં બંચાવ સારૂં ખુદાનાં નામપર અર્પણ કરેલી એમ તકતી મારવાનો હોકમ કીધો, પણ તેનો બાંધનાર કારીગર પોતાનું નામ કાયમ રાખવા સારૂં લુચ્ચાઇથી પોતાનાં નામની તકતી મારીને તે ઉપર ચુનાનુ પડ કરી લઇને પેલા રાજા ટાલોમી (Ptolomy) નાં નામની તેપર તકતી મુકી હતી, જે ઘણાં વરસો થયે ચુનો ખડી જઇને નાબુદ થઇ ને કારીગરનાંજ નામની તકતી બાહાર દેખાતી રહી ગઇ હતી. એ શેહેરનો વખણાયલી લાઇબ્રેરીમાં સાત લાખ પુસ્તક એકઠાં કરેલાં હતાં, અને તે સારૂં જેબી ઘણી બ્રહીયાં આવે તેની પાસે કોઇપણ નવી જાતની ચોપડી જોઇ કે તે મંગાવી તેની ઘણી બપકાબંધ નકલ કરાવી તે નકલ તેને આપી પેલી અસલી ચોપડી લાઇબ્રેરીમાં મુકતા હતા, અને કોઇ વખતે તો પેલો નકલની સાથે મોટી નાણાંની રકમ ભેટ આપતા હતા. તેનાં દાખલા દાખલ સાફોકલીશ (Sophocles), યુરીપીડીસ (Eurypedes), અને એશકીલશ (Eskius) ની બનાવેલી ચોપડીઓ ચુનાનો લેકો પાસથી ઉછીની મંગાવી તેમની નકલો બની તેવી બપકાબંધ કરાવીને તે નકલોનો સાથે ત્રણ લાખ રૂપીયા તે જુની ચોપડીઓનાં બદલામાં આપયા હતા. એવો એવો કીમતો એ કદર બુજનારાઓ કીતાબોની આપતા હતા, અને એ લાઇબ્રેરી તે વખતે દુન્યામાં સૌથી મોટી ગણાતી હતી; પણ પાછલથી જયારે મુસલમાનોનાં હાથમાં એ શેહેર ગયું, ત્યારે તેને જીતનાર જનરલોએ ખલીફનાં હુકમથી તે ચોપડીઓને અહીંનાં હમામખાનામાં પાણી ગરમ કરવાનાં કારણસર લાકડાને બદલે બાલી હતી કે કોરાન જે છે તેજ બરી ચોપડીછે, વાસ્તે તેને મલતી જે બીજી ચોપડી નહીં હોય તે બોટી હોવી જોઇયે, અને મલતી આવે તો આપણી પાસે કો-

રાનછે તો બીજી ચોપડીની જરૂર નથી. એમ કૃતવો આપી સઘળો બાલી નાખ્યો. એ પ્રમાણે એક વરસ સુધી આવી બેમુલી ચોપડીઓ હમામખાનામાં લાકડાંને બદલે બાલીને તારાજ કીધી હતી. અમરૂ કે જેણે ખલીફની વટી એ શેહેર જીતું હતું તેને ખલીફ ઉપર લખી મોકલેલી વીગતો પરથી એ શેહેરની માટાઇ માલમ પડેછે. જો કે તે વખતે એ શેહેરનો મોટો ભાગ આગલની બીજી લડાઇમાં તારાજ થઇ ગયો હતો. તોપણ અમરૂ લખેછે કે "મેં આથમણુ તરફનું શેહેર લીધું છે તે ઘણુંજ ગંજાવરછે અને તેમાં કેટલાં ઘરોછે તે હું કહી શકતો નથી. એમાં ૪,૦૦૦) મોટા મહેલો, ૪,૦૦૦) હમામખાનાં, ૧૨,૦૦૦) બાગો, ૧૨,૦૦૦) તાજુ તેલ વેચનારાઓનો દુકાનો, અને ૪૦,૦૦૦) યાહુદીઓ જેઓ મોટા કર આપેછે તે તથા ૪૦૦) નાટકશાળાછે" એવું ગંજાવર શેહેર તે વખતે (અને ૬૪૦ માં) હતું.

તા૦ ૫ મી નવેમબર ૧૮૮૧— આજે અતરેનો આમદઅલી પાદશાહવાલો મહેલ જોવા ગયા હતા. એ મહેલ ઘણો મોટો બાંધેલોછે પણ બાહારથી કાંઈ ઘણો ભપકાદાર લાગતો નથી. એમાં પેસતાં સંગેમરમરનાં આખા પથરાનાં થાંભળા તથા સીડીઓ પણ એજ સફેદ પથરની બનાવેલીછે. અંદરનો ઘણોખરો ભાગ યુરોપીયન રીત પ્રમાણે શીણગારેલો છે, તેમાં મુલાકાત લેવાના ઓરડા બે તરફનાં ઘણું સારા સણગારેલાછે. એકમાં બજીમનો બેદીવ પોતે બેસીને બીજાઓની મુલાકાતો મોટા દીવબોપર લેછે, તે દીવા નખાનામાં ત્રણ બાજુપર ફરતી પલાંઠી મારીને બેસી શકાય તેવા વગર હાયાની બેઠકો મજની ગ્રેચી માટીનોની ગાદીનો તથા તકીયાના કીધેલીછે, અને તેમાં મથાળાંની બજુપર એક ખુણામાં એની પોતાની બેઠક તેજ મુજબની રાખેલીછે. અહીંયાં બીજાં દેશોનાં એલચીઓ તથા બીજા બજીમના હોદેદારોની મુલાકાત લેવાની જગ્યાછે. બીજું તેવું દીવાનખાનું જયારે મોટાં બાણું થાયછે તે વખતને સારૂ યુરોપીયન ઢબપર સણગારી તેમાં ઘણી મોટી કોચો (જાણે બે ખુરશી આસપાસ અને વચમાં કોચ હોય તેવી રીતની બનાવેલી) મુકેલીછે, અને ફરનીચર સઘળું ગીલીટનું અને દીવાલોપર માટીનો જડેલી તથા જમીન અબનુસનાં લાકડાંની અને તેમાં શીપની તરાંહની બનાવેલીછે. એમાં એક ટેબલ રોમનાં બાઝાર્ક વર્કની બનાવેલી ઘણી સરસ મુકેલીછે જેની ઉપર હીરાનાં મોટાં નંગો અસલ જડેલાં હતાં જે પાછલથી કાહાડી લીધેલાં દીસેછે. તેની કીમત એ ઝવેરાત સુધાં ત્રણ મીલીઅન ફ્રાંક થયાને બાર લાખ રૂપીયાની હતી એમ તેનો રખેવાળ કેહેતો હતો. એ મહેલ દરીયે કીનારે આવેલોછે, ત્યાંથી બારાંનો દેખાવ તથા એ જગ્યાપરનો બરેક વોટર (Break water) સઘળો બરોબર દીસેછે. બરેક વોટર બધો મલીને ૩,૨૦૦) વાર લંબાઇમાંછે, તેનાં એક છેડાપર દીવાદાંડી કીધેલીછે, જે કીનારેથી ૧,૦૦૦) વાર દુર પાણીમાં ૩૦) ફીટની ઉંચાઇએ આવેલીછે. એ બરેક વાટર સને ૧૮૭૧ માં શરૂ કીધો અને ૧૮૭૩ માં બાંધીને તૈયાર કીધો હતો. એ બાંધવામાં બનાવતનાં પથરનાં વીસ વીસ ટનુનાં ૨૭,૦૦૦) બ્લોકસ દરીયાની બાજુપર વાપરયાછે જે દરીયાનુ મોજાનું જોર તોડી નાંખેછે, અને તેની અંદરનાં ભાગમાં પાણી થંભ રહેછે. એના અંદરનાં ઢોળાવમાં ૮૫,૦૦૦) ટનુ રબલ પથર અને ૮૫,૦૦૦) ટનુ મજબુત પથરનાં મોટા બેથી ત્રણ ટનુ સુધીનાં બ્લોકશોથી કવર કરી લીધેલુંછે. એ બરેક વાટરની

દરીયાથી ૧૦) ફીટ ઊંચી અને મથાળેથી ૨૦) ફીટ પોહોળી દીવાલ કરેલીછે. એ બાંધ્યાથી આગલ જે ઘણું મોટાં તોફાનોમાં વાહાણો તથા સ્ટીમરો ભાગતી હતી તેનો બચાવ થયોછે.

એ જોઇને પછી મોહોલ્લામાંથી નીકળેલા પામપીઝ પીલર (Pompey's Pillar) કરીને એક થંભ અતરેની ઘોરસ્થાન આગલથી છે તે જોવા ગયા હતા. એનો આકાર ઘણોખરો ઘેરાનાં મોટા થાંભળાઓ ઉપર નકશીનાં મથાળાં આવેછે તેને મલતો આવેછે. એ બધો મલીને ૯૮।। ફીટ ઊંચાઇમાછે, તેમાં એનું ટળીયું તથા મથાળાંવાલા ભાગો છુટાછે. બાકીના એકજ મોટા પથરનો એ થંભ ૭૩) ફીટ લાંબો અને ૩૦ ફીટ ઘેરાવાનો બનાવેલો, એનાં મથાળાંનો ભાગ ચોરસ છે અને તે ૧૬।। ફીટ વ્યાસછે. એ થંભ સાફ કરેલા લાલ ગ્રાનીટનાં પથરનો બનાવેલો, અને આસરે ૧૫૮૦ વરસનો જુનો અહીંજ ઉભો કરેલોછે, અને તે વખતે પોમપીઅસ કરીને સરદાર હતો તેની દેખરેખ હેઠળ ઉભો થવાથી એનું નામ પોમપીઝ પીલર કરી આપેલું ધારવામાં આવેછે. એની પાસે મુસલમાન લોકોનું ઘોરસ્થાન આવેલુંછે, જયા આજે બકરી ઇદનો તેહેવાર હોવાથી ઘણી ભીંડ હતી, અને જેમ મુંબઇમાં ઓરસ ભરાય છે તેમ દુકાનો, બકરીઓ, તથા બીજો મેલાવડો સારો થયોતો હતો. તેમાં એ મેલામાં ઘણો મોટો ભાગ ઓરતોનો હતો જેઓ આજે હતો આઓ દીવસ જયાંબો ફરતા હતા ત્યાંથી બુલા મોટાં ગાડાંમાં વીસથી પચીસ જણી બેસીને જતી મલતી હતી, એ અહીંની ઓરતો કાન્સ્ટાંટીનોપલની ઓરતોની માફક મોહોડાંપર નાક આગલથી પડદો રાખેછે, અને તે પડદાને ગમે તેમ ઉપર હેઠળ ચહડાવવા માટે એક જાતની નલી તેની ઉપર ત્રણ ઉપસેલા બાંચા રાખી નાકની ઉપરથી કપાલ સુધી એક દોરીમાં ભેરવી તે દોરી માથાંપરથી પાછલ ચોટલા સાથે બાંધી રાખેછે અને પેલો બુરખો તે બાંચા ઉપર ટેકવી ગરદન આગલ પાછલથી બાંધી રાખેછે, એ નલી ગરીબ લોકો પીત્તલની અને તાલેવંત સોનાની રાખેછે, અને એ નલી પેહેરનારાં કાળો જાડો બુરખો નાંખેછે જેઓ ઘણુંખરાં આરબ ઇયા શીરાઆની ઓરત હોયછે. પણ બખરી ઇજીપ્તની ઓરતો મોહોડાં ઉપર નલી રાખતા નથી, પણ ફકત ઝીણી મલમલનાં બુરખા નાક ઉપરથી ઢાંકી રાખેછે. જે ઘણીજ ગરીબ અને મજુરી કરનારી ઓરત હોયછે તેઓજ (અને તેબી વળી કોઇજ) ઉઘાડે મોહોડે ફરેછે, બાકીનાં સઘળાં પરદેપોશ ફરેછે.

એ પોમપીઝ પીલર જોઇને પછી અતરેની વખણાયલી માહામુદીઆ કેનાલ (Mahamoodeeyeh Canal) તેને એક કીનારેથી પસાર થઇને જોઇ હતી. એ નેહેર મહમદઅલી પાદશાહ, જેણે ઇજીપ્તનાં પેહેલા એદીવ દાખલ હોદ્દો મેળવ્યો હતો તેણે સને ૧૮૧૯ માં બાંધવાને શરૂ કીધી હતી, અને અત્તીધણી મડપ કરાવીને તે સને ૧૮૨૦ ની જાનેવારીમાં ખુલી મુકી હતી. એટલી મડપથી એ ૫૦) મૈલ લાંબી અને સરાસરી ૧૦૦) ફીટ પોહોળાઇની નહેર તૈયાર કરાવવા માટે એ ઉપર દરરોજ હડી લાખ માણસ એક વરસ સુધી કામે લગાડયાં હતાં, જેમાંથી ભુખમરો મરકી અને અકસ્માતોનાં સબબે વીસ હજાર માણસો મરણ પામ્યાં હતાં. આવાં માહાભારત કામપર હડી લાખ માણસો રોજનાં વરસ ચન સુધી કામે લગાડવાપર ફકત ૩૦) લાખ રૂપીયા ખરચ બેઠા હતો. તે હીસાબે વરસ દીને એક માણસને ૧૨) રૂપીયા મલવા જોઇતો (બીજું કાંઇ પણ નહીં ગણતાં)

ખરચ થવાથી આટલું માણસ મરી ગયું હોય તેમાં નવાઇ જેવું નથી. પણ આવું કામ કીધાં છતાં એ નેહેરથી એટલી તો અનાજપાણીની સુખાકારી અહીંની તથા આસપાસની વસતીને થઇછે કે તે તદન તેની આગલ ભુલી જવાયછે. એ નહેરની સાથે બીજી જુની નહેરો મલ્યાથી આખ્યાં ઇજીપ્ત દેશમાં એ મારફતે માલની આવજાવ થઈ શકેછે. એ નહેરના મથાળે એક મોટા રસતો બાંધેલોછે જ્યાં હીંયાંનું લોક રોજ સાંજનાં ફરવા આવેછે, તથા તેનો બાજુપર ખેદીવની તથા બીજા ઉમરાવોની હવેલીઓ તથા બાગો આવેલાછે, જેમાંનો એક બાંનગી ગ્રીક સોદાગરનો બાગ હમો જોવા ગયા હતા જ્યાં અત્તીધણાં પુતળાં ગોઠવેલાં હતાં, બાગમાં પાણી વરાળનાં બુંબાથી લાવેછે તથા તલાવો રસતા તથા બેઠકો સઘળું સારી રીતે ગોઠવેલું છે. એ જોઇને પછી અતરે બીજું કાંઇ ઘણું જોવા લાયક ન હોવાથી શેહેરમાં થોડા ઘણાં ફરીને સાંજનાં છ વાગે એલેકઝાનડરીઆ શેહેર છોડી કેરો (Cairo) શેહેરમાં રાતનાં ૧૦—૨૦ મીનીટે જઇ પુગ્યા હતા. એ કેરો શેહેર ઇજીપ્ત દેશનું પાયતખ્ત કેહેવાયછે અને તેમાં એનો વાઇસરોય જેને ખેદીવ કરીને કહેછે તે રહેછે. હમોએ શેપર્દસ હોટલમાં ઉતારો લીધો હતો.

તા૦ ૬ થી નવેમબર ૧૮૮૧—આજે પેહેલાં અતરેનું વખણાયલું જુની ચીજોનું સંગ્રહસ્થાન જોવા ગયા હતા. એમાં ઇજીપ્તશીઅન જુની ચીજોનો જેટલો સંગ્રહ કીધેલોછે તેની બરોબર બીજે કેડે નથી. શીવાય હીસ્ટોરીકલ પોઇનાઇ કે જેનો મોટા જોડા ઇંગ્લાંડનાં સંગ્રહસ્થાનમાં કીધેલોછે તેટલાં અહીયાં નથી. સને ૧૮૬૩ નાં શાલમાં છેલો ખેદીવ ઇસમાએલ તખ્ત ઉપર આવ્યો ત્યારથી ઇજીપ્તને લગતી જુની ચીજો એ સંગ્રહસ્થાનમાં એકઠી કરવાને શરૂ કીધું હતું, અને ત્યારથી બીજાં દેશનાં લોકો જે બણીને પોતાને દેશ ચીજો લઇ જતા હતા તેનો અટકાવ કરીને હમણાં એને લગતો સંગ્રહ ઘણો એકઠો થયોછે. એ મ્યુઝીયમની ચીજોનાં પાંચ ભાગ કીધાછે તેમાં ધરમ, મરણ, Civil Monuments, ઇત્યાદીને લગતી ચીજોનાંછે, એમાંનો મોટો ભાગ અસલની પોરોમાંથી મલેલોછે, તેમાં મોટાં તથા નાધળાં સારી બનાવટનાં પુતળાંઓ, માણુસોને આપેલા જનવરોનાં આકારો, જેમ કે એક ઓરતને ગાયનું મોહોડું, મરદને બલીરનું મોહોડું, (એવા પુતલાંવોને તેઓ દેવતા દાખલ આગલ માનતા હતા) તે ઉપરાંત બીજાં જનવરોનાં પુતળાં જેમાં જાશપરનાં પથરની એક ગાય, એક કુતરો, એક જાતનો દરીયાઇ પોડો, અને તેજ મુજબનાં વાંદરા, માછલી, દેડકાં હંસ ઇત્યાદી બનાવેલાં, તખ્તીઓ, મમીઝ ઘણી જાતની, તેમાં કેટલીકો તો હમણાં થોડું થયુંજ બણી કાહાડેલીછે, જેઓનાં લાકડાંનાં કેસોપરનો રંગ તથા ઢોલ એવાં તો સરસ અને ચલકતાછે કે ૩૦૦૦) વરસની મુદત ગુજરી છતાં જાણે આજેજ નવા બનાવેલા હોય તેવા દીસેછે. એ મમીઝને આતરડાં કાહાડીને પેટમાં કાંઈ ખુસબો ભરેછે, તથા બાહેરથી બીજી જાતની કાંઈ બળવણી ચોપડી તેને સુકાવીને તેની ઉપર કપડાનાં પાટા ઘણાંજ મજબુત વીટાલી લીધેલાં હોયછે, જે પછી તે મુડદાંને તેનાં જેવાંજ આકારની લાકડાંની પેટીમાં મુકેછે. એ પેટીની ઉપર રંગીન તરાંહો તથા તે મરનાર ઘણીની આખી સખી જેમ અંદર સુવાડેલી હોય તેમ પાડેછે, જેનાં મોહોડાં પર સોનાનો વરખ ચહડાવી લીધેલો હોયછે, તથા બદનના ભાગ હોયછે ત્યાં તેપર ચુજરેલા બનાવો હાએરોગલીપ્ટીક અક્ષરોથી પાડેલા હોયછે, અને તે લાકડાંની પેટીને એક ઘણીજ જાડી પથરની પેટી જેને સારકોફેગસ કહેછે તેની

માંહે મુકી તેની ઉપર જાડું પથરનું ઢાંકણ "હરમેટીકલી શીલ" કરેછે. એ પથરની પેટી કોઇ કોઇતો એક કુટ જાડા પથરની અને તે પણ આખા પથરામાંથી કોતરી કાહાડેલી હોયછે. પેટી ઉપર પણ તે મરનાર ધણીની જીંદગીની વીગતો હાએરોગલીફીકમાં કોતરેલી હોયછે. એ હાએરોગલીફીક અક્ષરો આપણી હાલની ચાલુ બોલાએ જેવા હોતા નથી પણ તેઓ પર ચીજોનાં આકારો, જેવાકે ચકલાં, ચાંદ, સુરજ, જુદાં જુદાં ઝાડો એવા આકારોનાં તે અક્ષરો હોયછે જેને હાલનાં જુની જમાન જાણનાર ઉસ્તાદો ઉકળાવી શકેછે. એ પ્રમાણે મુડદાંને તજવીજથી રાખી તેની પેટી સારૂં મોટા ઓરડા તદન પથરનાં બાંધી લઇ તેમાં પેટીઓ છુટી મુકવાથી હજારો વરસ થયાં છતાં મુડદાં તથા તેની સાથે મુકેલો સામન તથા અનાજ વટીક જોવાને તેવો નીકળેછે. એ ઉપરાંત સોનાનાં પત્રાંની બોટ, હાથોડી, ખંજર તથા કોડાલી, "નેકલેસ" "એરીંગો" તથા બીજી એવીજ સોનાનો જીણુઓ, વાઝીઝ, નાંધળાં નાંધળાં પુતળાં (એઓનાં દેવતાનાં આકારોછે. એ લોકોમાં દરેક ઘરનો ધણી પોતાનો વડો કોઇબી એક જનવરને પોતાનો દેવતા ઠોકી બેસાડી તે જીવતાં જનવરને તેઓ ઘણું માન આપતા હતા તથા તેનાં મુઆ બાદ તેને પણ મમીઝ બનાવીને ડાટતા હતા, એ મમીઝ પણ ઘણી કાહાડતી વખતે હાલમાં ઘણી મલેછે) ઘોરોમાંથી લખેલાં પેપીરસનાં કાગજો જે ઘણુંખરાં ફાટી ગયલી હાલતમાંછે, ટોપલીઓ ઇત્યાદી, ઇત્યાદી એટલી ઘણી ચીજો એકઠી કીધેલીછે કે તેની વીગત હમો આપી શકતા નથી. ઇજીપ્તની જુની ચીજો ઉપરાંત રોમ તથા ગ્રીસથી પણ એવી જુની ચીજો, જેવાં કે પુતળાંઓ, વેઝીઝ, તખ્તીઓ ઇત્યાદીનો પણ થોડો સંગ્રહ અહીંયાં કીધેલોછે, જે સઘળું ઘણું જોવા લાયકછે.

૪૩

એ જોઇને પછી અતરેની વખણાયલી સુલતાન હસનની મસજીદ જોવા ગયા હતા. એ મસજીદ અતરેનાં કીલાની હેઠળ આવેલીછે, અને એ કેરોની મસજીદોમાં સૌથી સરસ તથા મુસલમાંનો બાંધકામની કારીગીરીમાં પણ સરસ કેહેવાયછે. એ મસજીદ સુલતાન હસને સને ૧૩૬૦ માં બંધાવી હતી તે એટલી સરસ બંધાઇ કે સુલતાને તેનાં બાંધનાર કારીગરનાં બેહું હાથ કપાવી નાંખ્યા કે રખેને એનાં બરોબરની બીજી મસજીદ કોઇ બીજાને બાંધો આપે! એ ઇમારત ૧૧૩) ફીટ ઉંચી દીવાલની તેમાં ૯૦) ફીટ ઉંચા અને ૬૯૦ ફીટ પોહોળાં આરકાંનોછે, અને ૯૦) ફીટ ઉંડી અને ૬૯) ફીટ પોહોળીછે. તેની આગલ એક મોટો ચોક ૧૧૭ થી ૧૦૫ ફીટનો રાખી તેની આજુબાજુ એનેજ લગતી બીજી ગંજાવર ઇમારતો બાંધેલીછે. એ મસજીદ બાંધવા સારૂં મોટા પથરા અતરેનાં પીરેમીડસમાંથી કાહાડી લાવ્યા હતા, અને તે એટલી મજબુત બાંધી હતી કે કોઇ વખતે મામલુકસ સાથની લડાઇમાં તેને કીલા દાખલ પણ વાપરી હતી. એનાં પોહોલા દરવાજાનું આરકું ઘણુંજ ઉંચુછે. એનો બંદગી કરવાની જગ્યા ચોકની ઉગમણુ બાજુપરછે. તેની પાછલ એને બંધાવનાર સુલતાંન હસનની ઘોર બાંધેલીછે, જેનો ઓરડો ઘણુંજ ઉંચા ગુંબજનો બનાવેલો તથા દીવાલપરની "કોરનીસ" દાખલ કોરાનનાં ત્રણ ફીટ મોટા અક્ષરો લાકડાંનાં બનાવીને મુકેલાંછે; પણ હાલ એ સઘળું ઘણીજ ખરાબ હાલતમાં આવી ગયુંછે, અને ગુંબજની અંદર ખુણાંમાંથી કીધેલી નકશીઓ સઘલી તુટી પડી તેની અંદરનું વનજી કામ દીસી આવેછે.

એ મસજીદ જોઇને પછી મહમદઅલી જે પેહેલો ખેદીવ થઇ ગયો તેની બંધાવેલી મસજીદ જે કીલાની અંદર આવેલીછે, તે જોવા ગયા હતા. એ મસજીદ

આસરે ૫૦) વરસપર બંધાયલીછે અને તે ઘણી ખરી આલાબાસ્ટર પથરની બનાવેલીછે. તેની બાહાર તથા અંદરની દીવાલો, થાંભળાઓ, જમીન, સઘળું એ કીમતી પથરાનું બનાવેલુંછે, અને એવી આખ્ખી આલાબાસ્ટરની બાંધેલી ઇમારત હમોએ પેહેલવેહેલીજ જોઇ હતી. એની અંદર એ પથર વાપરવા ઉપરાંત એનાં ગુંબજોની ઉપર ઘણો સરસ સોનેરી ઘોળથી કોરાનની વીગતો ચીતારેલીછે, તેથી જાણે રમકડુંજ બનાવેલું હોય તેવી એ મસજીદ અંદરથી લાગેછે, તથા મંદપમાં વગર ગણતરીની હાંદીઓ કારીગીરીથી ટાંગેલીછે તેથી ઘણું સોભેછે, અને કહેછે કે જયારે બધી બત્તી સળગાવેછે ત્યારે એવી તો અંદરથી સોભેછે કે તેની તારીફ થતી નથી. એની બાહાર એક મોટો ચોક ઘેરી લીધોછે જે તદન સફેદ સંગેમરમરની ચોરસ ૫ થી ૫ ફીટની લાદીઓનો બનાવી તેની આસપાસ થાંભળા તથા આરકાંનો ઓટલો કરી લીધેલોછે જે ઓટલાનાં મથાળાં ઉપર નાધળા નાધળા ગુંબજો કીધેલાછે. એ ચોકની વચમાં સંગેમરમરની મજાની હોજ બાંધેલી છે તથા બાજુપર બાહારથી એક ઘડીયાળનો મીનારો કીધેલોછે. એમે મુજબનો મસજીદને લગતો ઘડીયાળનો મીનારો પણ હમોએ પેહેલવેહેલો જોયો હતો. એ મસજીદના બાહારનાં ભાગનો આલાબાસ્ટરનો પથર વરસાદ તથા પવનથી ખરાબ થતો જાયછે. તેમાં ઘણાં ઝીણાં ઝીણાં આંધળાં પડેલાંછે તે ઉપરથી માલમ પડી આવેછે કે એ પથર સંગેમરમર જેવો મજબુત નહીં હશે. એ મસજીદ બાહાર દક્ષીણ બાજુપર એ કીલાવાલા કુંગપર આવ્યાથી ત્યાંથી કેરો શેહેરનો દેખાવ તેમજ તેમાં આવેલી ૨૬૪) મોટી અને ૨૨૫) નાધળી મસજીદોના મીનારા ઘણાં સરસ દીસેછે. એની પાસે એક ઘણો ઊંડો કુવો, જેને જોસફનો કુવો કહેછે, તે જોયો હતો. એ કુવો બે ટપે બાંધેલોછે, તેમાં પેહેલો તપો ૨૬૦) ફીટ ઊંડો અને તેની હેઠળ બીજો ૧૩૦) ફીટ ઊંડો મલીને ૩૯૦) ફીટ ઊંડોછે, તેમાંથી પાણી કાહાડવા સારૂ તેની એક બાજુપરથી રસતો છેક હેઠળ સુધી જવાય તેવો કીધેલોછે.

એ જોઇને પછી ખુશકે દીલ કરીને મેહેલછે તે જોવા ગયા હતા. એને મહમદઅલીનો મેહેલ કરીને પણ કહેછે. એ મેહેલ કાંઇ ઘણો મોટો નથી પણ માફકસરનો અને તેમાંનું ફરનીચર સઘળું સોનેરી ઢોલ તથા શાટીનનું બનાવેલુંછે. અને દીવાનખાનાઓમાં કોચને બદલે તકીયાની મોટી બેઠકો કરેલીછે. સરવેમાં નાહાવાનો ઓરડો જે સઘળો આલાબાસ્ટર પથરનો બનાવેલોછે તે જોવા લાયકછે. એ મેહેલ જે કીલામાં આવેલોછે તે પરથી કેરો શેહેરનો દેખાવ ઘણો સારો દીસેછે. તેની પાસે એક બાજુપર ચોકછે જયાં મેહેલનાં બંધાવનાર ઘણી મહમદ અલીએ મામલુકસ ટોલાના લોકો જે એને ઘણો હેરાન કરી તોફાંન કરતા હતા તેઓને દગાથી તેડી એ કીલામાં ઘેરી તા૦ ૧ લી મારચ ૧૮૧૧ ને દીને સઘળાને બંધ કરી મારી નખાવ્યા હતા; ત્યારે એકજ ઘણી પોતાનાં ઘોડા સુધાં કીલાની ઉપરથી હેઠળ કુદાવી પડયો, તે કોઇ ચમત્કાર રીતેજ બચી ગયો હતો. જયાંથી પેલો બચી ગયેલો મામલુક કુદયો તે જગ્યા હજુ ત્યાંનાં રખેવાલો બતાવેછે.

એ જોઇને પછી અતરેનાં લોકોને ફરવા જવા સારૂં રસતો જેને શુબ્રા (Shoobra) કહેછે ત્યાં ફરવા ગયા હતા. એ રસતો મજેનો સીધો બનાવેલોછે, અને આસપાસ મોટાં ઝાડો રોપેલાં હોવાથી ઘણું સોભેછે તથા "એવીનીયુ" હોય તેમ લાગેછે. એ રસતો ચાર મૈલ લાંબો અને તેની બાજુપર છુટા છુટા બંગ-

લા તથા મેહેલો આવેલાછે. આજે પવન તથા ધુલારૂં ધાયું હોવાથી (અહીંયાં આતવાર તથા શુક્રવારે મલી અકવાડીયાંમાં બે દીવસ લોકો ફરવા આવેછે.) મહેલાણીઓ ઘણુ જોવામાં નહીં આવ્યા હતા.

હમો ત્યાંથી નીકળેલા અતરેની પબ્લીક ગારડન જે હમારા હોટલની નજદીકમાં આવેલોછે ત્યાં ગયા, જયાં એદીવની રીજમીટનું એક વાજું યુરોપીયન રાગ વજાડતું હતું અને ઘણું લોક ત્યાં ફરવા આવ્યું હતું. એ બાગમાં ઝાડો કાંઇ સારાં નથી, ફકત સાદાં છાયડાનાં રસતાઓ બનાવેલાછે તથા એક ગમ એક મોટો તલાવ કીધેાછે, તેમાં નાધળી મોટો તથા પાણીમાં ચાલતી "વીલોશીલીડો" રાખેલીછે, જે લોકોને ભાડે ફેરવેછે. પાણીની વીલોશીલીડ પેહેલવેહેલીજ હમોએ આએ જગ્યામાં જોઈ હતી. બે નાંધળો મોટા જેવાં લાકડાંનાં આકારની કરી તેની અંદરથી ચકરો વાટર વીલ (Water Wheel) જેવાં રાખેલાંછે, જે માણસ તેની ઊંચી બેઠક ઉપર બેસીને વીલોશીલીડની માફક પગે હીલવેછે, જેથી બોટ આગલ પાછલ વધેછે. એ જોઇને અતરે જલદી અંધારૂં પડેછે તેથી સાડા પાંચ વાગામાં હોટલમાં પાછા ફરવા હતા.

તા૦ ૭ મી નવેમબર ૧૮૮૧— આજે સવારનાં કલાક ૬—૩૦ મીનીટે નોકરી અતરેનાં દુન્યામાં વખણાયલા પીરેમોડસ જોવા ગયા હતા, ત્યાં કલાક આઠ વાગે ઘોડાની ગાડીઓમાં જઇ પુગા હતા. એ પીરેમીડસ કેરોથી આસરે ૮) મેલ દુરછે અને તાંહાંથી જો હવા ખુલ્લો હોયછે તો તેઓ દીસેછે. રસતામાં જતાં નેલ નદી ઉપર મોટો લોખંડનો પુલ સરસ બાંધેલો તથા બીજો એક પુલ અસલનો બાંધેલોછે, પણ તે હાલમાં ભાગી ગયલો હોવાથી એને બદલે અમથો કામ ચલાઉ કરયોછે. એ છેલા પુલની હેઠળથી તથા બીજા એકુ બે રસતાની હેઠળનાં બાંચાઓમાંથી નેલ નદીનું પાણી અતરેનાં બેતરોમાં એકદમ ભરેછે, જે મુજબનું બે મહીનાંપરનું ભરેલું પાણી હજુ બે ત્રણ ફીટ ઉંડું મોટા ભાગ ઉપર દીસતું હતું. એ પાણી હુનાળામાં સુકાઇ જાયછે, ત્યારે જમીન તર રહેલી હોવાથી ત્યા વરસાદ વગર બેતીવાડી થઇ શકેછે, તેથી બજીપની જમીન વરસમાં બેથી ચાર પાક આપેછે. પીરેમીડસ જે હમો જોવા ગયા તે જાણે દુરથી સફેદ ચુનાનાં બાંધેલા ઢાબાં હોય તેમ દીસેછે, પણ જેમ નજદીક જતા ગયા તેમ તેની બાંધણીનાં પથરો દીસતા હતા. હમો ત્યાં પુગા પછી દરેક જણની સાથે ચાર આરબો આપયા, જેઓમાનાં બે આગલથી હમારા બેહુ હાથ પકડીને એ પીરેમીડનાં પથરનાં તબાઓ જેમાંનાં કોઇ કોઇનો ચાર ફીટ ઊંચાછે તે પર હમોને બેંચતા, અને તેજ વખતે પાછલથી ત્રીજો આરબ હમોને ઊંચકી આપતો તથા ચોથો ઘણી બીજાઓને મદદ કરતો હતો. એ મુજબ ચાર માણુસોની મદદ લઇને હમોએ ઉપર ચહડવાનું શરૂ કીધું હતું. મોટો પીરેમીડ (The Great Pyramid) કરીને કહેછે તે ઉપર હમો ચહડયા હતા. તે ૪૮૦।।। ફીટ ઊંચો અને પડા રોકા આકારનો પથરનાં થડની ઉપર થડો કરીને બાંધેલોછે, તથા દરેક થડ એકેકથી બે ફીટ અંદરથી ચારે બાજુપર બાંધેલોછે, તેથી બધી ગમથી જાણે ચહડવાની સીડી હોય તેવું લાગેછે, અને તે મુજબ એક બાજુથી ગંજાવર સીડી જેનાં તબાઓ ઉપર લખવા મુજબ બેથી ચાર ફીટ ઊંચા હતા તે ઉપર હમે ચહડયા, તેમાં હમોને ઉપર લખેલા આરબોની મદદ ઘણી મારી મલી હતી નહીં તો કે એકલા હમોથી ચહડાઈ થકા-

તે નહીં. જેમ ઉપર ચહડતા ગયા તેમ દેખાવ ઘણો સારો દીસવા લાગ્યો અને વચમાં બે ત્રણ ગમ થાક લેવાને પણ બેઠા હતા. તે વખતે રંગભુમી ધ્યાનમાં લેવાને ઘણું સરસ બનતું હતું. ઉભા રહીને જોવાનું ઘણી ધાસ્તી ભરેલું હતું, કારણકે નીચે જોતાં વખતે ચક્કર પણ આવી જાયછે. એ પ્રમાણે આસરે અરધા કલાક મથાળે જઇ પુગ્યા હતા, જ્યાંથી જોતા સામેની બાજુપરથી બધી ફળવંત જમીન તથા તેમાં વચમાં નૈલનું "ઇરીગેશન" સારૂ લીધેલું પાણીનાં છુટા છુટા દરીયા, તથા કેરો શેહેર દુરથી તેનાં મીનારા સાથે, તથા વચમેથી નૈલ નદી પસાર થતી એ સઘળું ઘણું સરસ લાગતું હતું. પરવરદેગારનાં હોકમથી ગઇ રાતનાં વરસાદનું આપતું પડવાથી સઘળી રેતી જેસી ગબલી હોવાથી બધું ખુલી રીતે દીસતું હતું, અને પવન જો કે ઘણોજ જોરમાં હતો તોપણ હમુને રેતીથી થોડીકજ હેરાનગતી ભોગવવી પડી હતી. અગરજો વરસાદ ન આવેલો હતે અને આવો જોશમાં પવન હતે તો હમે રેતી ઉડવાના સબબથી કાંઇ પણ જોઇ શકતે નહીં. હવે એક બાજુપર આવી રળીયામણી રંગ ભુમી હતી પણ બીજી બાજુપર ફરીને જોઇયેછે તો રેતીનાં મોટાં જંગલો જ્યાં નજર પુગે ત્યાં તુલીક દીનત્યાં, અને એ પીરેમીડ જાણે રેતીનાં જંગલનીં હદ હોય તેમ દીસતો હતો. એ એક નાંખલી જેવી ખડકની ટેકડીવાલી જગ્યાપર બાંધેલાછે, અને એ મુજબના રદ જગ્યાઓપર અસલનાં ઇજીપ્શીઅન લોકો આવી ઇમારતોઓ તથા શેહેરો તથા દેહેરાંઓ બાંધતા હતા, અને કુલવંત જગ્યાઓને ખુલી રાખતા હતા કે તે ખેતીવાડીજ કરવાને કામ લાગે. અહીંથી લીબીઅન દેઝર્ટ (Libyan Desert) નું વેરાણ શરૂ થાયછે. પીરેમીડની ટોંચ પર મજેની આસરે ૩૦) ફીટ સમ ચોરસ જગ્યા આવેલીછે, જ્યાંથી વગર ધાસ્તીએ ઉભું રહીને આસપાસ જોવાયછે. હમોએ ઉપર ચહડવા માંડયું ત્યારથી હમારી સાથવાલા આરબોએ હમારી સાથે એટલું તો તાહેલું કરવા માંડયું કે અત્તીઘણો કંટાળો આવતો હતો. પેહેલાં તો હમોને હમારા ચાર આરબોએ પોતાનામાંથી એક જરા બુઢ્ઢો હતો તેને ડાકટર દાખલ ઓલખાવ્યો. પેહેલી થાક લેવાની જગ્યાપર થોભ્યા કે "તમને સંતોષ મળ્યો? મારૂ નામ કાદરછે" બીજો કહે "મારૂ નામ ખલીફાછે, મને યાદ રાખજો" ત્રીજો કહે "મેં તમને મદદ ઘણી કીધીછે, મને બક્ષેસ આપજો" અને ચોથો જુના સીકાઓ તથા ઘોરોમાંથી મલેલી ચીજો કાહાડીને વેચવા ઉભો, તથા વળી પાંચમો એક છોકરો જેની સાથે હમોને કસું લાગતું વલગતું ન હતું તે પાણીનો કુંજો લાવી પાણી પીરો કરી માથું ખાઇ જતો હતો. હમોએ બધાઓને પેહેલાં તો હા ના નો જવાબ આપ્યો, પણ તેથી તેઓ ધગયા નહીં, અને તેની તેજ બાબદ આગલ પ્રમાણે બોલવા લાગા, તથા એક ઘણી પાસેથી કાંઇ વેચાતું લીધું કે બીજા બધા જણાંઓ પોતાની પાસેથી સામન કાહાડી વેચવા સારૂ બધી ગમથી ફરી વલી હમોને હાથનાં ધકાઓથી આગે જુઓ ને પેલું જુઓ કરીને કંટાળો આપવા લાગ્યા. હમોએ આબરે જ્યારે ધમકાવ્યા ત્યારે ચુપ રહ્યા અને હમે ઉપર વધવા માડયું. બીજી ગમ થાક લેવા બેઠા ત્યાં વળી કંટાળો આપવા લાગ્યા કે તેં પેલા પાસથી લીધું અને મારી પાસથી લેતો નથી હું તો ખલીફા છેઉં, મેં તુંને મદદ કીધી! વળી ડાકટર સાહેબ બેસીને પગ ચાંપવા લાગ્યા, અને કહે કે "હું તો ડાકટર છું મને ભુલતો ના" તથા બી-

જઈએ પેલા પાણીવાલા છોકરા સુધાં એટલો તો ધોગાટ કરી મેલ્યો કે જીવ કંટાળી જતો હતો, અને તેમાં હમો ઉપર ચહડતાં હાંફી ગયલા તેથી ઘણુંજ કચવાટ ભરેલું લાગતું. વળી તેઓને મુગા રાખીને આગલ વધવા કે આજે રસ્તે તેજ મુજબની ટીક ટીક કરવા કીધી, અને મથાળે પુગ્યા કે કશું જોવા દેય નહીં, તથા આસપાસ જાણે હમો એજ લોકોને વાસ્તે ઉપર ગયા હોય તેમ પાછા ફરી વલીને કંટાળો આપવા લાગ્યા. આખરે હમોને મીજાજ ખોવો પડયો ત્યારે જરા ખીસ્યા હતા. એ મુજબ થવા પછી હમોને તેઓમાંનાં એક જણે એ મોટા પીરેમીડ પરથી નીચે ઉતારીને તેની સામે બીજો પીરેમીડ જરાક તેનેથી ઉતરતો હતો તે ઉપર બાર મીનીટમાં પોતે પહોંચી જવા કહયું, જેને વાસ્તે મોટી બક્ષેસ માંગવાથી હમોએ ના પાડી તેથી વળી પાછી ટીકટીક ચાલી અને પા કલાકે તેનો છેડો આવ્યો. પેલો જનાર ઘણી ઝડપથી એ પીરેમીડ ઉપરથી કુદતો કુદતો ઉતરી ૧૦૦) વારનો છેટો દોડીને સામેનાં બીજા પીરેમીડનાં મથાળાંપર, (જે ઘણો અઘડો ચહડવાનો હતો તોપણ) બાર મીનીટમાં ઉપર જઈને ઉભો, જે જોઈને હમો અજાયબ થયા હતા કે માણસ જાત આડત પડવાથી શું કરી શકેછે. એ પીરેમીડ ચહડવુ તથા ઉતરવું કાંઇ સેહેલું કામ નથી, તોપણ બાર મીનીટમાં એક પચાસ વરસનો ઉમરનાં માણસે એ કામ કીધું હતું. હમોએ સઘળું જોઇને બીજી બાજુનાં ખુણાપરથી હેઠળ ઉતરવા માડયું, પણ હવે કાંઇ માણસો ચેંચી શકે તેવું હતું નહીં તેથી તેઓનાં બખા ઉપર ટેકા દઇને તથા ઘણું નીચાણ આવે ત્યાં બોચપર બેસીને પાછા ઉતરી ઉભું થવું પડતું હતું. એ મુજબ છેક હેઠળ સુધી ઉતરયા કે એ પીરેમીડ જે એક પાદશાહની ઘોરછે તેની અંદર વચોવચમાં તેનો સાર્કોફેગસ મુકવાનું દીવાનખાનુ જોવા ગયા હતા. એમાં જવા સારૂં ત્રણ ફીટ ઉંચો તથા સમચોરસ રસ્તો કયા ખાંચો છે તેમાંથી વાંકું વલી જવું પડયું હતું. એ ખાંચો ચાર મોટા પથરાનો બનાવેલોછે તેની અંદર થોડેક સુધી સીધું જવું પડેછે અને પછી જમણું હાથપર વળવે છીયે. એ રસ્તો આસરે ત્રણ ફીટ પોહોળો અને પાંચ ફીટ ઉંચોછે. આસરે ૨૦૦) તથા ૩૦૦) ફીટ અંદર ગયા કે એક બાજુપર મોટો ખાંચો આવેછે જે ની અંદર ઘણો ઉંડો એક કુવો કીધેલોછે. એમાં એક આરબ એક કુંક સારૂં હાથમાં બતી લઇને છેક હેઠળ સુધી ગયો હતો અને હમોને વાંકા વળીને તેની બતીની રોશનીએ તેમાંનું પાણી દીસસે કરીને કહયું, પણ તે કુવાને દીવાલ કસું નહીં હોવાથી હમો તેની નીચાણમાં કસું જોઇ શકયા ન હતા. હમોએ પેહેલી વળાંણ લીધી ત્યારથી તદન અંધારૂં મલ્યું હતું અને જો કે હમો દરેક જણની સાથે મીણબતીઓ લીધેલી હતી તોપણ એટલું તો અંધારૂં હતું કે બરાબર જોઇ શકયા નહીં. આખો રસ્તો એ મુજબનો અને વળી કોઇ ગમ તો ત્રણ ફીટ ઉંચો હતો તેથી વાકું વળીને તથા રસ્તો ઘણોજ ઢળાવનો તથા અતીઘણું પાલીશ થઇ ગયલા પથરાનો હોવાથી સડકણો ઘણો હતો, તેથી ઘણું તપાસીને તથા હમારી સાથે આવેલા આરબોની મદદથી ચાલવું પડતું હતું. હમો અંદર ગયા કે સઘળો ઉંચો ચહડાણનો રસ્તો હતો અને કુવો મુકયા પછી તો ઘણીજ ચહડાણ તથા સડકણું મલ્યું તેથી પગ સડી જતા હતા, અને આરબોનાં ટેકા આગલથી અને પાછલથી નહીં હોય તો કદી પણ ચાલી શકાય નહીં તેવું બીકટ હતું. એ મુજબ લાંબો તપો આસરે ૩૦૦) થી

૪૦૦) ફીટનો પસાર કીધા પછી પેલો ઓરડો આવ્યો હતો. એ ઓરડો પાદશાહી ઓરડા (The King's Chamber) ને નામે ઓલખાયછે, અને બીજા એવા ઓરડાઓ એજ પીરેમીડનાં બીજા ભાગોમાં ઉપર હેઠળ આવેલાછે પણ તેનાં રસ્તા તદન જુદાજ કીધેલાછે. આ પાદશાહી ઓરડો સૌથી મોટો ગણાયછે. તે ૩૪) ફીટ ૩) ઇંચ લાંબો, ૧૭) ફીટ ૧) ઇંચ પોહોળો, અને ૧૯) ફીટ ૧) ઇંચ ઊંચોછે. એની જમીન પીરેમીડનાં ૮૬૦યાંથી ૧૩૮) ફીટ ઊંચાણમાં આવેલીછે. એનું છાપરૂં ૯ય૦ છત મોટા આખા પથરોની કીધેલીછે, અને તેનાં છેડા બાજુની દીવાલપર પોહોળાઇએ કીધેલાછે. એ ઓરડાનું કામ એવું તો મજબુતછે કે તેને ૬,૦૦૦) વરસ થયા છતાં તેની માંધોમાં છુરી વટીક જઈ શકતી નથી, એ ઓરડાની એક બાજુપર વચમાંથી એક સારકોફેગસ મુકેલીછે જેનું ઢાંકણું ત્યાં દીસતું નથી અને તદન બાલીછે. તેની ઉપરનો થોડો ભાગ ભાગી ગયલોછે તે તદન એકજ પથરછે, અને તેની ઉપર કાંઇ પણ લખેલું ૯યા કોતરેલું નથી. તે બાહારથી ૯૦) ઇંચ અને અંદરથી ૭૮) ઇંચ લંબાઇમાં, ૩૯) ઇંચ પોહોળાઇમાં, અને ૪૧) ઇંચ ઊંચાઇમાંછે, અને એપર કાંઇબી ઠોકવાથી ધાતુનાં જેવો અવાજ તેમાંથી નીકળેછે. જોવા આવનારાઓએ એ પ્રમાણે ઠોકીને તપાસ કરવાથી હમોએ ઉપર લખવા મુજબ તેની ઉપરનો થોડો ભાગ ભાગી ગયોછે. એ ઓરડામાં હમારી બતીઓ છતાં ઘણું અંધારૂં હોવાથી હમારી સાથવાલા આરબો પાસથી મેગનેશીઅમનો તાર લઇ સલગાવીને બરોબર જોઇ શકયા હતા. એ ઓરડો ઘણો વચેવચમાં પીરેમીડની અંદર આવવાથી ત્યાં હવા બરોબર આવી શકતી નથી તેથી હમોને ગરમી ઘણી માલમ પડી હતી, અને થોડા વખતમાં પરસેવાથી ગડકાવ થઇ ગયા હતા. હમો પાછા જે મુજબ અંદર ગયા હતા તેજ રસ્તે ઉતરાણ હોવાથી જરાક વધતી મેહેનતે બાહાર આવ્યા અને પીરેમીડસની નજદીકમાં એક નાધેલો બંગલોછે ત્યાં થાક તથા રીફ્રેશમેંટ લીધું. એ પીરેમીડમો વાસ્તે લખનારા જુદાં જુદાં મત આપી ગયાછે, પણ ઘણું જણનું કહેવું એમછે કે પીરેમીડસ ઇજીપશીયન પાદશાહોનો ધોરો હતી તથા તેમાંથી સારકોફેગસ મલ્યાંછે તે તેનીથી પુરવારી થાય છે માંધવા સારૂં પેહેલાં એક ટેકડીને આસપાસથી કોતરી કાહાડી તેની વચમાં ઊચો પલેટફોર્મ આસરે ૧૦ થી ૨૦ ફીટનો રાખી તેની અંદર ઓરડા જેવુ બાંધેલુંછે, અને તેની ઉપર પડા રોકી નાધલી બાંધની પેહેલાં પથરની બનાવી તેમાં સીડી જેવા ચહડ ઉતરનાં તપા રાખ્યાછે તથા પછી ઉપરથી બાંધતાં બાંધતાં પાછા હેઠળ આવી તપા વધારયા ગયાછે. તે પાછલ કેટલો ખરચ તથા મેહેનત થઇ. હવે તેનો વીચાર હીરોડોટસ જે ૨૩૦૦) વરસ ઉપર થઇ ગયોછે તેનાં નાચલા લખાંણ પરથી મલેછે "ચીઓપ્સ (પાદશાહનું નામ) હવે તખ્તપર આવ્યો તેને દેહેગં વગેરે બાંધકામ બંધ કરાવ્યું, અને પોતાને વાસ્તે રહયનને મેહેનત કરાવવા પડયો. અરેબીઆ દેશની ટેકરીઓમાંથી પથરો કાહાડી તેને બરાબર કપાવી નદી મુંથી મંગાવી બોટમાં મુકી બીજે પાર લઇજતા, જયાં બીજાં માણુસો તૈયાર રેહેતાં, તેઓપાસે તે પથરો લીબીઆની વેરાન જગાપર ધસડાવી લઇ જતા હતા. એટલાં કામ પર ૧,૦૦,૦૦૦) માણુસો ખપતાં, અને દર ત્રણ મહીને તેઓની બદલી એટલાંજ બીજાં નવાં માણુસો લાવીને કરતા હતા. આવાં કામ પાછલ અને તે પથરાઓ લાવવા સારૂં

મનેનાં લાદીનાં રસતાઓ એક નાકાંથી બીજાંનાકાં સુધી બનાવ્યા હતા, તે ઉપર ૧૦) વરસ લાગેલાં કહેછે તથા પીરેમીડને બાંધીને તૈયાર કરતાં બીજાં વીસ વરસ લાગ્યાં હતાં. એ પીરેમીડ આઠ પલીડીરા (૮૦૦ ફીટ) લાંબો અને તેટલોજ ઊંચોછે, અને તેનાં પથરા સધળા મુકા કરીને ઘણી તજવીજથી ગોઠવેલાછે. જેમાંનો એકકુ પણ પથરો ૩૦) ફીટની અંદર લાંબો નથી. એ પીરેમીડ તપા રોકો બાંધેલોછે, અને તે પથરા ચઢવા સારૂં લાકડાંનાં મંચાઓ બનાવ્યા હતા, જે એક તપાપર મંચો જેવો પેલા પથરને લાવીને મુકેછે કે તે તપાનાં બીજા મંચાથી તેને તેની ઉપરનાં તપાપર લઇ જાયછે. એ મુજબ દરેક તપે એકેકો મંચો રાખી પીરેમીડ બાંધ્યો હતો. એ પ્રમાણે બંધાઇ રહયેકે મથાળાંપરથી તેને બંધ પલાસ્ટરની માફક કરતા આવ્યા હતા અને તેની ઉપર ઇજીપશીઅન અક્ષરો કોતરયા હતા, તેપર કેટલાં માણસો ખપ્યાં તથા ખરચ શું થયો તે લખેલું છે, અને જેઓ એ વાંચી શકયા તેઓથી સાભળ્યું કે માણસોને કાંદા, લસણ, અને એક જાતનાં ઝાડની જડ ખાવા સારૂં આપતા હતા. તેમ કરતાં ખરચ ફકત ૧૬૦૦) ટેલેંટ (વીસ લાખ રૂપીયા) લાગ્યા હતા. ત્યારે જો એ પ્રમાણે ખરૂં હોય તો એનાં બાંધવાનાં હથીયારો સંચા વિ. મણુમેન કપડાં તથા બીજી ઓરાકીપર કેટલો ખરચ થયો જોઇયે" એ મુજબ હીરોડોટસ જેણે એ પીરેમીડ આગલ જોયો હશે તે લખી ગયોછે. એક બીજા ઘણીનાં કેહેવા મુજબ એ પીરેમીડ બાંધવા પાછલ ૩,૬૦,૦૦૦ માણસો ૨૦) વરસ સુધી લાગ્યાં હતાં ત્રીજો લખનાર પ્લીની કહેછે કે "એ મોટા પીરેમીડપર વીસ વરસ સુધી ૩,૬૬,૦૦૦) માણસો કામે લાગ્યાં હતાં, અને એની પાસે બીજા બે પીરેમીડસ એથી થોડા ઉતરતાછે તે સૌ મલીને એ ત્રણ પીરેમીડસ બાંધતાં ૬૮) વરસ અને ૪) મહીનાં લાગ્યા હતા" એ પ્રમાણે આગલનાં લખનારાઓ જોવા ગયા હશે તેઓ ૨,૦૦૦) વરસની વાત ઉપર લખી ગયાછે. હમણાંની શોધ મુજબ એ ચીઓપ્સ પાદશાહ ચોથા વંશનો બીજા પાદશાહ શુરીશ માનીડીનો હતો તેજ હશે એમ ધારેછે, અને તે ૪૨૩૫) વરસ ઉપર થયા ૨૪૫૦) ઇશવી સનેની આગમજ થઇ ગયોછે એવું કરોનોલોજીસ્ટોથી માલમ પડેછે. એક બાગી એ છેલું શાલખી લઇયે તોપી એ પીરેમીડ આજે ૪૩૩૦) વરસનો જુનો હોવો જોઇયે. અસલમાં બાહારથી તદન સફાઇભરેલો બાંધેલો હતો, પણ પાછલથી આરબ લોકો એમાંથી ભાંગીને પથરાઓ કાહાડી પોતાનાં પાદશાહોનાં મેહેલો તથા મસજીદો બાંધતા હતા, તેથી ઉપરનાં પરનાં સફાઇ પાલીશ કાઢેલા પથરો કાહાડી લઇ જવાથી બાહારનો દેખાવ ખડબચડો લાગેછે, અને પેલા અસલનાં બાંધેલા તપાઓ નીકળી આવેલાછે. પથરો કાહાડી લઇ જવા છતાં પણ હમણાં એ મોટો પીરેમીડ ૭૩૨) ફીટ ચોરસ અને ૪૬૦) ફીટ ઊંચો અને તે ૧૨) એકર ઉપરની જગ્યા રોકેછે તથા તેની અંદર સાડા આઠ ક્રોડ (૮,૫૦,૦૦,૦૦૦) કયુબીક ફીટ માલ લાગેલોછે. આજે દુન્યાંમાં જે ઊંચા મીનારાઓછે તે પીરેમીડ સાથે નીચે મુજબ સરખાયછે. એ પીરેમીદ ૪૬૦) ફીટ ઊંચો છે; સ્ટ્રાસબુર્ગના દેવલનો મીનારો ૪૬૧) ફીટ, રોમ શેહેરનાં સેંટ પીટરનાં દેવલનો ૪૨૯) ફીટ, અને લંડનનાં સેંટ પોલનાં દેવલનો મીનારો ૪૦૪) ફીટ ઊંચોછે. એ પીરેમીડસને પેહેલાં એક હજાર વરસની વાત ઉપર ઇજીપ્તનાં પાદશાહ કાલીફએલ મામુન જે અરેબીઅન નાઇટસની વાતમાં હારૂનલરશીદના નામથી વખણાઇ ગયલો

છે તેના છોકરાએ એમાં બજનો ડાટેલોછે કરી સાંભળવાથી તેને જે ઓરડામાં બજાણેાછે તે વચેાવચમાં હશે સમજીને વચમાંથી બણવા માંડયેા હતેા; પણ એ પીરેમીડ (આરબ તવારીખ લખનારાઓના કેહેવા મુજબ) એટલેા તેા મજબુત બાંધેલેા હતેા કે તે બણવાપર અતીસય મેહેનત પડતી હતી. હવે અસલનાં ઇજીપશીઅનોએ અગાચેતી રાખીજ હશે કે કેાઇથી તેને ઉઘેડશે તે વચમેથી રસતેા હશે ધારીને ઓદશે તેથી તેઓએ પેહેલાં ઓરડામાં જવાનેા રસતેા વચમાંથી અને જમીનની સપાટીથી કરવાને બદલે એક બાજુપરથી અને ઊંચાણમાંથી કાધેલેા હતેા, તેથી આરબોને હેરાણમાં બથી ગમથી ઉઘેડતાં તે રસતેા હાથ લાગ્યેા નહીં, તેાપણ વગર હવે બીજાં માણુસેા કામે લગાડીને નવેાજ રસતેા પેાતે અંદર કાહાડવા લાગ્યા. એમ નકામુ ઓદતાં રૈયત સધળી કંટાળી ગઇ, અને બલવેા કરવા માંડયેા ત્યારે પેહેલાં કાલીફે કહયું કે એમાંથી બજાણેા ઘણેા મેાટેા નીકળશે એવું સમજાવીને ચાલુ રાખ્યું, અને ૧૦૦) ફીટ સુધી જ્યારે અંદર ઓદયું ત્યારે પેલા ઓરડાને લગતેા રસ્તેા હાથ લાગેા, પણ પેલા ઓરડામાં જતાં તે જેમ હાલછે તેમ ખાલી નીકાળ્યેા, અને તેમાથી કાંઇ બજાણેા નીકાળ્યેા નહીં તથા માંહેલી ધેાર પણ ઉઘેડેલી મલી તે ઉપરથી ધારવામાં આવેછેકે આરબેાની આગમજ કેાઇ બીજાઓ પણ ઓદીને અંદર ગયા હશે. હવે બજાનેા નહીં મલ્યેા તેથી કાલીફની રૈયત ઘણી ઉસ્કેરાઇ કે હમેાને સમથા બરચમાં તથા હેરાનગતીમાં નાબ્યા તેથી કાલીફે પેાતાની પાસનેા ઘણેા બજાનેા તથા એક જવેરાતનેા બનાવેલેા મુગધેા તે ઓરડામાં છુપેા મુકાવી એ બજાનેા હાથ લાગેા બતાવીને રૈયતને થંડી પાડી, અને સધળું પાછું પેાતેજ લઇ ગેઠા, તથા રૈયતે ધારયું કે બરચ થયેા તેટલુંજ પાછું કાલીફને મલયું છે તેથી સંતેાષ પામી હતી. અબદુલ હકીમ જે એ વીગત લખી ગયેાછે તેનાં કેહેવા મુજબ પેલી પથરની પેટીમાંથી એક મુડદું તેનાં બદનપર સેાનાનાં પત્રાં જડી લીધેલાં તથા મમીનાં કેસ સાથનું મલ્યું હતું અને તેની ઉપર એવા અક્ષરેા લખેલા હતા કે તે કેાઇ ઉકળાવી શકયું હતું નહીં. એ પછી એ લેાકેા પાછા એનાં અસલને રસતે બાહાર નીકાળ્યા, અને પેાતાનેા બણી કાહાડેલેા નવેા રસતેા કઢંગેા હેાવાથી રદ કીધેા હતેા. એ મેાટા પીરેમીડસ તથા નાબળાં બીજાં ઘણુંછે. એ મુજબ એથી ઘણે દુર શકારાનાં પીરેમીડસ પણ ઘણાં દીસતાં હતાં. મેાટા નાંબળાં બધામલીને હમણાં ૭૦) પીરેમીડસ મલ્યાંછે તેમાં ઉપર લખેલેા સૈાથી મેાટેાછે.

એ જોઇને એનીજ પાસે થેાડે દુરથી સ્ફીંક્ષ (The sphinx) ધારૂંજ ગંજાવર માણસનું પુતળુંછે તે જોવા ગયા હતા. એને વાસતે ધારેછે કે પીરેમીડસ કરતાં પણ એ જુનુંછે કારણકે પીરેમીડસની નજદીકમાં એક તબ્બતી મલીછે તેમાં લખેછે કે એ પીરેમોડ સ્ફીંક્ષની પાસે બાંધેલેાછે, તેથી એ નજદીક ૫૦૦૦) વરસનું જુનું હેાવું જોઇયે. એને અસલનાં ઇજીપશીઅન લેાકેા એક દેવતા ઘબ્બલ માનતા હતા. એનેા જે ભાગ હાલમાં દેખાયછે તે તેનાં બભાં પીઠ અને ડેાકાંનેાછે, બાકીનેા બીજો ભાગ રેતીમાં ડટાઇ ગયલેાછે. એનેા દેખાવ જાણે જનવરનાં દીલ ઉપર માણસનું ડેાકું હેાય, અને તે પેાતાનાં આગલા હાથ ઉપર ટેકી પાછલેા ભાગ ભોંયપર સુતેલી રીતનેા રાખેલેા હેાય તેવેા લાગેછે. હમણાં જે ભાગ ખુલ્લેાછે તેમાં તેનું બદન ૧૪૦) ફીટ લાંબું સુતેલી આકરતીએ

અને તે એકજ પથરનું બનાવેલું લાગેછે. ફકત તેનો અંદરનાં ખાંચાઓ ચુનાથી પુરી તેનો ધટમ બરોબર લાવેલાછે. તેનું ડોકું પણ એકજ પથરનું બનાવેલું અને માથાંનાં મથાળાંથી તે ડુંડી સુધી ૩૦) ફીટ અને ૧૪) ફીટ પોહોળાઇમાંછે. એનો દેખાવ ઓરતનાં જેવો લાગેછે અને માડાંપર દીધેલો લાલ રંગ હજુ દીસેછે. હમણું તેનું નાક તથા આંખ અને હોઠનાં થોડા ભાગ ભાગી ગયલાંછે. એની આસપાસ ફરી ગયલી રેતી કેલીલીઆ નામના સખ્સે ૧૮૧૭ માં ખણાવી ખુલ્લું કીધું હતું, તે વખતે એની હેઠળ ૧૩૫) ફીટનો ઢળાવ ટેકડાની અંદર કાપી કાહાડેલો માલમ પડયો હતો, જે ઉપરથી ૧૩) તપાની સીડીએ એક પલાટફોરમ ઉપર જવાતું હતું, અને તે પલેટફોરમથી બીજી ૩૦) સીડીથી નીચે જતા ત્યારે સ્ફીંક્ષનાં આગલા હાથ (જે પંજાની માફકછે) ની અંદર આવેલા એક પલાટફોરમ નાધલો દીસયો હતો. એટલું ઊંડું એ સ્ફીંક્ષનું પુતળું ડટાઇ ગયલું છે. એટલી જગ્યા ખણતાં રેતીને લીધે ઘણી મેહનત પડી હતી કારણ કે એક ગમથી ખણે કે બીજી ગમથી પાછી પવનનાં જોરથી તે પુરાઇ જતી હતી. આગલ એ પુતળાંને ખુલું રાખવા સારૂં ફરતી મોટી દીવાલ બાંધેલી હતી, તે ભાગેલી હાલતમાં એ ખણની વખતે મલી હતી. એનાં બે હાથની વચમાંથી એક ઓલતર, ત્રણ તકતી રોકા પથર, એક સીંહનું પુતળું, અને કાંઇ ભાગેલા પથરનાં કટકા મલ્યા હતા, અને એ ઓલટરની તથા પુતળાંની છાતીની વચમાં ઘણો મોટો ખાંચો રાખેલો હતો, જેથી પેલા ઓલટરની આસપાસ પુજારાઓને ફરી વળવાની જગ્યા મલતી હતી, અને તેનો છાતીની સામે ત્રણ પથરની એક તકતીનો ભાગ બનાવેલા ૧૪) ફીટ ઊંચાઇમાં હતો. એટલું મોટું એ પુતળું બનાવેલું છે.

એ જોઇને હમોપાછા ત્યાંથી ૧૧)વાગે નીકળેલા કેરોનાં હોટલમાં કલાક ૧૨–૩૦ મીનીટે જઇ પુગ્યા હતા. સાંજનાં પાછા શોખના રસતાપર થઇને ત્યાંનો આવેલો એદીવનો મેહુલ તથા બાગ જોવા ગયા હતા. એ મેહુલ મહમદ અલી પેહેલા એદીવે બંધાવ્યો હતો. એ જગયા જાણે ફરવા જવા સારૂં બાંધી હોય તેમ લાગેછે, કારણકે વચમાં એક મોટો ચોક રાખી તેની આસપાસ ચાર મોટા ઓટલા બાંધી લીધાછે અને ફકત તેને ચાર ખુણે ચાર નાધળા ઓરડા શીવાય બીજા ઓરડા ધર્યા દીવાનખાનું દીસતું નથી. અંદરનો ચોક તથા ફરતા ઓટલા સંગેમરમરનાં બાંધેલાછે અને ચોકની વચમાં એક ઘણો મોટો તલાવ બાંધ્યોછે. તેમાં ફરવા સારૂં એક નાધળી બોટ રાખેલીછે, તથા તલાવની વચમા પાછી એક નાંધળી જેવી બેઠક સંગેમરમરની બાંધી તેની વચમાં પાછો ફુવારો કીધેલોછે તેથી જાણે એક નાધણું ટાપુ હોય તેમ લાગેછે. ઓટલાને ફરતા અંદરની બાજુથી નાધળા કટેરા કીધેલાછે, અને બાહારની બાજુ પર દીવાલ તથા બારી બારણું કીધેલાંછે તેથી બાહારથી જાણે ઘેર અને અંદરથી જાણે ઓટલો હોય તેવું દીસેછે. એ ઓટલાની ફરતી પાણી દોડવાની સંગેમરમરના બેડી પરનાળછે, જેની અંદર માછલીઓનાં આકારો કોતરેલાંછે, તેથી પાણીમાં જાણે માછલીઓ તરતી હોય તેવું લાગેછે. એનાં ચાર ખુણાંપર ઓરડાછે, તેમાં એકમાં દીવાનખાનું બનાવેલું છે તેનું ફરનીચર સોનેરી ધોળ તથા માટીનનું યુરોપીયન રીતનું, અને વચમાં એક ઝુંમર કીધું છે તેમાં ફરતાં હરણનાં શીંગડાં સાથનાં ડોકાં ધાતુનાં બનાવી શીંગડાંઓમાં બતીઓ ઓરવાની ભુંગલીઓ રાખેલીછે, તેથી નવાઈ જેવું લાગેછે. એ છત બધો સારી ધોળ તથા નકશીકામની બનાવેલીછે. બીજે ખુણે હુંકા

પીવાનો, ત્રીજે ખુણે બીલીઅરડ રમવાનો, અને ચોથે ખુણે લખવા વાંચવાનાં ઓરડા મારા શણગારેલાછે.

એ જોઇને તેજ બાગમાં બીજો નાધળો જેવો બંગલોછે તે જોવા ગયા. એને એલ જમલ ધર્યાને ટેકડી કરી કહેછે. તે એક નાધળો ટેકડી ઉપર બાંધેલોછે અને જાણે એકજ દીવાનખાનું હોય તેમ કીધેલો તથા તેની વચમાં આલાબસ્ટરનો કુંવારો બનાવેલોછે. એ આખા બંગલાની જમીન આલાબાસ્ટર પથરની બનાવેલીછે. ધારવા મેલે એ બંગલામાં જનાની ઓરતો જ્યારે એદીવ મોટા બંગલામાં આવતો હશે ત્યારે આવતી હશે, તેથી તે અલાહેદો બાંધેલોછે. એ જોઇને બાગમાં ફરયા હતા, જે ઘણો મોટોછે, પણ તેમાં લીબુનાં તથા બીજાં પરચુરણ ફુલેનાં ઝાડ શીવાય જોવા લાયક કાંઈ નથી.

તા૦ ૮ મી નવેમબર ૧૮૮૧— આજે અતરેની પબલીક લાઇબરેરી જોવા ગયા હતા. તે મીનીસટરી ઓફ્ ઈલીજીઅન એંડ પબ્લીક ઇનસ્ત્રકશનને લગતી ઇમારતમાં આવેલીછે, જેમાં આસરે૪૦,૦૦૦ કીતાબો આરબી ભાષામાં અને ૨૦,૦૦૦) કીતાબો. યુરોપીયન ભાષામાં લખેલી તથા છાપેલીનો સંગ્રહ કીધેલોછે, તેમાં મોટો ભાગ એ લોકોની કોરાનને લગતી બીનાઓની ચોપડીઓનોછે. અગલ મસ-જીદોમાજ ચોપડીઓ રાખતા હતા, તે બધી અહીંયાં લાવીને એકઠી કીધેલીછે; તેમાં સૌથી જુના કીતાબ મહમદ પેગંમ-બરની છોકરીનાં છોકરા હુમેનની પોતાની કોરાન કુફી બોલીમાં લખેલીછે. તે આસ-રે ૧૨૦૦) વરસની જુનીછે, તથા બીજી ગંજાવર કોરાનો જુદા જુદા ઇજીપ્તનાં પાદશાહો તથા એદીવોની વાપરેલી મુકે-લીછે. તે ૫ થી ૫ ફીટનાં કદની અને ભપ-કાદાર સોનેરી અક્ષરોથી લખેલીછે.

તે જોઇને પછી એદીવનાં તબેલા જોવા ગયા હતા, જ્યાં આસરે ૧૦૦) આરબી, અંગ્રેજ, નોરમનડી, એબીશી-નીઅન, રશીઅન અને ઇજીપ્તનાં "બ્રીદ" (તુખ્મ) ના ઘોડા જોવા હતા, પણ તેમાં ઘણુંજ થોડા દેખામણાં હતા. આ-ગલનાં એદીવને વાસતે તેનાં ગાડી ઘોડા-ની ઘણી તારીફ સાંભળાયછે, પણ તે પો-તે જ્યારે તખત છોડીને નોલ્સ ગેહેર ગયો ત્યારે સાથે લેતો ગયોછે. ગાડીઓ થોડીક રાજદરબારી કારણસર લાલ રંગ તથા સોનેરી ઘોળની બાફકસરનાં ભપકા-નો તથા બીજી સાધારણ ગાડીઓ રા-ખેલીછે. એનાં તબેલાની દેખરેખ ફ્રેંચ લોક કરેછે, તેથી તે ઘણો સફાઇભરેલો રાખેલો અને સઘળી ગોઠવણી પસંદ કરવા લાયકછે.

એ જોઇને પછી અલ હસનની મ-સજીદ જોવા ગયા હતા. એ મસજીદમાં એદીવ પોતે દર શુકરવારે બંદગી કરવા જાયછે અને એમાં મહમદ પેગમ્બરની છોકરી ફાતીમા અને જમાઇ અલીના છોકરા હુસેન અને હોસેનના ડોકાં તથા હાથ ડાટેલાછે, તેથી તે ઘણી પાક ગણા-યછે. એ જોવા જવા સારૂં ઘણી મહેનતે રજા મલેછે. એનો બાહારનો દેખાવ કાંઈ ઘણો સારો નથી અને અંદરથી પણ કાંઈ ઘણું જોવા લાયક નથી. ફકત એક ઘણું મોટું દીવાનખાનું બનાવેલુંછે અને તેમાં સંગેમરમરનાં ૫૪) થાંભળા મુકેલાછે તથા બધે ઉંચા ગલીચા બીછાવેલાછે. હુસેન તથા હોસેનવાલી ઘોરની જગ્યા હમાએ ઘાયું બીકું પણ બતાવી નહીં; કારણ કે વરસમાં એકજ વખત તેને ખોલી મુકેછે. એ હુસેનનું ડોકું અહીંયાં લાવવા વીશે કહેછે કે જ્યારે ઇજીપ્તનાં આગલા પાદશાહોનો અમીર એલ-ગીકુશે શીરાઝ જીત્યું ત્યારે તેણે સાંભળ્યું કે આસ્કેલેનમાં હુમેનનું ડોકું

ઘોલું છે, તેથી તેને ત્યાં એક મોટી દરબાર સને ૪૯૨ માં બંધાવી હતી, પણ સને ૫૪૮ નાં શાલમાં ફ્રેંચમાઇત કાલીફનાં વજીર થાલે ધ્યેન રેઝાકે ધારયું કે રઝેને ક્રાસ્ચીઅનો એને અડચણ કરે, તેથી તે ડેકું ત્યાંથી કહડાવી મંગાવીને પોતાની કેરોની મસ્જીદમા મુકવાનો ઉડાવ કીધો, પણ કાલીફે તે સારૂં વાંધો લીધો અને પોતાના મેડેલનાં એક ભાગપર એને સારૂં એક જુદી જગા બાંધીને તેમાં તેને ડાટયું હતું અને એપર પાછલથી મસ્જીદ બાંધી. તેને વાસતે તેને તથા તેની પછીનાં કાલીફોએ મોટી જાગીરો આપી હતી.

એ મસ્જીદ જોઇને પછી અતરેનાં એદીવનાં ખાનદાનને દાટવાની જગ્યા જોવા ગયા હતા. એ જગા ગામની બાહારથી રેતીનું મોટું જંગલ આવેલું છે ત્યાં અગીઆરી મોટી જગ્યા નજર પુગાડયે ત્યાં સુધીનો મયદાનો ઘોરસ્થાન દાખલની વપરાતી જગામા આવેલીછે. અહીંયાંનાં અમીરી કુટુંબ પોતાને સારૂં. જગ્યા દીવાલોથી ઘેરી લઇને તેનાં દટાયછે, તેથી જાણે વગર છાપડાંનાં ઘરોનું એક નાધણું જેવું શેરડે હોય તેવું આ ઘોરસ્થાન લાગેછે. એદીવનાં ખાનદાનને લગતી ઇમારત ચુંબજોનો બાંધેલી અને તેમાં એક મોટું દીવાનખાનુ કરી બીજી બાજુવાર ઓરડાઓ કાધેલાછે તેમાં એ એદીવો એક જણ શીવાય બધા ડટાયલાછે. તેઓનો ઘેરો તદન સંગેમરમરનો અને તે ઉપર ધણી નકશી તથા રંગ અને સોનેરી કામ કીધેલું છે. તેમાં ઇબરાહીમ પાસા જે અહીંયા પેહેલો ડટાયલોછે તેનો ઘેરો ધણીજ સરસછે. તે જાણે એકની ઉપર એક ઘેરા ગોઠવી હોય તેમ ત્રણ પથરનો બનાવેલી અને તેની ઉપર બેસુમાર નકશીકામ તથા તેનો અહેવાલ કોતરેલોછે. એના આસપાસ બીજા એનાં ખાનદાનીઓની ઘેરો ધણી આવેલીછે.

હમણાંનાં એદીવનાં ખાનદાનનો વડો મહમદઅલી પાદશાહ હતો, જેને ફ્રેંચની લડાઇ પછી (એ ઇજીપ્તનું દેશ નેપોલીયને લઇ મુકયું હતું તે અંગ્રેજોએ પાછું તેની પાસથી છતી લઇને તરકીને પાછું સ્વાધીન કીધું હતું) તરકીનાં સુલતાને ઇજીપ્તનો વાઇસરાય થયાને હુકમ ઉડગ્યો હતો. તે વખતે અહીંના બીજા સરદારો જેઓ મામલુકમને નામે ઓલખાતા હતા તેઓ ધણું જોરાવર હોવાથી હમેશાં ગવરનરોને હેરાન કરતા હતા. તેઓને એ ધણીએ દાગાથી કીલામાં તેડી હમાએ આગલ લખ્યા મુજબ મારી નાંખી પોતે એકલો હકુમત ચલાવા લાગ્યો, અને આગન ચાલતાં એનું જોર એટલું તો વધી ગયું કે તરકીની સરકારની સામે થઇ તેના સાથે લડાઇ ચલાવી તે ધણી વખતે હરાવી તેઓનાં શીરીઆ તથા બીજા મુલકો લઇ મુકયાં, અને તેનાં પાયતખ્ત કોન્સ્ટાંતીનોપલપર લડાઇ લઇ જતો હતો તેવામાં બીજા યુરોપીયન રાજયો વચમાં પડી તેને શીરીઆ પાછું છોડાવીને હટવનો ફરજ પાડી અને સુલતાન અબદુલ મજીદને પોતાનો હાંકેમ કબુલ કરવાની ફરજ ન.ખી. ત્યારથી (સને ૧૮૪૧) સુલતાને એ મહમદઅલીનાં કુટુંબમાંજ ઇજીપ્ત દેશની વાઇસરોયગીરી રહે એવું ફરમાન સહી કરી આપયું હતું તે વખતથી એ ખાનદાનનાં લોકો અતરેની સરદારી કરતા આવેલાછે, પણ તેઓ પાશા એફ ઇજીપ્તને નામે ઓલખાતા હતા, તે છેક છેલો ધણી જે હમણાં દેશતીકાળ થયલોછે તેણે તખ્તપર આવ્યા પછી તરકીનો સરકાર સારૂં મોટી મોટી ભેટ મોકલી, તથા ચોથાઇ વધારીને વરસ દીને રૂપીયા સીતેર લાખ સુધીની કરી, તથા એનાં માનવા મુજબ એને એદીવનો ઇતાબ મલવા ઉપરાંત તરકીની રસમ પ્રમાણે ખાનદાનમાં જે વડો હોય તેને ગાદી મલતી હવી તે

રદ કરી પોતાનાંજ છોકરાને મલે એવી સનદ લખાવી લીધી હતી. એ ઇસ્માઇલ પાશા ઘણોજ ખરચાલુ હતો, અને પોતાનાં દેશમાં સુધારો કરવા અતીસે રૂપીઆ ખરચી · રેલવે, કેનાલો, વીજલીના તારો ઇત્યાદી એકદમ બાંધવા માંડયું તથા સુએઝ કેનાલને મદદ આપી તેમજ મોટી રકમ (નજદીક ૩ કરોડ રૂપીયા) આપી પોતાની રૈયતનાં માણસોને વેહમાં પકડી કામ કરાવવાનો બોલી હતી તેમાંથી છોડવ્યા, તથા બીજો ઘણો ખરચ કરવાથી ઇજીપ્તની આવક તેનાં ખરચને પુરી નહી પડી, તેથી નજદીક ૫૦) કરોડનું કરજ થઇ ગયું, જેનાં માગનારાઓ ફ્રેંચ તથા અંગ્રેજો એની ઉપર ઘણો તકાદો કીધાથી તેણે પોતાની જાગીરો તથા બીજું વેચીને બન્યું તેટલું ભરણું ભરયું, અને હવેથી રીતશર ખરચ કરવાની બોલી કીધી, પણ તે મુજબ એનાં માગનારાઓનાં ધારવા પ્રમાણે તે નહી ચાલવાથી તરકીની સરકારને સમજાવીને એને તખ્ત ઉપરથી ઉઠાડી મુકાવી એનાં છોકરા તેફીક પાશાને હમણાંનો એદીવ સને ૧૮૭૯માં કીધો અને ઇસ્માઇલ પાશાને કાંઇ વરશાણ આપતું કરી નેપલ્સમાં રાખેલોછે. ત્યારપછી એ માંગનારાઓનાં કેહેવા મુજબ હમણાંનાં એદીવે રીઆજ પાશા કરી કોઇ ગરીબ આનંદાનના પણ ઘણાં. હુશીયાર ઘણીને પોતાનો દીવાન કીધો હતો, જેથી જુના કુટંબોનાં લોકો ઉપર તે હાકમો ભોગવવાથી તે લોકોએ અતરેનાં આરબ સીપાઇઓને ઉશકેરીને હમણાં આસરે બે મહીનાંપર મોટું હુલડ કીધું, અને એદીવનાં મહેલપર હલ્લો લઇ જવાથી તેઓનાં માગવા મુજબ રીઆજ પાદશાહને કાહાડી મુકવાનો ફરજ પડી. હાલની રયયત હજુખી બીજાં દેશનાં લોકો અતરેનાં રાજનાં કામની વચમાં પડેછે તેથી ઉશકેરાયલી દીસેછે અને એક મોટું હુલડ થવાની ધાસ્તીછે.

હમો એ ઉપલી ઘટવાનો જગ્યા જોઇને પછી કેરો શેહેરમાં ફરી આવ્યા હતા. એ શેહેરનાં મોહોલા ઘણાં સાંકડાછે અને રસતા ઘણાં સારા નથી. થોડોક ભાગ જયાં હમારૂં હોટલ તથા બીજા યુરોપીયનોનાં લતાછે, તે જગા સારાછે તથા બીજા રસતા નવા બાંધીને હમણાં તૈયાર થાયછે. ત્યાં થોડીક નવી ઇમારતો સારી બંધાયછે. ગામમાં તો કોઇ ગમ મોહોલાઓ એટલા સાંકડાછે કે ત્યાં એક ગાડી ભાગ્યે જઇ શકેછે તેથી અહીંયાંની વસતીનો મોટો ભાગ ગધેરાં ઉપર ખચ્ચરોપર બેસીને આવજાવ કરેછે. વસતીનો મોટો ભાગ આરબ લોકોનો દીસેછે અને સીદીઓ પણ ઘણાંછે. હમણાં એ શેહેરની વસતી આસરે ૩,૭૦,૦૦૦) નો કહેવાયછે તેમાં ૨૦,૦૦૦) યુરોપીયન અને ૩૦,૦૦૦) યાહુદીછે.

તા૦ ૯ મી નવેમબર ૧૮૮૧— આજે સવારનાં હમો કલાક ૧૧–૩૦ મીનીટે ટ્રેનમાં બેસીને કેરો શેહેર છોડયું તે રાતનાં કલાક ૭–૩૦ મીનીટે સુએઝમાં આવી પુગ્યા હતા, અને અહીંનાં ધી સુએઝ હોટલમાં હજુ સુધી બ્રોનડીશીથી મેલ આવી ન પોહોચવાથી ઉતારો લીધો હતો. હમો બેઠા ત્યારથી તે છેક ઝાગાઝોગ કરીને ગાડી બદલવાની જગ્યા આવેછે ત્યાસુધી (બપોરનાં એક વાગતા સુધી) ફલવંત જમીન મલી હતી, પણ ઝાગાઝોગથી પાછું રેતીનું જંગલ મલ્યું જેમાં છુટાં છવાયાં નાધળાં ગામડાંઓ કોઇ કોઇ ગમ દીસતાં અને ખેતીવાડી કેમે દીસતી હતી નહીં તથા ગાડીનાં કાચો ચહડાવવાં છતાં એટલી ઝીણી રેતી ઉડેછે કે તેથી હમે બધા અંદર ભરાઇ ગયા હતા.

તા૦ ૧૦ મી નવેમબર ૧૮૮૧— આજે સવારનાં સુએઝ ગામમાં ફરી આવ્યા હતા, જયાં નાધળાં ઝુપડાં તથા થોડાંક ઘેરો શીવાય બીજું કસું જોવા લા-

યક નથી. રસ્તાઓ ઘણીજ ખરાબ હાલતમાંછે અને ઘુળનો તો કાંઇ પારજ મલે નહી. એની વસતી આસરે ૧૧,૦૦૦) માણસના કેહેવાયછે. એ ગામથી ત્રણ માઇલ દુરને છેટે સુએઝ કેનાલને લીધે એક બીજું નાનકું જેવું ગામ વસ્યુંછે, જયાં વખારો તથા હાજીઓની ઇમારત સારી બાંધેલી છે. હજુ સુધી હમારી સાથે જતા મેલવાલી રટીમર એલેકઝાંડ્રીઆ પુગી નથો તેથી હમોએ સુએઝ કેનાલમાં થોડેક સુધા બધારનાં ફરી આવવાનો ઠરાવ કીધોછે તેથી એ કેનાલને લગતી થોડીક બીનાં લખ્યે છીયે. આગલ ભુમધ્ય સમુદ્રમાંથી હીંદુસ્થાન તથા ચીન જતાં વહાણો તથા રટીમરોને શુએજનીઝંયોગી ભુમી નડવાથી છેક કેપ ઓફ ગુડ હોપ (જે આફ્રીકાખંડની દક્ષાણ બાજુપર આવેલુંછે) ને રસ્તે જતાં દીવસો ઘણાં લાગતા હતા. તેથી મેરન ડ લેસેપે સને ૧૮૫૪ માં એ સંયોગીભુમી બાણીને ભુમધ્ય અને રાતા સમુદ્રોને જોડી નાંખવાનો વીચાર કીધો તથા તે યુરોપનાં બીજા રાજવાલાઓની મદદથી (જો કે અંગ્રેજ સરકારે પેહેલાં અટકાવાની ઘણી તજવીજ કીધી તોબી) સને ૧૮૫૬ માં એ બાબતનાં પત્રાનો તૈયાર કરીને એદીવની સાથે બંદોબસ્ત કીધો, અને સને ૧૮૫૮ માં એ બગુવા સારૂં બાર કરોડ રૂપીયાની કંપની ઉભી કોધી, જેનો અરધો ભાગ યુરોપમા ભગાયા પછી બીજી થાપણ નહીં ભરાવાથી ઇજીપ્તનાં એદીવે બાકીનાં ચાર કરોડ રૂપીયાના શેરો પોતે ખરીડયા હતા. સને ૧૮૫૯ નો તા૦ ૨૫ મી એપ્રેલને દીને એનું પેહેલું કામ બગુવાનું શરૂ થયું હતું. હવે એ કંપની તથા એદીવ વચે એવી કબુલાત હતી કે જેટલાં માણસો એ કામપર બપે તેનાં પાંચમાંનાં ચાર ભાગ માણસો એદીવ પોતાની રૈયતમાંથી પુરાં પાડે, જેમને પગાર મલવાની પણ બોલી કીધી હતી, અને તે મુજબ દર મહીને ૨૦,૦૦૦) નવાં માણસો એ સરકાર પોતાની રૈયતમાંથી વેઠ પકડીને આપવાથી રૈયત ઘણી હેરાન થવા ઉપર ત દેશને એટલો અવગુણ થાવા લાગેકે તેનો બદલો બીજી કસી રીતે મની શકતો ન હતો. તે એદીવ (શઇએદ પાશા) મરી જવા પછી તેનો પાછલ જે હમણાં દેશનીકાળ થયલો એદીવ ઇસ્માએલ પાશા સને ૧૮૬૩ માં ગાદીપર થયો તેણે એમ માણસો આપવાને ના પાડી તેથી કામ સઘળું અટકી પડવાનો નજદીકીમાં આવી પડયું હતું. તે ઉપરાંત આગલા એદીવે મોટી જગ્યાઓ એ કંપનીને આપી દીધી હતી તે બાબે અને મીઠાં પાણીનો કેનાલ જે રાશએલવાદીથી સુએઝ સુધી બંધાઇ હતી તે બાબે પણ વાંધો પડવાથી તેનો ફડચો કરવા ફ્રેંચનો છેલો શેહેનશાહ ત્રીજા લુઇ નેપોલ્યનને લવાદી આપી હતી. તેણે એવો ફડચો કીધો કે માણસો નહીં આપે તો તેનાં બદલામાં એદીવે એ કેનાલ કંપનીને રૂપીયા ૧,૫૨,૦૦,૦૦૦) તથા જે જમીન આપી દીધેલીછે તે કેનાલની આસપાસ થોડી રાખીને બાકીની પાછી લે તેની કીમતનાં રૂપીયા ૧,૨૦,૦૦,૦૦૦) તથા મીઠાં પાણીપર એદીવનો કર નાંખવાનો હક રહે તેનાં રૂપીયા ૬૪,૦૦,૦૦૦) મલીને જુમલે રૂપીયા ૩,૩૬,૦૦,૦૦૦) સોળ વરસમાં હફતાથી એદીવે એ કંપનીને આપવા. હવે એ કંપનીને માણસો નહીં મલવાથી તેઓએ એ કેનાલ બગુવાનાં નવા સંચાઓ બનાવ્યા, જેપર તેઓને રૂપીયા ૨,૪૦,૦૦,૦૦૦) બરચ લાગ્યો અને તે ચલાવવા સારૂં દર મહીને રૂપીયા ૪,૦૦,૦૦૦) નો કોલસો બપવા લાગો, તેથી થાપણ હતી તે બપી જવાથી બીજા ચાર ક્રોડ રૂપાયાના નવા શેરો કાહાડયા અને તેનાં પૈંડ ૨૦) નાં શેરો પૈંડ ૧૨)

	કેનાલ રસ્તો.	કનાલના રસ્તો.	બંધ્યા.
માર્સેલીથી મુંબઇ	૧૦,૫૬૦	૪,૬૨૦	૫,૬૪૦
બ્રિંડીસીથી મુંબઇ	૧૧,૬૧૦	૬,૭૩૦	૪,૮૪૦
બ્રિંડીસીથી મુંબઇ	૧૧,૫૨૦	૭,૬૨૦	૩,૬૦૦
બ્રિંડીસીથી મુંબઇ	૧૦,૮૦૦	૬,૦૨૦	૪,૭૮૦

ઉપલો ઘણો મોટો ઘેરાવાનો બંચાવ થવાથી અંગ્રેજ સરકારે જે પેઢીનાં રાજપ્રકરણી કારણસર વાંધા લીધા હતા તેજ હમણાં પોતાના વાહાણો તથા સ્ટીમરોનો મોટો ભાગ એજ કેનાલને રસ્તે મોકલેછે, અને હમણાં જે કેનાલમાંથી હજારો વાહાણો દરશાલ પસાર થાયછે તેનો પોણો ભાગ અંગ્રેજી વાવટાનાં હોયછે. એ કેનાલમાં પેઢેલે શાલ સને ૧૮૭૦ માં ૪૯૧) વાહાણો ૪,૨૬,૬૧૮) ટનુના પસાર થયાં હતાં, અને તેઓએ પૈ.ડ ૨,૦૬,૩૬૨) જગાત દાખલ ભર્યા હતા. તે વર્ષને સને ૧૮૭૮ માં ૧૫૬૩) વાહાણો ૩૨,૯૧,૫૨૫ ટનુનાં પસાર થયાં અને તેઓએ પૌંડ ૧૨,૪૬,૧૨૯) ભર્યા હતા. એ છેલાં વરસમા નવી આવક એ કંપનીને પૌંડ ૧૨,૭૨.૪૩૫)અને ખરચ પૌંડ૬,૭૫,૯૧૬) થયો હતો. એ કેનલ બંધાઇ તેથી બીચારા મજીઅનાં એદીવને બધો મલીને માડા આઠ ક્રોડનો અવગુણ વાગ્યોતી ડંડ ભરતાં તથા શેરો લીધા તેથી થયો હતો, જે ૧,૭૬ ૬૦૨) શેરો તેને ૬૦-

લ્યે બજારમાં આપતા કીધા છતા તે ઘ્રાયકાયા નહીં, તેવા જેમ હમણાં પેરીસનો મ્યુનીશીપાલ લોનની મોરતીઓ નીકળેછે તેમ મોરતીનાં લાલચ આપવાથી તે બધા ઊંચકાઇ ગયા, તથા પાછળથી વળી કાંઇ જુદા વાધા કાઢાડીને બીચારા એદીવને બીજી મોટી રકમ ચીરી હતી, જે મરૂં મીડા પણીની કેનાલમાં એ કંપનીનાં પોતાનાં વાહાણો તથા માલ લાવ લઇ જા કરવાનો વગર નોળે છુટ હતી તે હક રૂપીયા ૮૦,૦૦,૦૦૦) તથા તેમની ઇસ્પાતાલો તથા કારખાનાં એલેકઝાંડ્રાઆ તથા સુએઝના સંયોગીબુમીનાં બીજા ભાગોમાં હતાં તે સઘળું એદીવને આપ્યા બીજા રૂપીઆ ૪૦,૦૦,૦૦૦) લીધા. પણ એદીવ સાહેબ ઘણું ખરચ લુટાવાથી એ સવા ક્રોડની રકમ રોકડી આપી શકયા નહીં તેથી તેનાં બદલામાં જે પોતાના ચાર ક્રોડનાં શેરો હતા તેનું વ્યાજ ૨૫) વરસ સુધી લેવું નહીં એવી બોલી તેનાં બદલામાં કીધી, અને તે બોલીને લીધે કંપનીએ સવા ક્રોડનાં નવાં બાન્ડસ બીજાં કાઢડવાથી તે બધ્યા અને સઘળું કામ એ પ્રમાણે પરચુટણ રકમ કહાડીને પુરૂં કરી નવેમ્બર ૧૮૬૯ માં કેનાલ ઉઘાડી હતી, જે ઉપર જુમલો ખરચ નજદીક ૩ ૧૭) ક્રોડનો થયલો કહેછે. એ કેનાલની બધી લંબાઇ ૧૦૦) મૈલની કહેવાયછે, પણ તેમાં વચમાં ત્રણ ચાર મોટા સરોવર (બીટર લેકસનાં ૨૫ માઇલ, લેક નીમચનાં ૫ અને બીજા બે લેકસનાં ૩૮ મૈલ મલી આશરે ૬૮ મૈલનાં) મલવા છતાં એ કેનાલ કરવા પાછલ આટલો ખરચ લાગ્યો હતો. એ કેનાલ ખરેખરીના વધતામાં વધતી પોહોળાઇ ૩૨૮) ફીટ, અને ઓછામાં ઓછી ૧૯૦) ફીટ તથા ઊંડાઇ ઓછામાં ઓછી ૨૬) ફીટછે. એ કેનાલ બંધાયાથી કેટને રસ્તે વાહાણો જતાં હતાં તેઓને નીચે મુજબ માપલનો બંચાવ થયોછે.

ઇંગ્લંડની સરકારને સને ૧૮૭૫ માં ચાર ક્રોડ રૂપીયે વેચ્યા હતા, અને તેનું વ્યાજ જે એને ૨૫) વરસ સુધી લેવું નહીં કરીને કબુલાત પેલા સવા ક્રોડ રૂપીયા આપવાને બદલે કીધી હતી તેથી તે મુદત સને ૧૯૮૪ માં પુરી થાય ત્યાંસુધી ઉપલા ચાર ક્રોડનું વ્યાજ ટકા ૭) લેખે અંગ્રેજ સરકારને ભરવા સારૂં કબુલ થયલોછે, જે જોવાયો આપણને ઇજીપ્તનાં લોકો સારૂં દયા ઉપજેછે કે એ લોકની જમીન મફત લેવા છતાં એ શેઠને ચાર ક્રોડ રૂપીયાનો અવયાણુ અને દરશાલ ૨૮) લાખ રૂપીયા વ્યાજનાં આપવા પડેછે. હમો શુએજનાં ગામમાંથી સાંજનાં ૪) વાગે હોટલની સામેથી બોટમાં બેસીને નીકળેલા કેનાલ તરફ ફરવા ગયા હતા. એ કેનાલમાં જવા સારૂં બોહીયાં બે બાજુપરથી હારબંધ ગોઠવેલાંછે, જેની વચમાં ઊંડું પાણી આવેલુંછે, તેમાંથીજ કેનાલમા જવાયછે, પણ જો બોહીયાંની આસપાસ બાહાર પાણીમાં જો ભુલથી જાયતો રેતીમાં ખુંટી બેસેછે. દરીયામાંથી એ પ્રમાણે બોહીયાં મુકેલાંછે તે છેક કેનાલની અંદર બેજ મુજબછે, જેની વચમાંથીજ વાહાણો તથા સ્ટીમરો આવજાવ કરેછે. હમોને વખત નહીં હોવાથો કેનાલની અંદર ગયા હતા નહીં, પણ તેનું બોહોડુંજ જોઇને પછી હમાગવાલી સ્ટીમર "માલવા" પી. એનડ ઓ. કુંપનીની બોટમાં હતી તેપર ગયા અને રાતનાં દશ વાગે બેલેકઝાંડ્રોયાથી પાણીનજરોની મેલ ટ્રેન આવી ત્યારપછી કલાક ૧૧-૩૦ મીનીટે હમારી સ્ટીમરે લંગર ઊંચકયું હતું.

તા૦ ૧૧મી થી ૧૪મા નવેમબર ૧૮૮૧

ત્રણ દીવસો સુએઝથી બેદન સુધીનો રેડ સી પસાર કરવામાં ગયા હતા. આબો વખત દરીયો બણોજ સ્થીર તલાવનાં જેવો હતો, પણ બે દીવસ સુધી ગરમી તથા તાપ બણો લાગો હતો. છેલા દીવસથી જરા જરા પવન આવવાથી ગરમી નરમ લાગતી હતી.

તા૦ ૧૫ મી નવેમબર ૧૮૮૧—

આજે રાતનાં કલાક ૬-૩૦ થી બેદનનાં દીવા દેખવા લાગા હતા, અને રાતનાં આઠ વાગે સ્ટીમરે લંગર નાંખ્યું. હમોને કીનારેથી બહીંયાંનાં જરબોરતી સાહેબો લેવાને આવ્યા હતા તેબો સાથે કીનારે ગયા. હમો જેમ જતી વખતે રાતનાં આવ્યા હતા તેમ પાછાં ફરતાં પણ રાતનાંજ આવ્યા તેથી નાસીપાસી લાગી હતી કે બેડન બરોબર જોવાયું નથી, તોપણ હમો કીનારે સ્ટીમર પોઇનટ ઉપર ઉતરી ત્યાંનાં શેઠ કાવશજી દીનશાજી, તથા મનચેરજી બેદલજી કોલાબેવાલાનાં મકાનોમાં થઇને બેદનનું ગામ જે પાંચ મધલ દુરછે ત્યાં ફરવા ગયા હતા. રસતો બણોખરો દરીયા કીનારેથી હતો અને બીજી ગમ ડુંગરો આવેલા હતા, જે તદન વગર વનસપતીથી બાલીછે. ગામમાં જવા સારૂં ડુંગરનો થોડો ભાગ ચહડવો પડેછે, પછી બાકીનો ભાગ વચમેથી કાપી કાહાડેલોછે, જેનાં બેહુ બાજુનાં ભાગો ઘણાં ઊંચા આવેલાંછે, અને મથાળે પાછા તેને જોડી નાખવા સારૂં બેક પુલ બાંધેલોછે. બે પાસમાંથી પસાર થવા આગમય ગામની ભાગળ આવેછે, જેનાં દરવાજા રાતનાં બંધ રહેછે, પણ જેબો પાસે પરવાનો હોય તેબોને આવજાવ કરવા સારૂં ઉઘાડેછે. બે ભાગ પસાર કીધો કે ગામ આવેછે, જેની આસપાસ ફરતી ત્રણ બાજુપર ડુંગરો આવેલાંછે, તેથી બેક ગમથી હમો ગયા તે રસતો ડુંગર કાપીને કાહાડેલો અને બીજો દરીયે કીનારેથી બે કનલો કરીને કીધેલોછે. જે બાજુપર ડુંગર નથી તે રસતે જવા સારૂં બણો મોટો ઘેરાવો લેવો પડેછે, તેથી આબે ડુંગરની અંદરથી રસતો બનાવેલોછે. બે-

દનનાં ગામમાં ઘર નાધળાં પણ પાકી બાંધણીનાં અને સરખી હારમાં બાંધેલા છે, પણ રાતને લીધે હમો બરાબર જોઈ શકયા ન હતા. હમો અતરેની વખણાયલી પાણી ભરવાની ટાંકીઓ જોવા ગયા હતા. એ ટાંકીઓ ઘણી મોટી તથા ઊંડી બનાવી છે અને તેઓને ડુંગરની હેઠળથી અધવચ્ચ સુધીમાં એકની ઉપર એક એમ બાંધી લીધેલીછે. હવે જયારે વરસાદ આવેછે ત્યારે ડુંગરોપરનું પાણી સઘળું એકઠું કરીને મોટી ગટરોની મારફતે ઉપરની ટાંકીમા ભરેછે, જે ભરાઇને ઉભાયછે ત્યારે તે ઉભાયલું પાણી તેની નીચેની ટાંકીમાં પડેછે અને તે ભરાઇ કે તેમાંથી નીચેની ટાંકીમાં, એમ બધી ટાંકીઓ ભરાઇ રહેછે, ત્યારે છેલી ટાંકીમાંનું પાણી દરીયામાં કાઢાડી નાંખેછે. પણ એવો જોરાવર વરસાદ કોઇજ વખત એદનમાં પડેછે કે એ બધી ટાંકીઓ ભરાઇ શકેછે. કોઇ વખત તો આઠ વરસ સુધી એકું ટીપું પણ વરસાદ પડતો નથી. એવી વખતે આગલ પાણીની તાંણ ઘણી પડતી હતી અને અંદરનાં ગામોમાંનુ પાણી દુરથી મશકો ભરીને ઊંટ તથા ગધેડાં ઉપર લાવતા હતા. તે વખતે પાણી એટલું તો મોંઘું વેચાતુ હતું કે રૂપીયાનું બે ગ્યાલન મલતું. હમણાં દરીયાનાં પાણીને "કનડેન્સ" કરીને મીઠું કરવાનો સંચો અતરેનાં શેઠો કાવશજી દીનશાજીની કુંપનીવાલાઓએ ઉભો કરેલેછે, જેઓ દર ૧૦૦) ગ્યાલને રૂપીયા ત્રણ લેછે, અને તે મુજબ સ્ટીમરોમાં તથા સ્ટીમર પોઇંટ ઉપર રેહેનારાઓને વેચેછે. ટાંકીઓ સરકારનીછે, જે દર ૧૦૦) ગ્યાલનનો રૂપીયો ૧) લેછે. બીજાં ગામોમાં જેમ દારૂનો દુકાનો હોયછે તેમ અહીંનાં ગામમાં હમોએ પાણીની દુકાનો જોઇ હતી, જયાં કુંજાઓમાં પાણી ભરીને ટાંગેલા હતા, જે લોકોને પીવા સારૂં છુટક વેચવા કામ લાગેછે. એ સરકારી ટાંકીઓની હેઠળથી છુટી એક મોટી ટાંકી શેઠ કાવશજી દીનશાવાલાઓનીછે, જેઓએ બીજી ટેકડી પરથી ગટરો કરીને પાણી એકઠું કરેછે અને તેઓ પણ સરકારી ટાંકીઓમાંકોઇ વખતે ઘટ પડેછે ત્યારે વેચેછે. એ ટાંકીઓ મુકી કે તેને થોડેક દુર આપણાં અહીંયાંનાં જરથોસ્તીઓને વાપરવાની સરમ ખાતાંની વાડી તથા જગ્યા આવેલીછે, જેમાં એક નાધળી દાદગાહ બાંધેલીછે, અને એનેજ મથાળે આવેલાં ડુંગર ઉપર એક દોખમું પણ બાંધેલું છે. અહીંયાં આસરે ૨૦૦) જરથોસ્તીઓ બચ્ચાં છોકરાં સાથે રેહેછે. આખ્ખા એદનની વસતી છેલી ગણત્રી પ્રમાણે ૩૩,૦૦૦)માણસનીછે, તેમાં ૨૭,૦૦૦) મુસલમાનો, ૩,૦૦૦) યાહુદીઓ અને બાકીનાં બીજાં ગામનાં રેહેનાર પરચુરણ જાતનાં લોકોછે.

એ જોઇને પાછા હમો સ્ટીમર પોઇંનટનાં બંદરપરથી બોટમાં બેસીને સ્ટીમર ઉપર કલાક ૧૧–૩૦ માનીટે આવી પુગા, અને હમારી સ્ટીમર પાછલી રાતનાં ત્રણ વાગે ઉપડી હતી.

તા૦ ૧૬ મી નવેમબરથી તા૦ ૨૧ મી નવેમબર ૧૮૮૧—એ બધા દીવસો સ્ટીમરમાંજ ગુજારયા, જેમાં કસું લખવા જોગ બન્યું હતું નહીં. છેલે દીવસે રાતનાં દરીયામાં જયાં નજર કરીયે ત્યાં પાણીમાં જાણે ચાંદણાંનો ઉજાસ છુટો છવાયો પડતો હોય એમ દીસતું હતું, તથા સ્ટીમરની નજદીકમાં આસપાસ તો જાણે સ્ટીમરમાં ભરપુર રોશણી કોચી હોય અને તેનો ઓજાસ દરીયાનાં પાણીપર પડતો હોય તેવો ઉજાસ દીસતો હતો. એ સઘળું એક જાતનાં ઘણાંજ ઝીણાં દરીયાઇ જનવરો (Animalcules) ફોશફોરેસેંટ આવેછે તેઓનાં ઉભાઇ જવાથી થતો હતો એવું માલમ પડયું હતું. રાતનાં સુવા જતી વખતે હ-

મારી કેબીનમાં ધાગ મુજબ બધી બુજા-વ્યા પછી પણ અંદર એ જનવરોની ફ્રોશફ્રેસેંટ લાઇટનો ઉજાસ વારાફરતી એટલો તો આવતો હતો કે અંધારામાં જો કે એક બીજાનું મોહોડું જોઇ શકતા હતા નહીં તે આપ્યે જનવરોનાં ઉજાસયો બરાબર જોઇ શકયા.

તા૦ ૨૨ મી નવેમબર ૧૮૮૧— આજે બપોરનાં એક વાગાથી દુરથી મુંબઇની આસપાસનાં બારાંમાના ડુંગરો દીસવા લાગ્યા, અને આસરે બે વાગેયો મુંબઇ શ્હેરનો બેકબે તરફનો કીનારો દીસતો હતો. પેહેલાં જાણે એક નાધણું ગામ હોય તેવું આપણું બુલંદ શ્હેર દુરથી લાગેછે, પણ જેમ નજદીક આવતા ગયા તેમ બેકબેવાલા વાંકથી જાણે વાલકેશવર અને કોટ જુદું હોય તેમ લાગતું, અને વાલકેશવરનાં ગવરમેંટ હાઉસની બાજુપરનાં બંગલાઓ તથા કોટમાંની મેદાનમાંની સરકારી નવી હવેલીઓ દીસવા લાગી. જેમ નજદીક આવતા ગયા તેમ બારાંની બાજુપરની રંગભુમી બીજવા લાગી, અને કોલાબા તરફની મીલો તથા પ્રેસની ચીમનીઓ તથા ઇમારતો વારાફરતી દીસતી હતી, તથા બારાંનો દેખાવ જયારે તેનાં મથાળાંપર આવ્યા ત્યારે ઘણોજ ભભકદાર દીસ્યો હતો. હમારી સ્ટીમરે કલાક ત્રણ વાગે પાલવા બંદરની સામે લંગર નાંખ્યું હતું, અને હમો તે પરથી કીનારે આસરે સાડા ચાર વાગતે ઉતરયા હતા.

00044330

Digitized with financial assistance from
Shri Brihad Bhartiya Samaj
on 11 March, 2020